# જીવનનું પરોઢ

લેખક

**પ્રભુદાસ છગનલાલ ગાંધી**






# જીવનનું પરોઢ

[ગાંધીજીના સત્યાગ્રહી જીવનનો ઉદયકાળ]

લેખક

**પ્રભુદાસ છગનલાલ ગાંધી**

**નવજીવન પ્રકાશન મંદિર**

**અમદાવાદ**

રૂપિયા એકસો પચાસ

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૪૮

પ્રથમ આવૃત્તિ, પ્રત ૫,૩૦૦, ઑક્ટોબર ૧૯૪૮
પુનર્મુદ્રણ, પ્રત ૧,૦૦૦, જાન્યુઆરી ૨૦૦૦
કુલ પ્રત : ૬,૩૦૦

ISBN 81-7229-262-7

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

## અર્પણ

મારા બન્ને પિતામહ —
જેમણે ઘરમાં સદાયે સન્માર્ગને જ પોષ્યો,
જેમણે સિત્યાસી વર્ષની ઉંમર સુધી ઉત્સાહી
વિદ્યાર્થીનું જીવન ગુજાર્યું, અને જેઓ
છેલ્લી પળ સુધી ભગવદ્ગીતાનું જ
શ્રવણ-મનન કરતાં કરતાં શાંતિપૂર્વક
પોતાનું ખોળિયું ઉતારી ગયા
એ મોટા બાપુજીને;
તથા
જેમણે સદાયે
સાચી કેળવણી આપવા પાછળ
પોતાના પ્રાણ પાથર્યા, જેમને
એંશી વર્ષની ઉંમરે પણ જીવનના
પ્રચંડ ઝંઝાવાતો વચ્ચે જુવાનના જોમથી
ઘૂમતાં થાક ન જણાયો, અને જેઓ
પળે પળે અનાસક્તિયોગના આચરણ દ્વારા
વામનને વિરાટના, કૃપણને ઉદારના અને કાયરને
પુરુષાતનના પ્રત્યક્ષ પાઠ ભણાવી ગયા, તે બાપુજીને
ચરણે

તા. ૨૬-૭-૧૯૦૮

મુરબ્બી ખુશાલભાઈની સેવામાં,

આ કાગળ મધરાતે લખું છું. વધુ લખવા વખત નથી. મને જાત સંભાળવાની ભલામણ કરો છો પણ આપણું શિક્ષણ એવું છે કે જાત (આત્મા) નથી મરતો, નથી મારતો કે નથી મરાવતો. શરીરને ‘જાત’ માની તેને સંભાળવાનું કહો તો તેને શ્રી ભગવાને મોહ કહ્યો છે. હવે મારે શું સંભાળવું? હું તો જાત જ સંભાળીશ એટલે કે તેનું જ્ઞાન બનતા પ્રયત્ને કરીશ. તેમ કરતાં દેહને જતો કરવા જેટલી તાકાત તો આવવી જ જોઈએ.

આટલું લખાઈ જાય છે કેમ કે બહુ મનન કરતાં જોઉં છું કે આપણી કેટલીક કહેવતો ને શિખામણો કેવળ ધર્મવિરુદ્ધ છે. જેને સર્વોપરી પુસ્તક માનીએ છીએ તેને વ્યવહારમાં કોરે મૂકી દઈએ છીએ. જેટલું જોર મારામાં હોય તે બધું આવી રહેણી સામે અજમાવવાનો ઉદ્દેશ રાખ્યો છે.

લિ. મોહનદાસના દંડવત

# साधनानुं परोढ

યુરોપનું પહેલું મહાયુદ્ધ ફાટી નીકળ્યું એ જ અરસામાં પૂજ્ય ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાનું પોતાનું કાર્ય, ઉજ્જ્વળ વિજય મેળવી, પૂરું કર્યું અને પોતાના સાથીઓને હિંદુસ્તાન મોકલી, પોતે શ્રી ગોખલેજીને મળવા માટે વિલાયત ગયા. ગાંધીજીની એ ફિનિક્સ પાર્ટી દીનબંધુ ઍન્ડ્રૂઝની ઈચ્છા પ્રમાણે ગુરુદેવ રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં રહેવા ગઈ અને તે જ અરસામાં, બંગાળમાં ચાલતો રાષ્ટ્રીય શિક્ષણનો એ મહત્ત્વનો પ્રયોગ નજીકથી અથવા અંદરખાનેથી નિહાળવા માટે હું પણ શાંતિનિકેતન પહોંચ્યો.

શાંતિનિકેતન એટલે ભારતી-સંસ્કૃતિના આચાર્ય શ્રી રવીન્દ્રનાથે ચલાવેલો બ્રહ્મચર્યાશ્રમ; અને ફિનિક્સ પાર્ટી એ કર્મવીર ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સ્થાપન કરેલા એક અભિનવ બ્રહ્મચર્યાશ્રમનું હિંદુસ્તાનમાં આણેલું ધરુ. આમ એક આશ્રમને ઘેર બીજો આશ્રમ મહેમાન તરીકે રહ્યો હતો એવે વખતે હું ત્યાં જઈ પહોંચ્યો. ફિનિક્સ પાર્ટીના લોકો બપોરે શાંતિનિકેતનને રસોડે જમતા અને સાંજે સોડા કે ખમીર વગર તૈયાર કરેલી ઈંટ જેવી પાઉંરોટી સૂકા-લીલા મેવા સાથે ખાઈ લેતા. બન્ને બાજુના વ્યવસ્થાપકોની રજા લઈ હું બન્નેમાં ભળ્યો. ફિનિક્સ પાર્ટી સાથે મારો સંબંધ વિશેષ ગાઢ થયો. એમની સાથે એમની સાંજની પ્રાર્થનામાં હું ભળ્યો. સવારની પ્રાર્થના તો મેં જ શરૂ કરી. સાંજની પ્રાર્થના પછી એ લોકોને મેં મારો હિમાલયનો પ્રવાસ કટકે કટકે કહ્યો. ત્યાર પછી તપોધન, ઉગ્રશાસન, નિષ્ઠાવીર મગનલાલભાઈ ગાંધીને મોઢે દક્ષિણ અફ્રિકામાં સત્યાગ્રહની લડત વિશેની અને ફિનિક્સ આશ્રમના વિવિધ રસભર્યા જીવન વિશેની ન ખૂટે એવી વિગતો સાંભળી. તે વખતે એ બધી વસ્તુઓ બિલકુલ તાજી હતી અને એ અપૂર્વ લડતમાં અને એ આશ્રમમાં ભાગ લેનારા અને એ રીતે નવભારતનો નવો ઈતિહાસ ઘડનારા લોકો વચ્ચે રહી એમને જ મોઢે એ બધું બયાન મેં સાંભળ્યું.

મહેમાન-આશ્રમ ચલાવવાનો ભાર શ્રી મગનલાલભાઈને માથે હતો. એમની મદદમાં મગનભાઈ પટેલ માસ્તર પણ હતા. મણિલાલ, રામદાસ, દેવદાસ ત્રણે ભાઈઓ ત્યાં હતા. પ્રભુદાસ અને કૃષ્ણદાસ તેમ જ કેશુ પણ હતા.

થોડા દિવસ માટે શ્રી જમનાદાસ ગાંધી પણ આવેલા. શિવપૂજન, છોટમ, ભૈયમ શ્રી થંભી નાયડુના છોકરાઓ વગેરે અનેક બાલવીરો એ મંડળીમાં હતા. રોજ સવારે અમે ખોદકામ કરવા જતા. મારા શામિલ થયા પછી થોડે જ દિવસે એક નાનકડી ટેકરીની માટી ખોદીને પાસેનું એક તળાવ પૂરી દેવાનું કામ અમે માથે લીધું હતું. અમારે હાથે એ પૂરું થશે કે કેમ અને થશે તો ક્યારે? એની ચિંતા અમને ન હતી. અનાસક્ત ભાવે રોજ સવારે ખોદકામ કર્યા પછી જ અમે નાસ્તો લેતા.

એવા વાતાવરણમાં શ્રી મગનલાલભાઈ અને બીજા ફિનિક્સવાસીઓ સાથે મારો પરિચય થયો. મારી વાતોમાં બધાને રસ પડતો. એમના શ્રમજીવનમાં હું પૂરેપૂરો ભળી ગયો હતો. તેમાંયે નાનો પ્રભુદાસ મારા પ્રત્યે વિશેષ આકર્ષાયો એમ કહી શકાય.

જ્યારે પૂ. ગાંધીજી વિલાયતથી પાછા સ્વદેશ આવ્યા અને શાંતિનિકેતનની તેમ જ બ્રહ્મદેશની યાત્રા પણ એમણે પૂરી કરી ત્યારે તેઓ પોતાના ફિનિક્સ આશ્રમને શાંતિનિકેતનથી લઈ ગયા — પહેલાં હરદ્વારના કુંભમેળામાં અને પછી અમદાવાદ. હું પણ શાંતિનિકેતન છોડી પાછો મહારાષ્ટ્રમાં આવ્યો અને પછી વડોદરામાં જઈ ગ્રામસેવાનું કામ આરંભ્યું.

પણ શાંતિનિકેતનમાં બંધાયેલો અનુબંધ તૂટે એમ ન હતું. એ મને ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં લઈ ગયો. અમે પ્રથમ કોચરબમાં રહ્યા. ત્યાર પછી સાબરમતીને કાંઠે, વાડજ પાસે, સત્યાગ્રહ આશ્રમની કાયમની સ્થાપના થઈ.

ટૂંકામાં કહું તો જીવનનું પરોઢમાં પ્રભુદાસના તેમ જ ફિનિક્સ આશ્રમના જીવનની કથા જ્યાં પૂરી થાય છે લગભગ ત્યાંથી જ એમનો ને મારો સંબંધ શરૂ થાય છે.

સત્યાગ્રહ આશ્રમમાં ગાંધીજીએ બાળકોની કેળવણીને વધુ મહત્ત્વ આપી આશ્રમની અંદર જ એક સ્વતંત્ર શાળા સ્થાપી. શ્રી છગનલાલભાઈ ગાંધી પણ એ શાળામાં થોડા દિવસ કામ કરતા હતા. રાષ્ટ્રીય શાળામાં વિદ્યાર્થીઓનું હસ્તલિખિત માસિક તો હોવું જ જોઈએ. અમે એનું નામ રાખ્યું મધપૂડો ઉપનિષદની વાર્તાઓ વાંચનારા અમે મધપૂડોના તંત્રીઓને મધુકર રાજા કહેવા લાગ્યા. પ્રભુદાસ એવો જ એક રાજા થયો. એને લેખ આપવાનું જેમ અમ શિક્ષકોનું કામ હતું તેમ વિષયો સુઝાડવાનું પણ અમારું જ કામ હતું. મેં પ્રભુદાસને કહ્યું કે “દક્ષિણ આફ્રિકાના આશ્રમ જીવનનું વર્ણન ક્રમશઃ કેમ ન લખો?” આત્મવિશ્વાસ કંઈક ઓછો હોવાથી પ્રભુદાસે શંકા બતાવી કે,

''મારાથી એ બધું લખાશે?'' મેં એને કહ્યું: ''એમાં શું? એ બધું સંસ્મૃત્ય સંસ્મૃત્ય કટકે કટકે લખી કાઢો.'' એણે એ વિચાર પોતાનો કર્યો અને ''तच्च संस्मृत्य संस्मृत्य'' એ મથાળા હેઠળ પોતાનાં બાળજીવનનાં સંસ્મરણો લખવાનું શરૂ કર્યું. ઘણા ખરા લેખો લખાયા એટલે એણે એ બધા પોતાના ગોઠિયા દેવદાસને બતાવ્યા. આશ્રમના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તો એ બધું રસપૂર્વક વાંચતા જ હતા; પણ ગાંધી કુટુંબના ઘણા કુટુંબીઓ પણ એ બધું ધ્યાનપૂર્વક વાંચવા લાગ્યા. ખાનદાનીના જૂના વિચારના કેટલાકને થયું કે, 'પ્રભુદાસ આ શું કરવા બેઠો છે? ખાનદાનની ખાનગી વાતો આમ તે જાહેર કરાતી હશે?' પણ આંતર-બાહ્ય એવો ભેદ ન કરનાર ગાંધીજીની ઉછેરમાં કેળવાયેલા પ્રભુદાસે હિંમત કરી અને ઘણું ઘણું લખી કાઢ્યું.

આ આખા લખાણમાં તંબૂરાના સૂરની પેઠે એક વાત અખંડ સંભળાય છે. છેક નાનપણથી પ્રભુદાસને કહેવામાં આવ્યું હતું કે એ ઠોઠ છે. જરાય કશી હોશિયારી એનામાં નથી. દેવદાસ જેટલી હોશિયારી પ્રભુદાસમાં ભલે ન હોય, નાના કચા (કૃષ્ણદાસ) જેટલી ચતુરાઈ પણ એનામાં ન હોય, પણ મેં તો એને બુદ્ધિ વગરનો જોયો કે માન્યો નથી. પણ ઘરના મુરબ્બીઓએ, ભલે અત્યંત સદ્‌બુદ્ધિથી પણ એનામાં જે आत्मनि अप्रत्यय ઠોકી બેસાડ્યો તે એના સ્વભાવનું એક અંગ જ બની ગયું અને વિદ્યાનિષ્ઠા, કર્મનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા ઈત્યાદિ સમર્થ સદ્‌ગુણો એની પાસે હોવા છતાં એક આત્મવિશ્વાસને અભાવે એની આખી કારકિર્દી જાણે કરમાઈ ગઈ.

આ ચોપડીમાં જે વિગતોની સમૃદ્ધિ દેખાય છે તે ઘણીખરી શ્રી મગનલાલભાઈને મોઢે મેં સાંભળેલી હોવાથી અને ગાંધી કુટુંબના અનેક લોકોએ તે વાંચેલી હોવાથી તેની યથાર્થતા વિશે કશી શંકા રહેતી નથી.

આટલી વિગતો જે ભેજું સંઘરી શકે અને સમર્થપણે રજૂ કરી શકે એને 'ઠોઠ' કહેવું એ તો અનર્થ જ ગણાય.

ચિ. પ્રભુદાસ ખાદીવિદ્યાના અને કળાના એક સમર્થ આચાર્ય છે. ખાદીનું તત્ત્વજ્ઞાન, એનું અર્થશાસ્ત્ર, એની પાછળ રહેલું સમાજશાસ્ત્ર એ બધું તો એને આવડે જ છે, પણ ખાદીના યંત્રશાસ્ત્રમાં પણ એણે નવી નવી શોધો કરી છે. પગ વતી ગતિ આપી બે હાથે સૂતર કાંતવાનો રેંટિયો એ પ્રભુદાસની જ શોધ છે. અને એણે ખાદીવિદ્યાના આદ્ય આચાર્ય શ્રી મગનલાલભાઈ પ્રત્યેની પોતાની ભક્તિ વ્યક્ત કરવા એ રેંટિયાને 'મગનરેંટિયો' એવું નામ આપ્યું છે.

ગાંધી કુટુંબના લોકો જેમ દક્ષિણ આફ્રિકામાં જઈ વસ્યા અને ત્યાં એમણે લોકસેવા કરી, તેમ પ્રભુદાસે પણ હિમાલયમાં અલમોડા તરફ જઈ ત્યાં ખાદીનું

કામ કર્યું અને યુક્ત પ્રાંતમાં પરણ્યા પછી એ જ પ્રાંતની સેવાના હેતુથી ત્યાં જ વસ્યા. ત્યાં આગળ એમણે આશરે પા સદી લગી ખાદી તથા ગ્રામસેવાનું કામ કર્યું છે, અને હમણાં, સ્વરાજ થયા પછી યુક્ત પ્રાંતની સરકારે એક ખાદી વિદ્યાપીઠ સ્થાપી પ્રભુદાસને એના મુખ્ય આચાર્ય તરીકે નીમ્યા છે.

ઘણા લોકોને ખબર નહીં હોય પણ ચંપારણમાં જ્યારે ગાંધીજી પહેલી વાર પકડાયા ત્યારે ગામડાંમાં જઈને ખેડૂતોને પોતાનો સંદેશો આપવાનું જવાબદારીભર્યું કામ એમણે બાળક પ્રભુદાસને જ સોંપવાનું ઠરાવ્યું હતું.

છતાં આ આખી ચોપડીમાં પ્રભુદાસનું ધ્રુવપદ આપણે સાંભળ્યા જ કરીએ છીએ કે 'હું ઠોઠ છું, હું જડ છું, બીજા જેવો હોશિયાર નથી.' અને એની કલમ એટલી સમર્થ છે કે આપણને પણ ક્ષણવાર થાય છે કે 'એની વાત સાચી હશે.' પણ જ્યારે આપણે જરા થોભીને એની વર્ણનશક્તિનું સામર્થ્ય જોઈએ છીએ ત્યારે આપણી ખાતરી દૃઢ થાય છે કે આ કોઈ સામાન્ય સાહિત્યકાર નથી.

આ આખી ચોપડીમાં પ્રભુદાસના મનમાં રહેલી બાપુભક્તિ અખંડપણે તરી આવે છે. સાથે સાથે સ્વ. મગનલાલભાઈ પ્રત્યેનો એનો આદર પણ એટલો જ સ્પષ્ટ થાય છે. છેક બાળપણનાં ''ઝાંખાં સ્મરણો''માં મગનલાલભાઈનું — એમના ક્રોધનું વિકરાળ વર્ણન પ્રભુદાસે આબેહૂબ વર્ણવ્યું છે પણ એ જ પ્રભુદાસે આગળ જતાં तपोधन मगनकाका એ પ્રકરણ લખી મગનલાલભાઈનું વિભૂતિમત્વ એટલી જ આબાદ રીતે પ્રગટ કર્યું છે. બે છેડાના માઈલના પથરા જોઈને જેમ આપણે વચલા અંતરનું માપ કાઢીએ છીએ તેમ જ શ્રી મગનલાલભાઈએ પોતાના સ્વભાવ ઉપર વિજય મેળવવા માટે કેવડું ભયાનક આંતરિક યુદ્ધ ચલાવ્યું હશે અને એમાં કેટલી અદ્ભુત સફળતા એમણે મેળવી છે એનો ખ્યાલ આપણને આવે છે. શ્રી મગનલાલભાઈ વિશે લખતાં શ્રી ચંદ્રશંકર શુક્લે એમને 'ઉગ્રશાસન' કહ્યા છે. એ વિશેષણ બધી રીતે બંધ બેસે એમ છે. અખંડ જાગરૂક, અખંડ દક્ષ, અને એકાગ્ર નિષ્ઠાવાન મગનલાલભાઈના તપને કારણે જ સત્યાગ્રહ આશ્રમ ખીલી શક્યો. મગનલાલભાઈનો જ્યારે દેહાન્ત થયો ત્યારે બાપુજીએ એમના જ ઘરમાં બેસીને લખ્યું હતું કે ''એની વિધવા ઘરની અંદર ડૂસકે ડૂસકે રુએ છે. એને શી ખબર કે ખરેખર તો હું જ રંડાયો છું.''

શ્રી મગનલાલભાઈનું એક નાનકડું ચરિત્ર લખાયું છે પણ એમનાં જીવનનો ખરેખરો ચિતાર તો પ્રભુદાસની આ ચોપડીમાં જ આપણને યથાર્થપણે મળે છે. ખરેખર મગનલાલભાઈ બાપુજીના હનુમાન હતા.

બાપુજીએ જે જે કરવા ધાર્યું, તે તે મગનલાલભાઈએ કરી બતાવીને જ છોડ્યું.

કેળવણીની પદ્ધતિ વિશે અને સંસ્થાના તંત્ર વિશે મગનલાલભાઈ વચ્ચે અને અમ શિક્ષકો વચ્ચે હંમેશાં મતભેદ રહેતો. તેમને ઘણી વાર પૂ. બાપુજી આગળ પોતાનો અસંતોષ વ્યક્ત કરવો પડતો. મેં બાપુજીને એક વાર એટલું કહીને નિશ્ચિંત કર્યા હતા કે 'અમારી વચ્ચે ખેંચતાણ ભલે ચાલતી પણ મગનલાલભાઈની નિર્મળતા વિશે મને આદર છે. તેમનામાં સ્વાર્થ નથી. વૃત્તિમાં મેલ નથી. એમની શક્તિને કારણે એમનો આગ્રહ શોભી જ નીકળે છે. એમની કેટલીક વસ્તુઓ અમે સ્વીકારી શકતા નથી પણ એમના પ્રત્યે મારા મનમાં ઘણો આદર છે. હું એમને કહું છું કે તમે શિક્ષકો જોડે ચર્ચામાં નહીં ઊતરતા. તમારે જે કરાવવું હોય તે મને કહો. મારી ઢબે એ બધું તમને હું કરાવી આપીશ.'

કેળવણીમાં ઉદ્યોગને પ્રધાનપદ હોવું જોઈએ એ એમનો આગ્રહ રહેતો. હું એમને કહેતો કે એમાં બે મત નથી. પણ કેળવણીમાં ઉદ્યોગ દાખલ થવો જોઈએ કેળવણીની ઢબે જ, કારખાનાની ઢબે નહીં.

આજે મને લાગે છે કે, હું જે કહેતો તે પ્રમાણે જાતે કરી બતાવત તો મારી વાત સહેજે એમને ગળે ઊતરત. મારી મીમાંસા સાચી હતી, પણ તે પ્રમાણે મારું જીવન મેં ઘડ્યું નહીં. એટલે જ એમને સમજાવવામાં હું ફાવ્યો નહીં.

અમારી વચ્ચે જે ઘર્ષણ ચાલતું એમાંથી જ વર્ધા કેળવણી અથવા ગ્રામોદ્યોગમૂલક પાયાની કેળવણીનો જન્મ થયો છે. सत्याग्रहाश्रमना अितिहासमां ગાંધીજીએ રાષ્ટ્રીય શિક્ષણના જે સિદ્ધાન્તો તારવ્યા છે તેનું જ વાતાવરણ, જાણ્યેઅજાણ્યે, ચિ. પ્રભુદાસે जीवननुं परोढमां તાદશપણે રજૂ કર્યું છે.

ગાંધીજીએ પોતે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ લખ્યો છે. ત્યાંની જેલના અનુભવો લખ્યા છે. એમની આત્મકથામાં પણ એ વખતનો ઈતિહાસ આવી જાય છે. ફિનિક્સ આશ્રમનો ભાર અમુક અંશે ઊંચકનાર શ્રી રાવજીભાઈએ गांधीजीनी साधना અને जीवननां झरणां એ બે ચોપડીમાં ઘણું આપ્યું છે. અને જે આપ્યું છે તે ઘણું જ અસરકારક છે. અને છતાં કહેવું પડે છે કે એ બધી ચોપડીઓમાં કેટલીક વસ્તુઓ રહી જ ગયેલી જે પ્રભુદાસે પોતાના जीवननुं परोढमां આપી છે. અને આપણને લાગ્યા વગર નથી રહેતું કે કેટલીક વસ્તુઓ તો પ્રભુદાસ જ આપણને આપી શકત. ગાંધીયુગના ઈતિહાસકારોમાં તેમ જ ગાંધીજીવનના ચરિત્રલેખકોમાં પ્રભુદાસે આ ચોપડી લખી, કાયમનું સ્થાન મેળવ્યું છે. કેમ કે એમાં મૌલિક, આધ્યાત્મિક અને પ્રામાણિક મસાલો ઠાંસીને ભરેલો છે.

ગાંધીજીના પુરુષાર્થનો ઈતિહાસ આ ચોપડીમાં આવતો હોવાથી એનું

મહત્ત્વ છે જ. પણ કેવળ સાહિત્ય તરીકે પણ ગુજરાતી સાહિત્યમાં આ ચોપડીએ એક ઉત્તમ આદર્શ રજૂ કર્યો છે. આજે જો મહાદેવભાઈ જીવતા હોત તો આ ચોપડીની પ્રસ્તાવના લખવાનું મારું વચન કોરે રાખીને એમને જ હું આગ્રહ કરત કે 'આની પ્રસ્તાવના તમારે જ લખવી.'

ગાંધી કુટુંબનો આવશ્યક ઈતિહાસ આમાં સુંદર રીતે આવે છે. અને એ રીતે ગાંધીજીની આત્મકથામાં રહેલી ન્યૂનતા પૂરી થાય છે.

ભૂગોળનાં વર્ણનો અને કુદરત સાથે ઘાસપાન, ફળફૂલ, પંખી અને વાદળાં સાથે તદાકાર થવાનો આનંદ જ્યારે પ્રભુદાસ વર્ણવે છે, ત્યારે તો એની કલમનું સામર્થ્ય સોળે કળાએ પ્રગટ થાય છે. સમોવડિયા અને મોટેરાઓ તરફથી જે પોષણ બાળ પ્રભુદાસને મળતું નહીં તે એણે કુદરત પાસેથી મેળવ્યું. તેથી જ આ વર્ણનશક્તિ એનામાં આટલી જીવતી થઈ છે. કુદરતના વર્ણનમાં પ્રભુદાસ જેટલો ફાવે છે, તેટલો જ મનોવિશ્લેષણમાં પણ ફાવે છે. વડીલો પ્રત્યેની આમન્યાની મર્યાદાથી બંધાયેલો હોવાથી એણે પોતાની વિશ્લેષણશક્તિ પોતાના ઉપર જ અજમાવી છે, પણ આગળ જતાં જ્યારે એ કોઈ નવલકથા કે ઈતિહાસ લખવા બેસશે ત્યારે એ આપણને મનુષ્ય-માનસનાં વિશેષ ઊંડાણોનો ઠીક ઠીક પરિચય કરાવશે. આ ચોપડીમાં પણ સ્વભાવચિત્રણો ઓછાં નથી, અને જે છે તે ઉઠાવદાર છે.

આજના વાચકો આ ચોપડી ગાંધીજીના જીવનના એક પાસાના ચિતાર તરીકે જ વાંચશે. પણ ખરું જોતાં जीवननुं परोढ એ પ્રભુદાસના બાળપણની આત્મકથા અથવા ચોથા વરસથી માંડીને બારમા વરસ સુધીની સ્મરણયાત્રા છે. એમાં બાલમાનસવિકાસનું અને એમાં આવતી વિકૃતિનું પારદર્શક ચિત્ર છે. કેળવણીકારોની અને અનેકાનેક માબાપોની આંખ ઉઘાડે એવી માહિતી આમાં છે. પ્રભુદાસે પોતાના દોષો ઉપર ક્યાંય ઢાંકપિછોડો કર્યો નથી. ઊલટું ચિત્રગુપ્ત આગળ ઊભા હોય એવી રીતે પોતાના એકેએક દોષનું આમાં બયાન આપ્યું છે. ક્યાંય પોતાની દયા ખાધી નથી એટલે જ બીજાઓ વિશે લખવાનો એણે અધિકાર મેળવ્યો છે. તેમાંયે જે લોકો અંદરનો ઈતિહાસ અશેષ જાણે છે તેઓ તો જરૂર કહેશે કે પ્રભુદાસે આમાં કળાયુક્ત સંયમ જ સાધ્યો છે.

ગાંધીજીએ લખેલા सत्याग्रहाश्रमनो अितिहास પછી તરત જ આ ફિનિક્સ આશ્રમનો ઈતિહાસ વાંચવાથી જે વિચાર મનમાં આવ્યો તે રજૂ કરી દઉં છું.

આશ્રમના ઈતિહાસની પ્રસ્તાવનામાં અગ્નિસંભવ આશ્રમનો જે ઈતિહાસ મેં માગ્યો છે તે જ આપણને અહીં બાળબોધ ઢબે મળે છે. ફિનિક્સ આશ્રમનો

આ ઈતિહાસ વાંચવાથી બાપુજીની સત્યાગ્રહાશ્રમ પરત્વેની જીવનદષ્ટિ અને કાર્યપદ્ધતિ વધારે સ્પષ્ટ થાય છે.

સત્યાગ્રહી વીરો જેલમાં જઈ હાર ખાય નહીં એટલા માટે ગાંધીજીએ શ્રમ-સહિષ્ણુતા, સ્વાદ-જય અને ખડતલ જીવનની કેળવણી ફિનિક્સમાં દાખલ કરી. એ રીતે જોતાં ફિનિક્સ આશ્રમને જેલઆશ્રમ કહેવું જોઈએ (આ વિચાર મનમાં આવતાંની સાથે યુરોપના ઈતિહાસમાં વાંચેલી વાત યાદ આવી કે યુરોપનાં જેલજીવનનો કાર્યક્રમ ખ્રિસ્તી તપસ્વીઓનાં મઠજીવનની ભૂંડી આવૃત્તિ હતી. જેલમાં પરાણે પુણ્ય કરાતું, પરાણે સંયમ પળાતો, મારી ઠોકીને તપ કરાવાતું અને ચિત્ત અનુકૂળ હોય કે ન હોય, પરાણે પ્રાયશ્ચિત્ત પણ કરાવાતું).

જેલજીવનની આવશ્યકતા તરીકે ગાંધીજીએ અસ્વાદવ્રતનો મહિમા વધાર્યો હશે; જૈનોના તપસ્યાના આગ્રહથી પણ બાપુજી અસ્વાદ તરફ ખેંચાયા હશે; બ્રહ્મચર્યપાલનમાં સ્વાદ-જય અપરિહાર્ય છે એમ સમજી એમણે એ પ્રયોગો ચલાવ્યા હશે – जितं सर्वे जिते रसे. – પણ એ બધા પ્રયોગો એમણે પોતાની કલ્પના પ્રમાણે જ કર્યા હતા. અને એમાંથી ઘણા ઘણા અનુભવો મેળવી પોતાના વિચારોમાં ફેરફારો પણ કર્યા હતા. એક વાર બાપુજીએ કહેલું કે ''એકલો સ્વાદ-જય બસ નથી. જેમણે મીઠાનો, ગળી ગળી વસ્તુનો, ફરસાણ વાનીઓનો સદંતર અને સંતોષપૂર્વક ત્યાગ કર્યો છે એવા લોકો પણ પોતાની ભૂખ કરતાં વધારે ખાવા જેટલા અકરાંતિયા થયેલા મેં જોયા છે. કેવળ નિયમપાલનથી અસ્વાદવ્રત અથવા આહાર-સંયમ સધાતા નથી.''

એક ઈન્દ્રિય ઢીલી થઈ તો બાકીની બધી ઈન્દ્રિયો ધીરે ધીરે ઢીલી થવાની જ એ વાત સાચી છે; પણ એક ઈન્દ્રિય કાબૂમાં આવવાથી બીજી ઈન્દ્રિયો કાબૂમાં આવે જ છે એવો અનુભવ નથી. સૌથી પહેલું અને સૌથી છેલ્લું કાબૂમાં આણવું જોઈએ પોતાનું ચિત્ત. એ ન કરતાં એક અથવા અનેક ઈન્દ્રિયોને દબાવવા જતાં ચિત્તનો વેગ બીજે ફાટી નીકળવાનો જ.

આશ્રમજીવનનું મુખ્ય ખમીર તે મરણ સાથેની દોસ્તી. માણસજાત મરણની કલ્પનાથી એટલી બધી બીધેલી રહે છે કે એણે નિર્ભય થઈને મરણનું મોઢું નિહાળ્યું જ નથી. માણસના વિકાસને અર્થે મરણ આવશ્યક છે. મરણ આપણો જન્મસિદ્ધ હક છે. મરણ પરમ મિત્ર છે, જીવનને નવા નવા પ્રયોગો કરવાની તાજગી અર્પણ કરનાર એક વિસામો છે. મરણ એ થાકેલા જીવનની કાંચળી ઉતારવાની એક ક્રિયામાત્ર છે, એ જે સમજે છે તે જ જીવનનું રહસ્ય સમજી શકે, જીવનની નબળાઈઓ ઉપર વિજય મેળવી શકે. કર્તવ્યપાલનમાં દઢ

રહી શકે; અને સત્યનું દર્શન કરી શકે, 'દુ:ખ, રોગ અને મરણ ત્રાણે ઉપર વિજય મેળવીને જ આપણે માણસજાતની સેવા કરી શકીએ અને પોતાનું જીવન પણ કૃતાર્થ કરી શકીએ' એ નિશ્ચયથી ગાંધીજીએ જીવનસાધના આદરી તેના ઈતિહાસ હવે પછી અનેક રીતે લખાશે અને એમની એ પરંપરા માણસજાત હવે પછી અનેક રીતે ખીલવશે.

આપણે આ ચોપડીમાંથી કેવળ સાહિત્યરસ કે જીવનરસ જ ચાખવાના નથી, આપણે એમાંથી પ્રયોગરસ પણ ચૂસવાનો છે.

**काका कालेलकर**

# અનુક્રમણિકા

साधनानुं परोढ — काका कालेलकर ..... ५


## ભાગ પહેલો

પ્રસ્તાવ ..... ૧
૧. વતન ..... ૩
૨. પૂર્વસ્મરણ ..... ૬
૩. ઓતાબાપા ..... ૯
૪. કબા ગાંધી ..... ૧૪
૫. મારા દાદાજી ..... ૨૨
૬. બાપુજી ..... ૨૮
૭. એ દિવ્ય તપ ..... ૪૦
૮. પિતા અને કાકા ..... ૫૪
૯. ફિનિક્સ ..... ૬૧
૧૦. ઝાંખાં સ્મરણો ..... ૬૮
૧૧. વાનરટોળી ..... ૮૧
૧૨. દેશીવિદેશી શિક્ષકો ..... ૯૪
૧૩. મૂળ બંધારણ ..... ૧૦૪
૧૪. નૈતિકતાની કચાશ ..... ૧૧૩
૧૫. દેશના સંસ્કારો ..... ૧૨૩
૧૬. તરતા ગામમાં ..... ૧૩૫
૧૭. હિંદી મહાસાગરને પેલે પાર ..... ૧૪૫
૧૮. સ્વરાજ્યની દીવાદાંડી અને 'ફિનિક્સ'ની ભસ્મ ..... ૧૫૮
૧૯. ટૉલ્સ્ટૉયવાડી ..... ૧૭૧
૨૦. રસીલું ભણતર ..... ૧૮૦
૨૧. ઈનાન્ડાની ઉજાણી ..... ૧૮૫

## ભાગ બીજો

૧. બાપુજીનું પ્રથમ દર્શન ........ ૧૯૫
૨. દેવદાસકાકા ........ ૧૯૮
૩. સ્વાગત ........ ૨૦૧
૪. ગોખલેજી ........ ૨૦૭
૫. ડરબનની ટ્રામમાં સત્યાગ્રહ ........ ૨૧૧
૬. બાપુજીનું વૈદું ........ ૨૧૪
૭. ફિનિક્સને આંગણે ........ ૨૧૯
૮. કેવી મજા હતી ! ........ ૨૨૨
૯. દાતણપાણી ........ ૨૨૭
૧૦. ખેતરાઉ નિશાળ ........ ૨૩૨
૧૧. ખરે બપોરે ........ ૨૩૫
૧૨. એપ્રિલફૂલ ........ ૨૩૯
૧૩. આખરે એ દિવસ આવ્યો ........ ૨૪૩
૧૪. ઉદ્યોગમૂઢ ........ ૨૪૯
૧૫. મારું ભણતર ........ ૨૫૫
૧૬. અન્નજળ ત્યાગ ........ ૨૬૩
૧૭. ઉપવાસ ........ ૨૬૯
૧૮. મોત ઓળંગ્યું ........ ૨૭૭
૧૯. રુસ્તમજી શેઠ ........ ૨૮૨
૨૦. વિદ્યાર્થીઓનો અમલ ........ ૨૮૭
૨૧. ત્રાણસો શબ્દ ........ ૨૯૪

## ભાગ ત્રીજો

૧. સોળ લડવૈયા ........ ૩૦૩
૨. પ્રસ્થાન ........ ૩૦૮
૩. જન્મભૂમિવ્રત ........ ૩૧૪
૪. ખાલી તોયે જોમભર્યું ફિનિક્સ ........ ૩૧૮
૫. જેલયાત્રીઓના સમાચાર ........ ૩૨૨
૬. બાપુજી ગયા ........ ૩૨૬

૭. ચિત્ર-સમાચારો ........ ૩૩૧
૮. ઐતિહાસિક ઈતિહાસ ........ ૩૩૬
૯. સત્યાગ્રહની ગંગોત્રી ........ ૩૪૬
૧૦. આભ ફાટ્યું ........ ૩૫૧
૧૧. તપોધન મગનકાકા ........ ૩૫૬
૧૨. બાળશાસન ........ ૩૬૨
૧૩. દૈવની ભૂલ ? ........ ૩૬૮
૧૪. કુદરતને ખોળે ........ ૩૭૫
૧૫. પાયખાનાસફાઈ ........ ૩૭૯
૧૬. મિસ શ્લેશિન અને નવાં ફિનિક્સવાસીઓ ........ ૩૮૬
૧૭. આદર્શ કેદી રામદાસકાકા ........ ૩૯૨
૧૮. गांडी महाराजके यहाँ ........ ૩૯૯
૧૯. શ્રી સૂર્ઝાઈ ........ ૪૦૬
૨૦. હડતાળિયાઓની વિદાય ........ ૪૧૧
૨૧. અંગ્રેજ મિત્ર અને અંગ્રેજ શત્રુ ........ ૪૧૮

## ભાગ ચોથો

૧. દિવાળી ........ ૪૨૯
૨. છૂટ્યા ! ........ ૪૩૩
૩. વીંધાયેલું હૈયું ........ ૪૪૦
૪. રેલવે હડતાળનો આતંક ........ ૪૪૭
૫. માની શિખામણ ........ ૪૫૩
૬. પૂ. બાની મરણપથારી ........ ૪૫૯
૭. લડવાનો નિરધાર ........ ૪૭૧
૮. બે દેવદૂત ........ ૪૭૬
૯. સરકારી મહેમાનો ........ ૪૮૩
૧૦. સોનેરી અંક ........ ૪૮૭
૧૧. ‘એમાં દગો હશે તો !’ ........ ૪૯૩
૧૨. કેપટાઉનમાંની એ સાધના ........ ૫૦૧
૧૩. મૃત્યુનો સંગાથ ........ ૫૧૨
૧૪. મારી ઘડિયાળ ........ ૫૨૧

૧૫. અવનવા ફિનિક્સવાસીઓ ........................................ ૫૩૧
૧૬. છૂટાં પંખીડાં ........................................ ૫૪૦
૧૭. કઠોર આજ્ઞા ........................................ ૫૪૭
૧૮. નવા શિક્ષકો અને નવું ભણતર ........................................ ૫૫૭
૧૯. જીભલડીનું જોર ........................................ ૫૬૮
૨૦. તારીખોને હિસાબે ........................................ ૫૮૧

**પરિશિષ્ટો :**

૧. પોરબંદર અને અસલનું ઘર ........................................ ૫૯૩
૨. ગાંધીજીના હસ્તાક્ષર ........................................ ૬૦૩

## ચિત્રસૂચિ

બન્ને બાપુજી
આફ્રિકાનો નકશો
ગાંધીકુલશાખા
કબા ગાંધી
જન્મસ્થાન
ગાંધીજીનો વિકાસ
પિતા અને કાકા
તપસ્વી
ટૉલ્સ્ટૉયવાડીના પહેલા વસનારાઓ
ફિનિક્સવાસીઓ
અમે બધાં
ગાંધીજીના હસ્તાક્ષર

## પ્રસ્તાવ

ચૌદ વરસ* પહેલાં આશ્રમની શાળાના દ્વિમાસિક ‘મધપૂડા’નો જ્યારે હું મધુકર-રાજા (તંત્રી) હતો ત્યારે લેખોની તાણ પડવા લાગી. અમારા કાયમી લેખકોનો મોટો ભાગ જેલમાં અથવા બારડોલી, નવજીવન, વિદ્યાપીઠ અને બીજે બધે રચનાત્મક કાર્યમાં રોકાયો હતો. એક એક લેખકની પાછળ ભટકી મહિને-દોઢ મહિને થોડાંક પાનાં ઉઘરાવી લાવવા જેટલો અવકાશ અમને વિદ્યાર્થીઓને પણ ન રહેતો; રેંટિયાની ઉપાસનામાં લગભગ આખો દિવસ વીતી જતો. વાચનલેખન માટે જૂજ સમય અમને મળતો.

શિક્ષકોના લેખોથી શણગારાતા ‘મધપૂડા’ના અંકો વડે અમારું વિદ્યાર્થીમંડળ સારી પ્રતિષ્ઠા પામ્યું હતું. શિક્ષકોના લેખોને અભાવે એ પ્રતિષ્ઠા ભાંગી પડે એ મને અસહ્ય લાગ્યું. મધુકર-રાજા તરીકેની જવાબદારી મારી; મારો ભાર બીજા વિદ્યાર્થીઓ પણ શા માટે ઉપાડે? मुखरस्तत्र हन्यते એ આપણા હિંદી સ્વભાવનો પ્રાચીન વારસો મને પણ વળગ્યો. આખા અંકો એકલે હાથે રસભર્યા બનાવવાનું સંકટ મારે માથે આવી પડ્યું.

ઉપદેશભર્યા લેખો લખવાની હિંમત તો મને ક્યાંથી જ થાય? તેમ ઈતિહાસ, વિજ્ઞાન, સાહિત્ય કે બીજાં કોઈ શાસ્ત્રોનો મને એવો પરિચય ન હતો કે જેમાંથી મજાના લેખો નિપજાવી લઉં. વાચકોને રસ પાડવા માટે વાર્તાઓ અને કવિતાઓ જોઈએ એટલું હું જાણતો હતો, પણ ન છંદ બેસાડવાનું ફાવે કે ન વાર્તાની કોઈ સરસ વસ્તુ મગજમાં આવે. વિચારતાં વિચારતાં મને ફિનિક્સની વાતો લખવાનું સૂઝ્યું.

એટલું તો મેં અનુભવ્યું હતું કે બાપુજી વિશેની નાનીમોટી દરેક વાત સાંભળવાની સૌને મજા પડે છે. અમારા આશ્રમની શરૂઆત કેવી હતી, બાપુજીની આસપાસ કેવાં કેવાં માણસો હતાં, બાપુજી શું કરતા, કેમ ભણાવતા, કેમ મજૂરી કરતા, અમારી બધાની પજવણી કેમ સહન કરતા, તોફાની વિદ્યાર્થીઓને વશ કેમ કરતા, નાનીમોટી મુસાફરીઓમાં અમને કેવો આનંદ કરાવતા અને જેલ જવાને કેવી રીતે તૈયાર કરતા એ બધી વાતો, વાર્તા સાંભળતા

---

* આ પુસ્તક છપાતી વખતે ૨૫ વરસ પહેલાં.

હોય તેવા રસથી લોકો સાંભળતા. છૂટક છૂટક મળેલા ઉપલા અનુભવ પરથી મેં ફિનિક્સની વાતો યાદ કરી કરીને લખવા માંડી.

એ વખતે નહોતો છપાયો ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’, કે નહોતી છપાઈ ‘આત્મકથા’. આથી હું જે લખું તે ગમે તેવું અવ્યવસ્થિત અને અધૂરું હોવા છતાં લોકોને રસભર્યું લાગવા માંડ્યું. વાચકોના હાથમાંથી નવરો પડી ‘મધપૂડો’ મારી પાસે પાછો આવે જ નહીં. પછી તો મેંયે સંકોચ અને શરમ છોડી ભારે અનુભવી ઈતિહાસકારના જેવી હિંમત ધારણ કરી પ્રકરણો લખવા માંડ્યાં. જોતજોતામાં ‘ફિનિક્સ પુરાણ’ જ રચાઈ ગયું.

જે સમયની મેં આ વાત લખી છે એ વખતે મારી ઉંમર બાર વરસથી ઓછી હતી. આજે જોકે હું પોતાને મોટો થયેલો નથી જાણતો - હજામતને વારે બેત્રણ કલાક દાઢી બળે છે ત્યારે મોટા થયાનું ભાન થાય છે ખરું - છતાં એ વેળાએ સાવ બાળક હતો અને આજે નથી એટલું તો સ્પષ્ટ અનુભવું છું. બાળપણના એ દિવસોનું કાવ્યમય સ્મરણ મારી પાસે રહ્યું છે અને બાળપણ હવામાં ઊડી ગયું છે. કોઈ માણસ ત્રીજી વ્યક્તિની વાત પોતાના હાનિલાભથી અલગ રહી એક પ્રેક્ષક તરીકે તટસ્થ રીતે વર્ણવી શકે તેમ હું મારી એ બાળદુનિયાની વાત તટસ્થપણે મૂકવામાં ફાવીશ અને તેથી મારા ઉપર ખોટા સ્વાભિમાનનો આરોપ નહીં આવે એમ માનું છું.

આત્મકથા લખવાનો મારો ઉદ્દેશ નથી; આત્મકથાને લાયકની કોઈ વિશિષ્ટતા મારામાં નથી; છતાં આ આખી કથા પોતાને કેન્દ્રમાં રાખીને મેં લખી છે. બીજી રીતે લખવી શક્ય પણ ન હતી. માણસની ચારથી બાર વરસની ઉંમર જ એવી છે કે જેમાં તે આખી દુનિયાને પોતાથી આરંભીને જ જુએ છે. મોટામાં મોટા મહાત્માને કે મોટામાં મોટા રાજાને પણ એ પોતાના ટૂંકા બાળગજ વડે જ માપશે, ઓળખશે ને અનુભવશે. એ વખતે મારી પાસે ઈતિહાસકારની દૃષ્ટિ ન હતી. એ વેળા મને એ ભાન પણ ન હતું કે હું જે વાતાવરણમાં ઊછરું છું એ દુનિયાનું કંઈક અનેરું વાતાવરણ છે. અને એ કલ્પના તો ક્યાંથી જ હોય કે, જેનો ખોળો ખૂંદવાનું મને મળે છે તે અમારા ઘરના મોહનદાસ કાકા સંસારની અદ્વિતીય વ્યક્તિ ગણાશે? એટલે હું ઈચ્છું તોયે યાદ કરી કરીને લખેલું આ લખાણ બાપુજીના કે મગનકાકાના જીવનચરિત્રના સ્વરૂપમાં મારાથી ન લખી શકાય; આશ્રમના ઈતિહાસ તરીકે પણ ન લખાય અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસ તરીકે તો નહીં જ. બાપુજીના શિક્ષણ-પ્રયોગના અહેવાલ તરીકે લખવામાં કદાચ ફાવું, પણ તે કરતાં પોતાના બાળજીવનનું આલેખન કરું તેમાં જ ઓછામાં ઓછો ડોળ અને વધારેમાં વધારે સાચી વાત લખી શકવાની.

આ લખાણ 'મધપૂડા'ના વાચકોને ધ્યાનમાં લઈને લખાયું છે એટલે એમાં ઘરગથ્થુ વાતો આવી છે. આશ્રમ એ અમારું ઘર. ઘરની ગમે તેવી વાતો ઘરમાં કરતાં સંકોચ ન થાય. પણ હવે છાપવા આપતાં અજાણ્યા વાચકવર્ગને વિનંતી કરવાની રજા લઉં છું કે આમાં કંઈ પણ અજુગતું લાગે, વિનય કે શિષ્ટતામાં અધૂરાપાણું દેખાય તો તે માટે ઉદારભાવે તેઓ ક્ષમા આપે. प्रासादशिखरस्थो हि काकोऽपि गरुडायते* જેવું જરા પણ વલણ આમાં દેખાય તો તે સરતચૂક સમજી તેની અયોગ્ય છાપ સુજ્ઞ વાચક પોતા પર પડવા નહીં દે એવી આશા રાખું છું. ગાંધીકુટુંબ દુનિયામાં અનેરું અને અપૂર્વ કુટુંબ છે, સત્યાગ્રહ આશ્રમ કે તેનો આરંભ જ્યાં થયો તે ફિનિક્સ આશ્રમ બધી રીતે આદર્શ સંસ્થા હતી એમ મેં કદી માન્યું નથી, તો પછી તેને આધારે પોતાની વડાઈ ગાવાની વૃત્તિને તો અવકાશ જ ક્યાં રહે છે?

## ૧
## વતન

બાળપણને યાદ કરવા બેસતાં એક પછી એક અનેક પ્રસંગો સ્મૃતિની કોતરોમાંથી બહાર કૂદી આવતા કોણે નથી અનુભવ્યા? સ્વ. મગનકાકા જ્યારે પહેલી વાર અમને આફ્રિકા લઈ ગયા ત્યારે હું માંડ ચાર વરસનો હોઈશ. છતાં એ મુસાફરી હમણાં જ કર્યા જેવું લાગે છે. હિંદી મહાસાગરનાં પર્વત જેવડાં, કાળ સમાં મોજાં ઊછળી ઊછળીને તૂતક ઉપર ચડી આવતાં નાસભાગ થઈ રહેતી. એકબીજાને આધારે પરાણે હિંમત ધરી બેસી રહેલાં મારી બા અને કાકીની વચ્ચે હું ભરાઈ જતો અને ચોમાસાની શરૂઆતમાં વરસાદ ઝીલવા જેમ કાબર ચાંચ ફાડીને બેસી રહે છે તેમ, હું દૂર દૂર ક્ષિતિજને સીમાડે મળતા અનંત આકાશ અને સાગરને નજરમાં સમાવી દેવા આંખ ફાડી ફાડીને મથતો, પણ બીકનો માર્યો બાના સાડલાને મૂઠીમાંથી એક ક્ષણ પણ છોડતો નહીં, એ આખું દૃશ્ય નજર સામે તરી આવે છે.

પણ અહીં હું એથી પણ પહેલાંની વાત માંડવા માગું છું. એ સ્મરણો પૂર્વજન્મનાં નથી, પણ પૂર્વજોનાં છે. આંખ જેમ સાક્ષી નોંધનારું મહાન યંત્ર છે તેમ કાન પણ એક સમર્થ યંત્ર છે. છેક બાળપણથી આજ સુધી પિતાજી પાસેથી, બા પાસેથી, મગનકાકા પાસેથી વડવાઓની વાતો ને તેમના સ્વભાવની, તેમના સંકટની, તેમની દક્ષતાની જુદી જુદી હકીકતો ટુચકાઓની

* મહેલને ટોડલે બેઠેલો કાગડો ગરુડપણાનો ડોળ ઘાલે છે.

પેઠે સાંભળ્યા કરી છે. એટલે પોતાની વાત કરવા બેસું ત્યાં એમની વાતો પણ યાદ આવી જાય છે. પોતાનાં વીતકોનું સ્મરણ તાજું કરતાં એમના અનુભવોનું સ્મરણ પણ આંખ સામે દોડી આવી છે. આ કારણે ફિનિક્સથી વાત માંડવાને બદલે કુતિયાણાથી જ વાત માંડુ એ બરાબર લાગે છે.

કુતિયાણામાં ગાંધીકુટુંબની કુળદેવી - ભૂલતો ન હોઉં તો સતીમા - નું મંદિર છે. મૂર્તિપૂજા વગેરે પ્રત્યેના નાસ્તિકતાના પૂરમાં ન તણાયેલો હોય તેવો અમારા કુટુંબનો જે કોઈ પુરુષ પરણે, તેણે સજોડે કુતિયાણે જઈ દેવીને પગે લાગી પોતાના વિવાહ મંજૂર કરાવવા પડે છે. દક્ષિણ આફ્રિકા, એડન અને હિંદુસ્તાનમાં ચારે દિશાએ અમે પિતરાઈઓ ફેલાઈ ગયા છીએ છતાં અમારું મૂળ ગામ કુતિયાણા છે એ ઉપલા રિવાજને લીધે યાદ રહે છે. ત્યાં અમારા પૂર્વજો ક્યારે વસ્યા, ક્યાંથી આવ્યા એ ઈતિહાસ વણશોધ્યો છે. આજે જેટલાં નામ મળે છે તેમાં સૌથી પહેલું નામ લાલજી ગાંધીનું મળે છે. તેમની પાંચમી પેઢીએ થયા અમારા કુળના મહાપુરુષ - ગાંધીકુટુંબના પિતામહ - ઉત્તમચંદ ગાંધી. અને સાતમી પેઢીએ વિશ્વવિખ્યાત મહાત્મા - મોહનદાસ ગાંધી.

એક વાર (સત્યાવીશ વરસ પહેલાં) હું મારા દાદાજી અને મોટી બા સાથે કુટુંબયાત્રાએ નીકળ્યો હતો. એ વખતે કુટુંબના મૂળ પુરુષોની કથાઓ કરતાં કુટુંબની મૂળ ભૂમિની છાપ મારા ઉપર ઊંડી પડી હતી. મને અમારા ઈતિહાસમાં ખાસ પ્રતિભા ન જણાઈ, પણ ભૂગોળમાં જણાઈ. બાપુજીના ઝળકી ઊઠેલા અદ્વિતીય વ્યક્તિત્વની પાછળ કેવા સમાજની ભૂમિકા હતી એ દોઢસોએક વરસની ઉંમરનો પોરબંદરવાસી ને જીવતો સમાજશાસ્ત્રી મળી આવે ત્યારે ચોક્કસપણે કહી શકે; શાંતનુથી જનમેજય સુધીની આઠ પેઢીના પ્રત્યક્ષ દ્રષ્ટા બાદરાયણ મુનિ હતા ત્યારે જ તેઓ મહાભારતના સમાજને લેખિનીમાં ઉતારવામાં ફાવ્યા છે. બાપુજીના આગળપાછળના સમાજનું એટલું લાંબું અને વિવેકબુદ્ધિ જાગ્રત રાખી તટસ્થપણે એટલું ઊંડું અવલોકન કરનાર કોણ નીકળશે? બાપુજીની પોતાની જ કલમ કરતાં વધુ શ્રેષ્ઠ સાક્ષી મળે એ શક્ય નથી લાગતું. પરંતુ ભૂગોળ તો પોતાને કહેવાનું એકાદ પ્રલય આવતાં સુધી કહેશે જ.

કુતિયાણાને પાદર ભાદર નદી વહી જાય છે. મોટે ભાગે ભાદર નદીનો પટ પહોળો છે. પાણી છીછરાં વહે છે. પહોળા પટમાં ફેલાયેલું છીછરું પાણી એક જગ્યાએ કાળમીંઢ પથ્થરો વચ્ચે એકઠું અને ઊંડું થઈ ગંભીર રવે ચાલ્યું જાય છે. આમ ભાદર નદી સંકડામણમાં નિર્મળ અને નમ્રપણે પોતાનો માર્ગ કાઢવાની કળા બતાવે છે, ત્યારે બીજી તરફ હિમાલય પાસે કાંકરા જેવડો છતાં પોતાને સ્થાને દીપી રહેલો બરડો ડુંગર સહિષ્ણુતાની શિખામણ આપે છે. એનાં શિખરો

છસોથી આઠસો ફૂટ જેટલાં ઊંચાં છે; કેટલાંક ગીચ ઝાડીથી દુર્ગમ દેખાય છે તો કેટલાંક સંન્યાસીના તાલકા જેવાં, ઉનાળાના આકરા તાપનો પડતપો પાડતાં સામે ન જોવાય એવાં દુર્ધર્ષ જણાય છે. પશ્ચિમ તરફ પથરાયેલો બરડો, પૂર્વમાં દૂર દૂર દેખાતો ગિરનાર, પડખે જ પડેલી ઓસમની ધાર - એ બધાં રાતદિવસ બહારવટું ખેલવા નોતરે છે. એ એકેએક શિખર જીવનની તડકી-છાંયડીમાં બેપરવા બનવાનો મંત્ર આપી રહ્યું છે. 'સૌરાષ્ટ્રની રસધાર'ના રસિયા કવિશ્રી મેઘાણીની પેઠે ત્યાં ચારણો અને મેર લોકો વચ્ચે જે કોઈ ફરે તેને એ આખી ભૂમિ સલૂકાઈભર્યા બહારવટાના રણઘોષથી ગાજી ઊઠેલી માલૂમ પડ્યા વિના નહીં રહે.

કુતિયાણાથી બે મજલ દક્ષિણે ઊતરો કે પોરબંદરને સીમાડે રાતદિન ઘૂઘવતા ભીષણ નીલસિંધુનાં જળ સંતપ્ત માતૃભૂમિને સતત શીતળ કરે છે. દ્વારિકાથી ભાવનગર સુધીના આ તરફના ઓવારાવાળા એ મહાસાગરને સામી બાજુએ ઓવારો છે જ નહીં. સાગરકાંઠાની એ દિવ્ય ભરતીઓટ, આકાશને છાઈ દેતી તેની સીમા, પ્રચંડ મોજાંઓની અનંત હાર અને ઘેરો આસમાની રંગ કદી ન છીપે એવી જિજ્ઞાસા, દુનિયાનો તાગ કાઢવાની મહત્ત્વાકાંક્ષા અને જાતજાતનાં સાહસ ખેડવાનો ઉત્સાહ મનુષ્યહૃદયમાં ઊભરાવે છે.

વળી, સાગરને કિનારે પૂર્વથી પશ્ચિમ પથરાયેલો રેતીનો વિશાળ પટ ચિત્ત પર જુદી જ છાપ પાડે છે. એ પટમાં ફરતાં નથી દેખાતો સમુદ્ર કે નથી દેખાતી હરિયાળી ભૂમિ. જરાક ધોમ ધખે ત્યાં મૃગજળનાં સરોવરો છલકાતાં દેખાય. બુદ્ધિ અને પાછલો અનુભવ ઘાંટા પાડી પાડીને કહે કે એ જગ્યાએ જમીન છે, પાણી નથી જ. પણ આંખ આપણને ત્યાં ઘસડી જઈ ભોંઠા પાડે ત્યારે જ એ સરોવરનું મિથ્યાત્વ પરખાય. પરિણામે નાસ્તિકમાં નાસ્તિક હોય તેને પણ વેદાંતના - જગતના મિથ્યાત્વના - તરંગોમાં રસ પડવા લાગે છે.

સારાંશ કે, બરડાના એ નાના સરખા પ્રદેશમાં પૃથ્વીની આખી ભૂગોળનાં લાક્ષણિક રૂપો છે. બધી ભૌગોલિક સંસ્કૃતિઓને ત્યાં સ્થાન છે. નદીકિનારાની પ્રેરણા ત્યાં મળે છે; ભાદરકાંઠાનાં રસાળ ખેતરો સંતોષ બક્ષે છે; ડુંગરાઓની તપસ્યા આકર્ષે છે; બરડામાં ભેંશોને લઈ ફરતા રબારીઓ અને ચારણોના લલકાર વેદકાળની ઋચાઓ યાદ કરાવે છે; સાગરનું ગાંભીર્ય અનુભવાય છે; સમુદ્રી વ્યાપાર દેશપરદેશની સંસ્કૃતિનો સંબંધ આણે છે અને મૃગજળની માયા સાવધાની પેદા કરે છે. આવી જગ્યાએ વસેલો સમાજ સર્વતોમુખી કુશળ થાય એ સ્વાભાવિક છે. ન થાય તેનું કારણ બહારથી આવી પડેલી કોઈક કારમી આપત્તિ હોવું જોઈએ.

## ૨

# પૂર્વસ્મરણ

એ પ્રદેશની ભૌગોલિક સમૃદ્ધિ જેટલી વિવિધ છે એટલી જ ઉજ્જવળ ત્યાંની ઐતિહાસિક પરંપરા છે. કાઠિયાવાડના ઠેઠ પશ્ચિમ ખૂણામાં સમુદ્રના ખોળામાં કિલકિલાટ કરતો એ પ્રદેશ એકલો અટૂલો નથી રહ્યો. જૂના જમાનાથી આજ સુધી ભારતના ઈતિહાસ સાથે એનો ઈતિહાસ ઓતપ્રોત રહ્યો છે. તેમાંયે બરડાના ડુંગરા, ગિરનારનાં શિખરો અને આબુના પહાડ વચ્ચેના તથા અરબી સમુદ્ર, ખંભાતનો અખાત અને ઉત્તરનાં રેતાળ રણની વચ્ચેના પટનું ખમીર લાંબા કાળ સુધી એકધારું કેળવાતું આવ્યું છે. મથુરાની સંસ્કૃતિનું નવનીત લઈને કૃષ્ણ-બલરામ દ્વારકા પધાર્યા અને યાદવોએ પોતાનું બાહુબળ અને પુરુષાતન અજમાવી વૈભવની રેલમછેલ કરી મૂકી ત્યાર પહેલાંયે તપ અને સ્વાધ્યાય, સંતોષ અને સંયમવાળા ઋષિજીવનનાં મૂળ ત્યાં ઊંડાં પહોંચ્યાં હતાં. એ દંતકથા કે પુરાણકથા જ ભલે હોય છતાં, 'આજનું પોરબંદર એ જ કૃષ્ણસખા સુદામાજીની સુદામનગરી', એ વાત ઓછી સૂચક નથી. સોમનાથ મહાદેવનું પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ, અશોક અને રાષ્ટ્રકૂટોના ગિરનાર પર્વત પરના શિલાલેખો, ઘૂમલી અને વલ્લભીપુરનાં ઐતિહાસિક ખંડેરો, ખંભાત અને ભરૂચમાં તડામાર આવતાંજતાં ચોર્યાસી બંદરનાં વહાણો, જૂનાગઢ અને પાટણમાં ગાજી રહેલા એક એકથી ચડિયાતા શૂરવીરો, શેત્રુંજા અને ગિરનાર પરનાં મણિરત્ને જડેલાં મંદિરો, રુદ્રમાળ તથા દેલવાડાનાં કળાધામો, જૂનાગઢના હરિજનોને આંગણે ભજનમાં મહાલતા ભક્ત નરસિંહ મહેતા અને દ્વારકામાં સંતો વચ્ચે ગીત રેલાવતાં મીરાંબાઈ, ખેડૂતો અને કારીગરોને કંઠી બાંધી વ્રતનિયમ પળાવતા અને રામનામનો જપ જપાવતા કેરળ પ્રાંતના વલ્લભાચાર્ય અને બિહાર પ્રાંતના સ્વામી સહજાનંદ, પોતાની પ્રતિભા વડે પ્રજાજીવનના તથા સાહિત્ય રસના આખા થરને સુસંસ્કારી અને ઉન્નત બનાવનારા વિદ્વદ્‌શિરોમણી કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમાચાર્ય મહારાજ અને મહાપરિશ્રમી ભટ્ટ પ્રેમાનંદ, ધરમૂળથી જીવનનો સડો કાપી કાઢીને શિથિલ સમજમાં નવજીવન ફૂંકનારા ક્રાન્તદર્શી નર્મદાશંકર અને મહા પરિવ્રાજક સ્વામી દયાનંદ તેમ જ જૈન આગમ તથા પારસી ને મુસલમાન ધર્મના સુંદર ધર્મવચન વગેરે અનેક જીવનપ્રવાહો તથા જીવનબળોના વંશપરંપરાગત સંસ્કારો ગુજરાત-કાઠિયાવાડના સમાજની રગેરગમાં વહે છે.

કેવળ ગાંધીકુટુંબનો ઈતિહાસ શોધવાથી, કે જે નાતમાં ગાંધીજી જન્મ્યા

એ મોઢ વણિક નાતનો ઈતિહાસ જાણવાથી મહાત્મા ગાંધીજીનું જે ભવ્યતમ વ્યક્તિત્વ આજે જગતની નજરે પડે છે, એનાં મૂળ સમજાવાનાં નથી. ઉપર સૂચવેલા ઈતિહાસ અને ભૂગોળમાં એનાં મૂળ પથરાયેલાં મળશે. છતાં હિંદુસ્તાનનું સમાજજીવન સૈકાઓ સુધી કુટુંબ અને નાતના ઘટકમાં વહ્યું છે એટલે એની જાણકારી જેટલી મળી શકે એટલી મેળવી લીધી હોય તો ખોટું નહીં.

શાસ્ત્રીય અનુમાન બાંધવા જેટલું ઈતિહાસનું અધ્યયન હું નથી કરી શક્યો પણ આજેયે જોવા મળે છે એ સામાજિક જીવનના અધ્યયન ઉપરથી અનુમાન બાંધ્યાં હોય તો એ પાયા વિનાનાં નહીં ગણાય. મથુરા આગ્રાની આસપાસના માથુર અને અગ્રવાલ વાણિયાઓના શીલ સ્વભાવમાં અને કાઠિયાવાડ-ગુજરાતના મોઢ-અડાળજા આદિ વાણિયાઓના શીલ સ્વભાવમાં ઘણું ઘણું સામ્ય છે. વ્રજ ભાષાની કોમળતા અને માધુર્યનો પૂરો રણકો કાઠિયાવાડની બોલીમાં મળે છે. આ ઉપરથી અનુમાન કરી શકાય કે મહાભારતના જમાનાથી જ્યારે જ્યારે મોટાં મોટાં સૈન્યો અને ટોળાંઓ ગુજરાતમાં ઊતર્યાં એની સાથે સાથે મથુરાની આસપાસના વાણિયાઓ પણ આવતા ગયા.

અણહિલપુર પાટણ અને સિદ્ધપુર પાટણ વચ્ચે મોઢેરા ગામ છે. ત્યાં મોઢેરા દેવીનું મંદિર બહુ સરસ કળાનો નમૂનો છે. એ સ્થાનેથી મોઢ લોકોએ પોતાનું જુદું વર્તુળ બનાવ્યું જણાય છે. પછી એ મોઢ નાત મોઢેરાથી ઊતરતી ઊતરતી કર્ણાવતી (અમદાવાદ), સ્તંભતીર્થ (ખંભાત) અને ત્યાંથી ઘોઘા બંદરે આવી જણાય છે. કારણ ઈતિહાસ કહે છે કે શ્રી હેમાચાર્યસૂરીનો જન્મ મોઢજ્ઞાતિમાં થયેલો અને મોઢપરિવારમાં જ ઘોઘા બંદરની અંદર એમનું બાળપણ વીતેલું તથા ત્યાં જ એમણે પ્રાથમિક કેળવણી મેળવેલી. ત્યાર પછી લગભગ એક હજાર વરસે મોઢજ્ઞાતિએ દેશને એનાથીયે વધુ પ્રતાપી રત્ન આપ્યું. ગાંધીજી અને હેમાચાર્ય મહારાજની વચ્ચેના ગાળામાં એ ખાણમાં બીજું કોઈ મહાવ્યક્તિત્વ પાક્યું જણાતું નથી. પણ આ બન્ને મહાત્માઓનાં જીવન અને સ્વભાવમાં જે સામ્ય છે, સાદા જીવનની ઉત્કટતા અને સમાજને સુધારવાની પ્રતિભા છે તે એટલાં બધાં મળતાં આવે છે કે પૂજ્ય ગાંધીજીનું જીવન ઉકેલવા બેસતી વખતે શ્રીમદ્ હેમાચાર્યજી સમા પરમ તેજસ્વી પૂર્વપુરુષની વાત નોંધવા જેવી છે ખરી.

ઘોઘા બંદર જ્યારે લંડનથી આવનારા પ્રવાસીઓને હેરત પમાડી દેતું એટલું ધીકતું બંદર હતું ત્યારે એટલે કે ત્રણેક સૈકા પહેલાં લગી અમારા પૂર્વજો ત્યાં વસતા હશે. ત્યાંથી એ બંદર ભાંગી પડતાં કાઠિયાવાડના મોટામાં મોટા શહેર જૂનાગઢમાં આવ્યા હશે. હંમેશના રિવાજ પ્રમાણે કેટલાક કુટુંબીઓ વેપારનું

અને કેટલાક રાજસેવાનું કામ કરતા હશે. રાજસેવકને નોકરીને અંગે રાજના તાબાના જુદા જુદા મહાલમાં મોકલવાનો રિવાજ હોય છે તે મુજબ લાલજી ગાંધીને કે તેમના બાપદાદાને જૂનાગઢ તાબાના કુતિયાણા ગામમાં નોકરી મળી હશે. ભાદર નદીનો રસાળ કાંઠો, કુતિયાણામાં ચાલતો સરસ વેપાર અને શાંત સુંદર સ્થાન જોઈ તેઓ ત્યાં વસી ગયા હશે.

કુટુંબનો જેટલો ઈતિહાસ મળે છે એ પરથી જણાઈ આવે છે કે, રાજખટપટ ચાલ્યા જ કરતી. કોઈની નોકરી અખંડપણે એક રાજ્યમાં ભાગ્યે જ રહી છે. પિતાની નોકરી પુત્રને મળી છે તો તે પુત્રને પોતાને પરાક્રમે. પિતા વારસામાં નોકરી આપી શક્યા હોય એવું નથી બન્યું. જે વાણિયો તેજસ્વી હોય, ભરોસાપાત્ર હોય, કાગળપત્ર લખી શકે અને ખજાનો સાચવે તથા પોતાના કુટુંબની ખાનદાનીની તેમ જ પોતાના પૂર્વજોની વફાદારીની છાપ રાજા ઉપર પાડી શકે તેને રાજા પોતાની નોકરીમાં રાખે. રાજા ઉપર બીજી જ્ઞાતિ કે બીજા કુટુંબની વગ વધે તો નોકરી કરતું કુટુંબ રાજીનામાં આપી પોતાના વતનમાં આવી શાંતિપૂર્વક બેસી જાય અને નાનોમોટો વેપાર ખેડી ખાય.

આ ધોરણે લાલજી ગાંધી અને એમના વારસોએ જૂનાગઢ અને પોરબંદરની તથા આગળ જતાં રાજકોટ વાકાંનેરની નોકરી, જ્યાં વગ ચાલી ત્યાં, કરી છે. કુતિયાણા જૂનાગઢ તાબાનું, પણ પોરબંદરની સાવ પાસે, એટલે છેવટે વંશના મોટા ભાગની નોકરી પોરબંદરમાં જ થઈ.

લાલજી ગાંધીના પુત્ર રામજી ગાંધી પોરબંદર રાજ્યમાં દફતરી હતા. દફતરી એટલે પ્રધાન - રાજ્યમંત્રી - નો જમણો હાથ. તેને ‘હોમમેમ્બર’ ગણીએ તો ગણાય.

રામજી ગાંધીના પુત્ર રહીદાસ ગાંધીએ પણ પોરબંદરમાં દફતરીની નોકરી કર્યાનું કહેવાય છે; પણ એમને કુતિયાણામાં જૂનાગઢના નવાબ તરફથી ઈનામી જમીન મળી છે. આજે પણ એ જમીન આખા ગાંધીકુટુંબની છે. કુતિયાણા અને પોરબંદરનાં મકાનો વેચાઈ ગયાં, ભાઈ ભાઈઓમાં મિલકતોના ભાગલા પડી ગયા, પણ આ જમીન આખા કુટુંબની માલિકીની ગણાયા કરી છે અને તેની ઊપજ કુળદેવીના મંદિરને મળે છે. જમીન ઝાઝી નથી, ચારછ વીઘાં હશે.

રહીદાસ ગાંધીના બે પુત્ર: હરજીવન ગાંધી અને દમન ગાંધી. હરજીવન ગાંધીના પુત્ર ઉત્તમચંદ ગાંધી, જેમનાથી અમારો ખરો ઈતિહાસ આરંભાય છે. હરજીવન ગાંધી પણ પોરબંદરના દફતરી હતા અને દમન ગાંધી પણ એ જ નોકરી પર હતા.

દમન ગાંધીની સાથે રહી ઉત્તમચંદ ગાંધી પોરબંદરમાં કામ કરતા હતા ત્યારે રાણાસાહેબની તેમના તરફ નજર આકર્ષાઈ. તેમની પ્રતિભા જોઈ એમણે તેમને રાજ્યના મુખ્ય મંત્રી નીમ્યા. ઉત્તમચંદ બાપાની વાત જુદું પ્રકરણ રોકશે.

## ૩.
## ઓતાબાપા

ઓતાબાપા એ ઉત્તમચંદ ગાંધીનું ટૂંકું નામ. જ્યારે જ્યારે મને મારા દાદાજી પાસેથી પૂર્વજોની વાતો સાંભળવાનો પ્રસંગ મળ્યો છે, ત્યારે ત્યારે એમણે પોતાના દાદા ઓતાબાપાની અને પોતાના કાકા કબાકાકાની વાતો બહુ ભાવપૂર્વક સંભળાવી છે. એમનું બેસવુંઊઠવું, દિનચર્યા, ચતુરાઈ વગેરે ઝીણી ઝીણી વિગતો સાંભળતાં મને કદી ધરવ નથી થયો. સાંભળતાં સાંભળતાં ઘણીયે વાર તો એમ થઈ આવે કે આજે પણ તેમનું અસ્તિત્વ હોત અને આખું કુટુંબ એવી સંયુક્ત રીતે રહેતું હોત તો કેવો આનંદ આવત! પણ વધારે વિચાર કરતાં જ્યારે જોઉં છું કે વિશાળ કુટુંબનો વિકાસ બાપુજીએ આશ્રમરૂપે કર્યો છે ને તેમાં ઊછરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે, ત્યારે હું પોતાને ઓછો ભાગ્યશાળી નથી અનુભવતો.

કહે છે કે ઓતાબાપા આજાનુબાહુ હતા. સીધા ઊભા રહે તો તેમની હથેળી ગોઠણ સુધી પહોંચતી. આ લક્ષણ મહાપરાક્રમી પુરુષોનું મનાય છે. તેમનું કપાળ પણ ઝગારા મારતું અને કાચોપોચો તેમની સાથે વાતો કરવા જાય તો થોથવાવા લાગે એવી તેજસ્વી તેમની આંખો હતી. ગાંધીઓએ હાટડી ચલાવેલી, રજવાડાની નાનીમોટી નોકરીઓ પણ કરેલી પરંતુ પ્રધાનને પદે પહોંચવા જેટલો પુરુષાર્થ પહેલવહેલો ઓતાબાપાએ જ પ્રગટ કર્યો જણાય છે.

કુમાર વયે ઓતાબાપા એમના કાકા દમન ગાંધી પાસે ધંધોરોજગાર મેળવવા કુતિયાણેથી પોરબંદર આવ્યા. રાજ્યમાં દમાકાકા દફતરી હોઈ તેમની લાગવગ સારી, એટલે થોડા પ્રયત્ને તેમણે ઓતાબાપાને મીઠી માંડવીનો ઈજારો અપાવી દીધો. મીઠી માંડવી એ સામુદ્રિક જકાત લેવાનું નાકું હતું. પોરબંદરનો દરિયાઈ વેપાર એ દિવસે પણ ઓછો ન હતો. રાજ્ય તરફથી વેપારી માલ પર અને ઉતારુઓના સામાન પર દાણ ઉઘરાવવું એ સાધારણ જવાબદારીનું કામ ન ગણાય. ઓતાબાપાને હજી મૂછનો દોરો માંડ ફૂટ્યો હતો, છતાં તેમણે એ કામ પૂરી હોશિયારીથી સંભાળી લીધું. વળી પોતાની પ્રગતિ સાધવા, વખત મેળવી દમાકાકાની કચેરીમાં જઈ દફતરીનું કામ પણ શીખવા લાગ્યા. એ કામનો પણ એટલો અનુભવ લઈ લીધો કે પછી તો કાકા આરામ કરે અને પોતે જ કાકાનું

નાનુંમોટું કામ પતાવી દે. એક વાર એવું બન્યું કે રાણાસાહેબ વિક્રમાજીતે દમાકાકાને કામ પ્રસંગે બોલાવ્યા. તેઓ તો કચેરીમાં હાજર ન હતા, પણ ઓતાબાપા તેમની ગાદી પર બેઠા હતા. બીજું કોઈ હોત તો રાણાસાહેબનું તેડું આવતાં દોડીને મૂળ અધિકારીને બોલાવી લાવત, પણ ઓતાબાપા સાહસી હતા. દમાકાકાને બોલાવવા જવાને બદલે તેઓ પોતે જ રાણાની સન્મુખ જઈને ઊભા ને સલામ કરી નમ્રતાથી પૂછ્યું, 'મારા કાકા તો બહાર ગયા છે, પણ કામ હોય તો મને બતાવો, હુંયે આપનો સેવક જ છું. કામ પાર પાડવા બનતું કરીશ.' છોકરાની ચતુરાઈ, બોલવાની ઢબ અને હિંમત ઉપર રાણાસાહેબ મોહ્યા. અનુભવી અમલદારને કરવાનું કામ આ નવાસવા યુવકને સોંપ્યું અને તેણે પૂરી કુશળતાથી કરી આપ્યું. સોંપેલું કામ સરસ રીતે પાર પડેલું જોઈ રાણાસાહેબની ઓતાબાપા પર શ્રદ્ધા જાગી. વળતે દિવસે ફરી રાણાસાહેબે ઓતાબાપાને દરબારગઢમાં બોલાવ્યા અને કહ્યું: 'ઓતા, એક કપરું કામ છે; છે તારી હિંમત?

ઓતાબાપા: એવું તે શું છે કે જે આપને પ્રતાપે ન થાય?

રાણાસાહેબ: માધવપુરનો ઈજારદાર આડો થયો છે. આપણને નબળા જાણી લેખવતો નથી. ઉપરાઉપરી ભરણાં ખાલી જાય છે. તેને પાંસરો કરવો છે.

ઓતાબાપા: એમાં શું? હું જાઉં માધવપુર.

રાણાસાહેબ: પણ તું કેમ કરીશ એ તો કહે?

ઓતાબાપા: એ બધું જોયે ખબર પડે. આપના આશીર્વાદે ફત્તે જ થવાની. મારા વાંસા પર હાથ મૂકોને એટલે બેડો પાર. મારે ક્યાં આપબળે કરવું છે? આપને નામે કરવું છે ને? એટલું કહી ઓતાબાપા રાણાસાહેબને પગે લાગ્યા. રાણાસાહેબે માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યો. બાપા તૈયાર થઈ માધવપુર તરફ રવાના થયા.

એ સમયે હજી અંગ્રેજી અધિકારનો કાઠિયાવાડમાં પ્રવેશ જ થતો હતો. કાઠિયાવાડનાં અનેક રજવાડાં એક સમ્રાટના દોરમાં સાવ નહોતાં આવી ચૂક્યાં. જૂનાગઢ અને જામનગર જેવાં જબરદસ્ત રાજ્યો પોરબંદર જેવાં નબળાં રાજ્યો ઉપર હુમલાઓ કરી તેને છિન્નભિન્ન કર્યે જતાં હતાં. પોરબંદર રાજ્યમાં ટક્કર ઝીલવાની શક્તિ રહી ન હતી. તેનો અમલ ઘટતો ઘટતો ગણ્યાંગાંઠ્યાં ગામડાંમાં જ પુરાઈ રહ્યો હતો. જૂનાગઢનાં કેટલાંક ગામોમાં ફક્ત ઉઘરાવી ખાવાને તેની પાસે છૂટક છૂટક પટ્ટીઓ રહી હતી, એટલું જ નહીં પણ માધવપુર જેવા ધીકતા બંદરમાં પણ દાણ ઉઘરાવી ખાવા પૂરતો જ હક પોરબંદર માંડ સાચવી રહ્યું હતું. જૂનાગઢની હૂંફે સામુદ્રિક જકાતનો ઈજારદાર એમાં પણ આંખ આડા કાન કર્યે જતો હતો. આ પરિસ્થિતિમાં રાણાસાહેબે ઓતાબાપાને માધવપુર મોકલ્યા.

બાપાએ દીર્ઘદૃષ્ટિ વાપરી જૂનાગઢ રાજ્ય સાથે વિષ્ટિ આદરી અને છૂટક છૂટક ગામડાંમાં ઉઘરાવી ખાવાનો દીવાની હક છોડી દઈ માધવપુરથી પોરબંદર સુધીની દરિયાકાંઠાની સળંગ પટ્ટીમાં આવેલ બધાં ગામડાં અને જમીનના પૂર્ણ હકોનું પોરબંદર રાજ્ય માટે લખત કરાવી લીધું. એ વખતે તો એ આખો પ્રદેશ રેતાળ અને ખારી ઊસર જમીનવાળો હતો. પણ બાપાએ રાજ્યના દફતરમાં નોંધ કરેલી હજુ પણ મળી આવે એમ છે કે, ‘ભાદર નદીનો બંધ બંધાય તો આ આખી જમીન સોનાનો પાક આપે.’ અને થયું પણ તેમ જ. તે દિવસે સિત્તેર-એંશી રૂપિયાની ઊપજનાં ગણાતાં ગામડાં આજે પોણો પોણો લાખની ઊપજ આપે છે, અને એ જ સંધિને પ્રતાપે આજે પોરબંદર રાજ્ય પહેલા વર્ગનું રાજ્ય રહ્યું છે. દીવાની હક પણ જેને પૂરો ન હતો તેની પાસે આજે સ્વતંત્ર સ્ટેટના પહેલા વર્ગના પૂરેપૂરા હકો છે.

માધવપુરની વિષ્ટિ આટલી સફળ રીતે ઓતાબાપા પાર ઉતારી આવ્યા એ જોઈ રાણાસાહેબે તે જ વખતે એમને દીવાનગીરીનો પોશાક આપ્યો. દીવાનગીરીની એ જવાબદારી જુવાનીમાં પગલાં માંડતા ઉત્તમચંદ ગાંધીએ છેવટ સુધી પોતાની બુદ્ધિમત્તા, પ્રતિભા, સત્યપ્રિયતા અને બહાદુરીથી એકધારી રીતે સંભાળીને દીપાવી તથા પોતાના વંશજોને ઉદાત્તતાનો પાઠ ભણાવ્યો.

રાણાસાહેબ ઝાઝું નહોતા જીવ્યા. એમના પછી કુંવર સગીર હતા એટલે બધી સત્તા રાણીના હાથમાં હતી. પણ આખો કારભાર ઓતાબાપા જ ચલાવતા. રાજ્ય અને પ્રજાના હિતમાં બાપાને ઘણી વાર રાણીની હાએ હા ભેળવવી પાલવતી નહીં. ખુશામતમાં ન પડતાં કળેબળે તેઓ પોતાને સાચું અને પ્રજાને કલ્યાણકારી લાગે તે જ કરતા.

આવા જે એક પ્રસંગમાં તેઓએ મોતને નોતર્યું હતું એ પ્રસંગ તો સુપ્રસિદ્ધ છે. ખીમો કોઠારી રાજ્યનો ખજાનચી અને ભંડારી હતો. કહે છે કે રાણીની દાસીઓને તે મોકળે હાથે ન આપતો તેથી દાસીઓ રાણીના કાન તેની સામે ભંભેર્યા કરતી. એક વાર કોઠારી પર કંઈક આકરો આક્ષેપ મુકાયો અને રાણીએ તેને બાંધી લાવવાનો હુકમ કર્યો. કોઠારી દોડીને બાપાને શરણે આવ્યો ને જીવતદાન માગ્યું. બાપાએ આપ્યું. રાણીએ બાપાને રૂબરૂમાં બોલાવી ખીમાને સોંપી દેવા ફરમાવ્યું. બાપાએ એમ ને એમ તેને સોંપવાની ના પાડી અને રાણીને રીતસર કેસ ચલાવવાની વિનંતી કરી. રાણીએ તે ન માન્યું અને બળાત્કારે કોઠારીને લઈ જવાની ધમકી આપી. બાપા મક્કમ રહ્યા. ચારછ દિવસની વાટાઘાટને અંતે રાણીએ લશ્કરી ટુકડી બાપાના મકાન પર મોકલી અને પછી ઘર તોડવા તોપ મોકલી. પોરબંદરી પાકા પથરાનું મજબૂત બાંધણીનું ઘર અને

કિલ્લા જેવો દરવાજો. દરવાજે બાપાના અંગરક્ષક આરબોની નાનકડી ટુકડી. આરબોએ બાપાને કહી દીધું કે અમારા બધાનાં માથાં વધેરાયા પછી જ આપને કોઈ હાથ અડાડી શકશે. બાપાએ બહારની રક્ષા તેમને સોંપી ઘરમાં બધી તૈયારી કરી. સત્યને ખાતર સંતોષપૂર્વક હોમાઈ જવાને ઉપસ્થાન માંડ્યું. ઘરની વચ્ચોવચ્ચ પોતે બેઠા. પડખે એ સમયે હાજર પાંચે દીકરા, મા અને આઠમા કોઠારીને બેસાડ્યાં. બધાંને સત્ય ખાતર હસતે મોઢે બલિ થવાનો ઉપદેશ આપ્યો. બહારથી તોપના ગોળાએ ધડાધડ જાડી દીવાલમાં બાકોરાં પાડ્યાં. અંદર ઈશ્વરનું સ્મરણ અને સત્ય પર દૃઢ રહેવાની અભ્યર્થના ચાલી. ઈશ્વરને એ આખા વંશનું બલિદાન લેવું ઉચિત ન લાગ્યું. ઉત્તમચંદ બાપાને તો સ્વપ્નેય કલ્પના નહીં હોય કે, બળ વિનાના છતાં અણનમ રહેવાની અને સત્ય ખાતર મરવું પડે તો મરવાની જે તૈયારી મેં કરી છે તેનો વિકાસ મારો પૌત્ર સાર્વજનિક સત્યાગ્રહના રૂપમાં કરશે અને તેમાંથી જગત્પરિવર્તન અને ધર્માભ્યુદય થશે. પણ ઈશ્વરને તો તેની ખબર હશે જ. એટલે કંઈ પણ બૂરું પરિણામ આવે તે પહેલાં પોરબંદરની ધમાલના ખબર રાજકોટ જઈ પહોંચ્યા. અને, એજન્સીએ વચ્ચે પડીને રાણીને બળાત્કાર કરતી અટકાવી.

આ ખટપટ પછી બાપાએ પોરબંદર છોડ્યું ને કુતિયાણા આવી પોતાનું ઉત્તર જીવન શાંતિ અને ભક્તિમાં પસાર કર્યું. કુતિયાણા જૂનાગઢ તાબેનું એટલે પોરબંદર છોડી આવેલા બાહોશ મંત્રીને નવાબે નોતર્યા. બાપા જૂનાગઢ ગયા; પણ તેમણે નવાબને ડાબે હાથે સલામ કરી અને જમણો હાથ પોરબંદરને સમર્પણ કર્યાનું કહી પોતાની એકનિષ્ઠા પ્રગટ કરી. નવાબના આવા અપમાન માટે તે દિવસોમાં ભારે સજા થાય, પણ નવાબને એકનિષ્ઠા પ્રત્યે આદર ઊપજ્યો. ભરદરબારમાં નવાબે બાપાનાં વખાણ કર્યાં અને બક્ષિસરૂપે બાપાને અને તેના વારસોને પેઢી દર પેઢી કુતિયાણામાં વગરજકાતે દુકાન ચલાવવાનો રુક્કો લખી આપ્યો.

કુતિયાણા જઈને બાપાએ કંઈ ખાસ પ્રવૃત્તિ રાખી ન હતી. ઘોડેસવારીનો શોખ પહેલેથી જ બહુ હતો. એક સરસ ઘોડી રાખેલી તે પર રોજ આસપાસ દૂર સુધી ફરી આવતા અને બાકીનો સમય કથાકીર્તનમાં ગાળતા. કહે છે કે બાપાની અને તેમની ઘોડીની સેવા મારા પ્રપિતામહ જીવણલાલબાપાએ ખૂબ ભાવ ને મહેનતથી છેવટ સુધી કરેલી. જીવણ ગાંધી ઓતાબાપાના ચોથા દીકરા. વગરજકાતે દુકાન ચલાવવાના જૂનાગઢના રુક્કાનો લાભ પણ કુતિયાણામાં દુકાન નાખી એમણે ઓતાબાપાની સેવા દરમિયાન લેવાય તેટલો લીધો.

અમારું કુળ મૂળે પુષ્ટિમાર્ગી વલ્લભ સંપ્રદાયનું હોવાથી અમારે ત્યાં કૃષ્ણભક્તિ વિશેષ હોવી જોઈએ, પરંતુ બાપાને પોરબંદરના એક ખાખી સાધુ પર શ્રદ્ધા હતી. એ બાવાઓને સારુ બાપાએ એક ખાખીચોક પણ કરાવ્યો હતો. ખાખી રામનો અનન્ય ઉપાસક હતો. તેના સત્સંગથી બાપા પણ ભારે રામઉપાસક બનેલા. ઉત્તર વયમાં તેઓ દિવસનો મોટો ભાગ તુલસીની રામકથાનાં શ્રવણ અને તેના અનુશીલનમાં વિતાડતા.

બાપાનો ભક્તિરસ ઉપલકિયો ન હતો પણ જીવનમાં ઊંડાણમાં તે ઊતરી ગયો હતો એ ખીમા કોઠારીવાળા પ્રસંગમાં તેમણે બતાવેલી સત્યપ્રિયતા અને બલિદાનવૃત્તિ ઉપરથી જેમ દેખાય છે, તેમ તેમણે બીજા એક પ્રસંગમાં બતાવેલી અલોભ વૃત્તિ અને નિર્મળતાથી પણ સ્પષ્ટ થાય છે. પોરબંદરમાં તેઓ પ્રધાન હતા ત્યારે તેમનો પગાર વરસ આખાનો બે હજાર કોરી હતો. એ ઉપરાંત સીધું, શાકભાજી વગેરે બધું દરબારગઢમાંથી જ મળતું. એ કંઈ વધારે ન ગણાય; તોપણ રિવાજને વશ થઈ બાપાએ પોતાના બે મોટા દીકરા વલ્લભજી અને પીતાંબરના વિવાહ કર્યા ત્યારે ભારે જમણવાર કર્યો. દીકરા પરણાવવામાં ભારે પુરુષાર્થ રહેલો હોવાની એ વેળાની માન્યતામાંથી ઓતાબાપા મુક્ત ન હતા. તેમણે એ પુરુષાર્થ પણ ટોચે પહોંચાડ્યો. આખા ગામની ચોર્યાશી કરી, અર્થાત્ ગામ આખાને જમાડ્યું. ગામને દરવાજે ચોખા ચોડી ગરીબગુરબાં સૌને ભોજનનું આમંત્રણ આપ્યું. તે ઉપરાંત સાત દિવસ સુધી ફુલેકાં ચઢ્યાં. રાણાસાહેબ પોતે મોખરે ચાલ્યા. મારા દાદા કહે છે કે, એવી ભવ્ય નાત અને ફુલેકાં બાપાના વખત પછી આજ સુધી કોઈ કરવા નથી પામ્યું. ઓતાબાપા રાજ્યના માનીતા મોટા દીવાન એટલે પ્રજાએ વધાવામાં નજરાણું પણ ખૂબ આપ્યું. થયેલા ખર્ચ કરતાં એ કંઈ ઓછું ન હતું. સામાન્ય માણસ તો એથી ફુલાઈ જાય અને ધનને પોતાની તિજોરી ભેગું કરે, પણ બાપાએ લગનનું કામ પૂરું થતાંની સાથે બધું ધન રાણાને ચરણે ધર્યું અને કહ્યું, ‘આ આપની પ્રજાનું જ ધન છે. આપને જ પ્રતાપે હું ચોર્યાશી કરી શક્યો છું. આ ધન આપ સ્વીકારો.’ રાણાએ ગદ્ગદ થઈ ફરમાવ્યું: ‘ધન તિજોરીમાં નાખો અને ચોર્યાશીનું બધું ખરચ રાજ્ય ખાતે લખી ખાતું સરભર કરી દો. તમારા દીકરા એ મારા જ દીકરા છે.’ આ પ્રસંગ પરથી કલ્પી શકાય છે કે દીવાનની સત્તા ભોગવતાં છતાં બાપામાં નમ્રતા હતી, ધનલોલુપતાનો અભાવ હતો અને નિષ્કામ કર્મ તરફ જીવનનો ઝોક હતો. એ આજાનુબાહુ હતા એટલું જ નહીં પણ ખરેખર મહાપુરુષ હતા.

## ૪

# કબા ગાંધી

રાણી સાથે ખટપટ થયા પછી ઓતાબાપા ફરી પાછા પોરબંદરની નોકરી કરવા ગયા જ નહીં. જોકે રાજ્યના કેટલાક હિતચિંતકોએ તેમને લઈ જવા માટે તજવીજો તો ઘણીયે કરી, પણ નિવૃત્તિમાંથી ફરી પ્રવૃત્તિ આદરવી તેમને ગમી નહીં. પરંતુ હિતચિંતકોની મહેનતને પરિણામે તથા બાપાએ રાણા વિક્રમાજીત પાસે રાજ્યના દફતરમાં લખાવી રાખેલી નોંધને પરિણામે બાપાના બધાયે દીકરાઓને પોરબંદરમાં નોકરીઓ મળી. કહે છે કે જ્યારે રાણા વિક્રમાજીતના છેલ્લા દિવસો હતા ત્યારે સમયસૂચકતા વાપરી ઓતાબાપાએ તેમની પાસે પોતાની નોકરીનું લેખિત પ્રમાણપત્ર માંગ્યું; કારણ રાણી કાચા કાનની હોવાથી રાણા પછી પોતાનું ભવિષ્ય જોખમાવાની તેમને પૂરી દહેશત હતી. રાણાએ ઉદારતાથી લખી આપ્યું કે: 'ઓતા ગાંધીએ રાજ્યની કીમતી સેવા કરી છે ને મારું તથા રાજ્યનું કામ હંમેશાં પૂરી વફાદારીથી કર્યું છે. માટે ઓતા ગાંધીને આંચ ન આવે એ બાબતની સંભાળ મારા ઉત્તરાધિકારીએ રાખવી, એટલું જ નહીં પણ મારા વારસદારોએ ગાંધીના વારસદારોને હંમેશાં રાજ્યમાં ઉદારતાથી નોકરી આપવી.' જોકે રાણીના જમાનામાં આ નોંધ નકામી નીવડી પણ સગીર વયના બાળરાજા મોટા થઈ ગાદીએ બેઠા ત્યારે તેમણે આ નોંધને મહત્ત્વ આપ્યું. જેને પરિણામે બાપાના દીકરાઓ રાજ્યની નોકરીમાં પ્રવેશ પામ્યા.

બાપાને બધા મળીને દીકરા છ; પણ તેમાંના બીજા પીતાંબર ગાંધી તો રાણી સાથે બખેડો થયો તે પહેલાં જ વેપાર કરવા કચ્છ ચાલ્યા ગયેલા. તેમનો એક દીકરો હતો તેણે પણ કચ્છમાં જ વેપાર કરી જીવન પૂરું કર્યું અને એ શાખા આગળ ન ચાલી. બાકી જે પાંચ રહ્યા તેમાંના સૌથી મોટા વલ્લભજી ગાંધી રાજ્યના બાંધકામ ખાતાના ઈજનેર, ત્રીજા રતનજી ગાંધી દફતરી, ચોથા જીવનજી ગાંધી છાયા મહાલના મહાલકારી અને પાંચમા તથા છઠ્ઠા કરમચંદ ગાંધી અને તુલસીદાસ ગાંધી એક પછી એક રાજ્યના દીવાન નિમાયા. તુલસીદાસ ગાંધીના વારસો આજે પણ પોરબંદર રાજ્યની ઊંચી નોકરીઓમાં છે.

છયે ભાઈઓમાં કરમચંદ ગાંધીએ જ ઓતાબાપાનો વારસો સૌથી વધારે મેળવ્યો. વારસો દીવાનગીરીનો નહીં, પણ બાપાની પ્રતિભા, તીક્ષ્ણ બુદ્ધિ, સત્યપ્રીતિ અને બહાદુરીનો. દીવાનગીરી તો બાપાની પેઠે તેમણે પણ સ્વપરાક્રમે જ મેળવી એમ કહી શકાય. કારણ કે શરૂઆતમાં તેમને સાધારણ જ નોકરી

મળેલી. તેમાંથી પોતાની યોગ્યતા વડે જ તેઓ દીવાનપદે પહોંચ્યા. બીજા ભાઈઓનો માર્ગ સરળ કરી આપવામાં પણ મુખ્ય ભાગ તેમની જ કર્તૃત્વશક્તિનો હતો.

કરમચંદ બાપા કબા ગાંધી તરીકે ઓળખાતા. મારા દાદાજી તેમને કબાકાકા નામે સંબોધે છે, એટલે અહીં હું પણ એ જ નામ વાપરું છું. કબાકાકા કારભારી તરીકે બહુ પ્રશંસાને પામ્યા હતા. સાંભળ્યું છે કે તેમની ન્યાયબુદ્ધિ બહુ વિશદ હતી. રાણા તેમની ઉપરવટ થઈ આવનારની અરજી ભાગ્યે જ સાંભળતા. કોઈ પ્રજાજન રાવ લઈને આવે તો કહે, 'જા, જા, ગાંધી પાસે જા; એનું સમાધાન કર એટલે તારો ન્યાય બરાબર તોળાશે.' ન્યાયપદ્ધતિમાં પણ આજના જેવી અદાલતબાજી અને મહિનાઓ સુધીની ટાળાટાળીનો તે દિવસોમાં પ્રારંભ થયો ન હતો. વકીલોની ઈંદ્રજાળ પણ નહોતી ફેલાઈ. ફરિયાદી સીધો મુખ્ય અધિકારી પાસે પહોંચી શકતો અને પોતાનાં દુ:ખહાનિ પ્રગટ કરી શકતો.

કબાકાકા બહુ સાદા હતા. એમનો પોશાક અને વર્તન એટલાં સાદાં હતાં કે સાધારણ માણસમાં ને દીવાનમાં કંઈ અંતર ન જણાય. આ સ્વભાવને કારણે એમને ગરીબગુરબાંનાયે અંતરંગ બની જઈ તેમના પેટની વાત જાણી લેતાં વાર ન લાગતી.

કબાકાકાનું જ્ઞાન ઊંડું હોવાનાં અનેક કારણો હતાં. એમનું ભણતર થોડું હતું પણ તેઓ શ્રવણ ઘણું કરતા. આથી વાંચવાની સામગ્રી ઓછી છતાં બુદ્ધિનો અને હૃદયનો વિકાસ સારી પેઠે થતો. ત્યારે સાધુસંતોની જ્ઞાનપ્રચારક સંસ્થા હજી ભાંગી નહોતી પડી. તેમાંયે પોરબંદર તો યાત્રાનું સ્થાન, એટલે દ્વારિકાધામનાં દર્શને જનારાઓ સુદામાજીની નગરીનું તીરથ ભાગ્યે જ વિસારે. દેશ આખામાં રેલવેની જાળ પણ હજી ગૂંથાઈ ન હતી, એટલે ચારે ધામ કરનારા જાત્રાળુઓ સાવ અલ્પપ્રાણ નહોતા થઈ ગયા. ભટકતા સાધુઓનાં જૂથમાં સાચા મુમુક્ષુ સાધુઓ પણ અવારનવાર નજરે પડતા. એવા સાધુઓ ઓછીવત્તી ધર્મચર્ચા અને પૂજાઅર્ચા ઉપરાંત બહોળું વ્યાવહારિક જ્ઞાન ધરાવતા. પગે ચાલીને ભરતખંડની પ્રદક્ષિણા કરી હોય એટલે તેમને ભૂગોળનું પણ ઠીક ઠીક જ્ઞાન હોય જ; એ ઉપરાંત જાત જાતના લોકોના સારામાઠા સ્વભાવનો પણ તેમને સારો એવો અનુભવ હોય. તેમાંયે કથા કરનાર સાધુઓને તો તે વખતના જીવતાજાગતા જ્ઞાનકોશ કહી શકાય. આવા સચ્ચરિત વિદ્વાનોનો સમાગમ કબાકાકાને બહુ પ્રિય હતો. એમ તો કુટુંબના બધા સભ્યો કથાશ્રવણ કરતા, પરંતુ કબાકાકાની શ્રવણભક્તિ ભારે હતી એમ સાંભળ્યું છે. કથામાં સામાન્ય રીતે શ્રીમદ્‌ભાગવત અને તુલસી રામાયણ તો હોય જ. એ ઉપરાંત ગીતાનાં પ્રવચનો સાંભળવામાં

તેઓ વધુ રસ લેતા. પાકી ઉંમરે મૂળ શ્લોકો શીખવાની પણ તેમણે ઠીક મહેનત કરેલી. આખી રાજ્યવ્યવસ્થાનું કામ કરતાં છતાં રોજ સવારસાંજ બંને વખત કલાક દોઢ કલાક સુધી તેઓ કથાશ્રવણ કરતા. ઓછું ભણતર છતાં જીવનની બધી દિશામાં પૂરતો વિકાસ એમણે નિત્યના આ સ્વાધ્યાયમાંથી જ સાધ્યો હશે એમ કલ્પી શકાય છે.

ગાંધી કુટુંબના કૌટુંબિક સુખનો પૂરેપૂરો મધ્યાહ્નનો સમય કોઈ હોય તો તે કરમચંદ ગાંધીનો સમય કહેવાય. કહે છે કે તેઓ જમવા બેસતા ત્યારે ઓછામાં ઓછા વીસ પાટલા એકસાથે મંડાતા. અને વારતહેવાર બધાં કુટુંબીઓ સાથે જમવા બેસે ત્યારે પાટલાની સંખ્યા સહેજે સોથી દોઢસો સુધી જતી. કબાકાકાના વિશાળ કુટુંબમાં ભાઈ-ભત્રીજા ઉપરાંત મુનીમો અને નોકરો જેવાનો પણ સમાવેશ થતો. પાંચ ભાઈઓના પરિવાર સિવાય આઘેપાસેનાં સગાંઓમાંથી ઘણા જુવાનિયાઓ કબાકાકા પાસે નોકરી શોધતા આવેલા. દરેકની યોગ્યતા અને શક્તિ પારખી, દફતરમાં, બંદરમાં, મહેસૂલ ખાતામાં, બાંધકામમાં કે બીજે એમ પંદર-વીસથી વધુ જુવાનિયાઓને તેમણે પોતાની નજર નીચે કામે ચડાવેલા. આ બૃહદ્ કુટુંબના દરેક ઘરના વ્યવહારની અને તેમની વહુદીકરીઓની ઝીણામાં ઝીણી જરૂરિયાતની સંભાળ તેઓ જાતે રાખતા. નાનું માણસ હોય કે મોટું, સૌને કરવાનાં - સગાઈ, વિવાહ, છોકરાંની કેળવણી, માંદગીના સમયની માવજત, રૂઢિરિવાજ મુજબની લેવડદેવડ વગેરે - બધાંયે કામ કબાકાકાની સલાહ પ્રમાણે જ થતાં

પૂતળીમા પણ આખા કુટુંબની માની ગરજ સારતાં. મારાં દાદીમા વાત કરે છે કે ‘પૂતળીકાકીજી અમને વહુવારુઓને જમાડીને તેમ જ એક બાળકેય ભૂખ્યું નથી રહ્યું એ જોયા પછી જ જમવા બેસતાં. ઊંચે સાદે કદી ન બોલતાં. ન કોઈ દિવસ કોઈને તુંકારો કરતાં. એમનામાં ખાનદાની ડગલે ને પગલે નીતરતી. એટલા નોકરો અને વહુદીકરીઓ પાસે છતાં એમને આળસનું તો નામ ન હતું. પરોઢથી અધરાત સુધી ઘરનું ને રસોડાનું કામ કરતાં રહેતાં. ખાવામાંયે સાવ સાદાં. પોતે રહ્યુંસહ્યુ ખાઈ લે, પણ કુટુંબમાં કોઈને ઓછું ન આવે તેનું પૂરું ધ્યાન રાખે.’ આમ પૂતળીમા જ ઘરનું કામ કરતાં એમ નહીં, પણ રાજ્યના દીવાન અને મોટા કુટુંબના વડીલ હોવા છતાં કબાકાકા પણ ઘરનું કામ કરતા. ઘેર એટલાં બધાં માણસો જમનારાં હોય તેમનું શાક કંઈ ઓછું ન હોય. આ બધું શાક સુધારવાની કાળજી કબાકાકા રાખતા. સવારે લોકો સાથે ચર્ચા ચાલતી હોય તે સાથે પોતે શાક સુધારતા અને આસપાસ બેઠેલાઓની મદદ પણ લેતા. ટૂંકમાં કહીએ તો પૂતળીમા અને કબાકાકા આદર્શ ગૃહાસ્થાશ્રમી હતાં. આપણા દેશમાં

મોટાં મોટાં સંયુક્ત કુટુંબોની સંસ્કૃતિ પૂર્ણરૂપે હજારો વરસોથી ખીલેલી છે. એ જ સંસ્કૃતિમાં થઈ ગયેલા સારામાં સારા કુલપતિઓની શ્રેણીમાં કરમચંદ બાપાનું સ્થાન મોખરે શોભી ઊઠે એવું હતું. સારામાં સારો કુલપતિ એ જ ગણાય છે કે જે પોતે 'ભોક્તા' ન હોય પણ કેવળ 'ભર્તા' જ હોય. પોતાના રક્ષણ નીચેનાંઓને તે બધી રીતે સુખી જોવા આડે પંડના ઐહિક સુખનો લોભ ન રાખે, પણ પોતાના એશઆરામને સૂકવી નાખે. વધારેમાં વધારે કમાતા હોવા છતાં પોતાને કાજે નજીવો ખર્ચ રાખે અને થોડામાં થોડું કમાનારને સુધ્ધાં પૂરતું પોષણ અને વિકાસની અનુકૂળતા પહોંચાડવા નિરંતર કાળજી રાખે.

પૂજ્ય બાપુજીની 'આત્મકથા'ના વાચકો જાણે જ છે કે કરમચંદ ગાંધીએ ક્રમશઃ પોરબંદર, રાજકોટ અને વાંકાનેરનું કારભારું કરેલું. એટલે એ ઈતિહાસની પુનરાવૃત્તિ ન કરતાં તેમના જીવનમાં ઝળકી રહેલી સતત જાગૃતિ, સત્યનું તેજ અને ધનદોલત પ્રત્યેની નિઃસ્પૃહતાના બેએક વિશિષ્ટ પ્રસંગો આપી આ પ્રકરણ પૂરું કરીશ.

કબાકાકાનું પુણ્યતેજ એટલું હતું કે રાજકોટના ઠાકોરસાહેબ બાવાજીરાજ રાજા છતાં તેમની આમન્યા જાળવતા. પોતાના અમલદારવર્ગ કે ઊતરતી પંક્તિના ગણાતા માણસોના દેખતાં દારૂબારૂ ન પીએ એવા રાજાઓ આજે કેટલા મળશે? અથવા રાજા ઉપર એવો નૈતિક અંકુશ મૂકી શકનારા દીવાનો શોધ્યા મળશે ખરા? કબાકાકા એવા પ્રખર દીવાન હતા. બાવાજીરાજ દારૂ પીવાની તૈયારીમાં હોય અને ખબર પડે કે 'ગાંધી આવે છે' તો તુરત બાટલા આઘાપાછા કરી દેતા; અને જો પિવાઈ ચૂક્યો હોય તો ખાનગી ઓરડામાં જઈ છાનામાના સૂઈ જતા, પણ કદી પીધેલ સ્થિતિમાં કબાકાકાની પાસે ન ફરકતા. રાજા જેવાને આમ શેહમાં દાબનારું ધર્મતેજ જેવુંતેવું ન ગણાય.

કબાકાકા પોતે લાંચરુશવતથી સો ગાઉ દૂર ભાગતા અને આખા રાજતંત્રમાં યથાશક્તિ શુદ્ધતા જળવાવતા. એક વાર બાવાજીરાજે એમને જોઈએ એટલી જમીન માંગી લેવા કહ્યું. કબાકાકાને એમાં ખોટી ખુશામત અથવા લાંચની ગંધ આવી. મહેનતાણાના બદલામાં મળતા પગાર ઉપરાંતના દાનનો એમણે ચોખ્ખો અસ્વીકાર કર્યો. ઠાકોરસાહેબે કબાકાકાને પોતાના વંશજો માટે કંઈક વ્યવસ્થા કરી જવાનું સમજાવ્યું, તોપણ તેઓ એ વખતે એકના બે ન થયા. પછી જ્યારે કુટુંબીઓએ પણ બાપાને થોડીક જમીન લઈ લેવાનો આગ્રહ કર્યો, ત્યારે ઘર બાંધવા પૂરતો નાનકડો જમીનનો કકડો સ્વીકારી તેમણે સૌને સંતોષ્યા. દીવાન ધારે તો ધનનો કેટલોય સંગ્રહ કરી શકે, પણ રહેવાના એક ઘર સિવાય વારસો માટે તેમની કેળવણી પૂરતુંયે ધન કબાકાકા પોતાની પાછળ નહોતા મૂકી

ગયા. આડુંઅવળું કંઈ સંઘર્યું નહીં અને જે થોડુંઘણું કમાયા તે પરકાજે - વિશાળ કુટુંબ કાજે - ખર્ચ્યું.

સત્ય અને સ્વમાનને ખાતર સોનાના મેરુનેયે ઠોકર મારવાની કબાકાકાની અલૌકિક શક્તિનો પરચો તેમના વાંકાનેરના ઈતિહાસમાંથી મળે છે.

વાંકાનેરનું રાજ્ય ખોખરું થઈ ગયું હતું. નોકર અને અમલદારવર્ગની રુશવતખોરી તેમ જ અણઘડતાને કારણે વાંકાનેરના રાજસાહેબ ભવિષ્યની ભારે ચિંતામાં પડ્યા હતા. તેવામાં કોઈ સંભાવિત ગૃહસ્થે તેમને સલાહ આપી કે રાજકોટથી ગાંધીને બોલાવી દીવાની સોંપો તો જોતજોતામાં બધી ખરાબીઓ દૂર થશે. રાજસાહેબને આ પ્રસ્તાવ ગમ્યો અને એમણે કબાકાકા સાથે વાટાઘાટ શરૂ કરી. રાજકોટનું કારભારું છોડી વાંકાનેર જવાને કરમચંદ બાપા નીચેની શરતે તૈયાર થયા.

પાંચ વરસ સુધી વાંકાનેર રાજ્યે તેમને નોકરીમાં રાખવા; પોતે જે કંઈ પ્રબંધ કરે તેમાં રાજાએ વચ્ચે દખલગીરી ન કરવી; માસિક છસો રૂપિયાનો પગાર આપવો; રાજા વચ્ચે દખલગીરી કરે ને અધવચ કારભારું છોડવું પડે તોપણ રાજાએ પાંચ વરસનો પૂરો પગાર આપવો; વરસના બોંતેરસો લેખે પાંચ વરસના છત્રીસ હજાર રૂપિયા થાય તે વાંકાનેર રાજ્યે પહેલેથી જ જાણીતા ચાર વેપારીઓને ત્યાં થાપણરૂપે મૂકવા.

કબાકાકાની બધી શરતો રાજસાહેબે સ્વીકારીને વાંકાનેરના ચાર જુદા જુદા વેપારીઓને ત્યાં નવ નવ હજાર રૂપિયાની થાપણ જમા કરી દીધી. ખરી રીતે આ થાપણ રાજકોટના વેપારીઓને ત્યાં જમા થવી જોઈતી હતી, પણ કબાકાકાનું મન મોટું એટલે આવી ઝીણી રકઝકમાં તેઓ ન ઊતર્યા. રાજકોટમાં રાજીનામું આપી તેઓ વાંકાનેર ગયા ને કામ સંભાળી લીધું.

થોડા મહિનામાં પરિસ્થિતિનો પૂરેપૂરો અભ્યાસ કરી લીધા પછી કબાકાકાએ આંતરિક પ્રબંધમાં આવશ્યક ફેરફારો કરવા માંડ્યા. કેટલાક ફેરફારો રાજસાહેબને આકરા લાગ્યા. તેઓ વચનથી બંધાયા હતા છતાં તેમનાથી ન રહેવાયું, એટલે તેઓએ કબાકાકાને ચિઠ્ઠી લખી: 'ફલાણું તમે ન કર્યું હોત તો સારું હતું.' કબાકાકાને એ ખૂંચ્યું, પણ ગમ ખાઈ ગયા. બેએક મહિના વીત્યા ને વળી રાજસાહેબે તેમના ઉપર ઝીણી મોટી ફેરબદલી અને વ્યવસ્થા પર ટીકા કરતો પત્ર મોકલ્યો. કબાકાકા અકળાયા. રાજાને જવાબ વાળ્યો: 'મેં કર્યું છે તે જ હિતકર જ છે.' રાજસાહેબ એ વખતે તો ટાઢા પડ્યા; પણ ફરી થોડો વખત ગયો ને ત્રીજી વાર રાજસાહેબનો પત્ર આવ્યો: 'ગાંધી, તમે આ ઠીક ન કર્યું; અમુક કરેલું બદલવાની જરૂર છે; ફલાણું પહેલાં હતું એ જ સારું હતું; ઈત્યાદિ.'

હવે બાપાનો પુણ્યપ્રકોપ પ્રકટ્યો. 'મારી વ્યવસ્થા નથી ગમતી તો મારું અહીં રહેવું નકામું છે' એટલો સંદેશો કહેવડાવી સવાર થતાંમાં તો તેઓ રાજકોટ રવાના થઈ ગયા.

પંદર દિવસ વીત્યા પછી વાંકાનેર રાજસાહેબનો કબાકાકા પાસે માફી માગતો અને ફરી કારભાર સંભાળી લેવાનો આગ્રહ કરતો પત્ર આવ્યો. કરમચંદ બાપા પાછા વાંકાનેર ગયા. થોડી વાતચીત પછી તેઓ કળી ગયા કે રાજસાહેબ પોતાના કક્કાને જ વળગી રહેવાના, એટલે એમણે વધુ નોકરી કરવામાં માલ ન જોયો અને રાજાને કહ્યું: 'મને માફ કરો; મારાથી વધુ નહીં ચલાવાય. શરત પ્રમાણેનો પગાર ચૂકવી આપો એટલે હું રજા લઉં.' રાજસાહેબે કહ્યું: 'ઠીક ત્યારે; રાજીનામું લખી આપો.' કબાકાકાએ રાજીનામું લખ્યું: 'તમે બે વાર મને દગો દીધો છે અને જે વાતમાં તમારે પડવાનું ન હતું તેમાં પડી આપણી શરતનો ભંગ કર્યો છે, એટલે હું કારભારાનું રાજીનામું આપું છું અને શરત પ્રમાણેના મારા પૂરા પગારની માગણી કરું છું.' રાજસાહેબે રાજીનામું જોઈ કબૂલ ન કર્યું અને સૂચવ્યું કે શરતભંગની વાત રાજીનામામાંથી કાઢી સાદું રાજીનામું લખી આપો તો હું તમને પૂરો પગાર આપું. કરમચંદ બાપાએ પોતાની વાત બદલવાની ચોખ્ખી ના પાડી અને કહ્યું કે: 'જે વસ્તુ છે તેને હું ''નથી'' એમ કેમ લખું? મારું અહીંથી જવાનું કારણ બીજું કાંઈ છે જ નહીં.' રાજસાહેબે તેમને ફરી ફરી સમજાવ્યા. પગાર ન આપવાનો ભય પણ બતાવ્યો, પણ કબાકાકા મક્કમ રહ્યા. સત્ય દબાવી ખોટી ખુશામત કરવા સામે તેમણે પોતાનો સખત વિરોધ દર્શાવ્યો.

છેવટે રાજસાહેબ થાક્યા અને કહ્યું: 'ત્યારે રહેવા દો રાજીનામું લખવું, અને આજ સુધી કરેલા કામના બદલામાં દસ હજાર રૂપિયા લઈ જાઓ. કબાકાકાએ એ લેવાની પણ ઘસીને ના પાડી. 'આપવા હોય તો રીતસરનું રાજીનામું સ્વીકારી પૂરેપૂરા આપો, નહીં તો મારે ફૂટી દમડીયે ન જોઈએ.'

રાજસાહેબને કાબાકાકાનો પરિચય કરાવનાર અને બંને વચ્ચે મસલત કરાવી આપનાર સજ્જન આ વખતે હાજર હતા. તેમણે કબાકાકાને સમજાવવામાં મણા ન રાખી: 'રાજા રૂઠે તો શું થાય એ જાણો છો ને? દસ હજાર મળે છે એ જ પાડ માનો ને? મળે છે એ લઈ લો. દસ હજાર કંઈ નાની રકમ નથી.' કબાકાકા ના પાડતા રહ્યા અને પેલા ભાઈએ સામે પડેલી દસ હજાર રૂપિયાની થેલીઓ ઊપડાવી બાપાના સગરામમાં મુકાવવા માંડી. ઝટ લઈને બાપા ઊઠ્યા, સગરામમાં આવેલી થેલીઓ ઉપાડી ઓટલે મૂકી દીધી અને વાહનમાં બેસી પોતે રવાના થઈ ગયા.

જરાક ઝૂકવાની વાત હતી. તસુભર ઝૂક્યા હોત તો દસ હજાર શું પણ તેથી ચાર ગણું ધન તેઓને સાંપડત, પણ ટેક છોડીને રૂપિયાને નમે એવા તેઓ ન હતા. ટેક અને નાક અણિશુદ્ધ રાખી તેઓ ખાલી હાથે પાછા ઘર ભેગા થયા. એટલું ખ્યાલમાં રાખવાની જરૂર છે કે એ વખતના દસ હજારનું મૂલ્ય આજકાલના જમાનામાં પચાસ હજાર જેટલું થાય. પચાસ હજાર સંઘરનારો આસામી આજે જે જાહોજલાલી ન ભોગવી શકે તે એ સમયમાં દસ હજારનો આસામી ભોગવી શકે એમ હતું.

વાંકાનેરથી આવ્યા પછી રાજકોટમાં બાપા નોકરી વિનાના થઈ પડ્યા. રાજકોટનું સ્થાન ગયું જ હતું અને વાંકાનેરનું પણ ખોયું. પરંતુ એજન્સીમાં તેમની પ્રત્યે ગોરાઓની સહાનુભૂતિ હતી એટલે પોલિટિકલ ખાતાના અમલદારોએ તેમને બીજા કોઈ રાજ્યમાં નોકરી મેળવી આપવાની મહેનત કરી. પાલિતાણા, માંગરોળ વગેરે જગ્યાએથી તેમને આમંત્રણ મળ્યાં પણ ખરાં. પરંતુ બાપાને એટલે દૂર જઈ નવેસર વસવાટ માંડવાનો ઉમંગ ન હતો. દરમિયાન તેમને દમ થઈ આવ્યો. ઘણી વાર દમના હુમલા થતા. માંદગી સાંભળી રાજકોટ ઠાકોર બાવાજીરાજ તેમને મળવા આવ્યા. તેમને ખબર તો પડી જ ગયેલી કે ગાંધી બીજે નોકરી શોધે છે, એટલે મળવા આવ્યા ત્યારે તેમણે કહી દીધું: 'ગાંધી, તમારે બીજે જવાનું હોય જ નહીં. રાજકોટમાં તમારી જગ્યા આગવી છે. સાજા થાઓ કે તમે કારભારું સંભાળી લેજો.' વાત એમ હતી કે કરમચંદ બાપા વાંકાનેર ગયા પછી રાજકોટનો કારભાર ખૂબ ઢીલો પડી ગયો હતો; તિજોરી ખાલી થઈ ગઈ હતી; પોલીસ ખાતામાં પણ છ છ મહિનાના પગાર ચડી ગયા હતા.

કબાકાકા સાજા તો થયા, પણ ઠાકોરસાહેબ જાણે કરેલી વાત ભૂલી જ ગયા! ઘણા દિવસ ગયા તોયે તેમના તરફથી કંઈ વાત જ ન આવી. આથી તેઓ થાક્યા ને વળી બીજે કારભારીની જગ્યા મેળવવાના પ્રયાસો માંડ્યા. જૂનાગઢ જવાનું ઠર્યું પણ ખરું, પણ જવાની તૈયારીમાં હતા ત્યાં ફરી દમ ઊપડ્યો. કબાકાકાની માંદગી સાંભળી રાજકોટ ઠાકોર સાહેબ ફરી મળવા આવ્યા. કુશળ સમાચાર પૂછ્યા પછી તેમણે બાપાને કહ્યું: 'તમારી પાસે કામ નથી તેથી ફરી ફરી રોગ તમને ઘેરી લે છે. એટલે આ હુમલો સહેજે મોળો પડે કે તરત ખબર આપશો; હું તમને કામ સોંપી દઈશ.' આમ કહીને ગયા અને બીજે દિવસે રીતસર હુકમ કાઢી કબાકાકાને કારભારું સોંપ્યું.

આ પછી થોડે વખતે, બાપુજીએ આત્મકથામાં લખ્યા પ્રમાણે, કબાકાકા તેમના વિવાહમાં દોડતે સગરામે પોરબંદર ગયા ને રસ્તામાં અકસ્માત નડ્યો. આ

અકસ્માત પછી કરમચંદ બાપા માંડ રાજકોટ આવ્યા, પણ પથારીવશ જ રહ્યા. એમની માંદગીમાં ઠાકોર બાવાજીરાજે પોતે દીવાનનો ચાર્જ સંભાળ્યો ને કબાકાકાને પૂરો પગાર આપ્યે રાખ્યો. છ છ મહિના સુધી આવો ઉપકાર કબાકાકાને ભારે લાગ્યો, તેથી તેમણે ઠાકોર સાહેબને પોતાનું રાજીનામું સ્વીકારવા કહ્યું. પણ ઠાકોરે કહ્યું ભલે બે વરસ લાગે; એની ફિકર તમારે ન કરવી. આ મુજબ બીજા છ મહિના નીકળી ગયા, પણ ભગંદર એવું કારમું હતું કે કબાકાકા કામે ચડી ન શક્યા. દરમિયાનમાં ઠાકોર બાવાજીરાજ અને તેમના ભાયાતો વચ્ચે કંઈક તાણાતાણી ચાલી, એમાં કબાકાકાએ ન્યાય ભાયાતોના પક્ષમાં જોયો એટલે તે પ્રમાણે તેમણે ઠાકોર સાહેબને નમતું આપવા વીનવ્યા. ઠાકોર સાહેબ કચવાયા. તેમણે કહ્યું: 'આપણો આટલો સંબંધ છતાં તમે સામો પક્ષ તાણો છો?'

પોતાનો પ્રામાણિક મત દબાવી દેવાની કાયરતા કબાકાકામાં હતી જ નહીં. આ સંવાદ પછી તરત જ તેમણે ઠાકોર સાહેબને જણાવ્યું: 'હવે આપ કોઈ બીજો કારભારી શોધી લો. હું આપની સેવા વધુ કરી શકું એમ નથી. મારી શારીરિક સ્થિતિ સુધરવાને બદલે બગડતી જ જાય છે.' આમ લગભગ વરસ સુધી માંદગીને ખાટલે પૂરો પગાર અપાયા પછી બાપાનું રાજીનામું સ્વીકારાયું. ત્યાર બાદ પેન્શન રૂપે મહિને પચાસ રૂપિયા ત્રણ વરસ સુધી એટલે કે અંતકાળ સુધી એમને મળતા રહ્યા.

માંદગી દરમિયાન કબાકાકા ખૂબ શાંત, સ્વસ્થ અને ભક્તિપરાયણ રહેતા. બાપુજી (મહાત્માજી) તેમની ખૂબ સેવા કરતા, જેનું ભાવભર્યું વર્ણન આત્મકથામાં છે. કબાકાકા બાપુજીને મનુ કહી બોલાવતા. તેમને કંઈક જોઈએ કરે કે પહેલો સાદ મનુને જ કરે, અને મનુ હાજર જ હોય. સવારે ઊઠીને મનુ પિતાને દાતણ કરાવે, દિશાએ બેસાડે, પગ ધોવડાવે, નવડાવે અને દવા વાટીને પિવડાવે. ત્યાર પછી પોતાને અભ્યાસે વળગી જાય. પૂતળીકાકી પણ કબાકાકાની બહુ જ સેવા કરતાં, તેમનાં ખાનપાનની ખૂબ કાળજી રાખતાં. ઘડીયે ને પળે રસોડામાંથી સાદ કરે: 'મના, જા ખબર કાઢ જોઈએ, તારા બાપાને શું જોઈએ છે?' મનુ તરત દોડી જઈ ખબર કાઢી આવે અને બાપાને પૂછી આવી માને ખબર આપે. મા ગમે એટલા આંટા ખવડાવે તોયે મનુને કંટાળો ન આવે.

મનુ અને કરમચંદબાપાને એકબીજા પર અખૂટ શ્રદ્ધા હતી. છેલ્લા દિવસોમાં કોઈએ કબાકાકાને પૂછ્યું: 'કાકા, તમારી પછી કોણ?' તેમણે ગંભીર વદને જવાબ વાળ્યો: 'મારું નાક આ મનુ સાચવશે. એ કુળને ઉજાળશે.' કરમચંદબાપાને કદી દિવાસ્વપ્ન પણ નહીં આવ્યું હોય એવી ઉત્તમમાં ઉત્તમ રીતે

મનુએ તેમનું નાક રાખ્યું. નાક શું રાખ્યું પિતાને અમર કરી દીધા. જો દેહાંત પછી પણ પુત્રની કારકિર્દીની ખબર પિતાને પહોંચતી હશે તો કરમચંદ બાપાનો આત્મા પળેપળે કેટલો પુલકિત થતો હશે?

પિતાની આ સેવાથી પોતે કૃતાર્થ થયાની વાત બાપુજીએ મને એક વાર કહેલી તે અહીં નોંધવાનો લોભ નથી છોડી શકતો: 'આજકાલ શિક્ષણનો પ્રવાહ જે રીતે વહે છે તેની વ્યર્થતા લોકો સમજશે ત્યારે ખરા, ખરું શિક્ષણ સેવામાં રહ્યું છે એ તો જાણે ભુલાઈ જ ગયું છે. આપણે આશ્રમના વિદ્યાર્થીઓને મોટેરાની સેવા તરફ વાળવા જોઈએ. શિક્ષકની અને માબાપની સેવા હજારો પાનાંના વાચનથી વધુ છે એ સમજાવવું જોઈએ. હું આટલે લગી ચડ્યો છું તે મારા પિતાની સેવાના પ્રતાપે જ. મારું વાચન તો તારા જેટલુંયે નથી. મારી બુદ્ધિનો - મારા હૃદયનો વિકાસ, મારા ચારિત્ર્યનું સંગઠન અને મારી સતત પ્રગતિ એ કેવળ બચપણમાં મેં કરેલી પિતૃસેવાને જ આભારી છે. આ વાતનો અનુભવ જેને કરવો હોય તે કરી જુએ અને તેને સેવામાં પોતાનો બધી રીતે વિકાસ થતો જણાઈ આવશે.'

## ૫
## મારા દાદાજી

કરમચંદબાપાના સમયમાં જ જૂનો જમાનો જઈ નવો શરૂ થઈ ગયો હતો.પછી તો એ ધોડાવેગે બદલાવા લાગ્યો. વાણિયાના છોકરાઓ પોતાની આખી જુવાની ભણભણ કરે, દુનિયાનો અટપટો અનુભવ લઈ કાર્યદક્ષ થવાની આકાંક્ષા છોડી ઊંચા ભણતરની છાપ મેળવવા મથે અને મોટા મોટા પગાર લેવાનાં સ્વપ્નાં સેવે એ વાત પહેલાંના વખતમાં કોઈની કલ્પનામાંયે આવે એમ નહોતી. જૂનું ભણતર એટલે સહેજસાજ લખવું અને ઝપાટાબંધ રૂપિયા તથા આણપાણ અને માણખાંડીના હિસાબો કરવા જેટલાં લેખાં બાળવયે યાદ કરી લેવાં એટલું જ. મોટા મોટા વિદ્વાન થવાના કોડ ભાગ્યે જ કોઈ વાણિયાને જાગે. એ ક્ષેત્ર જ બ્રાહ્મણનું મનાય. પરંતુ પેટ માટે ભણવું, મોટા કુટુંબના પાલનપોષણ અર્થે ભણવું, એ આજની વૃત્તિ મારા દાદાના બાળપણ વખતે આપણા સમાજમાં જડ ઘાલવા લાગી હતી.

ત્રણચાર પેઢીથી ગાંધીકુટુંબના બધા જુવાનોને રાજ્યની નોકરી અને મુત્સદ્દીગીરીનો ચસકો લાગ્યો હતો. નોકરી ન મળે તો બીજું પણ થઈ શકે; નોકરી કરતાં સ્વતંત્ર ધંધામાં વધુ સાફલ્ય છે; જીવનયાત્રા અનેક રીતે થઈ શકે છે એ વાત વિસારે પડતી જતી હતી. બાપકાકાઓની નોકરી સાચવી રાખવામાં

પોતાની પ્રતિષ્ઠા અને ક્ષેમ તેમને વધુ દેખાતાં હતાં. બીજી તરફ વંશપરંપરા નોકરી મળવાના દિવસો જઈ મોટી ડિગ્રી મેળવેલાઓને મોટી નોકરી જ્યાં ત્યાં મળવા લાગી હતી. બધી જાતના ગુણ છતાં ડિગ્રી વિનાનો માણસ નોકરી માટે નકામો લેખાવા લાગ્યો હતો. આથી કરમચંદબાપાએ અગમચેતી વાપરી પોતાના તેમ જ પોતાના સંરક્ષણની નીચે ઊછરતાં બાળકોને અંગ્રેજી ભણાવી રાજ્યની નોકરીને લાયક બનાવવાનો રવૈયો શરૂ કરી દીધો હતો. પણ આવા નવા ક્ષેત્રમાં બધાં બાળકોને રસ પડે અને તેઓ મહેનત ઉઠાવે એ અસંભવિત હતું.

હાઈસ્કૂલમાં પહોંચી એ ભણતર લગભગ પૂરું કરનારા પહેલા મારા દાદાજી નીકળ્યા. ગણિતના પ્રશ્નપત્રમાં તેઓ પૂરા માર્ક ન મેળવી શક્યા એટલે 'નૉન મૅટ્રિક' કહેવાયા. પણ એ સમયે કુટુંબમાંનો બીજો કોઈ બાળક હાઈસ્કૂલમાં એટલે લગીયે પહોંચ્યો હોય તો તે બાપુજી (મહાત્માજી). એ તો બૅરિસ્ટર પણ થયા.

મારા દાદાજીનું નામ ખુશાલચંદ ગાંધી. બાપુજી(મહાત્માજી)થી તેમને જુદા ઓળખવા માટે અમે તેમને મોટા બાપુજી કહીએ છીએ. બાપુજી કરતાં મોટા બાપુજી અઢાર વરસે મોટા. મોટા બાપુજી ચાર વરસના થયા ત્યારે તેમણે માતાનો ખોળો ખોયો અને ચૌદ વરસના થયા ત્યારે પિતાવિહોણા થયા. એમના પિતા જીવનબાપા કરમચંદબાપાથી મોટા. કરમચંદબાપા પોરબંદરમાં કારભારી હતા ત્યારે જીવનબાપા છાયાના મહાલકારી હતા. એક દિવસ સવારે દાતણ કરતાં જીવનબાપા ઊંચે ઓટલેથી અકસ્માત ગબડી પડ્યા ને ખોપરીમાં સખત ઘા પડ્યો. કબાકાકાને એ ખબર પહોંચ્યા કે દોડતે ઘોડે છાયા આવી જીવનબાપાને તેઓ પોરબંદર પોતાને ત્યાં લઈ ગયા. ખૂબ સારવાર કરી પણ જીવનબાપાનો એ ઘા જીવલેણ નીવડ્યો. એમનાં જતાં મારા દાદાનાં માતાપિતા કબાકાકા અને પૂતળીકાકી બન્યાં. તેમણે એમને એવી રીતે પાળ્યાપોષ્યા કે પોતાનાં માતાપિતાનો અભાવ મારા દાદાને ભાગ્યે જ વરતાયો.

બાપુજી અને તેમના બે મોટા ભાઈઓ કરતાં મોટા બાપુજી સારી પેઠે મોટા, પિત્રાઈ ભાઈને મોટા માનતાં ઘણા અચકાય છે, પણ બાપુજી વગેરે ત્રણ ભાઈઓએ મારા દાદાજીનો મોટાભાઈ તરીકેનો પૂરેપૂરો મોભો જાળવેલો. તેમાંયે વડીલપૂજક બાપુજીએ બચપણથી જ મોટા બાપુજીનાં પ્રેમ અને શ્રદ્ધા આકર્ષી લીધાં. કુટુંબમાં થોડુંઘણું અંગ્રેજી શિક્ષણ પામેલા પણ મોટા બાપુજી જ, એટલે બાપુજીને કાંઈ વાતો કે ચર્ચા કરવી હોય તો તેમની સાથે વધારે ફાવતું. મોટા બાપુજી પણ મોહનદાસની પ્રગતિ જેમ જેમ જુએ તેમ તેમ રાચે.

મોટા બાપુજીએ ભણી ઊતર્યા પછી તરત જ ધંધાની શોધ માંડી. પરણી તો ચૂક્યા જ હતા, એટલે પોતાનો બધો ભાર કબાકાકા કે બીજા મુરબ્બીઓ પર વધુ વખત રાખવો ઈષ્ટ ન હતો. સૌ પહેલાં તેમને રાજકોટ સ્ટેટના કોઈ ભાયાતના છોકરાઓને ભણાવવાનું કામ મળ્યું. પણ ટ્યૂટરનું કામ કંઈ કાયમી ન ગણાય, એટલે કબાકાકા તેમને કોઈ સારી જગ્યાએ ગોઠવવાની તજવીજમાં હતા. એવામાં ફોજદારની જગ્યા ખાલી પડી. ઠાકોર બાવાજીરાજે તેમને પૂછ્યું: ‘તમારા કુટુંબનો કોઈ જુવાનિયો ફોજદારી કરી શકે એમ છે?’ કબાકાકાએ તરત જ મારા દાદાજીને તેડાવ્યા. તેઓ રાજકોટના ફોજદાર થયા. ફોજદારમાંથી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બન્યા. પછી મ્યુનિસિપલ ઈન્સ્પેક્ટર નિમાયા અને છેવટે ઓડિટરની નોકરી કરી. આખી નોકરીમાં પૂરેપૂરી શુદ્ધતા જાળવી. લાંચથી સો ગાઉ દૂર રહેવાનો કરમચંદબાપાનો વારસો અક્ષરશ: જાળવ્યો. પરિણામે આર્થિક સ્થિતિ કદી પણ સારી ન રહી; તેમ લાગલાગટ નોકરી ટકી રહી તેથી આર્થિક સંકટ પણ કદી માથે ન આવ્યું. ઘરના કારભારને અને જૂના રિવાજ મુજબ નાતના જરૂરી વ્યવહારને જેમતેમ પહોંચી વળી શક્યા.

વાણિયા દીવાનની નોકરી તો કરે, પણ ફોજદારી અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની નોકરી કરે એ સામાન્ય વાત ન ગણાય. પરંતુ ગાંધીકુટુંબમાં બેચાર જણે ક્ષત્રિયોને આંટે એવી ફોજદારી કરી છે. બાપુજીના મોટા ભાઈ કરસનદાસ ગાંધી પોરબંદર સ્ટેટના સફળ ફોજદાર હતા. મોટા બાપુજીએ પણ રાજકોટમાં પોતાની હાક વગાડેલી. મારાં મોટીબા જ્યારે મોટા બાપુજીના જીવનના સાહસિક પ્રસંગોનાં વર્ણન કરે છે ત્યારે તેમના ચહેરા ઉપર તે દિવસની ચિંતાઓ આજે પણ તાજી થઈ આવતી જણાય છે. મોટા બાપુજી અને તેમની ઉંમરના કુટુંબના બીજા સભ્યોની જુવાનીની સાહસકથા આજે સાંભળતાં આપણા માટે ઘણી શરમ ઊપજે છે અને થાય છે કે ફક્ત પાંચછ દાયકામાં જ આપણે આટલા બધા નમાલા કેમ થઈ ગયા હોઈશું? ગાઉના ગાઉ સુધી દોડતે ઘોડે જવું, ગોળીનાં અચૂક નિશાનો લગાવવાં, વધુમાં વધુ ઝડપે જનાર ઊંટિયા પર મજલો કાપવી, ઊંટિયાઓ અને ઘોડાઓ પર બેસી ઊંચી ને પહોળી ટટ્ટીઓ ઠેકવી એ તેમના જીવનનો રોજનો રસ હતો. મારા દાદા કરતાં પણ વધુ તેજસ્વી સાહસ કરવામાં ઘણા આગળ વધી જાય એવા જુવાનો અમારા કુટુંબમાં તે સમયે હતા. એની સરખામણીમાં થોડા ગાઉ ગાડાની મુસાફરી કરવી પડે કે ખેતરોમાં અંધારે એકલા જવું પડે તો આપણે કેવા કમકમી અને કંટાળી ઊઠીએ છીએ, એ વિચારતાં થઈ આવે છે કે આ યંત્રયુગે, શાળાના પુસ્તકિયા શિક્ષણે અને પરાયાના રક્ષણે સુખી રહેવાની આદતે આપણને કેટલા બધા નિષ્પ્રાણ કરી

નાખ્યા છે! મોટા બાપુજી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હતા તે વખતનો એક કિસ્સો છે કે એક વાર રાજકોટની આજી નદીને સામે પારથી લુટારાઓ (મિયાણાઓ) ગાયની ચોરી કરી જતા જણાયા. તાબડતોબ મળી એટલી સામગ્રી અને માણસોને લઈને મોટા બાપુજી સામે કાંઠે પહોંચ્યા. પેલાઓએ પોલીસ સામે ગોફણો વડે પથ્થર વરસાવ્યા. પોતે કઈ તરફ ભાગે છે એ જાણ ન થવા દેવાને ખેતરોની વાડ સળગાવી ધુમાડો કર્યો. છતાં બાપુજી આગળ વધ્યે જ ગયા. લાકડીઓની ઝપાઝપી અને ગોફણોના વરસાદ વચ્ચેથી ત્રણચાર જણને ગિરફતાર કર્યા. આ પછી રાજકોટમાં મિયાણાઓનો ત્રાસ ઓસરી ગયો.

જુગારની બદફેલી પણ આવી જ રીતે કેટલીયે વાર માથું મૂકીને એમણે અટકાવેલી. મ્યુનિસિપલ ઈન્સ્પેક્ટર તરીકે -- કડક રીતે આભડછેટ પાળતા હોવા છતાં -- આખો દહાડો ધૂમ તડકે ફરી શેરી અને ગટરો ઊભે પગે સાફ કરાવતા. જે કામ કરે તે ચોકસાઈથી પૂરું ને પાકું કર્યે રહેતા.

ઠાકોરસાહેબ બાવાજીરાજ જતાં રાજકોટના રાજકારભારમાંથી ગાંધીકુટુંબનો પ્રભાવ સાવ ઓસરી ગયો હતો. મોટા બાપુજી જેવા એકલદોકલ ગાંધી રાજ્યની નોકરીમાં હતા તે નવા આવનારાઓને ખૂંચતું હતું. પરિણામે મોટા બાપુજીને પાકી ઉંમર થયા પહેલાં જ નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. પેન્શન પણ કાંઈ આપવામાં ન આવ્યું. ફક્ત છ માસનો પગાર વધારે અપાયો.

નોકરી છૂટી ત્યારે તેમનાં શક્તિ અને સ્વાસ્થ્ય બીજાં કામ કરવાને, પૂરતાં સારાં હતાં, પણ દીકરાઓ મોટા થઈ ગયેલા અને કામે લાગી ગયેલા એટલે પોષણનો સવાલ ન હતો. આથી એમણે ધનસંગ્રહનો લોભ ન કરતાં નિવૃત્તિપરાયણ જીવન ગાળવા માંડ્યું. આજે એમની ઉંમર લગભગ પંચ્યાસી વરસની થઈ છે. છેલ્લાં ચારછ વરસથી આંખ અને શ્રવણશક્તિ નબળાં પડ્યાં છે. તે પહેલાં તેઓ વીસપચીસ વરસના જુવાન જેવી ધગશથી આખો દિવસ સ્વાધ્યાય કરતા. સંસ્કૃત અને ગુજરાતી ધર્મગ્રંથોનું તેમનું વાચન અને મનન વિશાળ અને ઊંડું છે. હજી પણ તેમને નવા નવા ગ્રંથો વાંચવા, નવું નવું તત્ત્વજ્ઞાન સમજવું અને શીખવું બહુ ગમે છે. મેં એક વાર કહ્યું, ‘બાપુજી, હવે તો આપે આરામ લેવો જોઈએ.’ તરત જવાબ વાળ્યો, ‘બુઢાપામાં જ્ઞાનસંગ્રહ ઉપરાંત બીજું કયું કામ છે કે તેમાં હું વખત ગાળું? આજે મેળવેલું જ્ઞાન આવતે જન્મ કામ આવશે. નવા જન્મમાં બચપણથી જ બુદ્ધિ તેજસ્વી થશે. મેં જીવનમાં બીજો કંઈ સંગ્રહ નથી કર્યો. મારો વારસો આ ધર્મગ્રંથો છે. હું આશા રાખું છું કે તમે આ વારસાનો પૂરેપૂરો ઉપયોગ કરશો.’ એમનું શરીર જરાથી સાવ ઘેરાઈ ગયું છે. ગાત્રેગાત્ર શિથિલ થઈ ગયાં છે. પણ પરોઢે ઊઠી માળા લઈ

જપ કરવા બેસે છે ને સ્થિરાસન થઈ સવાર સુધી ધ્યાનપરાયણ રહે છે. નહાઈધોઈ ફરી પાછા આઠનવ વાગ્યે પૂજામાં બેસે તે ભોજનવેળા સુધી. પૂજા કર્યા પછી રોજ ગીતાના છ અધ્યાયનો પાઠ સખત માંદગીના દિવસો બાદ કરતાં આજ ત્રીસચાળીસ વરસથી અખંડપણે તેઓ કરે છે. કામધંધાને લીધે ગમે તેટલું મોડું થાય પણ પૂજાપાઠ કર્યા વિના તેઓ કદી જમતા નથી. હું સમજણો થયો ત્યારથી ઘરને ખૂણેથી નીકળતા ગીતાના ઉચ્ચારનો ઘોષ મારા કાનમાં સતત પડતો જ રહ્યો છે અને મારા કાનોને સંસ્કૃતભાષા ગુજરાતી જેવી જ પરિચિત થઈ ગઈ છે.

ધાર્મિક સ્વાધ્યાય કરીને જ મોટા બાપુજીએ સંતોષ વાળ્યો છે એમ નથી. બાપુજી(મહાત્માજી)ના ક્રાંતિકારી જીવનનું બુદ્ધિપૂર્વક અનુશીલન તેમણે જીવનભર કર્યું છે. બાપુજીની જે જે વાત તેમને સમજાઈ, જેમાં તેમને સત્ય દેખાયું તે તે વાત તેમણે ગ્રહણ કરી અને પાકી ઉંમરે જીવનમાં જે જે પરિવર્તન તેમનાથી થઈ શક્યું તે કર્યું. પોતાથી જે પરિવર્તન ન થઈ શક્યું તે પોતાના પુત્રપૌત્રોને કરતા જોઈ તેઓ રાચ્યા છે અને એમણે સતત આશીર્વાદ આપ્યા છે!

બાપુજી જ્યારે પહેલી વાર વિલાયત ગયા ત્યારે પોરબંદરની મોઢ જ્ઞાતિએ સખત વાંધો ઉઠાવેલો; છતાં નાતબહાર થવાનું જોખમ ખેડીને પણ મોટા બાપુજી બાપુજીને વળાવવા મુંબઈ સુધી ગયા અને નાતબહાર થયા પણ ખરા. મારા ખ્યાલ પ્રમાણે પોરબંદરની નાતે તે દિવસે કરેલો બહિષ્કાર આજ લગી કાયમ છે. તે દિવસથી બાપુજીએ જેમ કહ્યું છે તેમ તેમણે કર્યું છે એમ કહેવાય. પોતે મોટા છતાં ઘરની વ્યવસ્થા બાપુજીને જ હાથે થવા દીધી છે. કમાવાને સમર્થ દીકરાઓ કમાઈ કમાઈને પોતાને ધન ભેગું કરી આપે એવી આકાંક્ષા નથી રાખી, પણ હંમેશાં સત્કાર્ય કરે એવી જ આકાંક્ષા સેવી છે અને પોતાની તરફથી બધી સગવડ આપી છે. તેઓ કેટલી ઉદાર વૃત્તિથી અમને સૌને ખીલવા દે છે તેનું એક જ ઉદાહરણ ઘણું થઈ રહેશે.

તેમની પાસે કેટલાક વખત માટે રહેવાને હું એક વાર રાજકોટ ગયો હતો. ત્યારે પરોઢિયે મારા નિયમ પ્રમાણે ઊઠી નહાઈધોઈ થોડું અધ્યયન કરીને આઠ વાગતાં હું ખાદી વણવાનું શીખવા હરિજનો પાસે જતો. ત્રણ કલાક તેમની સાથે બેસી કોકડાં ભરી કે તાણો પૂરી પાછો ઘેર આવતો ને હાથ ધોઈ જમવા બેસી જતો. મારાં દાદીમાને આમ ઢેડા ભેગા બેસી, તેમનાં પાણી ચૂંથી મારું સીધા જમવા બેસી જવું ન ગમતું. તેઓને મારા વર્તનથી રોજ અકળામણ થતી. પરંતુ હું તો ભંગીઓની શાળામાં ભણાવનારો, ભંગીના છોકરાઓને પોતાની સાથે રાખનારો, મને કહ્યે કંઈ વળે એમ નથી એમ તેમને લાગતું ને મનમાં જ

પોતાના દુ:ખને દબાવી દેતાં. છતાં એક દિવસ તેમને બહુ લાગી આવ્યું અને મને જમાડતાં જમાડતાં એટલી જ સૂચના કરી કે, 'પ્રભુ, તું સવારે નાહીને જાય છે તે કરતાં આવીને નહાતો હોય તો?' હું પોતાનો જવાબ તૈયાર કરી લઉં તે પહેલાં જ મોટા બાપુજીએ મોટીબાને જવાબ આપ્યો: 'મોહનદાસભાઈને પગલે આપણે ન ચાલી શકીએ તોયે છોકરાંઓને તો તેમને પગલે ચાલવા દઈએ. આપણે ખાસ ઘરેડમાં ઘડાઈ ગયાં. આપણે સહેજે જૂની ટેવો નથી છોડી શકતાં, પણ છોકરાઓને આગળ વધતાં તો ન રોકીએ! તેઓ આડે રસ્તે જાય તો વાળીએ, પણ બાપુને માર્ગે જાય તેમાં તેમનું ને આપણું બધાંયનું કલ્યાણ જ છે.' જેમને રૂંવે રૂંવે અસ્પૃશ્યતાની ભાવના ખાંડી ખાંડીને ભરાયેલી હોય તેઓ આટલી માનસિક ઉદારતા બતાવે એ ઓછી વાત છે?

જ્યારે મોટા બાપુજી અને બાપુજી બેપાંચ વરસે એકબીજાને મળે છે ત્યારનું દૃશ્ય જોવા જેવું હોય છે. મને પોતાને તો તે એક સ્વર્ગીય દૃશ્ય લાગ્યું છે. એ જોતાં રોમાંચ અનુભવ્યા છે. બાપુને પગે લાગતા હજારોલાખ્ખોને ભાળ્યા છે, પરંતુ બાપુ કોઈનાં ચરણોમાં શીશ નમાવે એ દૃશ્ય ક્વચિત્ નજરે પડે છે. બાપુજી પોતાના આસન પર બેઠા કામ કરતા હોય, તેમને ખબર ન હોય કે ઓરડામાં મોટા બાપુજી આવ્યા છે, એવે સમયે મોટા બાપુજી દૂર ઊભા રહીને બાપુને નિહાળે અને હવેલીમાં જેમ દેવમૂર્તિને હાથ જોડે તેમ બાપુને આઘા ઊભા રહીને હાથ જોડે. બાપુને ખબર પડે એટલે તેઓ ઊભા થઈ ઉતાવળે પગલે મોટા બાપુજી પાસે આવી ચરણોમાં માથું નમાવે. પછી બંને એક ગાદી પર જઈને બેસે અને ઊભરાતે હૈયે એકબીજાના કુશળ પૂછે ને વાત કરે. ફરી જ્યારે મોટા બાપુજી બાપુના ઓરડામાંથી કલાક દોઢ કલાકે બહાર નીકળે ત્યારે પણ બાપુના બેઠા પછી અને તેમના કામમાં એકાગ્ર થયા પછી તેમને હાથ જોડે ને પાછા ફરે. મોટા ભાઈ નાના ભાઈ પ્રત્યે આવી ભક્તિ અને શ્રદ્ધા સેવતા હોય એવાં ઉદાહરણ વિરલ હોય છે. સંધ્યાપૂજાને અંતે મોટા બાપુજીને કેટલીયે વાર બાપુજીના ફોટાને પ્રણામ કરતાં મેં ભાળ્યા છે.

## ૬

# બાપુજી

પૂજ્ય બાપુજીનો પરિચય આપવાપણું તે કંઈ હોય? તેઓ કંઈ રાજકોટ કે પોરબંદર જેવા એક જ ગામના વસનારા થોડા છે? તેઓ તો આખા ગુજરાતના બાપુજી, આખા દેશના મહાત્મા, દક્ષિણ આફ્રિકાના ગાંધીભાઈ, પ્રખ્યાત સત્યાગ્રહી સેનાપતિ, એટલું જ નહીં, સારાયે જગતના મહાપુરુષ.

આવા મોટા - અતિ મોટા - પુરુષને ન જાણનાર કોઈક જ હોય. તેમનું નામ સૌએ સાંભળ્યું હોય; તેમની મોટાઈની કલ્પના સૌને હોય, છતાં એવું બને કે તેમનું પૂરું વૃત્તાંત ઘણા ન જાણતા હોય. ક્યારે અને કેમ તેમણે શું શું કર્યું, તેઓએ કેટલાં કેટલાં ભારે કામ કર્યાં એની ખબર બધાને નયે હોય. પરંતુ બાપુજીએ તો પોતાની આત્મકથા બે ભાગમાં લખી છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ પણ બે ભાગમાં લખ્યો છે. એ ઉપરાંત પોતાના જેલના અનુભવ લખ્યા છે. એ પાંચ ચોપડીઓ એમણે જાતે લખવા ઉપરાંત એમના જીવન વિશે પણ ઘણી ચોપડીઓ લખાઈ છે. વાંચી જાણનારાઓ માટે એથી વધુ શું લખવાનું હોય? એટલે અહીં એમનો પરિચય આપવાપણું નથી રહેતું.

પણ એક વાત રહી જાય છે. બાપુજીનાં કાર્યો તથા તેમના જીવનના વિશિષ્ટ પ્રસંગોના ક્રમ અને સમયની કલ્પના ભાગ્યે જ થોડાને હશે. બાપુજી કંઈ અકબર ઔરંગઝેબની જેમ નિશાળની ચોપડીને પાને નથી ચડ્યા કે કોઈએ એમના જીવનપ્રસંગોની તારીખો ગોખી રાખી હોય! એ ગોખવાની જરૂર પણ નથી. છતાં જે વાતો આ લેખમાળામાં આવવાની છે તેમાં સમયની કલ્પના ન હોય તો ગોટાળો થવાનો સંભવ છે તેથી બાપુજીના જીવનની બહુ જ ટૂંકી તારવણી નજર સામે હોય તો સારું. ઈસવી સન કે વિક્રમ સંવતની સંખ્યાઓ કરતાં બાપુજીનાં પોતાનાં જ વરસો પ્રમાણે એ ઘટનાક્રમનો ખ્યાલ રાખીએ તો આગળ ઉપર આવનારા જુદા જુદા પ્રસંગોમાં વધુ રસ આવશે. બાપુજી જ્યારે દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે તેમની ઉંમર પિસ્તાળીસ વરસની હતી. મનુષ્યજાતિનો કસ કાઢી નાખનારું ભરનીંગળ - જર્મન મહાયુદ્ધ - એ વખતે પૂરેપૂરું જામ્યું હતું. આ પુસ્તકનો સમય ત્યાં સુધીનો છે, એટલે આપણે બાપુજીની એ પિસ્તાળીસ વરસની ઉંમર સુધીની વિગતો જોઈએ.

બાપુજીના મંત્રી મહાદેવભાઈ એક વાર પોરબંદર ગયા અને બાપુજીનો જન્મ જે ઓરડામાં થયેલો એ અંધારો ઓરડો જોયો ત્યારે તેનું વર્ણન

'નવજીવન'માં લખતાં તેમણે લખેલું: 'જાણે જગતનું અંધારું ટાળવા અંધારા ઓરડામાં બાપુએ જન્મ લીધો.' તે કલ્પના સાવ સાચી છે. તેઓ જન્મ્યા તે વખતે અંધકારયુગ હતો. એ ઈ. સ. ૧૮૬૯ની સાલ હતી. આખો દેશ મોહનિદ્રામાં પડ્યો હતો. પરવશ જીવનમાં તેને ભારે ચેન હતું. જૂના જમાના જેવાં પરાક્રમો કરવાનો ને લોઢાં લેવાનો રસ ટળ્યો હતો. પોતાના ધર્મ પ્રત્યે અરુચિ પેદા થઈ હતી. જૂના સાહિત્યનો પ્રવાહ સુકાઈ ગયો હતો; નવું પેદા થયું ન હતું. વેપારમાં જૂનાં મહાજનોની આત્મરક્ષા કરવાની શક્તિ સુકાઈ ગઈ હતી, નવી સ્વદેશી ભાવનાનો અવતાર થયો નહોતો. ચોમેર અંધારું જ અંધારું હતું. એ ગાઢ અંધકાર વચ્ચે ઉત્તમચંદબાપા અને કરમચંદબાપા જેવા તપસ્વીના કુળમાં એક દીપક પ્રગટ્યો. કુળદીપક તો ઘણા હોય છે, પણ આ મોહનદાસ તો જગતદીપક થયા. પાંચછ વરસની ઉંમર સુધી બધાં મોટા ઘરનાં બાળકો ઊછરે છે તેમ એ ઊછર્યા. નોકરોએ રમાડ્યા. માબાપે લાડ કર્યાં ને પોષ્યા. સમજણા થયા કે એમની જ્યોત પ્રકાશવા લાગી. દસ વરસની નાની ઉંમરથી બાપુજીએ આપબળે ઘડાવા માંડ્યું. પોતે પોતાના ચોકીદાર બન્યા. પોતા પર પોતાનું ગુરુપણું આદર્યું. બહિર્મુખ મટી અંતર્મુખ થયા ને પોતાનો વિકાસ સાધવા લાગ્યા. એ પ્રગતિની ઝાંખી આપણે કરીએ.

૧૦ વરસની ઉંમરે: સ્વમાન જાગ્યું. દબાઈને રહેવા કરતાં આપઘાત સારો લાગ્યો, પણ પછી તેના કરતાં સંયમ વધુ સારો લાગ્યો અને ચોરીછૂપીથી બીડીનાં ઠૂંઠાં પીવાની ટેવ છોડી દીધી.

૧૧ વરસની ઉંમરે: અંગ્રેજી મિડલ સ્કૂલમાં પણ આડે રસ્તે ન ઊતર્યા. 'નિશાળમાંથી નીસરી જવું પાંસરું ઘેર' એ અક્ષરશ: પાળ્યું. ભણવામાં આળસ ન કરી. શિક્ષકોને કદી ન છેતર્યા.

૧૨ વરસની ઉંમરે: પરીક્ષામાં માસ્તરે સ્પેલિંગ સુધારવા માટે ચોરી કરવા સૂચવ્યું છતાં ન કરી. એવા માસ્તર પ્રત્યે પણ વિનય પૂરેપૂરો જાળવ્યો.

૧૩ વરસની ઉંમરે: શ્રવણ અને હરિશ્ચંદ્રનું નાટક વાંચી તથા જોઈને તેમના જેવા પિતૃભક્ત બનવાનો અને સત્યવાદી થવાનો સંકલ્પ કર્યો. હરિશ્ચંદ્રનાં સ્વપ્ન પણ આવ્યાં. એવી વિપત્તિમાંયે સત્ય પાળવાની હોંશ જાગી. પરણ્યા.

૧૪ વરસની ઉંમરે: માંદા પિતાજીની સેવા સવારસાંજ કલાકો સુધી કરી. મોડી રાત સુધી સેવામાં જાગતા બેસે. પોતાની સાથે સાથે પરણેલા બીજા ભાઈ શિથિલ પડ્યા, પાછા નિશાળે ગયા જ નહીં, ત્યારે પોતે મન પર કાબૂ રાખી બરાબર ભણ્યા. પિતૃસેવામાં વખત આપવા છતાં પરીક્ષામાં ઈનામ મેળવ્યું.

૧૫ વરસની ઉંમરે: હાઈસ્કૂલમાં એક વરસમાં બે ધોરણ પાસ કર્યાં. વચેટ ભાઈને ચોરી કરવામાં મદદ તો કરી, પણ તરત અંતર ડંખવા લાગ્યું. પિતાજીને ચિઠ્ઠી લખી દોષ જાહેર કર્યો ને માફી માગી. પિતાજીનાં આંસુ વડે શુદ્ધ થયા. 'તાડન કરતાં પ્રેમનું બળ વધુ' એ એમને હૈયે વસ્યું.

૧૬ વરસની ઉંમરે: ચાર રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવી. પિતાજીનાં પાટાપિંડી કરવા વગેરેની સેવા અંતઘડી સુધી ચાર વરસના લાંબા ગાળામાં એક દિવસનોયે ખાંચો પડવા દીધા વિના કરી. સેવા કરતાં કરતાં ધર્મનું શ્રવણ કર્યું. બધા ધર્મો ને મતો પ્રત્યે મનમાં સમભાવ વસ્યો. મનુસ્મૃતિ વાંચી. નીતિ અને સત્ય પર ખૂબ શ્રદ્ધા વધી. 'અવગુણ કેડે ગુણ કરે તે જગમાં જીત્યો સહી' એ શામળ ભટ્ટનું સૂત્ર જીવનસૂત્ર બનાવ્યું.

૧૭ વરસની ઉંમરે: દસ રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવી. એક મિત્રની સોબત કપરી નીવડી. તેને સુધારવાનું સાહસ કરતાં પોતે ફસાયા. હિંદુસ્તાનને સ્વતંત્ર કરવાને અંગ્રેજ જેવા બળિયા થવું ને તે માટે સૌએ માંસાહાર કરવો એવો મત બંધાયો. મિત્રે માંસની સ્વાદિષ્ટ વાનીઓ તૈયાર કરાવી તે અત્યંત સૂગ અને ઓકારી થવા છતાં બેચાર વખત ખાધી. માતાપિતા પાસે જૂઠું ન બોલવું પડે તે સારુ એ ખાવું છોડ્યું. સુધારાવાદી તો રહ્યા જ. એ જ મિત્ર એક દુરાચારી બાઈ પાસે લઈ ગયો પણ પોતે બચી ગયા. પાપમાં ન પડ્યા. મિત્રતા પણ ન છોડી.

૧૮ વરસની ઉંમરે: મૅટ્રિક પાસ કરી. એક સત્ર ભાવનગર કૉલેજમાં ગયા. વ્યાખ્યાનોમાં રસ ન આવ્યો.

૧૯ વરસની ઉંમરે: દીવાનગીરીનો વારસો મેળવવા વિલાયત જઈ બૅરિસ્ટર થઈ આવવાની પિતાના મિત્રની સૂચના વધાવી લીધી. પૈસાની તાણ દૂર કરવા પત્નીનાં ઘરેણાં વેચ્યાં ને ત્રણ હજાર મેળવ્યા. બાકીની રકમ મોટા ભાઈએ ગમે તેમ મેળવી મોકલવા હામ ભીડી. નાતબહાર થવાની ધમકીથી ન ડગ્યા. માતા પાસે ત્રણ પ્રતિજ્ઞા લીધી: 'માંસને નહીં અડું,' 'મદિરાને નહીં અડું,' 'પરાઈ સ્ત્રીને નહીં અડું,' તોફાની દરિયામાં યાત્રા કરી વિલાયત પહોંચ્યા.

૨૦ વરસની ઉંમરે: વિલાયતમાં ઘર સાંભર્યું. રાત પડે ને આંસુ વહે. પાછા ન ફરવામાં સારી પેઠે મનોબળ વાપર્યું. માંસના ભેગ વિનાની રસોઈ ક્યાંય મળે જ નહીં. મહિનાઓ સુધી અર્ધા ભૂખ્યા રહ્યા. લૂખું-કોરું ખાઈને ચલાવ્યું. મોટા મોટા માણસો માંસ ખાવા લલચાવે, ધમકાવે, દલીલમાં હરાવી દે છતાં પોતાનો નન્નો ન મેલ્યો. માતા પાસે લીધેલી પ્રતિજ્ઞા જાળવી. અન્નાહારી વીશી ખોળી. માંસત્યાગ સંબંધી પુસ્તકો વાંચ્યાં અને માંસાહાર પ્રત્યે મનમાં આદર હતો તેયે ગયો. પોતાના ખર્ચનો પાઈએ પાઈનો હિસાબ રાખ્યો. ખર્ચની મર્યાદા બરાબર

જાળવી. પાકા અંગ્રેજ બનવામાં કપડાંની ખૂબ ટાપટીપ ને વરણાગી વધારી. નાચવાની કળા, વાદ્ય વગાડવાની કળા અને ભાષણ કરવાની કળા આકરી ફી ભરી શીખવા માંડી. તુરત ચેત્યા: 'આ તો હું સાવ આડે રસ્તે ઊતર્યો, ભાઈ લોહીનું પાણી કરે છે તે પૈસા વેડફી નાખવા લાગ્યો.' ત્રણે કળાનો મોહ છોડ્યો. પોતે કુંવારા હોવાનો ડોળ રાખેલો તે અસત્ય જાતે જ પ્રગટ કર્યું ને લપસતા બચ્યા.

૨૧ વરસની ઉંમરે: કપડાંની વરણાગી રહી; બાકી બધી રીતે સાદાઈ વધારી. ખર્ચ અડધું કરી નાખ્યું. હાથે રાંધી ખાવા લાગ્યા. વાહનમાં આવજા છોડી. ચાલીને જ બધું કામ કરવાનો નિયમ કર્યો. ટાઈમટેબલ મિનિટેમિનિટ પાળ્યું. ખૂબ વખત બચાવ્યો. ખૂબ આકરો અભ્યાસ કર્યો. બૅરિસ્ટરનું ભણતર ચાલુ રાખવા ઉપરાંત લંડનના મૅટ્રિક થયા. લૅટિન, ફ્રેંચ અને રસાયણશાસ્ત્ર શીખ્યા. મહેનતુ અને સાદા જીવનથી અંતરમાં ક્લેશ ન થયો, પણ ખૂબ આનંદ મળ્યો. ગીતા, બાઈબલ, થિયૉસૉફી અને નાસ્તિકવાદનો અભ્યાસ કર્યો. આસ્તિક બન્યા. ગીતામાંના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણવાળા શ્લોકો હૈયે જડાઈ ગયા.

૨૨ વરસની ઉંમરે: અન્નાહારી સમિતિ કાઢી. ખોરાક સાદો કર્યો. ચા, કૉફી ને મરીમસાલા છોડ્યા. બાફેલું ખાવામાં સ્વાદ પડ્યો. ઈંડાં, માંસ નથી એમ સમજી પંદર દિવસ ખાધાં, પણ તુરત માતુશ્રીની વ્યાખ્યા પ્રમાણે જ પ્રતિજ્ઞા પાળવી જોઈએ એમ સમજી તેનો ત્યાગ કર્યો. અન્નાહારી પરિષદમાં ગયા. જે ઘરમાં ઉતારો હતો એ સ્ત્રી બદચાલની હતી. મિત્રો સાથે પત્તાં રમતાં એ સ્ત્રી પ્રત્યે મોહ્યા. મિત્રને ઈશારે ચેત્યા. ભાગ્યા. અતિશય પસ્તાયા, જાગ્રત થયા. ઈશ્વરનો પાડ માન્યો. પરીક્ષાનાં પુસ્તક ઉપરાંત કાયદાશાસ્ત્રમાંનું ઘણું વાંચી બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરી. હિંદ આવ્યા.

૨૩ વરસની ઉંમરે: માતાના મૃત્યુના સમાચારથી ભારે આઘાત થયો. પિતાના મૃત્યુથી થયો તે કરતાં ચોગણો. પણ પોક ન મૂકી, આંસુ પણ ન સાર્યાં. મૃત્યુને જીવનનું રૂપાંતર સમજી મન વાળ્યું. આત્મદર્શનને જ સારુ જીવન ગાળનાર, ઝવેરી છતાં અનાસક્ત કવિ રાજચંદ્રનાં દર્શન થયાં. પોતાના જીવન ઉપર ઊંડી છાપ પડી; છતાં તેમને ગુરુ ન બનાવ્યા. ગુરુ બનાવી શકાય એવો જ્ઞાની ને અણિશુદ્ધ માણસ મળ્યો જ નહીં. વકીલાત કરતાં ન આવડી. ભાષણ કરવા ઊઠે કે પગ ધ્રૂજે ને જીભ તાળવે ચોંટી જાય. જેમતેમ કરી રાજકોટમાં મહિને ત્રણસો રૂપિયા કમાવા લાગ્યા. પોલિટિકલ એજન્ટે અપમાન કર્યું તે ન સહી શક્યા. ચોતરફ ખુશામદનું વાતાવરણ ઝેર સમું લાગ્યું. કમાતાં છતાં મન ઉદાસ થઈ ગયું.

૨૪ વરસની ઉંમરે: પોરબંદરની મેમણ પેઢીના ૭ લાખ રૂપિયાના બહુ અટપટા અને લાંબા કેસમાં મદદ કરવા માટે વર્ષની બંધણી પર અસીલને ખર્ચે અને પગારે દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાંના સ્થાનિક કાયદા યાદ કર્યા. એકડેએકથી નામું શીખી પારંગત થયા તથા કેસને અંગેનાં વર્ષોનાં કાગળિયાં સખત મહેનત કરી ફેંદી કાઢ્યાં ને ગોરા બૅરિસ્ટરો માટે કેસ તૈયાર કર્યો. વકીલો અસીલને રક્ષવાને બહાને ચૂસે છે - સાવ કસ વિનાના કરી મૂકે છે એ જોઈ વકીલાત પ્રત્યે અણગમો પેદા થયો. બંને પક્ષવાળાઓને કાળજાંતૂટ મહેનત કરી સમજાવ્યા ને કોર્ટે જતાં વાર્યા. પંચ મારફત ફેંસલો કરાવ્યો. પોતાના અસીલને જીત મળી છતાં તેને મદાંધ થવા ન દેવામાં પોતાનો આત્મા નિચોવ્યો અને સામા પક્ષ પ્રત્યે દયા રખાવી.

૬૦ આ૦માં પગ મૂકતાંની સાથે ગોરાઓ તરફથી કાળાઓને થતા અપમાનનો અનુભવ થયો. કોર્ટમાં પાઘડી ઉતારવાનો હુકમ થયો તે ન માન્યો ને ઊઠીને ચાલ્યા આવ્યા. ભારે હોહા થઈ. ટ્રાન્સવાલ જતાં ફર્સ્ટ ક્લાસમાંથી ગોરા અમલદારોએ ધક્કો મારી ઉતાર્યા. બીજે બેસવા કહ્યું તે ન બેઠા. ટ્રેન જતી કરી. આખી રાત વરસતા હિમમાં ઠૂંઠવાઈ બેસી રહ્યા, રેલવેવાળાએ નીચે નાખેલા સામાનને ન જ અડ્યા. તે રાત વિચાર-ચગડોળે ચડ્યા. પાછા ઘેર ભાગવાનું મન વાર્યું અને રંગદ્વેષનો ઊંડો રોગ નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો. તે દૂર કરવામાં જાત ઉપર પડતાં ગમે તેટલાં દુ:ખ આવે તે સહન કરવાનો નિશ્ચય કર્યો. રેલવે મૅનેજર વગેરેને ફરિયાદોના તાર કર્યા ને બીજે દિવસે એ જ ગાડીમાં આગળ મુસાફરી કરી. છેવટની મુસાફરી સિગરામની હતી. સિગરામ કંપનીના મુખીએ અરધે રસ્તે કહ્યું, 'એ કાળિયા, ત્યાં મારે બેસવું છે, તું મારા પગ પાસે પગ-લૂછણિયા પર બેસી જા.' આ અપમાનની સામે થયા. તડાતડ લાતો અને તમાચા પડવા માંડ્યાં. પોતાની જગ્યા પાસેના સળિયાને ઝોડની પેઠે વળગી રહ્યા. જીવતા મુકામે પહોંચવાની આશા મૂકી દીધી. ત્યાં સિગરામની અંદરથી બેચાર દયાના છાંટાવાળા વચ્ચે પડ્યા અને 'હવે જવા દે ને એ ભિખારડાને!' એમ કહી મારનારને વાર્યો ને બાપુજી બચી ગયા. એ જ વરસે ત્રીજી વાર ટ્રાન્સવાલની રાજધાની પ્રિટોરિયામાં ત્યાંના પ્રમુખના ઘર પાસેથી પગથી પર ચાલતાં ગોરા સાર્જન્ટે લાત ને મુક્કો મારી નીચે ઉતારી મૂક્યા. બીજો ગોરો મિત્ર સાક્ષી આપવા ઉત્સુક હતો છતાં વેરવૃત્તિ દબાવીને સાર્જન્ટ પર ફરિયાદ ન માંડી.

ખ્રિસ્તીઓએ ધર્માંતર કરવા ખૂબ લલચાવ્યા. અનેક દલીલો કરી; અસંખ્ય પુસ્તક વંચાવ્યાં. કૂડીબંધ અંગ્રેજ મિત્રો કર્યા, દેવળોમાં ગયા, પણ પરધર્મ વિશે મોહાતાં પહેલાં સ્વધર્મનો ઊંડો અભ્યાસ કરવાનો વિવેક કર્યો. બીજું એટલું બધું

કામ કરતાં છતાં સ્વધર્મના પુષ્કળ ગ્રંથો વાંચ્યા અને સ્વધર્મમાં અખૂટ શ્રદ્ધા મેળવી.

જિંદગીમાં પહેલું ભાષણ આ ચોવીસમે વર્ષે આપ્યું. તેમાં હિંદી વેપારીને સત્ય જાળવવાનો, સુઘડતા તથા સ્વચ્છતાથી રહેવાનો બોધ કર્યો. વ્યવહાર અને ધર્મ સાથે જ ચાલે, એ એકબીજાથી વિપરીત વસ્તુઓ નથી. પણ બંનેના સાથ અનિવાર્ય છે, બંને જાળવવામાં સર્વ પ્રકારે હિત છે એમ સમજાવ્યું. એ પચરંગી અભણ સમાજ પર તેનો સારો પ્રભાવ પડ્યો.

ગોરાઓ અને સરકાર તરફથી કાળાઓ પ્રત્યે થતા હડહડતા અન્યાયોનો સ્વાનુભવ કર્યો, પુરાવા ભેગા કર્યા અને તે બાબત ખૂબ ઊહાપોહ કરી. પણ કેસ લડવાનું કર્તવ્ય પૂરું ન થયું ત્યાં સુધી કોઈની સાથે ન આખડ્યા. પોતાનો બધો જુસ્સો મનમાં દબાવી રાખ્યો ને બળ મેળવ્યું.

૨૫ વરસની ઉંમરે : હિંદુસ્તાન આવવા નીકળવાની આગલી સાંજે પોતાને માનપત્ર આપવા મળેલા મેળાવડામાં છાપું વાંચતાં હિંદી મતાધિકાર રદ કરવાના ખરડા બાબતની નાનકડી નોંધ નજરે પડી. એ ખરડો પસાર થાય તો ૯૦ આ૦માંથી હિંદીઓનું નિકંદન થાય એ વાત મેળાવડામાં આવેલા લોકોને સમજાવી. એ ખરડાનો વિરોધ કરવામાં કોમને દોરવાનો અને એક સ્ટીમર જતી કરવાનો આગ્રહ ખાસ ખાસ વ્યક્તિઓએ કર્યો. લોકો પાસેથી કામને અંગે આવશ્યક ખર્ચ મેળવવાનો વદાડ કરાવ્યો. પોતાની ફી જતી કરી અને મહિના પૂરતું રોકાઈ ગયા. ખાણાનો મેળાવડો તત્કાળ કાર્યવાહક સમિતિમાં ફેરવાઈ ગયો ને રાતોરાત જાગી અનેક પ્રતિષ્ઠિત હિંદીઓની સહીવાળી અરજી ધારાસભામાં મોકલી આપી. છતાં ખરડો પસાર થયો. તરત બીજી અરજી તે સંબંધી કાયદાના ગ્રંથો અને બીજા સાહિત્યનું ઊંડું અધ્યયન કરીને ઘણી મહેનતપૂર્વક ઘડી કાઢી. તે ઉપર પંદર દિવસમાં દસ હજાર સહીઓ - એટલે કે લગભગ એકેએક વસાહતી હિંદીની સહી - મેળવી અને વિલાયત મંત્રીમંડળને મોકલી. એ અરજીની એક હજાર પ્રત છાપી હિંદુસ્તાન, વિલાયત બધે પ્રચાર કર્યો. વિલાયતવાળાને પિગળાવ્યા અને હિંદી મતાધિકારનો કાયદો નામંજૂર થયો. કાયદાપોથીમાં રંગદ્વેષનું તત્ત્વ ઘૂસતું અટક્યું. ફરી હિંદુસ્તાન આવવાનો વિચાર કર્યો, પણ લોકોએ રોક્યા. જાહેર સેવાના બદલામાં પગાર લેવાની ના પાડી. પોતીકું ખર્ચ કાઢવા વીસેક જણા પાસેથી વકીલાતનું વરસ આખાનું કામ ઠરાવ્યું. વર્ષાસિન મેળવ્યું. મુખ્ય કાર્ય સેવાનું રાખ્યું, ગૌણ વકીલાતનું. ગોરા વકીલોએ કૂલી બૅરિસ્ટરને સનદ મળવા સામે ચળવળ કરી, છતાં પોતાની વ્યક્તિગત છાપ પાડી બેચાર ગોરાઓને મિત્ર બનાવી સનદ મેળવી. આ ધાંધલથી છાપે ચડ્યા અને

આખા દક્ષિણ આફ્રિકામાં પ્રસિદ્ધ થયા. સનદ મળ્યા પછી વિનય વાપર્યો અને જે કોર્ટમાં પહેલાં પાઘડી નહોતી ઉતારી તેમાં વકીલાત વેળા પાઘડી ઉતારી. એ બાબત સાથીઓની મશ્કરી સહી લીધી.

સેવાનું કામ પાકે પાયે કરવા 'નાતાલ ઇંડિયન કૉંગ્રેસ', 'ઇંડિયન એજ્યુકેશનલ ઍસોસિયેશન' અને 'પુસ્તકાલય' એમ ત્રણ સંસ્થા સ્થાપી. ત્રણેને ચેતનવંતી કરી મૂકી. ઝીણું ઝીણું કામ તન્મય થઈ કર્યું. શરૂઆતમાં કૉંગ્રેસનું ઉઘરાણું થતું ન હતું. લોકો સેંકડો આંટા ખવડાવે પણ વાયદા પૂરા ન કરે. ટોંગાટ નામે ગામમાં એક જણ પાસેથી છ પાઉંડ લેવા આખી રાત વિનયપૂર્વક રકઝક ચાલી. પેલા ભાઈ ત્રણથી આગળ વધે જ નહીં; પણ સવારે પલળ્યા ને પૂરી રકમ આપી ત્યારથી કૉંગ્રેસનું લવાજમ લેવાનું આખા પ્રદેશમાં સહેલું થઈ ગયું. પછી ખરચ કાઢતાં સારી થાપણ જમા થઈ અને તેને પોતાની જમીન ને મકાન પણ લવાજમમાંથી થયાં.

કૉંગ્રેસની સભાઓ મહિને-પંદર દિવસે ભરી લોકોને રાજકીય જ્ઞાન આપ્યું. લોકહિતની ચર્ચા કરતાં શીખવ્યું. અભણને બોલતા કર્યા. સાથેસાથે રચનાત્મક કામ પણ ખૂબ કર્યું. લોકોને સફાઈથી રહેતાં ને સચ્ચાઈથી વર્તતાં શીખવ્યું અને મેલાઘેલા - કંજૂસોની રહેણી બદલાવી.

પાંચ કે સાત વરસના કરારે બાંધી, અંગ્રેજી માલિકોનાં શેરડીનાં ખેતરોમાં કામ કરવા હિંદુસ્તાનથી હજારો મજૂરો નાતાલ સરકારે આણેલા તે ગિરમીટિયા કહેવાતા. ઍગ્રીમેન્ટ એટલે કે ગિરમીટ પૂરી થયે તેઓ પાછા હિંદુસ્તાન ચાલ્યા જાય અથવા ગોરા માલિકના મજૂર થઈને રહે, પણ નાનાં ખેતરો લઈ હિંદુસ્તાનની ઢબે સ્વતંત્ર ખેતી કરી નાતાલમાં તેઓ વસી જાય અને ગોરાઓને મળેલી સોનાની થાળીમાં લોઢાની મેખ ન થઈ પડે એ હેતુથી નાતાલ સરકારે પ્રત્યેક ગિરમીટ-મુક્ત મજૂર પર વરસદિવસે ૨૫ પાઉંડ એટલે રૂ. ૩૭૫નો માથાવેરો નાખવાનું ઠરાવ્યું. આ ઠરાવ જોઈ પોતે ઊકળી ઊઠ્યા. નાતાલ ઇંડિયન કૉંગ્રેસની સભા ભરી ભારે પોકાર ઉઠાવ્યો. હિંદુસ્તાનના વાઈસરૉય લૉર્ડ એલ્ગિન પાસે પ્રતિનિધિમંડળ મોકલ્યું. પરિણામે ૨૫ પાઉંડના ૩ પાઉંડ થયા.

પોતાની બૅરિસ્ટરી તેમ જ નેતાગીરીને ઉચ્ચ આસને અકડાઈથી બેસી મોટાઈ ન વધારતાં નીચે નમ્યા. ગિરમીટિયા મજૂરોમાં ભળ્યા. તેમનાં દુ:ખોની ભાળ કાઢી, તેમને સતાવનારા અંગ્રેજ માલિકો સામે કાયદેસર પગલાં લીધાં. આ માલિકોનેયે નાહક નુકસાન ન પહોંચાડ્યું. તેમને ચીડવવાને બદલે રીઝવ્યા. ગિરમીટિયાઓએ તેમને સખા માન્યા. એમ કહો કે મજૂર-સેવક બન્યા.

આમ પોતાની ઉંમરના ૨૪મા અને ૨૫મા વર્ષે અસાધારણ મહેનત કરી; કાર્યદક્ષતા પણ બેહદ વધારી; તથા અનુભવ અને માહિતી પુષ્કળ મેળવી લીધાં. જનતાના હૃદયમાં પ્રવેશ કર્યો, દુશ્મનો પર દાનાઈની છાપ પાડી, સ્વમાન જાળવવાનું મનોબળ દૃઢાવ્યું, અને મોરચો લેવાની ઉત્તમ કળા પ્રગટાવી. ધનના ઢગલા મેળવવાનો મોહ તજ્યો અને જિંદગીનું મુખ્ય કાર્ય સેવા બનાવ્યું. એ ઉપરાંત અનેક ધર્મગ્રંથોનું બહોળું અધ્યયન કર્યું ને સ્વધર્મના રસિયા બન્યા એ જુદું. ટૂંકમાં કહીએ તો, જે ઉંમર ગધ્ધાપચીસીની ગણાય એ જ ઉંમરે પોતાનું વ્યક્તિત્વ પૂરેપૂરું ઝળકાવ્યું ને 'મહાત્માપણા' પ્રતિ પગલાં માંડ્યાં.

૨૬ વરસની ઉંમરે: આગલે વરસે સ્થાપેલી સંસ્થાનું કામ ચાલતું થયું. પ્રાથમિક ધમાલમાંથી પરવાર્યા અને થોડી વકીલાત ને બાકીનો વખત સેવા - એમ જીવનકાર્ય સ્થિર થયું કે તરત બધા નિત્યક્રમને પહોંચી વળ્યા બાદ જેટલી પળો મળી તેનો ઉપયોગ વધુ ધર્માધ્યયનમાં કર્યો. રાજચંદ્ર કવિ સાથે પત્ર દ્વારા જ્ઞાનગોઠડી સારી પેઠે કરી. નર્મદાશંકરનું 'ધર્મવિચાર' વાંચ્યું; ઉપનિષદોનાં ભાષાંતર વાંચ્યાં; પ્રાણાયામ આસનના અભ્યાસનો પણ આરંભ કરી જોયો પણ પંડે એકલા એટલે ન ફાવ્યું. તે ઉપરાંત ટૉલ્સ્ટૉયનાં 'ત્યારે કરીશું શું?' આદિ ધાર્મિક અને તાત્ત્વિક પુસ્તકોનું પુષ્કળ વાચન કર્યું. મહમદ ચરિત્ર અને જરથોસ્તનાં વચનો પણ વાંચ્યાં. બુદ્ધના વિશ્વપ્રેમનું નિદિધ્યાસન કર્યું. બહાર જે સદાચરણ હતું તેના પ્રમાણમાં હૃદયની પવિત્રતા ખૂબ વધારી મૂકી. આત્માર્થી બન્યા. બધાં કાર્ય ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરતા થયા.

ડરબન જેવી ગોરી નગરીમાં, ઉત્તમ લત્તામાં, ખૂબસૂરત બંગલામાં પૂરા ઠાઠમાઠથી રહ્યા. ઉપરને દેખાવે મોટા બૅરિસ્ટર રહ્યા, પણ અંતરમાં સાવ સાદા ને નમ્ર બન્યા - મંગળમૂર્તિ બન્યા, તે એટલે સુધી કે એક મિત્રે વિશ્વાસઘાત કર્યો. ઘર માથે કલંક આણ્યું તો તેને તલભાર નુકસાન ન પહોંચાડ્યું, ક્રોધ દબાવ્યો, તેના પ્રત્યે અસહકાર કરી સંતોષ વાળ્યો.

૨૭ વરસની ઉંમરે: હિંદુસ્તાન એક આંટો આવ્યા. સફરના દિવસોમાં તામિલ ને ઉર્દૂ શીખવા માંડ્યું. કલકત્તા, મુંબઈ. પૂના, મદ્રાસ અને બીજાં શહેરોમાં ફરી વળ્યા. લોકમાન્ય તિલક, ગોખલેજી, ભાંડારકર, રાનડે, ફિરોજશાહ મહેતા, સુરેન્દ્રનાથ બેનરજી વગેરે મહાસભાના આગેવાનોને તેમ જ મુખ્ય મુખ્ય છાપાંઓના અંગ્રેજ કે હિંદી અધિપતિઓને દરવાજે દરવાજે જઈ દક્ષિણ આફ્રિકાના હિંદીઓની - ખાસ કરીને ત્રણ પાઉંડના કરથી કચરાતા ગિરમીટિયાઓની - સ્થિતિની જાણ કરી. મહિનોમાસ રાજકોટમાં રહી લીલા પૂઠાંની એક પત્રિકા લખી અને તેની વીસ હજાર નકલ છપાવી હિંદુસ્તાન તેમ

જ વિલાયતમાં બહોળો પ્રચાર કર્યો. દક્ષિણ આફ્રિકામાં અભણ લોકો વચ્ચે ભાષણ કરેલાં પણ હિંદુસ્તાનમાં વિદ્વદ્-સભાઓ સામે બોલતાં સભામાં ક્ષોભ થાય તેથી ફિરોજશાહની સૂચના પ્રમાણે લખીને ભાષણો આપ્યાં. શરૂઆતમાં તો લખેલું પણ પોતે વાંચી ન શક્યા. એટલો બધો સભાક્ષોભ થતો. આમ વક્તૃત્વ જરાયે નહીં છતાં બીજો બધો પ્રયાસ પૂરેપૂરો હોવાથી આખા ભારતવર્ષમાં અને વિલાયતમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો પ્રશ્ન જીવતોજાગતો કરી મૂક્યો. પોતાની લડત ન્યાયની છે એ જગતને સમજાવ્યું.

પોતે રાજકોટ હતા ત્યારે કુટુંબનાં અને બીજાં બાળકોને ભણતરની, સમયપત્રકની, કસરતની સૂચનાઓ આપી અને તેમને હસાડીરમાડી તેમની પાસેથી સેવાકાર્ય લીધું. તે ઉપરાંત મરકીનો ચેપ મુંબઈથી આવવાનો ડર જણાયો કે તરત તેનો પ્રતિકાર કરવા સમિતિ બનાવી. તેમાં પોતે મુખ્ય ભાગ લીધો અને વૈષ્ણવોની હવેલીથી માંડી ઢેઢવાડા સુધી ઘેર ઘેર જઈ પોતે નિરીક્ષણ કર્યું. બધાં પાયખાનાં તપાસ્યાં અને બને તેટલાં સુધરાવ્યાં. મરણપથારીએ પડેલા પોતાના બનેવીની સારવાર પોતાની ઓરડીમાં રાખી અંત લગી કેટલીયે રાતો જાગીને કરી.

૨૮ वरसनी उंमरे: પ્રિટોરિયામાં જેમનો છ લાખનો કેસ જિતાવી આપેલો તે જ અસીલની સ્ટીમર 'કુર્લેંડ'માં સહકુટુંબ પાછા નાતાલ ગયા. રસ્તે સમુદ્રના ભયંકર તોફાનમાં સ્ટીમર ડૂબતી બચી. ઉતારુઓ ગભરાયા, પણ પોતે નિર્ભય રહ્યા અને બીજાઓને હિંમત તથા મદદ આપ્યાં. ડરબન પહોંચ્યા તે જ દિવસે બીજી સ્ટીમર પણ પહોંચી. બંનેમાં આઠસો હિંદી ઉતારુઓ હતા. આ બાજુ પેલા લીલા ચોપાનિયાની વાત નાતાલ પહોંચેલી તેથી ગોરાઓ બહુ ચિડાયા હતા. તેમના મનમાં ભૂત ભરાયું હતું કે 'ગાંધીએ અમને બદનામ કર્યા છે અને હવે હિંદીઓથી નાતાલને ભરી દેવા માગે છે તેથી આઠસો જણાને લઈ આવ્યો છે.' આથી 'કુર્લેંડ' પહોંચી તે સાથે ટોળેટોળાં અંગ્રેજો ડરબન બંદરે એકઠા થયા અને બૂમો પાડવા લાગ્યા કે, 'બંને સ્ટીમરોને પાછી હિંદુસ્તાન મોકલી દો નહીં તો આ નાતાલની જમીન પર જે કોઈ હિંદી પગ મૂકશે તેને દરિયામાં ડુબાવી દઈશું.' આ ધમકીને વશ થવાની બંને સ્ટીમરના દરેક ઉતારુએ ગાંધીભાઈના જોરે ના પાડી. ત્રેવીસ દિવસ સુધી સરકારે બંને સ્ટીમરોને ગોદીમાં ન આવવા દીધી, છતાં હિંદીઓ ન ડગ્યા. બીજી તરફ ગોરાઓ કંઈક ટાઢા પણ પડ્યા, એટલે છેવટે સ્ટીમરને ગોદીમાં આવવાની રજા મળી. બધા ઉતારુઓ ઊતરી ગયા અને પોતાનું કુટુંબ પણ મુકામે પહોંચી ગયા બાદ બાપુ પોતે ઊતર્યા. તરત તેમની પૂંછડીવાળી પાઘડી વડે ઓળખાઈ ગયા અને ગોરાઓનાં ટોળાં

તીડની પેઠે ભેગાં થઈ ગયાં. કાંકરાનો, સડેલાં ઈંડાંનો વરસાદ વરસ્યો. પછી ગડદાપાટુ ચાલ્યાં. પોતાને તમ્મર આવ્યાં. જમીન પર પડી જાય તો સેંકડો બૂટો નીચે કચરાઈ શરીરનો છૂંદો થઈ જાય એમ હતું. એવામાં કોઈ કઠેડો હાથ આવ્યો તે ઝાલી લીધો, ને પડતા બચ્યા. આ ક્ષણે પણ મનમાં ઈશ્વરનું સ્મરણ હતું. મારનારાઓ પર ગુસ્સો ન હતો; તેઓ પોતાની ભૂલ સમજશે ને પસ્તાશે એવી ક્ષમાવૃત્તિ હતી. જીવ બચવાની આશા રહી જ ન હતી. પરંતુ ઈશ્વરને એ શરીર નાશ થવા દેવું પોસાય એમ ન હતું. તેણે એક અંગ્રેજ બાઈને પ્રેરી. તે પોતાની છત્રી ઉઘાડી બાપુજીને પડખે આવી ઊભી રહી. મારનો વરસાદ હળવો થયો. એટલામાં ફોજદાર પોતાની ટોળી લઈ આવ્યો અને પોલીસના રક્ષણ વચ્ચે બાપુને મુકામે પહોંચાડ્યા. ગોરા નાગરિકોનાં પાછાં ત્યાં ટોળેટોળાં ઊલટ્યાં અને 'ગાંધીને લાવો, અમારે એને જીવતો બાળવો છે; અમને નહીં આપો તો અમે આખું ઘર સળગાવીશું' વગેરે બૂમો પાડવા માંડ્યા. ફોજદારે યુક્તિપ્રયુક્તિથી ટોળાનું ધ્યાન બીજી તરફ ખેંચ્યું ને પોતાના ગુપ્તચર દ્વારા બાપુને હિંદી પોલીસનો પોશાક પહેરાવી થાણે પહોંચાડ્યા. પછી પારસી રુસ્તમજીનું ઘર, જેમાં બાપુનો મુકામ હતો તે 'ગાંધીના બાળબચ્ચાંને જરા પણ નુકસાન ન પહોંચાડવું' એવો વાયદો લઈ ઉઘાડું મૂકી દીધું. 'ગાંધી ન મળવાથી લોકો નિરાશ થઈ વીખરાયા.' આઠદસ દિવસે શાંતિ થઈ એટલે દક્ષિણ આફ્રિકાની સરકારે હુમલો કરનારાઓ ઉપર દાવો કરવાની સૂચના બાપુને કરી, પણ પોતે તેનો ઈન્કાર કર્યો ને હુમલો કરનારાઓ પર દયા ખાધી. જ્યારે ગોરાઓ પોતાની ભૂલ તથા બાપુજીની ઉદારતા, વીરતા અને ક્ષમા સમજ્યા ત્યારે લજવાયા અને એમાંના ઘણા બાપુના મિત્ર બન્યા. આ યાદગાર દિવસ ૧૮૯૭ની ૧૩મી જાન્યુઆરી (આપણી મકરસંક્રાન્તિ)નો હતો.

આ પછી પાછું પહેલાંની જેમ પોતાના કુટુંબના ઉદરપોષણ જેટલી વકીલાત અને બાકી કોમની સેવાનું કાર્ય ચાલુ કર્યું. નાતાલ કૉંગ્રેસ તરફથી વિલાયતમાં દાદાભાઈ અને મંચેરજી ભાવનગરી સાથે દર અઠવાડિયે વિગતવાર પત્રવ્યવહાર ચલાવ્યો અને દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓ પ્રત્યેના અન્યાયની વાતો પાર્લમેન્ટના સભ્યો તેમ જ પ્રધાનોને કાને પહોંચાડતા રહ્યા.

૨૯ વરસની ઉંમરે: સલાહ અને ચર્ચાથી જ થતી સેવા અધૂરી લાગી એટલે રોજ બે કલાક શારીરિક શ્રમવાળી સેવા કરવાનું વિચાર્યું. એક ધર્માદા દવાખાનામાં દાક્તરના કમ્પાઉન્ડરનું કામ કર્યું. માંદાઓની માવજત કરી. રતક્તપિત્તના એક રોગીની પોતાના ઘરમાં રાખી સેવા કરી. એ રીતે ગરીબ ગિરમીટિયાઓનાં સુખદુ:ખની સારી પેઠે જાણ કરી લીધી. ઘરમાં પણ શરીરશ્રમ

અને સાદાઈ વધાર્યાં. યુરોપી પોશાક પણ હાથે ધોવા લાગ્યા અને વાળ પણ હાથે કાપતાં શીખ્યા. એક વાર ચીમળાયેલે કપડે ને બીજી વાર ઉંદર કાતરી ગયા હોય એવા વાળે કોર્ટમાં ગયા ત્યારે ગોરા બૅરિસ્ટરોએ ખૂબ મશ્કરી કરી, પોતે પણ એ વિનોદમાં ભળી ગયા, ખોટી શરમ ન રાખી અને મહેનતપૂર્વક ટૂંક મુદતમાં કુશળ ધોબી તથા કુશળ હજામ બની ગયા.

ઘરમાં મોટાં થતાં આવતાં બાળકોની કેળવણી પણ પોતાને હાથ લીધી અને બાળશિક્ષણનું, ખાસ કરીને બાળઉછેરનું તેમ જ બાળકોનાં ચારિત્ર્ય અને હૃદયની તથા ઔદ્યોગિક કેળવણીનું, પોતાનું સ્વતંત્ર શાસ્ત્ર રચવા માંડ્યું. ચોમર અંગ્રેજી ભાષા વચ્ચે ગુજરાતી ભાષાને ઘરમાં જીવતી રાખી. ઘરમાં હિંદી, ગોરા, હિંદુ, મુસલમાન વગેરે અનેક મિત્રોને વસાવ્યા. તેમનું આતિથ્ય એટલે સુધી કર્યું કે દરેકનાં મળમૂત્રની સફાઈ પણ હાથોહાથ કરી. હરિજન મહેમાનનાંયે પાયખાનાં પોતે આગ્રહપૂર્વક સાફ કર્યાં ને બા પાસે કઠોર બની કરાવ્યાં. આ જ વરસે દાક્તરીનાં ભારે ભારે પુસ્તકો વાંચી અરધા ઝાઝેરા દાક્તર પણ બન્યા.

૩૦ વરસની ઉંમરે: બ્રહ્મચર્ય તરફ ધ્યાન ખેંચાયું ને તે પાળવા માટે મહેનત કરવા માંડી. ડરબનમાં મરકી ફેલાઈ ત્યારે મ્યુનિસિપાલિટીને હિંદી લત્તાઓની સફાઈમાં મદદ કરી, લોકોના મનમાં સફાઈનું મહત્ત્વ ઠસાવ્યું ને પંડે એક મજૂરની જેમ ફરી વળ્યા. ગંદાં ઘરો વાળ્યાંચોળ્યાં ને દવાઓ છાંટી.

૩૧ વરસની ઉંમરે: પ્રખ્યાત સેનાપતિ લૉર્ડ કિચનરના નેતૃત્વ નીચે, બોઅર લોકોની સાથે જોહાનિસબર્ગની સોનાની ખાણ નિમિત્તે અંગ્રેજો લડ્યા તેમાં, પોતે ન્યાય બ્રિટિશની સામેના પક્ષમાં જોતા હતા છતાં, પોતે સામ્રાજ્યની પ્રજા છે એટલે સામ્રાજ્યની સેવા કરવી જોઈએ એમ વિચારી, બ્રિટિશ લશ્કરની સાથે જઈ ઘાયલોની સેવા કરવાની રજા ઘણી મહેનતે મેળવી. ૧,૧૦૦ હિંદી જુવાનિયા એકઠા થયા. બધા કવાયત, પાટાપિંડી વગેરે શીખ્યા. પોતે મુખ્ય નાયક - સાર્જન્ટ - નિમાયા. વરસતા ગોળાઓની, અને ગીચ બજારમાં પડખેથી ઘોડાગાડી કે મોટર પસાર થઈ જાય એમ બંને પડખે કાન પાસેથી સરરર કરતી પસાર થતી ગોળીઓની વચ્ચે જઈ હિંમતપૂર્વક ઘાયલોને ઉઠાવ્યા, એમને આઠદસ માઈલ ઊંચકી જવાનું તો રોજ હોય, અને બેચાર વાર તો ત્રીસ ત્રીસ ને ચાળીસ ચાળીસ માઈલ જંગલ રસ્તે ને એક એક રાતમાં ઘાયલોને લઈ કૂચ કરી. સેવાને અંતે સરકાર તરફથી તેમના અને તેમની ટોળીનાં છૂટે મોંએ વખાણ થયાં.

૩૨ વરસની ઉંમરે: દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની પ્રતિષ્ઠા વધી અને બેચાર સારા સારા હિંદી સેવકો પણ ભણીગણીને તૈયાર થયા એટલે હિંદુસ્તાનમાં સેવા કરવાની ઇચ્છાએ ત્યાંથી ઘરબાર સમેટી દેશ આવ્યા. દેશ આવતી વખતે

દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ અનેક માનપત્રો આપી પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી. સોનાચાંદીનાં ખોળિયામાં માનપત્ર અપાયાં તે ઉપરાંત સોનાનું ઘડિયાળ, હીરાની વીંટી, બાને સોનાનો હાર વગેરે પણ મળ્યાં. આ બધી ભેટો મળી તે આખી રાત પોતે ન ઊંઘ્યા. જાહેર સેવાનો બદલો આવી રીતે લેવામાં તેમને પોતાનો નાશ થવાનો ભય લાગ્યો. બાને રોવડાવી સમજાવી એ કીમતી દરદાગીનાનો મોહ છોડાવ્યો અને એ હજારોની કિંમતની ભેટ બૅંકમાં મૂકી તેનું ટ્રસ્ટ કર્યું.

બે વરસ પહેલાં જે પાળવાનો આરંભ કરેલો તે બ્રહ્મચર્ય હવેથી પૂરી રીતે પાળવા માંડ્યું. સંયમપાલન માટે કડક પગલાંઓ લીધાં. આખો દિવસ એક પછી એક અનેક જાતનાં સખત કામ કરી થાકીને લોથ થયા પછી જ સૂવાનું રાખ્યું. આટલું છતાં મનના ઉધામા મોળા ન પડ્યા. પરંતુ વિવેકબુદ્ધિને ચોવીસે કલાક અને બારે મહિના સતેજ રાખી પોતા પર આકરો અંકુશ સેવ્યો.

૩૩ વરસની ઉંમરે: હિંદુસ્તાન આવી દેશનો અનુભવ લેવા નાનામોટા પ્રવાસ કર્યા. પહેલા વર્ગમાં જ નિત્ય ફરનારા છતાં દેશજનોની હાલત જાણવા ત્રીજા વર્ગમાં પણ કેટલીક વાર આગગાડીની સફર કરીને હેરાનગતિ ભોગવવી પડી તેમાં આનંદ માણ્યો. એ વરસે એટલે ૧૯૦૧માં કલકત્તામાં દીનશા વાચ્છાના પ્રમુખપણા નીચે મહાસભા ભરાવાની હતી, ત્યાં જઈ પહેલી વાર મહાસભાનું દર્શન કર્યું . પોતાનું નામ દક્ષિણ આફ્રિકાના વીર તરીકેની ખ્યાતિ, તેમ જ બૅરિસ્ટરનો દમામ જાહેર ન થવા દેતાં સાવ સાધારણ સ્વયંસેવક તરીકે પ્રતિનિધિઓ અને નેતાઓની સેવા કરી. ઉતારાનાં પાયખાનાંની ગંદકી ભયાનક હતી. જાતે સાવરણો મેળવી તે સાફ કરીને પછી પોતે તેનો ઉપયોગ કર્યો. રાત્રે વરંડાઓમાં કોઈ કોઈ પ્રતિનિધિ ઝાડે ફરતા તે પણ સવારે જાતે સાફ કરતા. મુખ્ય મંત્રીને દફતરે જઈ કારકુનનું તેમ જ મંત્રીની અંગત સેવાનું - તેમને કપડાં પહેરાવવાનું સુધ્ધાં - કાર્ય કર્યું. ભરી બેઠકમાં દક્ષિણ આફ્રિકા જેવા મહત્ત્વના પ્રશ્ન બાબત પ્રસ્તાવ રજૂ કરવાની ને ભાષણ કરવાની ત્રણ જ મિનિટ મળી તેથી મુદ્દલ ધાંધલ ન કરી. વિનયપૂર્વક જેટલી તક મળી તેનો ઉપયોગ કરી ખૂણે જઈ બેસી ગયા. મહાસભાના આ પહેલા જ દર્શને તેમાં ચાલતા અનેક ગોટાળા અનુભવ્યા. નેતાઓનો નાહકનો આડંબર, વખતનો નકામો બગાડ, પ્રતિનિધિઓની સાવ બેજવાબદારી, અસ્પૃશ્યતાનું સામ્રાજ્ય, સ્વયંસેવકોની દાંડાઈ વગેરે ઘણું જોયું ને અકળાયા. એ સુધારા કરવાની આવશ્યકતા જોઈ છતાં તે વખતના નેતાઓને મનમાં પણ ન નિંદ્યા. ન મહાસભાની સેવા કરવાનો ઉત્સાહ ઢીલો થવા દીધો.

મહાસભા પછી ગોખલેજી સાથે એક મહિનો રહ્યા અને તે દરમિયાન અનેક નેતાઓ સાથે ગાઢ પરિચય કર્યો. પછી રાજકોટ આવી બૅરિસ્ટરનું કામ કરવા માંડ્યું. દેશમાં પહેલી વાર જામનગરમાં એક કેસ જીત્યા. વેરાવળમાં ગયા. ગોરા જજને ત્યાં મરકીવાળા ગામમાં પડાવ ન નાખવા કહેવાની હિંમત કોઈ નહોતું કરતું તે પોતે કરી. આમ જે કાઠિયાવાડમાં કામ કરવું વિલાયતથી આવીને ફાવ્યું ન હતું ત્યાં દક્ષિણ આફ્રિકાથી આવ્યા પછી ફાવવા લાગ્યું ને ત્યાં સ્થિર થવા વિચાર્યું, પણ ગોખલેજીનો આગ્રહ થતાં મુંબઈમાં બૅરિસ્ટરી કરવા અને બચતો વખત સેવામાં તેમને સાથ આપવા મુંબઈ જઈ વસ્યા. ભારે ફી ભરી વકીલોની મોટી લાઈબ્રેરીના સભ્ય થયા. પોતાની ઑફિસ ખોલી અને બૅરિસ્ટરનું કામ શરૂ કર્યું. માંડ બેચાર મહિના થયા ત્યાં ફરી દક્ષિણ આફ્રિકાથી તાર આવ્યો અને તેમને તાજી જમાવેલી ઑફિસ ઉલાળી મેલી દક્ષિણ આફ્રિકા જવું પડ્યું.

હવે પછીનાં બાર વરસ માટે જુદું જ પ્રકરણ રોકવું ઉપયુક્ત થશે. બાપુજીના જ વાક્યમાં આ પ્રકરણનો ઉપસંહાર કરીએ.

‘‘આત્મજ્ઞાન ચોથા આશ્રમમાં મળે એવો વહેમ સાંભળ્યો છે. પણ જેઓ ચોથા આશ્રમ લગી આ અમૂલ્ય વસ્તુને મુલતવી રાખે છે તેઓ આત્મજ્ઞાન નથી પામતા. પરંતુ બુઢાપો અને બીજું પણ દયાજનક બચપણ પામી પૃથ્વી પર બોજા રૂપે જીવે છે એવો સાર્વત્રિક અનુભવ જોવામાં આવે છે.’’

## ૭
## એ દિવ્ય તપ

બાપુજી આ ત્રીજી વાર તો માત્ર બેચાર મહિના પૂરતો આંટો મારવા દક્ષિણ આફ્રિકા ગયા. પણ વિધિએ તેમને ત્યાં પૂરાં બાર વરસ રોક્યા. આ બાર વરસ એમનાં ઉગ્ર તપનાં હતાં.

તેત્રીસ વરસની ઉંમર સુધી તેઓ સદ્‌ગૃહસ્થ હતા, ઉત્તમ વિદ્યાર્થી હતા, સાચા આર્ય હતા, તેજસ્વી વીર હતા, ખરા સાધક હતા અને એવું ઘણુંયે હતા. એમ છતાં ગમે તેવા તોયે બધા જેવા માણસ હતા. પરંતુ તે પછીનાં બાર વરસના તપે કરી તેઓ સામાન્ય મનુષ્યોની કોટિથી સેંકડો ગણા ઊંચે ચડ્યા. માટીમાંથી માણસ બનાવવાની સિદ્ધિ તેમાણે મેળવી.

એ ભવ્ય સમયે ફિનિક્સ ક્ષેત્રની સ્થાપના થઈ; ને એ તપની પૂર્ણાહુતિ પણ ફિનિક્સમાં જ થઈ. ફિનિક્સનાં સ્મરણોના આ સંગ્રહમાં પ્રકરણે પ્રકરણે એ પ્રચંડ તપની પાવક જ્વાલા સ્વાભાવિપણે જ ઝળકશે. જોકે, ક્યાં એ મહા તપ તથા ઉગ્ર કર્મયોગ અને ક્યાં આ લેખકની કેવળ બાળવયની તુષારબિંદુ

જેટલી બુદ્ધિ! ઝાકળના મોતિયામાં સૂરજનું પ્રતિબિંબ પડી પડીને કેટલુંક પડે?

૩૪ વરસની વયના પ્રારંભમાં એટલે ૧૯૦૨ની આખરમાં બાપુજી પાછા નાતાલ પહોંચ્યા. વિલાયતથી વસાહતી પ્રદાન બોઅર યુદ્ધની સમાપ્તિને અંગે ત્યાં ગયેલ, તેમની કને પોતાના દેશભાઈઓને નાતાલમાં પડતાં દુઃખોની ગાથા સંભળાવી. ત્યાર પછી સરકારે ટ્રાન્સવાલના દરવાજા બંધ રાખ્યા હતા, છતાં પોતાના જૂના ગોરા મિત્રોની મદદથી ત્યાંની રાજધાનીમાં છડેચોક જઈ ઊભા. અમલદારો બહુ રાતાપીળા થયા. બધા નવા હાકેમો હતા. તુમાખીનો પાર ન હતો. કેદીને જેલને દરવાજે બોલાવી સુપરિન્ટેન્ડેન્ટ ધમકાવી કાઢે તેમ બાપુને બોલાવી એક મામૂલી અમલદારે ધમકાવી ટ્રાન્સવાલમાંથી ચાલ્યા જવા કહ્યું. ચૅમ્બરલેન સાહેબ પાસે જતાં અટકાવ્યા. આ કેમ સહેવાય? આવ્યા'તા મળવા ને બેઠા દળવા. ખરી રીતે પ્રધાન સાહેબના કાનમાં ટ્રાન્સવાલમાં પડતી હાડમારીની દુઃખગાથા પહોંચાડવા પૂરતા જ તેઓ મુંબઈથી આવેલા. એટલું કરીને મહિના બે મહિનામાં દેશ પાછા જવાના હતા; પણ હવે તો ટ્રાન્સવાલમાં જ રહી જવાનું તેમણે નક્કી કર્યું. જોહાનિસબર્ગમાં વકીલાતની સનદ મેળવી ને એ સુવર્ણપુરીના અદાલતવાળા મોટા ચોક વચ્ચોવચ્ચ પોતાની કચેરી જમાવી. ગોરા લોકોને આ કાળો કુલી બૅરિસ્ટર આંખનો કાંકરો થઈ પડ્યો. પણ કાયદો તેમની વહારે ન ધાયો. એ તો બાપુના સાચને જ તાબે રહ્યો. બૅરિસ્ટર તરીકેની ફી નહીં પણ નામનું મહેનતાણું લઈ પોતે એશિયાટિક ખાતા સામે ગરીબ દેશભાઈઓનું રક્ષણ કરવા માંડ્યું.

તે ખાતાના અમલદારો એક એક વ્યકિતને તેનો હક બક્ષતાં પહેલાં દોઢ દોઢ ને બબ્બે હજાર રૂપિયા ખીસામાં મારતા. ફક્ત ત્રીસ રૂપિયાની નિશ્ચિત ફી લઈ બાપુજીએ આવા લોકોને હક અપાવવાના દાવા રીતસર જીતી અપાવવા માંડ્યા. પછી ભલેને કોઈ દાવો કલાકમાં પતે કે કોઈને ત્રણ મહિના થાય! પણ ઠરાવેલા બે પાઉંડ ઉપરાંત એક પેની પણ વધુ લેવાનો લોભ ન કર્યો.

બહારના આવા ગરમાગરમ કામમાં બીજો કોઈ જુવાનિયો હોય તો ક્યાંયે તણાઈ જાય. પણ બાપુજીનો સ્વાધ્યાય તો ઊલટો વધ્યો. આવી ધમાલ વચ્ચે તેમણે 'જિજ્ઞાસુ મંડળ' સ્થાપ્યું.વિવેકાનંદનો રાજયોગ વાંચ્યો. પાતંજલ યોગદર્શન વાંચ્યું. અઢાર વરસની ઉંમરે મૅટ્રિક થયેલા ત્યારથી કટાતું પડેલું સંસ્કૃત તાજું કર્યું ને પહેલી વાર મૂળ સંસ્કૃતમાં ગીતા વાંચી. દાતણ કરતાં કરતાં તેર અધ્યાય સુધી ગીતા ગોખી પણ લીધી. તે ગોખાણપટ્ટી મોઢાની કે કેવળ શોભાની ન હતી. તેમાં વારે વારે આવતાં અમાન, અહિંસા, અભેદ, અપરિગ્રહ, અભય, અક્રોધ વગેરેના આદર્શો ઊંઘતાં ને જાગતાં તેમના મનમાં ઘોળાવા લાગ્યા.

૩૯ વરસની ઉંમરે: ગુજરાતી અને અંગ્રેજીમાં 'ઇંડિયન ઓપીનિયન' નામનું અઠવાડિક છાપું કાઢ્યું. પોતે જોહાનિસબર્ગમાં રહે અને છાપું ડરબનમાં એટલે ત્રણસો માઈલ દૂર આવેલા શહેરમાં છપાય. કામનો ગમે એટલો ભરાવો હોય પણ સંપાદકીય લેખ લખવામાં તેઓ કદી ઢીલ ન કરે. એ છાપા દ્વારા તેમણે હિંદીઓને રાષ્ટ્રીય કેળવણી આપી. તેમને સારાસારનો ને માનઅપમાનનો વિચાર કરતાં અને સાથે મળી કામ કરતાં શીખવ્યું તથા ગોરાઓના હિંદી વિશેના મત બદલ્યા ને તેમનો સદ્ભાવ મેળવ્યો.

છાપું શરૂ કર્યા પછી થોડાક જ મહિના બાદ જોહાનિસબર્ગમાં ખૂબ આકરો વરસાદ પડ્યો. એ અતિવૃષ્ટિને પરિણામે સોનાની ખાણમાં કામ કરનારા મજૂરોમાં ભયંકર મરકી ફાટી નીકળી. ત્રેવીસ હિંદી મજૂરો ચેપનો ભોગ બની ઘેર આવ્યા. બગલ-સાથળમાં ગાંઠ નીકળે તેનો હજીયે ઈલાજ થાય, પણ આ પ્લેગ તો ફેફસાંમાં થનારો હતો. જેને ચેપ લાગે તેનું બચવું જ અશક્ય. બાપુજીને ખબર પડી કે મારતી સાઈકલે પહોંચ્યા હિંદીઓના વાસમાં. ગંદકી તો હિંદુસ્તાનની ગંદી પોળોનેયે લજવે એવી હતી. આવા કાળા રોગને આગળ વધતો અટકાવવાનું તેમણે બીડું ઝડપ્યું. બળતા ઘરમાં ઘૂસી જીવતા પાછા નીકળવું ને આ કાળી મરકીના રોગીના ખાટલા પર રાતદિવસ બેસી જીવતા નીકળવું એ સરખું હતું.

બાપુજી અને તેમની સાથે રહેનારા ચારેક જુવાન વાણિયા-બ્રાહ્મણો આગળપાછળનો બધો વિચાર મૂકી મરકીની લાહ્ય હોલવવા કૂદી પડ્યા. એક જૂનું અવાવર મેલું ઘર એક રાતમાં હાથોહાથ સાફ કર્યું. ભીખીને ખાટલા, ધાબળા મેળવ્યા અને ઘેર ઘેર જઈ ચેપમાં સપડાયેલા બધા રોગીઓને એ ઘરમાં લાવી રાખ્યા. દરેકની પાસે જાય, માથે હાથ ફેરવે, તેમનાં દિલ શાંત કરે અને દાક્તરે બતાવેલી દવા આપે. ત્રેવીસ ખાટલા હતા. એક દેશી ખ્રિસ્તી દાક્તરને પણ બાપુજી શોધી લાવ્યા. તેમનામાંયે સેવાની ધગશ બધાના જેવી જ હતી. કેટલાંક અંગ્રેજ સ્ત્રીપુરુષો પણ બાપુજીને આ દાવાનળમાં કૂદી પડેલા જોઈ મદદ આપવા દોડી આવ્યાં પણ તેમને તેમણે સાભાર પાછાં વાળ્યાં.

એ ત્રેવીસમાંના વીસ પહેલી રાતે કે બીજે દિવસે મૃત્યુ પામ્યા. રોગીઓને દવારૂપે તેમ જ સેવા કરનારાઓને ચેપમાંથી બચાવવા સારુ દાક્તરે મદ્યસેવન કરવાનો આગ્રહ કર્યો. ત્રણ રોગી તેમ જ બાપુજી અને તેમની ટોળીએ જીવના જોખમનો ભય છતાં દવારૂપે પણ દારૂ પીવાનો ઇન્કાર કર્યો. એ ત્રણે રોગીઓ પર માટી-પાણીના પ્રયોગ કર્યા ને તેમાંથી બે બચ્યા. જ્યારે દારૂ લીધેલામાંના એક સિવાયના વીસ અને સરકાર તરફથી આવેલી નર્સ જેને બાપુએ રોગીને

અડવા ન દીધેલી તે મરણશરણ થયાં! બે દિવસ ને બે રાત આ રીતે સેવા કર્યા પછી શહેરની મ્યુનિસિપાલિટીએ બધું કામ ઉપાડી લીધું અને એ મોતની સાથેની કુસ્તીમાંથી બાપુ મુક્ત થયા. ત્યાર બાદ સરકાર તરફથી હિંદીઓનો આખો વાસ બાળી નાખવામાં આવ્યો તે વખતે સિપાઈ અને અમલદારોના જુલમથી હિંદી ભાઈઓને બચાવવાનો સફળ પ્રયાસ કર્યો. લોકોને ઘરબાર છોડી ભાગવું પડ્યું ત્યારે સૌના પૈસા પોતે સાચવ્યા. હજારો ને લાખો રૂપિયાની થાપણ પૂરે વિશ્વાસે લોકો બાપુજી પાસે મૂકી ગયા. એ બતાવે છે કે એટલી ટૂંક મુદતની સેવામાંયે બાપુએ પોતાની આરપારની પવિત્રતા વડે લોકોનાં દિલ કેટલાં બધાં જીતી લીધાં હતાં. ગોરાઓ પણ આવો સેવાભાવ જોઈ મોંમાં આંગળાં ઘાલી ગયા. ઘણા ભલભલા ગોરા ગૃહસ્થો બાપુની મિત્રતા કરવામાં પોતાનું અહોભાગ્ય સમજવા લાગ્યા.

યોગદર્શન અને ભગવદ્‌ગીતાનું અધ્યયન હવે આચરણરૂપે શરૂ થયું. સેવા કરતાં કરતાંયે કમાવું ને બચે તેટલા પૈસા બચાવી મોટા ભાઈને હિંદુસ્તાન મોકલવાનો સ્વાર્થ મનમાં હતો તે છોડ્યો. બાળબચ્ચાં માટે કંઈ નહીં તોયે દસેક હજાર રૂપિયા જુદા સાચવી રાખવાનો મોહ કરેલો તે માટે પસ્તાયા. ધનસંચય ન કરવાનો નિશ્ચય કર્યો. મોટાભાઈએ અબોલા લીધા છતાંયે ન ગભરાતાં તેમને વિનયપૂર્વક લખી દીધું કે: 'કુટુંબસેવા કરતાં દેશસેવા મોટી છે, એટલે હવેથી હું આપને એક પાઈ પણ મોકલવા અસમર્થ છું. જેટલું બચશે તે બધું અહીં કોમની સેવામાં જ ખર્ચાશે.' પોતાનું ઘર, પચાસ પચાસ સો સો રૂપિયા જેટલાં મોંઘાં પુસ્તકોવાળું પોતાનું પુસ્તકાલય અને બીજું જે કંઈ હતું તે લોકોને માટે મોકળું મૂકી દીધું. મહિને મહિને જે કાંઈ કમાય તેમાંથી પોતાના ખાવા-પહેરવા સિવાયની બધી કમાણી લોકસેવાને અર્પણ કરી. અને તે કમાણી કાંઈ સાધારણ ન હતી.

૩૬ વરસની ઉંમરે: મહાન અંગ્રેજ લેખક રસ્કિનનું 'સર્વોદય' જોહાનિસબર્ગથી ડરબન છાપાંને કામે આવતાં ટ્રેનમાં વાંચ્યું. બધાયે માણસની ભલાઈ થાય એ જ મોટી ને સાચી કમાણી છે. બીજાનો સ્વાર્થ બગાડવાથી પોતાનો સ્વાર્થ સુધરે છે એ માન્યતા ભૂલભરેલી છે. જે માણસ અનેકોને ગરીબ બનાવી પોતે ધની બને છે તે મહાન નથી; પણ પામર છે. સમાજમાં હજામ ને કુંભારની તથા વકીલ ને દાક્તરની મજૂરી સરખી હોવી જોઈએ. ખરું જોતાં તો મોટા થઈ બેઠેલા ધનિકો અને બુદ્ધિના સોદાગરો સમાજશરીરનાં ગૂમડાં છે. એમનું પોતાનું જીવન સડેલું હોઈ ચોતરફ તેઓ સડો ફેલાવે છે. ખેડૂત અને મજૂરનું જ જીવન સાચું અને શુદ્ધ છે. આ સિદ્ધાંતો બહુ મર્મવેધક રીતે

પુસ્તકમાં ચર્ચાયેલા બાપુજીએ વાંચ્યા. વાંચ્યા ને આખી રાત ઊંઘ ન આવી. શું કરવું, કેમ કરવું, તેના ઊંડા વિચાર કર્યા. પોતાના બૅરિસ્ટરપણા પર શરમ આવી. ખેડૂતનું ઉત્તમ જીવન જીવવાની હોંશ થઈ અને સવારે ઊઠીને ખેતીને લાયક જમીનની શોધમાં નીકળી પડ્યા.

ડરબનથી ઉત્તરે છઠ્ઠું કે સાતમું રેલવેસ્ટેશન ફિનિક્સ કરીને હતું તેની પાસે સો એકરનું વિશાળ ખેતર મળ્યું: તરત જ પંદર હજાર રૂપિયા આપી તે ખરીદી લીધું. કાળે કરીને ફિનિક્સનું એ ખેતર એક ભારે ક્ષેત્ર બન્યું, જેના માહાત્મ્યનું આ પુરાણ લખાઈ રહ્યું છે.

ટ્રાન્સવાલની જાહેર સેવાનું કામ છોડી પોતે ફિનિક્સમાં વસી શકે એમ ન હતું, એટલે મિત્રો અને કુટુંબીઓને એ ખેતરમાં વસાવીને તેમને પાછું જોહાનિસબર્ગ જઈ જૂનું કામ ચાલુ રાખવું પડ્યું. પણ બૅરિસ્ટરનું કામ કરતાં કરતાંયે મજૂરની જિંદગી આરંભી. બૅરિસ્ટર તરીકેનો એમનો ઠાઠ જોનારને આંજી દે એવો હતો. પગથી માથા સુધી વગર કરચલી પડેલાં કપડાં, કોઈ પણ અંગ્રેજને હંફાવે એવાં માથાનાં પટિયાં વગેરે સજાવટ તો હતી જ. તે સિવાય અંદરબહાર ઓપી ઊઠનારો બંગલો હતો. બંગલાની જમીન, કાચનાં બારીબારણાં, ઘરનું રાચરચીલું પૂરેપૂરાં પૉલિશદાર અને ચમકવાળાં હતાં.

બધું એવું દબદબાભર્યું હતું કે સુગાળવા ગોરાઓનેયે તેમની રહેણીકરણીની અદેખાઈ આવે. આ બધી ખોટી સાહેબી હવે તેમણે છોડવા માંડી. ઘરમાં વાળઝૂડ માટે નોકર રાખેલો તેની સાથે સાથે પોતે કામ કરવા માંડ્યું. ભઠ્ઠીમાં બનતી ડબલ રોટી બનાવવાનું તથા તેને માટે ઘરમાં વસતાં પંદરવીસ માણસો પૂરતો લોટ દળી લેવાનું પણ હાથોહાથ કરવા માંડ્યું. પોતે બાળકો પાસે દળાવે ને ગોરા મહેમાનો ઘરમાં રહે તેમનેયે દળવા બેસાડી દે.

દાક્તરોની દવા લેવાનુંયે છોડ્યું. પોતાને સહેજ કબજિયાત રહેતી અને માથાનો વારેવારે દુખાવો થઈ આવતો તેથી જ્યારે ત્યારે રેચ લેવો પડતો. તેને માટે માટીના પાટા પેટ પર બાંધ્યા અને સવારનો નાસ્તો લેવાનું બંધ કર્યું. જોહાનિસબર્ગની કડકડતી ટાઢમાં સવારમાં ભૂખ જણાયા વિના ન રહે પણ તે વેઠી અને પોતે તંદુરસ્ત બન્યા.

૩૭ વરસની ઉંમરે: એવામાં નાતાલ સરકારે ઝૂલુઓ ઉપર નવો કૂબા વેરો નાખ્યો. દર વરસે અમુક ગિની દરેક ઘર દીઠ સરકારને ભરવી પડે અને એ માટે ગોરાઓની નોકરી પણ કરવી! નોકરી ન કરે તો ગિની મળે ક્યાંથી? ને ન મળે તો સરકારને પૈસા આપે ક્યાંથી?

ઘોડાના મોમાં નવી લગામ ચડાવે ને તે ઝાડ થાય, પગ પછાડે તેમ એકલદોકલ ઝૂલુ ટોળું સામે થયું ને કર ઉઘરાવનાર સાર્જંટને મારી નાખ્યો. ગોરી ફોજો હબસીઓનાં પાંખાં વસેલાં ગામડાં પર ઊતરી પડી. હબસીઓનો રીતસર શિકાર મંડાયો. ઝૂલુ લોકો એવા ફફડી ઊઠ્યા કે ગોરી ચામડીના એક બાળકસામે પણ આંખ ઉપાડીને જોવાની એમને હિંમત ન ચાલે.

આમાં પણ બાપુજી પોતાની 'ઘાયલ સેવક ટુકડી' લઈને ગોરા લશ્કરની પાછળ પાછળ પહોંચ્યા. હબસીઓનો શિકાર જોઈ કમકમી ઊઠ્યા, પણ પોતાને ઘાયલ હબસીઓની સેવા કરવાનું મળ્યું તેથી રાજી થયા. ઘણાયે એવા ઘાયલો આવતા, જેમના ઘાને સુગાળવા ગોરા કંપાઉંડરોએ આઠ આઠ દિવસ હાથ પણ ન અડાડ્યો હોય, તેથી મડદું સડતું હોય એટલી દુર્ગંધ તેમાંથી ચોતરફ ફેલાતી હોય. બાપુજી ઝૂલુ બોલી તો ન જાણે, પણ પોતાની પ્રેમ નીતરતી આંખે એ હબસીઓના ઘા ધુએ, તેને પાટા બાંધે અને રાતદિવસ ખાટલા પાસે ઊભે પગે રહી દવાદારૂ આપે. ઝાઝું બોલી ન જાણનાર એ ઘાયલો મૂંગે મોઢે સ્નેહભરી આંખે એમના પર અખૂટ આશીર્વાદ વરસાવે.

આ સેવાને અંગે લીલાછમ ડુંગરાઓમાં માઈલોના માઈલ ચાલ્યા. અને સૃષ્ટિસૌંદર્ય પીતાં પીતાં આત્મચિંતન કર્યું. સેવાપરાયણ થવું ને સાથે સાથે સંખ્યામાં વધતાં જતાં સંતાનોને ઉછેરવાં એ બેયનો મનમાં મેળ ન બેઠો એવો ગૃહસ્થાશ્રમ તજી વાનપ્રસ્થી જેવું જીવન વિતાવવાનો નિર્ધાર કર્યો. ભગવાનને યાદ કર્યા કે 'હે ભગવાન મને બળ આપજો.'

ઝૂલુ બળવો શમ્યો ને બાપુજી ફિનિક્સ આવ્યા. ઘરને અને મિત્રોને ભેગાં કર્યાં અને ઝૂલુઓની સેવા દરમિયાન કરેલો પોતાનો નવો સંકલ્પ બધાંને સંભળાવ્યો કે 'આજથી હંમેશને માટે હું ભોગને તજું છું. મરીશ પણ ભૂલેચૂકેય બ્રહ્મચર્યનો ભંગ નહીં થવા દઉં.' આમ ત્રીસ વરસની ઉંમરે જે વાત પર ધ્યાન ગયું એ વિશે સાડત્રીસમે વર્ષે તો ભીષ્મ પ્રતિજ્ઞા લઈ બેઠા.

આ પ્રતિજ્ઞા લઈ તેઓ ટ્રાન્સવાલ પહોંચ્યા કે મહાભયંકર પરિસ્થિતિનો મુકાબલો સામે આવી ઊભો હતો.

ત્યાંની સરકારે એશિયાવાસીઓને હડપ કરી જવા જે પેલું એશિયાટિક ખાતારૂપી મોઢું વકાસેલું, તેણે હવે કારમું રૂપ લીધું હતું. તેણે ધારાસભામાં 'એશિયાટિક ઍક્ટ' નામનો એવો ખરડો દાખલ કરેલો કે ટ્રાન્સવાલમાં જેટલાં એશિયાવાસી સ્ત્રીપુરુષો અને બાળકો હોય તેમણે તેમ જ નવાં આવનાર બધાંએ કાયદેસર નોંધાણી કરાવવી જોઈએ અને પરવાના લેવા જોઈએ. ભણેલા હોય કે અભણ સૌએ દસે આંગળાંની છાપ પરવાના પર આપવી જોઈએ અને શરીર પર

તલ લાખાં વગેરે હોય તે નોંધાવવાં જોઈએ. આ પાસ જોવા માટે અંગ્રેજ અમલદારો હિંદીઓના અંત:પુરમાં પણ ઘૂસી શકે. એ પાસ રસ્તામાં, સ્ટેશનમાં, બજારમાં, કચેરીમાં, મોટી મોટી કંપનીઓમાં ગમે ત્યાં ગમે તેવો ગોરો અમલદાર કે દુકાનદાર માગે તેને પ્રત્યેક એશિયાવાસીએ બતાવવો જોઈએ. પાસ કઢાવવામાં કે બતાવવામાં કંઈ પણ પ્રમાદ કરે તેને દંડ થાય, જેલ થાય અને દેશનિકાલ પણ કરી શકાય. બાપુજી આ ખરડાનું વાક્ય વાક્ય વાંચતા જાય અને કળીએ કળીએ જીવ કપાતો જાય. તેમને થયું કે આ ખરડો પસાર થઈ જાય અને હિંદીઓ એ કાયદાને વશ થાય તો આખી કોમનું નખોદ વળી જશે. મરવું ભલું પણ આ કાયદાને વશ તો ન જ થવું.

વળી મનમાં સવાલ થયો કે દસ આંગળાં છાપવા દેવાને બદલે મરવાની વાત તો ખરી, પણ મરવું એટલે શું કરવું? કઈ રીતે વિરોધ કરવો? હિંદીઓએ મોટી સભા ભરી ટ્રાન્સવાલમાં વસતાં દસ હજાર હિંદીની વસ્તીમાંથી ત્રણ હજાર પુખ્ત વયનાં માણસો એકઠાં થયાં. બાપુજીએ સૌને કાતિલ કાયદો સમજાવ્યો. લોકો ફફડી ઊઠ્યા. તેમણે આ કાયદાને ખૂની કાયદા તરીકે સંબોધ્યો. એક મુસલમાન શેઠ તો એટલે સુધી તપી ગયા કે તેમણે કહ્યું 'ખુદાના કસમ ખાઈને કહું છું કે આ ગળું કપાશે પણ હું આ કાયદાને નથી ઝૂકવાનો.'

બાપુજીએ તરત વાત ઉપાડી લીધી. લોકોને ચેતવ્યા કે 'અત્યારે ગુસ્સામાં અથવા ખોટા જોશમાં આવા કસમ ખાઈ લો કે પ્રતિજ્ઞા લઈ લો ને પછી જરાક દુ:ખ પડતાં ઢીલા પડી જાઓ એ કામ ન આવે. સૌ જોઈ વિચારી કસમ ખાય. ઉતાવળે પ્રતિજ્ઞા કરવી સારી નથી. પણ આવે વખતે જ્યારે સરકારે માઝા મૂકી છે ત્યારે પ્રતિજ્ઞા ન લેવી એ ચોખ્ખી નામર્દાઈ છે. હું પોતાને વિશે કહી દઉં કે, હું એકલો રહીશ તોપણ આ કાયદાને નથી જ નમવાનો. ભલે વરસોનાં વરસો સુધી મારે રિબાવું પડે. જો બધા પ્રતિજ્ઞા લેશે ને દૃઢ રહેશે તો આ અન્યાય બહુ જ જલદી દૂર થશે.'

સેંકડો ને હજારોએ બાપુજી સાથે પ્રતિજ્ઞા લીધી. લડત ચલાવવા માટે ખાસ મંડળ સ્થપાયું અને તે દ્વારા 'અનાક્રમક પ્રતિકાર'(પૅસીવ રિઝિસ્ટન્સ)ની લડાઈ કરવાનો નિશ્ચય થયો. આ શબ્દનો ભાવ એક શબ્દમાં લાવવા માટે તેમણે નવું નામ રચવાની ચર્ચા ચલાવી ને 'સત્યાગ્રહ' શબ્દ યોજ્યો. આમ સાડત્રીસ વર્ષની વયે પોતાની સારમાણસાઈ વધારતાં વિરોધી પ્રત્યે વાપરી શકાય એવું 'સત્યાગ્રહ' સમું દિવ્ય અસ્ત્ર બાપુજીએ શોધી કાઢ્યું.

૩૮ વરસની ઉંમરે: ખૂની કાયદા પર શહેનશાહ એડવર્ડ સાતમાની સહી થતી અટકાવવાનો પ્રયત્ન કરવા ટ્રાન્સવાલની હિંદી કોમ તરફથી પોતે અને એક

મુસલમાન સજ્જન વિલાયત ગયા. મોટા મોટા ઉમરાવોને મળ્યા. અનેક પ્રસિદ્ધ અને ઉદાર અંગ્રેજ વ્યક્તિઓની ન્યાયવૃત્તિ જાગ્રત કરી અને પ્રધાનમંડળને કાને પહોંચાડી શકાય તેટલો હિંદી મતનો સાર પહોંચાડ્યો. ક્ષણભર અંગ્રેજો પલળ્યા. શહેનશાહે ખૂની કાયદા પર મતું ન માર્યું. પણ ટ્રાન્સવાલના ગોરાઓ ગાંજ્યા જાય એમ ન હતા. ફરી એનો એ કાયદો ત્યાંની ધારાસભાએ પસાર કર્યો ને શહેનશાહ સામે ધર્યો. અને આ ફેરે તેણે સહી પણ કરી આપી.

બાપુજીએ આખી કોમને બરાબર સંગઠિત કરી. ફેરીવાળા, મોટા શેઠિયા, મુસલમાન, ખ્રિસ્તી, હિંદુ બધા હારોહાર આવી ઊભા. ચારસો ચીના લોકોની વસતીનો પણ બાપુજીએ સાથ મેળવ્યો. સરકારે કાયદાનો અમલ કરવા ભારે માથાફોડ કરી. ચાણક્યનીતિ વાપરી તોયે દસેક હજાર હિંદીઓમાંથી માંડ માંડ ચારસો તેને હાથ આવ્યા.

બહાર સરકાર સાથે આખડવાની તૈયારીઓ ચાલી, તેમ તાજા લીધેલા બ્રહ્મચર્યવ્રતને ટોચે પહોંચાડવાના પ્રયત્નો પણ શરૂ થયા. અગિયારસનાં અને બીજાં એકટાણાં તથા ઉપવાસ આરંભ્યાં. લડાઈનાં કામ માટે વખત બચાવવાનેયે ખોરાક પર કાપ મૂક્યો. બપોરે દફતરમાં કાચુંકોરું ખાઈ લે અને સાંજે ઘેર જઈ હાથે સાદું રાંધી જમે. વાસણ વગેરે હાથે જ માંજી લે.

૩૯ વરસની ઉંમરે : નાહકની ખુવારી અટકાવવાના છેલ્લા પ્રયાસરૂપે ખૂની કાયદા સામે ફરી એક વાર પાંચ હજાર હિંદીઓની સહીવાળી અરજી સરકારને મોકલી. પણ દાદ ન મળી તે ન મળી. ઊલટું સરકારે લોકોને દાખલો બેસાડવા આકરાં પગલાં લેવા માંડ્યાં. વીણી વીણીને આગેવાનોને પકડવા માંડ્યા. બાપુજીને કોર્ટમાં બોલાવી ૪૮ કલાકમાં ટ્રાન્સવાલ છોડી જવાનો હુકમ કર્યો. તેઓ ન ગયા એટલે પકડ્યા ને બે માસની સાદી કેદ આપી.

આ પહેલો જ જેલનો અનુભવ. ક્યાં બૅરિસ્ટરી અને ક્યાં કેદી? પહેલી ક્ષણે સહેજ ગભરાયા. ‘ક્યાં ઘરબાર? ક્યાં વકીલાત? બે મહિના કેમ કરી ખૂટશે?’ પણ તરત સાવધાન થયા અને મન વાળ્યું કે ખૂની કાયદા સામે થવાની પ્રતિજ્ઞા પાળવામાં આવનારાં દુ:ખ એ દુ:ખ નથી પણ વિલાસ છે. જેલને મહેલ જ માનવી જોઈએ ને તરત જેલનો રસ લૂંટવા લાગ્યા.

બાપુજી પકડાયા પછી વીસ દિવસમાં સેંકડો હિંદીઓ નાના નાના કાયદા તોડી જેલમાં પહોંચી ગયા. સરકાર ગભરાઈ. પ્રધાનમંડળના કર્તાહર્તા જનરલ સ્મટ્સે બાપુજીને કેદીને જ વેશે પોતાને ત્યાં તેડ્યા. મધ ચોપડી ચોપડીને વાતો કરી. હિંદીઓ પ્રત્યે પોતાને લાગણી છે, પણ ગોરાઓને સંતોષવાની પોતાની ફરજ છે વગેરે વગેરે કહ્યું, અને કહ્યું, ‘ફરી લડત ઊપડે એમ હું ઇચ્છતો જ નથી.

તમારી પ્રતિજ્ઞાને માન આપી ધારાસભાની આવતી બેઠકમાં ખૂની કાયદો રદ કરાવી નાખીશ. પણ ચોરીછૂપીથી નવા હિંદીઓ ટ્રાન્સવાલમાં ન ચાલ્યા આવે તે સારુ તમે સ્વેચ્છાએ દસે આંગળાં આપી ટ્રાન્સવાલમાં રહેવાનો પરવાનો કઢાવી લો. એટલી ખાતરી રાખજો કે અમે નોંધણી જ ઇચ્છીએ છીએ, પજવણી નથી ઇચ્છતા. તમારું અપમાન નહીં કરીએ. જેને પરવાનો કઢાવવામાં અપમાન લાગતું હોય તે ભલે ન કઢાવે.'

બાપુજીને ખબર તો હતી કે જનરલ સ્મટ્સ પૂરેપૂરા ચાણાક્ય છે. બોલવે બહુ ચતુર છે અને ભાગ્યે જ એવું બોલે કે લખે છે જેના બે અર્થ ન થતા હોય. છતાં તેમણે વિચાર્યું કે અડિયલ ટટ્ટુની પેઠે આપણે હઠીલા થઈએ તો સત્યાગ્રહ લજવાય અને મળેલી સહાનુભૂતિ ખોઈ બેસીએ. દગો થશે તો ફરી લડી લઈશું.

બાપુજીની વાત ઘણાખરાને ગળે ઊતરી. પણ અંદર કેટલાક વિઘ્નસંતોષી પણ હતા. તેમણે અફવા ઉડાડેલી કે 'પંદર હજાર પાઉંડ - સવા બે લાખ રૂપિયા- જનરલ સ્મટ્સ પાસેથી લઈ કોમને દગો દેવાની રમત માંડી છે.' આ અફવાથી પઠાણો ભોળવાયા. એક પઠાણે ભર સભામાં બાપુને ચેતવ્યા કે 'તમે લાંચ લીધી છે. અમે કદી દશ આંગળાં આપવાના નથી અને કસમ ખાઈને કહું છું કે જે માણસ પરવાનો કઢાવવાની પહેલ કરશે તેને ઠાર મારીશ.' બાપુએ તેમને સમજાવ્યા અને કહ્યું, 'હું લાંચ લઉં એ વાત કોઈ પણ સમજુ માણસને ગળે ઊતરે એવી નથી. ગુસ્સામાં ખાધેલા કસમ પાર પાડવાના ન હોય. પણ તે કસમ ધમકીના હોય કે સાચેસાચા હોય, સમાધાની કરનાર હું છું તેથી હું જ સૌથી પહેલાં દસે આંગળાં આપવા સરકારી દફતરે જઈશ.'

મહિનામાસ પછી પરવાના કઢાવવાની તારીખ આવી પહોંચી કે સૌ પહેલાં બાપુજી બે ત્રણ મિત્રો સાથે પરવાનાની કચેરીએ જવા ઊપડ્યા. રસ્તે પેલો પઠાણ મીર આલમ પણ એ ટોળીમાં ભળ્યો. બાપુજીએ તેને સલામાલેકુમ કર્યા, અને તેની આંખમાં ઊભરાતો ક્રોધ વાંચ્યો. કચેરી થોડે દૂર રહી ત્યાં મીર આલમ સામે આવી ઊભો ને બાપુજીને પૂછ્યું, 'ક્યાં ચાલ્યા?' બાપુએ જવાબ આપ્યો: 'પરવાનો કઢાવવા. ચાલો તમે પણ. તમારે આંગળાં છપાવવાની જરૂર નથી.' પૂરું બોલી ન રહ્યા ત્યાં તો બીજા પઠાણે તેમની બોચી ઉપર પાછળથી કડિયાળી ડાંગનો ફટકો માર્યો. બાપુ તમ્મર ખાઈ જમીન પર ઊંધા પડ્યા. સાવ બેભાન થઈ ગયા. પઠાણોએ બેચાર ફટકા તથા પાટુ વધુ પણ માર્યાં. તેમનું ચાલત તો તેઓ તેમને પૂરેપૂરા ઠાર કરીને જ ત્યાંથી ખસત. પણ બાપુ સાથેના મિત્રો વચ્ચે પડ્યા ને કેટલાક ફટકા તેમણે ઝીલ્યા. એટલામાં ગોરાઓની ભીડ

મળી ને પઠાણો ભાગ્યા. ગોરાઓએ તેમને પકડી લીધા તથા બેભાન હાલતમાં પડેલા બાપુજીને પાસેની ઑફિસમાં લઈ જઈ સુવાડ્યા.

ડૉક સાહેબ નામના એક ભલા પાદરી બાપુજીના મિત્ર હતા. તેઓ તેમની પાસે આવી પહોંચ્યા ને તેમની સેવા કરવા માંડી. બાપુજી ભાનમાં આવ્યા ત્યારે એમનાથી બોલાય એમ ન હતું. ઉપલો હોઠ ચિરાઈ ગયો હતો. છતાં આગ્રહ કરી તેમણે પરવાનાનાં કાગળિયાં મંગાવ્યાં અને દસે આંગળાંની છાપ આપી, સૌથી પહેલાં પરવાનો કઢાવવાનો સંકલ્પ પાર પાડ્યો. ત્યાર પછી સરકારી વકીલને તાર કર્યો કે ‘પઠાણ ભાઈઓનો કંઈ વાંક નથી. મારા પર મહેરબાની કરી તેમને છોડી મૂકશો.’ પરિણામે મીર આલમ ને તેના સાથી હવાલાતમાંથી છૂટા થયા. દાક્તરે આવી હોઠ સીવી લીધો, પાંસળી ઉપર લેપ કર્યા ને પછી ચુપચાપ સૂઈ રહેવાનું કહ્યું. પણ આરામની વાત તો કોરે રહી. દાક્તરે હોઠ સીવ્યો તો કાગળ કલમ લઈ લખવા બેઠા ને હિંદી પ્રજાને સંદેશો લખી મોકલ્યો. દસેક દિવસ સુધી ડૉક સાહેબના આખા કુટુંબની ભારે સેવાને પ્રતાપે તેઓ હરતા ફરતા થયા અને પૂરા તૈયાર થયે કુટુંબીઓને મળવા ફિનિક્સ આવ્યા.

સમાધાનીને પૂરા પાંચ મહિનાયે થયા ન હતા ત્યાં સરકાર ફરી બેઠી ને ખૂની કાયદો રદ કરવાની ધસીને ના પાડી. બીજી વાર સત્યાગ્રહના મોરચા મંડાયા. જોહાનિસબર્ગમાં વિરાટ સભા ભરાઈ. તેમાં બાપુજીએ સ્વેચ્છાએ કઢાવેલા પરવાના બાળી નાખવાની માગણી કરી. જવાબમાં બે હજાર પરવાનાઓનો ઢગલો થયો, તેના પર જાતે દીવાસળી મૂકી હોળી કરી. જોતજોતામાં હજારો હિંદી સત્યાગ્રહીઓથી જેલ ઊભરાવા લાગી. કોઈ કોઈ અઠવાડિયે તો બસો બસો જણા જેલ ગયા. બાપુજીને પણ બે માસની સખત મજૂરીની જેલ મળી.

૪૦ વરસની ઉંમરે: જેલમાં બે મહિના પૂરા કરી બહાર નીકળ્યા ને ફરી જેલમાં ગયા. સામાન્યમાં સામાન્ય ચોર કેદીને જેવા અનુભવ થાય તેવા અનુભવો આ વર્ષે બાપુજીને થયા. હાથકડી પહેરી માથે સામાન ઊંચકી કૂચો કરી. ખરે બપોરે પથ્થરની સડકો ખોદી હાથમાં આંટાણ પડ્યાં ને પાણી ચાલ્યાં તોયે સવારથી સાંજ સુધી, બપોરનો કલાકભરનો આરામ બાદ કરતાં એકશ્વાસે કોદાળી ચલાવી. કોદાળીની આટલી બધી મજૂરી છતાં ખોરાક સંબંધી ત્રાસ પણ પૂરેપૂરો વેઠ્યો. દોઢ મહિના સુધી સવારસાંજનું ખાવાનું છોડ્યું. બપોરે મકાઈની રાબડી ઉપર ચલાવ્યું. જ્યારે જેલ અધિકારીઓએ ચોખ્ખો અને ખવાય એવો ખોરાક આપવા માંડ્યો ત્યારે આ દોઢ મહિનાના ઉપવાસ તોડ્યા. મનોવ્યથા પણ પુષ્કળ વેઠી. પાયખાને બેઠા હોય ત્યાં જમ જેવો હબસી દારોગો

આવી કાંડું ઝાલી બહાર ખેંચી કાઢે. આ અસહ્ય લાગે પણ મન વાળ્યું. ખૂની અને બદમાશ હબસી અને ચીનાઓની વચ્ચે અંધારી બરાકમાં એકલા પુરાયા. બદમાશ ગુનેગાર હબસીઓને પૂરવાના નરકખાનામાં માથે પડેલાં દુ:ખોને પાવક અનુષ્ઠાન બનાવી મૂક્યાં. જેલમાંથી છૂટી આત્મશુદ્ધિનું એક પગલું વધાર્યું. બ્રહ્મચર્યને અંગે અસ્વાદવ્રત ધારણ કર્યું. અને તેનો આરંભ ચા, રાત્રિભોજન અને મીઠું છોડીને કર્યો.

તેઓ ફરી જેલમાં જ જાત; પણ દક્ષિણ આફ્રિકાના રાજબંધારણમાં ફેરફાર થતો હતો તે તકનો લાભ લેવા સત્યાગ્રહસભાએ તેમને ફરી વિલાયત, વડી સરકાર પાસે ન્યાયની માગણી કરવા મોકલ્યા. વિલાયતમાં ત્રણ મહિના રહ્યા તેટલામાં આખા વિલાયતના તેમ જ હિંદુસ્તાનના પણ જેટલા રાજનીતિધુરંધરો મળ્યા તેમની મુલાકાત લીધી. હિંદુસ્તાનમાં બંગભંગની હિલચાલ પુરજોસમાં હતી અને મહાસભાના તથા બીજા પક્ષોના ઘણા મહારથીઓ ત્યાં હતા. રાતદિવસ એક કરી સૌને મળ્યા. દક્ષિણ આફ્રિકાના હિંદીઓને કેવો અન્યાય થાય છે એ બતાવ્યું ને સત્યાગ્રહનું શાસ્ત્ર પણ સમજાવ્યું. હિંદીઓના દુ:ખ પ્રત્યે તો સૌ પીગળ્યા ને સહાનુભૂતિ બતાવી પણ સત્યાગ્રહ બાબત મોટા મોટા માણસોએ વ્યંગ કર્યા. પરંતુ એ વ્યંગોથી તેઓ નિરાશ ન થયા. તેમ જ સરકારે 'ખૂની કાયદો રહેશે જ' એમ સંભળાવ્યું તેથી તેમનું મન ભાંગી ન પડ્યું.

૪૧ વરસની ઉંમરે: વિલાયતથી પાછા ફરતાં આગબોટમાં નવ દિવસમાં એકવીસ પ્રકરણવાળું 'હિંદ સ્વરાજ' લખ્યું. દિવસરાત લખલખ કર્યું. જમણે હાથે થાક્યા ત્યારે ડાબે હાથે લખ્યું. એ 'હિંદ સ્વરાજ' એટલું એકાગ્રતાથી અને વિચારોની સ્પષ્ટતાથી લખ્યું કે જતે દિવસે એ 'ગાંધીગીતા' સમું મનાયું.

વિલાયતથી પાછા ટ્રાન્સવાલ આવી જોયું કે સત્યાગ્રહીઓની સંખ્યા ઓસરી ગઈ છે. હવે છેવટ સુધી ઝીક ઝીલનારા થોડા જ છે. પાકે પાયે બધો બંદોબસ્ત કરવો જોઈએ.

લડાઈની ધમાલમાં વકીલાત નામની જ રહેલી. પણ તે નામની વકીલાત પણ હવે છોડી અને જોહાનિસબર્ગ પાસે એક જર્મન મિત્ર મિ. કેલનબૅકના મોટા ખેતરમાં પડાવ નાંખ્યો. સત્યાગ્રહી કુટુંબનાં બાળકો અને સ્ત્રીઓને પોતાની સાથે વસાવ્યાં અને તેમને સૌને આદર્શ સત્યાગ્રહી બનવાની તાલીમ આપવા માંડી. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, તામિલ, ગુજરાતી, હિંદી દક્ષિણ આફ્રિકામાં જન્મેલી હિંદી તેમ જ મિશ્ર જાતિના, જાતજાતના સ્વભાવના, જાતજાતના આહારથી ટેવાયેલા, સદાચારી, દુર્વ્યસની વગેરે સેંકડો ભેદવાળાં બાળકો, સ્ત્રીઓ અને પુરુષોનો શંભુમેળો એ 'ટૉલ્સ્ટૉયખેત'માં ભેળો થયેલો. માંસાહારીઓને માંસ

વિના ચલાવવા વીનવ્યા, જાતજાતની સ્વાદભરી રસોઈ ખાનારાઓને સ્વાદ છોડવા સમજાવ્યા અને બધાંનું એક રસોડું કર્યું. પોતે મુખ્ય રસોઇયા અને પીરસનાર બન્યા. સત્યાગ્રહીઓનાં બેચાર વરસનાં બાળકોને કાખમાં તેડીને સાચવતાં સાચવતાં તામિલ છોકરાઓને તામિલ, ગુજરાતીઓને ગુજરાતી અને બીજાઓને અંગ્રેજી દ્વારા શીખવવાનો અનુભવ લીધો અને રાષ્ટ્રીય શિક્ષણના સ્વરૂપની ઝાંખી કરી.

૪૨ વરસની ઉંમરે:ટૉલ્સ્ટૉય ફાર્મમાં ઉદ્યોગ, વિદ્યા અને ધર્મનું શિક્ષણ આપતાં આપતાં લડાઈનું સૂત્ર જરાયે ઢીલું ન પડવા દીધું. વિલાયતમાં અને હિંદુસ્તાનમાં મોટા મોટા માણસો સાથે સતત પત્રવ્યવહાર રાખ્યો અને 'ઈન્સાફ કરો' નો પોકાર રોજેરોજ વધારતા જ ગયા. બીજી બાજુ મૂઠીભરનો મોરચો કોઈ રીતે મોળો ન પડવા દીધો. અંતે ટૉલ્સ્ટૉય ફાર્મમાં ધખાવેલી આ ધૂણીને પ્રતાપે સરકારે બીજી વાર ધોળો વાવટો ચડાવ્યો.

નવી ધારાસભામાં 'ખૂની કાયદો' રદ કરવાની જાહેરાત થઈ. નવો ધારો પસાર થતાં સુધી બાપુજીએ પણ સત્યાગ્રહ મુલતવી રાખ્યો અને ટૉલ્સ્ટૉય ફાર્મમાં સત્યાગ્રહીઓના ઘડતર પાછળ વધુ મહેનત કરવા માંડી.

૪૩ વરસની ઉંમરે: પણ હજી બ્રહ્મચર્ય પાળવામાં મહેનત કરવી પડતી હતી. એને પહોંચવા માટે અસ્વાદવ્રતને વધુ આકરું બનાવવા દૂધ-ઘી અને તે વડે રંધાયેલા પદાર્થોનો ત્યાગ કર્યો. એટલેથી પણ સંતોષ ન થયો એટલે અનાજ ખાવાનું છોડ્યું અને ફક્ત કંદમૂળ ખાઈને રહેવા લાગ્યા. આ ખોરાકમાંયે વચ્ચે વચ્ચે ઉપવાસ એકટાણાં તો હોય જ.

આમ 'ટૉલ્સ્ટૉયખેત'માં જીવનની ભારેમાં ભારે ખેતી કરી રહ્યા હતા ત્યાં દક્ષિણ આફ્રિકાની સ્થિતિ જોવા ગોખલેજી આવ્યા. આખા દક્ષિણ આફ્રિકાના દરેક પ્રાંતમાં, દરેક શહેરમાં વિલાયતના શહેનશાહને મળે તેવું માન ગોખલેજીને હિંદીઓ અને ગોરા મિત્રો પાસે અપાવ્યું. દુશ્મન ગણાનાર સ્મટ્સ સાહેબે પણ માનપૂર્વક ગોખલેજીને મુલાકાત આપી અને તેમને ખૂની કાયદો રદ કરવાનું, કોઈ પણ કાયદામાં રંગદ્વેષ ન રાખવાનું અને છૂટા થયેલા ગિરમીટિયાઓ પરથી ત્રણ પાઉંડનો કર કાઢી નાખવાનું વચન આપ્યું.

સમાધાની થયે ગોખલેજી હિંદુસ્તાન આવ્યા તેમને જંગબાર સુધી વળાવવા ગયા. મન તો બહુ થયું કે હવે હિંદુસ્તાન જઈ ગોખલેજી સાથે જ રહું, પણ કર્તવ્ય દક્ષિણ આફ્રિકામાં હતું એટલે સ્વદેશ જવાનો મોહ પણ વાર્યો.

૪૪ વરસની ઉંમરે: ટૉલ્સ્ટૉય ફાર્મમાં વસનારાં બીજી વારની સમાધાની થયા પછી પોતપોતાને ઘેર ગયાં. થોડાં રહ્યાં તેમને લઈ બાપુજીએ ફિનિક્સ

આવી થાણું નાખ્યું. ત્રણ પાઉંડના કરની લડત લેવી હોય તોયે ફિનિક્સ હવે સારું કેન્દ્ર હતું, કારણ ગિરમીટિયા મજૂરો મોટે ભાગે નાતાલના એ જ ભાગમાં કામ કરતા.

અત્યાર સુધી પોતે પાળેલા અસ્વાદવ્રતને હવે સામૂહિક બનાવવાના અખતરાઓ તેમણે માંડ્યા. બીજી બાજુ સરકારે નવો અન્યાય કર્યો અને હિંદુ તથા મુસલમાન ધર્મને અનુસાર થયેલા વિવાહ ગેરકાયદેસર ઠરાવ્યા. આબરૂ ઉપર થયેલા એ આક્રમણ સામે બહેનોને પણ તેમણે જેલ જવાને તૈયાર કરવા માંડી.

સરકારને અનેક વિનંતીપત્રો મોકલ્યા, તાર કર્યા અને પોતાનું વચન પાળવા માટે ફરી ફરી કહ્યું. પણ બધા પ્રયત્નો ફોકટ ગયા. ગોખલેજીને વચન આપેલાં તેથી ઊંધા જ મુદ્દાવાળો કાયદો પસાર થયો.

આમ ૧૯૧૨નો હિંદ વિરોધી કાયદો પસાર થયો ને શહેનશાહ પંચમ જ્યોર્જે તે પર સહી કરી.

અહીં બાપુજીએ ફિનિક્સ છાવણીમાં ઘડીને તૈયાર કરેલા કુલ સોળ સૈનિકોના કાન ફૂંક્યા ને તેમનામાં જીવન ભરી એમને ટ્રાન્સવાલની સરહદ પર મોકલ્યા. સોળે જણા પકડાયા ને સત્યાગ્રહનું છેલ્લી વારનું ધિંગાણું આરંભાયું.

૪૯ વરસની ઉંમરે: સત્યાગ્રહનું વિરાટ સ્વરૂપ પ્રગટાવ્યું. નબળા ઉપવાસી શરીરે આખા દક્ષિણ આફ્રિકામાં ફરી વળ્યા. અભણ ઘરરખુ બહેનોને સત્યાગ્રહનાં સત ચડાવ્યાં. એ બહેનોએ ગિરમીટિયા મજૂરો વચ્ચે રણનાદ કર્યો. મજૂરોનાં હજાર હજારનાં દળ ઊમટ્યાં. ચામડી ચીરી નાખનારા કોરડા, જીવલેણ બંદૂકો અને લશ્કરી માણસોનું ભારે તાંડવ વેઠીને પણ એ સત્યશૂર અને તપોધન સેનાપતિની આસપાસ અર્ધગુલામ અને અસંસ્કારી ભારતીઓનાં ટોળાં વીંટળાઈ વળ્યાં.

સાડા ચાર હજાર માણસોને લઈ નાતાલમાંથી ટ્રાન્સવાલ પગે ચાલીને કૂચ કરી. રોજના દોઢ બે કલાક માંડ સૂવાનું મળ્યું. બાકી આખો વખત ઊભે પગે કામ કર્યું અને રોજના વીસ વીસ માઈલ ચાલ્યા. આ કૂચમાં શરીર સુકાઈ ગયું ને હાડકાંનું માળખું રહ્યું. પણ આત્મા મધ્યાહ્નના સૂર્ય શો પ્રગટ્યો.

છેવટે સરકારે પકડ્યા ને એક વરસની કેદ મળી. પણ વાઈસરૉય હાર્ડિંજ સાહેબ વચ્ચે પડ્યા. વિલાયતની સરકારે પણ દબાણ કર્યું અને દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો ન્યાય કરવા પંચ નિમાયું. વરસની સજા કર્યા પછી ચાળીસમે દિવસે સરકારે બાપુજીને છોડી મૂક્યા. છૂટીને બાપુજીએ સરકારે નીમેલા પંચમાં પોતાના પ્રતિનિધિ ઉમેરવાનો આગ્રહ કર્યો. સરકારે ન માન્યું ને તેમણે ફરી જેલ જવાની તૈયારી કરી. તેવામાં દક્ષિણ આફ્રિકા સરકારની રેલવેમાં ભયંકર હડતાલ

પડી ને તેને અંગે મારફાડ શરૂ થઈ. સરકારને વધુ પજવવા માટે હડતાળિયાઓએ બાપુજીને પણ પોતાની સાથે ભળવા નોતરું આપ્યું, પણ તેમાણે હિંસાની લડાઈમાં મદદ કરવાની ચોખ્ખી ના પાડી અને હડતાલ શમતાં સુધી નવા સત્યાગ્રહીઓને જેલ જતા રોક્યા.

રેલવે હડતાલ શાંત થઈ એટલે ફરી ગિરમીટિયાઓની પ્રચંડ હડતાલ પાડવાની બાપુજીએ તૈયારી કરી. પણ હવે સત્યાગ્રહને ઉગ્ર થવા દેવાની હિંમત સરકાર ન કરી શકી. તેણે 'હિંદીઓને રાહત આપનારો કાયદો' પ્રસિદ્ધ કર્યો, અને જે જે વસ્તુઓ બાપુએ છેલ્લી લડત ઉપાડતાં પહેલાં માગી હતી તે બધી વસ્તુઓ મંજૂર થઈ. ખૂની કાયદો ગયો, કાયદામાં રંગભેદનું નામ ન રહ્યું. હિંદી રીતે થયેલાં લગ્નો કાયદેસર મનાયાં અને ત્રણ પાઉન્ડનો કર દૂર થયો. સત્યાગ્રહ દિવ્યાસ્ત્ર તરીકે સિદ્ધ થયો. બાપુજીનો અપૂર્વ વિજય થયો પણ હજુ તપનો થોભ નહોતો આવ્યો.

છેલ્લી વાર જેલ જવાનું અટક્યું ને સરકારની વાટાઘાટનો અંત આવ્યો તે સમયની વચ્ચે ફિનિક્સમાં આગળના કરતાં પણ વધારે કઠોર તાલીમ આપવા માંડી. પોતે તો દૂધ છોડ્યું જ હતું પણ હવે આખા રસોડામાં દૂધ, ઘી બંધ થયાં. સાંજે ભજન થતાં જ. હવે પરોઢે ચાર વાગ્યે ઊઠીને નિશ્ચિત સમયે ભજનો કરવાનું રાખ્યું. પેલા સાત દિવસના ઉપવાસથી પણ વિદ્યાર્થીઓ ચેત્યા ન હતા તેમને ચેતવવા વળી ૧૪ દિવસના ઉપવાસ કર્યા ને તે પછી આખા વરસનું એકટાણું રાખ્યું. ટૂંકમાં એમના તપનો થોભ ન જ આવ્યો.

સમાધાની થયા પછી હિંદુસ્તાન આવવા નીકળ્યા ત્યારે શહેરે શહેરે પાંચ પાંચ હજાર માનવીઓની સભા થઈ. બહુ ભારે માન અપાયું. 'રૂપેરી ને સોનેરી અર્પણપત્રો' મળ્યાં, પણ તેથી પોતાની મહત્તા તસુભર પણ વધ્યાનો ખ્યાલ સુધ્ધાં તેમને ન આવ્યો. ટ્રાન્સવાલ છોડ્યું ને જોહાનિસબર્ગમાં છેલ્લી સભા થઈ તે દિવસે તેમના વિજયથી અદેખા બનેલા લોકોની ટોળીએ તેમના પર સડેલાં ઈંડાં ફેંક્યા તથા તેમને મારવાનો પ્રયાસ કર્યો, પણ મિત્રોએ મારનારાઓને ઘેરી લઈ દબાવી દીધા. બાપુજીને એ ન રુચ્યું. તેમાણે મિત્રવર્ગને સંભળાવ્યું, ''શા માટે મારા પર હુમલો કરનાર પર કોઈ હુમલો કરે છે? જેને મને મારવો હોય તે સુખે મારે. મારી રક્ષા ઈશ્વરને કરવી હશે તો કરશે! હું હવે સમુદ્રયાત્રા કરવાનો છું. જો મારું વહાણ ઈશ્વર ડુબાડી દે તો શું તમે ઈશ્વર સાથે લડવા જશો કે 'તેં કેમ અમારા ગાંધીને છીનવી લીધો?' માટે હું ફરી ભારપૂર્વક સમજાવવા ઈચ્છું છું કે કોઈ મને મારવા ઉત્સુક હોય તેનો માર ખાવા હું સદૈવ તૈયાર છું. મને મારનાર પર વેર વાળવાની ઈચ્છા સરખી કોઈએ ન કરવી જોઈએ.''

બાર બાર વરસનાં આકરાં તપની, આવી ભવ્ય બલિદાનવૃત્તિ વડે તેમણે પૂર્ણાહુતિ કરી અને ૪૫ વરસની પાકી વયે હિંદુસ્તાન આવવા દક્ષિણ આફ્રિકા છેલ્લી વાર છોડ્યું.

## ૮
## પિતા અને કાકા

કાકાઓને હાથે ભત્રીજાઓનું ઘડતર એ કંઈક અમારા કુળની પરંપરા જ જણાય છે. ઓતાબાપાને પ્રગતિને પંથે તેમના દમાકાકાએ પગલાં મંડાવ્યાં; મારા દાદા ખુશાલચંદ ગાંધીનું ઘડતર તેમના કબાકાકાને હાથે થયું; મારા પિતા અને કાકાના જીવનના કર્ણધાર શરૂથી આખર સુધી એમના મોહનદાસકાકા રહ્યા; અને મારી કેળવણીના પાયા મારા મગનલાલકાકાને હાથે જ નખાયા. મારી સ્થિતિ તો એવી છે કે પિતા શબ્દના ઉચ્ચારની સાથે જ મારી નજર સામે પિતા-કાકાનું ભ્રાતૃયુગલ ખડું થઈ જાય છે.

આટલું લખ્યા પછી પિતાશ્રી અને મગનકાકાના સાહચર્ય, સહજીવન, સહપઠન વગેરે વિશે લખવાની કે તેમના વિશિષ્ટ જીવનપ્રસંગો આપવાની જરૂર રહેતી નથી. જે ઘરનું બાળક પોતાના કાકાને પણ પિતા સમજે એ ઘરમાં પિતા અને કાકાનાં શક્તિ ને સ્વભાવ ગમે એટલાં ભિન્ન ભિન્ન હોય તોપણ બંને ભાઈ એકજીવ હોય જ એ સહુ કોઈ સમજી શકે. અને બેમાં જે વધુ પ્રાણવાન હોય તેને જ ઘરનાં બીજાં જાણ્યેઅજાણ્યે અનુસરે, એ પણ સહેજે કલ્પી શકાય એવું છે.

બાળવયથી જ મારા પિતાશ્રી શાંત, ઠંડા અને 'નિશાળમાંથી નીસરી જવું પાંસરું ઘેર' એ સ્વભાવના. જ્યારે મગનકાકા તીખા, ભરાડી, ઘરમાં, પોળમાં અને ગામમાં રોજ કંઈ ને કંઈ નવું તોફાન જગાવનારા, દિવસ આખો ઊથલપાથલ કરતા રહેનારા તથા કોઈના હાથમાં ઝાલ્યા ન રહે એવા સ્વભાવના હતા. મોટા થયા અને હાઈસ્કૂલમાં ભણવા લાગ્યા ત્યારે પિતાશ્રી ઘેર આવી કલાકો સુધી પોતાના પાઠો તૈયાર કરતા અને મોટા બાપુજીના કામમાં નાનીમોટી મદદ કરતા. ખરીદીનું ને હિસાબ રાખવાનું કામ પણ તેઓ કરતા. સાંજ પડ્યે આઘે સુધી ફરવા જતા ને દેવદર્શન કરી પાછા આવતા. મેદાની રમતોમાં તેમને રસ ન હતો. તેમનું શરીર પણ નબળું રહેતું. જ્યારે મગનકાકા અખાડેબાજ બન્યા હતા. નિશાળમાંથી નીકળ્યા પછી તેઓ ચોપડી હાથમાં ભૂલેચૂકેય ન લેતા. માસ્તર શીખવે ત્યારે ધ્યાન દઈને મગજમાં ઉતારી લે એટલું જ એમનું ભણતર. સાંજે જાતજાતની કસરતો. હૂડતત, આંધળો પાડો, આમલીપીંપળી વગેરે રમતો અને ધિંગામસ્તી. પછી રબારીવાડે જઈ શેડકઢું દૂધ પીવાનું. મોટા બાપુજીના

ઘોડા અને તમંચા છૂટથી વાપરતા. કોઈથીયે ગાંજ્યા જાય એવા તેઓ નહોતા. શરીર ખરેખર કાઠિયાવાડી જોદ્ધા જેવું હતું.

ઈ. સ. ૧૯૦૦માં પિતાશ્રી મૅટ્રિકની પરીક્ષા આપવા મુંબઈ ગયા, પણ નાપાસ થયા. ત્યાર પછીને વરસે અમદાવાદમાં પરીક્ષા આપી. આ વેળા તેમની સાથે મગનકાકા પણ હતા. પિતાશ્રી પાસ થયા અને મગનકાકા નાપાસ થયા. આમ મગનકાકાને પણ મૅટ્રિક થવા પાછળ બીજું વરસ બગાડવું પડ્યું. પિતાશ્રીને અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થઈ આગળ ભણવાની બહુ હોંશ હતી; પરંતુ આર્થિક સ્થિતિ તદ્દન પ્રતિકૂળ હતી, એટલે ગ્રૅજ્યુએટ થવાની હોંશ મનમાં દાબી દઈ ઘરનો બોજો હળવો કરવા કમાણીની ચિંતામાં પડવું પડ્યું. તેમણે રાજકોટના પોલિટિકલ એજંટની ઑફિસમાં ઉમેદવારીની અરજી આપી અને ખાનગી ટ્યૂશનનું કામ પણ આરંભ્યું. આજે સરકારી નોકરીના એકાદ ખાલી સ્થાન ઉપર ગ્રૅજ્યુએટો અને દોઢગ્રૅજ્યુએટોની હજાર હજાર અરજીઓ પડે છે પણ પાંત્રીસ વરસ પહેલાં તેવું ન હતું. એટલે એ અરજી મંજૂર થઈ અને તેઓ પોલિટિકલ એજન્ટની ઑફિસમાં ઉમેદવાર તરીકે કામ કરતા થઈ ગયા.

બરાબર આ જ અરસામાં બાપુજીએ દક્ષિણ આફ્રિકાથી આવીને રાજકોટમાં વકીલાત જમાવવાનો પ્રયાસ કર્યો અને પિતાશ્રીને તેમના પ્રસંગમાં આવવાની તક મળી. તેમને બાપુજીનું પહેલવહેલું સ્મરણ બાપુજી વિલાયતથી બૅરિસ્ટર થઈને આવ્યા ત્યારનું છે. અને તે એટલું જ કે એક મોટી નાત થયેલી તેમાં સૌને બાપુજીએ પીરસેલું ને પોતે તેમાં જમવા ગયેલા. એ નાત તે ચુસ્તપક્ષને શાંત કરવા બાપુજીના મોટા ભાઈએ તેમની નાશિકમાં શુદ્ધિ કર્યા પછી જમાડેલી નાત હતી. ત્યારે પિતાશ્રીની ઉંમર દસેક વરસની અને મગનકાકાની આઠ વરસની હતી. બાપુજી કરતાં બંને અનુક્રમે બાર અને ચૌદ વરસ નાના.

બાપુજી સાથેનો બીજો પ્રસંગ જે પિતાશ્રીને સારી પેઠે યાદ છે તે લીલા ચોપાનિયાનો. ચોપાનિયાની હજારો નકલો બીડવામાં અને તેનાં સરનામાં કરવામાં તેમણે મદદ આપેલી. બાપુજીની ઉપર ડરબન ઊતરતાં જીવલેણ હુમલો થવાનું નિમિત્ત જે બનેલું તે જ એ ચોપાનિયું. ત્રીજી વારનો અને હંમેશનો થઈ પડનારો પ્રસંગ તે આ મૅટ્રિક થયા પછીનો. આ સમયે બાપુજી ૩૩ વરસના હતા. આ સંબંધ કેવી રીતે જામતો આવ્યો તેનું વર્ણન કરવાને બદલે પિતાશ્રીની જૂની નોંધપોથીનાં એકબે પાનાં હાથ આવી ગયાં છે તેમાંથી જ થોડાં ટાંચણો ઉતારું:

તા. ૧૪-૧૨-૦૧ મોહનદાસકાકા (આખું ઘર) નાતાલથી પોરબંદર ઊતરી રાજકોટ આવ્યા.
તા. ૧૭-૧૨-૦૧ મોહનદાસ કાકા કલકત્તે ગયા.
તા. ૧૯-૧૨-૦૧ હું પાસ થયાનો તાર આવ્યો.
તા. ૧૬-૧-૦૨ D. A. P. A. દ્વારા એજન્સીમાં દાખલ થવાની અરજી આપી.
તા. ૨૫-૧-૦૨ અરજી મંજૂર થઈ ઑફિસે જવા માંડ્યું.
તા. ૨૬-૨-૦૨ કલકત્તેથી મોહનદાસકાકા આવ્યા.
તા. ૪-૩-૦૨ મોહનદાસકાકાના ટાઈપરાઈટર પર ટાઈપિંગ શીખવું શરૂ કર્યું.
તા. ૧૪-૩-૦૨ શૉર્ટહૅન્ડ શરૂ કર્યું. એજન્સીમાં જવું બંધ કર્યું.
તા. ૧૮-૩-૦૨ મોહનદાસકાકા સાથે જામનગર કેસ માટે ગયો.
તા. ૩-૪-૦૨ મોહનદાસકાકા સાથે વેરાવળ વડિયાના કેસ માટે ગયો; ત્યાં પ્રભાસપાટણ વગેરે જોયું.
તા. ૬-૪-૦૨ વેરાવળથી પાછા આવ્યા.
તા. ૩૦-૬-૦૨ મોહનદાસકાકાનું મુંબઈ જવાનું નક્કી થયું.
તા. ૫-૭-૦૨ મોહનદાસકાકાએ પ્લેગ કમિટીનો ફાઈનલ રિપોર્ટ આપ્યો.
તા. ૭-૭-૦૨ પોરબંદરના શેઠ દાઉદજી અને દાદા અબદુલ્લા મોહનદાસ-કાકાને મળવા આવ્યા; તેમને ઉતારવા સ્ટેશને ગયો.
તા. ૮-૭-૦૨ મોહનદાસકાકા શહેર સુધરાઈ સમિતિના કામમાં રોકાયા.
તા. ૯-૭-૦૨ દાઉદજી શેઠ અને અબ્દુલ્લા શેઠ પાછા પોરબંદર ગયા.
તા. ૧૦-૭-૦૨ મુંબઈ જવાને મોહનદાસકાકા સાથે નીકળ્યો. ગોકળદાસ (બાપુજીના ભાણેજ) બનારસ ને હરિલાલ ગોંડળ ભણવા ગયા.
તા. ૧૧-૭-૦૨ મુંબઈ પહોંચ્યા. રેવાશંકરભાઈના માટુંગાના બંગલામાં ઊતર્યા.

વાચકને કદાચ આ તારીખો શુષ્ક લાગશે. પણ એ તારીખોમાં બાપુજીનો ઈતિહાસ ભર્યો છે એટલે જ મેં તે અહીં ઉતારવાની હિંમત કરી છે. આત્મકથા ઝીણવટથી વાંચનાર રસિયાઓને આ ઉપરથી જાણવા મળશે કે બિલકુલ નોંધ વિના કેવળ સ્મૃતિને આધારે બાપુજીએ પોતાના જીવનવૃત્તાંતનો કાળક્રમ પણ કેટલો બધો વ્યવસ્થિત આપ્યો છે! વળી ઉપલી નોંધ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે મારા પિતાશ્રી એકાએક બાપુજીના સમાગમમાં આવતાંની સાથે તેમના

પ્રવાહમાં કેટલા બધા વહી ગયા છે. એ સમયે 'જીવનનું ધ્યેય', 'દેશસેવા', 'આદર્શ જીવન' વગેરે વાક્યપ્રયોગો પિતાશ્રીને કાને પણ નહીં પડ્યા હોય. બાપુજીના પોતાના ચિત્તમાં પણ તે બધું ઊંડે ઊંડે માત્ર ઘોળાતું હતું. એટલે નિ:શ્રેયસનો વિચાર કરીને પિતાશ્રી બાપુ સાથે જોડાયા એમ ન કહી શકાય, પણ પ્રારંભથી જ બાપુજીનો જીવનપ્રવાહ એટલો ઓજસ્વી હતો કે જે કોઈ તેમના સંબંધમાં આવે તે તેમની પાછળ તણાવા જ લાગે. ગંગાના વેગવાન પ્રવાહમાં નાના સરખા ઝરણાનો જેમ પત્તો ન લાગે તેમ આ પછી પિતાજીનું જુદું જીવન રહ્યું જ નહીં. તેમનું વ્યક્તિત્વ જ બાપુજીમાં લુપ્ત થયું.

જુલાઈથી નવેમ્બર સુધી બાપુજીએ મુંબઈમાં વકીલાત કરી. બાપુજીને કેસમાં કે અરજીમાં જે મહેનતાણું મળે તેના પ્રમાણમાં પિતાજીને તેમની કારકુન તરીકેની ફી મળતી. પાંચ મહિના બાદ અણધાર્યા બાપુજી નાતાલ ગયા ત્યારે બે મહિનામાં પાછા ફરવાની તેમની ગણતરી હોવાથી, ઑફિસ ચાલુ રાખી તેને સંભાળવા તથા પૂજ્ય બા પાસે રહેવા અને મણિલાલકાકાને ભણાવવા પિતાશ્રીને માસિક પગારે તેઓ ગોઠવતા ગયા. મણિલાલકાકા છાત્રાલયમાં મૂકવા જેવડા નહોતા થયા અને રામદાસકાકા તથા દેવદાસકાકા ભણવા જેવડાયે ન હતા. હરિલાલકાકાને ગોંડળની બોર્ડિંગમાં પહેલેથી જ દાખલ કરેલા એ ઉપરની નોંધમાંથી જાણાય છે.

મગનકાકા ૧૯૦૨ના નવેમ્બરમાં બીજી વાર અમદાવાદમાં પરીક્ષા આપી સીધા મુંબઈ ગયા. ભવિષ્યમાં શા ધંધે વળગવું એ ચર્ચા માટે બાપુજીએ તેમને નોતર્યા હતા, અને તેમને મુંબઈ જોવુંયે હતું. એક અઠવાડિયા પૂરતા જ તેઓ ત્યાં ગયેલા. એમને સદ્ભાગ્યે એ જ વખતે બાપુજીને દક્ષિણ આફ્રિકા જવા બાબત તાર મળ્યો. મગનકાકાને મુંબઈ કે કાઠિયાવાડમાં શું કામ મળશે એની હજુ કલ્પનાયે ન હતી, એટલે બાપુજીએ તેમને કહ્યું, 'ચાલો મારી સાથે આવતા હો તો લઈ જાઉં.'

મ૦ - પણ હજુ તો મારું પરીક્ષાનું પરિણામ નથી આવ્યું ને?

બાપુ૦ - તેની શી ફિકર છે? ભણ્યા એટલું ઘણું, પાસ થવા ન થવા પાછળ કાંઈ વરસો બગાડાય? પાસ થશો તોય ધંધો શોધવાનો છે જ ને? અહીં નાનીસૂની નોકરી શોધવા કરતાં પરદેશ ખેડવો સારો. ત્યાં ખૂબ આગળ વધાય. શક્તિ, સાહસ અને અનુભવ પણ વધે.

મ૦ - પરીક્ષાનું 'રિઝલ્ટ' જાણવાની આતુરતા રહે; બાકી મને આપની સાથે આવવું બહુ ગમે. હું તૈયાર છું. રાજકોટ જઈ આવવા જેટલો વખત છે?

બાપુ૦ - ના. હું ખુશાલભાઈની રજા મંગાવી લઉં છું.

બાપુજીએ મોટા બાપુજી ઉપર તાર કર્યો: 'જો તમારી અને દેવભાભીની રજા હોય તો હું મગનલાલને દક્ષિણ આફ્રિકા લઈ જવા ઈચ્છું છું.' મોટા બાપુજીએ તરત જ જવાબ વાળ્યો: 'તમને ઉચિત લાગતું હોય અને મગનલાલ આવવા રાજી હોય તો જરૂર લઈ જાઓ.' અને માતાપિતાને મળ્યા વિના મગનકાકા બાપુજી સાથે પરદેશ જવા ઊપડી ગયા. તેમની પાસે પૂરાં કપડાંયે ન હતાં. પરીક્ષા આપવા જનાર પાસે કેટલુંક હોય? તેમને માટે પ્રવાસમાં આવશ્યક વસ્તુઓ પિતાશ્રીએ ભેળી કરી આપી બાપુજી સાથે વિદાય કર્યા.

નાતાલ પહોંચી બાપુજી થોડાક જ દિવસમાં ટ્રાન્સવાલ જવા ઊપડી ગયા અને મગનકાકાને તેમણે ડરબનથી ત્રીસેક માઈલ દૂર આવેલા ટોંગાટ નામના ગામડામાં મોકલ્યા. નાતાલના મૂળ વતની ઝૂલુ જાતિના લોકો વચ્ચે ગોરાઓ કરતાં હિંદી વેપારીઓની અને ખાસ કરીને ગુજરાતીઓની દુકાનદારી ઠીક જામેલી. ટોંગાટ, સ્ટેંગર વગેરે ઝૂલુઓની વસ્તીનાં મુખ્ય કેન્દ્રમાં પહોંચી જઈ કરમચંદબાપાથી નાના ભાઈ તુલસીદાસ ગાંધીના પૌત્ર અભેચંદ ગાંધીએ ચારપાંચ વરસ ઉપર ત્યાં દુકાન નાખી હતી. તેમના નાના ભાઈ આણંદલાલ ગાંધી, ઓતાબાપાના ચોથા પુત્ર રતનજી ગાંધીના પૌત્ર કાળીદાસ ગાંધી અને કાઠિયાવાડના બીજા બે મિત્રો એ દુકાનમાં ભાગીદાર હતા. મગનલાલકાકા એ જ પેઢીમાં એક નવા ભાગીદાર તરીકે જોડાયા. નવા ભાગીદારને ચારગણું વૈતરું કરવું પડે. મગનકાકાને પણ જતાંની સાથે જ ઠીક ઠીક મહેનત, સાહસ અને વેપારી આંટીઘૂંટી પાછળ મગજમારી કરવી પડી. પરંતુ ટૂંક મુદતમાં તે દુકાનદારી શીખી ગયા અને ટોંગાટથી પણ દૂર એક ગામડામાં અને પછી સ્ટેંગર પાસે ગાઢ જંગલમાં આવેલી દુકાનમાં કામ કરવા ગયા. સ્ટેંગરમાં ગયા ત્યાં સુધી તેમને ઝૂલુ બોલી આવડતી ન હતી. ઊંચા પડછંદ જેવા કાળા કાળા માણસો ધરતી ધ્રુજાવતા દુકાનમાં પગલું મૂકતા ત્યારે તેમની છાતી થડક થડક થવા લાગતી ને પોતાનું કાઠિયાવાડનું કસરતી શરીર પણ નાજુકડું ભાસતું. છતાં હિંમત રાખી રહ્યા. તેમની સાથે બીજા બે જણ હતા તે પણ નવાસવા જ હતા. ત્રાણેય અકબીજાની ઓથે સાહસપૂર્વક દિવસરાત ગાળવા લાગ્યા અને થોડીઘણી કમાણી પણ કરવા લાગ્યા.

બાપુજીને દક્ષિણ આફ્રિકા ગયે ચારેક મહિના પૂરા થયા ત્યારે તેમનો ત્યાં રહેવાનો નિર્ણયનો કાગળ આવ્યો અને પિતાશ્રીએ મુંબઈની તેમની ઑફિસ વગેરે સમેટ્યું. ત્યાર પછી પણ આખું વરસ પૂરું થયું ત્યાં સુધી, એટલે કે ૧૯૦૩ના ડિસેમ્બર સુધી પિતાશ્રી પૂજ્ય બા સાથે રહ્યા; પરંતુ વગર કામે અથવા સાવ ઓછે કામે બેસી રહેવું અને પગાર લેતા રહેવું ભારરૂપ લાગ્યું એટલે બા પાસેથી

છૂટા પડી પિતાશ્રીએ કોઈ સૉલિસિટરની ઑફિસમાં નોકરી શોધી કાઢી. ત્યાં નોકરીને બેત્રણ માસ વીત્યા ત્યાં બાપુજીનો જોહાનિસબર્ગથી બા સાથે, દક્ષિણ આફ્રિકા જઈ ઘર વસાવવા બાબતનો પત્રવ્યવહાર શરૂ થયો. આ પત્રો લખવાનેયે બાપુજીને જોહાનિસબર્ગની પ્લેગનિવારણ વગેરેની ધમાલને અંગે ફુરસદ ન મળતી એટલે તેઓ અંગ્રેજીમાં ટાઈપ કરાવેલા પત્રો મોકલતા અને પિતાશ્રી તે બાને વાંચી સંભળાવતા. આમાંના એક કાગળમાં તેમણે પિતાશ્રીને પણ લખેલું કે, 'ઇચ્છા થાય તો તમે પણ બાની સાથે અહીં આવી જજો.'

બાને જવાને હજુ વાર હતી, ત્યાં ટોંગાટની દુકાનના એક ભાગીદારનો સથવારો મળ્યો, એટલે તેની સાથે પિતાશ્રી ડરબન જવા ઊપડી ગયા, - ૧૯૦૪ની અધવચમાં એટલે કે બાપુજીએ 'ઇન્ડિયન ઓપીનિયન' છાપાને હિંદીઓનું ઉત્તમ વાજિંત્ર બનાવી મૂક્યું હતું એ વખતે તેઓ ત્યાં પહોંચ્યા. ત્યાં જઈ બાપુજી પાસે તો પહોંચાય એમ ન હતું, કારણ ટ્રાન્સવાલની પરમિટ દુર્લભ હતી, એટલે ટોંગાટ મગનકાકાને મળી આવી તેમણે ડરબનમાં જ ક્યાંક કમાણીનું સાધન શોધવા માંડ્યું. ડરબનના ગુજરાતીઓ વચ્ચે રહેતાં પિતાશ્રીને સહેજે 'ઇન્ડિયન ઓપીનિયન'ના સંપાદક શ્રી મદનજી સાથે પરિચય થયો. ત્યાંને હિસાબે પિતાશ્રીનું અંગ્રેજી અને ગુજરાતીનું જ્ઞાન સારું ગણાય. તેમણે હિંદુસ્તાનનાં છાપાંઓમાંથી 'ઇન્ડિયન ઓપીનિયન' માટે સાર કાઢી આપવાનું અને અંગ્રેજીનું ગુજરાતી કરી આપવાનું શરૂ કર્યું. મદનજીને એ કામ ગમ્યું અને ધીમે ધીમે બધો ભાર પિતાશ્રી ઉપર નાખી પોતે બહારને કામે ફરવા લાગ્યા. આમ પિતાશ્રી ગુજરાતી 'ઇન્ડિયન ઓપીનિયન'ના સંપાદક બન્યા અને તેમને મહિને આઠ પાઉંડનો પગાર પણ મળવા લાગ્યો.

બેએક મહિના બાદ બાપુજી કામ પ્રસંગે ડરબન આવ્યા. એક ગુજરાતી મિત્રને ત્યાં તેઓ વાળુ કરવા બેઠા ત્યારે અનેક જણા એકઠા થયા હતા અને નાતાલના વિવિધ પ્રશ્નોની ચર્ચા ચાલતી હતી. એ વેળા પિતાશ્રી સાથે વાત કરતાં બાપુજીએ જણાવ્યું કે, 'તમારી પરમિટની મેં તજવીજ કરી છે ને આઠેક દિવસમાં મળી જશે.' પણ ત્યાં તો વચ્ચે જ મદનજીએ કહ્યું, 'છગનલાલને ટ્રાન્સવાલ લઈ જવાનું શું કામ છે? એ તો 'ઇન્ડિયન ઓપીનિયન'માં કામ કરતા થઈ ગયા છે; અને હું હવે દેશ જવા માગું છું. મારો વિચાર હવે અહીં રહેવાનો નથી.'

બાપુજી: તો પછી છાપખાનાનું શું?

મદનજી: છાપું તો વેસ્ટ અને છગનલાલ ચલાવે જ છે; અને તમારી પાસેથી લીધેલી લોનના બદલામાં આખું છાપખાનું તમને સુપરત કરી દઉં છું.

બાપુજી આવ્યા હતા બીજે કામે. એમને તો ટૉંગાટ જઈ તરત પાછા ફરવું હતું. શ્રી મદનજીના દેશ જવાની તેમને કલ્પનાયે ન હતી, ત્યાં આ ધડાકો થયો. એ રાતની ચર્ચાને અંતે એમ ઠર્યું કે શ્રી મદનજી પાસેથી કારભાર સંભાળી લેવો. પ્રેસ અને છાપાની બધી જવાબદારી મિ. વેસ્ટ તથા મારા પિતાશ્રીની રહે. બંને જૉઈન્ટ મૅનેજર. આમ, બાપુજી શ્રી મદનજીનું ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ જેમાં 'ઇન્ડિયન ઓપીનિયન' છપાતું હતું તેના માલિક બન્યા તો ખરા, પણ તેમાં દર મહિને આવ્યા કરતી ખોટ તેમને ભારરૂપ લાગી. એ બોજો મગજ પર લઈ તેઓ ટૉંગાટ ગયા. ત્યાં અભેચંદકાકાની દુકાન અને દુકાન પાછળ બનાવેલો નાનો સરખો બગીચો જોયો. બગીચા પાછળ દુકાનદારોની જાતમહેનત નામની જ હતી છતાં બાગમાંનાં ઝાડ ફળથી લચી રહ્યાં હતાં તે તરફ બાપુજીનું ધ્યાન ખેંચાયું. એમના મનમાં વિચાર ઊઠ્યો કે આ બધા દુકાન પાછળ ખુવાર થાય છે તેને બદલે મોટી જમીન લઈ ફળબાગ કરે તો વધારે સારું. જીવનની કૃત્રિમતા ટળે અને આર્થિક જોગવાઈ પણ ઠીક થાય.

પ્રેસનું આર્થિક નુકસાન ટાળવાનો વિચાર અને ટૉંગાટમાં વસતા કુટુંબીઓને દુકાનદારીને બદલે ખેતીના જીવન તરફ વાળવાની કલ્પના એમ બે ખ્યાલ મનમાં લઈ તેઓ પ્રેસની વ્યવસ્થા માટે આઠ દિવસમાં પાછા આવવાનું કહી જોહાનિસબર્ગ ઊપડી ગયા. આઠ દિવસ પછી તેઓ જ્યારે ફરી પાછા ડરબન આવવા નીકળ્યા ત્યારે ટ્રેન ઊપડતી વખતે તેમની સાથે સાદા જીવન પર જાતજાતની ચર્ચા કરનારા મિત્ર મિ. પોલાકે તેમના હાથમાં સર્વોદયનું પુસ્તક મૂક્યું. આ પુસ્તકે બાપુજીના મનમાં ઘોળાઈ રહેલા વિચારોને મૂર્ત સ્વરૂપ આપ્યું. આખી રાત તેમને ઊંઘ ન આવી. તેમણે જાતે શહેરી જીવન છોડી ખેડૂતનું ગ્રામજીવન ધારણ કરવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે બાપુજીએ પોતાની કલ્પના અને યોજના પિતાશ્રીને સંભળાવ્યાં અને તેમાં સહકાર કરવાનું આમંત્રણ આપ્યું. આ સંબંધમાં પિતાશ્રી કહે છે કે, 'એ આમંત્રણ સ્વીકારતાં પહેલાં મારે મનમાં અનેક ભાંજગડ કરવી પડી. હજુ મને ટ્રાન્સવાલ જવાનો મોહ હતો. કમાવાય એટલું કમાઈ રાજકોટ મોટા બાપુજીને ધન મોકલવાની અભિલાષા હતી. પણ બીજી તરફ બાપુજીનો પ્રભાવ પડ્યો અને રસ્કિને દર્શાવેલ ઉત્તમ જીવનના આદર્શો સાચા લાગ્યા. ફળબાગ બનાવવા મહેનતુ અને સાદું જીવન ગાળવું, છાપા દ્વારા લોકસેવા અને મર્યાદિત કમાણી કરવી, ભાઈઓ સાથે મળીને રહેવું અને સૌથી વિશેષ તો બાપુજીનું સાન્નિધ્ય સાધવું, એ બધું મને બહુ રુચિકર અને કલ્યાણકારી લાગ્યું. એમનો પ્રસ્તાવ મેં કબૂલ્યો. વેસ્ટે પણ કબૂલ્યો. ચારછ દિવસમાં તો બાપુજીએ

ફિનિક્સવાળી જમીન ખરીદી લીધી અને ત્યાં જવાની તડામાર તૈયારી ચાલવા લાગી.'

ઈન્ટરનેશનલ પ્રેસમાં મિ. વેસ્ટને સોળ પાઉન્ડ મળતા. એક હોશિયાર અંગ્રેજ કંપોઝીટરને અઢાર પાઉન્ડ અને બીજાઓને પણ મોટા પગારો મળતા. આ કંપોઝીટરોમાંના એકબેને જ પૂરા પગાર સાથે લેવા પડ્યા; બાકી બધાના પગાર ટૂંકાવી નાખવામાં આવ્યા. ઘણા તો ડરબનથી ફિનિક્સ ન ગયા. જે ગયા તેમાંના બેએક અપવાદ કરતાં બીજા બધાને ત્રણ ત્રણ પાઉંડનો પગાર ઠર્યો અને નફો થાય તો બધાનો સરખો ભાગ ઠરાવવામાં આવ્યો.

થોડા દિવસ પછી ફિનિક્સમાં છાપખાના પૂરતું છાપરું તૈયાર થઈ ગયું એટલે બાપુજી જોહાનિસબર્ગથી આવ્યા અને આઠદસ દિવસમાં બધું ત્યાં ફેરવી નાખવામાં આવ્યું. ફિનિક્સ પહોંચ્યા ને બીજે જ દિવસે ટોંગાટથી મગનકાકા અને આણંદલાલકાકા ત્યાં આવી પહોંચ્યા. બધા ભેગા થયા ત્યારે રહેવાને ઘર ન હતાં. છાપખાનાનાં મશીનો અને કાગળિયાં માંડ સચવાય એટલું એકનું એક છાપરું હતું. તે સિવાયના જૂના જમીનમાલિકે નોકરોને રહેવા માટે બે ઓરડીઓ કરાવેલી તે પણ સાવ ખંડિયેર જેવી હતી. ફિનિક્સનો વાસ સાવ જંગલનો હતો. રસોઈ પણ ઘણે ભાગે આકાશના છત્ર નીચે કરવી પડતી. સાદી ખીચડી રાંધવામાંયે પુરુષાર્થ કરવો પડતો. પણ એ બધી વાતો હવે પછી.

## ૯
## ફિનિક્સ

આફ્રિકા વિરાટ ખંડ છે. એશિયાથી ઘણો નાનો છતાં ઓછો વિરાટ નહીં. લંકાથી હિમાલય સુધીના અને બલુચિસ્તાનથી બ્રહ્મદેશ સુધીના હિંદુસ્તાન ઉપરાંત તિબેટ તથા અફઘાનિસ્તાનને ભેગા લઈ પોતાની રેતીઓમાં દબાવી દઈ શકે એવડું મોટું તો ત્યાંનું સહરાનું રણ છે. અને એ તો આફ્રિકાનો માંડ ચોથો ભાગ ગણાય. સૂર્યનારાયણનો વધુમાં વધુ પક્ષપાત મેળવનાર વિષુવવૃત્ત ઉપર એ ખંડ તોળાઈ રહ્યો છે. એ કંદોરાની ઉત્તરે એ જેટલો ફેલાયેલો છે તેટલો જ દક્ષિણે ફેલાયેલો છે. પહોળાઈમાં પણ વિષુવવૃત્ત ઉપર આ ખંડ જેટલી જમીન ધરાવે છે તેટલી પૃથ્વીમાં બીજો કોઈ ખંડ નથી ધરાવતો. પોતાની કેડમાં કંદોરો પહેરેલો હોવાથી આ બાળક (આફ્રિકા) મેઘરાજાનો પણ બહુ જ લાડકવાયો છે. ભારેમાં ભારે જંગલો, હજારો ગાઉ લાંબી નદીઓ, દરિયા જેવડાં સરોવરો અને જોતાંની સાથે શ્વાસ અધ્ધર ચડી જાય એવા ઘૂઘવાટ કરતા ધોધ એ આફ્રિકાનો સાજ છે. ઊંચાઊંચા વાંસનેયે નીચું જોવડાવે એટલા ઊંચા, છ છ માણસની

બાથમાં સમાય એવા જાડા અને લોઢાનેયે ટક્કર મારે એવા અબનૂસ સમા લાકડાવાળા, રબર જેવા રસવાળા અને મીઠાં મધુરાં ફળવાળા અસંખ્ય વૃક્ષરાજ ત્યાં જમાનાના જમાનાઓથી ડોલ્યા કરે છે. ક્યાંયે જોવા ન મળે એવા રંગબેરંગી પોપટો, બુલબુલો અને જાતજાતનાં પક્ષીઓ એ મહાવૃક્ષોના તાલમાં સંગીત પૂરે છે. પ્રચંડ હાથીઓ, તેમને કુંભસ્થળે ચાંદલો કરી શકે એટલી ઊંચી ડોકવાળાં શાહમૃગો, ઊંટથી બમણી ઊંચી ગરદનવાળા જિરાફ તેમ જ ડિલે ચટાપટાવાળા ઝિબ્રા ઘોડાઓ, સુપ્રસિદ્ધ કેશરી સિંહો, માણસથીયે મોટા વાંદરાઓ, ભેંસોને કાખમાં ઘાલી શકે એવા ગેંડાઓ અને બીજાં ભાત ભાતનાં પ્રાણીઓ પોતાના લાડકવાયા આફ્રિકાને વનદેવતાએ રમવા સારુ આપ્યાં છે. બીજે બધે માણસો દોઢડાહ્યા થઈ જંગલની અને કુદરતની મજા માણવાને બદલે નાજુકાઈમાં પડી પોતાની નવી વ્યવસ્થા આરંભે છે તે જોઈ ભગવાને આફ્રિકાના વતનીઓને કુદરત-માના કોડ પૂરા થાય એવા કદાવર રૂપાળા બનાવ્યા છે. તેમની ચામડી સુંવાળી નથી કરી. તેમનાં પગનાં તળિયાં જોડાથીયે જાડાં કર્યાં છે. તેમના વાળ કાંટાઝાંખરામાં ગૂંચવાઈ જાય એવા નથી બનાવ્યા. વનેચરોની સાથે હળીમળીને રહેતાં ને તેમની વચ્ચે ફરતાં શરમ આવે એવો તેમને લજામણો વાન નથી આપ્યો અને કાચાંપાકાં ફળો ખાતાં ચૂસતાં રસ નીચે ન ટપકી પડે એવા જાડા તેમના હોઠ બનાવ્યા છે. ટૂંકમાં, એ વિરાટ દેશના વાસીઓનું અંગેઅંગ દૃઢ અને પાકું બનાવ્યું છે. તેમનો સ્વભાવ પણ મૂળથી જ એ આખા દેશમાં પોતપોતાના વર્તુળોમાં સંતોષપૂર્વક અને જંગલમય થઈને રહેવાનો નીપજાવ્યો છે. એ આફ્રિકા ખંડની કેટકેટલી વાત કહું? દુનિયાનો એ ખંડ એટલો ભાગ્યશાળી છે કે ત્રણ ત્રણ મહાસાગરો અને બબ્બે સમુદ્રો અહર્નિશ તેનો અભિષેક કરી રહ્યા છે. વીસ હજાર માઈલનો તો તેનો સમુદ્રકિનારો છે. આપણા ભરતખંડને તો માત્ર બે હજાર માઈલનો સમુદ્રકાંઠો છે તોયે આપણા પ્રાંતોની, બોલીઓની, જાતિઓની વિવિધતા ગણાવતાં થાકીએ છીએ તો આ વીસ વીસ હજાર માઈલના સાગરને તીરે ફેલાયેલા ભૂખંડમાં કેટલા પ્રદેશો, કેટલી જાતિઓ, કેટલી બોલીઓ અને કેટકેટલી જાતની જુદી જુદી આબોહવા આવી હશે? એનાં વર્ણનનાં તો મોટાં મોટાં અનેક થોથાં ભરાય.

જરા નકશો જોશો તો દેખાઈ આવશે કે વિષુવવૃત્તની દક્ષિણનો એનો ભાગ લગભગ આખો ઉચ્ચ પ્રદેશ છે; અને ઉત્તર ભાગમાંયે ભારતવર્ષ તરફનો એનો ભાગ ઊંચો છે તથા ક્યાંક ક્યાંક તો એમાં તિબેટ, અફઘાનિસ્તાનની પેઠે આખાના આખા પ્રદેશો પર્વતમાળાના જ બનેલા છે. સહરાનો ભાગ નીચો છે. રાતો સમુદ્ર બાદ કરતાં એ આખા મહાદ્વીપને કિનારે નીચી ભૂમિની એક પાતળી

ઝાલર વીંટળાયેલી છે. હિંદુસ્તાનને જેમ લંકા તેમ આફ્રિકાને ચરણે માડાગાસ્કરનું કમળ પણ છે અને એ કમળમાંયે પહાડ, ઉચ્ચ પ્રદેશ, નીચી ભૂમિ ને સાવ નીચી ઝાલર છે. ખંડના ઉત્તર ભાગમાં પશ્ચિમ તરફ ધગધગતું સહરા તો બીજી તરફ પૂર્વ કિનારે હિમનું છાયેલું કિલિમાંજારોનું ઊંચું શિખર છે! કેવી ખૂબી? એક જ દેશમાં આટલો ફેર; અને તે પણ વિષુવવૃત્તની થડમાં જ! હવે કહો, આફ્રિકાના જિલ્લેજિલ્લામાં અને પ્રાંતેપ્રાંતમાં કેટલો બધો ફેર હશે? સૌથી વધુ મજા તો આફ્રિકાની ઋતુઓની છે. એમાં દક્ષિણાયન અને ઉત્તરાયણ બંને સાથે સાથે ચાલે! જ્યારે એક બાજુના લોકો ટાઢના માર્યા દાઢી ડગડગાવતા હોય ત્યારે બીજી બાજુના લોકો પરસેવે રેબઝેબ થઈ જતા હોય, અને જ્યારે એક બાજુ ભરપૂર ચોમાસું જામ્યું હોય ત્યારે બીજી તરફ મહિનાઓ સુધી આકાશ સાવ નિરભ્ર હોય. વળી ઉત્તર-દક્ષિણ બેય છેડે આકરો શિયાળો અને સખત ઉનાળો વરતાતો હોય, ત્યારે વચ્ચેના ભાગમાં શિયાળોય ન હોય અને ઉનાળોય ન હોય! આવા દેશમાં પાંખે ઊડતાં પંખીઓને કેવી મજા આવતી હશે? ભોળા બાળમનને એમ જ થાય કે જો હું પંખી હોઉં તો ઘડીમાં વસંત ઋતુથી હસી રહેલા બાગબગીચામાં પહોંચી જાઉં અને ઘડીકમાં શરત્કાળના ખરીફ પાકના તાજા તાજા મોલ ચણવા પહોંચી જાઉં! એક બાજુએ જઈ ધરાઈ ધરાઈને ગ્રીષ્મનાં કેરી જેવાં રસાળાં ફળો ખાઈ આવું અને થોડા દિવસ પછી બીજી બાજુએ ઊડી જઈ શીતળ ઉત્સાહભર્યા પવનમાં હિલોળા દેવા માંડું!

આવા વિરાટ અને અદ્‌ભુત આફ્રિકાના અનેક પ્રાંતોમાંનો એક પ્રાંત તે નાતાલ. આખા શરીરમાં જેવડો પગનો અંગૂઠો, તેવડો વિશાળ આફ્રિકામાં એ નાતાલ પ્રાંત. એ પ્રાંતમાં આવેલી નીચી સાવ પાતળી ઝાલરમાં, સાગરનાં પાણીથી છએક માઈલ અંદરના ભાગમાં, સોયની અણીથીયે ટચૂકડી જગ્યા તે આ વાર્તાનું ફિનિક્સ ગામ - અથવા કહો કે ફિનિક્સ સ્ટેશન. કારણ ફિનિક્સ ગામ કયું તે હું હજી સુધી નથી જાણતો. એ સ્ટેશનથી બરાબર અઢી માઈલ ઉત્તરમાં બાપુજીએ ખરીદેલી સો એકર જમીન એ અમારું ફિનિક્સનું ખેતર. હરદ્વાર વિષુવવૃત્તથી જેટલું ઉત્તરે તેટલું ફિનિક્સ દક્ષિણે - બરાબર મિસરની કેરો નગરીના રેખાંશમાં. (જુઓ નાનો નકશો) આ થઈ ભૂગોળના રસિયા તરીકેની વાત. હવે જાતે જોયેલા ફિનિક્સની વાત પર આવું.

બાપુજીએ જ્યારે ફિનિક્સની જમીન ખરીદી ત્યારે તેનો ઘણોખરો ભાગ મોટું બીડ જ હતું. બેત્રાણ એકર જમીન સિવાય એમાં ભાગ્યે જ એવો કટકો હતો કે જેના પર કદી (અથવા વરસોનાં વરસો સુધી) હળ કે કોદાળી ફર્યાં હોય. જમીન સપાટ પણ ન હતી. આખી જમીન ઊંચાનીચી - સોથી બસો ફૂટના

ધીમા ઢાળોવાળી ટેકરાઓની બનેલી - હતી. કોઈ કોઈ જગ્યાએ તો ખૂબ કાંકરા અને પથરા હતા. પણ ઘણીખરી જમીન કાળી માટીની હતી. સેંકડો કે હજારો વરસ સુધી વણખેડાયેલી હોવાને કારણે આ કાળી માટીમાં બહુ જ કસ હતો. મહેનત કરનારને મન એ સોનાથીયે મોંઘી હતી. વરસાદ આવતો ત્યારે માટી એટલી પોચી પડી જતી કે ગોડીને તૈયાર રાખેલા ખેતરમાં વરસાદ પછી ફરવા નીકળતાં ગોઠણ ગોઠણ સુધી પગ ખૂંચી જતા. ચોમાસામાં વરસાદ ધોધમાર પડતો. છ મહિના તો એવા જતા કે જ્યારે પૂરું અઠવાડિયું ભાગ્યે જ કોરું જતું. સાવ કોરા મહિના આખા વરસમાં ત્રણ પણ પૂરા વીતતા હશે કે કેમ એ શંકાની વાત છે. જમીનના એક ખૂણા પર એક મોટો જૂનો બગીચો હતો. તેમાં આંબા, સંતરાં, જામફળ, શેતૂર વગેરેનાં ઘરડાં થઈ ગયેલાં ઝાડ હતાં. બીજે એક ખૂણે દૂર ઠીંગણા બાવળની ગીચ ઝાડી હતી. તેમાં તડકો ભાગ્યે જ પહોંચતો. હરણ, શિયાળ ને શાહુડી જેવાં પ્રાણીઓને એ મંડપ શિકારીઓથી બચવા ઠીક ફાવતો. આ સિવાય આખી જમીન ઉપર ઘાસ જ ઘાસ હતું. ઊંચામાં ઊંચો માણસ ટટ્ટાર ઊભો રહે તોપણ તે ક્યાં છે તે જણાય નહીં એટલું ઊંચું અને ઘાટું એ બીડ હતું. જમીનની પશ્ચિમ બાજુએ એક નાનું નાળું ઉત્તરથી દક્ષિણ તરફ અનેક વળાંકો વળીને જતું હતું. પૂર્વની હદ ઉપર પણ એક સાવ નાનકડું નાળું વહેતું હતું. મોટા નાળાની બંને બાજુએ મોટાં મોટાં ઝાડ હતાં. નાળા પરનો છાંયો બપોરે પણ ન ખસતો અને કોઈ કોઈને દિવસે પણ ત્યાં એકલા જવામાં ડર લાગતો. એ ઝાડ ઉપર ઘણીયે વાર લીલા સાપ લટકતા નજરે પડતા. આ સિવાય પણ ઘાસમાં જાત જાતના સાપ નીકળતા. કોઈ કોઈ દિવસ તો પાંચ પાંચ છ છ સાપ નજરે પડતા. આમાંના કોઈ બારથી વીસ ફૂટ જેટલા લાંબા અને કોઈ સાવ વેંત જેવડા ટૂંકા. કોઈ કાંડાથી બમણા જાડા તો કોઈ ટચલી આંગળી જેટલા પાતળા. કોઈ ત્રિકોણાકારના તો કોઈ ટપકાં ટપકાંવાળા. કોઈ દૂરથી આંખમાં પિચકારી મારી આંધળા બનાવી દેનારા તો કોઈ કાળા નાગ જેવા. કોઈ ઝેર વિનાના તો કોઈ ઉડણિયા, - માણસ જતો હોય તો ઊડીને મોઢા પર જ દંશ દે એવા સાપ હતા! સાપ સિવાય બીજાં ડરાવનારાં પ્રાણીઓ એટલામાં ન જણાતાં. વાઘ, વરુ વગેરે કદી સંભળાયાં નથી. પંખીઓ તો બેસુમાર હતાં, પણ તેમાં મોર ન હતા, કોયલ ન હતી, સૂડા ન હતા, કાબર ન હતી, ચકલી ન હતી અને કાગડાયે નહોતા. બુલબુલ હતાં, પીળાં પચરંગી પંખી હતાં, સિમેન્ટ જેવી માટીનો માળો બાંધનારાં પક્ષી હતાં, રાતી છાતીવાળાં ટચૂકડાં પંખી પણ હતાં, અને દૂર દૂર ઊડતાં બગલાંની હારો તો ખૂટતી જ ન હતી.

પક્ષીઓના કલરવ સિવાય બધું સૂનકાર અને ભેંકાર હતું. પશ્ચિમ તરફ નાળા પારની ટેકરીઓ ઉપર અરધો માઈલ, માઈલ, દોઢ માઈલ એમ છેટે છેટે એક એક બે બે ઝૂલુઓનાં કે ગિરમીટમાંથી છૂટેલા હિંદીઓનાં ઝૂંપડાં હતાં અને તેમાંથી રાત પડ્યે તાપણાં કે દીવાના પ્રકાશ આવતા. કોઈ વાર લડાલડીના ઊંચા સાદો પણ સંભળાતા. ઉત્તર તરફ બે માઈલ દૂર ખ્રિસ્તી ઝૂલુઓની એક નિશાળ અને છાત્રાલય હતાં, પણ તે ધારની પાછળ હોઈ, રહેવાની જગ્યાએથી એ કંઈ ન દેખાતું. પૂર્વમાં અને દક્ષિણમાં દૂર સુધી જંગલ અને બીડ હતાં. રહેવાની ઓરડીઓ પાસેથી સ્ટેશનેથી આવી ઉત્તર તરફ ઈનાન્ડા નદીના પ્રદેશ તરફ જતો એક રસ્તો હતો. તે પર દરેક વખતની ટ્રેનના ઉતારુઓ આવજા કરતા હતા એટલે સાવ પગરવ વિનાની જગ્યા હતી એમ ન કહેવાય. પણ એ રસ્તે જનારા ઝૂલુઓ ગભરાટ ઘટાડવાને બદલે વધારતા. એમની બોલીમાં વ્યંજન ઓછા અને મહાપ્રાણ તથા લુપ્ત ઉચ્ચારના સ્વરો વધારે. ઘેરા અવાજે એ સ્વરોથી દિશાઓ ગજાવતા તેઓ મધરાતે પસાર થતા ત્યારે શરૂઆતમાં ગયેલાઓની તો ઊંઘ પણ ઊડી જતી.

ઋતુ ચોખ્ખી હોય ત્યારે ખુશનુમા રહેતી પણ વરસાદ હેલીઓ કરતો ત્યારે આઠ આઠ દિવસ સુધી ભારે ગાજવીજ અને અંધારું કરી મુશળધાર વરસતો. નાળાંનાં કેડ સમાણાં પાણી જોતજોતાંમાં માથોડું દોઢ માથોડું ચડી જતાં. ઘરમાંથી બહાર નીકળવું ભારે થઈ પડતું. શિયાળાનો પવન પણ એટલો ફૂંકાતો કે બારણાંની તડોમાંથી શિયાળવાંના રોવા જેવા અવાજો નીકળ્યા કરતા. સવારે બહાર નીકળતા ત્યારે કાન કોઈ છરીથી કાપી લેતું હોય એવું લાગતું. ઝાકળ પડીને જામી જતી એટલે એમાં ફરતાં પગનાં આંગળાં ખરી પડતાં લાગતાં. ગરમીમાં બફારો સારી પેઠે થતો, પણ લૂનો ત્રાસ સાંભરતો નથી. ટૂંકા દિવસોમાં પાંચ સવા પાંચે સૂરજ આથમી જતો અને મોટા દિવસોમાં સાંજે સવા સાત સુધી તડકો રહેતો.

આટલી સમૃદ્ધિમાંયે પીવાના પાણીનું દુ:ખ હતું. નાળાનાં પાણીમાં પાંદડાં સડે એટલે એ ન પિવાય; અને રહેવાની જગ્યાએ ટેકરી એટલે કૂવા પણ કેમ ખોદાય? ઘરનાં છાપરાંઓને પતરાંની મોટી મોટી ટાંકીઓ લગાડી તેમાં વરસાદનું પાણી ઝીલી લઈ સાચવવામાં આવતું. એ ખૂટે ત્યાં સુધીમાં ફરી વરસાદ આવ્યો હોય એટલી મેઘરાજાની મહેરબાની હતી. પીવાના પાણીની જેમ જ દૂધનોયે અભાવ હતો. માઈલ સુધી જઈએ ત્યારે થોડું દૂધ મળે. એ જ પ્રમાણે સડકો અને કેડીઓની વ્યવસ્થા થતાં સુધી ચાલવાની મુશ્કેલી હતી એ ઘાસ અને સાપના બયાનથી જાણાય એમ છે. વળી બજાર ઠેઠ બાર માઈલ પર ડરબનમાં

હતી. ત્યાંથી સામાન લાવવા અવારનવાર કોઈ જતું અને એક ખચ્ચરગાડી રાખેલી તેમાં સ્ટેશનથી એ આવતો. અઢી માઈલનો સ્ટેશનનો રસ્તો ખચ્ચરગાડી માટે ચાર માઈલ જેટલો લાંબો થઈ પડેલો. કારણ રસ્તામાં આવતી ટેકરીઓને ચકરાવા લઈને આવવું પડતું.

આ ફિનિક્સમાં બાપુજીની ટોળીએ એકાએક આવી ધામો નાંખ્યો હતો. પશ્ચિમના નાળાને સામે કિનારે છાપખાનાનું છાપરું ઊભું કરવામાં આવ્યું હતું. બીબાં ધોવા કરવા માટે વારે વારે પાણી જોઈએ તેથી જ ઘણે ભાગે એ ત્યાં કર્યું હશે. અંદરથી એ સારી પેઠે લાંબુંપહોળું હતું. બારીઓ પણ પુષ્કળ હતી. અંધારો કે હવા વિનાનો ખૂણો એમાં ભાગ્યે જ હતો. એન્જિન ચાલે ત્યારે તેને બળે એક ડાયનેમો ચાલતો અને તે વડે રાત્રે કામ કરવા દરેક જરૂરી સ્થાન પર વીજળીની બત્તીઓ હતી. જ્યારે એ ન ચાલે ત્યારને માટે ઘાસતેલના મોટા દીવા થતા. અંગ્રેજી, ગુજરાતી, હિંદી અને તામિલ બીબાંનાં ખોખાંઓ, અંગ્રેજી અને ગુજરાતી સંપાદકોની ઑફિસો, હિસાબકિતાબની અને બાપુજીની જુદી ઑફિસ. છાપવાના મોટા સંચા, પગના સંચા, કાગળ કાપવાનો મોટો સંચો, એન્જિન, એવું ઘણું એમાં હતું પણ એકેય માણસને રહેવા પૂરતી જગ્યા એમાં ન હતી.

છાપખાનાનું કામ ચાલુ થયા પછી ધીમે ધીમે સૌએ રહેવાની સગવડો કરવા માંડી. બેત્રણ અંગ્રેજ, બેચાર તામિલ ભાઈઓ, બેચાર હિંદી ભાઈઓ, એકબે હબસી નોકરો અને પાંચછ ગુજરાતી ભાઈઓ હતા. જેઓ પૂરા પગારે નહોતા આવ્યા અને મહિને ત્રણ જ પાઉંડ લેવાનું જેમણે સ્વીકાર્યું હતું તેમને એક એક બબ્બે એકર જમીન ખેડી ખાવા - બગીચો કરી ખાવા - માપી આપવામાં આવી. સૌએ પોતપોતાની જમીનમાં વિલાયતી પતરાં મંગાવી એક એક ઓરડો બાંધ્યો. બે સુતારો મદદમાં હતા અને સાંજસવાર જેનું મકાન બંધાતું હોય તેની થોડીઘણી મદદમાં પણ બધા ભાઈઓ જતા. સૌએ પોતપોતાનાં મકાનો પોતાની જમીનના ઊંચામાં ઊંચા ભાગ પર બનાવ્યાં હતાં. આથી બધાં મકાનો વીસથી પચાસ વારને છેટે બન્યાં હતાં. આ રીતે મુખ્ય વસ્તી ટેકરીને મથાળે જ આવી ગઈ અને સૌ સાદ કરતા એકબીજાની મદદે દોડી શકે એવું થયું. મકાનના કામ સાથે પોતપોતાના ભાગમાં આવેલું ઘાસ પણ દરેકે ધીમે ધીમે કાઢી નાંખ્યું અને વસ્તીના ભાગમાં બીડનો નાશ કરી જમીન ખેડવાની શરૂઆત કરી.

મારા પિતાશ્રી અને મગનકાકાએ મળીને ચાર એકર જમીન લીધી. તે બધી એકસાથે ન હતી. ત્રણ ટુકડે ત્રણ જગ્યાએ જમીન લીધી. મોટો ટુકડો ટેકરીના ઉપલા ભાગમાં જ હતો. એ ટુકડાના થોડા ભાગમાં ઘાસ સાફ કરી તેમણે એક મોટો ચોરસ ઓરડો અને ઓરડા સામે જરા છેટું રસોડું બનાવ્યું. આ

ઓરડાને કે રસોડાને પાયો ન હતો. સતત વરસાદને લીધે જમીન ભેજવાળી રહે, એટલે ઘરની ભોંય અધ્ધર રાખવાની જરૂર હતી. દીવાલ ચણી તેમાં ચાર ફૂટનું પૂરણ કરી ઘરની ભોંયનું તળ ઊંચું લે તોપણ નીચેનો ભેજ ઉપર સુધી પહોંચે. આથી આખું ઘર ત્રણ ત્રણ ફૂટ છેટે નાખેલા થાંભલા પર ઉઠાવ્યું હતું. ફૂટ ફૂટ જાડા અને છએક ફૂટ લાંબા ગોળ થાંભલા જમીનમાં ત્રણચાર ફૂટ જેટલા ઊંડા ઉતારી અઢીથી ત્રણ ફૂટ ઉપર રહેવા દીધા હતા. એવા થાંભલાની હાર ઉપર ખીલાથી ચોરસ વળીઓ જડી તે પર પાટિયાં જડી લીધાં હતાં. આમ લાકડાની ભોંય થવાથી ભેજ અને ઠંડીને લીધે ઊપજતી માંદગીમાંથી બહુ બચાવ થતો હતો. થાંભલા પર જડેલી વળીઓને આધારે ઊભી વળીઓ જડી લઈ તે પર પતરાં ઠોકી દીધાં હતાં અને માથે ફરી પાટિયાંની છત કરી તે પર પતરાં જડી છાપરું બનાવ્યું હતું. ભીંતોમાં કાચની બારીઓ પણ મૂકી હતી. આમ ઉપર નીચે પાટિયાં હોવાને લીધે બાજુની પતરાંની ભીંતોનો ત્રાસ ઓછો લાગતો હતો. સાધારણ રીતે એ ઝૂંપડાં જ કહેવાતાં, પણ મને પાકી ઈંટોના બંગલા પણ એ મકાન કરતાં કદી સારા નથી લાગ્યા. મથાળે નળિયાં હોત અને બાજુએ કાચી માટીની દીવાલ હોત તો એ મકાન સંપૂર્ણ હતું. જમીનથી એટલે ઊંચે પાટિયાંની ભોંય એ આદર્શ ભોંય ગણાય. સદ્ભાગ્યે ઊધઈનો ત્રાસ નહીં જેવો જ હતો. એવા કારમા જંગલમાં તો એ વિના વસવું પણ કપરું હતું. ઊંચી ભોંયને લીધે સાપનો ડર પણ કંઈક ઓછો રહેતો. ઘરને તળિયેથી હવા આરપાર નીકળી જતી તેથી રોગના જંતુ પણ ત્યાં ઘર કરી શકે એમ ન હતું. ફિનિક્સમાં વસ્તી વધી ને જંગલ જેવું મટ્યું ત્યારે કેટલીક જગ્યાએ છો પથરાઈ, પણ શરૂઆતમાં તો બધાં જ મકાન આ રીતનાં જમીનથી અધ્ધર જ કરવામાં આવ્યાં હતાં. ત્યાંના જંગલમાં લાકડું પુષ્કળ એટલે એ સસ્તાં પણ થયાં હશે.

મારા પિતાશ્રી મુખ્યત્વે પ્રેસના લખાણનું અને હિસાબકિતાબનું તથા વારે વારે શહેરમાં જઈ પ્રેસની જાહેરખબરો મેળવવાનું અને પૈસા ઉઘરાવવાનું કામ કરતા, અને મગનકાકા કારીગરીનું તથા મજૂરીનું કામ કરતા. પ્રેસમાં બીબાં ગોઠવવાનું અને મશીન ચલાવવાનું તેમણે હસ્તગત કર્યું અને થોડા દિવસમાં પાકા કંપોઝીટર (બીબાં ગોઠવનાર) બની ગયા. પ્રેસમાંથી છૂટતાંની સાથે ઘેર આવી સુતારો સાથે મકાન બાંધવાના કામમાં મંડી પડી તેઓ સાધારણ સુતાર પણ બન્યા. કરવત ને હથોડી તેમના હાથમાં શોભવા લાગ્યાં. બંને ભાઈઓને કોદાળી ચલાવવાનો પૂરો શોખ હતો. તેમાંયે ફળઝાડો કેળવવાનું કામ મગનકાકાએ વિશેષે કર્યું અને બીજા ફિનિક્સવાસીઓની જોડાજોડ પોતાની જમીન પણ સાફ અને ફળદ્રુપ બનાવવામાં આગળ રહેવા મથ્યા. પરિણામે અમારા ઘરનો બગીચો

ફિનિક્સના બીજા કોઈ બગીચા કરતાં ઊતરે એવો ન હતો.

આમ ફિનિક્સમાં પગ જમાવવામાં અને તેને માણસને વસવા જેવું બનાવવામાં એક વરસ તો પાણીવેગે વહી ગયું. દસેક નાનાં ઘર ઊભાં થઈ ગયાં ને બીડમાંથી ગામ જેવું બન્યું એટલે સૌ સાહસિકોએ પોતપોતાના કુટુંબને બોલાવી લાવવાનો નિર્ણય કર્યો. મગનકાકા માતપિતાને મળ્યા વિના ત્યાં ગયેલા અને તેમને ત્યાં ત્રણ વરસ થઈ ગયેલાં એટલે તેઓ માતપિતાને મળવા તથા મારાં બા, મારાં કાકી અને મને લઈ જવા રાજકોટ આવ્યા. આણંદલાલ કાકાએ પણ પોતાના કુટુંબને તેડતા આવવાનું તેમને સોંપ્યું.

## ૧૦
## ઝાંખાં સ્મરણો

આપણે ત્યાં સનાતન નિયમ ચાલતો આવ્યો છે કે દરેક કાર્ય, શાસ્ત્ર કે કળામાં પ્રવેશ કરતાં પહેલાં તે તે વસ્તુના ઋષિઓનું અને આદિપુરુષોનું સ્મરણ કરવું અને પછી જ એ વિષય હાથ ધરવો. આપણે પણ ફિનિક્સ વસાહતની વાતમાં આગળ વધતાં પહેલાં વસાહતોના આપણા મહર્ષિ અગસ્ત્ય મુનિનું થોડુંઘણું ધ્યાન ધરી લેવું જોઈએ. કહેવાય છે કે વિંધ્ય ઓળંગી ભયાનક અરણ્યોની વચ્ચે આશ્રમ જમાવી તેમણે વન્યસમાજને કૃષિસમાજની સંસ્કૃતિ સાથે સાંકળ્યો, જેને પરિણામે ઉત્તર ભારત અને દક્ષિણ ભારત એકરૂપ બની મહાન ભરતખંડ ઘડાયો. સૈકે સૈકે ને દાયકે દાયકે કારમો કચ્ચરઘાણ અને અસંખ્ય ઝંઝાવાત વેઠતો છતો આ દેશ પોતાની કરોડ વણતૂટી રાખી શક્યો છે એનો યશ જેમ બીજા ઋષિઓને છે તેમ આ અગસ્ત્ય ઋષિને પણ ઓછો નથી. આપણા પૂર્વજોએ એ મહા સાહસી વસાહતની અગસ્ત્ય મુનિને અમર કરવા દક્ષિણાકાશના સૌથી ચળકતા તારાનું નામ અગસ્ત્ય પાડ્યું છે. અતિશુભ્ર, ઘેરો લાલ અને તેવો જ ચળકતો લીલો રંગ પોતાને ઝબકારે ઝબકારે પલટતો એ તારો આકાશમાં ચડે છે ત્યારે વસાહતી દુનિયાનાં જૂનાં ને નવાં, લોહીતરસ્યાં ને બલિદાનભર્યાં તથા ઊજળાં ને કાળાં સાહસોનાં મૂંગાં ગીતો સંભળાવતો હોય એવું લાગે છે. એક તરફ ધર્માનુષ્ઠાન, જ્ઞાનપ્રચાર અને તપત્યાગ તથા સેવા દ્વારા લંગોટીધારી અગસ્ત્ય મંડળે આરણ્યક સમાજને કૃષિક સમાજમાં એકરસ કરી દીધો તે વસાહતની પ્રાચીન રીત; અને બીજી તરફ, કાળો કેર વર્તાવી મોટા મોટા ભૂખંડો તાબે કરી તેને ફાડીને ફોલી ખાવાની આધુનિક રીતમાં ભરખાઈ જતા વસાહતીઓની પશુબળ સામે આત્મબળના મોરચા માંડવાની રીત. બંનેની સાક્ષી એ તેજસ્વી નક્ષત્ર એકાદ મહાપ્રલય સુધી પૂરશે ને કહેશે કે ભારતવર્ષે પોતાનાં બે

સંતાનો દ્વારા જુદા જુદા જમાનામાં બે વસાહતી આશ્રમો વસાવી પોતાને ઉજાળ્યું છે.

એ બે સંતાનો તે અગસ્ત્ય ને ગાંધી. અગસ્ત્ય ભારતની દક્ષિણે જઈ જંગલમાં વસ્યા અને ગાંધી દુનિયાને દક્ષિણ છેડે આવેલા બીડમાં જઈ વસ્યા. અગસ્ત્યે ઋષિમુનિઓના આશ્રમ વસાવી આર્ય સંસ્કૃતિ ફેલાવી અને ગાંધીએ પ્રાકૃત માણસોને ધનના ઉકરડાઓ જમાવવામાંથી પાછા વાળી નાશ પામતી આર્ય સંસ્કૃતિને પુનર્જીવિત કરી. અગસ્ત્યે જાહોજલાલીની ટોચે પહોંચેલા આર્યાવર્તની પ્રસાદી અર્પવા સાહસ ખેડ્યું અને ગાંધીએ ભયાનક ગુલામી વૃત્તિના ભોગ થઈ પડેલા આર્યાવર્તને આત્મઘાતમાંથી બચાવવા જીવસટોસટની બાજી માંડી. અગસ્ત્યે વનવાસીઓને ખેતી શીખવી દેશને ઉન્નત કરવા મથામણ કરી અને ગાંધીએ ખેડૂતના સંતોષી, સાદા અને મહેનતુ જીવનની પુન: સ્થાપના કરીને આકાશચુંબી લોભની જ્વાળાઓ, કારમા અને ઘાતક સ્વાર્થ તથા રાક્ષસી યંત્રોની ચૂડમાંથી દુનિયાને ઉગારવાનું બીડું ઝડપ્યું. જ્ઞાન-સમુદ્રનું પાન કરી સિદ્ધ ગુરુ તરીકે અગસ્ત્ય મુનિએ દક્ષિણાપથનો વસવાટ સફળ કર્યો, અને અપમાન તથા જુલમના સમુદ્રને પી જઈ પામરમાંથી મહાન બની ગાંધીએ ભારતવાસીઓનો દક્ષિણ આફ્રિકાનો વસવાટ અમર બનાવ્યો. એકે વસાહત જમાવવાની રીત શોધી બીજાએ વસાહત સુધારવાની કળા પ્રગટ કરી. ભારતના બંને વસાહતી વીરોએ ભરતખંડને સદાકાળ માટે ઉજ્જ્વળ અને પ્રાણવાન બનાવ્યો.

સંસ્કારના ઈતિહાસની દષ્ટિએ અગસ્ત્યાશ્રમ જેટલા જ મહત્ત્વના એ ફિનિક્સ આશ્રમનાં ગીત ગાવાની તથા અમે બાળકોએ ત્યાં કરેલા કિલકિલાટનું તતૂડું સંભળાવવાની અહીં મેં હિંમત બાંધી છે, પણ વારે વારે મનમાં ધ્રાસકો પડે છે કે રખેને મારું આ અટકચાળું ભવિષ્યના ઈતિહાસમાં ફિનિક્સના ઊંચા સ્થાનને ઉતારી પાડે! એટલું સારું છે કે પૂ. બાપુજીની કલમે જ ત્યાંનો ઈતિહાસ આલેખાયો છે એટલે નકામો અને નિરુપયોગી જણાતાંની સાથે આ ભાગને કચરાભેગો કરવામાં કોઈને આંચકો નહીં ખાવો પડે.

સામાન્ય રીતે દરિયો ખેડી પરદેશમાં રળવા ગયેલા લોકો પોતાનાં સ્ત્રીબાળકોને સાથે નથી લઈ જતા. આફ્રિકા જનારા પણ મોટે ભાગે એ જ પ્રથાને અનુસરે છે. ત્રીજેચોથે વરસે દેશ આવી થોડાક મહિના કુટુંબ વચ્ચે રહી ફરી પાછા તેઓ કમાવા ચાલ્યા જાય છે અને એ રીતે આખી જુવાની પૈસા પાછળ ખુએ છે. કૌટુંબિક કે વ્યક્તિગત વિકાસને નામે તેમના જીવનમાં મોટું મીંડું હોય છે. ફિનિક્સની સ્થાપના એ પરંપરામાં મોટી ક્રાંતિરૂપ ગણાય. બને

એટલા સોનાના સિક્કા એકઠા કરવામાં કાયા અને જીવન ખપાવી દેવાને બદલે સંતોષભર્યું સાત્ત્વિક ખેડૂતજીવન જીવવાનો આદર્શ બાપુજીએ ફિનિક્સવાસીઓ પાસે રજૂ કર્યો. એ આદર્શ રાખ્યા પછી સ્વાભાવિક રીતે જ સંસ્થાને ફક્ત એકલમૂંડાઓથી જ વસાવવી પાલવે એમ ન હતું. એમ કરવામાં નિશ્ચિંતતા, સંતોષ અને એકધારા જીવનને ઓછો અવકાશ હતો. એટલે એ બિહામણાં જંગલમાંયે બાપુજીએ પરણેલાઓને પોતાનાં બાળબચ્ચાંને લાવવાની આજ્ઞા આપી અને ન પરણેલાઓને પરણવાનું ઉત્તેજન આપ્યું. એક તરફ તેઓ પોતે બ્રહ્મચર્ય પાળવાને વધુ ને વધુ કાળજી લેતા હતા ને બીજી તરફ કૌટુંબિક જીવનની ભવ્યતા જતી કરવી તેમને સાલતી હતી. બંને બાજુનો વિચાર કરી તેમણે આકરા સંયમનો કૌટુંબિક જીવન સાથે મેળ સાધી એ જીવનરસાયણ વડે ફિનિક્સના વાતાવરણને ઉત્સાહથી ભરી દેવાનું પગલું ભર્યું. એમના એ પગલાએ મારાં જેવાં કેટલાંયે બાળકોનાં સદ્ભાગ્ય ખોલી નાખ્યાં.

એથી ઊલટું, જો ફિનિક્સ આશ્રમ કોરા એકલવાયા સૈનિકો અને સાધકોનો જ વસ્યો હોત, પ્રથમથી જ સૌ વ્રતજડ બની લૂખા અને જીવન વિશે ઉદાસ રહ્યા હોત અને બાપુજી જેટલા પોતા પ્રત્યે કઠોર છે એટલા જ પોતાના નાનામોટા સહાયકો પ્રત્યે પણ કઠોર રહી શિસ્તમૂર્તિ બન્યા હોત તો મારે નસીબે પોરબંદર - રાજકોટની ગલીઓમાં પિતાકાકાવિહોણું ધૂળિયું બાળજીવન અને નિશાળોનું નિર્જીવ ભણતર ચોંટ્યું હોત, એટલું જ નહીં પણ ફિનિક્સ સંસ્થા જ થોડા દિવસનો ભડકો રહી જોતજોતામાં રાખ બની ગઈ હોત અને તેને લીધે હિંદુસ્તાને જે યશ અને સદ્ભાગ્ય અનુભવ્યાં તે અનુભવવાનો વારો કદાચ ન આવત. ઉત્તરરામચરિતનો પેલો શ્લોક બાપુજીને પૂરો લાગુ પડે છે :

વજ્રથીયે ઘણાં કઠ્ઠણ, પુષ્પથી પણ કોમળાં;
અહો એવાં મહાત્માનાં કો જાણે ચિત્તને ખરાં.

કારમામાં કારમી ઘડીએ પણ બાપુજીએ પોતાનું કોમળ હૃદય બાળપુષ્પો માટે સદા મોકળું રાખ્યું છે. એ મોકળા હૃદયની પ્રસાદીનો લાભ મેળવનારાં બાળકોમાં ફિનિક્સનાં બાળકો પહેલાં ભાગ્યશાળી બન્યાં અને તેમાંયે પ્રથમનાં બાળકોમાંના એક હોવાનું અહોભાગ્ય ઈશ્વરે મને આપ્યું તેથી જ આજે પોતાના બાળજીવનની આ કથા લખવાની મને હોંશ થઈ આવી છે. મારો જન્મ ઈ. સ. ૧૯૦૧ની આખરમાં થયેલો. બાપુજીનો જન્મ પણ પોરબંદરમાં થયો ને મારો પણ પોરબંદરમાં થયો એ વાતનું ભાન મને એમને પંથે ચાલવામાં જેટલું મદદરૂપ

થઈ શકે એટલું થયું છે. હવે તો મારી એ ભાવના મોળી પડી ગઈ, પણ નાનો હતો ત્યારે સુદામાજીની સુદામાપુરીનો અને શાંતિથી તોપના ગોળા ઝીલનાર ઓતાબાપા તથા પરમ સત્યાગ્રહી બાપુજીના પોરબંદરનો હું બાળક છું એ ભાવનાએ અનેક વાર મને ગંભીર બનાવ્યો છે - મારી આડે રસ્તે જવાની ઈચ્છાને વારી છે. પોરબંદરમાં મારા નાનાને ત્યાં હું કેટલી ઉંમર સુધી રહ્યો તેની મને ખબર નથી, પણ ત્યારનાં બેચાર વિચિત્ર સ્મરણો મનમાં કોતરાઈ રહ્યાં છે.

પહેલું સ્મરણ ઘોડિયાનું છે. ઘરના બધા માણસો મને ઊંઘતો મૂકીને ચાલ્યા જાય, હું જાગું ને ઘણી વાર સુધી કોઈને ન જોઉં તેથી પોતાને અસહાય અને એકાકી અનુભવું. અટૂલાપણું સમજવા છતાં જાતે કંઈ કરવાની અશક્તિ અને કંઈક ભય એ બધાનો સંમિશ્રિત ભાવ એ વેળા મનમાં એવો ઘર કરી ગયો છે કે ગીતાના છઠ્ઠા અધ્યાયની શિખામણને અનુસરી એકાંત ખૂણે બેસી બહારની દુનિયા સાથેનો સંબંધ તોડી નાખવાનો અને અંતરમાં ઊંડે ઊતરવાનો કોઈ કોઈ વાર મેં પ્રયત્ન કર્યો છે ત્યારે ઘરના ખૂણામાં આવેલા ઘોડિયામાં નિરાધાર અને અકર્મણ્ય પડી રહ્યો હોવાનું એ દૃશ્ય મનમાં તાજું થયું છે, ગભરાટ છૂટ્યો છે ને એ પ્રયાસ મારે છોડી દેવો પડ્યો છે.

મને એ વાતની નવાઈ લાગે છે કે સાવ બચપણના આનંદ અને સુખના અનુભવો કરતાં ભય અને ત્રાસના અનુભવો મને વધારે યાદ કેમ રહી ગયા હશે? મારા જન્મનું ઘર, આંગણું, વાડી સંભારું છું તેમાં વધુમાં વધુ સ્પષ્ટ સ્મૃતિ મારા મામાની છે. તેઓ પોતાની આંખનાં પોપચાં ચઢાવી બિહામણો ચહેરો કરી મને ડરાવતા, મારી પાછળ દોડતા અને હું આંગણામાંની ફૂલવેલ પાછળ ભરાઈ જતો. એમની એ રમત હતી પણ મારે માટે એ ભયનો પહેલો પાઠ થઈ પડ્યો. ઉંમર વધતાં અંધારાનો અને એવો બીજો ડર લાગવા માંડ્યો તથા ભૂતાદિની વાતો સાંભળતો થયો ત્યારે એવી જાતના લાલ આંખ ને લંબાવેલી જીભવાળા અનેકગણા મોટા અને વિકરાળ ચહેરા મારાં કલ્પનાચક્ષુ આગળથી પસાર થઈ જતા. કદાચ એ કલ્પનાનું મૂળ મારા નાના મામાની આ રમત ગણી શકાય.

મરચાંનો પ્રથમ ત્રાસદાયક અનુભવ ન ભુલાય એવો હતો. મોઢું ઝાળઝાળ થવાથી મેં એક વાર હઠ પકડેલી. એ દિવસોમાં નાતનું જમણ ઘરનાં નાનાંમોટાં સૌને મન જિંદગીનો મોટો લહાવો લેખાતો. આજે સભાઓ, મેળાવડા, શાળાઓ ને અખાડાના વાર્ષિકોત્સવોથી તથા સિનેમા આદિ અનેક રીતે મનોરંજન કરવાનું કુલીન ઘરનાં સ્ત્રી-બાળકોને મળે છે. ત્રીસપાંત્રીસ વરસ પહેલાં એ બધું મનોરંજન નાત દ્વારા પ્રાપ્ત થતું. મારી બા, માશી, કાકી વગેરે બધાં બહુ હોંશથી નાતમાં જમવા જતાં. લાગલાગટ ચાર ચાર ને છ છ ટંક

ભોજન ચાલતાં. આવા એક ભોજનમાં પોતાને હાથે આરોગવા જતાં મારી જીભ સળગી ઊઠી. પોરબંદરી અને સુરતી રસોઈ સર્વોત્તમ ગણાય. અને મરચાંના ધમધમાટ વિના રસોઈ તે વળી સર્વોત્તમ શી રીતે થઈ શકે? એક વાર જીભ ને મોઢું સળગી ઊઠ્યાં એટલે અનેક વાનગીઓમાંથી જે કંઈ મોંમાં મૂકું તેનાથી બળતરા વધે. જેમતેમ કરી મારી બાએ મોં બળતું મટાડ્યું, પણ નાતનો ભય મારા મનમાં પેસી ગયો. સાંજે ફરી સૌ જમવા ચાલ્યાં. ઘરમાં રહ્યા એક મારા બુઢ્ઢા નાના. હું તેમના ખોળામાં જઈ બેસી ગયો. એક પછી એક જાણ મને સાથે લઈ જવા આવ્યું, પણ માથું ધુણાવી હું કોઈની સાથે ન ગયો. છેવટે મારા નાનાએ મને મોકલવાની મહેનત કરવા માંડી. એમના પ્રેમ આગળ મારી જીભ ખૂલી અને જે સંવાદ થયો એ કંઈક નીચે મુજબ હતો:

‘કેમ નથી જતો?’

‘મોં બળે છે.’

‘જા, હવે મોં નહીં બળે; શાક નહીં ખાતો જા.’

‘પણ બધાંમાં મરચું હતું.’

‘જા ભાતમાં મરચું નહીં હોય.’

‘ભાતમાં પણ.’

‘ત્યારે દૂધપાક ખાઈને આવતો રહેજે, જા.’

‘દૂધપાકમાં પણ મરચું હતું.’

મારી આ વાત સાંભળી નાના અને ઘરનાં બીજાં માણસો એટલાં બધાં હસી પડ્યાં કે હું લજવાઈ ગયો. બધાંની વચ્ચે હું મને ગુનેગાર જેવો લાગ્યો. પછી શું થયું, હું નાતમાં ગયો કે નહીં એ આજે યાદ નથી.

મગનકાકા ફિનિક્સથી અમને લેવા આવ્યા ત્યારે અમે રાજકોટ હતાં. એ વખતે મારી ઉંમર પૂરાં ચાર વરસની નહોતી થઈ. ઉપર કહ્યાં તે સ્મરણો એ પહેલાંનાં છે. મગનકાકા અમને લઈ આફ્રિકા ઊપડ્યા તે પહેલાંનો રાજકોટમાં ખાધેલો એક તમાચો અહીં નોંધવા જેવો છે. એ તમાચો મગનકાકાનો નહીં પણ એમનાથી નાના મારા નારણદાસકાકાનો હતો. છતાં એક રીતે આગળ ઉપર મગનકાકાને હાથે ખાવા પડેલા અનેક તમાચાઓના પ્રસ્તાવરૂપ એ હતો. રાજકોટના ઘરમાં એક ઓરડામાં ખાળની પાળ ઉપર દીવાસળીની પેટી પડી રહેતી. એનાથી રમવામાં મને બહુ મજા પડતી. એક વાર રમતાં રમતાં મેં એ સળગાવી પણ ખરી. નારણદાસકાકાએ મારું એ અટકચાળું જોયું અને છાનામાના પાછળથી આવી જોરથી તમાચો ચોડી કાઢ્યો અને હાથમાંથી પેટી આંચકી લીધી. દીવાસળીથી બીજી વાર રમવાનું મનન કરું તે માટે આ વિકટ

સજા હતી. કહે છે કે ત્યાર પછી હું એ રમત ભૂલી પણ ગયો. મને એટલું સાંભરે છે કે હું રડ્યો તેથી તમાચો મારીને મને ઘર બહાર સડક ઉપર મૂકી દેવામાં આવેલો. અપમાનિત થયેલો હું ચમચમતા ગાલને પંપાળતો રસ્તા પર ઊભો હતો અને મારી આસપાસ એકબે કૂતરાં આવી જવાથી ડરતો છતાં ઘરમાં ન જઈ શકવાથી કેટલીયે વાર સુધી ડૂસકાં ભરતો હતો. પોતાનું એ આબેહૂબ ચિત્ર આજે પણ મારી નજર સામે તરે છે અને એટલું ચોક્કસ કહી શકું છું કે દીવાસળીની રમત ભૂલવાની સાથે સાથે કાકા એટલે કોઈ ઉગ્ર વ્યક્તિ એવું સમજતાં મને એ તમાચાએ શીખવ્યું.

પહેલી સમુદ્રયાત્રાની મનમાં રહેલી તાજી છાપ વિશે મેં આ લેખમાળાના પહેલા પ્રકરણના આરંભમાં લખ્યું જ છે. અમારા એ સંઘમાં મગનકાકા, મારી બા, મારાં કાકી અને હું એટલાં સાડા ત્રણ જણ ઉપરાંત દોઢ જણ બીજાં પણ હતાં. ઝવેરકાકી અને તેની દીકરી વિજયા. વિજયા મારાથી વરસેક નાની હતી. એ આણંદલાલકાકાનું કુટુંબ હતું. આણંદલાલકાકા ટોંગાટની દુકાનથી મગનકાકાની સાથે આવી વસેલા એ વાત હું આ પહેલાં જણાવી ગયો છું. સ્ટીમરમાં બે ઘોલકીઓ હતી. દિવસના ભાગમાં મગનકાકા ઘોલકીમાંથી બહાર નીકળી જતા અને અમે - મારી બા, બંને કાકી અને અમે બે બાળકો - ઘોલકીની અભરાઈઓ ઉપર બેસી રહેતાં. મહાસાગરના આભને અડવા જનારાં મોજાંઓમાં સ્ટીમર બહુ જ ડોલતી. મારા ખ્યાલ પ્રમાણે આજની વિશાળ સ્ટીમરો જેટલી ધીરગંભીર બનીને ચાલે છે એટલી એ કાળની, પ્રમાણમાં નાની હલકી સ્ટીમરો સ્થિર થઈ નહોતી ચાલી શકતી. અમારી ઘોલકીની બારીના કાચ ઉપર પ્રચંડ મોજાં અફળાતાં ત્યારે એક જ અભરાઈ ઉપર બેસી રહેલાં અમે વધુ સંકોચાઈ એકબીજામાં ભરાઈ જતાં. અમારો આ ગભરાટ અને મોજાંનો ભય ભાંગવા મગનકાકા કોઈ કોઈ વાર અમને ઉપલા તૂતક પર લઈ જતા. તૂતકને લોઢાના કઠેડાને બદલે દોરડું જ બાંધેલું હતું, તેથી ડોલતી આગબોટ જ્યારે પાણીની સપાટીને મળવા જતી ત્યારે ગબડી પડવાનો મને ભારે ડર લાગતો, છતાં વિકટ સમુદ્રનું દર્શન કરતાં ધરવ નહોતો થતો. એક વાર છતે વરસાદે અમને મગનકાકા તૂતક પર લઈ ગયા. એટલામાં એક મોજું તૂતક પર તૂટ્યું ને બધે પાણી થઈ રહ્યું. મગનકાકાએ મારો હાથ પકડ્યો, પણ એ નાસભાગમાં મેં મારી બાનો મજબૂત રીતે પકડી રાખેલો છેડો છોડી બીજે જવાનું પસંદ ન કર્યું. મગનકાકા જેમ જેમ મને પોતા તરફ લેવા કરે તેમ તેમ હું બાને જોરથી વળગતો જાઉં. છેવટે અમે કઈ રીતે તૂતક પરથી ઘોલકીમાં પહોંચ્યાં તેનો મને ખ્યાલ નથી રહ્યો. એ જ પ્રમાણે મુંબઈથી કેવી રીતે ઊપડ્યાં કે ડરબન ઊતરી ફિનિક્સ કેવી

રીતે પહોંચ્યાં તેનો ઝાંખોયે ખ્યાલ અત્યારે નથી આવતો. ફિનિક્સ પહોંચીને એક પતરાંના ઓરડામાં રહેવા માંડ્યું એટલું જ યાદ છે. રાત પડ્યે એ ઓરડામાં ભીડ આડે આઘાપાછા થવાની જગ્યા પણ ન રહેતી. મારે એક ખૂણે બેસી રહેવું પડતું. સાંજે રસોઈ પણ ન થતી. એક વાટકામાં દૂધરોટી ભીંજવી મારી બા મને ખાવા આપતી અને બીજાં સૌ ખાધાપીધા વિના પથારી કરવા-કરાવવામાં રોકાઈ જતાં. એ ઉપરાંત ફિનિક્સના પ્રારંભિક દિવસોની કંઈ વિશેષ સ્મૃતિ મને નથી.

થોડાક દિવસ પછી અમારા ઘરનું છાપરું ઉખેડવામાં આવ્યું ને તેને નવી રીતે ઢાળ પડતું બનાવવામાં આવ્યું. અગાશી પર સૂવાની અમારી મજા ચાલી ગઈ; સાથે વરસાદમાં મોટો ઓરડો ચોમેર ટપકી પાણી પાણી થઈ જતો એ પણ અટક્યું. ઓરડાની પાછલી બાજુ — પશ્ચિમ તરફ — નીચે ભોંયવાળો એક ઓરડો અને વરંડો કરવામાં આવ્યો. એ ઓરડો અમારો બન્યો. મોટા ઓરડાના બે ભાગ કરી નાના ભાગમાં મગનકાકાનો ઓરડો કરવામાં આવ્યો. રસોડામાં પણ સુધારો થયો. ધુમાડિયામાંથી સારી પેઠે ધુમાડો નીકળી જવા લાગ્યો અને રસોઈ ચાલતી હોય તોપણ ત્યાં મારી બા પાસે બેસવામાં આંખ લાલચોળ કરવાની મને જરૂર ન રહી. આણંદલાલકાકાનું ઘર અમારા ઘરથી બસોએક ડગલાં દૂર જુદું બનેલું અને વિજયા ત્યાં રહેતી, એટલે ઘરમાં હું જ એકલો બાળક હતો. આસપાસ જંગલમાં એકલા ફરવા કે રખડવાની મારી હિંમત ન હતી કે મને મારી બા જતાં રોકી રાખતી એનો ખ્યાલ નથી, પણ લાંબા લાંબા કંટાળાભરેલા દિવસો મારી બા પાસે જ બેસી રહી મારે વિતાડવા પડતા.

આ કંટાળામાં વધારો, ઘરમાં પાટી-પેન આવતાં થયો. હવે તો હું પાંચ વરસનો 'ઢાંઢો' થયો હતો. છતાં મને ભણતાં નહોતું આવડતું! આથી આખા ઘરનો હું ગુનેગાર થઈ પડ્યો. જેને જોઉં તેનો ચહેરો ચડેલો અને મને ધમકાવતો જણાય. દિવસમાં ત્રણત્રણ કે ચારચાર વાર મારે રસોડાના ઉંબરા પર કે પગથિયાં પર સ્થિર બેસી, પેટમાં ગોઠણ ઘાલી, તે પર પાટી ટેકવી એકડો ઘૂંટવો પડતો. મારી બાએ માંડી દીધેલા એકડા ઉપર ટચૂકડી પેન વડે એકડાની એ પાતળી લીટીને ઘૂંટતા ઘૂંટતા પોણોથી એક ઈંચ જાડી કરવી પડતી. જરા પાતળી રાખી બાને પાટી બતાવવા જતો તો બા ખૂબ ચિડાતી, ધમકાવતી અને પાછો બેવડા વખત સુધી પરાણે મારી પાસે એકડો ઘૂંટાવતી. છેવટે જ્યારે તે મને બહુ ગમગીન અને ઢીલો થઈ ગયેલો ભાળતી ત્યારે મારા હાથમાંથી પાટી આંચકી લઈ મને રમવા જવાનું કહેતી. પરંતુ આવી રીતે છુટ્ટી મળવા છતાં હું હોંશભેર કૂદવારમવાને બદલે ઘરની બાજુમાં સહેજસાજ ટહેલતો રહેતો. સાંજ પડવા આવે એટલે આણંદકાકાને ઘેરથી વિજયા આવતી ત્યારે તે રમે તેમ રમતો

રોજ આકાશમાંથી અંધારું ઊતરતું જતું તેમ તેમ મારા ઉપર કઠણાઈ અને ત્રાસ પણ ઊતરતાં જતાં. એકડેએકથી પાઠ લેવી પડતી. વિજયા તો કડકડ પાઠ બોલી જતી અને મારી ખૂબ ભૂલો પડતી. એક તો હું મોટો અને વળી છોકરો! આથી મારી ભૂલો પાઠ લેવડાવનારને અસહ્ય થઈ પડતી. મારે ડગલે ને પગલે 'શરમાતો નથી, શરમાતો? તારા કરતાં તો આ છોકરી હોશિયાર છે!' 'સાવ ધોધો છે ધોધો; આ કરતાં તો છોકરી થવુંતું!' 'જો મોટો ભાઈ થયો છે તે? નાની બહેનનું પાણી ભર, પાણી!' ઈત્યાદિ વાગ્બાણો સાંભળવાં પડતાં. કોઈ વાર વિજયા પાઠ વખતે હાજર ન હોય ત્યારે તો વળી મારે બમણું અપમાન અનુભવવું પડતું. મારા ઠોઠપણા વિશે વડીલો નિસાસો નાખી વિજયાની હોશિયારીની ખૂબ ચર્ચા ચલાવતાં. 'એ છોકરી છે છતાં એની બુદ્ધિ કેટલી બધી તેજ છે!' 'વિજયા કેટલી બધી ચંચળ છે! ને આ છોકરો તો સાવ જડ છે.' 'એ તો વીજળી છે, અને આ સાવ હડો રહ્યો છે!' ઈત્યાદિ વાક્યો મારા હૃદયમાં બહુ ઊંડે ઊતરી જતાં અને હું મનમાં ને મનમાં ચીમળાઈ જતો. રોજ ઊઠીને મારા ઉપર આ ઠપકા ચાલુ રહ્યા તેને પરિણામે મને આંક આવડવાને બદલે એ બહુ અળખામણા થઈ પડ્યા અને જાતે હોશિયાર થવાની આકાંક્ષાને બદલે મનમાં ને મનમાં હું વિજયાની હોશિયારીનો રોષ કરવા લાગ્યો, — તે એટલે સુધી કે તે વચ્ચે વચ્ચે પોતાના મોટાકાકાને ઘેર ટોંગાટ જતી ત્યારે તે પાછી ન આવે એમ હું ઈચ્છતો.

મારું ભણતર સમ ખાવા જેટલું માંડ વધ્યું, પણ મારી કફોડી હાલત તો ખૂબ વધી પડી. ભણાવે ત્યારે મારી બા તો મને કડવી લાગતી જ; પણ પછી મગનકાકાએ મને પોતાના હાથમાં લીધો ત્યારે તેઓ કાકા નહીં પણ દુશ્મન સમા લાગવા માંડ્યા.* ઘરમાં રહેવું મને ભારે થઈ પડ્યું. તેમના ધાકને લીધે ઘરનાં બધાં મોટેરાંઓની નજરે પડવાનું જેટલું બને તેટલું હું ટાળવા લાગ્યો. મારની બીકે મને ચોવીસે કલાક બાવરો કરી મૂક્યો.

ઉત્તર વયમાં મગનકાકાને પોતાનો એ ઘાતકી ક્રોધ યાદ આવતો ત્યારે તેઓ અત્યંત દુ:ખી થઈ જતા. તેમનું હૃદય જ નહીં, રૂંવેરૂંવું ઊંડા પસ્તાવાથી રડી

---

* આજે મારા એ સ્નેહાળ અને વાત્સલ્યભર્યા કાકા આ દુનિયામાં નથી. સદ્‌ગત વ્યક્તિના અવગુણ ગણાવવા એ માણસાઈને છાજે એવી વાત નથી. આ વર્ણન સાવ પડતું મૂકવાની ભલામણ મને થઈ છે પણ મારી અલ્પમતિ પ્રમાણે હું મારા એ પરમ પૂજ્ય કાકાનું આ વડે સંમાન વધારું છું. કારણ પોતાના પુરુષાર્થ વડે તેઓ ક્યાંના ક્યાં ચડ્યા એનું આ ચિત્રાણ છે. વળી જ્યારે હું પોતાની બાળસ્મૃતિની આ કથામાં શિક્ષણમીમાંસા ચર્ચી રહ્યો છું ત્યારે એ દૃષ્ટિએ કીમતી લાગતા સારા કે માઠા અનુભવોને છોડવા ઉચિત નથી ગણતો.

ઊઠતું. હું એમનો ભત્રીજો છતાં તેઓ પોતાની ભૂતકાળની એ ભૂલોની માફી માગતાં માગતાં એટલા તો વિનમ્ર અને ગદ્‌ગદ થઈ જતા કે મને હાથ જોડવાનું જ ફક્ત બાકી રાખતા. એવા પ્રસંગો એકબે વાર નહીં પણ કોચરબ આશ્રમની સ્થાપનાથી માંડી તેમના અંતકાળ સુધીમાં અનેક વાર બન્યા છે કે જ્યારે હું એમની પાસે શિખામણ લેવા ગયો હોઉં ત્યારે તેઓ પોતાને જ ગુનેગાર અનુભવી મને કશું ન કહી શકતા. મને ભય રહે છે કે આજે ફિનિક્સમાં તેમણે અમ બાળકો પર વર્તાવેલા કેરની કહાણી હું છપાવવા બેઠો છું તેથી એમનો આત્મા સ્વર્ગમાં રહ્યો રહ્યો પસ્તાવાથી કકળી તો નહીં ઊઠે? પણ સાથે એયે આશા રાખું છું કે હું આ ફરિયાદરૂપે નહીં ઈતિહાસરૂપે લખું છું; — ડંખથી નહીં, ભક્તિથી લખું છું. અને પૂજ્ય બાપુજીના હાથ નીચે અમારા સૌના સંસ્કાર કેવી જાદુઈ રીતે બદલાતા ગયા તેની સાચી નોંધ અધૂરી ન રાખવા માટે જ એ ભૂતકાળને સજીવન કરું છું એમ જોઈ તેમનો ઉદાર આત્મા મને આ પાનાં ચીતરવા માટે ક્ષમા આપશે.

રાત પડ્યે એકડેએકથી સો સુધી પાઠ લેવી એ મારે માટે પાંચ વીસું સો નહીં, હજાર વીસું સો થઈ પડતી. દિવસ આખો છાપખાનામાં તથા ખેતરમાં કામ કરી મગનકાકા ઘેર આવ્યા હોય અને ઘરમાં તેમની સુઘડતા અને વ્યવસ્થાને અરુચિકર ચીજો આડીઅવળી પડી હોય એટલે તેમનો પિત્તો ઊછળે; તેમાં વળી મને ઠોઠને પોતાની નજર સામે ભૂલભરેલી પાઠ લેતો સાંભળે એટલે તો તેમનો ક્રોધ ઊભરાઈ નીકળતો. તેઓ મારા પર ધસી આવતા અને પોતાના બધા બળથી મારો કાન પકડી એવો સખત આમળો ચડાવતા કે હું જમીનથી અધ્ધર ઊંચકાઈ જતો. થોડી મિનિટમાં ક્રોધનું પૂર વધતું ને ઘણના ઘા જેવા ચારપાંચ તમાચા મારા ગાલ પર આવી પડતા. ગાલ પર જાણે બળતા અંગારા પથરાયા હોય અને કાન તેજાબ રેડી મૂળમાંથી કાપી નાખ્યો હોય એટલી બળતરા થતી હોવા છતાં મારાથી એ પંપાળવા માટે હાથની અદબ ન છોડાતી. આંખમાંથી પાણી વહી એ બળતરા શાંત કરી શકે તેટલી ભલે કરે, પણ મૂર્તિ સમ ઊભા રહી મોઢેથી મારે પાઠ લેવાનો પ્રયાસ ચાલુ રાખવો જ પડતો. પણ આવી દશામાં તો સાચી પાઠ આવડતી હોય તોય ભુલાઈ જતી. પરિણામે કાકાનો ક્રોધ દાવાનળ જેટલો પ્રજ્વળી ઊઠતો ને તેમને હાથ ચડે તે દંડૂકો કે લાકડી મારી હથેળી કે વાંસા ઉપર પ્રસાદીરૂપે આવી પડતાં. કોઈ કોઈ વાર આટલો માર માર્યા પછી કાકાના ક્રોધના ઉગ્ર ભડકા શમી એમનો ગુસ્સો ઊંડો અને ગંભીર બનતો. તેઓ વરંડામાં પડેલી લાકડાની પેટી ખાલી કરતા ને મને અંદર ધકેલી દઈ ઉપરથી ઢાંકણું વાસી તે પર પોતે ચડી બેસતા. ગડદાપાટુ ને થપાટથી મને જે

ત્રાસ ન થતો તે પેટીમાં પુરાતાં થતો. મારો જીવ કકળી ઊઠતો. અંદરથી હું મારું બધું બળ વાપરી ઢાંકણાને પાટું મારી ઉઘાડી નાખવા મથતો, પણ મારું પાંચ વરસના બાળકનું બળ કેટલું કે જુવાનજોધ કાકાનું વજન ઊથલાવી શકે? પાટુઓની ઝડી સાથે હું છાતીફાટ ચીસો પણ પાડતો કે "કાકા, ઉઘાડો, હવે નહીં કરું. માફ કરો. હવે નહીં કરું, ઉઘાડો." પણ મારી ચીસને તેમના હૃદયમાં પહોંચતાં એમનો પ્રચંડ ક્રોધ વારતો. મારી ચીસો મારી બાને ને કાકીને મૂંગા આંસુ સરાવે અને આસપાસના ખેતરોને પણ હાયથી ભરી મૂકે.

અંતે પોતાનું બધું બળ ખુટાડી હું પાએક કલાકે ચૂપ થઈ પેટીમાં ટૂંટિયું વાળી પડું ત્યારે કાકાનો ક્રોધ સરે. ઘરનાં મોટાં માણસોની પણ પછી તેમની સાથે ઊભવાની હિંમત થાય અને તેઓના કહેવાથી કે પોતાની મેળે જ મગનકાકાને વધારેપડતો માર માર્યાનું ભાન થાય એટલે તેઓ પેટી પરથી ઊઠે અને મને બહાર કાઢે. આવી રીતે રાતના નવ વાગ્યે પેટીમાંથી નીકળ્યાનું મને સ્મરણ છે. પેટીમાંથી નીકળતી વખતે મારું નિકર બગડેલું રહેતું. પાયખાના-પેશાબમાં આવી રીતે તરબોળ હોવા છતાં મારે એ હાલતમાં, થરથર ધ્રૂજતા શરીરે અને ક્ષીણ સ્વરે ફરી એક વાર પાઠ લઈ જવી પડતી અને પછી મને માતાને હવાલે કરવામાં આવતો. તે મને સાફ કરીને નવાં કપડાં પહેરાવતી ને પછી પોતાના પડખામાં સુવાડી મને ગાઢ નિદ્રામાં પહોંચાડી દેતી. પિતા ઘણુંખરું ઘરમાં રહેતા જ નહીં. તેઓ મોડી રાત સુધી છાપખાનામાં બેસી લખતાં-વાંચતા રહેતા અને હાજર હોય તોયે વચ્ચે ન આવતા.

વાચકને કદાચ આમાં અતિશયોક્તિ લાગશે. પણ મેં એ સજા એકાદ વાર અપવાદરૂપે નહીં, વધુ વાર અનુભવી છે. અને મારા બાળકોમળ મન પર આવા નૃશંસ તાડનની બહુ ભયાનક અસર થઈ છે. વળી એ તાડનનું ને પેટીમાં પુરાવાનું નિમિત્ત ઘણી વાર એટલું જ થતું કે હું ચોપનનો કે ચોરાણુંનો ઉચ્ચાર સરખી રીતે ન કરી શકતો!

પણ ફરી કહું કે મને, માર ખાનારને એ વાતનું દુ:ખ રહ્યું તે કરતાં મારનારને સેંકડોગણું વધારે રહ્યું. એ પ્રસંગ યાદ આવતાં મગનકાકા કહેતા કે 'હું એ વખતે નરરાક્ષસ જ હતો. મારો જંગલી સ્વભાવ જો બાપુજીએ ન ફેરવ્યો હોત તો એ આંધળા ક્રોધે મારી પાસે અત્યાર સુધીમાં કોણ જાણે કેટલાંયે પાપ કરાવ્યાં હોત.'

મારા પર વરસતી એ કઠોરતાએ મારા મગજનાં બારણાં નામમાત્ર પણ ખોલ્યાં નહીં; ઊલટું મારે માટે ઘરના દરવાજા પણ બંધ કરી દીધા. બા, કાકી, પિતા, કાકા કોઈની પાસે બેસવું, તેમની સાથે વાતો કરવી, તેમની વાતો

સાંભળવી — કશુંયે મને ગમતું નહીં. ભાણામાં પીરસાય તે ચૂપચાપ ખાઈ લઈ પાટીપેનની ગુલામી સિવાયનો વખત ઘર બહાર બીજાં માણસો પાસે વિતાડવા હું તલસતો. અધૂરામાં પૂરું દુઃખ તો એ હતું કે વિજયાને બાદ કરતાં ફિનિક્સમાં કોઈ બાળક ન હતું જેની સાથે રમવાનું મળે. વિજયાની સાથે રમવામાં પણ મુશ્કેલી હતી. તે પોતાનું ઘર છોડી અમારે ઘેર રમવા આવતી તો તેની બા વઢી નાખતી અને કંઈક ને કંઈક કામ ચીંધતી. એ ન કરે તો તેને માથે વેલણનો માર કે નાનીમોટી ચીજનો છુટ્ટો ઘા પડતો. છોકરો થઈ છોકરીને ઘેર રમવા જવું એ મારે માટે પહેલાં ભયની અને રહેતે રહેતે શરમની વાત થઈ પડતી. એટલે સહેજે ઘર સિવાયના બીજા મોટા માણસોનો સાથ હું ખોળતો રહેતો. ઘરમાં બહારગામથી મહેમાન આવે તે દિવસ મને તહેવારનો થઈ પડતો. કારણ કે તે દિવસે ઘરમાં પ્રસન્નતા રહેતી. મગનકાકાને મહેમાન સાથે વાર્તાવિનોદ ચાલતો. રાત પડ્યે ભજન-ગાન ચાલતાં અને મને પાઠ લેવામાંથી મુક્તિ મળતી. વળી, આવેલા મહેમાન મારી સાથે પણ ગમ્મત કરતા. બહારગામના મહેમાનો ઉપરાંત ફિનિક્સમાંના બીજા મોટા માણસોને ઓથે ભરાવું મને ગમતું. તેમાં ગોકળદાસકાકા અને હરિલાલકાકા હતા. ગોકળદાસકાકા બાપુજીના સગા ભાણેજ હતા. તેઓ બહુ જ વહેલા ગુજરી ગયા ન હોત તો કદાચ આજે બાપુજીના અનુયાયીઓમાં ઠીક ઠીક મોખરે હોત. તેમની પાસે સાઈકલ હતી. તે પર ઓશીકાં બાંધી મને બેસાડી તેઓ ફિનિક્સ સ્ટેશન સુધી મને ફરવા લઈ જતા. પોતાની પાસેની જાતજાતની ચીજો બતાવતા. હરિલાલકાકાની અને તેમની જોડી હતી. જ્યાં જાય ત્યાં તેઓ સાથે જાય. એ કંઈ કરે તે હસતાંરમતાં કરે. એથી મને એમની વચ્ચે આનંદ આવતો. મને સ્મરણ છે ત્યાં સુધી તેઓ ફિનિક્સમાં બહુ ઓછું રહેતા એટલે સરવાળે મારા પાંચમા વરસનો ઘણોખરો વખત નીરસ એકાંતમાં અને કઠોર ભણતરમાં જ વીત્યો.

આ બધી નીરસતામાં એક રસ હતો ખરો. જે વડે મારા લૂખા ભણતરમાં સ્વાદ આવતો. દર શનિ-રવિવારે ફિનિક્સનાં બધાં માણસો ભેળાં મળી ફરવા જતાં. પુરુષો અને સ્ત્રીઓ સૌ સાથે નીકળતાં. દૂર ખુલ્લી જગ્યામાં પહોંચી મારી બા વગેરે શરતો દોડતાં.કાકા વગેરે પુરુષો વગડાઉ ફળો તોડી લાવી ખાતા. કાચાં જમરૂખ તો શું, હાથલા થોરના ડોડાયે ન છોડતા. એ રાતાં સુંદર ફળને લેવા હું હાથ લંબાવતો ત્યાં હાથ પર ને આખા શરીર પર કાંટા વળગી ખૂબ ચળ ઊપડતી. તે ઘેર આવી તેલ ચોપડ્યા પછી કંઈક શાંત પડતી. આવી રીતે કેટલીક વાર આવતાંજતાં ચારેક માઈલ ચાલવાનું થતું. એટલું લાંબું ન ચાલી શકતો તેથી મને મગનકાકા અને પિતાશ્રીને ખભે વારાફરતી સવાર થવાનું મળતું. ખભા પર

ચડ્યા પછી કેડી જોવાની ચિંતા હોય જ શાની? ઉપર બેઠો બેઠો હું પવનથી લહેરાતા ઘાસનો, રસ્તે આવતી જાતજાતની ગીચ ઝાડીનો, ક્ષિતિજમાં આકાશ સાથે મળી જતી ટેકરીઓની ઊંચીનીચી થતી ધારોનો અને જાતજાતનાં પંખીઓ જોવાનો આનંદ લૂંટતો. એ પ્રસન્ન વાતાવરણમાં મારી જીભ પણ ઊઘડતી અને હું સવાલોયે પૂછતો: ‘આ જમરૂખી અહીં કોણે વાવી?’ ‘સૌ પહેલું બી કોણે બનાવ્યું?’ ‘અંધારું ક્યાંથી આવ્યું?’ વગેરે જવાબ ન દઈ શકાય એવા સવાલનો જવાબ પણ પિતાજી અને મગનકાકા અકળાયા વિના આપતા, એટલું જ નહીં પણ નવું નવું બતાવી મારી નિરીક્ષણ કરવાની ને પ્રશ્નો પૂછવાની હોંસ વધારતા. સૂર્યાસ્ત વખતે આકાશમાં સુરખી પથરાય, સૂર્યનો ઉપલો ભાગ વાદળમાં દબાયો હોય, નીચલી કિનાર જમીનમાં ઊતરવા લાગી હોય અને વાદળાંની કિનાર સોનેરી ઝાલર જેવી થઈ હોય ત્યારે પશ્ચિમાભિમુખ થઈ તેઓ ઊભા રહી બદલાતા રંગો તરફ મારું ધ્યાન ખેંચી મને સૌંદર્યનો પિપાસુ બનાવતા. તેમાંયે મગનકાકા ઝાડ ને ફૂલની ઓળખ કરાવી મારા મગજમાં રોજ નવી માહિતી ભરતા.

પવન આંધી ને વાવાઝોડાનું ઉગ્ર રૂપ ધારણ કરે ત્યારે તે આખાં જંગલોનાં જંગલને સમૂળાં ઉખેડી નાખશે, કે પ્રાણીમાત્રને કચરી નાખશે કે શું એવો ડર લાગવા માંડે છે. પણ એ જોશ શમ્યા પછી એ જ પવન જંગલ અને જીવમાત્રને પ્રાણદાતા અને જીવનપોષક બને છે. એવી જ જાતનો સ્વભાવ મગનકાકાનો હતો. ગુસ્સામાં તેઓ જેટલા વિકરાળ હતા તેટલા જ પ્રસન્ન હોય ત્યારે પ્રેમાળ હતા. મને ઘણું ઘણું શીખવી ખૂબ સારો બનાવવાના તેમને કોડ હતા. એ જ કારણે માઈલો સુધી તેઓ મને કાંધે ચડાવી કુદરતનું દર્શન કરાવતા. ઘેર પણ ઝીણી ઝીણી વાતની તાલીમ એટલી જ કાળજીથી આપતા. દાતણનો કૂચો કેમ કરવો, દાંત પર દાતણ કેમ ઘસવું, ચાકુ કેમ પકડવું, જોડા કેમ પહેરવા એ બધું ચીવટથી શીખવતા. મારા મનમાં એમનો ભય તો સદા ભર્યો જ હોય, એટલે એમની દરેક સૂચના પૂરા ધ્યાનથી હું સાંભળતો ને એનો અમલ કરતો. આવી નાની નાની ક્રિયાઓના અનુકરણમાં હું ઓછો ઊતરું તેથી મગનકાકા અકળાતા નહીં પણ ધીરજથી ફરી શીખવતા અને એવાં કારણે મને માર ન પડતો એટલું વળી ઈશ્વરે મારા સામું જોયું હતું.

ફિનિક્સ પહોંચ્યા પછી અઠવાડિયાં પર અઠવાડિયાં અને કેટલાક મહિના આવી રીતે વીતી ગયા પછી વાતાવરણ બદલાયું. ફિનિક્સમાં રહેવા પૂજ્ય બા અને મણિલાલકાકા, રામદાસકાકા તથા દેવદાસકાકા આવ્યાં. પૂજ્ય બા, મારી બા અને કાકીના ચહેરા પર વારે વારે ભય ફેલાઈ જતો હું ભાળતો. તેઓ ત્રણે

ટોળું વળી બહુ જ ધીમી વાતો દુ:ખભર્યે અવાજે કરતાં. તેનો રણકો અત્યારે પણ મારા કાનમાં ગુંજે છે. હું એ વખતે વધુ તો ન સમજતો, પણ ત્યારેયે એટલો ખ્યાલ મને આવેલો કે સૌ મોટેરાંઓ મોહનદાસકાકાની ભારે ફિકરમાં હતાં. દિવસમાં અનેક વાર આવી આવીને મારા પિતાજી પૂજ્ય બાને એમના ખબર સંભળાવતા. આ ઉપરાંત ઝૂલુઓનું નામ પણ વારે વારે સંભળાતું. હવે ઝૂલુઓ આટલે આવી પહોંચ્યા, હવે અમુક દિશાએ ગયા, ફરી ત્યાં પહોંચ્યા વગેરે ચર્ચાઓ ચાલ્યા કરતી. એ આખી વાતનું બહુ ઝાંખું સ્મરણ મને રહ્યું છે; કેવળ વાતાવરણમાં ભરેલા એ ભયનો અનુભવ યાદ રહ્યો છે. દક્ષિણ આફ્રિકાના ઈતિહાસમાં અને આત્મકથામાં જ્યારે ઝૂલુ બળવાનાં પ્રકરણો વાંચું છું ત્યારે એ ઝાંખા સ્મરણો વિશદ બને છે અને ખ્યાલ આવે છે કે ઝૂલુ બળવામાં બાપુજી ઘાયલોના સેવક બનીને ગયા હતા એ કેટલું ભારે સાહસ હતું. ફિનિક્સ ઝૂલુ વસ્તીની વચ્ચોવચ હતું. તેઓ ફિનિક્સવાસીઓને પોતાની વિરુદ્ધ ગોરાઓને મદદ કરતા જુએ ને ચિડાય તો પળવારમાં ફિનિક્સ પર ચડી આવી તેને ખેદાનમેદાન કરી નાખી શકે એમ હતું. પરંતુ બાપુજીએ ગોરાઓની મદદમાં જઈને પણ ઝૂલુના દુશ્મનને બદલે ઝૂલુના સેવક તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી ને ઝૂલુઓ સદાને માટે ફિનિક્સના મિત્ર બન્યા.

લગભગ એ જ દિવસોમાં અમારા ઘરમાં પણ એક બીજી નવી વાત બની. મારી કાકી થોડાં માંદા રહ્યાં — ખાટલા પર પડી રહ્યાં — અને તેમને એક નાનો ભાઈ આવ્યો. એનું નામ કેશવલાલ રાખવામાં આવ્યું. એ કાકીનો ભાઈ નહીં પણ દીકરો થાય અને ભાઈ તો મારો થાય એ સમજણ મને ત્યાર પછી ઘણે ભાગે વરસેક દહાડે આવી. એને ખોળામાં લઈ રમવાની મને ઠીક મજા પડતી. ઘરમાં દિવસ ગાળવો ભારે પડતો તે હવે ઓછો ભારે લાગવા માંડ્યો. વળી બપોરે રોજ બેસવાને કાકીબા (પૂજ્ય કસ્તૂરબાને એ સમયે હું એ રીતે સંબોધતો) આવતાં તે કારણે પણ પાટીપેન લઈ મારી બાની સામે બેસી રહેવાની મારી સજાનો કાળ ટૂંકો થતો. દેવદાસકાકા ને રામદાસકાકા પણ અમારે ત્યાં આવતા, પણ જરા વાર રોકાઈ તુરત પોતાને ત્યાં કે પ્રેસમાં ચાલ્યા જતા. તેઓ મારાથી ઉંમરમાં અનુક્રમે લગભગ દોઢ ને સાડાત્રણ વરસ મોટા હોવાથી હું ઝટ ઝટ તેમનો બરોબરિયો નહોતો થઈ શક્યો.

પૂજ્ય બાના આવ્યા પછી કેટલેક દિવસે બાપુજી પણ થોડાક દિવસ સારુ ફિનિક્સમાં રહી ગયા. તેઓ આવ્યા ત્યારે રોજ સાંજે બાપુજીને ઘેર 'મીટિંગ' થતી. આ 'મીટિંગ'માં મારી બા સરસ સરસ ભજન ગાતી. હું તો 'મીટિંગ' પૂરી થયા પહેલાં જ ઊંઘી જતો એટલે ઘણી વાર મને 'મીટિંગ'માં લઈ જવામાં ન

આવતો. આશ્રમની આજકાલની સાયંપ્રાર્થનાનું પૂર્વરૂપ તે આ ‘મીટિંગ’. એમાં ફિનિક્સનાં બધાં માણસો — ગોરાઓ અને બીજાઓ બાપુજીને ત્યાં ભેગાં મળતાં અને ખુરશીટેબલ પર બેસી વાતો કરતાં, ભજન કરતાં. બાપુજી સૌની વચ્ચે બેસતા ને બધાને કંઈક કહેતા ત્યારે સૌ ચૂપ થઈ તેમની સામે જ જોઈ રહી તેમની વાતો સાંભળ્યા કરતાં. બાપુજી આવીને ફિનિક્સથી ચાલ્યા ગયા પછી રોજ રાત્રે અમારે ઘેર રામાયણ ગાવાનું શરૂ થયું. વચ્ચે ફાનસ સામે મોટી ચોપડી મૂકી મારી બા, કાકી, પિતા અને કાકા ચારે જણાં કૂંડાળું વળી બેસતાં અને રામાયણ ગાતાં. ગાવામાં મારી બાનો ને મગનકાકાનો સ્વર ખૂબ ભળતો ને દૂર દૂર સુધી સંભળાતા. રામાયણ શરૂ થતું ત્યારે હું મારા ખાટલામાં જઈ સૂઈ જતો અને સૂરીલું મધુરું સંગીત સાંભળતો સાંભળતો ગાઢ ઊંઘમાં પડી જતો. રાતની રામાયણની કથા શરૂ થયા પછી મગનકાકાનો મારા ઉપરનો આતંક પણ ઠીક ઠીક હળવો થવા લાગ્યો હતો. કદાચ રામાયણ કરતાં બાપુજીના તાજા સંસર્ગની એ વધુ અસર હતી એમ કહી શકાય.

## ૧૧
## વાનરટોળી

ઘડો જેમ ટિપાય અને શેકાય તેમ પાકો થાય. મારું પણ એવું જ થયું. વારંવાર પડતા મારે મને રીઢો કરી મૂક્યો. ગુનો કરતી વખતે મને મારનો ભય જરાયે મનમાં ન રહેતો. ‘માર ખાવો પડશે તો ખાઈ લઈશ, જરા હાડકાં દુખશે એટલું જ ને? પણ બનતાં સુધી હું મારો ગુનો પકડાવા નહીં જ દઉં’ એવી શ્રદ્ધા ગુના કરતી વખતે મને રહેતી. મનના રીઢાપણાએ શરીરની સહનશક્તિ પણ ઠીક ઠીક વધારી હતી. ચામડીમાં લાંબા ઉઝરડા પડે, પગમાં કાંટા પેસે, કડકડતી ઠંડીમાં પથ્થરની ધાર વાગી પગમાંથી લોહી વહે, બહુ ઊંચેથી પડી જતાં પછાટ લાગે તેની આળપંપાળ મને ભાગ્યે જ સૂઝતી. અપમાનિત થઈ ખાવા પડતા તમાચા કરતાં હાથે કરી વગાડી લીધેલા ઘાની વેદના દસમા ભાગનીયે ન જણાતી. ટૂંકમાં હું ટેવાયેલો ગુનેગાર થતો ચાલ્યો.

રીઢો ગુનેગાર છતાં હું બહાદુર ગુનેગાર હતો એમ નહીં. મોટેરાંઓની બીક મનમાં એટલી રહેતી કે તેમની હાજરી હોય ત્યારે બહુ જ ડાહ્યો અને ભારેખમ થઈ બેસતો. તેમના દેખતાં રમવાનીયે મને ગભરામણ થતી. પણ જેવો પિતા, કાકા, બા વગેરેની નજરમાંથી છૂટવાનો લાગ મળતો કે દબાઈ રહેલું મન હરખથી ઊભરાઈ જતું ને મને જાતજાતનાં અડપલાં સૂઝતાં અને અટકચાળાની પરંપરા ચાલતી. એ જાતજાતના અનેક અટકચાળાનું અત્યારે સ્મરણ નથી અને

હોય તોયે તે બધા અહીં વર્ણવવામાં કંઈ સાર નથી; છતાં બેપાંચ નમૂના આપું.

સાઈકલનો પંપ ઘરમાં ગમે એટલે ઊંચો મૂક્યો હોય તોયે તે ઉતારી પાણીની ડોલ ભરી પંપ વડે દૂર દૂર પિચકારીઓ મારવી; અસ્ત્રાથી સાબુ કાપવો; સીવવાના સંચા પર જાતજાતના પ્રયોગો કરી તેને ખોટકી નાખવો; ઘડિયાળ ખોલીને જોવી; ખરે બપોરે મીણબત્તીઓ સળગાવી તેના રેલા ઊતરતા જોવા; પીવાના પાણીના સંગ્રહની ટાંકીમાંથી ફુવાર છોડી પાણી ઘટાડવું; મગનકાકા શહેરમાંથી જે કંઈ નવી વસ્તુ લાવે તે તેઓ ખોલીને જુએ તે પહેલાં જ ખોલીને જોવી અને રંગ હોય તો જ્યાંત્યાં ચોપડીને અજમાવી જોવો ઈત્યાદિ અટકચાળા હજુ ગઈકાલે જ કર્યાં હોય એવાં સાંભરે છે. માર અને ધમકીની સતત પ્રસાદી મળવા છતાં આવાં અડપલાંની મારી ટેવ જરાયે ઓછી થઈ ન હતી. જે કંઈ નવી ચીજ જોઉં તે શા માટે આવી અને એનો શો ઉપયોગ છે એ જાણવાની દાબી ન દબાય એવી જિજ્ઞાસા મને થતી. એ જિજ્ઞાસાનું સમાધાન વિહિત રીતે હું ન કરી શકતો. મારી જીભના ટુકડા થઈ જાય તોયે મારાથી એમ ન પૂછી શકાતું કે ‘કાકા, આમાં શું છે ને શા માટે લાવ્યા છો?’ જ્યારે આટલો સવાલ કરવાની હિંમત ન હતી ત્યારે એ ચીજનો ઉપયોગ કરી જોવાની રજા મેળવવાની હિંમત ક્યાંથી હોય? પરિણામે ચોરીછૂપીથી દરેક ચીજનો મનમાન્યો ઉપયોગ કરી જોતો અને હાથેપગે વગાડી બેસતો. જેમ કે, એક વાર અણીદાર નવું ચપ્પુ લઈ સ્લેટપેનની અણી પેન્સિલની જેમ કાઢવા બેઠો. અણી સરસ નીકળી પણ ડાબા હાથના અંગૂઠાનો નખ મૂળસોતો ઊખડી ગયો. લોહી ખૂબ વહ્યું, પણ હાથે કરીને વગાડેલું એટલે ઉંકારો કરવાપણું હતું જ નહીં. પાંચદસ મિનિટ સુધી કપડેથી લોહી દાબતો રહ્યો પણ એ વહેતું ન અટક્યું. છેવટે મારી બા ત્યાં આવી ચડતાં તેમણે પાટો બાંધ્યો.

આવાં તોફાનો હું એકલો એકલો ઘરને ખૂણે કર્યા કરતો. પણ જ્યારે અમારી ટોળી જામી ત્યારે અમે આખું ફિનિક્સ ખૂંદી વળવા લાગ્યા. જેના તેના ઘરમાં જઈ ભાંગફોડ કરવા માંડી. પ્રત્યેક બાગનાં તાજામાં તાજાં ફળોના ભોક્તા અમે બન્યા. કોઈ કોઈ વાર તો વાંદરા પણ જેટલું નુકસાન ન પહોંચાડે તેટલું નુકસાન દરેક ઘરમાલિકને અને બાગરક્ષકને અમારે લીધે વેઠવું પડતું. અમારી આ ટોળીમાં ચાર જણ હતા.

પૂજ્ય બાએ ફિનિક્સમાં ઘર વસાવ્યું ત્યાર પછી દેવદાસકાકા અને રામદાસકાકાને ગુજરાતી ભણવાની વ્યવસ્થા મારી બા પાસે થઈ. મારી બા છઠ્ઠી ગુજરાતી સુધી ભણેલાં. બહેનોમાં બીજું કોઈ એટલું ભણેલું ત્યાં નહીં. રામદાસકાકા-દેવદાસકાકાનો વર્ગ અમારે ઘેર શરૂ થયો ત્યારે મારે નસીબે હજુ

પાટીમાં માથુ નાખી કક્કો ઘૂંટવાનું જ હતું. પણ દેવદાસકાકા ને રામદાસકાકા તો રંગીન ચિત્રોવાળી કેરી, કુહાડી, ઢબુ આદિની વાર્તાઓ વાંચતા ને મજાની કવિતા બોલતા. અનેક થપાટો અને ભર્ત્સનાથી મને ભણવાની હોંશ નહોતી આવી, પણ જ્યારે મેં જોયું કે રામદાસકાકા ને દેવદાસકાકા વગર માર ખાધે, વગર ઠપકાએ સારું સારું ભણે છે અને તેઓ ભણે છે તેથી એમની સાથે બધા હસીને વાત કરે છે ત્યારે મને સમજાયું કે હુંયે ભણીશ તો મારો ભાવ પુછાશે. વાર્તા વાંચવાની હોંશે અને રામદાસકાકા-દેવદાસકાકાની અનુકરણવૃત્તિએ મારું ધ્યાન ભણવામાં પરોવ્યું. બારાખડી પૂરી કરી પહેલીના પાઠો ક્યારે વાંચતો થયો તેની મને ખબર ન પડી. જેમ ભણવામાં તેમ બીજી વાતોમાંયે એમને લીધે મારા મગજમાં પ્રકાશ આવ્યો. ખાવું, પીવું, ઊંઘવું, ઘરમાં ભાગફોડ કરવી ને અવારનવાર હાડકાં રંગાવવાં એની બહાર દુનિયા ઘણી વિશાળ છે, ઘણું જાણવાનું ને શીખવાનું છે એ મને સમજાયું ને એ રીતે રામદાસકાકા અને દેવદાસકાકા મારા સૌ પહેલા માર્ગદર્શક બન્યા. તેમાંયે દેવદાસકાકા ઉંમરમાં લગભગ મારા જેવડા અને ખૂબ હોશિયાર હોવાથી નાનીમોટી બધી વાતમાં તેઓ જ મારા કર્ણધાર થઈ પડ્યા.

તે વેળા મારી ઉંમર આશરે પાંચેક વર્ષની, દેવદાસકાકાની સાડા છ વર્ષની ને રામદાસકાકાની સાડા આઠ વર્ષ જેટલી હતી. થોડા દિવસ પછી ચોથો છોકરો વિલી અમારી સાથે ભળ્યો. એ મિ. કોર્ડિસનો દીકરો હતો. મિ. કોર્ડિસ છાપખાનામાં કામ કરવા આવનાર બીજાઓની જેમ ફિનિક્સ આવી વસેલા. તેઓ જાતે જર્મન હતા પણ તેમનો દીકરો ગોરો ન હતો. તે ત્યાંના ઝૂલુઓ જેવો ઠીંગણો ને કાળો હતો, કારણ તેની મા ઝૂલુ હતી. એનામાં દોડવાની, ઝાડ પર ચડવાની અને તોફાન કરવાની બીજી શક્તિ અમારા કરતાં ઘણી વધારે હતી. બપોરથી સાંજ સુધી મગનકાકા, મિ. કોર્ડિસ અને બીજા બધા પ્રેસમાં જઈ કામ કરતા ત્યારે અમારી આ ચોકડી ઘરમાંથી છટકી આવી ફિનિક્સને એક છેડેથી બીજે છેડે ફરી વળતી.

ફિનિક્સમાં મોટા ઘરની પાછળ રમવાનું ટેનિસનું મેદાન મૂક્યા બાદ પશ્ચિમે એક મોટો બગીચો હતો. મોટું ઘર એટલે બાપુજીનું ઘર; પણ મોટો બગીચો એટલે બાપુજીનો બગીચો નહીં. ફિનિક્સના જૂના માલિકે એક બગીચો બનાવેલો હતો. તેનાં ઘણાંખરાં ઝાડ ઘરડાં થઈ ગયેલાં તેથી તે મોટો બગીચો કહેવાતો. તેમાં ફળ ખૂબ આવતાં. આ બગીચાના રખેવાળ આણંદલાલકાકા હતા. એક પણ ફળ કોઈ લઈ ન જાય એની એમની બહુ ચીવટ રહેતી. અમને થતું કે ફળ પાક્યાં છે તે ખાવાને હોય કે સોડવવાને? એટલાં બધાં ફળ

આણંદલાલકાકા એકલા થોડા જ ખાઈ જવાના હતા? પણ આણંદલાલકાકા અમને કદી ફળ આપતા નહીં. અમને બગીચામાં જોતાં જ ખૂબ દબડાવતા, ધમકાવતા અને અમારી ફરિયાદ કરતા. તેથી એમને થાપ આપી એમનો બગીચો ઉજાડવાની અમને બહુ મજા પડતી. બપોરે પ્રેસનું કામ છોડીને પણ વચ્ચે વચ્ચે તેઓ આખો ટેકરો ચડઊતર કરતા અને બગીચામાં કોઈ છે કે કેમ તે તપાસી જતા. આથી અમે પાકો બંદોબસ્ત રાખ્યો હતો. હું નાનો; ઝાડ પર ચડીઊતરી ન શકું, એટલે મારું કામ ચોરીની જગ્યાએ થોડે દૂર ઊભા રહી કોઈ આવે છે કે કેમ, તે જોતા રહેવાનું અને ખબર કરવાનું હતું. રામદાસકાકા સૌથી મોટા એટલે તેમનું કામ ખૂબ ઊંચા ઝાડ પર ચડી ફળો તોડવાનું હતું અને દેવદાસકાકા ઉપરથી પડતાં ફળો ભેગાં કરવાનું કામ કરતા. એક શેતૂરનું ઝાડ પચાસેક ફૂટ ઊંચું અને એક પપૈયાનું ત્રીસેક ફૂટ ઊંચું હતું. આ બંને વૃદ્ધ વૃક્ષોનાં ફળ બહુ મીઠાં ઊતરતાં. ભલા રામદાસકાકા ઉપરથી ફળ પાડી ઊતરીને નીચે આવે ત્યાં સુધીમાં પપૈયાનો મીઠામાં મીઠો ભાગ અને કાળાં મધુરાં શેતૂરનો ભાગ અમે ઓહિયાં કરી જતા. જેમની ખરી મહેનત તેમને ઓછું પહોંચતું. છતાં રામદાસકાકા ઉદાર દિલના એટલે અમારે કજિયો ન થતો. ફળ ખવાતાં હોય ને ત્યાં કોઈનો પગરવ સંભળાય તો ભાગવામાં આડો રસ્તો કે કાંટાળાં ઝાંખરાં વટાવતાંયે અમે અચકાતા નહીં. ભાગી જઈ, મોટા ઘરની નાહવાની ઓરડીમાં હાથ ધોઈને શાણા બની મુખ્ય રસ્તા પર ટહેલવા લાગતા અને વગર પકડાયે ચોરી પૂરી કર્યાનો આનંદ માણતા.

રહેતે રહેતે મોટા બગીચાની ચોરી અમારો નિત્યક્રમ થઈ પડ્યો. ભાગ્યે જ એકાદ વાર અમે કોઈની નજરે પડ્યા હોઈશું. સંતરાંની મોસમમાં એક ઝપાટે સો બસો સારાં સારાં સંતરાં ભરખી જવા જેટલા અમે કુશળ બની ગયા હતા. બાગમાં બેચાર ઝીણા લવીંગિયાં મરચાંના છોડ હતા. એ લવીંગિયાં મરચાં સાધારણ મરચાંથી આઠદસ ગણાં વધારે તીખાં હતાં. અર્ધો, પોણો ઈંચ લાંબું અને પા ઈંચથી પણ પાતળું એ મરચું મોંમાં મૂકતાં મોઢું જ નહીં, શરીરનું અંગેઅંગ ચચરી ઊઠતું. કેટલાયે દિવસો સુધી અમારી વચ્ચે હોડ ચાલી કે કોણ એ મરચાં સૌથી વધારે ખાય છે. અમે એક કે બે સંતરાં છોલીને તૈયાર રાખીએ, પછી મોંમાં મરચું મૂકી ઉપર સંતરું અરધું કે આખું ને આખું ખાઈ જઈએ. સંતરાંથી બળતરા ઓછી થાય કે ફરી પાછું બીજું મરચું મોંમાં મૂકી સંતરું ખાઈ જઈએ. આમ ઉપરાઉપરી દસપંદર મરચાં ચાવી જઈએ. આંખમાંથી પાણી ટપકે, નાક બળું બળું થાય, પણ પરાક્રમ કરવામાં હાર કોણ કબૂલ કરે? ત્રાણે જાણા જરા પણ મચક આપ્યા વિના આ દિવ્યમાંથી સરખેસરખા પસાર થતા.

કેટલાક જુવાનો પોતાનો અનુભવ સંભળાવતાં જ્યારે કહે છે કે બીડીની પહેલી ફૂંક લેતાં ઊબકા આવ્યા હતા, છતાં તેઓ એ વ્યસનમાં ગરક દેખાય છે ત્યારે મને આ લવીંગિયાં મરચાંવાળો કિસ્સો યાદ આવે છે. એ મરચાં ભરખતી વખતે અમને જો કોઈ એમ સમજાવનારું હોત કે ‘જેને તમે બહાદુરી માનો છો એ ઊંધી બહાદુરી છે; મરચાં ખાવાના પરાક્રમથી તમારી માણસાઈ વધવાની નથી’; તો એ લવીંગિયાં મરચાં ખાવાની અમે જે ટેવ પાડી લીધી હતી એ ન પડત અને એમાં કાંઈ મજા ન લાગત.

ધીમે ધીમે ફિનિક્સના નવા બગીચા તૈયાર થવા લાગ્યા. આણંદલાલકાકાએ પોતાના ઘરની બાજુમાં લીલી ને કાળી દ્રાક્ષનો માંડવો કર્યો હતો. દક્ષિણ આફ્રિકામાં લીલી દ્રાક્ષ તો રોજ મળે. પણ કાળી દ્રાક્ષની શોભા અમને બહુ લલચાવતી. પોતાની વાડીના ઉછેર અને રક્ષા માટે એક ભૈયાને એમણે માળી તરીકે રાખ્યો હતો. એ અમને દેખે ત્યાંથી લાઠી, પાવડો કે જે હાથમાં આવે તે લઈ અમારી પાછળ દોડે અને હાથમાં આવીએ તો જરાક ઝૂડી પણ નાખે. પરંતુ હાડકાં રંગાવાને જોખમે પણ અમે આણંદલાલકાકાની કાળી દ્રાક્ષ પાકવા ન દેતા. એ જ પ્રમાણે એમણે ઉછેરેલાં અનેનાસ પાક્યાં પહેલાં, આમલી કરતાંયે ખાટાં છતાં, અમે તોડી ખાતા; મગનકાકાએ બહુ મહેનતે આંબા ઉછેરેલા. દક્ષિણ આફ્રિકામાં તો આંબા નવાઈ જેવા. પહેલી વારનો પાક મગનકાકાએ ઉતારી અમારી નાહવાની ઓરડીમાં કરંડિયામાં પકવવા મૂક્યો કે બીજે દિવસે સાંજે અમે ચટ કરી ગયા! તે દિવસે સારી પેઠે જૂઠું બોલીને હું મગનકાકાના કોપમાંથી બચ્યો.

ફળની ચોરી કે કાચી મકાઈ, ઊગતી ડુંગળી, લીલાં શાક એ બધાંનો નાશ કરતાં અમે ધરાતા જ નહીં. ગમે એટલું ખાવા છતાં અમને ધરવ ન થતો. પણ અમે એટલે જ ન અટક્યા. અમારે ત્યાંના છાપખાનામાં માંસાહારી ભાઈઓ હતા તેમના અમે શિક્ષક બન્યા. એક ભાઈ મૂળે મદ્રાસી. વગર કુટુંબે રહેતા. તે કામે જાય કે જેમતેમ કરી અમે એની ઓરડીમાં ઘૂસીએ. તેમને એકીસાથે ડબ્બો ભરી દઈને ઈંડાં રાખવાની ટેવ હતી, એક એક ઈંડું લઈ પથ્થર પર પછાડી ફોડવાનો ને પીળા રસથી હાથ ખરડવાનો અમને આનંદ આવતો. તેના માછલીના ડબ્બા ફીંદીને ફેંકવામાં મજા આવતી. અને જો તે અમને દબડાવે તો અમે સામા દબડાવતા કે શું કામ તમે આવું ગંદું ગંદું ખાઓ છો?!

પણ આવી રમતોથી અમારા સંસ્કાર બગડ્યા. બીજાને વિશે કહેવું દુષ્કર છે, પણ મારે વિશે કહું કે મને શિકારી રસ જાગ્યો. દેશકાળની અસર બાળકોના સંસ્કાર પર કોઈ અજબ રીતે પડે છે. ગુજરાતી વૈષ્ણવ કુટુંબનો હું બાળક, નિત્ય

શુદ્ધ આહાર કરનારો અને રાતદિવસ વૈષ્ણવ માબાપને ખોળે ઊછરનારો; છતાં ફિનિક્સના વાતાવરણે મને હિંસા જોવાનો રસિયો બનાવી મૂક્યો. જોકે દેશમાં આવ્યા પછી પંદરેક વરસની ઉંમર બાદ મને લોહીની સૂગ અને તરફડતા જીવને જોઈ ગ્લાનિ ઊપજવા લાગી. પણ તે પહેલાં, આંકડામાં માછલીનું તાળવું ફસાઈ જતાં અને પાણીની બહાર તેને તરફડતી જોતાં મને પ્રસન્નતા ઊપજતી અને કલાકો સુધી હું મચ્છીમાર પાસે રસપૂર્વક ઊભો રહેતો. કોઈ ઝૂલુ અમારા નાળામાંથી આઠે ખૂણે ભાગતા કરચલાને પકડી તેનું પેટ ફોડી નાખે, એકાદ સુંદર નાજુક પક્ષીને પકડી એક જ આંચકે તેની પાંખો ઉખેડી નાખે એ જોવાની મને મજા પડતી, ને 'હાં, બરાબરનો ઘા થયો - સરસ શિકાર થયો' એવું શૂર ચડતું.

આપણાથી ખવાય નહીં, મારવામાં પાપ લાગે એ જાતની ભાવનાને લીધે જાતે કોઈ જીવની હાનિ તો ન કરી પણ શિકારીની પેઠે પક્ષીઓને જાળમાં સપડાવવાની, માથોડા ઘાસમાં જઈ તેના માળા શોધી કાઢવાની, ઈંડાં તપાસવાની, ઈંડાં ફૂટ્યાં પછી બચ્ચાંનો કલબલાટ સાંભળવાની, તેમને ડરાવવાની ને એવી રમતોમાં હું ઠીક વખત ગાળતો. આ ક્રૂર રમત સાથે અવલોકન વધ્યું. કયાં પક્ષીનાં કેવાં ને કેટલાં ઈંડાં, કેવો માળો, કેવું ગીત હોય તેનો ખ્યાલ આવ્યો અને પક્ષીને ખબર ન પડે તેવી રીતે ધીમે પગલે તેની પાસે પહોંચી જવાની કળા મેળવી. શિકારી જીવનની એ બધી સારી બાજુ વૈષ્ણવ બાળકને સામાન્ય રીતે અલભ્ય ગણાય.

આપણા દેશથી સાવ ભિન્ન દેશના એ અવનવા વાતાવરણમાં અને વિશેષે એકાંત જંગલની વાડીઓમાં અમારી રમતો, તોફાનો અને બાળજીવનનો આનંદ અનેરો હતો. દિવસરાત ઉલ્લાસ અને આનંદ ઊભરાતા. એ બધી વાત વર્ણનમાં કેમ કરી ઉતારાય? વિશાળ બીડમાંનાં રંગબેરંગી ફૂલો, તેમની આછી મીઠી સુગંધ, ઝાકળનાં અને આછા વરસાદનાં મોતી, એ બધાંનો આનંદ બચપણમાં જેણે માણ્યો હશે તે વગર વર્ણને એ રસની કલ્પનાએ રાચશે. અને જેણે એવું કંઈ નહીં અનુભવ્યું હોય તે શાબ્દિક વર્ણનથી કંટાળશે. એટલે એ સુગંધી આસમાની ફૂલ, અનેક ટપકીવાળાં ઈંડાં વગેરેની વાત છોડી પાછો અમારી વાનરટોળીની વાત પર આવું.

મને કેટલીક વાર બહુ ભયાનક અખતરા સૂઝતા. અમારા ઘરથી થોડે દૂર એક કૂવો હતો. ઊંડો તો સાતઆઠ હાથ જ હશે. પાણી સુકાઈ જઈ તળિયે કીચડ જામ્યો હતો. તેમાં ઊતરવાની એક ભાંગીતૂટી નિસરણી હતી. એમાં ઊતરી અમે એ કીચડમાંથી જાતજાતનાં રમકડાં બનાવતા. એક વાર એ કૂવાની ધારે ઊભા રહી અમે અંદરનો કાદવ તપાસતા હતા. મને કલ્પના આવી કે 'અહીંથી

કૂદી પડીએ તો વાગે ખરું? વાગે કે નહીં તેનો અખતરો જાતે કરવાની મારી હિંમત ન હતી, છતાં અખતરો થવો તો જોઈએ જ. મેં સહેજ પાછળ હઠી, દેવદાસકાકા જરા નીચા વળીને જોતા હતા તેમને હડસેલો માર્યો! તેમણે ચપળતાથી પોતાનું તોલ સંભાળી લીધું અને ઊભા ને ઊભા અંદર કૂદી પડ્યા. તેમને વાગ્યું નહીં, પણ કાદવના છાંટાથી તેમનાં કપડાં બગડ્યાં. કપડાં બગડ્યાંનો તેમને વધુ ગુસ્સો આવ્યો. સીડીએથી ઉપર આવી તેઓ સીધા છાપખાનામાં મગનકાકા પાસે દોડી ગયા ને મારી રાવ ખાધી. હું પણ તેમની પાછળ પહોંચ્યો, - રાવ ખાતા અટકે તો અટકાવવા. તેમને હું ફરિયાદ કરતાં રોકી ન શક્યો, પણ મારું સદ્‌ભાગ્ય કે છાપખાનું હોવાથી મગનકાકાના મારથી બચી ગયો. ઘેર હોત તો કદાચ મારો બરડો ઠીક ખોખરો થાત. પરંતુ છાપખાનાના બધા મોટા માણસોએ મારી જે ઠેકડી ને નિંદા કરી તે માર પડવા કરતાંયે મને આકરી સજા થઈ ને ઘણા દિવસ સુધી ઘરની બહાર નીકળવાની મારી હિમંત ન ચાલી.

આવો જ વિકટ બીજો એક અખતરો મેં કર્યો હતો. મારી કાકીને રસોઈ કરવા જવું હોય ત્યારે કેશુ - મારા નાના પિતરાઈ ભાઈને - હીંચકાવવાનું મને સોંપી જતાં. દેવદાસકાકા, રામદાસકાકા, વિલી બધાયે ખૂબ રમે, રખડે ને મારે એકલાને ઘરમાં બેઠા બેઠા ઘોડિયાની દોરી ખેંચ્યા કરવી પડે. આથી મનમાં મને બહુ દાઝ ચડતી. પણ એટલી હિંમત નહોતી કે મારી કાકીની સામે થઈ હીંચોળવાની ના પાડી રમવા જઈ શકું. એક વાર વિચાર કરતાં મને એક ઉપાય જડી આવ્યો. મને થયું કે કેશુને એટલો રડાવું કે તે છાનો રહે જ નહીં. એટલે કાકીને આવવું પડશે ને મને છુટ્ટી મળશે.

દિવાળીના દિવસો હતા. મારી પાસે લીલા પીળા રંગનાં બપોરિયાંની પેટી હતી. મેં એક બપોરિયું સળગાવી તેનો અંગાર કેશુના પડખામાં ચાંપી દીધો અને એની દીવાસળી બહાર ફેંકી દીધી. કેશુ ચીસેચીસ પાડી ઊઠ્યો. મારાં કાકી દોડી આવ્યાં. મને ખૂબ પૂછ્યું, પણ હું શાનો જવાબ આપું? ઘોડિયું ખંખેર્યું, ચોતરફ તપાસ્યું અને છેવટે કેશુનાં લૂગડાં કાઢ્યાં ત્યારે દાઝ્યાનો ડાઘ દેખાયો. કાકા આવ્યા ત્યારે એમની પાસે ફરિયાદ પહોંચી. એક દીવાસળી ચાંપ્યાના બદલામાં અનેક દીવાસળીઓના ડામ જેટલી શારીરિક પીડા મારે ઝીલવી પડી, અને તે પછી લાગલાગટ બેચાર દિવસ સુધી નાના ભાઈ ઉપર પ્રેમ કરવાની ફરજ વિશે મને મુરબ્બીઓએ શિખામણ આપી. પરિણામે, ત્યાર પછી નાના ભાઈઓને હીંચકાવવાનો, સાચવવાનો મને કદી કંટાળો ન આવ્યો; અને આવ્યો તોયે તેમને છોડીને રમવા જવાની હિંમત ન ચાલી.

મારા આવા જ અખતરાઓને પરિણામે એક વાર ઘર સળગી ઊઠ્યું અને મારી કાકીની સમયસૂચકતાને લીધે ભારે હાણ થતી બચી. ફિનિક્સમાં દીવાનું કામ ઘણુંખરું મીણબત્તીથી જ ચાલતું. મને એ સળગાવવાનું બહુ મન થાય, પણ મને કોઈ દીવાસળીને હાથ ન અડાડવા દે. મીણબત્તીને અડું તોયે ધમકાવી કાઢે. રાત્રે મીણબત્તી સળગાવવા ન મળે એટલે મેં દિવસે લાગ સાધ્યો. પિતાશ્રી જમીને છાપખાને જાય અને બા જમવા બેસે ત્યારે અર્ધો કલાક અમારા ઓરડામાં કોઈ ન આવતું. એ તકનો લાભ લઈ હું ઓરડામાં પહોંચતો અને મીણબત્તી સળગાવી તેના રેલા ઉતારી તે પર મીણબત્તી જમાવી તેને ક્ષીણ થતી જોવાનો આનંદ પાંચ મિનિટ સુધી લેતો અને પછી તેને ઓલવી નાખી મારા ભણવાના પાઠ કરતો. આવો ક્રમ વીસેક દિવસ સુધી ચાલ્યો હશે, ત્યાં એક દિવસ મેં મીણબત્તી સળગાવી કે કામસર મારી બા આવી ચડ્યાં. મેં મીણબત્તીને ઠારવાને ઝડપ મારી ને મીણબત્તી પડી ગઈ. લાકડાના થાંભલા પાછળ તે ભરાઈ ગઈ. મારી બાએ આવા અટકચાળા માટે અને ન ભણવા માટે મને સહેજ ધમકાવ્યો અને અમે બેય ઓરડાની બહાર નીકળી ગયાં. બંનેએ માની લીધું કે મીણબત્તી ઠરી ગઈ છે. પણ દસેક મિનિટ પછી અમારા ઓરડામાંથી ધુમાડો નીકળવા માંડ્યો. આખું ઘર લાકડાનું હતું. મીણબત્તી વડે થાંભલો સળગી ઊઠ્યો હતો અને ઉપર છાપરા સુધી ઝાળ પહોંચી હતી. મારી કાકીનું ધ્યાન એ તરફ સૌ પહેલાં ગયું અને રસોડામાંની પાણી ભરેલી ડોલ લઈ તેઓ દોડ્યાં. મારી બા અને પૂજ્ય બા પણ પછી પહોંચ્યાં અને ઘર બળતું ઠાર્યું. આમ ઘર સળગાવવા માટે અને મીણબત્તીને અડવા માટે મને મહિનાઓ સુધી સૌએ ટોક ટોક કર્યો, પણ મને એ મારી ખોટી વગોવણી લાગતી. વાંક હતો, તો મારી બાનો હતો. તેમાણે કેમ ન તપાસ્યું કે મીણબત્તી ઠરી ગઈ છે કે નહીં? મને ચમકાવીને ધમકાવ્યો ન હોત તો કંઈ એવું થાત? મેં તો તે પહેલાંયે દિવસો સુધી મીણબત્તી સળગાવેલી, ત્યારે તો કંઈ નહોતું બગડ્યું. મીણબત્તીને વાપરવાની રીત બતાવવાને બદલે મીણબત્તીથી મને દૂર રાખવાની નીતિને પરિણામે જ આવું થયું ને?

મારાં અટકચાળાં કરતાં દેવદાસકાકાનાં તોફાનો એક રીતે સારાં હતાં. તેઓ આવી ભાંગફોડ ઓછી કરતા, પણ સાહસ અને કળાભરેલી રમતો તેઓ વધુ રમતા, નવી નવી રમતોની શરૂઆત તો તેઓ જ કરતા. રામદાસકાકા તેમાં કોઈ વાર ભળે અને કોઈ વાર દેવદાસકાકા એકલા જ રમે. હું ઘરમાંથી છુટ્ટી મેળવી શકું તો તો હું જઈ તેમને અનુસરું. મને તેમની પેઠે ઝાડ ઉપર ઝડપથી ચડઊતર કરતાં, પતંગ બનાવી તે ઉડાડતાં, કાગળનાં રમકડાં બનાવતાં, એમની જેટલી

ઝડપથી દોડતાં, સીધે નિશાને પથરા ફેંકતાં વગેરે આવડતું નહીં. છતાં એમના ગુરુપણા નીચે હું ધીમે ધીમે શીખતો. છાપખાના પાસેના નાળામાં અમે ડૂબી જઈએ એટલું ઊંડું પાણી કેટલીક જગ્યાએ હતું. કોઈ મોટેરાની સામે અમે નાળામાં ઊતરતા તો અમારો કાન ઝાલી અમને પાણીની બહાર કાઢવામાં આવતા. પણ અમે બંને, ગીચ ઝાડીવાળી જગ્યાએ નાળા કાંઠે જઈ, કપડાં કાંઠા પર ફેંકી પાણીમાં કૂદી પડતા અને કલાકો સુધી તરવાની મોજ માણતા. મને થોડું થોડું તરવાનું દેવદાસકાકાને પ્રતાપે જ આવડ્યું હતું.

દર રવિવારે મગનકાકા અને ફિનિક્સના મોટા માણસો આમલીપીંપળી અને બીજી મરદાની રમતો રમતા, તેમણે એક બહુ ઊંચા ઝાડની મજબૂત ડાળીએ જાડા દોરડાનો હીંચકો બાંધ્યો હતો. જમીનથી એ ડાળી પચાસેક ફૂટથી ઓછી ઊંચાઈએ નહીં હોય. મગનકાકા એ હીંચકો ચગાવતા ત્યારે ડાળીના સીધાણથી ઊંચે ચડી જતા. મને એ જોતાં ડર લાગતો કે હમણાં કાકા ઊંધે માથે થઈ જવાના, પણ સદ્‌ભાગ્યે કદી અકસ્માત થયો નહોતો. એ જ હીંચકા પર દેવદાસકાકા ચડતા, મને પોતાની સામે ઊભો રાખતા અને મગનકાકા જેટલે ઊંચે નહીં તોયે સારી પેઠે ઊંચે ચડાવતા. દેવદાસકાકાની ગેરહાજરીમાં હું એકલો એ હીંચકે ચડવાની હિંમત ન કરી શકતો.

ત્યાં પવન બહુ જોરથી ફૂંકાયા કરતો. અહીં જેવા પાતળા કાગળના પતંગો ત્યાંના પવનમાં ચૂંથાઈ જ જાય. ત્યાં જાડા બ્રાઉન પેપરના પતંગો બનતા. દેવદાસકાકાએ એક વાર પૂરા માણસ જેટલો ઊંચો પતંગ બનાવ્યો. તેને ઉડાડવાને ભમરડાની જાળી જેટલી જાડી દોરી મેળવી અને દૂર ઊંચે ટેકરી ઉપર મને સાથે લઈ ગયા. પતંગનું પૂંછડું બહુ લાંબું અને ઘાસનું ગૂંથેલું હતું, છતાં પતંગ ગોથાં મારતો હતો; એટલે તેને છેડે ભારે ભારે ત્રણ નાના કાંકરા બાંધ્યા અને મને પતંગ હાથમાં આપી પોતે દોર લઈ દૂર ગયા. પતંગ સરસ ચડ્યો પણ હજુ તેનું લાંબું પૂછડું લગભગ જમીન પર હતું. તડ તડ તડ મારા માથા પર પૂંછડામાંના કાંકરા વાગ્યા. હું ભાગ્યો તો ફરી કાંકરા વાગ્યા. હું રોવા જેવો થઈ ગયો એટલે દેવદાસકાકા જોરથી હસી પડ્યા અને પતંગ ઉપર ચડાવી દીધો. ત્યારે જ મને ખબર પડી કે તેમણે જાણી જોઈને પતંગનું પૂંછડું મારે માથે મારવાનો વિનોદ કર્યો હતો. એ જ પતંગ પર દીવો બાંધી એક વાર રાત્રે તેમણે ઊંચે ચડાવેલો.

ટાંકીમાં ગબડવાનું એમનું સાહસ તો ભારે હતું. ફિનિક્સની ડુંગરાળ જમીન પર કૂવા ખોદવા પોસાય એમ ન હતું. પીવાના પાણી માટે દરેક ઘેર છાપરાં નીચે પતરાંની બેત્રણ માથોડાં ઊંચી ટાંકીઓ મૂકી હતી. વરસાદ વરસ

આખું વરસ્યા કરતો એટલે વારે વારે એ ટાંકીઓ ભરાતી અને પીવા તથા રાંધવા પૂરતું પાણી મળી રહેતું. આ ટાંકીઓ ડરબનથી બનીને આવતી અને છાપખાના પાસે ગાડામાંથી નીચે ઊતરતી. ત્યાંના ચાર પૈડાવાળાં અને છ ખચ્ચર જોડેલાં એ ગાડાં અમારા રહેવાના ટેકરા પર ન ચડી શકતાં તેથી ટાંકીને ગબડાવતાં પંદરવીસ જણ પાએક માઈલ ઉપર જ્યાં ટાંકીનો ઓટલો હોય ત્યાં સુધી લઈ જતાં. એક વાર આવી ટાંકી ગબડાવવાને માણસો ભેગા થવાનો વખત થયો કે લાગ જોઈ દેવદાસકાકા અંદર ઘૂસી ગયા અને ઢાંકણું બંધ કરી દીધું, જેથી કોઈને ખબર ન પડે કે અંદર કોઈ છે. દસેક ફૂટ વ્યાસની એ ટાંકીમાં ગબડતા અને ઉપરનીચે પછડાતા તેઓ ઉપર પહોંચ્યા અને ટાંકી ઊભી કરવાનો વખત આવ્યો કે ઢાંકણું ઠેલી બહાર કૂદી પડ્યા. બધાને બહુ નવાઈ લાગી. ત્યાર પછી બેચાર ટાંકીઓ આવી એ બધીમાં દેવદેસકાકા સાથે ગબડવાનો આનંદ મેં પણ લીધો. અંદર ગુપચુપ વાતો કર્યા વિના કલાકેક પડી રહેવાનો સંયમ કઠણ હતો, પણ ટાંકીમાં પોટકાં પેઠે અફળાવાની મજા લેવા માટે એ સંયમ અને ત્યાર બાદ મળતી ધમકીઓ અમે સહેજે સહી લેતા.

દેવદાસકાકાની સરદારી નીચે આમ ટાંકીમાં અફળાવાના સાહસની જેમ છસાત ફૂટ ઊંચે છાપરેથી કૂદકા મારવાની હિંમત પણ મેં કેળવી. ટૂંકમાં, નિશાળ વિનાના ફિનિક્સમાં અમારું ભણતર નહીં જેવું થયું, પણ રખડી રખડીને બીજી તાલીમ અમે ઠીક ઠીક મેળવી. અમારા હાથપગ કસાયા, માથે આવતાં વિઘ્નો ટાળતાં અમને આવડ્યું અને નવું નવું સરજવાની હોંશ જાગી.

ઉંમર વધતી ચાલી તેમ આપોઆપ અમારું વલણ બદલાયું. ચોરી ચોરીને ખાવાનો રસ ઓસરતો ચાલ્યો અને પાવડા - કોદાળી લઈ ખોદવાનું, ક્યારા કરી મેથીમૂળા વાવવાનું, તેને પાણી પાવાનું વગેરે કરવા માંડ્યું. એ કરતાં કંટાળીએ એટલે કુહાડી લઈ વગડામાંથી બકાનના છોડ વાઢી લાવી કોઈ વિશાળ વૃક્ષ નીચે જમીન સાફ કરી ઝૂંપડી બનાવીએ. નાની ત્રણચાર આંગળ જાડી લાકડીઓના થાંભલા ખોડી તેના ઉપર મોભ, વળી બધું નાખીએ અને પછી પાંદડાં અને ઘાસથી છાઈ દઈએ. પવન, તડકો, વરસાદ, કશું ન નડે તે સારુ બુદ્ધિ ચાલે તેટલી ગોઠવણી કરીએ. ત્યાં અમે લીંપાણ જોયેલું જ નહીં એટલે જમીન સરસ કરવાને લીંપવાગૂંપવાનું અમને ન સૂઝતું; પણ છાપખાનામાંથી મોટા મોટા નકામા કાગળો લાવી જમીન પર પાથરી સરસ આસન જમાવીએ અને ચારે જણા એમાં બેસીએ. સૂવાનું મન થાય તો વારાફરતી સૂઈએ. વળી નવા ઘરમાં બેઠે ધંધો કરવો જોઈએ એટલે છાપખાનામાં જઈ પરબીડિયાં ઉપાડી લાવીએ

અને તેમાંથી જુદી જુદી જાતની ટિકિટો ભેગી કરીએ. આવી રીતે ત્રણ ત્રણ હજાર ટિકિટો ભેગી કરેલી મને યાદ છે.

બાપુજી એક વાર ફિનિક્સ આવવાના હતા ત્યારે અમે એક સુંદર ઝૂંપડી કરી હતી અને કાગળના ખડિયા બનાવી તેમાં મીણબત્તીના દીવા કરી અમારા નાના ઘરમાં દિવાળી કરી હતી. બાપુજી તો રાતના મોડા આવવાના હતા એટલે મને તેના આવતાં પહેલાં ઊંઘ આવી ગઈ. સવારે સૂરજ ઊગ્યા પહેલાં ઊઠી નાહીધોઈ સાફ કપડાં પહેરીને હું બાપુજીને ઘેર ગયો. બાપુજી હરિયાળી ઉપર બેઠા બેઠા દાતણ કરતા હતા. હરિયાળી ઘરના ઊંચા ઓટલાથી જમીન સુધી ઢાળમાં સુંદર વાવી હતી. અમે ચારપાંચ બાળકો ભેગાં થઈ ગયાં એટલે બાપુજીએ એકને આંગળીએ, બીજાને ખભે અને ત્રીજાને ગરદન પર એમ વળગાડ્યાં. થોડી વારે મોટાઓ સાથેની વાતમાંથી ને દાતણમાંથી બાપુજી પરવાર્યા કે તેઓએ રમત માંડી. અમને એક એકને પોતાના માથા પરથી હરિયાળીના ઢાળ ઉપર ગબડાવી દેવા માંડ્યા. અમે દોડતા દોડતા તેમના ખભા પર ચડી બેસીએ; તો ફરી પાછા ગબડાવી મૂકે. આમ અર્ધોએક કલાક રમત ચાલી અને ખૂબ હસાહસ થઈ રહી.

નવદસ વાગ્યા જેટલો દિવસ ચડ્યો કે બાપુજી બધાં ફિનિક્સવાસીઓનાં ઘરોમાં આંટો મારવા અને સૌને કુશળ સમાચાર પૂછવા માટે નીકળ્યા. તેઓ સાધારણ રીતે પૂંછડીવાળી પાઘડી, કૉલર, ટાઈ અને ભૂખરા રંગના કોટપાટલૂન પહેરતા, પણ ફિનિક્સમાં તેઓ એવાં ભારે કપડાં ન પહેરતા. અમને સાથે લઈ ફરવા નીકળ્યા ત્યારે તેમણે મચ્છરદાની જેવા જાળીદાર કપડાનું બાંડિયું અને ધોળું પાટલૂન પહેર્યું હતું. એમનું એ જાળીદાર પહેરણ મને એટલું રૂપાળું લાગ્યું કે ઘણી વાર સુધી હું એકીટશે એને જોઈ જ રહ્યો અને મનમાં થયું કે મને પણ આવું પહેરણ મળે તો કેવું સારું! પણ હું કોની પાસે માગું? મેં મનમાં સમાધાન માન્યું કે સોનાના દાંત અને જાળીદાર પહેરણ તો બાપુજી જેવા મોટા માણસથી જ પહેરાય. બાપુજીની પાછળ પાછળ અમે બાળકો પણ એમની આંગળી પકડી ચાલ્યાં. હું એમનું જાળીદાર પહેરણ જોવામાંથી પરવાર્યો ને આજુબાજુ જોયું તો અમારી ટોળીમાં રામદાસકાકા ન દેખાયા; એટલે મેં બૂમ મારી: 'લામદાસકાકા એ લામદાસકાકા!' બાપુજીએ તરત મને ભોંઠો પાડતાં કહ્યું: 'લામદાસ શું કહે છે, રામદાસ બોલ!' મેં ફરી કહ્યું: 'લામદાશ'. એટલે બાપુજીએ અમને બધાંને કહ્યું, 'છોકરાઓ બોલો, હિપ્ હિપ્ હુર્‌ર્‌ર્‌રે.' બધાએ બાપુજીથી પણ ઊંચે સાદે સાદ મેળવ્યો, 'હિપ્ હિપ્ હુર્‌ર્‌ર્‌રે.' બાપુજીએ ફરી ઊંચે સાદે અમને એ બોલાવ્યું. ફિનિક્સની દિશા ગાજી ઊઠી. પાંચછ વાર હુર્‌ર્‌ર્‌રે બોલાવી લીધા

પછી બીજાને બંધ કરી મને એકલાને બોલાવ્યું. હું બરાબર બોલ્યો એટલે પછી મને કહે, 'બોલ હુર્ર્ર્ર્ રામદાસકાકા'. હું બોલ્યો, 'હર્ર્ર્ર્ રામદાસકાકા'. અનેક વાર એ રીતે કરાવ્યા પછી મારો 'લ'નો 'ર' થયો અને ત્યારે જ હર્ર્ર્ર્ રામદાસકાકા કહેવાના ત્રાસમાંથી હું છૂટ્યો. 'લ'નો 'ર' એ બાપુજી પાસેથી મને મળેલો પહેલો પાઠ હતો. તે દિવસ પછી આજ સુધી જે અસંખ્ય પાઠ તેમણે મને આપ્યા તે એટલા જ વાત્સલ્યથી અને સહૃદયતાથી આપ્યા અને એમનું શીખવેલું હંમેશાં તાજું રહ્યું.

બાપુજી ફિનિક્સમાં અવારનવાર આવ્યા કરતા, પણ દરેક વખતના તેમના આગમનના પ્રસંગો મને સ્પષ્ટ યાદ નથી. આ જે એમની સાથેની રમતની વાત કહી એ એક વેળાનીયે હોય અથવા બે જુદે જુદે વખતેયે એ બન્યું હોય, પણ એ હરિયાળી ઉપરથી ગબડવું, તેમની સાથે સાથે બધે ફરવું, તેમનું જાળીદાર પહેરણ વગેરે દૃશ્ય મને ચિત્રવત્ પ્રત્યક્ષ સાંભરે છે. એક વાર તેઓ આવ્યા ત્યારે ગૂમડાંથી અને વારંવાર બેત્રણ અઠવાડિયે તાવ આવી જવાથી હું નબળો રહેતો એટલે લોહી સુધારવા, રાંધ્યા વગરનાં કાચાં (લાલ નહીં પણ લીલાં - પાક્યા વગરનાં) ટમાટાં મને તેમણે ખવડાવવા માંડ્યાં. એ બહુ કડછાં લગતાં અને મોઢું બગડી જતું, પણ બાપુજીએ મને એવો ચડસ ચડાવ્યો હતો કે પેલાં લવીંગિયાં મરચાંની માફક હોંસે હોંસે એ હું ખાઈ જતો.

બાપુજી આવે ત્યારે રમવાની મજા સાથે ખાવાની પણ ખૂબ મજા આવતી. તેઓ હોય ત્યારે દર શનિ-રવિવારે આખું ફિનિક્સ એક પંક્તિએ જમતું. કેટલીયે વાનગીઓ થતી. કોઈ વાર બાપુજીને ઘેર સૌ જમે અને કોઈ વાર અમારે ત્યાં બાપુજી અને બીજાઓ જમે. બાપુજીને પૂરણપોળી અને ફરસાણ ખૂબ ભાવતાં, એટલે મારી બા અતિશય મહેનત લઈ સરસમાં સરસ પૂરણપોળી, ઢોકળાં વગેરે બનાવતાં. બાપુજી જમવા આવવાના હોય તે દિવસે મારાથી રમવાને બહાર ન નીકળી શકાતું. મારે મારા નાના ભાઈ કૃષ્ણને સાચવવાનું કામ કરવું પડતું. એ કામના બદલામાં કલાકે કલાકે મને નવી નવી ચીજ ચાખવા મળતી, એટલે તે દિવસે ઘોડિયાની દોરી ખેંચ્યે રાખવી મને કડવી ન લાગતી. બાપુજીનો ખાવા-ખવડાવવાનો શોખ અસાધારણ હતો. કેટલીક વાર તો તેઓ છાપખાનામાં પણ ખીર વગેરે કરાવતા. શનિવારની ટપાલમાં છાપું પહોંચવું જ જોઈએ. શુક્રવારે છાપવાનું કામ સાંજે મોડું મોડું શરૂ થાય અને છપાયા પછી છાપાં વાળવાં, તેને પૂઠાં ચડાવવાં, સીવવાં, કાપવાં અને બીડવાં વગેરે કામ જરાયે અટક્યા વિના આખી રાત ચાલતાં અને સવારે આઠ વાગ્યે સૌને છુટ્ટી મળતી. રાત્રે ઊંઘવાની કે પડખું વાળવાની તો શું, ખાવાનીયે છુટ્ટી કોઈને ન મળતી. સૌને છાપખાનામાં

જ ખાવાનું પહોંચતું. એ કામમાં અને એ ખીર ખાવામાં ચોમેર એટલો આનંદ રેલાતો કે શુક્રવારની રાતે અમારી ટોળી પણ છાપખાનામાં પહોંચી જતી અને મધરાત સુધી ખીર મળે ત્યાં સુધી અમે જાગતા, કાગળના ઢગલાઓમાં રમતા અને નાનુંસૂનું કામ પણ કરી આપતા.

પણ આવી મજાઓ શરૂ શરૂનાં વર્ષોમાં રહી. પછી તો બાપુજીએ ભારે પરિવર્તન માંડ્યાં. એ પરિવર્તનોનો પ્રત્યક્ષ અનુભવ મને નથી, પણ અમારા ઘરમાં એકદમ ફેરફાર થવા માંડ્યા તે ઉપરથી એનું અનુમાન થાય એમ છે. તીક્ષ્ણ મસાલાવાળાં અને બહુ મરચાંવાળાં શાક-ભજિયાં ખાવાનું મગનકાકાએ બંધ કર્યું. જમતી વખતે રસોઈના સ્વાદમાં જરા ફેરફાર થાય તો તેમનાં ભવાં ચડી જતાં એ બંધ થયું. ઘરમાં અંગ્રેજી ઢબ ઘૂસવા લાગી હતી અને નિત્યનવાં સાધનો ને ફર્નિચરો આવતાં તે અટક્યું. ટેબલ ખુરશી પર ધોયેલા ઓછાડ પાથરી, તે પર તપેલાની મેશ ન લાગે તે સારુ મેશ ઝીલનાર વિલાયતી પાટિયાં વાપરવાની તથા કાંટા ચમચાથી ખાવાની પૂરી અંગ્રેજી રીત ઘટી. મારે માથેથી સાદડીવણાટની અંગ્રેજી ટોપી, પગેથી બૂટમોજાં અને શરીર પરથી તૈયાર વિલાયતી સૂટ ગયાં અને ઘરમાં બા-કાકીએ સીવેલાં પહેરણ અને પાટલૂન જ રહ્યાં. અઠવાડિયે અઠવાડિયે મિષ્ટાન્નના ભોજનને બદલે સાદું ખાવાનું લઈ વનભોજન કરવાની રીત આવી.

એ મોજમજાભર્યું વાતાવરણ હવે એકાએક ગંભીર બનવા લાગ્યું. હસાહસ અને રમતોને બદલે ઉદાસી અને પોતપોતાના કામમાં ઊંધે માથે મંડ્યા રહેવાની વૃત્તિ આવી. એક વાર અચાનક મોટેરાંઓના ચહેરાનાં અને વર્તનનાં પરિવર્તનો મને દેખાયાં, પણ એનું મને કારણ કંઈ સમજાતું ન હતું. લોકોની વાતો અને ચર્ચા પરથી એટલું સમજાતું કે 'મોહનદાસકાકા કંઈક સંકટમાં છે'. પછી કંઈક એવું સાંભળ્યું કે 'બોથા' કરીને કોઈ ગોરાએ બાપુજીને, હરિલાલકાકાને અને બીજાઓને જેલમાં પૂરી દીધા છે અને ત્યાં એમને ખાવાને ઘેંશ જ મળે છે, લાકડાના ચમચાથી ખાવું પડે છે, પૂરાં કપડાંયે પહેરવા નથી મળતાં, ઈત્યાદિ.

વળી મહિનાઓના મહિના સુધી બાપુજી ફિનિક્સ આવ્યા નહીં તેથી પણ કંઈક વિકટ વસ્તુસ્થિતિ ચાલી રહ્યાની મને અટકળ આવેલી. ટૂંકમાં હું કંઈક સમજવા લાગ્યો, કેવળ ધિંગામસ્તીની ઉંમર વીતી ત્યાં સુધીમાં સત્યાગ્રહનો દુનિયાના ઈતિહાસમાં એક રીતે સાવ નવો અખતરો આરંભાઈ ચૂક્યો હતો.

એ આરંભની સાથે સાથે જ અમારા ફિનિક્સમાં બાળકો વધવા લાગ્યાં. માણિક્યમ્, ઈબ્રાહીમ અને બીજા એવા કેટલાયે નાનામોટા અને અમને બધી વાતમાં હરાવી દે એવા છોકરાઓ આવી પહોંચ્યા અને રીતસરની નિશાળનો આરંભ થયો.

# ૧૨
# દેશીવિદેશી શિક્ષકો

સફરજન, નાસ્પાતિ, આડુ (પીચ), જરદાલુ વગેરે ફળઝાડોને શિયાળાને અંતે ફૂલની ચાદર ઓઢેલાં કોઈ વાર જોયાં છે? એ ફાલે છે ત્યારે તે પર પાંદડાં લગભગ હોતાં જ નથી. ફૂલ ખરી ફળ બેસી જાય પછી તેને પાંદડાં ફૂટે છે. ઝીણી ઝીણી પાંદડીઓથી જેમ આંબલીનું ઝાડ એવું ઢંકાઈ રહે છે કે તેની ડાળી ડાળી નજરે નથી પડતી, તેમ સફેદ ગુલાબી ફૂલપાંદડીઓથી આ ફળવૃક્ષો એવાં ઢંકાઈ જાય છે કે તેની નાનીમોટી શાખાઓ પણ મુશ્કેલીથી વરતી શકાય, આખું ઝાડ જાણે ફૂલનો જ ઢગલો!

ફિનિક્સમાં પૂજ્ય બાપુજી પણ એવી રીતે મહોર્યા હતા. જીવનની ચોમેર તેમણે સાત્ત્વિકતા પ્રકટાવી હતી. માનવદુર્બળતા તેમના પર અસર જ નહોતી કરતી. વ્યક્તિગત, સામાજિક, રાજનૈતિક, કૌટુંબિક બધાં ક્ષેત્રોમાં તેમણે એક એકથી ચડિયાતા પ્રયોગ આરંભી દીધા હતા. એક તરફથી આજન્મ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું હતું. બીજી તરફથી સત્યાગ્રહનું બીડું ઝડપ્યું હતું, ત્રીજી તરફથી ધનસંગ્રહ કરવા આડે જુવાનિયાઓનું જીવન આખું વેડફાઈ જતું બચાવવા બેઠા હતા અને ચોથી તરફથી નિતનવા ફૂટતા સ્વાદ અને ફેશનપ્રવાહ ખાળવાની જીવતોડ મહેનત આરંભી હતી. આ બધું સુંદર હતું; પણ સૌથી ભવ્ય તો એમનો શિક્ષણનો નવો પ્રયોગ હતો. પરંતુ કમનસીબે એ શરૂઆતથી જ ડંભાઈ ગયો. મારું પોતાનું જ નહીં, મારા સહપાઠી બાળકોનું જ નહીં, પણ આપણા આખા સમાજનું હું એ દુર્ભાગ્ય સમજું છું કે, બાપુજીએ આરંભેલો શિક્ષણનો એ પ્રયોગ પૂરો કરવાનો તેમને અવકાશ ન મળ્યો. ધુરંધર કેળવણીકાર બનવાના તેમના કોડ અધૂરા જ રહ્યા.

આજે એ વાતને ત્રીસ વરસ વીતી ગયાં છે. છેલ્લાં ત્રીસ વરસમાં કેળવણીશાસ્ત્રની ખિલવણી બહુ ભારે થઈ છે. માનસિક અને વૈજ્ઞાનિક વિશ્લેષણને આધારે કેળવણી આપવાની ઉત્તમ રીતો શોધાઈ છે. કેળવણી આપવાની પોતાની રીત બાપુજી આગળ ધરે છે ત્યારે આજના અઠંગ કેળવણીકારોને એમની ભણાવવાની રીત ડોસલી અને પુરાણી લાગે છે અને એમની આધ્યાત્મિક વાતો અવ્યવહારુ આદર્શની લાગે છે. અને વાત પણ સાચી છે કે બાપુજી કેળવણી આપવામાં 'અપ-ટુ-ડેટ' નથી. પણ બીજા કેળવણીકારોની પેઠે તેમણે કેવળ કેળવણીના જ કામમાં સમાધિ લીધી હોત તો

જગતને તેમણે આજ સુધી આપેલી ચીજો જેટલી સફળ થઈ છે તેથી ઘણી વધુ સફળ થઈ હોત અને એમનો પ્રસાદ ઝીલવામાં જગતને જે વિમાસણ થયા કરે છે તે ન થાત. એમણે તૂટક અને છૂટક પ્રયત્નો ઘણા કર્યા, પણ તેઓ સળંગ એકધારો પ્રયોગ ન ચલાવી શક્યા તેથી જ એમની ખીચડી અર્ધી બળેલી અને અર્ધી કાચી નીવડી. ફિનિક્સમાં અમારે માટે નિશાળ અને છાત્રાલયનો જે પ્રારંભ થયો એ વિશ્વબંધુત્વ અને માનવતાના વિકાસની તાલીમ આપવાની સમર્થ યોજના હતી, આર્યત્વની ઉત્ક્રાંતિનું પગલું હતું. દેશદેશના શિક્ષકો અને બધા ધર્મના વિદ્યાર્થીઓનો સમૂહ દૈવયોગે એકઠો થયો હતો. અને તે સ્થિતિનો સદુપયોગ કરવાની બાપુજીની હિંમત હતી. નાતાલ-ટ્રાન્સવાલના જે હિંદીઓ સત્યાગ્રહને લીધે જેલ ગયા હતા તેમના છોકરાઓની કેળવણીનો ભાર બાપુજીએ પોતાને માથે લીધો હતો અને તેમને ફિનિક્સ-શાળામાં દાખલ કર્યા હતા. આમાંના કેટલાક મદ્રાસી ખ્રિસ્તી અને કેટલાક ગુજરાતના મુસલમાનો પણ હતા. ભણવાની વ્યવસ્થા તો શાળામાં થાય, પણ રહેવાનું શું? છાત્રાલય કાઢવું જોઈએ, તેને માટે મકાન જોઈએ, તેથીયે ભારે સારી વ્યવસ્થા અને એક સ્વતંત્ર ગૃહપતિ જોઈએ; અને છતાં બાપુજીને મતે છાત્રાલયમાં સંસ્કારની કેળવણી અધૂરી જ રહે.

બાપુજીએ આ કોયડાનો સરસ તોડ કાઢ્યો. ફિનિક્સવાસીઓના દરેક કુટુંબમાં બબ્બે ત્રણત્રણ વિદ્યાર્થીઓ સમાવી દેવાની યોજના તેમણે ઘડી અને ઘેર ઘેર જઈ બહેનોને સમજાવી તેનો અમલ શરૂ કરી દીધો. 'તમારા દીકરાને રાખો તેથી વધુ આમને રાખજો' એવી ભલામણ કરી. અને આ રીતે કુટુંબનો વિકાસ કરી કુટુંબોને જનસેવામાં લેવાની ઉજ્જવળ આશા તેમણે રાખી. સત્યાગ્રહાશ્રમની રાષ્ટ્રીય શાળા અને ગૂજરાત વિદ્યાપીઠનો આ પહેલો અંકુર.

અમારા ઘરમાં ત્રણ વિદ્યાર્થીઓની ભરતી થઈ હતી. બધા મારાથી દોઢી-બમણી ઉંમરના હતા. એ ત્રણમાં ઈબ્રાહીમ જે સૌથી શાણો ને હોશિયાર હતો તેનું મને સ્મરણ રહી ગયું છે. બીજા બેનાં નામ કે આકૃતિ પણ યાદ નથી આવતાં. આણંદલાલકાકાને ત્યાં પ્રેમજી કરીને વિદ્યાર્થી હતો અને તેને નિમિત્તે રોજ ને રોજ કંઈ ઝઘડો ને વિવાદ બધામાં ચાલ્યા કરતા તેથી તે યાદ છે; અને બાપુજીને ત્યાં રહેલા વિદ્યાર્થીઓમાં માણિક્યમ્ તેના તડ તડ પડતા તમાચાને લીધે સાંભરે છે. અમારી નિશાળમાં તે વડો વિદ્યાર્થી હતો અને કલાકે બે કલાકે ફેરવાતા માસ્તરોમાં તે બધાની સળંગ વ્યવસ્થા સાચવનાર હતો. અમારી શાળાના આચાર્ય હતા મિ. કોર્ડિસ.

અમારી શાળા સરસ હતી, કે અમારાં છાત્રાલયો સારાં હતાં એ કહેવું કઠણ છે. હું તો મારા જ ઘરમાં પોતાનાં માબાપ પાસે હતો એટલે છાત્રાલય વિશેનો મારો અભિપ્રાય વજૂદ વિનાનો ગણાય; છતાં મને ખ્યાલ છે કે વિદ્યાર્થીઓના ભણતર કરતાં તેમના રહેવાખાવાની સગવડ સારી હતી. મહેમાન વિદ્યાર્થીઓની સરભરા ચીવટથી થતી અને હિંદુના ઘરમાં મુસલમાન બાળકને પરાયાપણું ન લાગે - પોતાનું ઘર સાંભરી ન આવે તેને માટે પુષ્કળ મહેનત લેવાતી. અમારા ઘરમાંનો ઉત્તમમાં ઉત્તમ ખંડ જુદો કાઢી આપવામાં આવ્યો હતો. ત્યાં ત્રણ પલંગો, જમીન પર સુંદર જાજમ, નાનાં ઢાળિયાં મેજો વગેરે એવું સરસ ગોઠવાયેલું રહેતું કે જ્યારે હું એ ખંડમાં જતો ત્યારે કોઈ ધનીના બંગલામાં જઈ ચડ્યો હોઉં એવું લાગતું. એ ઓરડામાં શાંતિ પણ ખૂબ રહેતી. એ વિદ્યાર્થીઓ એકબીજા સાથે વાત કરતા તે પણ ધીમે ધીમે. ઘરના લોકોને જાણ ન થવા દેતા કે અહીં વિદ્યાર્થીઓ વસે છે. મારા સ્મરણ પ્રમાણે એ વિદ્યાર્થીઓ ચારછ માસથી વધુ અમારે ત્યાં નહોતા રહ્યા, પણ એટલો વખત અમારા ઘરનું વાતાવરણ બહુ ગંભીર રહ્યું. પ્રસન્ન રહ્યું એમ ન કહી શકાય, કારણ ઘરમાં હાસ્યવિનોદ ભાગ્યે જ દેખા દેતો. અને તેથી મને એ ગાંભીર્ય ખૂંચતું. મગનકાકા કે બા મારા પર ચિડાય ત્યારે મને જે અકળામણ ન થતી તે આ ગાંભીર્યથી થતી.

વસ્તુસ્થિતિ પારખવાની મારી એ ઉંમર ન હતી, પણ મન પર પડેલી એ છાપને આજે વિશદ કરતાં સમજાય છે કે ગમે એટલી મહેનત અને સરભરા છતાં મારા ઘરનાં મોટેરાંઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે માનસિક તાણ હતું, કારણ કે હૃદયનો વિકાસ બાપુજીના આદર્શ જેટલો નહોતો થયો. વિદ્યાર્થીઓને આવી રીતે રહેવાનું માથે આવી પડ્યું હતું. શહેરી જીવન, માબાપની હૂંફ, ખર્ચની છૂટ એ બધું એમને પરાણે છોડવું પડ્યું હતું. તેઓ માબાપના મોકલેલા હતા, હોંશે આવેલા નહીં. અને વિદ્યાર્થીઓને રાખનારાઓને આ કર્તવ્યભાર વસમો થઈ પડ્યો હતો. આખો દિવસ તેમનાં જ રસોઈપાણી કરવામાં વીતતો. પોતાના ઘરકામને માંડ પહોંચી વળાય ત્યાં આ વધારો; અને છતાં વિદ્યાર્થીઓને રાજી રાખવા ભારે. ઘરનાં છોકરાંને ટાઢુંકોરું આપીનેયે ટંક ખેંચી કઢાય, પણ આમને માટે ત્રણે ટાણાં તાજી રસોઈ કરવી પડે. તે ઉપરાંત વાસણ, કપડાં, સફાઈ વગેરેની ઝીણી ઝીણી વાતો પણ મન ઊંચાં કરવાને પૂરું કારણ આપે. આ દશામાં દેખાવે પરસ્પર પૂરું સજ્જનતાભર્યું વર્તન હોવા છતાં બહારના વિદ્યાર્થીઓનું કુટુંબમાં એકરૂપ થઈ સમાઈ શકવું કઠણ હતું. અને આવાં દ્રવ્યો એકરૂપ કરનારા રસાયણશાસ્ત્રી બાપુજી એ રસાયણશાળામાં હાજર ન હતા કે

જેથી પગલે પગલે પેદા થતા સંકુચિત ભાવોને આદર્શામૃતથી ઓગાળી નાખી ચોમેર હૃદયઔદાર્ય રેલાવે. તેઓ આ શાળા અને આવાં કૌટુંબિક છાત્રાલયો શરૂ કરી જોહાનિસબર્ગ જેટલે દૂર સત્યાગ્રહની લડાઈમાં સંડોવાયા હતા. પરિણામે આ છાત્રાલયોનું આયુષ્ય બહુ ટૂંકું નીવડ્યું અને ત્યાર પછી બાપુજીએ બીજી વાર આવો અખતરો કદી કર્યાનું મને યાદ નથી આવતું.

એ છાત્રાલયો અલ્પજીવી નીવડ્યાં, પણ નિશાળ ધીમે ધીમે વધતી ગઈ. નિશાળનું સ્વરૂપ ત્રણ મહિના સુધી એકસરખું ભાગ્યે જ રહ્યું, પણ નિશાળ સતત ચાલતી રહી. મિ. કોર્ડિસે ફિનિક્સ છોડ્યું ત્યાં સુધી એમને ઘેર જ અમારી નિશાળ ચાલતી. એમનું ઘર ફિનિક્સને ઉત્તર છેડે એકાંતમાં હતું. એ પતરાંનું ન હતું, પણ માટી અને ઘાસનો ખાસો બંગલો હતો. આસપાસ મોટો બગીચો હતો. બંગલો ષટ્કોણ આકારનો હતો અને તેની ચારે તરફ ઠીક ઠીક પહોળી છાયેલી ઓસરી (વરંડા) હતી તથા બાગમાં કાંકરા પાથરેલી પહોળી સડક હતી. તેમના ઘરમાં તેઓ અને વિલી બે જ જણા હતા; ક્વચિત્ એકાદ નોકર. પણ ઘર પૂરેપૂરું સ્વચ્છ, સુઘડ અને વ્યવસ્થિત રહેતું. એમણે દસબાર ધોળાં સસલાં પાળેલાં. એની આળપંપાળમાં કોર્ડિસ સાહેબ ઘણો વખત ગાળતા. અમે જઈએ કે સસલાંને છૂટાં મૂકી દે અને અમને તેમની પાછળ દોડાવે. બાગની પેલી મેર માથોડાથીયે ઊંચા એ ઘાસમાં સસલાં છુપાઈ જાય ને ભાગતાં ફરે તેમાં ઘૂસી જઈ ચપળતાથી અમારે એ પકડી લાવવાં પડતાં.સસલાંની ઝડપે દોડવું સહેલું ન હતું, પણ મારા જેવો કોઈ ઢીલો પડી સસલાં પકડવાનું માંડી વાળે તો મિ. કોર્ડિસ ઠીક ઠીક ફટકારતા. તેઓ અસલ જર્મન ખમીરના ખરાને, એટલે આવી રીતે અમારામાં શરીરની ચપળતા ને તિતિક્ષા વધારવાની તેમને ભારે ચીવટ હતી.

ભણાવવાની તેમની ઢબ પણ અનેરી હતી. બોલીને સમજાવવાનું તેઓ ભાગ્યે જ કરતા. ઘાંટા પાડીને અવાજ કાનમાંથી સોંસરો મગજમાં ઘુસાડવાનો પ્રયોગ તેમણે કે બીજા યુરોપિયન શિક્ષકે કર્યાનું મને સાંભરતું નથી. આગ્રહ અને પ્રત્યક્ષ અનુભવ કરાવીને સમજાવવાની તેમની ટેવ હતી. ઉદાહરણાર્થ, સુલેખન શીખવવા માટે તેમણે બે ફૂટ લાંબી અને અર્ધા ઈંચના વ્યાસની મોટી પેન્સિલો અમને અપાવી હતી. લખતી વખતે તેનો ઉપરનો છેડો અમારે જમણા ખભા ઉપર થઈ ઠેરવવો પડતો અને તેને પકડવામાં અંગૂઠો-તર્જની સાવ સીધાં રાખી લખવું પડતું. જરા આંગળાં વાંકા વળે કે પેન્સિલ ખભાના સીધાણથી આડીઅવળી થાય કે ચોરપગે પીઠ પાછળ આવી એક ઝટકે પેન્સિલ આંચકી લઈ તેઓ બેત્રણ વાર જોરથી આંગળાંના ઢેચા ઉપર ચોડી દેતા. અક્ષર સુધરે કે ન સુધરે, આ શિસ્તનું પાલન તેમની શાળામાં દરેકે કરવું જ પડતું. કવાયત વખતનો

તેમનો ત્રાસ ઉપલા ઉદાહરણ પછી વર્ણવવાની જરૂર નથી રહેતી. કોઈના ભાર ન હતા કે પગની પાનીના ખૂણામાં જરા પણ ફેર પાડે અથવા ગોઠણ સહેજ પણ ઝુકાવે. તેમનો હુકમ થતાં વાંદરા જેવી ઝડપે ઝાડ પર ન ચડી જાય અથવા ઝાડ પરથી ઊતરતાં તેઓ કહે એટલી ઊંચાઈએથી કૂદી ન પડે તેને કવાયતની શિસ્તભંગ કરનાર જેટલો જ ફટકારવામાં આવતો. એમની બે સજાઓ વિચિત્ર હતી. એક વાત વાતમાં ખૂણામાં દીવાલ સામે ઊભા રાખવાની અને બીજી ‘अपसाईड डाउन’ આપવાની - એટલે કે પોતાના એક હાથ પર વિદ્યાર્થીને ઊંધો ઊંચકી પોતાના ચંપલ વડે વિદ્યાર્થીની બેઠક ઉપર દસ પંદર જોડા ચોડી દેવાની! જેલમાં પડતા કોયડાની આ હળવી આવૃત્તિ ગણાય. કોર્ડિસ સાહેબનો આ મહાપ્રસાદ રોજ એકબે જણને તો મળતો જ. રોજ નિશાળ ઉઘાડવાની અને બંધ કરવાની ક્રિયા આ અનુષ્ઠાન વડે થતી એમ કહેવું વધારેપડતું નહીં ગણાય. અને ખરેખર એ અનુષ્ઠાન જ હતું, કારણ ગુનો થતાની સાથે ‘अपसाईड डाउन’ ન મળતો. પહેલાં હુકમ ફરમાવવામાં આવતો કે તને દસ, તને પંદર, તને આઠ अपसाईड डाउन મળશે. હુકમ મળ્યા પછી અરધો કલાક ખૂણામાં વર્ગ સામે પીઠ કરી આડુંઅવળું જોયા વિના ઊભા રહેવું પડતું. પછી વર્ગમાં ભણવાનું ચાલતું અને નિશાળ પૂરી થયા પહેલાં અરધા કલાકે એક ઓરડામાં પુરાવું પડતું, જ્યાં સાહેબની પ્રસાદી મળતાં સુધી રાહ જોતા બેસી રહેવું પડતું. એમનો માર તોફાની તેમ જ ડાહ્યા સૌ વિદ્યાર્થીને પડતો. રામદાસકાકા જેવા ભલા વિદ્યાર્થીને પણ મારવાનું બહાનું એમને મળી જતું. એમનો સ્વભાવ જ મારકણો હતો. સદ્ભાગ્યે હું નાનો હોવાથી મારે નસીબે આ પ્રસાદ બે જ વાર આવ્યો હતો. એક વાર આંગળાંના નખ વધેલા હોવાને કારણે કલાકેક ખૂણામાં ઊભા રહેવું પડ્યું ને પછી અરધો કલાક ઓરડીમાં પુરાવું પડ્યું, જ્યાં ચંપલની પ્રસાદી તો ન મળી પણ બહુ જ કઠોરતાથી મારા નખ કાતરી તેમણે ઝીણી કાનસે ઘસી નાખ્યા અને કડક બ્રશ વડે સાબુથી ધોઈ નાખ્યા. બીજી વાર હું નિશાળે મોડો પહોંચ્યો તેથી ગુનેગાર ઠર્યો અને ખૂણામાં ઊભા પછી ચંપલના ત્રણ જ ફટકાથી છૂટ્યો. બધા વિદ્યાર્થીઓમાં હું નાનો અને નબળો, તેથી મારા પર તેમનો હાથ ઓછો ચાલતો; અને ઘરમાંની મગનકાકાની કડકાઈએ પણ મને કોપભાજન બનવામાંથી ઊગરવાની કળા શીખવી દીધી હતી.

શાસન, વ્યવસ્થા, સફાઈ વગેરે પર કોર્ડિસ સાહેબ જેટલું જોર દેતા તેટલું ભણતર પર ન દેતા. રામદાસકાકાને અંગ્રેજી ભણાવવા પાછળ ખૂબ મહેનત લેતા ખરા, પણ સાધારણ રીતે એમનું ભણાવવું એ જાતજાતનો વિનોદ અને પદાર્થપાઠો જ હતા. સસલાં, બિલાડાં, કૂતરાં, ઉંદર વગેરેના અવયવો નિહાળવા,

આંખ નહોરના તફાવત તથા તેમની ખાસિયતો વર્ણવવી, તેમનાં ચિત્ર બતાવવાં, તે પ્રત્યક્ષ બતાવવાં તેમ જ તે બાબતની સહેલી સહેલી ચોપડીઓમાંનાં વર્ણનો વંચાવવાં, નકશાઓ બતાવવા, ભાતભાતનાં ભૌગોલિક દશ્યોનાં કાર્ડ તેને સ્પષ્ટ બતાવનાર કાચમાંથી બતાવવાં એવી એમની ભણાવવાની રીત હતી. મારા પિતાશ્રીને તો આ ભણતર જ ન લાગતું અને નકામો વખત બગડતો લાગતો, તેથી એક વાર તો તેમણે મને એ નિશાળે જતો બંધ પણ કર્યો હતો. તેમના વૈષ્ણવ માનસને આવું પશુપંખીઓનું ભણતર રુચતું નહીં. પણ વળી ફિનિક્સમાં નિશાળ એક જ રહી એટલે મને કોર્ડિસ-શાળામાં જવાની છૂટ મળી. મને તો ત્યાં ગમતું. આ શાળામાં ગુજરાતી, ગણિત વગેરે શીખવવા પ્રેસમાંથી અરધો પોણો કલાક મગનકાકા કે કોઈ વારાફરતી આવી જતા ત્યારે અમે ઠીક એકાગ્રતાથી ભણતા. ભણતર એ જ હતું, બાકીના સંસ્કારો હતા: અને જો લાગલાગટ ચારેક વરસ અમારા આચાર્ય કોર્ડિસ સાહેબ રહ્યા હોત તો જર્મન સ્ફૂર્તિ અને કડકાઈ અમારા જીવનમાં સ્થાયી થયાં હોત. પણ તેઓ સાહેબ ફિનિક્સમાં ઝાઝું રહ્યા જ નહીં.

કોર્ડિસ-શાળા અને ઘરગથ્થુ છાત્રાલયના દિવસોના બીજા પણ કેટલાક એવા અનુભવો મને થયા છે, જેનો ચોક્કસ કાળક્રમ નહીં સાચવી શકું, પણ મારા બાળજીવન ઉપર તેમની ઊંડી છાપ રહી ગઈ છે. જેમ મારા જીવનને દોરવામાં દેવદાસકાકાનું વ્યક્તિત્વ એ એક પ્રબળ બળ હતું, તેમ બીજા વિદ્યાર્થીઓની પણ મારા પર અસર પડી. તેમાં સૌથી વધારે અસર અમારા ઘરમાં રહેતા ઈબ્રાહીમની થઈ. તે ભણવામાં, સફાઈમાં, બોલવામાં બહુ ચતુર હતો. એ જે વાત કરતો તે મારા મનમાં ઊંડે સુધી ઊતરી જતી. મુસલમાનોના ગુણોની તેની વાતો મને મુગ્ધ કરતી અને અમારું હિંદુપણું ઊતરતું લાગતું. જન્નતની કલ્પના કોઈ પરીઓની સૃષ્ટિ સમી મનમાં ખડી થતી અને એમ જ ભાસતું કે ઈબ્રાહીમ એવા જ કોઈ દેશમાંથી આવેલો છે. મુસલમાનોને કુરાન અને ખ્રિસ્તીઓને બાઈબલ તેમ હિંદુઓને કોઈ ધર્મગ્રંથ જ નહીં એ મને આપણે ત્યાંની શરમાવા જેવી ભારે ખોડ લાગતી. હિંદુપણામાં કાંઈ નથી બળ્યું અને મુસલમાન તથા ખ્રિસ્તીઓ ભાગ્યશાળી છે એવી જે શંકા મને એ વખતે મનમાં પેઠી તે બહુ મોડે મોડે સંસ્કૃત શીખ્યો અને આર્ય સંસ્કૃતિનું તથા સામાજિક ધાર્મિક આદર્શોનું દર્શન થયું ત્યાં સુધી થોડીઘણી મનમાં રહ્યા જ કરી. મને વટલાવવાના કે હિંદુઓને ભાંડવાના ખ્યાલથી ઈબ્રાહીમે પ્રચારકાર્ય ચલાવ્યું હતું એમ મને નથી લાગતું, પણ તેની પોતાના ધર્મ અને પોતાની સંસ્કૃતિ ઉપરની શ્રદ્ધા એટલી જીવતીજાગતી હતી કે ડગલે ને પગલે તેના વિશેની મોટી મોટી

વાતો કરવામાં તેને આનંદ આવતો. જેમ કોઈ સિનેમાનો શોખીન વાતવાતમાં પટનાં દશ્યોનો ઉલ્લેખ કર્યા કરે તેમ ધર્મનિષ્ઠ ઈબ્રાહીમ વાતવાતમાં પવિત્ર કુરાન અને પોતાના બાપ વગેરેને ધર્મનિષ્ઠાની વાતો કરતો. શહેરી જીવનની, પોતાના ઘરની પણ વાતો કરતો અને મને એ બધું સાંભળવામાં વાર્તા સાંભળવા જેટલો રસ આવતો. ફિનિક્સમાં નાનામોટા સૌ ઈબ્રાહીમનાં વખાણ પણ ઠીક ઠીક કરતા. મારી મૂઢતાની નિંદા બચપણથી જ થયા કરતી, તેથી જેની હોશિયારીનાં વખાણ હું સાંભળું તે મને કોઈ અદ્‌ભુત અને સ્વર્ગીય જીવ લાગતો. વ્યક્તિની શક્તિ તથા હોશિયારીનું મૂળ ક્યાં છે એ હું તપાસ્યા કરતો અને મારી કલ્પના પ્રમાણે ચતુરાઈ પ્રાપ્ત કરવાના તેવા પ્રયોગો અજમાવતો.

ઘણા દિવસના અવલોકન અને મનન પછી ઈબ્રાહીમની ચતુરાઈ અને શાણપણાનું મૂળ મેં શોધી કાઢ્યું. એ જે કંઈ કામ કરતો કે જ્યારે કશું બોલતો ત્યારે તેનું લાંબુ નાક સહેજ ઊંચેનીચે સળવળતું. નાકની ચામડી ઉપરનીચે તણાયા કરતી અને નાકના મૂળમાં - જ્યાં ચશ્માંની કમાન રહે છે તે જગ્યાએ - કંઈ વાગીને રુઝાયેલો ઘા નાચ્યા કરતો. મને થયું કે ઈબ્રાહીમની વિશેષતાનું મૂળ કારણ નાક પરનું આ ચિહ્ન જ છે! એવું જ ચિહ્ન જો મારા નાક ઉપર પણ થઈ જાય તો હું પણ તેના જેવો જ ઉસ્તાદ અને સારો ગણાવા લાગું! આથી નાક પર ડાઘો પાડવા મેં છાને ખૂણે સંતાઈ વાટકાની ધારથી મારા નાકની ચામડી ચારપાંચ દિવસ સુધી રોજ થોડી થોડી છોલી નાખી અને સવારે ઊઠી અરીસામાં જોયા કર્યું કે ડાઘો બરાબર ઈબ્રાહીમના નાક પરના ડાઘ જેવો થયો કે નહીં! પણ મારું કમનસીબ કે ડાઘો લાંબો ને સાંકડો થવાને બદલે પહોળો ને બેડોળ થઈ ગયો. નાક પર વેદના તો ખૂબ રહી, પણ હોશિયારી વધારવાના લોભે એ સહન કરી. ઘા કંઈક રુઝાયા પછી ફરી વાર એ સુધારવાને નાક છોલ્યું, પણ એ સુધારો થયો જ નહીં. અને મારે નસીબે ઠોઠ જ રહેવાનું છે એમ મન વાળી મેં એ પ્રયાસ છોડી દીધો. આજે જ્યારે કેટલાક વહેમો અને ભૂતપ્રેતના અખતરા વિશે હું વાંચું કે સાંભળું છું અથવા હાથરેખાના જ્યોતિષ વિશે વિચાર કરું છું, ત્યારે મને બાળપણમાં મારું નાક છોલવાનો પ્રયોગ સાંભરી આવે છે અને થાય છે કે હું તે વખતે બાળબુદ્ધિને કારણે જેવા ભ્રમમાં હતો તેવો જ ભ્રમ આ માણસોની અલ્પજ્ઞતાને કારણે શા સારુ ન હોય!

'હું' - 'આપણે હિંદુઓ' કમનસીબ અને નમાલા છીએ એ ભાવના ઈબ્રાહીમના સહવાસથી મનમાં જેમ ઘર કરી ગયેલી તે જ પ્રમાણે ગોરાઓના સહવાસથી મનમાં ઊંડી છાપ પડી ગયેલી કે 'આપણે હિંદીઓ' નાલાયક, ગંદા અને દોષપાત્ર છીએ અને ગોરાઓ બધા ડાહ્યા, ભૂલ ન કરનારા તથા જેવા

ઉપરથી સાફ છે તેવા જ મનના પણ પૂરેપૂરા નિર્મળ હોય છે. અહીંની જેમ ફિનિક્સમાં ગોરાઓ પોતાનો દમામ ચલાવી પોતાની શ્રેષ્ઠતાની છાપ પાડતા હતા એમ નહીં, પણ હિંદી કોમનું નાક સાચવવાની દૃષ્ટિ તથા વિરોધીઓનો પ્રેમ મેળવવાની નીતિને લીધે બાપુજીએ તેમનું બહુમાન કરવાની પ્રથા ચાલુ કરેલી તેથી અમારે ત્યાં ગોરા મહેમાનોનો પણ સારી પેઠે સત્કાર થતો. તેમની સાથે પિતાશ્રી-કાકા બધો વખત હાજર રહેતા અને તેમની બધી આવશ્યકતાઓ પૂરી કરતા તેથી એમની શ્રેષ્ઠતા મારા મગજમાં ઠસી ગઈ. બીજું એમની ભાષા - અંગ્રેજી બોલી - ની પ્રતિષ્ઠાને લીધે પણ એ લોકો વિશેષ સામર્થ્યવાળા ભાસવા લાગ્યા. બધી ચર્ચા અંગ્રેજીમાં થાય, બધી ચોપડીઓ અંગ્રેજીમાં મળે અને બધા હાસ્યવિનોદ અંગ્રેજીમાં ચાલે. અંગ્રેજી ન સમજે ન બોલે તે જાણે પૂરા માણસ ન હોય તેમ તેમને આ ચર્ચા-વિનોદો આઘે બેસી સાંભળવાનાં જ રહે. વળી ફિનિક્સમાં જે ગોરાઓ આવતા તે મોટે ભાગે સંસ્કારી, વિદ્વાન, ભલા અને સદા પ્રસન્ન રહેવાવાળા આવતા. તેઓ વિનોદમાં ને વ્યવહારમાં ઘણી રીતભાતો ને નવું નવું શીખવી જતા તેથી પણ તેમને વિશે મારા મનમાં દેવત્વ વસી ગયું હતું.

આવા ગોરા મહેમાનોમાં મિસ્ટર પોલાકનું નામ પહેલું ગણાવવા જેવું છે. તેઓ અમારે ત્યાં વારંવાર આવતા અને બહુ હળી ગયા હતા. તેમણે પોતાનું નામ પણ કેશવલાલ રાખ્યું હતું. રવિવાર જેવે દિવસે નવરાશ કાઢી કેશવલાલ સાહેબ, મગનકાકા અને બીજાઓ ઘરના બાગમાં કોઈ છાયા નીચે બેસી વાર્તાવિનોદ સાથે ભોજન કરતા અને તે પહેલાં નાળામાં કલાક બે કલાક સુધી નાહવા-ધોવા-હજામત વગેરેનું ચાલતું. તરવા જેટલું પાણી તો હતું નહીં, પણ કમર ઉપરાંતના પાણીમાં ઊભી એકબીજાને પાણી ઉડાડવાની, નાળા પર ઝૂલતી ડાળી પર ચડી પાણીમાં હડસેલી દેવાની વગેરે તોફાન મસ્તી અને હસાહસ હું કાંઠે બેસી જોયા કરતો. મોટાઓની રમતમાં ભળવા જેવડો તો હું ન હતો, પણ આવી ધિંગામસ્તીમાંયે સભ્યતા, બૂમબરાડાનો અભાવ અને હસવારમવાની રીતનું જાણે મારું અધ્યયન ચાલતું, જોકે એ સંકલ્પપૂર્વકનું તો ન હતું. વિશેષ મજા દરેકના શરીરના જુદા જુદા ભાગો, સ્નાયુઓ વગેરે જોવામાં આવતી. મિ. કોર્ડિસની તાલીમને લીધે હાથ, પગ ને છાતીના સ્નાયુઓ વિકસાવવાની ઇચ્છા જાગેલી. વળી પાશ્ચાત્ય રિવાજ પ્રમાણે આ બધી જલક્રીડા અને રમતગમતો દિગંબર વેશે થતી તેથી સ્નાયુમય શરીર જોવાની વૃત્તિ સબળ થતી. છતાં એટલું કહી શકું કે એવી રીતે આખાં ટોળાનાં ટોળાંના નગ્નસ્નાનની મારા ઉપર કશી માઠી અસર નહોતી થઈ. નખશિખાંત ગોરા કાળા રૂપની અસર

થતી અને કેશવલાલ સાહેબ જેવું શુભ્ર શરીર ન મળવા માટે બીજાઓ મને કમનસીબ દેખાતા.

મિ. પોલાકની આંગળી પકડી ફરતા ફરવાનો લહાવો મને ઠીક મળતો. તેઓ અંગ્રેજીમાં ઘણું ઘણું પૂછે, પણ હું બહુ થોડું સમજું. છતાં એમ કહી શકાય કે નાના સવાલજવાબો કરી તેમણે મને અંગ્રેજી સમજતો કરી દીધો. તેમનું બોલવું એટલું ધીમું હતું કે તેમણે મારા કાન પણ સારી પેઠે તીક્ષ્ણ કર્યા. એમનામાં બાળસ્વભાવ અને માધુર્ય એટલાં ભર્યાં હતાં કે મોટા માણસ હોવા છતાં એમની પાસે હું બેધડક જઈ શકતો અને ભાંગ્યાંતૂટ્યાં અંગ્રેજી વાક્યો બોલ્યે રાખતો.

ગણાવવા જેવા બીજા ગોરા મહેમાન હતા મિ. આઈઝૅક. તેઓ ભારે વિદૂષક હતા. સરકસના વિદૂષક જેવા કૃત્રિમ નહીં પણ સ્વભાવે જ. ફિનિક્સ આવે ત્યાંથી ટીખળ શરૂ કરે તે જાય ત્યાં સુધી ટીખળ કર્યા કરે. અમે ઊંઘમાં પડીએ ત્યાં સુધી એમનું ટીખળ ચાલતું. સીધું બોલવું કે ચાલવું જાણે એમને આવડતું જ ન હોય ને!

મિ. આઈઝૅક ખુરશી પર બેઠા સાધારણ ગપાટા મારતા હોય ત્યાં એકાએક પોતાના પગનો અંગૂઠો ઊંચો કરી નચાવવા માંડે અને પોતે જ 'વોય વોય' કરતા ભાગે. સાથે રોવા જેવા થઈ જાય. 'અરે, આ દેડકાએ મારા પર ચડાઈ કરી! ભાગો ભાગો!' એમ કહી છોકરાઓનું આખું ટોળું પોતાની પાછળ ખેંચી જાય. જાતજાતની વાંકડી ચાલે ચાલે. કેટલીય રીતનાં વાંકાં મોઢાં કરે. રાગડા તાણી તાણી જોડકણાં ગાય. રીંછો ને વાંદરાની વાતો પૂરા અભિનયથી કરે. મિસ્ટર આઈઝૅક એટલે પળે પળે ખડખડાટ હસાવી મૂકનાર એક યંત્ર જ. સાંભળનાર કંટાળે તોયે ફોનોગ્રાફના રાગડા જેમ બંધ થાય જ નહીં તેમ બેહદ હસાહસથી માણસ કંટાળે, તેને બધું નીરસ લાગે છતાં આઈઝૅક સાહેબનાં ટીખળ મટે નહીં. એટલું ખરું કે એમના ટીખળમાં ક્યાંયે અસંસ્કારિતા, અજડાઈ કે બીજાને દૂભવવાપણું ન હતું.

મિસ્ટર સેમ અમને ભણાવતા ન હતા છતાં એક રીતે તેઓ શિક્ષક જ ગણાય. તેઓ છાપખાનાના ઍંજિનિયર હતા. બધાં મશીન સંભાળવાં, ચલાવવાં ને સુધારવાનું અને છાપવાનું કામ તેઓ કરતા. તેમના હાથ ગમે એટલા કાળા હોય, પણ એમના હાથે થયેલા કામમાં ક્યાંયે ડાઘાડૂઘી ન પડતા એ અમને નવાઈ હતી. ચોપડીઓ બાંધે તો ક્યાંયે સરેસનો ડાઘ ન પડે; પત્રિકાઓ છાપે તો ક્યાંયે શાહીનાં આંગળાંના ડાઘ ન પડે. હું પ્રેસમાં સહેજ રમવા જાઉં ત્યાં મારે મોઢે ને કપડાં પર ડાઘ પડી જાય, પણ કાળાં આંગળાંવાળા

મિ. સેમ સદૈવ સાફ હોય. આથી એમની કામ કરવાની ઢબનું અવલોકન કરતાં હું ન થાકતો. બધું કામ કળા અને ચપળતાથી થતું જોયા કરતો. વળી તેઓ ભારે શિકારી પણ હતા. ઊંચા ઝાડ પરના પાતળા લીલા સાપને પોતાની બંદૂકને પહેલે જ ધડાકે પૂરો કરતા. બીડમાં છુપાઈ છુપાઈને ચાલવાની તેમની કળા પણ આકર્ષક હતી. અધૂરામાં પૂરું, તેમનામાં બાળપ્રેમ હતો. અમારી ચોરીઓ, અમારા ગુના બીજાને ભાગ્યે જ જડતા, પણ તેઓની ચપળ નજરમાંથી અમે છટકી ન શકતા. તેઓ અમને પકડી પાડી ધમકાવ્યા વિના સમજાવતા અને અમારી ચાડી ન ખાતા, તેથી તેમની શિખામણ થોડીઘણી અમારે ગળે ઊતરી જતી. નામ ઉપરથી કોઈને એમ લાગે કે તેઓ પણ ગોરા હશે. પરંતુ તેઓ હિંદુસ્તાની હતા અને તેમનું આખું નામ ગોવિંદસ્વામી હતું.

થોડો સમય અમારે ત્યાં મિ. ક્વીન નામે એક ચીની ગૃહસ્થ રહી ગયા. તેમને વિશે મને ઝાઝું યાદ નથી. એટલું યાદ છે કે તેમની પાછળ પાછળ અમારું ટોળું ઠીક ઠીક ભટક્યા કરતું. તેમના વિચિત્ર ઉચ્ચારો સાંભળવાની મજા આવતી. તેઓ ઝાઝું બોલતા નહીં. તેમની પાસે જતાં કંઈક ડર પણ લાગતો. એમનો વેષ, હાવભાવ બધું વિચિત્ર લાગતું.

એક મિ. કિચન હતા. તેઓ વીજળીના દીવાની ને ટૉર્ચની ગોઠવણોમાં રચ્યાપચ્યા રહેતા અને રોજ સાંજે નિયમિત રીતે ઘાસતેલના જૂના ખાલી ડબા ગોઠવી પિસ્તોલ વડે તે વીંધ્યા કરતા! ગોળીઓનો એ તડતડ અવાજ સાંભળવાની અને ડબામાં ગોળગોળ પડતાં કાણાં જોવાની તથા તેમની ખાલી થયેલી કારતૂસો ભેગી કરવાની અમને મજા આવતી. એ પિસ્તોલશૂર ગોરા સાહેબે પોતાને હાથે જ પોતાની છાતી એ ખાલી ડબ્બાની જેમ વીંધી નાખી એવું તેમના ફિનિક્સમાંથી ચાલ્યા ગયા બાદ કેટલેક વરસે સાંભળ્યું.

દાઉદ શેઠ, ઉમર શેઠ, રુસ્તમજી શેઠ વગેરે ડરબનના પારસી અને મુસલમાન વેપારી મહેમાનો મહિને બે મહિને એકાદ દિવસ આવી જતા. તેઓની સેવા-પરોણાગતમાં મારે રહેવું પડતું. જે કંઈ પણ ચીજ તેમને જોઈએ તે દોડીને જ લાવવી પડે; ધીમે કામ થાય એ એમનાથી સહન થાય જ નહીં. નવાં શાક શાં થયાં, નવાં ફળ શાં થયાં, નવાં ફૂલ કયાં છે એ બધાંનો ભોમિયો હું અને તેમને એ પહોંચાડતો એટલે તેઓને આનંદ થતો. સેવા, પરોણાચાકરી અને રીતરિવાજ શીખવનારા આ મહેમાનો પણ શિક્ષકો જ ગણાય. તેઓ આવે ત્યારે અમે એકાંત જંગલમાં રહેનારા નથી, દુનિયા સાથે અમારો સંબંધ છે એનો અમને ખ્યાલ આવતો.

ટૂંકમાં, ફિનિક્સમાં મહિનાઓ લગી બાપુજી આંટો ન આવી શકતા તોપણ તેમની છાયા દિવસ ને રાત અમારા પર રહ્યા કરતી. એ સાવ નાનકડી ગામઠી શાળામાં પણ એકાદ આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ જેવું વાતાવરણ અમને મળ્યું હતું અને વિવિધ જાતના સંસ્કારો જાણ્યેઅજાણ્યે અમે ઝીલી રહ્યા હતા.

## ૧૩
## મૂળ બંધારણ

ફિનિક્સની ભૂમિ ઉપર દેશ દેશના સંગીસાથી જોડે બાપુજીએ અને બીજા વડીલોએ મનુષ્યત્વના વિકાસનું અનુષ્ઠાન આરંભ્યું હતું. પણ મારું નસીબ તો સાંકડું જ હતું. એ વાતાવરણમાં મારા જેવા બાળકે પ્રગતિ સાધવી જોઈતી હતી, એને બદલે એ જ અરસામાં મારા કુંઠિતપણાનાં બી રોપાયાં.

માનવજીવનની રચના મોતીની રચના જેવી હોય છે. માછલીની વિશિષ્ટ રસનાં પડો એક ઉપર એક જામતાં જઈને જેમ મોતી બને છે, તેમ સંસ્કાર અને ટેવોનાં પડો જામી મનુષ્યજીવન નિર્માણ થાય છે. આ પડોને જુદાં કર્યા પછી માણસના જીવનમાં નસીબ જેવી કંઈ વસ્તુ શેષ રહે કે કેમ તે શંકાની વાત છે.

પણ આ સંસ્કાર અને ટેવોનું પડ, ગુણ-અવગુણનું ને શક્તિ-અશક્તિનું કાઠું, પેદા થાય છે કઈ રીતે? શું એ બધી વાત દૈવાધીન હોય છે? શું ચાલુ જન્મારાથી અજ્ઞાત એવા કોઈ જન્મારામાં તેનાં મૂળ રહેલાં હોય છે? કે માતાપિતા કે પરદાદા કે પરદાદીના ગુણઅવગુણોના એ કેવળ ગુણાકાર-ભાગાકાર જ હોય છે? જ્યારે જ્યારે મને મારી નબળાઈએ દબાવ્યાનો પ્રસંગ ઊભો થયો છે અને હું મારી મર્યાદાઓને ભેદીને આગળ નથી વધી શક્યો ત્યારે ત્યારે તેનું કારણ શોધવા પૂર્વજન્મ સુધી મારે નથી જવું પડ્યું અથવા પૂર્વજોની મર્યાદાઓને લીધે હું બંધાઈ ગયો છું એવું મને નથી જણાયું. દરેક મુદ્દો, દરેક મુશ્કેલી, પૂરેપૂરી રીતે છાણી કાઢ્યા પછી મારા હાથમાં એક જ પરિણામ આવ્યું છે કે ફિનિક્સનાં પ્રાથમિક વર્ષોમાં અમુક સંસ્કારો એ રીતના ન પડ્યા હોત અથવા વધુ સારા પડ્યા હોત તો આજ હું આટલું ઊણું પાત્ર ન બનત.

મોટી ઉંમરે મને જેર કરનારી એ ઊણપો ક્યાંથી અને ક્યારે પાંગરી તે વિશે મને વસમાં સ્મરણો રહી ગયાં છે. અહીં જોકે પોતાનો વ્યક્તિગત ઈતિહાસ આપવાની મને અબળખા નથી; તોપણ જીવનના ઘડતરમાં ઊંડી અસર પાડનારા પ્રસંગોને વર્ણવવાનું સંકોચવશ હું છોડી દઉં તો આ લખાણનો મૂળ હેતુ જ માર્યો જાય. મારું જીવન કંઈ વધારે મૂલનું છે એવું નથી. પણ જ્યારે એની ખિલવણી યુગોયુગના જીવનપ્રવાહને બદલી નાખનારા મહાસમર્થ જીવનશાસ્ત્રીના

નિરીક્ષણમાં થયેલી છે ત્યારે એ વસ્તુને પૂરેપૂરી છાણી કાઢ્યા વિના - મારા પોતાના જીવનની ભદ્ર અને અભદ્ર બંને બાજુ દર્શાવ્યા વિના - જીવનબંધારણનો આ આલેખ અધૂરો જ રહેવાનો. એટલે ઠાવકાપણું છોડી, છુપાવી રાખવા જેવા પ્રસંગો પ્રગટ કરવાનું મેં સાહસ માંડ્યું છે. આ સાહસમાં મારા સિવાયની બીજી કોઈ વ્યક્તિની અપકીર્તિ કરવાનો અહીં મુદ્દલ ઉદ્દેશ નથી. વાંચનાર પર એવી અસર પડે તો એ મારી લેખિનીનો દોષ સમજવો.

ગણિતમાં હોશિયાર લેખાતા અમારા આખા કુટુંબમાં ગણિતમાં સાવ કાચો હું જ નીવડ્યો છું, એ વાતને હું પૂર્વજન્મના સંસ્કાર નથી લેખાવી શકતો. એમ પણ નથી કે મને ગણિતના ઉત્તમ શિક્ષકો નહોતા મળ્યા. પિતાજીએ મને ગણિત શીખવવા પાછળ વરસો સુધી લોહીઉકાળો કરેલો. કાકાસાહેબ અને કિશોરલાલભાઈ જેવા આચાર્યો પાસે મને ગણિત શીખવાની તક મળેલી, પણ એ બધી મેં વેડફી નાખી. મારામાં ગણિતબુદ્ધિ જ નથી એવું પ્રમાણપત્ર મને કોઈ પરીક્ષક આપે એમ હું નથી ધારતો. કારણ શિક્ષક શીખવે ત્યારે અમુક કોયડો મને સમજાયો જ ન હોય એવો પ્રસંગ ભાગ્યે જ મને યાદ છે. મારું ગણિત કાચું રહેવાનું એકમાત્ર કારણ સરવાળા અને ગુણાકારનો કંટાળો મારા હાડમાં પેસી ગયો એ છે. અને એ કંટાળાનું મૂળ ફિનિક્સનાં આ પ્રાથમિક વર્ષોમાં ઊંડું પહોંચી ચૂક્યું હતું.

કોર્ડિસ-શાળાના દિવસોની કે તે પહેલાંની આ વાત છે. મારી બા બપોરે જમીપરવારી નાળે કપડાં ધોવા માટે કે બીજી બહેનોને મળવા સારુ જતી વખતે લાંબા સરવાળા અને અનેક આંકડાઓના ગુણાકાર કરવાને મને આપી જતી કે જેથી ઘરમાં બેઠો બેઠો હું મારો વખત ન બગાડું. પણ મને એ કેદ સમું લાગતું અને દાખલા ગણવા બહુ વસમા થઈ પડતા. આવી રીતે પાટીપેન અને દાખલા સાથે બંધાયેલો હું મનમાં ને મનમાં બળી જતો. પા અર્ધા કલાકમાં કરવાના દાખલા કલાકોના કલાક સુધી હું પૂરા ન કરી શકતો. આંખ આંકડાઓ ઉપર હોય, આંગળાં ગણતરી કરે, પણ મન કરમાયેલું હોઈ શો જવાબ આવ્યો એ બુદ્ધિ સુધી પહોંચે જ નહીં. અધૂરામાં પૂરું બા આવે ને દાખલા પૂરા થયેલા ન જુએ એટલે માની લે કે મેં બધો વખત રમવામાં બગાડ્યો છે. અને જવાબોમાં ભૂલ જુએ તો જેટલી ભૂલ નીકળે એટલા ચીંટિયા ગાલ કે બાવડાં પર મારે સહેવા પડે. ફરીથી બાની નજર નીચે એ દાખલા ગણી ભૂલો સુધારવાનું સંકટ માથે આવી પડતાં તો આંખમાંથી પાણી ટપકી પાટી પરના આંકડા ભૂંસાઈ જતા.

રોજ રોજ મારે માથે આવનારા આ દુ:ખની દેવદાસકાકા અને રામદાસકાકાને પણ અનુકંપા થતી. તેઓ મારી વહારે આવતા. બહાર રમતાં-ફરતાં તેમને ખબર પડે કે હું ઘરમાં એકલો છું એટલે તુરત તેઓ આવી પહોંચે. બંને જણા મળી ઝટ ઝટ મારા સરવાળા ગુણાકાર ગણી આપી જવાબ મંડાવી આપે અને પછી તેમની સાથે હુંયે રમવા નીકળી પડું. મારી બા પાછાં આવે ત્યારે દાખલા ખરા જોઈ મનમાં પ્રસન્ન થાય અને મને મીઠી નજરે જુએ. પણ તેમને શી ખબર કે દીકરાએ પ્રગતિ નહીં, અધોગતિ કરી છે!

આ નાની કહો તો નાની અને મોટી કહો તો મોટી આપત્તિએ મને જનમભરને માટે લૂલો બનાવી મૂક્યો. સરવાળા અને ગુણાકાર કરવાનું આળસ મારો સ્વભાવ થઈ પડ્યો. મારું હાડ ગણિતચોર બન્યું. આઠ વર્ષની ઉંમર પહેલાં જે હાડ ઘડાયું તે ઘડાયું. મોટી ઉંમરે ગણિતનું મહત્ત્વ સમજવા છતાં - કિશોરલાલભાઈ સમા શિક્ષકે ગણિત શીખવવા પાછળ પોતાનું આખું હૃદય ઠલવી નાખવા છતાં મને ગણિતનો રંગ ન જ ચડ્યો. મને ગણિત ન આવડ્યું એ કંઈ પૂર્વજન્મનાં સંચિત ન હતાં, આ જ જન્મનું મૂળ ઘડતર હતું. ગણિતશાસ્ત્રમાં પંગુ રહેવા સાથે જીવન પણ લાસરિયું બન્યું. દીર્ઘસૂત્રી બન્યો તે આ એક નાનકડી ભૂલનું દુષ્પરિણામ.

આવી જ રીતે પાંચથી આઠ વરસની વયમાં બીજા કેટલાયે ગુણદોષો મારામાં ઘર કરી ગયા અને મારી વ્યક્તિગત મર્યાદાઓ બંધાઈ ગઈ. હઠીલો સ્વભાવ રચાયો. જેમ બૌદ્ધિક નબળાઈ ગણિતની કચાશને લીધે રહી ગઈ તેમ શારીરિક, હાર્દિક અને નૈતિક નબળાઈએ પણ ત્યારે જ મારો કબજો લઈ લીધો.

મારી શારીરિક નબળાઈમાં સૌથી મોટી ખોડ મારી આંખની હતી. મારી જમણી આંખનો ડોળો આંખના ડાબા ખૂણામાં અર્ધો દબાયેલો હતો. એ બહાર ફરતો જ નહીં. 'બાડો બત્રીસલક્ષણો' કહીને મને કોઈ કોઈ ચીડવતું પણ ખરું. મારી ઊણપો દૂર કરવાની મગનકાકાને બહુ જ તાલાવેલી રહેતી. તેમણે મને ડરબન લઈ જઈ દાક્તરને મારી આંખ બતાવી. લીલા રંગની કચકડાની એક પટ્ટી પહેરવાને મને મળી. એથી મારી સારી ડાબી આંખ સાવ બંધ થઈ જતી અને મને જમણી આંખ વાપરવાની ફરજ પડતી. આવી રીતે દિવસના ત્રણત્રણ ચારચાર વાર ડાબી આંખ બંધ કરાવી મગનકાકા જમણી આંખ સામે બે, ચાર, ત્રણ એમ આંગળીઓ ધરી 'કેટલી આંગળી?' એમ પૂછતા અને મારે જમણી આંખના ડોળાને વાપરવાની મહેનત કરવી પડતી. આવાં 'બાડાનાં ચશમાં' પહેરી બહાર ફરવા જવાની મને શરમ આવતી. રમવાનું, જોવાનું રૂંધાઈ જતું. પણ મગનકાકાએ બાંધેલાં ચશમાં ઉતારવાની હિંમત પણ કેમ થાય? થોડા

મહિનાની મહેનતે મારી એ જનમની ખોડ લગભગ નીકળી ગઈ. જમણી આંખમાં ફસાઈ રહેલો ડોળો છૂટો થયો અને હું બાડો મટ્યો. પણ ડોળો છૂટો થયા પછી પણ વરસેક સુધી મારે ડાબી આંખને બંધ રાખવી જોઈતી હતી, તે મારા અણગમાને લીધે તથા મુરબ્બીઓની ઢીલને લીધે ન થયું. પરિણામે જમણી આંખ નબળી રહી ગઈ અને જરા પણ સૂર્યપ્રકાશ મોં પર પડતાં એ આંખ મીંચવાની કુટેવ રહી ગઈ. વળી એ આંખમાં વાંચવાજોવાની શક્તિ પણ નામની જ આવી. જો વધારે સાવચેતી લેવાઈ હોત તો એ કચાશમાંથી હું સાવ છૂટી શકત. એ જ રીતે સાવ બચપણની માંદગીમાં મારી ખૂંધ નીકળી હતી તેયે સુધરી શકત. પણ ખૂંધા બેસવા-ચાલવાની ટેવ ત્યારે ન સુધારી તેનું પરિણામ એ આવ્યું કે મારાં હાડકાં જ એવાં સંકુચિત રહ્યાં કે પાછળથી ટટ્ટાર બેસવા-ચાલવા જતાં છાતી અને વાંસાનાં હાડકાં દુખવાથી તેમ કરવું કઠણ થઈ પડ્યું અને મારે નસીબે ખૂંધાપણું જડાઈ ગયું. જો મગનકાકાની ચીવટ અને દેવદાસકાકાની સોબત મને ન મળત તો દોડવું, કૂદવું, ઝાડ પર ચડવું વગેરે પણ મને વિકટ થઈ પડે એટલી જડતા મારા શરીરમાં ઘર કરી જાત.

શરીર અને બુદ્ધિની પેઠે મનની તાકાત પણ એ જ ઉંમરે ઘડાઈ. અંધારાનો અને ભૂતનો ડર મને કદી છળે નહીં તે સારુ મગનકાકાએ મને સરસ તાલીમ આપી. અંધારિયાના દિવસોમાં રાત્રે નવદસ વાગ્યે, ઘર બહાર અંધારું છવાયું હોય ત્યારે ફિનિક્સમાં અમારા ઘરથી અર્ધો કે પોણો ફર્લાંગ દૂર વસેલા ઘરમાં કંઈક સંદેશો પહોંચાડવાનું તેઓ મને સોંપતા. ઘરની બહાર ચાર ડગલાં ભરતાં તો જીવ અધ્ધર થઈ જતો. પણ કાકાને સંતોષવા ખાતર ડરને દબાવી પુરપાટ દોડી જતો અને એકશ્વાસે દેવદાસકાકા કે આણંદલાલકાકાના ઘર ભેગો થઈ જતો. વરસતે વરસાદે કે શિયાળાની ઠંડીમાં, પગ લપસવાની કે પથરાની ધારથી પગમાંથી લોહી નીકળવાની પરવા ન રહેતી. ચારછ વાર આવા અનુભવ પછી તો અંધારાની, ચોરની, કાળા કાળા હબસીની અને એવી કેટલીયે બીકોથી હું સારી પેઠે મુક્ત થયો. જનમનો વાણિયો છતાં સસલાભાઈના જેવી થડકવાળો મારો સ્વભાવ ન બન્યો.

પણ બહારથી જેટલો નીડર બન્યો તેટલો જ અંદરથી ડરપોક થયો. મારી બા, મગનકાકા, પિતાજી વગેરેનો મારા ઉપર એવો કડપ પડ્યો કે તેઓ જાતે હસાવે તોયે હું હસી ન શકું અને તેઓ રમાડવા બેસે તોપણ તેમની રૂબરૂમાં મારો શ્વાસ અધ્ધર થઈ જાય.

મને પતંગ ઉડાડવાનું શીખવવા મગનકાકાએ બહુ મહેનત કરેલી. શનિ રવિએ તેઓ સાંજના કલાક બે કલાક મને ખેલાડી બનાવવા માટે માથાફોડ

કરતા. પતંગના કાનામાતર (કિન્ના) બાંધવાનું અને દોર પકડી ઉડાડવાનું શીખવતા. જાતે પતંગ પણ મુકાવતા. પણ મારી નજર તેમના ચહેરા તરફ વ્યાકુળતાથી ચોંટી રહેતી. નહીં ઉડાડી શકું તો તેઓ વઢશે એવી મનમાં થડક રહેતી ને પતંગની કળા મારા ભેજામાં ઘૂસતી જ નહીં. દડો ઝીલવો, કાંકરેથી નિશાન આંટવું, દૂરથી આવતી મોઈને ચપળતાથી દાંડિયો મારવો ઈત્યાદિ સાહસ કરવાને ન તો મારો પગ ઊપડતો કે ન હાથ આગળ વધતા. મારી એ નબળાઈ ઘટાડવા મગનકાકા બહુ મથતા; પણ હું નાલાયક, અણઘડ અને અસમર્થ છું એવી ભાવનાના ભારથી હું એટલો દબાઈ જતો કે મારાથી થઈ શકતું તેટલું કરવાનીયે મારી હિંમત ન ચાલતી. છેવટે હું સાવ ડફોળ છું એવી નિરાશા આણી મને ખેલાડી બનાવવાનો ઉત્સાહ મગનકાકાને જતો કરવો પડ્યો. અને મારે નસીબે દરેક મર્દાની રમત વખતે આંસુ સારવાનું જ રહ્યું.

મને તરતાં આવડે છે, પણ કોઈ ડૂબતું હોય તો કાઢવા પડવાની સૂઝ કે ઝડપ મારામાં નથી. બળતું હોલવવાની સમયસૂચકતા પણ મને નથી અને કોઈ બે જણાની મુક્કાબાજી આરંભાતાં તેમની વચ્ચે કૂદી પડી બંનેને છૂટા પાડવાની ચપળતાયે મારામાં નથી. આવા ગુણ વિનાનું પ્રાણી મરદ શી રીતે લેખાય? પોતામાં જવાંમર્દી આણવાની મોટી ઉંમરે મેં ઘણીયે મહેનત કરી, પણ તે ન આવી. તેના અંકુર બચપણમાં જ બળી ગયા હતા. એક તરફ મગનકાકાએ જંગલના, અંધારાના, ભૂતના, ચોરના અને બધી જાતના બહારના શત્રુના ભયથી મને બચાવ્યો; ત્યારે બીજી તરફ ઘરમાં પોતાને કેદી અને તદ્દન નાલાયક બાળક અનુભવતો રહ્યો તેને લીધે મારામાંની સાહસવૃત્તિ સાવ ડંભાઈ ગઈ. વડીલોએ મને ડરપોક બનાવી મૂક્યો એમ તો ન જ કહેવાય. કારણ મને બહાદુર બનાવવા તેમણે ઠીક ઠીક મહેનત લીધેલી. અને છતાં ઘરમાં કોઈ મુજ બાળકની મિત્રતા સાધી ન શક્યું તેને કારણે હું ભીરુ નીવડ્યો. વગર કારણે મનમાં અનેક કલ્પિત ભયો પેદા કરી ડગલે ને પગલે, શબ્દે ને વાક્યે થથરી રહેવાની મને ટેવ પડી. ઘર અને સમાજ મને દબાવી દેવા જ ટાંપી રહ્યાં છે એવો ત્રાસ મને રહ્યા કર્યો અને મોકળે મને, શરીરને, કળાને કે ખેલાડીપણાને હું ઘડી ન શક્યો. ભીરુતા જ મારા જીવનનું ભાથું થઈ પડી. મને રીઝવવા-રમાડવાનો વડીલોનો આટલો પ્રયત્ન છતાં હું ભયભીત અને દબાયેલો કેમ નીવડ્યો તે બતાવવા હજી મારે બે દુ:ખદ કિસ્સા જણાવવા જોઈએ. મારા પર તેની ઊંડી અસર થઈ છે.

મગનકાકાએ પોતાના ક્રોધને બહુ ત્વરાથી અંકુશમાં આણ્યો હતો. દેવદાસકાકાને કૂવામાં ધકેલી દેવા જેવા અપરાધ માટે પણ તેમણે મને જતો કરેલો એ વાત વાચકને યાદ હશે. પણ તેઓ મારી જૂઠું બોલવાની ટેવને શાંતિથી

સહી શકે એમ ન હતા. હડહડતું જૂઠું બોલીને મેં તેમને એક વાર બહુ જ ઉશ્કેરી મૂક્યા. એ વખતે હું સાવ નાનો નહોતો રહ્યો. મારામાં એક જાતનું મનોબળ પેદા થયું હતું, પણ મેં તેનો દુરુપયોગ કર્યો.

અમારા રસોડામાં હાથ ધોવા માટે નળવાળું એક પીપ રહેતું. એક વાર ઘરમાં કોઈ ન હતું ત્યારે દેવદાસકાકા, રામદાસકાકા આદિ અમારી વાનરટોળીને હું રસોડામાં લઈ ગયો. 'ચાલો બધાને મજા બતાવું' એમ કહી અભરાઈ ઉપરથી મેં પરમૅંગનેટ ઑફ પોટાશ(લાલ દવા)નું મોટું પડીકું ઉતાર્યું અને મૂઠો ભરીને એ પીપમાં નાખી, કડછીથી હલાવી પાણી લાલ કર્યું. પછી નળ ખોલી રાતા પાણીનો દદૂડો બધાને બતાવ્યો. સૌને તેમાં પોતાના હાથ લાલ કરવા કહ્યું, અને સારી પેઠે એ મજા કરી અમે રમવા ચાલ્યા ગયા.

સાંજે મગનકાકા ઘેર આવી હાથ ધોવા લાગતાં લાલ પાણી જોયું. મને બોલાવ્યો અને પૂછ્યું: 'પાણી કોણે બગાડ્યું?' મેં જવાબ તૈયાર કરી રાખેલો તે પ્રમાણે કહ્યું: 'મને ખબર નથી.'

'સાચું બોલ; તારા સિવાય ઘરમાં કોણ આવે?'

'મને ખબર નથી.'

'જૂઠું કેમ બોલે છે? સાચેસાચું કહી દે. જૂઠું બોલ્યો તો ખબરદાર!'

'મને ખબર નથી.'

બસ, આ સંવાદનું રૂપ બદલાયું જ નહીં. ધમકી પછી માર શરૂ થયો. કાન અમળાયો, થપાટો વાગી, પણ હું એકનો બે ન થયો. આજે હું છેલ્લે પાટલે જઈને બેઠો હતો. સાચું કહેતાં પણ માર પડવાનો ને ખોટું કહેતાં પણ. એક વાર ખોટું કહ્યું તે સાચું ઠરાવવા મેં ખોટું જ બોલ્યે રાખવાની હઠ પકડી. મગનકાકાએ ખોટું બોલવાની ખો ભુલાવવાના ઉપાય આદર્યા. મને મારી મારીને પાયખાનામાં પૂર્યો. તેમાંથી કાઢી ફરી માર્યો; ફરી પૂર્યો; અને છેવટે તેમનો ગુસ્સો એટલો ઊકળ્યો કે એક ઓરડાના ખૂણામાં ગૂણિયું પાથરી મને તે પર નાખી આખી રાત ત્યાં પડ્યા રહેવાનો હુકમ કર્યો. થોડી વારમાં ફરી પાછા આવી મારી પાસેથી સાચી વાત જાણવાનો પ્રયાસ કર્યો. હું ન પીગળ્યો એટલે તેમણે બહુ જ અસ્વસ્થ થઈ મારી છાતી પર ઘૂંટણ મૂક્યો અને કલમ બનાવવાનું ચપ્પુ હાથમાં લઈ એ વડે મારું નાક કાપી લેવાની વાત કરી તથા મને અતિશય ડરાવી મારી પાસે સાચું બોલાવવાની મહેનત કરવા લાગ્યા. હું તે દિવસે તેમનાથીયે અક્કડ બન્યો હતો. મેં ગમે તેટલું દુઃખ પડવા છતાં સાચું ન બોલવાની મનમાં ગાંઠ વાળી હતી. 'કાકા છોડી દો. મને કંઈ ખબર નથી' એ સિવાય હું કશું બોલતો નહોતો. સાંજના પાંચ વાગ્યે કાકાએ હાથ ધોવા માંડેલા. હવે અંધારું થઈ

દીવાબત્તી થઈ ગયેલી. ત્રણ સાડા ત્રણ કલાકના દ્વંદ્વયુદ્ધ પછી પણ ન મેં મારી પાપી હઠ છોડી, કે ન એ વત્સલતાથી ઊભરાઈ રહેલો કાકાનો પુણ્યપ્રકોપ ઓસર્યો.

જ્યારે મારા પરનું આક્રમણ અત્યંત ત્રાસદાયક થઈ પડ્યું ત્યારે મારી બાથી ન રહેવાયું. તેઓ ગુસ્સાભરી આંખે ધસી આવ્યાં અને કઠોર અવાજે મારા કાકાને વાર્યા: ‘મગનલાલભાઈ, આ શું કરો છો? આવી રીતે કાંઈ છોકરાને મરાતું હશે? તમારે એને જીવતો રહેવા દેવો છે કે નહીં?’ તપેલીમાંથી ઊભરાઈ જતા દૂધમાં પાણી પડે તેમ મગનકાકાના ગુસ્સા પર બાના વેણે કામ કર્યું. તેમણે તરત મને પડતો મૂક્યો. પાંચેક મિનિટ સુધી ચર્ચા થઈ. હું ખૂણામાં ગૂણિયા ઉપર કાંપતો કાંપતો પડી જ રહ્યો. ‘આમ કરવાથી છોકરો વધારે જૂઠાબોલો થાય. તેની ભૂલ હોય તો સમજાવીને કામ લેવું જોઈએ. મારી મારીને જ બધું શીખવી શકાય એવું નથી હોતું’, ઈત્યાદિ ગળગળાં વચનો સામે મગનકાકાએ માથું ઝુકાવી દીધું. પોતાની ભાભીને આટલું દુ:ખ થયેલું જોઈ તેમને અત્યંત ખેદ થયો. તેમણે દિયર-ભાભીના આદર્શ તરીકે લક્ષ્મણ અને સીતાનો આદર્શ સ્વીકારેલો અને તે જીવનમાં ઉતારવા પૂરો પ્રયત્ન કરેલો. મારામાં બેઠા થવાની હિંમત કે બળ નહોતાં રહ્યાં. મારી બા વચ્ચે આવ્યાં તેયે મને કડવું લાગ્યું. મને થવાની સજા અધૂરી રહી જાય એ મને ગમ્યું નહીં. પૂરેપૂરી સજા ભોગવી છૂટું અને પછી સજા ખમવાપણું ન રહે એમ હું ઈચ્છતો હતો. મારી બા પણ વધુ સજા કરે તો તેયે ખમવા હું તૈયાર હતો. પણ તે દિવસે મારી બાને ચીડ ન હતી. તેમનું હૈયું કકળી ઊઠ્યું હતું. તેમણે મગનકાકાને પણ ખૂબ શરમાવ્યા. રાતોરાત એ ખૂણામાં ઓઢ્યાપાથર્યા વિના પડી રહેવાનો પોતાનો હુકમ પાછો ખેંચી તેઓ ત્યાંથી નમ્રતાપૂર્વક ચાલ્યા ગયા. સજાનો અંત આવ્યો અને એ માર સદાને સારુ છેલ્લો માર રહ્યો.

હું ધારું છું કે ત્યાર પછી મારા પર હાથ ન ઉગામવાનો મગનકાકાએ નિશ્ચય કર્યો અને તેનું અક્ષરશ: પાલન કર્યું. આ કિસ્સા પછી તેમના હાથનો એકે તમાચો ખાવો પડ્યો હોય અથવા તેમની ચપટીથી એકે વાર મારો કાન ગરમ થયો હોય એવું પણ મને સાંભરતું નથી. મગનકાકાની એ જ મહત્તા હતી. પોતાની જાત ઉપર તેમનો કાબૂ ભારે હતો. લાવા સમાન ઊકળતા ગુસ્સાવાળા છતાં તેઓ પોતાના ઉપર આકરો અંકુશ રાખી શકતા અને લીધેલી પ્રતિજ્ઞા પાળી શકતા. એમના એ ગુણે એમને બાપુજીના સર્વપ્રથમ સેવકનું પદ અપાવ્યું.

મારા જૂઠાપણા માટે મગનકાકાનું હૈયું કકળી રહ્યું હતું. એમનું દુ:ખ ઘટાડવાને આ પ્રસંગ પછી સાતઆઠ દિવસે મારી કાકીએ બહુ જ માયાળુતાથી

મને પૂછ્યું, 'પ્રભુ! ખરેખર કહી દે. પીપમાં રંગ તેં જ નાખ્યો હતો ને? ખરું કહીશ તો હવે તારા કાકા કંઈ વઢશે નહીં. તને જરાયે સજા પણ નહીં કરે. તે દિવસે અમે બહાર ગયાં ત્યારે તું ને દેવદાસ-રામદાસ રસોડામાં ગયા હતા ને? રંગ હલાવવા તેં કડછી આપી હતી ને?' પણ હું એમ હાથ આવું એવો ન હતો. કાકીને મેં એટલા જ ધૈર્યથી અને સાવધાનીથી જવાબ આપ્યો: 'ખરેખર મને કંઈ જ ખબર નથી. હા, અમે બધા અહીં રમતા હતા ખરા. પણ રમતાં રમતાં કોણ રસોડાના પાણીમાં રંગ નાખી આવ્યું એની મને ખબર નથી.' આ જવાબથી મારાં કાકી પણ સાવ નિરાશ થઈ ગયાં. ઘરમાં સૌને ખબર હતી કે આવાં અટકચાળાં મારા સિવાય બીજું કોઈ ન કરે. બીજી જાતનાં તોફાન કરનારા ફિનિક્સમાં હતા, પણ આવા ચાળા કરવા એ તો મારું જ કામ. છતાં એ મેં જ કર્યું છે એનો નિર્ણય કેમ થાય? આ પછી બેચાર મહિને ફરીથી મારી કાકીએ જૂની વાત યાદ દઈ ખરું શું છે તે જણાવી દેવા મને વીનવ્યો. પણ હું એકનો બે ન થયો. એક વાર કહેલું જૂઠાણું સત્ય બનાવવાની મારી હઠ છૂટી જ નહીં. તે દિવસે જે છુપાવ્યું તે છેવટ સુધી છુપાવ્યું અને આજે લેખિત કબૂલાત કરી રહ્યો છું કે એ આખા બનાવમાં હું હડહડતું જૂઠું બોલેલો તે ફક્ત એક વાર જૂઠું બોલાઈ ગયેલું તેને સાચું બનાવવા ખાતર! પાછળથી મને ઘણોયે પસ્તાવો થયો કે કાકાએ હાથ ધોતાં પૂછ્યું ત્યારે જ મેં કબૂલ કરી દીધું હોત તો શું એકાદ તમાચો મળત એટલું જ ને? પણ એવી સુબુદ્ધિ મને ત્યારે ન સૂઝી, અને પછી જૂઠું બોલવાનો અપરાધ કબૂલ કરવામાં મને નાનમ લાગી.

ઉપરના બનાવ પછી થોડેક મહિને એક બીજો બનાવ બન્યો. એ કંઈક રમૂજી પ્રસંગ હતો. મગનકાકા એક દિવસ સાંજે ડરબનથી આવી બાપુજીને ઘેર પ્રાર્થનામાં ચાલ્યા ગયા. જતી વખતે એક સુંદર નાનકડી ડબ્બી કબાટ પર સાચવીને મૂકતા ગયા. મને ઊંઘ વહેલી આવી જતી હોવાથી પ્રાર્થનામાં હું ન જતો. સૂવા જતાં પેલી સુંદર ડબ્બી ઉપર મારી નજર પડી. એમાં શું છે એ જોયા-જાણ્યા વિના મારાથી રહેવાયું નહીં. બધો ડર ભૂલી હું કબાટ પાસે એક ખુરશી ઉપાડી ગયો અને કબાટ પરથી ડબ્બી ઉઠાવી જમીન પર બેસી ગયો. પછી નિરાંતે ડબ્બી ઉઘાડી તેમાંની રબ્બરની સ્ટૅમ્પની મહોર જોઈ. પછી મહામહેનતે તેમાંની શોભિતી શાહીની શીશી ઉઘાડી. બૂચ સખત હતો એટલે ઉઘાડતાંની સાથે જ શાહી છલકાઈ ગઈ અને મારા હાથ તથા નીચેની જમીન શાહી શાહી થઈ ગયાં. હું ગભરાયો. ડબ્બી જેમતેમ બંધ કરી એક કાગળના ડૂચાથી શાહી લૂછી નાખી હું સૂવા ગયો.

રાતે નવેક વાગ્યે મગનકાકા પ્રાર્થનામાંથી પાછા આવ્યા કે તરત તમની નજર પેલી ડબ્બી ઉપર અને ઢોળાયેલી શાહી ઉપર પડી. તેમણે હાકલ નાખી: 'આ કોણે કર્યું?' ઘરમાં બધાં મોટેરાં ભેગાં થઈ ગયાં. મારું નામ હોઠે ચડ્યું. ગરબડને લીધે મારી ઊંઘ ઊડી ગઈ અને મારા ગુનાની ચર્ચા સાંભળી હું થથરી ગયો. થોડી વાર તો છાનોમાનો પડી રહ્યો, પણ ડરને લીધે લઘુશંકાનું જોર થતાં મારે ઊઠવું પડ્યું. બહાર જઈ આવી પાછો ખાટલા પર પહોંચું તે પહેલાં મગનકાકાએ મારું બાવડું પકડ્યું અને ઢોળાયેલી શાહી પાસે મને ઘસડી ગયા. એ બતાવી ઠીક ખખડાવ્યો. ગુનો કબૂલ કર્યા વિના છૂટકો ન હતો, એટલે એ કબૂલ કર્યો. પણ એ કબૂલાતથી મને માફી ન મળી. મારાં અટકચાળાંથી ઘરમાં સૌ કંટાળી ગયાં હતાં. એ ખો ભુલાવવાની જરૂર હતી. મગનકાકા એક દોરી લાવ્યા, મારા બંને હાથ બાંધ્યા અને એક ટેબલને પાયે મને બાંધી દીધો. ખરેખર, આ બહુ જ હળવી સજા હતી. તેમણે મારા પર હાથ ન ઉગામ્યો એ ક્રોધ પરનો સાધારણ વિજય ન હતો.

પાયા સાથે કસીને બાંધ્યા પછી પેલા રબ્બર સ્ટૅમ્પના ખડિયામાં બચેલી શાહી મારા આખા ચહેરા પર ચોપડી દીધી અને એ ચોપડતાં મને સંભળાવ્યું કે 'વાંદરાનાં કામ કરે છે તે હવે મોઢું પણ વાંદરાના જેવું કાળું જ રાખ. સવારે નિશાળે જે છોકરાઓ જશે તે બધાને કહીશ કે આ વાંદરા ઉપર બધાય એક એક કાંકરો ફેંકતા જાઓ.' મેં બધું ચૂપચાપ સાંભળી લીધું અને મૂંગે મોઢે પાયા સાથે બંધાયેલા હાથ પર માથું ટેકવી ઊંઘવા માંડ્યું! મારી આવી બેપરવાઈ કાકાથી સહન ન થઈ. તેઓ એક મોટો વાંસડો લઈ આવ્યા અને દૂર દીવા પાસે ચોપડી લઈ બેસી ગયા તથા મને ધમકાવ્યો કે જો ઝોલું ખાધું છે તો આ વાંસડેથી ધોકાવીશ! સવારે બધા નિશાળિયા અહીં આવી એક એક કાંકરો મારી ન જાય ત્યાં સુધી તને ઊંઘવાની રજા નથી!

મહાપરાણે ઊંઘ ઉડાડી હું જાગ્રત થઈને મગનકાકાને જોતો બેસી રહ્યો. કલાક દોઢ કલાક પછી ફરી પાછી મને બહુ જ જોરથી ઊંઘ આવવા લાગી ને મારું માથું ઢળી પડ્યું. આ જોઈ મગનકાકાને દયા આવી. મને સૂવાની રજા આપતાં સંભળાવ્યું કે 'તારું કાળું મોઢું તો કાલે આખો દિવસ આવું ને આવું રાખવાનો છું.' મને આવતી કાલની ચિંતા કરતાં ઊંઘની વધુ પડી હતી. હું ઝટ ખાટલા ભેગો થઈ ઊંઘી ગયો. મગનકાકાએ મને કરેલી બધી સજાઓમાં આ સૌ છેલ્લી સજા હતી. આ પછી કોઈ કોઈ વાર તેમણે મારા સામે આંખ તાણવા સિવાય ભાગ્યે જ કંઈ કર્યાનો મને ખ્યાલ છે. પરંતુ આ બે સજા, તેમાંયે છેલ્લી સજા મારામાં એટલી ઘર કરી ગઈ કે આ બનાવ પછી સતત વરસોનાં વરસ સુધી

મગનકાકાની આંખ સામે આંખ મેળવવી મને અશક્ય થઈ પડી. તેમણે પછી તો મને ખૂબ પંપાળ્યો, અનેક લાડ લડાવ્યાં, પણ મારી ફડક ન ભાંગી તે ન જ ભાંગી. ત્રેવીસ-ચોવીસ વરસની ઉંમરનો થયો ત્યારે પણ તેમની હાજરીમાં મારું મોઢું સિવાયેલું જ રહેતું.

આમ, બચપણથી ઘરમાં જ હું નિર્ભયતા ખોઈ બેઠો હતો એટલે મારાથી આખા જીવનમાં ક્યાંયે છાતીકઢા થવાયું જ નહીં. પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવાનું મારામાં બળ ન રહ્યું. બોલવું, ભાષણ કરવું, નેતૃત્વ લેવું, છડેચોક ધાંધલ મચાવવી, કોઈને પડકારવો, એ મારા સ્વભાવથી વિરુદ્ધ થઈ પડ્યું, એટલું જ નહીં પણ હું નિર્ણયશક્તિ પણ ખોઈ બેઠો.

બાળપણમાં થોડોઘણો માર ખાવાથી આજે કંઈ મારાં હાડકાં દુ:ખતાં નથી. સ્વભાવે સીધો, સારો અને દરેક કામમાં સાવચેત રહેનારો બનાવીને એ મારપીટે મને ઓછો લાભ નથી પહોંચાડ્યો. આકરું નિયમન રાખી વડીલોએ મને બાળપણથી જ સુધારવાની મહેનત કરી તેથી મારું હૈયું તેમના પ્રત્યેના ઋણભાવથી દબાઈ જાય છે, છતાં સરવાળે મને નુકસાન પહોંચ્યું છે. તે એ કે આ ભવે સુધારી સુધરી ન શકે એવી ભારે ખોડ મારામાં આવી ગઈ. તે એ કે જીવનના દરેક ક્ષેત્રમાં અને કર્તવ્યની બધી દિશામાં હું માંસના લોચા જેવો ઢીલો, નબળો અને કશાનીયે પાર ન પહોંચનારો નીવડ્યો છું.

## ૧૪
## નૈતિકતાની કચાશ

મૂળ બંધારણની વાતની સાથે સાથે મારો જે નૈતિક પાયો બંધાયો તેનીયે થોડી વાત કરી દેવી જરૂરી જોઉં છું. ગયા પ્રકરણમાં મેં જણાવ્યું છે કે, વડીલોના હાથની સજા ખાઈ ખાઈને કેવી રીતે મારી ગણિતબુદ્ધિ કુંઠિત બની ગઈ, વાણીશક્તિ ખીલી જ નહીં, સંકલ્પશક્તિ ભયનો શિકાર બની ગઈ, વગેરે. પણ સ્વભાવ અને બુદ્ધિશક્તિ કરતાં પણ મૂળ બંધારણનો અસલી પાયો નૈતિક શક્તિ અને નૈતિક સંસ્કાર હોય છે. સાધારણ માન્યતા એવી હોય છે કે, માણસનો નૈતિક વિકાસ એના પૂર્વજન્મના સંચિત ઉપર આધાર રાખે છે. વધારે તત્ત્વચર્ચા કરનારા એમ પણ કહેશે કે, માણસને બાળપણમાં જેવી પરિસ્થિતિ મળી હોય એવો એનો નૈતિક વિકાસ થવાનો. પણ હું જ્યારે મારા બાળપણનાં સ્મરણો તાજાં કરવા બેસું છું ત્યારે મારું હૃદય આ બેમાંની એકે વાતને સહેલાઈથી સંમત થઈ શકતું નથી.

ફિનિક્સની અંદર જે પરિસ્થિતિ અને વાતાવરણની અંદર હું ઊછર્યો એ ઓછું ઉન્નત વાતાવરણ ન હતું. તેમ, મારી નૈતિક નબળાઈનું આળ હું મારા પાછલા જન્મના સંચિત ઉપર ઢોળી શકતો નથી. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કહ્યા પ્રમાણે, પૂર્વજન્મના નઠારા સંચિતવાળાને બાળપણથી જ ઉન્નત વાતાવરણ મળવું સહેલું નથી હોતું. એટલે મારા મનને સદા એ વાત ખટકતી રહી છે કે, બાળપણમાં મારો નૈતિક પાયો જોઈએ એવો મજબૂત નથી થયો એમાં મારી કેળવણીનો વાંક છે. સાથે સાથે એટલું ચોક્કસ છે કે, વડીલોએ હંમેશાં મારા નૈતિક સદાચાર માટે ઊંચું લક્ષ્ય રાખેલું હતું. પરંતુ એ સાથે તેમણે મારા ઉપર વધુ આકરી ચોકીદારી રાખી હોત, અમારી બાળરમતોનું નિરીક્ષણ કર્યું હોત અને પાટીપેન ઘૂંટવાની અને પાડા ગોખવાની વિદ્યા કરતાં સદાચાર, શુદ્ધ વાતચીત અને યમનિયમનાં મૂળતત્ત્વો સમજી લેવાની વાતનું વધુ મહત્ત્વ સાવ નાની ઉંમરે જ મારા મગજમાં ઠસાવી દીધું હોત, તો સંભવ છે કે મારું નૈતિક બળ મોટી ઉંમરે બહુ જ કાચું નીવડ્યું તેમ ન નીવડત.

મોટે ભાગે મુરબ્બીઓ અને વડીલોની ધારણા નાના બાળક માટે એવી હોય છે કે, 'બાળક તો નિર્દોષ અને ભોળાં જ હોય. એમને કહેવા બેસીએ કે આમ ન કરવું, તેમ ન કરવું તો ન હોય તેમાંથી એના મનમાં પાપ જાગે. એટલે એ જેમ રમતાં હોય એમ એને રમવા દેવાં. આપણે વાતાવરણ સરસ રાખીએ એટલે પછી વાંધો ન આવે.'

પૂજ્ય બાપુજીને પણ કેટલીયે વાર એમ કહેતાં સાંભળ્યા છે કે, જો શિક્ષકોનું અને વડીલોનું જીવન ઊંચું હોય તો બાળકો આપોઆપ સદાચારી અને પવિત્ર બને. એટલું જ નહીં, એમણે પોતે અનેક વાર આડે રસ્તે ઊતરેલાં બાળકોને સજા કરવાને બદલે પંડે પ્રાયશ્ચિત્ત વહોર્યું છે અને ઉપવાસો તથા એકટાણાં વેઠ્યાં છે. એ દરેક પ્રસંગનો અહીં વિસ્તાર કર્યા વિના હું એટલું કહી શકું કે, બાપુએ પોતાની ઉપર વહોરેલા તપથી અમે એમના વિદ્યાર્થીઓ વિશેષ પ્રગતિ સાધી શક્યા હોઈએ એવું મને નથી દેખાયું. મારે પોતાને વિશે હું ખાતરીથી કહી શકું કે, બાપુના એ તપે મારા મગજ ઉપર અને હૃદય ઉપર સોટીના માર જેવી અસર વધુ પાડી છે.

નૈતિક કેળવણી બાબત બાપુજીનો એ કાળે એટલો બધો આગ્રહ હતો કે પોતાના જીવનને તેઓ જેમ જેમ કસી રહ્યા હતા તેમ તેમ પોતાના સાથીઓને પણ યમનિયમ પાળવાને તેઓ ઉત્તેજન આપી રહ્યા હતા. અને મોટી ઉંમરનાં બાળકો ઉપર જાપતો રાખવાની તથા તેમને ઊંચી નૈતિક કેળવણી આપવાની પૂરી ચીવટ રાખતા હતા, એ એમના તે વખતના પત્રો ઉપરથી ચોખ્ખું દેખાઈ આવે છે.

તા. ૨૩-૧-'૦૨

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. વાંચી ખુશી થયો છું. તમારે અંગ્રેજીમાં જ લખતા રહેવું. મહેતાજીને પગાર ચૂકવી દેવો. પૈસા તમારી કાકીની પાસેથી લઈ લેજો.

ચિ. ગોકળદાસ, હરિલાલને વાત કહો છો ત્યારે તમારે 'કાવ્યદોહન'માંથી સંભળાવવું એ વધારે સારું છે. 'કાવ્યદોહન'ના બધા ભાગ મારી ચોપડીમાં છે. તેમાંથી સુદામાચરિત્ર, નળાખ્યાન, અંગદવિષ્ટિ વગેરે જે આખ્યાનો છે તે અર્થસહિત સંભળાવશો તો વધારે સારું. હરિશ્ચંદ્રનું આખ્યાન મોઢે અથવા તો ચોપડીમાંથી સંભળાવવાનું. ઈંગ્રેજી કવિઓનાં નાટકો હાલમાં સંભળાવવાની જરૂર નથી. તેમાં રસ પણ ઘણો નહીં પડે. તેમ જેટલો સાર ગ્રહણ કરવાનો આપણા પ્રાચીન આખ્યાનોમાં છે તેટલો ઈંગ્રેજી કવિમાંથી નહીં મળી શકે. છોકરાઓની વર્ગમાં વર્તણૂક સારી રહે એમ સંભાળ રખાવજો. તમે બીજા કોને ભણાવવા જાઓ છો ને શું મળે છે તે લખજો.

ચિ. મણિલાલનું કેવી રીતે ચાલે છે તે લખજો. બધા છોકરાઓમાં બિલકુલ કુટેવ દાખલ ન થાય એ ધ્યાનમાં રાખજો તથા હંમેશાં સત્ય પ્રતિ અતિ પ્રેમ રહે તેમ વલણ રખાવવું.

ભણાવવાની સાથે કસરત પૂરતી રખાવવી.

મુ. ખુશાલભાઈને તથા દેવીભાભીને દંડવત્.

શુ. મોહનદાસના
આશીર્વાદ

આ કાગળ બાપુજીએ દક્ષિણ આફ્રિકાથી મુંબઈ મારા પિતાશ્રીને લખ્યો છે. એ પરથી સાબિત થાય છે કે ઠેઠ ૧૯૦૨માં જ્યારે ફિનિક્સ આશ્રમની કલ્પનાયે ન હતી અને એમણે રસ્કિનની ચોપડી પણ નહોતી વાંચી ત્યારે પણ કેળવણી સંબંધી એમના વિચાર ડહોળાયેલા ન હતા. એમના મગજમાં કેળવણીનો આદર્શ ચોખ્ખો હતો.

એ પછીનો બીજો પત્ર મારા પિતાશ્રીના સંગ્રહમાંથી હાથ આવ્યો છે. એમાંનો થોડોક ભાગ નીચે મુજબ છે. એ ઉપરથી જણાશે કે ભારે કામમાં હોવા છતાં ઘરનાં બાળકોની તાલીમ પર તેમણે ધ્યાન રાખ્યું જ છે.

જોહાનિસબર્ગ
તા. ૫-૨-'૦૩

ચિ. છગનલાલ,

* * *

મારું બહુ અનિશ્ચિત છે. બહુ મથું છું પણ વધારે સંતોષકારક ખબર નથી આપી શકતો. જો અહીં રહેવાનું નહીં થાય તો માર્ચ માસમાં નીકળીશ એમ સંભવે. જો રહેવાનું થશે તો તમને બધાને છ માસ બાદ તેડાવવાનું બનશે. તુરત તેડાવવાનો જોગ નથી. છતાં મારાથી બનતા પ્રયત્ને ફરજમાં ભંગ નહીં પડે તેમ હશે તો ત્યાં જ આવવાનો છું. અહીં રેશમની પથારી નથી. આથી વિશેષ ચોક્કસ ખબર નથી આપી શકતો.

* *

ચિ. મણિલાલના પગારની ફિકર નહીં, પણ તમે તેને વાજિંત્ર શીખવા મોકલજો. ઉઠાડી લીધો તે ઠીક ન થયું. તમારો દોષ નથી, તમારી કાકીનો છે.

રા. રા. નરભેરામ પાસેથી પુસ્તકો મળ્યાં હશે.

મિ. દફતરીને પ્રણામ સાથ કાગળ લખવા કહેજો. મને ફુરસદ મળશે ત્યારે નોખો કાગળ લખીશ.

મોહનદાસના
આશીર્વાદ

ઉપલા બંને પત્રો લખાયા તે વખતે હજુ હું સાવ ઘોડિયામાં અને મુંબઈના કોઈક માળાની નાનકડી ઓરડીમાં જ હતો. એટલે કે મારી નૈતિક કેળવણીનો પ્રશ્ન ત્યારે ખાસ ન હતો, પણ જ્યારે ફિનિક્સમાં પહોંચ્યો અને છઆઠ વરસનો રમતોભમતો બાળક બન્યો ત્યારે, એટલે કે ઈ. સ. ૧૯૦૮થી ૧૯૦૯ સુધીમાં કિશોર-કુમાર વયે પહોંચેલા મણિલાલકાકાને બાપુએ નૈતિક કેળવણી બાબત કેટલા ચીવટભર્યા પત્રો લખ્યા છે એ જોવા જેવા છે.

પ્રિટોરિયાનું કેદખાનું,
તા. ૨૫-૩-'૦૯

ચિ. મણિલાલ,

X X X હવે જેલમાં મેં પુષ્કળ વાંચ્યું છે. હું ઈમર્સન, રસ્કિન, મેઝિની વાંચું છું. ઉપનિષદો પણ વાંચતો રહ્યો છું. શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન નહીં પરંતુ ચારિત્રની ખિલવણી - ધર્મભાવનાનું ભાન, - એ મત મારા સઘળા પ્રકારના વાચનથી મજબૂત થાય છે. આપણી ભાષામાં તેને આપણે કેળવણી શબ્દથી

ઓળખીએ છીએ. જો કેળવણીનો ઉદ્દેશ આવો જ હોય - અને મારી ધારણા મુજબ માત્ર આ જ ખરો ઉદ્દેશ છે - તો હું જણાવીશ કે તમે ઉત્તમ પ્રકારની કેળવણી લઈ રહ્યા છો.

બાની ચાકરી કરી તેની ઉગ્ર પ્રકૃતિ સહી લેવી, ચિ. હરિલાલની ગેરહાજરીમાં ચિ. ચંચીને લાગી આવે નહીં તેમ તેની જરૂરિયાતો અટકળથી ધારી લઈ તેની કાળજી રાખવી અને રામદાસ અને દેવીદાસની સંભાળ રાખવી તે સર્વ કરતાં વધારે સારું શિક્ષણ કયું હોય? આ કામમાં તમે પાર ઊતરશો તો તમને અર્ધ ઉપરાંત કેળવણી મળી ચૂકી એવું માનવાને મને શો વાંધો હોય?

ઉપનિષદ ઉપરથી નથુરામજીની પ્રસ્તાવનાના એક વાક્યથી મારા મન ઉપર ભારે અસર થઈ છે. તે કહે છે કે પહેલી બ્રહ્મચર્ય અવસ્થા તે છેલ્લી સંન્યસ્ત અવસ્થા જેવી જ છે. આ તદ્દન વાસ્તવિક છે. નિર્દોષ અવસ્થામાં એટલે માત્ર બાર વર્ષની ઉંમર સુધી જ મોજમજા ભોગવાય છે. છોકરો પાકી ઉંમરનો થયો કે તુરત જ તેણે તો જોખમદારી સમજતાં શીખવું જોઈએ. આ વય પછી દરેક જણે આચારવિચારમાં સત્ય અને અહિંસા સંબંધી સંયમ પાળવો જોઈએ. આ કામ કંટાળો ઊપજાવે એવી પદ્ધતિએ નહીં, સ્વાભાવિક વિનોદ તરીકે થવું જોઈએ. રાજકોટના ઘણા છોકરાઓ મને સાંભરે છે. તમારી હાલની ઉંમર કરતાં હું નાનો હતો ત્યારે મને પિતાશ્રીની સેવાચાકરીમાં ખરો આનંદ મળતો. બારમા વર્ષ પછી મેં મોજમજાનો છાંટોયે જોયો નહોતો. જો ખરા સદ્‌ગુણનું અનુકરણ તમે કરો, સદ્‌ગુણમય તમારું જીવન બની જાય, તો કેળવણીનો મારો આદર્શ તમે પૂર્ણ કર્યો છે. આ ગુણોથી સજ્જ થઈ તમે આલમના કોઈ પણ ખૂણેખાંચરે તમારું ગુજરાન મેળવી શકશો, અને આત્મજ્ઞાન-ઈશ્વરજ્ઞાન મેળવવાને રસ્તે ચઢી શકશો. આનો અર્થ એમ નથી કે તમારે અક્ષરજ્ઞાન ન મેળવવું, પણ આ બાબત એવી છે કે તમારે તે મેળવવા માટે આકળા ન થવું જોઈએ. તે માટે પૂરતો અવકાશ છે અને પરની સેવામાં ઉપયોગી નીવડે એવા હેતુથી જ તે શિક્ષણ લેવાનું છે.

ભવિષ્યમાં આપણા નસીબે ગરીબાઈ છે તે ભૂલતા નહીં. જગતને વધારે વિચારું છું તેમ તેમ સમજાય છે કે, તવંગર થવા કરતાં ગરીબ રહેવામાં વધારે આશ્વાસન છે. શ્રીમંતાઈ કરતાં, તવંગર થવા કરતાં ગરીબ રહેવામાં સાર છે. ગરીબાઈનાં ફળો વધારે સુંદર અને વધારે મીઠાં છે.

* * *

હું માનું છું કે યુગો વહી ગયાં જેઓએ ઉપવીત તજી દીધું છે તેમનાથી તેનો પુનઃસ્વીકાર ભૂલભરેલો છે. શૂદ્ર અને સર્વ ઈતર વર્ણોમાં મિથ્યા જ્ઞાતિભેદો

ઓછા નથી. અત્યારે તો ઉપવીત ઊલટી ડખલ ઊભી કરે છે. ભવિષ્યમાં આ વિચારની વિસ્તારપૂર્વક ચર્ચા કરીશ.

બાપુની આશિષ

જોહાનિસબર્ગ
તા. ૨૭-૭-'૦૯

ચિ. મણિલાલ,

* * *

તમને 'શું કરવાનું છે?' એવો સવાલ થવાથી તમે ગભરાયા. તમારી વતી હું જવાબ આપું તો એમ કહું કે તમે તમારી ફરજ બજાવવાના છો. હાલનો ધંધો માબાપની સેવા કરવાનો છે. આગળ ઉપરની ચિંતા તમે કરતા નથી, તે ચિંતા તમારાં માબાપને છે. જ્યારે તેઓ મરી જશે ત્યારે તમે એ ચિંતા ભોગવશો. આટલો નિશ્ચય હોવો જોઈએ કે, બૅરિસ્ટરી કે દાક્તરી ધંધો નથી કરવાનો. આપણે ગરીબ છીએ અને ગરીબ રહેવા માગીએ છીએ. પૈસાની જરૂર માત્ર ભરણપોષણને ખાતર રહે છે. ફિનિક્સને ચડાવવું તે આપણું કર્મ છે, કેમ કે તે વાટે આપણે આત્માને શોધી શકીએ છીએ ને દેશસેવા કરી શકીએ છીએ. એટલું ખાતરીથી માની લેજો કે તમારી ચિંતા હું સદાય કર્યા કરું છું. માણસજાતનો ખરો ધંધો એ જ છે કે તેણે પોતાનું ચારિત્ર ઘડવું. કમાવાને અર્થે કંઈ ખાસ શીખવું પડે એવું નથી. જે માણસ નીતિનો રસ્તો કદી છોડતો નથી તે માણસ કદી ભૂખે મરતો નથી, અને તેવો વખત આવે તો ડરતો નથી. તમે નિશ્ચિંત રહી જે અભ્યાસ ત્યાં બને તે કર્યા કરજો. આ લખતાં તમને મળવાનું અને મારી છાતીમાં ચાંપવાનું મન થઈ જાય છે અને તેમ નથી કરી શકતો તેથી આંખમાં પાણી આવી જાય છે. બાપુ તમારી ઉપર નિર્દયતા વાપરવાના નથી, એ ખાતરીથી માનજો. જે હું કરું છું એ તમારું ભલું સમજીને જ કરું છું. તમે બીજાઓની સેવા કરો છો એ કદી રઝળનાર નથી એમ માનજો.

બાપુના આશીર્વાદ

જોહાનિસબર્ગ
તા. ૨૨-૧૦-'૦૯

ચિ. મણિલાલ,

તમે કયા ધોરણમાં છો એનો જવાબ નથી આપી શકતા? હવે આપવો કે, 'બાપુના ધોરણમાં છું.' તમને ભણવાનો વિચાર કેમ આવ્યા કરે છે? કમાવાને

સારુ થતો હોય તો ઠીક નહીં કેમ કે દાણો તો ઈશ્વર સહુને આપે છે. તમે મજૂરી કરીને પણ પેટ ભરી શકો છો. વળી, આપણે તો ફિનિક્સમાં અથવા તો એવા કામમાં મરવું છે ત્યાં વળી કમાવાની વાત શી? તમારે દેશને ખાતર ભણવું હોય તો તે તો હાલ પણ કરો છો. જો આત્માને ઓળખવાને સારુ ભણવું હોય તો તે તો સારા થતાં શીખવાનું છે. તમે સારા એમ સહુ કોઈ કહે છે. હવે બાકી રહ્યું તમારે વધારે કામ કરવા ભણવાનું. તેને સારુ ઉતાવળની જરૂર નથી. જે ફિનિક્સમાં થાય તે કરજો. પછીથી જોઈ લઈશું. તમારા વિશે હું ચિંતા રાખું છું એમ જો તમને ખાતરી હોય તો તમે ચિંતા છોડજો.

બાપુના આશીર્વાદ

જોહાનિસબર્ગ

કારતક વદ ૫, ૧૯૬૬

ચિ. મણિલાલ,

જ્યાં સુધી દઢ નીતિ જાળવો, તમારી ફરજ બજાવ્યા કરો ત્યાં સુધી હું તમારા અક્ષરજ્ઞાન વિશે નિશ્ચિંત છું. ^^^ શાસ્ત્રમાં જે યમનિયમ કહ્યા છે તે જળવાય તો બસ છે. તમે શોખને અર્થે અથવા તમે વધારે લાયક થાઓ તેટલા સારુ અક્ષરજ્ઞાન વધારો તેમાં હું સહાયભૂત થાઉં. તે ન કરો તો ઠપકો દઉં એમ નહીં બને. છતાં મનમાં એક નિશ્ચય કરો તો તેને વળગી રહેવા પ્રયત્ન કરજો. તમે પ્રેસમાં હાલ શું શું કરો છો તે લખજો. ક્યારે ઊઠો છો, ખેતરનું શું કરો છો, વગેરે લખશો.

બાપુના આશીર્વાદ

ઉપરના બધા કાગળોનો પ્રધાન સૂર એક જ છે કે કેળવણીનો અર્થ જ ચારિત્ર્યની કે નૈતિક કેળવણી, જ્યારે ફિનિક્સમાં વસતા બીજાઓને મનમાં એમ રહ્યા કરતું કે અહીં દક્ષિણ આફ્રિકાના જંગલમાં છોકરાની કેળવણી બગડે છે, એને માટે તો દેશમાં જ છોકરાઓને ભણવા મોકલવાની સગવડ કરવી જોઈએ પણ હિંદુસ્તાનમાં મળતી કેળવણી વિશે બાપુજીનો બહુ જ ઊતરતો મત હતો. ૧૯૦૯-૧૦માં જ્યારે હું મારા પિતાશ્રી સાથે ફિનિક્સથી અહીં આવેલો ત્યારે પિતાશ્રી ઉપરના એક પત્રમાં બાપુજીએ લખ્યું છે:

''પરભુની તબિયત ખરાબ થયાનું વાંચી હું દિલગીર થયો છું પણ આશ્ચર્ય નથી પામ્યો. મને ત્યાંની આપણી રહેણીકરણી વિશે બહુ અશ્રદ્ધા છે. 'આપણી' એટલે આપણા વર્ગની.''

વળી એક પત્રમાં મુ. જમનાદાસકાકાને એમણે લખ્યું છું, ‘‘હું નિશાળની કેળવણીની વિરુદ્ધ નથી. પણ છાપની વિરુદ્ધ છું. હાલની નિશાળમાં પહેલો બાધ માસ્તરો નીતિવાન નહીં, ને છોકરાંઓ તેઓથી અળગા રહે એ બીજો બાધ. કેટલાક વિષયોમાં નકામો વખત જાય છે એ ત્રીજો બાધ, અને એ નિશાળો ઘણી વેળા આપણી બેડીની નિશાનીરૂપ હોય છે એ ચોથો બાધ.’’ અને બીજા એક પત્રમાં જમનાદાસકાકાને જ તેમણે લખ્યું છે, ‘‘હું સારી નિશાળથી વિરુદ્ધ નથી, પણ ઘણા છોકરાવાળી નિશાળ સારી ન થઈ શકે એમ માનું છું. વળી નિશાળ એ જ જ્યાં છોકરાઓ ચોવીસ કલાક રહે. નહીં તો બે પ્રકારનાં શિક્ષણ મળે છે.’’

આમ, પૂજ્ય બાપુજીએ ફિનિક્સને ચોખ્ખું તથા પવિત્ર રાખવા માટે સતત પ્રયત્નો કર્યા છે. ત્યાં ઝાઝા છોકરાઓ નહીં ને કેવળ અમે ચારપાંચ જ છોકરાઓ હતા. છતાં એ સંસ્થામાં મારું બાળપણ જોઈએ એવું ન વીત્યું અને એમાં ડાઘા પડી ગયા એ ઓછા પસ્તાવાની વાત નથી.

વળી અમારી વચ્ચે કોઈ કુંસસ્કારી શિક્ષક કે અનિષ્ટ વાતાવરણ પેદા કરનારા માણસો હતા નહીં. ત્યાં ફિનિક્સમાં વરઘોડા કે જાનૈયા જોવાનું કે અહીંનાં ગામડાંમાં મળે છે તેમ જેવાંતેવાં ગીતો અને જેવીતેવી ચર્ચાઓ સાંભળવાનું કદીયે બનતું નહીં. કેળવણીકાર તરીકે પૂજ્ય બાપુજીની જેટલી ચીવટ હતી તેટલી જ શુદ્ધ રહેણીકરણી ફિનિક્સમાં વસતાં સૌ મોટેરાંઓની હતી. છતાં અમે બાળકો એકલા એકલા કદી ઘર પછવાડેની ઓસરીમાં ઘર ઘરની રમત રમતા અથવા ઘાસના બીડમાં એકલા એકલા રમવા ચાલ્યા જતા તેથી મારા બાળ-મન ઉપર ન પડવા જેવા કુસંસ્કારો પડ્યા. બાળપણની એ ભોળી ગણાતી રમતોમાં પ્રત્યક્ષ નઠારાપણું ન હોવા છતાં એને લીધે એવાં બી વવાઈ ગયાં, કે જેથી કરીને બાપુની પાસેથી મળેલી કેળવણીનો નૈતિક પાયો સદાને સારુ કાચો નીવડ્યો. બાપુજીએ ઉપલા પત્રોમાં એક સ્થળે લખ્યું છે કે બારમા વરસ પછી મોજમજા કરવાની ન હોય. પણ મને લાગે છે કે છઠ્ઠા વરસથી જ બાળકને પોતાની જવાબદારી ઉપાડતાં અને વિચારપૂર્વક જીવન ગાળતાં શીખવવાનો પ્રારંભ થાય તો વધુ સારું ફળ આવે.

એટલું મારું સદ્‌ભાગ્ય કે મારા નૈતિક વિકાસ આડે જેમ મને એ પાયાના સંસ્કારોએ ઘેર્યા, તેમ કેટલાક સુસંસ્કારોએ પણ સાતઆઠ વરસની વયે મને આકર્ષ્યો. એ સંસ્કારો સારા હતા પણ સંકુચિત હતા. મને લાગે છે કે જો કોઈએ વધારે ઊંચું તત્ત્વજ્ઞાન શીખવવાનો એ વખતે પ્રયત્ન કર્યો હોત તો હું એ ઝીલી શકત અને કોરી મૂર્તિપૂજા પાછળ મારાં અનેક વરસો ખરચાયાં તેનો વધુ સારો ઉપયોગ થાત.

અમારું કુટુંબ પાકા વૈષ્ણવ સંસ્કારવાળું, એટલે પૂજાપાઠનો વારસો મને મળે એ સ્વાભાવિક જ ગણાય. પણ ફિનિક્સમાં અમારે મંદિર, હવેલી, માણભટની કથા કે ભાગવતનાં પારાયણો વગેરે કશું ન હતું. એમ છતાં મારાં માતપિતાએ ઘરમાં એ આચારવિચાર ઠીક ઠીક જાળવ્યા હતા અને એમનામાં રહેલી ઊંડી શ્રદ્ધા અને ભક્તિની મારા મન પર અસર થઈ.

પરોઢિયે ચારપાંચ વાગ્યે બા અને પિતાશ્રી જાગી જતાં. હું હજુ ઊંઘમાં ને ઊંઘમાં પથારીમાં પડી રહેતો. પિતાશ્રી અને બા પણ પથારીમાં જ બેસી જતાં અને અડધોપોણો કલાક સુધી મીઠાં મજાનાં પ્રભાતિયાં ચાલતાં. મારી બાનો કંઠ બહુ જ મધુર હોવાથી તેઓ ગાતાં જાય તેમ તેમ - મને કંઈ પણ અર્થ સમજાતો ન હોવા છતાં અને હું ઊંઘના ઘેનમાં હોઉં છતાં - મારા હૃદયમાં ગંભીર ભાવના પેદા થતી. પિતાશ્રી પોતે ગાવામાં કુશળ ન હતા, પણ એમણે લગભગ બધાંયે ભજનો કંઠસ્થ કરેલાં અને બહુ જ મંદ સ્વરે તેઓ મારી બાને સાથ આપતા. બ્રાહ્મમુહૂર્તે માતપિતાએ સાથે મળી કરેલી આ ભક્તિની અસર કેટલાંયે પ્રવચનો કરતાં મારા દિલ પર વધારે રહી ગઈ. એ જ પ્રમાણે રાત્રે ઊંઘમાં પડું ત્યાં સુધી માતાના કંઠમાંથી નીકળતા તુલસીરામાયણના શ્રદ્ધા-ગદ્ગદ સૂરથી પણ મારા અંતરમાં કોઈ દિવ્ય જીવનની કલ્પના રમ્યા કરતી. હું કહી ગયો કે મને એકંદરે મારું બાળજીવન ભારરૂપ લાગતું. વર્તમાન જીવનનો આનંદ કે સંતોષ મને ન હતો, તેથી અદૃશ્ય એવા કોઈ ભવ્ય લાગતા જીવનમાં કઈ જાતનું વધુ સુખ હશે એની અટકળમાં ઊતરવાની મને ઈચ્છા ન હતી. 'આ બધું જે છે તેથી વધુ સારું બીજું કંઈક પણ છે ખરું?' એટલી વસ્તુથી મનને સંતોષ થઈ રહેતો. અને એ એક આશ્ચર્યની વાત ગણાય કે એ પૂજાપાઠ પહેલાં સાર વિનાની જે રમતોમાં મારું મન ભમ્યા કરતું તે આપોઆપ બંધ પડી ગઈ. મનનું મેલાપણું વધતું અટક્યું.

સાત કે આઠ વરસનો હતો ત્યારે એક વાર ફાટેલી ગીતા મારા હાથમાં આવી. તેમાં કૃષ્ણાર્જુનના રથનું ચિત્ર મને ગમી ગયું. તે ફાટેલું હતું. છાપખાનામાં દોડી જઈ સુંદર કાગળો અને પૂઠું લાવી મેં તે ચિત્રને મઢ્યું. બીજે દિવસે સવારે સૂર્યોદય પહેલાં ઊઠ્યો, નાહ્યો અને મારી બા પૂજા કરવા બેઠાં ત્યારે મેં તૈયાર કરેલી છબી તેમના ઠાકોરજી પાસે મૂકી અને પૂજા કરવા બેસી ગયો. મારી બાએ મને પૂજા કરતાં અને માળા ફેરવતાં શીખવ્યું. પૂજામાં બેસતો જોઈ પિતાશ્રીએ મને 'શિવમાનસ'ના સ્તોત્રની નાનકડી ચોપડી આપી અને સંસ્કૃત શ્લોકો એક પછી એક યાદ કરાવ્યા. ફિનિક્સની અનેક રમતોમાં અને ફળો તોડવામાં જે આનંદ અને રસ આવતા તે કરતાં ઘણો વધારે રસ મને આમાં

આવવા લાગ્યો. અગિયારસના ફળાહાર, નાહ્યા વિના ન ખાવું અને ખૂબ શ્લોકો ગોખવા વગેરે મેં નિયમપૂર્વક કરવા માંડ્યું. અંકગણિતના પાડા ગોખવામાં જે હું સાવ ઠોઠ ગણાતો તેને પોતાના ઉત્સાહે સંસ્કૃત શ્લોકો યાદ કરતાં વાર ન લાગી. એ જોઈને મને ભગવદ્ગીતાના શ્લોકો ગોખાવવા પણ શરૂ કરી દીધા. કમનસીબે એ વખતે ફિનિક્સમાં કોઈ પણ સંસ્કૃતનો વિદ્વાન ન હતો તેથી આ બધા શ્લોકોના ખોટા ઉચ્ચારણ હું શીખ્યો. પણ શુદ્ધ ઉચ્ચારણ અને અર્થ સમજીને બોલેલા શ્લોકો જે ઉન્નત ભાવ આજે નથી ઉપજાવતા તે એ વખતે તોતડા શ્લોકો ઉપજાવતા હતા.

થોડા દિવસની પૂજા પછી તો ચાર હાથવાળા ભગવાનને જોવાની મને ભારે ઈચ્છા જાગી. દર્શન સારુ જાત જાતના પ્રયોગો કરવાનું મન થતું. એક વાર સાંભળ્યું કે ટચલી આંગળીથી વેંત જેટલો ઊંડો ખાડો કરીએ અને પાંપણથી ધૂળ કાઢીએ તો ભગવાન દેખાય. આંખની પાંપણથી ધૂળ નીકળી શકશે કે કેમ એ વિશે મનમાં શંકા હતી, પણ ટચલી આંગળીથી વેંતેક ખાડો ખોદવો તો સહેલો લાગ્યો. હું ફળિયામાં ગયો અને જમીન ખોતરવા લાગ્યો, પણ એ કાળી ચીકણી જમીન નખભાર પણ ટચલી આંગળીથી ખોદી ન શક્યો. એટલે એ પ્રયત્ન મૂકી કોઈ બીજી રીતે ભગવાનને જોવાનો પ્રયત્ન કરવાનું મનમાં ઠરાવ્યું. પૂજાપાઠ, દર્શનની ઈચ્છા સાથે સાથે સ્વર્ગ, નરક, વિષ્ણુ, બ્રહ્મા, શિવ આદિના અનેક ગોટાળાના વિચાર મને આવ્યા કરતા. બધું આકાશમાં ઊંચે ઊંચે છે ને મર્યા પછી દેખાશે એમ લાગતું.

મારી પૂજા વગેરે વરસો સુધી ચાલી. વરસો પછી જ્યારે મને પથ્થર-કાગળની મૂર્તિમાં કંઈ દૈવત નથી, એ દમ વિનાના વિધિ છે એવું સમજાયું અને સ્વર્ગાદિકની કલ્પનામાં કંઈ તથ્ય ન દેખાયું ત્યારે ખોટી દિશાએ કરેલા આવા પ્રયત્નો માટે મને ઉદ્વેગ પણ થયો. અને મનમાં થયું કે પરંપરાગત ભક્તિ સાથે મારી બાએ મને શુદ્ધ તત્ત્વજ્ઞાન પણ પીરસ્યું હોત તો કેવું સારું થાત! અને મારી આસ્તિકતા કેટલી વધુ શક્તિશાળી નીવડત!

એમ છતાં બાની સાથે બેસીને કરેલી પૂજા મુદ્દલ એળે ન ગઈ. એની મોટામાં મોટી અને જીવતીજાગતી અસર એ રહી કે, હંમેશાં વધુ શ્રેષ્ઠ વ્યક્તિને તથા વસ્તુને ખોળવાની અને પોતાને સદાયે અધૂરા સમજવાની મારી પ્રવૃત્તિ થઈ પડી. અકસ્માત્ ખરાબ સોબત આવી મળતાંયે મને એમાંથી ભાગી છૂટવાની અને ઉત્તમ સત્પુરુષોને ખોળે બેસવાની અભળખા રહેતી. ભરજુવાનીમાં જ્યારે હું દુનિયામાં ઈશ્વર નથી જ એવા નિર્ણય ઉપર આવ્યો ત્યારે પણ રોજ થોડો વખત સદ્ગ્રંથના વાચન વિના મને ચેન ન પડતું. સાથે સાથે આ પૂજાપાઠને

પ્રતાપે મને એક ટેવ એ પણ પડી કે, જે પોતા કરતાં શ્રેષ્ઠ હોય તેમનાં ચરણોમાં નમ્રતાથી બેસવું અને એમનું કહ્યું કરવામાં પોતાનું ભલું માનવું.

આમ, ઈ. સ. ૧૯૦૯માં મારી આઠ સાડા આઠ વરસની ઉંમરે જ્યારે હું મારાં માતાપિતા સાથે હિંદુસ્તાન આવ્યો ત્યારે મારું વ્યક્તિત્વ એક રીતે ઘડાઈ ચૂક્યું હતું. અહીં દેશમાં અને પાછા ફર્યા પછી ફિનિક્સમાં ગયો ત્યારે અનેક શિક્ષકો અને વિદ્યાર્થીઓ પાસેથી જાત જાતની કેળવણી મને મળી. પણ એ બધું ઉપરનું ચણતર કે વધારોસુધારો હતો. અસલી ઘડતર અને ઢાંચો તો આ આઠ વરસની ઉંમરમાં જે ઘડાયો તે જ મોટે ભાગે સદૈવ રહ્યો.

## ૧૫
## દેશના સંસ્કારો

માતૃભૂમિ, સ્વદેશ, ભરતખંડ -- એવાં નામો એ દિવસોમાં ભાગ્યે જ સંભળાતાં. ગંગાજમનાનો પ્રદેશ, હિમાલય-લંકાની સીમા તથા બંગાળ, પંજાબ, મદ્રાસ, રજપૂતાના, બિહાર, મહારાષ્ટ્ર વગેરેના અંગપ્રત્યંગવાળા હિંદુસ્તાનનું ભાન પણ મને ન હતું. છતાં દેશ જોવાની અને દેશી રહેણીકરણી જાણવાની મનમાં ભારે હોંશ હતી. દાદાજી, દાદીજી, ફોઈબા, માસીબા, મામા અને કાકાઓનાં નામ સાંભળ્યાં હતાં. કોઈ કોઈ વાર પિતાશ્રી મારી પાસે દાદાજીને કાગળ લખાવતા. એ સૌ વડીલોનાં દર્શન કરવાની તથા ગુજરાતી પાઠમાળામાં વાંચેલાં પોપટ, ચકલી, કાગડા અને હાથી જોવાની ઉત્કંઠા મને હતી. એથી ઘરમાં જ્યારે દેશ જવાની વાતો શરૂ થઈ ત્યારે હું ખુશ ખુશ થઈ ગયો. એ વાત સાંભળ્યા પછી કોર્ડિસ-શાળામાં જવું મને આકરું થઈ પડ્યું. દેશ જવાના દિવસો જેમ લંબાતા તેમ મનમાં કચવાટ થતો. બે વાર તો સ્ટીમર અને વાર તિથિ બધું નક્કી થઈ ગયું તોયે ફિનિક્સથી નીકળવાનું મહિનાઓ સુધી મુલતવી રાખવું પડ્યું.

પહેલી વાર બધી તૈયારી થઈ ત્યાં મિ. વેસ્ટ માંદા પડ્યા. ૨૦-૨૫ દિવસ સુધી ચિંતાજનક હાલત રહી. એમના જ ઘરમાં નહીં પણ ફિનિક્સનાં બધાં ઘરોમાં ચિંતા દેખાવા લાગી. ઘેર ઘેરથી મોટા માણસો દિવસના બેત્રણ વાર એમને ઘેર જતા. અત્યંત ધીમે સ્વરે કંઈક ગુસપુસ કરતા અને ગમગીન ચહેરે પાછા ફરતા. પ્રેસમાં મારા પિતાશ્રી અને મિ. વેસ્ટ સંયુક્ત વ્યવસ્થાપક હતા. એક વ્યવસ્થાપક માંદા પડે એટલે બીજા વ્યવસ્થાપકને લાંબી રજા મુલતવી રાખવી જ પડે. આમ ત્રણ મહિના માટે અમારું જવાનું ઠેલાયું.

એ ત્રણ મહિના માંડ પૂરા થવા આવ્યા ત્યાં મારો નાનો ભાઈ કૃષ્ણદાસ દાઝી ગયો. જમવાની તૈયારી ચાલતી હતી ત્યાં કૃષ્ણદાસ 'દાળ દાળ' કરતો તપેલા પાસે જઈ પહોંચ્યો અને ઢાંકણું ઉઘાડવા ગયો ત્યાં તપેલું ઢળી પડ્યું. તે પડી ગયો અને ગરમ ગરમ દાળ તેના ઝબલા ઉપર ઢોળાઈ ગઈ. ઘરનાં બધાં મોટેરાં એકીસાથે તેની મદદે ધસી આવ્યાં. ઉતાવળમાં તેનું ઝબલું ઉતારવામાં આવ્યું, પણ એમ કરતાં તેનો કાન અને ગાલ સખત દાઝી ગયાં. બાવડું પણ સારી પેઠે દાઝ્યું. તત્કાળ સાધારણ ઉપચાર કરવામાં આવ્યો; બીજે દિવસે મગનકાકા ડરબન જઈ દાક્તર પાસેથી ચૂનાના પાણીની દવા તથા મલમ લઈ આવ્યા. કૃષ્ણદાસ એ વખતે અઢીત્રણ વરસનો હશે. દઝાયાની વેદના મોટું માણસ પણ ન ખમી શકે એવી હતી. સ્થિતિ ગંભીર થઈ જશે કે શું એ ચિંતા પાંચેક દિવસ સુધી સહુને રહી. કૃષ્ણ તો સાવ મૂંગો મૂંગો ખાટલામાં પડી રહેતો. બહાર સખત પવન ફૂંકાતો રહેતો તેથી ઓરડાનાં બારીબારણાં બંધ રહેતાં. દિવસનો મોટો ભાગ મારે એની પાસે ઓરડામાં બેસી રહેવામાં જતો. તેને હવા ન લાગે અને તે માગે તે તુરત તેને મળે એ મારે જોવાનું હતું. એના દુ:ખ આડે મને બીજાં તોફાનો ન સૂઝતાં. કોઈ ગુફામાં દુનિયા સાથેનો સંબંધ તોડી કોઈ પ્રૌઢ ચિંતક જે મનોવૃત્તિથી બેસી રહે તેવી સ્થિતિમાં હું એ બીમાર ભાઈની પડખે બેસી રહેતો. મનમાં ને મનમાં કેટલાય સવાલો ઊઠતા ને ઓસરી જતા. માંદાની માવજતનો એ પાઠ એવો મળ્યો કે એટલા ગાંભીર્ય અને ભાવુકતાથી હવે જો રોગીની સેવા થઈ ન શકે તો એ વેઠ ઉતાર્યા જેવું અને મનને છેતર્યા જેવું જ મને લાગે છે.

ત્રણચાર અઠવાડિયે કૃષ્ણ સાજો થયો અને દેશ આવવાની અમારી તૈયારી પૂરજોશમાં શરૂ થઈ. બીજી તૈયારીઓ સાથે કેશુને અમારી સાથે મોકલવાની તૈયારી પાછળ મગનકાકાએ ખૂબ મહેનત કરી. કેશુને સરસ તાલીમ આપી ઉચ્ચ બનાવવાના એમને કોડ હતા. માબાપને વળગી એ સંકુચિત ન રહે, મારું તારું ભૂલી ઉદાર દિલનો બને એ હેતુથી મગનકાકાએ એ ત્રણ સવા ત્રણ વરસની વયના પોતાના એકના એક પુત્રને માવતરથી વેગળો સમુદ્રપાર મોકલી દેવાનો નિર્ણય કર્યો. મોટા ભાઈ અને ભાભી વિશે એમની એ અગાધ શ્રદ્ધા હતી. એમના પ્રત્યે અભેદબુદ્ધિ કેળવવાનો એમનો એટલો તીવ્ર આગ્રહ હતો કે કેશુ મારાં માતપિતાને કાકાકાકી ન સમજતાં જનકજનની સમજે એ હેતુથી તેમણે કેશુને મારી બાનું નામ કાકી કે કાકીબા ન શીખવતાં 'મોટીબા' શીખવ્યું, અને મારા પિતાશ્રીને કાકા કહેવાને બદલે બાપુજી કહેતાં શીખવ્યું તથા એ ભાવના આચારમાં ઉતારવા કેશુને અમારી સાથે દેશની યાત્રા કરાવવાનો સંકલ્પ કર્યો.

એ સંકલ્પ પાર પાડવા આડે એક મોટી શંકા હતી. મોટી ઉંમરે એકલો ચોરોની પાછળ પડનારો અને રમતવાતમાં નાગને પકડનારો કેશુ નાની ઉંમરે બહુ બીકણ હતો. કૂતરું જોઈને એ ચીસ નાખતો અને રેલગાડીના એન્જિનથી તો એટલો બધો ડરતો કે એને તેડીને રેલગાડી પર ચડવું કઠણ થઈ પડતું. એ સ્ટીમરથી, દરિયાથી અને ડરબન શહેરની ટ્રામ વગેરેથી ભડકતો રહે તો તેને સાથે કઈ રીતે લઈ જવાય? પણ કેશુની આ બીક ભાંગવાનો મગનકાકાએ રીતસર અભ્યાસક્રમ બનાવ્યો. એ અભ્યાસક્રમને અંગે અમારે ત્યાં રમકડાનું એક એન્જિન આવ્યું. કેશુને એ રમકડાંની બીક ન રહી ત્યારે વારંવાર સ્ટેશને ફરવા લઈ જવામાં આવ્યો. ત્યાર પછી બેચાર સ્ટેશનની એક ટૂંકી મુસાફરી થઈ. મિ. સેમના શિકારી કૂતરાઓનો પણ તેને પરિચય કરાવ્યો. આમ, અમે ભાતુંપોતું બાંધી સમુદ્રયાત્રા માટે તૈયાર થયા ત્યાં સુધીમાં મગનકાકાએ કેશુને નિર્ભયતાનું ભાતું બંધાવી આપ્યું. છતાં અમારી સ્ટીમર ડરબનની ગોદીમાંથી નીકળતાં સુધી એવી તૈયારી રાખેલી કે કેશુ કોઈ રીતે સમુદ્રયાત્રા માટે તૈયાર ન જ થાય તો તેને છેલ્લી મિનિટે સ્ટીમરમાંથી ઉતારી શકાય અને તેનાં કપડાંનું પોટકું પાછું આપી શકાય.

ડરબનથી અમારી સ્ટીમર પોરબંદર પહોંચતાં ૪૧ દિવસ થયા. આજકાલ મુંબઈથી ડરબન સોળ દિવસમાં જવાય છે. ત્યારેયે દરિયારસ્તે ૨૨ દિવસમાં એ યાત્રા પૂરી થતી પણ પિતાશ્રીએ મેલ સ્ટીમરને બદલે સાધારણ સ્ટીમર પસંદ કરેલી. તે આફ્રિકાના આખા પૂર્વકિનારાનાં બધાં મહત્ત્વનાં બંદરો કરતી પોરબંદર થઈને મુંબઈ જવાની હતી. અમારી એ સ્ટીમરનું નામ ‘કેઝર’ હતું. બ્રિટિશ સ્ટીમરની જેમ એ કાળાં ભૂંગળાંવાળી ન હતી; તેનાં ભૂંગળાં પર લાલપીળા રંગના સુંદર પટાઓ હતા. પિતાશ્રીએ કહ્યું કે, એ ‘જર્મન લાઇન’ની સ્ટીમર છે. તે બહુ વિશાળ સ્ટીમર હતી. અમારી ઓરડીમાંથી એકલો બહાર નીકળું તો ભૂલો પડી જાઉં. વહેલી સવારે સ્ટીમર ઊપડવાની હોવાથી રાત્રે જ અમે તેમાં જઈ સૂતા.

બીજે દિવસે સવારે સૂર્યોદય થતાં મગનકાકા અને કાકી અમને વળાવવા આવ્યાં. અમે ઉપલા તૂતક પર ઊભી તેમની વિદાય લીધી. છૂટા પડતાં કેશુએ કંઈ કજિયો ન કર્યો અને તેનો છૂટો રાખેલો સામાન સ્ટીમર પરથી જમીન પર ફેંકવાની જરૂર ન પડી. અમે છ જણ દેશ ભણી આવ્યાં અને અમને વળાવીને ત્રણ જણ પાછાં ફિનિક્સ ગયાં. પાછાં જનારમાં મગનકાકા, કાકી અને રાધા. અમારા જૂથમાં પિતાશ્રી, માતુશ્રી, કેશુ, કૃષ્ણ, મારી નાની બહેન નંદી અને હું. અમારો એ સંઘ જેવો નીકળ્યો તેવો તૂટ્યા વિના પાછો ફરી ન શક્યો. ફિનિક્સથી નીકળતાં જે આઠનવ મહિનાની મારી નાની બહેન હતી એ

રાજકોટથી પાછી ફરવા ન પામી. રાજકોટમાં દાદાજીને હાથે તેનો અગ્નિસંસ્કાર થયો. એ દોઢેક વરસની ઉંમરથી વધુ મોટી ન થઈ શકી છતાં એના જતાં એક પૂરા માણસની ખોટ અમને લાગી. કારણ દોઢ વરસની થતાં થતાં એણે સૌનાં મન આકર્ષી લીધાં હતાં. મારી બા ઘરનું જે કામ કરે તે કામ એ કરાવવા લાગતી. કપડાં ધોતી વખતે કપડાં પલાળતી, અને કપડાં સંકેલતી વખતે મોટાં કપડાં હાથમાં લઈ ઘસડી જતી. એની માંદગી, એનું મરણ અને એને સ્મશાને લઈ જતાં પહેલાં અમને બાળકોને બીજાને ઘેર મોકલવામાં આવ્યાં તે બધું ચિત્ર મને જેવું ને તેવું યાદ છે. બહેનના વિયોગનું એ ઉંમરે મને જે દુ:ખ થયું તે મારી ઉંમર વધવાની સાથે વધ્યું. અને પોતાની માજાણી બહેનનો અભાવ સદાયે મારા જીવનમાં એક જાતની ઊંડી ગ્લાનિનો અનુભવ કરાવતો રહ્યો.

ભાઈને બહેન જોઈએ એ સાચું. અને પોતાના હાથમાંથી ફૂલની જેમ પુત્રી કરમાઈ જાય એ માતાનું દુ:ખ વરસોના વહેણ સાથે પણ મટે નહીં એયે સાચું. પણ ભાઈબહેનોની ગણતરી વધવા બાબત બાપુજીના વિચારો મારી બહેનના જનમ વખતે પૂરા ચુસ્ત બની ગયા હતા. મારી બહેનના જન્મનિમિત્તે એમાણે મારી બાને જે કાગળ લખ્યો હતો એ મારા પિતાશ્રીના સંગ્રહમાંથી મળી આવ્યો છે. જોકે, એ અંગત પત્ર છે, પણ આટલાં વરસોના ગાળા પછી આ પુસ્તકમાં એ અસ્થાને નહીં ગણાય અને એ ઉપરથી એ પણ સમજાશે કે પૂજ્ય બાપુજી જેમ જેમ પોતે ઊંચે ચડતા ગયા તેમ તેમ પોતાના ઘરનાઓને પણ ઊંચે લઈ જવાની એમાણે કેટલી બધી હેતભરી ચીવટ રાખી હતી.

૪, વિક્ટોરિયા સ્ટ્રીટ,<br>લંડન એસ ડબ્લ્યુ<br>૨૮-૮-૧૯૦૯<br>રાતના એક વાગે

ચિ. કાશી,

આટલો વખત થયો છે છતાં આજે લખ્યા વિના ચાલે તેમ નથી. દર અઠવાડિયે તમને તથા સંતોકને સંભારી કાગળ લખવાનું છોડી દઉં છું. જોકે, કામ ઘણું નથી છતાં કંઈ ને કંઈ કામમાં ગૂંથાયેલો જ રહું છું.

તમને દીકરી આવી તેને સારુ હું શું લખું? ભલે આવી એમ લખું તો જૂઠું ગણાય તેથી દિલગીર થાઉં તો તે હિંસા ગણાય. મારા હાલના વિચાર પ્રમાણે મારે તટસ્થ રહેવું જોઈએ. એમ કરવામાં ગીતાજીમાં જે અવસ્થાને સમચિત્તાવસ્થા કહી છે તે જોઈએ. તે તો મહાદુર્લભ છે છતાં મારો પ્રયાસ તે

તરફ જ છે. દરમિયાન હું એટલું જ કહું છું ને ઈચ્છું છું કે તમે ખરી રીતે ઈન્દ્રિયદમન કરતાં જાણો. હું ઘણો અનુભવ લેતો જાઉં છું. જેમ જોઉં છું તેમ મારા વિચારો દઢતા પામે છે. ફેરવવાનું કારણ જોતો નથી. સંતોકને નોખો કાગળ નહીં લખું. આ તમને બંનેને છે.

મેં તો તમને કાગળ ન લખ્યા પણ તમે કેમ ન લખ્યા એ સવાલ મનમાં કરી, જો તેનું કારણ ન જણાય તો પશ્ચાત્તાપ કરજો કેમ કે હું તમારા બધાના કાગળનો ભૂખ્યો છું.

મોહનદાસના આશીર્વાદ

એકતાળીસ દિવસની એ સમુદ્રયાત્રા જેવો આનંદ તે પછી ફરી આટલી ઉંમરમાં કદી માણ્યો નથી. ભણવાની કંઈ ચિંતા નહીં, કંઈ કરવાની ફિકર નહીં, રોજ નવાં બંદરો, નવાં માણસો, નવી વનશ્રી, નવાં પ્રાણી, વિરાટ સમુદ્ર અને એથીયે વિરાટ આકાશનું સતત દર્શન. પિતામાતાની હૂંફ - કોઈનો દાબ કે ડર નહીં. બધે જ મજા. બધી જ મજા. ઘણાયે ઉતારુઓ સ્ટીમરની ધીમી ચાલથી અધીરા થઈ જતા હતા. ઝટ દેશ આવે, ઝટ ઘર ભેગા થઈ જઈએ, એમ સૌને થતું. પણ મને તો એ પ્રવાસ એટલો બધો રુચિકર થઈ પડ્યો હતો કે એ દોઢ મહિનો પણ સાવ ટૂંકો લાગ્યો અને પોરબંદર બહુ જલદી આવ્યું તે મને ન ગમ્યું. જ્યારે લોકો સ્ટીમરની ધીમી ચાલને ભાંડતા, ત્યારે હું સમુદ્રને મનમાં ભાંડતો કે શા સારુ આવડો ટૂંકો જ રહ્યો? હજુ મોટો હોત તો સારું થાત. ધરવ જ ન થાય એવી રસભરી એ સફર હતી. છતાં ડરબનથી પોરબંદર આવવાના પ્રવાસવર્ણનને મુંબઈથી ડરબન જવાના વર્ણનમાં સમાવી દેવાનો મારો વિચાર છે, કારણ કે જતાં-આવતાંનાં સ્મરણો એકબીજા સાથે એટલાં ભળી ગયાં છે કે તેને જુદાં તારવવાં કઠણ છે. પાછા ફરતી વખતે હું દોઢ વરસ વધુ મોટો થયો હતો એટલે ત્યારનું નિરીક્ષણ વધુ સ્પષ્ટ હોય એ સ્વાભાવિક છે. અહીં એટલું જ જણાવી દઉં કે લગભગ દોઢ મહિના સુધી સમુદ્રનો અખંડ આનંદ લીધા પછી જીવનની અનેક આકાંક્ષાઓમાં એક એ આકાંક્ષા પણ રહી ગઈ છે કે ધીમી સ્ટીમરમાં જ નહીં પણ ધીમા વહાણમાં વરસ બે વરસ સુધી દરિયો ખેડવાનો અનુભવ લેવો જોઈએ.

અમે પોરબંદરના બારામાં પહોંચ્યાં પણ પોરબંદરના કિનારાથી સ્ટીમર ત્રણચાર માઈલ દૂર ઊભી રહી હતી. એક નાનકડી 'સ્ટીમલૉંચ'માં સામાન સાથે ઊતરવામાં અમને કલાકો નીકળી ગયા.

કિનારા પાસે પહોંચતાં એક જ નજરમાં આંખ બધું જોઈ નાખવા મંડી. કિનારા પર લોકોની ભારે ઠઠ જામી હતી. જાતજાતની પાઘડી અને ટોપીઓ દેખાતી હતી. દૂર દૂર ઘરો પણ ધોળાં, વિશાળ અને લોકોની જેમ જ ખભેખભો અડાડી ઊભેલાં દેખાતાં હતાં. જે કાગડાને જોવાની બહુ ઉત્કંઠા હતી તે પરાણે કાન અને આંખ ભરી દેતા હતા. આકાશમાં પક્ષીઓ ને નીચે માણસો પોતાની વાત બીજાને સંભળાવવામાં હરીફાઈ કરતાં જણાતાં. આ બધું શું છે એ મારા નાના ભેજામાં સમાતું ન હતું. કોઈ ચીજ પર સ્થિરતાથી નજર ઠરતી ન હતી. એટલામાં પિતાશ્રી આશ્ચર્ય સાથે બોલી ઊઠ્યા: 'અરે, એ તો નારાયણદાસ લાગે છે!' મારી બાએ પણ ટેકો આપ્યો અને મને કહ્યું, 'જો, એ રહ્યા નારાયણદાસકાકા!'

સાવ કિનારે પહોંચ્યા ત્યારે મને નારાયણદાસકાકા દેખાયા. ટોળામાં સૌથી ઊંચા અને હાસ્યથી વાતાવરણ ભરી દેતા બધાની વચ્ચે એ જુદા જ તરી આવતા હતા. તેઓ પિતાશ્રીને અને બાને પગે લાગ્યા. હું તેમને પગે લાગ્યો. એકબીજાને મળવાના એવા રસમાં અમે તણાયા કે સમુદ્ર અને સ્ટીમરની મજા વિસારે પડી અને રાજકોટ પહોંચવાની ઉતાવળ થઈ પડી. પોરબંદરમાં અમે બહુ થોડું રોકાયા. રાજકોટ જતા પહેલાં બાપુજીના મોટા ભાઈ 'કાળાકાકા'ને ત્યાં પગે લાગવા અમે ગયેલા. તેમનું પૂરું નામ હતું લક્ષ્મીદાસ ગાંધી; પણ ઘરમાં સૌ તેમને કાળાકાકા કહેતું. મોહનદાસકાકાના સગા મોટા ભાઈ એટલે કેટલા મોટા માણસ હશે એ કલ્પનાથી હું ત્યાં ગયેલો. તેઓ હિંડોળે બેઠા હતા. કપાળ બહુ વિશાળ હતું. આખા ઘરમાં ભારે ગાંભીર્ય ફેલાઈ રહ્યું હતું. પિતાશ્રીએ તેમની સાથે થોડીક વાતો કરી અને અમે ત્યાંથી પાછા ફર્યા.

રાજકોટ જતાં રસ્તે નારાયણદાસકાકાએ ખૂબ વિનોદ કરાવ્યો. સાંજ પડ્યે અમે રાજકોટ પહોંચ્યાં. અમારી રાહ બહુ જ આતુરતાથી જોવાતી હતી. મોટીબા, બંને ફોઈબા વગેરેએ દરવાજામાં ધસી આવી અમારું સ્વાગત કર્યું. પચીસ-ત્રીસ દિવસને બદલે અમને ચાળીસ દિવસ ઉપર વીતી ગયેલા તેથી ઘરમાં ભારે ચિંતા થઈ પડી હતી. દિવસે દિવસે ઉદ્વેગ વધતો જતો હતો. અમે પહોંચ્યા ત્યારે ટીપણું ખોલી જોષી મહારાજ પિતાશ્રીનો ને અમારો પત્તો મેળવવા ઓટલે બેઠા હતા. જોષીજી નિર્ણય આપે એ પહેલાં અમને આવી પહોંચેલા જોઈ સૌના હરખનો પાર ન રહ્યો.

મારે માટે બધી નવી સૃષ્ટિ હતી. બધાં નવાં સ્નેહીઓ હતાં. દરેક જણ સાથેનું સગપણ જાણવું અને તેમની મુરબ્બીવટ અનુભવવી એ એક અધ્યયનનો વિષય હતો. ઘરમાં માણસો નવાં અને બહાર પશુપંખી નવાં. કેટલાયે પોપટો

ખોરડાં ઉપર આવીને બેસતા, કલ્લોલ કરતા, ચણતા ને ઊડી જતા. કાગડાની કૂદાકૂદ જોતાં તો મને થાક જ ન લાગતો. સડક પર જતાં ભેંશ અને પાડા પણ મારે માટે નવાં જ હતાં. આઠદસ દિવસ સુધી જાણે હું સ્વપ્નસૃષ્ટિમાં જ હોઉં એમ લાગ્યું. અધૂરામાં પૂરું સ્ટીમર પર દોઢ મહિનો વિતાવેલો એટલે કેટલાક દિવસો સુધી ઘરની ભીંતો પણ સ્ટીમરની ભીંતોની જેમ ડોલતી ને ઊંચીનીચી થતી ભાસતી અને ચક્કર આવવા જેવું થતું. મનને બહુ સમજાવું કે બધું સ્થિર છે, છતાં જમીન, ભીંત, ક્ષિતિજ બધું ઊંચુંનીચું થતું દેખાયા કરે.

દસેક દિવસે મારી આ સ્વપ્નાવસ્થા ઊતરી. ડેલીથી ઘરમાં અને ઘરમાંથી ડેલીમાં દોડદોડ કરવાનું ને જોતા ઊભા રહેવાનું પત્યું. પિતાશ્રી મિ. પોલાક સાથે દક્ષિણ આફ્રિકામાં ચાલતા જનરલ સ્મટ્સની સરકારના અન્યાયો સંબંધી પ્રચાર માટે દેશ આખાની યાત્રા માટે ઊપડ્યા. નારાયણદાસકાકા મુંબઈની ઑફિસમાં પહોંચ્યા, અને મને એક નિશાળે બેસાડવામાં આવ્યો.

રાજકોટ અને પોરબંદરમાં આશરે દોઢ વર્ષ અમે રોકાયા હોઈશું. પિતાશ્રી દેશભ્રમણ પૂરું કરી મહિનો બે મહિના રાજકોટ રોકાયા ને પછી બૅરિસ્ટરીનો અભ્યાસ કરવા લંડન ગયા. પિતાશ્રી ઈંગ્લંડ રહ્યા એટલો વખત દર અઠવાડિયે કાગળો લખી તથા ચિત્રવાળાં પોસ્ટકાર્ડો મોકલી એમણે વિલાયતની ઘણી ઘણી વાતો અમને જણાવી. મારા સૌથી નાના કાકા જમનાદાસકાકા ત્યારે અંગ્રેજી હાઈસ્કૂલમાં ભણતા. તેઓ પિતાશ્રીના કાગળો વિસ્તારથી સમજાવતા અને વિલાયતની રસમય કલ્પના ખડી કરતા. એને લીધે વિલાયતનું અને અંગ્રેજી રીતભાતોનું વર્ચસ્વ સહેજે મારા મન પર ઠસતું, તથા પિતાશ્રી બૅરિસ્ટર થઈને આવશે ત્યારે અમે કેવા મોટા બની જશું એ ખ્યાલથી મન ફુલાઈ જતું.

પણ એવા પ્રાકૃત પ્રવાહમાં તણાવામાંથી બચી જવાનું જ મારે નસીબે હતું. પિતાશ્રી બૅરિસ્ટરીની પરીક્ષા પૂરી કરે એ પહેલાં જ માંદા પડી ગયા અને તેમને ભણતર અધૂરું મૂકી વિલાયતથી પાછા ફરવું પડ્યું. મારેયે રાજકોટની અંગ્રેજી મિડલ સ્કૂલમાં પહોંચવાની હોંશ જતી કરવી પડી અને જમનાદાસકાકાને મૅટ્રિક પાસ કરવાની આકાંક્ષા છોડવી પડી તથા અમારે સૌને બાપુજીની મહાન શાળામાં પાછા ફિનિક્સ જવાનું થયું.

દેશની નિશાળોમાં મને અનુભવો થયા તે મારે માટે નવા હતા. જીવનના ઘડતરમાં એની ગણતરી થોડી ન ગણાય. પણ બાપુની શાળાની સાથે બીજી શાળાની સરખામણી વાચક પોતાની શાળાના સ્વાનુભવને આધારે કરે. રાજકોટની પાદરીની શાળા, પોરબંદરની ગામઠી શાળા અને રાજકોટની મોટી નિશાળમાં ગાળેલા એ થોડા થોડા મહિનાના ગાળામાં એટલા કડવા અનુભવો

મને મળી ગયા કે, ત્યાર પછી કદી શાળામાં ભણી પરીક્ષાઓ પાસ કરવામાં મોટાઈ અને શ્રેષ્ઠતા મને ન જણાઈ. આ નિશાળોમાં ગુણાકારમાં હું કાચો છતાં પરીક્ષામાં મારો નંબર ચડી જતો, કારણ ચોકી કરનાર માસ્તર જ ચોરીથી જવાબ લખાવી દેતા. સાત સાત કલાક શાળામાં ગોંધાઈ રહેવાને અંતે માંડ પા કલાક નવું શીખવાનું મળતું. અને તેય માસ્તર સાહેબનો મિજાજ ઠેકાણે હોય તો, નહીં તો ચાર ચાર પાંચ પાંચ દિવસ લગી પાડાના રાગડા તાણવા સિવાય કંઈયે કરવાનું ન હોય. સારી ને જ્ઞાનની વાતો સાંભળવાને બદલે છોકરાઓની અસંસ્કારી વાણી અને કુસંસ્કારી ચર્ચા સાંભળવાનું વધારે મળે. નિશાળમાં માસ્તર ભણાવે તે કરતાં ઘણા વધારે ધમકી ને ચીંટિયા ખાવા પડે. અને ટ્યૂશન આપવા જે માસ્તર ઘેર આવે તે નિશાળમાં પણ ધ્યાન દઈને ભણાવે, નહીં તો છેલ્લે નંબરે બેસાડી રાખે. એ બધાને કારણે નિશાળમાં ભણવું પ્રતિષ્ઠાભર્યું છે એ વાત કોઈ સમજાવે તોયે મારે ગળે ઊતરે એમ ન રહ્યું અને નિશાળમાં બેસવાને તથા ભણવાને કંઈ ખાસ સંબંધ નથી, ભણતર તો 'લેસન' - રમત છોડી જાતે મહેનત - કરવામાં છે એમ હું સમજ્યો.

ચોરીનો એક પ્રસંગ છોડી દેવા જેવો નથી. મારા જીવનની દિશા બદલનાર એ પ્રસંગ પોરબંદરમાં બનેલો. ચોરી તો ફક્ત બે આનાની ચોપડીની જ હતી. અને એયે બીજાની ખોવાયેલી ચીજ પર પોતાનો ખોટો હક સાબિત કરવા પૂરતી જ. એ ચોપડી ઉપર કોઈનું નામ ન હતું. સાંજે વર્ગો પૂરા થયા અને નિશાળ બંધ થવા આવી ત્યારે મારા હાથમાં એ નવા જેવી ચોપડી આવી ગઈ. મારી પાસેની ચોપડી મેલી ને ફાટેલી હતી. સારી ચોપડી જોઈ મારું મન લલચાયું ને છાને છાને મેં તેનાં બેચાર પાનાં પર મારું નામ લખી દઈ એ ત્યાં જ મૂકી દીધી. એ કોની છે તે હું જાણતો હતો છતાં મેં કપટ આદર્યું. મારું નામ તે પર જોઈ બીજા એક છોકરાએ મને તે આપી દીધી. હું એ મારા દફ્તરમાં બાંધી ઘર ભેગો થયો. ત્રીજે દિવસે ચોરી પકડાઈ. માસ્તરે મારા મામાને ચિઠ્ઠી મોકલી. જોતજોતામાં ઘર અને શેરીમાં ચોર તરીકે મારી અપકીર્તિ ફેલાઈ ગઈ. કયે ખૂણે જઈ સંતાઉં એની મને ખબર ન પડે. ચોપડીનો લોભ કરવા માટે મનમાં ને મનમાં મેં રડવા માંડ્યું. મામા આકરી સજા કરશે એ ડર પણ મનને ખાવા લાગ્યો. બા પાસે જવાની તો હિંમત જ ન ચાલી. રાત્રે બે મામા, ત્રણ મામી, નાનીમા, મોટી બહેનો બધાંની વચ્ચે મારી હાજરી લેવાઈ. કોઈએ મને ધમકાવ્યો નહીં, ડરાવ્યો પણ નહીં. પરંતુ બધાં કુટુંબીઓના ચહેરા પર ગ્લાનિ ને અફસોસ એવાં હતાં કે જાણે કોઈ ગંભીર માંદગીએ પડેલા બાળકને ઓશીકે થડકતે હૈયે વડીલો ઊભાં હોય. એની અસર મારા મન ઉપર સોટીના મારથીયે વધુ થઈ. મને ઊપજેલી કમતને સારુ બધાંએ

બળાપો કર્યો. ધર્મનિષ્ઠ માતપિતાને લજવવા સારુ મામાએ મને ફિટકાર્યો. ઊજળા કુળવાળા પિતા અને ઊજળા કુળની માતાનો બાળક હોવા છતાં હું હીન વૃત્તિનો પામર ડાઘો બની બંને કુળને લજવીશ કે શું, એ વિશેની પ્રશ્નમાળાએ મારાં ગાત્રેગાત્ર ઢીલાં કરી દીધાં. આ રાત પછી લાગલાગટ પાંચછ દિવસ સુધી રોજ સાંજે મારા અમૃતલાલમામા મને પોતાની સાથે દોઢબે માઈલ સુધી ફરવા લઈ જવા લાગ્યા અને રોજ ચોરીનો પ્રસંગ ચર્ચી સારાનરસા માણસનું સમાજમાં સ્થાન મને સમજાવ્યું. સમાજમાં જો સજ્જન તરીકેની ખ્યાતિ ન મેળવી શકાય તો જીવતરમાં ધૂળ પડી સમજવી એ વાત મારા હૃદયમાં જડાઈ ગઈ. સદ્‌ગુણોને વળગી દુર્ગુણો છોડવાની મને અક્કલ આવી.

ચોર તરીકેની મારી ફજેતી પછી બે મહિના સુધી મને ક્યાંયે ચેન ન પડ્યું. ઘરમાં પાટલે બેસતાં પણ મારું ગળું સુકાવા લાગતું. ધીમે ધીમે એ નિમાણાપણું ઊતર્યું. એ જ અરસામાં મામાએ બે નાટક બતાવ્યાં: નરસિંહ મહેતો અને પીપો ભગત. બંને નાટકની મારા પર સારી અસર પડી. એમના જેવા સારા, ડાહ્યા અને ભગવાનને વહાલા થવાની હોંશ થઈ. દુન્યવી લોકોની હડફેટમાં ન આવવું અને બધા વહે તેમ વહ્યે ન જવું એ નરસિંહ મહેતાના સ્વભાવની વધારે ઊંડી છાપ પડી. પોરબંદર છોડતી વખતે મારા સોબતીઓ બદલાઈ ગયા હતા. વર્ગના છોકરાઓ અને નિશાળમાં ઊતરેલ ગણાતા છોકરાઓની પાછળ પાછળ ભમ્યા કરવાને બદલે મોટા ઘરના ડાહ્યા ને સદ્‌ગુણી લેખાતા છોકરાઓ વચ્ચે જ હું મારો દિવસ પસાર કરતો થયો હતો.

પિતાશ્રીના વિલાયતવાસ દરમિયાન થોડા મહિના મામા પાસે પોરબંદર વિતાવી અમે પાછા રાજકોટ આવ્યા. રાજકોટમાં દાદાજીનો રોજના છ અધ્યાયનો ગીતાપાઠ, મોટીબા પાસેથી ભાગવતકથાનું શ્રવણ, ફોઈબાની મરજાદ અને વૈષ્ણવ આચાર, જમનાદાસકાકાની ઍરેબિયન નાઈટ્સમાંની તથા નેપોલિયનની પરાક્રમ અને ચતુરાઈભરી વાર્તાઓ તથા ફોઈની દીકરી બહેનની સોબત વગેરેથી મારા ઉપર ઘરના વિશિષ્ટ સંસ્કાર પડ્યા. વૈષ્ણવ આચાર, મંદિરદર્શન, પૂજા, ઉપવાસ વિશેની શ્રદ્ધા દૃઢ થઈ. ઈતર જનોમાં અને પોતામાં વૈષ્ણવપણાને લીધે ભેદ અનુભવવા લાગ્યો. ‘અમે તો સારા ઘરના; આ બધા હીન પ્રકારના’ એવી જાતની ભાવના મનમાં સતત રહેવા લાગી. એ ઉદ્ધતાઈ ન હતી, અભિમાન પણ ન હતું; પોતાને પડવામાંથી બચાવી લેવાની એ ચિંતા હતી. અને એ ભ્રમ હતો કે વૈષ્ણવેતરો અસંસ્કારી જ હોય. ખરું જોતાં વાતાવરણમાંથી ગ્રહણ કરેલું એ આભડછેટનું ઝેર હતું.

આમ, ધાર્મિક આચારમાં, અને ગુજરાતી નિશાળમાં પરીક્ષા પાસ કરી અંગ્રેજી નિશાળમાં પહોંચવાની મહેનત કરવામાં મારો જીવનપ્રવાહ સ્થિર થતો જતો હતો. માંદા પડી જવાને લીધે પિતાશ્રી વિલાયતથી રાજકોટ આવી તબિયત સુધારી રહ્યા હતા અને નિત્યના જીવનમાં કંઈ નવાજૂનીની વાત ન હતી. તેવામાં એક સાંજે નિશાળેથી હું પાછો ફર્યો ત્યારે ઘરમાં ઓસરીમાં ઓટલા પર બધે સામાન અને કપડાંના ઢગલા પડેલા જોયા. બા ને મોટીબા એ બધાંની ગોઠવણ કરતાં હતાં. મેં પૂછ્યું, 'આજ આ શું છે?' મોટીબાએ કહ્યું, 'નાતાલથી તાર આવ્યો છે. તમારે બધાંએ ફિનિક્સ જવાનું છે. તારે જવું છે કે મારી પાસે રહીશ?'

એ અણધાર્યો સવાલ હતો. મને કંઈ જવાબ સૂઝ્યો નહીં. દફ્તર પાટી ઠેકાણે મૂકી ઘરમાંના બીજા મુરબ્બીઓ પાસે પહોંચ્યો. આઠ દિવસ પછી મુંબઈ જવાનું અને ત્યાંથી સ્ટીમરમાં બેસવાનું છે એ જાણ્યું. મુસાફરીના આનંદની તથા અમદાવાદ, સુરત ને નર્મદા તાપી જોવા મળશે એની વાતો હું બીજાઓ સાથે કરતો હતો ત્યાં દાદાજી આવીને કહે, 'પ્રભુ, તું અહીં રોકાઈ જા. મારી પાસે રહીને ભણજે. હવે તો તું અંગ્રેજી શાળામાં પહોંચવાનો!' પિતાશ્રીએ પણ આ વાતને સંમતિ આપી કે 'પ્રભુ ઈચ્છે તો ભલે રહે. ફિનિક્સમાં કંઈ ભણવાનું નથી મળવાનું. અહીં નહીં ને હરદ્વારના ગુરુકુળમાં પણ તેને દાખલ કરી શકાય એમ છે.'

મારે માથે એ પહેલું સંકટ આવ્યું હતું, જેમાં મારે ત્રણ મનગમતી ચીજમાંથી એક પસંદ કરવાની હોય. રાત પડ્યે હું ખાટલામાં પડ્યો ને આકાશના તારા જોતો વિચારે ચડ્યો. એક તરફ ફિનિક્સની યાદ, સમુદ્રયાત્રાનો આનંદ ને મુંબઈ જોવાનો લહાવો મને આકર્ષવા લાગ્યો. બીજી તરફ મોટી બા અને મોટા બાપુજીની ગોદ અને મૅટ્રિક સુધી ભણવાની તક છોડવામાં ડહાપણ ન દેખાયું, અને ત્રીજી તરફ પિતાશ્રી પાસે સાંભળેલી ગુરુકુળની વાત ગમી અને એ રીતે હરદ્વારમાં ભણવાની હોંશ થઈ. ઊંઘતાં સુધી હું કંઈ નિર્ણય ન કરી શક્યો. બીજો દિવસ પણ વિમાસણમાં ગયો. નિશાળે જવાનું તો મેં કોઈને વગર પૂછ્યે માંડી વાળ્યું અને કોઈએ કહ્યું પણ નહીં કે નિશાળે જા.

જોષી આવ્યા. નીકળવાનું મુહૂર્ત જોયું. જે દિવસે અમારે મુંબઈ માટે ઊપડવું હતું તે દિવસના બે દહાડા અગાઉ જોષીઓએ જવાનું શુભ મુહૂર્ત બતાવ્યું. એટલા વહેલા નીકળવાની અમારી તૈયારી ન હતી એટલે જોષીઓએ નવો રસ્તો કાઢી આપ્યો. અમે પ્રસ્થાન ભલે ગમે ત્યારે કરીએ પણ પ્રસ્થાનનું મુહૂર્ત ટીપાણા પ્રમાણે થવું જોઈએ તેથી જોષીના કહ્યા મુજબ પસ્તાનાની સોપારી અને ચોખાની પોટલી અમારે ઘેરથી મોટાં ફોઈબાને ત્યાં -

પૂ. બાપુજીનાં બહેનને (અસલ કરમચંદબાપાને ઘેર) ત્યાં - મોકલાયાં અને જવાની તૈયારી જોશભેર થવા લાગી. જેમ જેમ વખત ભરાતો ગયો તેમ તેમ ફિનિક્સ જવાની મારી લાલચ વધતી ચાલી.

રાજકોટમાં દાદાજીની છાયામાં રહી વરસો સુધી નિશાળે જતા રહેવું અને પરીક્ષાઓમાં ઝળકવા પ્રયત્ન કરવો એ કરતાં ફિનિક્સનું વિવિધ રસભર્યું જીવન મને વધુ આકર્ષક લાગ્યું. ત્યાં મોહનદાસ બાપુજી આવે ત્યારે કેવી કેવી મજા આવે છે એ યાદ આવ્યું. દેવદાસકાકા જેવો દોસ્ત રાજકોટની એટલી મોટી નિશાળમાંયે મને જડ્યો નહીં. મન ફિનિક્સ પહોંચી ગયું.

મગનકાકા, કાકી, બગીચો અને ફિનિક્સનાં બધાં રમ્ય દૃશ્યો નજર સામે તરવા લાગ્યાં. પહોંચવાની ઉતાવળ થવા લાગી. ફક્ત એક વાતે ફિનિક્સ જવાની હિંમત નહોતી. ડરબનથી છૂટા પડતાં મગનકાકાએ કાગળ લખવાનો વદાડ લીધેલો. પણ રાજકોટ આવીને મેં એક પણ કાગળ લખ્યો નહોતો અને મારું વચન ખોટું પડ્યું હતું. એથી કાકા મારા પર ગુસ્સે થયા વિના નહીં રહે એવી મારા મનને ખાતરી થતી હતી અને જવાનું માંડી વાળવું વધુ ઠીક જણાતું હતું. પણ વળી રાજકોટ રહેવા કરતાં મુસાફરી અને ફિનિક્સનું આકર્ષણ વધી જતું.

જવા આડે બે દિવસ માંડ બાકી રહ્યા ત્યારે મને ઉપાય સૂઝ્યો કે જો મોટા બાપુજી મગનકાકાને મારા ઉપર ગુસ્સો ન કરવાનું લખી દે તો પછી તેઓ મને નહીં વઢે. આ તોડ નીકળતાં મન હળવું થયું ને હું ઉમંગમાં આવી ગયો અને મોટા બાપુજી પાસે પહોંચી જઈને મેં કહ્યું કે 'મારે જવું જ છે. પછી મને મુંબઈ અને રસ્તામાં આવતી તાપી અને નર્મદા નદી, એ બધું ક્યારે જોવાનું મળે? તમે મગનકાકાને એક કાગળ લખો કે તેઓ મને વઢે નહીં' છોકરાંઓ માવતર પાસે જ ભલાં એમ વિચારી મારે ફિનિક્સ જવું એમ જ આખરે ઠરાવાયું. પિતાશ્રીએ જમનાદાસકાકાને પણ સાથે લઈ ચાલવાનો ઠરાવ કર્યો. કારણ એ દિવસોમાં જમનાદાસકાકા નબળા રહ્યા કરતા અને ગૂમડાં વગેરેથી પીડાયા કરતા. હાઈસ્કૂલનું ભણતર મુલતવી રાખી વરસેક દહાડો તેમને ફિનિક્સ રહી આવવાની મોટા બાપુજીએ પણ સંમતિ આપી.

એક દિવસ જતાં કેટલી વાર લાગે? પણ ટ્રેનમાં બેસવા તલપી રહેલા મારા મનને એ છેલ્લો દિવસ બહુ લાંબો લાગ્યો. અમારા ઘર પાસેથી કેટલીયે આગગાડીઓ નીકળી ગઈ ત્યારે માંડ એ પરોઢિયું થયું અને અમે આગગાડીમાં બેઠા. સામાન ગોઠવવાની ધમાલમાં પડેલા અને છેલ્લા રામરામ કહેવામાં રોકાયેલા બધા સ્નેહીઓને તથા લાલલીલી બત્તીઓને હું કૌતુકથી જોયા કરતો હતો એટલામાં ટ્રેન ઊપડી. વીરમગામ, અમદાવાદ, વડોદરા, તાપી, નર્મદા વગેરે

ભૂગોળમાં ગોખેલી જગ્યાઓનું નિરીક્ષણ કરવામાં જાગી શક્યો ત્યાં સુધી મારી બધી શક્તિ મેં ખર્ચી અને જરાવારમાં તો એ ટૂંકો પ્રવાસ પૂરો થયો. મુંબઈ આવ્યે ટ્રેનમાંથી ઊતરવું પડ્યું એ ગમ્યું નહીં. તેમાંયે જ્યારે એક ઊંચા માળાની બે સાંકડી ઓરડીઓમાં, મારા જેવડા પણ મારાથી વધુ ચાલાક, સુધરેલા અને મુંબઈમાં એકલા ફરી શકનારા છોકરાઓ વચ્ચે હું અચતુર લેખાયો ત્યારે મને મનમાં એમ થઈ આવ્યું કે આના કરતાં તો રાજકોટ રોકાઈ ગયો હોત તો સારું થાત પણ અમારે આ સંકડામણમાં વધુ વખત ન રહેવું પડ્યું. બેત્રણ દિવસમાં બધી તૈયારી થઈ ગઈ અને અમે સ્ટીમર ઉપર જવા સાબદા થયા. જમનાકાકાએ મને કોટ, પાટલૂન, મોજાં વગેરે ખૂબ મહેનત લઈને સુઘડ રીતે પહેરાવ્યાં. એક ટોપીથી જ ભરેલી ભીંતોવાળી દુકાનમાંથી મારે માટે ગોળ કાળી ટોપી પણ પિતાશ્રીએ ખરીદી આપી. આમ સ્ટીમર પર ચડવાને પૂરી ટાપટીપથી અમે શણગારાયાં.

ઉતારેથી નીકળવાને થોડી વાર હતી ત્યાં પિતાશ્રીએ કાતર લઈને જમનાદાસકાકાની ચોટલી કાપી નાખી. કેટલે વર્ષે મહામહેનતે મોટી કરેલી ચોટલી કપાઈ જતાં જમનાદાસકાકાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. પણ આફ્રિકા જવા માટે એટલું કર્યે જ છૂટકો, ઘોડાની પૂંછડી માથે લટકાવવા સમું જંગલીપણું ત્યાં ન શોભે એમ સમજી એમણે પોતાનું મન વાળ્યું.

દોઢ વરસ પહેલાં ડરબનથી અધરસ્તે જંગબારથી જે સ્ટીમર બદલવી પડેલી તેની વાત તો આગળ આવશે. પણ એ જ અમારી જાણીતી જર્મન લાઇનની ‘સોમાલી’ સ્ટીમરમાં અમે બેઠાં એટલે મને ખૂબ મજા પડી. જૂના ખલાસી, સારંગ, દાક્તર એ બધાની ફરી ઓળખાણ કરવા લાગ્યો. એન્જિન, ડાઈનિંગ રૂમ, બરફ સોડા રાખવાની જગ્યા, મોટા મોટા વજનદાર માલ ઊંચકી એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકનારાં સૂંઢિયાં, ક્યાંક પગ પડતાં દઝાડી દે એવી અને ક્યાંક ઠંડી મજાની લાગતી પાઈપો બધું હું જોઈ વળ્યો. ‘સોમાલી’ સ્ટીમર નાની હોવાથી એમાં ઓરડીઓ પણ નાની હતી. અને બે પથારીથી વધુ પથારીવાળી બીજા વર્ગની એકે ઓરડી ન હોવાથી આ વખતે પહેલા વર્ગની એક મોટી ઓરડી અમારે માટે નિયત થઈ હતી. એ ઓરડી પણ મેં ઝીણવટથી તપાસી.

સ્ટીમરોમાં પાંચથી સાત માળ હોય છે. ત્રણ માળ તો પાણીની નીચે રહે છે. નીચેના માળમાં માલ ભરવાનાં ભંડકિયાં હોય છે. એ ભંડકિયાંમાં ચોખ્ખી હવા પહોંચાડવા માટે ઉપલા તૂતક ઉપરથી હવા ભરી લઈ જનારું એક જાડું ભૂંગળું અમારી ઓરડીના એક ખૂણામાંથી પસાર થતું હતું. એ મને જરાયે ગમ્યું

નહીં. મેં પ્રયત્ન તો કર્યો પણ એ જાડું પોપા જેવું ભૂંગળું કોઈ રીતે દૂર કરી શકાય એવો રસ્તો મને જડ્યો નહીં. ફિનિક્સથી આવતી વખતે જે બે ઓરડી અમે વાપરતા એ પણ હું તપાસી આવ્યો, પણ ફર્સ્ટ ક્લાસમાંનો મોટો અરીસો, સરસ ચિત્રો, પાણીનો નળ વગેરે એમાં ન દેખ્યું એટલે છેવટે અમારી જ ઓરડી સર્વોત્કૃષ્ટ છે એમ નક્કી કર્યું અને બીજાં અવલોકનો કરવા મંડ્યો. ત્યાં વખત થયો ને સ્ટીમરનું ભૂંગળું વાગ્યું. હું ઉપલા તૂતક પર ગયો અને મારા પિતાશ્રી, માતુશ્રી વગેરે, કુટુંબીઓ અને સ્નેહીઓ પાસેથી વિદાય લેતા હતા તેમાં ભળ્યો. થોડી વારે બીજું ભૂંગળું વાગ્યું અને મુસાફરીએ ન આવનારા લોકો સ્ટીમર પરથી ટપોટપ નીચે ઊતરી ગયા. સ્ટીમર પર ચડવાને માંડેલી સીડીઓ પણ ઉપાડી લેવામાં આવી અને સ્ટીમરને બીજાં બંધનોમાંથી મુક્ત કરવાની શરૂઆત થઈ, જેથી ત્રીજું ભૂંગળું વાગતાંની સાથે સ્ટીમર ચાલી નીકળે.

## ૧૬
## તરતા ગામમાં

'સોમાલી' સ્ટીમર, જેના ઉપર અમે સવાર થયા તે વિલાયત જનારી મોટી મોટી સ્ટીમરોના લેખામાં ન આવે એટલી નાની હતી. છતાં એ ઓછી મોટી ન હતી. એ ખૂબ લાંબી પહોળી અને અનેક માળવાળી હતી. તેમાં રસ્તાઓ અને ગલીઓ એટલી હતી કે નવો આવનાર ભૂલો પડી જાય. જ્યાં જુઓ ત્યાં ટોળેટોળાં લોકો નજરે પડતા હતા. ઘેટાંબકરાંનાં તો ધણ હતાં. મરઘાં અને બતકાં હતાં. આખું ને આખું ગામ જ ઉપાડીને જાણે દરિયા પર તરતું મૂકી દીધું હતું.

અમને વળાવવા આવેલા મુરબ્બીઓ અને મિત્રો બીજું ભૂંગળું વાગતાં સ્ટીમર પરથી નીચે ઊતરી ગયા પછી હું ઠેઠ ઉપલા તૂતક પર જ્યાં સ્ટીમરનું ભૂંગળું હતું ત્યાં જઈ પહોંચ્યો. સામાન્ય રીતે સ્ટીમરનાં ભૂંગળાં એક જ રંગનાં - કાળાં કે પીળાં - હોય છે. પણ 'સોમાલી'નું ભૂંગળું લાલ, પીળા અને ધોળા, જુદા જુદા રંગના પાંચછ પટ્ટાવાળું હતું. ઈંદ્રધનુષ્યના રંગો એકબીજા પાસે આવી જેમ ખીલી ઊઠે છે તેમ એ ભૂંગળા પરના રંગો એક એકથી ચડિયાતા લાગતા હતા. જમીન પર દૂર સુધી એ નજરે પડતું ને જોનારને આકર્ષતું. પચાસ સાઠ ભેંસ એકસાથે ભાંભરતી હોય એવો અવાજ એ ભૂંગળામાંથી બે વાર નીકળ્યો. એ સાંભળી ત્રીજી વાર એને વાગતું જોવાનું મને મન થયું. ઉપર ચડી એ કેમ વાગે છે એ તપાસી તપાસીને હું જોવા લાગ્યો કે અનેક ભેંસો જેટલું એ જાડું છે તેથી જ એ આવી રીતે ભાંભરે છે કે શું? પણ કંઈ માલૂમ પડ્યું નહીં. ઘણી વાર

રાહ જોતો રહ્યો, પણ ભૂંગળું તો વાગે જ નહીં. એટલે હું થાક્યો અને ત્યાં બાંધી રાખેલી ચાર હોડીઓની પ્રદક્ષિણા કરી તેને જોવા માંડ્યો. સ્ટીમર ડૂબવા લાગે કે તરત એ હોડીઓ દરિયામાં ઉતારી ટપોટપ બધા માણસોને એમાં બેસાડી હોડીઓને દૂર લઈ જવામાં આવે છે એમ મને પિતાશ્રીએ કહેલું. એમ પણ કહેલું કે આટલે ઊંચેથી હોડીને દરિયામાં એક બે મિનિટમાં ખલાસીઓ ઉતારી દે છે. મને સમજાતું ન હતું કે બાંધેલી હોડીને એટલી જલદી શી રીતે ઉતારી શકાતી હશે. ધારી ધારીને જોતાં જણાયું કે હોડી ગરેડી પર લટકાવેલી હતી.

હોડી જોવામાં મારું ધ્યાન હતું એટલામાં તો ભોંઓંઓંઓંઓં કરતો અવાજ થયો અને મારા ઉપર વરસાદની માફક પાણી પડવા માંડ્યું. હું ભીંજાઈ ગયો. જરાક પાછો હઠીને જોઉં છું તો જાડું ભૂંગળું નહોતું વાગતું. પણ એ ભૂંગળાની અડોઅડ બેત્રણ આંગળ પહોળી નળી વાગતી દેખાઈ. જોશભેર વરાળ નીકળતી હતી અને તેનું પાણી બની જઈ તૂતકના કેટલાય ભાગ પર વરસતું હતું.

ભૂંગળું વાગી રહ્યું કે હું દોડતો પહેલા વર્ગના તૂતક ઉપરથી બીજા વર્ગના તૂતક પર નીચે ઊભેલા સ્નેહીઓને છેલ્લા રામરામ કરવાને પિતાશ્રી પાસે પહોંચ્યો. બધાને હાથ જોડ્યા ત્યાં તો અમે ઊભા હતા તેની નીચેના ભાગમાંથી સ્સીઈઈઈયુ સ્સીઈઈઈયુ સ્સીઈઈઈયુ કરતી વરાળ નીકળવા લાગી. ટણણન્ ટણણન્ કરતી ઘંટડીઓ અમારી પછવાડે આવેલા પાંચેક માળના એન્જિનરૂમમાંથી સંભળાવા લાગી. અને લાગલું જ ધડાંગ ધંગ ધંગ ધડાંગ ધંગ ધંગ કરતું એન્જિન ચાલતું સંભળાયું. વળી સ્ટીમરને એક છેડેથી ઘડઘડ ઘડઘડ ઘડઘડ એવો બહુ જ કઠોર અવાજ આવવા લાગ્યો. કોઈએ કહ્યું કે ‘એ, લંગર પણ ઊપડ્યું!' હું ઊભો હતો એ કઠેડા ઉપરથી લંબાઈને જોયું તો મૂઠભર જાડી કડીઓવાળી એક સાંકળ દરિયામાંથી ઉપર ખેંચાતી દેખાઈ. હું જોઈ રહ્યો કે હમણાં લંગર દેખાશે, પણ સાંકળ પૂરી થાય જ નહીં. હું આખરે થાક્યો અને એ લાંબું લાંબું લંગર જોવાનું પડતું મૂકી નીચે દરિયામાં નજર કરી તો ધક્કાની ભીંતને અડોઅડ ઊભેલી સ્ટીમર દિશા બદલતી દેખાઈ. અમારી ને સ્નેહીઓની વચ્ચે પાંચછ હાથનું અંતર પડી ગયેલું જોયું.

કાંઠેથી સ્ટીમર ચારઆઠ વાંભ દૂર નીકળી ગઈ એટલે મારી બાએ દરિયામાં એક નાળિયેર અને એક પૈસો પધરાવ્યાં. આસપાસ કેટલાક ખારવાના છોકરાઓ હોડી લઈને ફરતા હતા તેમાંના એકે વાંદરાની ઝડપે પૈસાને ઝીલી લીધો અને પાણીમાં ડૂબવા ન દીધો. બીજી તરફ નાળિયેર માટે પણ એક બે જણ લડતા દેખાયા. આ લડાઈ રસપૂર્વક જોતો હતો ત્યાં મારો પગ એકાએક ઢસડાવા લાગ્યો.

ચમકીને જોઉં તો એક જાડા સળિયા ઉપર મારો પગ હતો અને તે સળિયો એક તરફ ખેંચાતો હતો. વળી થોડી વારમાં ઊલટી દિશામાં ખેંચાવા લાગ્યો. પિતાશ્રીને મેં પૂછ્યું, 'આ શું છે?' તેમણે કહ્યું કે એ સુકાન સીધું રાખવાના સળિયા છે. કૅપ્ટન ઉપર બેઠો બેઠો જેમ ચક્કર ફેરવે તેમ આ સળિયા આઘાપાછા થાય અને સુકાન સીધું રહે. સ્ટીમર કે વહાણનો મુખ્ય આધાર આ સુકાન પર જ હોય છે. એટલે પછી એ સળિયા કેટલા લાંબા છે, ક્યાંથી નીકળે છે વગેરેની શોધમાં હું નીકળ્યો.

અમે જે તૂતક પર ઊભા હતા તે બે ખાટલા ઊભા સમાય એટલું પહોળું હતું. વચ્ચેના ભાગમાં એન્જિનરૂમ હતો. અને બીજી બાજુ પાછું એવું જ તૂતક હતું. બીજી બાજુના તૂતકને છેડે પણ પેલો સુકાનનો સળિયો આઘોપાછો થતો મેં જોયો. પાછળ, તૂતક પરથી એક મજાનું દૃશ્ય નજરે પડ્યું. અમારી સ્ટીમરથી થોડે છેટે એક પુલ ગોળ ફરતો દેખાયો. મોટા ઘેરાવામાં કિલ્લા જેવી પાળ બાંધી સ્ટીમરોને પડી રહેવા માટે દરિયાના થોડાક ભાગને સરોવર જેવો બનાવી દીધો હતો. તે પાળનો એક કટકો આ ફરતો પુલ જણાયો. એ પાળ ઉપર ધોરી રસ્તો પણ હતો. કેટલીક ઘોડાગાડી, સાઈકલો આ પુલ ફરી જવાથી ઊભી રહી ગઈ હતી. પુલે આપેલા માર્ગમાં થઈ અમારી સ્ટીમર ગોદીમાંથી બહાર નીકળી ખુલ્લા દરિયામાં પહોંચી કે પુલ પાછો વસાઈ ગયો ને તેની છાતી પર થઈ ગાડીઘોડા પાછા પોતપોતાને માર્ગે ચાલતા થયા. અમારી સ્ટીમરે પણ તેની ગતિ નજરે પડે એટલી ઝડપથી ચાલવા માંડ્યું. અમારા સ્નેહી સંબંધીઓ હવે એક એક આંગળ જેવડાં જ દેખાતાં હતાં. ધીમે ધીમે કિનારા પરનાં મકાનો પણ નાનાં થવા લાગ્યાં ને મુંબઈ દૂર ને દૂર જવા લાગ્યું. સાંજ સુધી તૂતક પર ઊભા રહી અમે બધું દૃશ્ય જોયા કર્યું. થોડી વારમાં દરિયાના ભૂખરા પાણી પર સુરખી પાથરતો સૂર્ય લાલચોળ બની દરિયામાં ડૂબી ગયો. અસ્ત પામતા સૂર્યનારાયણનાં દર્શન કરી અમે તૂતક પરથી ઊતર્યા ને અમારી ઓરડીમાં આવી નાસ્તોપાણી કર્યાં.

અમારી પાસે ફિનિક્સથી આવ્યા ત્યારની બીજા દરજ્જાની વાપસી ટિકિટ હતી. અમારા સાથમાં જમનાદાસકાકા નવા હતા. તેમણે બીજા વર્ગનું ભાડું ન ખર્ચતાં ત્રીજા વર્ગની ટિકિટ લીધેલી. બીજા વર્ગની ઝાઝી ટિકિટને જોરે અમે પહેલાં વર્ગમાં અડ્ડો જમાવ્યો અને જમનાદાસકાકા પોતાની આરામખુરસી અને થોડી ચોપડી લઈ ત્રીજા વર્ગમાં ગયા. અમે બાકીનાં પાંચ જણ ઓરડીમાંની ચાર અભરાઈ પર પાથરેલી પથારી પર ગોઠવાયાં.

સવારે ઊઠી ઓરડીઓમાં મોટા અરીસા નીચે આવેલી નળકૂંડી પર દાતણ કરી એન્જિનરૂમની બીજી તરફ શૌચ અને સ્નાન માટે ગયાં. નાહવાની

ઓરડીમાં સગવડ કરતાંયે સફાઈ ચડી જતી હતી. શૌચકૂપમાં પણ બધું ચળકતું, સુઘડ અને ત્યાં બેસી રહેવા મન લલચાય એવું હતું. નાહવા માટે 'સ્ટૂઅર્ડ' (ખલાસી હજૂરિયો) પૂછી ગયો કે ઠંડું પાણી લાવું કે ઊનું? પહેલાબીજા વર્ગની દરેક ઓરડીઓમાં કામ કરવા જુવાન છોકરાઓ મુકરર હતા. એ 'સ્ટૂઅર્ડ' કહેવાતા. તેઓ બહુ ચપળતા અને સુઘડતાથી કામ કરતા. અમારી ઓરડીમાં સવારે સૂર્યોદયની સાથે સ્ટૂઅર્ડ આવી પહોંચતો. પીવાના પાણીનો કાચનો કૂંજો ને પ્યાલા, તેમાંનું ફર્નિચર, પથારીઓશીકાંનાં ચાદર-ગલેફ તથા ટુવાલ બધું સાફ ને ડાઘા વિનાનું બનાવી જતો. અમે જ્યારે જે કંઈ માગીએ તે પાંચ મિનિટમાં તે હાજર કરી દેતો. ટૂંકમાં અમારી સગવડ અને આરામનો પાર ન હતો. અમે વૈષ્ણવ એટલે રાંધવાનું, વાસણનું અને એવું બીજું કામ જાતે જ કરી લેતા, તેથી અમારું કામ તેમને ઝાઝું પહોંચતું નહીં. અમારો સ્ટૂઅર્ડ તેથી અમારા પર વધારે ખુશ રહેતો.

નાહવાધોવાનું પત્યું કે વગર વિલંબે હું તૂતક પર પહોંચ્યો ને મુંબઈનો કિનારો દેખાતો હોય તો જોવાને ચોતરફ તાણીતાણીને નજર નાખી, પણ કંઈ દેખાતું ન હતું. આગલે દિવસે દેખાતાં વહાણ, સ્ટીમર, દીવાદાંડી બધું જ અદૃશ્ય થઈ ગયું હતું. ચોતરફ પાણી, પાણી ને પાણી જ દેખાતું હતું. મોજાંની લહેરીઓ ઊંચીનીચી થતી હોવાથી કોઈએ આકાશ જ નીચે બિછાવી દીધું છે કે શું એવો ભ્રમ થતો ન હતો. દૂર દૂર મોજાં ફૂટી જઈ ધોળાં ફીણ દેખાતાં હોવાથી સમુદ્રમાં છીએ એવું લાગતું હતું. મુંબઈનું ડહોળું પાણી દેખાતું બંધ થયું હતું અને લીલાશ પડતું દેખાતું હતું. અમારી સ્ટીમર પાણી કાપતી આગળ ને આગળ ધપ્યે જતી હતી. આગળ જાય છે એટલું જ જાણાતું હતું, કઈ દિશામાં, ક્યાં જઈ રહી છે એ કંઈ કળાતું ન હતું. કળાતી હતી ફક્ત ક્ષિતિજ. સ્ટીમર ડોલ્યા કરતી હતી તેથી ક્ષિતિજ સુધી પથરાયેલો દરિયો ઘડીકમાં માથા ઉપર ચડી જતો દેખાતો અને ઘડીકમાં પગની નીચે ઊતરી જતો જાણાતો. દરિયો એટલે દરિયાનું પાણી નહીં પણ દૂર દૂર આકાશ સાથે જોડાયેલી દરિયાની ધાર. પિતાશ્રી ઉપર આવ્યા અને તેમાણે પણ આખું દૃશ્ય જોયું ને બોલ્યા કે, 'હવે સાત દિવસ સુધી પાણી સિવાય બીજું કશું દેખાવાનું નથી. સાતમે દિવસે સિશ્યેલ્સના ટાપુ આવશે.'

ઠીક ઠીક દિવસ ચઢ્યો ત્યાં સુધી મેં સમુદ્રદર્શન કર્યાં કર્યાં. બપોર થતાં સમુદ્ર જોવાનો મોહ ઊતરી ગયો અને હું જમનાદાસકાકાની જગ્યા જોવા ગયો. અમારી પહેલા બીજા વર્ગની કોટડીઓની હાર પૂરી થતી હતી તેની બંને બાજુએ મોટાં ચોરસ તૂતક હતાં. એ તૂતકમાં રાંધવાના લોઢાના ચૂલા, માલની હેરફેર કરનારાં સૂંઢિયાં (ક્રેન) અને વચ્ચોવચ્ચ એક ખૂબ ઊંચો થાંભલો આવેલાં

હતાં. બંને તૂતક સરખાં જ હતાં. આ તૂતકની નીચે એકની નીચે બીજું એમ બેત્રણ ભોંયરાં હતાં. નીચેનાં ભોંયરાંઓમાં તો માલ ભરેલો હતો, પણ સૌથી ઉપલા એટલે કે પહેલા ભોંયરામાં ત્રીજા વર્ગના ઉતારુઓને ભર્યા હતા. લોકો એને ફાળકો પણ કહેતા.

ફાળકામાં ઊતરીને મેં જોયું તો સેંકડો ઉતારુઓ અડોઅડ પથારી કરીને તથા પોતાની પેટીઓથી નાના વાડા બાંધીને પડ્યા હતા. સ્ટીમર ડોલવાથી ફેર આવી કેટલાયને ઊલટી થતી હતી. ઊબકાના અવાજો બધેથી સંભળાતા હતા. કોઈ માટીના કૂંડામાં તો કોઈ તદ્દન જમીન પર જ ઊલટી કરતા હોવાથી બધું બહુ સુગામણું થઈ પડ્યું હતું. અધૂરામાં પૂરું બીડીના ધુમાડાથી આખો ફાળકો ગંધાઈ ઊઠ્યો હતો. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ અને ઊલટીથી માંદલાં થઈ ગયેલાં સિવાયનાં બીજાં માણસો ચચ્ચાર આઠ આઠનાં કૂંડાળામાં બેસી, ગંજીપો રમતાં હતાં. ગંજીપો નહોતા રમતા એ કોઈ નાટકનાં ગાયનો ગાવામાં, ચા-ગાંઠિયા ખાવામાં, અને કોઈ કોઈ ધક્કામુક્કી, અડપલાં ને પરસ્પર જેવા તેવા શબ્દો સંભળાવવામાં ગૂંથાયા હતા. હું ફરતો ફરતો બધું જોતો હતો ત્યારે એકબે મંડળીએ મને પોતાની પાસે બેસાડ્યો, પરંતુ એમના મોંમાંથી નીકળતી તમાકુની ગંધથી અને થોડી વારમાં જ તેમણે માંડેલી હસાહસ અને એકબીજાની મશ્કરીઓથી કંટાળી જઈ હું ત્યાંથી ભાગતો થયો.

ભોંયરામાં હવા આવવાને ઊંચેના ભાગમાં ગોળ બારીઓની હાર એટલી ઊંચી હતી કે બહાર ઊછળતાં મોજાંઓની છાલક સાધારણ રીતે અંદર ન આવી શકે. પણ કોઈ વાર જ્યારે પવન ફૂંકાય અને મોજાંઓ ગુસ્સામાં આવી જાય ત્યારે એ બારીમાંથી આવી તેઓ હિંદુ-અહિંદુ કશું તપાસ્યા વિના બધાને સર્વતીર્થનું સ્નાન કરાવી દે ખરાં! પરંતુ શાંત મનોહર મોસમમાં તો એ બારીઓ વાટે ભંડકમાં પ્રકાશ ને હવા સારી પેઠે અંદર લઈ શકાય. છતાં આપણા દેશવાસીઓએ નકામા પવન અને શરદીથી ડરી જઈ એ બારીઓ બંધ રાખી હતી એટલે અંદરનું વાતાવરણ વધુ અકળાવનારું થઈ પડ્યું હતું. એ ઉપરાંત ઊલટી, બીડીની ગંધ, પાનની પિચકારીઓ, જેમ તેમ પડેલા ગોદડાના ગાભા વગેરે જોવામાં મને ત્રાસ છૂટ્યો. એટલે ભંડકમાં ટહેલવાનું છોડી હું તૂતક ઉપર આવી ગયો.

તૂતક ઉપર, વચ્ચે ચંદરવો બાંધેલું એક મોટું ચોગાન હતું. સ્વચ્છતાપ્રિય અને ખુલ્લી હવાથી ન ડરનારા ત્રીજા વર્ગના ઉતારુઓએ ભંડકમાં ન જતાં અહીં પોતપોતાનાં આસન જમાવ્યાં હતાં. આ મુસાફરોની સાથે એક સ્વચ્છ ખૂણામાં જમનદાસકાકા, સાથે આણેલી એક આરામખુરશી પર વાંચતા બેઠા હતા. તેઓ

રાત્રે સૂવાનું પણ એ ખુરશી પર જ કરતા. સ્ટીમરની જમીન રોજ ધોવાવાને કારણે આખો વખત ભીની રહેતી હોવાથી જમીન પર પથારી કરી શકાય એવું હતું નહીં. જમનાદાસકાકાવાળો ખૂણો પ્રમાણમાં સાફ હોવા છતાં, ત્યાં પાસે જ ખલાસીઓ પોતાનું આમિષભોજન તૈયાર કરતા હોવાથી ચીતરી ચડ્યા વિના ન રહે એવું હતું. ત્યાંથી થોડેક દૂર મુસાફરોને રાંધવાના લોઢાના ચૂલા પર ધાંધલ ચાલ્યા કરતી. અને ત્યાં માછલી વગેરેનાં શાક વઘારાતાં તેની દુર્ગંધ પણ સહેવી કઠણ હતી. એટલે કે જ્યાંત્યાં થતી ઊલટીઓથી ગંધાતા ભંડકની જેમ અહીં પણ બધું ખૂબ જ સૂગ આવે એવું હતું.

જે ભંડક અને તેને મથાળે આવેલા ચોકની મેં વાત કરી તે અમારી ઓરડીની હારની એક તરફ એટલે કે સ્ટીમરના પાછલા ભાગમાં હતા. સ્ટીમરના આગલા ભાગમાં પણ એવો જ બીજો ભંડક અને તે ઉપર તૂતકનો ચોક હતો. તેમાં ફક્ત માલ હતો અને ઉતારુઓ ન હતા, તેથી ત્યાં શાંતિ ને સફાઈ ખૂબ હતાં. એ ચોકને એક પડખે લોઢાની ભઠ્ઠી હતી તે હિંદુઓને રાંધવા માટે જુદી રાખેલી હતી. વખત થતાં ઓરડીમાં મારી બાએ ચોખા, દાળ, બટેટા બધું એક તપેલામાં તૈયાર કરી આપ્યું તે લઈ, પિતાશ્રી એ હિંદુ ચૂલા ઉપર ખીચડી ચડાવવા આવ્યા. પણ તેઓ ચૂલા પર ખીચડી મૂકે તે પહેલાં જ એક છોકરો દોડતો આવ્યો અને હાથમાંની માછલી તે પર શેકવા મંડી પડ્યો. એ હિંદુ હતો છતાં માછલી જેવી ચીજ શેકવા આવ્યો એ જોઈ મને નવાઈ લાગી. પાછળથી તો જનોઈ પહેરેલા બ્રાહ્મણને પણ માછલીનું શાક બનાવતાં મેં જોયા, ને જાણ્યું કે એ બંગાળ તરફના રહેનારા છે ત્યારે તેમના પર મને ઘૃણા આવી. પિતાશ્રી કપ્તાનને મળી ગોઠવણ કરી આવ્યા પછી એ ચૂલા પર એવી ચીજો રાંધવાનું બંધ થયું ને અમને વૈષ્ણવોને રાંધવા ખાવાની મુશ્કેલી ન રહી. અમારી સાથે રસોઈ-પાણીમાં સુરત તરફના બે પટેલો ભળતા. તેમની સોબતે મારું વૈષ્ણવપણું થોડું બગડ્યું ખરું. કારણ તેમની ડુંગળીવાળી ખીચડી મને અમારી ખીચડી કરતાં વધુ ભાવતી.

સામાન્ય ઉતારુઓથી અમારી મંડળી જુદી રહેતી. બપોરનો વખત રોજ અમે આ એકાંત ચોકમાં વિતાવતા. જમનાદાસકાકા 'ભદ્રંભદ્ર' વાંચી સંભળાવી બધાંને ખૂબ હસાવતા. સાંજ પડ્યે બધાં ભેગા મળી ભજનકીર્તન કરતાં. સુરતના પટેલ ભાઈઓ (જેમનાં નામ હવે યાદ નથી) પણ ધીરા ભગત અને ભોજા ભગતનાં મજાનાં ભજન, વાર્તા અને ટુચકા સંભળાવી આનંદ રેલાવતા. બપોરના વાચન અને સાંજના ભજનને લીધે અમને અમારો દિવસ લાંબો ન જણાતો. એ સિવાયના સમયમાં પિતાશ્રી તથા જમનાદાસકાકા પોતપોતાની

ચોપડીઓ વાંચતા. હું ચોપડીનો સ્પર્શ સુધ્ધાં ન કરતો. ઊંઘ સિવાયનો મારો બધો વખત સ્ટીમરનાં યંત્રો અને ભઠ્ઠીમાં કોયલા નાખનાર મજૂરથી માંડી કપ્તાન સુધીનાં કામ કરનારાઓની પ્રવૃત્તિ નીરખવામાં જતો.

સ્ટીમરની મુખ્ય જવાબદારી કપ્તાન પર. એ ચોવીસે કલાકનો પહેરેદાર. ઋતુમાં જરા સરખું પરિવર્તન કે જોખમ આવે અથવા સ્ટીમર બારામાં લઈ જવાની કે બારામાંથી કાઢવાની હોય કે તુરત સુકાન પર કપ્તાન હાજર થઈ જાય. વળી ઉતારુઓને અસંતુષ્ટ ન થવા દેવાની, ઉતારુઓ આપસમાં લડે ઝઘડે તો તેમને શાંત રાખવાની તથા તેમને ખોરાક પહોંચાડવાની પૂરેપૂરી ચિંતા તેને જ શિરે. સ્ટીમરની દુનિયાનો રાજા, સ્ટીમરજગતનો કાજી અને સ્ટીમરનો સંચાલક એ એક જ જાણ. માથા પર આટલો ભાર છતાં તે લહેરીલાલો જણાતો. સદાયે મલકાતો રહે. સાવ ટોચે આવેલી પોતાની ઓરડીમાં નિરાંતે પડેલો દેખાય. ઘડીએ ઘડીએ એ ચાપાણી લેતો હોય અને બીડી ફૂંકવા સિવાય એને કંઈયે ધંધો ન હોય એમ લાગે. સાધારણ રીતે કૅપ્ટનના તૂતક પર કોઈથી જવાતું નહીં પણ અમે ફર્સ્ટ ક્લાસના મુસાફર અને બધા ખલાસીઓ મારા ઓળખીતા, એટલે હું છૂટથી ગમે ત્યાં પહોંચી જતો. કોઈ કોઈ વાર કૅપ્ટન મને રમાડતો પણ ખરો; પરંતુ તેની ઓરડીમાં ઘૂસી જવાની મારી હિંમત ન ચાલતી. બનતાં સુધી તે અતડો રહેતો.

આમ, જેને માથે બધો જ બોજો હતો, તેને પૂરી નિરાંત અને આરામ રહેતાં. તેના સિવાયના સ્ટીમરના બીજા બધા માણસો બહુ કામગરા ને મહેનતુ જણાતા. કપ્તાનના હાથ નીચે ચાર ઑફિસરો હતા. તેમાં પહેલા ને ચોથા સાથે મારે ખૂબ મૈત્રી બંધાયેલી. પ્રથમ ઑફિસર લાંબો ને પાતળો હતો. તેનામાં સ્ફૂર્તિ એવી કે ઉપલા તૂતક પરથી નીચેના તૂતક પર એક જ ફલાંગે ઊતરી પડે. સીડીનાં દસેક પગથિયાં હોય, તેમાંના વચલા પગથિયા પર પગ ટેકવ્યો ન ટેકવ્યો ને નીચે. બધા ખલાસી ને માણસો તે રોન ફરવા નીકળે ત્યારે આડુંઅવળું જુએ સુધ્ધાં નહીં. એની પાછળ પાછળ હુંયે કેટલીક વાર ફરતો. જે ખલાસીઓ મને જ્યારે જુએ ત્યારે બોલાવ્યા વિના ન રહે, તે સાહેબની હાજરીમાં હું તેમને પ્રથમ બોલાવું તોયે જવાબ ન આપતા. ફર્સ્ટ ઑફિસરનું એક ખાસ કામ રહેતું. રોજ બપોરે બાર વાગ્યા પહેલાં એ ચારપાંચ કાચનું બનેલું યંત્ર લઈ સૂર્ય બરાબર માથે આવવાની રાહ જોતો ઊભો રહેતો. સૂર્ય બરાબર માથે આવતાં તે વખત જાહેર કરતો અને સૌ પોતપોતાની ઘડિયાળ મેળવી લેતું. સ્ટીમરનો તો રોજ સાડી ચોવીસ કે સવા ચોવીસ કલાકનો દિવસ થઈ જતો. કારણ, જેમ પશ્ચિમે આગળ વધીએ તેમ ઘડિયાળ પાછળ હઠાવવી પડે. એ યંત્રમાં શું દેખાય છે તેની મને

ખબર ન પડતી, તેથી મને એ વધુ ગૂઢ ને ભવ્ય લાગતું.

ચોથા ઑફિસર સાહેબ જાડા અને વામનજી હતા. ઊંઘણશી પણ વધારે હતા. ચારે ઑફિસરો વારાફરતી દિવસરાત સ્ટીમરનું રખોપું કરતા. એક જણ કામે ચડે, ત્યારે બીજા ત્રણ આરામ કરે. પણ વારા પ્રમાણે રખોપું કરવા ઉપરાંત દરેકને ખાસ કામ પણ રહેતું. આ ચોથા સાહેબ એન્જિનના માલિક હતા. તેઓ કામે ચડે કે એન્જિનરૂમમાં પહોંચે. એન્જિન એટલે સ્ટીમરનું હૃદય. આખી સ્ટીમરની બરાબર મધ્યમાં, ઉપરથી નીચે પાંચ માળ સુધી એ ફેલાયેલું હતું. સાહેબ ઠેઠ તળિયે જઈ ઉપર આવે, કોઈક નળી ઠપકારે, ક્યાંકથી વરાળ કાઢે, કોઈ ભાગ ખોલે ને પાછા ઉપર આવી હવા ખાય. એમને હું બહુયે કહું કે મને પોતાની સાથે અંદર નીચેને માળ લઈ જાઓ, પણ એ કોઈ દિવસ માને નહીં. ‘જો, અહીંથી નીચે સુધી બધું દેખાય છે’ એમ કહી બારીમાંથી બધું બતાવે. પોતાની ઓરડીમાં લઈ જઈ ચૉકલેટ આપે, ગાયન સંભળાવે, પણ સ્ટીમરનાં યંત્રોને અડવા કે પાસે જઈને જોવા ન દે.

એક દિવસ ચોથા સાહેબ વધારેપડતું ઊંઘી રહ્યા. એમનો કામે ચડવાનો વખત થવા આવ્યો ત્યારે હું રોજની જેમ એન્જિનરૂમ પર હાજર થઈ ગયો. તેઓ ન આવ્યા. પંદરેક મિનિટ મોડા થયા હશે ત્યાં તો ઑફિસરો ને કામ કરનારાઓએ ધાંધલ મચાવી મૂકી. કૅપ્ટન પણ ગંભીર ચહેરે આવી પહોંચ્યા અને કંઈક અમંગળ થયું હોય તેમ બધા ઉદાસ ચિંતાતુર જણાયા. વધુ ધાંધલ થાય તે પહેલાં તો જાડિયા સાહેબ ડોલતા ડોલતા આવી પહોંચ્યા. ભેગા થયેલા લોકો પોતપોતાને કામે ચડ્યા અને વાતાવરણની તેજી નરમ પડી ગઈ. સાંજે ચોથા સાહેબ પોતાની ઓરડીમાં ગયા ત્યારે હુંયે પહોંચ્યો ને પૂછ્યું: ‘આજે શું હતું?’ તો કહે ‘મને મોડું થઈ ગયું’ને હસતાં હસતાં કોટ ઉતારી આરામખુરશી પર બેસી બીજી વાતે ચડ્યા.

બધા ખલાસીનો ઉપરી માલમ - વડો ખલાસી આખી સ્ટીમરમાં એક એવો માણસ હતો કે જેને ગમે એટલા સવાલ પૂછું તો બધાના જવાબ બહુ સમજાવીને કાળજીથી આપે. મોટે ભાગે તે સ્ટીમરના છેવાડાના તૂતક પર સુકાન પાસે રહેતો. એવડી મોટી જંગી સ્ટીમર એક નાનકડા સુકાનને આધારે સીધીદોર કેમ રહેતી હશે એ મને સમજાતું નહીં. દરિયાનાં મોજાં ગમે એટલાં ઊછળે, પ્રવાહો ગમે તેટલા વાંકાચૂકા હોય, પણ તેની લેશમાત્ર પરવા કર્યા વિના અણીદાર ચાકુથી તરબૂચ ચિરાય તેમ સ્ટીમર પાણીને ચીર્યે જતી. એ કાપ તસુભર પણ આડોઅવળો ન પડતો. દિવસોના દિવસ સુધી સીધી લીટીમાં પાણી કપાયે જતું, એટલો આશ્ચર્યજનક કાબૂ સુકાનનો સ્ટીમર પર રહેતો.

સ્ટીમરને છેડે પડેલી લાંબી દોરી સમુદ્રમાં તણાયે આવતી તે પરથી કેટલા માઈલ પ્રવાસ થયો તે નોંધાયે જતું. એ જોતાં પણ હું થાકતો નહીં.

સ્ટીમરના આગળના ભાગમાં એક પાતળો છેડો પાણીમાં ઘૂસે ત્યાં સુધી દરિયો સાવ એકરૂપ ને શાંત દેખાતો. પાછલે છેડે માલમ ઊભતો. તેના પગ નીચે ઘૂઘવતા અવાજ સાથે પાણીમાં પંખો ચાલતો અને તેના જોરથી પાણી આંધણની જેમ ઊછળતું. સ્ટીમર દસવીસ હાથ જેટલી આગળ વધતી કે નીલ સાગરમાં ધોળાં ફીણ પથરાઈ રહેતાં. એ ફીણ બંને બાજુથી સીધી લીટીમાં પથરાતાં. મોટી પહોળી પાકી સડક પરની બંને કિનાર જેવી સીધી હોય તેવી જ સીધી લીટી એ ફીણોથી બની જતી. જાણે સમુદ્રમાં સ્ટીમરને માટે કોઈએ સડક તૈયાર કરી ન હોય! એ જલપથ બહુ જ મોહક દેખાતો. મને થતું કે સ્ટીમરના કઠેડા પરથી કૂદી પડી એ સુંદર સડક પર થોડી લટાર મારી હોય તો કેવી મજા! પણ એ મજા તો કોઈ પરીનો બાળક લઈ શકે; હું લેવા જાઉં તો મજા સોંસરવી નીકળી જાય એની મને ખબર હતી. ઊગતા કે આથમતા ચંદ્રનો રૂપેરી પટો ક્ષિતિજથી સ્ટીમર સુધી પથરાયેલો દેખાતો, તેનાથી જરાયે ઓછો ન ઊતરે એવો સ્ટીમરે નીપજાવેલો એ જલપથ રાતના અંધારામાં દેખાતો. જોકે રાત્રે એ જોવા મને કોઈ ઊભવા ન દેતું. સાંજે દીવાબત્તી થયે પૂરો કલાક ન વીતે ત્યાં મારે પથારી પર પહોંચી જવું પડતું.

જ્યારે બહુ ગરમી જણાતી ત્યારે રાત્રે ઓરડીમાં સૂવાને બદલે તૂતક પર પથારી પાથરી અમે સૂતા. અંધારામાંયે પથારીમાં બેઠા બેઠા સમુદ્રમાં અનેક જાતના ચળકાટ દેખાતા. મોજાં ભાંગી ફીણ ફેલાવાથી ફૂલના હાર વેરાયેલા હોય એવું લાગે. એ ઉપરાંત આગિયા જેવા હજારો અને લાખો કીડા પાણીમાં અહીંથી તહીં જતા હોય એવું દેખાતું. હું એને દરિયાના આગિયા માનતો, પણ એક વાર પિતાશ્રીએ કહ્યું કે, 'એ ફૉસ્ફરસ છે, જીવડાં નથી.'

જેમ પાણીમાં તેમ આકાશમાં વાદળાં જોવાનીયે મજા મને તૂતકની પથારીમાં પડ્યા પડ્યા આવતી. કોઈ મગર જેવું વાદળું હોય તે ઘડીકમાં હાથીના આકાર જેવું થઈ જાય. કેશુ, કૃષ્ણ ને હું એ હાથી છે કે મગર છે તેની ચર્ચા ચલાવતા હોઈએ, ત્યાં તો એ મોટા મિનારા જેવું થઈ જાય ને વળી ઝાડ બની જાય. સમુદ્ર ને આકાશનાં આવાં આંખમાં ન સમાય અને જીભે ન કથાય એવાં દૃશ્યો સાથે મારી બાની વાર્તાઓ ભળતી ત્યારે જે રસ ખીલતો તે કોઈ નાટક કે કાવ્યમાં હજુ સુધી મેં ભાગ્યે જ અનુભવ્યો છે. મોટે ભાગે મારી બા ભાગવતની વાર્તા કરતાં. કૃષ્ણ ભગવાને બકાસુરને માર્યો, દાવાનળ પીધો, પૂતનાની છાતી ચૂસી લીધી, નાગદમન કર્યું એ કથાઓને જાણે પ્રત્યક્ષ જોઈ રહ્યો હોઉં એવું

લાગતું. બકાસુરની આકાશ સુધી ફેલાતી ચાંચ જાણે સમુદ્રનાં પાણી ને આકાશનાં વાદળાં છે એવું લાગતું અને તેમાં કૃષ્ણ ભગવાનના ધાણને સ્થાને અમારી સ્ટીમર ધૂસ્યે જતી ભાસતી. આવી કલ્પનાઓના આનંદમાં ઊંઘ ક્યારે આવી જતી તેની ખબર ન પડતી.

ગીતાનો અગિયારમો અધ્યાય શીખ્યો ત્યારે તેમાંના વિરાટ સ્વરૂપના વર્ણનથી અનેક પ્રકારના ભાવ પેદા થયા હતા. ખગોળશાસ્ત્રની કણિકાઓ જાણવા મળી ને આકાશગંગા તથા સૂર્યથી હજારો ગણા તે રવિ સૂર્યો, તેમની વચ્ચેના કરોડો માઈલનું અંતર અને એ બધા તેજગોળની અગાધ શક્તિની વાત જાણી ત્યારે હું દિગ્મૂઢ બની ગયો. પણ વિરાટ દર્શનનો જે ભવ્ય રસ અને તેમાં તન્મય કરી દેનારી છાપ એ નાની વયે હિંદી મહાસાગરોને ખોળે નાજુક સ્ટીમરમાં વિહરતાં પડી તે અનોખી જ હતી. એનું વર્ણન ને વિશ્લેષણ કરવા જતાં દિલમાં સચવાયેલું ચિત્રરત્ન ચૂંથાઈ જતું લાગે છે.

એક બપોરે એક બુઢ્ઢો ખલાસી પોતાથીયે વધુ જીર્ણ વાવટો પાથરી, તેને જ્યાંત્યાં થીંગડાં દેતો બેઠો હતો. મેં પૂછ્યું: ‘કોઈ દિવસ નહીં ને આજે વાવટો લઈને કેમ બેઠા છો?’ તેણે જવાબ આપ્યો: ‘કાલે આપણે સિશ્યેલ્સ પહોંચશું ત્યારે વાવટો આ ઊંચા થાંભલા પર ચડાવવો પડશે. વાવટો ન ચડે તો સ્ટીમરને કોઈ બંદરમાં જવા ન દે.’ એની વાત સાચી હતી. કલાક બે કલાક પછી ભંડકના ચોકમાં બંધ પડેલાં ટાઢાં યંત્રો સચેતન થયાં. જે નળો પર રોજ પગ મૂકી ચાલતા તે પર પગ મૂકતાં દઝાવા લાગ્યું. બંદરમાં માલ ચડાવવા-ઉતારવા માટે સૂંઢિયાઓ ચાલુ કરવા ખલાસીઓ તેના બધા ભાગો તપાસી તપાસીને જોવા ને સુધારવા લાગ્યા.

પૂરો એક દિવસ આ તૈયારીઓમાં ન વીત્યો ત્યાં દૂર દૂર વાદળાં જેવું કંઈક દેખાવા લાગ્યું. ઉતારુઓએ દૂરબીન માંડી જોવા માંડ્યું. એ જમીન છે, એ કાંઠો છે એમ થોડી વારે ખાતરી થઈ અને બધા ઉતારુઓમાં ઉત્સાહ ફેલાઈ ગયો.

સિશ્યેલ્સ દ્વીપ પહોંચવાના આનંદ કરતાંયે મહાસાગર નિર્વિઘ્ને ઓળંગી ગયાનો આનંદ વધુ હતો. હજુ આફ્રિકા આઘું હતું, છતાં ‘આરો નહીં, ઓવારો નહી, પાળ કે પડથારો નહીં,’ એવા સાગરનો એક છેડો નજરે પડ્યો તેનો એ આનંદ હતો.

## ૧૭

## હિંદી મહાસાગરને પેલે પાર

કલાકના આઠ સાડા આઠ માઈલની ઝડપે 'સોમાલી' પાણી કાપતી આગળ વધતી. તેનું ગજું નવદસ 'નૉટ'થી વધારે ન હતું. મોટી મોટી મેલ સ્ટીમરોનું પણ સત્તરઅઢાર 'નૉટ'થી વધુ નથી હોતું. લડાયક બારકસો વધુ ઝડપી હોય છે ખરાં. 'નૉટ' એ માઈલને માટે સામુદ્રિક પરિભાષાનો શબ્દ છે. માઈલથી 'નૉટ' સહેજ નાનો હોય છે. મુંબઈથી ડરબન સુધીનું સીધું અંતર ચાર હજાર માઈલ છે. એક ઘોડાગાડીની ઝડપે અમારી સ્ટીમરે વગર અટક્યે રાતદિવસ ચાલ્યા જ કર્યું. સાત દિવસ ને સાત રાત સુધી સતત પાણી કાપી સિશ્યેલ્સ પહોંચતાં સુધીમાં 'સોમાલી'એ ૧,૮૦૦ માઈલનો પંથ પતાવ્યો. ડરબન સુધીની આ યાત્રામાં આ મોટામાં મોટી મજલ હતી. સિશ્યેલ્સ મૂક્યા પછી ચોથે દિવસે લામુ બંદર આવવાનું હતું અને ત્યાંથી આફ્રિકાનો પૂર્વ કિનારો જોતાં જોતાં અમારે દક્ષિણે ઊતરવાનું હતું.

અંગ્રેજી સામ્રાજ્યનાં અનેક કોલિંગ સ્ટેશનમાંનું સિશ્યેલ્સ એક મહત્ત્વનું કોલિંગ સ્ટેશન છે. કોલિંગ સ્ટેશન બે કામ આપે: એક, મહાસાગર ઓળંગતાં બારકસોને કોયલા, મીઠું પાણી, અને ખોરાક પૂરાં પાડે; અને બીજું, મહાસાગર પર લશ્કરી આણ કાયમ રાખે. વિસ્તૃત ક્ષેત્રફળવાળા પ્રદેશો કબજે કરવાની મહેનત કરતાં આવાં કોલિંગ સ્ટેશનો પર પોતાનો વાવટો ફરકાવવા માટે સામ્રાજ્યવાદી દેશો ચોગણી મહેનત કરે છે. નકશામાં સોયની અણી મૂકી ન શકાય એવા નાના ટાપુ માટે ઈંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, અમેરિકા, જાપાન વગેરે વચ્ચે ભારે હૂંસાતૂંસી ચાલ્યાનાં કેટલાંયે ઉદાહરણો આધુનિક ઈતિહાસમાં જોવા મળશે. જ્યાં ભૂખંડ ન મળે ત્યાં પણ મહાસાગર વચ્ચેના નાના નાના ટાપુઓ હાથ કરી લેવાની ચતુરાઈ ઈંગ્લંડને બહુ વહેલી સૂઝી. બીજા દેશો અને સામ્રાજ્યો જાગે એ પહેલાં તેણે ત્રણે મહાસાગરો અને બધા સમુદ્રોમાં ઠેકઠેકાણે લાલ ટપકાં પાથરી દીધાં અને એને પ્રતાપે એ સમુદ્રસમ્રાટ બન્યું; સાથે સાથે એના રાજ્યમાં સૂર્યનો અસ્ત થાય જ નહીં એવો એનો મહિમા ગવાયો.

સિશ્યેલ્સના બારામાં અમારી સ્ટીમરે લંગર નાખ્યું ત્યારે સાંજ પડવા આવી હતી. સામે એક ડુંગર અને તેમાં ટપકાં જેવડાં ઘર દેખાતાં હતાં. દરિયાનાં ઊછળતાં મોજાં ક્યાં સંતાઈ ગયાં તેની ખબર ન પડી. થાળીમાં પાણી ભરી ઘરમાં મૂકીએ તેના જેટલો સમુદ્ર શાંત હતો. એન્જિનરૂમમાંથી આવતો ઘડઘડાટ

અને પંખા વડે કપાતાં પાણીનો ઘુઘવાટ પણ બંધ પડી ગયો હતો. મુંબઈની જેમ આસપાસ લૉંચની કે બીજી સ્ટીમરોની ધાંધલ ન હતી અને આખા બંદરમાં કાળા કાળા ધુમાડા અમારી સ્ટીમરના ભૂંગળા સિવાય બીજે ક્યાંયથી નીકળતા ન હતા. ઉપર આકાશ નિર્ધૂમ ને નિરભ્ર હતું. નીચે પાણી તેથીયે વધુ સ્વચ્છ અને ગંભીર હતું. ચોમેર શાંતિ પથરાઈ ગઈ હતી. નાનાં વહાણ ધોળાં સઢ ફુલાવી આવજા કરતાં હતાં. કોઈ દૈવી સૃષ્ટિ પર અમે જઈ પહોંચ્યાની છાપ મન પર પડતી હતી. રાત પડતાં ડુંગર પર અહીંથી તહીં જતા ઝબૂકતા દીવાની શોભા કલાકો સુધી જોઈ મોડો મોડો હું સૂતો. સૂતાં સૂતાં વાંછ્યું કે આ બંદરમાં બેત્રણ દિવસ સુધી સ્ટીમર પડી રહેતો સારું.

સવારે ઊઠીને જોઉં છું તો સાંજની બધી શોભા અદશ્ય થઈ ગયેલી. અમારી ચોતરફ ઘાડું ધુમ્મસ પથરાઈ ગયેલું. પેલો ઊંચો ડુંગર પણ દેખાતો ન હતો. સ્ટીમરમાં માલ ચડાવવાનું કામ ધમધોકાર ચાલતું હતું. ઉતારવાનો માલ રાત્રે જ ઉતારાઈ ગયો હતો. એકાંત સાગરમાં આ ટાપુમાં ઉતારુની ચડઊતર ક્યાંથી હોય? એ ધુમ્મસમાં ને ધુમ્મસમાં બે-એક કલાક માટે પિતાશ્રી બંદર પર જઈ આવ્યા અને ત્યાંથી શાક, ફળ તથા દૂધના ડબા લઈ આવી ખૂટતું ભાતું ભર્યું. આઠદસ હિંદીઓની ત્યાં દુકાનો હતી એમ તેમણે કહ્યું. સ્ટીમરનાં પાતાળિયાં ભંડકો પહેલાં કોયલાથી ભરાયાં. પછી એક ટાંકીવાળું વહાણ આવ્યું, તેણે પમ્પ વડે મીઠું પાણી સ્ટીમરમાં ચડાવ્યું અને પછી ઉપરનાં ભંડકોમાં સંખ્યાબંધ કોથળાઓ લદાયા, માલ લઈ આવનારાં વહાણો ખાલી થઈ પાછાં ફર્યાં ને કામ પૂરું થવા આવ્યું ત્યાં ઉતાવળું ઉતાવળું એક મોટું વહાણ સ્ટીમરના પડખામાં આવી પહોંચ્યું. એમાં કોઈ કાળી કાળી ચીજ ભરી હતી. ફણસ જેવડી મોટી અને બંને છેડે ઊપસેલી તથા વચ્ચે દબાયેલી એ ચીજ હતી. મેં ભેજું ખૂબ ચલાવ્યું પણ મને ગમ ન પડી કે એ શું છે. એ મોટા ગોળા જેટલા કાળા હતા તેટલા જ મોહક હતા. હાથભર લાંબાં અને સહેજ ઓછાં પહોળાં એ કાળાં કોળાં શું ચીજ છે અને શું કામમાં આવે છે તે પૂછવા હું પિતાશ્રી પાસે દોડી ગયો. તેમની પાસેથી જ્યારે મેં જાણ્યું કે એ દરિયાઈ નાળિયેર છે અને તેની જ કાચલીનાં કમંડળ તથા ભિક્ષાપાત્ર બને છે ત્યારે મનમાં ને મનમાં હું લજવાયો. રાજકોટમાં લોટ માગવા આવનાર બાવાઓના હાથમાં સવારસાંજ રોજ જે ચીજ જોયેલી તે ઓળખી ન શકાઈ એ શરમભર્યું હતું જ.[1]

---

૧. આ દરિયાઈ નાળિયેરનાં કોચલાં મજબૂત હોઈ વાસણનું કામ આપે છે. તે ઉપરાંત તેનો ગર્ભ પણ બહુ કામમાં આવે છે. અંદરથી એ ટોપરા જેવો જ ધોળો હોય છે અને સુકાતાં

કાળાં કોળાં જેવાં નાળિયેરો લદાવા આવ્યાં ત્યારે ધુમ્મસ સાવ જતું રહી સારો તડકો નીકળ્યો હતો. એ લદાઈ રહેવા આવ્યાં કે સ્ટીમરનું પહેલું ભૂંગળું થયું. સ્ટીમર આશરે અર્ધા કલાકમાં ત્રણ વાર ભાંભરે અને ત્રીજી વાર ભાંભરતાંની સાથે ચાલી નીકળે. બંદર જોવા ગયેલા ઉતારુઓ એમ છતાં રહી જાય તો બે મિનિટ પણ સ્ટીમરો રોકાય નહીં. પહેલું ભૂંગળું વાગતાંની સાથે આખા બંદરમાં ચેતન પ્રસરી ગયું. વહાણોની દોડાદોડ વધી પડી અને વહાણમાંના હબસી ખારવાઓ તથા સ્ટીમર પરના હિંદી ખલાસીઓ વીજળીવેગે કામ કરવા લાગ્યા. સિશ્યેલ્સની મુખ્ય વસતી હબસીઓની જણાતી હતી.[૨]

બપોર પછી નમતે પહોરે સિશ્યેલ્સ છોડ્યું. સમુદ્ર પર અંધારું પથરાતાં સિશ્યેલ્સની ઊંચી ધાર અદૃશ્ય થઈ અને અફાટ મહાસાગર વીંધતી ‘સોમાલી’એ ચોથે દિવસે લામુ બંદરે લંગર કર્યું.

લામુ સિશ્યેલ્સની ઉત્તરે આવેલું છેઃ વિષુવવૃત્તથી ફક્ત અઢી અક્ષાંશ દક્ષિણે. જ્યારે સિશ્યેલ્સ સાડા ચાર અંશ દક્ષિણે છે. આફ્રિકાની ઋતુ અત્યંત ગરમ અને ભીની હોવાની જે કલ્પના આપણે ત્યાં પ્રચલિત છે તે આ લામુને બરાબર લાગુ પડે ખરી. અમારે તો ફક્ત ચાર કલાક ત્યાં રોકાવાનું થયું, તેથી એ

---

સોપારીથી સખત બની જાય છે. સોપારીથી કફ ઉધરસ વધે છે તેવું નુકસાન દરિયાઈ નાળિયેરથી નથી થતું, તેથી દાંતની કસરત અને મુખશુદ્ધિ માટે જમ્યા પછી કેટલાક લોકો એ નાળિયેર ચાવે છે. તે પાચક પણ ગણાય છે. ‘વેનીલા’ નામનો એક સુગંધિત પદાર્થ પણ દરિયાઈ નાળિયેરના ગર્ભમાંથી તૈયાર થતો સાંભળ્યો છે. કોઈ તેને ઝેરી નાળિયેર પણ કહે છે, જોકે તે ઝેરી નથી હોતું.

૨. સિશ્યેલ્સની વધુ વિગત ભૂગોળમાંથી મળી આવે છે તે આઃ હિંદી મહાસાગરમાં આવેલા ‘આર્કિપેલેગો’ - મહાદ્વીપ - સમૂહનો એ એક મુખ્ય બેટ છે. તેનું ક્ષેત્રફળ ૮૯ ચોરસ માઈલ છે. વસ્તી ૨૦,૦૦૦ની છે. હિંદી વજીરની દેખરેખ નીચે લંકાની જેમ એ તાજરક્ષિત ‘ક્રાઉન કૉલોની’ છે. ત્યાં સ્વતંત્ર ગવર્નર રહે છે. જર્મન લડાઈ વખતે ત્યાં પહેલાં હિંદી વહાણોએ જર્મન પૂર્વ આફ્રિકામાં લડતા સૈનિકોને શસ્ત્ર-ખોરાક પહોંચાડવામાં બહાદુરી બતાવેલી.

સિશ્યેલ્સનું પ્રાચીન નામ શું હશે તે શોધવા જેવું છે ખરું. સુવર્ણદ્વીપ - રામાયણકાળની લંકા - ત્યાં સુધી પહોંચેલી સિદ્ધ થવાનો સંભવ છે. મોટી ઊથલપાથલ થતાં હિંદુસ્તાનનો દક્ષિણ ભાગ દરિયામાં ડૂબી ગયો ને હિમાલય ઉપર ધસી આવ્યો એ તથ્યનો અભ્યાસ કરવા સિશ્યેલ્સમાં થાણું નાખી આસપાસના સેંકડો ઝીણા દ્વીપોમાં ભટકવું જોઈએ. લખદીવ ને માલદીવ પછી માડાગાસ્કર જતાં સિશ્યેલ્સ પહેલો ટાપુ આવે છે અને ત્યાંથી માડાગાસ્કર સુધી દ્વીપોની હાર ફેલાયેલી છે.

ગરમીનો વિશેષ અનુભવ સમુદ્રમાં પડ્યા અમને મળે એમ ન હતું. વળી ત્યાં એક બીજી સ્ટીમર આવેલી. અમારી સ્ટીમર ને એ સ્ટીમર પાસે પાસે આવી ને એક ઉપરથી બીજી પર જવાનો પુલ મંડાયો તે જોવામાં અને તે પુલ પર અહીંથી ત્યાં દોડવામાં મને લામુ જોવાની પરવા નહોતી રહી.

લામુ બંદર અમારે રસ્તે આવેલું એથી વધુ એક જ વાત ત્યાંની મને યાદ રહી છે. ત્યાંથી મોટા મોટા ચારપાંચ કાચબા અમારી સ્ટીમર પર ચડેલા. આપણે કૂવા-તળાવમાં જોયેલા કાચબા જોડે સરખાવી ન શકાય એટલા મોટા લગભગ એક ગાય જેટલા લાંબા અને પહોળા. લાકડાના બહુ મોટા ખોખામાં પાણી ભરી તેમાં તેમને પૂરી રાખવામાં આવ્યા હતા, પણ પોતાની ઢાલમાંથી તે હાથ, મોઢું બહાર કાઢે તો લાકડાની ભીંત સાથે અથડાઈ પડતા હતા અને તેમને પાછું ઢાલમાં ઘૂસી જવું પડતું હતું. એ કાચબા જોવાનો લાભ મને મળ્યો. પણ તે જોઈ મજા ન આવી. વિશાળ મહાસાગરમાં છૂટથી દોડાદોડ કરતા કાચબાને ખોખામાં ગોઠણપૂર પાણીમાં પુરાયેલા જોઈ દયા છૂટતી હતી. તેમાંયે કાચબાકાચબીનું ભજન ને તેની વાર્તા મેં થોડા દિવસ પર જ સાંભળેલી, એટલે ઢાલ છૂટી પાડવા તેમને આંધરાણમાં ઓર્યા વિના સ્વાર્થી માણસો રહેવાના નથી એ જાણી દિલ કચવાતું હતું*

લામુથી કેનિયાના કિનારા પર પર્વતની ધારો જોતાં જોતાં અમે મૉમ્બાસા થોડા કલાકમાં જઈ પહોંચ્યા. મૉમ્બાસાનું બારું નાનકડા ઉપસાગર જેવું હોઈ તેના ચંદ્રાકારનો ઘેરાવો મુંબઈના બારા કરતાં મોટો હતો. બહુ દૂર સુધી દરિયો છીછરો હતો અને થોડે થોડે છેટે રાતાં બોયાં તરતાં હતાં. પાણી નીચે છુપાયેલા ખડકો ને ખરાબાથી વહાણને ચેતવવા સારુ આ બોયાંઓની વ્યવસ્થા કરેલી હોય છે. બંને બાજુ આવેલાં બોયાંની હાર વચ્ચે થઈ 'સોમાલી' બહુ ધીમી ગતિએ આગળ વધતી હતી. આગળના ભાગમાં એક ઝરૂખા પર ઊભો રહી એક ખલાસી કડિયાના ઓળંભા જેવી ચીજ વડે પાણીનો તાગ લીધે રાખતો હતો. અને બબ્બે મિનિટે ઊંચે સાદે ઉપલે માળ કૅપ્ટન સાંભળે તેમ દરિયાનું ઊંડાણ કેટલા ફૂટ છે એ જાહેર કરતો હતો. આટઆટલી કાળજીપૂર્વક સ્ટીમરો એ બારામાં પેસતી હોવા છતાં બારાની અધવચ અમે એક સ્ટીમરને છીતી ગયેલી જોઈ. મોટા કળણમાં હાથી ખૂંચી જાય તેમ એ સ્ટીમર વરસો પહેલાં મૉમ્બાસાના દરિયાની રેતીમાં ખૂંચી ગયેલી. તેને ખેંચી કાઢવાનો કોઈ પણ ઉપાય ન હોવાથી તેમાંનો બધો સરસામાન લઈ જઈ લોઢાનું ખોખું ત્યાં પડી

*ઢાલ ઉપરાંત કચકડું મેળવવા માટે પણ નિર્દોષ કાચબાને રિબાવીને મારવામાં આવે છે.

રહેવા દેવામાં આવેલું. વીજળી પડવાથી કરમાઈ ગયેલા કોઈ વૃક્ષરાજના ઠૂંઠા જેવી એ પડેલી હતી. સ્ટીમરના એ ઠૂંઠાને ખૂબ આઘે રાખી અમારી સ્ટીમર લગભગ કાંઠે જઈ પહોંચી અને ધડધડ ધડધડ કરતું લંગર બે મિનિટમાં સમુદ્રને તળિયે જઈ પહોંચ્યું. ઉપર ખેંચતાં અર્ધોપોણો કલાક લાગે તે લંગરને નીચે પડતાં બેત્રાણ મિનિટથી વધુ વખત ન લાગે. ચડવા કરતાં પડવું સહેલું હોય છે તે આનું નામ!

મૉમ્બાસામાં પૂરા ૨૪ કલાક રોકાવાનું હોવાથી પિતાશ્રી અને જમનાદાસકાકા વહાણમાં ઊતરી બંદર પર ગયા. શહેરમાંથી મોસંબીઓના મોટા મોટા બે કરંડિયા, ઝીણા વણાટની હલકી મજબૂત સાદડીઓ અને શાકપાન લઈ આવ્યા. મૉમ્બાસાની મોસંબી સાધારણ મોસંબી કરતાં બમણી મોટી અને બહુ રસીલી હોય છે. એક એકથી ચડિયાતાં ફળો ચાખવા મળ્યાં છે, પણ મૉમ્બાસાની મોસંબીની મીઠાશ તથા ફોરમને આંટે એવું ફળ નથી ચાખ્યું. ત્યાંની મોસંબી ચાખી મેં મનમાં નિશ્ચય કર્યો કે આ ફળનું નામ મોસંબી મૉમ્બાસા ઉપરથી જ પડ્યું છે, જોકે એ વાતને હજુ કોઈએ ટેકો નથી આપ્યો. લાલ લાલ તુર્કી ટોપી પહેરી ઘણા હબસી ફેરિયા સ્ટીમર પર ટોપલાના ટોપલા મોસંબી વેચી ગયા.

ફેરિયાઓ, હોડીઓ અને ખલાસીઓની ધમાલ જોતો હું સ્ટીરમના કઠેડા પર બેઠો હતો. મારી સાથે એક મુસલમાન છોકરો પણ બધું જોતો હતો. બેઠા બેઠા તેણે ગજવામાંથી કંઈક ખાવાનું કાઢ્યું અને કડકડ ચાવવા લાગ્યો. એકલા બેસી ખાવું તેને ઉચિત ન લાગ્યું. તેથી તેણે મને બે સળી ખાવા આપી. ખાંડની લાકડી સમજી મેં ખાવા લીધી ને મોઢામાં મૂકવા ગયો, પણ એના પર ખાંડની ચીકાશ ન જણાવાથી મેં પૂછ્યું: 'યે ક્યા હૈ?' જવાબ મળ્યો, ભૂની હુઈ મછલી!' હું ચોંકી ઊઠ્યો. મોઢે આવેલી માછલી હાથમાંથી પાણીમાં ફેંકી રાતોપીળો થતો ત્યાંથી ચાલ્યો ગયો. તે પછી એની સાથે ઊઠવાબેસવાનું પણ મેં છોડી દીધું. વટલી જવામાંથી ભગવાને તે દિવસે મને બચાવ્યો.

મૉમ્બાસાથી જંગબાર જવા માટે 'સોમાલી'એ ફરી આફ્રિકાનો કાંઠો છોડી મધદરિયે ઝંપલાવ્યું. મૉમ્બાસા બ્રિટિશ પૂર્વ આફ્રિકાનું મથક હતું. જંગબાર જર્મન પૂર્વ આફ્રિકાના કિનારાથી ચાળીસપચાસ માઈલ દૂર સમુદ્ર વચ્ચે આવેલો ઠીક મોટો ટાપુ હતો. કેટલાંક વરસો પહેલાં ત્યાંનો સર્વાધિકારી અરબ સુલતાન અંગ્રેજોનો ખંડિયો બની જવાથી છેવટે એ પૂરેપૂરું અંગ્રેજના તાબાનું બની ગયેલું. એક રાતની ઊંઘ પૂરી થયે અમે જંગબાર પહોંચ્યાં.

હજુ સ્ટીમરે લંગર નાખ્યું ન હતું ત્યાં એક રમૂજી અને આશ્ચર્ય પમાડનારું દૃશ્ય નજરે પડ્યું. સઢવાળાં ને બીજાં વહાણો સ્ટીમરથી સારી પેઠે દૂર હતાં ત્યાં એક પાતળી નાનકડી એકલકડી હોડી(ફક્ત એક હલેસાથી ચાલનારી સુકાન વિનાની હોડી)માં બે હબસી કિશોરો સ્ટીમર પાસે આવી પહોંચ્યા. તેમની ઉંમર અનુક્રમે સાત ને નવ વરસથી વધુ નહીં હોય. દરિયાનું પાણી શાંત અને સ્વચ્છ હતું. બહુ ઊંડે સુધી નજર પહોંચતી હતી. હોડીમાંના એક છોકરાએ ઊભા થઈ હાથ લાંબા કર્યા ને પૈસો માગ્યો. તૂતક પર ઊભેલા એક ઉતારુએ એક પૈસો ફેંક્યો. એ પૈસાને ઝીલી ન લેતાં તે છોકરાએ તેને પાણીમાં ડૂબી જવા દીધો. પૈસો પાણીમાં કેટલા હાથ ઊંડે ઊતરી ગયા પછી એ છોકરાએ ઊંધે માથે પાણીમાં ગુલાંટ ખાધી ને તીરની પેઠે સીધો નીચે ઊતરી ગયો. મિનિટેક પછી દાંત વચ્ચે પૈસો દબાવી તે ઉપર આવ્યો અને પોતાની એ કળાનું પ્રદર્શન કર્યું. થોડી વારમાં બીજા બે છોકરા આવી હોડી લઈ આવી પહોંચ્યા અને તૂતક પરથી મુસાફરોએ એક પછી એક પૈસા ફેંકવા માંડ્યા. છોકરાઓને સારી કમાણી થઈ અને ઉતારુઓએ આનંદ લૂંટ્યો. શોભીતાં કપડાં પહેરી સાહેબની પેઠે ઊભા ઊભા એ તમાશો જોનારાઓ કરતાં મને એ લંગોટિયા સમુદ્રસુતોનો મોભો વધુ સારો લાગ્યો. પણ મારે સારે નસીબે એ કળા જોવાનું જ હતું, શીખવાનું નહીં.

સ્ટીમર જંગબારમાં પૂરા બે દિવસ રોકાવાની હોવાથી પિતાશ્રી અને જમનાદાસકાકા સાથે કેશુ, કૃષ્ણ, મારી બા અને હું પણ કાંઠે ઊતર્યાં. છ હલેસાંથી ચાલતી એક મોટી હોડીમાં બેસી અમે ગોદીમાં પહોંચ્યાં. હબસીઓ ગીતના આલાપ સાથે એકીસાથે છયે હલેસાં પાણીમાં તાલબદ્ધ નાખતા હતા તે જોવામાં અને ઊંચાં ઊંચાં મોજાંને હિલોળે વહાણ સોતા ઉપર ઊછળવામાં બહુ મજા આવતી હતી.

ફિનિક્સમાં જે હબસીઓ જોયેલા તેમના કરતાં જંગબારના હબસીઓ સાવ જુદી જાતના દેખાયા. તેઓ આપણા હિંદીઓને વધુ મળતા આવતા હતા. ફિનિક્સના હબસીઓનો ખાસ ધર્મ ન હતો. નાતાલમાં થોડા લોકો નવા નવા ખ્રિસ્તી થયેલા મળી આવતા, પણ તે જૂજ. જંગબારના બધા હબસીઓ પાકા મુસલમાન જણાયા. મોટાં મોટાં ભારોટિયાં ને વજન ખેંચતી વખતે તેઓ એકીસાથે 'અલ્લાહુ અકબર' પોકારતા હતા. એ મધુર ધ્વનિ સાંભળતાં ત્યાંથી ખસવાનું મન નહોતું થતું. ધોળાં કપડાં અને લાલ ટોપી વચ્ચે તેમનું કાળું શરીર બહુ દીપી ઊઠતું હતું. શહેરમાં અમે પહોંચ્યાં ત્યારે કોઈ પરદેશમાં આવ્યાં છીએ એવો આભાસ સુધ્ધાં ન આવ્યો. પોરબંદરમાં બેચાર હબસીઓ જોયેલા, અહીં વધુ જોયા એટલું જ. દુકાને દુકાને હિંદીઓ અને ખાસ કરી ગુજરાતી વેપારીઓ

તથા ખોજાઓ દેખાયા. શહેરની બાંધણી પણ રાજકોટ - પોરબંદરને મળતી હતી. ત્યાંનો પૈસો વિચિત્ર લાગ્યો. તે નિકલનો હોઈ તેમાં બરાબર વચ્ચે કાણું હતું. જેના પોશાકમાં ખીસાનો અભાવ હોય તેને માટે પૈસો દોરીમાં પરોવી કમરે બાંધવાની એ સારી સગવડ હતી. મને એવો ખ્યાલ રહી ગયો છે કે જંગબારમાં પાઉન્ડ-શિલિંગ-પેન્સનું પણ ચલણ હતું. પિતાશ્રીએ રૂપિયા આપી શિલિંગો લઈ લીધી, કારણ ત્યાંથી દક્ષિણે ઊતરતાં રૂપિયા નકામા હતા.[૧] જંગબારમાં અમે એક ગુજરાતી ભાઈને ત્યાં ઊતર્યાં. પંદર દિવસની સફર પછી તેમને ત્યાં મળેલી દાળભાતની રસોઈ બહુ મીઠી લાગી.

સાંજે અમે શહેરમાં ફરવા નીકળ્યાં. ઘણું જોયું, પણ મને ત્યાંની બધી ઈમારતોમાં જેલખાનું સૌથી વધુ યાદ રહી ગયું છે. બહારથીયે જેલખાનાનું એ મારું પહેલું દર્શન હતું. મોટા ફાટક પાસે સંત્રી ઊભો હતો. વાતાવરણ લૂખું ને કંટાળાભરેલું લાગતું હતું. ફાટક પર જતી સડકની બંને બાજુ થોડે થોડે દૂર આવેલા ધોળા પથ્થર ભીતિ ઉપજાવતા હતા અને ચૂનાથી ધોળેલી દીવાલની શુભ્રતા ખાવા ધાતી હતી. જેલ જોઈને મારા પર એવી છાપ પડી કે જંગબાર ચોરોનું ગામ છે, એટલે કે સારું નથી. ત્યારે મને ખબર ન હતી કે જેલ સર્વવ્યાપી વસ્તુ છે.[૨]

જંગબારથી નીકળી, થોડા કલાકમાં અમે દારેસલામ[૩] પહોંચ્યા. મૉમ્બાસા

---

૧. ખરું જોતાં એ દિવસોમાં ત્યાં રીગલ નામના સિક્કાનું ચલણ હતું. પણ બંદરની ઑફિસમાં બધી જાતના સિક્કા હોવાનો સંભવ છે.

૨. જંગબાર લવિંગના વેપારનું મોટામાં મોટું મથક છે. એ વેપાર અત્યાર સુધી હિંદીઓના હાથમાં હતો. ઈ. સ. ૧૯૩૫ના વરસથી ત્યાં હિંદીઓ સામે કાળા કાયદાઓ કરી, ગૌર શેઠો માટે એ વેપાર સુરક્ષિત કરવાની તજવીજ ચાલે છે. ટોપરાં વગેરે પણ ત્યાંથી સારી પેઠે ચડે છે. બીજી રીતે પણ જંગબારનો ઈતિહાસ જાણવા જેવો છે. ત્રણસોએક વરસ પહેલાં આપણા ગુજરાતી વેપારીઓએ જઈ એ બેટ વસાવ્યો અને ખીલવ્યો. એમની જ મહેનતે ત્યાં લવિંગનાં વાવેતર થયાં અને એમની જ કુનેહે એ ધીકતું બંદર બન્યું.

૩. આજે દારેસલામનું બંદર પહેલાં જેટલું ધીકતું નથી. ૧૯૧૪ની લડાઈ વખતે એ આખો પ્રદેશ જર્મનીના હાથમાંથી નીકળી ગયો અને ટાંગાનિકા નામે પ્રસિદ્ધ થયો. આપણા હિંદી સિપાઈઓએ એ ભૂમિ અંગ્રેજોને જિતાવી આપતાં પોતાનું લોહી સિંચી એ જમીનને ધરવી દીધી છે. હિંદ બહાર જઈ વસનારા વસાહતીઓને બધે ખાસડાં ખાવાં પડે છે તેમ ત્યાં ન ખાવાં પડે અને આફ્રિકામાં એટલો કટકો હિંદીઓ માટે સુવાંગ રહે એવો ઊહાપોહ 'વિશાલ ભારત' વગેરે છાપાંઓમાં વરસો થયાં ચાલે છે. હજુ એ વણખેડ્યો દેશ છે. ત્યાં મોટી મોટી જમીનના માલિક હિંદીઓ થઈ શકે છે. હોંશીલા અને સાહસી નવજુવાનો માટે એ ભારે આશાભર્યું ક્ષેત્ર છે.

અને જંગબારની સરખામણીમાં તે નાનું બંદર હતું પણ તેનું નામ અમારી સ્ટીમરમાં કેટલાયે દિવસથી ગવાતું હતું. આખી યાત્રામાં 'સોમાલી'ને પોતીકું બંદર એક આ જ હતું. જંગબાર સુધી બધાં બંદરો અંગ્રેજી અમલદારીનાં હતાં. દારેસલામ છોડ્યા પછી ડરબન પહોંચતાં સુધીનાં બધાં બંદરો પોર્ટુગીઝના તાબાનાં હતાં અને ડરબન પાછું અંગ્રેજોનું. જે જર્મન લાઇનની સ્ટીમરોમાં અમે જઈ રહ્યાં હતાં તે સ્ટીમરો કેવળ આ દારેસલામને આધારે જ હિંદી મહાસાગર ખેડી રહી હતી. સ્ટીમર પરના અધિકારી અને ખલાસીઓને એ ઘર સમું હતું. દારેસલામના બંદરમાં શું ચડ્યું ને શું ઊતર્યું, ઉતારુઓની કેવી ચડઊતર થઈ એનું મને સ્મરણ નથી. મૉમ્બાસા અને જંગબારમાં અરધા ઝાઝેરા મુસાફરો સ્ટીમર પરથી ઊતરી પડેલા. બાકી રહેલાઓમાં મોટે ભાગે ડરબનના ઉતારુઓ જ હતા. વચ્ચેને બંદરે એકલદોકલ મુસાફર ચડઊતર કરતો. માલની ગૂણીઓ દરેક જગ્યાએ સારી પેઠે ચડતી ઊતરતી.

દુર્ભાગ્યે હું એ દિવસોમાં નોંધપોથી રાખતાં નહોતો શીખ્યો. મને આછો ખ્યાલ છે કે જંગબાર પછીનાં આ બંદરોમાં વનશ્રી વગેરેની શોભા બહુ રળિયામણી હતી. પણ આજે મને અમુક બંદરે 'સોમાલી' સ્ટીમર થોભેલી એથી વધુ કંઈ યાદ નથી. આફ્રિકાના અનેક પ્રવાસીઓ મોટાં મોટાં બંદરો અને શહેરોની યાત્રા કરે છે. પણ આફ્રિકાના હજારો માઈલ ફેલાયેલા સમુદ્રકિનારે કેટલાંય નાનાં નાનાં બંદરો આવેલાં છે તે જોવાનો લહાવો અનેરો છે. એની ખરી મજા તો નાનાં વહાણોમાં માથું હાથમાં લઈ ફરતા કચ્છ-કાઠિયાવાડના ખારવાઓ સાથે સફર કરવામાં છે. બચપણમાં નાની સ્ટીમરમાં એ આનંદની કંઈક વાનગી મને મળેલી, પરંતુ એનાં પૂરાં સંભારણાં આજે આપી શકું એમ નથી.

દારેસલામથી ઊપડીને સ્ટીમર મોઝાંબિક પહોંચી. મોઝાંબિકથી દક્ષિણ આફ્રિકાની શરૂઆત થઈ ગણાય. જોકે એ પ્રદેશ ફિરંગી પૂર્વ આફ્રિકાને નામે ઓળખાય છે. 'દીવ, દમણ ને ગોવા, ફિરંગી બેઠા રોવા' એ કહેવત રાજકોટની નિશાળમાં ભૂગોળ શીખતાં મને યાદ રહી ગયેલી. એ જ ફિરંગીઓનું એ બંદર હતું, તેથી એ જોવામાં મને વધુ રસ હતો. મોઝાંબિક ખુલ્લા મહાસાગરનું બંદર

---

હું ભૂલતો ન હોઉં તો વાસ્કો-ડા-ગામા હિંદુસ્તાનની શોધમાં નીકળ્યો અને કેપ ઑફ ગુડ હોપથી આગળ વધ્યો ત્યારે પહેલવહેલા મોઝાંબિકમાં તેને ગુજરાતી વેપારીઓનાં વહાણો મળેલાં અને એ વહાણોએ નિર્વિઘ્ને તેના કાફલાને કાલીકટ સુધી પહોંચાડેલો.

ન હતું. તેની પૂર્વમાં થોડે જ દૂર માડાગાસ્કરનો મોટો બેટ હતો. એનું નામ મેં સાંભળેલું, પણ અમારી સ્ટીમર ત્યાં જવાની ન હોવાથી કંઈક નિરાશા ઊપજેલી.

મોઝાંબિકથી અમે ક્વિલીમેન ગયા. એ રસ્તે સ્ટીમર સાવ કાંઠે કાંઠે ચાલતી હોવાથી જાતજાતનાં દૃશ્યો જોવા આડે એક બંદરેથી બીજે બંદરે અમે ક્યારે પહોંચ્યા તેનીયે ખબર ન પડતી. અમે ક્વિલીમેનને કાંઠે પહોંચ્યા ત્યારે દરિયામાં ઓટ હતી. બારામાં જવાય એમ ન હતું. થોડા કલાક માટે લંગર નાખી સ્ટીમરને ભરસમુદ્રમાં પડી રહેવું પડ્યું. બંને બાજુ આગળ ધસી આવેલી જમીન પર ઝૂલી રહેલાં ઊંચાં તાડનાં ઝુંડો અને માણસ વિનાનો કિનારો જેટલો શાંત હતો તેટલો જ મનોહર હતો. ઠીક ઠીક ભરતી ચડી એટલે ખાડીની ઊંડાઈ પગલે પગલે માપતી સ્ટીમર મંદ ગતિએ આગળ વધી. સ્ટીમરની બંને બાજુ જુદા જુદા રંગનું પાણી હતું. ડાબી તરફ વેગભર્યું ડહોળું પાણી હતું ને જમણી તરફ સમુદ્રનું સામાન્ય પાણી હોય તેવું હિલોળા મારતું આસમાની પાણી હતું. થોડે આગળ ગયા ત્યાં એક મોટી નદીનો વળાંક નજરે પડ્યો. નદી અને સમુદ્રના સંગમ વિશે સાંભળ્યું ખૂબ હતું, પણ અહીં સાગર અને નદીનો મેળાપ જોતાં મોમાંથી આશ્ચર્યનો ઉદ્‌ગાર નીકળી ગયો, ઓહો! આ તો નદીનો સંગમ! કઠેડા પર ઊંચા થઈ થઈને મેં જોવા માંડ્યું. પિતાશ્રી અને બીજા ઉતારુઓ પણ એ સંગમ જોવાને હારબંધ તૂતક પર ગોઠવાઈ ગયા. નદીમાં પૂર આવ્યું હતું અને સમુદ્રને ચીરીને મીઠા પાણીનો વેગ પોતાનું અસ્તિત્વ કાયમ-રાખવા મથતો હતો. એક પહોળી સડક જાણે સમુદ્રમાં ચાલી જતી હતી. મને પાણી ચાખવાનું મન થયું પણ સ્ટીમરમાંથી કૂદી પડીને કંઈ કોગળો ભરાય એમ ન હતું. બંદરમાંથી પાછા ફર્યા ત્યારે પણ સમુદ્રમાં દૂર સુધી નદીનો પ્રવાહ જુદો નજરે પડતો હતો.*

જંગબાર છોડ્યા પછી બેરા નામનું મોટું બંદર આવ્યું. ક્વિલીમેનથી ત્યાં પહોંચવામાં બહુ વખત ન ગયો. બેરાનું બારું બહુ બદનામ છે. બારું જ નહીં; એટલામાં દરિયો ખૂબ તોફાની રહે છે. ત્યાં આગળ સ્ટીમર આડી ડોલવાને બદલે ઊભી ડોલવા લાગે છે. ઊભી એટલે કે લંબાઈમાં ડોલતી સ્ટીમર ક્યારે પાણીમાં

---

* ક્વિલીમેનમાં સમુદ્ર સાથે મળનારી આ નદી ઝેમ્બાસી નદીના મુખનો એક ફાંટો હતો. એને આફ્રિકાની ગોદાવરી કહી શકાય. ગોદાવરી જેમ પશ્ચિમ તરફના પહાડોમાંથી નાશિક પાસેથી નીકળી ઠેઠ પૂર્વમાં મછલીપટ્ટમ પાસે સમુદ્રમાં જઈ મળે છે અને મુખ આગળ જતાં જતાં મહાનદ બની જાય છે તેમ ઝેમ્બાસી પણ આફ્રિકાની ઉચ્ચ ભૂમિમાંથી પશ્ચિમથી પૂર્વ તરફ વહેવા માંડે છે, દૂર સુધી પાતળી રહી આગળ જતાં અનેક નદીઓને પોતાનામાં સમાવી, ક્વિલીમેન આગળ એ સમુદ્રને મળે છે. લંબાઈમાં તે ગોદાવરીથી આશરે બમણી છે.

સમાધિ લઈ લે તે કહેવાય નહીં. પોતાની પહોળાઈમાં સ્ટીમર ગમે એટલી ડોલે તોયે ખલાસીઓ કશી ચિંતા ન કરે. ઊભી ડોલવા લાગે ત્યારે ચિંતા થઈ પડે. એક વાર પિતાશ્રીને બેરાનું બારું બહુ નડેલું. વરસાદ ને વાવાઝોડા સાથે તેમની સ્ટીમર પર વીજળી પણ પડેલી ને કૂવાથંભનો ઉપરનો ભાગ કાળો કોયલા જેવો થઈ ગયેલો. થાંભલાની થડમાં બાંધેલાં પાંજરામાંનાં મરઘાં પણ બળી ગયેલાં. ચોવીસ કલાક સુધી પવન ફૂંકાયા કરેલો. એમ કહેવાય કે ઈશ્વરે જ એમને હેમખેમ અમારી પાસે પહોંચાડેલા. બીજે દિવસે ઋતુ શાંત થયે સ્ટીમર બારાની બહાર નીકળી શકેલી. અમને એટલું તોફાન નહોતું નડ્યું છતાં સ્ટીમરને જોરજોરથી ડોલતી જોઈ સૌના મનમાં ડર પેસી ગયો હતો અને સ્ટીમરમાં હસાહસ, આનંદ-વિનોદ, બધું સુકાઈ ગયું હતું. ઉપરથી વરસાદે અને નીચેથી મોજાંની છાલકે ગભરાટ ઠીક વધારી મૂકેલો. તૂતક ઉપરથી જમનાદાસકાકાને ભંડકમાં ભાગવું પડેલું. સદ્‌ભાગ્યે એ હળવું તોફાન બે કલાકમાં શાંત થઈ ગયેલું. દોઢ વરસ પહેલાં જ્યારે અમે ડરબનથી પોરબંદર જતાં બેરા આવેલા ત્યારે અમારી સ્ટીમર કેઝર બેરાના બારાની અંદર રેતીમાં ખૂંચી ગયેલી. બે અઢી કલાક સુધી સ્ટીમરનાં યંત્રોએ પૂરવેગે જોર માર્યું ત્યારે બિચારી રેતીમાંથી છૂટવા પામી; નહીં તો મૉમ્બાસામાં પડેલા ઠોઠાં જેવા તેના હાલ થાત. 'કેઝર' સ્ટીમર 'સોમાલી'થી દોઢીથીયે વધુ મોટી હતી. તેમાં અમને ખૂબ મોટી કૅબિન મળેલી, પરંતુ એ બહુ જૂની હોઈ ઘરડી મનાતી હતી અને તેને મહાસાગર વીંધવાની છૂટ ન હતી. માત્ર કાંઠા કાંઠાની જ મુસાફરી કરવાની એને છૂટ હતી. ડરબનથી મૉમ્બાસા પછી સીધા હિંદુસ્તાન આવવા માટે આખો મહાસાગર વટાવવો પડે છે. એટલે મૉમ્બાસાથી જ અમારે એ મોટી મજાની સ્ટીમરને રામરામ કરવા પડેલા અને એની નાની બહેન 'સોમાલી' સ્ટીમર લેવી પડેલી. એ જ 'સોમાલી' અમને પાછી ડરબન પહોંચાડવા આવેલી એ વાત તો આવી ગઈ.

અમે નાતાલથી હિંદુસ્તાન આવતાં જ્યારે 'કેઝર' સ્ટીમર બેરાના બંદરમાં ખૂંચી જતી બચેલી ત્યારે પિતાશ્રી બેરા જોવાને ઊતરેલા. સ્ટીમરનાં ત્રાણે ભૂંગળાં થઈ જવા છતાં તેઓ પાછા ન ફર્યા તેથી શું કરવું ને શું ન કરવું તે વિશે અમે બહાવરાં જેવાં બની ગયાં. સ્ટીમરે ઊપડવાની બધી તૈયારી કરી લીધી. મછવાઓ સાથે બંધાયેલાં દોરડાં સમેટી લેવાયાં અને પ્રયાણ બાકી રહ્યું. અહીંથી તહીં લંબાઈ લંબાઈને હું જોવા લાગ્યો કે પિતાશ્રી આવે છે કે કેમ. છેલ્લી ઘડીએ એક મછવો તીરની જેમ સ્ટીમર તરફ આવતો દેખાયો. તે સ્ટીમર પાસે આવી

લાગતાં સ્ટીમરની પડખે લટકતી સીડીને વળગી પડી પિતાશ્રી ને બીજા ત્રણ ઉતારુઓ ઉપર ચડી આવેલા.

બેરા પહોંચીને કેટલાક ઉતારુઓ રેલગાડીથી પણ દક્ષિણ આફ્રિકા પહોંચે છે. પણ એમ જનારા પાસે ટ્રાન્સવાલની હદ ઓળંગવા માટે ખાસ પરવાનો જોઈએ. અમને તો દરિયામાં જ લહેર હતી. વળી એ રસ્તે ખર્ચ પણ વધારે થાય.

બેરાથી ઈનહબેન થઈ અમે ડેલાગોઆબે પહોંચ્યા. આ લાંબાં ફિરંગી નામોને ટૂંકાવી હિંદીઓ તેને ઈબાન અને ડાલગોબા કહે છે.

મુંબઈ છોડ્યા પછી પહેલી વાર ડાલગોબામાં અમારી સ્ટીમર સીધા જમીન પર ઊતરી શકાય એવી રીતે ગોદીમાં ઊભી રહી. બીજે બધે મછવાઓનો આશરો લીધા વિના જમીન પર ન પહોંચાતું. આખો દિવસ સ્ટીમર રોકાવાની હોવાથી પિતાશ્રી, જમનાદાસકાકા ને હું ડાલગોબા શહેર જોવા ગયા. બા, કેશુ ને કૃષ્ણ સ્ટીમરમાં રહ્યાં.

પિતાશ્રી 'ઈંડિયન ઓપીનિયન'ના ગ્રાહકોને મળવા બધે ફર્યા અને હું આખી બપોર એક ગુજરાતી દુકાનદારને ત્યાં એકલો બેસી રહ્યો. હબસીઓની મોટી ઘરાકી તેને ત્યાં હતી. કાચનાં મોતીનાં ચિત્રવિચિત્ર ઘરેણાં, હબસીના બીજા શણગાર અને ત્રણપગા ચૂલાના ઢગલા દુકાનમાં ખડકેલા હતા. મરાઠાઓ અને રજપૂત સૈનિકો રણમેદાનમાં દેગડામાં ચોખા રાંધતા અને દુશ્મન આવતાં દેગડા લઈ ભાગતા તેના જેવી જ વ્યવસ્થા આ ત્રણપગા ચૂલાની હતી. જંગલમાં જ્યાં જાય ત્યાં હબસીઓ તેને સાથે લઈ જાય. ન ચૂલો ખોદવો પડે કે ન ઈંટો ગોઠવવી પડે. આસપાસ લાકડાં ભેગાં કરી સળગાવ્યાં કે ખીચડી તૈયાર. બધાં એક કૂંડાળામાં બેસી લાકડાની કડછીઓ વતી વારાફરતી તપેલામાંથી ભાત કાઢી ખાતા જાય.

નાની ઉંમરનો છતાં વાતાવરણની અસર પડે જ. મને ગુજરાતી દુકાનદારનું હબસી સાથેનું વર્તન સ્વચ્છ અને સારું ન જણાયું. માલ વેચવામાં તેમને ઠીક ઠીક છેતરવામાં આવતા હતા એવી મને છાપ પડી. મેં એ શહેરના કેટલાક હિંદી દુકાનદારોની હબસણ ઉપપત્નીઓ વિશે પણ ચર્ચા સાંભળી. સ્ટીમરના અમારી સાથેના ઉતારુઓ ડેલાગોઆબેના આપણા હિંદી વેપારીઓનાં હબસી બાળબચ્ચાંની તથા દેશમાં રહેલાં બાળબચ્ચાંની ચર્ચા ને ઠઠ્ઠા ચલાવતા હતા. સ્ટીમર પર બ્રાહ્મણને માછલાનું શાક બનાવતો જોઈ મને જે સૂગ ચડી હતી તે કરતાંયે સ્વદેશથી દૂર આવેલા આવા સુંદર શહેરમાં વસતા ગુજરાતીઓની એ હીણપતભરી વાત સાંભળી મને ખરાબ લાગ્યું.

સાંજે અમે સ્ટીમર પર પાછા ફર્યા ત્યારે બીજાં બંદરોમાં થતું તેમ સ્ટીમરે પડખું ફેરવ્યું ન હતું એ અસ્વાભાવિક લાગ્યું. ગોદી સાથે જકડાઈ જવાથી તે દિશા બદલી શકી ન હતી. બીજાં બંદરોમાં તે પોતાના લંગરની આસપાસ પ્રદક્ષિણા ફર્યા કરતી.

સાંજે છએક વાગ્યે ડેલાગોઆબેથી રવાના થઈ બીજે દિવસે રાત્રે આઠ વાગ્યે અમારી સ્ટીમર ડરબનના બારામાં દાખલ થઈ. પણ એ ૨૪ કલાક મને વસમા વીત્યા. ક્યારે ડરબન પહોંચીએ ને ક્યારે મગનકાકા મળે એ વિશે મન અધીરું થઈ ગયું. મનમાં અનેક તર્કવિતર્ક ચાલે: ‘આટલે દિવસે મગનકાકા મળશે, તે રાજી હશે કે ગુસ્સામાં? મેં કાગળ નથી લખ્યો એ વાંકે ઠપકો તો નહીં આપે? તેઓ રાજી હોય તો કેવું સારું? પણ મેં કાગળ લખવાનું આળસ કરી ગુનો કર્યો જ છે. એ ગુનો કર્યા પછી મારે અહીં આવવું નહોતું જોઈતું. રાજકોટ મોટા બાપુજી પાસે જ રોકાયો હોત તો સારું હતું. વળી મનમાં થાય કે સારું થયું હું અહીં આવ્યો. ન આવ્યો હોત તો આટલું બધું જોવાનું ક્યાંથી મળત! આમ મનના ચક્કર આડે સ્ટીમરમાં ફરવાનું ને જોવાનું છૂટી ગયું અને આખો દિવસ હું અમારી ઓરડીના પાટિયા ( બર્થ ) પર પડી રહ્યો. સાંજ પડ્યે ઓરડીની બારીમાંથી દૂર દૂર ડરબન બંદરના દીવાની હાર ઝળહળી રહેલી દેખાઈ ત્યારે તૂતક પર ચડી એ શોભા નિહાળી.

બારામાં રાતે આઠ વાગ્યે પહોંચ્યા, પણ ગોદી ઉપર સવારે નવ વાગ્યા પહેલાં સ્ટીમર નથી જવાની એવું જ્યારે કપ્તાને જાહેર કર્યું ત્યારે મારી અકળામણ વધી પડી. ફિનિક્સનાં દશ્યો ઉપરાઉપરી યાદ આવવા માંડ્યાં. મારી બા પાસે જઈ મેં સવાલ કરવા માંડ્યા: દેવદાસકાકા ફિનિક્સ હશે ને? આપણો બગીચો કેવો હશે? મિ. કોર્ડિસની નિશાળમાં કેટલા વિદ્યાર્થીઓ હશે? એમ પ્રશ્નપરંપરા ચાલી. છેવટે બાએ અકળાઈને જવાબ આપ્યો: કાલે સવારે તો બધું જોવા મળશે. અત્યારે શું પૂછપૂછ કરે છે! પિતાશ્રીએ અને માતુશ્રીએ મોડે સુધી પેટીમાં કપડાં ગોઠવવા કરવામાં રાત વિતાડી. સવારે વહેલા ઊઠી નાહીધોઈ અમે બધાં તૈયાર થઈ ગયાં, અને હું ગોદીએ પહોંચવાની રાહ જોતો તૂતક પર આંટા મારવા લાગ્યો.

અમારી સ્ટીમરથી બમણી મોટી સ્ટીમરો બારામાં પડી હતી. નાના નાના મછવાઓ ચારે દિશામાં દોડાદોડ કરતા હતા. લગભગ મુંબઈ જેવી જ ધમાલ ચોમેર હતી. એક તરફ અરુણદેવે સુરખી પાથરી હતી. બીજી તરફ ટેબલમાઉન્ટન નામનો ચોરસ ઊંચો ડુંગર કિલ્લાની પેઠે ઊભો હતો. સૂરજ ઉપર આવતાં સ્ટીમરે લંગર ઉપાડ્યું અને ગોદીમાં પહોંચી. ગોદીમાં સ્ટીમરોની એટલી ભીડ

હતી કે 'સોમાલી'ને માટે જગ્યા ન હતી. જર્મન લાઇનની એક બીજી સ્ટીમરની અડોઅડ જઈ તે ઊભી રહી.

એ સ્ટીમરના તૂતક પર મગનકાકા અને મારાં કાકી અમારા સ્વાગત માટે ઊભાં હતાં. મગનકાકાના સ્વચ્છ ધોળા દાંત દૂરથી ચળકી રહ્યા હતા. હજુ બે સ્ટીમરો વચ્ચેનું અંતર વધારે હતું. એક પરથી બીજી પર પુલ નહોતા જોડાયા. પણ વાત થઈ શકે એટલે પાસે અમે આવી પહોંચ્યાં કે સામેના તૂતક પરથી જ મગનકાકાએ પિતાશ્રીને દંડવત્ કર્યા. મેં તથા જમનાદાસકાકાએ મગનકાકાને દંડવત્ કર્યા. મગનકાકાને હસતા જોઈ મને શાંતિ થઈ અને હું ખૂબ આનંદ-ઉત્સાહમાં આવી ગયો.

કાંઠે પહોંચ્યા પછી પણ અમને ચારેક કલાક સ્ટીમરમાંથી ઊતરતાં વીત્યા. જો અમે ગોરી ચામડીના હોત તો અરધા કલાકમાં ઘરભેગા થઈ શકત. પણ અમે કાળી ચામડીના હિંદીઓ હતા. અમારે માટે ડરબનના દરવાજામાં મોકળાશ ન હતી. એક અંગ્રેજ અમલદાર સ્ટીમર પર આવ્યો. તેણે અંગ્રેજીમાં શ્રુતલેખન લખાવી જમનાદાસકાકાની પરીક્ષા લીધી અને ખાતરી કરી કે તેઓ ભણેલાગણેલા છે. પિતાશ્રી પાસે પોતાની, બાની તથા અમ બાળકોની વાપસી ટિકિટો હતી ને નાતાલપ્રવેશ માટે દરેકના નામના પરવાના હતા એટલે ઠીક વહેલો અમારો છુટકારો થયો અને અમે દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર પગ મૂકી શક્યા. પરંતુ અમારી સાથે આવેલા કેટલાક પટેલોને સ્ટીમર પરથી ઊતરવું છ વીસે સો જેવું થઈ પડ્યું. તેમને મદદ આપવા સારુ અને તેમની વાત ઑફિસરને સમજાવવા સારુ પિતાશ્રીને ઠીક વખત આપવો પડ્યો. બે પટેલો બહુ જ ગળગળા થઈ પિતાશ્રી પાસે આવેલા. પિતાશ્રીએ તેમને માટે બનતો પ્રયાસ કર્યો, પણ છેવટ સુધી ઑફિસર ન જ પલળ્યો. તેમની પાસેના પરવાના એ પટેલોના નહીં પણ બીજી કોઈ વ્યક્તિના હોવાની શંકા એ ઑફિસરને આવવાથી તેમની કાયદેસર તપાસ કરવા પર વાત મુલતવી રહી.

સ્ટીમર પરથી અને જકાતી ખાતામાંથી છૂટ્યા પછી અમે રુસ્તમજી શેઠને ઘેર પહોંચ્યાં. તેઓ ફિનિક્સવાસીઓના કુટુંબી સમા હતા. તેમને મળી તેમની વખારમાં સ્ટીમર પરથી આણેલા ભારે દાગીના ખડકી, સાંજની ટ્રેનમાં અમે ફિનિક્સ રવાના થયાં. ડરબનની ધમાલમાંથી નીકળ્યા પછી ટ્રેનમાં એકબીજાના ખબરઅંતર પૂછવાનો અમને વખત મળ્યો. એક કલાકની ટ્રેનની અને અઢી માઈલની પગે ચાલવાની મુસાફરી પૂરી કરી ઘેર પહોંચતાં સુધીમાં પલટાઈ ગયેલા ફિનિક્સ વિશે અને બાપુજીના નવા નવા અખતરાઓ વિશે મગનકાકા પાસેથી ઘણું સાંભળ્યું.

## ૧૮
## સ્વરાજ્યની દીવાદાંડી અને 'ફિનિક્સ'ની ભસ્મ

મહાસાગરનો અંત આવ્યો. અમે ફિનિક્સમાં ઘરભેગા થયા, પણ હું તો ન રહ્યો અહીંનો કે ન રહ્યો ત્યાંનો. જૂનું ફિનિક્સ અદશ્ય થઈ ગયું હતું. એક મગનકાકા સિવાય ફિનિક્સમાં એવું કોઈ નહોતું રહ્યું, જેનો ખેંચાયો હું આવેલો. દેવદાસકાકા, રામદાસકાકા કે વીલી ત્યાં ન હતાં. બાપુજીનું ઘર સૂનું થઈ પડેલું અને કોર્ડિસશાળા ઉજ્જડ થઈ ગયેલી. દૂર દૂર પડેલાં નાનાં નાનાં ઘરોમાં કોઈ કોઈ માણસો નજરે આવતાં હતાં ખરાં, છતાં કલ્લોલભર્યા ફિનિક્સને બદલે કોઈ નિર્જન અરણ્યમાં આવી પડ્યો હોઉં એમ મને લાગ્યું જોકે અમારું ઘર ભર્યુંભાદર્યું હતું. બે નાના ભાઈ, બે નાની બહેનો, બે કાકા, કાકી, મારી બા, પિતાશ્રી અને હું - એટલાં જાણ ઘરમાં હોવા છતાં મને સાવ એકલવાયાપણું લાગવા માંડ્યું. તેમાંયે જ્યારે સાંભળ્યું કે બાપુજી હાલમાં ફિનિક્સ આવવાના નથી અને દેવદાસકાકા પણ બાપુજી પાસે જ રહેવાના છે ત્યારે હું બહુ હતાશ થઈ ગયો. રાજકોટ યાદ આવ્યું, દાદાજી ને દાદીમા સાંભરી આવ્યાં અને અંગ્રેજી નિશાળમાં ભણવાની તક ખોઈ બેસવા માટે મને પસ્તાવો થયો.

પણ રાજકોટ પાછા જવાનું કેમ બને? ત્યાં પાછા જવાને બદલે બાપુજી પાસે જ શા માટે ન જવું? દેવદાસકાકા-રામદાસકાકાને બાપુજી અહીં ન મોકલે તો મને પોતાની પાસે કેમ ન બોલાવી લે? એવા અનેક તરંગો મને ઊઠ્યા. પરંતુ મનની વાત છૂટથી કોને ને કેવી રીતે કહું તે સૂઝતું ન હતું.

અધૂરામાં પૂરું અમે પહોંચ્યા ને થોડા જ દિવસમાં બાપુજીએ જમનાદાસકાકાને પોતાની પાસે બોલાવી લીધા. મેં પણ તેમની સાથે જવા પ્રયાસ કર્યો પણ હું નિષ્ફળ નીવડ્યો. એક તો ટ્રાન્સવાલમાં જવા માટે મારે સારુ પણ પરમિટ કઢાવવી પડે અને બીજું હું સાવ નાનો એટલે બાપુજીની પાસે એકઠાં થયેલાં અનેકવિધ છોકરાંઓની વચ્ચે મને એકલો મોકલવાની મારા પિતાશ્રીની મરજી નહોતી થતી. ત્યાંની ચિત્રવિચિત્ર સોબત મારા પર માઠી અસર કરશે એવો તેમને ભય હતો તેથી બાપુજી પાસે મને મોકલી આપવા બાબતની મારી વિનવણી અને મારા મનનો ઊભરો કંઈ કામ ન આવ્યાં અને હિંદુસ્તાનથી આફ્રિકા પહોંચ્યા છતાં હું બાપુજીથી છેટો ને છેટો જ રહ્યો.

બાપુજી જો પહેલાંની પેઠે ટ્રાન્સવાલની સોનાની નગરી જોહાનિસબર્ગમાં જ રહેતા હોત તો કદાચ મારું મન એમની પાસે જવાને એટલું ન લલચાત,

કારણ ત્યાં શહેરની એમની વકીલાતની ઑફિસમાં બાળકના રસનું તે શું હોય? પણ બાપુજીએ તો જોહાનિસબર્ગ છોડીને ત્યાંથી એકવીસ માઈલ દૂર આવેલા લૉલી સ્ટેશન પાસે ફિનિક્સ કરતાંયે ચડી જાય એવું એક નવું આશ્રમ ખોલ્યું હતું. ત્યાં આગળ એમની સાથે દેવદાસકાકા, રામદાસકાકા અને મણિલાલકાકા હતા એટલું જ નહીં પણ હું હિંદુસ્તાન ગયો એ પહેલાંની અમારી ફિનિક્સની નિશાળમાં જે શિક્ષકો અને વિદ્યાર્થીઓ હતા તેમાંનાયે કેટલાક જણ ત્યાં હતા. ‘કાવ્યદોહન’ની કથાઓનો રસ ચખાડનારા પુરુષોત્તમદાસભાઈ ને અમારી સાથે રમનારા ને ભણનારા એમના દીકરાઓ બાબુ અને નગીન પણ ત્યાં હતા. સત્યાગ્રહ અંગે ટ્રાન્સવાલમાંથી જેલમાં જનારા ભાઈઓનાં સ્ત્રીબાળકોને રહેવાની સગવડ કરવાને તથા મોટાં બાળકોની કેળવણી માટે બાપુજીએ ટૉલ્સ્ટૉયવાડીની સ્થાપના કરી હતી, જેથી કરીને જેલ જનારાઓનો સત્યાગ્રહની લડત ચાલુ રાખવાનો ઉત્સાહ વધુ મોળો ન પડે. પરંતુ ટૉલ્સ્ટૉયવાડીની એ બધી વાત ઉપર આવું તે પહેલાં, ફિનિક્સનો, ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતનો અને બાપુજીની કેટલીક અણમોલી પ્રવૃત્તિઓનો ઈતિહાસ અહીં આપી દેવો જરૂરી જણાય છે.

એટલું તો હું જણાવી ગયો કે હું મારાં માતાપિતા અને ભાઈભાંડરુ સાથે ઈ. સ. ૧૯૦૯માં ફિનિક્સથી હિંદમાં આવેલો અને એમની સાથે ઈ. સ. ૧૯૧૧માં પાછો ફિનિક્સ પહોંચેલો. દક્ષિણ આફ્રિકા પહેલી વાર ગયા પછી મારા પિતાશ્રી એક આંટો પણ દેશ આવી શક્યા ન હતા. મગનકાકા ૧૯૦૪માં અમને લઈ જવાને આવેલા એટલે હવે મારા પિતાશ્રીનો દેશ આવવાનો વારો હતો. એટલે પિતાશ્રી લગભગ સાત વરસ સુધી પરદેશ રહ્યા બાદ વરસેકની છુટ્ટી પર પોતાનાં વૃદ્ધ માતાપિતાને - મારાં દાદા-દાદીને - મળવા અહીં આવેલા. પણ દક્ષિણ આફ્રિકામાં તો એ વખતે સત્યાગ્રહની લડત ખરેખરી ચાકડે ચડી હતી. એક તરફ જેલવાસીઓની વધુ ને વધુ કઠોરતાથી કસોટી ચાલી રહી હતી ને બીજી તરફ સત્યાગ્રહની લડત શું છે, એમાં કેટલું હીર છે, અને એ લડત લેનારાઓ સૌ કેવા કુંદન જેવા નીવડ્યા છે તથા કેટલી ઊંચી કોટિની સંસ્કારિતા એ યુદ્ધમાં જાળવી શકાય છે એ બાબતની જિજ્ઞાસા લોકોમાં વધતી જતી હતી અને જગતને ખૂણે ખૂણેથી સમજુ લોકો ટ્રાન્સવાલમાં ચાલતા એ અખતરા તરફ મીટ માંડીને જોઈ રહ્યા હતા. વળી, હિંદુસ્તાનમાં પણ એ વખતે સ્વરાજ લેવાની ભૂખ વધી રહી હતી ને બંગભંગને કારણે આખા દેશમાં ફરી વળેલું રાષ્ટ્રવાદનું મોજું પ્રબળ થતું જતું હતું. પરંતુ કઈ રીતે સ્વરાજ્યના ધ્યેયને પહોંચી વળવું એ પ્રશ્ન સૌને મૂંઝવી રહ્યો હતો. એટલે ટ્રાન્સવાલના મુઠ્ઠીભર સત્યાગ્રહીઓએ જે

અનોખો માર્ગ અપનાવ્યો હતો એમાં અહીંના કેટલાક આગેવાનોને ઠીક ઠીક રસ પડવા માંડ્યો હતો.

દક્ષિણ આફ્રિકાની હિંદી કોમે પણ એ જ અરસામાં પોતાની સાચની લડાઈમાં ટેકો મેળવવાને હિંદુસ્તાન તેમ જ ઈંગ્લૅંડમાં પ્રચાર કરવાનું ઠરાવ્યું. કારણ કે 'આખરે તો સત્યનો જ જય છે' એનો વ્યાવહારિક અર્થ એ નીકળે છે કે દુનિયામાં જેટલા ન્યાયદષ્ટિવાળા, ચતુર અને પુરુષાર્થી લોકો હોય છે એ છેવટે સાચના ઝંડા નીચે જ ઊભા રહેવા ઇચ્છે છે ને ખોટી બાજુ તજી દે છે. એટલે કે આખી દુનિયાનો 'સમજાણો બહુમત' પોતાને પક્ષે ખેંચી આણીને સત્યાગ્રહ પોતાનો વિજય સાધે છે. એ ખરું કે, સાચ પોતાની મેળે પોત પ્રકાશે છે, એનો કંઈ પ્રચાર કરવા જવાપણું ન હોય. પણ એયે બહોળા અનુભવની વાણી છે કે 'માગ્યા વિના તો માયે ન પીરસે' બાપુજી હંમેશાં કેવળ સિદ્ધાંતના ઊંચાં ઊંચાં સૂત્રો ઉપર જ પોતાનું બધું જોર અજમાવી નથી નાખતા પણ વ્યવહારનાં સૂત્રોનોયે ભારોભાર ઉપયોગ કરવાનું યાદ રાખે છે. એટલે જ જ્યારે એક બાજુએ એમની પ્રેરણાથી પ્રેરાઈને દક્ષિણ આફ્રિકા સમા પૃથ્વીને સામે છેડે આવેલા ખૂણામાં, ગણ્યાગાંઠ્યા સત્યાગ્રહીઓ ગોરી સરકારને લડત આપી રહ્યા હતા અને દુનિયામાં કોઈ પણ મદદ ન કરે તોયે મરણિયા બનીને એકલે હાથે લડી લેવાનો એમનો નિરધાર હતો, ત્યારે બીજી બાજુએ, એમના જ પ્રોત્સાહનથી દક્ષિણ આફ્રિકાની કોમે પોતાની હિંદમાતા પાસે હાથ લંબાવવાનું તથા દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારની જે માતા ગણાય તે ઈંગ્લૅંડની પાર્લમેંટને પણ વિનંતી કરવાનું ઠરાવ્યું.

એ વેળા ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓ ઉપર ત્યાંની સરકારે ગેરકાયદેસર ભયંકર અન્યાય આદર્યો હતો. જેલમાં ગયેલા સત્યાગ્રહીઓને ત્યાંની હિમ વરસતી કકડતી ટાઢમાં બે કામળાભેર જ રાખવામાં આવતા હતા અને એટલી બધી ટાઢમાં જ્યારે હાથપગ બહેર મારી જાય અને આંગળાં ઠૂંઠવાઈ જાય ત્યારે એમની પાસે પથ્થર ફોડાવવાનું કે તળાવ ખોદાવવાનું કામ કરાવવામાં આવતું હતું. વળી જેલના ખોરાકમાં કશી ભલીવાર ન હતી ને દારોગાઓનું વર્તન સાવ અપમાનભર્યું હતું. પરંતુ એ બધા અન્યાયોનો તો કદાચ જેલના અલિખિત કાયદાઓમાં કે રૂઢિમાં સમાવેશ કરી શકાય એમ હતો પણ દેશવટો દેવાના અન્યાયને કોઈ પણ રીતે કાયદાનો આશરો મળી શકે એમ ન હતું. જ્યારે મરણિયા સત્યાગ્રહીઓ જેલનાં અનહદ કષ્ટો વચ્ચે પણ હસતા જ રહ્યા ત્યારે ત્યાંની સરકારને દાઝ ચડી અને એક જહાજમાં પોણોસોએક સત્યાગ્રહીઓને દરિયાપાર અહીં હિંદુસ્તાનમાં મોકલાવી દીધા. અને તેયે કેદી તરીકે જ; એટલે કે

સ્ટીમરમાં એમને ખાવાપીવાનુંયે સરખું ન આપ્યું અને કપડાંલત્તાંનીયે સગવડ ન કરી. અનેકોનાં કુટુંબ, ઘર, જમીન અને સ્થાવરજંગમ મિલકત દક્ષિણ આફ્રિકામાં રહ્યાં અને એમને હિંદી મહાસાગરને પેલે છેડેથી આ છેડે આવવું પડ્યું. સ્ટીમરમાં વેઠવી પડેલી વિટંબણાને લઈને નવજુવાન સત્યાગ્રહી નારાયણસ્વામી મરણ પામ્યો અને જેલમાં વર્તાવવામાં આવેલા કેરને કારણે જુવાનજોધ નાગાપન પણ મરણશરણ થયો. સરકારે એ રીતે સત્યાગ્રહને સમૂળો બંધ પાડી દેવાની મથામણ કરી, પણ એ ફાવી નહીં. એ ખરું કે, દેશવટાથી અને માલમિલકતના નુકસાનથી કેટલાક ભાઈઓ કાંપી ઊઠ્યા ને એમણે પાછાં પગલાં ભર્યાં; તેમ જ જેલના ત્રાસથી ડરીને કાયદો ભંગ કરનારાઓની સંખ્યા પણ ઘટી. પરંતુ જે થોડા જણ જેલ જનારા બાકી રહ્યા તેમનો જુસ્સો બેવડાયો અને અન્યાયીના અન્યાય સામે લોકમત ઘણો જ વધતો ચાલ્યો. દક્ષિણ આફ્રિકામાં ઠેરઠેર હિંદીઓની મોટી સભાઓ ભરાવા લાગી અને હિંદુસ્તાનની અને ઈંગ્લૅંડની બનતી મદદ મેળવવા માટે ત્યાંની હિંદી કોમે પ્રતિનિધિમંડળો નીમ્યાં. હિંદુસ્તાન આવનારા પ્રતિનિધિમંડળના આગેવાન મિ. પોલાક નિમાયા અને ઈંગ્લૅંડ જનારા પ્રતિનિધિમંડળના આગેવાન બાપુજી નિમાયા. બંને પ્રતિનિધિમંડળમાં હિંદી કોમ તરફથી મૂળે ચાર ચાર જણની ચૂંટણી કરવામાં આવેલી, પણ એ પ્રતિનિધિમંડળ દક્ષિણ આફ્રિકાનો કિનારો છોડે તે પહેલાં એ બંને પ્રતિનિધિમંડળમાંથી બબ્બે જણને ત્યાંની સરકારે પકડીને જેલના સળિયાની પાછળ ધકેલી દીધા. એટલે પછી હિંદુસ્તાનમાં એકલા મિ. પોલાક જ પ્રતિનિધિમંડળ તરીકે આવ્યા અને વિલાયતમાં બાપુજી તથા પોરબંદરનિવાસી શેઠ હાજી હબીબ ગયા.

અમને બધાંને રાજકોટ પહોંચાડ્યા પછી પાંચસાત દિવસમાં જ મારા પિતાશ્રી મિ. પોલાક પાસે જવાને ઊપડી ગયેલા એ વાતનો હું ઉલ્લેખ કરી ગયો છું. મિ. પોલાક સાવ એકલા હતા એટલે એમની મદદ માટે જ મારા પિતાશ્રીને જવું પડેલું. તેઓ બંને આખા હિંદુસ્તાનમાં અનેક મોટાં શહેરોમાં ફર્યા. ગોખલે મહારાજની એમને પૂરી ઓથ હતી. એમની મદદથી ઠીક ઠીક પ્રચાર થયો. દેશભરમાં દક્ષિણ આફ્રિકાની સરકારના દેશવટાના પગલા વિરુદ્ધ ખૂબ જ રોષ ફેલાયો. હિંદી સરકારના ગોરા લાટસાહેબો પણ ઝાઝો વખત ચૂપ ન રહી શક્યા. એમણે હિંદી સરકારના કર્તાહર્તા તરીકે ઈંગ્લૅંડની વડી સરકાર ઉપર દબાણ કર્યું. એટલે પછી ઈંગ્લૅંડની વડી સરકારનેયે દક્ષિણ આફ્રિકાના એ ઉત્પાત ઉપર થોડોક અંકુશ મૂકવો પડ્યો. પરિણામે ત્યાંથી નવા સત્યાગ્રહીઓને દેશપાર કરવાનું અટક્યું એટલું જ નહીં પણ સ્મટ્સની સરકારને અહીં આવી પહોંચેલા પહેલા

જથ્થાનેયે ફરી પાછો દક્ષિણ આફ્રિકા તેડાવી લેવો પડ્યો. એ ઉપરાંત ગોખલે મહારાજના પ્રયત્નથી એ વખતે કલકત્તાની અંદર બેસનારી હિંદની મધ્યસ્થ ધારાસભામાં ગિરમીટ બંધ કરવાનો ઠરાવ પણ પસાર થયેલો. એટલે જેટલા ગિરમીટિયા મજૂરો દક્ષિણ આફ્રિકા પહોંચી ગયેલા એમાં વધારો થતો અટક્યો અને કેવળ જે ત્યાં હતા એમની જ અર્ધગુલામી છોડવવાની બાકી રહી. એ ગિરમીટિયા-ગુલામી છોડવવા માટે ઈ. સ. ૧૯૧૩ની સાલમાં સત્યાગ્રહની લડત લડાઈ અને એ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની ત્રીજી વારની લડત તરીકે પંકાયેલી છે. પણ એ ત્રીજી વારની લડતની વાતો આગળ વિસ્તારથી આવશે. આ સ્થળે બીજી વારની લડત પૂરતી જ વાત બસ થશે.

સત્યાગ્રહીઓને હદપાર કરવાનું અટક્યું તથા ગિરમીટની ભરતી બંધ થઈ એ ઉપરાંત એ વેળાની - બીજી વારની - લડતનો મુખ્ય મુદ્દો દક્ષિણ આફ્રિકાની કાયદાપોથીમાંથી રંગભેદ દૂર કરાવવાનો હતો. એટલે કે ગોરાઓને માટે જુદા કાયદા અને પીત તથા ઘઉંવર્ણાઓને માટે જુદા કાયદા ત્યાંની સરકાર રાખે એ હિંદી કોમ સાંખી લેવાને તૈયાર ન હતી. કાયદામાંથી રંગભેદ કઢાવીને જ જંપ વાળવો એવું પણ ત્યાંના સત્યાગ્રહીઓએ લીધું હતું. દક્ષિણ આફ્રિકાના બધાયે પ્રાંતોનું મળીને એક નવું બંધારણ એ વખતે ઘડાઈ રહ્યું હતું અને એ સંબંધી વાતચીત કરવાને જનરલ સ્મટ્સ, જનરલ બોથા અને દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારના બીજા મુખ્ય મુખ્ય માણસો ઈંગ્લૅંડ ગયા હતા. બાપુજી પણ એ તકનો લાભ લેવાને પોતાના પ્રતિનિધિમંડળ સાથે વિલાયત પહોંચ્યા. હિંદના દાદા દાદાભાઈ નવરોજીથી માંડીને હિંદી વજીર લૉર્ડ મોરલી અને સંસ્થાન ખાતાના વજીર લૉર્ડ ક્રૂ સુધીના અનેક હિંદીઓને તથા પાર્લમેંટના ગોરા સભ્યોને તેઓ મળ્યા. ચાર માસ ત્યાં રહ્યા પણ એક મિનિટનોયે ન તેમણે આરામ લીધો કે ન અહીંતહીં જોવા રખડવામાં વખત ખોયો. એમની જોડે હાજી શેઠ ગયેલા. તેઓ વ્યવહારચતુર હતા પણ અંગ્રેજી ભાષામાં કુશળ ન હતા. અંગ્રેજી સમજી લેતા પણ પોતાના ભાવ પ્રગટ કરવાને સારુ એમને બાપુજીનો આશરો લેવો પડતો હતો. એટલે વસ્તુતા બાપુજીએ એકલે હાથે જ અનેક માણસોની કમિટી કરે તે કરતાંયે વધુ કામ કર્યું. એ કામ બહુ વિશાળ હતું, સારી પેઠે ઊંડું હતું અને જરાયે કચાશ વિનાનું હતું. તેઓ પરોઢથી માંડીને મધરાત સુધી ત્યાં મંડ્યા રહ્યા અને જુદા જુદા લોકોને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના મુદ્દા સમજાવવામાં એમાણે પોતાનો આત્મા નિચોવ્યો. જેમ એમાણે મહેનત કરવામાં માણા ન રાખી તેમ પોતાની બુદ્ધિને વાપરવામાંયે એમાણે કશી કસર ન રહેવા દીધી. શત્રુના અને મિત્રના તથા પોતાના દેશભાઈઓના અને અંગ્રેજી પ્રજાના વિચારો સમજી

લેવાનો એમણે પૂરો પ્રયત્ન કર્યો. વિલાયતમાં આખા હિંદુસ્તાનના, આખા યુરોપના અને આખા દક્ષિણ આફ્રિકાના મોટા મોટા ગણાતા જેટલા રાજદ્વારી માણસો ભાળ્યા એ સૌને તેઓ મળ્યા. બધાયે ખાસ ખાસ રાજદ્વારી પક્ષોના વિચારપ્રવાહોનો એમણે ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. અને એ વિચારોની પાછળ રહેલા મૂળ સિદ્ધાંતોને છાણી છાણીને એમાં સારભાગ કેટલો છે એ એમણે પારખી લીધું તથા જરાયે દબાયા વિના મોટા ચમરબંધી અંગ્રેજની તેમ જ ભલભલા દેશનેતાની આગળ પોતાના વિચારો બેધડક રીતે દર્શાવ્યા.

આટઆટલા પ્રયત્ન છતાં બાપુજીના પ્રતિનિધિમંડળને ઈંગ્લંડમાં ઝાઝો જશ ન મળ્યો. એ કરતાં મિ. પોલાકને પ્રમાણમાં ઠીક ઠીક જશ મળ્યો કહેવાય. પણ બાપુજીને જશ-અપજશની ક્યાં પડી હતી? કર્તવ્ય કરવામાં કચાશ રહેવા ન દેવી એટલી જ એમણે પોતાના હાથની વાત માનેલી. પોતાના તનતોડ પ્રયાસનું ફળ મીઠું જ આવવું જોઈએ એવી અભળખા એમણે પહેલેથી જ નહોતી રાખી. માણસને કર્યે સારાંમાઠાં ફળ મેળવાય છે કે અપાય છે એમ તેઓ માનતા જ ન હતા. એટલે જો અંગ્રેજી વડી સરકારે કશું જ ન આપ્યું તો એથી એમના મનને ઉચાટ થાય એમ ન હતું અને એ કાંઈક આપી દેત તોયે તેઓ ફુલાઈ ન જાત કે પોતાની મહેનતને પ્રતાપે જ એ મળ્યું છે. ફળ આપવા ન આપવાવાળો ઈશ્વર જ છે. એ જ ખરો ધાણીધોરી છે. માણસજાત તો એ બાબતમાં સાવ પામર છે એટલી વાત એક ક્ષણ પણ વિસારે ન પડવા દેવાનો એમનો દૃઢ નિશ્ચય હતો. એટલે જ જ્યારે એટલા બધા પ્રયત્નને અંતે દક્ષિણ આફ્રિકાના પ્રધાનમંડળના મુખ્ય સભ્ય જનરલ બોથા અને જનરલ સ્મટ્સે બાપુજીને ચોખ્ખેચોખ્ખું નિરાશાજનક કહેણ મોકલ્યું ત્યારે બાપુજીને મુદ્દલ ગભરાટ ન થયો; તદ્દન સ્વસ્થતાપૂર્વક એમણે પોતાનું સમતુલન જાળવી રાખ્યું અને પોતાને પંથે આસ્થાભેર આગળ ધપ્યે જવાનો પોતાનો નિર્ણય એમણે સ્પષ્ટતાથી જાહેર કર્યો. એ કહેણમાં એ જનરલોએ મધ જેવી મીઠી વાણીમાં ઝેર જેવી કડવી વાત રોકડેરોકડી પરખાવી દીધી હતી. એટલે કે એમાં ગર્ભિત રીતે એવી જાતની ધમકી ભરી હતી કે, અત્યારે અમે જે કંઈ છૂટછાટો આપવા તૈયાર થયા છીએ એ ભલા થઈને સ્વીકારી લો અને વધુ ધાંધલ કરવી પડતી મૂકો. તમે ગમે તેટલા ઊંચાનીચા થશો તોયે દક્ષિણ આફ્રિકાના ગોરાઓ પોતાની જાતને માટે જુદા અને કાળી જાતને માટે જુદા કાયદા રાખશે જ રાખશે. એટલે જોઈ વિચારીને ચાલજો. નાહકના ઝૂઝશો તો તમારે બહુ સોસવું પડશે.

એ ધમકી સાંભળતાવેંત બાપુજી સાથે પ્રતિનિધિમંડળમાં બીજા પ્રતિનિધિ તરીકે ગયેલા પોરબંદરવાળા શેઠ હાજી હબીબ તરત જ પીગળી ગયા અને

ટ્રાન્સવાલની સરકાર જોડે વધુ માથું અફાળવાને બદલે જે કંઈ મળતું હતું તે લઈને જ સંતોષ વાળવામાં એમને ડહાપણ દેખાયું. કારણ કે તેઓ પોતાને જે હિંદીઓ ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતમાં ઝીલવી પડતી વિટંબણાઓથી ત્રાસી જઈને સમાધાની કરવાને તલપાપડ થઈ રહ્યા હતા તે હિંદીઓના પ્રતિનિધિ માનતા હતા. એટલે તરત જ એમણે એવી મતલબનું કહેવરાવ્યું કે, 'ટ્રાન્સવાલના સમાધાન ઈચ્છનાર પક્ષ તરફથી મને જનરલ બોથાનું કહેણ મંજૂર છે. એટલું તો તેઓ સાહેબ આપશે તો અમે હાલ તરત સંતોષ વાળીશું ને સિદ્ધાંતને સારુ લડવાની વાત ભવિષ્ય પર રાખીશું. હવે કોમ વધુ ખુવાર થાય એ મને ગમતું નથી. જે પક્ષની વતી હું બોલું છું તે પક્ષની સંખ્યા વધારે છે ને તેની પાસે પૈસો પણ વધારે છે.'

પણ બાપુજી એમ ધમકીથી પલળે એમ ન હતા. એમણે જે જવાબ વાળ્યો એ એમની જ ભાષામાં, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં એમણે જાતે લખ્યા મુજબ, અહીં ટાંકવો ઠીક પડશે:

''મારા સાથીએ જે કહ્યું છે એ બરોબર છે. તેઓ સંખ્યામાં ને પૈસામાં વધારે બળવાન પક્ષ વતી બોલે છે. હું જેમની વતી બોલું છું તેઓ પ્રમાણમાં ગરીબ છે અને સંખ્યામાં થોડા છે. પણ તેઓ મરણિયા છે. તેમની લડાઈ વ્યવહાર તેમ જ સિદ્ધાંત બંનેને સારુ છે. જો બેમાંથી એક જતું જ કરવું પડે તો તેઓ વ્યવહારને જવા દઈ સિદ્ધાંતને સારુ ઝૂઝશે. જનરલ બોથાની સત્તાનું અમને માપ છે. પણ અમારી પ્રતિજ્ઞાને અમે એના કરતાં પણ વધારે વજનદાર સમજીએ છીએ. તેથી પ્રતિજ્ઞાના પાલનને અર્થે અમે ખુવાર થવા રાજી છીએ. અમે ધીરજ રાખીશું. અમારો વિશ્વાસ છે કે, અમે અમારા નિશ્ચય ઉપર કાયમ રહીશું તો જે ઈશ્વરને નામે અમે પ્રતિજ્ઞા લીધી છે તે તેને પૂરી કરશે. અમે જે થોડા છીએ તે પ્રતિજ્ઞાપાલન કરવાના જ છીએ ને આશા રાખવાના છીએ કે, અમારી દુ:ખ સહન કરવાની શક્તિ અંતે તેમના હૃદયને પણ ભેદશે ને તેઓ 'એશિયાટિક ઍક્ટ' (એશિયાવાસીઓ માટે રંગદ્વેષને આધારે ટ્રાન્સવાલમાં બનાવવામાં આવેલો કાયદો) રદ કરશે.''

આવો નમ્ર અને દૃઢ ઉત્તર વાળીને બાપુજી દક્ષિણ આફ્રિકા પાછા વળવાને ઈંગ્લંડનો કિનારો છોડ્યો. નિરાશ થયેલું કે હારેલું મનુષ્યહૃદય વિલાયતની સ્ટીમર, હિંદી મહાસાગરથીયે ચડે એવા વિશાળ આટલાંટિક મહાસાગરની ભવ્ય સમુદ્રયાત્રા અને અદ્‌ભુત એવા આફ્રિકાના ખંડના ઉત્તર છેડેથી દક્ષિણ છેડા સુધીમાં વચ્ચે આવતાં બંદરો, — વગેરે વચ્ચે વિશ્રામ લેવા ઈચ્છે, શાંતિ ઈચ્છે અને મન હળવું કરવાનો થોડોઘણો વિનોદ મેળવવા ઈચ્છે. વળી ટ્રાન્સવાલમાં

પહોંચ્યા પછી બાપુજીને જેલ જઈ જઈને થાકેલા હિંદીઓને નિરાશાના જ સમાચાર આપવાના હતા. કેટલા હવે સત્યાગ્રહમાં સાથ પુરાવશે એ કહેવાય એમ ન હતું. પોતે પાંચપચીસ જણા જ કે એકલા જ રહી જાય તોયે એમને તો પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાનું જ હતું. બળબળતા દાવાનળ વચ્ચે પોતાને એકલા વિહરવાનું હતું. એટલે એવા મહાકષ્ટમાં પગ મૂકતા પહેલાં તેઓ સ્ટીમરમાં થોડાક દિવસ લહેરમાં વિતાડે તો એ અણઘટતું ઠરે એમ ન હતું. મોજમજા કરવાની અને સુખચેનમાં દિવસો પસાર કરવાની જોઈએ તેટલી સગવડ તો એ આલેશાન સ્ટીમરોમાં હોય જ છે. પણ બાપુજીનું ખમીર જ જુદું હતું. બીજા કોઈએ આનંદ ઉડાવવામાં જે વખત ગાળ્યો હોત તે વખત પણ બાપુજીએ હદ ઉપરાંત કામ કરવામાં ગાળ્યો. પ્રતિપક્ષીએ રોકડા જવાબો પરખાવી દીધા પછી જ્યારે બીજો કોઈ લમણે હાથ દઈ આકાશના તારાઓ પર શૂન્ય દૃષ્ટિ ફેરવતો કે સમુદ્રનાં મોજાં નિહાળતો બેઠો હોત, ત્યારે બાપુજીએ પોતાની આખી શક્તિ લોકભોગ્ય સાહિત્યના સર્જનમાં લગાડી દીધી. બાપુજીના સ્વભાવમાં જ એ વિશેષતા રહી છે. જ્યારે એમની આસપાસ વધારેમાં વધારે અંધારું હોય છે ને જ્યારે સૌ કોઈ નિરાશાના સાગરમાં ગળચિયાં ખાવા લાગે છે, ત્યારે બાપુજી પોતાનું મન સ્થિર કરી પોતાના હૃદયના ઊંડાણમાં ડૂબકી મારી દે છે, ને પોતાના સુસંસ્કારી હૃદયમાંથી ઊંચી જાતનાં આશા-મોતી શોધી લાવે છે તથા અસંખ્ય ગમગીન ચહેરાઓને પ્રસન્ન કરી મૂકે છે.

એવું એક ચડિયાતું મોતી, અથવા કહો કે પુરાણોમાં કલ્પેલા ચિંતામણિની તોલે આવે એવું રત્ન, તેમણે એ વેળાએ હૃદય-તળમાંથી કાઢી લાવીને જગતને ચરણે રજૂ કરી દીધું. અને એ એટલું બધું અણમોલું રત્ન નીવડ્યું કે લોકોએ એને 'ગાંધી-ગીતા' તરીકે વધાવી લીધું. જોકે બાપુજીએ પોતે તો એ પુસ્તકનું નામ 'હિંદ સ્વરાજ' જ પાડ્યું અને રાખ્યું છે પણ આટલાં વરસ પછી પણ, ગાંધીજીના હાથના લખેલા સાહિત્યના કબાટો ભરાયા છતાંયે, 'હિંદ સ્વરાજ'નું સ્થાન એટલું ને એટલું જ ઊંચું રહ્યું છે. 'હિંદ સ્વરાજ'ના પુસ્તકમાં જે મુદ્દાઓ ચર્ચાયેલા છે તેની ચર્ચામાં કે એની મહત્તામાં ઊતરવાનું આ સ્થળ નથી. ટૂંકામાં એટલું જ કહેવું બસ છે કે, એ પુસ્તકમાં બાપુજીએ પોતાના આખા જીવનકાર્યની સ્પષ્ટ રૂપરેખા આંકી દીધી છે. સત્યાગ્રહના સિદ્ધાંતનું મૂળ રહસ્ય સૂત્રરૂપે લખી દીધું છે અને એક ડાહ્યો, સંસ્કારી અને સાધનહીન માણસ લોભીમાં લોભી, સ્વાર્થાંધમાં સ્વાર્થાંધ તથા અમર્યાદ સાધનોથી સુસજ્જ એવા એક જ માણસને નહીં પણ પોતા કરતાં સંખ્યામાં અનેક ગણા માણસને હંફાવવા માગે તો એનો ઉપાય ઊંચામાં ઊંચા ચારિત્ર્યબળ સિવાય તથા સાદામાં સાદા જીવન સિવાય

બીજો કશો નથી. પણ એનું ખરું રહસ્ય તો આપણને ત્યારે જ સમજાય, જ્યારે આપણે એનાં ગીતાની પેઠે પારાયણ ઉપર પારાયણ કરતા રહીએ. અહીં તો એ પુસ્તક કયા વાતાવરણમાં અને કેવી રીતે લખવામાં આવ્યું એનો જ ચિતાર આપવાનો પ્રયાસ છે.

'કિલ્ડોનન કેસલ' નામની સ્ટીમરમાં ત્યારે બાપુજીએ મુસાફરી કરેલી. સ્ટીમરની બીજી વિલાસભરી સામગ્રીમાં એમને રસ ન હતો પણ એ સ્ટીમર તરફથી પોતાની છાપવાળા જે લખવાના જાડા, મજબૂત, સુંદર કાગળો મળતા એનો બાપુજીએ પૂરો ઉપયોગ કર્યો. એમને હાથે લખાયેલા એ કાગળો વરસો પછી પણ આપણે સદ્‌ભાગ્યે જેવા ને તેવા મળી આવ્યા અને 'હિંદ સ્વરાજ'નું એ પુસ્તક આખું ને આખું એમના હસ્તાક્ષરમાં બહાર પાડી શકાયું.

હાથનાં લખેલાં એ પોણા ત્રણસો જેટલાં પાનાની ચોપડીમાં કેવળ એક જ નાનકડો સાડાત્રણ લીટીનો પેરેગ્રાફ છેકાયેલો છે. અને તેયે વિચાર ફેરવવા માટે છેકાયો નથી પણ પોતાના જવાબમાં જરાયે અવિનય, અભિમાન કે કડકાઈ ન આવે અને સામાવાળાનું દિલ નકામું ન દુખાય એની જાળવણી ખાતર એ ફકરો છેકાયો છે. તે નીચે મુજબ છે:

''હું તમને કહી ગયો કે છાપાનું કામ લાગણી દુ:ખવવાનું પણ છે. તમે તો અધીરા થયા ને મારે શરૂઆતમાં જ...''

આ ઉપરાંત આખી લીટીયે છેકવી પડી હોય એવી પાંચ જ જગ્યા છે. એક એક બે બે શબ્દોના છેકા પણ બહુ થોડા છે તથા જમણે હાથે લખતાં લખતાં થાક્યા પછી ડાબે હાથે લખેલાં પાનાં લગભગ ચાળીસ છે જેમાં છેલ્લા ભાગમાં એક આખું પ્રકરણ ડાબે હાથે લખેલું છે. એ બતાવે છે કે વિલાયતમાં બાપુજીએ એટલો બધો પરિશ્રમ ઉઠાવ્યો એનું ફળ ઈશ્વરે એક રીતે ન આપ્યું તો બીજી રીતે એમને આપ્યું છે. વિરોધી પક્ષે એમને પાણીચું પરખાવ્યું ખરું, પણ એમના વિચારો પાસા પાડેલા હીરા જેવા ઝળહળી ઊઠ્યા અને એ પુસ્તકની પ્રસ્તાવનામાં પહેલો જ ફકરો એમણે આ પ્રમાણે લખ્યો:

''આ વિષય ઉપર મેં વીસ પ્રકરણ લખ્યાં છે. તે વાંચનારની આગળ મૂકવાની હિંમત કરું છું. જ્યારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે. બહુ વાંચ્યું, બહુ વિચાર્યું ... બન્યા તેટલા હિંદીની સાથે વિચાર કર્યા, બન્યા તેટલા અંગ્રેજોને પણ મળ્યો, ને જે મારા વિચાર છેવટના લાગ્યા તે વાંચનારની પાસે મૂકવા એ મારી ફરજ સમજ્યો.''

અને એટલું કામ દસ દિવસથીયે ઓછા વખતમાં એમણે કર્યું છે. તેઓ ઈ.સ. ૧૯૦૯ના નવેમ્બરની ૧૩મી તારીખે વિલાયતથી 'કિલ્ડોનન કેસલ'

જહાજમાં રવાના થયાની નોંધ ફિનિક્સના 'ઇંડિયન ઓપીનિયન' છાપામાં મળી આવે છે. અને આ પુસ્તકની પ્રસ્તાવનાને છેડે બાપુજીએ પોતાને હાથે નોંધેલી નીચેની તારીખ છે:

કિલ્ડોનન કેસલ, તા. ૨૨-૧૧-૦૯ મોહનદાસ કરમચંદ ગાંધી

જો સાધારણ ગતિએ એ ચોપડીની નકલ ઉતારવા બેસીએ તોપણ એ રોજના આઠ કલાકના કામ લેખે આઠ દિવસથી ઓછું કામ નથી. કારણ એનાં છાપેલાં પાનાં ૭૦ જેટલાં છે. બાપુજીની એટલી મહેનત — અને એટલી મહેનત એ અસાધારણ શીઘ્રતા ન કહેવાય. પણ આજે ત્રીસ ત્રીસ વરસ પછી પણ જ્યારે બાપુજી એમાં એક પણ લીટી ફેરવવા કે છેકવા તૈયાર નથી તથા આટઆટલાં વરસ લગી એમણે એ જ દિશામાં વેગભર્યું કામ કર્યું છે એ બતાવે છે કે એમના વિચારો એ વખતે કેટલા બધા સ્પષ્ટ થઈ ગયા હતા. કેટલી ભારે ભીષ્મપ્રતિજ્ઞા એમણે પોતાના મનમાં દઢાવી હતી અને એમનો સંકલ્પ કેટલો બધો પાકો હતો!

એ સંકલ્પ પ્રમાણે જ એમણે દક્ષિણ આફ્રિકા પહોંચીને તરત પોતાના જીવનને નવે પાયે ઢાળવાનો સંકલ્પ પણ પાકો કરી લીધો હતો. એ વાતની નોંધ પણ સદ્‌ભાગ્યે સચવાઈ રહી છે.

'હિંદ સ્વરાજ' લખવાનું પૂરું કર્યા પછી એમણે 'કિલ્ડોનન કેસલ'માંથી લખેલા બે પત્રો એ વાતની સાક્ષી પૂરે છે. એ પત્રો એના મૂળ રૂપમાં આ સાથે આપવામાં આવ્યા છે. એમાંનો પહેલો તા. ૨૪-૧૧-૦૯નો પત્ર પૂરો છે અને તા. ૨૭-૧૧-૦૯નો અધૂરો જ મળ્યો છે પણ એ બન્ને પત્રોમાં ઈશ્વર પર ભરોસો રાખીને અને કોઈ પણ જાતના સંકટની સામે અડગ રહીને ઝૂઝવાની તમન્ના ભરી છે. પોતાના એ મહાન સંકલ્પમાં સાથ દેવાનું આમંત્રણ એમણે મગનકાકાને આપ્યું છે. પોતાની જેમ જ મગનકાકા પણ ઊંચા આદર્શ પાછળ સોએ સો ટકા ભેખ લેશે અને જો પોતે ખપી જશે તો એમની પછી મગનકાકા એમનો વારસો સાચવી રાખશે તથા 'હિંદ સ્વરાજ' માટેની સાચી લડતનો ને વિશુદ્ધ બલિદાન વડે દુનિયાના સંઘર્ષમાં જીત મેળવવાનો આદર્શ જાળવશે એવો એમના ઉપર બાપુજીનો પૂરેપૂરો વિશ્વાસ દેખાય છે. એ વખતે એવોયે સંભવ હતો કે દક્ષિણ આફ્રિકામાં પહોંચતાંની સાથે જ સરકાર બાપુજીને જેલમાં પૂરી દેશે અને એમનો ચેપ ફેલાતો અટકાવવા મથશે. અને બીજો સંભવ એવોયે હતો કે સત્યાગ્રહના કામ માટે નાનામોટા વેપારીઓ પૈસા આપતા તે આપવાનું બંધ કરશે અને પૈસાને વાંકે કામ અટકી પડશે. પણ એમ બને અને ટ્રાન્સવાલ કે દક્ષિણ અફ્રિકામાં બધે જ લોકો ટાઢા પડી જાય ત્યારેયે ફિનિક્સ તો સત્યાગ્રહનો

ઝંડો પડવા ન જ દે એ બાપુજીની મહત્ત્વાકાંક્ષા હતી.

ખાસ કરીને ફિનિક્સનું નામ 'ફિનિક્સ' જ રાખવું, બીજું કશું નહીં. એવો આગ્રહ જે તા. ૨૪-૧૧-૦૯ના કાગળમાં કર્યો છે એ ઉપરથી પૂરેપૂરું સ્પષ્ટ થાય છે કે એમની પોતાની શ્રદ્ધા કેટલી બધી અડગ અને અમર હતી. 'ફિનિક્સ'* એ ઘણે ભાગે ગ્રીક લોકોના પુરાણોમાં વર્ણવેલું એક કાલ્પનિક પક્ષી છે. કહેવાય છે કે 'ફિનિક્સ' પક્ષી એકલું હોય છે. એનું નરમાદાનું જોડું હોતું નથી. જ્યારે એનો મરવાનો વખત આવે છે ત્યારે એ હાથે કરીને બળી મરે છે. અને બળી મરેલા પક્ષીની રાખમાંથી જ નવું ફિનિક્સ પક્ષી પેદા થાય છે. એ પૌરાણિક ગ્રીક કથાનો આદર્શ બાપુજીએ પોતાને સારુ અને પોતાનાઓને સારુ અપનાવી લીધો હતો. આપણી ધાર્મિક કથાઓમાં તો શંકર ભગવાનની ધૂણીની રાખનો મહિમા મોટો છે. પણ એ નરી વિભૂતિ જ લેખાય છે. પોતાનું બલિદાન આપીને જીવનને વધુ ચિરંજીવી બનાવવાની કલ્પના વિભૂતિમાં એટલી નથી જેટલી 'ફિનિક્સ' પક્ષીની રાખમાં છે. અને બાપુજીનો સંકલ્પ એ જ હતો કે "રાખ થઈ જવું પડે તો રાખ થઈ જવું પણ એ રાખમાંથીયે સત્ય ઝળહળી નીકળ્યા વિના રહેવાનું નથી. રાખ થશે તો આપણા દેહની થશે પણ આપણો સિદ્ધાંત તો સદા અમર રહેશે." એટલે બાપુજીએ મગનકાકાને 'ફિનિક્સ'નું નામ ન બદલવાની જ ભલામણ કરી. આપણે ગુજરાતીમાં એ આદર્શને અમુક અંશે મરજીવાનો આદર્શ કહી શકીએ. વળી હિંદુ ભાવના આપણા હૃદયમાં જેટલી ઊભરાય એટલી ઓછી છે. પણ એમ કરવા જતાં પરધર્મી સારુ આપણે પરાયા ન બની જઈએ એ વાતની ચીવટ બાપુજીને એ જમાનામાંયે કેટલી હતી એ આ કાગળ પરથી તરી આવે છે. વધુ તો બંને પત્રો પરથી જ સમજાશે:—

યુનિયન કેસલ લાઇન

આર. એમ. એસ. 'કિલ્ડોનન કેસલ'

૨૪-૧૧-૦૯

ચિ. મગનલાલ,

આપણે ક્યારે મળશું એ ખબર નથી. એટલે બધા જવાબ અહીંથી લખી નાખું છું. આ વખતે સ્ટીમરમાં મેં કામ કર્યું છે તેની કંઈ હદ નથી રહી. તે તમે મિ. વેસ્ટ વ.ના મારા કાગળો, લખાણો, વ. ઉપરથી જોશો. મારે કહેવાનું ઘણું છે પણ તે તો મળીએ ત્યારે જ. હાલ તો જરૂર જેટલું જ લખીશ.

---

* 'ફિનિક્સ' પક્ષી માટે ગુજરાતીમાં 'દેવહુમા' નામ વપરાયેલું એક જગાએ જોવામાં આવે છે. પણ અમે 'ફિનિક્સ' હતા ત્યાં સુધી એ નામની અમને ખબર ન હતી.

ચિ. સંતોકની સ્થિતિ વિશે વાંચી સંતોષ થયો છે.

ફિનિક્સનું નામ ફિનિક્સ સિવાય કંઈ જ નહીં એ બરોબર જણાય છે. મારું નામ ભુલાઈ જાય એમ માગું છું. મારું કાર્ય રહે એમ ઇચ્છું છું. જો નામ ભુલાય તો જ કાર્ય રહે. નામો વ. હાલ આપવાની વ્યાધિમાં પણ પડવા જેવું નથી. આપણે તો અખતરા અજમાવીએ છીએ. ત્યાં નામ શું? અને જ્યારે નામ અપાય ત્યારે પણ આપણે મધ્યસ્થ શબ્દ શોધવો પડશે કે જેમાં હિંદુ મુસલમાન એ સવાલ ઊઠે જ નહીં. મઠ અથવા આશ્રમ એ ખાસ હિંદુને લગતો જ શબ્દ છે એટલે તે વપરાય નહીં. ફિનિક્સ એ અનાયાસે મળેલો સરસ શબ્દ છે. એક તો ઈંગ્રેજી એટલે જે મુલકમાં રહીએ તેનું માન થયું. વળી તે તટસ્થ. અને તેનો અર્થ એ છે કે ફિનિક્સ પક્ષી પોતાની રાખમાંથી જ પાછું પેદા થાય છે એટલે મરતું જ નથી એવી કથા છે. જે હેતુ ફિનિક્સના છે તે આપણે બધા રાખ થઈ જઈશું તોપણ મરવાના નથી એમ આપણે માનીએ છીએ તેથી ફિનિક્સ એ જ નામ હાલ તો બસ છે. આગળ ઉપર જોઈશું કે શું કરવું ઘટે છે. હાલ તો વાટ અને ઘાટ ફિનિક્સ પક્ષીનાં જેવાં છે.

ભાઈ ઠક્કર ઉપર કાગળ લખ્યો છે તે વાંચજો.

મોહનદાસના
આશીર્વાદ

યુનિયન કેસલ લાઈન
૨૭-૧૧-૦૯

ચિ. મગનલાલ,

પૈસાની સ્થિતિ વિશે મિ. મેકીનમારનો કાગળ વાંચ્યા બાદ અને મિ. વેસ્ટની ઉપર કાગળ લખ્યા બાદ મારા મનમાં ઊપજતા વિચારો તમને જણાવવા એમ ધાર્યું. પુરષોત્તમદાસને આ કાગળ વંચાવજો.

ફિનિક્સની કસોટી હવે થશે. પૈસા વખતે જે. બી.(જોહાનિસબર્ગ)થી ન મળે. આપણું પણ એ છે કે એક પણ માણસ ફિનિક્સમાં હોય ત્યાં લગી છેવટે એક પાનિયું પણ આપણે કાઢશું ને લોકોમાં વહેંચશું. ત્યાં જરાયે ખટપટ ન થવા દેશો. બોલાચાલી સહન કરજો. ડરબનની ઑફિસ બંધ થાય તો થવા દેજો. હંમેશાં યાદ રાખવું કે મુખ્ય મુદ્દો પકડવો. તેને સારુ મરતાં બીજું બધું જવા દેવું પડે છે. મુદ્દો તો એ જ છે કે ગમે તેટલું સંકટ સહન કરીને છાપું કાઢવું ને ફિનિક્સ ન છોડવું. તે રહેતાં બીજું ભલે જાય. છાપું એ મૂર્તિ કરી આપણે પૂજવા નથી માગતા. પણ આપણી પ્રતિજ્ઞાને જાળવવા માગીએ છીએ. છાપામાં જય નથી.

પ્રતિજ્ઞામાં જાય છે. ટ્રાન્સવાલનો કાયદો કરવામાં કંઈ નથી. પ્રતિજ્ઞા પાળવામાં સર્વસ્વ છે. તેથી આત્મા ઘડાય છે એ તેનો અને બધી પ્રવૃત્તિનો ભેદ છે અથવા હોવો જોઈએ. સૂચના એવી કરજો કે મિ. વેસ્ટ ડરબન જાય પણ ઑફિસ રહે. અથવા ભલે મણિલાલ જાય. હું તમને બે જ જાણને જણાવું છું કે જો મણિલાલની ઈચ્છા હશે ને બા રજા આપશે તો હવે તેનો ભોગ લડતમાં આપવો છે. તેથી તેની ચંચળ વૃત્તિ શાંત થશે. તેણે માગણી પણ કરેલી. પણ જો તેમ નહીં જ થાય તો તે ડરબન જાય એ પણ ઠીક જ છે ને તમે ફિનિક્સમાં રહી શકો. આવું જો જરૂરનું હોય તો જ. ને બીજા પૈસા ન આવતાં ગભરાવું નથી એમ નિશ્ચય કરજો. ન આવે તો તમે બીજી કમાણી કરીને પણ પૂરા પાડશો એવો જવાબ આપજો. જો કંઈ નહીં રહે તોપણ તમે તો ફિનિક્સમાં મરશો જ એવું પણ જાહેર કરજો. તમારું શૂર બીજા તુરત લેશે માત્ર શરત એટલી કે એ શૂર ઉદ્ધતાઈનું ન હોવું જોઈએ પણ આત્મસ્થિરતાનું હોવું જોઈએ. તે શૂર ખરું હોવું જોઈએ માત્ર મુખબળ ન હોવું જોઈએ. તેનો પડછંદો પડે જ પડે એ નિશ્ચયપૂર્વક માનજો. બીજા જે ફેરફાર કરવા ઘટે તે ભલે થાય. જ્યાં કંઈ અઘટિત ફેરફાર લાગે ત્યાં પણ થવા દેજો. નફાનુકસાનની લપમાં આગ્રહ કરવો હોય જ નહીં. આપણે અજ્ઞાને માની લઈએ છીએ કે આપણી મહેનત આપણને રોટી આપે છે. જેણે દાંત આપ્યા છે તે ચાવણ આપે જ છે એ જો બરોબર સમજાય તો ખરેખરું.

પણ આ બધી મોટી વાતો થઈ. એક સાવ નાના કાગળમાં રામદાસકાકાને બાપુએ જે લખ્યું છે તે પરથી પણ એમના વિચારો કેટલા ચુસ્ત બની ગયા હતા અને ઘરના જીવનમાં પરિવર્તન કરવાને તેઓ કેટલા તત્પર થયા હતા તે જણાઈ આવે છે.

કિલ્ડોનન કેસલ
બુધવાર

ચિ. રામદાસ,

તમારે સારુ કંઈ જ નથી લાવ્યો તેથી બાપુ ઉપર ગુસ્સો ન કરશો. મને કંઈ વસ્તુ પસંદ ન પડી. યુરોપની વસ્તુ જ પસંદ ન પડે ત્યાં શું કરવું? મને તો હિંદુસ્તાનનું બધું પસંદ છે. યુરોપના લોકો ઠીક છે, તેઓની રહેણી ઠીક નથી.

બાપુના આશીર્વાદ

## ૧૯
# ટૉલ્સ્ટૉયવાડી

વિલાયતથી ડેપ્યુટેશન આવી ગયા પછી સત્યાગ્રહની બીજી વારની લડત ઉગ્ર તો ન બની પણ લંબાઈ બહુ. પહેલી અને ત્રીજી વારની લડતમાં લોકોનો ઉત્સાહ પુષ્કળ હતો અને બંને વાર લડતનો અંત થોડા થોડા મહિનામાં જ આવેલો. તેમાંયે ત્રીજી વારની લડતમાં તો ચાળીસ હજાર જેટલા સત્યાગ્રહીઓએ સક્રિય સાથ આપેલો એટલે એ લડતે સત્યાગ્રહને ખરી વિજયશ્રી અપાવી ગાંધી સ્મટ્સ વચ્ચેના પાકા કરારોને જન્મ આપ્યો અને બાપુજીને દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન આવવા માટે મોકળા કર્યા. એથી ઊલટું બીજી વારની લડતમાં છેવટ લગી સાથ પુરાવનારાઓની સંખ્યા ભાગ્યે જ પચાસ પોણોસો જેટલી રહી હશે. સ્મટ્સ-બોથાની જોડીએ ઈંગ્લંડમાં જોકે બાપુજીને ઠીક ઠીક ધમકી આપેલી પણ દક્ષિણ આફ્રિકામાં ઉપરાઉપરી સખત પગલાં ન લેતાં એમણે પોતાનો હાથ કંઈક મોળો રાખ્યો. અને એમ કરવામાં એમનો જે હેતુ હતો તે કેટલેક દરજ્જે ફળ્યો પણ ખરો. લોકોને થકવી થકવીને એમના મગજમાંથી સત્યાગ્રહને વીસરાવી દેવાના હેતુથી એમણે એ કુનેહ વાપરેલી. અને એને પરિણામે ત્યાંના મોટા ભાગના હિંદીઓ સત્યાગ્રહની લડત લેવામાં મોળા પડી ગયા. ન એમણે જેલ જવાનું નામ લીધું કે ન બાપુજીએ માંડેલા સંઘર્ષમાં કશો રસ બતાવ્યો. આમ મોટા ભાગના લોકો ઉદાસ થઈ ગયા છતાં થોડાક ચુનંદા સત્યાગ્રહીઓ તો બાપુજીના છત્ર તળે ટકી જ રહ્યા.

બાપુજીએ એટલા થોડાક જ ચુનંદા વીરો ઉપર બહુ મોટો મદાર બાંધ્યો. પોતાનું દળ અંધારિયાની ચૌદશના ચાંદા જેવું ક્ષીણ થયેલું જોઈને એમના ચિત્તમાં કશો ઉદ્વેગ ન થયો. સંખ્યામાં ગમે એટલો ઘટાડો થાય પણ જો ગુણોમાં સત્યાગ્રહીઓનું પલ્લું નમતું જોખાય તો કોઈ પણ કાળે સત્યાગ્રહ-સંઘર્ષમાં હારને સ્થાન જ નથી એવી એમના દિલને પૂરેપૂરી ખાતરી હતી. અને એ જ ભરોસે એમણે પોતાના વીરોને એ મંત્ર આપ્યો હતો કે ''આપણે રાખ થઈ જશું તોયે કરવાનું તો કરશું જ. કારણ કે જો પ્રતિજ્ઞાનું પાલન કરતાં કરતાં આપણા દેહની રાખ પડશે તોયે 'ફિનિક્સ પક્ષી'ની રાખની જેમ અમર રહેશે. એમાંથી નવી શક્તિ અને નવું જીવન પેદા થશે.''

પણ કેવળ મોટા મોટા મંત્ર પઢાવી દેવાથી કંઈ કામ ન સરે. એ ચુનંદા વીરો પણ છેવટની ઘડી સુધી કઠણમાં કઠણ કસોટીના કાળમાંયે ટકી રહે એ

માટે એમને સારા સંસ્કારોનું ભાથું મળવું જોઈએ. અને એ વીરો ત્યારે જ પોતાનું બધું હીર પ્રગટાવી શકે, જ્યારે એમને પોતાની આગળપાછળની કોઈ ખાસ ચિંતા ન હોય. જો આગળ ધરાર નહીં ને પાછળ ઉલાળ નહીં એવા ફકીર-સંન્યાસીઓ કે પાકા બ્રહ્મચારીઓને જ સત્યાગ્રહની લડતના સિપાઈ બનાવવામાં આવે અને બીજાઓ કામના ન ગણાય તો પછી સત્યાગ્રહની રીત દુનિયાદારીઓને શા ખપની રહે? એટલે ઘરબાર અને છૈયાંછોકરાંવાળાઓ પણ નચિંત બનીને સત્યાગ્રહની લડાઈમાં ઝંપલાવી શકે એવી ગોઠવણ કર્યા વિના પાકે પાયે સત્યાગ્રહની લડત આગળ ધપી શકે એમ ન હતી.

એ સ્થિતિમાં બાપુજીએ વિલાયતથી પાછા આવીને નવાં પગલાં લેવા માંડ્યાં. લંડનથી પાછા ફરતાંની સાથે જ સ્મટ્સ સરકારે એમને જેલભેગા ન કર્યા એ સારું થયું. કર્યા હોત તો કદાચ બીજી રીતે સત્યાગ્રહની ચળવળ જોર પકડત. પણ ન કર્યા એટલે બાપુએ મળેલી તકનો ઘણો સરસ લાભ લીધો. હિંસાની લડાઈમાં જેમ સેનાપતિને સમરાંગણની ઝપાઝપીમાંથી જરાક જેટલીયે ફુરસદ મળે છે કે તરત એ કિલ્લાઓને વધુ સુદૃઢ બનાવવામાં અને છેલ્લામાં છેલ્લી ઢબનાં હથિયારોનો ભંડોળ વધારવામાં પોતાનું ધ્યાન પરોવી દે છે, તેમ અહિંસક સત્યાગ્રહની લડાઈમાં પણ માથા ઉપર પડતા સીધા ઘા ઝીલવાના કામમાંથી ફુરસદ મળતાંની સાથે જ પોતાના પંડના અને પોતાના સાથીઓના સંસ્કારો વધુ ને વધુ કેળવવામાં અને પોતાના જૂથની ત્યાગશક્તિ વધુ ઊંચી પાયરીએ લઈ જવામાં સેનાપતિને પોતાનો આત્મા રેડવાનો હોય છે. લોકોના વિચારોને ખૂબ જ ઊંચે ચડાવવાનું કામ, ફિનિક્સથી નીકળતા પોતાના અઠવાડિકના અંકમાં લેખો લખીને, બાપુજી કરતા જ રહેતા હતા. અને સમુદ્રયાત્રામાં જે 'હિંદ સ્વરાજ'નું પુસ્તક તેઓ સૌને સમજાય એવી સહેલી અને ચોટદુક ભાષામાં સંવાદરૂપે લખી લાવ્યા હતા તે અઠવાડિયે અઠવાડિયે કરીને છપાવાથી લોકોની બુદ્ધિને સારી પેઠે કેળવણી મળી. પણ એવી રીતે કેવળ બૌદ્ધિક વાદવિવાદમાં જ રચ્યાપચ્યા રહેવાથી લોકોના સુસંસ્કારોમાં વધારો થશે એમ બાપુજીને ન દેખાયું. એમણે જોઈ લીધું કે જેમ ભઠ્ઠીની જ્વાળામાં વધુ ને વધુ તપાવીને સોનાને સો ટચનું બનાવવામાં આવે છે એ જ પ્રમાણે જો પોતાના જીવનને પણ ત્યાગ અને તપસ્યાથી તપાવાય નહીં ત્યાં લગી એનો ઝાઝો ભાવ પુછાવાનો નથી. એટલે એમણે ઝપાટાબંધ પોતાના જીવનમાં ફેરફાર કરવા માંડ્યા.

વકીલાતનો ધંધો જે હજુ સુધી થોડોઘણો ચાલુ રાખ્યો હતો એ સાવ આટોપી લીધો. જોહાનિસબર્ગમાં જમાવેલી પોતાની ઑફિસ સંકેલી. મોટા

બૅરિસ્ટરને છાજે એવો આખો પથારો સદાને સારુ જતો કર્યો. ધીકતો ધંધો ચાલતો હતો અને જાહેર સેવાને કારણે જે લાગવગ વધી હતી. તેને જોરે એ ચોગણો વધારી શકાય એમ હતો. વળી ચાળીસ વરસની એ ભરજુવાનીમાં બૅરિસ્ટરીનો ખરો ખીલવાનો કાળ હતો. પણ એ બધો રસ એમણે પોતાને હૈયેથી ઉતારી નાખ્યો. એવા અંગ્રેજોના શહેરમાં રહેલા બૅરિસ્ટરને છાજે એવા ગોરા સૉલિસિટરો (મદદનીશ વકીલો), ગોરા સ્ટેનોગ્રાફરો (લખવા કરવાનું કામ ટાઈપરાઈટરની મદદથી કરી આપનારા) અને ગોરા ક્લાર્કોને ભારે પગારે પોતાની ઑફિસમાં રાખેલા તેમને રજા આપી અને જોહાનિસબર્ગ સમી સુવર્ણનગરીમાં બધી સુખસગવડ વચ્ચે રહેવાનું સાવ તજી દીધું તથા પોતાનું 'હિંદ સ્વરાજ'નું પુસ્તક લખ્યે પૂરા સાત મહિના ન વીત્યા ત્યાં તો જોહાનિસબર્ગથી ગાઉના ગાઉ દૂર આવેલા લૉલી સ્ટેશન પાસેના એક નર્યા ખેતરમાં જઈને વસ્યા. ત્યાં પાણીની એક ડોલ ભરવા જવું પડે તોયે જતાં આવતાં અર્ધા માઈલથી વધુ આંટો થાય, અને ઊઠવાબેસવા તથા ચૂલો માંડવાને એક આખું ઝૂંપડુંયે મળે એમ ન હતું.

ત્યાં બેસીને એમણે સત્યાગ્રહની બીજી લડતનો રંગ જમાવ્યો. જે સત્યાગ્રહીઓ જેલમાં જતા, તેમના બાળગોપાળને પણ એઓ પોતાની સાથે ત્યાં લઈ ગયા, તેમને સંભાળવાનું તથા કેળવવાનું પોતાને માથે લીધું અને જાતમહેનતથી ખેતી કરવા પાછળ પોતાનું જીવન અર્પણ કરનારા રુશી મહાત્મા ટૉલ્સ્ટૉયના નામે એ જગ્યાનું નામ બાપુજીએ ટૉલ્સ્ટૉયવાડી રાખ્યું. વાડીને બદલે અંગ્રેજી ફાર્મ શબ્દ જ ત્યાં વધુ રૂઢ થઈ ગયો હતો.

જ્યારે 'ફિનિક્સ'નું આશ્રમ હતું જ ત્યારે વળી આ બીજું આશ્રમ શા સારુ ઊભું કર્યું એવો પ્રશ્ન ઊઠી શકે. પણ ફિનિક્સ નાતાલ પ્રાંતમાં હતું અને સત્યાગ્રહની બીજી વારની લડતના ક્ષેત્રની મર્યાદા ટ્રાન્સવાલ પ્રાંત પૂરતી જ બાપુએ આંકેલી હતી. બીજા પ્રાંતમાં હિંદીઓ ટ્રાન્સવાલમાં કાયદો ભંગ કરવા તથા જેલ જવાની માગણી કરતા તો બાપુજી એ બધાને વારતા હતા. કારણ કે એમને સંખ્યામાં વધારો કરવાનો મોહ હતો જ નહીં. વિરોધી પક્ષને ગૂંગળાવીને, અકળાવીને કે તોબા પોકારાવીને એની પાસેથી માગ્યું લેવાની નેમ સાચા સત્યાગ્રહીથી રાખી શકાય જ નહીં એવો સિદ્ધાંત એમણે સ્થાપ્યો હતો. પશુબળથી મદમાતી સરકારે પોતાની મર્યાદા ચાતરી જઈને ન કરવાનું કર્યું, અને ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓને ઊંચકીને મહાસાગરને પેલે પાર હિંદુસ્તાન સુધી ફગવી દીધા તોપણ બાપુજી એટલા ધીરજવાન સેનાપતિ હતા કે એમણે પોતાના નાતાલ પ્રાંતના વીરોનેય ટ્રાન્સવાલ પ્રાંતના વીરોની કુમકમાં આવવા ન દીધા. એટલે એમને ટ્રાન્સવાલમાં જ જે સત્યાગ્રહીઓ જેલ જતા તેમના કુટુંબની

દેખરેખનો ભાર માથે લેવાપણું હતું. એ ભાર નાતાલ જેવા બીજા પ્રાંતના ખૂણામાં આવેલા ફિનિક્સમાં બેસીને સંભાળવો મુશ્કેલ હતો. એ બધા પરિવારોને સેંકડો માઈલની રેલયાત્રા કરાવીને વારે ઘડીએ ફિનિક્સ લાવ લઈજા કરવામાં તો પાર વિનાનું ખરચ થાય એમ હતું. એટલે નાતાલના ‘ફિનિક્સ આશ્રમ’ ઉપરાંત બાપુજીને ટ્રાન્સવાલમાં લૉલી ગામે, ‘ટૉલ્સ્ટૉયવાડી’નું આશ્રમ સ્થાપવું પડ્યું. જોકે એ વખતે એ સંસ્થાઓને આશ્રમનું નામ અપાયું ન હતું. પણ એ બંને હતાં આશ્રમ જ, એટલે કે અહિંસક લડાઈ લડવા માટે જરૂરી કિલ્લાઓ.

ટૉલ્સ્ટૉયવાડીમાં બાપુજીએ ઈ. સ. ૧૯૧૦ના જૂનમાં પદાર્પણ કરેલું અને ઈ. સ. ૧૯૧૨ની સાલમાં જ્યારે ગોખલે મહારાજ દક્ષિણ આફ્રિકા પધારેલા ત્યારે એમનું બહુ જ ભવ્ય સ્વાગત ત્યાં આગળ એમાણે કરેલું. ત્યાર પછી જનરલ સ્મટ્સે ગોખલે મહારાજને સારાં સારાં વચનો આપ્યાં અને બીજી વારની સત્યાગ્રહની લડત બંધ થઈ ત્યારે બાપુજી ટૉલ્સ્ટૉયવાડી સંકેલીને તથા ત્યાંથી બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓને લઈને ફિનિક્સ આવ્યા. પણ એ બધી ઈતિહાસની વાત આગળ ઉપર છોડી હું ‘ફાર્મ’ની એટલે કે ટૉલ્સ્ટૉયવાડીની વાત પર પાછો આવું.

બાપુજીએ બે વરસના એ ટૂંકા ગાળામાં પણ ટૉલ્સ્ટૉયવાડીનો એટલો ભવ્ય વિકાસ કરેલો કે એ અરસામાં ફિનિક્સવાસીઓને તેમ જ બીજા હિંદીઓને ‘ફાર્મ’ અથવા ‘લૉલી’ નામનો ઉચ્ચાર સ્વર્ગ કે અમરાપુરીના નામ જેવો જ કર્ણપ્રિય, સુખદ અને ઉત્સાહવર્ધક થઈ પડેલો. ફિનિક્સના તો પ્રાણ જ જાણે જઈને ફાર્મમાં વસ્યા હોય એમ રાતદહાડો આખા ફિનિક્સમાં ડગલે ને પગલે ફાર્મની જ ચર્ચા ચાલ્યા કરતી. તેમાંયે બાપુજીના પાકા ખેડૂત બનવાના પ્રયાસો અને ખોરાકના પ્રયોગોની વાત ઘરમાં સૌને અવારનવાર મગનકાકા સંભળાવતા ત્યારે મારા મન પર ફાર્મની ઊંડી છાપ પડતી અને એ બધું સાંભળવાને મારું ચિત્ત એકાગ્ર થઈ જતું. નવું કંઈક લાધ્યાનો ઉમંગ ઊપજતો, તથા ત્યાં જે ચાલતું તે ઘરમાંયે અજમાવવાનો મને ઉત્સાહ આવતો.

મારા પિતાશ્રી વિલાયત ગયેલા ત્યારથી પોશાકમાં બને તેટલું વિલાયતીપણું આણવાની મને મનમાં નેમ રહેતી. રાજકોટમાં ભણવા જતાં બાંકડા ઉપર લગભગ છેલ્લે નંબરે બેસનારો હોવા છતાં પિતાશ્રીની વિલાયતની વાતો સંભળાવીને સહપાઠીઓ વચ્ચે હું મારો પોતાનો દરજ્જો ઊંચો કરી લેતો. સોમાલી સ્ટીમરમાં અમે ફર્સ્ટ ક્લાસની કૅબિનમાં મુસાફરી કરેલી એટલે વિલાયતી ઢબનો રંગ પાકો થાય એમાં નવાઈ શી? આવી મનોદશામાં ફિનિક્સ

પહોંચતાં જ્યારે મગનકાકાને મોઢે સાંભળ્યું કે બાપુજીએ બૂટમોજાં પહેરવાનું છોડી દીધું છે ત્યારે એ ત્યાગની મારા ઉપર સચોટ અસર પડી. આગળ જતાં બાપુજીના લાંબા લાંબા ઉપવાસો અને મહાવ્રતોની અસર મન પર ઓછી નથી થઈ, પણ આ બૂટમોજાંના ત્યાગની વાતની અસર એક રીતે સૌથી વિશેષ થઈ. બાપુજી મારા પિતાના કાકા છે, ઘરના મોટેરા છે એ તેમના પ્રત્યેનો ભાવ ઓસરી જઈ તેઓ દુનિયાના લોકોથી અનેરા છે, સાધારણ માણસોની જેમ દેખાવ અને શોખમાં તણાઈ જનારા નથી, સારામાં સારી વાત શોધી કાઢી બધાને તે શીખવનારા એવા સૌથી સારા પુરુષ છે, ઈત્યાદિ ભાવો એમના પ્રતિ એ વખતે મને જાગ્યા. આજે જે રીતે એ ભાવો વ્યક્ત કરું છું એ રીતે એ વેળા હું એ ભાવોને વ્યક્ત ન કરી શકત. પણ એ પ્રસંગે બાપુજીની જે ભવ્યતા મારા દિલમાં ઘર કરી ગઈ હતી, તે અસાધારણ હતી, અત્યંત પ્રેરણાત્મક હતી અને તેમના ચરણોમાં હું ખેંચાઈ રહ્યો હતો એ ચોક્કસ વાત છે.

બાપુજી વિશે બીજી એક વાત સાંભળી કે તેમણે ચા છોડી દીધી છે અને ઘઉંને શેકી, તેનો ભૂકો ચાની જગાએ વાપરવાનું શરૂ કર્યું છે. આ સાંભળી હું મનમાં ને મનમાં શરમાઈ ગયો. કારણ, સ્ટીમરમાં રોજ રોજ સવારસાંજ બબ્બે પ્યાલા ચા લેવા સારુ મારી બા પાસે હું વધારે ચા કરાવતો. મને ત્યારે પહેલી વાર ખબર પડી કે બહુ ચા પીવી સારી નથી. ત્રીજી વાત સાંભળી કે બાપુજી અને મિ. કૅલનબૅક સવારથી બપોર સુધી હબસીઓની હારોહાર મજૂરી કરે છે. અને ફળઝાડ રોપવા માટે ત્યાંની કઠણ જમીનમાં બબ્બે ફૂટ ઊંડા ને એટલા જ લાંબાપહોળા ખાડા ખોદવાના હોય છે. હબસીઓ પણ એ ખોદતાં થાકે પણ બાપુજી એમના જેટલી જ સ્ફૂર્તિથી ખાડા ખોદે છે. અને એટલું ખોદ્યા પછી પાછા ખોરાકના પ્રયોગો ચલાવે છે તેને લીધે એમને શરીરમાં નબળાઈ જણાય છે. કેટલીક વાર તો તમ્મર આવી પડી જવા જેવું એમને થાય છે; છતાં તેઓ કામ ચાલુ રાખે છે, એટલું જ નહીં પણ હબસી મજૂર જેટલું જ કામ કરવાનો આગ્રહ રાખે છે. કૅલનબૅક સાહેબ વળી બાપુજીથીયે વધુ કામ કરે છે. તેમને તો કામ કરવામાં કોઈ ન પહોંચે.

જમનાદાસકાકાના ફાર્મ પર પહોંચ્યા પછી એમના કાગળો નિયમિત આવતા થયા ને ફાર્મની વધુ વાતો જાણવાને મળી. એમાં વિશેષ કરીને "salt-less' અને "sugarless' ની વાતો આવતી. બાપુજી સાથે ઘણા લોકો અલૂણું કરતા અને ખાંડ ખાવાનું પણ છોડી દેતા. કોણે કોણે અલૂણું શરૂ કર્યું, કોણ કોણ ફાવ્યા, કોણ થાક્યા, અલૂણું કરનાર શું ખાય છે, બાપુજી શું લે છે એની ચર્ચાઓ એ પત્રો પરથી થતી રહેતી, અને જમતી વખતે અમારે ત્યાં ઘરમાં થતી

વાનગીમાં શો સુધારોવધારો થવો જોઈએ તેનો નિશ્ચય થતો. પરિણામે, થોડા મહિનામાં અમારા ઘરની રસોઈમાં પહેલાં કરતાં મોટો ફેરફાર થઈ ગયો. વચ્ચે વચ્ચે મગનકાકા મીઠું લેવાનું છોડી દેતા પણ મારામાં હજુ એવી હિંમત નહોતી આવી. છતાં અમારા ખોરાકમાં સાદાઈ અને સાત્ત્વિકતા વધ્યે જતાં હતાં.

એક વાર જમનાદાસકાકાના કાગળમાં ખબર આવ્યા કે ‘હાલમાં લાકડાં ફાડવાનું કામ ચાલે છે. બપોર સુધી બાપુજી અને મિ. કૅલનબૅક સાથે અમે કુહાડા લઈ મોટાં મોટાં લાકડાં ચીરીએ છીએ. બીજાઓ પોચાં પોચાં અને ફાડવામાં સહેલાં લાકડાં ચીરે છે અને ગાંઠોવાળો ભાગ પડતો મૂકી ચાલ્યા જાય છે, એટલે એ ફાડવાનું કામ બાપુજીએ પોતાને માથે રાખ્યું છે. એ ફાડતાં તેઓ પરસેવે રેબઝેબ થઈ જાય છે. બીજાઓ કુહાડો છોડી આઘાપાછા થાય, પણ આવી ગાંઠોમાંયે બાપુજીનો કુહાડો તો ચાલ્યા જ કરે.’

ફાર્મથી જે ખબરો આવતી તેનો અમલ કરવાનો રિવાજ મગનકાકાએ રાખેલો. ઉપલા કાગળ પછી અમારે ત્યાંયે લાકડાં ફાડવાનું કામ શરૂ થયું. ફિનિક્સની આસપાસ ‘વૉટલ્સ’ નામના વિલાયતી બાવળનું વાવેતર હતું. તેમાંથી બાળવાનાં લાકડાં આવતાં. એનાં વળી જેવાં એ ગોળ લાકડાં બાવળથીયે કઠણ હતાં. કુહાડો મારતાં સામો ઊછળતો. સવારે નાહ્યા પહેલાં પિતાશ્રી અને મગનકાકા વારફરતી લાકડાં ફાડતા. કેટલે ઘાએ દરેક કટકો છૂટો પડે છે એ ગણવામાં મને રસ આવતો.

કેટલાયે દિવસ સુધી એમને લાકડા ફાડતા મેં જોયા. પછી એક વાર મગનકાકા મારે માટે ડરબનથી સુંદર વિલાયતી કુહાડી લઈ આવ્યા. એ એટલી હળવી ને સતેજ હતી કે જ્યાંત્યાં એનો ઘા કરવાની મને હોંશ થતી. મગનકાકા લાકડાં ફાડવા જાય ત્યારે મને પોચાં પોચાં લાકડાં કાપી લાવવાનું સોંપે. એક વાર બકાનના ઝાડ પર ચડી મેં ખૂબ ડાળો કાપી પછી નીચે ઊતરી એક ડાળના કટકા કરવા તાકીને ઘા કર્યો. એ ત્રાંસો પડ્યો ને મારા ડાબા પગનો અંગૂઠો છૂટો પડી જતાં માંડ બચ્યો. વચ્ચેના હાડકા સુધી કાપ પહોંચી ગયેલો. વગાડ્યા ઉપર કોઈ મને વઢ્યું નહીં. પાટાપિંડી કરી તેથી એ ઘાનું મારું દુઃખ અરધું થઈ ગયું. પંદર દિવસ સુધી મારે પગ ઊંચો ને ઊંચો રાખી બેસવું ને સૂવું પડ્યું ત્યારે ઘા ભરાયો. પણ આ પછી કુહાડાનો ઘા કરતાં મને આવડ્યું ખરું.

આવી રીતે બાપુજીના શરીરશ્રમ અને અસ્વાદવ્રતના અખતરાઓનો પડઘો અમારે ત્યાં પડતો હતો અને ટૉલ્સ્ટૉય ફાર્મ ન જઈ શકવા છતાં મને ત્યાંનું વાતાવરણ પોષી રહ્યું હતું. એક તો મને જ ફાર્મના અખતરાઓની હોંશ થતી અને બીજી તરફ ઘરમાં સૌને મારી પાસેથી કામ લેવાની એ ગુરુચાવી મળી ગઈ

હતી. 'તારે ફાર્મમાં જવું હોય તો આટલું શીખી જા; આટલું આવડી જશે કે તને ફાર્મમાં મોકલીશું' એમ સૌ કોઈ કહેતું. પરિણામે ફાર્મ પર જવાની હોંશે હું એ ઉંમરમાં ઠીક ઠીક કામ કરતાં શીખ્યો. મોટાં મોટાં કપડાં નિચોવી સૂકવવાં, વાસણ માંજવાં, નાની નાની રોટલી વણવી અને એવાં બીજાં નાનાં નાનાં કામ કરવાનો મને કંટાળો ન રહ્યો.

એવામાં જમનાકાકા ફાર્મ પર થોડા મહિના ગાળી પાછા આવ્યા. થોડા દિવસ ગાળી એ પાછા ગયા પણ આ બીજી વાર પણ હું એમની સાથે ફાર્મ પર ન જઈ શક્યો. ફાર્મ વિશેના એમના અનુભવો સાંભળી મને ફાર્મ પર મોકલવાનો મુરબ્બીઓનો સંકોચ વધ્યો છે એમ મેં જોયું. હું બહુ કચવાયો. ઘર મને અળખામણું થઈ પડ્યું. જમતી વખતે બધા સાથે બેસવું પણ આકરું પડતું; હું પોતાને અસહાય અને પરતંત્ર અનુભવતો. લાંબો લાંબો દિવસ કેમેય પૂરો ન થતો. ફાર્મ પહોંચવાનો કોઈ દિવસ વારો આવશે ખરો? કેટલા વરસનો થઈશ ત્યારે ત્યાં જવાનું થશે? એ બળતરા મનમાં રહેતી. બાપુજી ઉપર પણ ચીડ ચડતી કે તેઓ પણ એક આંટો ફિનિક્સ નથી આવતા. કઈ રીતે બાપુજીને મારા મનની જાણ થાય એ મને ન સૂઝતું. મને ખાતરી હતી કે તેમને મારી ઈચ્છાની ખબર પડે તો તેઓ જરૂર મને ફાર્મ પર તેડાવી લે.

મનનો આ વલોપાત હું મોટેરાઓને ઝાઝો કહી ન શકતો, પણ મારી ઉદાસીથી તેઓની કાળજી વધી. ફાર્મ પર ન જવા દેવાને કારણે મારું મન ભાંગી ગયેલું તેને ઉત્સાહિત કરવાને તેમણે ઉપાયો લેવા માંડ્યા.

મગનકાકાએ મને સોડમાં લીધો. જેટલો વખત તેઓ ઘરમાં રહે તેટલો બધો વખત પોતાની સાથે ને સાથે રાખવા લાગ્યા. પહેલાં તેમની પાસે જતાં મને ડર લાગતો એવું હવે ન રહ્યું. જોકે તેઓ પાસે છૂટથી બોલબોલ તો ન જ કરી શકતો. તેમણે મને જમીનમાં જુદો કટકો કાઢી આપ્યો તેમાં ક્યારીઓ કરી વાવવાનું શીખવ્યું. પાણી લાવવા માટે નાનો બાંગો અને ઘાસતેલના પોણિયા ડબ્બા બનાવી આપ્યા. ગુલાબવાડીની ક્યારીઓ ગોડી ખાતર પૂરવાનું ને ખીલેલાં ફૂલો કાતરથી કાપી લેવાનું બતાવ્યું. દેવદારનાં પાટિયાં ઉપર પોતે સુતારીકામ કરે ત્યારે પાટિયાં પકડવા કરવાનું કામ મારી પાસેથી લેવા લાગ્યા. હાર્મોનિયમ ઉપર સા-રી-ગ-મ પણ બતાવી અને પોતે ઉછેરેલાં બધાં ફળઝાડોની કેવી રીતે સંભાળ રાખવી જોઈએ એ પણ શીખવ્યું. મને ભણાવવા એટલે વાંચતાં લખતાં શીખવવા પ્રત્યે તેમણે નહીં જેવું જ ધ્યાન આપ્યું, પણ સવારસાંજ બબ્બે કલાક ઉપર મુજબની કામ કરવાની તાલીમ આપી મારા જીવનનો પાયો તેમણે સાબૂત કર્યો.

સવારસાંજ તો બગીચામાં અને આવા રસભર્યા ઉદ્યોગોમાં વીતે, પણ લાંબો લાંબો દિવસ કેમ ખૂટે? દિવસનો મોટો ભાગ પિતાશ્રી અને મગનકાકા છાપખાનામાં વિતાડે, ઘરમાં બા ને કાકી પોતાનાં ઘરકામમાં ગૂંથાયેલાં રહે અને મારા નાનકડા ભાઈઓ કેશુ-કૃષ્ણ પોતાની રમતોમાં રહે. મારું સોબતી તો કોઈ નહીં. આથી પિતાશ્રીએ મારે લાયક સાહિત્ય એકઠું કરવા માંડ્યું. હિંદુસ્તાનથી દર મહિને પઢિયારનાં અને સસ્તા સાહિત્યનાં થોકબંધ પુસ્તકો આવતાં અને નાતાલ-ટ્રાન્સવાલના ગુજરાતીઓને ફિનિક્સથી એનાં પાર્સલો થતાં. પઢિયારનાં પુસ્તકોમાંનાં 'સાચું સ્વર્ગ', 'સ્વર્ગનો ખજાનો', 'સ્વર્ગની સીડી' વગેરેની રસભરી ચર્ચા કોઈ કોઈ વાર મોટેરાંઓ પાસેથી કાને પડતી. પણ સ્વર્ગની જેમ મને એ બધું પણ ગૂઢ અને પોતાથી જ્યાં ન પહોંચાય એવું લાગતું.

પિતાશ્રીએ શ્રી પઢિયારનાં 'બાળકોનો આનંદ' અને 'સદ્ગુણી બાળકો' એ પુસ્તક મારા હાથમાં મૂક્યાં. પહેલું મને લૂખું અને મહામહેનતે વંચાય એવું લાગ્યું, બીજામાં મોટે ભાગે અંગ્રેજ બાળકોનાં પરાક્રમો વાંચી મન પર વિશેષ અસર ન થઈ. મને આ 'સ્વર્ગ'નું સાહિત્ય તો ન ગમ્યું પણ 'શિશુ સદ્બોધમાળા'ના ચાર ભાગ મારા સંગાથી બન્યા. એ પુસ્તકનું નામ કેમેય કરી સમજાતું નહોતું, પણ ઝીણા ટાઈપમાં છપાયા છતાં તેમાંની પૌરાણિક આખ્યાયિકાઓ વાંચતાં મને થાક જ ન લાગતો. અમારી ગુલાબવાડી પાસે બકાનના ઝાડ નીચે બેસી બપોરના ત્રણેક કલાક હું 'શિશુ સદ્બોધમાળા'નું પારાયણ કરતો. પાછળથી 'વનરાજ ચાવડો' અને 'સધરા જેસંગ'ની વાર્તાઓ બહુ એકાગ્રપણે વાંચતો. તેમાં આવતી કુમારના જંગલમાં ભૂલા પડવાની વાતથી હું તીવ્ર સમવેદના અનુભવતો અને ફિનિક્સના એકાકીપણામાં પોતાને તેમના જેટલો જ અસહાય, એકલો અને સંકટગ્રસ્ત માનતો.

ગુજરાતી વાચન ઉપરાંત પિતાશ્રીએ હિંદી માસિક 'સરસ્વતી'ની ફાઈલો ઉથલાવવાની ગોઠવણ પણ કરી આપેલી. તેમાંનું હિંદી મને ભાગ્યે જ સમજાતું. છતાં ક્યાંક વાર્તા જેવું મળે તો વાંચતો અને ચિત્રો જોતો. રાત્રે સૂતા પહેલાં પિતાશ્રી થોડા દાખલા અને શ્રુતલેખન કરાવતા. શ્રુતલેખનમાં પાર વિનાની ભૂલો પડતી અને સાંજે દાખલામાં પણ ભૂલો કરતો. બેએક વાર તો આ ભૂલોને કારણે ઉપરાઉપરી દસબાર તમાચા પિતાશ્રીને હાથે ખાવા પડ્યા. પણ આથી મારું શ્રુતલેખન કે ગણિત સુધર્યું નહીં, ઊલટું સાહિત્ય વાંચવાનો શોખ વધી ગયો.

આટલું છતાં મારું એ વરસ-સવા વરસ બહુ કંટાળાભરેલું વીત્યું. પંદરેક મહિનાનો એ ગાળો અત્યારે પણ મારા મગજમાં બહુ લાંબો ભાસે છે. કોઈ કાવ્ય કે નવલકથાના નાયકની વાર્તા જોડવા હું આ નથી લખતો, પણ દસેક

વર્ષના બાળકને સોબતી-સંગાથી વિનાનો કરી મૂકવામાં તેની કેટલી બધી અવદશા થાય છે એનો ખ્યાલ આપવા લખું છું. મને ભણવાનાં અને શીખવાનાં સાધનોની છોળ હતી એમ કહેવાય, પણ ટૉલ્સ્ટૉય ફાર્મ જવાની બંધીએ મારું આખું જીવન ખારું ખારું કરી નાખ્યું હતું. અને આ મારું દુઃખ હું કોઈને કહી ન શકતો; મનમાં જ શમાવવું પડતું એથી વધુ ત્રાસ થતો. બપોરના વખતમાં વાંચતાં વાંચતાં ચોપડી પડતી મેલી મૂગું રુદન કરી લેતો. એવામાં કોઈ પંખી માથા પરની ઝાડની છાયામાં કલ્લોલ કરતું ને મને રાહત આપતું. પંખીનાં ગીત સાંભળી મારો મનઃકલેશ ઓસરી જતો અને હું મનમાં ને મનમાં બબડતો, 'હે ભગવાન! બીજે જનમ મને છોકરાનો નહીં પણ આ પક્ષીનો આપજે!' થોડા દિવસ પછી કોઈ બીજું પક્ષી ગમી જતું તો વળી ભગવાનને સંબોધી, 'પેલા જેવું નહીં, આના જેવું પંખી મને બનાવજે!' એમ વીનવતો અને ફરી પાછો વિમાસણમાં પડી જતો કે અત્યારે ને અત્યારે મને પાંખ મળે તો કેવું સારું! ઊડીને સીધો ટૉલ્સ્ટૉયફાર્મ ચાલ્યો જાઉં અને અનેક છોકરાઓ વચ્ચે બાપુજી પાસે રહું. પરંતુ છેવટે આવી કલ્પનાઓથી વધુ દુઃખ જ મારા ભાગ્યમાં રહેતું.

આવી રીતે મારો વખત પસાર થતો હતો ત્યાં ટૉલ્સ્ટૉયફાર્મથી મણિલાલકાકા આવ્યા. ચારેક દિવસ રહ્યા ને પાછા ગયા. તેઓ ફિનિક્સ રહ્યા તેટલો વખત એક ક્ષણ પણ મેં એમનો પીછો ન છોડ્યો. એમની સાથે ને સાથે ફર્યા કર્યું. બહુ આશા રાખી કે એમની સાથે મારે જવાનું થશે જ, પણ ન જઈ શકાયું. હું સમજ્યો કે મને ફાર્મ મોકલવાના વાયદા નિરર્થક છે, મારે ફિનિક્સમાં જ ગોંધાઈ રહેવાનું છે.

આ પછી મારું મન સાવ કરમાઈ ગયું. મારી અકળામણ મુરબ્બીઓને પણ અસહ્ય લાગી. તેમણે મને ઘરના વર્તુલથી બહાર કાઢવાની ગોઠવણ કરી. મિ. વેસ્ટને ત્યાં મને મોકલવા માંડ્યો અને એમાંથી ફિનિક્સમાં ફરી એક નિશાળ શરૂ થઈ. અગાઉની કોર્ડિસશાળામાં અને આ વેસ્ટની નિશાળમાં ઘણો ફેર હતો. એની અંગ્રેજી ઢબની તાલીમની વાત હવે પછી.

# ૨૦
# રસીલું ભાણતર

'જો આ પાંદડાની કોર પીળી પડી ગઈ છે અને વચ્ચે એ લીલું છે; અને આ બીજા પાંદડાએ બધે પીળાશ પકડી છે પણ હજુ એમાં લીલી ઝાંય છે; વળી આ ત્રીજું પાંદડું સાંગોપાંગ પીળું છે. આવું આ બેત્રણ પાંદડાં વિશે જ છે, એવું માનવાનું નથી. ઝીણવટથી જોશે તો દરેક જાતની વનસ્પતિનાં બધાં લીલાં પાંદડાં ધીમે ધીમે પીળાં પડતાં જતાં દેખાશે. ને છેવટે એ સાવ પીળાં પડી જવાનાં. આ ઉપરથી સમજવાનું કે લીલો રંગ એ મૂળે કોઈ રંગ જ નથી. બે રંગની ઓછીવત્તી મિલાવટથી સેંકડો ઝાંયવાળી લીલાશ ઊપજે છે. એ બે રંગ તે પીળો ને વાદળી.'

આવી રીતે સમજાવી મિ. વેસ્ટે રંગની પેટી ઉઘાડી અને પીંછી વડે પીળો ને વાદળી રંગ ભેળવી પેન્સિલથી ચીતરી રાખેલા પાંદડાને ત્રણ કે ચાર લસરકામાં લીલું બનાવી દીધું. ફરી વધુ વાદળી રંગ ભેળવી પાંદડાની નસો ઘેરી લીલી બનાવી. આવી રીતના ત્રણ કે ચાર પાઠમાં તો તેમણે મને નાનો ચિતારો બનાવી દીધો.

મારી નજર તેમણે પલટાવી નાખી. મેજ આગળથી પહોળું ને પાછળથી સાંકડું દેખાવા લાગ્યું. ગોળ ઊપસેલી ડોલ પણ કાગળ ઉપર ચીતરાય તેવી ચપટી દેખાવા લાગી અને ફૂલની પાંદડીએ પાંદડી તેમ જ ડાળીએ ડાળી જુદી જુદી સ્વરૂપવાન દેખાવા લાગી. વળી એટલાં બધાં પરિચિત ઝાડ અને છોડમાં ક્યાંયે કોઈ પાંદડું પીળું પડ્યા વિના જ કરમાઈ જાય છે કે નહીં તેની મેં સતત તપાસ ચલાવી. પરિણામે મારાં દોરેલાં અને રંગેલાં ચિત્રોમાં સજીવતા આવી. બેએક ચિત્રોને ચૂંટી મગનકાકાએ મુખ્ય ઓરડાની ભીંતે ટાંગ્યાં તેથી મેં બહુ જ પ્રસન્નતા અનુભવી. મિ. વેસ્ટ પાસેથી જેટલું શિખાય તેટલું શીખવા હું વધુ એકાગ્ર અને ઉત્સાહી બન્યો.

સ્વભાવે વેસ્ટ સાહેબ અતડા ને લૂખા દેખાતા. મિ. પોલાકનું કે મિ. આઈઝેકનું વિનોદીપણું તેમનામાં ભાગ્યે જ નજરે પડતું. મગનકાકાની જેમ તેઓ ખેલાડી પણ ન હતા કે તેમનું આકરાપણું જરાકેય ઓગળે. જ્યાં હોય ત્યાં એકલા હોય. ટેબલ પર એકાકી બેસી લખ્યાવાંચ્યા કરે અથવા બગીચામાં એકાકી પાવડો કે કાતર લઈ કંઈક કરતા ફરે. ફક્ત રવિવારે તેઓ પોતાના કુટુંબ સાથે કોઈક કુંજમાં બેસી ઉજાણી કરે ત્યારે જણાય કે તેમને માણસનો સહવાસ ગમે છે ખરો. એ સિવાય એમને પડખે ચડવાની હિંમત પણ ઓછી થાય.

આવા કોરા છતાં તેમનું ભણાવવું મેં ઉપર જણાવ્યું તેવું રસીલું અને સચોટ હતું. આગળ જતાં આશ્રમના ભણતરમાં ચિત્રકળાને સ્થાન ન રહ્યું તેથી તેમનું એ શિક્ષણ હું ભૂલી ગયો. પણ તેથી તેમની તાલીમ આપવાની શક્તિ ઊણી ન ગણાય. મને ખ્યાલ છે ત્યાં સુધી એ સમયે કિંડરગાર્ટન કે મૉન્ટેસોરી જેવી કોઈ શિક્ષણપદ્ધતિનું તેમણે અધ્યયન કર્યું નહીં હોય છતાં એમની પદ્ધતિ સચોટ હતી. એ સચોટપણાનું કારણ વિચારું છું તો મને એમનું અસલી અંગ્રેજપણું જણાય છે. જોકે તેઓ ઈંગ્લૅંડના પ્રસિદ્ધ નાગરિક ન હતા. કોઈ ગામડાના સાધારણ ખેડૂત હતા. પણ તેમને એક સ્વતંત્ર રાષ્ટ્રમાં દરેકને મળવી જોઈએ તેવી તાલીમ બાળપણથી મળી હતી. સર્વાંગિકુશળ બનવાના સંસ્કાર એમને વારસામાં મળ્યા હતા. તેથી કંઈ પણ કામ કરવું કે ભણવું એ તેમને મન શોભાની કે બનાવટની વાત ન હતી. દૈનિક જીવનનાં અનેક અંગોની પેઠે વિદ્યા અને ચિત્રકળા પણ તેમને માટે સાધારણ ઉપક્રમ હતો. વળી ભણાવતી વખતે તેઓ મને એક નિશાળિયો અને પોતાને માસ્તર લેખવી મારા ઉપર ઉપકાર કરવાનો કે મારો ઉદ્ધાર કરવાનો ભાવ મનમાં રાખતા હોય એવું મને બિલકુલ ન લાગતું. પણ પોતાના બાળકને કોઈ પ્રેમાળ પિતા ધોતિયું પહેરવાનું કે પહેરણમાં બટન બીડવાનું શીખવે તેમ અત્યંત સ્વાભાવિકતાથી તેઓ પોતાની જાણ તથા રીત મારી આગળ પાથરી દેતા. અને મેં એક વાત અપનાવી લીધી છે એવી ખાતરી થયા પછી જ બીજી વાત શીખવતા. કોઈ ખાસ પરીક્ષામાંથી મને પસાર કરી દેવાની તેમને ઉતાવળ ન હતી. અને કોઈ વસ્તુ પરાણે શીખવાનો મારા પર ભાર ન હતો.

ખૂબીની વાત તો એ છે કે હું અંગ્રેજી થોડુંક જ સમજતો હતો અને વેસ્ટ સાહેબ ગુજરાતી કે હિંદી મુદ્દલ નહોતા જાણતા. કોઈ વાર વેસ્ટ સાહેબને મારે કંઈ પૂછવું ને કહેવું હોય તો અર્ધા-પોણા કલાક સુધી તો મારે વાક્ય ગોઠવવું પડે અને છતાંયે પૂછું તો મિ. વેસ્ટ સમજે નહીં. ત્રણચાર વાર ઊથલાવી ઊથલાવીને પૂછે ત્યારે માંડ મારી મતલબ તેમને સમજાય. પરંતુ થોડા મહિનામાં તેમણે મને અંગ્રેજીમાં નિબંધ લખતો કરી મૂક્યો. મારો પહેલો નિબંધ કોલસા ઉપરનો હતો. લાગલાગટ છ સાત દિવસ સુધી મિ. વેસ્ટે કોલસાનો ઈતિહાસ સંભળાવ્યો. મજૂરો ત્રિકમ ને દીવો લઈ ખાણમાં સૂઈ સૂઈને કેવી રીતે કોલસા ખોદે છે, જૂના કાળમાં ઝાડો દબાઈ જઈ કોલસા શી રીતે બન્યા, એ કોલસાથી શો લાભ થયો ઈત્યાદિ સમજાવ્યું, ને સમજાયું હોય તે લખી લાવવા કહ્યું. લખવાની રીત પણ વર્ણવી, એ લખી આપ્યા પછી મિ. વેસ્ટે તેમાં બેચાર શબ્દોનો ને સ્પેલિંગની ભૂલોનો સુધારો કર્યો અને મુદ્દાસર બધી વાત લખી લાવવા માટે સંતોષ પ્રગટ

કર્યો. ઘરમાં પણ સૌને એ નિબંધ ગમ્યો ને મને નિબંધો ઉતારવાને નવી નોટબુક મળી. મારો નિબંધ લખવાનો આ સૌ પહેલો પ્રયાસ હતો. હજી ગુજરાતીમાં પણ મને લખતાં નહોતું આવડ્યું ત્યાં અંગ્રેજીમાં સપ્રમાણ અને સારી વાક્યરચનાવાળો નિબંધ લખવામાં સફળ થયો એ મિ. વેસ્ટના શિક્ષણનો ઓછો પ્રતાપ ન ગણાય.

વેસ્ટ સાહેબનો હું એકલો વિદ્યાર્થી બહુ દિવસ ન રહ્યો. ધીમે ધીમે પુસ્તકાલયના નવા મકાનમાં રીતસરની શાળા શરૂ થઈ. ફિનિક્સ આશ્રમની બહાર માઈલ બે માઈલ સુધી, લખત પૂરું કરેલા કેટલાક ગિરમીટિયા જમીન ખરીદી વસી ગયા હતા. તેમના છોકરાઓ અમારે ત્યાં ભણવા આવવા લાગ્યા. મિ. સેનની બે દીકરીઓ પણ અમારી સાથે ભણવા લાગી. એક તો અંગ્રેજીમાં મારી સહપાઠી હતી. ટોંગાટથી મારા દૂરના બનેવી પુરુષોત્તમદાસભાઈ સહકુટુંબ ફિનિક્સ આવીને વસ્યા. તેમના દીકરા બાબુ અને નગીન ઉંમરે મારાથી થોડાક નાના હોવા છતાં મને રમવાનો સારો સાથ મળ્યો અને અમારી નિશાળ ભરીભરી થઈ ગઈ. ભણાવનારા શિક્ષકો પણ વધ્યા. પુરુષોત્તમદાસભાઈ ગુજરાતીના અધ્યાપક બન્યા. પુરુષોત્તમદાસભાઈના અક્ષર બહુ સરસ હતા અને તેમનું વાચન રસીલું અને હાવભાવભર્યું હતું. રાજકોટ છોડ્યા પછી મારું રીતસરનું ગુજરાતી ભણતર ખોળંભે પડેલું તે પુરુષોત્તમદાસભાઈ પાસે વરસેકના ગાળા પછી શરૂ થયું. સરકારી વાચનપાઠમાળાની ચોથી ચોપડી તેઓ મને વંચાવતા અને પોતે 'કાવ્યદોહન'માંથી પ્રહ્‌લાદ-ધ્રુવનાં આખ્યાનો અને અંગદવિષ્ટિ નિશાળના બધા વિદ્યાર્થીઓને સાથે બેસાડી સંભળાવતા. અંગદવિષ્ટિનો વીરરસ તેમની લાંબીલાંબી ભરાવદાર નાચતી મૂછોમાંથી એકધારો નીતર્યે જતો ત્યારે નિશાળના ત્રણ ત્રણ કલાક ક્યાં વીતી જતા તેની અમને ખબર પણ ન પડતી!

પુરુષોત્તમદાસભાઈની વાણીમાં સારું પ્રભુત્વ હતું. ચોથી ચોપડીમાં જ્યારે ચા-કૉફીનો પાઠ આવ્યો ત્યારે એમણે એવું પ્રવચન કર્યું કે તે જ સાંજથી મેં ચા પીવી છોડી દીધી. મને ચાનો રસ ઓછો ન હતો. ચા છોડ્યા પછી ત્રણચાર વરસ સુધી તો એની મહેક આવતાં વિહ્‌વળ થઈ જતો અને જ્યારે ઘરમાં તથા ઉજાણીમાં પાંચપચીસ જણ ચા પીતાં હોય ત્યારે મન વારવું દુષ્કર થઈ પડતું. છતાં વાચનપાઠમાળાનો એ પાઠ, પૂ. પુરુષોત્તમદાસભાઈનું વ્યાખ્યાન તથા એમના ચહેરા પર તે વખતે ઝળકી રહેલું ગુરુપણાનું તેજ મારા સ્મૃતિપટ સામે ખડું થઈ જતું ને ચાના પ્યાલાને પાછો ઠેલવાનું મને બળ મળતું. મારે અનેક નીમ લેવાના પ્રસંગો આવ્યા છે અને એ નીમ જુદે જુદે કારણે છૂટી પણ ગયા છે. પરંતુ જિંદગીમાં સૌ પહેલો લીધેલો આ ચાનો નીમ આજ ૨૭ વરસ સુધી

અખંડ રહ્યો છે. એને સારુ પુરુષોત્તમદાસભાઈની પ્રવચનશક્તિનું મેં સદા ઋણ માન્યું છે, જોકે એમનાં પ્રવચનો પોથીમાંનાં રીંગણાં હોવાની જાણ મને તુરત જ થઈ ગયેલી. મારી ચા છોડાવ્યા પછી ચાર છ અઠવાડિયે મેં તેમને ધરાઈને ચા પીતાં જોયેલા. પરંતુ પોતે મોટી ઉંમરના હોઈ પડેલી કુટેવ છોડી શકતા નથી એવી જાતના એમના નિખાલસ ખુલાસાથી મને લીધેલો નીમ પાળવાનું વધુ બળ મળ્યું. ઉપદેશક પોતાનાથી ઊંચી ભૂમિકા ઉપર શ્રોતાને ચડાવી જ ન શકે એ સિદ્ધાંત સંપૂર્ણ સાચો હોવા વિશે પુરુષોત્તમદાસભાઈનો આ દાખલો શંકા પેદા કરે છે.

ગુજરાતીમાં મારી પ્રગતિ સહેજે થવા લાગી ત્યાં પુરુષોત્તમભાઈ બાપુજી પાસે ટૉલ્સ્ટૉય ફાર્મ ચાલ્યા ગયા. બાબુ-નગીન પણ ગયા. અમારી શાળા પણ ખંડિત થઈ ગઈ. હું પાછો એકલો થઈ પડ્યો. ફાર્મનાં સોણાંએ ફરી મને વલોવી નાખ્યો. ભણવાનું, બગીચો કરવાનું, ચીતરવાનું યાંત્રિક થઈ પડ્યું. કોઈ વાતમાં મને ઉત્સાહ ન રહ્યો. ‘હજી શું હું મોટો નથી થયો? દસ પૂરાં થઈ અગિયારમું વરસ તો બેસી ગયું! શા સારુ મને નહીં મોકલતા હોય? જો ત્યાં નાના છોકરાઓ રહી ન શકતા હોય તો મારાથી બબ્બે ત્રણ ત્રણ વરસ નાના બાબુ-નગીનને ફાર્મમાં જવાની રજા શા સારુ મળી? આમ મનમાં ધૂંધવાવા લાગ્યો, પરંતુ એવું કોણ હતું જે મારો ઉકળાટ શાંત પાડે!

આ અરસામાં મારી બા માંદાં પડ્યાં. વાત એમ બની કે ડરબનમાં રહેતાં ગુજરાતી મિત્રોમાંના એક ભાઈની પત્ની હવાફેર માટે અમારે ત્યાં આવી રહ્યાં. તેમને ક્ષયરોગ હતો. એ બાઈનું શરીર સાવ સાંઠી જેવું થઈ ગયેલું અને ઉધરસ રાતદિવસ તેમને આરામ ન લેવા દેતી. મારી બાએ તેમની તીમારદારી (નર્સિંગ) સવારથી સાંજ સુધી કરી. તેમની બધી હાજતો પૂરી પાડે અને લગભગ ત્રણેક અઠવાડિયાંની સેવાને અંતે તેમને લાભ થતાં તેઓ પાછાં ગયાં. એ બાઈના ગયા પછી થોડા દિવસમાં મારી બાને તેમની સેવામાં થયેલા અતિ પરિશ્રમને કારણે ઝીણો તાવ લાગુ પડ્યો અને તેમને પથારી સેવવી પડી.

ઘરમાં સૌને ચિંતા થઈ પડી. મનેયે માતાની માંદગીની ભયંકરતાની કલ્પના આવી. મા વિનાનો થઈ જઈશ કે શું એવો ઊંડો ઊંડો ભય મનમાં પેઠો અને બાનો ખાટલો છોડી રમવા-રખડવાનું કે ભણવા કરવાનું ન સૂઝ્યું. આખો વખત તેમની પાસે રહું, તેઓ માગે તે આપું અને પગને તળિયે ઘી ઘસ્યા કરું. ઘરમાં બધાએ લીધેલી પૂરેપૂરી કાળજી અને પરિચર્યાને પરિણામે તથા ભગવાનની દયા હતી તેથી મારી બાને બેત્રાણ અઠવાડિયે સુવાણ થયું અને મારું હસવું રમવું સુકાઈ ગયું હતું તે પાછું આવ્યું. રોગીની પરિચર્યાનો આ બીજો પાઠ મારે સારુ

મોંઘામાં મોંઘા ભણતરથીયે અમૂલો નીવડ્યો. વડીલોની સેવાનો મહિમા મને સમજાયો કે, એક જરાક જેટલી સેવા કરવાથી વડીલો તેને કેટલા ગણી વધુ માને છે અને પોતાનો આશીર્વાદ ઉતારે છે તથા ઊભરાતા વાત્સલ્યથી આપણામાં યોગ્યતા અને મનુષ્યત્વ ભરે છે. મારી બા સાજાં થયાં એ સુખ સાથે ભારે સંતોષ મને એ મળ્યો કે હું 'નાલાયક દીકરો નથી' એમ ઘરનાંઓએ અનુભવ્યું.

મારી બાને પેલાં બાઈની સેવાશુશ્રૂષા નિમિત્તે જે માંદગી મળી તે ક્ષણિક હતી. તેઓ સાજાં થતાં એ સેવા મધુર સ્મરણ બની રહ્યું. પણ એ બાઈનો છોકરો ઘરમાં રહ્યો એટલા દિવસમાં તે મને જે કુસંગે ચડાવી ગયો એ મને સદાય માટે વળગ્યો. શહેરી છોકરાઓનાં કુત્સિત તોફાનોની વાતો તેની પાસે સાંભળવા મળતી. એ વાતોનું વર્ણન ન કરવામાં જ શ્રેય છે. એટલું જ કહું કે હું ઘરમાં એકલો હતો તે આવી કુસંગત કરતાં સારું હતું. એ છોકરો ગયો ત્યાં સુધીમાં મને મનુષ્યનાં અનેકવિધ પાપોની અને દુષ્ટતાની જાણ થઈ. નાનાંમોટાં માણસો પવિત્ર અને સર્વાંગસુંદર નથી હોતાં એ સમજ્યો તથા 'પાપ તો બધાયે કરે છે એટલે આપણે હાથે પાપ થઈ જાય તો કંઈ ગભરાવાનું કારણ નથી' એ તેના સૂત્રનો મને પાશ લાગ્યો. એ મારું સદ્‌ભાગ્ય કે બાપુજીની છત્રછાયા સદૈવ મારે માથે પ્રત્યક્ષ ને પરોક્ષ રીતે રહી એટલે આ અનિષ્ટ-અંકુર હદબહાર વધી ન ગયો.

પુરુષોત્તમદાસભાઈના ગયા પછી શાળાનું કામ બંધ જેવું પડેલું તે જેકીબહેન આવતાં ફરી શરૂ થયું. રંગૂનવાળા ઝવેરી પ્રાણજીવનદાસ મહેતાનાં તેઓ દીકરી થાય. બાપુજીની અને દાક્તર મહેતાની બાળમૈત્રી, એટલે જેકીબહેન તો આવતાંની સાથે ઘરનાં સગાં સમાં થઈ ગયાં. તેમનું ભણતર પણ સારું હતું. તેઓ લંડન મૅટ્રિક થયેલાં અને ગુજરાતી પણ સારું જાણતાં. વચ્ચે વચ્ચે સંસ્કૃત શ્લોકો પણ સંભળાવતાં. નિશાળમાં બહુ ધીરજથી તેઓ દરેક વાત સમજાવતાં. શબ્દે શબ્દ તોળીને તેનો બધી રીતે અર્થ કરતાં. ઉદાહરણો ને વાર્તાઓથી પણ સમજાવતાં અને કલાકો સુધી એક ને એક પાઠમાં અમને એકાગ્ર રાખતાં. એમની ચતુરાઈ તથા વિદ્વત્તાથી હું એમનો ભક્ત બની ગયો, એમની ઝીણામાં ઝીણી આજ્ઞા ઉઠાવવામાં હું ગૌરવ માનવા લાગ્યો. વચ્ચે વચ્ચે ભણાવવાનું છોડી તેઓ અમને કોઈ બગીચામાં લઈ જાય, ઝાડ પર ચડાવી ફળ તોડાવે, ખૂબ ખાય ને ખવરાવે અને વળી એ વાત બીજાઓથી છાની રાખવા કહે તોપણ મને જેકીબહેન મહાન જ દેખાતાં. અને તેઓ જે કરે એ સારું જ કરે, ખોટું કંઈ જ ન કરે, એમ મને રહેતું.

તેમણે મને સંસ્કૃત પણ શીખવવા માંડ્યું. પહેલો શ્લોક શીખવ્યો:

पुण्यश्लोको नलो राजा पुण्यश्लोको युधिष्ठिरः।
पुण्यश्लोको विदेहश्च पुण्यश्लोको जनार्दनः॥

સંસ્કૃતના મંગળાચરણ માટે એ સરસ શ્લોક ગણાય. પણ મને ખબર નહોતી કે જેકીબહેન પણ ફાર્મમાં જવાનાં છે. એક દિવસ બપોરે ભણાવી લીધા પછી જ્યારે એમણે કહ્યું કે 'કાગળ આવ્યો છે ને હવે છ સાત દિવસમાં હું ટૉલ્સ્ટૉય ફાર્મ પર જવાની છું', ત્યારે મારી ભુલાઈ ગયેલી - દબાઈ ગયેલી - આકાંક્ષા ફરી ઊછળી ઊઠી અને હરકોઈ ઉપાયે જેકીબહેન સાથે જવા મેં હઠ પકડી. કહેવાની જરૂર નથી કે એ હઠ નિષ્ફળ ગઈ. માત્ર એટલું થયું કે ફિનિક્સની બહાર કોઈ જગ્યાએ જવાનું ન મળતું તે મળ્યું. અને જેકીબહેન સાથે ફિનિક્સની પાસેનું વેરૂલમ ગામ જોવા મળ્યું.

જેકીબહેનના ગયા પછી થોડે દિવસે સુરત જિલ્લાના પ્રસિદ્ધ કાર્યકર્તા શ્રી પ્રાગજી ખંડુભાઈ દેસાઈ આવ્યા. તેમણે સૂની પડેલી અમારી શાળામાં ફરી ચેતન આણ્યું. એમને લખવાનો બહુ શોખ હતો, અને અમને ભણાવતાં ભણાવતાંયે ચોપડી લખલખ કરતા. એમને ચોપડીઓ લખતા જોઈ મને પણ એટલે સુધી ભણવાનું મન થયું કે ચોપડી લખતાં આવડે.

હિંદુસ્તાનની સ્ટીમર મળતાં પ્રાગજીભાઈએ પણ ફિનિક્સ છોડ્યું અને અમારી શાળાનું કમઠાણ પાછું વિખાયું.

## ૨૧
## ઈનાન્ડાની ઉજાણી

આફ્રિકાનું 'વિકટોરિયા ન્યાંઝા' તો જગપ્રસિદ્ધ છે. પણ એ દેશમાં ત્યાંનો એ એક જ કે એવા બેચાર જ ધોધ છે એવું નથી. જેમ આપણે ત્યાં હિમાલય જગપ્રસિદ્ધ હોવા છતાં અર્બુદરાજ, તેથી મોટો વિંધ્યાચલ ને તેની હરીફાઈ કરનારો સહ્યાદ્રિ, એમ અનેક પર્વતો છે, એ જ રીતે આફ્રિકાની ભૂમિમાં પણ એક એકથી ચડિયાતા અસંખ્ય ધોધ છે. કોઈ પહોળાઈમાં ચડે તો કોઈ ઊંચાઈમાં ને કોઈ શોભામાં.

નાતાલના નાનકડા ઈલાકામાં પણ આપણા ગોકાક-ગેરસપ્પાને ભુલાવે એવા ધોધ હતા. ફિનિક્સથી પાંચ જ માઈલ દૂર એવો એક ઈનાન્ડા નામે ધોધ હતો. ઈનાન્ડા નદીને લીધે અમારો જિલ્લો ઈનાન્ડા કહેવાતો. એમાં કેવળ ફિનિક્સ ગામ જ રળિયામણું હતું એમ નહીં; નદીની બંને બાજુ આવેલા નાનામોટા ટેકરાથી એ આખો જિલ્લો સુશોભિત બનેલો હતો.

ફિનિક્સમાં અમે બહુ ઉજાણીઓ કરતા. કોઈ વાર થોડા માઈલ ચાલી હિંદી મહાસાગરને કિનારે સમુદ્રસ્નાન કરવા પહોંચી જતા; કોઈ વાર ફિનિક્સની જ કુંજોમાં આનંદ કરતા; પણ ઘણીખરી વાર ઈનાન્ડા જતા. ટૉલ્સ્ટૉય વાડીની સ્થાપના થતાં ફિનિક્સમાં વસ્તી એટલી આછી થઈ ગઈ હતી કે આવી ઉજાણીઓ કરવાનો ઉમંગ પણ કોઈને ભાગ્યે જ આવતો. એથી એ અરસામાં થયેલી ઈનાન્ડાની એક ઉજાણી મારે મન વિરલ થઈ પડી.

એક સવારે પિતાશ્રી, મગનકાકા, બે મહેમાનો અને હું નહાવાનાં કપડાં અને ટીમણ લઈ ફિનિક્સઆશ્રમની ઉત્તર દિશાએ ઊપડ્યા. એક ઠીક ચડાવવાળી ટેકરી ચડ્યા પછી અમે મિ. ડૂબેની શાળાએ પહોંચ્યા. શાળામાં આશરે બસો ત્રણસો વિદ્યાર્થીઓ હતા. મોટા વિશાળ ઓરડાઓમાં છોકરાછોકરીઓ સાથેસાથે ભણતાં હતાં. વિદ્યાર્થીઓ બધા હબસી હતા. મિ. ડૂબે અંગ્રેજી તાલીમ પામેલા હબસી સાહેબ હતા. પોતાના દેશભાઈઓનો ઉત્કર્ષ સાધવાની અભિલાષા એમને સારી પેઠે હતી એવો મને ખ્યાલ છે. લગભગ એક કલાક અમે એ શાળામાં રોકાયા. બધે ફરીને વર્ગો જોયા. જે બધું જોયું તેમાં મને એ નિશાળની એક વસ્તુ ગમી ગઈ, અને એ તેનાં કાળાં પાટિયાં. અમારે ત્યાં નાનકડું કાળું પાટિયું હતું. અહીં આખી ભીંતને રંગીને કાળું પાટિયું કરી દીધું હતું. એટલે એમાં ખૂબ મોટા અને સુંદર અક્ષરે ઘણું લખાતું હતું. હબસી છોકરાઓ ને છોકરીઓનાં અંગ્રેજી ઢબની હાલચાલ અને વેશની કંઈ અસર મારા ઉપર ન થઈ.

શાળા છોડી અમે બીજા ત્રણેક માઈલ ચાલ્યા એટલે ઈનાન્ડા ધોધનો મહાઘોષ કાને પડવા લાગ્યો. એ જગ્યાએ હબસીઓના છૂટક છૂટક કૂબાઓ હતા. ચોતરફ પતકાળાના વેલા ચડેલા હોવાથી એ કૂબાઓ રળિયામણા લાગતા હતા અને તેને માથે મોટાં ગોળ પતકાળાં શોભી રહ્યાં હતાં. ઊંચી મકાઈનો લીલો નાનકડો કોટ કૂબાની આસપાસ હતો, તેની શોભા વળી જુદી જ હતી. એ બધું જોતા અમે ઢોળાવ ઊતરવા લાગ્યા. એ ઢોળાવ પર ધીમે તો ચલાતું જ નહોતું; પરાણે દોડીને ઊતરવું પડતું હતું. એક ઢોળાવ ઊતર્યા, બીજો ઊતર્યા અને ત્રીજો લગભગ ઊતરી રહ્યા ત્યાં ઈનાન્ડા નદીનાં દર્શન થયાં.

નદીનું પાણી સહેજ ડહોળું હતું. પહોળાઈમાં તે બેથી ત્રણ વાંસ જેટલી હશે. પાણી ઊંડું પણ ઝાઝું નહોતું. ઘણાંયે હબસી બાળકો એમાં તરવા પડ્યાં હતાં ને ગેલ કરતાં હતાં. મોટા માણસને માંડ છાતીપૂર આવે. પાણી એટલું શાંત અને સ્થિર હતું કે જાણે એ વહેતું જ ન હોય. કોઈ ખેલાડી અંગદકૂદકો મારતાં પહેલાં છેટે ઊભો ઊભો છાતી ફુલાવી કૂદી જવાની દોરી સ્થિરપણે નજરાવતો

હોય તેની જેમ, ધોધ બની ભુસ્કો મારવા પહેલાં ઈનાન્ડાનાં પાણી અહીં થંભી ગયાં હતાં. થોડાંક જ ડગલાં અમે આગળ ગયા ત્યાં એ પાણીએ દોટ મૂકી, અને નાનામોટા પથ્થર ઉપરથી ખળખળ કરતું વહેવા માંડ્યું. પાણીની ઉદાસી ઊડી ગઈ હોય તેમ તેનો ડહોળો રંગ મટી તે વધુ સ્વચ્છ દેખાવા લાગ્યું. ઉસ્તાદ કૂદનારો છેવટનો કૂદકો માર્યા પહેલાં જેમ વચ્ચે થોડી છલંગો ભરતો જાય તેમ, નદીએ પણ જાણે થોડા નાના ભુસ્કા માર્યા હતા. પહેલો ભુસ્કો પાંચસાત ફૂટનો. બીજો દસેક ફૂટનો. વળી ત્યાંથી ફીણભર્યું પાણી જુદો જ વળાંક લઈ ઝપાટાભેર દોડતું ગયું અને મોહક છટા સાથે તેણે એક ત્રીસેક ફૂટનો કૂદકો ખાધો, અને ત્યાંથી ઊંડી ખીણમાં સરી પડી છેવટે સાડા ત્રણસો ફૂટ જેટલો અજસ્ર સીધો ઊભો સ્ફૂર્તિભર્યો પ્રવાહ બનાવ્યો. મેં અનેક જળધોધનાં ચિત્રો જોયાં છે; ઈનાન્ડાથી બમણો ઊંચો ધોધ જોયો છે; પણ ઈનાન્ડા ધોધની શોભા ક્યાંયે નથી ભાળી. ઉપરથી સાંકડો અને નીચેથી પહોળો, વચ્ચેથી ઊપસેલો અને બે કિનારે ઝીણી ઝાલર બનાવતો, આરપાર નિર્મળ એ ધોધ આકાશમાંથી વરસતો બરફ કોઈ કળામય મિનારા ઉપર થીજી જાય તેના જેવો દૂરથી દેખાતો હતો. એનો મહાન ગંભીર ઘોષ શરીરના સાંધેસાંધાને અનુનાદિત કરતો હતો. આસપાસનું દૃશ્ય પણ જાણે કોઈ શિલ્પકારે વિચારપૂર્વક સરજ્યું હોય એવું સપ્રમાણ હતું. ધોધનો વિશાળ ખાડો ધોધને બરાબર મધ્યમાં રાખી બંને બાજુએ વર્તુલાકાર ફેલાયેલો હતો. અને ઉપરથી નીચે સુધી તે અંદરના ભાગમાં દેખાતા તંબૂરાના તુંબડા જેવો ચોતરફથી એકસરખા ઢાળવાળો હતો. ખુલ્લી જમીન ભાગ્યે જ નજરે પડતી હતી. બધે એકસરખી ગીચ ઝાડી હતી. ગમે તે બાજુ ઊભા રહી પડઘો પાડતાં, તે આખી બખોલમાં ગાજી ઊઠતો.

ઈનાન્ડા ધોધના એ અવલોકન વખતે મારી મનોદશા વિશિષ્ટ હતી. કારણ ટૉલ્સ્ટૉયવાડી જવાનું ન મળવાને કારણે હું સારી પેઠે અંતર્પીડિત થઈ ગયો હતો. દુનિયા મને કડવી થઈ પડી હતી. અમારી શાળા ફરી પાછી બંધ પડી જવાને લીધે મારો એક એક દિવસ વધુ ભારે વીતતો હતો. ધ્રુવ અને પ્રહ્લાદનાં આખ્યાન મને વળગ્યાં હતાં. 'કાવ્યદોહન'માં એ વારે વારે વાંચતો અને રાતદિવસ મનમાં ને મનમાં એમની સાથે મારી સરખામણી કર્યા કરતો. મારી ઉંમર તેમના જેવડી, કંઈક મોટી; છતાં મારામાં હીર કશું નહીં એ વિચારે મન ડઘાઈ જતું. ભગવાન મળે તો મારામાં હીર આવે એમ ધારતો અને એ મળી જાય તો કેવું સારું એમ થતું.

અમે ઈનાન્ડાની વનશ્રી જોવા નીકળ્યા. જ્યાં સારી કુંજ દેખાય ત્યાં મને આનંદ આવે અને મનમાં તરંગો ઊઠે કે જો ધ્રુવજીની પેઠે હું ઘેરથી નીકળું તો ભગવાન મળતાં સુધીના છ મહિના વિતાડવા માટે આ સારું સ્થાન છે!

તડકો આકરો હતો અને ચાલીને અમે થાક્યા હતા એટલે હવે સૌને નાહવાની ઉતાવળ થઈ. નાહવા માટે સારામાં સારી જગ્યા શોધતા અમે ઉપાન્ત્ય ધોધ પાસે જઈ પહોંચ્યા. સારી પેઠે પથરાઓ ઠેકતા ઊતર્યા અને ખીણમાં ઠીક નીચે ઊતરી ગયા. અહીં આગળ પાંચસાત માથોડાંની ઊંચાઈએથી નીચે ધોધ પડતો હતો. ધોધનું જોર ઓછું ન હતું. સૌ પહેલાં મગનકાકાએ તેની નીચે ઊભા રહેવાની હિંમત કરી. હું ભૂલતો ન હોઉં તો એક બે જણ તો તેની નીચે ઊભવાની હિંમત જ ન કરી શક્યા અને બીજે નાહ્યા. મને બીક તો બહુ લાગતી હતી, પણ બહાદુરી બતાવવાની પણ હોંશ થઈ આવી. મગનકાકાએ મારો ઉત્સાહ વધાર્યો. ધોધની નીચે ઊભો તો રહ્યો, પણ તાળવું છુંદાઈ જશે કે શું એટલો આઘાત માથા પર થયો. માથું નીચું કરું તો બોચી પર પાણી એટલા જોરથી પડે કે જાણે હમણાં બોચી ખડી જશે. હું ધોધની પેલે પાર નીકળી ગયો અને પથ્થરના ખડક તથા પાણી વચ્ચે ઊભો રહ્યો. મારી અને ખુલ્લી હવાની વચ્ચે પાણીનો જાડો પડદો હતો. તેમાંથી બહારનો પ્રકાશ આછો ગુલાબી દેખાતો હતો અને પાણીમાં સૂર્યકિરણની અનેક ભાતો ચળકી રહી હતી. પા અર્ધો કલાક મેં નાહવાનો આનંદ લૂંટ્યો. હિંમતભેર ધોધમાં જઈ ઊભો રહું અને બેચાર ક્ષણમાં પાછો પાણી ને ખડકના પોલાણમાં ઘૂસી જઈ રંગો જોવાનો આનંદ લઉં. મગનકાકાએ મારી બહાદુરી માટે પીઠ થાબડી એટલે મારા આનંદનો પાર ક્યાંથી રહે? ધરાઈ ધરાઈને નાહ્યા પછી અમે ઉપર ચડ્યા. ઉપર ચડતાં પગથિયું ચૂકીને પડી ન જાઉં તે સારુ મગનકાકાએ મારો હાથ મજબૂત પકડી રાખેલો. એક પથ્થર ઉપરથી બીજા ઉપર હું કૂદ્યો, પણ સહેજ ઓછું કૂદ્યો ને ગબડી પડતાં બચ્યો. એ વખતે જો મગનકાકા સમતોલપણું જાળવી ન શક્યા હોત તો નીચે ગબડતા અમે બંને કોણ જાણે ક્યાંયે પહોંચ્યા હોત. ઉપર ચડી આવ્યા પછી અમે નીચે નજર કરી તો ખબર પડી કે અમારું સાહસ કેટલું વિકટ હતું અને અકસ્માત વિના હેમખેમ ઉપર આવ્યા એ જ એક અકસ્માત હતો. જે થયું તે થયું, હવે પછી કદી એ ધોધ ઉપર નાહવા ન જવું અને જવું તોયે મારા જેવડા બાળકને તો લઈ જ ન જવો એવો સૌ મોટેરાઓએ નિશ્ચય કર્યો. એ પછી મેં કદી કોઈને ત્યાં નાહવા જતાં જોયા નથી.

નાહી આવ્યા પછી અમે આસપાસનું જંગલ જોવા ઊપડ્યા. નદીને સામે કાંઠે થોડે દૂર ગયા ત્યાં ગાઢી ઝાડી વચ્ચે ઢંકાયેલી એક વિશાળ ગુફા અમે જોઈ. સોએક માણસ સહેલાઈથી સમાઈ શકે એવી અને પચાસેક ફૂટ ઊંચી એવી એ એક સાવ કુદરતી ગુફા હતી. ઉપરની કમાનની જગ્યાએ પથ્થર વાંકાચૂકા હતા પણ એયે જાણે હિસાબપૂર્વક ગોઠવાયા હોય એમ લાગતું. એ અંધારું ભોંયરું ન

હતું એટલે એ ગુફાને કંદરા કહી શકાય. એમાં વરસાદપાણીથી બચાય અને વળી હવાઅજવાળું પણ પુષ્કળ મળે. હિંદુસ્તાનમાં કોઈ પહાડમાં આવી ગુફા હોત તો એની પાછળ કેટલાંયે તીરથ ને આખ્યાનો ગૂંથાયાં હોત.

હજુ નમતો પહોર નહોતો થયો, એટલે ટીમાણ કર્યા પછી કોઈ આરામ કરવા લાંબા થયા, કોઈ જુદી જુદી વનસ્પતિઓના નિરીક્ષણમાં ગૂંથાયા અને હું ધોધની તથા હબસી બાળકોની પ્રવૃત્તિ જોવા લાગ્યો. એમની એક રીત જોઈ મને ખૂબ આનંદ થયો. અમે બે કિશોરોને અમારા ભાતામાંથી થોડું આપ્યું. એ માંડ તેમને બેને પૂરું થાય એમ હતું, પણ તેમણે એ ત્યાં ન ખાતાં આસપાસ દોડી જઈ પોતાના દસપંદર ગોઠિયાઓને ભેગા કર્યા અને સરખે ભાગે સૌએ વહેંચી ખાધું. એમનામાંના કેટલાકના હાથમાં તીરકામઠાં હતાં, કોઈના હાથમાં ગોફણ હતી અને બેચાર જણ પાસે માછલી પકડવાના આંકડા હતા. જે કોઈ શિકાર પકડાય તે સૌનો સહિયારો લેખાય. એમને નહોતી ભણવાની ફિકર, નહોતી કોઈ જાતના ખાસ કામની ફિકર કે નહોતી કપડાં પહેરવાની ફિકર, બસ પેટનો ખાડો પૂરવો અને ઈનાન્ડા માઈની ગોદમાં ખેલવું એટલો જ એમનો ધંધો હતો. કુમારોમાંના ઘણાખરા નવસ્ત્રા હતા તે તો કંઈ નવાઈ જેવું ન હતું, પણ તેમાં ખૂબ મોટા ચાલીસપચાસ વરસની ઉંમરના પણ લગભગ તેવા જ હતા. એક કાળો અબનૂસ જેવો માણસ હતો. તેની કેડે ચામડાનો કંદોરો હતો અને લંગોટની જગ્યાએ કપડું કે ચામડું કંઈ ન હતું, પણ રંગબેરંગી પીંછાં પેલા કંદોરાથી વેંતેક નીચે લટકાવી તેણે પોતાને સાવ દિગંબર થતો બચાવી લીધો હતો. તેણે આખે શરીરે ચરબી ચોળી હતી એટલે સૂર્યના તાપમાં તેનો કાળો રંગ ઝગારા મારી રહ્યો હતો. તેના પગની પિંડીના સુગઠિત સ્નાયુઓ અને હાથની તથા શરીરના બીજા ભાગની મજબૂતી, હું ચક્તિ થઈ જોતો જ રહ્યો. થોડી વારમાં બાળકોને શું શું મળ્યું એની તપાસ કરી ત્યાંથી તે જતો રહ્યો.

પણ હબસીઓની પ્રવૃત્તિ જોવાનો મારો આ આનંદ એકાએક ઊંડા દુ:ખમાં પરિણમ્યો. એક હબસી જુવાન કબૂતર જેવડું પોપટિયા રંગનું એક પંખી પકડી લાવ્યો. તેણે એ પંખીના પગ પોતાની મૂઠીમાં જોરથી પકડ્યા હતા અને પંખી પાંખ ફફડાવી રહ્યું હતું. નિર્મળ વહેતા જલપ્રવાહને કાંઠે બેસી એ તેને મારી નાખવાની તૈયારીમાં હતો. મેં અમારામાંના મોટેરાઓનું ધ્યાન તે તરફ ખેંચ્યું. તેમણે તેને છોડી મૂકવા વીનવ્યો. હબસીએ જવાબ વાળ્યો કે, ‘હવે એને છોડી મૂકું તોપણ તે જીવશે નહીં.’ અમે તેને પાંજરામાં રાખી પાળવાનું કહ્યું. તો કહે, ‘એ હવે દાણોપાણી કંઈ જ નહીં લે. પાંજરામાંયે એ ભૂખ્યું મરી જશે.’ એમ કહેતાં કહેતાંમાં તો તેણે તેની બેય પાંખો એક ઝાટકે અમારી સામે જ

ઉખેડી નાખી અને તેને લઈ ત્યાંથી ચાલતો થયો. આ પછી અમને ખબર પડી કે પાણી ઉપર ઝૂલી રહેલાં વિશાળ વૃક્ષની ડાળીઓ ઉપર આ હબસીઓ એક જાતનો ગુંદર ચોંટાડી રાખતા હતા. પંખી પાણી પીવા આવે કે તેના પગ આ ડાળી પર ચોંટી જાય ને તે માણસનો શિકાર થઈ પડે.

પંખીના કિસ્સાએ અમારો ઉજાણીનો રસ ખાટો કરી નાખ્યો. અમે અમારા ઘરના બગીચાની શોભામાં વધારો કરે એવા બેચાર નાના ફર્નના છોડ એ જંગલમાંથી લઈ પાછા ફર્યા. આ ઉજાણી પછી પાછાં અનેક અઠવાડિયાં ને કદાચ મહિના મારે માટે લૂખા થઈ પડ્યા. એ લૂખાપણું કેટલું વસમું થઈ પડેલું તેનો એક રમૂજી અને ત્યારની મારી મનોદશા બતાવનારો પ્રસંગ અહીં નોંધવા જેવો છે.

નિશાળ બંધ જેવી થઈ ગઈ હતી. પિતાશ્રીને મને ભણાવવાની ચિંતા બહુ હતી, પણ કશી સારી વ્યવસ્થા ન હતી એટલે તેમણે મને પાઉન્ડ શિલિંગ પેન્સના અઘરા અઘરા અને કલાકો સુધી ચાલે એટલા દાખલા આપવા શરૂ કર્યા. ગણિતને જોતાં જ મારો અરધો રસ તો સુકાઈ જતો, તેમાં વળી આ જાણી જોઈને આકરા દાખલાઓ મળે. એટલે ન મને ફરવાનું મળે કે ન વાંચવાનું મળે. જેમ જેમ કાગળ પર કાળા આંકડા જોતો જતો તેમ તેમ મનમાં ને મનમાં મારો કચવાટ વધતો જતો. ગણિતના ત્રાસમાંથી ઊગરવાનો એકેય ઉપાય મને ન સૂઝ્યો. મારું મન ચગડોળે ચડ્યું. મને સવાલ ઊઠ્યો કે 'શું ધ્રુવજીને દાખલા ગણવા પડ્યા હશે? જો એમને નહીં તો પછી મારે શા સારુ ગણવા? આના કરતાં ધ્રુવજીની પેઠે તપ કરવું શું ખોટું?' લગભગ એક કલાક સુધી આવા તરંગો કરી અંતે હું નિશ્ચય પર આવ્યો કે ઘર છોડવું. ઘર છોડીને ક્યાં જવું એ સવાલ મને મૂંઝવે એમ ન હતો કારણ, ઈનાન્ડાયાત્રા વખતે મેં પેલી સુંદર અને સરસ વિશાળ ગુફા જોઈ જ રાખી હતી.

ઘરમાં કોઈ ન હતું. બા-કાકી બહાર ગયાં હતાં. પિતાશ્રી ને કાકા છાપખાને હતા. મેં ગણિત વગેરે ઠેકાણે મૂક્યાં. એક મોટું પૂઠું શોધી કાઢ્યું અને તેમાં રંગીન પેન્સિલથી મોટા અક્ષરે લખ્યું:

'બા, હું પણ ધ્રુવજી-પ્રહલાદજીની પેઠે જંગલમાં જાઉં છું. મને ઘરમાં રહેવું નથી ગમતું.' પૂઠામાં કાણાં પાડી દોરી બાંધી અને અમારા ઓરડામાં મારા ખાટલાને ઓશીકે ખીલી પર એ ટીંગાડ્યું ને ઓરડાની બહાર નીકળી આવ્યો. ઘર તો છોડ્યું, પણ ફળિયું છોડી આગળ વધવાની હિંમત ન થઈ. પાસે જ એક શેતૂરનું ઝાડ હતું તે પર ચડી ગયો અને મૂઢની પેઠે ત્યાં બેસી રહ્યો. ઝાડની ઘટામાં છુપાઈ જઈ ઈનાન્ડા જવાની હિંમત મનમાં ભેળી કરતો રહ્યો પણ જેમ

જેમ હિંમત કરું તેમ તેમ મન પાછું પડે. ઊંધા વિચારો શરૂ થયા: 'આ કંઈ હિંદુસ્તાન નથી. હિંદુસ્તાનનું જંગલ હોય ત્યાં તપ થાય. અહીં તો હબસીઓ પજવે.' દોઢેક કલાક આમ ને આમ સ્તબ્ધતામાં વીત્યો ત્યાં મારી બા ઘરમાં આવ્યાં તે મેં ત્યાંથી જોયું. તેઓ સીધાં અમારા ઓરડામાં ગયાં ને કપડાં બદલી કામે વળગ્યાં. મને થયું કે તેમણે મારું લખેલું વાંચ્યું હશે, અને મને મનમાં ધ્રાસ્કો પડ્યો. બાએ કંઈ કહ્યું નહીં પણ હું ડઘાઈ ગયો. ઝપાટાબંધ નીચે ઊતર્યો અને મારી બા ઓરડામાંથી નીકળ્યાં કે તરત જ અંદર જઈ મેં પેલું પૂઠું લઈ લીધું ને તેને ફાડીને ફેંકી દીધું. જાણે કંઈ બન્યું જ ન હોય તેવી રીતે નિત્યક્રમમાં હું વળગી ગયો અને પછી કદી મનમાં ધ્રુવજીને અનુસરવાની કલ્પના પણ ન કરી.

આ પછી કેટલેક દિવસે જમનાદાસકાકા ટૉલ્સ્ટૉયવાડીથી આવ્યા એટલે મારો અકળામણભર્યો સમય પૂરો થયો. તેમની સાથે હુંયે અલૂણાવ્રતમાં જોડાયો. ઘરમાં કઢી થાય, પાપડ થાય, ત્યારે આ અલૂણું આકરું પડી જતું. પણ ટૉલ્સ્ટૉયવાડીની અનેક વાતો કાકા પાસેથી સાંભળી સાંભળી મન મજબૂત બનતું. જમનાદાસકાકા પોતાનો સમય ટૉલ્સ્ટૉયની અંગ્રેજી વાર્તાઓનું ગુજરાતી ભાષાંતર કરવામાં ગાળતા અને રોજેરોજ કરેલો અનુવાદ ઘરમાં સંભળાવતા. મૂરખરાજની વાર્તા અને મોચી તથા ફિરસ્તાની વાર્તા મને ખૂબ ગમી અને અત્યાર સુધી હું જે ટૉલ્સ્ટૉયવાડી જવાની લાલચે ઘરમાં મજૂરીનાં કામ કરતો તે હવે મજૂરી કરવાને ખાતર કરવા લાગ્યો. મૂરખરાજની જેમ હાથમાં આંટાણ પાડવામાં હું પણ ગૌરવ અનુભવવા લાગ્યો.

જમનાદાસકાકા થોડું રહી પાછા ગયા. તે પછી થોડે દિવસે મેં સાંભળ્યું કે બાપુજી આવતે અઠવાડિયે ફિનિક્સ આવવાના છે.

હિંદુસ્તાનથી પાછા આવ્યા પછી વરસ સવા વરસ કંટાળાભરેલું વિતાડ્યા બાદ હવે બાપુજી પાસે પહોંચવાની મારી ઝંખના પાર પાડવાનો માંડ વારો આવ્યો અને એ સાત દિવસનો ગાળો પણ મને લાંબો થઈ પડ્યો.

# જીવનનું પરોઢ

## ભાગ બીજો

* આ પુસ્તક છપાતી વખતે ૨૫ વરસ પહેલાં.

## ૧
## બાપુજીનું પ્રથમ દર્શન

સાત વરસની નાની વયે બાપુજીએ મને રમાડેલો એ કંઈ બાપુજીનાં દર્શન ન કહેવાય. દુનિયાની નજરે તેઓ જેમ એ દિવસોમાં આલૌકિક નહોતા બન્યા તેમ મનેયે તેઓ ઘરના સાધારણ મુરબ્બીથી વિશેષ ન હતા. અનેક બાળકોને જેવું પોતાને રમાડનારા દાદા પ્રત્યે વિશેષ આકર્ષણ અને પૂજ્ય ભાવ હોય તેવો મને તેમના પ્રત્યે હોય એ સ્વાભાવિક હતું. એટલે દસ વરસની ઉંમરે મને તેમનું જે દર્શન થયું તે જ ખરું જોતાં મારે માટે તેમનું પહેલું દર્શન હતું. એમના આવવાની રાહ જોવાતી હતી ત્યાં મગનકાકાએ એક બપોરે ખબર આપ્યા કે બાપુજી ડરબન આવી પહોંચ્યા છે; તેઓ રાતે ફિનિક્સ આવશે ને આવતી કાલે આપણે ત્યાં જ જમશે. સાથે સાથે ભોજનમાં શું અને કેટલું જોઈએ તેની ચર્ચા પણ એમણે મારી બા સાથે કરી લીધી.

જૂના લોકો રાંધણછઠને દિવસે જેવી રીતે ચૂલાને કારખાનું બનાવી મૂકે છે તેવી રીતે અમારે ત્યાં રાંધવાની ધમાલ થઈ રહી. કોઈ પણ ચીજમાં સબરસ નાખ્યા સિવાય અનેક વાનગીઓ તૈયાર કરવામાં મારી બા અને કાકી ગૂંથાઈ ગયાં. એમની મદદમાં રહી મેં પણ નાનાં નાનાં કામ કરી આપ્યાં. એટલા બધા કલાકો રસોડામાં ગોંધાઈ રહેવું મને સાધરણ રીતે ન રુચે; પણ બધું કામ બાપુજી માટે હતું, એટલે મારી બા પાસેથી ઊલટું માગીને મગફળી ફોલવી, સાકર દળી આપવી, બદામ છોલી આપવી વગેરેમાં આખો દિવસ મેં વિતાડ્યો; સાથે સાથે તૈયાર થયેલી વાની બરાબર છે કે નહીં એ જોવા સારુ તે ચાખવાની મળતી તેમાં પણ મને કંઈ ઓછો લાભ નહોતો.

બીજે દિવસે સવારે ઊઠતાંની સાથે જ હું બાપુજીને ઘેર પહોંચ્યો. તેઓ રાતે આવી ગયા હતા. પહેલાંની જેમ એમને ખભે ચડી જવા જેટલો નાનો તો હું હવે નહોતો રહ્યો. વળી તેઓ એક જ દિવસ રોકાવાના હતા એટલે એમને કામ પણ ખૂબ હતું; મને બોલાવી કે રમાડી શકે એટલો વખત એમની પાસે ન હતો. છતાં હું એમની આંગળીએ ને આંગળીએ વળગી રહ્યો. એમની વાતો તો કંઈ સમજું નહીં, પણ એમની પાસે ઊભો ઊભો એમનું મોઢું જોયા કરું. આગલો આખો દિવસ મેં ઘરમાં કામ કરેલું, પણ બાપુજી આવ્યા તે દિવસે મને મારી બાની પાસે જવાનું સૂઝ્યું જ નહીં! પ્રેસના મુખ્ય મુખ્ય કામ કરનારાઓ સાથે

વાતોમાં બાપુજીએ સવારનો વખત ગાળ્યો; અને એ બધો વખત હું એમના ચહેરાના ભાવો જોતાં થાક્યો નહીં. ફિનિક્સના મોટા મોટા માણસો પણ તેમની પાસે સાવ ટિચૂકડા જણાતા હતા. બાપુજીનો એક એક બોલ બહુ ગંભીરતાથી નીકળતો હતો અને સાંભળનારા શબ્દે શબ્દે વધુ ચિંતામાં ને ઊંડા વિચારમાં પડી જતા દેખાતા હતા.

લગભગ એક વાગ્યે બાપુજી અમારે ત્યાં જમવા આવ્યા. ઘરમાં બે મોટાં ટેબલ હતાં તે અડોઅડ મૂકી, બંને ટેબલ ધોળી સફેદ ચાદરોથી આચ્છાદી દેવાયાં. ટેબલના બે છેડા પર બે અને વચ્ચે ચચ્ચાર પાંચ પાંચ, એમ બધી મળીને બારેક ખુરશીઓ થોડે થોડે આંતરે મુકાઈ. પછી ટેબલ ઉપર ખીરનું તપેલું, તેની બે બાજુએ રકાબીમાં રોટલીઓનો ખડકલો, ત્રણ ચાર ડઝન કેળાં, સુધારેલાં ટમેટાં, તેનું શાક, સંતરાં, નારંગી, લીંબુ, મગફળીના દાણા, મગફળીપાક, મગફળી ખાંડીને ઘી જેવો કરી નાખેલો તેનો ભૂકો (નટબટર) તથા બીજી કેટલીયે ચીજો ટેબલ ઉપર ગોઠવાઈ ગઈ. બધી જ ચીજો અત્યારે યાદ નથી રહી, પણ એટલું યાદ છે કે જુદી જુદી વાનીઓથી એ લાંબું ટેબલ એક છેડેથી બીજા છેડા સુધી આખું ભરાઈ ગયું હતું. બાપુજી કંઈક આઠદસ જણાની ટોળી લઈ જમવા આવ્યા. બરોબર ટેબલની વચ્ચોવચ્ચ એક ખુરશી ઉપર પોતે બેઠા, અને ટેબલ ઉપર જે જે મૂક્યું હતું તે તપાસી લઈ પોતાની આસપાસ બેઠેલાઓનાં ભાણાં પીરસવા મંડી ગયા. ખીર, રોટલી, શાક વગરે જમાઈ ગયું એટલે ફળનો વારો આવ્યો. રકાબીઓમાં મૂકી રાખેલાં કેળાં, નારંગી વગેરે લઈ પાસે બેઠેલાને તેમ જ દૂર બેઠા હોય તેને પણ પહોંચાડીને પછી બાપુજીએ પોતે પણ એ બધું ઠીક ઠીક પ્રમાણમાં લીધું. જમી લીધા પછી પણ તેમણે મોટાં વસાઈ જાતનાં કેળાં, મગફળીપાકનાં ઠીક ઠીક મોટાં ચારેક ચોસલાં, કેળાંની સાથે પેલું નટબટર, વળી શેકેલી મગફળીના દાણા, અને પછી બદામ અખરોટ વગેરે ચીજો ખાધી. તેમની સામે બેઠાં બેઠાં મેં આ બધું જોયાં જ કર્યું. મને પચે નહીં, ગૂમડાં થાય, તાવ આવે વગેરે ડરને લીધે એવી ચીજો ગણીગાંઠી જરાક જ મળતી. બાપુજીની પાસે આ બધાં ફળો પાંસરાં ચાલે છે, એમને કંઈ નુકસાન નથી કરતાં, એ જોઈ મને ભારે નવાઈ લાગી. લગભગ દોઢ કલાકે જમણ ઊકલ્યું. જમતાં જમતાં પણ બાપુજીએ કામ સંબંધી કેટલીયે વાતો કરી. એ દોઢ કલાક નકામો ન જવા દીધો.

જમીને બાપુજી સીધા પ્રેસમાં ગયા. ત્યાં સાવ ખૂણામાં દફતરનો એકાંત ઓરડો હતો, તેમાં મેજ પર કામે વળગી ગયા. તેમના કામમાં ખલેલ ન પડે તે સારુ બીજું કોઈ ત્યાં ગયું નહીં. હું પણ ન જઈ શક્યો.

સાંજે રવિવાર ન હોવા છતાં બાપુજીને ઘેર ‘મીટિંગ’ થઈ. એ દિવસોમાં ‘મીટિંગ’ માત્ર રવિવારે બપોરે ત્રણથી પાંચની વચ્ચે થતી અને અંગ્રેજી-ગુજરાતી ભજનો ગાઈ સૌ છૂટાં પડતાં. બાપુજી હોય ત્યારે રોજ રાત્રે પણ થતી. આજની મીટિંગ રાતના મોડે સુધી ચાલી અને ઊંઘે મને વહેલો ઘેરી લીધો. રાત્રે બાપુજી ક્યારે સૂતા એની મને ખબર ન પડી.

બીજે દિવસે સવારે બાપુજી ડરબન જવા ઊપડ્યા. મારા પિતાશ્રી પણ તેમની સાથે ગયા એટલે મને પણ ડરબન સુધી સાથે જવાનું મળ્યું. ડરબન પહોંચી અમે સીધા પૉઈંટ (બંદર) ઉપર ગયા. મિ. પોલાક હિંદુસ્તાનથી પાછા આવવાના હતા અને તેમના સ્વાગત માટે પૉઈંટ ઉપર અનેક હિંદુ, મુસલમાન, પારસી ગૃહસ્થો એકઠા થયા હતા. આગબોટ બારામાં આવી ગઈ હતી, પણ તેને ગોદીમાં આવવાને હજુ વાર હતી. તેથી બાપુજી રુસ્તમજી શેઠ, દાઉદ શેઠ, ઉમર શેઠ વગેરે ડરબનના આગેવાનો સાથે વાતચીત કરતા ગોદીના ઓટલાની ધારથી અંદરના ભાગમાં ગોડાઉન પાસે ઊભા હતા. એ ટોળામાંથી બહાર નીકળી હું પિતાશ્રી સાથે સ્ટીમર ઊભવાની જગ્યાએ પહોંચ્યો. સ્ટીમર આવી. તે પરથી નીચે સીડી મંડાઈ. એ સીડીથી પાંચસાત ડગલાં એક તરફ અમે ઊભા હતા. પિતાશ્રી અને તૂતક પર ઊભેલા મિ. પોલાક વચ્ચે કુશળ સમાચારની આપલે શરૂ થઈ. મારું ધ્યાન જાડાં જાડાં દોરડાં વડે સ્ટીમર જમીન સાથે જકડાઈ રહી હતી તે તરફ હતું. એટલામાં વીસેક વરસનો એક અંગ્રેજ જુવાન — જે બંદર ખાતામાં કંઈક હોદ્દો ધરાવતો હશે તે — ત્યાં આવ્યો અને સ્ટીમર તથા અમારી વચ્ચેની સાંકડી જગ્યામાંથી પસાર થયો. જતાં જતાં ઉદ્ધતાઈપૂર્વક તેણે પિતાશ્રીને કહ્યું, ‘ચાલ, ખસ અહીંથી.’ તેને રસ્તો જોઈતો હશે એવા ખ્યાલથી પિતાશ્રી એક ડગલું પાછળ હઠ્યા ને ફરી વાતે વળગ્યા. એક મિનિટ થઈ ન થઈ ત્યાં પેલો પાછો આવ્યો અને કહ્યું, ‘ચાલ ખ...સ’, પિતાશ્રી ન ખસ્યા અને એમ ને એમ વાતો કરતા ઊભા રહ્યા. પેલાનો મિજાજ ગયો અને ઘૂરકીને બોલ્યો કે ‘કેમ અલ્યા! તને આ સીડી પાસેથી ખસવાનું કહું છું તે ખસતો કેમ નથી? ચાલ, ખસી જા અહીંથી.’ એમ કહી તે પિતાશ્રીને ધકેલવા આવ્યો. પિતાશ્રી પેલાને કંઈ જવાબ દે અથવા ખસે એ પહેલાં તો વાત કરતાં કરતાં બાપુજીનું અને આખા ટોળાનું ધ્યાન આ ગોરા જુવાન તરફ ખેંચાયું. અને પેલાએ જે રાડ નાખી હતી એથી બમણે ઊંચે અવાજે બાપુજી ત્રાડુકી ઊઠ્યા: ‘એ એક તસુભાર પણ ખસશે નહીં!’ (‘He shan't move an inch’) આવા ઓચિંતા હુમલાથી એ જુવાન અમલદાર સ્તબ્ધ થઈ ગયો કે આ વળી કોણ! પિતાશ્રી સામેથી ખસી તે ઘૂરકતો બાપુજી સામે આવ્યો અને કહેવા લાગ્યો, ‘શા માટે નહીં ખસે? એણે

ખસવું જ પડશે. સ્ટીમર ઉપર ચડી જઈ કંઈ ઘાલમેલ કરવી છે શું?' બાપુજીનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો. તેમણે એવા ને એવા ઊંચા સ્વરમાં કહ્યું, 'નહીં, નહીં, એ એક તસુભાર પણ નહીં ખસે. તારે શું કરવું છે?' ધાંધલ વધે તે પહેલાં બીજા મોટા અંગ્રેજ અમલદારો પણ ત્યાં ભેગા થઈ ગયા. તેમણે એ યુવકને વારી લીધો અને સમજાવ્યો કે, 'એ તો ગાંધી છે, સામાન્ય કુલી નથી. એની સાથે વળી તું ક્યાં ઝઘડે છે? એ અને એના માણસો એમ સ્ટીમર પર જઈ ઘાલમેલ કરે એવા નથી.' આમ કહી તેઓ એ યુવકને ત્યાંથી લઈ ગયા. એને જતો જોઈ નીચે ઊભેલા હિંદીઓના ટોળાએ અને ઉપરથી આખી સ્ટીમરના હિંદીઓએ 'શરમ' 'શરમ'ના પોકારો કરી પેલા બિચારાને લજવી માર્યો.

આવેલા મહેમાનોને મળી કારવી બાપુજી પાછા સીધા જોહાનિસબર્ગ રવાના થયા. એકાદશી હોવાથી તે દિવસે તેમણે કંઈ પણ ખાધું નહોતું. સવારથી સાંજ સુધી ઊભે પગે એકધારું કામ કરતા જ રહ્યા અને ઉપવાસ છતાં પણ સારી પેઠે ચાલ્યા એ નિહાળી, મારો તેમના વિશેનો અચંબો બેવડાયો.

મને તેઓ પોતાની સાથે ટૉલ્સ્ટૉયવાડી ન લઈ ગયા એ દુ:ખ મારે સારુ આકરું હતું, પણ તેમણે જતાં જતાં મને આશ્વાસન આપ્યું કે, 'મહિના પછી હું પાછો આવીશ ત્યારે દેવદાસને તેડતો આવીશ. એ ફિનિક્સ થોડા મહિના રહેશે. અને એ ફરીને પાછો ફાર્મ પર આવે ત્યારે તું તેની સાથે આવજે.' જેમ મા જતી વખતે રમકડું આપી બાળકને ભોળવી જાય તેમ હું રાજી થઈ ગયો. અને બાપુજી ચાલ્યા ગયા તેનું દુ:ખ માનવાને બદલે દેવદાસકાકાની મળનારી સોબતની કલ્પનામાં રાચવા લાગ્યો.

## ૨
## દેવદાસકાકા

મહિના પછી છાપખાનામાં ગુજરાતી બીબાં ગોઠવવાનું કામ કરનારા શ્રી વીરજીભાઈ સાથે હું દેવદાસકાકાને લેવા ફિનિક્સ સ્ટેશને ગયો. બાપુજી ડરબનમાં રોકાઈ જવાને કારણે દેવદાસકાકા એકલા ટ્રેનમાંથી ઊતર્યા. બે મિનિટ સુધી તો હું જોઈ જ રહ્યો કે આ એ જ દેવદાસકાકા કે બીજું કોઈ! કદમાં ઊંચા ને પાતળા, નવી જ ઢબનાં કોટપાટલૂન પહેરેલાં, ને અધૂરામાં પૂરું માથાના બધા વાળ સફાચટ! બહુ વારે હું નક્કી કરી શક્યો કે હા, છે તો એ જ દેવદાસકાકા. સાધારણ ખબરઅંતર પૂછી અમે સ્ટેશનેથી ઊપડ્યા. અઢી માઈલનો લાંબો રસ્તો ખૂટતાં સુધી મેં દેવદાસકાકાનું ઝીણવટથી અવલોકન કર્યા કર્યું. તેઓ શું બોલે છે, શું જુએ છે, તેમનો અવાજ કેવો બદલાયો છે એ તપાસ્યું. ત્રણેક વરસ

પર જ્યારે અમે સાથે રમતાફરતા ત્યારે બ્રશ અને દાંતિયાથી વાળનાં પટિયાં પાડવામાં અમે અરધો કલાક બગાડતા. વળી માથે અંગ્રેજી કૅપ, બૂટ, મોજાં વગેરે ઘાલી ફાંકડા બનતા. ફાર્મથી આવેલા દેવદાસકાકા પાસે એવું કશું ન હોવાથી જ તેઓ બીજા કોઈક જેવા દેખાતા હતા. થોડો રસ્તો અમે મૂંગા મૂંગા કાપ્યો, ત્યાં દેવદાસકાકાએ વીરજીભાઈને પૂછ્યું, 'તમે મને બીબાં ગોઠવવાનું કેટલા દિવસમાં શીખવી દેશો?' ઘેર પહોંચ્યા ત્યાં સુધી આ જ મુદ્દા ઉપર તેમની વાતો થતી રહી. બધી વાતોનો સાર મેં એ કાઢ્યો કે બીબાં ગોઠવવાનું કામ શીખી લેવાને બાપુજીએ તેમને ત્રણ મહિના સારુ ફિનિક્સ મોકલ્યા છે. પછી પાછા તેમને ટૉલ્સ્ટૉયવાડી જવાનું છે; અને ફિનિક્સમાં પણ એમને ટૉલ્સ્ટૉયવાડીના બધા નિયમો જાળવવાના છે.

બીજે દિવસે થોડા કલાક સારુ બાપુજી ફિનિક્સ આવ્યા. તેમણે દેવદાસકાકાના અભ્યાસ વિશે મારા પિતાશ્રી તથા મગનકાકાને સૂચનાઓ આપી. અલૂણું બીજે દિવસથી જ શરૂ કરવાની દેવદાસકાકાને બાપુજીએ તાકીદ કરી. અલૂણામાં છૂટછાટ મૂકવા માટેની મોટેરાઓની કશી આનાકાની પર તેમણે ધ્યાન ન આપ્યું. રવિવારે મીઠાવાળું ખાવાની છૂટ આપી એ સિવાય છયે દિવસ અલૂણું કરવાનો આગ્રહ ફરી ફરીને તેમણે દેવદાસકાકાના મન ઉપર ઠસાવ્યો. ઉપરાંત ખરે બપોરે બેથી ચાર સુધી પાવડો લઈ બગીચામાં ખોદવાની સખત મજૂરી નિયમસર કરવાની સૂચના પણ કરી અને પોતે પાછા જોહાનિસબર્ગ રવાના થયા.

આ વેળા બાપુજી આવ્યા ત્યારે તેમના નિયમમાં એક આકરો વધારો થયો હતો. તેમણે મીઠાની જેમ ખાંડ ખાવાની પણ છોડી હતી. ખાંડ છોડવાને કારણે તેમના ભોજન માટે પહેલાંના જેટલી ધાંધલ નહોતી થઈ. ખાંડ કે મીઠું બેમાંથી કશું ન નંખાય એટલે પછી વાનગી જ કેટલી થઈ શકે? તેમણે મીઠું ને ખાંડ બંને છોડ્યાં એટલે બીજાઓની કેવળ અલૂણામાંથી છટકી જવાની હિંમત જ નહોતી ચાલતી.

દેવદાસકાકા આવતાની સાથે મારું વ્યક્તિત્વ તેમનામાં ઓગળી ગયું. તેમની સાથે સાથે રહેવાનું, ભણવાનું, રમવાનું, જમવાનું થતું એટલું જ નહીં પણ કોઈ પણ ચીજનો કે કોઈ પણ કામનો વિચાર હું દેવદાસકાકા વિના ન કરી શકતો. શબ્દશ: તેઓ મારે માટે વડા વિદ્યાર્થી જ નહીં પણ પૂરા નેતા બન્યા. એમની ઢબે કપડાં પહેરવાં, એમની ઢબે બટન બીડવાં, એમની ઢબે દોડવું, એમની ઢબે કોદાળી ઝાલવી, એમની ઢબે નાક છીંકવું એ મારો આદર્શ થઈ પડ્યો. હું ઘર ભૂલ્યો, મુરબ્બીઓનો ડર ભૂલ્યો, મારો વાંચવાનો-ચીતરવાનો ને

એવો બીજો રસ પણ ભૂલ્યો. દેવદાસકાકાના જોડિયા બની રહેવાની એક જ અભિલાષા મનમાં રહી. એમની સાથે મારો કાર્યક્રમ ગોઠવાયો.

સવારે ઊઠી, નાહીધોઈ, ભોજનના વખત સુધી અમે ગુજરાતી, ગણિત, સુલેખન અને અંગ્રેજીનો અભ્યાસ કરતા. મારા પિતાશ્રી અમને શીખવતા. અલૂણામાં પણ મેં તેમને સાથ આપ્યો. બપોરે દેવદાસકાકા બીબાં ગોઠવવા જતા અને હું વાંચતો. બેથી ચાર મગનકાકા સાથે ખોદવાનું કામ કરતા અને સાંજે રમતગમત કરી સૂઈ જતા.

જોકે દેવદાસકાકાની ઉંમર મારાથી બહુ મોટી ન હતી તોપણ તેઓ પોતાને ક્યાંયે બાળક લેખતા હોય એવું દેખાતું જ નહીં. જેની પાસે તેઓ જાય તેની પાસે પોતે જાણે તેવડા જ મોટા હોય તેમ વર્તે. મારાથી તેમની આ વાતનું અનુકરણ ન થતું. મને થતું, હું કંઈ બાપુજીનો દીકરો નથી, એટલે મારાથી એમની જેમ મોટા ન થવાય. તેમની ભૂલ થાય તોયે મોટાઓ તેમને ન વઢે, પણ મને તો જરૂર વઢે. વળી દેવદાસકાકા તો હોશિયાર છે, તેમનાથી ભૂલો થતીયે નથી; અને મારાથી તો ઘણીયે થઈ જાય છે; આથી હું જેની પાસે જાઉં તેની પાસે ગુનેગાર જેવો ઊભો રહું ને દેવદાસકાકા અક્કડ નીડર ઊભા રહે.

એક મગનકાકાની દેવદાસકાકા બહુ અદબ રાખતા એમ મેં જોયું. અદબ તો એ સૌની રાખતા, પણ મગનકાકા પાસે તેઓ પોતાને બાળક લેખતા જણાતા. બપોરે બેથી ચાર બગીચામાં કોદાળીથી ખોદવા અમને બંનેને મગનકાકા લઈ જતા. ત્યાં હું જેટલી ભીરુતાથી અને વડીલભાવથી મગનકાકાને ઈશારે કામ કરતો એટલી જ નમ્રતા અને વડીલભાવથી દેવદાસકાકા પણ એમનું કહ્યું કરતા. તેમની સાથે તેઓ ભાગ્યે જ દલીલમાં ઊતરતા. એક બાજુ દેવદાસકાકા, એક બાજુ હું અને વચ્ચે મગનકાકા એવી રીતે અમારી કોદાળીઓ સતત ધરતી પર આગળ ને આગળ ઘા કર્યે જતી.

ગમે તેટલો થાક લાગે, પણ જ્યાં સુધી મગનકાકા વિસામો ન ખાય ત્યાં સુધી અમે ઊભા ન રહેતા. અને માંડ બેત્રણ મિનિટ વિસામો લીધો હોય ત્યાં પાછા અમે કામે વળગી જતા. કાગળ ઉપર આ વર્ણન કદાચ લૂખું લાગતું હશે, પણ એ ખોદવાનો રસ વર્ણવ્યો ન જાય એવો હતો. ક્યારે આ બે કલાક પૂરા થાય અને ક્યારે આમાંથી છૂટીએ એવો કંટાળો આવ્યો હોય એવો કોઈ દિવસ મને યાદ નથી. જેમ જેમ પરસેવાનાં મોતી બાઝતાં અને હાથમાં આંટણ પડતાં તેમ તેમ અમારો આનંદ વધતો. ગુસ્સાવાળા મગનકાકાને પણ આ સમય દરમિયાન કદી કપાળે કરચલી પડેલી સાંભરતી નથી. ઘણુંખરું કામ તો મૂંગે મોઢે જ ચાલતું. વચ્ચે મગનકાકા કંઈક મીઠો વિનોદ અને આછું હાસ્ય કરી અમારો

ઉત્સાહ વધારતા. જેમ હું દેવદાસકાકામાં ખોવાઈ જતો તેમ અમે બંને મગનકાકામાં એ વખતે ખોવાઈ જતા. મગનકાકાનો સંકલ્પ, તેમની મહેનત, સફાઈ અને તેમની હોંશ, એક પછી એક પડતા કોદાળીના ઘા સાથે અમને પોતાનામાં સમાવી લેતી. ખોદવાના એ વર્ગની મહત્તાનું ભાન એ વખતે અમને ન હતું. મગનકાકાની મહત્તાનું તો હતું જ નહીં, પણ એ આખી ક્રિયાએ એક ભારે રસાયણનું કામ કર્યું, જે રસાયણને આધારે, પૂરું એક વરસ માંડ વીત્યું હશે ત્યાં, મગનકાકાની જાદૂભરી દેખરેખમાં ફિનિક્સ પર આવી પડેલા કટોકટીના મામલા વખતે અમે અર્ધા માણસો લગભગ આખા માણસો સમા બની ગયા.

રવિવાર અમે ખૂબ માણતા. તે દિવસે કામની ને ભણવાની છુટ્ટી સાથે અલૂણાની છુટ્ટી રહેતી તેથી અમારો ઉમંગ ઊભરાતો. ઘરમાં તે દિવસે મસાલેદાર ઊની ઊની રસોઈ મળતી. અમે છ દિવસનું એકસામટું મીઠું ખાઈ લેવું હોય તેમ અકરાંતિયાની પેઠે ફરસાણ આરોગતા, અને પછી દૂર દૂર સુધી ફરવા જતા, દોડતા, પતંગ ઉડાડતા, બગીચામાં નાની ક્યારીઓમાં વાવવાનુંયે કરતા અને રવિવારની સંધ્યા માથા પર તોળાઈ રહેતી કે પાછા છ દિવસ સુધીના અલૂણાની ચિંતામાં પડી જતા.

લગભગ ત્રણ મહિના સુધી અમારો આ કાર્યક્રમ ચાલ્યો. એટલા દિવસમાં મારે સારુ તો જાણે આખો યુગ પલટાઈ ગયો. સૂનાપણું અને ઉદાસી જઈ સતત ઉત્સાહ અને નવું નવું જાણવામાં જીવન રસભર્યું બન્યું.

ત્રણ મહિના પૂરા થયે મને દેવદાસકાકા સાથે ફાર્મ પર જવાનું મળશે કે કેમ એની મને ફિકર હતી; પણ ત્રણ મહિના પૂરા થયે તરત દેવદાસકાકા પાછા નહી ચાલ્યા જાય એવી ખાતરી થતાં મને નિરાંત થઈ. પૂજ્ય બા ટૉલ્સ્ટૉયવાડીથી આવી ગયાં હતાં અને મોટું (બાપુજીનું) ઘર ઊઘડ્યું હતું. હું મારે ત્યાં અને દેવદાસકાકા પોતાને ત્યાં જમતા-સૂતા, છતાં અમારો સહવાસ જરાયે ઢીલો પડ્યો ન હતો. અમારું ભણતર અને ઘડતર એકધારું સાથે સાથે આગળ વધ્યે જતું હતું.

## ૩
## સ્વાગત

એક દિવસ સવારના પૂજ્ય બા પાસે મગનકાકા બાપુજીની પાઘડી લેવા આવ્યા. બાપુજી વકીલાત કરતા ત્યારે પાછળ છોગાવાળી ટોપી જેવી કાળી પાઘડી પહેરતા. પાછળથી તેઓ ઉઘાડે માથે જ ફરતા. ફિનિક્સમાં પડેલી એ જૂની ટોપી શા માટે મંગાવી હશે એ અમને પ્રશ્ન થયો. પૂજ્ય બા પાસે ખુલાસો કરતાં મગનકાકાએ જણાવ્યું કે, 'ઑનરેબલ મિસ્ટર ગોખલે આવે છે. એમને

લેવા બાપુજી કેપટાઉન જવાના છે. એમની સાથે હરતીફરતી વખતે એ ટોપી પહેરવી પડશે એમ બાપુ લખે છે.'

એક શનિવારે સાંજે હું અને દેવદાસકાકા સ્ટેશને જતા હતા. સ્ટેશને જવાનો રસ્તો ટીંબાટેકરાવાળો અને જ્યાંત્યાં પાણીથી ખોદાઈ ગયેલો હતો. એટલાં વરસ તેના ઉપર આવજા કરી છતાં કદી એને સુધારવામાં આવ્યો હોય એવું અમે દીઠું ન હતું. તે દિવસે અમે પહેલી જ વાર જોયું કે કેટલાયે ગિરમીટિયાઓ રસ્તો સુધારીને મોટર જઈ શકે એવો કરી રહ્યા હતા. આ શું કૌતુક છે એ સમજાયું નહીં, એટલે મેં એમાંના એકને પૂછ્યું કે, 'કોઈ દિવસ નહીં અને આજે કેમ આ રસ્તો સુધારો છો?' તેમણે કહ્યું, 'ગોખલે મહારાજ હમારે દેશસે આતે હૈં, ઈસલિયે યહ રાસ્તા ઠીક કિયા જાતા હૈ.' મેં દેવદાસકાકાને પૂછ્યું, 'પણ એમાં આ ગોરા લોકોને શું છે? તેઓ શું કામ પોતાની જમીનમાં રસ્તો સરખો કરાવે?' જવાબમાં તેમણે કહ્યું કે 'એ બાપુથીયે મોટા છે અને સરકારના પણ મહેમાન છે, એટલે ગોરાઓ રસ્તો સરખો ન કરાવે તો આપણા દેશમાં એમની આબરૂ જાય.'

થોડા દિવસમાં તો 'ઇન્ડિયન ઓપીનિયન'માં સુંદર ફોટાઓ આવવા લાગ્યા. એક ઘોડાગાડીમાં ગોખલેજી અને તેમની સામે બાપુજી પેલી પાઘડી પહેરીને બેઠા હતા અને ગાડીની આસપાસ લોકોની ભીડ હતી.

કેપટાઉનમાં લેવાયેલી એક છબી પછી તુરત કિંબરલીમાંનો ગોખલેજીનો ફોટો, તેમને રહેવાનું મકાન, તેમના સ્વાગત માટે તૈયાર કરેલો કમાનવાળો દરવાજો વગેરેના ફોટાઓ ફિનિક્સમાં આવ્યા તે મેં જોયા; ત્યાંની સભાઓનાં રસમય વર્ણનો સાંભળ્યાં. પછી 'ઇન્ડિયન ઓપીનિયન'માં જોહાનિસબર્ગના હિંદીઓએ તૈયાર કરેલી અપૂર્વ કમાનનો ફોટો છપાયો. ફિનિક્સમાં ગોખલેજીનું આગમન ચર્ચાનો મુખ્ય વિષય થઈ રહ્યું. જ્યાં જઈએ ત્યાં આવી ચર્ચાઓ સાંભળીએ: 'હીરો ને સોનું ભેગાં થયાં છે. ગાંધી-ગોખલેની પાછળ દેશીઓ તો ઠીક, ગોરાઓ પણ ગાંડાની માફક ઊલટ્યા છે. માનવંતા ગોખલેજીને આટલું બધું માન અપાવી બાપુજીએ હિંદીઓની પ્રતિષ્ઠા અનેક ગણી વધારી મૂકી છે. રાતદહાડો એક કરી બાપુજી ગોખલેજીની ખિદમત કરી રહ્યા છે. હિંદીઓ તરફથી માન આપવામાં કે ગોખલેજીની સગવડમાં ક્યાંયે પ્રમાદ દેખાય તો બાપુજી હાજરી લઈ નાખે છે. ભલભલા સેવકો ઊભે પગે એમની સેવા કરે છે તોયે બાપુજી પંડે ગોઠવણો કરવા લાગી જાય છે. ગોખલેજીને માન અપાવવામાં બાપુજી જરાયે ઊણું નથી રહેવા દેતા.' વગેરે. ફિનિક્સમાં અમારું ભણવાનું પણ ઓછું થયું. ગોખલેજીના માનમાં ડરબનના હિંદીઓએ છોકરાઓ અને

છોકરીઓની હરીફાઈઓ ગોઠવી હતી અને ગોખલેજીને હાથે ઈનામ અપાવવાનું ઠરાવ્યું હતું. અને એ હરીફાઈમાં અમારી ફિનિક્સ શાળાનેય આમંત્રણ હતું. આસપાસના ગિરમીટમુક્ત હિંદીઓના છોકરાઓને ભેગા કરતાં અમારી સંખ્યા માંડ આઠથી દસની થઈ. અરધા માઈલની દોડ, સો વારની દોડ, ત્રણ પગી દોડ તથા હનુમાન અને અંગદકૂદકાના અભ્યાસ કરવા આડે શાળાનો અરધો વખત વીતી જતો. દેવદાસકાકા અમારા સૌમાં ખૂબ આગળ નીકળી જતા. લાંબી દોડમાં મગનકાકા ત્રણ મિનિટનો આરંભ મને ને બીજા છોકરાને આપતા. અમે ફર્લાંગેકથી વધુ દોડી ગયા હોઈએ ત્યારે દેવદાસકાકાને દોડવાની શરૂઆત કરાવતા. છતાં તેઓ અમારી પહેલા નીકળી જતા. એમની સામે હું ઝંખવાઈ જતો, એટલું જ નહીં પણ મનમાં બળતો પણ ખરો. ડરબન જવા માટે દેવદાસકાકાને મોટી ટોળીમાં અને મને નાના છોકરાઓની ટોળીમાં મૂકવામાં આવ્યા ત્યારે મને જીતવાની કંઈક આશા ઊપજી. હરીફાઈની તૈયારી ઉપરાંત ફિનિક્સમાં મુખ્ય મુખ્ય જગ્યાએથી ઘાસ કાઢી બધું સાફ ને સુંદર કરવામાં અમારો વખત જતો. ગોખલેજી આવે ત્યારે ગાવા માટે રોજ સાંજે રામાયણના દોહા-ચોપાઈની તથા એક અંગ્રેજી ભજનની અમને મગનકાકા તાલીમ આપતા. એ સિવાયનું અમારું બધું ભણતર ત્યારે સૂઈ ગયું હતું.

જોહાનિસબર્ગ વગેરેમાં થયેલા ભારે મેળાવડાઓની વાતો સાંભળી દેવદાસકાકાનું મન ફિનિક્સમાં નહોતું રહ્યું. ત્યાંના સમારંભોનો રસ લેવા જવાનું એમને બહુ મન થયું. એમનાથી જોહાનિસબર્ગ તો ન જવાયું, પણ ડરબન તથા મૅરિત્સબર્ગ સુધી જવાની એમને પરવાનગી મળી. મૅરિત્સબર્ગ નાતાલની રાજધાની હોઈ જોહાનિસબર્ગને રસ્તે તે આવેલું. હું ટોલ્સ્ટૉયવાડી જવાથી વંચિત રહેલો, જોહાનિસબર્ગનું પણ મારાથી નામ લેવાય એમ ન હતું. પણ દેવદાસકાકા સાથે મૅરિત્સબર્ગ સુધી પહોંચવાની મેં મનમાં ગાંઠ વાળી. દેવદાસકાકાને મધ્યસ્થ બનાવી મેં મુરબ્બીઓની રજા મેળવી. દિવાળીના પરબના દિવસો શરૂ થઈ ગયા હતા. એ દિવસોમાં ઘેરથી મુસાફરીએ ન જવાય એવી શિખામણ મને આપવામાં આવી, પણ ફિનિક્સના વાડામાંથી છૂટી બહાર ફરવાનું મળે એ મારે મન મોટી દિવાળી હતી, એટલે મેં જીદ ન છોડી ને આખરે ફાવ્યો. દેવદાસકાકા સાથે એક સવારે હું ડરબન પહોંચ્યો.

ડરબનથી મૅરિત્સબર્ગ સુધી ગોખલેજીના સ્વાગત સારુ હિંદીઓથી ભરેલી એક આખી ટ્રેન જવાની હતી. એને ઊપડવાને ચારેક કલાકની વાર હોવાથી અમે બંને રુસ્તમજી શેઠને ત્યાં ગયા.

અમે પહોંચ્યા ત્યારે શેઠજી, ગોખલેજીના સ્વાગતની, ઠેરઠેરથી આવેલા મહેમાનોની અને સાથે સાથે દુકાનની, એમ તેવડી વ્યવસ્થાની ધમાલમાં પડ્યા હતા. છતાં એમણે અમને છોકરાઓને જોઈતી સગવડ જાતે કરી આપી. પોતાનું રસોડું — બબરચીખાનું — અમને બતાવ્યું. મારે માટે ચૂલો ખાલી કરી આપ્યો, દૂધ મંગાવી દીધું અને બીજું જે જોઈએ તે માગી લેવાનું ફરમાવી પોતાને કામે ચાલ્યા ગયા. અમે બંને નાસ્તો કરવાની તૈયારીમાં હતા ત્યાં અચાનક અમારી પાછળ જમનાદાસકાકા આવી ઊભા. ડરબનની બધી તૈયારી તપાસવા અને અધૂરું કામ પૂરું કરવા બાપુજીએ તેમને અગાઉથી મોકલ્યા હતા. તેમની પાસેથી ટ્રાન્સવાલમાં થયેલા ભભકાદાર સ્વાગતની ઘણી વિગતો અમને જાણવા મળી. ટૉલ્સ્ટૉયવાડીના નાનામોટા સભ્યોમાંના કોને કોને શું શું કામ સોંપાયું હતું અને કોણે પોતાને શોભાવ્યો અને કોણે ઠપકો મેળવ્યો તે નામ લઈ લઈને તેમણે દેવદાસકાકાને જણાવ્યું. મને એ રીતે ફાર્મવાસીઓનાં નામોનો ને ત્યાંના નિવાસીઓના સ્વભાવનો કંઈક પરિચય મળ્યો.

ટૉલ્સ્ટૉયવાડીમાં સ્વાગતને સારુ કરેલી કમાનોને ત્યાંના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની મહેનતથી ઉગાડેલાં આડુ (પીચ), લીલાં અલૂચા (ઍપ્રિકૉટ) વગેરે તાજાં ફળોનાં ઝૂમખાંથી શણગારેલી અને બહુ જ સાદી ચીજોથી બધી શોભા કરેલી. એ બધું વર્ણન જમનાદાસકાકા પાસેથી સાંભળ્યું ત્યારે ત્યાં ન હોવાનું મને બહુ દુ:ખ થયું.

ટ્રેન ઊપડવાને વાર હતી અને જમનાદાસકાકા પોતાને કામે ઊપડી ગયા એટલે અમે બંને રુસ્તમજી શેઠની વખારમાં પેઠા અને ખૂણેખૂણો તપાસી વળ્યા. મહેમાનો માટે બરફ, સોડાવૉટર, શરબત અને બીજી ઘણી ચીજો ત્યાં ખડકાયેલી હતી. ખપતી ચીજો ઉપર કોઈને પૂછ્યા વિના અમે ઠીક હાથ ચલાવ્યો. ફિનિક્સ જેવે ગામડેથી અમે શહેરમાં આવેલા; તેમાંયે મારો અટકચાળો સ્વભાવ. દહાડે વીજળીની બત્તી બાળવી, ટેલિફોનની ઘંટડી બજાવવી ને એવું બીજું નુકસાન કરવાની મને ચળ તો ઘણી; પણ દેવદાસકાકા સાથે હોવાથી હું અંકુશમાં રહ્યો. બપોરે એકને ટકોરે મોટા ટેબલ ઉપર અનેક મહેમાનોની સાથે પંગત પર અમે પણ હાજર થઈ ગયા. સવારથી અમારું મોઢું ચાલુ હતું, છતાં જમવા તૈયાર જ હતા! મને એમની સાથે જમતાં એક વાતની સૂગ આવી કે મેજ પર ઘણા જણ માંસની બનેલી વાનીઓ - જેમાં કુમળાં હાડકાં પણ ચૂસવાનાં હતાં - લઈ રહ્યા હતા. પણ અમારો ખૂણો આઘો હતો અને એમાંની કોઈ પણ ચીજ ભૂલથીયે અમારી વસ્તુને અડી ન જાય એની રુસ્તમજી શેઠ પૂરતી સાવધાની રાખતા હતા.

અમે ત્યાં બેસીને અમારા હાથનાં જ બનાવેલાં ખીચડી ને શાક આરોગ્યાં, અને પંગત પૂરી થયે સ્ટેશને જવાની તૈયાર કરી.

આખી ટ્રેન અમારે માટેની જ હતી. ખાસ સ્વાગત સારુ તે મૅરિત્સબર્ગ જતી હતી. રુસ્તમજી શેઠને ત્યાંથી જ અમને ટિકિટો મળી ગઈ હતી. ખુશાલી અને આદર માટે દરેકે પોતાની પાસે એક એક વાવટો રાખવાનો ઠરાવ હતો. આ વખતે આપણો રાષ્ટ્રીય વાવટો તૈયાર નહોતો થયો, એટલે જુદા જુદા રંગના અનેક વાવટાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. રુસ્તમજી શેઠના નાના દીકરા સોરાબજીએ બેત્રણ મોટા વાવટાઓ પણ સાથે લીધા. લાલ-ધોળા ચટાપટાવાળા બધા વાવટા જતા કરી મેં લીલો વાવટો પસંદ કર્યો. ગાર્ડના વાવટાથી ટ્રેન ચાલે છે તો મારા વાવટાથી એ ચાલે છે કે નહીં એ મારે જોવું હતું. અમારું સરઘસ સ્ટેશને પહોંચ્યું. આખી ટ્રેન વાવટાવાળાઓથી ભરાઈ ગઈ અને વખત થતાં મૅરિત્સબર્ગ જવા ઊપડી. ત્રીજા વર્ગના બેત્રણ ડબાઓ સિવાય આખી ટ્રેનમાં એવી ગોઠવણ (કોરીડોરની) હતી કે ચાલતી ગાડીએ એક ડબામાંથી બીજામાં અને તેમાંથી ત્રીજામાં એમ સળંગ ગાડીમાં આવજા થઈ શકે.

ટ્રેન ઊપડી કે અમે અમારો ધંધો આદર્યો. બે વાર તો અમે આખી ટ્રેનમાં ફરી આવ્યા. એક ડબામાં હોટેલ હતી અને ત્યાં ખૂબ ભીડ હતી. બધે ફરી આવીને અમારા ડબામાં અમે બેઠા. એ પહેલા વર્ગનો ડબો હતો. અમારી બેઠક પાસે એક બટન હતું. એ દાબવાથી નોકર આવીને ઊભો રહે અને હોટેલમાંથી જે કંઈ જોઈતું હોય તે લાવી આપે એમ મેં સાંભળ્યું. મેં પ્રયોગ કર્યો. પરંતુ નોકર ન આવ્યો. મને પાછળથી ખબર પડી કે એ સગવડ તો ગોરાઓ માટે જ હોય છે અને આ સ્પેશ્યલ ટ્રેન માટે એ ગોઠવણ ન હતી. અંદરનું જોઈ-પરવારી બારીમાંથી મેં મારો લીલો વાવટો અને દેવદાસકાકાનો લાલ વાવટો ખૂબ ફરકાવ્યો, પણ ટ્રેન ઊભીયે ન રહી અને જોરથી ચાલી પણ નહીં! એ તો જતી હતી તેમ જ ગઈ. ડ્રાઈવરે ઓછીવત્તી ચાલ પણ ન કરી. ગાર્ડની માફક અમારી પાસે સિસોટી પણ હતી તે પણ કંઈ ઉપયોગમાં ન આવી, ત્યારે એન્જિનવાળા ઉપર મને ચીડ ચડી અને ગાર્ડનો વાવટો એ કેમ ઓળખી શકતો હશે એ પ્રશ્ન પણ થયો. ખાસ અમારી જ ટ્રેન, બધા એક જ જગ્યાએ જવાવાળા, એટલે કોઈ ઊતરે નહીં કે ચડે નહીં. મોટાં મોટાં સ્ટેશનોએ પણ ગાડી ઊભી ન રહી અને દોઢબે કલાક સુધી ચાલ્યા જ કરી. જ્યારે એન્જિનમાં પાણી ખૂટી ગયું ત્યારે એક નાની જગ્યાએ એ ઊભી રહી, પાણી લીધું ને પાછી ઊપડી તે ઠેઠ મૅરિત્સબર્ગ જઈને થોભી. ત્યાં આખી ટ્રેન એકસાથે ખાલી થઈ ગઈ.

ગોખલેજી આવી ગયા હતા. તેઓ ઊતર્યા હતા તે બંગલો અમે જોયો અને પછી બધાની સાથે અમારે ઉતારે ગયા, જમ્યા, મૅરિત્સબર્ગની બજાર જોઈ આવ્યા અને રાત પડી એટલે સૂઈ રહ્યા. સવારે આઠેક વાગ્યામાં ટ્રેન ઊપડવાની હતી એટલે ઊઠતાંવેંત દાતણપાણી કરી ત્રણેક માઈલ ચાલી પાછા સ્ટેશને આવ્યા. જેમની સાથે આવ્યા હતા તેમનો સથવારો મૂકી દીધો અને અમે બંને તો ગોખલેજીના ડબામાં જ પહોંચી ગયા. તેમના ડબામાં બાપુજી અને બીજા એકાદ જણ સિવાય બીજા કોઈને બેસવા દેવામાં નહોતા આવતા. અમને તો બાપુજીએ જ અંદર આવવા દીધા એટલે પછી કોણ પૂછે?

ગોખલેજી એકલું પહેરણ પહેરી ઉઘાડે માથે બેઠા હતા. માથાના અરધા વાળ ધોળા અને અરધા કાળા હતા. અમે જઈને પગે લાગ્યા. કોઈએ દેવદાસકાકાને ઓળખાવ્યા એટલે તેઓ એમની સામે જોઈને હસ્યા અને પછી પોતાના હાથમાં હતું એ વાંચવા મંડી ગયા.

ડબામાં અમારા દાખલ થયા પછી તરત ટ્રેન ઊપડી ચૂકી હતી. થોડી વારે બાપુજી ગોખલેજીનાં કપડાં લઈ આવ્યા અને તેમને નાહીધોઈ લેવાનું કહ્યું. ગોખલેજીને માટે જનરલ સ્મટ્સે પોતાને ફરવાનો ખાસ ડબો - સલૂન - આપ્યો હતો, એટલે પછી એમાં શી મણા હોય? પહેલા વર્ગનો ડબો જોઈને થયેલું તેના કરતાંયે આ સલૂન જોઈને મને ઘણું વધારે આશ્ચર્ય થયું. એમાં નાહવાની ઓરડી, ઠંડું અને ગરમ પાણી, પાયખાનાની સગવડ, સૂવા માટે પલંગ, લખવા માટે ટેબલ-ખુરશી તથા તેના ઉપર કાગળ, ખડિયો ને કલમ બધું. જાણે એ એક બંગલો જ હતો. ગોખલેજી નાહવા ગયા એટલે બાપુજીએ ધીમેથી સૂચના આપી: ‘હવે તમે બધું જોઈ લીધું. અહીં રહેવું સારું ન કહેવાય, એટલે તમે હવે બીજાઓની સાથે જઈને બેસો. કામ ન હોય ત્યાં નકામું ઊભું રહેવું ન જોઈએ.’ બાપુજીનું આ ફરમાન કડવું તો લાગ્યું, પણ છૂટકો ન હતો એટલે અમે ત્યાંથી નીકળી બીજા ડબામાં બેઠા.

આખે રસ્તે પાટાની બંને બાજુએ ઠેકઠેકાણે લોકોનાં ટોળાં ઊલટ્યાં હતાં. ‘ગોખલે મહારાજની જય’ની ગર્જનાઓમાં ટ્રેન ચાલવાનો અવાજ પણ ડૂબી જતો હતો. ડરબન આવ્યું ત્યાં તો ક્યાંયે જમીન જ નહોતી દેખાતી. જમીનને બદલે બધે માણસોનાં માથાં જ દેખાય. ગોખલેજી ઊતરીને સ્ટેશન બહાર નીકળ્યા. કેટલાયે માણસો એમને ઘેરી વળ્યા. અમારે માટે તેમની પાસે પહોંચવાનો એકે ઉપાય ન હતો. અમને ડર તો એ લાગ્યો કે જો તેમની પહેલાં અમે રુસ્તમજી શેઠના ઘરમાં નહીં પહોંચીએ તો પછી બહાર જ રહેવું પડશે, એટલે અમે એમનું સરઘસ છોડી દઈ સીધા રુસ્તમજી શેઠને ત્યાં પહોંચ્યા.

# ૪
# ગોખલેજી

હું ભૂલતો ન હોઉં તો ડરબન સ્ટેશનથી ઘોડા છોડી નાખી ઉત્સાહી લોકોએ ગોખલેજીની ગાડી ખેંચી હતી. એ માનવસમુદ્રમાં મારા જેવો ટીનિયો શું જોઈ શકે? ધૂળ, ઘોંઘાટ અને ધસારા વચ્ચે બાપુજી અને ગોખલેજી ખોવાઈ ગયા. મારે નસીબે એમને વિશેની વાતો જ સાંભળવાનું રહ્યું. જેમ જોહાનિસબર્ગનાં માનપાનની વાતો ફિનિક્સમાં સાંભળી હતી તેમ ડરબનમાં પણ જાતે હાજર હોવા છતાં મારે નસીબે તો સાંભળવાનું જ આવ્યું. મારે સારુ એ બધા સમારંભો લગભગ અણદીઠા જ રહ્યા.

‘‘ગોખલેજીનું મુખ્ય ભાષણ ડરબનના ટાઉન હૉલમાં થયું. હિંદીઓ ને ગોરાઓથી એ આખો વિશાળ ખંડ ચિકાર ભર્યો હતો. એટલી ભીડ છતાં કોઈનો ખોંખારો સંભળાતો ન હતો. સૌનાં આંખકાન ગોખલેજી પ્રત્યે એકાગ્ર થયાં હતાં. એમનું ભાષણ ભાષણ ન હતું, જાણે મંત્રપ્રવાહ હતો. એકેએક બોલ સ્પષ્ટ, ગંભીર અને સાંભળનારનું દિલ હલાવી નાખનારો હતો. એ ભાષણે હિંદીઓમાં આશા અને ગોરાઓમાં ન્યાયબુદ્ધિ પ્રગટાવી. સાચે જ, એમના બોલ તો જાણે મોતી વેરાયાં.’’

આવું આવું એમના ભાષણ વિશે મેં સાંભળ્યું, પણ તેમણે શું કહ્યું એની મને ખબર ન પડી. અમારા રસનો વિષય તો એક જ હતો - એમને હાથે વહેંચવાનાં ઈનામો. એટલે અમે સીધા ઘોડદોડના મેદાનમાં પહોંચ્યા. ફિનિક્સથી અમારા બીજા સાથીઓ પણ આવી પહોંચ્યા હતા તેમાં અમે ભળી ગયા. અનેક ટોળીમાં સેંકડો છોકરાછોકરીઓ મેદાની શરતો રમી રહ્યાં હતાં. ઠેકઠેકાણે સોડા, લેમન, ફળ, બિસ્કિટ ને રોટીના ઉપાહારની વ્યવસ્થા હતી. ખેલાડીઓને એ બધું મફત મળતું, એટલે અમારે લહેર હતી.

શરતમાં ઊતરેલા છોકરાઓના મજબૂત સ્નાયુ અને ચપળતા જોઈ હું ઢીલો પડી ગયો ને શરતમાં ઊતરવાની મારી હિંમત ન ચાલી. ફક્ત સો વારની દોડમાં હું ઊતર્યો. હલકા શરીરનો હોઈ, દોડવામાં મારી ઝડપ પૂરતી છે એવો મને વિશ્વાસ હતો, અને હું ઉત્તમ ઝડપે દોડ્યોયે ખરો. પરંતુ દોડ શરૂ કરતી વખતે જ હું એક ડગલું પાછળ રહી ગયો. એ દોડમાં અમે સોએક છોકરાઓ સાથે હતા એટલે કોણ પહેલું આવ્યું એ પારખવું આકરું હતું. મારો નંબર પાંચમો કે છઠ્ઠો મુકાયો એ મને અન્યાય લાગ્યો. ઓછામાં ઓછો હું ત્રીજા નંબરે તો હતો જ એવી મારી ખાતરી હતી, છતાં મારું કોઈએ સાંભળ્યું નહીં અને ગોખલેજીને

હાથે ઈનામ મેળવવાનું સૌભાગ્ય મેં ખોયું. ઈનામ કરતાં પણ ગોખલેજી મને ઓળખત અને આશીર્વાદ દેત એ તક ગઈ એ મને વધુ ખોટું લાગ્યું. પણ હાથથી ગયેલી બાજી માટે ખરખરો કર્યે શું વળે?

અમારી શરતો પૂરી થયે અમે એક ઝાડ નીચે બપોરના બેત્રણ વાગ્યા સુધી નિરાંતે આરામ લીધો તથા બીજી શરતો જોઈ. અઢી ત્રણ વાગ્યે ગોખલેજી આવ્યા અને આખા મેદાનમાં શાંતિ અને સુવ્યવસ્થા ફેલાઈ ગઈ. અમે પણ અમારું ઝાડ મૂકી જ્યાં મોટા મોટા લોકોને બેસીને જોવાની જગ્યા હતી ત્યાં જઈ ઊભા રહ્યા. નાના છોકરાઓની શરતો ગોખલેજીના આવતાં પહેલાં પૂરી થઈ હતી. મોટા માણસોની શરતો તેમની રૂબરૂમાં થઈ. સૌ પહેલાં સાતઆઠ જણા ઘોડદોડનું આખું ચક્કર બે વાર દોડ્યા. પછી સાઈકલવાળાઓની શરત થઈ અને ત્યાર પછી સ્ટીમર અને એન્જિનની શરત થઈ. એક સાઈકલ ઉપર સ્ટીમરનું પૂઠાનું એક મોટું ખોખું કરીને મૂક્યું હતું અને બીજી ઉપર તે પ્રમાણે આગગાડીનું એંજિન ગોઠવ્યું હતું. એ બે સાઈકલોએ એકબીજાની પાછળ દોડાદોડ કરી મૂકી ત્યારે ભેગાં થયેલાં હજારો માણસોમાં ખૂબ હસાહસ થઈ રહી. છેવટે આગબોટ જીતી ગઈ. ત્યાર પછી ડરબનના અને બહારના હિંદી ખેલાડીઓ વચ્ચે ફૂટબૉલની રમત પણ ખૂબ રસાકસીપૂર્વક થઈ. છેવટે ગોખલેજી ઈનામ આપવા મેડીએથી નીચે ઊતર્યા, અને એમની પાસે ઊભેલા એક માણસે જેમ જેમ બતાવ્યું તેમ તેમ તેમણે છોકરાઓને અને મોટાઓને રૂપાનાં વાસણો, ચોપડીઓ વગેરે ઈનામ આપ્યાં. આ બધી ધમાલ ચાલતી હતી ત્યારે મને એક સાચેસાચું ઈનામ મળ્યું. કદી ન ભુલાય એવું એ ઈનામ મને ગોખલેજીએ નહોતું આપ્યું, પણ એક ગોરા સોલ્જરે આપ્યું હતું.

વાત એમ બની કે મને તરસ લાગી એટલે શિષ્ટ પુરુષોને ઊભા રહેવાના વાડામાં હું હતો ત્યાંથી બહાર નીકળી પાણી પીવાને બહાર ગયો. પાછો આવ્યો ત્યારે દરવાજામાં બહુ ગિરદી હોવાથી મેં એક ખૂણે જઈ બાંધેલા દોરડાની વચ્ચે થઈને એક ખાસ વાડામાં ઘૂસવા માંડ્યું; ઘૂંટણભર થઈ અંદર ગરકતો હતો ત્યાં ચરરર દઈને એક સખત ફટકો મારા વાંસા ઉપર પડ્યો. મારાથી ચીસ પડાઈ ગઈ. ટોળાને વ્યવસ્થિત રાખવા નિમાયેલા ગોરા પોલીસના ગોળ લાંબા કોરડાનો એ ફટકો હતો. મારી ચીસ સાંભળી વાડાની અંદરથી મારા પિતાશ્રી ને બીજા મોટાઓ મારી પાસે ધસી આવ્યા. પેલા સોલ્જરને આવી રીતે મારવા માટે શરમાવ્યો અને મને અંદર લઈ લીધો. ગોખલેજીએ એકાદ ચોપડી કે નાની સરખી પ્યાલી ઈનામમાં આપી હોત તો તે હું વીસરી જાત, પણ આ ઈનામ તો કદી ભુલાય નહીં એવું મને મળ્યું.

આ પછી રાત્રે ખાણું (બૅંકવેટ) હતું. આપણે ત્યાં જેમ નાત જમાડવામાં આવે છે તેમ ગોરાઓમાં બૅંકવેટ કરવાનો રિવાજ હોય છે. નાતના ભોજનમાં નાનાંમોટાં સૌ જઈ શકે છે. પણ બૅંકવેટમાં વગરટિકિટે ન જવાય. અમને ભેટરૂપે ટિકિટ મળેલી. બીજા જે હિંદી શહેરીઓ ગોખલેજીને માન આપવા માગતા હતા તેમણે મોંઘી કિંમતની ટિકિટો ખરીદી અને હોટેલનું ખરચ એમાંથી નીકળ્યું. ડરબનની એક પ્રખ્યાત હોટેલના એક વિશાળ ઓરડામાં એ બૅંકવેટ ગોઠવાયેલી. આખા ઓરડામાં સોએક ટેબલો બિછાવાયેલાં. સ્ટીમરમાં અમારો હજૂરિયો હતો તેવા ત્રણ-ત્રણ ચાર-ચાર હજૂરિયાઓ ટેબલની એક આખી હાર ઉપર આમતેમ ફર્યા કરતા હતા અને જે જે માગવામાં આવતું હતું તે તે હાજર કરી દેતા હતા. મને અને દેવદાસકાકાને એક ખૂણામાં બેસવાનું મળ્યું હતું. ટેબલ નાનકડું હતું અને સુંદર નકશીદાર શુભ્ર કપડું એ પર પાથર્યું હતું. વચ્ચે એક રકાબીમાં ગોળ ચીકણી આછા રંગની પારદર્શક ચીજ પડી હતી. મને વહેમ પડ્યો કે એ માછલી તો રાંધીને નથી મૂકી ને! પણ દેવદાસકાકાએ કહ્યું કે, ‘એ જેલી કહેવાય, એક જાતની કાંજી છે.’ પણ મને એ ભાવી નહીં. અમારા ટેબલ પર હજૂરિયાઓ ભાગ્યે જ આવતા અને અમે માગીએ તોયે પીરસતા નહીં. અમે છોકરાઓ રહ્યા, એટલે ગમ્મત માટે જ એમની પાસે મંગાવતાં હોઈશું એમ એમને થતું હશે. એમની બેપરવાઈ જોઈ અમે કાંઈ માંગવું બંધ કર્યું અને ખાઈને પેટ ભરવા કરતાં સહેજે આવ્યું તેથી સંતોષ વાળી બધો તમાશો જોઈને જ પેટ ભર્યું. ગોખલેજી અને બાપુજી તથા બીજા મોટેરાઓ ઓરડાને મથાળે આવેલા ખાસ રવેશમાં બેઠા હતા. અમે સાંભળ્યું કે, ‘બાપુજીએ થોડી બદામ સિવાય કશું નથી લીધું અને ગોખલેજીની તબિયત સારી નથી એટલે એમણે પણ બેચાર દ્રાક્ષ ને એવું જ લીધું છે.’ બાકીના અઢીસો-ત્રણસો માણસો ખાવામાં ગુલતાન હતા. મહેમાનને તેઓ વીસરી ગયા હોય એવું દેખાતું હતું. બેએક કલાક સુધી ભોજન ચાલ્યું. પછી કંઈ પાંચ પાંચ દસ દસ મિનિટનાં ભાષણો થયાં. શાં થયાં એની સમજણ ન પડતાં અમે કંટાળીને બહાર નીકળ્યા. બહાર મોટેરાઓને વાત કરતા સાંભળ્યા કે આના કરતાં જોહાનિસબર્ગમાં ઘણી સારી બૅંકવેટ થઈ હતી. આ હોટેલવાળાઓએ તો છબરડો વાળ્યો.

ગોખલેજી ફિનિક્સ પહોંચે તે પહેલાં અમે ત્યાં પહોંચી ગયા અને સ્વાગતની તૈયારીઓ માંડી. મુરબ્બીઓએ કહ્યું કે ગોખલેજી તમને દાખલા પૂછ્યા વિના નહીં રહે. નહીં આવડે તો તમારી કાંકરી નીકળી જશે. મેં પિતાશ્રીને એ પણ પૂછી લીધું કે તેઓ કઈ ભાષામાં બોલશે. અંગ્રેજીમાં પૂછે તો તો દાખલા શેના આવડે? એટલું તો મેં સાંભળ્યું હતું કે તેઓ દક્ષિણી છે અને

તેમની ભાષા મરાઠી છે; પણ દક્ષિણ આફ્રિકામાં મરાઠી લોકો જ જોવામાં નહોતા આવતા. તામિલ અને હિંદી શું એની કલ્પના મને હતી, પણ મરાઠીમાં શું એનો ખ્યાલ જ મને ન આવે. પણ ગોખલેજી ગુજરાતી પણ થોડું થોડું બોલતા હશે અને સમજતા તો હશે જ, એવી પિતાશ્રીએ આશા આપી. મારી પાસે ગુજરાતીમાં નાનું 'ગોખલે ગણિત' હતું તે જેટલું ચાલ્યું હતું તેટલું મેં ફરીથી જોઈ લીધું અને પાસ થવાની ઉમેદ રાખી.

સાંજના અંધારું થવા આવ્યું ત્યારે થાક્યાપાક્યા ગોખલેજી આવ્યા. તેમને સૌ પગે લાગ્યા. ત્યાર પછી અમારી રાબેતા મુજબની 'મીટિંગ' (પ્રાર્થના) થઈ. શ્લોકો વગેરે બોલાઈ રહ્યા પછી 'ઈટર્નલ સ્પિરિટ'થી શરૂ થતું, નવું ગોખીને તૈયાર રાખેલું અંગ્રેજી ભજન મધુર રીતે એકસ્વરે અમે બધાએ ગાયું અને ત્યાર બાદ जेहि सुमिरतથી શરૂ થતું રામાયણનું મંગલાચરણ મગનકાકા સાથે દેવદાસકાકાએ ને મેં ગાયું. બીજાં પણ એકબે ભજનો ગવાયાં અને પછી ગોખલેજીને આરામ મળે એ હેતુથી સૌ શાંતિથી વિખેરાયા અને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. હું પણ જઈને સૂઈ ગયો. બીજે દિવસે સવારે મને ખબર પડી કે ગોખલેજીએ પ્રાર્થના પછી દેવદાસકાકાને એક પ્રશ્ન પૂછેલો: 'ધાર કે તું, તારા પિતા અને માતા એમ ત્રણે જણાં ફરવા જાઓ છો. મા તારાથી થોડે દૂર એક બાજુ છે અને બાપ થોડે છેટે પણ તારી બીજી બાજુ છે. હવે સામેથી વાઘ આવ્યો. જો તું તારી મા પાસે જાય તો વાઘ બાપને મારી નાખે ને બાપ પાસે જાય તો વાઘ તારી માને મારી નાખે; તો તું શું કરે?' આનો જવાબ દેવદાસકાકા દઈ શક્યા ન હતા. મગનકાકાએ મને પૂછ્યો તો હું પણ દઈ ન ક્યો. પછી દેવદાસકાકાને બદલે મોટામાંથી કોઈએ - ઘણે ભાગે બાપુજીએ - ગોખલેજીને જવાબ આપ્યો કે, 'હું પોતે વાઘ પાસે ચાલ્યો જાઉં એટલે મા ને બાપ બેય બચી જાય.'

બીજે દિવસે ગોખલેજી સવારના બધે ફર્યા. ફિનિક્સ જોયું. અમારે ઘેર પણ આવ્યા અને મારી બાની સાથે ગુજરાતીમાં એકબે શબ્દો બોલ્યા પણ ખરા, પણ મને કોઈ દાખલો ન પૂછ્યો. ફિનિક્સ જોઈને પછી મિ. દૂબેને ત્યાં પણ તેઓ જઈ આવ્યા.

બપોરને વખતે તેમનું આરામ લેવાનું અમારી નિશાળમાં - લાઈબ્રેરીમાં - રાખ્યું હતું. તેઓ ત્યાં ગયા ત્યારે કોઈ ત્યાં નહોતું જતું છતાં હું ગયો. કારણ, મેં માની લીધું કે હું કંઈ વાત કરવા કે કરાવવા નથી જતો. હું ઘોંઘાટ પણ નહીં કરું. મેં જઈને થોડી વાર લાઈબ્રેરીની આસપાસ આંટા માર્યા, પછી બાપુજી અને ગોખલેજી જે બારી પાસે બેઠા બેઠા વાતો કરતા હતા ત્યાં જઈને ઊભો.

બાપુજીની નજર મારા ઉપર પડી કે તેમણે મને ઠપકાર્યો. 'પરભુદાસ, ત્યાંથી જતો રહે. કોઈ વાત કરતું હોય ત્યાં ન ઊભા રહીએ. સમજાય કે ન સમજાય!' નીચે મોંએ હું ત્યાંથી નાસી છૂટ્યો.

સાંજ પડ્યે ગોખલેજી વિદાય થયા. બે મહિનાથી જે અવસર ગાજતો હતો તે આમ બે દિવસમાં પૂરો થયો. ગોખલેજી આવ્યા અને ગયા. ફિનિક્સમાં બધું પાછું સૂનું સૂનું થઈ રહ્યું.

થોડા દિવસ પછી ફિનિક્સમાં વાત આવી કે બાપુજી તથા મિ. કેલનબૅક જંગબાર સુધી ગોખલેજીને વળાવવા ગયા છે. મુસાફરીમાં બાપુજીએ ગોખલેજી સાથે શેતરંજની રમત રમવાનોયે આનંદ લીધો. એ રમતમાં એકબીજાથી ઊતરે એવું કોઈ નહોતું. જંગબારથી છૂટા પડતાં ગોખલેજીએ બાપુજીને વહેલામાં વહેલા દેશ આવવાનો આગ્રહ કર્યો હતો!

## ૫
## ડરબનની ટ્રામમાં સત્યાગ્રહ

દક્ષિણ આફ્રિકાથી ગોખલેજી પાછા વળ્યા તે સાથે સ્વદેશની અને ઘરની મીઠી યાદ આપતા ગયા. અધૂરામાં પૂરું બાપુજીની દેશ જવાની વાતો ચાલી એટલે પછી ફિનિક્સમાં એક જાતની અધીરાઈ ફેલાઈ કે ક્યારે છેવટનો નિર્ણય* આવે અને ક્યારે આપણે દેશભેગા થઈએ!

જમનાદાસકાકાએ તો જવાનું નક્કી કરી પણ નાખ્યું. રાજકોટમાં મારા દાદાજી પાસે જવાની એમને જરૂર હતી. પરંતુ સાવ નિશ્ચિંત મને નાતાલનો કિનારો છોડવામાં જમનાદાસકાકાનું મન માનતું ન હતું. જો સરકાર ગોખલેજીની આટલી મહેનત છતાં સરખી ન ચાલે, વળી ફરી બેસે અને ફરી સત્યાગ્રહ ઊપડે તો પહેલી સ્ટીમરે દેશથી આવી, લડતમાં જોડાવાનો તેમણે નિરધાર કર્યો, અને પછી તેઓ દેશ જવા ઊપડ્યા.

એમને વળાવવા અમે ડરબન ગયા ત્યારે એક અતિ કડવો અનુભવ થયો ને ગોરાઓએ પચાવી પાડેલા એ દેશમાં આપણે હિંદીઓ કેટલા હડધૂત થઈએ છીએ એ વાતની બરાબર ખબર પડી.

જમનાદાસકાકાની સ્ટીમર પરોઢિયે અંધારે ગોદી છોડવાની હતી. સાંજે વાળુપાણી પછી વીજળીના પ્રકાશમાં ઝગી રહેલી સડકો પર થઈ અમે બંદર તરફ ચાલવા માંડ્યું. જમનાદાસકાકાનો સામાન દિવસે જ સ્ટીમર ઉપર પહોંચી

---

*જનરલ સ્મટ્સ સાથે ચાલતી વાટાઘાટનો.

ગયેલો એટલે અમે સૌ ખાલી હાથે ચાલતા હતા. થોડે ગયા પછી સ્ટીમર પર પહોંચતાં મોડું થશે એ ભયે અમે ટ્રામ પકડી. ડરબનની ટ્રામ બે માળની હોઈ તેમાં નીચલો માળ ગોરાઓ માટે સુવાંગ રહેતો. ઉપરના માળમાંયે ટ્રામ જે તરફ જતી હોય તેના ત્રણચાર બાંકડાઓ ઉપર જ હિંદીઓને બેસવાની છૂટ હતી, જેથી ભૂલેચૂકેયે ગોરાઓ ને હિંદીઓ ભેગા ન થઈ જાય.

રાતનો વખત હોવાથી અમે જે ટ્રામ પર ચડ્યા તેનો ઉપલો માળ આખો ખાલી હતો. કાયદો તોડવાની દાનતથી નહીં પણ સ્વમાનની આંતરિક વૃત્તિને લીધે અમે સૌથી આગળના બે બાંકડા ઉપર ગોઠવાયા. દસ-પંદર મિનિટ અમે પુરપાટ દોડતી ટ્રામ પરથી રળિયામણું નગર જોવાની અને વાતો કરવાની મજા લીધી. અત્યારે મને ચોખ્ખું યાદ નથી કે પાછળથી આવેલા કોઈ તુમાખી ગોરા ઉતારુના કહેવાથી કે પોતાની મેળે ટ્રામના કંડક્ટરનું ધ્યાન અમે આગલી બેઠક પર બેઠા હતા તે તરફ ખેંચાયું. તે અમારી પાસે આવ્યો અને આગળથી ઊઠી પાછલા બાંકડા ઉપર બેસવા અમને ફરમાવ્યું. મગનકાકાએ જવાબ આપ્યો કે ‘એમ નહીં થઈ શકે.’ કંડક્ટર અક્કડ થયો અને રુઆબભેર દમ ભરાવ્યો કે, ‘તમારે ઊઠવું જ પડશે.’ મગનકાકાએ ચોખ્ખી ના પાડી અને કહ્યું, ‘તમારે કરવું હોય તે કરો; અમે તો નથી ઊઠતા.’

કંડક્ટર રાતોપીળો થઈ ગયો. ઘંટડી મારતાં ટ્રામ ઊભી રહી અને હાંકનારો પણ ઉપર ચડી આવ્યો. અમને કુલીઓને આગલા બાંકડા પર જોઈ તેની આંખમાંથી તો જાણે અંગારા જ વરસવા લાગ્યા. કંડક્ટરનેયે હવે જોર આવ્યું. તેમણે મગનકાકાની પીઠ પર ઠૂંસો માર્યો. મગનકાકા ન ઊઠ્યા; એટલે બંને જણાએ તેમનું બાવડું ઝાલી ખેંચ્યા. મગનકાકાના એકવડા શરીર સામે કંડક્ટર અને ડ્રાઈવર બંને બેવડા શરીરના હતા અને એક એક પાંચને એકલો પૂરો પડે એવો જણાતો હતો. પણ ઘા સામે ઘા કરવાની વાત નહોતી એટલે એ બે જણાનેયે મગનકાકા ભારે પડી ગયા. મગનકાકાએ બળપૂર્વક બાંકડો ઝાલી રાખ્યો. એક જણે તેમની કમર પર આમળો લીધો અને બીજાએ તેમના હાથ બાંકડેથી છોડાવી લઈ એમને નીચે હડસેલી દીધા. મગનકાકા કસરતબાજ અને સ્ફૂર્તિવાળા હતા એટલે પડતાં પડતાંયે તેમણે પોતાનું તોલ સંભાળ્યું અને જમીન પર પટકાઈ પડતાં પહેલાં ટ્રામની બારીનો કઠેરો ઝાલી લીધો. મગનકાકા પછી બીજા સાથીઓનો વારો આવ્યો. તેમને પણ આંચકા ને ધુંબા ખાતા દાદરેથી નીચે હડસેલાવું પડ્યું. હું તો બાળક એટલે છેવટ સુધી મને એ બે જણમાંથી એકેયે હાથ ન લગાડ્યો પણ બધા નીચે ઊતરી ગયા અને દાદરો ખાલી થયો

એટલે હળવેકથી હું નીચે ઊતરી ગયો. મગનકાકાને ખૂબ વાગ્યું હશે એવી બીક મને મનમાં હતી પણ નીચે આવી જોયું તો તેઓ હસતા ઊભા હતા.

ટ્રામ વીજળી વેગે ઊપડી ગઈ. અમે ચાલતા ને વાતો કરતા અરધા પોણા કલાકે સ્ટીમર પર પહોંચ્યા. જમનાદાસકાકા સ્ટીમર પર ચડ્યા અને તેમને વિદાયના રામ રામ કરી અમે પાછા ફર્યા. આખું બંદર શાંત હતું. ગોદીમાંયે અવાજ કે ધાંધલ ન હતાં. સ્ટીમર જાણે ઊંઘતી પડી હતી. મોટી પહોળી સડકો પર વીજળીના દીવાની હાર વચ્ચે મૂગાં મૂગાં અમે રુસ્તમજીકાકાના ઘર તરફ માર્ગ કાપવા માંડ્યો. મને રાજકોટનું સ્મરણ થયું. બધાં સાથે મળી પાછા ક્યારે દેશ જશું? ત્યારે કેવી મજા પડશે, તે તરંગે ચડ્યો.

થોડું ચાલ્યા ત્યાં ટ્રામના પાટા આવ્યા. ટ્રામ પર થયેલું અપમાન યાદ આવતાં અમને ફરી જોશ ચડ્યું. કંડક્ટર અને ડ્રાઈવરની ગુંડાગીરીનો પ્રતિકાર કરવાનો અમે નિશ્ચય કર્યો. હિંદીઓ કંઈ કૂતરાં કે ઢોર નથી કે હડધૂત થયા કરે અને લાતો વેઠ્યા કરે, એ વાત તે ગોરાઓને સમજાવવાની અમે ગાંઠ વાળી. છાપાંમાં છપાવ્યે કંઈ દહાડો વળે એમ ન હતું. વળી ત્યાંના ગોરા છાપાં છાપેયે શા સારુ? ટ્રામની કંપનીની કચેરી કે પોલીસ થાણામાંયે દાદ મળવાની આશા ન હતી. આખો સવાલ જ ગોરા ને કાળાનો હતો. કાળાઓએ પોતાનું સ્વમાન પોતાની મેળે જ સાચવવું જોઈએ. કેટલીક વાટાઘાટ પછી એમ ઠર્યું કે એ જ નંબરની ટ્રામ પર અમારે ફરી ચડવું. ત્યાંના ક્રમ પ્રમાણે ત્રીસચાળીસ મિનિટમાં એ પાછી ફરવાની અમને ઉમેદ હતી. હુમલાભેર ટ્રામ પર ચડવાની આતુરતાભર્યા અમે અરધોપોણો કલાક ઊભા, પણ ટ્રામ પછી ન આવી. મધરાત થવા આવેલી એટલે હવે ટ્રામ પાછી નહીં આવે, ચાલતી બંધ થઈ હશે એમ સમજી અમે ચાલવા માંડ્યું અને રુસ્તમજીકાકાને ઘેર પહોંચ્યા.

ટ્રામ પર આવો જ એક અનુભવ અમને સત્યાગ્રહની લડતની છેલ્લી સમાધાની પછી પણ થયેલો. ફિનિક્સથી અમારી નિશાળના દસબાર છોકરાઓ એક વાર ડરબન ગયેલા ત્યારે ટ્રામમાં ગોરાઓ સાથે અમે ભેખડાઈ પડેલા. પણ અમે ઝાઝા હતા અને અમારી સાથે, હું ભૂલતો ન હોઉં તો, મિસ શ્લેશિન હતાં - જેમનો પરિચય આગલાં પ્રકરણોમાં થવાનો છે - એટલે એ વેળા બાથંબાથીમાંથી અમે બચી ગયા.

આપણે ત્યાં ખાસ કરીને કાઠિયાવાડમાં ઢેઢભંગીઓને રેલવેના ડબામાં હડધૂત થતા જોઉં છું, ત્યારે ડરબનની ટ્રામનો આ અનુભવ મને યાદ આવ્યા વિના નથી રહેતો. ત્યાંના ગોરાઓનું ચોખલાપણું અને સુગાળવાપણું આપણે અહીંના સુગાળવાપણાની સરખામણીમાં હવે મને મોળું લાગે છે અને આપણા હરિજન

ભાઈઓ પર ચોખલા લોકો તરફથી વરતાવવામાં આવતી હાડમારીથી તેઓ કેવા ત્રાસે છે તેની અટકળ બંધાય છે. અમને તો ફક્ત ટ્રામના આગલા પાટિયા પર બેસવાનું ન મળતું તો અમને થઈ આવતું કે શું અમે ઢોર છીએ? ત્યારે અહીં હરિજનો ઉપર આપણા તરફથી જે અપમાન વરસાવાય છે તે સામે એમનું મન કેટલું બધું અકળાઈ ઊઠતું હશે? તથા જ્યારે એમને ઉનાળાના તાપમાં પીવાનું પાણી ન મળે, અને નિશાળ-મંદિરમાં જ્ઞાન-ભક્તિ સાંભળવા ને સંતદર્શન કરવા આડેયે હરકત આવે ત્યારે એમનો જીવ આપણા ઉપર કેટલો બધો ખાર ખાતો હશે? ડરબન તરફના શ્વેત ભાઈઓને માટે હૈયાસૂના, તુમાખી, જંગલી એવાં એવાં વિશેષણો વાપરવાં આપણને જરૂરી જણાય છે ત્યારે આપણે અહીં પોતા માટે કેવાં કેવાં વિશેષણો વાપરવાં જોઈએ?

ડરબનથી અમે ફિનિક્સ પહોંચ્યા ત્યાં મારા નાના ભાઈ કૃષ્ણદાસની ચિંતાજનક તબિયતે ઘર આખાનું ધ્યાન ઘેરી લીધું. તેને ટાઈફૉઈડ લાગુ પડ્યો હતો. ચૌદમો દિવસ જતાંયે તાવ મોળો પડ્યો ન હતો. તેનું નાનકડું શરીર બિછાના પર બિછાવેલી ચાદર સાથે એકરૂપ થતું જતું હતું. ફિનિક્સમાં કોઈ દાક્તર કે વૈદ્ય હતા જ નહીં. આવી આકરી માંદગીની સારવારનો અનુભવ પણ ખાસ કોઈને હતો નહીં. બાપુજી જોહાનિસબર્ગથી પત્રો વડે સારવારની સૂચના કરતા તે પ્રમાણે સારવાર થતી. પણ તાવનું જોર હઠ્યું નહીં, એટલે મારી બા વ્યાકુળ થયાં. પાછળથી પસ્તાવાનું ન થાય અને અમે હાથ ઘસતા ન રહી જઈએ તે સારુ પિતાશ્રીએ બાપુજીને કાગળ લખી મનની ચિંતા જણાવી. કાગળ પહોંચતાં જ તાર મળ્યો કે, ‘આવું છું.’

## ૬
## બાપુજીનું વૈદું

તાર મળ્યા પછી બીજે કે ત્રીજે દિવસે બાપુજી ફિનિક્સ આવી પહોંચ્યા. બીજાઓની સાથે હું પણ તેમને સ્ટેશને લેવા ગયો. ટ્રેનમાંથી ઊતરતાંની સાથે બાપુજીએ કૃષ્ણદાસની તબિયત વિશે પૂછપરછ કરી લીધી અને પછી પ્રેસની ને બીજા કામની વાતો આરંભી. એમની પાછળ પાછળ હુંયે ચાલ્યો. એ અઢી માઈલનો રસ્તો તે દિવસે મને બહુ આકરો પડી ગયો. બાપુજીની ચાલ પાછળ મારે તો લગભગ દોડતા ચાલવું પડે; પણ તે દિવસે મારાથી દોડાતું ન હતું. મોડે મોડે ઘેર પહોંચી વાળુ કર્યું પણ ભાવ્યું નહીં. બાપુજી કૃષ્ણદાસને જોઈ કારવી પોતાને ત્યાં ગયા.

બીજી સવારે તેઓ પ્રેસને કામે વળગી ગયા. સવારનો નિશાળનો વખત પૂરો થયે હું પણ તેમની પાસે પ્રેસમાં ગયો. ત્યાંથી બાપુજીએ મને ને દેવદાસકાકાને 'ઇંડિયન ઓપીનિયન'ની જૂની ફાઈલો લેવા લાઈબ્રેરીમાં મોકલ્યા. પ્રેસમાંથી માંડ હું લાઈબ્રેરીમાં પહોંચ્યો, પણ પાછો પ્રેસમાં પહોંચી ન શક્યો. ઘેર ગયો ને બહારની ઓસરીમાં એક મેજ પર ઢગલો થઈ પડી રહ્યો. બેએક કલાકે દેવદાસકાકા મારી પાસે આવ્યા અને તેમણે બધાને ખબર આપી ત્યારે મારા તાવની સૌને જાણ થઈ ને મારે માટે ખાટલો પથરાયો. બાપુજીએ નિદાન કર્યું કે 'પ્રભુનેયે મુદતિયો તાવ છે. કૃષ્ણનો ચેપ લાગ્યો છે.' તુરત જ એમણે મારી સારવાર પણ શરૂ કરી. કૃષ્ણને ખાટલે બેસી હું ઠીક સરભરા કરતો. તેમાંથી મને આ ચેપ વળગેલો.

કૃષ્ણદાસની સારવારમાં બાપુજીએ તરત મોટા ફેરફારો કર્યા. એને દૂધ તથા હળવો ખોરાક અપાતો તે તેમણે બંધ કરાવ્યો. ફક્ત ગરમ પાણીમાં એક કે બે વાર કૃષ્ણદાસને પલાળેલી નીતરતી ચાદરમાં લપેટી ઓરડા બહાર વરંડામાં પાથી અર્ધો કલાક સુવાડવાનું શરૂ કર્યું. ચાદર લપેટી તેના ઉપર ત્રણચાર કામળા પણ લપેટી દેતા. ચાદરની અંદર કૃષ્ણદાસ પરસેવાથી નાહી રહેતો. ખૂબ અકળાતો ત્યારે તેને તેમાંથી બહાર કાઢતા અને બંધ ઓરડામાં ભીના ટુવાલથી પરસેવો લૂછી બીજાં કપડાં પહેરાવી પથારીમાં ઓઢાડીને સુવાડી દેતા.

ત્રણ કે ચાર દિવસમાં એનો તાવ મોળો પડી ગયો. ઘરમાં વ્યાપેલી ચિંતા અદૃશ્ય થઈ અને કૃષ્ણદાસને રમાડવા હસાવવાના ધ્વનિથી ઘર ગુંજી ઊઠ્યું. સવારે, બપોરે ને સાંજે ત્રણ વાર બાપુજી અમારે ત્યાં આંટો આવતા. કૃષ્ણદાસને પાણીમાં જાતે લીંબુ નિચોવીને આપતા અને લીંબુનું ઝીણું છોતરુંયે તેના પેટમાં ન જાય તેની ચીવટ રાખતા. 'સિક્ત વેષ્ટન' (wetsheet pack) ચાલતું હોય ત્યારે ઘડિયાળ લઈ પોતે ઊભા રહેતા અને પંદરવીસ મિનિટ સુધી કૃષ્ણદાસને અનેક સવાલો કરી ગમ્મત કરાવતા. આખું વાતાવરણ એવી પ્રસન્નતાથી વ્યાપી જતું અને સઘળે એવું અમૃત પથરાઈ જતું કે દરદીનું દુ:ખ અને રોગનું ઝેર ગમે એવું આકરું હોય તોય તેને બાપુજી સમા વૈદ્ય પાસે નમતું આપવું જ પડે. એમના ઉપચાર કુદરતી હતા તેથીયે વધુ મન:પૂત અને દેહ કરતાં દેહીની ઉપર અસર કરનારા હતા.

એકવીસમે દિવસે એટલે કે બાપુજીની દેખરેખમાં ઉપચારો થયા પછી ચોથે કે પાંચમે દિવસે કૃષ્ણદાસને તાવ ન રહ્યો; નબળાઈ જ રહી. મને તાવ ચાલુ હતો, પણ મારે માટે કોઈને ચિંતા ન હતી. બાપુજીની છાયામાં મારા તાવે ઉગ્ર રૂપ નહોતું લીધું. તાવ આવ્યો તે દિવસથી મારે પેટે લગભગ ચોવીસે કલાક

માટીનો પાટો રહેતો. કાળી માટીના કાંકરી વિનાના ગારાનો બે આંગળ ઊંચો થર કપડામાં પાથરી ડૂંટી નીચે પેડુ ઉપર બાંધી રાખવામાં આવતો. પાટો દોઢ બે કલાકે નવો મુકાતો અને જૂની માટી ફેંકી દેવાતી. સાંજ પડ્યે રોજ પા કલાક કમરપૂર પાણીમાં બેસાડી મારું પેડુ ઘસવામાં આવતું.

તાવની ખબર પડતાંની સાથે પહેલે દિવસે બાપુજીએ મને જ્યારે પાણીમાં બેસાડ્યો ત્યારે મને ઊંઘ ખૂબ આવતી હતી, તેથી બેસવું ગમ્યું નહીં. છતાં બાપુજીએ મને બેસાડ્યો અને પોતાનો હાથ મારા માથા નીચે રાખી મને બાથમાં બેઠેબેઠે ઊંઘવાની સગવડ કરી આપી.

ટબમાં બેઠો ત્યારે મને ઠંડા પાણીનો ચમકારો ઠીક ઠીક લાગ્યો, પણ બાપુજીએ છાતી અને પગ કામળા વડે બરાબર ઢાંકી દીધા ને મને હૂંફ આવી એટલે બાપુજીના હાથ ઉપર ઊંઘી ગયો. પિતાશ્રીએ નરમ કપડાથી પાણીમાંને પાણીમાં મારું પેડુ ચોળ્યું. પાએક કલાકે મને કોરો કરી હવા ન લાગે તેમ ખાટલામાં સુવાડી દીધો. રાત્રે મને પિચકારી (બસ્તી) આપી અને થયાં એટલાં આંતરડાં સાફ કર્યાં.

પહેલા બેત્રણ દિવસ આમ જ ગયા. ખાવામાં કંઈ નહીં અને પીવામાં એકલું ગરમ પાણી. મને પણ કંઈ લેવાની રુચિ નહોતી રહેતી. ચોથે દિવસથી ગરમ પાણીમાં કાગદી લીંબુ નિચોવી એકબે વાર મને આપવા માંડ્યું. એ ક્રમ છએક દિવસ ચાલ્યો. એક વખત પિચકારી અને બે વખત કટિસ્નાન ચાલુ હતાં.

મારું સૂવાનું દિવસના ઓસરીમાં રહેતું. ઓસરીની બાજુમાં ગુલાબવાડી અને સામે વીસેક કદમને છેટે ખેડેલું ખેતર હતું. એ દૃશ્યને લીધે પથારીમાં કંટાળો ન આવતો.

ફિનિક્સમાં પવન તો હંમેશાં વાયા કરતો એટલે મને માથે કે છાતીએ પવન ન લાગે એટલા માટે પૂરેપૂરું ઓઢાડી રાખવામાં આવતું. ફક્ત મોઢું અને નાક ઉઘાડાં રહેતાં. રાત્રે ઓરડામાં મને સુવરાવવામાં આવતો પણ ચોતરફ બારીઓ ખુલ્લી રહેતી. ચોવીસ કલાકમાં લગભગ પંદરથી અઢાર કલાક હું ઊંઘતો. દસેક દિવસ આમ સારવાર ચાલુ રહી. માટીના પાટાથી ને કટિસ્નાનથી પલળેલો મળ રોજ પિચકારી વડે સાફ થઈ જતો. એ દુર્ગંધના અનુભવથી હું મનમાં ગાંઠ વાળતો કે હવે સાજો થાઉં ત્યારે જે તે વધારે પડતું ખાઈ પેટ સડવા નહીં દઉં.

દસ દિવસ પછી બાપુજીએ ઉપચારના ક્રમમાં થોડો ફેરફાર કર્યો. તેઓ રોજ સવારે આવીને મારી જીભ તપાસતા. દસમે અગિયારમે દિવસે તેમણે જીભ જોઈને કહ્યું કે ‘હવે જીભ ચોખ્ખી થઈ. આજે હું તને કંઈક ખાવાનું આપીશ.’

આઠદસ દિવસ સુધી કંઈ નહોતું લીધું એટલે મને એક બે દિવસ થયાં ખાવાની ઈચ્છા તો થઈ જ હતી. ત્યાં બાપુજીએ પોતે ખાવાની વાત કાઢી એટલે હું તો ખુશ ખુશ થઈ ગયો. સવારે તો મને લીંબુંનું પાણી જ મળ્યું. પણ બપોરે બે ગ્રેનેડેલાનો રસ બાપુજીએ પોતે કાઢી, ગાળીને મને આપ્યો.

ગ્રેનેડેલા એ તો મને ભાવતામાં ભાવતું ફળ હતું. એ આ તરફ નથી થતું, પણ આફ્રિકામાં તો એ વગર મહેનતે થાય છે. વાલોળ અને પાપડીના વેલાની માફક એના વેલા ઊગે છે. ફળ કાચું હોય ત્યારે લીલા રંગનું અને સામાન્ય કાગદી લીંબું જેવડું થાય છે. ફળની આકૃતિ સંપૂર્ણ લંબગોળ હોય છે. પાકે છે ત્યારે રીંગણા જેવા કંઈક જાંબુડા રંગનું થઈ જાય છે અને તેની અંદરથી કેરીના જેવો કેસરિયો પણ સાવ પાતળો રસ નીકળે છે. એમાં રીંગણાનાં બિયાં જેવાં પણ એથી મોટાં બિયાં થાય છે. અને એના રસનો સ્વાદ કંઈક કંદહારી મીઠા દાડમને મળતો હોય છે. એનો રસ બિયાં સોતો દૂધમાં નાખી ખાઈએ તો પેંડાબરફી એની પાસે ફીકાં લાગે.

મારો મુદતિયો તાવ સાધારણ ન હતો, પણ બાપુજીની ચાંપતી સારવાર હોવાથી ચૌદમે દિવસે તાવ મને સાવ છોડી ગયો. ઘણાને આવા તાવ પોતાની પાછળ શારીરિક ખોડ મૂકતા જાય છે. પણ બાપુજીના પ્રતાપે મને શરીરે કંઈ ખોડ ન આવી. નબળાઈ વધારે પડતી આવી ખરી. ચૌદ ચૌદ દિવસ સુધી એકલા લીંબુના પાણીભર રહેનારને વગર તાવેયે એટલી નબળાઈ આવી જાય. નબળાઈની અસર છાતી ને પાંસળાં પર વધુ જણાતી. મને બોલવું કે હસવું ન ગમતું. શૂન્યવત્ આખો વખત ખાટલામાં પડી રહેતો. બાપુજી ઘરમાં આવતા એટલો વખત ચેતન અનુભવતો ખરો, બાકી આ તાવ પછી કેટલાયે દિવસો સુધી મેં મનની અને શરીરની એટલી બધી શિથિલતા અને નિર્જીવતા અનુભવી કે મૃત્યુનો અનુભવ કહેવાને જો કોઈ પાછો ઊઠે, તો એથી કંઈ વધુ કહી શકે કે કેમ એ વિશે મને શંકા છે.

તાવ ઊતર્યા પછી પણ કૃષ્ણદાસને કે મને બાપુજીએ દૂધ ન આપ્યું. અમારી નબળાઈ દૂર કરવાને તેમણે ફળોના રસ જ આપ્યે રાખ્યા. તાવ ઊતર્યાને બીજે દિવસે લીંબુના રસ ઉપરાંત તેમણે મને અનેનાસનો રસ આપવો શરૂ કર્યો.

અમારા બગીચામાં અનેનાસ બહુ સારાં થતાં. એક અનેનાસના રસથી કાચનો મોટો પ્યાલો ભરાઈ જતો. મારાથી એટલો રસ માંડ પિવાતો. સવારે એ લીધા પછી સાંજે બીજી વાર એ પીવા મળે ત્યાં સુધી ભૂખ ન જણાતી. દૂધ કરતાંયે અનેનાસનો રસ વધુ તૃપ્તિકર અને ગુણકર હોવાની મારી અટકળ છે.

અનેનાસના રસ ઉપર આઠ દિવસ વીત્યા પછી અને ઊઠવાબેસવાની શક્તિ આવ્યા પછી અમને કેળાં મળવાં શરૂ થયાં. શરૂમાં દર ટંકે અર્ધા કેળાનો, એ પચતું થયા પછી આખા કેળાનો અને પાંચ-દસેક દિવસ પછી બબ્બે કેળાંનો રસ અમને મળવા લાગ્યો. શરૂઆતમાં બાપુજી પોતાને હાથે કેળું છૂંદીને આપતા. અર્ધા કેળાને છૂંદીને પાણી જેવું કરતાં તેમને લગભગ પા કલાક થતો. અમારે ત્યાંથી તેમનું ઘર ઠીક આઘું હતું. તેઓ પોતાને ત્યાંથીજ રકાબીમાં કાંટા વડે - અંગ્રેજ લોકો જમતી વેળા ચમચા સાથે વાપરે છે તેવા કાંટા વડે - કેળું છૂંદતા છૂંદતા ધીમે ધીમે આવતા. કેળાનું છૂંદાવાનું પૂરું ન થતું જોઈ કૃષ્ણદાસ અધીરો બની જતો, પણ બાપુજીની ધીરજ ન ખૂટતી. કેળામાં ક્યાંયે ફોદો હોય, એ પાતળું દૂધ જેવું ન થયું હોય ત્યાં સુધી તેઓ છૂંદ્યે રાખતા અને છૂંદાઈ ગયા પછી તેમાં લીંબું નિચોવી ફરી પાછો ઠીક વાર સુધી છૂંદામાં કાંટો ચલાવતા અને પછી એ પીવા આપતા.

અમે સારી પેઠે હરતાફરતા અને કૂદતાભમતા થઈ ગયા ત્યાં સુધી અમને ફળોના રસ મળતા રહ્યા, અને પછી શાકરોટલી. એ માંદગીને અંગે કે નબળાઈને અંગે દૂધ, રાબ કે ઘેંશખીચડી મળ્યાનું યાદ નથી.

માંદગીને બિછાને જીભ પર કાબૂ રાખવાની ગાંઠ મનમાં વાળેલી ખરી, પણ ખાટલેથી ઊઠ્યા પછી પાછું એ ડહાપણ વીસરાઈ ગયું. ઘરમાં મારી બા પૂરી સાવધાની રાખી મને હળવું ને ઓછું પીરસતાં, પણ ‘હજી ભૂખ છે, હજી ભૂખ છે’ કહી હું જોઈએ એથી સવાયું દોઢું ઓહિયાં કરી જતો. જમી ઊઠ્યા પછી નાડું ઢીલું કરવું પડતું. પેટ ફૂલેલું જોઈને થતું કે હવે હું તગડો થયો છું. મને ભાન ન હતું કે તગડા થવા માટે છાતી ફૂલવી જોઈએ, પેટ નહીં. બાપુજી જેવા વૈદ્યનો લાભ મળવા છતાં મારી આવી નાદાની બાપુજીની મહેનત પર પાણી ફેરવવાને બસ હતી. અને બાપુજીને કે મુરબ્બીઓને અનેક પ્રવૃત્તિઓ આડે ફુરસદ ન હતી કે તેઓ ખાટલેથી ઊઠ્યા પછી પણ મારા ઉપર ઝીણી ઝીણી ચોકસી રાખે. હું બગીચામાં જઈ ચોરીછૂપીથી જાતજાતનાં કાચાં ફળો ભરખી માંદગીને ફરી નોતરતો હતો એની તેમને ખબર ન હતી. ખરું જોતાં નવજાત શિશુ જેટલી જ દેખરેખ માંદગીને બિછાનેથી ઊઠેલા બેજવાબદાર મોટા માણસનીયે લેવાવી જોઈએ. એ ન લેવાયાને કારણે મારા શરીરમાં ઘણું અધૂરાપણું રહી ગયું.

બાપુજીના કુદરતી ઉપચારોએ મારું શરીર અને હોજરી એટલાં શુદ્ધ કરી મૂકેલાં કે સારી પેઠે કુપથ્ય કરવા છતાં મને ફરી વાર તાવ તો ન જ આવ્યો. પણ જે તે ખાવાને પરિણામે મારું લોહી બગડતાં આખે શરીરે ગૂમડાં થઈ આવ્યાં.

મને તાવ ઊતર્યા પછી છઠ્ઠે કે સાતમે દિવસે મેં બાપુજીને વાત કરતા સાંભળ્યા કે, ''જો આ બે ભાઈઓના મંદવાડે રોકી ન રાખ્યો હોત તો આજે ફાર્મને હું અહીં લઈ પણ આવ્યો હોત. હવે ફાર્મનું બધું સમેટી કરીને જ આવવાનો વિચાર છે, એટલે પંદરવીસ દિવસ સહેજે વીતી જશે. એ જ સારું છે કે બધાને લઈને જ આવવું, એટલે હવે પાછું ત્યાં જવાપણું ન રહે.'' આ સાંભળી મારો આનંદ મનમાં સમાવ્યો ન સમાયો. માંદા છતાં ઊઠીને ઠેકડા મારવાનું મને મન થયું.

જતી વખતે બાપુજી મને તાકીદ કરતા ગયા કે 'ફાર્મ પરથી બધાને લઈને હું આવું ત્યારે ડરબન સુધી (૧૨ માઈલ) ચાલીને આવવા જેટલો બળિયો થઈ જજે.' પછી કૃષ્ણને તથા મને ક્રમે ક્રમે શું ખોરાક આપવો તેની સૂચનાઓ આપીને તેઓ ગયા.

ટૉલ્સ્ટૉયવાડી અમારે ત્યાં આવવાની રાહ હું જોવા લાગ્યો. ત્યાં જવાની મારી ઝંખના સદા અધૂરી જ રહી, પણ મારી એ તીવ્ર ઝંખના અને અંતરની વેદનાભરી ઊંડી ઈચ્છા સામું ભગવાને જોયું. ગોખલેજીની વિદાય પછી આશરે ત્રીજે મહિને ટૉલ્સ્ટૉયવાડીના બધા શિક્ષકો ને વિદ્યાર્થીઓ સાથે બાપુજી આવી પહોંચ્યા અને તેમનું મુખ્ય મથક ફિનિક્સ બન્યું.

## ૭
## ફિનિક્સને આંગણે

બાપુજી આવ્યા; ટૉલ્સ્ટૉયવાડીનો આખો કબીલો લઈને આવ્યા, પગલે પગલે તેજ પાથરતા આવ્યા. એ ગોરજ મુહૂર્ત હતું: જોષીનું ભાખેલું નહીં પણ આપમેળે ગોઠવાયેલું. ફિનિક્સથી અર્ધોપોણો માઈલ દૂર એક ભવ્ય આગમનનું મને દર્શન થયું. આકાશમાંથી અંધારું ઊતરતું આવતું હતું. રસ્તાની બંને બાજુનું જંગલ વધુ ને વધુ ઘેરું થતું જતું હતું. બાપુજીએ બાંડિયું પહેરણ પહેર્યું હતું અને પાટલૂન સારી પેઠે નીચેથી વાળી લીધું હતું. લાંબે ડગલે ઝપાટાભેર સૌને મોખરે તેઓ પ્રસન્નતા વેરતા ચાલ્યા આવતા હતા. એમની પાછળ ત્રણત્રણ ચારચારની ટોળીમાં નાના ને મોટા કદના ફાર્મવાસીઓ તણાયે આવતા હતા.

બાપુજીને અમે દંડવત્ પ્રણામ કર્યા અને અર્ધી મિનિટમાં એ ટોળી સાથે ભળી અમે આગળ ચાલવા માંડ્યું. પિતાશ્રી અને મગનકાકા બાપુજી સાથે વાતે વળગ્યા અને હું મારી નાનકડી આંખે ફાર્મવાસીઓને નજરમાં ભરવા મંડ્યો. તેમનામાંનાં ઘણાનાં નામ તો સાંભળેલાં, પણ કયું કોણ છે એની કેમ ખબર પડે! ધીરજથી જોવા સાંભળવાનું જ રહ્યું.

ટાઢ વધી હતી. બીજાઓ કરતાં બાપુજીનું શરીર વધારે ઉઘાડું હતું. સામે લેવા જનારા મંડળમાં કોઈની પાસે શાલ હતી. એણે બાપુજીને ઓઢવાને આપી. બાપુજીએ તુરત પાછી વાળી અને કહ્યું, 'નહીં, એવી કંઈ ટાઢ નથી. મને ઓઢવાની જરાય જરૂર નથી; પરભુદાસને આ ઓઢાડી દો.' બાપુજીની પ્રસાદી મને સાંપડી. ખરેખર મને ટાઢ વાતી જ હતી. પણ બાપુજીએ એટલા બધામાં મને જ કેમ વીણી કાઢ્યો? હું તાજો જ માંદગીમાંથી ઊઠેલો હોઈ એ ટોળીમાં સૌથી નબળો હતો, તેથી એ શાલ ઓઢવાનું મને મળ્યું! શાલની હૂંફ કરતાં બાપુજીની મારા પ્રત્યેની એ ચીવટે મને ઉપદેશામૃતથી પણ વધુ પ્રેરક અમૃત પાયું.

મોટે ઘેર પહોંચતાં સારી પેઠે મોડું થઈ ગયું હતું. મોટું ઘર ખરેખર હવે મોટું બન્યું. બાપુજીને એકલાને રહેવાના ઘરમાં દસ ગણા માણસો વસ્યાં. એક લાંબી ઓસરી, એક લાંબો ઓરડો, એક વચલો ઓરડો, રસોડું ને કોઠાર એટલું જ એ ઘરમાં હતું. આટલી ભીડ થતાં બા માટે કે બાપુજી માટે ઓરડો તો શું પણ આગવો ખૂણો પણ ન રહ્યો. ભાઈઓ અને બહેનોના જુદા વાડા પણ ન રહ્યા. એ રાત્રે બાપુજી ક્યારે સૂવા પામ્યા તેની જાણ મને ન થઈ, કારણ હું તો પહોંચતાંની સાથે જ સૂઈ ગયો.

સવારે નાહીધોઈ નવા ફિનિક્સના દર્શને હું નીકળ્યો. અમારા ઘરની પૂર્વમાં પુરુષોત્તમદાસભાઈનું ને પશ્ચિમમાં આણંદલાલકાકાનું એમ બંને ઘર મહિનાઓથી ખાલી હતાં. એમાં પણ માણસો જ માણસો દેખાવા લાગ્યાં. સૂવાનું જુદે જુદે ઘેર રાખેલું, પણ ફાર્મથી આવેલા બધાનું જમવાનું એક જ ઘેર રહ્યું. એટલે મોટા ઘરનું નામ મોટે ભાગે રસોડું પડી ગયું.

કોઈ મને ઓળખે નહીં; હું કોઈને ઓળખું નહીં. હું બધાને જોયા કરું; મને કોઈ જુએ નહીં. આમ જોવાની મજા પડતી. ટોળીઓ નાહવા ઊપડી એટલે હુંયે નાળે પહોંચ્યો. બધા જમવા ગયા ત્યારે ઘેરથી જમીને ભાગ્યો ભાગ્યો હું સૌનું જમવાનું જોવા ગયો.

મોટા ઘરના મોટા ઓરડામાં બાપુજીનું લાંબુંટૂંકું થઈ શકે એવું ટેબલ બધાં પાટિયાં ભરીને લાંબામાં લાંબું કરવામાં આવ્યું હતું અને દાબીદાબીને ખુરશી બાંકડા ગોઠવાયાં હતાં. પચીસત્રીસ જણ મૂંગે મોઢે ઊંધું ઘાલી જમવા અડપ્યાં હતાં અને એકલા બાપુજી ઊભે પગે ટેબલની પ્રદક્ષિણા કરતા ખાવાનું પીરસતા હતા. બધાનું ખાવાનું અને ખાવાની રીત જોઈને વળી હું વધુ ચકિત થયો. દરેકની પાસે એનામલનું એક એક તાંસળું અને એક એક ચમચો હતો. બાપુજી દાળ, ભાત, શાક, રોટલી બધું એક જ તાંસળામાં પીરસતા હતા. દરેક વાની જુદી ન

પીરસતાં એક જ વાસણમાં શા સારુ પીરસાતી હશે, થાળીવાટકા શા માટે નથી વપરાતા એ મને ન સમજાયું. જમનારા એ ઊંડા તાંસળામાંયે દરેક ચીજ છૂટી છૂટી રાખવા ને જુદો જુદો સ્વાદ લેવા મથતા હતા અને બાપુજી પણ દરેક જણ જે ખૂણે બતાવે એ જ ખૂણે પીરસતા હતા, તો પછી એક જ વાસણમાં પીરસવાની શી જરૂર? પણ કોઈને એ સવાલ પૂછવાની મારી હિંમત ન ચાલી.

વખત મળ્યે દેવદાસકાકા પાસેથી મેં એ દરેકનાં નામ અને સ્વભાવ જાણ્યાં. રેવાશંકર સોઢા, શિવપૂજન સહાય, હનીફ, કુપ્પુસ્વામી વગેરે આગળ પડતા ભાઈઓને મેં થોડા થોડા ઓળખી લીધા. રાવજીભાઈ ને મગનભાઈ મોટાઓમાં મુખ્ય હતા. હું ભૂલતો ન હોઉં તો, મિ. કેલનબૅક, પ્રાગજીભાઈ, કોતવાલભાઈ વગેરે ટૉલ્સ્ટૉયવાડીના મોટા માણસો હજુ આવી પહોંચ્યા ન હતા. જેકીબહેનની ઓળખ મને પહેલેથી હતી જ.

ભોજનપાનથી પરવારી એ સૌ ફાર્મના સામાનની ગોઠવણીમાં લાગી ગયા. બાપુજી હથોડી, ખીલા અને કરવત લઈ પુસ્તકો માટેના ઘોડા બનાવવામાં એકાગ્ર હતા. મારા ખ્યાલ પ્રમાણે રાવજીભાઈ એમની મદદમાં હતા. કોઈ ઝાઝી વાતો નહોતું કરતું. બાપુજીએ એક ઊંચો - જમીનથી છાપરાને અડે એટલો ઊંચો - ઘોડો સૂરજ આથમતા સુધીમાં પાટિયાં ઠોકીને ઊભો કરી દીધો. એની નિસરણી ને પાટિયાં પહેલેથી જ તૈયાર હતાં; કદાચ ટૉલ્સ્ટૉયવાડીથી જ આવેલાં.

રાત પડ્યે એ મોટા ઓરડામાં જેના ઉપર જમણ થયેલું તે જ ટેબલ પર મીટિંગ થઈ. ભજનો ગવાયાં અને પછી બાપુજીનું પ્રવચન થયું. તેના શબ્દો મને યાદ નથી રહ્યા, પણ એમની આકરી ચેતવણીનો સાર આ હતો:

‘અહીં આપણે ફિનિક્સમાં આવ્યા છીએ. આ ટૉલ્સ્ટૉયફાર્મ નથી. ટૉલ્સ્ટૉયફાર્મમાં જે રીતે રહેતા, જે રીતે વરતતા, તે રીત અને વર્તનમાં અહીં સુધારો થવો જોઈએ. ફાર્મ પર લહેરીપણું, રમતિયાળપણું નભી જતું. અહીં નિયમિતપણું વધવું જોઈએ. જે કાચાપોચા હતા તે પોતપોતાને ઘેર સગાંવહાલાંઓ પાસે ચાલ્યા ગયા છે. જે અહીં આવ્યા છે તે સમજપૂર્વક આવ્યા છે. અહીં આવીને કેદીનું કડક જીવન આપણે ગાળવાનું છે. કેદી જીવન જેને ન ગમતું હોય તે હજુ પાછા જઈ શકે છે. વખત આવ્યે જેલ જવાની જેને હોંશ હોય તે જ અહીં રહે. ટાણું આવે ને ઢીલા પડી જાય એવા છોકરાઓ કે મોટાઓ કોઈ ફિનિક્સમાં ન રહે એમ હું ઈચ્છું છું. અને એમ તો જ બને, જો આપણે કેદમાં જ છીએ એમ માની સવારથી સાંજ સુધી વરતીએ. આપણા ખાવામાં, પીવામાં, પહેરવામાં કેદીથી પણ વધુ સખ્તી હોય તો જ કેદમાં ગયા પછી

આપણને અકળામણ ન ઊપજે અને ત્યાં જવું કામનું થાય. ધારો કે કેદમાં જવાનું ન થાય અને હિંદુસ્તાન જવાનું થાય તોપણ આપણે સાદાઈ અને કડક વ્રતો પાળવાં જ જોઈએ. ત્યાં જઈને આપણે અહીંનાં કરતાં પણ વધુ કામ કરવાનું છે, એટલે અહીં ઘણા એવા નિયમો થશે જે ફાર્મ પર ન હતા. એ નિયમો જે તોડશે તે ફિનિક્સમાં રહેવાને લાયક નહીં રહે. એક નિયમ તો એ જ કે ત્યાંની જેમ અહીં પણ મનમાં આવે ત્યારે ગમે તે ફળઝાડ ઉપરથી ફળ તોડીને ખાવાં નહીં. ફળઝાડ પરનાં જ નહીં પણ જંગલનાં ફળો પણ કોઈએ ખાવાં નહીં. ભાણે બેસીને ત્રણ વાર ખાવાનું મળે છે એ સિવાય કોઈએ ફળની એક ચીરી પણ મોઢામાં ન મૂકવી જોઈએ. ભાણે બેસે ત્યારે પેટ ભરીને જમી લે. બગીચાનાં ફળો ભોજન વખતે જોઈએ તેટલાં દરેકને મળશે. પણ એ ઉપરાંત જે કોઈ જરા પણ લાલચમાં પડે અને નાનકડું ફળ પણ તોડે તો તેણે ચોરી કરી છે એમ સમજવું જોઈએ. બીજો નિયમ એ કે પોતાથી જે કોઈ મોટું હોય તેની પ્રત્યે પૂરેપૂરો વિનય જાળવવો. મોટેરા પ્રત્યે તોછડાઈ વાપરવી એ શોભાની વાત નથી. એમ ન થવું જોઈએ કે બાપુ કહે નહીં ત્યાં સુધી કોઈની વાતને કાન દેવો જ નહીં. આ બધું કરવાને તમે તાજા થઈ જાઓ એ સારુ હું તમને સાત દિવસની છુટ્ટી આપવાનો છું. આવતા સોમવારથી આપણી શાળા શરૂ થશે. આવતા રવિવારની સાંજ સુધી તમે મનભરીને રમી લો, આળસ કરી લો, અને જે મજા કરવી હોય તે માણી લો. પછી એમ ન કહેશો કે બાપુ રમવા નથી દેતા ને કામ જ કરાવે છે. પહેલાં રમી લો. પછી આપણે કસીને કામ કરશું.'

## ૮
## કેવી મજા હતી !

છુટ્ટીના સાત દિવસો તો જોતજોતામાં પસાર થઈ ગયા. પણ ઘણી વાર કેટલીક ક્ષણોનું ચિત્ર સ્મરણપટ ઉપર એક આખા વરસ કરતાંયે લાંબુપહોળું છવાઈ રહે છે તેમ એ સાત દિવસનું સ્મરણ મને રહી ગયું. કારણ, જે ટૉલ્સ્ટૉયવાડીને મેં જોઈ ન હતી તે મને એ સાત દિવસોમાં જોવાથીયે વધુ પરિચિત બની ગઈ. હું પણ જાણે વરસો સુધી ટૉલ્સ્ટૉયવાડી રહી આવ્યો હોઉં એવી લાગણી મને ટૉલ્સ્ટૉયવાડીના આ ગોઠિયાઓ વચ્ચે ભળી જતાં ઊપજી.

છુટ્ટીના એ અઠવાડિયા દરમિયાન ત્રણ ટોળીઓ પડી ગઈ હતી. એક મોટા છોકરાઓની, બીજી નાના છોકરાઓની અને ત્રીજી મોટાઓની. પૂજ્ય બાપુજી તથા મોટી ઉંમરના બીજા સૌને માટે એ અઠવાડિયું છુટ્ટીનું નહીં પણ તડામાર કામનું હતું, જેથી નવી ગોઠવણનું બધું કામ પતાવીને સાત દિવસ બાદ

નિશાળ અને બીજાં કામો રીતસર ચાલુ કરી શકાય. પોતાના કામમાં ગૂંથાયેલા મોટેરાઓ ભાગ્યે જ હરતાફરતા દેખાતા કે વાતો કરતા સંભળાતા. ફિનિક્સમાં જાણે કોઈ મોટું છે જ નહીં, છોકરાઓ જ છોકરાઓ છે એવું લાગતું. બાપુજી પણ ક્યાંયે વરતાતા ન હતા. મોટા છોકરાઓની ટોળી સવારે નાહવાધોવામાં અને બપોરે આંગણામાં પડી પાથરી રહી બગાસાં ખાવામાં સાત દિવસનો ભરપૂર ઉપયોગ કરી રહી હતી. નાના છોકરાઓની ત્રીજી ટોળી દી ઊગ્યાથી આથમ્યા સુધી રમતમાં મસ્ત હતી. હું એ ટોળીમાં મૂંગો સાંભળનારો અને ઠોઠ રમનારો હતો. મારો દાવ કદી આવતો નહીં અને ભૂલેચૂકે આવી જતો તો ટૉલ્સ્ટૉયવાડીના હોશિયાર છોકરાઓ એટલી બધી દયા વરસાવતા કે મારા હાથપગ ઢીલા પડી જતા.

ક્રિકેટ અને નવ નાગેલિયો, જેને ત્યાં 'થીટિન્સ' કહેતા, એ અમારી મુખ્ય રમતો હતી. રમીને થાક ખાવા બેસતા ત્યારે ટૉલ્સ્ટૉયવાડીનાં સંભારણાં તાજાં થતાં. એ સંભારણાં તોફાની છોકરાઓ વિશેનાં જ મુખ્યત્વે હતાં, છતાં એનો થોડો નિચોડ આ પ્રકરણમાં આપું છું. બાપુની શાળાની એ ભૂમિકા પણ અણ-છતી ન રહેવી જોઈએ.

ભટ્ટ પ્રેમાનંદે જેમ વર્ણવ્યું છે તેમ એ વાર્તાલાપ 'તને સાંભરે રે?' અને 'હાજી, મને કેમ વીસરે રે?' એ રીતના સનાતન સ્વરૂપમાં જ થતો.

એમાં ત્યાંના એક 'ફૉર્ટી ટન બોસ્ટર'ની કથા ગજબ હસાવનારી હતી. દુર્ભાગ્યે એ મિત્રનું અસ્તિત્વ હવે આ દુનિયામાં નથી, પણ એ વખતે અમારામાં એ પ્રસિદ્ધ વ્યક્તિ હતો. તેને દરેક વાતમાં પોતાનું મહત્ત્વ વધારવાની બહુ હોંશ રહેતી. દરેક વસ્તુમાં કંઈક નવું અને વધુ કહેવાનું તેને હોય જ. ટૉલ્સ્ટૉયવાડીના વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને વીસ વીસ ને પચીસ પચીસ માઈલની મજલો કાપવી એ સાધારણ વાત હતી. છોકરાઓ ને મોટાઓ કોદાળીપાવડાએ પણ ખૂબ મથતા. ખોરાક પણ ખૂબ હતો. અને શરીર તગડું કરવાની હોંશ પણ બધાને ખૂબ રહેતી એટલે અવારનવાર સૌ જોખાતા. ભાઈ 'ફૉર્ટી ટન' પોતાને જેટલો હોશિયાર માનતો તેટલો જ ભોળો પણ હતો. એક વાર સૌ તોળાવા ગયા ને બધાએ ભેળા મળી તેને બનાવ્યો: 'તારું વજન તો ચાળીસ ટન છે!' ગણિતમાં તે ભાઈ શીખેલો કે ટન એ બહુ મોટું તોલ છે; પણ કેટલું મોટું તેની અટકળ ભાઈને નહીં; એટલે માની બેઠા. અને પછી જ્યાંત્યાં બડાઈ હાંકવા માંડ્યા કે હું તો ચાળીસ ટનનો છું!' દોડીને બાપુજીને પણ કહી આવ્યા અને પોતાના વિનોદી સ્વભાવ પ્રમાણે બાપુજીએ પણ તેને બનાવ્યો ત્યારથી એ

ભાઈનું નામ ‘ચાળીસ ટન’ પડી ગયું તે તેને ચોંટ્યું જ. બહુ મોડે મોડે એને જાણાયું કે, આ તો મશ્કરી થઈ.

એવી જ એની બીજી એક બડાઈ એ ચાલતી કે ‘હું તો એક રાતમાં બાવન માઈલ ચાલ્યો.’ ભાઈ એક વાર ભૂલા પડેલા અને એક ગામથી બીજે ગામ રખડતાં માંડ સવારે ટૉલ્સ્ટૉયવાડી પહોંચેલા. ૧૫-૨૦ માઈલ ચાલ્યા હશે પણ ભાઈએ ગણી કાઢેલા પૂરા બાવન માઈલ. એની સાથે મારી મિત્રતા સારી પેઠે વધેલી અને મારો ખ્યાલ છે કે બાપુજીની શાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં એ ઠોઠ વર્ગમાં તો નહોતો જ. એના જેવા અમે અનેક હતા, એટલે સમજી શકાય એમ છે કે કેવા કેવા છોકરાઓના વિકાસને સારુ બાપુજી રાતદહાડો તનતોડ મહેનત કરી રહ્યા હતા.

ફિનિક્સ આવેલા વિદ્યાર્થીઓ બધા ટૉલ્સ્ટૉયવાડીના સંઘ કરતાં કંઈક ચડિયાતી પંક્તિના હતા. ફાર્મમાંથી જેઓ ફિનિક્સમાં નહોતા આવ્યા એમાંના કેટલાક ઠીક ઠીક ઊતરતી પંક્તિના છોકરાઓ હતા એમ મને મધરાતની ચોરીઓની વાત પરથી જાણાયું. બાપુજી જાતે રાંધીને જાતજાતની વાનીઓ કરીને માબાપવિહોણા છોકરાઓને લાડ લડાવતા; અલૂણા જેવા પ્રયોગોથી અકળાવા ન દેવા માટે પોતાની બધી મીઠાશ વાપરતા; છતાંયે પ્રત્યાઘાત થતો જ. કોઠારમાંથી છાને છાને સીધુંસામાન આવતું, અવૈષ્ણવ એવા હિંદુ તથા મુસલમાન રસિયાઓ દ્વારા તળાવમાંથી માછલીઓ પણ આવતી અને છાત્રાવાસમાં અધરાતે છાની ઉજાણી થતી. આમાં સારા છોકરાઓ ન ભળતા, પણ બાપુજી પાસે વાત કોઈ ન પહોંચાડતું. એ ભાઈઓ ટ્રાન્સવાલમાં જ રહી ગયા. ફિનિક્સ ન આવ્યા એ વિશેનું ભારે સમાધાન અમારી એ ટોળી પોતાની વાતોમાં પ્રગટ કરતી.

છોકરાઓની અંદરોઅંદર ચાલતી ધિંગામસ્તી કરતાંયે શિક્ષકોને પજવ્યાની કહાણીઓ બહુ રસભરી અને ઉત્સાહભરી હતી. મિ. કૅલનબૅકનો ધાક બહુ ભારે હતો. તેમના હાથ નીચે કામ કરવું એ લોઢાના ચણા ચાવવા સમું હતું. કોદાળી તો શું, કાતર લઈને પણ કૅલનબૅક સાહેબ કામે ચડે તોયે સાથે કામ કરનારા હાંફી જતા. ફળઝાડોની ડાળોની છાંટ એવી સફાઈથી અને ઝડપથી તેઓ કરતા કે એ ડાળો ઠેકાણે પહોંચાડવા ત્રણ જુવાનો માંડ પૂરા પડે. એમની સાથે પોતાની વારી ન આવે એવી ચિંતા રાખનારને તેઓ ખાસ પકડતા.

ખરી મજા તો કામ પૂરું કરી મિ. કૅલનબૅક અને બાપુજી મધ્યાહ્ને ભોજન પર બેસે ત્યારે આવતી. બરાબર દોઢ કલાક સુધી એમનો ફળાહાર ચાલતો. ચોવીસ કલાકનું એ એક જ ભોજન, સાવ મીઠા વિનાનું, મરી-મસાલા વિનાનું,

દૂધ-ઘી વિનાનું, ખાંડગોળ વિનાનું અને અનાજ કે કઠોળ વિનાનું; એટલું જ નહીં પણ મોટે ભાગે રાંધ્યા વિનાનું; છતાં એટલું રસભર્યું રહેતું કે મોટાં મોટાં ભોજન પણ એની પાસે ફિક્કાં પડે. તનતોડ મજૂરી પછી, કેળાં અને મગફળી ભરપેટ લેતાં તથા ચાવી ચાવીને ખાતાં દોઢ કલાકે ભોજન ઊકલતું, તોયે એ ઝડપથી ઊકલ્યું ગણાતું. બાપુજીનું અને મિ. કૅલનબૅકનું ભોજન ચાલતું હોય એટલો વચગાળો છોકરાઓને છૂટેદોર આનંદ કરવાને મળતો. એ પછી નિશાળ ચાલતી.

ફાર્મની નિશાળમાં ભણતર નહીં જેવું જ હતું એમ કહેવાય. ફિનિક્સ આવ્યા પછી એ વધ્યું. ફાર્મમાં તો સાધારણ લખવાવાંચવા પૂરતું જ ભણતર ચાલતું. જુદી જુદી શ્રેણીના અનેક વિદ્યાર્થીઓ સાથે ભણતા. સત્યાગ્રહી કેદીઓનાં કુટુંબીઓ ટૉલ્સ્ટૉયવાડીમાં રહેલાં હતાં. તેમાંના એકાદ નાના બાળકને પોતાની કાખમાં તેડીને બાપુજી જુદા જુદા ભણનારાઓને શાંતિથી ભણાવ્યે જતા. એ પાઠશાળામાં વિદ્યાર્થીઓ બાપુજી પાસે તો શાણા બનીને ભણતા; પણ એઓ ગેરહાજર હોય ત્યારે બીજા કોઈ શિક્ષકને દાદ ન દેતા અને શાળાને ચીડિયાખાનું બનાવી મૂકતા.

ઘણી વાર એવું બનતું કે બાપુજી ન હોય ત્યારે નિશાળ બેસાડવાનો જ વારો ન આવતો. તોફાની ટોળી મનમાં ગાંઠ વાળીને તૈયાર થયેલી બધી રસોઈ સફાચટ કરી નાખતી અને ઉપરથી વધુ ખાવાનું માગતી. રસોડામાં ફરી તપેલાં ચડાવવાં પડતાં. બીજી વારની રસોઈ થતી હોય ત્યાં છોકરાઓ ક્રિકેટ રમવા અડપતા અને ખાધેલું પચાવી નાખતા તથા બીજી વારની રસોઈ તૈયાર થયે તેઓ પાછા એટલા ભૂખ્યા થઈ જતા કે બીજી વારની રસોઈ પણ તેઓ સારી પેઠે ચટ કરી જતા ને શિક્ષકોને પોતા માટે ત્રીજી વાર ચૂલો ફૂંકવો પડતો. આમ, સાંજ પડતી ને નિશાળમાં છુટ્ટી રહેતી.

પગપ્રવાસો પણ અસાધારણ ચાલતા. ટૉલ્સ્ટૉયવાડીથી જોહાનિસબર્ગ ૨૧ માઈલ હતું. રાત્રે બબ્બે વાગ્યે ઊઠી સૂર્યોદય થતાંમાં ત્યાં પહોંચી જતા. કોણ વહેલું પહોંચે તેની શરતો ચાલતી. એક વાર જમનાદાસકાકાએ ચાર કલાક ને પાંત્રીસ મિનિટમાં એટલી મજલ કાપીને મિ. કૅલનબૅકને પાછળ પાડેલા અને ઈનામ લીધેલું. પાણી પર હિમના પોપડા બાઝી જાય એટલી ઠંડીમાં બૂટમોજાં વિના થયેલા આ પ્રવાસો મોટામાં મોટી મર્દાની શરતોથી જરાયે ઊતરે એવા ન હતા. પણ તેમાંયે બાપુજીનો કડપ ભારે હતો. એક વાર કૅલનબૅક સાહેબે ચાર કલાક પાંત્રીસ મિનિટથીયે ઓછા વખતમાં પ્રવાસ પતાવવાની હામ ભીડી. ટૉલ્સ્ટૉયવાડીથી પીઠ પર બગલથેલો જમાવી તેઓ નીકળ્યા. થેલામાં ટીમાણ

હતું; પણ તે ખોલી તેમાંથી શિરામણ કરવામાં વખત જાય એટલે એમણે એ કડાકૂટ છોડી ખિસ્સામાંથી ચાંદીનો સિક્કો ફેંકી, રસ્તાની દુકાનેથી નાસ્તો લઈ ચાલતે ચાલતે ચવેણું કર્યું. ચાંદીના સિક્કાનું પાછું પરચૂરણ લેવાયે ન રોકાયા, અને ધાર્યા પ્રમાણે મજલ બહુ વહેલી કાપી કાઢી. પણ બાપુજીને ખબર પડી ત્યારે તેમણે કેલનબૅક સાહેબને ખૂબ ઊધડા લીધા કે ‘એવી સાહેબી શી કે ખાવાનું ખિસ્સામાં ધર્યું રહે ને દુકાનનું ખાવું!’ સાહેબ રોવા જેવા થઈ ગયા હતા.

કેલનબૅક સાહેબના અને બાપુજીના આવા ઝઘડાઓ તો ચાલ્યા જ કરતા. પરોઢિયે જવું હોય ને શો સામાન સાથે લેવો અને શો ન લેવો એની રકઝકમાં જ મોડી રાત થઈ જાય. ચાલવાની તૈયારી કરી લીધા પછી માંડ ઝોલું લે ન લે, ત્યાં પરોઢના બે વાગતા અને બંને જાણ બહાર નીકળી પડતા. બાપુની ઝડપ કેલપબૅક સાહેબ જેટલી નહીં, તોયે પાંચ સાડા પાંચ કલાકમાં તો બાપુજી પણ એકવીસ માઈલનું એ અંતર કાપી કાઢતા!

સવારે ચાલીને જોહાનિસબર્ગ ગયા હોય ને સાંજે રેલગાડીમાં પાછા આવવાનું હોય. એક વાર ટૉલ્સ્ટૉયવાડીના ઘણા છોકરાઓ સાથે બાપુજી પાછા ફરતા હતા ત્યારે સાથે એક કોથળો મગફળીનો હતો. એને માટે એક ગોરા રેલવે અધિકારીએ કજિયો માંડ્યો. કહે છે કે, ‘એનું ભાડું આપો.’ બાપુજીએ ઘસીને ‘ના’ પાડી. પણ પેલાએ હઠ પકડી. એટલે બાપુજીએ બધા છોકરાઓને ખોબે ખોબે મગફળી વહેંચી આપી અને કોથળો ખાલી થયો. પેલો ટિકિટકલેક્ટર તો એવો ચાટ પડ્યો કે રાતોપીળો થતો ત્યાંથી ચાલ્યો ગયો. ટૂંકમાં, ટૉલ્સ્ટૉયવાડીમાં ઉત્સાહ, જોમ અને આનંદ ઊભરાતા હતા. જીવનની કઠણમાં કઠણ તપશ્ચર્યાને ત્યાં લૂખી ન થવા દેતાં બાપુજીએ રસભરેલી કરી મૂકી હતી. જીવનમાં જોમ હતું; વાસી અને ચીમળાયેલો એ ત્યાગ ન હતો.

ટૉલ્સ્ટૉયવાડીની વાતો સાંભળતાં હું તો ધરાતો જ ન હતો. જ્યાં બે જાણ વચ્ચે વાત ચાલતી હોય ત્યાં પહોંચી જઈ એ ઈતિહાસના રસમાં મહાલતો. આમ, જોતજોતામાં અઠવાડિયું પૂરું થયું અને રવિવાર આવ્યો.

રવિવારે નાનામોટા સૌ નાળા પર નાહવા ગયેલા. કપડાં ધોવાઈ ગયાં અને નાહવાનો વખત થયો ત્યાં હાથમાં વાળ કાપવાનો સંચો લઈ બાપુજી આવી પહોંચ્યા. એક મોટી સેંથીવાળા અને રૂપાળા ગુચ્છાવાળા છોકરાને બોલાવ્યો અને ચારપાંચ મિનિટમાં તેના માથાના વાળ સફાચટ કરી નાખ્યા. બધા છોકરાઓમાં છૂપો હાહાકાર મચી ગયો. પોતાના મહા મહેનતે પાળેલા વાળ બચાવવા નાની સરખી દલીલ જેણે કરી તેની સાથે જરાયે ચર્ચામાં ઊતર્યા વિના અને ધમકાવ્યા વિના બાપુજીએ તેને સમજાવી દીધું કે, ‘‘આજથી વખત

બદલાયો છે. હવે જૂના ચેનચાળા વિસારે પાડવાના છે. એ વિસારવા ન પોસાય તો આવતી કાલથી શરૂ થનારા નવા સત્રમાં જોડાવાનું માંડી વાળો ને ઘરભેગા થાઓ.'' કલાક સવા કલાકમાં તો વીસપચીસ જણાને મૂંડી ઝપાટાભેર આગલો કાર્યક્રમ પૂરો કરવા બાપુજી મોટે ઘેર (રસોડે) પહોંચ્યા.

છોકરાઓ છુટ્ટી અને લહેરના દિવસોનો કઠણ હૈયે ત્યાગ કરી નાહીપરવારી તેમની પાછળ પહોંચ્યા. વાતો, ગપ્પાં વગેરે સુકાઈ ગયું. સૌ મૂંગેમૂંગા કામે ચડ્યા.

## ૯

## દાતણપાણી

'ચાપાણી' નવો શબ્દ છે. અસલમાં આપણે ત્યાં 'દાતણપાણી કર્યાં?' એમ સવારના પહોરમાં પૂછવાનો રિવાજ હતો. બંગાળમાં પણ સવારે સત્કાર કરતાં પહેલો પ્રશ્ન 'જલપાન' વિશે જ પુછાય છે; અને બિહારમાંયે કોઈ કહે કે મૈંને પાની પી લિયા હૈ, એટલે સમજવું કે એ ભાઈએ શિરામણ કરી લીધું છે. એ રીતને અનુસરી હું પણ ફિનિક્સની અમારી દાતણથી શિરામણ સુધીની કથા આ 'દાતણપાણી'ના પ્રકરણમાં આપવા માગું છું.

સાધારણ રીતે ત્રણ વાગ્યે - ને ઘણી વાર તો બે વાગ્યે - બાપુજી પથારી છોડતા અને દીવો સળગાવી સવાર પડતાં સુધી એકચિત્તે લખતા વાંચતા. ટૉલ્સ્ટૉયવાડીથી સૌને લઈ તેઓ ફિનિક્સ આવ્યા ત્યાર પછીના ગાળામાં મને કેટલાયે એવા દિવસો સાંભરે છે, જ્યારે અંધારું ઓસરવા માંડ્યું હોય એ વેળા મારી બા મને જગાડતાં અને કહેતાં કે ''જો, બાપુ બે વાગ્યાના ઊઠીને લખે છે, અને હવે દાતણ લઈને દેવદાસકાકાને ઉઠાડે છે; ઊઠ, તુંયે ઊઠી પડ.'' અડધી ઊંઘમાં હું પડ્યો રહેતો. આંખ તો ઊઘડતી નહીં. પણ કાન કામ કરતા. સામેની ટેકરીઓ પરનાં ઝૂંપડાંઓના કૂકડાઓ બોલતા સંભળાતા, પ્લુતસ્વરોમાં વાતો કરતા સ્ટેશન તરફ દોડ્યા જતા હબસીઓના હોકારા સંભળાતા અને વચ્ચે વચ્ચે બાપુજીનો ઊંચો સાદ સંભળાતો: 'દેવા...! દેવા...!' પાથી અડધા કલાક સુધી આ સાદ ચાલુ રહેતા ત્યારે દેવદાસકાકાની ઊંઘ ઊડતી. પણ 'દેવા! દેવા!'ના ધ્વનિથી ફિનિક્સની નાની નાની ટેકરીઓ ગુંજી ઊઠતી ત્યારે એ માધુર્ય કોઈ પ્રભાતી રાગ સમું જ લાગતું. બાપુજીનો સાદ નાનો કે ઝીણો ન હતો. એ એટલો બુલંદ હતો કે દૂર દૂર ફેલાયેલા ફિનિક્સના એકેએક ઘરમાં પહોંચી વળતો. અમારું ઘર બાપુજીના ઘરથી પોણો ફર્લાંગ જેટલું દૂર હોવા છતાં જાણે માથા ઉપર ઊભા રહીને જ બાપુજી જગાડતા હોય એમ લાગતું. 'દેવા'ના એમના

પહેલે-બીજે સાદે તો મોટેરાંઓમાં પથારી છોડી ન હોય એવું ભાગ્યે જ કોઈ બાકી રહેતું. બીજી તરફ વિદ્યાર્થીઓ એ સાદ સાંભળતાં છેવટની ઘેરી ઊંઘ લેવા માટે માથે ઓઢી લેતા અને વધુમાં વધુ ક્ષણ પથારીનો લહાવો લેવા મંડી પડતા. નિશાળ, છાત્રાવાસ અને રસોડું એમ ત્રણ જુદી જુદી જગ્યાએ વિદ્યાર્થીઓ સૂતા. એક એકની પથારી પાસે જઈ, એમને ઢંઢોળીને જગાડવામાં બાપુજીનો સવારનો અડધોપોણો કલાક જતો. પો ફાટ્યે જગાડવા માંડ્યા હોય તે બધા ઊઠીને ભેળા થતા સુધીમાં બાલસૂર્યનાં કિરણો દેખા દેતાં. મારી બા મને ઝાઝું આળસ ન કરવા દેતાં. જાગેલો જોઈ ઝટ પથારીમાંથી ઉઠાડી દેતાં, એટલે બાપુજી રસોડેથી બીજે ઘેર ઉઠાડવા નીકળતા ત્યારે હુંયે તેમની પાછળ પાછળ પહોંચી જતો. મોટી ઉંમરના બેચાર છોકરાઓ તો એવા હતા કે બાપુજી પાછા ફરે એટલે ફરી સૂઈ જતા! એમને ઉઠાડવા બાપુજીને બીજો ધક્કો ખાવો પડતો. એમને આકરાં વેણ કહેવાં પડતાં. છતાં બાપુજી એ જહેમત કરતાં કદી અધીરા બન્યા હોય એવું મને સાંભરતું નથી. હોશિયાર માળી જેટલી ધીરજથી પરોઢિયે ઊઠી એકેએક છોડની પ્રદક્ષિણા કરે ને તેની ક્યારી ગોડે, તેમ એક એક વિદ્યાર્થીની પરિક્રમા બાપુજી કરતા. ફરક એટલો કે ખાતર, પાણી ને સંભાળ પ્રમાણે છોડવાઓ તો ફળે ફૂલે, પણ અમે! બાપુના વિદ્યાર્થીઓ તો કોરાના કોરા જ રહેતા, ફળની ઈચ્છા ન રાખનારા એવા નિષ્કામ માળી બાપુજી ખરા ને!

બધા ઊઠી રહે કે પહેલું સમૂહકાર્ય દાતણનું થતું. આંગણાને છેડે જ્યાંથી ખેતર શરૂ થતાં ત્યાં લાંબી ચર (નીક) ખોદી હોય, તેની ઉપર હારબંધ બેસી સૌને એકસાથે દાતણ કરવું પડતું. બાપુજી પણ ત્યાં પોતાના દાતણની સમાપ્તિ કરતા અને કરાવતા. ચરની બહાર કોઈ થૂંકે તો તુરત બાપુજી તેને સાવધાન કરતા. આકરી ઠંડીમાં કે વરસાદમાં જ્યારે બહાર બેસી દાતણ કરવું કઠણ પડતું ત્યારે ઓરડાઓમાં એકબે મોટી કથરોટ મૂકી તેની આસપાસ કૂંડાળામાં બેસી સૌને દાતણ કરવું પડતું. અને દાતણ થઈ રહ્યા પછી એક વિદ્યાર્થી ખાડો ખોદીને તેમાં એ કથરોટ ઠાલવી આવી ખાડો ફરી પૂરી દેતો.

આ તો થઈ દાતણની કવાયત ને સફાઈ. પણ બાપુજીના દાતણમાં એથીયે ઊંડું રહસ્ય આજની પેઠે ત્યારે પણ એક હતું. ઝીણી ઝીણી ક્રિયાને પણ નાનોસરખો યોગ બનાવી મૂકવો એ એમની ખાસિયત દાતણ કરવામાંયે રહેતી. 'આધ્યાત્મિક દાતણ'ની સમજણ આપતાં એમણે સાબરમતીની પ્રાર્થનામાં કહેલું કે, ''જેમ જેમ આપણે મોઢાના મળ કાઢતા જઈએ તેમ તેમ મનના મેલ પણ કાઢતા જવું જોઈએ.'' એ વસ્તુનો એમનો પોતાનો અમલ તો વરસો જૂનો છે. મારું અનુમાન છે કે ફિનિક્સમાં જ્યારે બાપુ દાતણ કરવા-કરાવવામાં પૂરો

કલાક વિતાડતા ત્યારે એ એમની બાહ્ય ક્રિયાઓ તો સહજપણે થતી. અને શ્વાસોચ્છ્શ્વાસ લેતાં માણસનું ધ્યાન હમેશાં જેમ બીજી વાતમાં જ હોય છે, તેમ બાપુજીનું ધ્યાન એ વેળા પોતાના અંતરના ઊંડાણમાં જ રહેતું. પોતાના અંતિમ લક્ષ્યનું ધ્યાન, તેને પહોંચવાનો સાચો માર્ગ, ફિનિક્સના આખા પરિવારને સાથે લઈ એ માર્ગ ઉપર કૂચ કરવાનો વિધિ, અને ઊગેલા દિવસની મજલ, - આ બધાં વિશે ઊંડું તથા સ્પષ્ટ ચિંતન કરવાનો તેમનો સમય આ જ હતો. અમારું દાતણ ચાલતું એ વેળા વીસપચીસ જણાની વચ્ચે પોતે બેઠા હોય છતાં કંઈ બોલતા નહીં. મૂંગા મૂંગા દાતણ કર્યે જતા. કોઈની કંઈ ખામી દૂર કરવા બોલે તેયે નછૂટકે. એ વખતે આશ્રમની સવારની સમૂહપ્રાર્થના શરૂ નહોતી થઈ. પણ બાપુજીએ પોતાને માટે સામૂહિક દાતણને પ્રાર્થના જેટલું જ પાવન બનાવી મૂક્યું હતું.

દાતણ ઊકલે ત્યાં છાપખાનાનો મોટો ઘંટ ધણેણી ઊઠતો અને વિદ્યાર્થીઓ, બાળકો, મોટાઓ ને બાપુજી પોતપોતાની કોદાળી, પાવડા કે દાતરડું લઈ ઠરાવેલી જગ્યાએ પહોંચી જતા. ઓજારોની ઓરડીમાં પોતપોતાનાં સાધનો લેવામાં છોકરાઓ વચ્ચે સારી પેઠે તાણાતાણી થતી. ‘આ કોદાળી મારી નથી’; ‘મારો પાવડો ફલાણાએ લઈ લીધો’; ‘અલ્યા કાલે જ સજાવેલું મારું દાતરડું ઉઠાવ્યું છે ને?’ આવું તોફાન પંદરવીસ મિનિટ સુધી રોજ ચાલતું. એ શોરબકોર જો વધુ ચાલે તો બાપુજી આવી પહોંચતા ને બેપાંચ પ્રશ્નોમાં તો જેણે કજિયો ઉપાડ્યો હોય તેને શોધી કાઢી તેની ભૂલ દેખાડી આપતા અને સૌ ડાહ્યા બની કામ પર પહોંચી જતા. આમ છતાંયે આવો કજિયો ત્રીજેચોથે દિવસે આવીને ઊભો જ રહેતો, પણ બાપુજી કદી ધીરજ ન ખોતા.

એક ટોળી બાપુજીની, બીજી મગનભાઈ માસ્તરની અને ત્રીજી મિ. સૅમની - એમ ત્રણ ટોળીઓમાં ફિનિક્સને જુદે જુદે ખૂણે સવારના બે કલાક ખરેખરી મજૂરી ચાલતી. નબળા, નાના અને નગુણા છોકરાઓને બાપુજી પોતાની ટોળીમાં રાખતા, અને ફિનિક્સના રસ્તાઓ તથા અવાવરુ જમીન પરથી ઘાસ ખોદી સાફ કરવાનું કામ એનું રહેતું. મોટી ટોળીઓને ફળઝાડના ક્યારા ખોદવાનું અને જમીન ખેડવાનું રહેતું.

શરૂ શરૂમાં મને બધી વિગતો ન સમજાતી. એક તો મારે માટે સૌ નવા હતા. તેમની બોલીયે નવી; અને અધૂરામાં પૂરું હું હજુ ઘરનો કેદી હતો. ફાર્મ ફિનિક્સમાં આવી ગયું હતું, પણ મારે માટે વેગળાપણું જ હતું. વચ્ચે વચ્ચે દોડી જઈ આસપાસ ચક્કર મારી આવું અને બધે શું ચાલે છે એ જોઈ આવું એટલું જ હું કરી શકતો. મોટે રસોડે જમનારાઓ બધા ફિનિક્સના સાર્વજનિક

બગીચાઓમાં કામ કરવા જતા અને પોતપોતાને ઘેર જમનારાઓ ઘરના જ બગીચામાં સવારના છથી આઠની વચ્ચે આ તનતોડ મહેનત કરતા. મગનકાકા અને પિતાશ્રી સાથે હું અમારા બગીચામાં કામ કરતો. તેઓ બંને કોદાળીના ઊંડા ઘાથી મોટાં મોટાં ઢેફાં ઉથલાવતા જતા અને હું એ ઢેફાં ભાંગતો જતો. એ ઢેફાં ભાંગીને જમીન સપાટ તથા સરખી કરવામાં મને બહુ મજા પડતી અને મારા કુમળા હાથમાં બહુ આંટાણ પણ ન પડતાં. છતાં કામ કરીને બધા એકબીજાને પાતેનાં આંટાણ બતાવતા ત્યારે મારી પાસે પણ કંઈક બતાવવાનું રહેતું, જોકે મારાથી લાગલાગટ બે કલાક મજૂરી ન થઈ શકતી. પિતાશ્રી ને મગનકાકા આઠના ઘંટ સુધી એકશ્વાસે આકરી મહેનત કરતા. દરમિયાન, મને જો બહાનું મળી જતું તો હું સીધો પહોંચતો બાપુજી હોય ત્યાં.

એક વાર મારા નાના ભાઈ કૃષ્ણદાસને ગળે ગાંઠ ઊપડી આવી. સાધારણ બટેટા જેટલી એ મોટી હતી. પીડા એટલી હતી કે તેનાથી બોલાતું પણ નહીં. દાક્તર તો ત્યાં હતો જ નહીં. બાપુજીએ જાતે એ ગાંઠ ચીરવાનું નક્કી કર્યું. એને પૂરી પકવી નાખવા રાત્રે પોટીસ બંધાવી અને સવારે ગરમ પાણી, અસ્ત્રો વગેરે તૈયાર કરી રાખવાનું કહી ગયા. બીજે દિવસે સવારે બધી તૈયારી થયે મારી બાએ મને બાપુજીને બોલાવવા મોકલ્યો. બાપુજીની ટોળી એક બીડને સાફ કરવાનું કામ કરતી હતી. મેં જોયું કે સૌથી મોખરે બાપુજી વાંકા નમી પાવડો તાલબદ્ધ ચલાવી રહ્યા હતા. ઘાસ કાઢવા સિવાય દુનિયામાં જાણે તેમને બીજું કંઈ લક્ષ્ય જ ન હતું. તેમની પીઠ પાછળ છોકરાઓની ધિંગામસ્તી અને ટોળટપ્પાં ચાલતાં હતાં. એકાદ જાણ વચ્ચે વચ્ચે જરા એકબે પાવડા ઘાસ કાઢી લેતું હતું, પણ મોટે ભાગે તો વાતો અને ચર્ચાઓ જ ચાલુ હતી. મને થયું કે બાપુજી પાસે પણ જ્યારે આ લોકો રમતરોળાં કરે છે, ત્યારે ટૉલ્સ્ટૉયવાડીમાં બીજા શિક્ષકોને દાદ જ ન આપવાનાં એમનાં પરાક્રમોની જે વાતો હતી તે બધી સાચી તો ખરી. કેટલીયે મિનિટો લગી હું બાપુજીની પાસે ઊભો રહ્યો. પણ ખોદવાના રસમાં તેમણે મને ન જોયો, અને છોકરાઓની એકબીજા જોડે ચાલતી ટીખળના રસ આડે હુંયે બાપુજીને બોલાવી લઈ જવાનું ભૂલી ગયો ને મૂંગો મૂંગો ઊભો રહ્યો. કેટલીક વારે બાપુજીએ મને જોયો અને પૂછ્યું: ''કૃષ્ણ સારુ બોલાવવા આવ્યો છે ને? ચાલ, હું આવ્યો.'' એમ કહી તેમણે હાથમાંથી પાવડો મૂક્યો, પાટલૂન પરની માટી ખંખેરી નાખી અને મને આગળ કરી ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં છોકરાઓને ચેતવણી આપતા ગયા: ''જુઓ, હવે તમારી વાતો પૂરી થવી જોઈએ. મારી હાજરીમાં તમે ખૂબ રમ્યા અને વાતો કર્યે રાખી, પણ હવે મારી પીઠ પાછળ જરાયે સુસ્તી ન થવી જોઈએ. હું આવું ત્યાં સુધી કામમાં પૂરું

ધ્યાન આપજો. મોટાના દેખતાં આળસ કરો એ ચાલે, પણ મોટાઓ ચાલ્યા જાય ત્યારે આળસ કરી એમને મુદ્દલ ન છેતરવા જોઈએ.''

અમે કૃષ્ણદાસ પાસે પહોંચ્યા ત્યાં બાએ તેના ગળા પરનો પાટો ખોલી નાખ્યો હતો. રાત્રે જે ગાંઠ ચીરવાની વાત હતી એ સવારે પોતાની મેળે સાવ બેસી ગઈ હતી. સૌને એનું કૌતક થયું. બાપુજીએ કૃષ્ણદાસની ટોળ કરી, ''વાહ રે બહાદુર! અસ્ત્રાથી ડરી ગયો એટલે ગાંઠ બેસાડી દીધી ને? એ તે કંઈ બહાદુરી કહેવાય?'' પાંચેક મિનિટ જોઈ-તપાસી, ઉપચાર સૂચવી બાપુજી ઝપાટાભેર પાછા ખેતર પર કામની જગ્યાએ પહોંચ્યા. હુંયે પાછળ પાછળ ગયો. જતાં-આવતાં અડધો કલાક પૂરો નહોતો વીત્યો. પણ એટલા વખતમાં તો છોકરાઓએ એટલું બધું કામ કર્યું હતું કે ત્યાં સુધીની રમતનું બધું સાટું વળી ગયું. બીડના એ મોટા ચોરસનો ઘણોખરો ભાગ સાફ થઈ ગયો હતો ને છોકરાઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા.

'શાબાશ!' બાપુજી બોલ્યા અને કહ્યું: ''હંમેશાં આવા સાચા રહેવું. કોઈની પીઠ પાછળ તો આળસ કરવું જ નહીં. હવે થોડોક થાક ખાઓ, બાકીનું હું કરું છું.'' એમ કહી બાપુ ફરી ખોદવામાં મશગૂલ બની ગયા. પણ છોકરાઓએ થાક ન લીધો અને બાકીનો ટુકડો પૂરો કરવામાં બાપુજીને મદદ કરી. આઠનો ઘંટ થયો ત્યાં સુધીમાં એ આખો કટકો અરીસા જેવો સાફ થઈ ગયો. મારી ખાતરી છે કે બાપુજીએ કડકાઈથી ને કોરા ઉપદેશથી કામ લીધું હોત તો એ સાફ ન થાત.

ઘંટ વાગ્યે સૌ રસોડે નાસ્તા માટે ગયા. હુંયે ઘેર ગયો. બે કલાકની આટલી મહેનત પછી ભૂખનો કંઈ શુમાર હોય ખરો? શિરામણ પણ સરસ મળતું. ઘેર બનાવેલી ડબલરોટી, દૂધ, શાક, મુરબ્બો ને તાજાં ફળ. જેટલું સરસ કામ હતું તેથીયે સરસ નાસ્તો હતો. પોણોએક કલાકનો એ નાસ્તો ઉજાણીથીયે મધુર લાગતો. વાતો ચાલતી, હાસ્યવિનોદ થતો અને બાપુજી પણ પીરસતાં પીરસતાં વચ્ચે વિનોદ કે કટાક્ષ કરી લેતા. હું અમારે ત્યાંથી ઝટ ઝટ નાસ્તો પતાવી મોટે રસોડે પહોંચી જતો ને ત્યાંની ગમ્મતમાં ભળતો.

નવ વાગ્યે તો ફરીથી ઘંટ ગાજી ઊઠતો. આ ઘંટે અમે છોકરાઓ નિશાળે પહોંચતા અને મોટાઓ ફરી પાવડા લઈ બગીચાઓમાં કામે ચડતા.

# ૧૦
# ખેતરાઉ નિશાળ

મને ભય છે કે હું જે લખવા માગું છું તે નહીં લખી શકું. એ અનુભવ, એ ચેતન અને એ ઉલ્લાસનો વણથંભ્યો પ્રવાહ અને તારા-ખરીની પેઠે પળે પળે ઝરતો બાપુજીનો ઝગારો આ લૂખા કોરા કાગળ ઉપર કેવી રીતે દેખાડી શકાય?

બે કલાકની અમારી એ શાળા વિદ્યારાશિથી છવાયેલા કોઈ વિદ્યાલય કરતાં લગીરે ઓછી ગંભીર ન હતી. વિદ્યાવિહાર - કલ્પનાનાં ઉડ્ડયનો કે તર્કના ડૂબકીદાવ એમાં ભલે ન હતાં, પરંતુ શિક્ષક અને વિદ્યાર્થીની એકાગ્રતા, ભણવા-ભણાવવાનો રસ, લેવા-આપવાની આવડત અને પૂરો પરિશ્રમ ત્યાં હતાં.

ગયા પ્રકરણમાં એ વાત આવી ગઈ કે પરોઢિયે છથી આઠ સુધી ખેતી ચાલ્યા પછી શિરામણ કરી મોટાઓ પાછા ખેતરે પહોંચતા અને અમે છોકરાઓ નિશાળના ઝૂંપડામાં. ત્યાં નવથી અગિયાર સુધી તડામાર કામ ચાલતું. અડધા પોણા કલાકે ટકોરા થતાં વારા પ્રમાણે ભણાવનારા શિક્ષક અમારી સામે હાજર થતા. શિક્ષક આવતાં ઊભા થવાનું કે હાથ જોડવાનું કે એમને આવવાનો રસ્તો મોકળો કરી આપવાનું અમે ન જાણતા. એક જાણ ભણાવીને જાય કે અમે તુરત બીજું કામ હાથમાં લેતા, એકબીજાને પૂછવાનું શરૂ કરી દેતા; અને શિક્ષક આવે તે અમારી સાથે એક મોટો પૂછનારો ને બતાવનારો બની બેસી જતો. ઘણી વાર શિક્ષકજીના પગે ખેતરનો ગારો ચોંટી રહેતો. એમના પહેરણની બાંય કોણી સુધી ચડેલીની ચડેલી રહેતી અને વચ્ચે આવી પડેલું કામ પતાવી ઝટ પાછા ખેતરે પહોંચી જવાની ઉતાવળ અમારા શિક્ષકના ચહેરા પર દેખાઈ આવતી.

ગણિત, ગુજરાતી, ગીતા અને વ્યાકરણ એ અમારા મુખ્ય વિષયો હતા. અંગ્રેજી પણ બધા શીખતા, પરંતુ તેને સારુ સવારનો મોંઘા મૂલનો સમય ન ખર્ચાતો. તામિલ અને હિંદી બાળકોને ગુજરાતીને બદલે તામિલ અને હિંદી શીખવાની સગવડ મળતી.

ગણિતના શિક્ષક મારા પિતાશ્રી, ગુજરાતીના મગનલાલકાકા અને જેકીબહેન, ગીતાના મગનભાઈ માસ્તર અને બાપુજી. મોટે ભાગે વિષયો અને વિદ્યાર્થીઓ એક રહેતા, પણ શિક્ષકો બદલાતા રહેતા. મુખ્ય અધ્યાપક બાપુજી પોતે રહેતા. એવી નિશાળ ભાગ્યે જ કોઈએ જોઈ હશે, જ્યાં ચાલુ નિશાળે મુખ્યાધ્યાપક પાસે પહોંચો તો તેમના હાથમાં વેલણ કે કડછી દીપી રહ્યાં હોય. નિશાળના બે કલાકનો મોટો ભાગ બાપુજી મોટા રસોડામાં મુખ્ય રસોઈયાનું કામ કરવામાં આપતા. પોતાનાં પચીસત્રીસ બાળકોમાં કોઈને કાચી કે બળેલી રોટલી ન પહોંચે એની તેમને ફિકર રહેતી. જમણનો ઘંટ વાગી જાય છતાં રસોઈ અરધી

જ થઈ હોય એવો પ્રસંગ ન આવવા દેવા માટે તેઓ જાતે રસોઈ કરતા. આમ મુખ્ય રસોઈયાની અને મુખ્યાધ્યાપકની બેવડી જવાબદારી ઉપરાંત ડરબન આદિ સ્થળેથી આવનારા પરોણાઓને મુલાકાત આપવાનું પણ આ સમયે ચાલતું તે જુદું.

કોને શું ભણાવવું, કોના કોના વર્ગ સાથે ચલાવવા, એક શિક્ષક સંસ્થાના મહત્ત્વના કામમાં રોકાઈ જતાં કોણે તેની જગ્યા પૂરવી એનો રોજેરોજનો નિર્ણય બાપુજી આપતા. કોના કેટલા દાખલા ખરા પડ્યા અને કોના કેટલા ખોટા પડ્યા એનો હિસાબ વર્ગ પૂરો થતાંની સાથે બાપુજી પાસે પહોંચતો. અને બપોરે જમવાનું પીરસતી વખતે દાખલામાં પાર ન ઊતરનારની મીઠી ટકોર પણ કોઈ કોઈ વાર તેઓ કરી લેતા. રોજના શ્રુતલેખન પર સારી લખાવટના દોકડા આપવાનું કામ બાપુજી પોતે જ કરતા: અને અમારા જેવા અબોધને ગીતાનો ગંભીર બોધ રસભરી રીતે આપવાનું પણ તેઓ જ કરતા. મગનભાઈ માસ્તર અમને સંસ્કૃત શ્લોકોના ઉચ્ચારો શીખવતા અને મુખપાઠ કરાવતા; બાપુજી શ્રી ગટુલાલજીની ગીતાના સમશ્લોકી ગુજરાતી પદ્યનો અર્થ કરાવતા. ગીતાનાં એ પ્રવચનો આજે યાદ નથી, છતાં એ સાંભળતાં મારા મનમાં શું ચાલતું એ યાદ છે. પણ એ વાતને એક આખું જુદું પ્રકરણ જોઈશે. અહીં વર્ગોની જ વાત કરું.

દર અઠવાડિયે-ઘણે ભાગે દર શનિવારે અમારી પરીક્ષા લેવામાં આવતી. એક અઠવાડિયે ગણિતની, બીજે અઠવાડિયે ગુજરાતીની, ત્રીજે ગીતાની, ચોથે અંગ્રેજીની એમ દર મહિને એક એક વિષયની પરીક્ષા થતી. પરીક્ષાના જવાબો બાપુજી તપાસતા અને તે જ દિવસની સાંજની પ્રાર્થનામાં એનાં પરિણામો સંભળાવી જતા ને ભૂલચૂક સુધારતા. શનિવારની અમે આતુરતાથી રાહ જોતા. બાપુજી કે મગનભાઈ માસ્તર અમને પ્રશ્નપત્રો આપી પોતાને કામે ચાલ્યા જતા. અમારા ઉપર ચોકી કરતું કોઈ ઊભું રહેતું એવું કાંઈ મને યાદ નથી આવતું. અમને કોઈને એકબીજામાંથી છાનો છાનો ઉતારો કરી લઈ પોતે હોય તે કરતાં વધુ હોશિયાર દેખાવાની ઈચ્છા જ ન થતી. દરેક જાણ પોતાના ભેજા પ્રમાણે, ધીરજપૂર્વક, સૂઝે એટલું લખાય તેટલી સફાઈથી લખતું; અને ન આવડે-ન સૂઝે તો ગભરાટ પેદા ન થતો. મનમાં ટાઢક રહેતી કે રહેલી કચાશ બાપુજી દૂર કરશે. જ્યારે ન ફાવતા ત્યારે બીજે મહિને વધુ તૈયારી કરી વધુ સારું પરિણામ બતાવવાની અમે ઉમેદ બાંધતા અને ઝટ વચ્ચેના ત્રણ શનિવાર વીતી જઈ કાચા ઠરેલા વિષયની ફરી પરીક્ષા આપવાની વહેલી તક મળે એની અમારા મનમાં ઉતાવળ રહેતી.

પરીક્ષાના દોકડા આપવાની બાબતમાં બાપુજીની રીત મને એ વેળા અનેક રીતે અન્યાયભરી લાગતી. એક જ જાતના સવાલ હોય, એક જ વર્ગના વિદ્યાર્થી

હોય, છતાં બે જણમાં જે વધુ સારા જવાબ આપે તેને ઓછા દોકડા અને જે દેખીતી રીતે ઓછા સારા જવાબ આપે તેને તેઓ વધુ દોકડા આપતા. અક્ષરોની લખાવટમાં તો અચૂક રીતે બાપુજી પક્ષપાત કરતા. સારા અક્ષરનાયે ઓછા દોકડા કેમ એમ અમે પૂછી બેસતા તો બાપુજી આકળા બની જઈ જવાબ આપતા: 'અમુક છોકરા કરતાં અમુક હોશિયાર છે, એવો આંક મારે નથી મૂકવો. મારે તો એ જોવું છે કે દરેક જણ પોતે છે તેના કરતાં કેટલો વધુ સુધર્યો છે. હોશિયાર છોકરો ઠોઠ છોકરાની સાથે પોતાને સરખાવ્યા કરે અને ગુમાન કરતો ફરે તો એની બુદ્ધિ બુઠ્ઠી થઈ જાય. તે ભણવામાં ઓછી મહેનત કરે, અને જે આગળ ન વધે તે છેવટે પાછો જ પડે. જે વધુ મહેનતથી અને પૂરી ચીવટથી કામ કરશે તેને જ હું વધુ દોકડા આપવાનો.'

બાપુજીનો આ ઉપદેશ મારા બીજા સંગાથીને કેવો લાગતો તેની ખબર નથી, પણ મને તો ચોખ્ખી એ બાપુજીની જોહુકમી જ જણાતી. આજે જોઉં છું કે પોતાની સાથે પોતાને સરખાવવો અને પોતે આગળ વધ્યો કે પાછળ હઠ્યો તે જોવા કરતાં 'બીજા કરતાં પોતે સારો દેખાય છે, અને બીજા કરતાં પોતે હોશિયાર છે' એ કબૂલ કરાવવાની વાસના જ મારામાં જોર કરતી હતી. બાપુજીનો જે ભારે અન્યાય લાગતો તે સામે બોલવાની તો મારી હિંમત જ ન ચાલતી, એટલે છેવટે મન વાળી લેતો કે 'હશે, બાપુજીએ દોકડા ઓછા આપ્યા પણ તોયે મારા જવાબો અમુક જણ કરતાં તો સારા હતા જ ને? એટલે ખરી રીતે મારા દોકડા પેલાના કરતાં વધારે જ છે.' અને એમ મનમાં ખાંડ ખાઈ ફુલાતો ફરતો. પણ આનું પરિણામ એ આવતું કે મારી પ્રગતિ વધુ ઓછી થતી અને બાપુજીની પાસેથી વધુ ઓછા દોકડા મને મળતા. આમ સાપ્તાહિક પરીક્ષા દ્વારા બાપુજીએ અમારી એવી નાડ ઝાલી હતી કે કૂદકે ને ભૂસકે અમે ગજા પ્રમાણે આગળ વધતા. જે કાંઈ વાંચતા શીખતા તે પાકું થતું જતું અને જે અમારા મનમાં પેસતું જ નહીં તે અમારા મગજમાં ઉતારવા માટે વધુ સચોટ ઉપાયો બાપુજી શોધી કાઢતા.

અમારી આ શાળા પૂરી રીતે માંડ એક વરસ ચાલી હશે. પણ એટલા સમયમાં હું જેટલો પાછલાં ત્રણ વર્ષમાં આખો દિવસ ઘરમાં ભણ ભણ કરીનેય નહોતો વધ્યો એટલો આગળ વધ્યો. ગણિતમાં પિતાશ્રી પાસે રૂપિયા આના પાઈ અને પાઉન્ડ શિલિંગ પેન્સના દાખલા મહા પરાણે કરતો. થોડાઘણા અપૂર્ણાંક પણ શીખેલો. ગુજરાતી શ્રુતલેખન બહુ ખરાબ હતું. ગીતામાં ફક્ત પહેલા અધ્યાયના પંદરવીસેક શ્લોકો યાદ થયેલા. તેની જગ્યાએ ટૉલ્સ્ટૉયવાડી ફિનિક્સમાં આવ્યા પછી એક જ વર્ષની અંદર દૃઢભાજક, અપૂર્ણાંક, દશાંશ અને

ત્રિરાશિ-પંચરાશિના દાખલા છૂટથી અને ઝડપથી કરતો થઈ ગયો. ગુજરાતી લેખન સારી પેઠે સુધર્યું અને વાચનમાં ચોથી ને પાંચમી ચોપડી પાઠની ચર્ચા સાથે આવડી. ગીતા ચોથા અધ્યાય સુધી મોઢે થઈ ગઈ. આમ મારી ઉંમરને અગિયારમે વરસે મારું જે રીતનું ભણતર થયું તે રીતે બાપુજીના મુખ્યાધ્યાપકપણા નીચે દસેક વરસ ચાલ્યું હોત તો મને સાચી વિદ્વત્તા સાંપડી હોત એમાં શંકા નથી. પણ બાપુજીની શાળાનો આદર્શ વિદ્વાનો પેદા કરવાનો ન હતો, સત્યાગ્રહી પેદા કરવાનો હતો; એટલું એ રૂડું, શાંત અને ઓજસ્વી વિદ્યાસત્ર ખંડિત થયા પછી ફરી પાછું ચલાવવાની બાપુજીને તક નામની જ મળી. એ નિશાળનું સ્મરણ જ મારા જેવાને સારુ આખા જીવનની નિશાળ થઈ રહી.

## ૧૧
## ખરે બપોરે

અમારી ખેતરાઉ શાળાના વર્ગો નવથી અગિયાર સુધી ચાલ્યા. પછી અગિયારથી સાડા અગિયાર સુધી ફરી પાછું અમારે કોદાળીપાવડા લઈ ખેતર પર જવું પડતું. નિશાળની શીળી છાયામાંથી નીકળી બળતા બપોરે કોદાળી લઈ ખેતરમાં જવાની અમને હોંશ ન થતી. એ અર્ધો કલાક આમતેમ ટલ્લા મારી કાઢી નાખવાની અમારી દાનત રહેતી પણ બાપુજી અમને દાદ ન આપતા. અગિયારના ટકોરા થતાંની સાથે ચોપડી બંધ કરાવી એકસાથે કૂચ કરાવતા તેઓ અમને ખેતરે ઘસડી જતા. સવારની પેઠે આ વેળા પોતાનાં કોદાળીપાવડા લેવામાં બેપાંચ મિનિટ પણ બગાડવા ન દેતા. કામનો ચોક્કસ ટુકડો માપી આપતા અને અર્ધા કલાકમાં એટલું પૂરું કર્યા પછી જ છુટ્ટી મળવાનું જાહેર કરતા. એ અર્ધા કલાકમાં લગભગ એક કલાક જેટલું કામ થતું. એકશ્વાસે ઝડપથી કોદાળી ચલાવતાં સહુ પરસેવે રેબઝેબ થઈ જતા અને જ્યારે છુટ્ટી મળતી ત્યારે એક લડાઈ જીત્યાનો સંતોષ લઈ અમે નાહવા ઊપડતા.

એક વાર અમારા વર્ગો પૂરા થયા હતા અને અગિયાર વાગવાને દસેક મિનિટની વાર હતી. બાપુજી પ્રસન્ન હતા અને અમને વિનોદ કરાવી રહ્યા હતા. એ તકનો લાભ લઈ અમારામાંના એક મોટા વિદ્યાર્થીએ હિંમત બાંધી અને કહ્યું, ‘બાપુ, આ બપોરની અર્ધા કલાકની ખેતી નથી ગમતી. ખેતર પર જવાઆવવામાં નકામો વખત જાય છે એના કરતાં સવારે જ અમારી પાસે અર્ધો કલાક વધુ કામ લઈ લો તો કેવું?’

બાપુજીએ જવાબ આપ્યો, ‘આ અર્ધો કલાક બદલવાને હું જરાયે તૈયાર નથી. ખરે બપોરે આકરા તડકામાં પાવડો ચલાવવાની ટેવ તમારે કેળવવી જ

જોઈએ. આજે અહીં ભણો છો ને કાલે લડાઈ ઊપડતાં જેલ જવું પડશે ત્યારે શીળી છાંયે બેસવાનું નહીં મળે. ત્યાં તો કમર ઝુકાવી બહાદુર મજૂરની જેમ દિવસ આખો આવા તાપમાં જ તમારે પાવડો ચલાવવો પડવાનો. ત્યાં ગાંજ્યા જાઓ, થાકી જાઓ, રોતલ બનો તો મારું ને તમારું બેયનું નાક કપાય. એના કરતાં તમે આ નિશાળ છોડી જાઓ એમાં મારી ને તમારી વધુ શોભા છે. વળી આવા આપમતલબિયા થવું આપણને ન શોભે. તમે અહીં નિરાંતે બેઠા ભણો છો અને મોટેરાઓ બધા સવારના હાડકાંતૂટ મહેનત કરી રહ્યા છે એમને કેમ વિસારે પાડો છો? આપણે એમને સાથ પુરાવવો જોઈએ. કામની પૂર્ણાહુતિ વખતે આપણી આખી નિશાળ એમને પૂરી મદદ કરે તો એમને સંતોષ ઊપજે અને એમનો થાક ઊતરી જાય.'

આટલું છતાં અમારા મનમાંથી તડકે કામ કરવાની આનાકાની નીકળી ગઈ હતી એમ નહીં. પરંતુ બાપુજીના પુણ્યપ્રભાવમાં અને એમના ઉત્સાહ તથા કર્તવ્યપરાયણતાના પૂરમાં અમે અનિચ્છાએ તણાતા.

સારી પેઠે થાકેલા અમે સાડા અગિયારે ઓરડીમાં ઓજારો ફેંકી નાહવા ઊપડતા. છાપખાનાના કૂવા પર એક ભારે પંપ હતો. તે બે જણ મળી માંડ ચલાવી શકતા. એમાંથી પાણીની ત્રણ ઈંચ જાડી ધાર વહેતી. વારાફરતી બે જણ નળ ચલાવ્યે જતા અને બાકીનાઓ દિગંબર બની શરીર પરનો કલાકોનો પરસેવો, માટી, મેલ ધોઈ કાઢી ઝપાટાભેર તૈયાર થઈ જતા. સાબુથી કપડાં ધોવા-ધફોવવાનું રવિવારે જ થતું. આડે દિવસે તો મળતી થોડી મિનિટમાં જ નાહવા-નિચોવવાનું પતાવી વેળાસર ભોજનની પંગતમાં અમે પહોંચી જતા. નાનામોટા શિક્ષકવિદ્યાર્થી સૌનું ટોળે વળી ઝપાટાભેર દિગંબર સ્નાન એ પણ દક્ષિણ આફ્રિકાની જેલની એક તૈયારી જ હતી.

ભોજનમાં પણ એક જ તાંસળામાં બધી ચીજનો ખીચડો કરીને ખાવાની જેલની રીતનો ચીવટપૂર્વક અમલ થતો એ હું જણાવી ગયો. જમીને વાસણ અજવાળ્યા બાદ એક વાગ્યે અમારો બપોરનો કાર્યક્રમ શરૂ થતો.

એકથી પાંચ સુધી મોટેરાઓ છાપખાનામાં પોતપોતાનું લખવાનું, બીબાં ગોઠવવાનું, તથા અઠવાડિક છાપા માટે કરવાનું બીજું કામ કરતા. અમે ત્રણ વાગ્યા સુધી નિશાળમાં બેસી અમારા પાઠ તૈયાર કરતા. પ્રમાણમાં આ વેળા અમારી ગપસપ ઠીક ચાલતી. બપોરના વખતમાં અર્ધાપોણા કલાકનો અંગ્રેજીનો વર્ગ પણ ચાલતો. એ ઉપરાંત 'કાવ્યદોહન' આદિમાંથી રસીલાં આખ્યાનો સંભળાવનાર મહેમાન શિક્ષક આવી જાય તો તે સાંભળતા. ઘણે ભાગે આ સમય શિક્ષક વિનાની શાળાનો લેખાય. કોઈ છોકરાની મશ્કરી કરવી, બીજાને મૂરખ

બનાવવો, શિક્ષકોની ટીકા અને કૂથલી કરવી એ બધા માટે અમારે સારુ આ વખત હતો.

બાપુજીને 'ઇંડિયન ઓપીનિયન'ના મુખ્ય લેખો લખવાનો વખત પણ આ જ હતો. પરોઢિયે બે વાગ્યે ઊઠ્યા છતાં ખરે બપોરે ક્ષણભર ઝોલું લેવાની તો શું, બગાસું ખાવાનીયે ન હતી તેમને ફુરસદ કે ન હતો તેમના મનને, બુદ્ધિને કે શરીરને તલભાર થાક! જમીને સીધા તેઓ છાપખાનાના દફતરમાં પહોંચતા અને એકાગ્ર ચિત્તે સંપાદકીય અને પત્રવ્યવહારનું કામ ઉકેલતા. એમાંથીયે વખત બચાવી મોટા વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવા અર્ધો કલાક અઢીથી ત્રણની વચ્ચે આવી જતા. પણ કેટલીક વાર કામનો ભાર વધી જતાં ન આવી શકતા તો ચિઠ્ઠી લખી સૂચના મોકલતા.

એક વાર અમારાં ગપ્પાં ચાલતાં હતાં. દેવદાસકાકા, ડાહ્યો મોચી, રામદાસકાકા અને બીજા સાથે હું અમારા ગણિતના વર્ગની ચોવટ કરતો હતો. મને યાદ નથી કે કોણે કહ્યું, પણ એક જણે મારા પિતાશ્રીની શીખવવાની રીત વિશે અસંતોષ પ્રકટ કર્યો અને કહ્યું, 'ગણિત બાપુ જ ભણાવે તો સારું. છગનલાલભાઈને સમજાવતાં નથી આવડતું. બાપુજીને અઘરામાં અઘરા દાખલા શીખવતાં પણ બહુ સારું આવડે છે,' ઇત્યાદિ. મૂળ વાતને બધાનો ટેકો હતો. બાપુજીની સરખામણીમાં મારા પિતાશ્રીના શિક્ષકપણાને અમે ઠીક ઠીક ઉતારી પાડ્યું હતું. અમે અમારી ચર્ચામાં તલ્લીન હતા. અમને ખબર ન હતી કે બાપુજી દરવાજા બહાર ઊભા ઊભા અમારી વાત સાંભળે છે. બેચાર મિનિટ બારસાખની ઓથે બાપુજી ઊભા રહ્યા અને પછી ધીમેકથી અમારી સામે આવી ઊભા. તેમને જોઈ અમે સહુ ચમકી ગયા. ભણાવવાનું કોરે મૂકી બાપુજીએ અમને સારી પેઠે ખખડાવ્યા:

'આ તે તમારી કેવી ઉદ્ધતાઈ? આજે મારી સરખામણીમાં છગનલાલ તમને નઠારા લાગે છે ને કાલે ગોખલે મહારાજની સરખામણીમાં હું નઠારો લાગીશ. તમારે તમારા ભણતર સાથે કામ કે શિક્ષકને દોકડા આપવા સાથે? શિક્ષકને જે વિદ્યાર્થી વગોવે એ વિદ્યાર્થી ગમે તેટલો બુદ્ધિમાન હોય તોયે તેનું ભણતર મીંડું જ રહેવાનું. શિક્ષક ગમે તેટલું આપે પણ અક્કડ વિદ્યાર્થી કંઈ જ નથી ઝીલી શકવાનો અને શિક્ષક જરાક અમથું આપી શકે તોપણ જો વિદ્યાર્થીમાં નમ્રતા હશે તો એ થોડાને ઘણું કરીને ઝીલશે અને તેજસ્વી વિદ્યાર્થી બનશે. તમે શિક્ષકોના દોષ જુઓ એ અસહ્ય વસ્તુ છે. દોષ જોવા હોય તો તમારા પોતાના જુઓ. ગણિતના શિક્ષક છગનલાલ જ રહેશે. મારી પાસે જેટલા ધ્યાનથી તમે

દાખલા ગણો તેટલા જ ધ્યાનથી તમારે એમની પાસે દાખલા ગણવા જોઈએ અને મનમાં પણ તેમનો આદર કરવો જોઈએ.'

આ અણધાર્યો ચાબખો અમને એવો વાગ્યો કે ત્યાર પછી અમારાં ટોળટપ્પાં અને ચર્ચામાં શિક્ષકની ટીકાટોળ કદી ન આવ્યાં.

ત્રણને ટકોરે નિશાળમાંથી અમે છાપખાનામાં પહોંચતા. ત્યાં અમારું ઉદ્યોગશિક્ષણ ચાલતું. તામિલ છોકરાઓ તામિલ, હિંદી છોકરાઓ હિંદી, ગુજરાતી છોકરાઓ ગુજરાતી અને મોટા વિદ્યાર્થીઓ અંગ્રેજી કંપોઝિંગ શીખતા. છાપું બહાર પાડવાના દિવસો પાસે આવે ત્યારે મોટાની સાથે અમારે વિદ્યાર્થીઓને પણ કામ ઉકેલવાની પૂરી ચોંપ રાખવી પડતી અને છપાતી વખતે કાગળો લઈ જવા, લાવવા, વાળવા, સંકેલવા, બંડલ બાંધવાં વગેરે કામ પૂરઝડપે ચાલતાં. છાપખાનાના ઉદ્યોગમાં પણ ઠોઠ નીકળનાર વિદ્યાર્થીની લગામ બાપુજી પોતાના હાથમાં લેતા. આગળ જતાં એવાં અઠવાડિયાં પણ આવ્યાં કે મોટેરાઓએ મુદ્દલ છાપખાનાનું કામ ન કર્યું ને બધું વિદ્યાર્થીઓએ જ ઉકેલ્યું. પણ એ ઉત્સવોનાં વર્ણન આગળ ઉપર.

પાંચને ટકોરે ફરી પાછા ખેતર ઉપર અમે પહોંચતા. આથમતા સૂર્યની શોભા વચ્ચે. પંખીઓનાં ગાન સાંભળતાં ખેતરનો એ કલાક બહુ મીઠો લાગતો. આ વેળા આકરી મજૂરી કરવાનું ભાગ્યે જ રહેતું. કોદાળીપાવડાનું કામ સવારે કર્યા પછી સાંજે તો નાના કુમળા છોડોને પાણી પાવામાં, તેની ક્યારી કરવામાં ને બગીચાના અવલોકનમાં આથમતો દિવસ અમે પૂરો કરતા. એક તરફ પશ્ચિમની ટેકરી માથે તોળાઈ રહેલાં વાદળાંમાં સૂરજ ડૂબકી મારતો અને બીજી તરફ છ વાગ્યે છાપખાનાના ઘંટના પ્રચંડ ટકોરા ગાજી ઊઠતા, ત્યારે 'પરમસુખી જીવ' એવા અમે મહાલતા મહાલતા ઘેર પહોંચતા અને કકડીને લાગેલી ભૂખ શાંત કરવા હાથપગ ધોઈ પંગતમાં પહોંચી જતા.

લાંબા દિવસો હોય ત્યારે સાંજના વાળુ પછી અમારી છૂટદડી વગેરે રમતો ચાલતી ને એમાં એટલી હસાહસ થઈ રહેતી કે આખો દિવસ અમે ધૂંસરીમાં જોતરાયા હતા એ ભૂલી જતા.

સાંજની પ્રાર્થના એ બાપુજીનો પ્રમાણમાં નિરાંતનો વખત. અનેક પ્રાર્થનાઓના અનેક વિનોદો, અનેક ટીકાઓ અને અનેક પ્રવચનો વણનોંધ્યાં જ રહી ગયાં છે. આજે હું ગમે એટલું યાદ કરું તોયે તે મને યાદ આવે એમ નથી. એટલું જ કહું કે પ્રાર્થના વખતે બાપુજીની પાસેમાં પાસે પહોંચ્યા જેવું લાગતું અને મનમાં સંકલ્પ જાગતો કે બાપુજીની શિખામણથી તસુભર પણ અવળા ન ઊતરવું.

આવા જાગેલા સંકલ્પ સાથે રાત્રે આઠનવને શુમારે અમે નિદ્રાને ખોળે પહોંચી જતા અને સવારે પાછા હતા તેવા ને તેવા કોરા ઊઠતા!

## ૧૨
## એપ્રિલફૂલ

માણસને નથાવું નથી ગમતું. વળી જે નથાતા નથી તે હડધૂત થયા વિના પણ રહેતા નથી. લગામમાં રહે તે ઘોડો કામનો; નાથ ખમે તે આખલો દેવ સમો; પગે દામણાં બંધાવી દૂધ આપે તે ગાય કામધેનુ; ઈશારો થતાં બેસે ને ચપટી વગાડતાં દોટ કાઢે તે કૂતરો ડાહ્યો; અને સમાજધર્મના નિયમ ઉપનિયમથી બંધાયેલો રહી ડગલે ડગલે સાવચેતીથી ચાલે તે પુરુષ શિષ્ટ, સજ્જન.

આમ છતાં ખરી વાત એ છે કે ઘણુંખરું દરેક પ્રાણીને પોતાના માથા પરનો અંકુશ ઊથલાવી નાખવાની એક આંતરિક ઈચ્છા હરઘડી રહ્યા જ કરે છે. ઘોડાના બંધ જરાક છૂટ્યા કે તે ક્ષિતિજના ખૂણેખૂણાને માપી આવવાને ધમાચકડી કરી મૂકવાનો. પોતાના સમાજની નજર ચૂકી કે માણસ છૂટોદોર થઈ બજારોનાં અનાડી ને સડિયલ ઠેકાણાંઓમાં મહાલતો ભટકવાનો. આ તમન્નાનો વેગ મોળો પાડવાની છૂટબારી (સેફ્ટી વાલ્વ) માટે પ્રત્યેક સમાજમાં યોજનાઓ હોય છે. રજાઓ, તહેવારો, મહેફિલો, મેળાઓ એ આવી છૂટબારીઓ છે.

સમાજ-સંચાલકો તો જોકે તહેવારો પ્રગતિ માટે યોજે છે, પણ સમાજ એને સમૂળા ગબડાવી પાડે છે. એના દાખલા જન્માષ્ટમીની ભવાઈ, દિવાળીનો જુગાર અને હોળીની બીભત્સતા વગેરે છે. આ તહેવારોને સંકોરી કાઢવા સારી પેઠે પ્રયાસો થઈ રહ્યા છે છતાં આખી ભારતભૂમિ પર જો તે તે દિવસે વિહંગ દૃષ્ટિ દોડાવી જઈએ તો આપણો મોટા ભાગનો સમાજ અધોમુખ થયેલો નજરે પડે.

આપણી હોળીને મળતો માઝા મૂકનારો એક અંગ્રેજી તહેવાર 'એપ્રિલ-ફૂલ'નો છે. એપ્રિલ મહિનાની પહેલી તારીખે સામા માણસને છેતરીને તથા મૂર્ખ બનાવીને આનંદ લૂંટવાની તે દિવસે હરીફાઈ ચાલે છે. એક એપ્રિલ માસની સવારે ફિનિક્સમાં પણ મોટા વિદ્યાર્થીઓની ટોળીએ અડપલું કરી એક મોટું પુરાણ ઊભું કરી મૂક્યું હતું, જે મહિનાઓ સુધી ચાલ્યાનું મારું સ્મરણ છે. બાપુજીની સંભાળમાં હોવા છતાં તે વેળા માણસાઈને ઠેબે ચડાવવામાં અમને ઓછો રસ નહોતો આવતો.

મિ. વેસ્ટ જેઓ એકલા જ એ દિવસોમાં અમારી વસાહતમાંના અંગ્રેજ હતા તેમને બનાવવાનું મોટા છોકરાઓની એક ચોકડીએ ઠરાવ્યું. કોઈને એપ્રિલ મહિનો આવ્યાનો ખ્યાલ સરખોયે ન હતો. નિયમ પ્રમાણે સવારનો ઘંટ વાગતાં

સૌ પાવડા લઈ જુદી જુદી ટોળીઓમાં વહેંચાઈ ખેતરોમાં પહોંચી ગયા હતા અને કામે ચડ્યા હતા. સવાએક કલાક કામ ચાલ્યું હશે ત્યાં એક ખેતરેથી તીણી ચીસ સંભળાઈ 'લગ્વાના!' તરત બીજા બેત્રણ જણાએ કારમો સાદ પુરાવ્યો 'લગ્વાના! લગ્વાના!'

ચારે તરફના માણસો હાથમાં પાવડા લઈ દોડતા ત્યાં પહોંચ્યા. હું પહોંચ્યો ત્યારે જોયું કે મિ. વેસ્ટનો ચહેરો ગુસ્સાથી એટલો લાલચોળ થઈ ગયો હતો કે જાણે હમણાં ગાલ ફાટી પડશે. પોતાના હાથમાંનો હંટર ધીમે ધીમે વીંઝતા ટોળા વચ્ચે એ ઊભા હતા. બીજાઓ મલકાતે મોઢે તેમને ટાઢા પાડવાનો પ્રયાસ કરતા હતા કે 'એપ્રિલ મહિનો આવી ગયો એ ભૂલી ગયા શું?' પણ જેમ જેમ એમને ટાઢા પાડવાનો આ પ્રયાસ થતો જતો હતો તેમ તેમ મિ. વેસ્ટને સારુ તો ઊકળતા તેલના પેણામાં જાણે પાણી છંટાતું હતું. આખરે આખો મામલો બાપુજી પાસે પહોંચ્યો અને બાપુજીએ જેમ તેમ કરી એમાંથી સૌને ઉગાર્યા.

'લગ્વાના' એટલે પાટલા ઘો. ફિનિક્સમાં સરપ કરતાંયે પાટલા ઘો ઝેરી મનાતી. સરપ તો ત્યાં હાલતાં નજરે પડતા અને ઘો ભાગ્યે જ દેખા દેતી, તેથી એનો એટલો ભય લાગતો કે એનું નામ પડતાં જ ચોમેર નાસભાગ શરૂ થઈ જતી.

મિ. વેસ્ટ શિકારી ન હતા, પણ બીજાના રક્ષણ માટે દોડી જવાની વીરતા અને સૌજન્ય એમનામાં પૂરેપૂરાં હતાં. બંદૂક કે એવું બીજું હથિયાર એમના હાથમાં જોયાનું મને યાદ નથી, પણ ગેંડાના ચામડાનો લાંબો હંટર તેઓ અચૂક વીંઝી જાણતા. એક વાર રાત્રે તેઓ અમારે ઘેર આવેલા. ઓસરીમાં ઊભા ઊભા મગનકાકા સાથે વાત કરતા હતા ત્યાં દેડકાનું રુદન સંભળાયું. સરપની શંકા ગઈ. જોયું તો એક મોટા દેડકાને કોઈ નીચે ખેંચી રહ્યું હતું અને બે પાટિયાંની તડ વચ્ચે દેડકો ફસાઈ જવાથી નીચે જઈ શકતો નહોતો એટલે મોટેથી રોતો હતો. તુરત મગનકાકાએ ફાનસ ઉપાડ્યું અને મિ. વેસ્ટ પગથિયાં ઊતરી નીચે ગયા. ઓસરી નીચેના પોલાણમાં* હાથ લંબાવી એમણે એવો તો સચોટ ફટકો માર્યો કે પહેલે જ ઘાએ સરપ મરી ગયો અને દેડકો છૂટો થઈ કૂદતો કૂદતો ભાગ્યો.

એવી કફોડી જગ્યાએ એક જ ઝપાટે મિ. વેસ્ટે હંટર કેવી રીતે તાક્યો અને ફટકાવ્યો એની તો મને સમજ જ ન પડી. તેઓ સાપને તપાસી ઘેર ગયા. એ ઘાતના પ્રાયશ્ચિત્તરૂપે બીજે દિવસે મગનકાકાએ પાણીભર ઉપવાસ કર્યો અને

---

* 'ફિનિક્સ'વાળા પ્રકરણમાં એ કહેવાઈ ગયું છે કે ફિનિક્સનું અમારું ઘર જમીનથી બેત્રણ ફૂટ ઊંચે લાકડાના થાંભલા પર બાંધવામાં આવેલું ને નીચે પોલાણ હતું.

મેં દેડકો, સાપ તથા મિ. વેસ્ટ ત્રણેની કરામત પર માથું ખંજવાળ્યા કર્યું.

આવી જ જાતની મદદ આપવા જુસ્સાભેર મિ. વેસ્ટ 'લગ્વાના'ની બૂમ સાંભળતાં પેલા છોકરાઓ પાસે દોડી ગયેલા, પણ જ્યારે તેમણે જાણ્યું કે એ તો મશ્કરી હતી ત્યારે એમનો પિત્તો એટલો ઊછળ્યો કે તે માંડ કાબૂમાં રહી શક્યો. જો બાપુજીની એ સંસ્થા ન હોત તો ઘોને બદલે કોઈ છોકરાની પીઠ ઉપર જ એ હંટર વીંઝાઈ ચૂક્યો હોત.

સાંજની પ્રાર્થનામાં બાપુજીએ આવી મશ્કરી કરવા તથા જૂઠું બોલવા સારુ વિદ્યાર્થીઓને ઠીક ઠીક ખખડાવ્યા. પણ આ સાર્વત્રિક તહેવારે પણ ડાહ્યાડમરા બની રહેવાની જરૂર અમને કંઈ જણાઈ નહીં. વળી આવી નાનકડી રમતને આવડું બધું રૂપ આપી અમને ઠપકો આપવો એ બાપુજી વધારાપડતું કરે છે એમ પણ અમને લાગ્યું.

બાપુજી છોકરાઓને પસ્તાવો ન કરાવી શક્યા અને મિ. વેસ્ટ પાસે ક્ષમા પણ ન અપાવી શક્યા. સ્વભાવે જ મિ. વેસ્ટ જરા અતડા હતા અને આ બીના પછી વાતવાતમાં તેઓ છોકરાઓથી ઉશ્કેરાઈ જવા લાગ્યા. છોકરાઓએ પણ તેમનો પીછો પકડ્યો અને તેમને ચિડાવાનું વધુ ને વધુ કારણ આપતા ગયા. છેવટે એ અવસર આવ્યો કે મિ. વેસ્ટના હાથ નીચે ખેતરમાં કામ કરવાને લાયક દેવદાસકાકા ને રામદાસકાકા જેવા એકબે છોકરા જ બાકી રહ્યા. બાકીનાઓને મિ. વેસ્ટથી છેટા રાખવાની સાવધાની બાપુજીને લેવી પડી. હું ભૂલતો ન હોઉં તો વિદ્યાર્થીઓ અંદર અંદર મિ. વેસ્ટની નિંદા અને તેમની પીઠ પાછળ મશ્કરીઓ કરતા. મહિનાઓ બાદ જ્યારે તેઓ લાંબી છુટ્ટી પર ડરબન રહી આવ્યા ત્યાર પછી જ એ બધું બંધ પડ્યું.

બાપુજીની ટેવ એવી કે જેઓ પોતાની જેમ નજીકના હોય તેમ તેમને આઘા રાખે. એપ્રિલ ફૂલવાળા પ્રસંગ પછી દેવદાસકાકાને તેઓ અચૂક મિ. વેસ્ટની પાસે કામે મોકલતા અને પોતાની ટોળીમાંથી તેમને બાતલ રાખતા. આનું સહેજે એ પરિણામ આવ્યું કે બાપુજી પાસે બીજા છોકરાઓ જ્યારે રમતગમત અને ઉછાંછળાપણામાં સારી પેઠે સમય બગાડતા ત્યારે મિ. વેસ્ટ પાસે કામ કરતા દેવદાસકાકાને પીઢ માણસની પેઠે ડાહ્યાડમરા બની મૂંગા મૂંગા કામ કરવું પડતું. પરિણામે તેઓ ખરેખર મોટું માણસ બનતા ગયા. પોતાનું મન દબાવી કામમાં ને કામમાં એકાગ્ર બનવાની અને કામ ચોખ્ખું કરવાની તેમની ટેવ વધી.

આની સાથે સાથે 'લગ્વાના'નો એક બીજો કિસ્સો પણ યાદ આવે છે. તે પણ અહીં જ કહેવો ઠીક પડશે. એપ્રિલફૂલવાળું પ્રકરણ હજુ ભુલાયું ન હતું. એક બપોરે નિશાળમાં બેઠા અમે અમારા પાઠ કરી રહ્યા હતા. બાપુજી

છાપખાનામાં હતા. અમારો સહપાઠી કુપ્પુસ્વામી ઓરડાની બહાર નીકળ્યો ત્યાં તેની નજરે પાટલા ઘો પડી. તેણે 'લગ્વાના! લગ્વાના!' બૂમ પાડી કે બધા છોકરાઓ બહાર નીકળી જ્યાં ઘો ભરાઈ હતી ત્યાં ફરી વળ્યા. ઘોને પકડવાના નિષ્ફળ પ્રયત્નોમાં પંદરવીસેક મિનિટ ગઈ હશે ત્યાં બાપુજીની ત્રાડ સંભળાઈ: 'શું છે ત્યાં?'

અમારી પાછળ આવીને ઊભા રહેલા બાપુજીનો કડક ચહેરો જોઈ અમે થીજી ગયા. એક જણ હિંમત કરીને બોલ્યો: 'પાટલા ઘો હતી એટલે જોવા આવ્યા.'

'ઠીક છે; જાઓ બેસો તમારા વર્ગમાં. શું પાટલા ઘો કદી જોઈ ન હતી?'

'પણ અમે એને પકડીને દૂર મૂકી આવવાનું કરતા હતા.'

'ના, નથી મૂકવી. જવા દો એને જ્યાં જવું હોય ત્યાં. તમારું ધ્યાન જ ભણવામાંથી નીકળીને બહાર કેમ ગયું? પાટલા ઘો હોય કે મોટું લશ્કર જતું હોય પણ ભણનાર વિદ્યાર્થીની નજર પોતાની ચોપડીમાંથી ઊંચી થાય જ કેમ!'

'પણ બાપુજી! કુપ્પુએ બૂમ મારી એટલે અમે બહાર આવ્યા; નહીં તો અમે વાંચતા જ બેઠા હતા.'

'કુપ્પુ! તું કેમ બહાર નીકળ્યો હતો ?'

'પાણી પીવા જતો હતો, બાપુજી !'

'એમ? ઠીક ચાલો, બેસી જાઓ પોતપોતાની જગ્યાએ.'

અમે બેસી ગયા એટલે હાથમાં ચોપડી લઈ વળી બાપુજીએ આગળ વઢવા માંડ્યું: 'કુપ્પુ! મેં નથી કહ્યું કે પાણી બાણી જે કંઈ પીવું હોય તે પીને જ અહીં આવવું? પછી શા માટે તમારે પાણી પીવા ઊઠવું પડે છે? તમે એક વાર નિશાળે આવ્યા કે પછી બીજું બધું ભૂલી જાઓ અને એક જ બેઠકે બેસો એટલા માટે તો મેં ભણવાનો એકીસાથે દોઢ જ કલાકનો વખત રાખ્યો છે. એ દોઢ કલાક તો તમારે સખણા બેસવું જ જોઈએ. દોઢ કલાકમાં જો તમારે પાણી પીવા જવું પડતું હોય ને પેશાબ કરવા ઊઠવું પડતું હોય તો તમે રોગી છો. અને એમ સાધારણ રીતે અરધોએક કલાક પણ હાજત રોકી ન શકાય કે?' આમ સારી પેઠે તેમણે અમને સંભળાવ્યું. અને આ ઉપદેશની અસર પણ થઈ. ત્યાર પછી ભણવાના દોઢ કલાકમાં પોતાની જગ્યાએથી ખસવાની અમે ખો ભૂલી ગયા.

ફિનિક્સમાં વારતહેવારની છુટ્ટી જેવું ભાગ્યે જ બાપુજીએ રહેવા દીધું હતું. જન્માષ્ટમી જેવા બેચાર દિવસો તહેવાર તરીકે પળાતા, પણ એમાંયે છુટ્ટી ન મળતી. એ દિવસે ઉપવાસ કે અલ્પાહાર ઉપરાંત બે કલાક પ્રાર્થના વધુ લંબાતી એટલું જ. અમારે માટે તહેવારમાં ઘણુખરું રવિવાર, અથવા બાપુજીની

ફિનિક્સમાંથી ગેરહાજરી હોય તે. રવિવારે વાંસભર સૂરજ ચડી જતાં સુધી પથારીમાંથી બહાર નીકળવું નહીં, આખો દિવસ રમતો રમ્યા કરવી, કંઈક ને કંઈક ઊંધુંચત્તું તોફાન કરવું અને સાંજ પડ્યે નિરુત્સાહ બની સૂઈ જવું એવો જ કાર્યક્રમ રહેતો.

અમારે પાપે બાપુજીને ફિનિક્સમાં સાત દિવસ અને ચૌદ દિવસના જે ઉપવાસો કરવા પડ્યા હતા એનાં મૂળ પણ આ છુટ્ટીના દિવસોમાં જ નંખાયાં હતાં એ હવે પછી આવતા પ્રકરણ પરથી જણાઈ આવશે. પણ આ પ્રકરણ પૂરું કરતાં એટલું કહું કે કોઈ પણ સમાજ કે સંસ્થાનો તાગ કાઢવો હોય તો વારતહેવારમાં એ કેટલે ઊતરે છે કે ચડે છે એ તપાસવું જોઈએ.

## ૧૩
## આખરે એ દિવસ આવ્યો

ફાર્મ ફિનિક્સમાં આવ્યું તોયે હું તો ઘરનો કેદી જ હતો. ભણવા ટાણે ત્રણચાર કલાક નિશાળે જવા મળતું, અને ખેતરાઉ કામ થતું ત્યારે અવારનવાર ત્યાં પહોંચી જતો ખરો, પણ અનેક રીતે હું બધાથી વેગળો ને વેગળો જ હતો. બધા છોકરાઓ કલ્લોલ કરતા, એકસાથે જમતા; હું મારે એક ઘરને ખૂણે આંખો નીચી રાખી એકલો જમી લેતો. બધા છોકરાઓ બપોરે છાપખાનામાં કામ શીખવા જતા; મારે ઘરમાં એકલા બેઠે દાખલા ગણવા પડતા અને વાચન કરવું પડતું. બધા છોકરાઓ સાંજે ને શનિ-રવિવારે આખો દિવસ લખોટી રમતા, ક્રિકેટ રમતા, નાળે જઈ પાણીમાં ગેલ કરતા; અને મારે પિતાશ્રી પાસે શાંતિથી બેસી તેઓ કરાવે તેમ કરવાનું રહેતું. આ વેગળાપણુંયે ખમી શકાય એવું હતું. એ અંકુશ આકરો હતો પણ અકારો ન હતો. પણ મારાથી નહોતું ખમાતું બાપુજીથી આઘે રહેવાનું.

જ્યાં સુધી બાપુજી ટૉલ્સ્ટૉયફાર્મ પર હતા ત્યાં સુધી તો ત્યાં જવાની રઢ રહી અને મનમાં એમ રહ્યું કે ટ્રાન્સવાલ પહોંચી જાઉં એટલે બાપુજી પાસે પહોંચી જવાશે. પણ ફિનિક્સમાં તો બાપુજી આવી ગયા, એમની પાસે ભણવાનુંયે મળ્યું, છતાં રાતદિવસ જેમ બીજા છોકરાઓને જેવી બાપુજીની ઓથ હતી એવી મને ન હતી એ અનુભવ કડવો હતો. અધૂરામાં પૂરું ટૉલ્સ્ટૉયફાર્મ જવું છે એમ તો હજુ કહી શકાતું, પણ ઘર છોડી બાપુજી પાસે રહેવા જવું છે એમ કહેવાને જીભ ન ઊપડતી.

પણ આખરે ભગવાને સામે જોયું. અણધારી રીતે બાપુજીએ જ મને પોતાની પાસે બોલાવી દીધો.

એક વાર લાગલાગટ સાત દિવસ સુધી મુશળધાર વરસાદ વરસ્યો. એવી હેલી હતી કે અર્ધો કલાક પણ માંડ વરસ્યા વિનાનો વીતતો હશે. ફિનિક્સની જમીન ગોઠણ સુધી પગ ઊતરી જાય એટલી પોચી પડી ગઈ. આવે વખતે ખેતરનું કામ થવું અશક્ય હતું. સાધારણ રીતે આવે સમયે ખૂણે બેસી માણસને કવિતા વાંચવાનું મન થાય. પણ બાપુજીએ તો બીજો ઉદ્યોગ શોધી કાઢ્યો.

એમણે છાપખાનું ઉખેળ્યું. વરસોનાં વરસ સુધી ન વપરાયેલાં બીબાંનાં ખોખાં સાફ કરાવ્યાં. જૂનાં થોથાં પરનાં જાળાં ઝપટાવ્યાં અને સાત દિવસમાં બધું ચોખ્ખું ચાંદની કરી મૂક્યું. ધોધમાર વરસાદનો અનધ્યાય મળવાને બદલે બાપુજીના રાજમાં અમને ખેતરની મહેનત કરતાંયે બમણી મહેનત થઈ પડી. છતાં આખું ફિનિક્સ જે બેચાર કલાક એ એક ઘરમાં એકઠું મળતું તેનો આનંદ જુદો હતો. મૂંગે મોઢે કામ થતું, પણ સૌ ઉત્સાહમાં રહેતા, બાપુજીની હાજરીને લીધે કૌટુંબિક હૂંફ અનુભવતા અને પ્રસન્ન રહેતા.

વરસાદની આ ભેજભરી મોસમ અને તડકાનો અભાવ મને નુકસાનકારક નીવડ્યાં. મારા આખા શરીરે ગૂમડાં ફૂટી નીકળ્યાં. આખી પીઠ ગૂમડે ભરાઈ ગઈ. રાત્રે પડખાભર કે પીઠભર સૂઈયે ન શકાતું. બાપુજીએ મીઠુંમસાલા ખાવાનું બંધ કરાવ્યું અને એકલી રોટી ને દૂધ પર મને રાખ્યો, પણ ગૂમડાં મટ્યાં નહીં. જેટલાં સુકાય એટલાં વળી નવાં થાય. માટીના પણ અનેક પ્રયોગ ચાલ્યા. રાત્રે મારા ખાટલામાં ગોદડું કે ગાદલું ન પાથરતાં એક ચાદર બિછાવી તે પર એક ડોલ ભરીને પાતળો ગારો પાથરવામાં આવતો અને તે પર ભીની ચાદર વાળી તેના ઉપર મારે સૂવું પડતું. કોઈ પણ ગાદલા કરતાં એ વધારે પોચું અને વધારે ઠંડક આપનારું ગાદલું હતું. એમાં મને બહુ મજાની ઊંઘ આવી જતી. આ ક્રમ લગભગ એક મહિનો ચાલ્યો, પણ મારાં ગૂમડાંમાં કંઈ ફેર પડ્યો નહીં. એટલે પછી બાપુજીએ મારે માટે વળી નવો ખોરાક શોધી કાઢ્યો. ફિનિક્સમાં અમે ઘઉંના લોટની જે ડબલ રોટી બનાવતા એની વચ્ચેનો પોચો ગાભો અળગો કરી ઉપરના આકરા ભાગના કટકાને વળી તાવડી પર ચારેક કલાક ધીમે તાપે શેકી ઈંટથીયે આકરા અને લગભગ કોયલા જેવા કાળા ટોસ્ટ બનાવાતા. એવા પાંચેક કટકા અને શેકેલા ઘઉંના લોટની દૂધમાં બનાવેલી કૉફી અને ઉપરાંત એકાદ સંતરું કે પપૈયાની ચીર એટલું જ એમણે મને આપવા માંડ્યું. અનેક અઠવાડિયાં સુધી એ સિવાય બીજું કશું મને ચાખવા ન મળ્યું. છતાં મારાં ગૂમડાં ન ગયાં!

ઘણે દિવસે વરસાદ બંધ રહી તડકો પડ્યો એટલે અમારા આનંદનો પાર ન રહ્યો. ફિનિક્સમાં વરસાદ પડી રહી તડકો પડવા માંડે ત્યારે ચોમેર આનંદ આનંદ પ્રસરી રહેતો. પક્ષીઓયે છાનાંમાનાં બેઠાં હોય એ બેવડા ઉત્સાહથી ગાવા લાગે.

ખેતરો અને વૃક્ષો પણ ધોવાઈ ધોવાઈને ઊજળાં બની જતાં ને નવો તડકો સોનેરી સોનેરી બની પથરાઈ રહેતો. વરસાદની ઝડીઓના મારથી બીડમાંના લાંબા ઊંચા ઘાસની કેડ ભાંગી જવાથી એ સૂઈ જતું એટલે એમાં રખડવામાં અનેરો આનંદ આવતો. અહીં આપણાં ગામડાંઓમાં વરસાદ પછી ફરવા નીકળવું એ માથાનો ઘા થઈ પડે છે. આસપાસના ઉકરડા સડવાથી ગંધાઈ ઊઠ્યા હોય, શેરીનો કીચડ સુગામણો થઈ ગયો હોય, વરસાદને લીધે લોકોએ શેરીને જ પાયખાનાના રૂપમાં ફેરવી દીધી હોય, ત્યારે વરસાદ પછી ઘરની બહાર નીકળતાં મનમાં એમ થઈ જાય કે 'હે ભગવાન! આ વળી વરસાદ ક્યાંથી આવી પડ્યો!' પણ ફિનિક્સમાં તો વરસાદ પડી રહે કે ઘાસની અંદર જુદી જુદી જાતનાં અને રંગબેરંગી ફૂલો ખીલી નીકળતાં. એ સોહામણાં ફૂલ વીણવાની ખટપટમાં ન પડતાં જમીન પર આડા પડી સૂંઘી લેવાની અને મધમાખીની જેમ એક ફૂલથી બીજા ફૂલ પર દોડાદોડ કરી મૂકવાની મને બહુ લહેર આવતી. ફૂલ સૂંઘવાની અને ઝુંડોમાં સંતાઈ જાતજાતનાં ગાન સંભળાવતાં પક્ષીઓને સાંભળવાની મજા આડે હું ક્યાં છું ને મારે ક્યાં જવું છે એ ભુલાઈ જતું.

આ વખતે વરસાદ અટક્યો ત્યારે કુદરતની મજા તો હતી જ, સાથે સાથે ઘરમાં પુરાઈ રહ્યા હતા તેમાંથી છૂટવાનો ભારે આનંદ પણ હતો. પણ એ બધી મજા મારે નસીબે ન હતી. મારાં ગૂમડાં ખૂબ વધી પડ્યાં — સાથળ વગેરેમાં પણ થયાં એટલે મને ચાલવાની બંધી થઈ. ફક્ત સવારે ઊઠીને એક વાર બાપુજીને જીભ બતાવવા જવાની અને આખા દિવસમાં શું કરવું તે પૂછવા જવાની રજા મને મળી હતી. મારી જીભ ઉપરની છારી તપાસીને બાપુજી નક્કી કરતા કે મને આગલા દિવસનું ખાવાનું કેટલું પચ્યું છે અને આજે કેટલું ખાવું જોઈએ.

આ પ્રમાણે એક દિવસ સવારે દાતણમાંથી પરવારીને હું બાપુજીને મારી તબિયત બતાવવા પ્રેસમાં ગયો. પ્રેસની આસપાસ ઘાસ કાઢવાનું કામ ચાલતું હતું પણ બાપુજી ન હતા. તેઓ જોડા સીવવાની કોઢમાં ગયા હતા. જોડા સીવવાના હુન્નર પાછળ પણ બાપુજીએ સારી પેઠે ધ્યાન આપેલું. અને જે છોકરાઓ એ સીવતા તેની ખોડખાંપણ કાઢી તે સારા બનાવરાવવાની એમને ભારે ચીવટ હતી. જોડાનું સીવણ, પૉલિશ વગેરે પોતે પણ કરી બતાવતા ને સુધારતા.

બાપુજી પ્રેસમાં ન મળ્યા એટલે રખડવાનું મળ્યું તે મને બહુ ભાવ્યું. રસ્તો તો પાંચસાત મિનિટનો હતો. પણ વચ્ચે ઘાસમાં આમતેમ ફૂલ સૂંઘતો, ઝાડો પરનું પાણી ખેરવતો, અર્ધા પોણા કલાકે હું બાપુજી પાસે પહોંચ્યો અને મારી

જીભ બતાવી. જીભ કાળી થઈ ગઈ હતી. એ જોઈ બાપુજીએ મારી સામે તીક્ષ્ણ નજર કરી. હું તો ડરી ગયો.

'સાંજની પ્રાર્થનામાં, જ્યારેત્યારે ન ખાવાની કેટલીયે વાર મના કરી છે, છતાં જાંબુ ખાધાં ને?' તેમણે પૂછ્યું.

મેં કહ્યું, 'ના બાપુજી, મેં તો કંઈ નથી ખાધું.'

'તું સાચું કહે છે? કંઈ નથી ખાધું તો આ જીભ આટલી બધી કાળી કેમ છે?'

'મને શી ખબર?'

'શી ખબર શું? પ્રેસમાં થઈને જ તું અહીં આવ્યો ને?'

'હા જી.'

'તો પછી રસ્તે નાળાના પુલ પર જાંબુ ખરી પડ્યાં છે એ તેં નથી લીધાં?'

'લીધાં'તાં પણ લઈને મેં એ ચોળી નાખ્યાં છે; જુઓ મારા હાથ પણ કાળા છે. પાટલે બેસીને ખાધા સિવાય કંઈ પણ ખાવાની તમે મનાઈ કરી છે એટલે મેં એક પણ જાંબુ મોંમાં નથી મૂક્યું.'

'ઠીક ત્યારે, જો તેં કંઈ ન ખાધું હોય અને તારી જીભ આવી હોય તો તો બહુ જ ખરાબ કહેવાય. તું સીધો ઘેરે જા, હું થોડી વારમાં આવું છું. જો, હવે જાંબુ નહીં ખાતો. જોકે મારા માનવામાં નથી આવતું કે તું સાચું બોલે છે.'

હું રડવા જેવો થઈને ચાલ્યો ગયો. મને બહુ માઠું લાગ્યું. હું સાવ સાચું બોલ્યો હતો, છતાં બાપુજીએ મને જૂઠો માન્યો. હું જૂઠું નહોતો બોલતો એમ નહીં, પણ બાપુજી પાસે જૂઠું બોલવાની મારી હિંમત જ નહોતી ચાલતી. એમ કરવું એ ભારેમાં ભારે પાપ છે એમ મને લાગતું. આમ છતાં બેત્રાણ વાર એવા પ્રસંગો બન્યા છે કે જ્યારે સાચું બોલવા છતાં બાપુજીને મારું બોલેલું જૂઠું લાગ્યું હોય. તેવા પ્રસંગોમાં આ પહેલો પ્રસંગ વીસર્યો વીસરાય એવો ન હતો.

મારા ઘેર પહોંચ્યા પછી થોડી વારે બાપુજી અમારે ત્યાં આવ્યા. આવીને તેમણે મારી બા સાથે વાતચીત કરી. જતાં જતાં મેં એમને એટલું કહેતાં સાંભળ્યાં કે, 'જો તમે તૈયાર હો તો હું પરભુદાસને મારે ત્યાં લઈ જવા ધારું છું. પંદરવીસ દિવસ એને મારે ત્યાં રાખો. હું જ એને ટોસ્ટ તૈયાર કરીને ખવડાવીશ.' પિતાશ્રી 'ઈંડિયન ઓપીનિયન'ની ઉઘરાણી કરવા બહારગામ ગયા હતા, એટલે એમને પૂછવાપણું હતું જ નહીં. મગનકાકાની પણ સંમતિ મળી અને મને વીસ દિવસ માટે બાપુજીને ત્યાં જવાની રજા મળી. મારા આનંદનો પાર રહ્યો નહીં. હું મારું બધું દુઃખ ભૂલી ગયો. અને વહેલો વહેલો મોટે ઘેર પહોંચી ગયો. એ વધામણી ખાતો બધા મિત્રોમાં ફરી વળ્યો. તેમણે બધાએ પણ મને એટલા જ ઉત્સાહથી વધાવી લીધો.

મોટે ઘેર પહોંચ્યો તો ખરો, પણ મનમાં હજુ ડંખ હતો. વીસ દિવસ પછી પાછું ઘેર જવાનું હતું. પાંચેક દિવસમાં મારા પિતાશ્રી આવવાના હતા. તેઓ શું કહેશે એ ખબર ન હતી. 'એમને નહીં ગમે તો?' એ વાત આખો દિવસ મગજમાં ઘોળાયા કરતી હતી. એકવીસમા દિવસનું ભૂત મને પજવતું હતું. બાપુજી પાસે ગયા પછી મારી સારવારમાં કંઈ ફેરફાર નહોતો થયો. સારવાર તો એ જ ચાલુ હતી, ફક્ત એમની પાસે રહેવાના આનંદરૂપી ઔષધામૃતનો વધારો મને મળ્યો. એ વીસ દિવસનો એવો ઉપયોગ મેં કરી લીધો કે ત્રણ ત્રણ દિવસ સુધી ઘેરે જતો જ નહીં.

પિતાશ્રી આવ્યા ત્યારે એમને આ સ્થિતિ ગમી નહીં. એક દિવસ ખાઈપી હું દાબ્યે પગલે ઘેર ગયો ત્યારે પિતાશ્રી અને મગનકાકા જમતા હતા. એમણે મને જોયો એટલે પાસે બોલાવ્યો, બેસાડ્યો. થોડી વારે પિતાશ્રીએ ધીમેકથી પૂછ્યું, 'અમે તને એટલા બધા કડવા લાગીએ છીએ કે તું આખા દિવસમાં ઘેરે પણ ન આવે? તારી બા પાસે આવવાનું પણ તમે મન નથી થતું?' મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મને મનમાં થયું કે શા માટે મને આટલો બધો વેધે છે? બધા જમી રહ્યા ત્યાં સુધી મૂંગો મૂંગો બેઠો રહ્યો અને પછી ઊઠીને બાપુજી પાસે દોડી ગયો. એમને જોયા એટલે ગળે બાઝેલો ડૂમો ઊતરી ગયો અને હું આનંદમાં આવી ગયો. પણ આ બનાવ પછી રોજ બે વાર તો ઘેર જઈ આવવાનો નિયમ મેં રાખ્યો જ.

વીસ દિવસ થઈ રહ્યા, પણ બાપુજીને સાતઆઠ દિવસ પછી જાહાનિસબર્ગ જવાનું હતું એટલે એટલા દિવસ વધારે એમની પાસે રહેવાનું ઠર્યું. તેઓ ગયા એટલે હું ઘેર આવ્યો. દસેક દિવસ પછી બાપુજી પાછા આવ્યા ત્યાં સુધીમાં મારાં ગૂમડાં પાછાં વધ્યાં હતાં એટલે નક્કી થયું કે મારે બાપુજી પાસે જ રહેવું. આ વખતે ઘરના બધા વડીલોએ ઉત્સાહભેર અનુમતિ અને આશીર્વાદ આપ્યા અને મને કહ્યું પણ ખરું કે, 'તને જ્યાં સુધી આનંદ આવે ત્યાં સુધી તું બાપુજીને ઘેર જ રહે. ત્યાં છો એટલે તારું ભલું જ થવાનું છે,' વગેરે.

જે દિવસ માટે હું લગભગ બે વર્ષથી ઝંખી રહ્યો હતો એ દિવસ આખરે આવ્યો. બીજા છોકરાઓની પેઠે હું પણ ત્યાંનો એક નિશાળિયો બની ગયો અને દેવદાસકાકા સાથે હું પણ બાપુજીની ગોદમાં જ રહેવા લાગ્યો. હવે હું જાણે એક નવો જ છોકરો બની ગયો હોઉં એવું મને લાગ્યું. મારામાં નવાં જ ઉત્સાહ અને તેજ આવ્યાં. આ વખતે હું મોટે રસોડે રોગી પેઠે નહોતો ફરતો, માણસ તરીકે નિ:સંકોચ હરતો ફરતો. હવે ઘરના મુરબ્બીઓને યાદ કરીને મનમાં ક્ષોભ પામવાનું મને કારણ નહોતું રહ્યું. નવ દહાડાનો નવો નિશાળિયો મટી ગયો અને

બધાની પેઠે હું પણ દરેક કામમાં પલોટાવા લાગ્યો. સૌ છોકરાઓ મારું કૌતુક કરતા બંધ થયા અને બાપુજીએ પણ મને પંપાળવાનું સાવ મૂકી દીધું, તોયે એકે દિવસ એવો ન ઊગ્યો કે જ્યારે મને પાછું ઘેર જઈને રહેવાનું મન થયું હોય. જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ હું ત્યાં વધારે ને વધારે જામતો ગયો, અને બધી વાતમાં મને વધુ ને વધુ રસ આવતો ગયો.

એક રીતે તો મારી કસોટી ત્યાં વધુ આકરી થતી હતી. ઘરમાં તો મારે રોટીના ઈંટથીયે આકરા ટોસ્ટ ને કૉફી ખૂણે બેસીને ખાઈ લેવાં પડતાં પણ અહીં બાપુજીને ત્યાં બધાની સાથે ટેબલ પર બેસીને મારે ખાવાનું હતું. અમે વીસેક જણા ખાવા બેઠા હોઈએ તેમાં પેલી નીરસ રોટી અને ઘઉંની કૉફી એકલા મારા ભાણામાં જ હોય. બાકી બીજા બધાના ભાણામાં રોજ નવી નવી જાતની રસોઈ પીરસાય — કોઈ વાર રોટલી તો કોઈ વાર તળેલી રોટી, કોઈ વાર ગળી ને પોચી પોચી રોટી તો કોઈ વાર થેપલાં. બગીચામાંથી તાજાં ઉતારેલાં ભાતભાતનાં શાક અને તેમાંનો મસાલો મહેકી રહ્યો હોય એ વળી જુદું. કોઈ વાર લલચાવનારાં ભજિયાં, પતરવેલિયાં, ગરમાગરમ કઢી વગેરે વાનગીઓથી ઘેરાઈને મારે ટેબલ પર જમવા બેસવું પડતું. આવી દશામાં મન મારવું આકરું થઈ પડતું; ને તેમાંયે જ્યારે મારા સાથીઓ મને પોતાનું ખાવાનું બતાવતા જતા હોય ત્યારે તો વળી વધારે. પણ આ દશા મેં સહન કરી લીધી. મનમાં તો કેટલીયે વાર થઈ જતું કે 'હમણાં બાપુજી એમાંનું થોડુંક મારા ભાણામાં પીરસી જશે. થોડું પીરસે એમાં ક્યાં ગૂમડાં વધી પડવાનાં હતાં? બધાને બાપુજી હોંશે હોંશે પીરસે અને મને થોડું પણ ન પીરસે એવું બને જ નહીં.' જમવા બેસું ત્યારથી જમીને ઊઠું ત્યાં સુધી મારા મનમાં ઉપર મુજબ તરંગો ચાલ્યા કરતા. તેમાંયે જ્યારે તેઓ પીરસતા પીરસતા મારી પાસેથી નીકળે ત્યારે એ વિચારનો અતિરેક થઈ જતો અને હૈયાનું હોઠે આવી જતું કે 'બાપુજી થોડુંક આપો.' પણ કોઈ દિવસ એ શબ્દ મારા હોઠની બહાર નીકળ્યો નહીં; તેમ બાપુજીએ પણ કોઈ દિવસ મને ચાખવા પૂરતુંયે આપ્યું નહીં; જો મેં જરાક માગણી કરી હોત તો બાપુજી મને કદાચ આપત. પણ એ માગણી કરીને મેં સ્વાદિષ્ટ ખાવાનું મેળવ્યું હોત તો મારું પાણી ઊતરી ગયા વિના ન રહેત. થોડા દિવસ મારા મનમાં ગભરાટ રહ્યો, પણ પછીથી તો મને મારા સંયમ માટે મગરૂરી થવા માંડી. બધા છોકરાઓ વચ્ચે ઘણી બાબતમાં મારે ભાગે નાનમ રહેતી, પણ આ બાબતમાં તો હું માથું ઊંચું કરી ફરી શકતો અને મારી પ્રતિષ્ઠા જાળવી શકતો. પણ પોતાની એવી પ્રતિષ્ઠા જળવાતી અને પૂ. બાપુજીનું મન સચવાતું એ ઉપરાંત મને કશોયે સંતોષ એ ખોરાકથી ન થતો. ઈંટનાં રોડાં જેવા લૂખા ટોસ્ટ ચાવતાં ચાવતાં એક

કલાક વીતી જતો અને જડબાં દુખવા આવતાં તોયે મારું પેટ ન ભરાતું. ફક્ત ઘઉંની પાતળી કૉફી પીને પેટનો ખાડો ભરવો પડતો. મને રોજ થતું કે 'ભગવાન ક્યારે આમાંથી છોડશે!'

ગૂમડાં મટાડવાનો બાપુજીએ મારા ઉપર કરેલો બીજો અખતરો પણ વિચિત્ર હતો. સવારે બધા જ્યારે ખેતર ઉપર કામ કરવા જતા ત્યારે બાપુજી મારાં બધાં કપડાં ઊતરાવી, માથાથી પગ સુધી પાતળો ગારો મારે આખે શરીરે ચોપડી દેતા. અને એવે દિગંબર વેશે મને ઘરની ચારે તરફ પ્રદક્ષિણા કરાવતા અર્ધો પોણો કલાક લગી દોડાવ્યે રાખતા. શરીર ઉપર ચોપડેલો ગારો સુકાઈ જતો, ચામડી ખેંચાવા લાગતી, અને ગૂમડાંઓને જાણે ધીમો શેક થતો હોય એવું લાગતું. શરૂ શરૂમાં આશ્રમના અનેક નાનાંમોટાં સ્ત્રીપુરુષોનાં દેખતાં આમ દિગંબરવેશે દોડવામાં મને સંકોચ થતો. પણ બાપુજીએ આગ્રહ રાખીને મારી એ શરમ છોડાવી ને કહ્યું, 'બાળકને વળી કપડાંનો ઠઠારો શો?'

આવી રીતે દોડ લગાવીને થાક્યા પછી મને નાહવાની રજા મળતી. નાહીધોઈ ચોખ્ખો થાઉં એટલે ફરી મને સ્ટેશને ટપાલ નાખવા કરવા બાપુજી મોકલતા અને આવતાં જતાં પાંચ માઈલ પૂરા ચાલું તેથી કકડીને ભૂખ લાગતી અને હું પેલી ઈંટના કટકા જેવી રોટી ચાવવાનેયે અધીરો થઈ જતો.

આટલી બધી મહેનત છતાં કેટલાંયે અઠવાડિયાં સુધી મારું લોહી સાફ ન થયું. ગૂમડાં રહ્યાં જ કર્યાં. મને કંઈક એવો ખ્યાલ છે કે ચોમાસું ગયું, શિયાળો આવ્યો અને મોસમ બદલાઈ ત્યારે હું એ રોગમાંથી સાવ છૂટ્યો.

## ૧૪
## ઉદ્યોગમૂઢ

બાપુજીને ઘેર હું જ્યાં સુધી જઈ વસ્યો ન હતો ત્યાં સુધી બપોરના ત્રણથી પાંચની વચ્ચે બધાની સાથે છાપખાને જવાનું મને ન મળતું. ઘેર રહી હું પિતાશ્રીના બતાવ્યા મુજબ વાંચતો ને પાઠો તૈયાર કરતો. છાપખાને જઈ કામ શીખવાની મને હોંશ થતી પણ આખો દિવસ એમ રખડપટ્ટીમાં બગડે ને ભણતર થાય નહીં એ પિતાશ્રીને રુચતું નહીં; પણ હવે તો હું રાજા હતો. એટલું જ નહીં બાપુજીને ઘેર ગયા પછી છાપખાને જવાને હું બંધાયેલો હતો. પરંતુ બાપુજીએ મારે માથેથી એ ફરજ ઉઠાવી લીધી હતી. તેમણે મને કહેલું કે 'સવારની ખેતીમાં તારે આવવું. નિશાળમાં પણ આવવું. પણ છાપખાનાના વખતમાં તું તારે લાંબી ઊંઘ કાઢજે. ઊંઘી લીધા પછી વખત હોય અને તારી મોજ હોય તો છાપખાને આવજે.' બેત્રાણ દિવસ તો હું બપોરે ઊંઘ્યો પણ ઘણા દિવસ સુધી દાબી

રાખેલી ઈચ્છા કાબૂમાં ન રહી. ચોથા દિવસથી જરા ઝોલું લીધું ન લીધું ને હુંયે બીજાઓની પાછળ છાપખાને પહોંચવા લાગ્યો. બાપુજીએ મને 'ડિસિંગ' શરૂ કરાવ્યું.

છાપવા માટે દરેક અક્ષરનાં જુદાં જુદાં બીબાં સીસાનાં ઢાળેલાં હોય છે. એક જગ્યાએ બેસી હાથ જેટલે દૂર પહોંચી શકે એટલાં લાંબાં-પહોળાં બે ખોખાં અર્ધા ઉઘાડેલા પુસ્તકની પેઠે અડોઅડ મૂકવામાં આવે છે. તેમાં સાઠ-સિત્તેર નાનાં ખાનાં પાડી દરેક ખાનામાં સો-બસો બીબાં ભરવામાં આવે છે. ખાનાંની ગોઠવણી બારાખડીના ક્રમમાં નથી હોતી, પણ વધારે વપરાતા અક્ષરનાં ખાનાં હાથની વધુ પાસે રહે એવી હોય છે. જેમ કે પહેલો અ, પછી ત, પછી ક વગેરે. જોડાક્ષરો તો ઠેઠ ઉપરના ખાનામાં બહુ દૂર હોય છે. નવા શિખાઉને પહેલાં એ ખાનાં ગોખવાં પડે છે અને ગોખવાનું પૂરું થયા પછી 'ડિસિંગ' શીખવું પડે છે. 'ડિસિંગ' એ અંગ્રેજી 'ડિસ્ટ્રિબ્યૂટિંગ'નું ટૂંકું રૂપ છે. 'ડિસ્ટ્રિબ્યૂટ' કરવું એટલે છૂટા પાડવું. છાપવા માટે અક્ષરવાર બીબાં ગોઠવી શબ્દો ને વાક્યો રચ્યાં હોય તે છાપી લીધા બાદ અક્ષરેઅક્ષર છૂટા પાડવા પડે છે. બીબાં ગોઠવવા કરતાંયે છૂટા પાડવાની આ ક્રિયા વધુ કંટાળાભરેલી હોય છે. રૂને કપાસમાંથી એકેએક પાંદડી ને કીટી વીણી કાઢવા જેવી જ કંટાળાભરેલી, છતાં અનિવાર્ય પણ એટલી જ. કારણ ખાનામાં બીબાંની ભરણી થયા પછી જ ગોઠવણી થઈ શકે. ખાનાં ખાલી રહે, બીબાં જૂના લખાણથી ઘેરાયેલાં રહે તો નવું કામ શી રીતે થાય?

કામનું મહત્ત્વ સમજવા છતાં મારો 'બીબાંભરણી'ના કામનો કંટાળો ન ગયો. એ કામમાંથી છૂટવાને અને બીજું કામ લેવાને મેં ઘણાં ફાંફાં માર્યાં. પણ છાપખાનાના 'બીબાંકારીગરો'(કંપોઝીટરો)એ મારું કંઈ ચાલવા દીધું જ નહીં. તેમણે તો લાંબી લાંબી જૂની ગૅલીઓ મારી સામે મૂકી દીધી. બીબાં છૂટાં પાડતાં મને મહિનાઓ વીતે તેમ હતું. કારીગરોએ મને ફરમાવ્યું કે 'આ બધાં છૂટાં નહીં કરી નાખે ત્યાં સુધી તને બીબાં ગોઠવવાનું મળશે જ નહીં. તને બધાં ખાનાં મોઢે થઈ ગયાં છે એની અમને શી ખાતરી? બીજા બધા છોકરાઓ મારા પહેલાં આવેલા અને બધા બીબાં ગોઠવવાનું કામ કરતા થઈ ગયેલા. દેવદાસકાકા તો એ બધાના આવ્યા પહેલાં જ હોશિયાર થઈ ગયેલા. તેમને રોજ 'ઈંડિયન ઓપીનિયન'ના મજાના લેખો ગોઠવતા હું જોતો અને મને એવું રસભર્યું કામ ન મળવાથી મનમાં બળતો. વળી બીબાંકારીગરો જ્યારે મને ટોકતા અને કહેતા કે 'તને હજુ અમે બીબાં ગોઠવવાની છૂટ આપત પણ તારામાં ક્યાં દેવદાસ જેટલી ચાલાકી છે? તું તો ઠોઠ છે,' ત્યારે મને બળતામાં ઘી હોમાવા જેવું થતું. આખું છાપખાનું મારી વિરુદ્ધ છે એમ મને લાગતું. બાપુજી જ્યારે વિદ્યાર્થીઓના

કામની હાજરી માગતા ત્યારે બીબાંકારીગરો બીજા સૌની તારીફ કરતા; મારે વિશે કહેતા કે 'એ તો સાવ થાંથો છે. કંઈ નથી આવડતું. દસ મિનિટનું કામ કરતાં અને બે કલાક લાગે છે.'

હું કામ ન કરું એ બાપુજીને પોસાય એમ હતું. પણ છાપખાનામાં આવી કામમાં ઢીલો રહું એ એમનાથી સહેવાય એમ ન હતું. તેમણે તાકીદ કરી કે 'ઊંઘવું હોય તો ઘેર ઊંઘી આવવું પણ કામ પર ઝોલાં ખાવાં એ સારું ન કહેવાય.' કામે ચડી વાતો કરવાની ગુંજાશ તો હતી જ નહીં, કારણ બાપુજીની બેઠક એવે ખૂણે હતી કે ધીમો અવાજ પણ ત્યાં પહોંચી જાય. કોઈને પણ વાત કરતા બાપુજી સાંભળે કે તુરત તેઓ હાકલ કરે, 'કામ ચાલે છે કે વાતો? કામ અને વાત સાથે તે કેમ થઈ શકતાં હશે? કામે ચડ્યા કે આપણે આપણા હોઠ સીવી જ લેવા જોઈએ.' એક વાર ટોક્યા છતાં જો બીજી વાર વાતો કરતું કોઈ સંભળાય તો તરત જ તેને પોતાની પાસે બોલાવતા અને શાની વાતો ચાલતી હતી? વાતો કેમ શરૂ કરી? કેટલું કામ કર્યું? વગેરે પૂછી ઊલટતપાસ કરતા. આટલેથી વાંકમાં આવેલો છોકરો એવો થઈ જતો કે ફરી હોઠ ઉઘાડવાની તેની હિંમત ન ચાલતી.

આમ આખા છાપખાનાનું વાતાવરણ શાંત અને ઉદ્યોગી રહેતું. કચકચ કે આળસ શોધ્યાં નજરે ન પડતાં. પ્રસંગોપાત્ત ટેબલ પરથી ઊઠી બધાનું કામ કેમ ચાલે છે એ પણ બાપુજી જાતે જોઈ આવતા. ખેતરમાં રમત તોફાન ચાલે, નિશાળમાં ધિંગામસ્તી પરવડે, પણ છાપખાનામાં કોઈ પણ જાતનો વિક્ષેપ બાપુજી ચલાવી લેતા નહીં. બાપુજી આપણા શાસક છે એ ભાવના દરેક છોકરાના મનમાં છાપખાનાના બે કલાક દરમિયાન સદા જાગ્રત રહેતી. સાંજની પ્રાર્થનામાં છાપખાનાના કામની હાજરી બાપુજી લેતા અને વત્તુંઓછું કામ થયાના ખુલાસા માગતા. પરિણામે થોડાક મહિનામાં લગભગ બધા છોકરાઓ છાપખાનાના કામમાં પાવરધા થઈ ગયા અને છાપખાના ઉપર બોજારૂપ થઈ પડવાને બદલે છાપખાનાનું કામ ઠીક ઠીક ઉકેલનારા થઈ પડ્યા.

ઉપર કહ્યું તેમ બધા હોશિયાર વચ્ચે હું એક મૂઢ રહ્યો. રોજ મારી ફજેતી થવા લાગી. શું કરવું એ કંઈ મને સૂઝ્યું જ નહીં. રોજ મનમાં મૂંઝાતો અને કંઈનું કંઈ કરી નાખવા તલપાપડ થઈ જતો. છેવટે એક અશુભ દિવસે મારી કલ્પનાએ મને મારગ મોકળો કરી આપ્યો અને થોડા દિવસમાં હું 'ઠોઠ મટી ગયો' 'સારી પેઠે હોશિયારી દેખાડવા લાગ્યો.' પણ એ હોશિયારી કામ કરવામાં ન હતી. કેમે કામ પૂરું થતું નહીં. એટલે બીબાં ચોરીને ખિસ્સામાં ભરી પેશાબ કરવાને બહાને છાપખાના બહાર નીકળી નાળાના ઊંડા ખાડામાં એ ફેંકી

આવવાનો ક્રમ મેં ચાલુ કર્યો. પહેલે દિવસે ચારેક લીટીનાં ફેંકી આવ્યો. પછી હિંમત આવી એટલે આઠ લીટીનાં અને રહેતે રહેતે વીસપચીસ કે એથી પણ વધારે લીટીનાં ફેંકી આવવા લાગ્યો. બધાને થયું કે મારી ડિસિંગની ઝડપ સારી પેઠે વધી છે અને હવે હું ખૂબ કામ કરવા લાગ્યો છું. તેમણે મને શાબાશી આપી અને આમ અડધાં ફેંકી દઈને તથા અડધાં બીબાંનો ખીચડો કરીને - કોઈ કયા ને કોઈ કયા ખાનામાં, ફાવે તેમ નાખીને મને આપેલી બધી ગૅલીઓ મેં ખાલી કરી નાખી અને છેવટે બીબાં ગોઠવવાનું કામ મેળવ્યું. મારી બીબાં ફેંકી આવવાની ચોરી કદી પકડાઈ નહીં, પણ તેનાં માઠાં પરિણામ આગળ ઉપર મારે ભોગવવાં પડ્યાં. બીબાંકારીગર તરીકે હું નાલાયક નીવડ્યો. એક વાર બીબાં ફેંકી દેતો મિ. સેમે મને પકડ્યો હતો, પણ તેમણે મને ચેતવ્યો, એટલું જ. તેમણે કોઈને ફરિયાદ ન કરી. એમની ચેતવણીનો લાભ એટલો થયો કે પછી હું બનતાં સુધી બીબાં ન ફેંકતો, પણ જ્યારે બહુ થાકું અને કંટાળું ત્યારે જ ફેંકી આવવાની હોશિયારી વાપરતો.

બીબાં ગોઠવવાનું કામ મને મળ્યું તેમાં દરેક લીટીએ હું પાંચસાત ભૂલો કરતો. લખતી વખતે પણ કાના-માત્રા અને શબ્દોના શબ્દો ખાઈ જવાની ટેવ મને હતી જ. એ કુટેવની અસર બીબાં ગોઠવવામાં પડ્યા વિના કેમ જ રહે? 'ડિસિંગ' કરતાં મેં મારું ખાનું પણ એટલું બધું બગાડી નાખ્યું હતું કે ભૂલો થયા વિના ન રહે, કારણ 'અ'ના ખાનામાં કેટલાયે 'ત' ભેળવ્યા હોય અને 'ત'ના ખાનામાં 'ય' ભેળવ્યા હોય. મેં એવો જાદૂ કર્યો હતો કે દરેક ખાનામાંથી દરેક જાતનું બીબું નીકળી આવતું! શરૂઆતમાં 'ઇન્ડિયન ઓપીનિયન'નું ચાલુ કામ મને આપી હું કેવું કરું છું એ અજમાવી જોવામાં આવ્યું. પણ એનાં બીબાં ગોઠવતાં લાગે એથી ચારગણો વખત સુધારતાં લાગતો. એટલે છેવટે બાપુજીએ મને નવું કામ શોધી આપ્યું. અમે બધાં સાંજની પ્રાર્થનામાં જે ભજનો ગાતાં એ ક્યાંયે છાપેલાં મળતાં ન હતાં. એટલે રોજ એક ભજન લખી તેનાં બીબાં ગોઠવવાનું મને સોંપ્યું.

ધીમે ધીમે મારું એ કામ ચાલ્યું. અને એ ત્રીસેક ભજનનાં બીબાં ગોઠવતાં મને ત્રણ મહિના લાગ્યા. છેવટે 'નીતિનાં કાવ્યો' એ નામનું મારા હાથની કારીગરીનું એક પુસ્તક બહાર પડ્યું. એ તૈયાર પુસ્તક જોઈ હું હરખઘેલો બની ગયો. જે કોઈ મળે એને એ નાની ચોપડી બતાવતો ફરતો અને કહેતો, 'જુઓ, આનાં બીબાં મેં ગોઠવ્યાં છે.' એ કામ ચાલતું હતું તે દરમિયાન તેને માટે સાંજની પ્રાર્થનામાં કેટલીયે વાર મારે આંસુ ઢાળવાં પડ્યાં હતાં, કારણ ભજન ગોઠવીને તૈયાર કરી લઉં કે એનું પ્રૂફ બાપુજી પાસે પહોંચે. એ પ્રૂફ બાપુજી

સાંજની પ્રાર્થનામાં બધાના દેખતાં વાંચે અને તેમાં પડેલી ભૂલો માટે મારી ફજેતી કરે. છેવટે ખિજાય અને કહે, ''આટલી બધી ભૂલો માણસને હાથે તે કેમ થતી હશે? હજી ધીમે ધીમે કામ કર, એકેએક બીબું જોઈવાંચીને ગોઠવતો જા, પણ એકે ભૂલ પડવા ન દે. એમ વાંચી વાંચીને ગોઠવે તોયે તેં લગાડ્યો છે એટલો વખત ન લાગે એ તને ખબર છે કે?'' આટલું કહેવું મારે માટે બસ થતું, કારણ આ બધું બાપુજી પૂરું કહી ન રહ્યા હોય ત્યાં તો આંખમાંથી પાણી ટપકવા લાગ્યું જ હોય. પણ એટલું દુ:ખ વેઠીનેયે જ્યારે એનું ફળ હાથમાં આવ્યું ત્યારે એ બધું હું વીસરી ગયો અને ખૂબ ફુલાઈ ગયો.

છાપખાનામાં રોજ તો બે કલાકનું કામ રહેતું પણ દર શુક્રવારે આખી બપોર કામ કરવાનું રહેતું. શનિવાર એ છાપું બહાર પડવાનો દિવસ હતો. એટલે શુક્રવારે સાંજે એ છપાઈ ગયા પછી તેને વાળવાનું, કાપવાનું, પિન કરવાનું વગેરે કામ રહેતું. એ કામ છાપખાનાના બધા માણસો મળી હાથોહાથ ઉકેલી લેતા. સાધારણ રીતે એ વખતે કામમાં હરીફાઈ ચાલતી. આવી હરીફાઈને લીધે કેટલીક વાર કામ ત્રણ ત્રણ કલાક જેટલું વહેલું ઊકલી જતું. કોણ સૌથી વધારે છાપાં સૌથી વહેલાં વાળી રહે છે એ હરીફાઈ તો જાણે સામાન્ય થઈ પડી હતી; પણ એક દિવસ અમે કાપનારાઓએ ને પિન કરનારાઓએ હરીફાઈ કરી. કાપવાના સંચામાં ત્રીસચાળીસ જેટલાં છાપાં બે ખડકલામાં બરાબર ગોઠવી એક લાંબા લોઢાના પાટાથી એ છાપાંને બરાબર દાબી, લાંબી પાણીદાર છરી ફેરવી એ કાગળોને સુંદર રીતે કાપવાના રહેતા. આ છરી ઉપરથી નીચે નાખવાનું કામ એક પૈડું ફેરવીને કરવાનું રહેતું. એ પૈડું ફેરવનાર એક છોકરો અને સંચામાં છાપાં ગોઠવનાર બીજો છોકરો એમ બે છોકરા એ કામમાં રોકાતા. છાપાં કપાઈ રહ્યા પછી તેને સાંધવા માટે સીવવાના સંચાના ઘાટનો સંચો હતો. તેમાં ઉપર દોરાના રીલને બદલે વાળાનું રીલ રહેતું અને પતરાની ત્રાંસી પાટલી ઉપર છાપું બરાબર ગોઠવી પગ મારવાથી પેલો વાળો છાપામાં પેસી બે છેડેથી કપાઈને વળી જતો. એવા બે ટાંકાથી છાપું સીવવામાં આવતું. એક છોકરો છાપું ટાંકે ત્યારે બીજાએ બીજું છાપું બરાબર વચ્ચેથી ઉઘાડીને તૈયાર રાખવું જોઈએ, જેથી પગ દબાવનારને નકામું ખોટી થવું ન પડે. જો છાપું બરાબર વચ્ચેથી ઉઘાડ્યું ન હોય તો એકાદ પાનું સંધાવું રહી જાય.

આ ટાંકવાનું કામ હું ને કુપ્પુસ્વામી કરતા હતા અને કાપવાનું બીજા બે વિદ્યાર્થી કરતા હતા. એમના એક ખડકલામાં ૬૦થી ૮૦ છાપાં કપાઈ રહેતાં ત્યાં એકેએકે કરી એટલાં જ છાપાં તેઓ બીજો ખડકલો તૈયાર કરે ત્યાર પહેલાં અમે ટાંકી રહેતા. એકબે વાર અમે વહેલું પૂરું કર્યું એટલે એમણે ખૂબ જલદી

જલદી ખડકલા તૈયાર કરવા માંડ્યા. અમે પણ અમારી પૂરી ઝડપથી મંડી પડ્યા. બરાબરની હરીફાઈ જામી. કાપનારાઓને વાળેલાં છાપાં જલદી તૈયાર જોઈએ એટલે વાળવાનું કામ પણ ઝડપથી ચાલ્યું અને પરિણામે કાપવાનું પણ ઝડપથી ચાલ્યું. લગભગ બધાં છાપાં તૈયાર થઈ રહેવા આવ્યાં ત્યાં સુધી અમે કાપનારાઓની પાસે સાંધવાનાં છાપાં માગ્યા જ કર્યાં. જો તેઓ અમને ખાલી હાથે ઊભા રાખે તો તેઓ હારે. વચ્ચે આવી હાર તેમણે એક વાર ત્રણેક મિનિટ માટે ખાધી. પણ પછી તો તેઓ અમારે માથે છાપાંનો ઢગલો કરવા લાગ્યા. અત્યંત ઝડપ કરી છેવટ સુધી અમે તે બધાં પૂરાં કરતા ગયા અને અમે માન્યું કે અમે હાર્યા નથી પણ જીત્યા છીએ. ખુશી થઈ અમે તાળીઓ પાડી ત્યાં લગભગ પચાસ છાપાંનો ઢગલો તેમણે અમારી સામે મૂક્યો. હું તો એકદમ ઝંખવાણો પડી ગયો. હાર અમારે માથે આવી હતી. એનું કંઈ કારણ મને સમજાયું જ નહીં. એ લોકો તો અમને, ખાસ કરીને મને ચીડવવા લાગ્યા, એટલે હું રોવા જેવો થઈ ગયો અને પછી રોયો પણ ખરો. છોકરાઓ તેમ જ મોટાઓ સૌએ અમને ચીડવવાનું જારી રાખ્યું.

પ્રેસમાંથી છૂટી ઘેર ગયા, જમ્યા અને રમવા ગયા ત્યારે પણ તેમનું ચીડવવાનું બંધ થયું નહીં. મારો કચવાટ બહુ વધી ગયો. લોકોનું મોઢું બંધ કરવાનો તો કોઈ ઉપાય મને જડ્યો નહીં. છેવટે કુપ્પુએ એમની લુચ્ચાઈ શોધી કાઢી. એમણે થોડાં થોડાં છાપાં ચોરી રાખીને સંતાડી દીધાં હતાં. જો અમને પહેલેથી એની જાણ થઈ હોત તો અમે તેમને હરાવત, પણ તેમની છેતરપિંડીને લીધે અમારી હાર થઈ. મારો રોષ ક્યાંય માતો ન હતો એટલે હું તો બાપુજી પાસે ગયો અને પ્રેસમાં બનેલી બધી વાત એમને કહી દીધી. તેઓ સાંજની પ્રાર્થનામાં બધાને થોડુંક વઢ્યા એટલે મને ટાઢક વળી અને બધો બનાવ હું ભૂલી ગયો. પણ ત્યાર પછી લગભગ મહિનેદહાડે તુલસીરામાયણના વિવેચનના કંઈક અનુસંધાનમાં બાપુજી બોલ્યા કે ‘‘એ કંઈ પરભુદાસ જેવા ન હતા કે નાની નાની બાબતમાં ચાડી ખાવા જાય. છોકરાઓનો અંદર અંદરનો કજિયો છોકરાઓ અંદર અંદર સમજી લે. બહાદુર હોય એ કંઈ પરભુદાસ તે દિવસ મારી પાસે આવ્યો હતો એમ ચાડી ખાવા ન આવે.’’ આટલું કહી તેમણે રામાયણ આગળ ચલાવ્યું અને હું તે દિવસથી ચાડિયા તરીકે ગવાઈ ગયો. બાપુજીએ મારો પક્ષ લીધો ત્યારે મને થયેલું કે મેં મોટી બહાદુરી બતાવી છે, પણ પછી બાપુજીએ લાગ જોઈ એવો ખંખેર્યો કે ફરી ચાડી ખાવાની બહાદુરી કરવાની મારી ભાગ્યે જ હિંમત ચાલી. વિદ્યાર્થી પ્રત્યેનું બાપુજીનું ઊંડું નિરીક્ષણ, શીખવવાની ચીવટ, અને શરીરની તથા બુદ્ધિની તાલીમ સાથે હૃદયની તાલીમ આપવાની એમની સહજ

કળા મારા ચાડી ખાવાના આ કિસ્સામાં નજરે પડે છે, તેથી મેં એ કિસ્સો જરા વિસ્તાર્યો.

આજે મને લાગે છે કે છાપવાનો ઉદ્યોગ શીખવવામાં બાપુજી મારી પાછળ વધુ કળા વાપરત તો હું સાવ ઉદ્યોગજડ ન રહેત. 'નીતિનાં કાવ્યો'નું સ્વતંત્ર પુસ્તક મારી પાસે તૈયાર કરાવ્યાથી જે હર્ષ મને પેદા થયો તે જોઈ તેમણે બીજું પણ ટૂંકું ટૂંકું ને આગવું કામ મને આપ્યું હોત તો ઝડપથી સારું કામ કરનારો 'બીબાંકારીગર' હું થઈ શકત અને સાંજની પ્રાર્થનામાં મારી ભૂલો માટે બાપુજીને મહિનાઓ સુધી લમણાઝીક કરવી પડતી તે ન કરવી પડત.

## ૧૫
## મારું ભણતર

જરાયે નોંધપાત્ર વિદ્યાર્થી હું હતો એવું ભણતી વેળા કે આજેયે મેં માન્યું નથી. પ્રતિભાશાળી ને આદરપાત્ર વિદ્યાર્થીઓની શ્રેણીથી ઘણે છેવાડે પડેલો મેં પોતાને સદા ભાળ્યો છે. સૌ પહેલાં જ્યારે મેં ભવભૂતિની રત્નમણિ સાથે ઠીકરીની ઉપમા સાંભળી ત્યારે અપૂર્વ આનંદ અનુભવ્યો. મારા મનમાં કઠતું ઠોઠપણાનું મારું દુ:ખ આટલી સમવેદનાપૂર્ણ રીતે અને મધુરતાથી કોઈએ પ્રગટ કર્યું જાણ્યું નથી છતાં પોતાના ભણતર વિશે પાનાં ચીતરવા બેઠો છું તે એ આશાએ કે શીખનાર અને શીખવનાર વચ્ચે કેટકેટલા અખાતો અને આંતરા પડેલા હોય છે, કોરા ભેજામાં ધૂસેલી સમજ કેવી સચોટ હોય છે અને કલ્પનાઓના દરોડા મનને કેવું ભમાવી મૂકે છે એનો કંઈક ખ્યાલ એ પરથી મળે.

અમારી શાળાનો દેખાવ સોહામણો ન હતો. ભૂંડાં ભૂખ જેવાં પતરાંનું અળખામણું એ મકાન હતું. બાજુમાં જ ખરતા માટીના પોપડાનું અને ઘાસના ગળતા છાપરાનું એક ઝૂંપડું હતું. વચ્ચેનું આંગણું એટલું સાંકડું હતું કે એમાં મર્દાની રમતો અમે ન રમી શકતા. ઓસરી પણ માંડ બે ખાટલા સમાય એટલી લાંબી ને સાંકડી હતી અને ત્યાં ફૂલવાડી જેવું કંઈ ન હતું. દરવાજા સામે જ ઊંચો ટીંબો હોવાથી ક્ષિતિજ રૂંધાઈ જતી હતી. પાછલા ભાગમાં તરછોડાયેલાં બેચાર ફળઝાડનો વેરાન બગીચો હતો. અને આમ છતાં નિશાળના એ સ્થળની ચોમેર મારી આખી મન:સૃષ્ટિ રચાયેલી છે. નિશાળના એ ઓરડામાં બેસીને તેમ જ નિશાળની બહાર બીજે ક્યાંયે બેસીને મેં જે કંઈ કવિતાઓ અને આખ્યાનો સાંભળ્યાં તે બધાની કલ્પનાસૃષ્ટિ એ ભૂખ જેવા ઘરની જ આસપાસ ગૂંથાઈ છે; એટલું જ નહીં પણ આજે હિંદુસ્તાનમાં આવ્યે પચીસ વરસ વીત્યા પછી પણ દસ વરસની એ નાની ઉંમરે નજર સામે જે કલ્પનાચિત્રો ખડાં થતાં તે જ

અત્યારે પણ થાય છે. કૃષ્ણસુદામાની ગોઠડી હજી પણ જ્યારે સાંભળું કે વાંચું છું ત્યારે પેલો ઘાસનો સાથરો અમારી શાળાના સાંકડા ઓરડામાં પથરાયેલો નજરે તરે છે તથા તેના પર બેઠેલા સુદામા ને કૃષ્ણ ધક્કામુક્કી કરતા કલ્પાય છે. ઋષિપત્નીએ દોણી માગી અને કૃષ્ણે લાંબો હાથ કરીને તે આપી તે વાંચતાંની સાથે પેલા ઘાસના ઝૂંપડાની ગોખ જેવી બારીમાંથી લંબાઈ શાળાની વચ્ચોવચ ચૂલા પાસે પહોંચતા લાંબા હાથનું દશ્ય ખડું થઈ જાય છે. સુદામાની સ્ત્રી સુદામાને કહે છે: ‘‘બાળકો રાખમાં સૂઈ રહે છે’’, એ જાણે એ જ ઝૂંપડાની પશ્ચિમે ગળાડૂબ રાખમાં આળોટતાં જોઉં છું. અને મુશળધાર વરસાદથી ઘેરાયેલા તથા માથે લાકડાંનો ભારો બાંધેલા ત્રણે વિદ્યાર્થીને સાંદીપનિ ઋષિ એ શાળાની સીધાણે આવેલા નાળાને પેલે પાર શોધી કાઢતા નજરે ચડે છે. ભણતા કૌરવોને ઝોલાં ખાતા અને બહાર રહ્યે બધી વિદ્યા હજમ કરી જતા અર્જુનને એ જ માટીના ઝૂંપડાની બારસાખમાં ઊભેલો જોઉં છું. ધ્રુવજી તપશ્ચર્યા માટે નીકળે છે અને નારદમુનિ એમને રોકે છે એ સ્થાન અમારી એ શાળાના ખેતરની વાડે વાડે જતા રસ્તા પર પેલા ઊંચા ટીંબા પર સ્પષ્ટ ભાળું છું. વળી, ઋતુપર્ણને લઈને બાહુક આવે છે ને પછી વિના-અગ્નિએ ને વિના-કડછીએ રસોઈ કરે છે એ જગ્યા એ શાળા પાસે ન હોઈ, ત્યાંથી સારી પેઠે દૂર નવી લાઈબ્રેરી અને પુરુષોત્તમદાસભાઈના ઘર વચ્ચે આવેલી નજરે ચડે છે; પણ દમયંતી બાળકોને મોસાળ વળાવે છે એ જગ્યા તો અમે જ્યાં બેસી સાપ્તાહિક પરીક્ષાઓ આપતા એ ઓસરી જ હોવાનું જાણાય છે.

ત્યાં વાંચેલી વાતોનાં જ દશ્યો મારા મનમાં આમ ગોઠવાઈ ગયાં છે એમ નથી. અહીં હિંદુસ્તાનમાં આવી વીસ વર્ષની ઉંમરે ઉપનિષદની કે રામાયણ ભાગવતની પહેલાં ન સાંભળી હોય એવી નવી કથા પણ જ્યારે મેં વાંચી કે સાંભળી છે ત્યારે પણ મારી સમક્ષ ફિનિક્સની એ શાળાનાં જ દશ્યો તરી આવ્યાં છે. એવી નકામી છાપ મગજમાં ન પડવા દેવા માટે બુદ્ધિને હજીયે ફરી ફરી સાવધાન કરું છું. પણ કલ્પનાના જોર પાસે વિવેકશક્તિનું કંઈ ચાલતું નથી. સાબરમતીને તીરે વિનોબાની પ્રાસાદિક વાણીમાં ઉપનિષદની ઉપકોસલની કથા હું સંસ્કૃતમાં ભણ્યો. પરંતુ એ વેળા પણ મારાં કલ્પનાચક્ષુ સામે તો ફિનિક્સના એ ભુખાળવા મકાનની દક્ષિણે આવેલું ઊંચું, પાતળું બકાનનું ઝાડ જ ખડું થયું; અને એની નીચે તાપણી કરી બેઠેલો ઉપકોસલ અને પલકારામાં અંતર્ધાન થવા ઈચ્છતા અગ્નિદેવ નજરે પડ્યા. એ જ પ્રમાણે પેલા શ્વેત પંખી જે બ્રહ્મચારીને જ્ઞાન કરે છે તે પણ એ જ બકાન ઉપરથી નીચે જમીન પર ઊતરી આવતાં દેખા દે છે. અને ઢોરોથી વીંટળાયેલો આશ્ચર્યમુગ્ધ બ્રહ્મચારી ત્યાં ઊભેલો દેખાય છે.

આ તો થોડાં ઉદાહરણ થયાં. બધાં પુરાણો, આખ્યાનો, ઈતિહાસ અને વાર્તાઓનું ક્ષેત્ર મારે મન લગભગ એટલામાં ને એટલામાં જ સાબિત થઈ ગયું છે!

ફિનિક્સથી આવ્યા પછી મેં એક એકથી ચડિયાતાં સૃષ્ટિસૌંદર્ય નિહાળ્યાં છે. સહ્યાદ્રિની ખીણોમાં ને આબુનાં જંગલોમાં ભટક્યો છું. હિમાલયની સમૃદ્ધિમાં વરસો સુધી વસ્યો છું. છતાં હજીયે નવાં આખ્યાનો કે કથાઓ વાંચતાં-સાંભળતાંની સાથે મન ફિનિક્સ જ દોડી જાય છે અને એ સ્થળની ચોપાસ કલ્પનાને છાવરી લે છે, વૃત્તિને પવિત્ર અને મુગ્ધ બનાવી મૂકે છે અને જેમ સિનેમામાં એક પછી એક દશ્ય આવતાં જ જાય છે, તેમ કથાનાં બધાં દશ્યો ફિનિક્સ શાળાની રંગભૂમિ પર આબેહૂબ ગોઠવાઈ જાય છે.

વાર્તા એ તો કલ્પનાની પવનપાવડી. એટલે એની સંગાથે કલ્પના ઊડે એમાં નવાઈ નહીં. પણ ગીતાના વર્ગમાં બાપુજી ગંભીરતાથી સમજાવતા ત્યારે પણ મારી કલ્પનાના ઘોડા છૂટે દોર દોડ્યે જતા.

શ્રી ગટુલાલજીની સમશ્લોકી ગીતા રોજ ગુજરાતીમાં અમને બાપુજી ભણાવતા. ગીતા શરૂ કરતાં પહેલાં પાંચદસ મિનિટ અક્ષરો તપાસવામાં ગાળતા અને અમારી દરેકની વહીની સફાઈ તથા અક્ષરની સજાવટ તપાસતા. જે દિવસે બાપુજી અમારા અક્ષર પસંદ કરતા તે દિવસે રાજી થવાને બદલે અમે ચિંતામાં પડી જતા કે, ‘‘આવા ને આવા સુંદર અક્ષર રોજ રોજ કેવી રીતે નભાવવા; અને નહીં નભાવાય, અક્ષર બગડશે, તો તેઓ નારાજ થશે.’’ અક્ષર તપાસી લીધા પછી ભણવામાં પૂરું ધ્યાન દેવા સંબંધી તેઓ ઉપદેશ આપતા: ‘‘ગટુલાલજી મોટા ભક્ત હતા. એમનું ચિત્ત ખૂબ એકાગ્ર રહેતું. દરેક વિદ્યાર્થીએ એવા જ એકાગ્ર થવું જોઈએ. ઓછામાં ઓછું, ભણતી વખતે તો જે વાંચતા હોઈએ એમાં ચિત્ત એવું પરોવી દેવું જોઈએ કે રસ્તા પર ઢોલનગારાં વાગતાં હોય તોપણ ખબર ન પડે. તેમાંયે ગીતાજી જો આપણે સમજવી હોય તો તો એવા એકચિત્ત ન થઈએ ત્યાં સુધી સમજાય જ નહીં. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ગીતાજી કહી તે અર્જુન એકધ્યાન થઈને સાંભળતો હતો ત્યારે જ તે કહી.’’ વગેરે વાતો રોજ રોજ કહીને અમારા મનમાં બાપુજીએ એવી ઠાંસી દીધી હતી કે તેઓ ગીતાજી ભણાવતા હોય ત્યારે બારીની બહાર નજર કરવાનીયે અમારી હિંમત ન ચાલતી. મન બીજી જગ્યાએ દોડી જાય તોયે આંખ તો અમે બાપુજીની સામે જ ઠેરવી રાખતા.

ગીતાજીનો અર્થ ચાલતો ત્યારે અમે બાંકડા પર બેસતા અને બાપુજી સામે આંટા મારતા જતા ને હાથમાં ગટુલાલજીની ગીતાજી રાખી અર્થ કહેતા જતા. લખવાનું તપાસી લીધા પછી મોઢે કરવા આપી હોય તે કડીઓ અમારી પાસે

વારાફરતી બોલાવી જતા. ત્યાર પછી પહેલાં થઈ ગયા હોય તે ભાગમાંથી અઘરા અઘરા શબ્દોનો અર્થ પૂછતા. આ અર્થો કહેવામાં દેવદાસકાકા ને હું બે જણા વધુ ફાવતા. એક વાર સાંભળેલો અર્થ દેવદાસકાકા કદી ભૂલતા નહીં. અને મેં પણ 'કાવ્યદોહન' વગેરેમાંથી મારી બા પાસે એ બધું પહેલાં વાંચેલું હોવાથી ઘણાખરા શબ્દોના અર્થ મને આવડતા. પણ જ્યારે નવા નવા શબ્દો બહુ જ આવવા લાગ્યા અને હું તે યાદ રાખવામાં બરાબર પહોંચી શક્યો નહીં ત્યારે બાપુજીએ મને એક દિવસ ચેતવ્યો: ''આપણે વાણિયા છીએ. વાણિયો મૂડીમાં વધારો ન કર્યા કરે તો તેને દેવાળું કાઢવું પડે. તું તને આવડે છે એટલા શબ્દો પર બધું હાંક્યે રાખે છે, પણ નવા શબ્દો વધારતો નથી. હવે જો તું તારો ભંડોળ નહીં વધારે તો આજ સુધીની તારી આવડત નકામી થઈ પડવાની.''

આમ, શબ્દોના અર્થ વગેરે ચાલતા સુધી તો વર્ગમાં હસાહસ, ગમ્મત બધું ચાલતું પણ જ્યારે બાપુજી વિવેચન શરૂ કરતા ત્યારે અમે ખૂબ જ ગંભીર બનીને બેસતા. એ વખતે બાપુજીનું શું વિવેચન ચાલી રહ્યું છે એ તરફ મારું ધ્યાન રહેતું તે કરતાં બાપુજીના હાથ કેમ ઊંચાનીચા થાય છે, એમના ચહેરામાં કેવી કેવી કરચલીઓ પડે છે એ ધારી ધારીને જોવાનું કામ મારી આંખ કરતી અને હું મનમાં ગડમથલ કર્યા કરતો કે એ કૃષ્ણ અને અર્જુન તે વળી કેવા હશે? ''આ બાપુજી એ જ કૃષ્ણ હોવા જોઈએ. એમનો ચહેરો પણ શ્યામ વર્ણનો છે. બાપુજીનું નાક છે એવું જ કૃષ્ણ ભગવાનનું હોવું જોઈએ. કૃષ્ણ ભગવાન પણ અર્જુનને આમ જ હાથ હલાવી હલાવીને વાત કરતા હશે. બાપુજીનો અવાજ જેવો ઘેરો છે એવો જ ઘેરો અવાજ કૃષ્ણ ભગવાનનો હશે.''

પણ ફરી થતું, ''બાપુજી કરતાં કૃષ્ણ ભગવાન તો મોટા. કૃષ્ણ ભગવાન પાસેથી શીખેલી વાતો બાપુજી આપણને કહે છે. ખરે જ, આ બાપુજી એ જ કુંતીપુત્ર અર્જુન તો નહીં હોય ને? જરૂર એ જ અર્જુન છે. અર્જુનનો અવતાર એમણે લીધો હશે. કૃષ્ણ ભગવાને જાતે અર્જુનને ગીતાજી કહી ત્યારે મારો જન્મ થયો હોત તો કેવું સારું? એક ખૂણામાં બેસીને ગીતાજી સાંભળી શકાત અને ત્યારે તો બધે જ સંસ્કૃત બોલાતું એટલે હું પણ સંસ્કૃત સમજી શકત.'' આવી અનેક કલ્પનાઓ મનમાં ઘડતો જાઉં ને ભાંગતો જાઉં. પ્રવચન કરતાં કરતાં બાપુજી એકાદ શબ્દનો અર્થ પૂછે કે, દિવાસ્વપ્નમાંથી ચમકી ઊઠું અને સાવચેત થઈ જાઉં.

બાપુજીએ એ વખતે એટલાં લાંબાં પ્રવચનો કરેલાં પણ એમાંથી અત્યારે એક વાક્ય સિવાય કશું મને યાદ નથી. જે વાક્ય યાદ છે તે એ કે 'આ કંઈ ખરું યુદ્ધ નથી પણ આપણા હૃદયમાં - મનમાં ચાલતું યુદ્ધ છે.' આ સિવાયનાં બધાં

પ્રવચન ભૂલી ગયો છું, એટલું જ નહીં પણ ગીતાજીની જે એટલી બધી કડીઓ ગોખી હતી તેમાંનું પણ એકે ચરણ આજ યાદ નથી આવતું. છતાં જે સાંભળ્યું હતું તેની એક આછી છાપ મનમાં ઘર ઘાલીને રહી છે ખરી. બાપુજીએ ગીતાજી વિશે કંઈક આવું આવું કહેલું છે એમ સાંભરે છે ખરું:

“આસુરી સંપત્તિ અને દૈવી સંપત્તિ - આપણી પાપી વૃત્તિ અને પુણ્ય કરવાની વૃત્તિ એ બે વચ્ચે આપણા દિલમાં રોજ ઝઘડો ચાલી રહ્યો છે. એ ઝઘડામાં જીવ એ કૃષ્ણ થઈને બધું જોયા કરે છે અને શું કરવું ને શું ન કરવું એ મનરૂપી અર્જુનને સમજાવે છે. જીવ એ જ કૃષ્ણ છે એમ આપણે માની લેવું. પાપ કરવાની ઈચ્છાઓ એક જાતની નથી, પણ અનેક જાતની છે; એટલે એને સો ભાઈ કહ્યા. એ જ કૌરવ. સારું કામ કરવાની ઈચ્છા થોડી જાતની હોય છે, એટલે તે પાંચ પાંડવ. ખરાબ ઈચ્છા મોહમાંથી પેદા થાય છે અને મોહ આંધળો હોય છે, માટે કૌરવનો બાપ તે અંધ ધૃતરાષ્ટ્ર. મોહ બહુ જોરાવર હોય છે માટે ધૃતરાષ્ટ્ર તે જોરાવર. આવા રૂપકમાં ગીતાજી લખેલી છે. બાકી ગીતાજી ખરી બની જ નથી. એ વાંચી જતાં પણ ત્રણ કલાક લાગે તો એ બધી ચર્ચા થતાં કેટલી બધી વાર લાગે? અને કંઈ લડાઈમાં એમ કોઈ કૃષ્ણ ને અર્જુનને વાત કરવા દે ખરા? ભગવાન તે કંઈ કોઈને મારવાનું કહેતા હશે? અને તે વળી પોતાના ભાઈઓને જ મારવાનું કહે? પણ મનમાંથી જન્મેલી સારી ઈચ્છાઓ અને ખરાબ ઈચ્છાઓના ઝઘડામાં ખરાબ ઈચ્છાઓને મારી નાખવી એમ ભગવાન જરૂર કહે.”

જેવા શબ્દોમાં એ સાર યાદ છે એવા જ શબ્દોમાં મેં ઉપર નોંધ્યો છે. એટલા ઉપરથી કલ્પી તો શકાશે જ કે અમને નાના નાના ટીનકાઓને બાપુજી ગીતાજી કેવી રીતે શીખવતા હશે.*

ગીતાના વર્ગ ઉપરાંત ગુજરાતી વાચનમાળાને આધારે તેઓ અમને વાચન ને લેખન શીખવતા. ‘आज आज भाई अत्यारे’, ‘भली भरत भूमि’ વગેરે કવિતાઓ તથા પાંચ પાંડવો, વસિષ્ઠ ને વિશ્વામિત્ર, દેશાટન, સમયસૂચકતા વગેરે પાઠો તેઓ સમજાવતા ત્યારે અમને એટલી મજા આવતી કે સમય પૂરો થતાં બાપુજી ચોપડી બંધ કરી દે એ અમને બહુ કડવું લાગતું. અને અમે કહેતા પણ ખરા કે “હજુ અડધો કલાક વાંચો; અમે સાંજે અડધો કલાક વધારે ખેતી કરીશું.” પણ

---

* લેખકે આ લખાણ ઈ. સ. ૧૯૨૨માં (મધપૂડા માટે) જેવું લખ્યું છે તેવું જ અહીં છે. આમાં સુધારો કરવા જતાં મૂળ છાપ બગડવાનો સંભવ હોવાથી નથી કર્યો. વળી ‘અનાસક્તિયોગ’ અને ‘ગીતાબોધ’ પ્રગટ થતાં બાપુજીનું ગીતાભાષ્ય એમના શબ્દોમાં વધુ ગંભીર મનન સાથે આપણને લાધ્યું છે.

બાપુજી કહે, ''એમ કંઈ ફાવે ત્યારે નિયમ ફેરવાતા હશે કે?''

બાપુજી પછીના અમારા શિક્ષક તે મગનભાઈ માસ્તર. તેઓ સંસ્કૃત ગીતાના ઉચ્ચારો શીખવતા અને શ્લોકો યાદ કરાવતા. બચતા વખતમાં પ્રાર્થનામાં ગવાતાં ભજનોના અર્થ શીખવતા. 'समरने श्री हरि', 'घटघट विषे व्यापी रह्या' ઈત્યાદિ કવિતાઓ તો કંઈક મગજમાં ઊતરતીયે ખરી. પણ જ્યારે એમણે 'सुंदर शिव मंगळ गुण गाउं ईश्वरा' એ નરસિંહરાવના ભજનનો અર્થ કરાવવો શરૂ કર્યો ત્યારે તો અમે તોબા તોબા થઈ ગયા.

મને યાદ છે તે પ્રમાણે કહું તો તેનો અર્થ અમને સમજાવતાં મગનભાઈને એક મહિનો લાગેલો; છતાં એ ભજનમાં શું કહ્યું છે એનું ભાન મને છેક હમણાં સુધી ન હતું. 'प्रतिफलिता - शी ललिता - सुंदरता तुज जगद्धरा' વગેરે લીટીઓ નાચતાં નાચતાં ગાવામાં ખૂબ આનંદ આવતો. એનો અર્થ પણ કંઈક એવો જ મનોરંજક હશે એમ મને થતું, એટલે મગનભાઈ સમજાવતા એ પૂરા ધ્યાનથી અને પૂરી ઉત્સુકતાથી હું સાંભળતો. ન સમજાય એ ફરી સમજાવવા કહેતો. પણ એવો દિવસ આવ્યો જ નહીં કે હું એનો અર્થ સમજી શકું. જ્યારે ઘણું ઘણું વિવેચન કરીને તથા એ કવિતા કેમ ઉદ્ભવી એનો ઈતિહાસ પણ સાથે કહીને તેઓ એ સમજાવવા લાગ્યા ત્યારે વર્ગમાં બેઠો હોઉં એટલી ઘડી એમ ભાસતું કે મને એ કડીઓ સમજાઈ છે, પણ જ્યારે

'વિપ્રલંભી વિષયમોહની મધુસ્વરા
વિપથ દોરવા મથે અહો દયાકરા!
વ્યાપી દમે સત્યદષ્ટિ ઘન તિમિરકરા
તે સમે વિશુદ્ધ પ્રેરી જ્ઞાન રવિકરા!
ક્ષણ તે હૃદયે બળ દે કર ધરી આ, -
પરિહરવા, – મધુરરવા – મોહિનીસુરા.
- સુંદર શિવ૦'

એ કડીનો અર્થ સમજવાનો વારો આવે ત્યારે મારું કોકડું સાવ ગૂંચવાઈ જતું. મને થતું કે આમાં 'બળદે' 'હૃદયે' અને 'ક્ષણતે' એ બધાએ શું કર્યું છે? 'બળદ' જેવું તે આ 'ક્ષણતે' વળી શું હશે? વળી એ પહેલાં 'વિપથ દો' અને 'વ્યાપી દમે' એટલા બધા કોઈ દિવસ ન સાંભળેલા શબ્દો તે નરસિંહરાવને ક્યાંથી સૂઝ્યા છે? વગેરે પાર વગરની ગૂંચવણો મનમાં ઊભી થતી. તેમાંયે વળી જ્યારે મગનભાઈ કહેતા કે, 'આ કડી આખા ભજનમાં સારામાં સારી છે ને આખી જિંદગીભર કામ આવે એવી છે' ત્યારે તો એ ગૂંચવણ કેટલા ગણી થઈ પડતી હશે એ તો કલ્પી લેવાનું જ રહ્યું!

જ્યારે એ ભજનની બાબતમાં મારા મગજે કંઈ જ કામ ન કર્યું ત્યારે 'તે એક ઉત્તમ ઈશ્વરસ્તુતિ છે અને તેનો રાગ ગાવામાં બહુ મજા આવે છે' એટલી જ વાત એને વિશે મગજમાં ભરી, બાકી બધી વાતને મેં ખંખેરી નાખી. એ ગૂંચ ઉકેલવાનો પ્રયત્ન જ ન કર્યો ત્યારે મને ચેન પડ્યું. હવે જ્યારે મેં કેટલાંયે ગૂંચવાયેલાં સૂતરનાં ખરાં કોકડાં ઉકેલી નાખ્યાં ત્યારે અનાયાસે એ ભજન મારા હાથમાં આવ્યું. મેં એ કડી વાંચી ને વાંચતાની સાથે મને એ સમજાઈ ગઈ. ગૂંચવાયેલું કોકડું પહેલવહેલું ઉકેલ્યું ત્યારે જે આનંદ નહીં થયો હોય એવો આનંદ એ કડીનો અર્થ સમજતાં મને થયો. મને થયું કે 'એમાં તે શું એટલું બધું અઘરું હતું કે મને એ પહેલાં સમજાતી જ નહોતી?' મગનભાઈ સમજાવતી વખતે મારા પર જેટલા ચિડાતા તેટલો જ હું તે દિવસે મારા પર ચિડાયો.

હવે મારું અંગ્રેજી કેમ ચાલતું એ કહું. ગુજરાતીની જોડણીમાં પાર વગરની ભૂલો કરનારો હું અંગ્રેજીના સ્પેલિંગની ભુલવણીમાં કેટલાં ગોથાં ખાતો હોઈશ એ તો વગર કહ્યે સૌ સમજી લે એમ છે. જો અંગ્રેજીના કિલ્લાને ફરતી ચોતરફ સ્પેલિંગની ઊંડી, પહોળી અને ધુનાઓથી ભરેલી ખાઈ ન હોત તો એ કિલ્લો તો કદાચ હું સર કરી શક્યો હોત. પણ એ ખાઈમાં મારું કંઈ ફાવ્યું નહીં. બાપુજી ફાર્મથી આવ્યા તે પહેલાં જ હું અંગ્રેજીમાં જુદા જુદા વિષયો પર નાના નિબંધો લખતો થયો હતો.

નિબંધની ગૂંથણીમાં બીજા છોકરાઓની જેમ હું ગોથાં નહોતો ખાતો; મને તેમના કરતાં એ વધારે સહજ હતી. વાક્યો પણ મોટે ભાગે વ્યાકરણશુદ્ધ બનતાં; પણ સ્પેલિંગમાં મારા ફુરચા ઊડી જતા. આથી ઝટ ઝટ એક પછી એક રીડર પૂરી કરીને હું આગળ વધી નહોતો શકતો. પ્રાઈમર અને પહેલી ચોપડીના સ્પેલિંગોને વટાવતાં જ મને ત્રણેક વર્ષ લાગ્યાં! બાપુજી આવ્યા ત્યારે માંડ પહેલીમાંથી હું બીજી રીડરમાં આવ્યો હતો. મગનકાકા, મારા પિતાશ્રી વગેરે તો મને સ્પેલિંગ શીખવવાની માથાકૂટ કરતા કરતા થાકી ગયા હતા. એટલે પછી બાપુજીએ એ કામ હાથમાં લીધું. બીજા બધા વિષયોમાં હું દેવદાસકાકાની સાથે, એટલે ઊંચામાં ઊંચા વર્ગમાં હતો. પણ અંગ્રેજીમાં એમનાથી ખૂબ પાછળ હતો. એમને છઠ્ઠી રીડર ચાલતી ત્યારે મને બીજી ચાલતી. છતાં બાપુજી મને મોટા વર્ગમાં બેસાડતા. અને અંગ્રેજી ભાષણ કરતાં ચાલતા વિષયોમાં મારી બુદ્ધિને પ્રવેશ કરાવતા. આથી સ્પેલિંગ ગોખવા એ મને સાવ લૂખું લાગતું મટ્યું. છતાં સ્પેલિંગની મારી કચાશ મટી નહીં ત્યારે પરોઢિયે ખેતર પર જવા પહેલાંનો પોતાનો અમૂલ્ય સમય બાપુજીએ મને આપવા માંડ્યો. પરંતુ મારે કમનસીબે એ

ભણતર મહિનો એક ચાલ્યું હશે ત્યાં સત્યાગ્રહની લડાઈ શરૂ થઈ, એટલે મારું અંગ્રેજી અટક્યું, અને તે સદાને માટે અટક્યું.

એક દિવસ બાપુજીએ અમને ગુજરાતીની પરીક્ષામાં 'દેશાટન' ઉપર નિબંધ લખવા કહ્યું, ને હિંદી ભણનારાઓને 'પહેલો સત્યાગ્રહી કોણ' એ વિશે હિંદીમાં લખવાનું કહ્યું. અમે ધાર્યું કે અમારો વિષય સાવ સહેલો છે અને શિવપૂજનનો બહુ અઘરો છે. એટલે, અમારા વિષયની વાત ભૂલી જઈ અમે સહેજ વાર એ ચર્ચા કરી કે 'પહેલો સત્યાગ્રહી કોણ?' કોઈ કહે કે 'થંબી નાયડુ', કોઈ કહે, 'ના, બાપુજી પોતે', તો વળી ત્રીજાના મનમાં પેલા જે દેશવટામાં મરી ગયા હતા તે ભાઈ નારાણસ્વામી પહેલા સત્યાગ્રહી ઠર્યા. પણ પછી ઝાઝો વખત નહોતો, એટલે અમે શિવપૂજનનો વિષય એને માટે રહેવા દઈ અમારો નિબંધ લખી નાખ્યો. અમારા ચોથી ચોપડીના પાઠમાં દેશાટનના ફાયદાની લાંબી યાદી અમે વાંચી જ હતી. એટલે તેમાંના જ બેચાર મુદ્દા પકડી લઈ અમે અમારી માન્યતા પ્રમાણે એક સુંદર નિબંધ લખી કાઢ્યો. સાંજે પરીક્ષા થઈ. નિબંધોના માર્ક અપાયા. 'ઠીક છે' એવું પ્રમાણપત્ર પણ મળ્યું. પણ થોડી વાર પછી બાપુજીએ અમને બધાને નાપાસ ઠરાવ્યા. કહે કે 'પહેલો સત્યાગ્રહી તે થંબી નાયડુ નહીં પણ ભક્ત પ્રહ્લાદ, અને દેશાટનના તમે લોકોએ ચોપડીમાં બતાવેલા ફાયદા લખી કાઢ્યા છે, પણ સ્વતંત્ર વિચાર નથી કર્યો. તમે જે ફાયદા કહ્યા છે તે બધા ઘેર બેઠા પણ મેળવી શકાય અને દેશાટનની રખડપટ્ટીમાંથી ઊગરી જવાય. પણ વધારે તો હું તમને સોમવારે વર્ગમાં જ કહીશ.'

અમે તો સાવ ભોંઠા પડી ગયા. જે વિષય અઘરો માન્યો હતો તે તો સાવ સહેલો હતો. પ્રહ્લાદની વાત લખવી તો સહેલામાં સહેલી હતી. અને દેશાટન વિશે બાપુજીએ કહ્યું એ કંઈ સમજાયું જ નહીં, ઊલટો એ જ અઘરો વિષય નીકળ્યો!

સોમવારે સવારે વર્ગમાં બાપુજીએ કહ્યું, 'માણસ આગગાડી ને આગબોટમાં દોડાદોડ કરી મૂકે તેના કરતાં એક ખેડુ પોતાના ખેતરમાં વધારે અનુભવ મેળવી શકે છે. કયો છોડ કેમ ઊગે છે, એને કેવી રીતે પાંદડાં ફૂટે છે, વરસાદ ક્યારે પડશે, જમીનમાં પાણી ક્યાં હશે એ બધું ખેડૂત જેટલું કોઈ પણ આગગાડી-આગબોટનો પ્રવાસી નથી કહી શકતો. તેમ જ એક જ ગુરુ પાસે બેસી વરસોનાં વરસ સુધી અભ્યાસ કરનાર વિદ્યાર્થીમાં જે બુદ્ધિ અને ચતુરાઈ આવે છે એ રખડુ છોકરાને નથી આવતી.' આવાં વાક્યોથી બાપુજીએ અમારા બધા મુદ્દાને છિન્નભિન્ન કરી નાખ્યા અને અમારાં ભેજાંમાં પ્રકાશ પાડ્યો કે ચોપડીમાં છાપેલો હોય એ વિચાર જ સાચો હોય એવું કંઈ નથી. આપણે પણ

એથી સારો વિચાર કરી શકીએ છીએ. અમારાં ભેજાંમાં એ વાત ઊતરી, અને વાચનમાળાની બહાર પણ જ્ઞાન શોધતાં અમે શીખ્યા.

## ૧૬
## અન્નજળ ત્યાગ

હવે તો, બાપુજીના એકવીસ દિવસ જેવા કપરા ઉપવાસ જગજાહેર થઈ ગયા છે (અને તેમાંથી ઈશ્વરકૃપાએ દેશને તેઓ પાછા પણ મળ્યા છે), એટલે ફિનિક્સના લાંબા અને આકરા ઉપવાસોની કથા નવાઈભરી નથી રહી. છતાં જ્યારે જ્યારે એ ઉપવાસો આરંભાયાની વાત યાદ આવે છે ત્યારે ત્યારે હજીયે ધ્રુજારી છૂટે છે. સર્વધર્મસમભાવ, અસ્પૃશ્યતાનિવારણ, હિંસાશમન વગેરે માટેના બાપુજીના ઉપવાસો જેટલા જગજાહેર થઈ ગયા છે તેટલાં ફિનિક્સ આશ્રમના શુદ્ધીકરણ માટે કરવામાં આવેલાં અનુષ્ઠાનો જાહેરમાં નથી આવ્યાં. તેમ એ સાવ અજાણ્યાંયે નથી રહ્યાં. મને ભય છે કે આજે પચીસ વરસ પછી એને તાજાં કરી બત્રીસીએ ચડાવવામાં હું કદાચ ગુનેગાર ગણાવાનો. ફિનિક્સ શું કે આશ્રમ શું, એ ગમે તેટલાં જાહેર સ્થળ બની જવા છતાં આખરે તો એ એક મોટું કુટુંબ જ ગણાય. અને ખાનદાનીની આપણી મર્યાદા છે કે:

अर्थनाशं मनस्तापं गृहे दुश्चरितानि च।
वञ्चनं चापमानं च मतिमान्न प्रकाशयेत्॥

એથી વિરુદ્ધ હું આ પ્રકરણોમાં અમારી નામોશી ચીતરવા બેઠો છું. પણ ખાનદાનીની એ મર્યાદા પરાયા પાસે જાળવવાની હોય, જ્યારે આ લખાણ વાંચનારા પરાયા ભાગ્યે જ હોવાના. પૂજ્ય બાપુજીની વધુ સમીપ પહોંચવા ઇચ્છનારાઓને કામનું થઈ પડે એ હેતુ આ લખતી વખતે નજર સામે છે. છતાં આમાંથી કોઈ વગોવવાની સામગ્રી શોધી કાઢે તો તે સારુ મારે લાચારી બતાવવી રહી. સ્વજનો કરતાંયે વધુ સ્વકીય એવાં ફિનિક્સનાં એ ભાઈબહેનોને વગોવણીમાંથી બચાવવા ખાતર અહીં એમનાં ખરાં નામને બદલે કૃત્રિમ નામ આપીશ.

સત્યને માટે જ જીવનારા પરમ તપસ્વીની કાખમાં જૂઠાણું અને ચોરી અદરાય ત્યારે એ પરસ્પર વિરોધી તત્ત્વોનું પ્રચંડ ઘર્ષણ થયા વિના શી રીતે રહે? એવા ઘર્ષણમાંથી પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠે અને એ જ્વાળામાં ગંદકી બળીને ખાખ થઈ જાય. બાપુજીનો પુણ્યપ્રકોપ પણ અમૃતભર્યો. કીડીનેયે કોચવતાં અચકાય એવા બાપુજી પોતાના અંતેવાસી વિદ્યાર્થીને મનથીયે શાના શાપે? ભારેમાં ભારે દુશ્ચરિતને પણ અમૃત છાંટીને જ નામશેષ કરવાનો એમણે હંમેશાં આગ્રહ સેવ્યો છે.

એક વાર વિદ્યાર્થીઓમાંના એક જણને સ્ટેશન જતાં એક શિલિંગ જડી આવ્યો. અંદર અંદર ઊહાપોહ ચાલ્યો કે એ શિલિંગનું કરવું શું? ‘બાપુજીને આપી દઈએ’, ‘સ્ટેશનની દુકાનેથી કાંઈક ખાવાનું મગાવીએ’, એવા બે વિરોધી પ્રસ્તાવ છાનાછાના ચર્ચાયા. ખાવાનું મંગાવવા તરફ બધાનો વધુ ઝોક હતો. પણ એની ચાડી કોઈની પાસે જઈ ન પહોંચે તે માટે વ્યૂહો રચાવા માંડ્યા. એક સવારે હું ગણિતના વર્ગમાં પહોંચ્યો ત્યારે જોયું કે ભણાવનારાં ધૈવતબહેન ગણિતને બદલે શું અને કેવી રીતે ખાવાનું મગાવવું એ વિશે વિદ્યાર્થીઓ સાથે પોતાની બુદ્ધિ વાપરી રહ્યાં હતાં. આખો સમય એ ચર્ચામાં વીતી ગયો, ત્યારે ઠર્યું કે ‘ગંધાર’ છુટ્ટી ઉપર એક દિવસ ડરબન જાય અને પાછા વળતાં એ શિલિંગનાં ઉત્તમ ભજિયાં લઈ આવે. ધૈવતબહેન એને સૌ વચ્ચે સરખી રીતે વહેંચી આપે, જેથી કોઈને પાછળથી ફરિયાદ કરવાપણું જ ન રહે અને બાપુજી પાસે વાત ન પહોંચે.

દરમિયાન એક રવિવારે અમે ઈનાન્ડાની ઉજાણીએ ગયા. ત્યારે વળી ડુંગર ચડતાં અમારામાંના એક જણને ત્રણ પેનીનો ચાર આની જેવડો સિક્કો જડી આવ્યો. હું એ જ સિક્કાને ઓળંગી ગયો હતો. મને એ ન દેખાયો અને મારી પછીના છોકરાએ એ ઉઠાવી લીધો તેથી સૌ મને મૂરખ બનાવવા લાગ્યા ને પેલાની વાહવાહ કરી. મારી એ ભૂલ માટે મને એટલું લાગી આવ્યું કે મેં પોતાને સાવ નાલાયક અને પથ્થરથીયે બેદ માન્યો. મનમાં થયું કે ‘સામેના શોભિતા પહાડનો એક પથ્થર નીપજ્યો હોત તો બીજાઓને જોવાને તા કામ આવત! પગ તળેની વસ્તુ જોઈ ન શકું એ હું શા કામનો?’ પરંતુ મને ખબર ન હતી કે મારી આ ગ્લાનિ અને હોશિયારીનો અભાવ મને ભીષણ બળતરામાંથી બચાવનાર છે.

આ પછી કેટલેક દિવસે બાપુજી જોહાનિસબર્ગ ગયા. એમના ગયા પછી ત્રીજે કે ચોથે દિવસે અમારો ગુજરાતીનો વર્ગ પૂરો થયો કે એક મોટો વિદ્યાર્થી મને અને ઋષભને ધૈવતબહેન પાસે બોલાવી ગયો. ધૈવતબહેને ચોતરફ નજર કરી ને કોઈ અણઇચ્છ્યું માણસ ન દેખાતાં હળવેકથી મેજના ખાનામાંથી થાળી કાઢી અમારી સામે મૂકી અને અમારા ભાગનાં ભજિયાં ખાઈ લેવા ફરમાવ્યું. એક શિલિંગનાં ભજિયાં આવેલાં અને ઈનાન્ડા ફૉલ્સવાળી ત્રણ પેનીનાં ચિત્રો આવેલાં. મારા ભાગનું એક ચિત્ર તો મેં પસંદ કરી લઈ લીધું, પણ મારા ભાગનાં ભજિયાં લેવાની મેં ના પાડી. ધૈવતબહેને પૂછ્યું ‘કેમ, તારે નથી ખાવાં? તારે સારુ તો સરસમાં સરસ કળી રાખી છે.’ ‘ના, હું ક્યાં મીઠું ખાઉં છું?’ મેં કહ્યું. ‘પણ આ ક્યાં જમતી વખતે ખાવાનું છે? શાકદાળમાં તો મસાલો હોય એટલે બાપુજી તને એ ખાવા નથી આપતા. આ તો ખવાય.’ ‘ના, મારે નથી ખાવું’.

'પણ તું ખાઈશ તોયે તારા અલૂણાનો ભંગ નહીં થાય!' 'અહં, મારે ખાવું જ નથી ને!' 'પણ આપણે ભજિયાં ખાધાં છે એ વાત જ કોઈની પાસે જવાની નથી; પછી બાપુજીને કોણ કહેવાનું? એટલે પછી તેં મીઠું ખાધું છે એ બાપુજી ક્યાંથી જાણશે?' ધૈવતબહેને છેલ્લો પાસો ફેંક્યો. પણ કોણ જાણે ક્યાંથી મને જોર આવી ગયેલું, એટલે મેંયે મનનો ઊભરો કાઢ્યો: 'તેઓ ન જાણે તોયે મારે તો એમને કહેવું જોઈએ ને, કે મેં મીઠું ખાધું છે. એક વાર બાપુજી પાસે અલૂણાનું મેં વ્રત લીધું એટલે આ શનિવારે બે અઠવાડિયાં પૂરાં ન થાય ત્યાં સુધી હું આ ભજિયાં નહીં ખાઉં. મારે એમને છેતરવા નથી.'

મારી આ વાત સાંભળી ધૈવતબહેન કંઈક પાછાં પડ્યાં અને બોલ્યાં, 'ઠીક ત્યારે, ન જ ખાવાં હોય તો તારી મરજી; પણ શનિવાર સુધીમાં તો આ બગડી જશે.' મેં પણ પોતાનો રસ જણાવ્યો કે 'જો તમારે મને ભાગ આપવો જ હતો તો મોડેથી મગાવવાં હતાં; તમને તો ખબર છે કે મારું અલૂણું ચાલે છે.'

તેમણે જવાબ આપ્યો: 'પણ પછી તો બાપુજી આવી પહોંચે ને?' 'ત્યારે જવા દો.' એમ કહી મેં મારાં ભજિયાં ઋષભને આપી દીધાં અને એને ભજિયાં ખાતાં જોવાનો આનંદ લેવા માંડ્યો. નાક જેટલું પાસે લઈ જવાય એટલું લઈ જઈ ખૂબ ધરાઈને મેં એ સૂંઘ્યાં.

વાત પતી ગઈ. નિશાળના દરવાજા બંધ થયા ને હું નાચતોકૂદતો ભાગી ગયો. બાપુજીને છેતરવામાંથી બચવાના આનંદથી મારું લોહી ઉછાળા મારવા લાગ્યું.

ભજિયાં મેં ખાધાં ન હતાં, પણ હું ચોરમંડળીમાંનો એક હતો તો ખરો જ. મોટાઓ પોતાની ચર્ચાઓ મને સાંભળવા ન દેતા, છતાં આંખમીંચામણાં, ઈશારા, બીજાને દૂર રાખીને થતી વાતોથી મને ઘણુંખરું સમજાઈ જતું. ભજિયાં ચોરીને ઝાઝા દિવસ ન વીત્યા ત્યાં તો બે મજબૂત પક્ષો ઊભા થયા. મારામાં એટલી શક્તિ ન હતી કે હું બેમાંથી એક પક્ષમાં ભળી જાઉં. જ્યારે જે પક્ષ વચ્ચે બેઠો હોઉં ત્યારે હું તે પક્ષનો થઈ જતો, બંને પક્ષની વાતો સાંભળતો. એક ટોળી વાતો કરતી હોય કે 'ધૈવતબહેનને મોટાં બનાવ્યાં ખરાં, પણ એ અન્યાયી છે, લુચ્ચાં છે, પોતાના ભત્રીજાને દબાવી રાખ્યો છે, ઋષભને ભોળવી લીધો છે જેથી બાપુ પાસે પોતાની કંઈ જ ફરિયાદ ન પહોંચે' એ વખતે મને ધૈવતબહેન નઠારાં અને કપટી લાગતાં. પણ ફરી પટ્ટશિષ્યો વચ્ચે બેઠેલાં ધૈવતબહેનને કહેતાં સાંભળું કે, 'મપાની જોહુકમી વધી ગઈ છે, જેને તેને દબડાવ્યા કરે છે અને હવે ઈર્ષ્યામાં ને ઈર્ષ્યામાં બાપુજીને જઈ મારી ચાડી ખાશે તો પોતાના જ પગમાં કુહાડો મારશે. એનો વિનાશ આવ્યો છે એટલે જ ''વિનાશકાળે વિપરીત

બુદ્ધિ'' થયો છે;' ઈ. ત્યારે મને ધૈવતબહેન બહુ સારાં અને મપો સાવ વંઠેલો લાગે. પણ મારી ફજેતી આટલેથી જ અટકતી ન હતી. ધૈવતબહેન લટકાથી પૂછે કે તરત તેમને મપાની ટોળીની સાંભળી આણેલી બધી વાત જણાવી દઉં. અને મપાની ટોળીમાં બેસું એટલે ધૈવતબહેનની બધી વાતો ત્યાં પહોંચાડી દઉં. મને ભાન ન હતું કે આમ કરી હું કેટલી ભૂંડાઈ વહોરી રહ્યો હતો. મને દરેક જણ સારો લાગતો અને જેની પાસે જાઉં તેને ભાવતું કરવાનો પ્રયાસ કરતો. પરિણામે બંને પક્ષને લડાવવામાં હું અજાણ્યે હથિયાર બન્યો.

જોહાનિસબર્ગથી બાપુજીને આવ્યે થોડા દિવસ વીતી ગયા હતા. બધું કામ નિયમિત ચાલતું હતું. એવામાં એક દિવસ પાપનો ઘડો ફૂટી ગયો. ખેતીનું કામ, નિશાળનું કામ અને બીજાં કામો કોરે રહ્યાં અને બધે એક જ વાત, એક જ તપાસ અને એક જ કામ ચાલ્યું. ઘણી વાતની ખબર મને વહેલી પડી જતી. પણ આ વાતની મને બધા વિદ્યાર્થીઓમાં સૌથી છેલ્લી ખબર પડી. તપાસ કરતાં મેં જાણ્યું કે 'આજે સવારના પહોરમાં બાપુજીએ ધૈવતબહેન સાથે કલાક સવા કલાક વાત કરી, ને અત્યારે ગંધારને લઈને બાપુજી પ્રેસને રસ્તે રસ્તે નીચે ગયા છે.' વાત કાને આવી કે હું સીધો શું ચાલે છે એ જોવા ઊપડ્યો.

મેં જોયું કે નીચેથી ગંધાર સાથે વાત કરતા બાપુજી પોતાના ઘર તરફ આવી રહ્યા છે. હું વાડની ઓથે એક બાજુએ ઊભો રહ્યો. ત્યાંથી મોટા ઘરની ઓસરી નજરે પડતી હતી. ત્યાં મગનભાઈ, રાવજીભાઈ, બીજા મોટા માણસો અને અમારા મંડળમાંના ઘણાખરા છોકરાઓ ઊભા હતા. બધા ખિન્ન વદને ઘુસપુસ વાતો કરી રહ્યા હતા. બાપુજી ગંધારને મૂકી આવી બીજા ફેરામાં મપાને લઈને વાતો કરતા નીકળ્યા. બેચાર આંટામાં એને પતાવીને બીજા એક છોકરાને સાથે લીધો. એમ કલાક બે કલાક સુધી ઘરથી પ્રેસ સુધી ને પ્રેસ ઉપરથી ઘર સુધી તેમણે આટાં માર્યા કર્યા. એક વાર બાપુજી ધૈવતબહેનના ભત્રીજાને પણ લઈ ગયા. પણ મને તો તેમણે બોલાવ્યો જ નહીં. હું તો મનમાં ઊંચોનીચો થઈ રહ્યો હતો કે બાપુજી શા માટે નકામી આટલી મહેનત કરે છે? મને બોલાવે તો હું બધું કહી દઉં! તેઓ મને બોલાવે એટલા માટે કેટલીયે વાર એમના રસ્તામાં હું આડો ઊતર્યો પણ તેમણે મને બોલાવ્યો જ નહીં.

સૌથી છેવટે બાપુજી દેવદાસકાકાને વાત કરવા લઈ ગયા. બેત્રણ વાર તો તેઓ ઉપરથી નીચે આવ્યા, પણ ત્રીજી કે ચોથી વાર બાપુજી નીચે ગયા તે પાછા પંદરવીસ મિનિટ સુધી દેખાયા જ નહીં. અમે બધા ખેતરમાં, ઓસરીમાં આમતેમ આંટા માર્યા કરતા હતા અને શો નતીજો આવે છે એ જાણવા એકપગે થઈ રહ્યા હતા. ત્યાં મેં વાત સાંભળી કે બાપુજી બહુ જ રોષે ભરાયા છે. એમણે

પાંચ તમાચા માર્યા. હું સમજ્યો કે તેમણે દેવદાસકાકાને એ તમાચા માર્યા છે એટલે હું મનમાં ને મનમાં ધ્રૂજી ઊઠ્યો. મને થયું કે એમને એકલાને એટલા બધા તમાચા શા માટે માર્યા હશે? અમારો પણ ગુનો હતો. હું આવા વિચારોમાં ગૂંથાયો હતો ત્યાં એક જણ પાકા ખબર લાવ્યો કે 'એ તમાચા તો બાપુજીએ પોતાના જ ગાલ ઉપર માર્યા છે અને તે એટલા જોરથી માર્યા કે સારી પેઠે દૂર ઊભેલા છોકરાએ પણ એ સાંભળ્યા.' બાપુજીએ પોતાને તમાચા માર્યા એ સાંભળી મારું મન સાવ ભાંગી ગયું, કંઈક ઉશ્કેરાયું અને પછી થયું કે હું કેવો સદ્‌ગુણી! મારો તો કંઈયે વાંક ન દેખાયો; અને બીજા કેટલા બધા ખરાબ કે તેને કારણે બાપુજીને પોતાને તમાચા ખાવા પડ્યા!

એ સાંજની પ્રાર્થના પૂરી થઈ એટલે સૌ બાપુજી સામે ટાંપીને જોઈ રહ્યા. થોડી વાર સુધી બાપુજી સાવ મૂંગા બેસી રહ્યા અને પછી ધીમે ધીમે બોલવા માંડ્યા:

'આજે બપોરે તો મેં ખાધું, પણ સાંજે કંઈ નથી ખાધું. પાણીયે કડવું ઝેર જેવું થઈ પડ્યું છે. દીકરા થઈ બાપને આટઆટલું છેતરી શકાય છે એ જાણી મારું અંતર કપાઈ જાય છે. પણ હું શાંત રહ્યો છું. મારાથી ન જ રહેવાયું ત્યારે મેં પોતાને પાંચ તમાચા લગાવી દીધા છે. કોઈને હું મારું તે કરતાં મને પોતાને જ મારું એ સારું. એ વિના મને આવી જાતનું વર્તન કેવું કઠે છે એ નહીં સમજાય. દેવાએ તો મારી પાસે બધી વાત કબૂલી છે અને પોતે ખૂબ પસ્તાયો હોવાનું જણાવે છે. ફરી એવી ભૂલ ન કરવાનું આશ્વાસન તેણે મને આપ્યું છે. પણ હજુ મારાથી ખવાય એમ નથી. હજુ છોકરાઓએ મારી પાસે સત્ય છુપાવ્યું છે. છોકરાઓ એક કહે છે, ધૈવતબહેન બીજું કહે છે. એકબીજાની વાતને સૌ કાપે છે. એટલે કોણ સાચું છે ને કોણ જૂઠું છે એની ખબર નથી પડતી. મેં બધાને બહુ વીનવ્યા, પણ સાચું બોલવાને કોઈ તૈયાર નથી થયું. મારી પાસે જૂઠાણું રહે તો મારા જીવતરમાં ધૂળ પડી. એટલે જ્યાં સુધી મને સાચ ન મળે ત્યાં સુધી મારે જીવવાનાં ફાંફાં મારવાં વ્યર્થ છે. આજ આખો દિવસ મેં ખૂબ વિચાર કર્યો અને છેવટે એ નિર્ણય પર આવ્યો છું કે મારે માટે દાણોપાણી વર્જ્ય છે. જ્યાં સુધી છોકરાઓ આવી પોતાની મેળે ચોખ્ખી વાત મારી પાસે નહીં કરે ત્યાં સુધી હું નથી મારા મોઢામાં અન્નનો દાણો મૂકવાનો કે નથી પાણીનું ટીપું મૂકવાનો.' થોડી વાર તેઓ થોભ્યા. પ્રાર્થનામાં બેઠેલા સૌ આ વીજળી પડવાથી સ્તબ્ધ બની ગયા. ઓરડાની દીવાલો પણ જાણે ચીમળાઈ ગઈ. નીરવતા તોડવાની કોઈની હિંમત ન ચાલી. ફરી બાપુજી આગળ બોલ્યા: 'જેને મારા પર દયા આવતી હોય એણે મને ખાવાને મનાવવાની જરૂર નથી. સત્યને શોધતાં મારું

મોત થશે તો એના જેવું સોનાનું મોત બીજું કયું હોઈ શકે? ઈશ્વરના અનેક આશીર્વાદ હોય, કેટલાયે જન્મનાં પુણ્ય હોય તેને એવું મોત મળે. તમારે બધાએ તો એ દિવસ ઊજવવો જોઈએ, જે દિવસે સત્યને ખાતર મારો દેહ પડે. એટલે મને વીનવવાની કોઈ મહેનત ન કરે. વીનવવા જ હોય તો છોકરાઓને વીનવે અને સત્ય શોધી કાઢવામાં મને મદદ કરે.'

આ પછી મોટાઓ વચ્ચે ધીમી વાતો શરૂ થઈ અને અમને સૂઈ જવાની સૂચના મળી. પથારી ભેગો થતાં મને થયું કે ઈનાન્ડા ફૉલ્સથી આવતાં પેલી ત્રણ પેની મને ન મળી એ ભગવાને કેટલું બધું સારું કર્યું! નાહકનો તે દિવસે હું પસ્તાયો.

બીજે દિવસે બપોરની ગાડીએ બાપુજીને ફરી જોહાનિસબર્ગ જવાનું હતું. સવારે ઊઠી મારા પિતાશ્રીની પાછળ પાછળ હુંયે બાપુજી પાસે પહોંચ્યો. તેઓ હજુ પથારીમાં બેઠા બેઠા દાતણ કરતા હતા. રાવજીભાઈ અને ધૈવતબહેન તેમની પાસે હતાં. મારા પિતાશ્રીએ પૂછ્યું, 'નબળાઈ જણાતી હશે.' બાપુજીએ જવાબ આપ્યો: 'ના રે ના, હજુ ઉપવાસ તો આજે શરૂ થશે.'

વખત થયે બાપુજી સ્ટેશને ચાલતા ઊપડ્યા. ભૂખ્યે પેટે અઢી માઈલનો એ પંથ કાપવાનો હતો. પાણી પણ પીવાનું ન હતું. પણ બાપુજીનું ધ્યાન સ્થૂળ શરીરથી પર હતું. આખે રસ્તે તેમણે પોતાની મુલાકાત ચાલુ રાખી. એમની પાછળ ફિનિક્સનાં નાનાંમોટાં બધાં માણસો મૂંગે મોઢે અતિશય ચિંતાતુર બની ચાલતાં હતાં. બેત્રાણ મોટેરાઓ ધૈવતબહેન સાથે વાતો કરતા આગળ ચાલતા હતા. હું દરેકના ચહેરા પર ચિંતા અને સમાધાનના બદલાતા જતા ઓળાઓ જોતો ચાલતો હતો. એમ કરતાં અમે સ્ટેશને પહોંચ્યા. સ્ટેશને પહોંચતાં રાવજીભાઈ અને ધૈવતબહેનને લઈ મારા પિતાશ્રી બાપુજી સાથે સૌથી વેગળા વાતો કરવા એક તરફ ગયા અને થોડી વારે પાછા આવ્યા.

એટલામાં ટ્રેન આવી. બાપુજી ટ્રેનમાં બેઠા. ટ્રેને ચાલવાની તૈયારી કરી. ત્યાં મારા પિતાશ્રીએ બાપુજીને વીનવ્યા કે 'હવે રુસ્તમજી શેઠને ત્યાં જમીને જ આગળ જજો'. પણ બાપુજીએ કહ્યું, 'ના, એવી કંઈ જરૂર નથી. બસ મારે મન સત્ય મળી ગયું એ જ ખોરાક છે. હવે આજનો દિવસ તો હું ઉપવાસમાં જ વિતાડીશ. આવતી કાલે ખાઈશ. હજુ વધુ વિગતવાળો કાગળ ધૈવત અને બીજાઓ મને લખે.'

ટ્રેન ઊપડી ગઈ.

જોહાનિસબર્ગ પહોંચીને બાપુજીએ આ પ્રસંગ સંબંધે નીચે મુજબ રાવજીભાઈને કાગળ લખ્યો:

ભાઈશ્રી રા.

તમારી પાસેથી કોઈ આગલા જન્મની લેણાદેણી નીકળે છે. તમારી પાસેથી એટલા પ્રેમનો મને શો અધિકાર હોય? છતાં જ્યારે હું એવા સંકટમાં કાલે આવી પડ્યો ત્યારે તમે જે પ્રીતિ બતાવી તેનું વર્ણન થાય તેમ નથી. તેથી તમારો બન્નેનો આત્મા વધારે તેજસ્વી થાઓ એવું ઇચ્છું છું, ને તે પ્રીતિને અનુભવવાથી મારો આત્માની શક્તિ વિશેનો વિશ્વાસ વધારે દઢ થાઓ એવું તમે ઇચ્છજો. એક નજીવી પ્રતિજ્ઞા એટલે તપશ્ચર્યાનો આદર આટલું કરી શકે તો થયેલી તપશ્ચર્યા કેટલું કરી શકે તેનું પ્રમાણ જ ન મળી શકે, એ સીધી ત્રિરાશિ પ્રમાણે જવાબ મળે છે તે તેમ જ છે. પ્રતિજ્ઞા ન લેવાત તો હું શુદ્ધ પ્રેમ ન અનુભવત, ને ઝપાટાભેર સત્ય નીકળી આવ્યું ને બાળક છોકરાઓ નિર્દોષ ઠર્યા તેમ ન થાત.

ચિ. . . . ને મેં જે માળ ઉપર કલ્પી હતી ત્યાંથી તેને ઊતરવું પડ્યું છે. છતાં તે પુણ્યાત્મા તો છે જ એમ મનમાં રહે છે. તેના સદ્‌ગુણ ઘણા છે. તેને આપણે કેળવવા એ આપણી ફરજ છે. તેનું પાપ અને કામ તો જબરું હતું. તેને યાદ ન દેવાય એમ આપણે વરતવાનું રહ્યું છે. તેને ઘરકામમાં પ્રવીણ થવામાં ઉત્તેજન આપજો. છોકરાંઓ કોઈ તેનું અપમાન ન કરે એમ જોજો... રાતની કથા રાખજો. છોકરાંઓને પાંચ વાગ્યે ઉઠાડવાનો બોજો રા.... ઉપર ગણીશ.... મ.... ની તબિયતના ખબર નિયમસર મળવા જોઈએ.

## ૧૭
## ઉપવાસ

અન્નજળનો ગભરાવી મૂકનારો ત્યાગ તો જોકે એક જ દિવસમાં આટોપાઈ ગયો, પણ એની અસર તેજાબથીયે આકરી થઈ. રાતના ભૂખ્યા અને વ્રતી બાપુજીને લઈ ફિનિક્સ સ્ટેશનેથી ટ્રેન રવાના થઈ ગઈ તે પછી અમારી બેચેની વધી ગઈ. આંગળી પર હથોડી પડે અને તે કચરાઈ જાય ત્યારે એ એટલી નથી દુખતી જેટલી થોડે કલાકે કળ ઊતર્યા પછી દુખે છે. બાપુજી ગયા પછી એમને થયેલી પીડા અને વેઠવો પડેલો ઉપવાસ અમને ત્રંભવા લાગ્યો. બીજા સામે જોવાનીયે કોઈની હિંમત ન ચાલી. સ્ટેશનેથી પાછા વળતાં અમારો સંઘ મોટો હોવા છતાં જાણે જંગલમાં એકાકી ચાલ્યા જતા હોઈએ એવી અમારા મનની હાલત થઈ પડી. અને બીજે દિવસે સૂરજ ઊગવા છતાં જાણે ઊગ્યો જ ન હોય એવી અકળામણ થવા લાગી.

લગભગ સાતેક દિવસે બાપુજી પાછા ફર્યા. એમના અન્નજળત્યાગની અરેરાટી મારા મનમાં જેવી ને તેવી હતી. બીજી વાતોની મને ગમ ન હતી. બાળસ્વભાવ મુજબ હું મારા રોજના કાર્યક્રમમાં આનંદ માણતો થઈ ગયો હતો. મને ખબર ન હતી કે મોટેરાઓના મનમાં શા ઘાટ ઘડાઈ રહ્યા છે. રિવાજ મુજબ અમે બાપુજીને લેવા ટોળે મળી સ્ટેશને પહોંચ્યા.

રેલના ડબ્બાનું બારણું ઉઘાડી બાપુજી બહાર નીકળ્યા પણ મુદ્દલ હસ્યા નહીં. એમની પાછળ કૅલનબૅક સાહેબ પણ લૂખે ચહેરે ઊતર્યા. બાપુજી હસે નહીં ત્યારે એમનું ગાંભીર્ય એમની પડખે ઊભનારને મૂંઝવી નાખનારું હોય છે. વારાફરતી પગે લાગી, પોટલાં ઊંચકી અમે પાછા વળ્યા. કોઈ કંઈ બોલ્યું જ નહીં. ઘણાખરાઓને આગળ વધવા દઈ બાપુજી ફક્ત કૅલનબૅક સાહેબ અને સાને સાથે રાખી ચાલવા લાગ્યા. જેઓ ખૂબ આગળ વધી ગયા ન હતા તેઓ બાપુજીથી વીસત્રીસ ડગલાં પાછળ રહ્યા. હું રમતો ગેલ કરતો સૌને નિહાળતો બાપુજીથી પાંચેક ડગલાં પાછળ પાછળ ચાલ્યો. એમની આજુબાજુમાં મારા સિવાય બીજું કોઈ ન હોવા છતાં મને ન સૂઝ્યું કે કંઈ ખાનગી વાતો ચાલે છે. મારે કાને જેટલા શબ્દો પડતા તે બધા હું રસપૂર્વક સાંભળતો હતો. એ પરથી મેં અનુમાન બાંધ્યું કે બાપુ વધુ વધુ તપતા જાય છે, સા ખિન્ન થતા જાય છે અને પોતાનો બચાવ રજૂ કરતા જાય છે. લગભગ ઘેર પહોંચવા આવ્યા ત્યારે દેવદાસકાકાએ મને જરા દૂર બોલાવી લીધો અને કહ્યું, ‘કોઈ ન સાંભળતું હોય એ પણ તારે તો સાંભળવું જ જોઈએ કાં?’ મને સાન આવી ને હું દૂર ખસી ગયો. સાથે સાથે અટકળ પણ કરી કે કંઈક ગંભીર પ્રકરણ ચાલે છે. ઘેર પહોંચતાં ધૈવતબહેન પણ બાપુજી પાસે પોતાને ઊતરી ગયેલે ચહેરે આવ્યાં અને બાપુજીએ એમની સાથે એકાંતમાં વાત કરી. મને સ્પષ્ટ થયું કે ચોરી-જૂઠાણાનું જે પ્રકરણ ઊખળ્યું હતું તે પૂરું નથી થયું, હજુ ચાલે છે.

સાંજે પ્રાર્થનામાં બાપુજી બોલ્યા: ‘ઘણાખરાઓને તો ખબર પડી ગઈ છે કે આજથી સાત દિવસ સુધી મારે ઉપવાસ છે. પેલી પ્રતિજ્ઞા લીધી હતી એટલી આ બિવડાવનારી નથી. પેલામાં તો અન્નનો દાણો કે પાણીનું ટીપું લેવાય એમ ન હતું. આમાં મેં પાણીની છૂટ રાખી છે ને સાથે સાથે સાત દિવસની અવધિ પણ છે જ. એટલે આમાં મને કંઈ ભારે આપત્તિ આવી પડવાની છે એવું છે જ નહીં. દેશમાં તો કેટલાયે એવા સાધુ આજે પણ મોજૂદ છે કે જેઓ ચાળીસ ચાળીસ દિવસના ઉપવાસ કરે છે.

‘આ ઉપવાસ હું એમને સજા કરવા માટે કરું છું એમ કોઈ ન માની લેતા. મારી કચાશ દૂર કરવા માટે જ એ કરું છું. આપણા ઋષિમુનિઓનું તપ એવું હતું

કે એમની પાસે વાઘ અને ગાય બંને ગેલ કરે. એમનું તપ એટલું મોટું હતું. ગમે એવો મેલા દિલનો માણસ એવાની પાસે જઈ ચડે તોપણ તે સ્વચ્છ બની જતો અને એનું સાચું ખોટું તરત નોખું તરી આવતું. આપણે એવા ન થઈએ ત્યાં સુધી કંઈ મોક્ષ નથી મળવાનો. પણ આજે તો એ સ્થાનેથી આપણે મજલો દૂર છીએ. ત્યાં પહોંચતાં પહોંચતાં તો આપણા અનેક જન્મ વીતી જાય.

'જે માણસ બીજાને સારા કરવા સારુ પોતાની પાસે રાખે, ખોટે રસ્તેથી સારે રસ્તે લઈ જવાને પોતાની આસપાસ નાનાંમોટાંનું ટોળું જમાવી રાખતો હોય એણે તો કેટલા બધા સાચા રહેવું જોઈએ? એની પાસે તપશ્ચર્યાના તો ભરપૂર ભંડારો હોવા જોઈએ. મારી પાસે કશું નથી. આજ સુધી મેં કંઈ તપશ્ચર્યા કરી જ નથી. હું અનેક ઉપાધિઓમાં આવી પડ્યો છું. ક્યાંક એકાદ જંગલમાં પહોંચી તપશ્ચર્યા કરવા જાઉં એવા સંજોગો જ મને નથી આવ્યા. અને તે આવે તોયે અહીં તો ક્યાંથી આવે? દેશમાં એ બધું થઈ શકે. પણ જો એવી પાર્વતી જેવી ભારે તપશ્ચર્યા કરવાનું ન બને તોયે અહીં બેઠે જે થઈ શકે તે તો કરું. કામ કરવું એ તો જેમ આપણે ખાઈએ છીએ, પીએ છીએ, શ્વાસ લઈએ છીએ તેમ કામ કરીએ છીએ. એ તો આપણે કર્યા કરીએ. કામ કરવામાં કંઈ આપણને ઝાઝી મહેનત નથી પડતી. શરીરને કામ કરવાનું હોય છે તે તે કર્યા કરે છે. પણ માણસ જન્મીને આપણે જો કંઈ ખાસ કરવાનું હોય તો તે માત્ર તપશ્ચર્યા જ. એ તપશ્ચર્યાનો પહેલો અનુભવ મને મળે છે ત્યારે તમારે બધાએ રાજી થવું જોઈએ. દુઃખી રહી, બેબાકળા બની જઈ મારા દુઃખમાં વધારો ન કરવો જોઈએ, પણ પ્રસન્ન રહી મને દરેક રીતે મદદ કરવી જોઈએ. મારી સાથે બા, રામદાસ, ધૈવતી, सा અને બીજાઓ સાત દિવસની લાંઘણો કરવા માગે છે પણ મેં બધાંને કરવાની તો ચોખ્ખી ના પાડી છે.

'કેલનબૅકનો તો ધર્મ થઈ પડ્યો છે કે મારા દરેક વ્રતમાં સાથ દેવો. અને વધુમાં ફક્ત सा ને મેં મારી સાથે લાંઘણ કરવાની છૂટ આપી છે. એ છૂટ ન આપું તો એના અંતરને શાંતિ વળે એમ નથી. એ દેહ હવે પશ્ચાત્તાપના અગ્નિમાં તવાઈને શુદ્ધ થશે ત્યારે જ એનાથી નભાવી શકાશે. અને એ ઉપવાસ એ સહન તો કરી જ શકશે. પણ જો કદાચ ન કરી શક્યો ને એનો દેહ પડી ગયો તો મને એમાં દુઃખ નથી થવાનું. હું પછી શોક કરતો નહીં ફરું. પોતાની શુદ્ધિ કરતાં કરતાં જો માણસને મોત ભેટી પડે તો તો એના જેવો શુભ અવસર બીજો કયો હોઈ શકે? પણ એવું કંઈ થવાનું જ નથી. મારા કરતાં એ વધારે ઉપવાસ સહન કરી શકે એમ છે. પ્રશ્ન થશે કે सा ને ને કેલનબૅકને મેં પ્રાયશ્ચિત્ત કરવાની રજા આપી તો ધૈવતીને કેમ ન આપી? એનું એ ગજું નથી. અને પ્રાયશ્ચિત્ત કરવું હોય

તો બીજી રીતે પણ તે કરી શકે છે. વળી, એના અંતરમાં શું શું ચાલી રહ્યું છે એનો હજુ મને પૂરો ખ્યાલ નથી આવ્યો. એને પ્રાયશ્ચિત્ત કરવું હોય તો પોતાના બધા વાળ કાપી નાખે, રંગબેરંગી કપડાં પહેરવાનું બંધ કરી ધોળી સાડી જ પહેરે, નિશાળના વર્ગો લેવાનું પંદર દિવસ માટે છોડી દે, વાતો કરવાનું ને ફરવા જવાનું બંધ કરે અને દેવીબહેન (મિ. વેસ્ટની બહેન) સાથે દિવસ કાઢે એ એનું પ્રાયશ્ચિત્ત છે. મેં એને એ પ્રમાણે કરવાનું કહ્યું છે, એણે કબૂલ્યું પણ છે. એટલે કાલે સવારે પહેલવહેલાં હું એના વાળ કાપવાનું કામ કરવાનો છું. બાકી રામદાસને કે બાને કે બીજા કોઈને પણ મારી સાથે ઉપવાસ કરવાની જરૂર નથી. એમને શાનું પ્રયશ્ચિત્ત કરવાનું છે? અને જો કોઈને કરવાનું કારણ હોય તો હું મારા ઉપવાસ પૂરા કરું ત્યાં સુધી રાહ જુએ. પછી તેઓ ભલે કરે. હું ઉપવાસ કરીશ એટલે રાંધવામાં, ખેતરમાં, મોચીની કોઢમાં બધે મારું કામ ઓછું થવાનું. એ બધાને પહોંચી વળવું એ જ તમારું કામ છે. મારા ઉપવાસ ચાલતા હોય ત્યારે તમારે બધાએ બેવડા ઉત્સાહથી કામ કરવું જોઈએ. વળી ઉપવાસ કરવામાં મારી પેઠે તમારા કોઈનો ઉત્સાહ ટકી શકશે એમ મને લાગતું નથી. એટલા જ માટે આજે સાંજે બે કલાક સુધી મેં બાને તથા રામદાસને સમજાવ્યાં; પણ હજુ મારી વાત તેમને ગળે નથી ઊતરી. તેઓ સમજે તો સારું.

‘બીજું મારે બધાંને — અને ખાસ કરીને છોકરાઓને કહેવાનું કે તમારે સૌએ આ વાતની અંદર અંદર કશી ચર્ચા કરવાની નથી. ગુનો કરનારાઓની ફજેતી કરવી અને નિંદા કરવી એ બહુ ખરાબ કહેવાય. આપણે બધાં સરખાં જ ગુનેગાર છીએ. જો ન હોઈએ તો આપણી વચ્ચે આવી ભૂલો બનવા જ ન પામે. એક માણસ ગુનો કરે એમાં બધાનું પાપ હોય છે. આગલો માણસ ઠોકર ખાય એથી આપણે ચેતવાનું રહ્યું. આપણે તેને હસીએ અને ઊંચું જોઈને ચાલીએ તો આપણે પણ એવી જ ઠોકર ખાવાના. એટલે આપણે જો શાણા હોઈએ તો બીજાની ઠોકર જોઈને — બીજાને ભૂલ કરતા જોઈને — નમ્ર બનવું જોઈએ, વાંકા વળવું જોઈએ અને ચેતી ચેતીને ચાલવું જોઈએ. જેને ઠોકર લાગી હોય તેની સેવા કરવા આપણે દોડી જઈએ છીએ અને દુઃખ ઓછું લાગે એવી મીઠાશ એના પ્રત્યે વાપરીએ છીએ. એવી જ રીતે આપણા સાથીમાંથી કોઈ ભૂલ કરી બેઠું હોય અને તેનું અંતર પીડાતું હોય તો તેના પ્રત્યે મીઠાશ રાખવી જોઈએ અને તેને દિલાસો આપવો જોઈએ.’

છેવટે તેમણે કહ્યું કે ‘આ ઉપવાસથી જ મારું કામ પતે એમ નથી. સાત દિવસના ઉપવાસ પૂરા થતાંની સાથે જ મારું ચાર મહિનાનું એકટાણું ચાલુ થશે. અને હવે બીજી વાર આ જ વ્યક્તિઓની ભૂલને માટે પ્રાયશ્ચિત્ત કરવાનું આવશે

તો મારે ચૌદ દિવસના ઉપવાસ અને એક વર્ષનાં એકટાણાં કરવાં પડશે. અને ત્રીજી વાર તો એકવીસ દિવસના ઉપવાસ વગર મારું પ્રાયશ્ચિત્ત થયું જ ન ગણાય. એક વાર પ્રાયશ્ચિત્ત કર્યું એટલે બધી લપમાંથી છૂટી જવાપણું નથી હોતું. પ્રાયશ્ચિત્તથી પરવાર્યા એટલે ઠાવકા બની હળવે હૈયે વરતવા લાગીએ તો એ પ્રાયશ્ચિત્ત નકામું. આપણે શરીર ઉપરની ધૂળ ખંખેરી નાખીએ છીએ તેમ પ્રાયશ્ચિત્તથી પાપ ખંખેરી નખાતાં નથી. પ્રાયશ્ચિત્તને અંતે જવાબદારી અનેકગણી વધી જાય છે. એક વાર પ્રાયશ્ચિત્ત કરનારને બીજી વાર પ્રાયશ્ચિત્ત કરવાનો પ્રસંગ આવે તો તેણે પહેલાં કરતાં બમણું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.'

ઉપવાસના પ્રારંભમાં જ નહીં, પણ ઉપવાસ દરમિયાન દરરોજની સાયંપ્રાર્થનામાં બાપુજીએ પોતાના વલોવાતા હૃદયમાંથી સમર્થ વાક્પ્રવાહ વહેવડાવેલો. એ શબ્દો યાદ રહેવા અશક્ય છે. માત્ર ઝાંખી સ્મૃતિ ઉપરથી જ મારે એનો ખ્યાલ આપવો રહ્યો. એ વખતે એ શબ્દો લખી લેવાની ચીવટ અમારા કોઈમાં પેદા થઈ ન હતી.

પ્રાર્થના અને પ્રવચન પૂરાં થયાં પછી પાછા રામદાસકાકા બાપુજી પાસે પહોંચ્યા અને ઉપવાસમાં ભળવાનો આગ્રહ કરવા લાગ્યા. છેવટે પહેલે અને છેલ્લે દિવસે જેને બાપુજી સાથે ઉપવાસ કરવો હોય તે સૌને એમ કરવાની રજા મળી.

બાપુજીના અમૃતભર્યા ઉપદેશ અને પ્રવચનથી અમારી ગમગીની કંઈક હળવી થઈ. પણ સાત દિવસ સુધી ખાધાપીધા વિના બાપુજી કેમ જીવી શકશે અને જીવી ન શકતાં દેહ પડશે તો કેમ થશે, એ ચિંતા અમારા હૈયાને કોરી ખાવા લાગી. બાપુજીના આટલા લાંબા આ પહેલા જ ઉપવાસ હતા. અમારી વ્યાકુળતા અસાધારણ હતી. પણ જાણે કંઈ નવી વાત જ નથી બની એમ બાપુજીએ ઉપવાસ આરંભી દીધા. આખા દિવસનો કાર્યક્રમ પહેલાંની પેઠે જારી રાખ્યો. અમારા વર્ગો પણ લેવાનું ન છોડ્યું. પોતે ઉપવાસ કરતા છતાં અમને પીરસવાની અને પ્રસન્નતાપૂર્વક જમાડવાની ચીવટ રાખી. ચાલવા ફરવાનું કંઈક ઓછું કર્યું, છતાં છેવટ સુધી હરતાફરતા જ રહ્યા, સૂતા નહીં. એ દિવસમાં અમારા વર્ગમાં ગીતાનાં પ્રવચનો તેમણે કરેલાં તેમાં મારું ધ્યાન અસાધારણ રીતે એકાગ્ર રહેવા લાગ્યું. બાપુજીને કોઈ રીતે ત્રાસ ન થાય એની ચીવટ સારુ અમે બહુ ડાહ્યાડમરા બની ગયા. ઠેઠ સાતમે દિવસે અમારી સાપ્તાહિક પરીક્ષાનાં પત્રો તપાસતાં તપાસતાં એક મિનિટ સારુ તેમનું માથું ઝૂકી ગયું! સૌએ કહ્યું, બાપુજીને મૂર્છા આવી! ત્યાં તો પાછા સાવધ થઈ ગયા અને અમારી પરીક્ષા લેવાનું કામ પતાવ્યું.

ટૂંકમાં કહું તો એ ઉપવાસ જેટલા ભીષણ દેખાતા હતા એટલા જ બાપુજીના અપાર મનોબળને પ્રતાપે રમત વાતમાં ઊકલી ગયા. એ ઉપવાસો ભુલાઈ પણ ગયા. પરંતુ સાત દિવસની એ પ્રાર્થનાઓમાં બાપુજીએ જે મહા વાક્યજ્ઞ કર્યો એવાં એકધારાં આર્દ્ર પ્રવચનો એમના જીવનમાં કોઈ કોઈ વાર થયાં હશે. મને સાંભરે છે કે એ પ્રાર્થનાઓમાં તો બાપુજીએ પોતાના દેહનું જ નહીં, સાંભળનારાઓના દેહનું પણ અસ્તિત્વ ભુલાવી દીધું હતું. આત્માને જાણે મૂર્તિમંત કર્યો હતો.

સાતે દિવસ સુધી શ્રીમદ્ રાજચંદ્રનું<br>
'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે<br>
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?<br>
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને<br>
વિચરીશું ક્વ મહત્ પુરુષને પંથ જો?'

એ ભજન ગવાયું અને કડીએ કડીએ બાપુજીનાં પ્રવચનો થયાં. મગનકાકા ગંભીર અવાજે એ ગવડાવતા. મણિલાલકાકા 'ઑરગન' ઉપર એના મૃદુલ સ્વરો ઉપાડી લઈ આખા ઓરડાનું વાતાવરણ ગજવી દેતા અને બહુ જ લાલિત્યથી મારી બા વગેરે એ ભજન ઝીલતાં. ભલભલા સંગીત જલસાઓમાં હૃદયની રેલ એવી રીતે નથી ચાલતી જોઈ, જે રેલ એ દિવસોએ ચાલેલી. વાચકને એ ભજનની કડીઓ પરનાં પ્રવચનોનો પ્રસાદ અહીં આપી શકવાની શક્તિ મારામાં નથી. હું શ્રદ્ધાળુને એટલું જ કહું કે એ ભજન ફરી ફરી વાંચવા—ગાવાથી જ બાપુજીનાં આ પ્રવચનોનો પડઘો તેમાં સંભળાશે. આજેયે 'અપૂર્વ અવસર'નું એ ભજન મારે માટે 'અપૂર્વ' જ રહ્યું છે અને હળવે હૈયે નથી ગાઈ શકાતું.

એ ભજન પૂરું થયું અને નિર્વિઘ્ને બાપુજીના, કૅલનબૅક સાહેબના અને સા ના ઉપવાસો પૂરા થયા. કૅલનબૅક સાહેબ ઠીક ઠીક લેવાઈ ગયા. પણ એમના ચહેરા પર શાંતિ ભારે હતી. સાએ પણ બાપુજીના જેટલી જ ધીરજ અને બહાદુરીથી ઉપવાસો ઉકેલ્યા એટલું યાદ છે. એને આરામની વધુ જરૂર પડી એવું કંઈક ખ્યાલમાં આવે છે. ઉપવાસ તોડતાંની સાથે જ બાપુજીએ એકટાણું શરૂ કર્યું. ઉપવાસની નબળાઈ દૂર થતાં સુધી પણ તેઓ થોભ્યા નહીં.

બાપુજીના આ ઉપવાસોની અસર શી થઈ એ મને ત્યારે ક્યાંથી જ સમજાય? પણ ત્યાર પછી ઉપવાસનું ચલણ વધ્યું. મને કંઈક એવો ખ્યાલ તો છે કે ધૈવતબહેને એ ઉપવાસો પછી કેટલેક દિવસે બેચાર ઉપવાસ કર્યા. ઘણા દિવસો સુધી તેઓ મૂંગા રહ્યાં. ખાટલામાં સૂઈ રહેતાં તથા કંઈ પીવાકરવાનું માગવું હોય ત્યારે ચિઠ્ઠીઓ લખતાં. બીજા છોકરાઓએ પણ એકેક બબ્બે

દિવસના ઉપવાસો કર્યાનો ખ્યાલ છે. આ પ્રવાહમાં મેં પણ એક ઉપવાસ કર્યો.

વાત એમ બની કે એક દિવસે સાંજે હું મારે રસ્તે જતો હતો, ત્યાં બગીચાને એક ખૂણે ઊભાં ઊભાં ધૈવતબહેને મને બોલાવ્યો અને લાગલાં ધમકાવવા મંડ્યાં, 'કેમ પ્રભુદાસ, તું શું સમજે છે તારા મનમાં? હું તો ધારતી 'તી કે તું એક સાફ દિલનો નાનો છોકરો છે, પણ તું તો ભારે લુચ્ચો નીવડ્યો. મોટા પણ ન કરે એવી ચતુરાઈ તેં વાપરી છે. હવે આ ભણવા કરવાનું મૂકી દે અને ઠગવિદ્યામાં પારંગત થઈ જા. એમાં તું એક્કો નીવડવાનો.'

'એટલે શું? મેં શું કર્યું છે?'

આંખ ચડાવીને તેઓ બોલ્યાં, 'શું કર્યું છે? મારી પાસે મીઠો પટુડો થઈને તેં બધી વાત કઢાવી લીધી ને પેલા મંડળને કહી અને એમની વાતો પણ એવી ધૂર્તતાથી કઢાવી મને કહી. અમારી વચ્ચે ભાઈએ નારદ મુનિનું કામ કર્યું.'

હું તો સ્તબ્ધ જ બની ગયો. મેં એ ગુનો કર્યો છે અને હું કરતો આવું છું એનું ભાન પણ મને ન હતું. પણ ધૈવતબહેનના ઠપકાથી મારી આંખ ઊઘડી. મેં જાણી લીધું કે હું ગુનેગાર છું. પણ એનું કારણ ધૈવતબહેન પોતે જ હતાં. એમણે જ મને બીજાઓને ધૂર્ત સવાલો પૂછવાનું અને એ બહેનની પોતાની નિંદા કરી એમના હરીફ મંડળનું મનોગત જાણી લેવાની યુક્તિઓ બતાવેલી. ઊલટું મેં એનો ઉપયોગ પણ નહોતો કર્યો, કારણ હું સમજી ગયો હતો કે ધૈવતબહેન મને જૂઠું શીખવે છે. હું ઓળખી શકતો એ જૂઠાણાંથી તો હું દૂર રહેતો. મેં જે કંઈ કર્યું હતું તે એ જ કે હું બને મંડળનો સરખો વિશ્વાસપાત્ર રહેવા અહીંની વાત ત્યાં અને ત્યાંની વાત અહીં કહી દેતો. એમ કરવું એ પણ જૂઠાણું કહેવાય એની મને ખબર ન હતી. બધું કામ (સાત ઉપવાસ વગેરે) ઊકલી ગયા પછી આવી રીતે અચાનક મારા ઉપર હુમલો થયો એટલે હું મનમાં બળી ઊઠ્યો. પ્રાઈમસ સ્ટવના સ્પિરિટને જ્યાં સુધી દીવાસળી નથી ચંપાઈ હોતી ત્યાં સુધી એ ઠંડો અને આહ્‌લાદક લાગે છે, પણ દીવાસળી ચાંપતાંવેંત સ્પિરિટ ભડકી ઊઠે છે; તેમ ધૈવતબહેનની દીવાસળી ચંપાતાંની સાથે હું ભડકી ઊઠ્યો. મારી ભૂલને લીધે હું પણ બળવા લાગ્યો અને ક્રોધે ભરાઈ ધૈવતબહેનના હોઠ એ ને એ ક્ષણે દાબી દેવા પગભર થઈ ગયો. થોડી વાર મૂંગા રહીને પછી મેં એમને પૂછ્યું, 'શું એમાં મારો વાંક છે?' 'હા, સાત વાર તારો જ વાંક છે. તેં જ એ બધી લુચ્ચાઈ કરી છે.' 'મેં?' 'હા; એક તો ઠગાઈ કરી છે ને પાછો સામો થાય છે કાં? હું બાપુને કહેવાની છું કે તમે બધાને વઢો છો પણ પહેલો વઢવાલાયક અને બધાં કાવતરાંનું મૂળ તો પ્રભુદાસ જ છે. પછી જોજે તારી ફજેતી થાય છે તે. તારું બધું દોઢડહાપણ નીકળી જવાનું છે.' 'પણ આ બધી ખબર તમને આજે પડી?

આજ સુધી તમે કંઈ ન બોલ્યાં અને આજે કેમ....' 'એ જ હું કહી રહી છું ને કે તારી સફાઈ મોટમોટાને પછાડી દે એવી છે. હું તો કાલે ગંધાર સાથે વાત કરતી હતી ત્યારે જ મને તારી પક્કાઈની ખબર પડી. મને શી ખબર કે તું અમને બંનેને રમાડે છે. એ લોકો પણ તારા પર ચિડાયા છે અને બાપુજી પાસે તારી હાજરી લેવરાવશે.' 'ભલે; પણ મેં તમારો વાંક અજાણતાં કર્યો છે, જાણીજોઈને નથી કર્યો.' 'હજુ કબૂલ નથી થતો કાં? આટલી બધી લુચ્ચાઈ કોઈ અજાણતાં કરી શકતું હશે ખરું?' 'ઠીક ત્યારે, મેં ભૂલ કરી અને હું એનું પ્રાયશ્ચિત્ત કરીશ.' 'હા, હવે એ સફાઈ બાકી છે, એયે કર.' એમના છેલ્લા વાક્યથી મારા પર વીજળી પડી. મારાથી કંઈ બોલાયું નહીં. હૈયું ભરાઈ આવ્યું અને મારી બંને આંખમાં દડ દડ, દડ દડ પાણી વહેવા માંડ્યું. 'ઠીક, હવે રોવાનો ઢોંગ કરે એટલે હું તને પડતો મેલું એ જ ને!'

હું ત્યાંથી ચાલ્યો ગયો. કોઈને મેં મોઢું બતાવ્યું નહીં. મારી ભૂલ હોવાને લીધે મારાથી મારું સ્વાભિમાન જળવાય એમ ન હતું. વળી મેં એમ પણ નક્કી કરેલું કે ગમે તેમ થાય, મારે દરેક જણ સાથેનો સંબંધ તોડી નાખવો, અને ધૈવતબહેનનું સાટું વાળવું. એ સાટું તો એ જ વળ્યું કે તે દિવસ પછી કોઈ દિવસ એમની સાથે હું બોલ્યો નહીં.

બીજી સવારે ખેતરમાં કામ ચાલતું હતું. બધા છોકરાઓ થોડે છેટે છેટે ઘાસ કાઢવામાં મશગૂલ થઈ ગયા હતા. હું બાપુજીને જમણે હાથે એમની પાસે જ ખોદતો હતો, પણ મારું ચિત્ત વ્યાકુળ હતું. મને પેટમાં કંઈનું કંઈ થઈ જતું હતું. અનેક વાર આગળપાછળ થઈ છેવટે મારા હોઠ ઊઘડ્યા:

'બાપુજી, આજે મારે ખાવું નથી. આખા દિવસનો ઉપવાસ કરવાનો છું.' 'કેમ?' 'ધૈવતબહેનનો મેં ગુનો કર્યો છે એમ તે કહે છે.' 'શો ગુનો?' 'એમની વાત મેં ગંધાર આદિને કહી અને ગંધાર આદિની વાત એમને કહી. મારાથી એ ઠગાઈ થઈ ગઈ છે.' ગળે ડૂમો બાઝ્યો હતો. મારાથી વધુ બોલાતું ન હતું. આંખમાં પાણી આવી ગયાં. બાપુજીએ ટૂંકો જવાબ આપ્યો: 'તને કામમાંથી છુટ્ટી નહીં આપું.' 'મારે જોઈતી જ નથી.' 'આજે શુક્રવાર છે; છાપખાનામાં પણ આકરું કામ કરવું પડશે. ત્યારે મારી પાસે રજા લેવા ન આવતો, કે ઝોલાં પણ ન ખાતો,' એમણે કહ્યું. મેં કહ્યું, 'હું કામ કરીશ અને ઉપવાસ પણ કરીશ.' ફરી બાપુ કહે, 'સાંજે હું આપું તે થોડું ખાઈશ ને?' મેં જવાબ આપ્યો, 'નાજી, મારે કંઈ જ ખાવું નથી. તમારી પેઠે જ મારે ઉપવાસ કરવો છે. ગુનાના ઉપવાસમાં ખવાય?' 'ન જ ખવાય. તારી હિંમત છે તો કર ઉપવાસ.'

બાપુજી સાથે પહેલે કે સાતમે દિવસે જ્યારે અનેક ફિનિક્સવાસીઓએ

ઉપવાસ કર્યો હતો ત્યારે મેં ઉપવાસ નહોતો કર્યો, પણ એ દિવસે મેં પહેલો ઉપવાસ કર્યો. આખો દિવસ કામ કર્યું. અકળામણ તો થઈ, પણ હિંમત રાખી. સાંજે પ્રાર્થના વખતે બાપુજીએ મને સાવ પોતાની જ પાસે બેસાડ્યો અને પ્રવચન કર્યું. મારું ધ્યાન એ વખતે પ્રવચનમાં ન હતું, પણ બીજે દિવસે શું ખાવાનું મળશે તેમાં હતું. પ્રાર્થનાની જગ્યાએ જ ક્યાંકથી આવી પડેલું એક કાજુ હતું. ખ્યાલ વિના એ મોઢામાં ક્યારે મુકાયું અને કેમ ચવાઈ ગયું એની મને ખબરે ન પડી. બીજા કોઈનેયે ખબર ન પડી. પણ એ ખાઈ લીધા પછી પસ્તાયો કે એક કાજુના દાણા સારુ મારો ઉપવાસ અશુદ્ધ બન્યો! પણ એ વાત બીજા કોઈને કહેવાની મારી હિંમત ન ચાલી.

## ૧૮
## મોત ઓળંગ્યું

સાત દિવસના ઉપવાસ વીત્યે મહિનોએક પૂરો થયો હશે ત્યાં એક રવિવારે સવારે ઊઠતાંની સાથે મેં સાંભળ્યું કે ''આજે કોતવાલ સાહેબ આવ્યા છે. ડૂબતાં ડૂબતાં બચ્યા. તેઓ દેશ જાય છે.''

ડરબનથી ફિનિક્સ આવનારી ટ્રેનો રવિવારે બંધ રહેતી. એટલે રવિવાર અમારે ત્યાં ગાળવા આવનારને શનિવારની મધરાતની ગાડીમાં આવવું પડતું. ફિનિક્સમાં ચોમાસું પોણો વરસ ચાલતું. એટલે કે વરસાદને ગમે ત્યારે આવવાની છૂટ હતી. બેચાર કલાક વરસાદ ધોધમાર પડ્યો ન પડ્યો ત્યાં તો ટેકરીઓનાં પાણી નાળાંઓને ગાંડાતૂર બનાવી મૂકતાં. અને ત્યાંનાં કાંડાબૂડ પાણી ઘડીકમાં છાતી સમાણાં થઈ જતાં. બીજા કોઈ હોય તો અંધારી મેઘલી મધરાતે આવું નાળું ઓળંગવાનું સાહસ ન કરે અને પાછા સ્ટેશને જ જઈને સૂઈ રહે. પણ કોતવાલ સાહેબ તો સિંહ જેવા. સામે પૂરે તરવામાં એમને બમણું શૂર ચડે. આ નાળું પણ તરીને જ જો તેઓ ઓળંગ્યા હોત તો ફાવીયે જાત. પણ તેમની પાસે સંપેતરાની બે ઘડિયાળો, ચંપલની નવી જોડ અને બેક ચોપડીઓ તથા કપડાંનું પોટકું હતું. તરવા પડતાં એ પલળવાનો તેમને ડર લાગ્યો. એટલે તેમણે પોટકું ખંભે બાંધ્યું અને કાછોટો વાળી લાકડીને આધારે નાળાના ગોળ લપસણા પહાણાઓ ઉપર પગ ઠેરવતાં ઠેરવતાં નાળું ઓળંગવા માંડ્યું. અર્ધું ઝાઝેરું તેઓ પહોંચ્યા ત્યાં એમનો પગ લપસ્યો અને તેઓ આકરા વહેણમાં તણાયા. નીચાણમાં પાણી વધારે ઊંડું હતું અને પગ ઠેરવાય એમ ન હતું. આવે કપરે વખતે પણ કોતવાલ સાહેબ સાવધ રહ્યા અને પોતાની બુદ્ધિને આંચ ન આવવા દીધી! સાધારણ રીતે તરવા જતાં નીચેના પથરાઓ ગોઠણમાં ને માથામાં વાગી

બેસે તો કળ ચડી જાય અને ન ડૂબતા હોય તોયે ડૂબી જવાય. એટલે તેમણે ચત્તાપાટ પડી પોતાનું માથું પાણીથી ઊંચું રાખ્યું અને તાણની સાથે સાથે વહેવા માંડ્યું. બસો અઢીસો વાર જેટલે દૂર તણાયા પછી એમના પગમાં ખજૂરીનું એક થડિયું અથડાયું. એ પાણીના વહેણ સાથે ખેંચાઈ આવીને નાળાના પથરાઓ વચ્ચે અટવાઈ ગયું હતું. સમયસૂચકતા વાપરી, તરત જ ચત્તા તરવાનું છોડી કોતવાલ સાહેબ છાતીભર થઈ ગયા અને પોતાનું માથું બચાવી ખજૂરીના થડને વળગી પડ્યા. થોડી વાર એના ઉપર ઘોડો પલાણી બેસી રહ્યા અને બેઠા બેઠા પાણીનું વહેણ, કિનારાનું અંતર વગેરે એ અંધારામાં ભાળી શકાય એટલું તપાસી કરીને પછી સામે કાંઠે તરતા તરતા પહોંચ્યા.

ફિનિક્સ સ્ટેશનેથી આ બનાવ લગભગ અર્ધા માઈલ ઉપર બનેલો. હજુ બીજા બે માઈલ પૂરા કરી આશ્રમ સુધી પહોંચતાં સુધીમાં બીજાં ત્રણેક નાળાં વટાવવાનાં હતાં પણ તે નાનાં હતાં. વળી એકનો અનુભવ લીધા પછી કોતવાલ સાહેબની નાળું ઊતરવાની હિંમત પણ વધી ગઈ હતી.

કોતવાલ સાહેબનું આ રોમાંચક વીતક સાંભળી અમે આશ્ચર્યચકિત થઈ ગયા. હું દોડતો તેમની પાસે પહોંચ્યો અને માથાથી પગ સુધી એમને નિહાળી નિહાળીને જોવા લાગ્યો. તેમના ચળકતા દાંત, હસતું મોઢું અને ચહેરા પર પથરાયેલું તેજ જોઈ મને તેમના વિશે ઘણું માન ઊપજ્યું. બપોરે જમી પરવારી અમે તેમની સાથે પેલું નાળું જોવા ઊપડ્યા. કોતવાલ સાહેબનાં વહાલાં ચંપલ અને ઘડિયાળ વગેરે ગોતવામાં અમે એમને મદદ કરી. કલાકો સુધી નાળાને કાંઠે કાંઠે અમે કાદવ અને કાંટા ખૂંદ્યા. પૂર ઊતરી ગયું હતું એટલે અમને આશા હતી કે એમનું પોટકું ક્યાંક ઝાંખરાંમાં ભરાઈ રહેલું મળી આવશે. ઘડિયાળ જેવી નાનકડી ચીજ ન મળે તોયે ચંપલ તો મળશે જ. કોતવાલ સાહેબે જ્યાં જ્યાં બુદ્ધિ દોડાવી ત્યાં ત્યાં અમે ખોળ કરી પણ કાંઈ હાથ ન આવ્યું. એટલે કોતવાલ સાહેબે નિસાસો નાખ્યો, ‘‘ત્યારે એ પોટલું સીધું વચલી ધારમાં જ ઠેઠ સુધી તણાઈ ગયું!’’ મેં પૂછ્યું ‘‘ક્યાં સુધી એ પહોંચ્યું હશે?’’ તો તેમણે કહ્યું કે, ‘‘આ નાળું અમગેની નદીને મળે છે. એક તો ત્યાં સુધી આ કીચડવાળે જંગલને રસ્તે જવું જ મુશ્કેલ. અને ત્યાં પહોંચીએ તોય મળે એની શી ખાતરી? અમગેનીમાં પણ પૂર ચડ્યું જ હશે અને એમાં જો તણાયું હોય તો ઠેઠ દરિયામાં પહોંચે.’’ આખરે અમે સમજ્યા કે અહીં અમારો પુરુષાર્થ કામ લાગે એમ નથી. એટલે નિરાશ થઈ ઝીણા ઝીણા વરસાદની અને ગારો ખૂંદવાની મોજ માણતા અમે આશ્રમમાં પાછા ફર્યા. આવી રીતે જંગલની અંદર રખડવામાં મને ઈનાન્ડા ફૉલ્સની ઉજાણી કરતાં જરાયે ઓછી મજા ન આવી. પણ કોતવાલ સાહેબની

પેઠે વારે વારે વાટ છોડી આડે રસ્તે જંગલમાં જ્યાંત્યાં ભટકવા લઈ જાય એવા સાહસી શિક્ષકો અમારી વચ્ચે બહુ ન હતા.

કોતવાલ સાહેબ ડૂબતા બચ્યા એને બીજે જ અઠવાડિયે મિસ્તર પોલાક પણ એ જ નાળામાં, ડરબનથી અમારે ત્યાં આવતાં તણાયા, પણ સદ્‌ભાગ્યે એમને એક કદાવર હબસીની મદદ મળી ગઈ. એટલે એમને વધારે વેઠવું ન પડ્યું અને તેઓ હેમખેમ આવી પહોંચ્યા.

આ બે પ્રસંગો પછી મને ફિનિક્સનાં નાળાંઓનો ડર લાગવા માંડ્યો. પહેલાં જેમ ફાવે તેમ પાણીમાં પડતું મૂકતો અને પાણી ઉછાળતો હું નાળાં પાર કરતો, તેમ કરવાની એ પછી હિંમત ન રહી. જે પાણી નીચે મોટા મોટા પથરા હોય એવા અજાણ્યા પાણીમાં તો બહુ વધારે ડર લાગે.

બેચાર દિવસ ફિનિક્સમાં રોકાઈને કોતવાલ સાહેબ દેશ જવા ઊપડી ગયા, અને અમારી વચ્ચે પણ દેશ જવાની ચર્ચા વધી ગઈ. ''કોતવાલ સાહેબ તો ગોખલેજી પાસે રવાના થઈ ગયા! હવે પાર્લમેંટની બેઠક પૂરી થાય એટલે આપણે સૌનેય ત્યાં જવાનું છે. અહીં તો મજા છે. ત્યાં કોણ જાણે કેવી કસોટીએ ચડવું પડશે!'' વળી કોતવાલ સાહેબે અમને ખૂબ ડરાવેલા કે તમારા કરતાં ઘણા ચડિયાતા વિદ્વાનો અને બહાદુરો દેશમાં છે. એમની વચ્ચે તમારો કાંકરો નીકળી જવાનો. એ વાતનો અમારા મનમાં થડકો હોવા છતાં દેશ જવાની અમારી અધીરાઈ વધતી જતી હતી. ફિનિક્સના નાનકડા ઘેરામાંથી નીકળી હિંદુસ્તાનના અનેરા અનુભવો લેવાનો અમને ભારે ઉમળકો હતો.

પૂજ્ય બાપુજીએ પણ હવે અમને દેશને સારુ વાતવાતમાં તૈયાર કરવા માંડ્યા હતા. અને ભણાવતાં, કામ કરતાં, તેમ જ પ્રાર્થનાટાણે એમણે ઝીણી ઝીણી સૂચનાઓ આપવા માંડી હતી કે, ''અહીં આટલા બધા કાગળો અને નોટબુકો બગાડો છો પણ દેશમાં જઈશું ત્યારે એ નહીં પાલવે. ત્યાં તો કાપલીએ કાપલીની ગણતરી કરવી પડશે. અહીં ઉડાઉપણું નભ્યે જાય છે પણ ત્યાં કરકસર નહીં કરો તો તમે ક્યાંયે પોસાવાના નથી. આટલાં બધાં ફળો, ડબાનાં દૂધ, સૂકો મેવો જે જોઈએ તે ખોબે ને ખોબે અહીં મળે છે, પણ દેશમાં એ બધા વિના ચલાવી લેતાં આવડવું જોઈશે. અહીં ભણતરને નામે મોટે ભાગે રમત ચાલે છે, પણ દેશમાં તેજસ્વી, બુદ્ધિમાન છોકરાઓની હારોહાર દીપી નીકળવું સહેલું નથી થવાનું.''

ટૂંકમાં દેશમાં જઈશું ત્યારે અમારી શી વલે થવાની છે તેની ચિંતા અમને રાતદિવસ પજવવા લાગી હતી. અમારામાંના ઘણાખરાને તો દેશની રીતભાતની કલ્પના પણ ન હતી. જેમ કે પલાંઠી વાળીને બેસવું, હાથે ખાવું, ધોતિયું પહેરવું

એ બધું જ તેમને સારુ નવાઈભર્યું હતું. હું તાજો જ અહીં દેશમાં દોઢ વરસ રહી ગયેલો એટલે આપણા રીતરિવાજની વાતો કરવામાં અમારા મંડળ વચ્ચે ઠીક ઠીક ડહાપણ ડહોળતો.

એ જ અરસામાં એક બપોરે દેશમાંથી તાર મળ્યો. તેમાં બાપુજીના વચેટ ભાઈ કરસનદાસકાકાના ગુજરી ગયાના સમાચાર હતા. જ્યારે સમાચાર આવ્યા ત્યારે ઘણે ભાગે બાપુજી છાપખાનાના કાર્યાલયમાં હતા. તેમણે તાર જોઈ લીધો અને પોતાને કામે વળગી ગયા. સાંજે કામનો વખત પૂરો થયો ને અમે રમવા ઊપડ્યા ત્યારે દેવદાસકાકાને અને મને બોલાવવામાં આવ્યા અને કરસનદાસ બાપુજીનું સ્નાન કરાવવામાં આવ્યું. કરસનદાસ બાપુજીને મેં પોરબંદરમાં એક જ વાર જોયેલા હતા અને મને તેમના પ્રત્યે ઝાઝું આકર્ષણ નહોતું થયું. પણ દેવદાસકાકાને આ ખબરથી દિલગીરી થઈ આવી એથી મનેયે દિલગીરી ઊપજી. હવે તો થોડા જ મહિનામાં દેશ જઈને પોતાના કાકાને જોવાની દેવદાસકાકાને આશા હતી. અને ઘરના વડવાઓ પાસે પહોંચવાની એક વાર ઉત્સુકતા જાગ્યા પછી એમાં અણધાર્યું વિઘ્ન આવી પડે ત્યારે કેવો આકરો આઘાત લાગે છે એ તો જેણે વેઠ્યું હોય તે જ કલ્પી શકે. દેવદાસકાકાની ગમગીનીએ મને ઉદાસ કરી દીધો, એટલું જ નહીં પણ તે દિવસે અમારા બીજા સાથીઓને પણ રમત સૂઝી નહીં. રમતનો વખત આમતેમ આંટા મારવામાં પૂરો થયો, ત્યાં પ્રાર્થનાનો સમય થયો અને અમે રોજ મુજબ ગોઠવાઈને બેઠા.

હું બાપુજી પાસે જ બેઠો. તેમની સ્થિતિ જાણવાને હું ઉત્સુક હતો. મેં ધારી ધારીને તેમના ચહેરા સામું જોવા માંડ્યું. તેઓ પ્રસન્ન ન હતા એટલું જ નહીં, પણ પ્રાર્થનામાં આવીને બેસનારા ભણી એક નજર નાખી જવાની એમની રોજની આદત છતાં આજે તેઓ આંખ ઊંચકતા જ ન હતા. એમના હાથમાં એક કાગળ હતો. તેના ઉપર મીટ માંડીને બેઠા હતા. થોડી વારે મેં એમની આંખમાંથી પાણીનાં ટીપાં ખરતાં જોયાં. બાપુજીને મેં ઉદાસ ભાગ્યે જ જોયેલા. તેમાં વળી એમને આંસુ સારતા જોયા એટલે મને પેટમાં ચૂંથાવા લાગ્યું અને હું વ્યાકુળ બની ગયો. દેવદાસકાકા તો ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા. બેચાર આંસુ ખર્યા પછી પાછા બાપુજી સ્વસ્થ થઈ ગયા અને આંખો લૂછીને એમણે પ્રાર્થના શરૂ કરાવી દીધી. પ્રાર્થના પૂરી થયા પછી તેમણે ભોજા ભગતનાં બે ભજન ગવરાવ્યાં. પહેલું,

“પ્રાણિયા ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર”

અને બીજું

“જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ.”

બંને ભજનો મારી બાએ ગાયાં. એમના કંઠમાં પણ એ વખતે એવો કંપ હતો કે એ સાંભળતાં ભલભલાનાં હૈયાં પીગળી જાય. અમે ગળગળા થઈ ગયા. કરુણાનું પૂર વહ્યું. પરંતુ સાથે સાથે મોતની સાથે જાણે અમે દોસ્તી બાંધી. મૃત્યુભય તરી જવાનો બાપુજીએ અમારા હાથમાં જાણે કીમિયો મૂકી દીધો. ભજન પૂરું થયા પછી ટૂંકામાં બાપુજીએ એ ભજનો ઉપર વિવેચન કર્યું અને પછી કહ્યું: ‘‘સાચે જ, એકબીજાની સગાઈ કહેવા પૂરતી જ છે. બાકી આ શરીરની સગાઈ તો શ્વાસ પૂરતી જ છે. શ્વાસ છૂટ્યો અને જીવ ગયો એટલે આ શરીરની સગાઈ પણ ફોક. એમાં બીજી સગાઈઓનું ગુમાન આપણે કેવી રીતે કરી શકીએ? છતાં દુન્યવી સંબંધોને વળગ્યા વિના આપણાથી નથી રહેવાતું. મારી અને એ ભાઈની વચ્ચે ભારે હેત હતું. અમે સરખેસરખા હોઈ રાતદિવસ સાથે જ રહેતા. ભાઈનો સ્વભાવ મારાથી સાવ જુદો હતો અને મને ન રુચે એવી વસ્તુમાં હું એનો સાથ ન પુરાવતો તેથી એને બહુ દુ:ખ થતું. પણ એણે તો મારા ઉપર સદાયે પ્રેમ જ વરસાવ્યો છે. સગા ભાઈને અનુકૂળ ન થવું એ ઓછા ખેદની વાત નથી, પણ કમનસીબે મારે ભાગે સદાયે એ ખેદ રહ્યો. મારે ભાઈને દૂભવ્યા વિના ચાલે એમ જ ન હતું. છેવટ સુધી મારે એને દૂભવ્યા જ કરવો પડ્યો અને એ દુભાયેલો જ ચાલ્યો ગયો. મનમાં હતું કે હવે દેશમાં જઈને એને પગે પડીશ અને એકબીજાનો અંતરાય દૂર કરવામાં ફાવીશ. પણ ઈશ્વરે કંઈક બીજું જ ધાર્યું હશે.’’

આટલું તેઓ માંડ બોલી શક્યા. બોલતાં બોલતાં બેત્રણ વાર અટક્યા અને વળી પાછાં આંખમાં આવેલાં આંસુ લૂછ્યાં અને ફરી બોલ્યા:

‘‘આ મારી આંખમાંથી આંસુ પડે છે એ ખોટું છે. આપણાથી એમ શોક થઈ જ ન શકે. મરેલાના ગુણોનું સ્મરણ કરવું એ આપણો ધર્મ છે. પણ એની પાછળ રોવું એ પાપ છે. ઈશ્વર જે કરે એ વિશે માઠું કેમ લગાડાય? મરવાનું તો સૌને છે. આપણે ગાયાં એ ભોજા ભગતનાં ભજનો આપણે ઘડીભર પણ ન ભૂલવાં જોઈએ.’’

આટલું કહી બાપુજીએ પોતાનો શોક સાવ ખંખેરી નાખ્યો અને એમનો શોક જોઈને અમને જે ઉદ્વેગ થયો હતો તે પણ ટાળ્યો.

આવી રીતે પ્રાર્થના પછીના પા કલાકમાં પૂજ્ય બાપુજીના મોટાભાઈ કરસનદાસ બાપુજીને શ્રદ્ધાંજલિ અર્પીને અમે સૌ વિખેરાયા અને બાપુજી રોજના નિયમ પ્રમાણે પોતાના કામમાં ગૂંથાયા.

## ૧૯
## રુસ્તમજી શેઠ

સવારથી સાંજ સુધી ફિનિક્સમાં ચાલી રહેલી નાનીમોટી દરેક પ્રવૃત્તિનાં સૂત્રો પોતાના હાથમાં રાખવા છતાં, નાનામોટા દરેક ફિનિક્સવાસીની પ્રગતિ અને વિકાસની ચિંતા વહોરવા છતાં, ને એથીયે વધુ પોતાના આત્માને નિખારવાની મથામણમાં તલ્લીન હોવા છતાં, બાપુજી કેવળ ફિનિક્સના સંકુચિત કૂંડાળામાં જ પુરાઈને નહોતા બેઠા. આખા દક્ષિણ આફ્રિકામાં એમની નજર ફરતી હતી. નાતાલ, ટ્રાન્સવાલ અને કેપ કૉલોનીમાં વસતા બધા હિંદીઓ સાથેનો મીઠો સંપર્ક તેઓ વધારતા જતા હતા. હિંદુ, ખ્રિસ્તી, મુસલમાન કે પારસી; ગુજરાતી, મદ્રાસી, કલકતિયા કે સ્થાનિક, (કલકતિયા એ હિંદી ભાષાભાષીઓનું ત્યાંનું નામ હતું, અને સ્થાનિક એટલે દક્ષિણ આફ્રિકામાં જન્મેલા ખ્રિસ્તીઓ તથા કૉલોનિયનો) તેમ જ મોટા વેપારીઓ, નાનકડા ફેરિયાઓ અને ગિરમીટમાં પડેલા મજૂરો સૌની અંગત મુશ્કેલીઓ દૂર કરવાની મળે તેટલી તક મેળવતા અને એ રીતે ત્યાં વસતી આખી હિંદી કોમને એકસૂત્રે બાંધતા.

એમાંયે કેટલાક મિત્રો તો બાપુજીની એટલા નિકટ હતા કે ફિનિક્સથી દૂર રહેવા છતાં અમારા કુટુંબી સમા હતા. એમાંના એક તે રુસ્તમજી શેઠ. અમે જ્યારે ડરબન જતા ત્યારે અમારી સંખ્યા ગમે તેટલાની હોય - પાંચ, પચીસ કે પચાસની - વગરસંકોચે એમને ઘેર પહોંચી જતા. એક રીતે તેઓ ફિનિક્સના દ્વારપાળ હતા. કોઈ તેમને વટાવીને ડરબનથી ફિનિક્સ ન આવી શકે. દેશથી આવનારાઓ અને દેશ જનારાઓને એમની મહેમાનગીરી સ્વીકાર્યે જ છૂટકો.

ફિનિક્સમાં એક દિવસ સાંજની પ્રાર્થના પછી બધા રુસ્તમજી શેઠને સ્ટેશનેથી ઘેર કેમ લઈ આવવા એ કોયડાનો ઉકેલ કરવા બેઠા. તેઓ અતિશય માંદા હતા. ૩૨ વર્ષ સુધી એમને તાવ નહોતો આવ્યો, પણ ૩૨ વર્ષ પછી આવેલા આ તાવે એમનાં હાડ ભાંગી નાખ્યાં હતાં. બીજા કોઈ માંદા માણસને તો ઝોળીમાં નાખી કે ખભે બેસાડીને લઈ અવાય, પણ કાકાજીનું તો શરીર એટલું પહોળું અને ભારે કે એ અખતરો ન થઈ શકે. એ વેળા અમારી પાસે ઘોડાગાડી કે ખચ્ચરગાડી પણ ન હતી કે તેમાં ગાદલાંગોદડાં પાથરીને લઈ અવાય. છેવટે એમ ઠર્યું કે પાર્સલો લઈ જવા લાવવાની જે હાથગાડી છે તેમાં એમને છસાત છોકરાઓ મળીને લઈ આવે. ઠરાવ્યા પ્રમાણે અમે બીજે દિવસે સ્ટેશને પહોંચ્યા અને એવા ખરાબ રસ્તામાં પણ ગાડીને બિલકુલ આંચકો ન આવે એવા પ્રયત્ન સાથે એ ગાડીને ટેકરીઓ ચડાવતા અને ઉતારતા એમને

આશ્રમમાં લઈ આવ્યા અને માંડ માંડ શાબાશી આપે એવા કાકાજી પાસેથી અમે શાબાશી મેળવી.

બાપુજીએ અમને બધા તાકીદ કરી કે 'પહેલું કામ કાકાજીની સેવાનું છે. એમાં કોઈ પણ જાતની ઊણપ ન આવવી જોઈએ. ભણવા-ભણાવવામાં અનિયમિતતા આવે તો વાંધો નહીં, સેવામાં ખામી ન રહેવી જોઈએ.' અને થયું પણ તેમ જ. એમના આવ્યા પછી અમારી નિશાળ શિથિલ થઈ ગઈ. શિક્ષકો અને મોટા છોકરાઓને વારાફરતી રાતદિવસ કાકાજીની તહેનાતમાં રહેવું પડતું. મારા સ્મરણ પ્રમાણે દસપંદર દિવસ સુધી આમ ચાલ્યું હતું.

રોજ બપોરે મારો એમના પગ દાબવા જવાનો વારો આવતો. એમનું ભારે શરીર તાવ આવતાં બહુ કળતું. મારી સાથે એકાદ બીજો જોડિયો પણ હોય. શેઠજીનાં ઓશીકાં જોઈને મને બહુ જ આશ્ચર્ય થતું. પૂ. બાપુ તો સૂતી વખતે લાકડાનું ઓશીકું વાપરતા અને શેઠજીનું એથી સાવ ઊંધું. એમની પાસે પીંછાનાં સાવ પોચાં, જેમ વાળો તેમ વળે એવાં ચારેક ઓશીકાં હતાં. અને તેઓ બે માથા નીચે તો બે પગની પિંડલીઓ નીચે એમ વાપરતા એ જોઈને અમને હસવું આવતું. પણ તેઓ ચિડાવાને બદલે અમારા ભેગા હસી પડતા અને કહેતા, 'તમે ખૂબ કઠણ બનજો; જોઉં જોઈએ, તમને કસરત કેવી આવડે છે?' એમ કહી અમારી વચ્ચે ઊઠબેસ કરવાની હોડ કરાવતા. અમે પણ ઉત્સાહમાં ને ઉત્સાહમાં અઢીસો ને ત્રણસો જેટલી ઊઠબેસો ઝપાટાબંધ ખેંચી કાઢતા અને શાબાશી તથા ઈનામ મેળવતા.

રુસ્તમજી શેઠ છોકરાઓને ઈનામ આપવામાં બહુ ઉદાર હતા. એમની 'પતેતી'નું ઈનામ દર વરસે અમારે સારુ ડરબનથી આવતું. એ ઉપરાંત હાલતાંચાલતાં તેઓ નાનાંમોટાં ઈનામો આપી દેતા. પણ મફતનું એક પણ ઈનામ ન આપતા.

થોડા દિવસમાં તેમની પથારી છૂટી અને તેઓ હરતાફરતા થયા. પણ અમારી નિશાળ પાછી પહેલાં જેવી ધમધોકાર ચાલુ ન થઈ, કારણ બાપુજી જોહાનિસબર્ગ કે કેપટાઉન ગયા હતા. પાર્લમેંટ બેસવાની હતી તેમાં જનરલ સ્મટ્સે ગોખલેજીને આપેલા વચન સંબંધી કંઈક વાત કરવા તેઓ ગયા છે એટલું અમે જાણતા હતા. કેટલા દિવસ માટે ગયા છે, અને પાછા ક્યારે આવવાના છે એ સિવાયની બીજી તપાસ રાખવામાં અમને ઝાઝો રસ ન હતો. જતી વખતે બાપુજી રુસ્તમજી શેઠને આશ્રમના 'વડા' બનાવી ગયા હતા. એટલે રુસ્તમજી શેઠ કહે એ પ્રમાણે બધાને કરવાનું રહેતું. વિશેષ સાંજની પ્રાર્થનામાં તેઓ જ બધું કરાવતા. તેમના હાથમાં પ્રાર્થનાનું તંત્ર આવે એટલે 'મને વહાલું વહાલું

દાદા રામજીનું નામ' ગવરાવે જ. આદિ સત્યાગ્રહી ભક્ત પ્રહ્લાદજીની એ સ્તુતિ રુસ્તમજી શેઠને બહુ જ પ્રિય હતી. અમે ગાતા ત્યારે તેઓ એકધ્યાન થઈ ધૂણવા લાગતા. કેટલીક વાર ભજનના પહેલા ચરણમાં એઓ જરા ફરક કરાવતા અને 'દાદા રામજી'ને બદલે 'દાદા અહુરમજ'નું પાઠાંતર કરાવી ગવરાવતા. દાદા અહુરમજજીની વાતો પણ તેઓ સંભળાવતા. પણ મોટે ભાગે રામજીની એ ગાથામાં જ દાદા હોરમસજીની ગાથાનો સંતોષ લેતા. અને જ્યારે,

'એ ઊંડા ભવસાગરમાં પ્રભુનામ છે નાવ,
કોણ સિંધુ માંહે કૂદી પડે મેલી મોટાં વહાણ.'

જેવી કડી આવતી ત્યારે એ ફરી ફરી ગવરાવતા. અને સાથે પોતે પણ ગાવા લાગતા. એ વેળા એમની વિશાળ આંખોમાંથી જે શ્રદ્ધાભક્તિ ટપકતાં એ અમનેયે શ્રદ્ધામય બનાવી દેતાં અને અમને પ્રહ્લાદજીને પોતાનો આદર્શ બનાવવાની હોંશ થતી. બાપુજીની ગેરહાજરીમાં પ્રાર્થના પછી રામાયણના અર્થો મારા પિતાશ્રી સંભળાવતા. પણ બાપુજીની પેઠે વિદ્યાર્થીઓને અર્થો પૂછવાનું કામ રુસ્તમજી શેઠ કરતા. એમની ચકોર આંખો તરત પારખી લેતી કે કોણ ધ્યાન આપે છે ને કોણ નથી આપતો. જે છોકરાને પૂછેલા શબ્દનો અર્થ ન આવડતો તેને તરત ઝંખવાણો પાડતા ''નથી આવડતું ને રોટલા શેના ખાઈ બગાડે છે! મગજ ક્યાં ભમતું રાખે છે?''

સામા માણસને આંજી દેવાની એમનામાં એવી છટા હતી કે ભલભલાને એમને નમતું આપવું પડતું. એક વાર અમે સૌ ટેબલખુરશી ઉપર નિયમ પ્રમાણે ગોઠવાઈને જમવાની તૈયારીમાં હતા ત્યાં અણધાર્યા રુસ્તમજી શેઠ આવી પહોંચ્યા અને ડાબા હાથમાં તાંસળું ને જમણા હાથમાં લાકડાનો ચમચો લઈ અમારી હારોહાર જમવા બેસી ગયા. જમતાં જમતાં એક વિદ્યાર્થીને ભાતમાં ઈયળની શંકા આવી. તેણે વાટકો પડતો મૂક્યો અને 'નથી ખાવું' એમ છણકો કરી ઊઠ્યો ને ચાલતો થયો. તરત બીજાઓને એનો ચેપ લાગ્યો અને એકે એકે લગભગ ઘણા જણ ખાણું પડતું મેલી કસાણે મોંએ ઊઠ્યા. થોડી વાર તો રુસ્તમજી શેઠ આ કૌતુક જોઈ રહ્યા. એમનાથી આવો પ્રસંગ મૂંગે મોઢે ખમી શકાય એમ ન હતું. તેઓ ગર્જ્યા:

'આમ જુઓ છોકરાઓ, મારી વાત સાંભળો! હિંદુસ્તાનની વસ્તી કેટલી છે? જવાબ દો છો કે નહીં? નથી જાણતા શું?' ક્ષણભર બધા થીજી ગયા. કોઈને કંઈ સૂઝ્યું નહીં. એક જણે હિંમત આણી ધીમેથી જવાબ આપ્યો, 'ત્રીસ કરોડ.'

પણ એ સવાલજવાબનો મર્મ કોઈના ધ્યાનમાં આવ્યો નહીં. સૌ મૂંઝાયા. કાકાજીના બીજા સવાલે પ્રકાશ પાડ્યો: 'ત્રીસ કરોડમાં ભૂખે કેટલા મરે છે, ખબર છે?'

છોકરાઓની હિંમત ગળવા માંડી. કોઈ કાંઈ બોલ્યું નહીં. રુસ્તમજી શેઠનું ભાષણ ચાલ્યું:

'શરમાઓ, જરા શરમાઓ. અનાજને કાંઈ ફેંકી દેવાય? આપણે ગરીબ બનવું છે કે રોફ મારવો છે? દેશના ભૂખે મરતા ગરીબો આમ પકાવેલું અનાજ ફેંકી દે? બોલો? હજી નથી સમજતા? ચાલો બેસો, ખાઓ જોઈએ છાનામાના.' કહી પોતે પાછો ચમચો ચલાવ્યો અને બીજા બધા છોકરાઓ પણ શાણા થઈ ભાણા પર ઝૂકી ગયા.

છોકરાઓની જ બાબતમાં નહીં પણ હિંદી કોમનો મિજાજ પણ ઠેકાણે રાખવામાં બાપુજી જરા સંકોચ કરે અથવા નિરાશ થતા જણાય ત્યાં રુસ્તમજી શેઠને ગરજી ઊઠતાં વાર ન લાગતી. એમની સૂઝ, એમનું વ્યક્તિત્વ અને એમની ઝડપ હિંદી કોમમાં તડું દેખાવા ન દેતી અને આખી કોમનું નાક અણિશુદ્ધ રાખવામાં એ ફાવતા. રુસ્તમજી શેઠની દેશદાઝ અને બહાદુરી સહેજે વટાવી શકાય એવાં ન હતાં.

રુસ્તમજી શેઠના બે દીકરા. જાલભાઈ અને સોરાબજી. જાલભાઈ લાંબા અને પાતળા. સોરાબજી એમના પિતા જેવા જ જાડા અને ઠીંગણા. જાલભાઈ ગંભીર, ઝાઝું બોલે નહીં. સોરાબજી બહુ વિનોદી, જ્યાં હોય ત્યાં હસાહસ કરાવી મૂકે. એ હોય ત્યાં પહોંચી જઈ એમની ગમ્મત સાંભળવાનું મને ગમતું. પણ કાકાજી આવે કે એ ગમ્મતમાં વિઘ્ન આવે જ. દુકાનનું ને વખારનું બધું કામ પરોઢથી મોડી રાત સુધી બેય ભાઈઓ કરતા રહે, પણ રુસ્તમજી શેઠને એમનો કંઈ ને કંઈ વાંક જડી જ આવે અને મોટી મૂછોવાળા એવડા દીકરાઓને પણ ધમકાવી કાઢે.

ખૂબી એ કે હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તી સૌના કોડ પૂરા કરવાનો એકધારો ઉત્સાહ સેવવા છતાં પોતાના પારસી ધર્મમાં રુસ્તમજી શેઠ બહુ કટ્ટર હતા. અત્યારે મને યાદ નથી આવતું કે એમના નિયમિત સમયો કયા કયા હતા, પણ એટલું યાદ આવે છે કે અનેક વાર મેં એમને એકાંત ખૂણે જઈ સૂર્યની સામે ધ્યાનસ્થ થતા જોયા છે. કોઠી જેવડા પહોળા ગોળમટોળ પેટ ઉપર પોતાનો સદરો ચઢાવી, પેટ ઉપર કસ્તીને તેઓ ઢીલી-તંગ કરતા હોય અને હોઠ ફફડાવતા હોય. તેઓ આ વિધિ પૂરો કરી ચાલવા માંડે કે હું પૂછું કે, 'તમે આવી રીતે શું કર્યું?' તો કહે કે, 'તમારામાં જેમ જનોઈ ને સંધ્યા તેમ અમારામાં આ. જો આ

કસ્તી જનોઈ જેવી જ છે ને? તમે જનોઈ કહો, અમે કસ્તી કહીએ. તમે એ ખભા ઉપર રાખો, અમે કેડ ઉપર રાખીએ એટલો ફેર. અમારા ધરમમાં એવું કે આ કસ્તી, લાંબો સદરો અને આ માથાની ટોપી હંમેશાં પહેરી રાખવી જોઈએ. સૂતી વખતેયે માથું ઉઘાડું ન રખાય.'

અમારું ડરબન આવવું-જવું અને એમનું ફિનિક્સ આવવું-જવું એટલું રહેતું કે રુસ્તમજી શેઠના ફિનિક્સનિવાસનાં સ્મરણો જુદાં આંકવાં કઠણ પડે. પરંતુ શરૂમાં મેં જાણાવ્યું તેમ, તેઓ જ્યારે માંદા પડી થોડા દિવસ અમારી સાથે રહી ગયા ત્યાર પછી તેઓ અમારે મન ડરબનના મટી ફિનિક્સના થઈ ગયા; શેઠજી મટી અમારા જેવા ગામડિયા બની ગયા અને જેલ જવું પડે તો ફિનિક્સથી ઊપડનારી પહેલી ટોળી સાથે પોતે જરૂર જરૂર જવાના એમ ઠરાવતા ગયા. રુસ્તમજી શેઠ ગયા એ જ અરસામાં હવાફેર માટે બીજા એક મહેમાનને બાપુજી લઈ આવ્યા. એમનું નામ સૉલૉમન રૉયપન. એ મિસ્ટર રૉયપનના ભત્રીજા થતા. દક્ષિણ આફ્રિકામાં વસતી હિંદી કોમના અગ્રણીઓમાં મિ. રૉયપન આગળપડતા ગણાતા. તેઓ હિંદી ખ્રિસ્તી હતા. એમના બાપદાદાની બોલી તામિલ હશે પણ તેમની માતૃભાષા અંગ્રેજી જ ગણાય. તેઓ બૅરિસ્ટર હતા અને એવી વાયકા હતી કે એમની સામે ભલભલા અંગ્રેજોનેયે કોરટમાં ઊભવું આકરું પડતું. એમના અક્ષર બહુ જ વખાણાતા. દરેક અક્ષર જાણે એક રમ્ય ચિત્ર જ. અને ઑર્ગન વગાડવામાં દક્ષિણ આફ્રિકાના બધા સંગીતજ્ઞો - ગોરાઓ -નીયે તેઓ મોખરે હોવાનું અભિમાન ત્યાંના હિંદીઓ લેતા. અમારા ફિનિક્સમાં વસતા ઊંચામાં ઊંચા માણસથીયે તેઓ આશરે હાથભર વધુ ઊંચા હતા. રુસ્તમજી શેઠ જેવા નીચા ને જાડા તેવા જ મિ. રૉયપન ઊંચા ને પાતળા. વાત કરતાં કરતાં હસી પડે ને વાંકા વળે ત્યારે કમરેથી કમાનની પેઠે બેવડાઈ જતા. એમની ટાલ ઝગારા મારતી. મને એમની વાતોમાં સમજ ન પડતી. પણ એમનું ખડખડ હસવું, કમરેથી વાંકા વળવું અને તેમની ટાલ પરના ઝગારાનું આઘાપાછા થતા રહેવું જોવાની મને મજા પડતી. તેઓ આવે ત્યારે તેમના સ્વાગતમાં સાંજની પ્રાર્થના વખતે અમે 'ક્રિશ્ચિયનજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' એ ટેક સાથે નરસિંહ મહેતાનું આખું ભજન ગાતા. અને બાપુજી વૈષ્ણવ અને ક્રિશ્ચિયન વિશે વિનોદી ચર્ચાઓ ચલાવતા તથા અમારા મનમાં ઠસાવતા કે ખ્રિસ્તી હોય કે વૈષ્ણવ, સૌએ નરસિંહ મહેતાએ બતાવ્યું છે એવા જ સદાચારી અને પરોપકારી થવાની જરૂર છે. મિ. રૉયપનની નેતાગીરી નીચે દક્ષિણ આફ્રિકાની આખી હિંદી ખ્રિસ્તી કોમ બાપુજીનાં સૂત્રો સ્વીકારતી અને બાપુજીનું કહ્યું કરતી.

સૉલૉમન રૉયપન ઉંમરે મોટા છતાં દેખાવે સાવ છોકરા લાગતા. સુંદર અક્ષર લખવાનું અમે તેમની પાસે શીખતા, પણ વધુ તો અમે તેમને અમારી રમતોમાં ખેંચી જવામાં ફાવતા. આપણે ત્યાં જવલ્લે જ દેખાય છે એવું વિનોદીપાણું તેમની કને હતું. કોઈને દૂભવ્યા કે કચવ્યા વિના તેઓ ઠાવકી મશ્કરી કરી શકતા, અને આખા વાતાવરણમાં પ્રસન્નતા વેરાઈ જતી. ઊઠવા, બેસવાની, ધીમે સાદે વાતો કરવાની, કપડાં સુઘડ રાખવાની અને એમની બીજી કેટલીક સારી રીતભાતોની અમારા પર તેમણે સારી છાપ પાડી હતી. તેમના હાથમાંયે નવું નવું અને સુંદર બનાવવાની ઓછી કારીગરી ન હતી. આ બધા ગુણોને લઈને સૉલૉમન રૉયપન અમારા મહેમાન મટી બહુ જ જલદી અમારામાંના એક થઈ ગયા, અને જેલ જનારા લડવૈયાઓમાં તેમનું નામ પણ ગણાવા લાગ્યું.

રુસ્તમજી શેઠ અને સૉલૉમન રૉયપન જેવા મહેમાનોના આવી જવા બાદ ફિનિક્સનું વાતાવરણ પાછું શાંત અને એકધારું બન્યું. બાપુજી પણ જોહાનિસબર્ગ ને કેપટાઉન ફેરા પૂરા કરી સવારથી સાંજ સુધી અમારા ભેગા જુતાવા લાગ્યા. કંઈ ખાસ નવાજૂની ન રહી, છતાં અમારો કોઈનો જીવ પહેલાંની પેઠે નિશાળમાં ને ભણવામાં ખૂંચતો ન હતો. કાં તો દેશ જઈએ ને કાં જેલ જઈએ એ જ તાલાવેલી સૌના મનમાં હતી. ક્યાં જવાનું થવાનું છે એની અટકળ કોઈને આવતી ન હતી.

## ૨૦
## વિદ્યાર્થીઓનો અમલ

મિ. વેસ્ટ જે ઘરમાં રહેતા હતા એ એમને નાનું પડતું. એને ઉખેડી સુધારાવધારા સાથે ફરી બાંધવાનું કામ સવારના ખેતીના વખતમાં ઘણા દિવસથી ચાલતું, પણ એ પૂરું થતું ન હતું. મિ. વેસ્ટ અકળાતા હતા એટલે બાપુજીએ એ કામ અઠવાડિયાની અંદર પતાવી નાખવાનું ઠરાવ્યું. યોજના ઘડાઈ કે નિશાળ બંધ રહે. છાપખાનું તો બંધ રહી ન શકે, પણ છાપખાનામાંથી બધાંયે મોટાં કામ કરનારાઓને મુક્તિ મળે અને કેવળ છોકરાઓ જ પોતાના સંગઠનથી એ અઠવાડિયાનો 'ઇન્ડિયન ઓપીનિયન'નો આખો અંક બહાર પાડે. અમે છોકરાઓએ ઉત્સાહપૂર્વક એ બીડું ઝડપ્યું અને વેસ્ટ સાહેબનું ઘર બાંધવાની મજૂરી કરવા સારુ એકેએક મોટા માણસને અમે રવાના કર્યા - પાકટ વયના કાબાભાઈને પણ. કાબાભાઈનું શરીર તડકો વેઠી વેસ્ટ સાહેબનું ઘર બાંધવાની સખત મજૂરી કરી શકે એવું ન હતું. તેઓ વિના ઘર બાંધવામાં ઢીલ પણ ન

પડત; પણ છોકરાઓની મહેનતનો યશ બુઢ્ઢા ખેંચી ન જાય એ સારુ આશરે ત્રીજા ભાગનું ગુજરાતી બીબાં-ગોઠવણીનું કામ એકલે હાથે કરનાર એ વૃદ્ધને પણ અમે છાપખાનામાંથી મુક્ત કર્યા, અને બાપુજી પાસેથી ખાતરી મેળવી કે અમારા કામમાં ગમે એવી ગૂંચવણ ઊભી થાય અને મુશ્કેલીઓ આવે તોયે શુક્રવાર પહેલાં કોઈ પણ મોટા જાણે અમારી આડે ન આવવું. આમ એક અઠવાડિયા માટે છાપખાનાનું પૂરું રાજ્ય છોકરાઓને સોંપી બાપુજીએ મિસ્ત્રીનો ધંધો આદર્યો.

આગળ ઉપર જણાવાઈ ગયું છે કે ફિનિક્સમાં મકાનો માટે કડિયાઓની જરૂર ન પડતી. મશીન કરવત વડે વહેરાઈને આવેલી ચોરસ વળીઓ, એક સરખાં જાડાં, પહોળાં ને લાંબાં પાટિયાં તથા વિલાયતી પતરાં જડી દઈને ઘર ઊભું કરી દેવાતું અને એ માળખું તૈયાર થયે એને રંગી લેવાતું. આવું ઘર બાંધવામાં કેળવાયેલા સુથાર-મજૂરોની ખાસ જરૂર ન રહેતી. ગમે એવો માણસ એ કામમાં ઝંપલાવી શકતો, બાપુજી, મગનકાકા, મિ. વેસ્ટ વગેરેને સુથારી કામનો થોડો મહાવરોયે હતો, અને બીજાઓને પણ મજૂરી કરવાનો કંટાળો ન હતો. એટલે જાદુઈ ફાનસના ઘરની ઝડપે વેસ્ટ સાહેબનું ઘર ઊભું થવા લાગ્યું.

એ બાંધકામ કરતી વખતે બાપુજી એક મોટા મિસ્ત્રી જેવા દેખાતા. એ કામ માટે ખાસ બનાવટનું એક આસમાની રંગનું પાટલૂન તેઓ પહેરતા. એ પાટલૂનને દસબાર ખીસાં રહેતાં. બે'ક ખીસાં સાથળ ઉપર આગળના ભાગમાં, બે'ક વાંસે કમર પર, બે સાથળની બાજુમાં સામાન્ય ઢબે ને બીજાં નાનાં ખીસાં કમરપટ્ટા પાસે. ચામડાના કમરપટાનેયે કડી નાખી આંકડા ટિંગાડેલા રહેતા. પોતાના એ જુદા જુદા ખીસામાં નાનામોટા ખીલા, સ્ક્રૂ, સ્ક્રૂ માટેની ચકરડી (વાઈસર), હથોડી, પકડ, પેચકસ વગેરે સામાન બાપુજી ખોસી દેતા. જાણે કે એ સુથારનું એક બખ્તર જ હતું! એ બખ્તર પહેરીને બાપુજી છાપરાની ઊંચામાં ઊંચી ટોચે પહોંચી જતા અને બધાની સાથે પૂરા એકધ્યાનથી કોઈ કાબેલ સુથારની પેઠે કલાકો સુધી ધૂમ તડકે પતરાંમાં ખીલા ઠોકવાનું કામ કરતા. બાપુજી કરે એથી બમણા જોરે મગનકાકા કરતા અને છાપખાનાના બીજા કાર્યકર્તાઓ પણ ઢીલા ન રહેતા. મોટાં મોટાં ચોકઠાં બનાવવાં, એને ઉપાડીને ગોઠવવાં તથા પતરાંમાં ખીલા ઠોકવા વગેરેના અવાજોથી ફિનિક્સની ચોમેરની ટેકરીઓ ગાજી ઊઠતી, એ અવાજ ને તેના પડઘા સવારથી સાંજ સુધી ચાલ્યા જ કરતા. નવા આવનારને જાણે એવું લાગે કે કોઈ મોટું કારખાનું ચાલી રહ્યું છે. એ તરવરતો નાદ અમને છાપખાનાના કામમાં પણ શૂર ચડાવતો.

પોતાના કામ માટે પોતાના મનમાં મગરૂરી ન હોય તો કામમાં પૂરું જોર નથી આવતું. અમારામાં જેઓ હોશિયાર છોકરાઓ હતા તેમણે બાપુજીની આ નવી યોજનાનું રહસ્ય ચર્ચવા માંડ્યું. અને એકથી બીજે કાને ઘુસપુસ વાતો પહોંચી કે 'હવે પંદરવીસ દિવસમાં જ કદાચ ફરી લડત જાગશે. આપણું દેશ જવાનું અટકી રહેશે અને બધા મોટેરાઓને જેલ જવું પડશે. એવું થાય અને કોઈ મોટું બહાર ન રહે ત્યારે 'ઇન્ડિયન ઓપીનિયન' બંધ રહેવાનો વારો આવે; એ ન થવા પામે તે માટે આપણે છોકરાઓએ તૈયાર થઈ જવું જોઈએ. આપણે પાછળથી કામ ચલાવી શકીએ છીએ કે નહીં એ નાણી જોવાને જ બાપુજીએ આપણા એકલાને હાથે છાપું કઢાવવાની યુક્તિ અજમાવી છે. આગળ ઉપર તો આપણને મોટું કામ મળવાનું છે; આ તો ફક્ત પરીક્ષા જ છે અને પરીક્ષામાં આપણે ઓછા ન ઊતરવું જોઈએ.' આમ અમને ખૂબ શૂર ચડ્યું ને દરેક જણ પોતાનાથી થાય તેવું વધારેમાં વધારે કામ પૂરી ઝડપે કરવા મંડી પડ્યો. છાપામાંના સંપાદકીય લેખો અને લખાણો મુખ્ય ચીજ છે એનું મને એ વખતે ભાન ન હતું. બીબાં ગોઠવવાં, છાપવું અને રવાના કરવું એ જ મારે મન છાપાનું મુખ્ય કામ હતું એટલે મને એ જાણવાની પરવા ન હતી કે છોકરાઓએ કાઢેલા એ અંકનાં લખાણ કોણે લખેલાં હતાં. રૅપરનાં સરનામાં લખવાં, બીબાં ગોઠવવાં, પ્રૂફ સુધારવાં, અને એવાં બીજાં અનેક કામોમાંનું કંઈ ને કંઈ કામ દરેકને તેની આવડત પ્રમાણે મળ્યું. પણ મારી દશા વિચિત્ર હતી. તદ્દન નાના બચ્ચામાં ગણી કાઢી મને કંઈ કામ સોંપવામાં ન આવે એ મને અપમાનજનક લાગતું. હું કંઈ અણસમજુ કે સાવ બેજવાબદાર ન હતો. બીજી બાજુ શરીરની નબળાઈને લીધે છાપખાનાની ગૅલીઓ ઉપાડવાનું કે ભારે મજૂરીનું કામ મારાથી થાય તેમ ન હતું; અને બીબાં ગોઠવવાનું મને સોંપાય તો એ સુધારવા સારુ મારી પાછળ બીજા બે જણને રોકવા પડે એટલો હું ગરબડિયો! રૅપરનાં સરનામાં લખવા બેસું ત્યાંયે બિલાડાં ચીતરું! અંગ્રેજી જોડણીમાં ભૂલો કરું અને રૅપરમાં ડાઘા પાડી મૂકું. આખરે મારા જોગું અને પૂરી જવાબદારીનું એક કામ મળી આવ્યું. અને તે છાપખાનાની ટપાલ પહોંચાડવાનું. દફ્તરમાંથી કાગળો અને પાર્સલો લઈ એ ગુમાવ્યા વિના સ્ટેશને પહોંચાડવાં અને સ્ટેશનેથી સંભાળીને આખી ટપાલ લઈ આવવી. મોટા છોકરાઓમાંથી કોઈ સવારસાંજ ટપાલ લેવા જાય તો એક કામ કરનાર ઓછો થાય. મારાથી નાના છોકરાથી એ કામ થાય નહીં. આમ હુંયે ગણતરીમાં આવું એવો કામદાર બન્યો.

મારે ભાગે જે કામ આવ્યું તે ચાર્લી કરતો. ફિનિક્સમાં આરંભકાળથી વસેલો વફાદાર હબસી હતો. એને ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી આવડતું, એથી કામ

ચાલતું, વધુ કહેવા-સાંભળવાની તેને જરૂર જ ન પડતી. એ કર્મવીર હતો. એ દેશ એનો પોતાનો છતાં એ સાવ એકાકી રહેતો. કદી સગાંસાંઈમાં મળવા જતોયે તેને જોયાનું મને યાદ નથી આવતું. છાપખાનાના બધા સંચાઓની અરીસા જેવી ચોખ્ખાઈ એની એકધારી મહેનતને આભારી હતી. કાગળની ગાંસડીઓ છોડવી, રીમોની થપ્પીઓ કરવી અને ગુરુવારે સાંજે અચૂકપણે ડબ્બો ભરીને લાહી પકાવવી તથા સ્ટેશને આંટાફેરા કરવા એ એનું મુખ્ય કામ હતું. 'ઇન્ડિયન ઓપીનિયન'ના લેખકો બદલાય, અધિપતિ બદલાય, કદાચ બીબાંકારીગરો પણ બદલાય; પરંતુ ચાર્લી ન બદલાય. ભલે જન્મે એ વનસમાજનો રહ્યો, પણ એનામાં સંસ્કારિતા ઓછી ન હતી. મોટા ઘરનાં છોકરાંઓને પોતાના બરોબરિયા સાથે વિનયી વર્તણૂક રાખવાની તાલીમ મળે છે, પણ સૌના આધારરૂપ નોકર પ્રત્યે તેઓ તોછડા થયા વિના નથી રહેતા. અમે ચાર્લી પ્રત્યે તોછડાઈ વાપરવા જતા, પણ એનામાં એવું ગાંભીર્ય હતું કે ન છૂટકે અમારે તેની સાથે વિનયી થવું પડતું. તેની રજા વગર અમે તાજી સુંદર લાહી મેળવી ન શકતા. તેનો અનુનય કરીએ તો જરાક મળે ખરી. છાપખાનાના કોરા કાગળનો ટુકડો પણ તે અમને ઉઠાવવા ન દેતો. કદાચ અમે હાથ મારીએ તો તે કોણ જાણે ક્યાંથી તરત મૂછોમાં હસતો હસતો આવીને સામે ઊભો જ હોય! અને કહે: 'માલિકની રજા મેળવી? જેટલા કાગળની રજા હોય એટલા જ ઉપાડજો હોં!' તેની સામે ઘૂરકવાને બદલે અમારે પાછી પાની કરવી પડતી. અમને માઠું લાગેલું જોઈ તે અમને પોતાની કાંધ પર ચડાવી દેતો. એ પણ ઝાઝું ન બોલી શકતો અને અમેયે વાતોમાં ઊતરી ન શકતા. મનમાં તેનો આદર કરતા અમે ત્યાંથી પલાયન થઈ જતા. મારા ધારવા પ્રમાણે ચાર્લી અવિવાહિત હોઈ લેખાવવા જેટલો બ્રહ્મચારી હતો. અને છતાં જરઠ ન હતો; આર્દ્ર, માયાળુ ને સંસ્કારી હતો.

એ હબસી સજ્જનનું બધું કામ તો મારાથી ઉપાડાય એમ ન હતું. ફક્ત સ્ટેશનેથી ટપાલ લાવવામાં પણ મારે તો અનેક વીસે સો થઈ જતી! એ ગીચ જંગલને રસ્તે અઢી માઈલ એકલા જવું અને એકલા પાછા આવવું સહેલું ન હતું. કેડી એવી વાંકીચૂંકી જતી કે નજર પચાસેક ડગલાંથી દૂર ન પહોંચતી. અધૂરામાં પૂરું સાપનો ખાસ ડર રહેતો. કેટલીક જાતના સાપ તો બપોરે હવા ખાવા ઝાડ પર ચડી જઈ ડાળીઓ પર ઝૂલતા! એ માથા ઉપર જ પડતું મૂકશે કે શું એવો ધ્રાસકો રહેતો. કલાકો સુધી ચાલ્યા જઈએ તો ભાગ્યે જ એકાદ બે જણ રસ્તે સામા મળે એવો એ રસ્તો નિર્જન હતો. સામા મળવાવાળાયે ઘણે ભાગે કારમા દેખાતા હબસીઓ જ હોય. એમના લાલ જાડા હોઠ, કાળી મુખાકૃતિમાં ચળકતા ધોળા દાંત, ડગલે ડગલે ઊછળતી જતી તેમની ચાલ અને હાથમાં

નાચતી ત્રણચાર લાકડીઓ જોનારને ડારી દેતી. એ લોકોનો જ એક ભાઈ ચાર્લી અમારો ગોઠિયો બનેલો હોવા છતાં આ વનવાસીઓ મને જુદી જ જાતના માણસો લાગતા. અથવા એમ કહો કે અમે સૌ 'માણસ' અને એ 'નહીં માણસ' એવી જાતની ભાવના અમારા મનમાં પ્રવર્તતી.

પરંતુ મેં હિંમત કરી અને એવાઓનો જ આશરો મેળવ્યો. ટપાલથેલી લઈને વસ્તીથી થોડે દૂર પહોંચું અને છાતી ધડકવા લાગે કે ઘાસમાં બેસી જાઉં ને કોઈ સ્ટેશન જતા સાથીની રાહ જોઉં. દૂરથી કોઈનો પગરવ સંભળાય કે હું ઝપાટાબંધ આગળ ચાલવા માંડું, કારણ એમની ઝડપે હું ચાલી નથી શકવાનો એનું મને ભાન હોય. તેઓ પાછળ આવે છે એટલેથી જ મને સાપ વગેરેનો લાગતો ડર દબાઈ જતો; કારણ મને ખબર હતી કે તેઓ સાપને પહોંચી વળશે એટલું જ નહીં, પણ તેના દાંતમાંનું ઝેર કાઢી સંઘરી પણ લેશે. પાછળ આવનારાઓ મને વટાવીને દૂર આગળ નીકળી જાય ત્યાં સુધી હું એમની ઓથે પોણોએક માઈલ કાપી નાખતો અને ફરી કોઈ ઓછી ગીચ અને ડર ન લાગે એવી જગ્યાએ બેસી રાહ જોતો. પાએક કલાક સુધી કોઈ ન આવે તો પછી ધીમે ધીમે ચાલવા માંડતો. આમ દરેક ખેપમાં મનમાં ઘૂસી બેઠેલા ડરને સંતાકૂકડી રમાડતો હું સ્ટેશને પહોંચતો અને પાછો ફરતો. તેટલા પાંચ માઈલમાં ચારપાંચ કલાક પૂરા કરી નાખતો! અને આવું ત્યારે કોઈ મોટો વણજારો દેશદેશાવર ખેડી પાછો ફર્યો હોય એમ ફિનિક્સ આશ્રમની સીમમાં ટપાલ સાથે વિજયગર્વભર્યો પગલું માંડતો.

આ અનુભવે મને નીડર બનાવ્યો એમ તો ન કહેવાય, પણ હું એટલું સમજ્યો કે ડર બહારની ચીજ નથી, મનની છે. કોઈ ખાસ વખતે અને કોઈ ખાસ કારણે ડર લાગે છે એવું નથી, પણ મનને જેટલું વધારે ઢીલું પડવા દઈએ તેટલો વધારે ડર લાગે છે. અને એને ઢીલું થવાની જોગવાઈ જેટલી ઓછી આપીએ એટલો ઓછો ડર રહે છે. મારી બીકનો સાક્ષી તો હું જ હતો, પણ ફિનિક્સમાં હું વખાણાઈ ગયો કે 'પ્રભુદાસ તો બીક વિનાનો. એ અંધારી રાતેયે એકલો સ્ટેશને જઈ આવે.' વગર માગ્યે આવી કીર્તિ મળતી હોય તો કોણ પાછી વાળે? પરિણામે સવારે તો સવારે ને સાંજે પણ બીજી ખેપ કરવા જવાની જરૂર પડ્યે હું ના ન પાડી શકતો. અને એક વાર અંધારું પથરાઈ ગયા બાદ વગર દીવાએ કે વગર લાકડીએ અઢી માઈલનું જંગલ વટાવી હું મુકામે પહોંચ્યો ત્યારે મોટા છોકરાઓએ એકે અવાજે મને વધાવી લીધો. પાંચદસ મિનિટ સુધી મને ઘેરી વળી હરખભર્યા કેટલાયે સવાલો પૂછી નાખ્યા. 'તને ક્યાંયે ડર ન લાગ્યો?' મેં કહ્યું: 'ગીની ફાઉલ (પંખી) દોડી જતાં ત્યારે ડર લાગતો અને હું ઝપાટાથી

દોડવા મંડતો; બાકી ડર ન લાગ્યો.' શાબાશી આપતાં એક જાણે કહ્યું, 'ગીની ફાઉલનો ડર શાનો; એ તો કૂકડાં જેવાં? ખરો ડર તો સાપનો.'

ગમે તેમ, પણ હું મોટા છોકરાઓમાં નકામો ન ગણાયો એનો મને સૌથી વધુ આનંદ હતો. લાહી પકાવવાને દિવસે ચૂલા પર થોડી મદદ મેં કરી, પણ એ લાહી ચાર્લીના જેવી સુંદર ન બની. ગાંઠા ગાંઠા થઈ ગઈ અને તળિયે દાઝી પણ ગઈ. એ દિવસ અમે બે'ક જણા ફજેતીનો ભોગ બન્યા ખરા, પરંતુ એકંદરે એ અઠવાડિયે અમારો પ્રયોગ ધાર્યા કરતાં વધુ સફળ નીવડ્યો. અઠવાડિયાના શરૂના દિવસોમાં તો કોઈ કોઈ મોટા કારીગરો અમને ચીડવતા: 'જોયું, જોયું, કંઈ છોકરે છાશ પિવાતી હશે? અમારા ભોગ ફરી વળવાના. દિવસ આખો ઘર બાંધવામાં જુતાશું ને રાત્રે ઉજાગરા થશે. અમારી ખાતરી છે કે શુક્રવારની રાતે અમારે બધાને આખી રાત ઊભે પગે રહેવું પડવાનું.' અમે એમની સાથે વાદમાં ન ઊતરતાં એટલું જ કહેતા કે, 'શુક્રવારની સાંજ તો આવવા દો; પછી કહેજો કહેવું હોય તે.'

અને સાચે જ, શુક્રવારની સાંજ પડ્યા પહેલાં અમે છાપાનાં પાર્સલો બાંધી, રૅપરો વાળી, ખડકલા કરી તથા કોથળા ભરીને તૈયાર થઈ ગયા હતા. સાંજે પાંચ વાગ્યે મજૂરીના કામથી છૂટા થઈ છાપખાનાના મોટા માણસો જોવા આવ્યા ત્યારે અમારામાંના ઘણા જણ તો કામ પતાવીને બહાર નીકળી રમતે ચડ્યા હતા અને દરવાજે તાળું દેવાની તૈયારી હતી. પહેલાં તો કોઈના માન્યામાં ન આવ્યું કે બધું કામ ઊકલી ગયું છે. બેએક મોટા માણસો છાપખાનાની અંદર ઘૂસ્યા અને ચોમેર બધું તપાસ્યું. થેલાઓ પણ તપાસ્યા અને ખાતરી કરી કે કંઈ કામ અધૂરું નથી રહ્યું. છેવટે એ મોટાઓએ જ બાપુજીને વધામણી આપી કે 'છોકરાઓ તો અમારાથી સવાયા નીકળ્યા!' બાપુજીએ છોકરાઓને કહ્યું, 'મને તો ખાતરી જ હતી કે તમે અમને હરાવશો.' બસ એ બે શબ્દોએ અમને સૌને ખુશખુશ કરી દીધા.

સામાન્ય રીતે તો શનિવારે એક પહોર વીત્યા પછી માંડ છાપાં રવાના કરી શકાતાં. એ પહેલાં બંડલો તૈયાર ન થઈ શકતાં. પણ અમે તો શનિવારે સૂરજ ઊગતાં જ હાથગાડી ભરીને છાપાં સ્ટેશને પહોંચાડી દીધાં અને સ્ટેશન માસ્તરે પણ અમને સત્કાર્યા. બપોરે બાપુજીએ અમારી રમતોમાં હાજર રહેવાનું કબૂલ્યું.

અમારામાં ભાઈ શિવપૂજન સૌથી મોટો વિદ્યાર્થી હતો. તે દોડવામાં હરણ સમો હતો. વાતમાં ને વાતમાં તેણે કહેલું કે 'કોઈની હિંમત હોય તો મારાથી દસ મિનિટ વહેલો દોડવા નીકળે અને તે સ્ટેશને જઈ અહીં પાછો આવે તેના પહેલાં હું દસ મિનિટ મોડો નીકળવા છતાં વહેલો આવી પહોંચવાનો.' ભાઈ કુપ્પુ વગેરે

દોડવે કંઈ ઓછા ન હતા. એટલે તેણે કહ્યું, 'નકામી શેખી માર મા. ખબર છે, દસ મિનિટમાં માણસ સવા માઈલ તો સહેજે દોડી જાય? પાંચ માઈલની શરતમાં સવા માઈલ આગળ જવા દઈનેયે અમને હરાવે કે?' શિવપૂજને છાતી ફુલાવીને શરત વદી. છાપાનું કામ ઊકલ્યું ને થોડો વખત અમને બચ્યો એટલે બાપુજીની સાક્ષીએ આ શરત દોડવાનું નક્કી થયું.

છાપખાના સામે સૌ ભેગા થયા. બાપુજીએ હાથમાં ઘડિયાળ લીધી. મગનભાઈ માસ્તરને પોણો કલાક વહેલા ઘડિયાળ સાથે સ્ટેશને મોકલી દીધા હતા. કુપ્પુ અને, હું ભૂલતો ન હોઉં તો, ગોવિંદુ બે જણા હરીફાઈમાં ઊતર્યા. બાપુજીએ શિવપૂજનને રોકી રાખી એ બંનેને દોડાવ્યા. અમે બીજા છોકરાઓ પણ તમાશો જોવા એમની સાથે દોડ્યા. પણ જેમ જેમ થાકતા ગયા તેમ તેમ ઊભા રહ્યા. હું લગભગ દોઢ માઈલ જેટલે પહોંચેલો. કુપ્પુ ગોવિંદુ સ્ટેશને પહોંચવા આવ્યાની અમારી અટકળ હતી ત્યાં ઘોડા વેગે દોડતો શિવપૂજન અમારી પાસેથી પસાર થયો. એક એક ડાંફમાં તે ચાર ચાર પાંચ પાંચ ફૂટનું અંતર ઠેકતો જતો હતો. એની એડી જમીનને અડતી જ ન હતી. નસકોરાં પંખીની પેઠે ચાલતાં હતાં. ચપટી વગાડતાં તો તે અદૃશ્ય થઈ ગયો. થોડી વારે કુપ્પુ ગોવિંદુ પાછા ફરતા દેખાયા અને અમે પણ તેમની સાથે પાછા ફર્યા. ફિનિક્સ આશ્રમની સીમ દેખાવા લાગી ત્યાં સુધી કુપ્પુ ગોવિંદુથી શિવપૂજન સારી પેઠે પાછળ હતો, પણ છેવટે એ પવનવેગે આવી પહોંચ્યો. અમને ડર લાગ્યો કે આ વાંકાચૂકા રસ્તામાં એ ઠોકર ખાઈ પગ ભાંગી ન બેસે. પણ એ તો પૂરપાટ દોડ્યો આવતો હતો. દોઢેક મિનિટ વહેલો જ્યાં બાપુજી ઊભા હતા ત્યાં તે પહોંચી ગયો. બધાએ તેનો જયજયકાર કર્યો. હારનાર કુપ્પુ ગોવિંદુ પણ એની જીતથી પ્રસન્ન થઈ ગયા. મને કંઈક એવું યાદ છે કે શિવપૂજને પાંચ માઈલનું અંતર ઓગણત્રીસ મિનિટમાં કાપ્યું હતું. અને કુપ્પુ ગોવિંદુને પોણા કલાકથી ઓછો વખત લાગેલો.

આનંદનું, કામનું અને શૌર્યનું આ અઠવાડિયું વીત્યા પછી ફરીથી અમારી નિશાળ શરૂ થઈ; પણ અમારું કોઈનું મન ભણવા, ભણાવવામાં ચોંટ્યું નહીં. હવે દેશ જવાનું થાય છે કે જેલ જવાનું એની ચર્ચા ને અટકળોમાં ઘણોખરો વખત જતો અને બેચાર દાખલા ગણવા ઉપરાંત ભાગ્યે જ કંઈ વધુ ભણવાનું બનતું.

## ૨૧
## ત્રણસો શબ્દ

દિવસે ને દિવસે અમારે ત્યાંનું આખું વાતાવરણ ઊપડવાની તૈયારીનું થતું જતું હતું. ક્યારે ઊપડીશું અને કઈ દિશાએ ઊપડીશું એ કોઈ કહી શકતું ન હતું. દેશ જવાની મોટી મોટી ઉમેદો અમારા મનમાં હતી. અને જેલ જવાનીયે હોંશ ઓછી ન હતી. કઈ ઘડીએ કયો હુકમ મળે છે એ સાંભળવાને અમારા કાન સળવળી રહ્યા હતા.

ऐ मुसाफ़िर कूचका सामान कर,
इस जहाँमें है बसेरा चंद रोज़;
फिर तुम कहाँ औ' मैं कहाँ, ऐ दोस्तो
साथ है मेरा तुम्हारा चंद रोज़. -है बहारे०

એ નઝીરની કડીઓ અમે હાલતાંચાલતાં એકબીજાને સંભળાવતા અને કોનો કોનો સાથ રહેશે અને કોનો કોનો નહીં રહે એની કલ્પના કરતા. દેશ જવાનું થાય તો અમુક અમુક જશે અને અમુક અમુક અહીં રહી જશે એવી ગણતરીઓ ચાલતી અને જેલ જવાનું થાય તો અમુક જશે અને અમુક નહીં જાય એવી ટીકાઓ ચાલતી. છોકરાઓ ખાસ કરીને એકબીજાને કહેતા, 'કાચા બનવું હોય તો ભાઈ હમણાં જ ઘર ભેગો થઈ જા. પાછળથી મોઢે મેશ લગાડી અમને ન લજવતો.' ટૂંકમાં ફિનિક્સના તબેલામાં બધાયે ઘોડા હણહણી રહ્યા હતા.

એમ છતાં બાપુજીને ભારે ફિકર હતી કે કોઈ ખોટા જોશમાં તણાઈ જઈ પાછળથી પસ્તાય નહીં.

એક દિવસ સાંજે નળાખ્યાનનું વાચન પૂરું થયે બાપુજીએ પૂછ્યું: 'કે...મ ડાહ્યા! જેલમાં આવવા તૈયાર છો ને?' અમારા એક સહપાઠી ડાહ્યા મોચીની ઓળખ આ પહેલાં હું આપી ગયો છું. અમારા મંડળમાં એ પ્રતિષ્ઠિત વિદ્યાર્થી હતો. પૂરો સજ્જન; પણ સ્વભાવે ગભરુ અને પોચો. બાપુજીએ પ્રશ્ન પૂછ્યો કે તુરત અમે ડાહ્યાની ચર્યા નિહાળવા લાગ્યા અને એકબીજાને ઈશારા કરવા લાગ્યા. ડાહ્યાએ પોતાની અંદર જેટલો પ્રાણ હતો એ બધો એકત્ર કરી પોતાની ટેવ પ્રમાણે પોતાના પહેરણના ગળા આગળનું બટન ફેરવતાં ફેરવતાં ઉત્તર આપ્યો: 'હા જી.'

જે વિદ્યાર્થીઓ ફિનિક્સમાં દાખલ થયા હતા તેમની સાથે અને તેમનાં માબાપ સાથે શરત તો થઈ જ ગયેલી કે 'જો લડત ઊપડે તો સોળ વર્ષની ઉંમરે પહોંચેલા અને તેથી મોટા વિદ્યાર્થીએ જેલમાં જવું જ જોઈશે. આ ઉપરાંત લડત ઊપડવાની હોય કે ન હોય છતાં જેલ જવાની વાતો અને વિચારો રોજ ચાલ્યા

જ કરતા; એટલે વિદ્યાર્થીઓને કંઈ નવો વિચાર કરવાનો ન હતો. છતાં બાપુજીએ પૂછ્યું એ દરેકને ફરીથી વિચારી જોવાની તક આપવા ખાતર.

અમારી ખાતરી થઈ જ ચૂકી કે હવે લડત ઊપડ્યા વિના રહેવાની નથી. પછી તો જેલ જનારાઓ જેલ જવાને તથા જેલ ન જનારાઓ-અમે જે બહાર રહેનારા હતા તેઓ-બીજાને જેલ જવા દેવાને તૈયાર થવા લાગ્યા.

સાંજની પ્રાર્થનામાં બધા ભેગી વાતો કરી લીધા પછી દિવસનો મોટો ભાગ બાપુજી એક એક જણ સાથે ખાનગી વાતો કરવામાં વિતાડવા લાગ્યા. ત્રણચાર દિવસ સુધી તો તેમણે વારાફરતી મારા પિતાશ્રી અને મગનકાકા સાથે વાત કરી. પછી અમારે ઘેર આવી મારી બા અને કાકી સાથે ભેગી ને જુદી જુદી વાતો કરી. શી વાતો ચાલે છે એ જાણવા હું તલપાપડ થઈ જતો, પણ ખાનગી વાત ચાલતી હોય ત્યાં ન જવાય એ નિયમ બાપુજીએ એટલો કડક બનાવી દીધેલો કે તેઓ જે સડક પર ટહેલતાં વાતો કરતા તે સડક ઓળંગવાનીયે મારી હિંમત ન ચાલતી. ચાળીશેક ડગલાં દૂર ખેતરમાં ઊભો રહીને હું જોતો કે મારા પિતાશ્રી, માતુશ્રી, કાકા અથવા કાકી સાથે બાપુજી ગંભીર વાતો કરે છે.

અનેક દિવસની ચર્ચાઓ પછી હું અટકળ બાંધી શક્યો કે અમારા ઘરમાંથી બધાં જ જેલમાં જાય એવી ચર્ચા ચાલે છે અને બધાં વડીલો જતાં રહે તો અમ બાળકોની શી દશા થાય એ ફિકર એ બધાંને કોરી રહી છે. વાતાવરણની ગંભીરતાની છાપ મારા પર પડવા છતાં મને ભાન ન હતું કે, અમને ટીનબટુકડિયાંઓને પાછળ એકલાં મૂકી લડાઈમાં હોમાવા જતાં માતૃહૃદયને કેટલી વેદના થતી હશે? કેટકેટલી શંકાકુશંકાઓ એમના દિલને વેધતી હશે? પરંતુ અત્યારે એ અવસર યાદ કરું છું ત્યારે સમજાય છે કે જેલમાં જવાનું ઠરાવ્યા પહેલાંનો મહિનો પંદર દિવસ મારી બાને અને કાકીને કેટલા વસમા વીત્યા હશે. બાપુજીની સત્યાગ્રહની લડાઈ તો એ પહેલાં છસાત વર્ષથી ચાલુ હતી, પણ સ્ત્રીસત્યાગ્રહીનો ઈતિહાસ હજુ નોંધાયો ન હતો. પરંતુ હવે દક્ષિણ આફ્રિકાની સરકાર તરફથી હિંદુસ્તાની ઢબનાં લગ્ન ફોક કરનારો અણધાર્યો હુમલો થયો હતો. ને એ ભયાનક માનભંગનો જવાબ તો બહેનો આપે એ જ શોભે એમ હતું. આ રીતે સત્યાગ્રહના ઈતિહાસમાં અપૂર્વ એવો નવો આરંભ કરવાનો હતો. બાપુજીની રીત પ્રમાણે એ પગલું ઘેરેથી જ લેવું જરૂરનું હતું. પૂજ્ય બાની પાસે પોતે એ પ્રસ્તાવ મૂકી બાપુજી એમને અકળાવવા માગતા ન હતા. એટલે બહેનોને જેલ જવાની વાતની શરૂઆત ઘેરેથી-ફિનિક્સની અન્ય બહેનોથી જ- થઈ. ફિનિક્સ સિવાયની કોઈ બહેનો જેલ જવા તૈયાર થાય કે ન થાય, ફિનિક્સની બહેનોએ જવાની વીરતા ધારણ કરવી એવું બાપુજીનું આમંત્રણ

હતું. પૂજ્ય બાને પણ જ્યારે બાપુએ ઉપાડેલી આ વાતની ખબર પડી ત્યારે તેઓ જેલ જવાને તૈયાર થયાં. જેલ જવાને એમનું તૈયાર થવું એ સાધારણ વાત ન હતી. કારણ કે તેઓ માંદાં હતાં. અને એ દિવસોમાં કેવળ ફળાહાર જ કરતાં હતાં. છતાં પણ એમણે જેલ જવાનો આગ્રહ રાખ્યો. અને જેલમાંથી આવીને એમને કેટલું બધું કષ્ટ ભોગવવું પડ્યું એનું વર્ણન હવે પછીનાં પ્રકરણોમાં આવશે. અહીં જણાવવાનું એટલું જ કે પોતાની નબળી તબિયત છતાં પૂજ્ય બા ફિનિક્સવાસી સૌ બહેનોને મોખરે જવાને તૈયાર થયાં અને કુલ ચાર બહેનો સૌ પહેલાં સત્યાગ્રહી નોંધાયાં: પૂજ્ય બા, મારી બા, મારાં કાકી અને ડૉ. પ્રાણજીવનદાસ મહેતાનાં દીકરી જેકીબહેન.

એક બપોરે મારી બાએ મને પાસે બોલાવી, ખોળામાં બેસાડી, માથે હાથ ફેરવતાં પૂછ્યું, ‘પ્રભુ, અમે જેલ જઈએ તો પછી આ નાનાં ભાઈબહેનોને તું સંભાળીશ ને?’

‘પણ બા, મને જેલ જવાનું ક્યારે મળશે?’

‘હજુ તો તું નાનો છે. તને બારમું વરસેય શરૂ નથી થયું. ચાર વરસ પછી તુંયે અમારી સાથે જેલમાં આવજે. તું સોળ વરસનો થઈશ એટલે તને જેલમાં જવા દેશે. ત્યાં સુધીમાં આ નાનાં ભાઈબહેનો પણ મોટાં થઈ જશે. તું તેમને સંભાળજે. ખવડાવજે, પથારી કરી દેજે, નવડાવીને કપડાં પહેરાવજે; જેથી અમને યાદ કરીને એ રુએ નહીં.’

મારી બાની પાસેથી ઉપલી વાતો સાંભળી હું કૂદતો કૂદતો મારા કામમાં લાગી ગયો. બેત્રણ દિવસ પછી મેં ચોક્કસપણે જાણ્યું કે પિતાશ્રી, માતુશ્રી અને કાકી જેલ જશે અને મગનકાકા અમને બાળકોને તથા છાપાને સંભાળવા અમારી સાથે રહેશે. મને નિરાંત થઈ કે કેશુ, કૃષ્ણ, રાધા અને રુખીની સતામણી મારે નહીં ભોગવવી પડે. સાથે સાથે ચિંતાયે થઈ કે મગનકાકા ખિજાઈ જશે ત્યારે મારો બચાવ કોણ કરશે? બા તો નહીં હોય! પણ વધુ વિચારતાં મને થયું કે હું જો ભૂલ નહીં કરું તો કાકા શા સારુ ખિજાશે? અને ખિજાશે તોયે બાની ગેરહાજરીમાં મને ઝાઝું નહીં વઢે. અને એ વાતનો મને આનંદ થયો કે બા અને કાકી બંને જેલ જાય તો પછી મને પણ જેલ જવાનું જરૂર વહેલું મળશે. અને તેઓ ન જાય તો સોળ વરસનો થયા પછી પણ મને નહીં જવા દે. એટલે ઉપરનો ફેંસલો મને ગમ્યો.

હવે નિશાળમાં પણ અમારા ભણતરનું મીંડું જ રહ્યું. અમે તો ઇચ્છતા હતા કે હવે બાપુજી વર્ગો બંધ કરી દે તો સારું. અમે પ્રસ્તાવ પણ કર્યો. પરંતુ બાપુજીએ સંભળાવી દીધું કે એમ ભણતર બંધ કરવું ન પોસાય. જેલ જનારા

જેલ ગયા પછી પણ જે બહાર રહે તેમણે તો નિશાળ ચાલુ રાખવી જ જોઈએ. કોઈ શીખવનાર ન હોય તો છોકરાઓ ભેગા બેસી એકબીજાની મદદથી ગણિત ચાલુ રાખે. છોકરાઓએ કાચી ઉંમરે ગણિત શીખવાનું આળસ એક પણ દિવસ ન કરવું જોઈએ. નાની ઉંમરે ગણિત પાકું થઈ જાય તો બીજું બધું તો મોટી ઉંમરે પણ શીખી શકાય.'

પરંતુ બાપુજીની શિખામણ હવામાં રહી જતી. અમારો કોઈનો જીવ ભણવામાં હતો જ નહીં. અમારું ભણતર ચોપડીઓની બહાર જ ચાલતું. આખા દક્ષિણ આફ્રિકામાં ફરી લડત જાગી એટલે કેટકેટલા વીરો પડ્યા છે, એની ગણતરીઓ ચાલતી. ફિનિક્સની બહારની મને પોતાને કશી ખબર ન હતી. પણ મારી ચોમેર ચાલતી વાતોનો સાર આ હતો: 'જેલ જવાની બે વારની લડતમાં જેમતેમ હિંદીઓએ રંગ રાખ્યો ખરો, પણ ત્રીજી વારની લડત ઊપડે તો બધાયે ફસકી જવાના છે. વારેઘડીએ જેલ જઈજઈને પોતાના માંડમાંડ જામેલા વેપારધંધાને કોણ ધૂળધાણી કરી નાખે? શેઠિયાઓ શું કે ફેરિયાઓ શું, સૌ વરસોથી ચાલતી આવેલી આ હાડમારીથી કંટાળી ગયા છે. હાથે કરીને હાડમારી વહોરી લેવા હવે ભાગ્યે જ કોઈ તૈયાર થવાનું. બાપુજી લડાઈ ઉપાડશે ને બીજા બધા બેઠાબેઠા જોયા કરશે. અને પોતાની આંગળી ન ચવાઈ જાય એટલી ચીવટ રાખી ઘેર બેઠા વાહવાહ કરશે. પણ લડાઈમાં કૂદવાને ગણ્યાગાંઠ્યા માણસોયે તૈયાર નહીં થાય.'

જોહાનિસબર્ગના કેટલાક નીવડેલા સત્યાગ્રહીઓ અને અમારા ફિનિક્સના મૂઠીભર માણસો, બસ એટલા લોકો વડે જ લડાઈના મોરચા લેવાની હામ બાપુજીએ ભીડી હતી. અને આ વેળાની લડાઈ નાનીસૂની રમત નહીં પણ બહુ આકરી અને બહુ લાંબી થવાની અટકળ અમારે ત્યાં સૌ કરતા હતા. બાપુજીએ દરેક ફિનિક્સવાસીને સાચો મરણિયો બનાવી મૂક્યો હતો. કાચાપોચાને ફિનિક્સમાંથી વિદાય આપી દીધી હતી. બહુ જ થોડા પણ પૂરા બહાદુર દેખાતા લોકો જ ફિનિક્સમાં બાકી હતા.

સવાલ બાકી એટલો હતો કે માનનીય ગોખલેજીની દક્ષિણ આફ્રિકાની મુલાકાતની કંઈ પણ અસર આ ગોરાઓ ઉપર થશે કે મુદ્દલ નહીં થાય? સ્મટ્સ સાહેબ પોતે આપેલો કોલ પાળશે કે એમાંથી સાવ છટકી જશે? પાર્લમેંટમાં બે વાર તો ઠરાવો મુલતવી રહ્યા, હવે એ મુલતવી રહ્યા વિના બધી વાતનો નિકાલ થઈ જશે ખરો? આવા સવાલોના અંત ઉપર ત્રીજી લડતનો નિર્ણય થવાનો હતો; એટલે કેપટાઉનથી આવતા વાયુમાં પણ શી ગંધ છે એ જાણવા ફિનિક્સમાં નાનાથી મોટા સૌ ઉત્સુક હતા.

એ દિવસોમાં જો સ્ટેશને બેને બદલે ત્રણ વાર ફેરા ખાવાની જરૂર પડે તો તે પણ હું હોંશે હોંશે કરતો. એક દિવસ બપોરે હું ટપાલ નાખવા સ્ટેશને ગયો અને સ્ટેશન માસ્તરને ટપાલ સોંપીને પૂછ્યું કે 'કંઈ લઈ જવાનું છે?' ત્યારે તેમણે થોડા કાગળ અને છાપાં મારા હાથમાં મૂક્યાં અને કહ્યું કે, 'મિ. ગાંધીને કહેજે કે કેપટાઉનથી તમારા પર જનરલ સ્મટ્સનો ત્રણસો શબ્દનો તાર છે. એ ડરબન આવ્યો ત્યારે મને ત્યાંથી પુછાવ્યું કે એ તાર હમણાં મોકલવો કે નહીં? મેં અત્યારે એ સ્વીકાર્યો નથી, મને અત્યારે ઘણું કામ હોવાથી પાંચ વાગ્યે ટ્રેનમાં જ મેં તે મંગાવ્યો છે.'

મને થયું કે એ તાર લઈને જ હું જાઉં, કારણ પાંચ વાગવાને દોઢબે કલાકથી વધુ વખત થાય એમ ન હતું. પણ મારી ધીરજ ન રહી. મને ખબર હતી કે એ તારની આજ ચાર દિવસ થયાં આતુરતાથી રાહ જોવાય છે. એ તાર આવ્યો છે એ વધામણી ખાવા હું તો તરત દોડતો દોડતો આશ્રમમાં પહોંચ્યો. હાંફતાં હાંફતાં બાપુજીને શોધવા લાગ્યો. બધા વિદ્યાર્થીઓ મારી આસપાસ વીંટળાઈ વળી પૂછવા લાગ્યા, 'શું છે?' 'શું છે?' પણ હું શાનો જવાબ દઉં? મારી પહેલાં એ લોકો વધામણી ખાઈ જાય તો? બહાર ક્યાંય બાપુજીને ન જોયા એટલે હું કોઈને દાદ દીધા વિના સીધો છાપખાનાના દફતરમાં ગયો અને કહેવાનું કહ્યું. વાત વીજળી વેગે બધે પ્રસરી ગઈ. ત્રણસો શબ્દના તાર ઉપર આખી સંસ્થામાં ચોતરફ ચર્ચા થવા લાગી. એનો સાર એ હતો કે 'એટલો લાંબો તાર છે, એટલે કંઈક ગોળગોળ જ હોવો જોઈએ. ચોખ્ખી વાત હોય તો તો ટૂંકમાં જ પતે.'

સાંજની પ્રાર્થના પહેલાં ત્રણસો શબ્દનો એ તાર આવી પહોંચ્યો. બાપુજીએ એ વાંચ્યો ને લડત શરૂ કરી દેવાનું નક્કી કરી નાખ્યું. પ્રાર્થના થઈ ગયા પછી બાપુજીએ મારી બા પાસે 'વૈદર્ભી વનમાં વલવલે, અંધારી છે રાત' એ પદ ગવડાવ્યું. એ ગવાઈ રહ્યું એટલે બધાને સાવધાન કરી બાપુજીએ કહ્યું:

'હવે જેલ જવાનો દિવસ આવી પહોંચ્યો છે. જેલ જવું એ રમત વાત નથી. આખો દિવસ પથરા ફોડવા પડશે. કઠણ જમીન ત્રિકમથી ખોદવી પડશે ને બાવડાં ભરાઈ આવશે. ખાવામાં બહુ વેઠવું પડશે. સ્વાદ તો કોરે રહ્યો, પણ દાળચોખા બફાઈ આવે એ જો સ્વચ્છતાથી રંધાયા હોય તો તેટલુંયે ભાગ્ય સમજવું. ઉપવાસ કરવાના પ્રસંગો પણ આવ્યા વિના નહીં રહે. અને ઉપવાસ કરતાં છતાં મજૂરી કરવાની ના નહીં પડાય. શરીર બેભાન થઈ પડી જાય ત્યાં સુધી કામ કરવાનું છોડી શકાશે નહીં જ. આ બધી વાતો કહી જાઉં છું કારણ કે તમે હજી ફરીને એના ઉપર વિચાર કરો. જેટલો વિચાર કરવો હોય એટલો આજે

કરી લો. જેલમાં ગયા પછી ત્યાંનાં દુ:ખ ન સહેવાય અને આંખમાં આંસુ આવે તેના કરતાં આજે ન જવું એ જ સારું. આજે જે સોળ જણા જવા તૈયાર છે એને બદલે દસ જ જણ જાય અને બીજા બધા રોકાઈ જાય તો મને કાંઈ ખોટું લાગવાનું નથી. પણ એક વાર જેલમાં ગયા પછી ગમે એટલાં વર્ષ લડત લંબાય તોપણ એક વાર જેલમાં જઈ આવી બીજી વાર જવાને નાહિંમત થઈ જાઓ તે કામ ન આવે. એવી રીતે રણમાંથી પાછાં પગલાં ભરવા કરતાં જવું જ નહીં એ વધારે સારું છે.' સાવધાન કરવાને બાપુજી આટલા શબ્દો બોલી રહ્યા પછી દસેક મિનિટ સુધી બધે શાંત ગંભીર વાતાવરણ ફેલાઈ ગયું. બધા ઊંડા વિચારમાં પડી ગયા. અને બાપુજી દરેક જણની ચર્યા નિહાળવા લાગ્યા.

કોઈ કંઈ બોલ્યું નહીં, એટલે થોડી વાર રહીને બાપુજી એકે એકે કરીને દરેકને પૂછવા લાગ્યા. દરેકનું મન કેટલું દઢ છે એનો તાગ કાઢવાને કસી કસીને-પોતાની બધી બૅરિસ્ટરી વાપરીને-ઊલટાસૂલટી પ્રશ્નો પૂછ્યા. જેને જેને સારું સ્વાદભર્યું ખાવાનું જોઈએ છે એમ બાપુ જાણતા હતા તેને ખાવાનો ટેસ કરવા બહાર રોકાઈ જવા કહ્યું; જેને કામમાંથી છટકી જવાની વૃત્તિ રહેતી તેને પણ જેલ જવાનું માંડી વાળવા ચેતવ્યા તથા અતિસ્વમાન જાળવનારા અતિમાનીઓને જેલમાં જઈ તુંકાર ખમવાને બદલે સ્વમાન જાળવી રાખી બહાર જ રહી પડવાની ભલામણ કરી. એમ લલચાવી, ફોસલાવી, હસાવી દરેક જણ કેટલા પાણીમાં છે એ જાણી લીધું. બાપુજીના લલચાવ્યાથી કોઈએ પોતાનો આગલો નિર્ણય ફેરવ્યો નહીં; ઊલટો વધુ દઢ કરી લીધો.

વિદ્યાર્થીઓનો વારો પૂરો થયો એટલે બાનો અને બીજી બહેનોનો વારો આવ્યો. મારી બા તથા કાકીને એક એ વાત પણ કહી કે 'આ વખતે જેલમાં જઈને પાછાં આવો ને તમને એમ જણાય કે અમારાં છોકરાં રખડી પડ્યાં છે, અને એ જોઈ બીજી વાર જેલમાં જવાનું ટાળવા માગો, તો એ નહીં ચાલે. એના કરતાં પહેલી વખતે જ ન જવું. તમારાં છોકરાંઓની સંભાળ લેનારાં તમે જ છો એમ નથી માનવાનું. ઈશ્વર તેમની સંભાળ રાખવાવાળો બેઠો છે. તમે સો ચાડ રાખશો તોપણ ઈશ્વરને છોકરાંની જે વલે કરવી હશે તે તો તે કરશે જ. તમે એમને રઝળતાં મૂકી દેશો તોપણ ઈશ્વર તેમને સંભાળશે અને તેમનું તમે કરી શકો તેથી હજાર ગણું ભલું કરશે. માટે તમે છોકરાંઓના મોહ આડે કર્તવ્ય ચૂકો તે સારું ન કહેવાય. આ બધો વિચાર દરેક જણ સાત વાર કરીને જેલ જવા નીકળજો. હોડે હોડે ન નીકળતા.'

આમ રાતના મોડે સુધી ચર્ચાઓ ચાલ્યા પછી જેલમાં જતી વખતે મુસાફરીમાં કઈ કઈ ચીજ સાથે રાખવી અને કઈ કઈ ન રાખવી એની ચર્ચા

ચાલી. 'ચાકુ, ઘડિયાળ વગેરે ન લઈ જવાં જોઈએ, કારણ જેલમાં દાખલ થતાં એ રાખી મૂકવામાં આવે, પણ પાછા નીકળીએ ત્યારે એ આપવામાં નથી આવતાં' વગેરે વાતો ચાલતી હતી. આ બધી વાતો સાથે મારે તો કંઈ લેવાદેવા હતી જ નહીં. હું તો કાલે બધા જેલમાં જશે એની ખુશાલી સાથે પથારી ભેગો થયો અને મારી ઉંમર નાની છે એટલે કાલે તો મારાથી નહીં જવાય, પણ ચાર વર્ષ પછી હું પણ જેલમાં જઈ શકીશ એવી આશાઓના તરંગો કરતો કોણ જાણે ક્યારે નિદ્રાદેવીની જેલમાં પુરાઈ ગયો.

# જીવનનું પરોઢ

## ભાગ ત્રીજો

## ૧
## સોળ લડવૈયા

સંવત ૧૯૬૯ના ભાદરવા સુદ પૂનમ ને ઈ.સ. ૧૯૧૩ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખ હતી. સોમવારનો દિવસ હતો. જગતના ઈતિહાસનું દિવ્ય પાનું ઊઘડ્યું હતું. કેપની ભૂશિરથી છૂટેલા ત્રણસો વિદ્યુત્‌શબ્દે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ પર વજ્રાઘાત કર્યો હતો. ભારતના સરતાજ માનનીય ગોખલેજીને આપેલાં વચનોને પગ તળે કચડી નાખીને દક્ષિણ આફ્રિકાની સરકાર ચપટીમાં આવેલા ચાંચડની જેમ હિંદી કોમને ચોળી નાખવા તૈયાર હતી. વાટાઘાટ અવળી ઊતરી હતી અને હિંદીઓને લડાઈ આપ્યા વિના છૂટકો ન હતો. હતાશ બની જઈ રિબાતા રહેવા કરતાં પોતાનું ખમીર બતાવી હાથે કરી રેંસાઈ જવાનો ને ભારતમાતાનું નાક સાચવવાનો હિંદીઓએ નિરધાર કર્યો હતો. ફિનિક્સના આશ્રમે એ જવાબદારી ઉપાડી લીધી હતી અને પોતાનું બધું બળ એ લડાઈનો આરંભ કરી મરતાં સુધી એમાંથી પાછાં પગલાં ન કરવામાં ખપાવી દેવાનો નિશ્ચય કર્યો હતો.

આજે કૂચનો દિવસ હતો. સવારના પહોરમાં આખું ફિનિક્સ પ્રસ્થાનની તૈયારીથી ગુંજી ઊઠ્યું હતું. ફિનિક્સનું સૈન્ય સોળ જણનું હતું. બાપુજીએ સોળ માણસની ટુકડી વડે મહાસમર ખેલવાનો રંગ રચ્યો હતો. એ કારમી લડાઈમાં ઝંપલાવનારાં લોખંડી શરીરવાળાં ન હતાં. સોળમાં ચાર તો માતાઓ હતી, જેમાં પૂજ્ય બાની તબિયત ચિંતાભરી હતી. બીજા ચાર બાળકો હતા, જેમને મૂછ ફૂટી હતી એમ પણ ન કહેવાય. સામી બાજુએ સાત સાગરના મદમાતા ધણી અંગ્રેજો અને તેમનેય લોઢાના ચણા ચવડાવનાર વલંદાઓની બનેલી સંયુક્ત સરકાર હતી. પૂરેપૂરી શસ્ત્રસજ્જ, ચાણક્ય જેવી ચકોર અને વકરેલા વાઘ જેવી નિર્દય એ સરકાર સામે બાથોડાં લેવાં એ ભીંતમાં માથું પછાડવા જેવું જ હતું. છતાં બાપુજીની શીખે પથ્થર પિગળાવવાનો સંકલ્પ થઈ ચૂક્યો હતો. કાળ-સિંહની બોડમાં ઘૂસી જઈ વગર-મુઠ્ઠી-ઉગામ્યે તેના જડબામાંથી કોળિયો છીનવી લાવવા સમું એ સાહસ હતું. જીવસટોસટની એ બાજી હતી. પરીકથા કે ઈતિહાસની વાર્તાઓ જેવી એ જગજૂની લડાઈ પણ ન હતી. એમાં શરીરે બખ્તર, માથે તાંસળી કે એવો કશોયે આધાર જીવ બચાવવા માટે ન હતો. વળી કિલ્લામાં ભરાઈને કે ખીણનું નાકું દબાવીને મુઠ્ઠીભર વીરોને હાથે બાજી મારી

લઈ કોઈ અનેરી તક સાધી લેવાની પણ લડાઈ ન હતી. ખુલ્લા મેદાનમાં અણનમ શિરે આગળ ને આગળ ધસ્યે જવાની એ દિવ્ય લડાઈ હતી. ભારતમાતાનું મસ્તક ઊંચું રાખવાની હામ ભીડવાની હતી. સાચને ખાતર મરી ફીટવાનું હતું. લડવૈયાઓને એક જ આશરો હતો: सत्यमेव जयते!

મારી ટેવ પ્રમાણે હું પો ફાટતાં ઊઠ્યો અને ઊઠતાંની સાથે ચોમેર ઘૂમી વળ્યો. ફિનિક્સનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. નિશાળ બંધ, ખેતર પર કામની છુટ્ટી અને બધા પ્રવાસીઓ ઉમંગભેર ગાંસડાં પોટલાં બાંધવામાં રોકાયા હતા. અમે ઈનાન્ડા ફૉલ્સની ઉજાણીએ જવા નીકળતા એ કરતાં ચોગણો ઉત્સાહ દેખાતો હતો.

બાપુજી રસોડામાં ઊભે પગે ઝપાટાબંધ રસોઈનો ઉકેલ આણી રહ્યા હતા. પૂજ્ય બા અને મારી બાની હાજરી વિના રસોડું ખાલી ખાલી લાગતું હતું, પણ બાપુજીએ એમની ગેરહાજરીને લીધે કામ ધીમું પડવા નહોતું દીધું. રોટલીનો ખડકલો પતાવવામાં એમની મદદમાં હું ભૂલતો ન હોઉં તો મગનકાકા હતા. ડબલ રોટીનો લોટ કુણવવાની આકરી મહેનત દેવદાસકાકાને સોંપાઈ હતી અને હું પહોંચ્યો ત્યારે મારે ભાગે રોજનું જૂનું કામ જ આવ્યું: શાક સુધારવાનું.

રસોઈની આટલી ધમાલમાં પણ બાપુજીનું ધ્યાન સોળ સત્યાગ્રહીઓ શું સામાન સાથે લે ને શું ન લે તેની સૂચનાઓ આપવામાં હતું. પાંચપાંચ દસદસ મિનિટે કોઈ ને કોઈ સવાલ પૂછવા આવી પહોંચતું અને બાપુજી હળવેથી ખુલાસાવાર જવાબ દેતા. જેલમાં ખપની અને ખપ વગરની વસ્તુ શી, એ સમજાવતા અને ભાતભાતનો વિનોદ કરતા.

વિદાયનો દિવસ હોઈ લડવૈયાઓને સારુ ઘરનું એ છેલ્લું ભોજન હતું. એટલે બાપુજીએ જમવાનો ઘંટ વાગતાં સુધીમાં જાતજાતની રસોઈ તૈયાર કરી દીધી. રોટલી, ખીર, મસાલેદાર શાક, ટમાટાં વગેરેની કચુંબર, ખજૂરનો રસ અને કઢી ભાત ઈત્યાદિ વિવિધ વાનીઓ બનેલી આજેયે મારી નજર સામે તરે છે. એ દિવસનો થાળ મેં નોંધી રાખ્યો નથી, છતાં એટલું યાદ છે કે ફિનિક્સમાં વારતહેવારે મળતું એ કરતાંયે વધુ સ્વાદિષ્ટ ને મઘમઘતું ભોજન હોંશે હોંશે બાપુજીએ સૌને તે દિવસે પીરસ્યું હતું. સાથે સાથે એમણે એમ પણ કહેલું કે ફરી જેલમાંથી નીકળો ત્યાં સુધી આવાં ભોજન નથી મળવાનાં. એટલે અત્યારે મન ભરી લો, જેથી કરી જેલમાં બેઠે સારું સારું ખાવા માટે મોઢામાં પાણી ન છૂટે. મધ્યાહ્ન પહેલાં વિનોદ અને આનંદપૂર્વક એ ભોજન પૂરું થયું. પણ ભાણેથી ઊઠતાંની સાથે એકાએક ચોમેર ગંભીરતા છવાઈ ગઈ.

ટ્રેન સાંજે ચાર વાગ્યે જવાની હતી. સ્ટેશને જવાને હજુ ત્રણેક કલાકની વાર હતી. ડૂબકી મારતાં પહેલાં જેમ મરજીવો ઊંડો શ્વાસ તાણે, શરીર સંકોચે

અને નસેનસ અક્કડ બનાવે તે પ્રમાણે હવે સત્યાગ્રહીઓ ફિનિક્સની વહાલસોઈ ભૂમિમાંથી વિદાય લેવાને તથા પાછળ રહેનારા વિદાય આપવાને પોતપોતાના મનને જાણે નિચોવી રહ્યા હતા. જેલ જવાની વાતો તો હળવે હૈયે રોજ ચાલ્યા કરતી, પણ પ્રયાણની ઘડી સામે આવીને ઊભી રહી કે કઈ પરિસ્થિતિમાં ઝંપલાવવાનું છે તેનું આખું ચિત્ર નજર સામે ખડું થયું. દિવસો સુધી ચર્ચાયેલી વાતો તથા બાપુજીએ આપેલી સાવધાનીની સ્મૃતિ ફિનિક્સના વાતાવરણમાં પથરાઈ ગઈ.

લોહીચૂસ કાયદાઓ હિંદી કોમને વળગ્યા હોય ત્યાં સુધી સત્યાગ્રહ કર્યા કરવો. ત્રણ પાઉંડ સમો ઘાતક કર નાબૂદ ન થાય ત્યાં સુધી જેલ જયા જ કરવું. જેમના ઉપર એ કરનો બોજો છે એ ગિરમીટિયાઓની મદદ કેટલી મળશે એ શંકાભર્યું હોવા છતાં તેમને ખાતર આપણે — જેઓને ત્રણ પાઉંડના કર સાથે લેવાદેવા નથી તેમણે — અંત સુધી ઝૂઝતા જ રહેવું. ભલેને પછી સરકાર બે વરસ, ચાર વરસ કે આઠ વરસ સુધી પણ હઠીલી થઈ નમતું ન મૂકે. બીજી તરફથી આપણા કોમી ભાઈઓ કંટાળી જાય, આ લડાઈ તેમને માલ વિનાની લાગે અને નાહકના ફના થવામાં સાર ન જોઈ તેઓ સત્યાગ્રહયુદ્ધમાં જોડાતા અટકે એટલું જ નહીં પણ આપણી આડે ઊતરે, આપણને વખોડે, તોપણ જે સોળ જણા આજે પગરણ કરે છે એમણે તો હેઠા બેસવાનું જ નથી. ફિનિક્સનું નામનિશાન રહે ત્યાં સુધી જંપવાનું નથી. એ બધી વાતની પૂરી ગણતરી સાથે જ આજનું મંગળાચરણ કરવાનું છે એ સમજ હરેક ફિનિક્સવાસીના મગજમાં તાજી થવા લાગી અને અંધારા ભવિષ્યની કલ્પનાએ ઘડી વાર સૌને ગમગીન કરી મૂક્યા, અથવા કહો કે, પોતપોતાની શક્તિ મુજબ અંતર્મુખ બનાવ્યા.

બે વાગતાં બધાંનાં બિસ્તરાપોટકાં ઠેલામાં ખડકાઈ રવાના થઈ ગયાં. પછી સૌ પ્રાર્થનાની જગ્યાએ બાપુજીના છેલ્લા આશીર્વાદ લેવાને ભેગાં થયાં. એકેએકે સૌ આવી ગયાં અને ખુરસી બાંકડા ભરાઈ ગયા એટલે પોતાની શાંત ગંભીર અને મીઠી વાણી વડે બાપુજીએ બધાંને વીરરસથી ભરી મૂક્યાં.

'જોજો! લાજ રાખજો. અત્યારે જેવા ઉત્સાહ અને આનંદમાં છો એવા જ ઉત્સાહ અને આનંદમાં ગમે તેટલું દુ:ખ આવી પડે તોયે રહેજો. આપણો ઉત્સાહ મરણની ઘડીએ પણ તલભાર મોળો ન પડવો જોઈએ. ત્રણ મહિનાની જેલ એ તો કંઈ વિસાતની વાત નથી. એમાં તો ચેન છે. પહેરવાને કપડાં, સૂવાને પથારી, ખાવાને ખોરાક એ બધું નિયમિત મળ્યા કરશે. મજૂરી કરવી પડશે, પણ એ તો આકરી લાગવી જ ન જોઈએ; આળસુને તથા એદીને એ આકરી લાગે. આપણે ક્યાં અહીં મજૂરી નહોતા કરતા? ઊલટી અહીં વધુ કરતા હતા. જો સાચી

દાનતથી જરાયે આળસ કર્યા વિના મજૂરી કરશો, તમારી શક્તિ જરાય નહીં ચોરો તો દારોગાને તમારે માથે ચોકી જ શાની કરવી પડે? હું સમજું છું કે તમે જુવાનિયાઓ દારોગાનું વેણ જરાયે નહીં સાંખી શકો; તમારું લોહી તપી જશે. પણ એ જ આપણે વેઠવાનું છે. એ જ આપણી તપશ્ચર્યા છે. આપણાથી ક્રોધ કરાય જ નહીં. તપસ્વી ક્રોધ કરે તો તપસ્યાનું બળ ફોક થાય. આપણે તો સંપૂર્ણ નિર્દોષતા જાળવવાની છે. જો એ તમે જાળવશો તો દારોગાનું કહ્યું તમને સાલશે નહીં, પણ સહેજે એનું બોલ્યું સાંભળ્યું ન સાંભળ્યું તમે કરી શકશો. ખાવાની કે એવી લાલચમાં પડી કોઈને લાંચ આપવી કે ક્યાંકથી ચોરી લેવું વગેરેમાં તમે જરાય નહીં પડો એવી મારી આશા છે. એવી વાતમાં નિર્બળ બની જશો તો ફાંસીએ ચડવાનો વારો આવ્યે તમે નિર્બળ નહીં બનો એની શી ખાતરી? તમને જુવાન બાળકોને મારી આટલી સલાહ છે. આમાં જે મોટા છે એમને તો મારે શું કહેવાનું હોય? સત્ય એ આપણો ધોરી રસ્તો છે. એના ઉપરથી ગબડી ન પડાય એટલું સાચવવાનું છે. એ સાચવતાં દુ:ખસુખનાં વાદળ ઘેરાવાનાં અને છૂટાં પડી જવાનાં. સુખ જેમ હંમેશને માટે નથી ટકતું તેમ દુ:ખ પણ રોજ નથી રહેતું. દુ:ખથી ગભરાઈ જનારને દુ:ખના દિવસ લાંબા લાગે છે એટલું જ. આપણે જો મનને બરાબર લગામમાં રાખી, એ સત્યનો ધોરી માર્ગ નહીં ચૂકીએ તો જરૂર માનજો કે આપણી જીત છે. લાંબે લાંબે નજર કરી નિરાશ થવા કરતાં લાંબી નજર જ ન કરવી. આપણું પગલું સાચું અને અડગ હશે તો ગમે એટલા લાંબા રસ્તાનો અંત જરૂર આવવાનો.

'બીજી વાત એ કે માથે દુ:ખ આવી પડતાં જેલમાં ન્યાય મેળવવા પાંચ પાંચ છ છ અપવાસ થઈ ગયા પછી મન અને બુદ્ધિ હાથમાં નહીં રહે ત્યારે તમને થશે કે આપણે શા સારુ બીજા માટે દુ:ખ ભોગવીએ છીએ? આપણને બહાર શું ઊણું છે કે નકામા આ લપમાં પડીએ છીએ? ત્રણ પાઉંડનો કર ક્યાં આપણે માથે છે? આપણે ક્યાં ટ્રાંસવાલ જવું છે.? નાતાલમાં નિરાંતે બેઠા હતા ત્યાંથી અહીં ક્યાં આવી ભરાણા? આવા અનેક તરંગો ઊઠશે. પણ એવા વિચાર ક્ષણભર પણ આપણને છાજે નહીં. આપણે ઘણી વાર નરસિંહ મહેતાનું પદ ગાઈએ છીએ એમાં પહેલી વાત જ એ છે ને, કે 'પરદુ:ખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે' એ વૈષ્ણવજન. આપણામાંથી ઘણાના ગળામાં કંઠી છે. આપણે વૈષ્ણવ જન્મ્યા છીએ. આપણો ધર્મ છે કે પારકાંને દુ:ખે દુ:ખી થવું. બીજાંને દુ:ખે દુ:ખી થવા સિવાય, એમના કષ્ટમાં ભાગ લીધા સિવાય આપણે વધુ કંઈ નથી કરી શકતા. પારકાનું તો શું પણ આપણા સગાભાઈનુંયે દુ:ખ દૂર કરવું એ આપણા હાથની વાત નથી, દુ:ખ દૂર તો ઈશ્વર કરે છે. જે વાત ઈશ્વર

કરે છે, જેમાં આપણાથી તલભાર આઘુંપાછું નથી થઈ શકતું, એમાં આપણે શા માટે અભિમાને ફુલાવું જોઈએ? ભરતજી નંદીગ્રામમાં શા માટે જઈને રહ્યા હતા? એમને અયોધ્યામાં શું દુ:ખ હતું? કંઈ ન હતું. પણ રામ વનવાસનાં દુ:ખ સહે ત્યારે એનાથી કેમ નિરાંતે સેજ પર સૂઈ શકાય? જ્યારે મનમાં સહેજ પણ શંકા આવે, દુ:ખથી નાસવાના તરંગોમાં પડી જવાય ત્યારે આ બધી વાતો જે રોજ આપણે રામાયણમાં વાંચી છે અને ભજનોમાં ગઈ છે એનો ખ્યાલ કરવો. એ વચનોમાં હેતુ શો છે એ શોધતા રહેવું. તો રામ તમારી વહારે દોડી આવશે અને તમારા હૈયામાં વસશે. અંતરમાં ખૂબ બળ આવશે અને એ જ શક્તિથી પારકાને દુ:ખે હસતે મોઢે મરવામાં પણ તમે પાછી પાની નહીં કરો.'

આટલું કહી, છેવટે મારી બા વગેરેને સંબોધીને બાપુએ કહ્યું કે, 'તમે છોકરાંઓને છોડી જાઓ છો તેમની ઈશ્વર કાળજી રાખશે. તમારે એમની જરાય ચિંતા ન કરવી. ત્યાં જેલમાં બેઠે રામનું રટણ કર્યા કરો અને પ્રસન્ન રહી તમારી ફરજ સંભાળો એટલે બસ. છોકરાંઓ પણ અહીં પ્રસન્ન રહેશે અને ગેલ કરશે. બસ, હવે પહેલાં 'વૈષ્ણવ જન' ને પછી 'સુખદુ:ખ મનમાં ન આણીએ' એ બે ભજન બધાં સાથે મળીને ગાઈ લો એટલે પછી આપણે નીકળીએ.'

મારી બાએ એક પછી એક ભજન ઉપાડ્યું. તેની પાછળ પાછળ બધાંનો કંઠ ભળ્યો. અનેક ગળાં ગદ્‌ગદ થઈ ગયાં. પચીસત્રીસ જાણનો એકઠો અવાજ પણ શાંત અને નાનો રહ્યો. આખા ઓરડાનું વાતાવરણ ધ્રૂજી ઊઠ્યું. ભજનો ગવાઈ રહેતાં બાપુજીએ છેવટનો આદેશ આપ્યો: 'આ બંને ભજનો તમારા ભાતામાં બાંધજો, એનું રટણ કર્યા કરજો અને એ સમજી લઈ એ પ્રમાણે વરતજો.'

થોડી વાર બધે શાંતિ પથરાઈ ગઈ. કોઈ કોઈની સામે જોતું ન હતું. સૌ જાણે પોતાના ઊંડાણને ભાળતાં બેઠાં હતાં. અનેક વીરોની — લડવૈયાઓની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મારા જેવા બાળકની આવે વખતે માતૃમંડળ તરફ નજર જાય એ સ્વાભાવિક જ હતું. મેં જોયું કે પૂજ્ય બા, મારી બા અને મારી કાકી દરેકે મહામહેનતે પોતાની આંસુની ધારાઓને ખાળી રાખી હતી.

પણ આ કરુણામય વાતાવરણમાં બધાં ડૂબી જાય એ કેમ પોસાય? બેચાર મિનિટ બધાં સૂમસામ બેસી રહ્યાં ત્યાં તો બાપુજીએ ધીમે ધીમે એ વાદળ વિખેરી નાખ્યું. ત્રણેક વરસની નાની રુખીને તેમણે મારી કાકીના ખોળામાંથી લઈ લીધી અને માથી વિખૂટી પડતાં એ રડે નહીં એટલા માટે તેને રમાડવા લાગ્યા. રુખી તો રમતે ચડતાં ચડી, પણ બાપુજી એને જે રીતે હસાવવા લાગ્યા એ જોઈને બધાંને ગળે બાઝેલો ડૂમો છૂટી ગયો અને એક પછી એક ખુરશી ઉપરથી ઊભાં થઈ સૌ સ્ટેશને જવા તૈયાર થઈ ગયાં.

એ સોળે જણાંને વળાવવા અમે બધાં પણ સ્ટેશને જવા ઊપડ્યાં. છાપાનું, ઘરનું, ખેતરનું કે રસોડાનું કામ આજે કોઈને રોકી રાખી ન શક્યું. એક સત્યાગ્રહીને વિદાય આપતાંયે હૈયું હાથ ન રહે, તો આજે તો ફિનિક્સ લગભગ ખાલી થવાનું હતું. પાછળ રહેનારામાં બાપુજી અને મગનકાકા સિવાય અમે બાળકો જ હતાં. મોરચો લેનારા વીરોની નામાવલિ આમ હતી:

બહેનો: ૧. પૂજ્ય કસ્તૂરબા, ૨. કાશીબહેન (મારી માતા), ૩. સંતોકબહેન (મારા કાકી), ૪. જયકુંવરબહેન (રંગૂનવાળા દા. પ્રાણજીવદાસનાં પુત્રી); પુરુષો: ૫. પૂ. શ્રી પારસી રુસ્તમજી શેઠ, ૬. શ્રી છગનલાલ ખુશાલચંદ ગાંધી (મારા પિતાશ્રી), ૭.શ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલ, ૮. શ્રી મગનભાઈ હરિભાઈ પટેલ, ૯. શ્રી સૉલૉમન રૉયપન, ૧૦. શ્રી ગોવિંદસ્વામી રાજુજી; કુમારો: ૧૧. શ્રી શિવપૂજન બદ્રી, ૧૨. શ્રી રાજુ ગોવિંદુ; કિશોરો: ૧૩. શ્રી રામદાસ મોહનદાસ ગાંધી, ૧૪. શ્રી રેવાશંકર રતનશી સોઢા, ૧૫. શ્રી કુપ્પુસ્વામી મુદલિયાર, ૧૬. શ્રી ગોકળદાસ હંસરાજ.

આ સોળ જણા સિવાય ફિનિક્સમાં જે બીજા કાર્યકર્તાઓ રહી જતા હતા, તે પહેલો જથ્થો પકડાયા પછી બીજા જથામાં જવાને તૈયાર થવાના હતા. તે વખતે સૌની અટકળ એવી હતી કે આ વેળાના સત્યાગ્રહમાં જેલ જનારો મોટામાં મોટો જથ્થો આ જ છે. એના પકડાયા બાદ છૂટક છૂટક બે પાંચ, બે પાંચ સત્યાગ્રહીઓ જેલ જશે ને એ સૌ ગણ્યાગાંઠ્યા વીરોને જ વારે વારે જેલમાંથી નીકળી ફરી પાછા જેલ જવાનું રહેશે. કોઈ વિશાળ ભવ્ય મોરચાની ઝાંખી કલ્પનાયે ત્યારે અમારામાં ભાગ્યે જ કોઈને હતી.

## ૨.
## પ્રસ્થાન

ટૉલ્સ્ટૉય ફાર્મથી ફિનિક્સ આવીને બાપુજી વસ્યા ત્યારથી એમણે ફિનિક્સવાસીઓને ભવિષ્યના સત્યાગ્રહ સારુ તાલીમ આપી પલોટવા માંડ્યા હતા: ‘કાયદાઓનો ભંગ કરવાનો વારો આવે ત્યારે ફિનિક્સના સત્યાગ્રહીઓની માણસાઈ ઓસરે નહીં, તેમનામાં કોઈ ખૂણેયે પશુતાનું દર્શન ન થાય, તેઓ જેટલી હિંમત બતાવે તેથીયે વધારે પોતાની સલૂકાઈ પ્રગટાવે. જે પ્રમાણે તેઓ કાયરતાથી સો ગાઉ છેટા રહે તે પ્રમાણે પોતાને રિબાવનારાઓ પર કિન્નો રાખવાથીયે દૂર રહે. ટૂંકમાં, બલિ થનાર દરેક જણ પોતાને જેટલો શુદ્ધ બનાવી શકે એટલો બનાવે’; આ દૃષ્ટિએ થોડાઘણાયે લાયક એવા જેટલા સત્યાગ્રહી મળ્યા એમને તેમણે મોખરે કર્યા.

લડનારા તૈયાર થયા, પણ લડવું શી રીતે? કઈ રીતનો કાયદાભંગ કરવો, જેથી કાયદાભંગ કરનારની નૈતિકતા અને સજ્જનતાને આંચ ન આવે છતાં વિરોધી પોતાનું સામટું બળ લડવૈયાઓ ઉપર અજમાવવા માંડે? આ પહેલાંની લડતમાં હિંદીઓ વગરપરવાને નાતાલથી ટ્રાન્સવાલમાં પ્રવેશતા એટલે પોલીસ તેમને પકડતી. પણ છેવટે ત્યાંની સરકારે બાપુજી તેમ જ બીજા જાણીતા નેતાઓને એ રીતે પકડવાનું બંધ કર્યું હતું. ફિનિક્સની ટોળીનેયે તેઓ એ પ્રમાણે જતા કરે અને લડાઈ ઢીલમાં પડે એવો સંભવ હતો. પણ ટ્રાન્સવાલ જતાં પકડાવા કરતાં કાયદાભંગનો બીજો વધુ નિર્દોષ પ્રયોગ બાપુજી પાસે ન હતો. એટલે બાપુજીએ ઠરાવ્યું કે ફિનિક્સની ટોળીએ પોતાનાં નામઠામ પોલીસને આપવાં નહીં અને અદાલતમાં પણ સજા ન થઈ જાય ત્યાં સુધી પૂરી ઓળખ ન આપવી.

દક્ષિણ આફ્રિકાની સરકાર બરાબર પડકાર ઝીલે એ કારણે પહેલી ટોળીમાં બાપુજી પોતે ભળ્યા ન હતા, કારણ બાપુજીને જેલ મોકલી સરકાર વિલાયતમાં ને હિંદમાં નકામો ખળભળાટ ઊભો કરવા ન ઈચ્છે એ સ્પષ્ટ હતું. એ જ રીતે પૂ. બા, રુસ્તમજી શેઠ તેમ જ બાપુજીનાં બીજાં સગાંઓને કેદ પકડતાં સરકાર અચકાય એવો ખ્યાલ ફિનિક્સમાં સૌને હતો. ફિનિક્સથી સત્યાગ્રહ કરવાને ટોળી ઊપડે છે એની ખબર ફિનિક્સની બહાર કોઈને ભાગ્યે જ હતી. એથી સરહદના અમલદારો આ પ્રવાસીઓ પ્રત્યે કોઈ જુદી રીતે વરતે એવો સંભવ ન હતો. છતાં ફિનિક્સથી નીકળતાં બાપુજીએ સૂચવ્યું કે દરેકે પોતાનું નામ બદલી નાખવું, જેમ કે બાનું નામ 'મિસિસ ગાંધી' નહીં પણ 'કસ્તૂરબહેન', પારસી રુસ્તમજીનું કેવળ રુસ્તમ, મારા પિતાશ્રીનું સી. કે. ગાંધી નહીં પણ 'છગનલાલ' અને મારી બા, કાકી રામદાસકાકાના નામને છેડે પણ ગાંધી નામ આવવા ન દેવું. આ પહેલાંના સત્યાગ્રહોમાં મિ. રતનશી સોઢા અને મિસિસ સોઢા પણ ખૂબ પ્રસિદ્ધ થઈ ચૂક્યાં હતાં એટલે રેવાશંકર સોઢાના નામમાંથીયે સોઢા શબ્દ ઉડાવી દેવાની ભલામણ બાપુજીએ કરી.

આ ટૂંકાં નામો ઉપર વિનોદ કરતા અમે સૌ સ્ટેશને જવા ઊપડ્યાં. અમે વાતો કરતા જતા હતા ત્યાં ચર્ચામાં ને ચર્ચામાં અમારામાંના એકે સવાલ કર્યો કે 'આવી રીતે નામ છુપાવવાં એ શું જૂઠાણું ન કહેવાય? સત્યાગ્રહીથી એમ જૂઠું કહેવાય? અને વળી બાપુજી જ એમ સફાઈદાર જૂઠું બોલવાનું કહે એ કેવું!' પરંતુ એ જૂઠું નથી, એમાં અસત્યનો સ્પર્શ પણ નથી એમ બાપુજીએ અમારી ચર્ચા સાંભળી જવાથી અમને સમજાવ્યું અને કહ્યું, 'જૂઠું એટલે તો જે ન હોય તે કહેવું. હોય તે ન કહેવું એમાં જૂઠાણું નથી. અમુક વાત હું જાણતો હોઉં અને

મારે કોઈને કહેવી ન હોય તો હું ધરાર ન કહું. મને ધમકાવે, રિબાવે તોપણ ન કહું. એમ ન કહું કે હું જાણતો નથી, અથવા ડરનો માર્યો કંઈક બીજું પણ ન કહું; પરંતુ એમ કહું કે હું એ જાણું છું છતાં કહેવાનો નથી. એટલું પણ મારે ન જણાવવું હોય તો એમ પણ કહુ કે જાણું છું કે નથી જાણતો એ પણ કહેવા હું તૈયાર નથી. એમ આમાંયે અર્ધાં નામ આપવાં ને અર્ધાં ન આપવાં એ જૂઠાણું નથી.'

શરૂઆતમાં અમારું આખું ટોળું બાપુજીની સાથે સાથે ચાલ્યું, પણ પછી અમારી ટુકડીઓ પડવા માંડી. ચાલવાવાળા પાંચ માણસ હોય ત્યાં પણ લોકો બે ટુકડીમાં ચાલવાના. આ સ્વભાવ મુજબ અમારો સંઘ પણ ફંટાયો. અમારી વિદ્યાર્થીઓની ટોળી આગળ થઈ. તેમાં પણ બેત્રણ ભાગ પડ્યા. મારી અને મારા બેત્રણ ગોઠિયાઓની એક ટુકડી ગોઠવાઈ જઈ ધિંગામસ્તી કરતી આગળ ચાલી. કોઈના ખીસામાંથી નવો રેશમી રૂમાલ ખેંચી લઈએ અને એ માગે ત્યારે 'જેલમાં એનું શું કામ છે?' એમ કહી એને ભોંઠો પાડીએ અને એ માગી માગીને થાકે ત્યારે એને આપીએ. રમત કરતાં થાક્યા એટલે વળી પાછા જેલની વાતો પર આવ્યા. મેં મારા મનની બળતરા કાઢી કે ત્રણ મહિનાની જેલ પૂરી થયા પછી તમે લોકો અહીં આવીને પાછા જશો અને એ વખતે પણ અમને સાથે નહીં લઈ જાઓ. તમે તો આગગાડીમાં ફરવાની ને ટ્રાન્સવાલ જવાની ને એવી ઘણીયે લહેર કરશો અને અમારે અહીં ભણવાનું ને બીબાં ગોઠવવાનું રહેશે. રેવાશંકર જેવો ઓછો હોશિયાર મારી સાથે હતો ત્યાં સુધી મને અમુક કામ ન આવડે તેનો ઝાઝો કચવાટ ન થતો. હવે તો દેવદાસકાકા સાથે મારું કામ સરખાવાશે, એમાં હું તદ્દન પાછો પડવાનો. થોડા દિવસમાં બાપુજી પણ જશે. એટલે મારે મગનકાકાની આકરી પરીક્ષામાં પાસ થવું પડશે અને કેટલીયે વાર રોવાઈ જવાશે. હું સોળ વરસનો નથી થયો એ કંઈ મારો ગુનો છે? બાપુજી અમને શા માટે નહીં લઈ જતા હોય? નાના છોકરાઓ ચોરી કરે ત્યારે એને જેલમાં નહીં પૂરતા હોય?'

કુપ્પુએ જવાબ આપ્યો, 'નાના છોકરા ગુનો કરે તો એને મૅજિસ્ટ્રેટ થોડા ચાબખા મરાવીને છોડી મૂકે અથવા 'રેફરમેટરી'માં લઈ જાય. રેફરમેટરીમાં બધા નાના છોકરાઓ જ હોય અને ત્યાં એમની પાસે નેતર ભરવાનું ને એવું કામ કરાવે. એ સોળ વરસના થાય ત્યારે છોડી મૂકે.' મને તો એ વાત ભાવી ગઈ અને હું કૂદી ઊઠ્યો ને કહ્યું, 'બસ, હું બાપુજીને કહીશ કે અમને પણ સત્યાગ્રહ કરવા જવા દો. અમે રેફરમેટરીમાં જઈશું.'

કુપ્પુ કહે, પણ રેફરમેટરીમાં તો ચોરી કરે કે જૂઠું બોલે તેને જ મોકલે; આપણા જેવા કાયદો તોડનારને ન મોકલે. તું વૉલક્રસ્ટ જા તો તને પાછો નાતાલમાં લાવી તારે ઘેર મૂકી જાય.'

આમ સારી પેઠે વાદવિવાદ કર્યા પછી હું હતાશ થઈ ગયો ત્યારે એ સાથીઓએ મને દિલાસો આપ્યો કે 'તું શું કામ આટલાં ફાંફાં મારે છે? ચાર વરસ પછી તું પણ અમારી સાથે આવી શકીશ. શરીરે ખૂબ વધી જજે અને સોળ વરસનો લાગજે. તો તો ચાર નહીં તો ત્રણ વર્ષે તો જેલ જવાની તને બાપુજી હા પાડશે. રામદાસને ક્યાં સોળ વર્ષ પૂરાં થયાં છે? હજુ થોડા મહિના બાકી છે તોયે સોળ વર્ષ જેવડા લાગે છે એટલે એને બાપુ મોકલે છે. જો તો ખરો, બે વરસ પછી દેવદાસ અને ત્યાર પછી વરસદહાડે તું અમારી સાથે આવવાનો અને આ લડત એટલી તો ચાલવાની જ. આમ આશ્વાસન આપી તેમણે મને જરા ધીમો પાડ્યો. દોસ્તદારોની ટોળી છોડી, થોડી વાર પૂજ્ય બા, મારી બા વગેરે ચાલતાં હતાં તેમની સાથે હું અને દેવદાસકાકા ચાલવા લાગ્યા. મારી બાએ મને શિખામણ આપી કે તમે બંને (હું ને દેવદાસકાકા) જેવા સાથે રહો છો, એકબીજા સાથે તમારું જેમ બને છે તેમ સાથે રહેજો અને કામ તથા મજા કરજો. પછી દેવદાસકાકાને સંબોધીને મારી બાએ કહ્યું, 'દેવદાસભાઈ, પ્રભુને તમારો નાનો ભાઈ ગણીને રાખજો અને શિખામણ આપજો. એ અટકચાળાં કરી વાંકમાં ન આવી જાય. બાકી તો બાપુ થોડા દિવસ અહીં છે એટલે શું કહું?' પૂજ્ય બાએ પણ દેવદાસકાકાને થોડીક શિખામણ આપી. અમે પાછા દોડીને આગળ થઈ જઈએ તે પહેલાં મારી કાકીએ પણ અમને બેયને રોકી રાખી નાનાં છોકરાંઓને સંભાળવાનું, કચા-કેશુને છૂટા રખડવા ન દેવાનું અને એવું બીજું કેટલુંય સમજાવ્યું. અમે મોઢું ઢાવકું રાખી એ બધું સાંભળી લીધું અને આગળ દોડી ગયા.

આમ આસ્તે આસ્તે ચાલતાં, ગપાટા મારતાં, કલાક સવા કલાકમાં સ્ટેશન પર આવી પહોંચ્યાં. 'વૈષ્ણવજન' તથા 'સુખદુઃખ મનમાં ન આણીએ' ભજનો ગાઈ રહ્યા પછી સૌના મનમાં જે ઊભરા આવેલા એ હવે કંઈક હેઠે બેઠા હતા. સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર સૌ હસતાંરમતાં ટહેલવા લાગ્યાં. અને હવે તો ક્યારે ટ્રેન આવે અને આપણી લડતનું મંગળાચરણ થાય, એવી અધીરાઈ આવી ગઈ. ટ્રેન આવવાને પાએક કલાકની વાર હતી ત્યાં નાની રુખીને તેડી મારા પિતાશ્રી તથા રાવજીભાઈ સાથે વાત કરતા કરતા બાપુજી પણ સ્ટેશને આવી પહોંચ્યા અને પૂ. બા સાથે વાતો કરવા લાગ્યા.

આમ વાતોમાં થોડો વખત વીત્યો ત્યાં લીલો વાવટો ફરક્યો અને દૂરથી કાળા ડાઘા જેવી ટ્રેન આવતી જણાઈ. ભકભક કરતું એન્જિન પ્લૅટફૉર્મમાં દાખલ થયું ને ડબ્બાઓનો ગડગડાટ કાને પડ્યો. એ ઘડીએ મારી છાતીમાં ધબકારા થવા લાગ્યા. તરત જ છોકરાઓની ટોળીમાંથી છૂટો થઈને મારી બા તથા પિતાશ્રી ઊભા હતા એ તરફ વળ્યો અને દૂર ઊભા રહી એકીનજરે એમની

સામે મેં જોયા કર્યું. ક્ષણભર ધ્રૂજી ગયો. 'માબાપ જેલમાં જાય છે, હવે પાછાં મળે અને ન પણ મળે. હું એકલો પડી જવાનો. કૃષ્ણદાસની સંભાળ મારે એકલાએ રાખવી પડવાની.' વગેરે વિચારો વીજળીના ઝબકારાની જેમ ઝબકી જઈ દિલને આંચકો મારતા ગયા. ગળે ડૂમો બાઝી ગયો. નીચી આંખે ઝટ ઝટ માબાપ અને બીજાં મોટાંઓને મેં પગે લાગી લીધું અને ત્યાંથી ખસી ગયો.

બાપુજીએ રુખીને મગનકાકાના હાથમાં સોંપી દીધી હતી. રાધા રુખી જેટલી નાની ન હતી એટલે સમજણી હતી અને એ મારી કાકીને છોડે એમ ન હતી. એટલે મારી બાએ રાધાને આગળથી પોતાની પાસે લઈ લીધી હતી અને કાકીને પહેલાં ટ્રેનમાં બેસી જવાની ગોઠવણ કરી હતી. ટ્રેન ઊપડવાનો વખત થયો ને મારી બાને ટ્રેનમાં ચડવાનું આવ્યું એટલે એમની પાસેથી બાપુજીએ રાધાને લઈ લીધી. પણ એ રોયા વિના રહી નહીં. ખૂબ રોવા લાગી. બાપુજી એને છાની રાખતા હતા ત્યારે મારું ધ્યાન એ તરફ ખેંચાયું. ચાર વર્ષની નાની ઉંમરે એ શું સમજી શકે? પણ એનાથી નાની રુખી નહોતી રોતી એ બતાવી બાપુજી એને સમજાવતા હતા. હું મારા સાથીઓ જ્યાં ડબામાં ચડતા હતા ત્યાં જઈ પહોંચ્યો.

આખી ટ્રેનમાં કાળા લોકોને બેસવાના જેટલા ડબા હતા એ બધા ચિકાર ભરાઈ ગયા હતા. છતાં એમાં જેટલા માય એટલા ચડી ગયા. તોયે બહાર ઠીક ઠીક સામાન પડ્યો રહ્યો અને ત્રણચાર જણને બેસવાની ક્યાંયે જગ્યા ન હતી એટલે રેવાશંકર, સૉલૉમન, કુપ્પુસ્વામી વગેરેએ પડખેનો ગોરાઓને બેસવાનો ડબો ઉઘાડ્યો. દક્ષિણ આફ્રિકાની રેલગાડીમાં કાળાઓને બેસવાના ડબા પર 'રિઝર્વ્ડ'નું પાટિયું લગાવેલું હોય છે. 'રિઝર્વ્ડ' ન લખ્યું હોય એવા ડબામાં આપણા જેવા કાળા હિંદીઓ કે હબસીઓથી બેસી ન શકાય. એ બધા યુરોપિયનોના ડબા ગણાય.

નવા સત્યાગ્રહીઓએ જે ડબો ઉઘાડ્યો એ એન્જિનની પાસેનો હતો એટલે ડ્રાઈવરનું એકદમ ધ્યાન ખેંચાયું. ત્યાં ડ્રાઈવરો, ગાર્ડો, સ્ટેશનમાસ્તરો બધા ગોરા જ હોય છે. ડ્રાઈવર ને ગાર્ડ બંને જોશભેર એ ડબા આગળ ધસી આવ્યા. ઉપર ચડેલાને ઉતારવા લાગ્યા, સામાન ચડાવનારાઓને રોકવા લાગ્યા ને સામાન પણ બહાર ખેંચી કાઢવાનો પ્રયાસ કર્યો. 'ચાલો, ઊતરો નીચે; જોતા નથી કે એ ડબો તમારે માટે નથી.' પણ એ બિચારાને ક્યાં ખબર હતી કે આ લોકો સામાન્ય કાળા લોકો નથી, પણ મોતને સાટે લડાઈ લડવા તૈયાર થયેલા છે. નવા વીરોએ તો શાંતિથી પોતાના ધામા ડબામાં નાખ્યા અને દરવાજો પણ વાસી દઈ ગાર્ડને કહ્યું, 'બીજા ડબામાં જગ્યા નથી એટલે અમે આમાં બેઠા

છીએ. હવે તું ગમે તે કરીશ તોયે અમે ઊતરવાના નથી. તારે કરવું હોય તે કરી લે.'

ટ્રેનમાં જનારા જ આ બધી વાત લડી લેતા હતા એટલે અમારે - એમને વળાવવા આવનારાઓને - વચમાં પડવાની જરૂર ન પડી. અમે તો નિરાંતે તમાશો જોતા ઊભા હતા. ગાડી ઉપાડવાનો વખત ક્યારનો થઈ ગયો હતો. પાંચેક મિનિટ ટ્રેન રોકાતી તેને બદલે એ વઢવાડમાં બમણું રોકાણ થઈ ગયું, એટલે વઢવાડ ઉપર ટોપલો વાળી 'તમારી ખબર આવતે સ્ટેશને બરાબરની લઈશ' એમ કહી ગાર્ડે સીટી મારી. ધુમાડાના ગોટા તથા વરાળ ઉડાડતી ટ્રેન ઊપડી ગઈ. એક પછી એક ડબા પસાર થઈ ગયા અને નાના ને નાના થતા થતા દૂર નીકળી ગયા. કેટલેક દૂર જઈને ટ્રેન વાંકી વળી અને ટેકરીની પાછળ સરકી ગઈ. અમે સ્તબ્ધ બની એને અદૃશ્ય થતી જોઈ રહ્યા.

આ વિદાય બાબત બાપુજીએ મણિલાલકાકાને જોહાનિસબર્ગ ખબર આપ્યા. તેઓ પણ જેલ જવાને તલપી રહ્યા હતા. ગોઠવણ એવી હતી કે ફિનિક્સની પહેલી ટુકડી પકડાયા પછી જોહાનિસબર્ગથી બીજી ટુકડી વૉલક્રસ્ટ આવીને સત્યાગ્રહ કરે. એ બાબત બાપુએ મણિલાલકાકાને નીચે મુજબ લખ્યું હતું:

સપ્ટેમ્બર ૧૮,૧૯-બુધવાર ૧૩

ચિ. મણિલાલ,

....બા વગેરે બધાં સોમવારે ઘણી હિંમતથી ચઢ્યાં છે.... તમોગુણ સિવાય રજોગુણ ને સત્ત્વગુણ. તમોગુણથી માણસ અંધ, અજ્ઞાન ને એદી રહે છે. રજોગુણથી માણસ અવિચારી અને સાહસી તથા દુન્યવી કાર્યોમાં ઉત્સાહી રહે છે. યુરોપની પ્રજામાં રજોગુણ પ્રધાન છે. આપણી પણ ઘણી પ્રવૃત્તિ રજોગુણવાળી છે. સત્ત્વગુણવાળા શાંત, ઠરેલ ને વિચારવાન હોય છે. દુનિયાની ધમાલમાં પડતા નથી, ને હંમેશાં મન ઈશ્વરને વિશે રાખે છે. આ સાત્ત્વિક વૃત્તિને Soothfastness કહી તે બરાબર છે. Soothfast એટલે શાન્ત. ness લાગવાથી નામ થયું. તે શાન્તિ. શાન્ત વૃત્તિમાં જ આત્મદર્શન થઈ શકે. અને જે વૃત્તિથી આત્મદર્શન થવા સંભવ રહે તે વૃત્તિ સાત્ત્વિકી. પરમાત્મા ત્રિગુણાતીત રૂપે તો કાંઈ પ્રવૃત્તિ સારી કે માઠી નથી કરતો. પણ માયા ચૈતન્યરૂપે રહે છે. તેણે ત્રણ ગુણને અતીત કર્યા છે. પણ જ્યારે અર્જુનને જ્ઞાન આપવારૂપી પ્રવૃત્તિ આચરે ત્યારે તે સાત્ત્વિકવૃત્તિ (?) છે અને પ્રવૃત્તિમાત્ર ઉપાધિ છે. તેથી તેને સત્ત્વગુણની ઉપાધિવાળું રૂપ કહ્યું. મન ખૂબ સ્થિર રાખજો.

## ૩

## જન્મભૂમિવ્રત

લડતનું મંગળાચરણ ઘરઆંગણેથી જ થયું એ જોઈ રાજી થતા અમે સ્ટેશનેથી પાછા ફર્યા. આખા રસ્તાનો અંત આવતાં સુધી સૌ કોઈ મૂંગે મોંએ જ ચાલ્યું. વાળુ વગેરે પણ કશીયે વાતચીત વિના ઊકલ્યું. કોઈને બોલવું ગમતું જ ન હતું. બધે સૂનું લાગતું હતું.

સાંજની પ્રાર્થના વખતે અમે સૌ પૂજ્ય બાપુજીને વીંટળાઈને બેઠા. પ્રાર્થના પૂરી થઈ. બાપુજીએ 'દુખિયાંનો વિસામો રે, માડી તારી ઝૂંપડી' ગાવાનું કહ્યું. મગનકાકા, દેવદાસકાકા અને મારા સિવાય ચોથું સાદ પુરાવનાર નહોતું. અમે સાથે મળીને ભોજા ભગતના ઢાળમાં એ પદ ગાયું. જેમ જેમ ગાતા ગયા તેમ તેમ અમારા મનના ભાવ ઊભરાયા.

ભજન ગવાઈ રહ્યું એટલે પૂજ્ય બાપુજીએ ઊંડો નિસાસો લીધો અને પછી છેલ્લી કડી -

''નંદનવન શી વહાલી રે અમને તારી ઝૂંપડી;
જન્મભૂમિવ્રત પાળી રે શણગારીશું ઝૂંપડી.''-

નો અર્થ દેવદાસકાકાની પાસે ને મારી પાસે કરાવ્યો. અમે શબ્દાર્થ કરી રહ્યા એટલે બાપુજીએ સવાલ પૂછ્યો, 'એ જન્મભૂમિવ્રત પાળશો કે? જન્મભૂમિવ્રત એટલે શું, ખબર છે?'

અમે બોલી ન શક્યા. બાપુજીએ પ્રવચન શરૂ કર્યું:

'એ વ્રત પાળવું એટલે આપણાં દુ:ખી ભાઈબહેનોની સેવા કરવી. દુ:ખી હોય એમને માટે આપણે પણ કંઈક દુ:ખ વેઠવું. કેમ, એ વાત બરાબર સમજાય છે ને?' અમે હા પાડી. બાપુજીએ અમને કસવા માંડ્યા:

'બોલો ત્યારે, આ બધાં જેલમાં ગયાં છે એમને માટે તમે શું કરશો? મા, બાપ, ભાઈ, બહેન જેલમાં જાય ત્યારે આપણાથી મોજમજા કરાય ખરી? એમને જેલમાં બાફેલું કૂચા જેવું ખાવાનું મળે, ઘી ન મળે, દૂધ ન મળે; એવે વખતે આપણે અહીં મિષ્ટાન્ન તો ન જ ખાઈ શકીએ ને? હું તો તમારી બધાની પાસેથી એટલું માગી લઉં છું કે તમે બધાયે અલૂણાં કરો. આપણા બગીચામાં ફળ ખૂબ થાય છે. એ ઉપરાંત આપણે રોટલી ખાઈએ એટલે ઘણું કહેવાય. જેલમાં તો એ લોકોને એટલુંયે નહીં મળે. બોલો, તમને મારી વાત કબૂલ છે?' એમ કહી કેશુ, કૃષ્ણ, નવીન, શાંતિ, છોટમ, એ બધાને એક પછી એક બાપુજીએ પૂછી જોયું. પૂછતી વખતે કેટલાંય ફળોનાં, ફળના મુરબ્બાનાં અને તેના પણા(પનું)નાં નામ લઈ એમણે અમને લલચાવ્યા. અને સાથે સાથે એટલું

પણ કહ્યું કે 'તેમ છતાંયે મરીમસાલાથી ધમકતું શાક અને કઢીખીચડી ખાવાનું મન થાય તો દર રવિવારે એ સ્વાદ કરી લેવાની છૂટ રાખી આપણે અઠવાડિયાના છ દિવસ અલૂણું કરીએ.'

આમ બાપુજીએ સમજાવી હસાવીને દરેક પાસે એ કબૂલ કરાવ્યું. ત્યાર પછી મને ને દેવદાસકાકાને પણ પૂછ્યું. અમે પણ એ વાત વગરવિલંબે કબૂલ કરી. એક કબૂલાત પૂરી થઈ કે બાપુજીએ બીજી દરખાસ્ત મૂકી:

'કેમ, દેવા! આવતી કાલથી ચાર વાગ્યે ઉઠાડું ને? હવે આપણે આકરી જિંદગી ગાળવાની શરૂઆત કરવી જ જોઈએ.' પણ ચાર વાગ્યે ઊઠવાની શરત અમારાથી કેમેય પાળી જાય એવી ન હતી. ચાર વાગ્યે ઊઠવા કરતાં બીજું ગમે તે આકરું કામ સોંપે એ કરવા અમે તૈયાર હતા. ચાર વાગ્યે ઊઠવાનું નામ સુધ્ધાં બાપુજી ભલા થઈને ન લે તો મહેરબાની, એમ અમારા મનમાં થયા કરતું હતું. બાપુજીએ ઉખેળેલી વાત ટાળવા દેવદાસકાકાએ ઘણું કર્યું, પણ બાપુજી એ વાત જતી કરે એવા ક્યાં હતા? દેવદાસકાકાએ એ વાત કબૂલ કરતાં વાર લગાડી એટલે ધસારો મારા પર આવ્યો: 'કેમ પરભુદાસ! હવે તો ચાર વાગ્યે ઊઠીશ ને?' ચાર વાગ્યે ઊઠવું એ દેવદાસકાકાને જેટલું આકરું પડતું એટલું મને ન પડતું. છતાં રોજ ચાર વાગ્યે ઊઠવું એ મને શક્ય ન લાગ્યું એટલે મેં કહ્યું: 'ઊઠીશ ખરો, પણ રોજ નિયમિત નહીં ઉઠાય.'

બંનેને ઢીલા જોઈ તેઓ થોડી વાર મૂંગા રહ્યા. અમને વિચાર કરવા દીધો. અમારી કાયરતા દૂર ન થતી જોઈ તેમણે ફરી કહેવા માંડ્યું: 'જો તમે ચાર વાગ્યે ઊઠવાની હા નથી પાડી શકતા તો જેલ જવાને શું જોઈને તૈયાર થઈ ગયા હતા? જેલમાં તો ચાર વાગ્યે ઊઠવા કરતાંયે વધુ વસમું કામ કરવું પડત.' આ છેલ્લા મર્મવાક્યથી અમારે નમતું આપવું પડ્યું.

બધા જેલમાં ગયા તે દિવસે અમને ઝાઝું આકરું ન લાગ્યું, પણ બીજે દિવસે સવારના પહોરમાં ચાર વાગ્યે બાપુજીએ અમને ઉઠાડ્યા. હું ઊઠ્યો તો ખરો, પણ સારી પેઠે તડકો ચડતાં સુધી મારી આંખ ઘેરાયેલી રહી. આગલા દિવસનો આવેશ ઊતરી ગયો હતો એટલે મન અને શરીર સાવ ઢીલાં થઈ ગયાં હતાં. ઘા વાગે છે ત્યારે નથી કળતું; તેના પર રાત વીત્યા પછી ખરેખરું કળે છે. આમાં પણ એમ જ બન્યું. આગલી સાંજે માતપિતા અને મિત્રોને વળાવ્યાં તેમની ગેરહાજરી હવે સાલવા લાગી. મને તો એ દિવસ બહુ કપરો વીત્યો; બીજાઓ વિશે હું ન કહી શકું.

ત્રણચાર દિવસ સુધી તો ચોતરફ સૂનું સૂનું લાગ્યું. નિશાળના મકાન પાસેથી નીકળતાં ધિંગામસ્તી અને અંગ્રેજીના સ્પેલિંગની ગોખણપટ્ટીના અવાજો

કાને પડે. જરા સાવચેત થઈ સાંભળતાં એ મિથ્યા નીવડે. રહેવાના મકાને જતાં ગોઠિયાઓના ભણકારા વાગે, પણ બીજી ક્ષણે ખ્યાલ આવે કે તેઓ તો નથી, ને મનમાં દુઃખ થાય. જે જગાએ રાતદિવસ જ્યાં જઈએ ત્યાં કામ, ભણતર, હસાહસ, તોફાન, મસ્તી અને દોડમદોડ ચાલતી ત્યાં આગળ એકાએક આવો ફેરફાર કેમ ખમાય? અમે બીજાં બધાં ઘરોને તાળાં લગાડ્યાં અને મોટે રસોડે આખો દિવસ બાપુજી પાસે રહેવા લાગ્યા. બાપુજી જેમ સોંપતા ગયા એમ કામ કરતા ગયા.

ચાર દિવસમાં નવો કાર્યક્રમ ગોઠવાઈ ગયો. બાપુજીએ વિનોદમાં અને ગમ્મતમાં કામ લઈ અમને પ્રસન્ન અને હસમુખા કરી દીધા. પછી તો વખત ક્યાં જાય છે એનુંયે અમને ભાન ન રહ્યું.

ઘણે ભાગે ચોથે કે પાંચમે દિવસે ખબર મળ્યા કે સત્યાગ્રહીઓને વૉલક્રસ્ટમાં ટ્રાન્સવાલની સરહદ પર રોકવામાં આવ્યા છે અને કેસ ચાલે ત્યાં સુધી તેઓને કાચી કેદમાં રાખવામાં આવ્યા છે. બાપુજી ખૂબ પ્રસન્ન દેખાયા. પોતાની બાજી સવળી પડ્યા પછી કોને આનંદ ન થાય? બાપુજી તથા મગનકાકાને ખુશ ખુશ જોઈને અમે પણ આનંદમાં આવી ગયા કે, ‘હવે મજા પડશે. બધા પકડાયા, હવે મજા પડશે.’

બાપુજી પણ હવે ફિનિક્સ છોડવાની તૈયારી કરવા લાગ્યા. બાપુજી પડખે હોય ત્યાં સુધી તો અમ બાળકોને માબાપ ન સાંભરે; ને સાંભરે તોયે તેમના વિના અકળામણ ન થાય. પરંતુ પોતાના ગયા પછી પણ અમને અકળામણ ન થાય, અમે સૌ ખુશ રહીએ એ વિશે બાપુજીને વધુ ચિંતા હતી. એટલે માબાપની અબળખા અમે ભૂલી જઈએ એવી યોજના બાપુજીએ અજમાવવા માંડી. આંતર્બાહ્ય બધા ક્લેશોને વિસારે પાડવાનો બાપુજીનો અમલી નુસખો તે ‘કામ કામ ને કામ’. એકધારાં કામમાં તેમણે અમને ડુબાડી દીધા. દરેકની ઉંમર, શક્તિ અને સ્વભાવ વિચારી નાનાંમોટાં કામની જવાબદારી વહેંચી આપી. મોટા માણસોના ચાલ્યા જવા છતાં ફિનિક્સનાં રોજિંદા કામ થોડાં સંક્ષિપ્તરૂપે પણ પૂરેપૂરાં અમારે ટચૂકડે હાથે ઉકેલાવાં લાગ્યાં.

ફિનિક્સનાં કામોમાં સૌ પહેલું કામ છાપાનું હતું. સત્યાગ્રહને અંગે છાપાનું મહત્ત્વ બમણું થઈ ગયેલું. જ્યાં સુધી એક પણ ફિનિક્સવાસી જેલની બહાર રહે ત્યાં સુધી છાપું ચાલુ રહેવું જ જોઈએ. અને તેયે પાછું બે ભાષામાં - અંગ્રેજીમાં અને ગુજરાતીમાં. લખાણો લખવાં, એ છાપવાં તથા ટપાલમાં રવાના કરવાં, એમ છાપાના કામનાયે પાછા ત્રણ વિભાગ હતા. બીજું કામ વરસોની મહેનતે ઉછેરેલી ફળવાડીઓ સુકાવા ન દેવી એ હતું. ત્રીજું કામ

અમારી નિશાળ ચાલુ રાખવાનું હતું. અને ચોથું કામ રસોડું ચલાવવાનું તથા અમ બાળકોની જરૂરિયાતો પૂરી પાડવાનું હતું. આ ચાર રોજનાં કામ ઉપરાંત બે કામ ઘણીખરી વાર માથે આવી પડતાં: તે મહેમાનોની પરોણાગત અને લડતને અંગે કરવાનાં કામ. બાપુજી હાજર હોય ત્યાં સુધી તો છેલ્લાં બે કામ વિશે કોઈને તલભારે ચિંતા કરવાની ન રહે, પણ બાપુજી જતા ત્યારે ફિનિક્સવાસીઓને સારુ એ પણ અગત્યનાં કામ થઈ પડતાં.

લડત ઊપડતાં ફિનિક્સમાંથી લગભગ બધા માણસો ચાલ્યા ગયા તે પછી ત્યાં કુલ છ માણસો અને બાકી અમે બાળકો રહ્યાં. છ માણસોમાં ત્રણ તો નોકર હતા, જેમને લડત વિશે કે ફિનિકસ આશ્રમ વિશે ઝાઝી લેવાદેવા ન હતી. એમાંનો એક તો ચાર્લી, જેની ઓળખ બીજા ભાગના વીસમા પ્રકરણમાં આવી ગઈ છે. બીજા બે બીબાંકારીગર હતા. બુઢ્ઢા કાબાભાઈ અને મિ. રેમ - હિંદી ખ્રિસ્તી. કાબાભાઈ ગુજરાતી અને મિ. રેમ અંગ્રેજી બીબાં ગોઠવવાનું કામ મહામહેનતે પાર પાડતા, જોકે એમનાથી બધું પૂરું ન થતું. બીજા ત્રણ મોટા માણસો તે મિ. વેસ્ટ, મિસ વેસ્ટ અને મગનકાકા. મિ. વેસ્ટને માથે અંગ્રેજી વિભાગનું અને મગનકાકાને માથે ગુજરાતી વિભાગનું સંપાદન તથા પ્રૂફરીડિંગ અને મિસ વેસ્ટ - દેવીબહેન -ને માથે ટપાલ સંભાળવાનું કામ આવ્યું.

પણ આટલેથી જ છાપાનું બધું કામ ઊકલે એમ ન હતું. ગુજરાતી વિભાગમાં બીબાં ગોઠવવાનું કામ સારી પેઠે બાકી રહી જતું તથા જે દિવસે છાપું છપાય તે દિવસે પાનાં ગોઠવવાં, એ યંત્ર પર લઈ જવાં વગેરેમાં માણસોની જરૂર રહેતી. યંત્ર ચલાવવાનું મિ. રેમ કરતા, પણ એ સિવાય ઉજાગરા કરીને મગનકાકાને બીજું ઘણું કામ ઉકેલવું પડતું. દેવદાસકાકાને આ બધું કામ ઠીક ઠીક આવડી ગયેલું, એટલે મગનકાકા સાથે રહી એક પૂરા માણસ જેટલી તેઓ મદદ કરતા અને રોજના આઠથી વધુ કલાક છાપાનું વૈતરું કરી મગનકાકાની શાબાશી મેળવતા. દેવીબહેનના કામનો ખડકલો નાનો ન રહેતો. તેઓ કાગળો અને સરનામાં લખીને પરવારતાં નહીં. પાર્સલો બાંધવાનો અને ટિકિટો ચોંટાડવાનો વખત જ તેમને ન મળતો. એ કામમાં મારો બપોરથી સાંજ સુધીનો વખત જતો. ટૂંકમાં, મગનકાકાની પરોઢથી માંડીને અધરાત સુધીની તથા તેર વરસની ઉંમરના દેવદાસકાકાની આખા દિવસની મહેનતે છાપખાનામાં એકે કાર્યકર્તાની ખોટ જણાવા ન દીધી.

બીજું કામ ફળવાડીનું. એ સંભાળવાની કોઈ મોટા માણસને ફુરસદ ન હતી. છતાં મારાથી નાની ઉંમરના બાળકોએ બગીચાની રક્ષાનું કામ ઉપાડી લીધું. ત્રીજું નિશાળનું કામ હતું. એમાં ભણવાની ઉંમરના તો દેવદાસકાકા ને હું

બે જ જણ હતા. પોતાનું ભણતર બને એટલું ચાલુ રાખવાની જવાબદારી બાપુજીએ અમને જ સોંપી દીધી. પણ અમારું ભણતર છાપાના કામમાં જ ગૂંથાઈ રહ્યું. ચોથું પણ અનિવાર્ય કામ રસોડાનું હતું: રસોઈ, પાણી, વાસણ, ઘરસફાઈ, પીરસવું, શાકફળ સુધારવાં અને નાનાંમોટાં પંદરેક જણાને એ નિયમસર ત્રણ ટંક પહોંચાડવાં. આમાં રાંધવાનું કામ દેવીબહેને સ્વીકાર્યું અને એ સિવાયનાં કામો અમારે ભાગે આવ્યાં.

## ૪
## ખાલી તોયે જોમભર્યું ફિનિક્સ

લડત માટે મોટેરાંઓના પ્રસ્થાન પછી ફિનિક્સમાં અમે દસ બાળકો રહ્યા હતા. ઘરમાં નોકર ન રાખવાની પ્રથાને બાપુજી હજુયે કડકપણે વળગી રહ્યા હતા. ઝાડુ અને વાસણ એ એવાં કામ હતાં જે સવારસાંજ બંને વખત અચૂકપણે થવાં જ જોઈએ. બાળકો એ કરે ખરા, પણ એમના ઉત્સાહમાં ઓટ આવે તો એ કામને કેમ પહોંચી વળાય?

બાપુજીએ એવી રચના કરી કે ઉત્સાહ મોળો પડે જ નહીં. પાંચ પાંચ બાળકોની બે ટોળી પાડી નાખી. એકના નાયક દેવદાસકાકા અને બીજીનો હું. જમી લીધા પછી એક ટોળી વાળઝૂડ અને પોતું ફેરવવાનું તથા બીજી ટોળી વાસણ માંજવાનું કામ કરતી. દરેક ટોળીમાં ચારથી બાર વરસની ઉંમર સુધીના અમે બાળકો હતા. કઈ ટોળી પોતાનું કામ વહેલું પતાવે છે અને પૂરી સફાઈથી કરે છે એ વાતની હરીફાઈ ચાલતી; ને બધું કામ વીસેક મિનિટમાં આટોપાઈ જતું. અમને પીરસી જમાડીને બાપુજી પોતે જમતા હોય તેટલા સમયમાં અમે સફાઈકામ હસતાંરમતાં ઉકેલી નાખતા. સવારસાંજનો એ અર્ધો કલાક કદાચ અમારે સારુ સૌથી વધુ આનંદનો હતો. અમારામાંનું દરેક જણ એ વખતે પોતાનાથી વધુમાં વધુ થાય તેટલું કરી વળતો.

સ્ટેશનેથી ટપાલ લાવવાનું કામ પણ નોકર વિના પાર ઉતારવું કપરું હતું. દેવદાસકાકા અને મારે ભાગે વધુ જરૂરી કામ હતાં. સવારની ટપાલ અમે વારાફરતી એકાંતરે લેવા જતા અને સાંજની માટે બાપુજીએ અને મગનકાકાએ અમારાથી નાનાઓને શૂર ચડાવ્યું હતું. નવીન, કેશુ, કૃષ્ણ અને છોટમ એ ચાર નાનકડા જણને એમણે તૈયાર કર્યા હતા. બધાની ઉંમર આશરે પાંચથી છ વરસની હતી. સ્ટેશન સુધી રસ્તે પડતું જંગલ કેટલું સૂનું અને બિહામણું હતું તે આપણે પાછલાં પ્રકરણોમાં જોઈ આવ્યા. બપોરે એકદોઢને શુમારે એ ચારે બાળકો નાનકડી પરોણીઓ હાથમાં લઈ ઊપડતા અને પાંચેક વાગ્યે ટપાલ

લઈને પાછા આવી પહોંચતા. ટપાલનું ભારે પોટકું બબ્બે જણા વારાફરતી લાકડીમાં ટાંગીને ઊંચકી લાવતા. આથી બે કામ સરતાં. એક તો ટપાલ આવતી, અને બીજું એ બાળકોને નકામી રખડપટ્ટીથી બચાવવા સારુ કોઈ શિક્ષકને હાજરી ન ભરવી પડતી. બીજાં ચાર બાળકો જે બહુ નાનાં હતાં તેમને મગનકાકા પોતાના દફતર(ઑફિસ)માં કાગળો ગોઠવવા અને ચિઠ્ઠી પહોંચાડવા વગેરેમાં રોકી રાખતા. સાંજે અને સવારે અમે બધાયે એક એક કલાક ફળવાડી અને શાકવાડીમાં જઈ તૈયાર પાક ઉતારી આવતા અને ક્યારી વગેરે ઠીકઠાક કરી આવતા.

નિશાળ પણ સાવ બંધ પડી ન હતી. વહેલા ઊઠીને સૂરજ ઊગતાં સુધી દેવદાસકાકા અને હું બેસીને 'ઇન્ડિયન ઓપીનિયન'નાં સરનામાં લખતા. ત્યાર પછી પથારી સંકેલવી, નાહવુંધોવું, નાનાઓને નાહવાધોવામાં મદદ કરવી અને લોટ બાંધવો વગેરે પતાવી અમે નિશાળે પહોંચી જતા. શિક્ષક વિના અમારા પાઠ વાંચતા અને અંકગણિત ગણતા. થોડો વખત નાના ભાઈઓને બાળપોથી પણ શીખવતા. બીજેત્રીજે દિવસે મગનકાકા છાપખાનામાંથી વખત મેળવી આંટો મારી જઈ અમારું ભણતર તપાસી જતા.

કામ ચલાવનારા માણસોની પૂરેપૂરી અછત છતાં ફિનિક્સ આશ્રમનું બધું કામ આ મુજબ નિયમસર અને સંતોષપૂર્વક ચાલુ રહ્યું એ ખરેખર બાપુજી અને મગનકાકાનો ચમત્કાર જ હતો. તણખલામાંથી લશ્કર ઊભું કરવાની એ બાપુજીની શક્તિ હતી.

બીજી વાત પર આવું એ પહેલાં આ સ્થળે દેવીબહેનનું પવિત્ર સ્મરણ આપવાનું મારે ન ભૂલવું જોઈએ.

મિ. વેસ્ટનાં બહેન મિસ વેસ્ટ ફિનિક્સથી ટૉલ્સ્ટૉય ફાર્મ ગયેલાં ત્યારથી બાપુજીએ એમનું નામ દેવીબહેન પાડેલું. બધાં જેલ ગયાં એ સમયે તેમની ઉંમર આશરે પાંત્રીસ વરસની હશે. લગભગ એ બધી ઉંમર તેમણે કંઈક ને કંઈક સેવામાં જ વિતાડેલી. તેઓ પરણ્યાં ન હતાં, એટલે જગત એ જ એમનું કુટુંબ હતું. મારી બા વગેરે જેલ જતાં એમણે અમારી માતાનું સ્થાન લીધું. રસોડાનો ભાર તેમણે ઉપાડ્યો. લાગલાગટ ત્રણ મહિના સુધી બંને વખત એમણે અમારા રોટલા ટીપ્યા. 'બા નથી એટલે હવે એ ચીજ ક્યાંથી મળે?' એવો નિસાસો નાખવાનો પ્રસંગ અમને આવ્યાનું સાંભરતું નથી. એમને ગુજરાતી કે હિંદી આવડતું નહીં. પોતે જન્મે અને સ્વભાવે અંગ્રેજ હોઈ અમારામાં ઓતપ્રોત થવું એમને માટે અઘરું હતું. અમારાં ભાંગ્યાંતૂટ્યાં વાક્યો ત્રણત્રણ ચારચાર વાર સાંભળે ત્યારે માંડ એમને અમારી વાત સમજાતી. છતાં બે છોકરાઓ લડે તો તેને

ન્યાય આપવાનું, દરેક પક્ષની વાત ધીરજથી સાંભળી લેવાનું અને કજિયા અટકાવવાનું તેઓ થોડું ન કરતાં. થોડું હસીને, થોડી મશ્કરી કરીને અને થોડું પંપાળીને રસોડામાં તેઓ આનંદનું વાતાવરણ જાળવી રાખતાં. છતાં જ્યારે ચિડાઈ ઊઠતાં ત્યારે તેઓ બહુ લાલચોળ થઈ જતાં. એમનો એવો ચહેરો જોઈ એમની પાસે ફરકવાની અમારી હિંમત જ ન ચાલતી.

કેટલીક વાર દેવીબહેન અમારી વાત સમજી ન શકતાં ત્યારે અમને થોડીક ગમ્મત આવતી. ઘણુંખરું તેઓ અમારી ઈચ્છા પ્રમાણે વાનગી બનાવતાં ને અમને પૂછતાં અને તેઓ ન પૂછતાં તો અમે માગણી કરતા. અમારી રુચિ તેઓ સમજી ન શકતાં ત્યારે વાત ગૂંચવાતી. એક દિવસ દેવદાસકાકાને અડદની દાળ ખાવાની ઈચ્છા થઈ. તેમણે દેવીબહેનને વાત કરી. અમને તે દિવસે અડદની દાળ મળી કે નહીં તે સાંભરતું નથી, પણ દેવીબહેનની ઝાટકણી યાદ છે. તેમણે કહ્યું, 'દાળના તે વળી સવાદ કેવા? દાળ બધી સરખી. અડદ શું કે મગ શું?' છતાં આવી ઝાટકણી પછી તેઓ અમને ભાવતું કરી આપવાની ભારે જહેમત ઉઠાવતાં. ટેબલ ઉપર ઊભાં ઊભાં, સોળે આની દેશી ઢબની રસોઈ કરતાં. પોતાની આંગળીનાં ટેરવાં રોટલી શેકતાં દાઝવાથી કે વાસણ સાફ કરતાં આંગળાંના નખ ઘસાવાથી તેઓ અકળાતાં નહીં. આજેયે એમનું એ સ્મરણ અમારું માથું નમાવે છે. ખરેખર તેઓ મુનિ હતાં - સાવ થોડું બોલનારાં, પ્રસન્ન વદને ઘણા જ ઉત્સાહપૂર્વક કામ કરનારાં સાક્ષાત્ દેવી હતાં.

પાર્વતી અને જાનકી એ બંને બહેનોની માનું માયાળુ વર્તન પણ સૂના થયેલા ફિનિક્સમાં નાનાં બાળકોને સારી પેઠે હૂંફ આપતું હતું. મિ. સેમ(ગોવિંદુ રાજુલુ)ની કારીગરી અને રમતિયાળપણાની વાત પહેલાં આવી ગઈ છે. તેઓ સોળ જણની ટુકડી સાથે જેલમાં ગયા ત્યારે એમનાં પત્ની અને બાળકો ફિનિક્સને એક દૂરને છેડે આવેલા એકાંત ઘરમાં નિર્ભયપણે રહેતાં હતાં. એ મિસિસ સેમ એવાં ભડ હતાં કે ઘરની ચોમેર જંગલ હોવા છતાં અંધારી રાત્રીઓ અને મહિનાઓના મહિના એકલા વિતાડતાં ગભરાતાં નહીં. તેઓ આખો દિવસ ઘરમાં કંઈ ને કંઈ કામ કર્યા જ કરતાં. ફિનિક્સની અમારી વસ્તી વચ્ચે જવલ્લે જ તેઓ નજરે પડતાં. કોઈની સાથે વાતવણપરો કરવાની એમને જરૂર ન પડતી. એ ભલાં અને એમનાં બાળકો ભલાં. પોતાની માની જેમ પાર્વતી અને જાનકી પણ ભડ હતી. ઉંમરમાં એ બહેનો અમારા કરતાં નાની હતી તોયે કોઈનું બોલ્યું સાંખી ન લેતી. જરાક આકરું વેણ કહે ત્યાં તો એમની તીખા તીર જેવી જીભ વછૂટતી અને બોલનારાને ચૂપ કરી મૂકતી. અમારા એકલવાયા વાતાવરણમાં આ ઘર નવીનતાનો રંગ પૂરતું. નાનકડાં રાધાબહેનને માથું

ગૂંથાવવા મારે વારે વારે પાર્વતીની મા પાસે પહોંચાડવાં પડતાં. પણ એ કામ મારે માટે વસમું હતું. પાર્વતીની માનો બદામી ઠીંગણો કૂતરો બહુ દૂરથી મને જોઈ મારા પર ધસી આવતો. એનો ધસારો જોઈ રાધાબહેન તો રડી પડતાં પણ મારા મોંમાંથીયે ચીસ નીકળી જતી. હું ચીસો નાખતો પૂરપાટ પાર્વતીના ઘર તરફ દોડતો. એ બહાર આવી કૂતરાને વારતી અને પછી મને હસતી. મારાથી એ મશ્કરી વેઠાતી નહીં ને પેલા કૂતરાનો ડર પણ છૂટતો નહીં. એ દુ:ખ મને એવડું ભારે લાગતું કે તે વેળા બા અને કાકી યાદ આવી જતાં. મનમાં એમ થતું કે હવે જલદી એ લોકો પાછાં ફરે તો સારું. કેવે નજીવે કારણે બાળકને વિખૂટાં માવતર સાંભરી આવે છે એનો આ એક રમૂજી નમૂનો છે.

દેવીબહેન, પાર્વતી-જાનકીની મા, મિ. વેસ્ટનાં ઘરડાં મા એ સૌ એકલાં પડી ગયેલાં અમ બાળકો પર કુદરતી રીતે જ માયામમતા રાખે. એમને સારુ એ વાત નવાઈની ન ગણાય. પરંતુ અમારા આશ્રમની ચોમેરની ટેકરીઓ પર કૂબામાં વસતાં હબસી ભાઈબહેનો અમારે ત્યાં અમૃતઝરતી આંખે આંટોફેરો કરી જતાં એ સાધારણ વાત ન કહેવાય. તેમની સાથે વાત તો અમે શું કરીએ? તેમની બોલી ભાગ્યે જ અમને સમજાતી. તેઓ પણ ઉજળિયાતોની બનાવટ કરી ન જાણતાં. પરંતુ તેમની પ્રેમભરી માયાળુ નજર હજીયે મારી સ્મૃતિમાં તાજી છે. એમાંના એકબે સિવાય બીજાને અમે નામથી ભાગ્યે જ ઓળખતા. ચહેરેથી પણ ઘણાખરાને ન ઓળખતા. પણ અમને ટિનકૂડિયાંઓને છોડી છોડીને અમારાં માબાપ સમાજસેવાને કાજે જેલ સિધાવ્યાં છે એ વાતની ઊંડી અસર એ લોકોના ચહેરા પર અંકાયેલી સ્પષ્ટ દેખાતી. જ્યારે એ હબસીબાઈઓ અમારે ત્યાં આવતી ત્યારે બહુ જ મિત્રતાથી, નરમાશથી અને સ્મિતપૂર્વક નીચી નમીનમીને અમારી સામે જોઈ રહેતી, પરસ્પર કંઈક ગણગણતી અને પછી અમે દીર્ઘાયુ થઈએ, ભગવાન અમારું ભલું કરે, એવા આશીર્વાદ વરસાવતી હોય એમ ઊલટભેર તેઓ પાછી જતી રહેતી.

એ દિવસોને હું શ્રદ્ધા અને ભક્તિભર્યે હૃદયે જોઉં છું ત્યારે મહાભારતમાં વર્ણવેલી કણ્વાશ્રમની સમીપ વહેતી નાની નદીને કાંઠે એકલી પડેલી બાળશકુંતલાને પંખીઓએ આવરી લીધાની વાત યાદ આવે છે. પ્રકૃતિમાતા ખરેખર કોઈને અનાથ રહેવા દેતી નથી. તેમાંયે જ્યાં પુણ્યકાર્યનું પગરાણ થયું હોય અને પ્રકૃતિને ખોળે માથું મૂકી સત્પથે ડગલું મંડાયું હોય ત્યાં ચોતરફનું વાતાવરણ કડવું નહીં, અમૃતભર્યું બની જાય છે. ઈશ્વરને કરવું હતું એટલે ફિનિક્સથી ઉપાડેલો સત્યાગ્રહસંગ્રામ ત્રણ મહિનામાં જ સફળ થયો. પરંતુ એ દસવીસ ગણો લંબાયો હોય અને અમ બાળકોની ઘણી વધુ આકરી કસોટી થઈ હોત તોયે

એ સૂના જંગલમાં પણ અમને સારી પેઠે ઓથ મળતી જ રહેત. ફિનિક્સ સાવ ખાલી થઈ જવા છતાં જાણે કંઈ બન્યું જ નથી એવા આનંદ અને ઉમંગમાં અમારા દિવસો પસાર થવા લાગ્યા એ ત્યાંના જંગલમાંયે અમને સાંપડેલા માયાળુ વાતાવરણનો પુરાવો ગણાય.

## ૫
## જેલયાત્રીઓના સમાચાર

વૉલક્રસ્ટમાં બધાંને અટકાયતમાં રાખ્યાના ખબર આવ્યા પછી રોજ અમે ત્યાંની ટપાલની આતુરતાથી રાહ જોવા લાગ્યા. ત્રણેક દિવસ પછી ત્યાંથી નવા નવા રમૂજી ખબર આવ્યા. એ કંઈક આવી જાતના હતા: આ કાચી કેદમાં તો જાણે અમે ઉજાણી માણી રહ્યા છીએ. અહીંના વેપારીઓ અમને કાચું સીધું પહોંચાડે છે. રોટલી શાક રાંધી લઈએ છીએ. ટાઢ સારી પેઠે છે. બિસ્તરા પૂરતા નથી, પણ આપણા વેપારી ભાઈઓ જેમાંના એક સિવાયના બધા મુસલમાન ભાઈઓ છે તેમણે વેચવાના નવા ધૂંસાઓ કાઢી આપ્યા છે. વૉલક્રસ્ટના હિંદી ભાઈઓ આવે છે તેમની સાથે હળવા-મળવામાં સહેજે દિવસ વીતી જાય છે. સાંજને વખતે પ્રાર્થના અને ભજનકીર્તનમાં આનંદ આવે છે.

ટુકડીમાંનાં ઘણાખરાં અંગ્રેજી સમજી સમજાવી શકે એમ હોવા છતાં કેવળ મારા પિતાશ્રીએ બધાં વતી બોલવું એવું નક્કી કરવામાં આવ્યું હતું. સરકારી અમલદારોના સવાલોના જવાબ તેમણે જ આપ્યા. બીજાં સૌ જાણે અંગ્રેજી જાણતાં જ નથી એમ વર્ત્યાં.

વૉલક્રસ્ટના સ્ટેશન પર ટ્રેનમાંથી બધાંને ઉતાર્યાં ત્યારથી જ અંગ્રેજ અમલદારોને આ આખી ટોળી કૌતુકભરી લાગ્યા કરી. સોળે જણા એકસરખું વર્તન કરતા હતા એ એમને સારુ નવાઈની વાત હતી. એ લોકોને સમજાવી ફોસલાવી વગર પરવાને ટ્રાન્સવાલમાં જતાં અટકાવવામાં તેઓ ફાવ્યા નહીં ત્યારે વૉલક્રસ્ટ ગામથી થોડા ફર્લાંગ દૂર વાલ નદીના નાનકડા પુલ પર એ બધાંને પોલીસ લઈ ગઈ. પુલની પેલી પાર નાતાલની હદમાં બધાંને પહોંચાડી પોલીસે પીઠ ફેરવી કે સૌ પાછાં ટ્રાન્સવાલમાં ઘૂસી ગયાં. પોલીસે બધાંને કેદ કર્યાં અને કોરટમાં ઊભાં કર્યાં. મૅજિસ્ટ્રેટે સૌનાં નામ પૂછ્યાં. મારા પિતાશ્રીએ દુભાષિયા બની સૌનાં નામ બતાવ્યાં અને બધાં વતી ગુનો કબૂલ કર્યો તથા એમાંનું કોઈ પોતાનો બચાવ કરવા માગતું નથી એમ જણાવ્યું. એટલે પછી સૌને ત્રણ ત્રણ મહિનાની સરકારી મહેમાની મળી.

ત્યાર બાદ અમારી પાસે વધુ ખબર આવ્યા કે વૉલક્રસ્ટની જેલમાં દાખલ થયાને બીજે દિવસે પિતાશ્રીને દુભાષિયાનું કામ કરવાનું આવ્યું ત્યારે ભારે વિનોદ થયો. જેલના કારકુને પૂજ્ય બા વગેરેને તેમનાં નામ ઠેકાણું ને ઓળખ લખી લેવા બોલાવ્યાં. એમાં જયાકુંવરબહેન અંગ્રેજી જાણતાં હોઈ બધાંની વતી બોલી શકત, પણ તેઓ મૂંગાં જ રહ્યાં. નછૂટકે મારા પિતાશ્રીને જેલરે ઑફિસમાં બોલાવ્યા અને એમને કારકુનના એક એક સવાલનો જવાબ બહેનો પાસેથી મેળવી આપવા કહ્યું.

કારકુન: (પૂ. બાને બતાવી) આ પહેલાં ઊભાં છે એમનું નામ પૂછો.

પિતાશ્રી: (પૂ. બાને) આ કૃષ્ણ-ભવનની પહેલી રાત કેવી ગઈ?

પૂ. બા: અમે તો અંધારું થયું એટલે ભજનકીર્તન ગાઈ નિરાંતે ઊંઘી ગયાં.

પિતાશ્રી: (કારકુનને અંગ્રેજીમાં) એમનું નામ કસ્તૂરબાઈ.

કારકુન બિચારો એ નામની જોડણી કરી ન શક્યો એટલે છેવટે પિતાશ્રીને જ એ નામ લખી આપવું પડ્યું.

કારકુન: એ પરણ્યાં છે?

પિતાશ્રી: (પૂ. બાને) રાતે વાળુ કર્યું ?

પૂ. બા: મારે તો ફળાહાર જોઈએ. અને આ બધીયુંએ તો રોટી-શાક આવ્યાં તે સૂંઘીને મૂકી દીધાં. કહે, આવા સુગામણા ઠામમાં કેમ ખવાય? અને એવું રેઢિયાળ શાક મોઢામાં કોને નાખવું ગમે?

પિતાશ્રી: (કારકુનને) તેઓ પરણ્યાં છે અને તેમના પતિનું નામ મોહનદાસ કરમચંદ.

આ પછી ઉંમર, જાત, વતન વગેરે સવાલો એક પછી એક ચારેયને પૂછ્યા અને પિતાશ્રીએ કેદખાનાની પહેલી રાતના પૂરા ખબર જાણ્યા અને આપ્યા. પૂ. બાના ફળાહારનું શું થશે એ ચર્ચા પણ કરી અને જણાવ્યું કે હનુમાનજી (મિ. કૅલનબૅક) વૉલક્રસ્ટમાં આવી પહોંચ્યા છે અને જેલરને મળી ફળ પહોંચાડવાની ગોઠવણ કરતા હોવાના ખબર મળ્યા છે. પિતાશ્રીએ સાંજની પ્રાર્થના વખતે જરા ઊંચે સાદે ગાવાનું કહ્યું જેથી બહેનોનાં ભજન ભાઈઓ પણ સાંભળી શકે. આગલી સાંજે રુસ્તમજીકાકાએ 'દાદા રામજી'નું ભજન સંભળાવવા માટે જોરથી સાદ કરેલા એ પણ જણાવ્યું.

વૉલક્રસ્ટ જેલમાં એ બધાં સત્યાગ્રહીઓ રહ્યા ત્યાં સુધી તો આનંદ રહ્યો. ભાઈઓ-બહેનોની બરાક પાસે પાસે હોવાથી એકબીજાને સંદેશા પહોંચાડી શકાતા. પણ એ મજા ચારપાંચ દિવસ જ રહી ને પછી સૌની બદલી મારિત્સબર્ગની જેલમાં થઈ. તેઓ સૌ વૉલક્રસ્ટ હતાં ત્યાં સુધી તો મિ.

કેલનબૅકના કાગળો દ્વારા એમના બધા સમાચારો અમને ફિનિક્સમાં મળી જતા. પણ એમની બદલી મારિત્સબર્ગ થયા પછી કેટલાક દિવસો સુધી અમને અધૂરા અને મોડા મોડા સમાચાર મળ્યા.

મારિત્સબર્ગથી પહેલા ખબર આવ્યા કે પૂજ્ય બાને ફળ નથી અપાયાં. પૂજ્ય બાની તો પ્રતિજ્ઞા હતી કે ગમે તે ભોગે જેલમાં ફળાહાર જ કરવો. જો જેલવાળા ફળ પૂરાં ન પાડે તો ભૂખ્યા રહેવું. મરવા વારો આવે તો મરી જવું. પણ એવી પ્રતિજ્ઞાને જેલના અધિકારીઓએ તુચ્છકારી કાઢી અને કહ્યું, ‘એવા ચાળા કરવા હતા તો જેલમાં શા સારુ આવ્યાં?’ પૂ. બા પાસે બીજો ઉપાય ન રહ્યો. તેમણે ઉપવાસ આદર્યા. એક બે ને ત્રણ દિવસ થયા ત્યાં એમના ઉપર તડૂકતી મૅટ્રન ઢીલી થઈ ગઈ. કહે, ‘અમને ત્રીજા પહોરની એક ટંકની ચા નથી મળતી ત્યાં અમારું માથું ફરવા લાગે છે, અને તમે આવે સુકલકડી શરીરે ત્રણ ત્રણ દિવસ ખાધા વિના કેમ ચલાવો છો? અમે લાચાર છીએ. તમારે માટે કંઈ કરી શકીએ એમ નથી. જેલમાં માગ્યું ખાવાનું ન મળે. મહેરબાની કરી જે મળે છે તેથી ચલાવો.’ પાંચમે દિવસે સરકાર ઝૂકી અને પૂ. બાને ફળોની છૂટ મળી. પણ ફળ એટલા ઓછા પ્રમાણમાં મળ્યાં કે ખરું જોતાં પૂજ્ય બાને ત્રણ મહિના અર્ધ ઉપવાસી જ રહેવું પડ્યું. ફળોમાં કેવળ પાંચછ કેળાં, પા રતલ પ્રુન્સ (એક જાતના મોટા આલુબુખારા), અને ચાર લીંબુ. આમાં મગફળી જેવી કોઈ એવી ચીજ પણ ન હતી કે જેથી ઘીતેલની ગરજ સરે. ત્રણ મહિને પૂ. બા જેલના દરવાજામાંથી બહાર આવ્યાં ત્યારે સાવ હાડપિંજર થઈ ગયાં હતાં. એમનાં દર્શન કરનારની આંખમાંથી આંસુ ટપકી પડ્યા વિના ન રહ્યાં.

મારી બા પાસેથી પછી મેં એ પણ જાણ્યું કે એમને જેલમાં પોશાકની ફેરબદલી સૌથી વસમી લાગી. હબસણ કેદીઓ માટેનાં ફરાક ને માથે રૂમાલ પહેરતાં એમને ભારે સંકોચ થયો. પહેલા પાંચસાત દિવસ ખોરાક પ્રત્યે સૂગ રહી, પણ પછી ભૂખ એવી કકડીને લાગવા માંડી કે મકાઈના પુપ્પુમાં બધાયે રસ મળવા લાગ્યા. એટલું જ નહીં, પૂજ્ય બાને મળતાં કેળાંની છાલને પણ તેઓ એળે ન જવા દેતાં. છત હોય ત્યાં સૂગ પોસાય. અછતમાં તો ‘ઊંઘ ન જાણે સાથરો અને ભૂખ ન જાણે કાંકરો.’

પૂ. બાની જેમ રુસ્તમજીકાકાનેયે અન્નનો ત્યાગ કરવો પડ્યો. મારિત્સબર્ગની જેલમાં દાખલ થતાંની સાથે જ કાકાજીનાં કસ્તી-સદરો જપ્ત કરવામાં આવ્યાં. અધિકારીઓને સમજાવવામાં આવ્યું કે કસ્તી-સદરા વિના પારસી પોતાની ઈશ્વરોપાસના ન કરી શકે અને ઉપાસના કર્યા વિના તો ખવાય પણ નહીં. પરંતુ સમજાવ્યા કે વીનવ્યા તેઓ માન્યા નહીં, એટલે આખી ટોળીએ

ભૂખ્યા રહેવામાં રુસ્તમજી શેઠને સાથ આપ્યો. આવાં તોફાનો જેલવાળાઓ કેમ સાંખી શકે? એમણે માન્યું કે ટોળીમાં નાના છોકરાઓ ને જુવાનો કેવળ એમના મુખીઓની ઉશ્કેરણીથી જ ઉપવાસે ચડ્યા છે. એટલે રુસ્તમજી શેઠ અને મારા પિતાશ્રીને પહેલી ટ્રેનમાં જ ડરબન લઈ જવામાં આવ્યા. બંને નાયકોને ઉપાડી લીધા છતાં એ જુવાન ટોળીએ ઉપવાસ છોડ્યા નહીં. એટલે વળી રાવજીભાઈ, મગનભાઈ વગેરે મોટા મોટા દરેકને જુદા જુદા પૂરવામાં આવ્યા અને જુવાનિયાઓને ધમકાવવા તથા લલચાવવામાં આવ્યા. બેત્રણ દિવસ એ ઉપવાસ ચાલ્યા ત્યાં કાકાજીને સદરો-કસ્તી ડરબનમાં મળ્યાના ખબર મારિત્સબર્ગ પહોંચ્યા અને આ પહેલી પરીક્ષા પૂરી થઈ.

ડરબન જેલમાંથી સમાચાર આવ્યા કે મારા પિતાશ્રીનું શરીર તપાસતાં જેલના દાક્તરને એ નબળું જણાયું છે અને છાતીમાં ક્ષયના જેવાં ચિહ્ન દેખાયાં છે. એટલે એમને જેલની ઈસ્પિતાલમાં રાખવામાં આવ્યા છે અને મજૂરી આકરી નહીં પણ હળવી અપાઈ છે. કાથીનાં પગલૂછણિયાં બનાવવાનું કામ તેઓ કરે છે તથા ખોરાકમાં રોજ પોણો રતલ દૂધ એમને મળે છે. આ સમાચાર જાણી પિતાશ્રી વિશેની અમારી ચિંતા ઓછી થઈ. ઘણી વાર તેઓ 'ઈન્ડિયન ઓપીનિયન'ની ઉઘરાણી માટે મહિનાઓ સુધી બહાર જતા, તેમ આ ત્રણ મહિના માટે ગયા હોવાનો આભાસ મને મનમાં રહ્યો.

જેલવાસીઓના કટકે કટકે સમાચાર આવ્યા બાદ એવા ખબર આવ્યા કે પૂ. બાના પકડાઈ જવાથી જોહાનિસબર્ગના સત્યાગ્રહીઓ જોશમાં આવી ગયા છે. ખાસ કરીને મદ્રાસી બહેનોની ટોળીઓ નીકળી પડી છે અને એ જેલ જવા માટે જાતજાતના પ્રયત્નો કરી રહી છે. વળી ખબર આવ્યા કે જૂની લડતના વીરો પ્રાગજીભાઈ દેસાઈ, સુરેન્દ્રનાથ મેઢ અને મણિલાલકાકા પણ વૉલક્રસ્ટમાં પરવાના વિના હદ ઓળંગી મારિત્સબર્ગની જેલમાં પહોંચ્યા છે.

એ પછી થોડે દિવસે એક સાંજની ટપાલ જોઈ મગનકાકાએ ઉત્સાહભેર જણાવ્યું કે રાજકોટથી મારા સૌથી નાના કાકા જમનાદાસકાકા સત્યાગ્રહ સારુ નીકળી ચૂક્યા છે અને બેરા બંદરેથી રેલ રસ્તે રોડેશિયા ચીરતા તેઓ મેફેકિંગ આગળ કેપ કૉલોનીમાં ઊતરી ટ્રાન્સવાલની હદ ઓળગંશે અને ત્યાં પકડાશે. ગોખલેજીના આવી ગયા બાદ જ્યારે જમનાદાસકાકા દેશ ગયેલા ત્યારે જ નક્કી કરતા ગયા હતા કે લડત ઊપડશે તો પહેલી સ્ટીમરે તેઓ પાછા આવી જશે. પહેલી ટુકડી પકડાયાના ખબર એમને પહોંચ્યા કે તેઓ તીરની જેમ રાજકોટથી ઊપડ્યા. આ ખબરથી મગનકાકાનો ઉમંગ ઊભરાતો હતો. મને જમનકાકાની એ અનેરી યાત્રાની અદેખાઈ આવી. સ્ટીમરમાં હું બેરાથી ડરબન આવેલો, પણ

બેરાથી પાંચ દિવસ સુધી રેલગાડીને રસ્તે પહાડો અને રણમાં થઈ પસાર થવાનો લહાવો તેમની સાથે લેવાની મને તક મળી હોત તો કેવું સારું, એવા તરંગે હું ચડ્યો.

બહુ રાહ જોયા પછી ખબર આવ્યા કે જમનકાકા ઠરાવેલે રસ્તે કિંબર્લીમાં છસાત સત્યાગ્રહીઓની એક ટોળી ઊભી કરી હદ ઓળંગી ટ્રાન્સવાલ તથા ઑરેન્જ ફ્રી સ્ટેટની સરહદ પર ખૂણે આવેલા ક્રિશ્ચિયાના ગામની જેલમાં બંદી બન્યા છે. તેઓની ઉંમર એ વખતે પૂરી વીસ વરસની નહીં હોય, છતાં આવા સાવ અજાણ્યા અને અંધારા ખૂણામાં બહુ હિંમતભેર તેમણે જેલ વેઠી. તેમને પણ ઉપવાસો કરીને રાહત મેળવવી પડેલી. ડરબન-મારિત્સબર્ગ જેવી પડોશની જેલના કેદીઓ કરતાં પણ બહુ દૂર ક્રિશ્ચિયાનાની જેલમાં પહોંચેલા જમનકાકાને માટે અમારા દિલમાં અનેરો આદર થયો.

ફિનિક્સના તથા સ્વજનોના જેલનિવાસની જે કહાણી મેં લખી એ ઉપરાંત પણ ફિનિક્સની બહાર હિંદીઓમાં ભારે ખળભળાટ મચ્યો હતો અને સેંકડો વીરાંગનાઓ અને વીરોએ લડતમાં ઝુકાવ્યું હતું. પણ મારી બાળનજરે ફિનિક્સની બહારના રણરંગોનું આકલન થાય એમ ન હતું. વળી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ કંઈ અપ્રસિદ્ધ નથી રહ્યો. એટલે ફિનિક્સના વાતાવરણના રંગની વાતોમાં હું મર્યાદિત રહું એ જ ઉચિત છે.

## ૬
## બાપુજી ગયા

પહેલી ટુકડી રવાના કર્યા પછી તરત જ બાપુજી પોતે ફિનિક્સનું કામ સરાડે ચડાવી જેલ જવાની તૈયાર કરવા લાગ્યા. છાપાનું કામ હળવું કરવા કેટલાક ફેરફારો કર્યા. પહેલો ફેરફાર એ કર્યો કે છાપું શનિવારે નીકળતું તે બુધવારે પ્રગટ કરવાનું ઠરાવ્યું. શનિવારના છેલ્લા અંક ને બુધવારના પહેલા અંક વચ્ચે ચાર જ દિવસનું અંતર પડવાથી એ અંક સોળને બદલે ચાર જ પાનાંનો કરી નાખ્યો. અને એ પછીના આઠ અંકો આઠ પાનાંના કરવાનું ઠરાવ્યું. છાપામાં દવાની, મોજશોખની ચીજોની ને એવી જાહેરખબરો લેવાનું તો બંધ જ હતું. અને હવે જે બીજી જૂજ જાહેરાતો લેવામાં આવતી તે પણ બંધ કરી.

છાપાને અંગે જુદાં જુદાં કામ કરવાની તો મને મજા આવતી પણ એ વાંચવાનો રસ મને મુદ્દલ ન હતો. માત્ર જે અઠવાડિયે છોકરાઓએ જ મળીને છાપું કાઢ્યું હતું એ અંક વાંચવા લઈ ગયેલો. બાકી તો છાપું વાળતાં, તેને વાળાના ટાંકા મારતાં કે રૅપરમાં વીંટતાં છૂટક છૂટક ગમે તે બેચાર લીટી વાંચી

લેતો. જ્યારે ચિત્રો છપાતાં ત્યારે એ પરથી વર્તમાન સ્થિતિ જાણી લેતો ખરો. પણ આ પહેલું બુધવારનું છાપું હું આખું વાંચી ગયો. એમાં બાપુજીએ અધિપતિ તરીકે જે લખ્યું હતું તે કંઈક આવા પ્રકારનું હતું:

'હવેથી બુધવારે છાપું પ્રગટ કરવાનું નક્કી કર્યું હોવાથી આ વેળાનો અંક તૈયાર કરવા ત્રણ જ દિવસ મળ્યા છે એટલે આ અંકનાં પાનાં ચાર જ છે. છાપું શનિવારે પ્રગટ થવાથી એ ડરબન વગેરે નાતાલનાં બધાં સ્થળે તે જ દિવસે પહોંચી જાય છે, પણ જોહાનિસબર્ગ અને બીજે ટ્રાન્સવાલમાં એ વાચકોના હાથમાં સોમ કે મંગળે પહોંચે છે. 'ઇન્ડિયન ઓપીનિયન'ના ઘણાખરા વાચકો કામધંધામાં એટલા ગૂંથાયેલા રહે છે કે તેમને બીજા શનિ કે રવિવારની રજા ન આવે ત્યાં સુધી છાપું વાંચવાનો અવકાશ નથી રહેતો. તેમની સગવડ ખાતર હવેથી શનિવારે જ એમના હાથમાં એ જઈ પહોંચે એવી ગોઠવણ આ નવી વ્યવસ્થામાં છે.

'આ છાપું જાહેર સેવા કરવાને એટલે કે હિંદીઓની વર્તમાન સ્થિતિની ખરી બાતમી દેવા માટે ચાલુ રહેવા ધારે છે. જે લોકોને એની જરૂર ન હોય અને તેઓ તેને ન પોષે તો સારીનરસી જાહેરખબરો વગેરેથી ભરી મૂકી એને ગમે તેમ ચલાવ્યે જ રાખવું અને એમાંથી કમાણી કરવી એ તો આ છાપું છાપનારાઓએ પ્રજાનો અને દેશનો ભારે ગુનો કર્યા બરાબર લાગે છે. અત્યારે આના નવસો ગ્રાહકો છે. જો સંખ્યા એથી ઘટશે તો છાપું નહીં ચલાવી શકાય. એટલે ગ્રાહકોએ આનાં ઓછાં પાનાં જોઈને ભડકવાનું નથી. કારણ જે પાનાં ઘટ્યાં છે તેમાં માત્ર જાહેરખબરો અને એવી નકામી તથા બીજેથી સહેજે મળી શકનારી વસ્તુ ઘટાડવામાં આવી છે. જે વાચન બાકી રહ્યું છે એ કંઈ પોલું પોલું નથી રહ્યું. અમારી આશા છે કે થોડા વાચનની અંદર વધુમાં વધુ ઉપયોગી વાત આપીશું. નકામો એક શબ્દ પણ નહીં આપીએ. આ ઓછાં પાનાંનું છાપું કાઢવાના શ્રમ અને ખરચમાં વધુ પાનાંના છાપા કરતાં મોટો તફાવત નથી પડી જતો. એટલે એનું લવાજમ ઘટાડી શકાય એમ નથી. દરેક વાંચનારની ફરજ છે કે આમાં છપાતી વિગતો અને વિચારો પોતાના ઓળખીતા બધા હિંદીઓમાં ફેલાવે અને જેઓ પૈસાથી 'ઇન્ડિયન ઓપીનિયન'ને મદદ કરી શકે એવા હોય એવા પોતાના મિત્રોને તેના ગ્રાહક બનાવે.' આ પ્રમાણે લેખમાં બાપુજીએ અનેક જાતની સૂચનાઓ અને ભલામણો આપી હતી.

છાપું પ્રસિદ્ધ થવાનો દિવસ શનિવારને બદલે બુધવાર કર્યો તે સાથે બીજો મોટો ફેરફાર એ કર્યો કે છાપવાનાં યંત્રો ચલાવવા માટેના 'ઑઈલ એન્જિન'નો બહિષ્કાર કર્યો. ઘાસતેલભક્ષી એ દેવ રૂઠે ત્યારે કોઈના સગા થાય એમ ન હતા.

અમારે ત્યાંનું એન્જિન ઠીક ઠીક મોટું હતું - નાનકડા રેલગાડીના એન્જિન જેવડું. એને શરૂ કરતી વખતે તેનું 'ફલાઈવ્હીલ' (ગતિ ચક્ર) ચાલુ કરવા જતાં ભલભલા જુવાનો હાંફી જતા. છાપું છાપવાનું હોય એ પહેલાં પાંચછ કલાકથી ચાર્લી અને મિ. સૅમ એની આરાધના આરંભતા. ફરમા યંત્ર ઉપર ચડી ગયા પછી મગનકાકા અને મિ. વેસ્ટ એની હઠ ઉતારવા પોતાની બુદ્ધિ અને કૌશલ્ય ખર્ચી નાખતા અને છેવટે અનેક જુવાન વિદ્યાર્થીઓનો પરસેવો નીતરતો ત્યારે એ એન્જિન ચાલુ થતું. એક વાર ચાલુ થયું પછી તો સરસ કામ આપતું. પણ એવા હઠીલા યંત્રને ભરોસે રહેવું બાપુજીને હવે સલામત ન લાગ્યું. જ્યાં બેત્રાણ જાણને છાપખાનાનું બધું કામ ઉકેલવું હોય ત્યાં એ રીસે ભરાનાર દેવનાં મનામણાં કરવા કોણ બેસે? મગનકાકા કે મિ. વેસ્ટ એ કામમાં ગૂંચવાય તો છાપાની નિયમિતતા જોખમાય. બુધને બદલે ગુરુ કે શુક્રવારેયે એ છપાઈ ન રહે.

એટલે એ 'તેલિયા ભૂત'ને બદલે બાપુજીએ બાહુબળ વાપરવાનું ઠરાવ્યું. સંધાડો ચલાવવાને સારુ આવે છે એવું ચાર સાડા ચાર ફૂટના વ્યાસનું લોઢાનું એક મોટું પૈડું છાપખાનામાં રજોટાતું પડ્યું હતું એની પ્રતિષ્ઠા કરવામાં આવી. ચાર ચાર જાણ મળીને પોતાનાં બાવડાંને જોરે એ ચલાવવા લાગ્યા. અર્ધા કલાકે વારો બદલાતો જતો. એથી છાપવાનું મશીન એન્જિન જેટલે જ વેગે કામ આટોપવા લાગ્યું. કેટલીક વાર તો છાપકામનું યંત્ર ચલાવવાવાળો, પૈડું વધારે ઉતાવળું ફેરવાતું એટલે એ ફેરવનારાઓને ટોકવા લાગતો અને ધીમી ગતિએ પૈડું ચલાવવાનું કહેતો જેથી કાગળ પર સરખી છાપ આવે અને યંત્રમાં ભાંગતૂટ ન થાય. આ પૈડું ફેરવવાના કામને સારુ હબસી મજૂરોને રોકવામાં આવ્યા તોયે બાપુજી પંડે એ ફેરવવાનો વારો ભરતા.

એક તરફ એમને માથે દક્ષિણ આફ્રિકાની આખી લડતનું સંચાલન કરવાનું હતું; બીજી તરફ દેશમાં ગોખલેજી સાથેનો વિસ્તૃત પત્રવ્યવહાર જારી હતો; ત્રીજી તરફ ફિનિક્સ આશ્રમનો દૈનિક ક્રમ અને અમને બાળકોને સાચવવાનું હતું અને ચોથી તરફ 'ઈન્ડિયન ઓપીનિયન'ના સંપાદનનો ભાર હતો. આમ છતાંયે બાપુજી એક મજૂરના જેવી મજૂરી કરવાનો શોખ જતો કરે એમ ન હતા. કામના એટએટલા ભીંસામાંયે તેઓ થોડોક વખત મજૂરના જેવી નરી અંગમહેનત કરવાનો નિયમ જાળવતા. જ્યાં સુધી પોતે ફિનિક્સ રહ્યા ત્યાં સુધી છાપાને વારે તેઓ એ પૈડા ઉપર હાજર થઈ જ જતા અને બબ્બે ત્રાણત્રાણ જાણા વારા પ્રમાણે એમનો સંગાથ બદલાવે ત્યાં સુધી પોતે ખસતા નહીં.

પહેલે બુધવારે તેમણે પોતાની સામે મને ઊભો કર્યો. મારું ગજું કેટલું? પણ સવાયું બળ વાપરીને તેમણે મારી ઊણપ પૂરી કરી. મારું ધ્યાન પૈડું

ફેરવવામાં ન હતું, બાપુજીમાં હતું. આખો વખત હું તેમના મુખારવિંદનાં દર્શન કરતો ધરાયો નહીં, તેમના હાથ પૈડું ફેરવતા હતા અને ચિત્ત ધ્યાનસ્થ હતું.

બાપુજીનું આવું સાન્નિધ્ય મને ભાગ્યે જ સાંપડતું; અને હવે તેઓ જેલમાં જાય તો પાછું કોણ જાણે ક્યારે સાંપડે? એટલે મેં બાપુજીની શાંતિમાં ભંગ પાડવાનો પ્રયત્ન કર્યો. શું પૂછું, શી વાત કાઢું એની મનમાં સારી પેઠે ગડમથલ કર્યા પછી મેં બેચાર સવાલો શોધી કાઢ્યા.

'બાપુજી, તમે છાપામાં પોતાને માટે 'અમે' 'અમે' કેમ લખ્યું છે? એ લખાણ તો તમારા એકલાનું છે?' મેં પૂછ્યું. બાપુજીએ જવાબ આપ્યો, 'અધિપતિ જે લેખ લખે એમાં એકવચન ન વાપરે, બહુવચન જ વાપરે; કારણ, એ જે લખતો હોય તે એના પોતાના એકલાના જ વિચાર ન હોય, એના બીજા સાથીઓના વિચારો પણ એમાં સમાયેલા હોય.' આટલું કહી બાપુજી પાછા ઊંડા વિચારમાં પડી ગયા અને મૂંગા મૂંગા પૈડું ફેરવવા લાગ્યા.

વળી મેં મહામહેનતે પ્રશ્ન ખોળી કાઢ્યો: 'બાપુજી, આ જાહેરખબર વિશે તમે શું લખ્યું છે? છાપાનાં એટલાં બધાં પાનાં કેમ કાઢી નાખ્યાં?' એમણે ધીરજથી સમજાવ્યું: 'દુકાનદારો પોતાની જે ચીજો વેચવાની હોય તેનાં ખૂબ વખાણ કરીને છપાવે. આપણે છાપીએ તેના એ આપણને પૈસા આપે, કારણ એના ઘરાક વધે. પણ એમ પૈસાને લોભે આપણે આજ સુધી એ બધી જાહેર-ખબરો છાપતા એ ખોટું કરતા. દુકાનદાર પોતાનો માલ સારો ન હોય છતાં સારો હોવાનું છપાવે અથવા હોય તેના કરતાં અનેકગણો સારો બતાવે એ જૂઠાણું થયું, સાચો માણસ એવી જૂઠી વાતો છાપે ખરો? વળી, જે ચીજો આપણે વાપરતા નથી અને વાપરવી ખોટી માનીએ છીએ એ ચીજો આપણું છાપું વાંચીને લોકો વાપરવાનું મન કરે તો એ પણ આપણી ભૂલ કહેવાય ને?'

એકબે મિનિટમાં આમ જવાબ પતાવી બાપુજી પાછા મૂંગા થઈ જાય અને ઊંડા વિચારમાં ડૂબકી મારી દે. બીજી તરફ હુંયે વગર સંકોચે પૂછ પૂછ કર્યે જ રહું. 'વાસણ-ઝાડુ માટેની મારી ટોળીમાં આવેલા નવીન કે છોટમ મારું ન માને તો?' 'મારું અંગ્રેજી હવે કાચું થઈ જશે તો?' 'પાછલા પાઠ બધા તૈયાર કરી લીધા પછી આગળ ભણાવનાર કોઈ નહીં હોય ત્યારે?' વગેરે પૂછ્યું. બાપુજીએ ટૂંકામાં જવાબ આપ્યા:

'છોટમ એક દિવસ કામમાં આળસ કરશે તો બીજે દિવસે બમણું કરશે. જે દિવસે એ ન કરે ત્યારે તારે પોતે વધારે કામ કરી લેવું. તું ટોળીનાયક ગણાય, એટલે તારી ટોળીનું કામ અધૂરું ન રહે એ જોવાની તારી ફરજ થઈ. જે કામ રહી જાય એ તારે જાતે પૂરું કરવું જોઈએ. અંગ્રેજીની હમણાં ફિકર ન કરવી. રૅપરનાં

સરનામાં લખતાં આપમેળે જેટલો અભ્યાસ થાય તેટલો ખરો. ભણવામાં ગણિત તાજું રાખીશ તો ફરી જ્યારે તક મળશે ત્યારે બીજું ભણતર ફરી ભણવાનું શરૂ કરતાં મુશ્કેલી નહીં આવે.'

આ બધા જવાબો મેળવી લીધા પછી મારા મનને પૂરો ધરવ થઈ ગયો. બાપુજી સાથે વાત કરવાનો એટલો બધો વખત મળ્યો તે મને જાણે મોટી ઉજાણી મળી. અર્ધો કલાક પૂરો થયો એટલે બાપુજીએ મને પૈડું છોડી બીજે કામે જવાની સૂચના કરી, પણ હું ખસ્યો નહીં. મને એમ જ લાગતું હતું કે અત્યારે એમની પાસેથી ખસવું એ આખરનું ખસવા સમું છે. થોડી થોડી વારે ત્રણ વાર બાપુએ સૂચવ્યું પણ મેં કહ્યું, 'હું થાક્યો નથી.' છેવટે એમણે મને પરાણે ખસેડયો અને કહ્યું, 'બસ, હવે તું છોડ અને ચાર્લીને મોકલ.' ત્યારે મેં છોડ્યું અને આઘે ઊભા રહી એમને પૈડું ફેરવતા જોવાનો લહાવો લીધો.

આ પ્રસંગ પછી બાપુજીએ ક્યારે ફિનિક્સ છોડ્યું, કેમ છોડ્યું, અને તેમને વળાવવા માટે સૌ સ્ટેશને ગયા કે નહીં; જતી વખતે તેમણે અમને શી શિખામણ આપી તે બધી વાત ઉપર વિસ્મૃતિનો પડદો પડી ગયો છે. 'હું પકડાઉં નહીં ત્યાં સુધી દર શનિવારે તારે અને દેવદાસે મને નિયમિત કાગળ લખવા' એ છેવટની આજ્ઞા માત્ર યાદ છે.

ફિનિક્સથી નીકળી બાપુજી જેલમાં કેવી રીતે જશે એ વિશે જાતજાતની અટકળો અમારે ત્યાં ચાલ્યા કરતી. પૂ. બાને તો સરકારે ઓળખ્યા વિના સજા કરી દીધી, પણ મિ. એમ. કે. ગાંધીને ન ઓળખનાર ત્યાં કોણ હોય? તેમાંયે જ્યારથી ગોખલેજી આવી ગયા ત્યારથી તો ગાંધી-ગોખલેને માટે ગોરાઓનો આદર બહુ વધી ગયેલો. એટલે બાપુજીના એ વખતના કોટપાટલૂન અને ઉઘાડા માથાવાળા કે બૅરિસ્ટરી પાઘડીવાળા વેશે અને ગાંધીને નામે સરકાર બાપુને જેલમાં નહીં પૂરે એવી પૂરી શંકા હતી. તેમાંયે જ્યારે જોહાનિસબર્ગની બહેનોને ઑરેન્જ ફ્રી સ્ટેટની હદમાં ફેરી કરવા છતાં સરકારે ન પકડી ત્યારે બાપુજીના પકડાવા બાબતની શંકા વધી ગઈ.

એક યોજના એવી સાંભળવામાં આવી કે બાપુજી અંગરખું ને ફેંટો પહેરી સાધારણ હિંદુસ્તાનીની જેમ ઑરેન્જ ફ્રી સ્ટેટમાં પ્રવેશ કરે અને પોતાનું નામ મોહનદાસ કરમચંદ એટલું જ બતાવે તો પકડાઈ જાય ખરા. એ સિવાય પણ બાપુના પકડાવા બાબત બીજી ચર્ચાઓ ચાલતી હતી. પણ એ ઈતિહાસ તો કોઈની કલ્પનામાં ન આવે એવી રીતે ઈશ્વરે અગાઉથી જ ઘડી રાખ્યો હતો. ઑરેન્જ ફ્રી સ્ટેટ તો શું, ટ્રાન્સવાલ પણ એમને જવું ન પડ્યું અને નાતાલમાં જ તેમને જેલ ભેગા કરી દેવામાં આવ્યા.

નાતાલના ન્યૂકૅસલ શહેર પાસે આવેલી કોલસાની ખાણોમાં ત્રણ પાઉંડના કર સામે હડતાળ શરૂ કરવામાં આવી. ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં જેલ જવા માટે ખૂબ ફાંફાં માર્યાં છતાં ત્યાંની સત્યાગ્રહી બહેનો ન પકડાઈ ત્યારે તેઓએ નાતાલની કોલસાની ખાણો પર હુમલો કર્યો. દક્ષિણ આફ્રિકાની સરકારે પૂ. બા ઉપર હાથ નાખેલો અને એમને જેલમાં પૂરેલાં એથી લોકોના દિલમાં જે જ્વાળા પ્રગટી એ હિંદુસ્તાન સુધી પહોંચેલી અને હિંદુસ્તાન પણ ખળભળી ઊઠેલું. એટલે સરકાર બીજી વાર સ્ત્રીઓને પકડવાની ભૂલ કરવા માગતી ન હતી. પણ ખાણોના મજૂર વચ્ચે મિસિસ થંભી નાયડુની ટોળીએ ધગધગતા અંગારા સમી વાણી વરસાવી અને મજૂરોને શાંતિમય હડતાળ ઉપર ઉતાર્યા એટલે સરકારને તેમને પકડવી જ પડી.

એ બહેનોએ ગિરમીટિયાઓને જગાડ્યા: 'તમારા પરસેવા વડે જ્યાં સમૃદ્ધિ રચાઈ છે એ જ દેશમાં તમે સ્વતંત્ર થઈને રહી ન શકો એ કેટલો કારમો જુલમ છે? બબ્બે વાર તમે ગુલામી ખત પૂરાં કરી છૂટો તોપણ ગોરા જમીનદારોની ગરજ સરે એટલે તમે એમને વેરી સમા લાગો અને એ લોકો તમારા કુટુંબના દરેક માણસ દીઠ પિસ્તાળીસ પિસ્તાળીસ રૂપિયાનો માથાવેરો તમારી પાસેથી લે એ તમે મૂંગે મોંએ વેઠ્યા કરો એ તમારી કેવી હીણપત?'

ખાણે ખાણે અને ગિરમીટિયાઓને રહેઠાણે રહેઠાણે આ સંદેશ પહોંચી ગયો. ગિરમીટિયા ભભૂકી ઊઠ્યા. તેમણે હિંદ મૈયાની લાજ રાખવાનો દૃઢ સંકલ્પ કર્યો અને જાહેર કર્યું કે, 'મોત આવે તો તે કબૂલ છે, પણ જ્યાં સુધી સરકાર ત્રણ પાઉંડનો કર નાબૂદ ન કરે ત્યાં સુધી કામે ચડવું હરામ છે.'

ફિનિક્સથી બાપુજીના ગયા પછી બેએક અઠવાડિયાં લગી એમના કંઈ વિશેષ સમાચાર ન આવ્યા; પણ જ્યારે સમાચાર મળ્યા કે ન્યૂકૅસલમાં બાપુજી હડતાળિયાઓથી ઘેરાઈ ગયા છે અને ફળાહાર કરવાનોયે એમને સમય રાતે મળે છે ને સૂવાનું તો નામનું જ મળે છે, ત્યારે અમે સૌ બહુ ચિંતામાં પડી ગયાં.

## ૭

## ચિત્ર-સમાચારો

મારિત્સબર્ગમાં બાપુજી હડતાળિયાઓ વચ્ચે ઘેરાયા એની કંઈક પહેલાં ડરબનમાં વીર યુવક હુસેનભાઈનું અકાળે અવસાન થયું. એમના મૃત્યુ પાછળ બાપુજીએ 'ઇન્ડિયન ઓપીનિયન'માં હૃદયને રડાવી મૂકનારો લેખ લખ્યો. હુસેનભાઈની છબી પણ 'ઇન્ડિયન ઓપીનિયન' માટે છપાઈ. એ છબીની એક એક પ્રત એ અંકની તૈયાર થયેલી નકલોની વચ્ચે ગોઠવવાનું કામ મારે ભાગે

આવેલું. હુસેનભાઈનું મોત એ મોત ન હતું; એ ખરેખર એમનું નવું જીવન હતું. જેલમાં ગયેલા અને ન ગયેલા સૌને માટે હુસેનભાઈ એક પ્રેરક શક્તિ બની ગયા હતા.

ડરબનના નામાંકિત શેઠ દાઉદ શેઠના એ સુપુત્ર હતા. દાઉદ શેઠ, ઉમર શેઠ, રુસ્તમજી શેઠ વગેરે સાથેના ફિનિક્સવાસીઓના ગાઢા સંબંધ બાબત આ પહેલાં કહેવાઈ ગયું છે. પારસી રુસ્તમજી શેઠથી દાઉદ શેઠનો મોભો બે તસુ વધતો જ ગણાય. રુસ્તમજીકાકાનો ધમધમાટ નાનામોટા સૌને કંપાવી મૂકતો. દાઉદ શેઠનું તેજ શાંત અને પ્રસન્ન કરનારું હતું, એમની હૂંફ આકર્ષક હતી. તેઓ જેટલા મુસલમાનોના સરતાજ હતા તેટલા જ હિંદીમાત્રના દોહ્યલા સલાહકાર હતા. નાતાલમાં હિંદીઓની સૌ પહેલી દુકાન દાઉદ શેઠની લેખાય છે. બાપુજીને એમને માટે બહુ ઊંચો અભિપ્રાય હતો. દાઉદ શેઠ ભણેલામાં મુશ્કેલીથી ખપતા, છતાં મોટા મોટા ગોરાઓની પેઢીઓ અને બૅંકોમાં ઝપાટાભેર ફરી વળી કામ આટોપી લેતા ને અમીરની જેમ રહેતા. એમની શક્તિ એવી ગણાતી કે જો તેઓ ગોરી ચામડીના હોત તો નાતાલનું પ્રધાનપદું ભોગવી શકત. એમના જેવાના કુલદીપકનું બુઝાઈ જવું, એને આખી હિંદી કોમ પોતાની અંગત ખોટ સમું અનુભવે એ કુદરતી હતું.

મને પોતાને હુસેનભાઈનો પરિચય એક જ વાર થયેલો. પણ એ એક વારમાં તો મારી સાથે એમણે સારી દોસ્તી કરી લીધી હતી. એ આવ્યા તે દિવસે બહુ આકરી ગરમી હતી. હુસેનભાઈ પરસેવે નાહી રહ્યા હતા અને તેઓ દર બેપાંચ મિનિટે ખિસ્સામાંથી ફાંકડો રેશમી રૂમાલ કાઢી પોતાના ચહેરા અને મોં પરનો પરસેવો લૂછ્યા કરતા હતા. ક્યારેક ક્યારેક વળી બીજા ખિસ્સામાંથી સહેજ નાનો રૂમાલ કાઢી એ વડે ચહેરો ને હાથ વગેરે સુગંધિત કરતા હતા. એમણે એક લાંબો ચકચકતો ધોળો રેશમી કોટ, ગૂંછળાંવાળી મુસલમાની કાળી ટોપી, એવું જ દીપી ઊઠતું પાટલૂન, નીચે રેશમી મોજાં અને એ આખા વેશને અનુરૂપ એવા બૂટ પહેર્યા હતા. આવો બધો એમનો ઠાઠ છતાં અને સોનાની ઘડિયાળ તથા સોનાનાં બટન છતાં તેઓ મારી સાથે ગેલ કરતા હતા, જેને બાઘો ધારી કોઈ બોલાવતું નહીં એને જ એ ઘણી વાતો પૂછતા હતા તેથી મને ભારે કૌતુક થયું. મેં ઉત્તમ સુશોભિત પોશાક પહેલાં જોયેલા ખરા, પણ હુસેનભાઈનો આ વેશ મને બહુ અવનવો લાગ્યો. પોશાક આટલો બધો સરસ હોઈ શકે એ મારી કલ્પનામાં ન હતું. એ ભપકાથી હું અંજાયો અને મનમાં થયું, મને પણ એવાં કપડાં મળે તો કેવી મજા પડે! એટલામાં એક કૌતુક મારી આંખે પડ્યું. હુસેનભાઈએ ફરતાં ફરતાં એમના લાંબા કોટના ખિસ્સામાંથી બેત્રાણ પાતળા કાગળ કાઢ્યા અને એ વડે મોઢું લૂછી એ કાગળ ફેંકી દીધા. મેં પૂછ્યું

'હુસેનભાઈ, એ શું હતું?' એમણે જવાબ આપ્યો: 'એ પારીસ પેપર છે. એ એવી ખાસ બનાવટના આવે છે કે એથી મોઢું લૂછી લઈએ એટલે ચહેરો ચળકવા લાગે!' આ વાત સાંભળીને હું વિમાસણમાં પડી ગયો કે આ તે પોશાક કેવો કે એમાં મોઢું પણ દવાવાળા કાગળથી બૂટપાલીસની જેમ ચળકાવવું પડે!

હુસેનભાઈને ઘેરથી પ્રેસમાં પહોંચાડી હું પાછો ઘેર આવ્યો ત્યાં એકાએક વાદળાં ચડી આવ્યાં ને કરા પડ્યા. થાળીમાં સારી પેઠે કરા ઝીલી લઈ મેં એ ખાધા ને બીજાઓને આપ્યા. કરા પડતા અટક્યા ને હું ફરી પ્રેસમાં હુસેનભાઈની ગમ્મત જોવા પહોંચ્યો. ત્યાં ખબર પડી કે તેઓ સીધા સ્ટેશને ચાલ્યા ગયા છે. એ જાણી મને દિલગીરી ઊપજી કે હું એમની સોબતમાં ઝાઝું ન રહી શક્યો. તેમના ઉપરના ભપકાએ મને નવાઈ પમાડેલો, પણ એમના દિલની મીઠાશ, ઉંમરે મોટા છતાં નમનતાભર્યો વર્તાવ અને હોશિયારી મારા મનમાં ઊંડે ઊતરી ગયાં હતાં. મારી આંખ સામે તેઓ સરસ યુવકનો એક આદર્શ મૂકતા ગયા હતા.

ત્યાર બાદ હુસેનભાઈના મૃત્યુસમાચાર જ મને મળ્યા. એમની છબી છાપાં વચ્ચે મૂકતાં મૂકતાં મારા મનમાં અનેક ભાવો ઊભરાવા લાગ્યા. તેમાંયે જ્યારે બાપુના લેખમાં વાંચ્યું કે હુસેનભાઈ બહુ જ સરળ સ્વભાવના, પ્રેમાળ અને સેવાભાવી હતા, મરણની ઘડીએ તેઓ એમની પાસે રડી પડ્યા અને બોલ્યા કે 'મારાથી જેલ ન જવાયું. મારાથી લડતમાં કંઈ ભાગ ન લેવાયો. કોમી બંધુઓ જેલમાં દુ:ખ વેઠે અને હું ઘેરે પલંગ પર પડ્યો છું'; ત્યારે મને એમના ભપકાભર્યા વેશ માટે મેં મનમાં કરેલા ટીખળ સારુ પસ્તાવો થયો. ક્ષય જેવા કારમા રોગથી એમનું અકાળ મરણ ન થયું હોત તો હુસેનભાઈ અમ ફિનિક્સવાસીઓમાંના એક બન્યા હોત અને બાપુને એક મુસલમાન પુત્ર સાંપડ્યો હોત. પરંતુ ઈશ્વરે તેમની સ્મૃતિ દ્વારા જ મારા જેવા અનેક યુવકોને હિંદુ-મુસ્લિમ ઐક્ય અને રાષ્ટ્રસેવાના પાઠ આપવાનું ઉચિત ધાર્યું હશે.

એક કે બે બુધવાર વધુ વીત્યા ને મારે ભાગે એક નવી છબી ગોઠવવાનું આવ્યું. ન્યૂકૅસલની કોયલાની ખાણોમાંના મજૂરોને હડતાળે ચડાવનારી અગિયાર વીરાંગનાઓની એ છબી હતી. પંડિત ભવાની દયાલનાં ધર્મપત્ની સિવાય એમાંનાં કોઈને મેં જોયેલાં ન હતાં. શ્રીમતી ભવાની દયાલ સાવ માંદલાં જેવાં ફિનિક્સમાં થોડાં અઠવાડિયાં રહેલાં. મોટે ભાગે તેઓ મૂંગાં જ રહેતાં, અને જ્યારે બોલતાં ત્યારે પાસે ઊભેલાંને માંડ સંભળાય એટલું ધીમું અને નિસ્તેજ બોલતાં. એવાં ખાટલાવશ જેવાં બહેનને જેલ જનારાઓની ટોળીમાં જોઈ મને બહુ નવાઈ લાગી. એમનાથી કેમ જેલ વેઠી જશે એ મને સમજાતું ન હતું. મને એમ પણ થયું કે આવાં માંડ ચાર ડગલાં ચાલી શકે એવાં બાઈ જેલમાં જઈ શકે

તો પછી સોળ વરસથી નાની ઉંમરના અમે ચપળ છોકરાઓ કેમ જેલ સારુ નકામા ગણાતા હોઈશું? એ ટોળીમાં શ્રીમતી નાયડુ સિંહણ જેવાં શૂરાં પંકાઈ ગયેલાં હતાં. શ્રીમતી પિલ્લે, શ્રીમતી પી. કે. નાયડુ અને બીજાં તામિલ બહેનો તો ભલભલા મરદનાં માન મુકાવે એવાં ભાષણ આપવાવાળાં ગણાતાં હતાં. હજારોની મેદની સામે તેઓ પોતાની તામિલમાં ભાષણો લલકારતાં ત્યારે સાંભળનારાં મંત્રમુગ્ધ બની જતાં. ઊંચે સાદે એકધારો એમનો વાક્પ્રવાહ ચાલતો. વળી કાખમાં બાળકોને તેડી દસપંદર માઈલનો પંથ કાપી નાખવો એ એમને મન રમત વાત હતી. એમ જાતજાતની એમની પ્રશંસાઓ સંભળાતી. મિસિસ થંભી નાયડુ જેવાંની સરદારી નીચે શ્રીમતી ભવાની દયાલ સમાં કાચાંપોચાંનેય આંચ આવે એમ ન હતું એવી ચર્ચાઓ અમારે ત્યાં ચાલ્યા કરતી હતી. સત્યાગ્રહના ઈતિહાસમાં કેવળ સ્ત્રી સત્યાગ્રહીઓનો આ પહેલો જથો સદા સ્મરણીય રહેવાનો. આ ટોળી પહેલાં પૂ. બા અને ફિનિક્સની ટોળી જેલમાં જઈ પહોંચેલી, પણ ભારે દોડાદોડ કરીને તથા અબોધ મજૂરોને જાગ્રત કરીને તેમ જ દક્ષિણ આફ્રિકાની સરકારને હંફાવીને જેલ સિધાવનારી તો આ જ પહેલી ટોળી હતી એટલું જ નહીં, પણ આ બહેનોની જેલજાત્રા આખા હિંદુસ્તાનને હચમચાવી મૂકનારી નીવડી.

વળી એક બુધવારે બાનુ શેખ મહેતાબ અને તેમની ઘરડી માનો ફોટો અમારે ત્યાં છપાયો. પડદો છોડીને મુસલમાન બહેનો જેલ જવા નીકળી પડી એ દક્ષિણ આફ્રિકાની હિંદી કોમે હરખભેર વધાવી લીધું. ફિનિક્સમાં કાનોકાન વાત આવી કે પાકી ઉંમરે એ બાનુને જેલ જતાં રોકવા માટે લાગતાવળગતાઓએ બહુ સમજાવેલાં, પણ તેઓ માન્યાં જ નહીં. જો પૂ. બા જેલ જઈ શકે તો પોતે કેમ નહીં, એ તેમની દલીલ હતી. તામિલ બહેનોએ તો ખેતર ખૂંદેલાં અને મજૂરી પણ કરેલી; પરંતુ બાનુ શેખ મહેતાબ - જેઓ ઘણું કરીને સુરતનાં રહેવાસી હતાં - જેવાં સુકોમળ સ્ત્રીનું જેલ જવું એ નાતાલના ગુજરાતીઓને સવિશેષ ખળભળાવી મૂકનારું હતું. એમની એ છબી શ્રદ્ધાપૂર્વક નિહાળી નિહાળીને મુસલમાનોની બહાદુરી વિશે મારા મનમાં ઊંડી છાપ પડતી જતી હતી. હિંદુ અને મુસલમાન કોઈ જુદી જુદી જમાતના લોકો છે એનું સ્વપ્નેયે ભાન ન આવે એવો સોહામણો એ જમાનો હતો. હુસેનભાઈ અને બાનુ શેખ મહેતાબ એ બંને કોમોને જોડનારી અમોઘ કડી બની ગયાં હતાં.

જે રીતે બુધવાર મારે સારુ નવી નવી વાતો લઈને આવતો, એ જ રીતે એ દિવસોમાં શનિવાર પણ અમારે સારુ મહત્ત્વનો હતો. શનિવાર એ મારે અને દેવદાસકાકાએ બાપુજીને પત્ર લખવાનો દિવસ હતો. અને એમાં અમારે અમારા

ભણતર તથા અમારાં કામનો હિસાબ દર અઠવાડિયે એમને મોકલવો એવી આજ્ઞા ફિનિક્સ છોડતી વખતે બાપુજી આપી ગયેલા. એ કાગળોમાં અમે શું લખતા અને બાપુજીના જવાબ શા મળતા અથવા મળતા કે નહીં તે અત્યારે સ્મરણમાં નથી રહ્યું. પણ જિંદગીમાં બાપુજીને પહેલવહેલો પત્ર લખવાનો વસમો અનુભવ યાદ રહી ગયો છે.

બપોરે છાપખાનાનું કામ પતાવી, અમે કાગળ લખવા એ જ મેજ પર બેઠા, જેના ઉપર બેસીને બાપુજી 'ઈંડિયન ઓપીનિયન'નાં લખાણો લખતા. હું ઊંચામાં ઊંચી જાતના કાગળ, ખૂબસૂરત કલમ અને ખડિયો લઈ લખવા તો બેઠો, પણ ગોટાળામાં પડ્યો કે બાપુજીને મથાળું શું લખવું? કાગળ ક્યાંથી શરૂ કરવો? કયા ખબર સૌથી પહેલા આપવા? કંઈ સાફ સૂઝે નહીં. પાંચ મિનિટ-દસ મિનિટ નહીં, પણ અર્ધાક કલાક સુધી હાથમાં ઝાલેલી કલમ અક્ષરે ન પાડી શકી. અનેક વસ્તુ લખવા જેવી સૂઝે, પણ એની ગોઠવણી થઈ ન શકે. મારા પિતાશ્રી જેલ ગયા તે પહેલાં વારેવારે તેઓ મારી પાસે રાજકોટ મારા મોટા બાપુજીને કાગળ લખાવતા. એક વાર બીબાં ગોઠવી છાપીને પણ મેં એમને એક પત્ર મોકલેલો. પણ એ બાપુજીની જેમ આ બાપુજીને પત્ર લખવો એ ઉચિત ન લાગ્યું.

પહેલાં થયું કે 'મુરબ્બી બાપુજી' લખું: પણ મુરબ્બી તો ઘરનાં બધાંયે મોટેરાંને લખાય. બાપુજી તો એનાથીયે મોટા છે. એમને કંઈક વધારે લખવું જોઈએ. પછી થયું કે એકલું 'બાપુજી' લખું: પણ તે તોછડું લાગ્યું. ત્યારે શું? 'વહાલા બાપુજી' લખું? ના; એમ તો દોસ્તદારને લખાય; બાપુજી કંઈ દોસ્તદાર કહેવાય? એ તો પિતાથીયે મોટા! ત્યારે શું 'પિતાજી બાપુજી' લખું? એ લખવું રુચ્યું નહીં. અર્ધોક કલાક આમ વિમાસણમાં ગાળ્યો ને કંઈ ઠરાવી ન શક્યો, ત્યારે મનમાં થયું કે દેવદાસકાકાએ શું લખ્યું છે એ તો જોઉં? પાસેની ખુરશી પર બેઠા બેઠા તે કાગળ લખતા હતા. મેં પોતાની જગ્યાએથી ઊંચા થઈને જોયું તો તેમણે સુંદર અક્ષરે લખ્યું હતું: 'પૂજ્ય શિરછત્ર પિતાશ્રીની પવિત્ર સેવામાં'. મને એ બહુ ભારેખમ મથાળું લાગ્યું. એક તો એ ન સમજાયું કે શિરછત્ર ને પવિત્ર એ બધી લપ શા માટે? એવું ચાલુ મથાળું લેવામાંયે મને નાનમ લાગી. એટલે મારે ફરીથી મથાળાની શોધમાં ભટકવું પડ્યું. દેવદાસકાકા ચાલ્યા ગયા પછી ઘણી વારે મારાથી બાપુજીને કાગળ લખવાનું શરૂ કરી શકાયું. શરૂ થયા પછી એ પૂરો થતાં વાર ન લાગી. આજે મને યાદ નથી કે છેવટે મેં બાપુજીને કેવી રીતે સંબોધ્યા હતા. પણ એ સંબોધન શોધવામાં જે ભાંજગડ ચાલેલી એ પૂરી યાદ છે.

બાપુજી હજારો માણસોને લઈ કૂચ કરતા ટ્રાન્સવાલ ઊપડ્યા. પકડાયા ત્યાં સુધી મગનકાકા ઉપર તેમના કાગળો આવતા. જેલમાં પહોંચ્યા પછી તેમના એ કાગળો, સંદેશા વગેરે બધું બંધ થયું. એ પત્રો કેવા હતા તે જાણવાનું સાધન આજે મારી પાસે નથી. અમને જુદા નાના કાગળો લખવાનો વખત તેમની પાસે ન હતો, અને મગનકાકાએ પત્રસંગ્રહ રાખ્યાનું મારી જાણમાં નથી.

ફિનિક્સના ઈતિહાસમાં હવે પ્રત્યેક દિવસે ઈતિહાસનાં મોટાં મોટાં પ્રકરણો ઊપજવા લાગ્યાં હતાં. રોજેરોજનો સૂરજ કંઈક ને કંઈક અવનવી વાત આણતો. બાપુજીને પગલે પગલે અને શ્વાસે શ્વાસે ત્યાંની હિંદી પ્રજામાં ઉત્સાહનો સાગર ઊછળવા માંડેલો. નાતાલ અને ટ્રાન્સવાલના બધાયે સીમાડા ઉપર એક પછી એક કુરબાનીનાં મોજાંઓની હારમાળા પછાડ લેવા લાગી હતી. કાગળની કાપલીમાં લખાયેલા અક્ષરોથી બાપુજી સાથે જે અનુસંધાન રહી શકે તેના કરતાં અનેકગણો વધતો જીવતોજાગતો સંબંધ, પ્રેરણા, બળ, બાપુજી અમારા પર વરસાવી રહ્યા હતા.

## ૮

## ઐતિહાસિક ઈતિહાસ

હિંસા વિ. અહિંસા માટેની લાંબી લાંબી ચર્ચાઓ અને પ્રશ્નોત્તરીઓનો છેવાડો આવી જાય છે ત્યારે જે છેલ્લા પ્રશ્ન પર વાત આવીને ઊભી રહે છે તે એ કે 'ઈતિહાસમાં તો કદી કોઈ રાષ્ટ્રે અથવા સમાજે અહિંસાથી આત્મરક્ષા કરી હોય એવાં ઉદાહરણ નથી. જે વસ્તુને ઈતિહાસનો ટેકો નથી એના ઉપર ભરોસો કેમ રખાય? હિંસાને વાયરે હજારો વહાણ નાંગરાયાની ઈતિહાસમાં સાબિતી છે; પણ અહિંસાને વાયરે એ નંગરાવાની પ્રતીતિ નથી થતી.

મારા દિલમાં સામો સવાલ ઊઠે છે કે જે ઈતિહાસનાં આજે ગીત ગવાય છે એ એક કાળે તો ભવિષ્યની વાત હતી કે નહીં? કોઈ ઈતિહાસ જમીન ફોડીને નીકળી આવેલો અથવા આકાશમાંથી ટપકી પડેલો નથી હોતો. માણસોના પુરુષાર્થે ઈતિહાસને આસ્તે આસ્તે ઘડેલો હોય છે. અને જે ઘડવાની - બનાવવાની વસ્તુ છે તે મનધારી બનાવી શકાશે કે નહીં એવાં રોદણાં રોતા રહેવું એ તો નરી કાયરતા ગણાય. પદ્ધતિસર વિચારી વિચારીને અજમાયશ લેવાથી આકાશમાં ઊડી શકાય છે, સમુદ્રના પેટાળમાં જહાજો દોડાવી શકાય છે તો પછી લુટારુ અને જાલિમોની ગરદન રહેંસી નાખ્યા વિના કોઈ પણ રીતે પોતાનાં માલમિલકત અને મરતબો ન જાળવી શકાય એવા હારણ આપણે શા સારું બનવું જોઈએ? જો જૂના ઈતિહાસમાં એવા દાખલા સાંપડતા નથી તો એનો અર્થ એવો

શા સારુ લેવો જોઈએ કે નવા દાખલા પેદા કરી શકાય એમ નથી?

સત્યાગ્રહના સિદ્ધાંતે પોતાનો નવો ઈતિહાસ પેદા કર્યો પણ છે. અમુક સો કે અમુક હજાર વરસ જૂની બીનાને જ ઈતિહાસ મનાય એવો મનોગ્રહ જો ન હોય તો પચીસ વરસથી વધુ ઉંમરનો દક્ષિણ આફ્રિકાનો ઈતિહાસ નજીવો નથી. માત્ર એ આંખમાં સમાવો જોઈએ. ફ્રાન્સની ક્રાન્તિ જો ઈતિહાસનું મોંઘામૂલનું પ્રકરણ હોય, એનું ઊંડું અધ્યયન કરીને જો નવી ક્રાન્તિ ઘડી શકાતી હોય તો દક્ષિણ આફ્રિકાના ત્રણ પાઉંડના કરની લડત પણ ઈતિહાસનું મહામૂલું પ્રકરણ લેખવી શકાય. નવે નવે જમાને એનું અધ્યયન નવી નવી રીતે કરીને પદદલિત જનતા મુક્તિને રસ્તે પ્રયાણ કરી શકે એટલો મસાલો એમાં ભર્યો પડ્યો છે. એ ઈતિહાસ સદા ઐતિહાસિક રહેવાનો.

એ લડતમાં સફળતા મળ્યા પછી એ ઈતિહાસના પ્રણેતાને હાથે જ એ ઈતિહાસ લખાયો છે. ઈતિહાસના પ્રણેતાઓએ વિજયયુદ્ધ પત્યા પછી તરત જ પોતાને હાથે ઈતિહાસ નોંધ્યો હોય એવું જવલ્લે જ બને છે. આપણે સદ્ભાગ્યે બાપુજીનું એવું લખાણ આપણી પાસે છે. 'ઈંડિયન ઓપીનિયને' સત્યાગ્રહ વિજયના સ્મરણચિહ્ન તરીકે જે સોનેરી અંક બહાર પાડ્યો છે એમાં આવેલું બાપુજીનું લખાણ એમના જ શબ્દોમાં અહીં ઉતારું તો એ પુનરાવૃત્તિ પણ વાચકને ગમશે જ એમ ધારું છું.

“ફિનિક્સની ટુકડી જેલ ગઈ એટલે જોહાનિસબર્ગથી ન રહી શકાયું. ત્યાંની બૈરીઓ અધીરી થઈ. તેઓને જેલ જવાનો ઘણો જ ઉત્સાહ થયો. મિ. થંભી નાયડુનું કુટુંબ આખું તૈયાર થયું. એમની ઓરત, સાળી, સાસુ, મિ. મુરગનનાં સગાંઓ, મિસિસ પી. કે. નાયડુ, અમર નામ કરી ગયેલી બહેન વાલિયામા અને બીજી સ્ત્રીઓ તૈયાર થઈ. તેઓ કાખમાં બાળકો લઈ ચાલી નીકળી. મિ. કેલનબૅક તેઓને લઈ ફ્રીનિખન ગયા. ત્યાં જવામાં એવી ઉમેદ હતી કે તેઓ 'ફ્રી સ્ટેટ'ની સરહદ પર જઈ પાછા વળતાં પકડાશે. તેઓની ઉમેદ બર ન આવી. તેઓએ કેટલાક દિવસ દુ:ખેસુખે ફ્રીનિખનમાં ગાળ્યા. ત્યાં ટોપલીઓ લઈ ફેરી કરી પકડાવાનો પ્રયત્ન કર્યો, પણ કોઈએ તેઓને પકડી નહીં. આ નિરાશામાં અમર આશા છુપાઈ રહેલી હતી. ઓરતોને સરકારે ફ્રીનિખનમાં જ પકડી હોત તો તે વખતે હડતાળ ન પડત. એટલું તો ચોક્કસ છે કે જે પાયા ઉપર હડતાળ જામી તે પાયા ઉપર તો ન જ જામત. પણ કોમ ઉપર ઈશ્વરનો હાથ હતો. એ સદા સત્યનો બેલી છે. ઓરતો ન પકડાઈ તેથી એમ ઠર્યું કે તેઓએ નાતાલની હદ ઓળંગવી. જો તેઓને ન પકડે તો તેઓએ મિ. થંભી નાયડુની સાથે ન્યૂકૅસલ મથક કરવું. તેઓ નાતાલ તરફ રવાના થઈ. સરહદ પર પોલીસે

તેમને ન પકડી. ન્યૂકૅસલ ઘર કર્યું. મિ. ડી. લાઝરસે પોતાનું ઘર ઓરતોને સોંપ્યું ને તેમની ઓરતે તથા સાળી મિસ થૉમસે આ સત્યાગ્રહી ઓરતોની સારવાર કરવાનું માથે લીધું. ઠરાવ એવો હતો કે ઓરતોએ ન્યૂકૅસલમાં ગિરમીટિયાની ઓરતોને તથા ગિરમીટિયાઓને મળવું. તેઓને તેમની દશાનો ચિતાર આપવો ને ત્રણ પાઉંડના કર બાબત હડતાળ પાડવાનું સમજાવવું. પછી જ્યારે હું ન્યૂકૅસલ પહોંચું ત્યારે હડતાળ પાડવી. પણ ઓરતોની હાજરી તો સૂકાં લાકડાં ઉપર દીવાસળીરૂપ થઈ પડી. સેજ-તળાઈ વિના નહીં સૂનારી ને ભાગ્યે જ મોં ખોલનારી આ ઓરતોએ ગિરમીટિયાઓ પાસે જાહેરમાં ભાષણો કર્યાં. તેઓ જાગ્યા ને હું પહોંચું તે પહેલાં તો તેઓએ હડતાળ પાડવાનો આગ્રહ કર્યો. કામ ઘણું જોખમભરેલું હતું. મિ. નાયડુનો તાર મને મળ્યો. મિ. કેલનબૅક ન્યૂકૅસલ ગયા ને હડતાળ શરૂ થઈ. હું ન્યૂકૅસલ પહોંચ્યો તે દરમિયાન તો કોલસાની બે ખાણોના હિંદીઓએ કામ બંધ કર્યું.

મિ. હોસ્કેનના પ્રમુખપણા નીચેની યુરોપિયન સહાયક કમિટીએ મને બોલાવ્યો. હું તેઓને મળ્યો. તેઓએ આપણી હિલચાલ પસંદ કરી ઉત્તેજન આપવાનો ઠરાવ કર્યો. એક દિવસ જોહાનિસબર્ગમાં રહી હું ન્યૂકૅસલ પહોંચ્યો ને ત્યાં રહ્યો. મેં જોયું કે લોકોનો ઉત્સાહ અત્યંત હતો. ઓરતોની હાજરીની બરદાસ્ત સરકાર ન કરી શકી ને છેવટે તેમને રખડુના તહોમત નીચે જેલ આપી. મિ. લાઝરસનું ઘર હવે સત્યાગ્રહની ધર્મશાળા બન્યું. ત્યાં તો સેંકડો ગિરમીટિયાને સારુ ખાણું પકાવવાનું કરવું પડ્યું. તેથી મિ. લાઝરસ નાસીપાસ નહીં થયેલા. ન્યૂકૅસલના હિંદીઓએ એક કમિટી નીમી. મિ. સીદાત પ્રમુખ નિમાયા. કામ ધમધોકાર ચાલ્યું. બીજી ખાણોના હિંદીઓએ કામ બંધ કર્યું. આમ, ખાણોના હિંદી મજૂરો કામ બંધ કરતા ચાલ્યા તેથી કોલસાના ધણીઓના મંડળની મીટિંગ થઈ. ત્યાં વાતચીત ખૂબ થઈ, પણ નિવેડો ન આવ્યો. તેઓની માગણી એવી હતી કે જો આપણે હડતાળ બંધ રાખીએ તો તેઓ સરકારને ત્રણ પાઉંડના કર બાબત લખાણ કરે. આ કંઈ સત્યાગ્રહીથી કબૂલ ન થાય. આપણને ધણીઓની સાથે વેર ન હતું. હડતાળનો હેતુ ધણીઓને દુઃખ દેવાનો ન હતો, માત્ર આપણે દુઃખ ઉઠાવવાનો હતો. એટલે કોલસાના ધણીની સલાહ માન્ય ન થાય તેવી હતી. હું પાછો ન્યૂકૅસલ આવ્યો. મજકૂર મીટિંગનું પરિણામ મેં જણાવ્યું તેમ ઉત્સાહ વધ્યો. વધારે ખાણોમાં કામ બંધ થયું.

આજ લગી મજૂરો પોતપોતાની ખાણમાં રહેતા હતા. ન્યૂકૅસલની કારભાર મંડળીએ વિચાર્યું કે જ્યાં લગી ગિરમીટિયા પોતાના શેઠની જમીનમાં રહે ત્યાં લગી હડતાળની પૂરી અસર પડે નહીં. તેઓ લલચાઈને અથવા ડરીને

કામ શરૂ કરે એ ભય પણ હતો. અને શેઠનું કામ ન કરવું છતાં તેના ઘરમાં વસવું અથવા તેનું નિમક ખાવું એ અનીતિ ગણાય. આમ ગિરમીટિયાઓનું ખાણ પર રહેવું દોષિત હતું. છેલ્લો દોષ તે સત્યાગ્રહના શુધ્ધ પ્રયાસને મલિન કરનાર જણાયો. બીજી તરફથી હજારો હિંદીને ક્યાં રાખવા, તેઓને કેમ જમાડવા એ ભારે કામ હતું. મિ. લાઝરસનું મકાન હવે નાનું જણાયું. બિચારી બે ઓરતો રાતદિવસ મહેનત કરતાં પણ પહોંચી શકે એમ ન લાગ્યું. તેમ છતાં પણ ગમે તે જોખમ ઉઠાવી ખાણો ખાલી જ કરવી એ નિશ્ચય થયો. ગિરમીટિયાઓને પોતાની ખાણ છોડી ન્યૂકૅસલ આવવાના સમાચાર મોકલવામાં આવ્યા. આ ખબર મળતાં જ ખાણોમાંથી કૂચ શરૂ થઈ બેલંગીની ખાણના હિંદીઓ પહેલા આવી પહોંચ્યા. ન્યૂકૅસલમાં કેમ જાણે હંમેશાં જાત્રાળુનો સંઘ આવતો ન હોય એવો દેખાવ થઈ રહ્યો. જુવાન, બુઢ્ઢાઓ, ઓરતો - કોઈ છડી ને કોઈ કાખમાં બચ્ચાવાળી - બધી પોતાના માથા પર ગાંસડીઓવાળી હતી. મરદોના માથા પર પેટીઓ જોવામાં આવતી હતી. કોઈ દિવસના આવી પહોંચતા તો કોઈ રાતના. તેઓને સારુ ખાવાનું પૂરું પાડવું પડતું. આ ગરીબ માણસોના સંતોષનું હું શું વર્ણન કરું? જે મળ્યું તેથી તેઓ સુખ માનતા. ભાગ્યે જ કોઈ રડતો જોવામાં આવતો. બધાના ચહેરા ઉપર હાસ્ય ખીલી રહેલું હતું. મારે મન તો તેઓ તેત્રીસ કોટી દેવતાઓમાંના હતા. સ્ત્રીઓ દેવીરૂપ હતી. તેઓ બધાને છાપરું ક્યાંથી અપાય? સૂવાને 'તૃણ સાથરો' હતો. છાપરું આકાશ હતું. તેઓનો રક્ષક ઈશ્વર હતો. કોઈએ બીડીની માગણી કરી. મેં સમજાવ્યા કે તેઓ ગિરમીટિયા તરીકે નહોતા નીકળી પડ્યા. તેઓ હિંદના સેવક તરીકે નીકળ્યા હતા. તેઓ ધાર્મિક લડતમાં જોડાયા હતા. ને આવે વખતે તેઓએ દારૂ, તમાકુ વગેરે વ્યસન છોડવાં જોઈએ. ન છોડે તેમણે જાહેર પૈસામાંથી તેમની હાજતો પૂરી પાડવાની આશા ન રાખવી જોઈએ. આ સાધુ પુરુષોએ ઉપરની સલાહ માન્ય રાખી, ને ત્યાર પછી કોઈએ બીડીને માટે પૈસા ખરચવાની મારી પાસે માગણી કરી નહીં. આમ ખાણોમાંથી હાર ચાલુ થઈ તેમાં એક ઓરત જે ગર્ભવતી હતી તેને રસ્તામાં ચાલતાં ગર્ભપાત થયો. આવાં અનેક દુઃખો ઉઠાવ્યાં છતાં કોઈ ન થાક્યા, ન પાછા હઠ્યા.

ન્યૂકૅસલમાં હિંદીઓની વસ્તી બહુ વધી પડી. હિંદીની જગ્યાઓ ભરાઈ ગઈ. તેઓની પાસેથી જેટલાં મકાનો મળી શક્યાં તેટલામાં સ્ત્રીઓ ને ઘરડાંઓનો સમાસ થઈ શક્યો. આ જગ્યાએ કહેવું જોઈએ કે, ન્યૂકૅસલના ગોરાની વસ્તીએ ઘણો વિનય વાપર્યો હતો. તેઓએ લાગણી પણ દર્શાવેલી. કોઈ પણ હિંદીને કનડગત નહીં કરેલી. એક ભલી બાઈએ પોતાનું મકાન મફત

વાપરવાને આપ્યું. બીજી પણ ઝીણી મદદો ઘણા ગોરા પાસેથી મળ્યા કરતી હતી.

પણ ન્યૂકૅસલમાં હજારો હિંદીને સદાયને સારુ રાખી શકાય એવી સ્થિતિ ન હતી. 'મેયર' ગભરાયેલા. ન્યૂકૅસલની વસ્તી સાધારણ રીતે ત્રણ હજારની ગણાય. તેવા ગામડામાં દશ હજાર માણસ બીજા સમાઈ ન જ શકે. બીજી ખાણોના મજૂરો કામ બંધ કરવા લાગ્યા, એટલે હવે શું કરવું એ સવાલ ઊઠ્યો. હડતાળ પાડવામાં હેતુ એ હતો કે જેલ જવું. મજૂરોને પકડવા ધારે તો સરકાર પકડી શકતી હતી. પણ હજારોને સારુ તેની પાસે જેલ જ ન હતી. તેથી મજૂર ઉપર હજુ હાથ ન નાખ્યો. ત્યારે હવે ટ્રાન્સવાલની હદ ઓળંગી પકડાવું એ જ સહેલો ઉપાય રહ્યો. વળી તેમ કરતાં ન્યૂકૅસલમાં ભીડ ઓછી થાય એમ પણ લાગ્યું. અને હડતાળિયાઓની વધારે કસોટી થાય. ન્યૂકૅસલમાં ખાણોના જાસૂસો હડતાળિયાઓને લલચાવી રહ્યા હતા. એક પણ મજૂર પડ્યો નહીં તોપણ તે લાલચથી તેમને દૂર રાખવા એ કારભાર મંડળની ફરજ હતી. આવા કારણે ન્યૂકૅસલથી ચાર્લ્સટાઉન કૂચ કરવી એ ઠીક જણાયું. પંથ લગભગ પાંત્રીસ માઈલનો હતો. હજારો માણસોને સારુ રેલભાડું ન જ ખર્ચી શકાય. એટલે બધા મજબૂત મરદ ને સ્ત્રીઓએ પગપાળા જવું એમ ઠરાવ થયો. જે ઓરતો ન ચાલી શકે તેને રેલમાં લઈ જવાનું ઠર્યું. રસ્તામાં પકડાપકડી થવાનો સંભવ હતો. તેમ જ આવો આ પહેલો અનુભવ હતો તેથી પહેલી ટુકડી મારે લઈ જવી એ નિશ્ચય થયો. પહેલી ટુકડીમાં લગભગ પાંચસો જણ હતાં. લગભગ સાઠ સ્ત્રીઓ પોતાનાં બચ્ચાં સહિત હતી. આ ટુકડીનો દેખાવ હું કદી ભૂલી શકું એમ નથી. 'દ્વારિકાનાથ કી જે', 'રામચંદ્રકી જે', 'વંદે માતરમ્' આવા પોકારો કરતી ટુકડી ચાલતી. બે દિવસ થાય તેટલાં પકાવેલાં દાળચાવલ બંધાવ્યાં હતાં. સહુ પોતાનાં પોટલાં બાંધી ચાલી નીકળેલા. તેઓને નીચે પ્રમાણે શરતો સંભળાવવામાં આવી હતી:

(૧) હું પકડાઈ જાઉં એવો સંભવ હતો. જો તેમ બને તોપણ ટુકડીએ કૂચ જારી રાખવી અને જ્યાં સુધી તેઓ પોતે ન પકડાય ત્યાં સુધી તેઓએ ચાલ્યા કરવું. રસ્તામાં ખોરાક વગેરેનો બંદોબસ્ત કરવા સર્વે પ્રયત્ન થશે, છતાં કદાચ કોઈ દિવસ ખાવાનું ન મળે તોપણ સંતોષ રાખવો. (૨) લડતમાં રહેતાં સુધી દારૂ વગેરેનું વ્યસન છોડવું. (૩) મરણ પર્યંત પાછા ન હઠવું. (૪) રસ્તામાં રાત પડે ત્યાં ઘરની આશા ન રાખવી પણ ઘાસમાં પડી રહેવું. (૫) રસ્તામાં આવતાં ઝાડપાનને જરા પણ ઈજા ન કરવી અને પારકી ચીજને બિલકુલ ન અડવું. (૬) સરકારી પોલીસ પકડવા આવે તો પકડાઈ જવું. (૭) પોલીસની કે કોઈની સામે ન થવું, પણ માર પડે તો તે સહન કરવો ને સામે માર મારીને બચાવ ન

કરવો. (૮) જેલમાં જે દુ:ખો પડે તે ઉઠાવવાં; ને જેલને મહેલ સમજી તેમાં દિવસ ગુજારવા.

આ સંઘમાં બધા વર્ણ હતા. હિંદુ, મુસલમાન, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર હતા. કલકત્તિયા હતા, તામિલ હતા. કેટલાક પઠાણોને તેમ જ ઉત્તર તરફના સિંધીઓને માર ખાઈ લેતાં પણ બચાવ ન કરવાની શરત આકરી લાગી હતી, પણ તેઓએ તે શરત ખુશીની સાથે સ્વીકારી, એટલું જ નહીં પણ તેઓની કસોટીનો વખત આવતાં તેઓએ બચાવ પણ નહીં કરેલો.

આવી સ્થિતિમાં પહેલી ટુકડીની કૂચ શરૂ થઈ. પહેલી જ રાતે વગડામાં ઘાસ પર સૂવાનો અનુભવ થયો. રસ્તામાં લગભગ એકસો પચાસ માણસોને સારુ વૉરંટો મળ્યાં. તેઓ ખુશીથી પકડાયા. પકડવાને સારુ એક જ પોલીસ અમલદાર આવ્યો હતો. તેની સાથે બીજી કંઈ મદદ ન હતી. પકડાયા તેમને કેમ લઈ જવા એ સવાલ થઈ પડ્યો. અમે ચાર્લ્સટાઉનથી માત્ર છ માઈલ દૂર હતા, એટલે મેં અમલદારને કહ્યું કે પકડાયેલા માણસો ભલે મારી સાથે કૂચ કરે ને તેઓનો કબજો તે ચાર્લ્સટાઉનમાં લે; અથવા તેના ઉપરીને પૂછીને જેમ તેને હુકમ મળે તે પ્રમાણે કરે. અમલદારે આ સૂચના કબૂલ રાખી ને તે ચાલ્યો ગયો. અમે ચાર્લ્સટાઉન પહોંચ્યા. ચાર્લ્સટાઉન બહુ નાનું ગામડું છે. તેમાં વસ્તી ભાગ્યેજ એક હજાર માણસની હશે. તેમાં એક જ સરિયામ રસ્તો છે. હિંદી વસ્તી જૂજ છે. એટલે અમારો સંઘ જોઈને ગોરાઓ આશ્ચર્ય પામ્યા. ચાર્લ્સટાઉનમાં આટલા હિંદી કોઈ વેળા દાખલ થયા ન હતા. પકડાયેલાને ન્યૂકૅસલ લઈ જવાને સારુ રેલગાડી તૈયાર ન હતી. તેમને પોલીસ ક્યાં રાખે? ચાર્લ્સટાઉનના થાણામાં એટલા કેદીને રાખવાની જગ્યા ન હતી. તેથી પોલીસે પકડાયેલાઓને મને સોંપ્યા ને તેઓના ખોરાકનું બિલ ચૂકવી આપવા કબૂલ કર્યું. આ કંઈ સત્યાગ્રહને થોડું માન ન કહેવાય. સાધારણ રીતે અમારી પાસેથી પકડાયેલા કેદીને અમને સોંપાય જ કેમ? તેમાંના કોઈ ચાલ્યા જાય તો કંઈ જવાબદારી અમારી ન હતી. પણ સત્યાગ્રહીનું કામ તો પકડાવાનું જ હોય એમ બધા સમજતા થયા હતા, તેથી વિશ્વાસ બેસી ગયેલો. આમ ચાર દિવસ સુધી પકડાયેલા જાણ અમારી સાથે રહેલા. તેઓને લઈ જવાને પોલીસ તૈયાર થઈ ત્યારે તેઓ ખુશીથી તાબે થયા.

ટુકડીઓની ભરતી થતી ચાલી. કોઈ રોજ ચારસો તો કોઈ રોજ તેથી પણ વધારે. ઘણાઓ પગે ચાલતા તથા બૈરાંઓ મુખ્યત્વે કરીને ગાડીથી આવવા લાગ્યાં. ચાર્લ્સટાઉનના હિંદી વેપારીઓનાં મકાનોમાં જ્યાં જગ્યા હતી ત્યાં સમાસ કર્યો. ત્યાંની કૉર્પોરેશને પણ મકાન આપ્યાં. ગોરાઓ બિલકુલ કનડગત

નહોતા કરતા, એટલું જ નહીં પણ મદદ કરતા હતા. ત્યાંના ડૉક્ટર ડિસ્કોએ મફત સારવાર કરવાનું માથે લીધું ને અમે જ્યારે ચાર્લ્સટાઉનથી આગળ વધ્યા ત્યારે તેણે કીમતી દવાઓ અને કેટલાંક ઉપયોગી શસ્ત્રો મફત આપ્યાં. રસોઈ મસ્જિદના મકાનમાં થતી હતી અને ચૂલો ચોવીસે કલાક સળગાવવો પડતો હતો. રસોઈ કરવાવાળા હડતાળિયામાંથી જ તૈયાર થયા હતા. છેલ્લા દહાડાઓમાં તો ચારથી પાંચ હજાર માણસોને જમાડવાનું રહેતું. છતાં આ કામદારો કાયર નહીં થયેલા. સવારમાં મકાઈના આટાની રાબ તેમાં સાકર ભેળવીને આપવામાં આવતી હતી તથા તેની સાથે રોટી; સાંજે ચાવલ અને દાળ તથા શાક આપવામાં આવતાં હતાં. દક્ષિણ આફ્રિકામાં બધા ઘણે ભાગે ત્રણ વખત ખાનારા હોય છે; પણ તેઓએ લડતમાં બે વેળાથી સંતોષ માન્યો. તેઓ ઝીણો ઝીણો સ્વાદ કરનારા હોય છે એ સ્વાદ પણ અહીં છોડ્યો.

આ જથાબંધ જમા થયેલાં માણસોનું શું કરવું એ વિચાર કરવા જેવું થઈ પડ્યું. ચાર્લ્સટાઉનમાં અગવડેસગવડે આટલાં બધાં માણસોને લાંબી મુદત સુધી રાખવામાં આવે તો રોગ ફાટી નીકળવાનો સંભવ રહ્યો. એટલા હજાર માણસ, જે હંમેશાં કામ કરનારાં હોય છે તે નવરાં બેસી રહે એ પણ ઠીક ન ગણાય. આ સમયે એટલું કહી જવાની જરૂર છે કે આટલાં ગરીબ માણસો એકઠાં થયેલાં છતાં ચાર્લ્સટાઉનમાં તેઓમાંના એકે પણ ચોરી નહીં કરેલી, પોલીસની જરૂર કોઈ પણ વેળા નહીં પડેલી, તેમ પોલીસને કોઈ પણ વેળા વધારે કામ નહોતું કરવું પડ્યું. છતાં 'હવે ચાર્લ્સટાઉનમાં ન જ બેસી રહેવું' એ જ ઉત્તમ રસ્તો જણાયો. તેથી ટ્રાન્સવાલમાં દાખલ થવાનો ને છેવટે જો ન પકડાઈએ તો ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચવાનો ઠરાવ કર્યો. કૂચ કરતાં પહેલાં સરકારને ખબર આપી કે પકડાવાને ખાતર અમે ટ્રાન્સવાલમાં દાખલ થવાના છીએ. અમારે ત્યાં રહેવું નથી, ત્યાંના હકની ઇચ્છા નથી; પણ જ્યાં સુધી સરકાર નહીં પકડે ત્યાં સુધી અમે અમારી કૂચ જારી રાખીશું ને છેવટે ટૉલ્સ્ટૉય ફાર્મ પર મુકામ કરીશું. સરકાર જો ત્રણ પાઉન્ડનો કર કાઢી નાખવાનું વચન આપે તો અમે પાછા જવા તૈયાર રહીશું. આ નોટિસની ઉપર સરકાર ધ્યાન આપે એવી તેના મનની સ્થિતિ ન હતી. તેના જાસૂસો તેને ભમાવતા હતા. લોકો થાકશે એમ સમજાવતા હતા. સરકારે બધી ભાષાઓમાં નોટિસ છપાવીને હડતાળિયાઓમાં વહેંચી આપી.

છેવટે ચાર્લ્સટાઉનથી પણ આગળ વધવાનો વખત આવી લાગ્યો. તારીખ છઠ્ઠી નવેમ્બરે ત્રણ હજારનો સંઘ પરોઢિયે રવાના થયો. આખી હરોળ એક માઈલ કરતાં વધારે લાંબી હતી. મિ. કૅલનબૅક તથા હું પાછળના ભાગમાં હતા. સંઘ સરહદ ઉપર પહોંચ્યો ત્યાં પોલીસની ટુકડી હાજર હતી. અમે બે ત્યાં જઈ

પહોંચ્યા એટલે પોલીસ સાથે વાતચીત થઈ. તેણે અમને પકડવાની તો ના પાડી. એટલે સરઘસ નિયમમાં અને શાંતિથી ફોકસ્ટ્રસ્ટ વચ્ચેથી પસાર થયું. શહેર બહાર સ્ટાન્ડર્ટન રોડ ઉપર જઈ બધાએ પડાવ નાખ્યો. સહુએ ખોરાક લીધો. સ્ત્રીઓ કૂચમાં સામેલ ન થાય એવી ગોઠવણ કરવામાં આવી હતી, છતાં જુસ્સાનું પૂર અટકાવવું મુશ્કેલ થઈ પડ્યું ને કેટલીક સ્ત્રીઓ સામેલ થઈ. તોપણ કેટલીક સ્ત્રીઓ તથા છોકરાં હજુ ચાર્લ્સટાઉનમાં રહ્યાં હતાં તેમની બરદાસ્ત કરવાને મિ. કૅલનબૅકને ફોકસ્ટ્રસ્ટની હદ ઓળંગ્યા પછી પાછા મોકલ્યા.

બીજે દિવસે પામફર્ડ આગળ પોલીસે મને પકડ્યો. મારા ઉપર બિનહકદાર માણસોને ટ્રાન્સવાલમાં દાખલ કરવાનું તહોમત હતું. બીજાઓને પકડવાનો તેને હુકમ ન હતો. એટલે ફોકસ્ટ્રસ્ટ પહોંચ્યા પછી સરકારને મેં નીચે મુજબ તાર કર્યો: ‘સત્યાગ્રહની લડતના મુખ્ય પ્રચારકને સરકારે પકડેલ છે તેથી હું ખુશ થાઉં છું; પણ તેની સાથે કહ્યા વિના રહી શકતો નથી કે તે માટે જે તક સાધવામાં આવી તે દયાની નજરે જોતાં અત્યંત કફોડી છે. સરકાર કદાચ જાણતી હશે કે આ કૂચમાં ૧૨૨ સ્ત્રીઓ અને ૫૦ બાળકો છે. તથા બધાં પોતાને ઠેકાણે પહોંચે ત્યાં સુધી જિંદગી ટકી રહે એટલા ખોરાક ઉપર નભે છે અને ટાઢ તડકાની સામે રક્ષણરહિત છે. આવી સ્થિતિમાં મને તેથી વિખૂટો કરવો એ ભારે ખંડનકર્તા કહેવાય. જ્યારે ગઈ રાત્રે મને પકડવામાં આવ્યો ત્યારે મારી સાથેનાં માણસોને જણાવ્યા વિના હું તેઓને મૂકી આવ્યો છું. તેઓ કદાચ ક્રોધથી ગાંડાતૂર બની જાય. એટલે હું માગું છું કે કાં તો તેઓની સાથે કૂચ કરવાની રજા મને આપવામાં આવશે અથવા તો સરકાર તેઓને રેલગાડીથી ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચાડશે અને ખોરાકી પણ પૂરી પાડશે. જેના ઉપર તે માણસોને વિશ્વાસ છે તે વિનાના તેઓને કરી મૂકવા અને તેની સાથે તેને માટે ખોરાકી વગેરેનો કંઈ બંદોબસ્ત ન કરવો એ અયોગ્ય ગણાય. હું ઉમેદ રાખું છું કે ફરી વિચાર કર્યા પછી સરકાર પોતાનો ઠરાવ ફેરવશે. જો કૂચ દરમિયાન અણધાર્યો બનાવ બનશે અને ખાસ કરી ધાવણાં બચ્ચાંવાળી બાઈઓમાંથી કોઈનાં મરણ થશે તો જવાબદારી સરકારની છે.’

સરઘસ આગળ ચાલ્યું. મને વૉલ્કરસ્ટના ન્યાયાધીશ સન્મુખ ઊભો કરવામાં આવ્યો. મારે બચાવ તો કંઈ કરવાનો ન હતો; પણ જે માણસો પામફર્ડથી આગળ ગયાં તથા હજુ જે ચાર્લ્સટાઉનમાં પડેલાં હતાં તેમની કેટલીક વ્યવસ્થા સંભાળવાની હતી. એટલે મેં મુદત માગી. સરકારી વકીલે તેની સામે વાંધો લીધો, પણ ન્યાયાધીશે જણાવ્યું કે બેલ (જામીન) ફક્ત ખૂનના આરોપમાં જ નામંજૂર કરી શકાય. તેથી તેણે પાઉન્ડ પચાસની જામીનગીરી માગી. એક અઠવાડિયાની મુદત આપી. જામીનગીરી તુરત જ વૉલ્કરસ્ટના એક વેપારીએ

આપી દીધી. હું છૂટો થઈ પરબારો કૂચ કરનારાઓને મળ્યો. તેઓનો ઉત્સાહ બમણો વધ્યો. દરમિયાન પ્રિટોરિયાથી તાર આવી ગયો કે મારી સાથેના હિંદીઓને પકડવાનો સરકારનો ઈરાદો નથી. આગેવાનોને જ પકડવામાં આવશે. આનો અર્થ એમ નહોતો થતો કે બીજા બધાને છૂટ આપવામાં આવશે. પણ બધાને પકડી આપણા કામને સહેલું કરવા અથવા તો હિંદમાં ખળભળાટ કરવા સરકાર ઈચ્છતી ન હતી.

પાછળ બીજી એક મોટી ટુકડી લઈ મિ. કૅલનબૅક આવતા હતા. અમારી બે હજારની ટુકડી સ્ટાન્ડર્ટન આગળ પહોંચી ત્યાં ફરીથી મને પકડવામાં આવ્યો અને કેસની તા. ૧૧મીની મુદત પડી. અમે તો આગળ ચાલ્યા. પણ હવે સરકારથી આ બધું જીરવાય તેમ ન હતું. એટલે તેણે પ્રથમ મને આ બધાથી એકદમ વિખૂટો પાડવાનું પગલું લીધું. આ સમયે મિ. પોલાકને હિંદુસ્તાનમાં ડેપ્યુટેશન લઈ મોકલવાની તૈયારી થઈ રહી હતી. તે માટે ઊપડતાં પહેલાં તે મને મળવા આવ્યા. પણ 'આદર્યાં અધવચ રહે અને હરિ કરે સો હોય' એમ બન્યું. મને રવિવારે ત્રીજી વખત ગ્રેલીંગસ્ટાડ આગળ પકડ્યો. આ વખતનું વૉરંટ ડંડીથી નીકળેલું હતું અને તહોમત ગિરમીટિયાઓને કામ છોડાવ્યાનું હતું. અહીંથી મને ઘણી જ ચૂપકીથી ડંડી લઈ ગયા. ઉપર જણાવી ગયો છું કે મિ. પોલાક અમારી સાથે કૂચમાં હતા. તેમણે આ કામ સંભાળી લીધું. ડંડીમાં મંગળવારે કેસ ચાલ્યો. મારા ઉપરના ત્રણ આરોપ મને વાંચી સંભળાવવામાં આવ્યા. મેં તે કબૂલ રાખ્યા અને રજા મેળવી જણાવ્યું કે મારા પોતાના તરફ અને બધી પ્રજા તરફ ન્યાયની ખાતર મારે કહેવું જોઈએ કે જે તહોમત મારા ઉપર મૂકવામાં આવ્યાં છે તેની બધી જવાબદારી એક વકીલ તથા નાતાલના જૂના રહીશ તરીકે હું મારે માથે લઉં છું. હું માનું છું કે આ લોકોને કૉલોનીની બહાર લઈ જવાથી લોકોના મન ઉપર જે છાપ પડી છે તેનો હેતુ ઉમદા હતો. ખાણોવાળા સાથે કંઈ તકરાર નથી. આ લડતથી તેમને ગંભીર નુકસાન થાય છે તે માટે હું દિલગીર છું. હું હિંદી મજૂરો રાખવાવાળાને પણ વિનતિ કરું છું કે આ કર મારા દેશી ભાઈઓ પર બોજારૂપ છે અને તેથી તે રદ થવો જોઈએ. મને લાગે છે કે ઑ. મિ. ગોખલે અને જનરલ સ્મટ્સ વચ્ચે જે સ્થિતિ ઊભી થઈ છે તે જોતાં અત્યંત ધ્યાન ખેંચાય તેવી લડત ઉઠાવવાની મારી ફરજ હતી. સ્ત્રીઓને અને ધાવણાં બચ્ચાંને જે સંકટ સહન કરવાં પડ્યાં છે તે હું સમજું છું; ને તે છતાં મને લાગે છે કે લોકોને સલાહ આપવાની મારી ફરજ હતી અને તે મેં બજાવી છે, અને જ્યાં સુધી તે રદ થયો નથી ત્યાં સુધી કામ નહીં કરવાની ને ભીખ માગીને પેટ ભરવાની સલાહ મારા દેશી ભાઈઓને ફરીફરીને આપવાની હું

મારી ફરજ સમજીશ. મને ખાતરી છે કે દુ:ખ ભોગવ્યા વિના તેઓ પરના જુલમનો અંત આવવાનો નથી.

હું તો જેલમાં ઠરીઠામ બેઠો. પાછળથી વૉલક્રસ્ટમાં મારા ઉપર કામ ચાલ્યું અને ડંડીમાં થયેલી નવ માસ ઉપરાંત ત્યાં બીજી ત્રણ માસની જેલ થઈ.

આ અરસામાં મને ખબર થયા કે મિ. પોલાક પકડાયા છે અને હિંદુસ્તાન જવાને બદલે જેલમાં જઈ બેઠા છે. હું તો રાજી જ થયો. મારે મન પેલા ડેપ્યુટેશન કરતાં આ ડેપ્યુટેશન મોટું થયું. તે પછી તુરત જ મિ. કૅલનબૅક પણ પકડાયા અને તે પણ મિ. પોલાકની પેઠે ત્રણ માસની જેલમાં જઈને બેઠા. આગેવાનોને પકડ્યા પછી લોકો નમી જશે એમ માનવામાં સરકારે તો ભૂલ જ કરી. બધા હડતાળિયાઓને ચારેક ખાસ ટ્રેનો ભરી ડંડી તથા ન્યૂકૅસલમાં પાછા ખાણો ઉપર લઈ જવામાં આવ્યા. ત્યાં તેઓના ઉપર ભારે જુલમ થયો. તેમને બહુ સહન કરવું પડ્યું. પણ સહન કરવાને તો બધા બહાર પડેલા જ હતા. સહુ આગેવાનો હતા. તેઓને કહેવાતા આગેવાનો વગર પોતાનું બળ બતાવવાનું હતું અને તે તેમણે બતાવી આપ્યું. કેવી રીતે બતાવ્યું તે જગત જાણે છે. કવિ દયારામે ખરું ગાયું છે કે 'કષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા, ચારે જુગના જુઓ સાધુ શોધી....'

હડતાળ કેમ પ્રગટી, કેમ જામી, કૂચ કેમ કરવામાં આવી, એ બધું કરનારા કોણ અને કેવા હતા એ બધી વસ્તુસ્થિતિ બાપુજીના ઉપલા લખાણ ઉપરથી બરાબર સમજી શકાય છે. પરંતુ એ દિવસોમાં રોજ રોજ અમને જે માહિતી મળતી તે ઉપરથી મારી સમજમાં જે વાત ઊતરી હતી એ ઉપર જણાવી એ જ ન હતી. બાપુજીએ તો લડતની અને હડતાળિયાઓની જ આખી દશા વર્ણવેલી છે; પણ અમે તો એ વખતે બાપુજીની જ દશા જાણવાને વધારે ઉત્સુક રહેતા હતા. બીજી ઊંડી વાતમાં મને ઝાઝી ગમ ન પડતી. બાપુજી વિશેની વાતો જે અમે સાંભળતા એમાંની જે મને યાદ છે તેનો ઈશારો પણ બાપુજીએ પોતાના લેખમાં થવા નથી દીધો. મારા નાનકડા મગજને સમજાયેલો અને યાદ રહી ગયેલો એ ઈતિહાસ આવતા પ્રકરણમાં.

## ૯
# સત્યાગ્રહની ગંગોત્રી

વ્યાસ ભગવાને મહાભારતની પ્રસ્તાવનામાં પોતાના એ ગ્રંથની મહત્તા દર્શાવતાં લખ્યું છે કે 'આની અંદર અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને બીજાં શાસ્ત્રો સમાયેલાં છે એટલું જ નહીં, પણ આ ઈતિહાસમાંથી કવિઓને પ્રેરણા મળશે. આ આખ્યાનનો આધાર લીધા વિના કોઈ પણ કથા દુનિયામાં નથી બની શકવાની.'

इतिहासोत्तमादस्माज्जायन्ते कविबुद्धय:।

* * *

अनाश्रित्यैतदाख्यानं कथा भुवि न विद्यते॥

ઉપરની વાત જેટલી મહાભારતની કથા વિશે સાચી છે તેટલી જ સાચી બાપુજીને હાથે ત્રણ પાઉંડના કર વિરુદ્ધ દક્ષિણ આફ્રિકામાં લડાયેલી સત્યાગ્રહની લડાઈ વિશે પણ છે. કોઈ પણ સત્યાગ્રહની લડાઈનું સાચું સ્વરૂપ પ્રગટ કરવા માટે એ ઈતિહાસને શોધવો જ પડવાનો. પૂજ્ય બાપુજી પોતે પણ પોતાનું યુદ્ધસંચાલન દક્ષિણ આફ્રિકાના એ અનુભવોને આધારે ચલાવે છે અને નવા સત્યાગ્રહીઓને એ અનુભવો સંભળાવતાં થાકતા નથી. આથી જ મેં પાછલા પ્રકરણનું મથાળું 'ઐતિહાસિક ઈતિહાસ' રાખ્યું. ચાલુ પ્રકરણમાં એ ઐતિહાસિક ઈતિહાસ રચનારા બાપુજીના એ વેળાના ઓજસ્વી સ્વરૂપની ઝાંખી કરાવવાનો પ્રયત્ન કરીશ.

ન્યૂકેસલની કોલસાની ખાણોમાં મદ્રાસી બહેનોના જથાએ જે હડતાળ શરૂ કરાવી તેને પાંચસાત દિવસ થયા ત્યાં તો દિવસમાં કલાકે ને બબ્બે કલાકે મગનકાકા ઊંડા નિસાસા નાખી કહેવા લાગ્યા કે 'હવે તો ભગવાન કરે ને બાપુજી પકડાય તો સારું. જેલ મળવામાં હવે જેટલું મોડું થાય છે એટલું વધુ ભયંકર છે. જો આમ ને આમ વધુ લંબાશે તો આપણે બાપુજીને ખોઈ બેસવાના છીએ.' એક વાર નહીં, બે વાર નહીં, પણ અનેક વાર મગનકાકાના આવા ઉદ્ગારો સાંભળી અમારા મનમાં કંઈનું કંઈ થઈ જતું. હડતાળનું કામ કરતાં બાપુજીનો દેહ પડી જશે શું? એ વિચાર વીજળીના આંચકા સમો લાગતો. કામ કરતાં કરતાં અમારા હાથ ઢીલા પડી જતા અને હાથમાંનાં બીબાં પડું પડું થતાં. એ સાંભળતાં જ્યારે મારી છાતી થડકવા લાગતી અને શ્વાસ ધીમો પડી જતો ત્યારે દેવદાસકાકાને તો શુંયે થતું હશે! આવી બાબતમાં હું કઠણ હતો. દેવદાસકાકાની લાગણી ઘણી વધારે કોમળ હતી. મને એવો ઝાંખો ખ્યાલ છે કે બાપુના સમાચારો સાંભળીને દેવદાસકાકા છાનું છાનું રોતા. અમે તો રાતદિવસ

પ્રાર્થના કરવા માંડી કે, 'હે ભગવાન! તું હવે જલદી બાપુજીને જેલ અપાવ.'

આટલી બધી ચિંતા થવાનું કારણ એ હતું કે બાપુજી પાસેથી આવનારા લોકો ખબર આપતા કે રોજ રોજ બાપુજી સુકાતા જાય છે. એમના શરીરમાં માંસ તો જાણે રહ્યું જ નથી. તેઓ ઓળખાતા પણ નથી. લમણાં પાસેનાં હાડકાંયે નીકળી આવ્યાં છે. અને તે ઉપરાંત એમનો ખાવાનો કે ઊંઘવાનો ક્રમ સાંભળીને તો અમે અવાક બની જતા.

પેલા સાત દિવસના ઉપવાસની સાથે એમણે ચાર મહિનાનાં એકટાણાં કરવાનું વ્રત પણ લીધેલું એ વાત વાચકોને ખ્યાલમાં જ હશે.* વળી, એ વખતે ફળ સિવાય તેઓ બીજું કંઈ ખાતા ન હતા. દૂધ-ઘી તથા ખાંડ ને મીઠું તો એમણે ક્યારનાં છોડી દીધેલાં. અધૂરામાં પૂરું ભૂખ્યા ગિરમીટિયાઓની સેવા કરવામાં ઝંપલાવેલું. એટલે મોઘાં ફળ-મેવા લેવાનુંય એમણે બંધ કર્યું અને દૂધ-ઘીની ખામી પૂરી કરી આપે એવી બદામ, અખરોટ ને લીલી દ્રાક્ષ જેવી વસ્તુઓ પણ એમના ખોરાકમાં ઘટી ગઈ. આટલી મુશ્કેલીઓ વચ્ચે પણ જે ભારે દિનક્રમ તેઓ જાળવી રહ્યા હતા એ કંઈક નીચે મુજબનો હોવાનું અમે સાંભળેલું:

સવારના ચાર વાગ્યા પહેલાં તૈયાર થઈ જઈ ચાર વાગે ત્યાં તો તેઓ રસોઈ મંડાવી દે. અજવાળું થાય ત્યારથી ટુકડીઓને પીરસવાનું કામ શરૂ કરે. તે વારાફરતી ચાર સાડા ચાર હજાર માણસો જમે ત્યાં રાતના દસ થાય. એક વાર જમેલો બીજી પંગતમાં ન આવે, કોઈ જમ્યા વિનાનું રહી ન જાય, દરેકને સૂવા બેસવાને ન્યાયસર જગ્યા મળે, માંદાઓની માવજત થાય, અને જેટલી નવી ટુકડીઓ આવતી જાય તેનો બરાબર બંદોબસ્ત થાય, એ બધું બાપુજી પોતે જ સંભાળે. એ ઉપરાંત જ્યારે જુઓ ત્યારે પીરસવાના ટેબલ આગળ તેઓ ઊભા જ હોય. એક પછી એક એમ અણખૂટી હારને પીરસતા હોય. રાત સુધી પગ વાળીને એક મિનિટ પણ બેસે નહીં, રાત્રે પણ બધા સૂઈ જાય એટલે પોતે જઈને બધાને જોઈ આવે કે દરેકને સૂવાનું મળ્યું છે કે નહીં અને માંદાં નબળાંની સંભાળ લેવાઈ છે કે નહીં. બધે ફરી વળ્યા પછી જ્યારે એમને ખાતરી થાય કે એકેએક માણસને સગવડ પૂરી પાડવામાં આવી છે ત્યારે જ તેઓ બધાની સાથે જમીન ઉપર ઘાસમાં સૂએ. આમ, લગભગ બારેક વાગ્યે સૂઈ અઢી ત્રણ વાગ્યામાં તો બાપુજી ઊઠી પડે. ઊઠીને દાતણપાણી વગેરેથી પરવારીને એ જ વખતે ફળાહાર પણ કરી લે, કારણ દિવસ આખામાં ફળાહાર કરવાનો એમને સમય મળે એમ ન હોય. તેમાંયે જ્યારે મગફળી ચાવવાનોય પૂરતો વખત ન

---

* જુઓ ભાગ ૨, પ્રકરણ ૧૭.

મળવાને કારણે એ પણ ઓછી કરી નાખ્યાના ખબર ફિનિક્સ પહોંચ્યા ત્યારે મગનકાકા બહુ ઊંડી ચિંતામાં પડી ગયા. ફળાહાર કરવાનો પૂરો વખત ન મળવાનું કારણ એ હતું કે પો ફાટતાં બાપુજીને જોવું પડતું કે અંધારામાં જઈને કોઈ પાસે જ ઝાડે-પેશાબ જઈ આવી ગંદકી તો નથી કરતું ને! લોકો પોતાનાં મળમૂત્ર ઉપર માટી બરાબર વાળી દે છે કે નહીં! જો બાપુજી અત્યંત ચીવટ અને કડકાઈથી એટલા બધા લોકોથી પેદા થતી ગંદકીને કાબૂમાં ન રાખે તો ત્યાં ક્યારે રોગચાળો ફાટી નીકળે એ કહેવાય એમ ન હતું.

આમ, બાપુજી પોતાના શરીરયંત્ર અને વિચારયંત્રની પાસેથી અવિશ્રાંતપણે આકરું કામ લે, તો એ શરીર સુકાયા વિના કેમ રહે? હજુ સાત દિવસના ઉપવાસથી પડેલી ખોટ તો પુરાઈ ન હતી ત્યાં તો બાપુજીએ ઉપવાસથી પણ વધુ સખત આ તાવણી પોતાને માથે વહોરી લીધી હતી. ઉપવાસ ચાલતા હતા ત્યારે તેઓ પોતાના શરીરને લાગેલો થાક લાંબી ઊંઘ કાઢીને ઉતારી શકતા હતા. પણ આ હડતાળમાં તો તેમને ઊંઘ પણ આખા ચોવીસ કલાકમાં માત્ર બે કે અઢી કલાકની મળતી હતી. એમાં શરીર તે કેટલીક ઝીક ઝીલે!

બાપુજીના શરીરને લાગી રહેલા એ ઘસારા ઉપરાંત એમને વિશે અમને બીજો ભય એ હતો કે રખેને એટલા બધા હડતાળિયાઓમાંના કોઈ સરકારનાં માણસોથી ભંભેરાઈને અથવા તો આ બધી હાડમારીઓથી ભૂખના માર્યા મિજાજ ખોઈ બેસીને બાપુજીને મારી તો ન બેસે! અમે એક પ્રસંગ સાંભળ્યો: બાપુજી ટેબલ ઉપર પીરસવાની બધી તૈયારી કરતા હતા ત્યાં લોકોના ટોળામાંથી કેટલાક માણસો એકદમ ટેબલ ઉપર ધસી આવ્યા. એવો ધસારો જો બાપુજી ચૂપચાપ સાંખી લે તો તો લોકો અમર્યાદ બની જઈને ભારે અનર્થ કરી મૂકે. જો બાપુજી પોતે ગુસ્સામાં આવી જઈ એ લોકોને ધમકાવી કાઢે તોપણ લોકો ઉશ્કેરાઈ જાય. એટલે પોતાનો ગુસ્સો મનમાં સમાવી દઈને બાપુજી દૃઢતાથી એક ડગલું આગળ આવ્યા અને મેજ પર ધસારો કરનારાઓને એમણે કહ્યું, 'થોભો, થોભો, જો ધસારો કરીને તમારે ખોરાક ઝૂંટવવો હોય તો હું અહીં ઊભો છું ત્યાં સુધી એમ નહીં કરી શકો. તમે ઘણા છો, મારા કરતાં શરીરે મજબૂત છો. હું જાણું છું કે જો તમે ધારો તો મને ક્યાંયે ફગાવી દઈ શકો એમ છો. પણ જો તમારે એમ કરવું હોય તો મને પૂરો કરો. મને મારી નાખીને પછી તમારે જે કરવું હોય એ કરી શકો છો. પણ જ્યાં સુધી મારામાં શ્વાસ છે ત્યાં સુધી હું એ નહીં થવા દઉં. તમે બળાત્કારે ટેબલ પર જશો તો એમાં હું તમારી આડે પડીશ. હું મરી જઈશ ત્યાર પછી જ તમે ટેબલ પહોંચી શકવાના. તમે અધીરા શા સારુ થાઓ છો? હું તમને વિશ્વાસ આપું છું કે તમારામાંના કોઈને પણ હું ભૂખ્યો નહીં

રહેવા દઉં. એક બચ્ચું પણ ભૂખ્યું નહીં રહે.' બાપુજીના આટલા બોલથી બધા શાંત અને ચૂપ થઈ ગયા. સઘળે શાંતિ પથરાઈ ગઈ અને કશીયે ધાંધલ વિના બધું કામ ચાલ્યું. ત્યાર પછી સૌ સમજી ગયા કે જ્યારે વારો આવે ત્યારે જ ટેબલ આગળ જવાય.

પણ આ બીના જાણ્યા પછી બાપુજી કેટલા જોખમ વચ્ચે બેધડક થઈને સાવ નિર્ભયપણે ઘૂમી રહ્યા છે એની કલ્પના અમને આવી. જો એમાંના એકે પણ બાપુજી ઉપર હાથ ચલાવ્યો હોત તો એને કોણે અટકાવી શકે એમ હતું?

બાપુજીના શરીર વિશે એક તરફ અમને ચિંતા હતી, ત્યાં બીજી તરફ ગિરમીટિયાઓનાં પરાક્રમ સાંભળીને અમને ટીનકાઓને પણ શૂર ચડતું હતું. કોલસાની ખાણોના ગોરા માલિકોનો ગુસ્સો દા'ડેદીએ વધુ ને વધુ ભભૂકતો જતો હતો. જ્યારે તેઓ હિંદી મજૂરોને ફોસલાવી કે ડરાવીને પાછા કામે ચડાવી ન શક્યા ત્યારે એમણે વીણી વીણીને મજૂરોને કોરડા વીંઝવા માંડ્યા. અમે સાંભળ્યું કે હિંદી વીરો પોતાનો બરડો સોરાઈ જવા છતાં કામે નથી ચડતા, એટલે પછી એમની સ્ત્રીઓને પણ કોરડે કોરડે ફટકારવામાં આવી છે. મુખી ગણાતાઓને ઓરડીમાં પૂરી દીધા છે. આ જુલમ જોઈને પડોશની ખાણમાં હડતાળનો ચેપ વધતો ચાલ્યો અને સૌ બાપુજી પાસે કૂચ કરી પહોંચવા લાગ્યા. ગોરાઓ અકળાયા. ખાણોમાંથી પાણી ઉલેચવાને અંગે તેમની અકળામણમાં વધારો થતો હતો. કોલસાની ઊંડી ખાણોમાં પાણી ભરાયા જ કરે. પંપો વડે એ પાણી બહાર કાઢી નાંખવામાં ન આવે તો ખાણો ડૂબી જાય. બધાયે હિંદી મજૂરોએ કામ છોડ્યું એટલે પંપ ચલાવનારા કોઈ ન રહ્યા. પંપ સતત ચાલવા જ જોઈએ. એ ચલાવવા માટે હબસી મજૂરોની નવી ભરતી કરવામાં આવી. પણ એ લોકો હિંદીઓ જેવું કામ ન કરી શક્યા. થોડો વખત એમનું જોર ચાલે, પણ બહુ જલદી થાકી જાય. હિંદીઓની જેમ ચીકાણાઈથી લાંબો વખત સુધી કામ કરતા રહેવાની ટેવ હબસી ભાઈઓને ઓછી. વધુ મજૂરી આપતાં છતાં હબસીઓ સાંજ પડ્યા પહેલાં જ કામ છોડી બેસે અને ખાણનાં પાણી અણઉલેચ્યાં રહે. આમ ગોરા માલિકોની માથાફોડ વધી પડી. તેમના સિતમનો પારો વધુ ઊંચે ચડવા લાગ્યો. અને જેમ જેમ કેર વધતો ગયો તેમ તેમ હડતાળનો દાવાનળ બમણો ને ચોગણો ફેલાવા લાગ્યો. તે એટલે સુધી કે હડતાળ વધતી વધતી ફિનિક્સને ઉંબરે આવી પહોંચી. અમે લડાઈના ક્ષેત્રમાં ન જઈ શક્યા, તો રણાંગણ અમારે આંગણે આવ્યું. પણ એ કથા જુદા પ્રકરણમાં આપવી ઠીક પડશે.

હડતાળિયાઓનો સંઘ વધી ગયો અને બાપુજીએ ટૉલ્સ્ટૉય ફાર્મ તરફ કૂચ આરંભી ત્યારે એમનું એટલું બધું નબળું શરીર વગર ખોરાકે એટલા માઈલ પગે ચાલવું ખમી કેમ શકશે એ બાબતની અમારી આતુરતા વધી ગઈ. ગોરાઓને બાપુજીએ સારી પેઠે સપડાવ્યા છે એ જોઈ અમારો આનંદ પણ વધ્યો. સારા સારા માણસોને નહીં પણ ગિરમીટિયા જેવાઓને લઈ બાપુજી ટ્રાન્સવાલમાં પ્રવેશ કરે તો તો ગિરમીટિયાનાં ફાટ્યાંતૂટ્યાં કપડાં, પાન ચાવી ચાવીને કાબરચીતરા બનેલા હોઠ, જ્યાંત્યાં ઊડતી થૂંકની પિચકારીઓ વગેરે જોઈ ગોરાઓ ખૂબ જ અકળાશે અને પછી બાપુજીને પકડ્યા વિના તેઓ નહીં જ રહે એ વિચારે અમે ખુશ થતા હતા.

એટલામાં એક દિવસ બપોરે છાપખાનામાં અમે કામ કરતા હતા ત્યાં રાજી થતાં થતાં ને હસતાં હસતાં મગનકાકાએ ખબર આપ્યા કે 'બાપુજી પકડાયા! વૉલક્રસ્ટની હદ તો તેમણે વટાવી. પણ રાત્રે બધા સૂતા હતા ત્યારે કોઈ ન જાણે એમ એમને ઉઠાવી ગયા છે.' એ સાંભળી સૌને સંતોષ ને સ્મિત સાથે ઈંતેજારી પણ થઈ કે એમને કેટલી જેલ મળી.

બીજી ટપાલે વળી બાપુજી જામીન આપી છૂટ્યાના અને ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચવા જોસભેર આગળ કૂચ કરતા થઈ ગયાના સમાચાર આવ્યા. અમે ગણતરી કરી કે હજુ એમને કેટલા માઈલ જવાનું છે અને ત્યાં પહોંચીને કરવાની બધી ગોઠવણો એ છૂટના દિવસોમાં તેઓ કરી લઈ શકશે કે કેમ! પરંતુ, પરિસ્થિતિ એટલી ઝડપથી બદલાઈ રહી હતી કે એક વાત સમજતાં પહેલાં નવી વાત સામે આવી ખડી હતી. અંધારે પકડાવું, ત્યાંથી પાછા છૂટવું, બધાને જઈ મળવું વગેરે વગેરે કેવા કેવા બનાવો બની રહ્યા છે એ બધું અમે કળવા મથતા હતા ત્યાં તો નવા ખબર આવ્યા કે બાપુજી ડંડી આવી પહોંચ્યા છે ને મિ. પોલાક કૂચ કરાવતા આગળ ચાલ્યા જાય છે. બીજે દિવસે બુધવાર હોવાથી રાતના નવદસ સુધી પ્રેસમાં પ્રૂફ સુધારવાનું કામ ચાલતું હતું ત્યાં મગનકાકા ઉપર બાપુજીનો પત્ર આવ્યો. તેનો સાર કંઈક આવો હતો: 'અહીં આજે કેસ ચાલ્યો. છૂટબારીઓ ઘણી છે, પણ એમ સત્યાગ્રહીથી કેમ છુટાય? મેં મારા બચાવમાં એક શબ્દ પણ નથી ઉચ્ચાર્યો અને બધો આરોપ માથે ઓઢી લીધો છે. અહીંના વેપારીઓ બેલ (જામીન) ઉપર છોડાવવાને અને પૈસા ભરી દેવાને તલપાપડ થઈ રહેલા છે. બેલ ઉપર મુદત માટે છૂટી શકાત, પણ એમ કરવાની જરૂર નથી. હું છૂટો રહું તો જ લડત બરાબર ચાલે એ અભિમાન છે. ઈશ્વરનો હાથ આપણા ઉપર છે. એ બધું બરાબર પાર ઉતારશે.' બાપુજીના એ આખા કાગળમાં 'છૂટબારી હોવા છતાં આપણાથી કેમ છુટાય?' એ એક વાક્ય મારા મનમાં ઊંડે ઊતરી ગયું.

# ૧૦
# આભ ફાટ્યું

ડંડી શહેરની અદાલતમાં પોતાનો ગુનો કબૂલ કર્યાનો બાપુજીનો કાગળ આવ્યા બાદ બીજો કાગળ આમ આવ્યો:

૧૯૧૩

ડંડીની જેલમાં, મંગળ

ચિ. મગનલાલ,

‘‘નવ માસની જેલ થઈ છે. ને બીજે બે ઠેકાણે છ છ માસની થાય તો ૨૧ માસ થાય ને હું તો સર્વથી ભાગ્યશાળી નીવડું. વેશ બદલ્યા વિના જેલ મળી શકે એ ઓછી ઉપાધિ. હડતાળ પડ્યા પછી આજે મને પહેલી ફુરસદ મળી. . . .

‘‘જેલ એ આપણને સહેલ થઈ પડી છે. છતાં મારે હવે જેલમાં જતાં અચકાવું ન જોઈએ એમ લાગ્યું. આજના કેસમાં કાયદાની બારીઓ પુષ્કળ હતી. પણ તે બારીનો લાભ કેમ લેવાય? એ તો મોહ થયો. હું બહાર હોઉં તો વધારે કામ કરાય એવું અભિમાન થાય. એથી હું ચુસ્ત રહ્યો છું.’’

અઠવાડિયું, બે અઠવાડિયાં, મહિનો કે ત્રણ મહિના સુધીની કેદ સાંભળવાને અમે ટેવાઈ ગયા હતા. છ મહિનાની કેદ સત્યાગ્રહીને આપી શકાય છે એ પણ અમે જાણતા હતા. પરંતુ નવ મહિનાની કેદની વાત અમારે માટે નવાઈની હતી. બાપુજીનો આદર કરીને ગોરા અમલદારો એમને પકડતા ન હતા. તે જ ગોરાઓએ બાપુજીને નવ મહિનાની સજા આપી એ એમની ચીડ કેટલી બધી વધી ગઈ હતી તેનો પુરાવો હતો.

બાપુજી પકડાયા પછી સત્યાગ્રહ કૂચની આગેવાની કરતા મિ. પોલાક બે હજાર માણસો સાથે ટૉલ્સ્ટૉય ફાર્મ તરફ ધસ્યે જાય છે એવા ખબર આવ્યા. પછી તો ખબરોનાં ઝૂમખેઝૂમખાં આવવા માંડ્યાં. એ બધાંનો એવો ખીચડો થઈ ગયો કે એ દિવસોમાં જો કોઈએ મને પૂછ્યું હોત કે શું પહેલાં બન્યું ને શું પછી બન્યું તો હું ત્યારે પણ એ ન કહી શકત, તો આજે તો ક્યાંથી જ કહી શકું? અમુક સ્ટેશનેથી એક ટ્રેન ભરીને ૬૦૦ માણસોને વૉલક્રસ્ટ લઈ આવવામાં આવ્યા છે; આટલા સો માણસોને જેલ મળી છે; મિ. કૅલનબૅકને પણ જેલભેગા કરવામાં આવ્યા છે; ટ્રેનોની ટ્રેનો ભરીને બધા હડતાળિયાઓને પાછા ખાણ ઉપર લાવવામાં આવ્યા છે; ખાણોને જ જેલના રૂપમાં ફેરવી નાખવામાં આવી છે; અમુક અમુક ખાણોની આસપાસ પોલીસ ફરી વળી છે; હવે તો જેલોમાંયે લોકોને એમનાં પોતાનાં કપડાંભેર રાખવામાં આવે છે. કેદીને પહેરવા પાથરવા

સારુ જેલમાં હવે કપડાં જ નથી રહ્યાં; જેલોનાં ચર્ચમાં પણ કેદીઓને ભરી દેવામાં આવ્યા છે; - આમ ઊંઘતાં ને જાગતાં, સૂતાં ને બેસતાં, ખાતાં ને પીતાં, ચોવીસે કલાક એક પછી એક ખબર આવ્યા કરતા. એક સાંભળીને હજુ એ સદી ન ગયા હોય ત્યાં બીજા, ત્યાં ત્રીજા. જાણે રણક્ષેત્રમાં ઊભા રહી બધું પ્રત્યક્ષ જ જોતા ન હોઈએ!

ડંડીમાં સજા થઈ ગયા પછી બેત્રણ દિવસે વૉલક્રસ્ટમાં બાપુજી, મિ. પોલાક અને મિ. કૅલનબૅક ત્રણેને એકસાથે સજા કરવામાં આવી. બાપુજીની નવ મહિનાની સજા સાંભળીને જ અમે ચમકી ગયા હતા ત્યાં વળી બીજી ત્રણ મહિનાની સાંભળી. અમારી બાળનજરે એ ગાળો બહુ લાંબો થઈ પડ્યો. નવ ને ત્રણ બાર મહિના તે ક્યારે પૂરા થાય? એક વરસ! એક વરસ તે કોને કહેવાય? જાણે અમારા પર આભ ફાટ્યું. મારા મનમાં વિચારો ઘોળાવા લાગ્યા: શું બાપુજી હવે એક વરસ સુધી નહીં મળે? હું અગિયાર વરસનો મટી ઠેઠ બારનો થઈશ ત્યારે માંડ બાપુજી છૂટવાના. મને બાર વરસનો થતાં કેટલી બધી વાર લાગશે? બાપુજીને તો ડંડીના નવ મહિના ઉપરાંત વળી વૉલક્રસ્ટના પણ નવ મહિનાની સજા થઈ હોત તોયે એ વધાવી લેત અને હસતા હસતા જઈને નિરાંતે જેલમાં બેસત. પણ ત્યાં ઊભું વરસ એમ ને એમ પુરાઈ રહેવું કેમ ગમે? ઠીક છે; એમને આરામ મળશે. ત્યાં બીજું કંઈ નહીં તો ઊંઘ તો બરાબર મળશે જ. પણ એમને વરસદહાડા સુધી આરામની ક્યાં જરૂર છે? બેત્રણ મહિનાની કેદ મળી હોત તો કેવું સારું! આપણી ફિનિક્સવાળી ટુકડી પણ કોણ જાણે કેટલીયે વાર પકડાશે અને છૂટશે ત્યારે એ બાપુજીને જોવા પામશે. ટૂંકમાં બાપુજીને જેલ મળે એમ ઇચ્છનારા અમે, એમને લાંબી જેલ મળી એનો શોક કરવા લાગ્યા.

વૉલક્રસ્ટમાં શિક્ષા થઈ ગયા પછી કેટલેક દિવસે બાપુજી, મિ. પોલાક અને મિ. કૅલનબૅક વૉલક્રસ્ટની જેલમાંથી ક્યાં ગૂમ થઈ ગયા એનો પત્તો અમને ન લાગ્યો. સરકાર ત્રણેને સાથે તો ન જ રાખે એની અમને ખાતરી હતી. એટલે જ્યાં જ્યાં તેઓ હોવાનો સંભવ હતો ત્યાં ત્યાંના વેપારીઓને તાર કરીને મગનકાકાએ પુછાવ્યું પણ તેઓ નાતાલની કે ટ્રાન્સવાલની કોઈ જેલમાં નથી, એથી વધુ સમાચાર ન મળી શક્યા. રહી રહીને ચારપાંચ દિવસે ખબર મળ્યા કે બાપુજીને ઠેઠ ઑરેન્જ ફ્રી સ્ટેટની રાજધાની બ્લુમફોંન્ટીનની જેલમાં રાખવામાં આવ્યા છે અને મિ. કૅલનબૅકને પ્રિટોરિયાની જેલમાં તથા મિ. પોલાકને ડિપ્લુફની જેલમાં રાખવામાં આવ્યા છે.

બાપુજીના ખોરાકની બાબતમાં ખબર મળ્યા કે એમને ફળાહાર માટે ડઝનેક કેળાં, ચાર ટમેટાં, બે ચમચા ઑલિવ ઑઈલ અને મગફળી આપવામાં

આવે છે. એ ઉપરાંત એમનું શરીર અત્યંત કૃશ થઈ ગયું હોવાથી દાક્તરે દૂધ કે માખણ લેવાનું એમને કહ્યું, પણ તેઓએ તે ન લીધું, એટલે છેવટે દાક્તરની સલાહથી એમને બદામ ને અખરોટ પણ આપવામાં આવે છે. એમના જેલજીવનની બાબતમાં ખબર હતા કે જેલમાં બીજી રીતે એમને બધો આરામ છે. વાંચવાને એમણે પુસ્તકો મગાવવા માંડ્યાં છે. એમની સજા સાદી કેદની છે અને એમને આખો દિવસ બેસી રહેવું પડે છે તેથી એમણે કંઈક કામ કરવાની પણ માગણી કરી છે.

બાપુજીને જેલ ભેગા થયાને માંડ આઠ દિવસ વીત્યા હશે એટલામાં એ બધી વાત જૂની થઈ ગઈ. કારણ કે બહાર બધે ઝપાટાબંધ નવા નવા બનાવો બન્યે જતા હતા.

ફિનિક્સમાં પણ હડતાળિયાઓ ભરાવા લાગ્યા. આસપાસનાં શેરડીનાં કારખાનાંના અસંખ્ય ગિરમીટિયાઓએ હડતાળ પાડી અને જેમ નદીનો ખાલી કોરો પટ પૂર આવતાં બંને બાજુથી ભરાવા માંડે એમ ખાલીખમ થયેલું પાંચદસ માણસની વસ્તીવાળું ફિનિક્સ સેંકડો ને હજારો લોકોથી ઊભરાવા લાગ્યું. નવાં નવાં ટોળાં આવે. એના અમે ખબરઅંતર પૂછીએ ત્યારે કંઈક આવી જાતનો સંવાદ ચાલતો:

'કહાંસે આતે હો?'

'ઉસ મઉંટૈજકોંબકી કોઠીસે આતે હૈ.'

'ક્યોં કામ છોડ દિયા?'

'હમારે રાજાકો સરકારને કૈદ કિયા હૈ, સરકાર ઉસકો બંદ કરે તો હમ ક્યોં કામ કરેં?'

એ ભોળા લોકો નેતા કે અગ્રણી કે એવા કોઈ શબ્દ જાણતા જ ન હતા. તેઓએ તો બાપુજીને રાજા જ બનાવી મૂક્યા હતા.

હિંદુસ્તાનના ઈતિહાસમાં ડગલે ને પગલે વાંચવા મળે છે કે અમુક લડાઈમાં રાજા ઘાયલ થયો, રાજાનો નેજો ઝૂક્યો, સેનાપતિ માર્યો ગયો અથવા રાજા કેદ પકડાયો કે આખી સેનામાં નાસભાગ શરૂ થઈ. જીતને કાંઠે આવેલી લડાઈ રાજા વિનાના બાવરા સૈનિકોએ હારમાં ફેરવી નાખી. પણ હિંદીઓની આ સદીઓ જૂની પરંપરાએ દક્ષિણ આફ્રિકામાં સમૂળો પલટો ખાધો. પાણીપત, પ્લાસી, હલદીઘાટ કે એવાં બીજાં યુદ્ધોમાં વિજેતાઓએ લડાઈના નાયકને પછાડીને ક્ષણભરમાં પોતાનો ડંકો વગાડી દીધો. એક વીર ખપ્યો કે હજારો મરણિયા કાયર! અને આવી રીતે કચરાતાં કચરાતાં ભારતીય આઝાદી સાતમે પાતાળ જઈ પહોંચી. નાતાલ પ્રાંતમાં ગુલામીનેયે શરમાવે એવી કફોડી

હાલતમાં સડતા ગિરમીટિયાઓએ હિંદુસ્તાનને કપાળે વળગેલી કાયરતાની આ કાળી ટીલી ધોઈ નાખી. દરબારગઢમાં રોજ પરોઢિયે તલવાર ઘસીને તથા ઢાલતલવારના પેંતરાઓ રચીને તૈયાર થયેલા રણવીરોની એ ફોજ ન હતી. દાદા કે પરદાદાના જમાનાથી નસેનસમાં વહી રહેલા ક્ષત્રિયોના લોહીનો ધમધમાટ ત્યાં ન હતો. એ ગિરમીટિયાઓ મોટે ભાગે શૂદ્ર હતા. આપણા દેશમાં શૂદ્રોનેયે ધર્મ, આચારવિચાર, સામાજિક વ્યવસ્થા તથા સંસ્કારપરંપરા ઓછાં નથી હોતાં. પરંતુ પાંચ હજાર માઈલ દૂર મહાસાગરને પેલે પાર જઈ પડેલા આ હિંદી ભાઈઓની હાલત શૂદ્ર અને અતિશૂદ્રથીયે ભૂંડી હતી. સાંસ્કારિક કેળવણી શું, એનું સ્વપ્નેયે ભાન આવે એવી એમની પરિસ્થિતિ ન હતી. ઉપલક દૃષ્ટિએ, તેઓ માણસ જેવા માણસ દેખાતા ન હતા. અમારી ટીનકાઓની નજરમાં પણ ફિનિક્સની આસપાસ વસતા ગિરમીટિયાઓ તણખલાની તોલનાયે ન હતા. સ્વતંત્ર હરતાફરતા હબસી ભાઈઓ વિશે અમને મનમાં આદર ઊપજતો; એમની દોસ્તી કરવામાં અમને મજા પડતી, એમના ઈશારા ને હાવભાવ સમજવામાં અમને આનંદ આવતો; પણ રાતદિવસ માથું નીચું નાખી ગોરાઓની માલિકીનાં વિશાળ ખેતરોમાં કાળી મજૂરી કરનારા આ હિંદી ભાઈઓ પ્રત્યે હળમાં જોડાનાર બળદ કરતાં વધુ લાગણી અમારા મનમાં પેદા થતી ન હતી. બીજાઓની વાત હું ન કહું, પણ ફિનિક્સ આશ્રમમાં બાપુજીના હાથ નીચે તાલીમ લેવા છતાં મારી લાગણીઓ ગિરમીટિયા લોકો વિશે શૂન્યવત્ હતી.

વીજળીના બળથીયે વધુ સમર્થ અહિંસાનું એ બળ હતું, જેણે નમાલા કંગાળ ગિરમીટિયાઓને શૂર ચડાવ્યું. ભલભલા કેળવાયેલા તથા ઊંચા ગણાતા નબીરાઓને ભુલાવે એવા મહાન ગુણ અને પરાક્રમ એ ગિરમીટિયાઓમાં એણે પ્રગટાવ્યાં. લગભગ પોણો લાખ હિંદી મજૂરો નાતાલના ગોરા માલિકોની ગુલામીમાં હતા. અમેરિકાના હબસી ગુલામોમાં અને આ હિંદી ગુલામોમાં અંતર નામનું હતું. હાલત કોઈની કોઈથી ઊતરે એવી ન હતી. ન્યૂકૅસલની આસપાસની કોયલાની ખાણોના મજૂરોમાં સૌ પહેલાં શ્રીમતી થંભી નાયડુની ટોળીએ આગ ચેતવી ને હડતાળ પડી. એ પછી બાપુજી એમની વચ્ચે જઈને બેઠા અને એમને સુશીલ તથા પ્રાણવાન બનાવવામાં બાપુજીએ પોતાની જાત ઓગાળી નાખી.

કોયલાની ખાણના એ મજૂરો બહોળા વિસ્તારમાં ફેલાયેલા ન હતા. બહુ પાસે પાસે રહેનારા હોવાથી તેમને હડતાળનો ચેપ જલદી લાગે એ સ્વાભાવિક હતું. એથી ઊલટું શેરડીનાં ખેતરોમાં કામ કરનારા ગિરમીટિયાઓ બહુ દૂર સુધી પથરાયેલા હતા. ડરબનથી નીકળતી રેલગાડી હિંદી મહાસાગરને કાંઠે કાંઠે ઉત્તર તરફ ચાલી આવે છે તેની બંને બાજુ જેટલે દૂર નજર પહોંચી શકે એ બધા

વિસ્તારમાં શેરડીનાં વાવેતરો છે. ડરબનથી વહેલી સવારે ઊપડેલી ટ્રેન દીવાટાણા સુધી દોડી જાય છે. એમાં સફર કરનારને સાંજ સુધી ભાગ્યે જ શેરડી સિવાય બીજું કંઈ નજરે પડે છે. કારખાનાં અને ખાણોમાંના મજૂરોને જેમ ટોળે વળીને કામ કરવાનું હોય છે તેમ ખેતીના મજૂરોને નથી હોતું. સાધારણ માન્યતા એવી છે કે હડતાળ કારખાનાંના મજૂરોમાં સંગઠિત કરવી સહેલી છે. એ અસરકારક હોય છે. પણ ખેતીના મજૂરોના સ્વભાવમાં હડતાળ નથી હોતી. તેઓ સહેજે સંગઠિત નથી થઈ શકતા, વેરૂલમ, ટોંગાટ, સ્ટૅંગર વગેરે સ્ટેશનો જે અમારા ફિનિક્સ આશ્રમથી આઠ, પંદર અને એમ પચાસ માઈલ જેટલે દૂર લગી આવેલાં હતાં, ત્યાંના ગિરમીટિયાઓને ફિનિક્સ કે બાપુજી સાથે શી લેવાદેવા હોય? એમાંના હજારોએ તો બાપુજીને જોયાસાંભળ્યાયે નહીં હોય. એ દિવસમાં બાપુજી મહાત્મા નહોતા બન્યા અને ગાંધી શબ્દમાં કોઈ જાદુ નહોતો ભરાયો એ યાદ રાખવાનું છે. બાપુજીની એ તપસ્યા હતી, હિંદુસ્તાની બહેનોનું અહિંસક આક્રમણ હતું અને મરવું પણ ઝૂકવું નહીં એ સત્યાગ્રહીનું બિરદ હતું, જે બિરદ બાપુજીની દોરવણી તળે ભવ્ય કૂચ કરતી વેળાએ ચાર હજાર કરતાંયે વધારે ગિરમીટિયાં ભાઈબહેનોએ પાળ્યું હતું. તેના વેગમાં કાયરો તો શું પણ દુશ્મનોયે તણાયા વિના રહી શકે એમ ન હતું. એક તરફ ગાંડાતૂર બનેલા હાથી જેવી સરકાર અને તુમાખી તથા ગર્વિષ્ઠ ગોરા માલિકો હિંદીઓના ભુક્કા ઉડાડી દેવાને, હિંદીને ફરી પાછું કદી માથું ન ઊંચકવા દેવાને દાંત કચકચાવી રહ્યા હતા; બીજી તરફ બાપુજીની શિખામણ માથે ચડાવી હિંદી કોમે પોતે મરીમટીને ભારત માતાનું નાક અને પોતાના માની લીધેલા રાજાની આણ સાચવવાનો પાકો મનસૂબો કર્યો હતો.

નાતાલ પ્રાંતમાં એકેય ખૂણો એવો ન રહ્યો જ્યાં ગિરમીટિયા હોય ને હડતાળની આગ ન પહોંચી હોય. બાપુજી, મિ. પોલાક, મિ. કૅલનબૅક અને સત્યાગ્રહના કસાયેલા અનુભવી માણસોને ઊંડાં ઊંડાં કેદખાનાંમાં ધકેલી દેવામાં આવ્યા હતા. કોઈ પ્રચારક, કોઈ ભાષણકર્તા કે દૈનિક પત્રિકાઓ વસાવનાર ન હતા જે આવી અણઘડ પ્રજાને દોરતા રહે. અને છતાં એ લડાઈમાં ‘યા હોમ’ કરતાં ટોળેટોળાં લોકો આગળ આવ્યા. જે ઘડી ને જે પળ વીતતી હતી તે દરેક ઘડીએ અને દરેક પળે સત્યાગ્રહીઓનું અહિંસક આક્રમણ બમણું ને ચોગણું થતું જતું હતું. આકાશવાણી દ્વારા જાણે હજારો ગિરમીટિયાઓનું સંચાલન, સંગઠન અને બલિદાન થઈ રહ્યું હતું. આ જ વસ્તુને બાપુજીએ હજારો વાર આપણા અમોઘ સૂત્ર દ્વારા દર્શાવી છે: ‘यथा पिंड तथा ब्रह्मांडे.’ બાપુજીએ પોતાના હૃદયને ઢંઢોળ્યું હતું, જગાડ્યું હતું, સુવાસિત કર્યું હતું. બાપુજીના દિલમાં શાંત તેજસ્વી

દીવો ઝળહળી રહ્યો હતો, પરિણામે એમના દેશભાઈઓના હૃદયમાં એ જ ચેતનાનો પડઘો અને પ્રતિબિંબ પડ્યાં હતાં. અને સૌના દિલમાં દીવા પ્રગટ્યા હતા. જેવો એક દીવો તેવા અનેક દીવા. ગોરી સરકારને મન જાણે આભ ફાટ્યું હતું. એમણે ધારેલું બધું નિષ્કંટક કરવા, પણ એમને સારુ આકાશમાંયે કાંટાનાં વન ઊભાં થયાં.

આ તો થઈ નાતાલના ઈતિહાસની વાત. હવે પાછો ફિનિક્સના ઈતિહાસમાં કેંદ્રિત થાઉં. કારણ મારે તો મારી બાળનજરે બધી જ વાત મૂકવાની છે.

## ૧૧
## તપોધન મગનકાકા

ગોસ્વામી તુલસીદાસજીએ રામાયણના બાલકાંડમાં પાર્વતીના તપનું બહુ વેધક વર્ણન આપ્યું છે: 'बिसरी देह तप हि मनु लागा.' કવિની શ્રદ્ધામાં વાંચનારને ઘસડાવું જ પડે છે કે આ આખી સૃષ્ટિનો આધાર કેવળ તપ છે. લીલી કુંજાર વનસ્પતિ ઉપર સવારથી સાંજ સુધી તપી રહેલો તડકો જો લાંબા વખત સુધી તપતો બંધ થઈ જાય તો જોતજોતામાં એ પીળી પડી જાય અને મોટાં મોટાં ઝાડો પાંદડાં વિનાનાં સૂકાં ઠૂંઠાં બની જાય. એ જ રીતે દુનિયાનું નાનુંમોટું કોઈ પણ કામ આકરા તપ વિના ઝાઝો વખત નભી ન શકે. જો એ વાત સંસારના મામૂલી વ્યવહારને માટે સાચી છે, તો લડાઈને માટે વધુ સાચી છે. શુદ્ધ અને સાચા તપનો સંગ્રહ જે પક્ષમાં વધતો જાય તે પક્ષ વિપક્ષની ઉપર એટલી સરસાઈ ભોગવતો થાય. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની છેલ્લી લડાઈ ઘણી જલદી સફળ બની એના મૂળમાં તપનો પ્રચંડ પ્રવાહ વહ્યો એ હકીકત હતી.

ગયા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે યુનિયન સરકારે જેમ જેમ દમન વધાર્યું તેમ તેમ આભ ફાટ્યું. જેલો ઉપરાંતનાં સરકારી મકાનો પણ સત્યાગ્રહી કેદીઓથી ઊભરાવા લાગ્યાં હતાં. કેદીને આપવાને કપડાં પણ સરકાર પાસે રહ્યાં ન હતાં. પણ જેલમાં જેટલા પુરાયા હતા તેમના કરતાં જેલ બહાર રહેલાઓનું તપ અનેકગણું ઉગ્ર અને પ્રભાવકારી હતું. જે જેલમાં જઈને બેસે એને મન પોતાનું કર્તવ્ય કરી લીધાનો સંતોષ હોય. જેલનું આકરું ઉત્પીડન ખમવાની ખુમારી એ સંતોષમાંથી એને મળે. સંયમી જીવનવાળાને અક્ષરશ: જેલ વિદ્યાપીઠની ગરજ સારે. અને ઈશ્વરની ખોળમાં નીકળી પડેલાને એ ગૌરવભરી ગુફાનું કામ આપે. કેદખાનાથી ટેવાયેલા ન હોય એવા સત્યાગ્રહીઓને પણ જેલ ઓછા આશીર્વાદરૂપ નથી નીવડતી. ટૂંકમાં જેલ જવું એ જિંદગીનો અનેરો લહાવો છે. બધા જો કેવળ જેલમહેલનો જ લહાવો લેવાનો આગ્રહ રાખે અને

બહાર તપનો પ્રવાહ ઓસરી જાય તો અહિંસક લડાઈનો અંત આવે. જાલીમનું હૈયું પિગાળવા માટે તપનો ધોધ અતૂટ વહેવો જોઈએ.

જેલ બહાર અસંખ્ય ગિરમીટિયાઓ તપે ચડ્યા હતા; હિંદુસ્તાનમાં માનનીય ગોખલેજીએ અનુષ્ઠાન આરંભ્યું હતું; પણ એ બધાથીયે આકરું તપ તો આદર્યું હતું મગનકાકાએ. મારી નાની આંખે જોયેલું એ ઉગ્ર તપ આજે પણ સાંભરી આવે છે, ત્યારે અચંબો થાય છે. જે દિશાએ તેઓ એ વેળા દોડ્યા જતા એ દિશાએ આજે એક ધીમું પગલું માંડતાં પણ આખો દેહ અને મન ધ્રૂજી ઊઠે છે અને સમજાય છે કે, એ તપ કેટલું ભવ્ય હતું.

અમને બાળકોને પણ જેલ જવાનું ન મળ્યાનો ખેદ હતો, તો પછી મગનકાકા જેવા યોદ્ધાને એ ખેદ કેટલો ભારે હશે! પણ પોતાના મનના આવેગ જુદી જુદી છટાથી બધે સંભળાવતા ફરવું એ મગનકાકાને મન અક્ષમ્ય દોષ હતો. નિસાસો નાખવામાંયે મોઢાની વરાળ વેડફી મારવા કરતાં પોતાના અંતરની બધી વરાળ સેવાના કામમાં જ સાચી રીતે ખરચી દેવામાં તેઓ જીવ્યું ધન્ય સમજતા. જેલવાસીઓને એકબીજાનાં સુખદુઃખની જાણ નામની જ મળતી; પણ મગનકાકા પાસે તો દક્ષિણ આફ્રિકાની બધી જેલોમાંથી તેમ જ લડાઈનાં ક્ષેત્રોમાંથી હિંદી સત્યાગ્રહીઓનાં અપમાન અને ઉત્પીડનની ગાથા રાતદિવસ પહોંચતી રહેતી. એ બધાંનાં દુઃખનો આઘાત ચર્ચા કરીને હળવો કરનારું મિત્રમંડળ ફિનિક્સમાં ન હતું. તેમ કોઈ જાતની સભા સમક્ષ દુઃખોની એ યાદી સંભળાવી જવાની સગવડ પણ ફિનિક્સના એ જંગલમાં ક્યાંથી મળે? એવી પરિપાટી પણ ત્યાં ન હતી. કેટલા કાળ સુધી એ સંપીડન ચાલવાનું છે એનીયે કંઈ અટકળ ન હતી. શંકા, નિરાશા, કંટાળો, કશાને દાદ દીધા વિના નિતનવા ધૈર્યથી ચોતરફની સતામણી મૂંગે મોઢે મગનકાકાએ ઘોળીને પી જવાની હતી. આકરામાં આકરી ઉશ્કેરણીમાંયે મનને ટાઢું બોળ રાખવાનું હતું. સાથે સાથે 'ઇન્ડિયન ઓપીનિયન' દર બુધવારે પ્રગટ કરી દક્ષિણ આફ્રિકાની હિંદી પ્રજાને માર્ગદર્શન આપવાનું હતું. અને ઉપરાંત ફિનિક્સ આશ્રમની દિનચર્યા અને અમ બાળકોની ટોળીનું સંરક્ષણ કરવાની જવાબદારી જે એમને શિર હતી, એની વાત પાછલાં પ્રકરણોમાં હું જણાવી ગયો છું. દુઃખની વાત એ છે કે એ દિવસોની એમની ડાયરી લખાયેલી નથી. એટલે મારી સ્મૃતિ ઉપરથી જ હું એમના એ કઠણ તપની વાત જણાવી શકું એમ છું. કોઈ નિરાહારી તપસ્વી એટલે કે નર્યા ઉપવાસને આદરનારો માણસ જે હિસાબે રોજ રોજ સુકાતો જાય એ હિસાબે મગનકાકાની જુવાનજોધ દેહયષ્ટિ નિશદિન સુકાતી ચાલી હતી. સત્યાગ્રહની લડાઈ માટે સોળ જણાની પહેલી ટોળી ફિનિક્સથી ઊપડી ત્યારે મગનકાકાનું

શરીર અને ત્રણ મહિના બાદ સમાધાન થયા પછીનું એમનું શરીર જાણે સાવ જુદાં જ હતાં. પહેલાં કરતાં બીજું જાણે અર્ધા પરિમાણનું હતું. શરીરની જેમ મગનકાકાના સ્વભાવમાં પણ બહુ મોટો ફેર પડ્યો હતો. એમનામાં શાંતિ અને પ્રસન્નતા ખૂબ વધ્યાં હતાં.

એમની દિનચર્યા તપસ્વીને હરાવે એવી હતી. મળસકે બે કે અઢી વાગ્યે ઊઠી છાપા માટેનું લખાણ લખવા તેઓ બેસતા. 'ઇન્ડિયન ઓપીનિયન'નાં બધાં ગુજરાતી કૉલમો એમને એકલે હાથે ભરવાનાં રહેતાં. પો ફાટ્યે અમે ઊઠીએ ત્યારે મગનકાકાની પથારી અનેક કાગળિયાંથી ભરાઈ ગઈ હોય અને પોતાના છાપેલા જેવા સુંદર મરોડદાર અક્ષરે વધુ ને વધુ પાનાં તેઓ ભરતા જતા હોય. આઠ સાડા આઠે લખાણો પૂરાં કરી બધાં કાગળિયાં સાથે તેઓ છાપખાને પહોંચે. જતાં પહેલાં દાતણ-સ્નાન કરી પરવારે, અમારા કરતાં ત્રણચાર કલાક વહેલા ઊઠવા છતાં મગનકાકા દાતણ અમારાથી મોડું કરતા. એનું કારણ તેઓ એ બતાવતા કે દાતણ કર્યા પછી મનની એકાગ્રતા ઓછી થતી અને દિવસનાં બીજાં કામોમાં ચિત્ત દોડવા લાગતું; એટલે જ્યાં સુધી લખવાનું પૂરું થાય નહીં ત્યાં સુધી તેઓ દાતણ કરવા ન ઊઠતા.

અમારા ફિનિક્સના રિવાજ પ્રમાણે સવારનું શિરામણ આખા દિવસના ખોરાકનો ઉત્તમ ભાગ રહેતો. સારો પુષ્ટિકર નાસ્તો અમે લેતા. સત્યાગ્રહ સંગ્રામના દિવસોમાં મગનકાકાએ આ નાસ્તાનો ત્યાગ કર્યો હતો એવો કંઈક મને ખ્યાલ છે. કારણ કે મને યાદ છે કે અમે બાળકો નાસ્તામાં એકલાં જ બેસતાં. ફિનિક્સમાં પંગતની બહાર કંઈ પણ લેવાની છૂટ નાના બાળકનેયે ન હતી. હું ભૂલતો ન હોઉં તો સાંજનો ખોરાક પણ કામના બોજાને લીધે ઘણીખરી વાર મગનકાકા છોડી દેતા. તેમણે પોતાના શરીરને લગભગ વિસારે પાડ્યું હતું. આખો વખત કામમાં જ તેઓ ડૂબેલા રહેતા. દી ઊગ્યાથી રાતના દીવાટાણા સુધી છાપખાનામાં જાતે બીબાં ગોઠવવાં, પ્રૂફ વાંચવાં, ફરી તે સુધારવાં અને ટપાલના થોકડા ઉકેલવાનું કામ તેઓ કરતા. બપોરે અર્ધોપોણો કલાક અમારી સાથે ભોજનમાં, અને બની શકે ત્યાં સુધી સાંજે એક કલાક શાકવાડીની સેવા માટે તેઓ છાપખાનામાંથી બહાર આવતા.

કેટલીક વાર બપોરે બેત્રણ વાગ્યે તેઓ પોતાના મેજ પરથી ઊઠીને ચાલ્યા જતા. અમારું કામ એવું કે વારે વારે તેમને પૂછવું પડે. એટલે થોડી વાર થાય ને તેઓ ન દેખાય એટલે કે અમે એમની શોધમાં નીકળી પડીએ. એમ ખોળવા જતાં અનેક વાર મેં એમને છાપખાનાથી થોડે દૂર લીલા ઘાસની અંદર આળોટતા ભાળ્યા છે. અમે જઈએ એટલે તેઓ આળસ મરડી ઊભા થઈ જાય અને

સ્નેહભર્યે અવાજે પૂછે, 'શું કામ છે?' અને વગરપૂછ્યે ખુલાસો આપે, 'લખતાં લખતાં ઝોલાં આવવા લાગ્યાં એટલે અહીં આવી આ ધરતી પર આળોટી લીધું. પથારી કરતાં ખુલ્લી જમીનમાં ઘણા વધારે ગુણ છે. માટી શરીરનો થાક બહુ જલદી ચૂસી લે છે. ખરેખર, આ ધરતી માતાનો આપણા ઉપર અગાધ ઉપકાર છે. દસ મિનિટમાં ત્રણ કલાકની ઊંઘ જેટલા તાજા થઈ જવાય છે.' મને એમાં ધરતી માતાનો કશો ગુણ ન દેખાતો, પણ મગનકાકાની મહત્તા જ દેખાતી. કારણ એવી રીતે ઘાસમાં પડી રહેવું મારે માટે નવી નવાઈ ન હતી. હું દહાડામાં દસ વાર ફિનિક્સના એ સુગંધિત ઘાસમાં પડી રહેવાની લહેર માણતો, છતાં મને તો કાંઈ ઓછી ઊંઘે ચાલતું ન હતું. મગનકાકાની એ ટેવ બાપુજી જેવી જ હતી કે પોતે જે કરે તેના અનેક ગુણો શોધતા ફરે. મીઠું ન ખાવાના પણ તેઓ અપાર ગુણો ગાતા અને અમને અૂલણું કરવાને લલચાવતા. પણ એમના એ અૂલણા ઉપર શ્રદ્ધા વધવાને બદલે મગનકાકા પર જ મારી શ્રદ્ધા વધતી. ઊંઘ અને ભોજન બેયમાં મગનકાકા ઘટાડો કર્યે જતા હતા, અને તેયે કાર્યશક્તિ વધારતા જઈને. ગુડાકેશ અર્જુનનો આદર્શ તેમની સામે હતો એમ કહેવાય, કારણ ગુડાકેશ શબ્દનો અર્થ તેઓ ઉમળકાથી અમને સમજાવતા.

શરીર કરતાં મનનું દમન એ અરસામાં તેમણે ઘણું વધાર્યે કર્યું. તેનો સૌથી મોટો પુરાવો મારા એક એકથી ચડિયાતા કેટલાયે અપરાધોમાં તેમણે ગુસ્સો ન આણ્યાનો છે. વાતવાતમાં તેમની લાલ આંખો અને આકરા મારનો અનુભવ મને બહુ નાની ઉંમરથી મળેલો. તેમની ચીડનો ભય મને સદા પજવ્યા કરતો. પણ આ ત્રણ મહિના દરમિયાન મારા ઉપર કપાળે કરચલી પાડવાનું પણ મને યાદ નથી આવતું.

સાધારણ રીતે ફિનિક્સમાં માંદગી ભાગ્યે જ દેખા દેતી. પણ બીજા બધા જેલ પહોંચ્યા ત્યારે મગનકાકાની કસોટીને સારુ જ જાણે ટાઢિયા તાવે પોત પ્રકાશ્યું. અમે દસ બાળકો હતાં, તેમાંથી અકે પછી એક પાંચછ જણાને મલેરિયાએ પથારીવશ કર્યાં. છેવટે મગનકાકાનો પોતાનો વારો આવ્યો. પણ બહુ જ શાંતિ અને સાવધાનીથી તેમણે ઘરમાંથી મંદવાડને ભગાડ્યો. ખાવાનું બધાંનું હળવું કર્યું. ગરમ પાણી પાઈને પેટ સાફ કરાવ્યાં અને પછી બધા રોગીઓને બબ્બે ત્રણ ત્રણ વાર બાષ્પસ્નાન કરાવ્યાં. ચૂલો કરી પાણી ઉકાળવું, ઊંચી બેઠક ગોઠવી તેની નીચે ઊકળતું તપેલું ગોઠવવું. માથા પર ધાબળા ઓઢાડી ધીમે ધીમે વરાળ આપવી અને રોગીને ખૂબ પરસેવો વળે ત્યારે તેના શણીરને લૂછી એને હવા લાગવા દીધા વિના સુવાડવો વગેરે કરતાં રોગી દીઠ સહેજે બે કલાક વીતી જતા. કામની ભીડ ન હોય એવા માણસનેયે આવી વેઠ કરતાં કંટાળો

આવે. પણ મગનકાકા પાસે તો કંટાળો ઢૂંકી પણ શકતો નહીં. જેલમાં ગયેલી માતાઓની અમને ખોટ ન જણાય એટલા વાત્સલ્યથી તેઓ અમારી ઊઠવેઠ કરતા. માંદાની માવજતમાં ઘણાને સાત્ત્વિક સંતોષ સાંપડે છે, પણ પોતે માંદા હોય ત્યારે માવજતમાં ઊણપ આવતાં એવા શાંત લોકોનો ક્રોધ ભભૂકી ઊઠે છે. આજે મને લખતાં શરમ ઊપજે છે કે મગનકાકાની માંદગીમાં એમની ધીરજની આકરી કસોટી મેં મારી નાદાનીને લીધે કરાવી હતી. કામ કરવામાં હું અતિશય મંદ હતો. મારી એ ધીમી ગતિની ગણતરી કરી, ચાર વાગ્યે પાણી જોઈતું હોય તો અઢી વાગ્યે તેઓ મને ચૂલો સળગાવવાનું કામ સોંપતા. પણ હું એવો કે ચાર વાગ્યે મગનકાકા પાણી માગે ત્યાં સુધી દોઢ કલાકમાં મારા હાથમાં હજુ માત્ર દીવાસળીની પેટી જ રમી રહી હોય અને હું બારીમાં બેઠો બેઠો બગીચાનાં મનોહર ફળઝાડોની ડાળીઓના ધીમા પવનથી સામસામા ચાલતા હિંચકા નિહાળવા બેઠો હોઉં! આવી સ્થિતિમાં દુર્બળ હાથે મગનકાકા ધીમેથી આવી મારા ખભા ઉપર હાથ મૂકે ત્યારે હું ચોંકી ઊઠું અને તેઓ વઢશે એ ડરને લીધે બાવરો બની જાઉં. પણ મારી બીક વધારવાને બદલે તેને ઘટાડવાનો પ્રયત્ન કરતાં મગનકાકા મારા માથા ઉપર હાથ ફેરવે અને કહે, 'હજી સુધી તેં ચૂલો નથી કર્યો? હવે વધુ મોડું ન કર; ચાલ હું શીખવું.' આ રીતે એમની પથારી કરવામાં કે એમની બીજી અંગત સેવાઓમાં મારાથી ઉપરાઉપરી ભૂલો થયા કરતી. છતાં મારી સુસ્તી પર મગનકાકાએ કદી ક્રોધ નથી કર્યો. એ સિદ્ધ કરે છે કે પોતાના આકરા અને ઝનૂની ગુસ્સાને પણ સાચા સત્યાગ્રહીને છાજે એવી રીતે પૂરો કાબૂમાં રાખવાનો કેટલો ઘોર પ્રયત્ન તેઓ એ કાળે કરી રહ્યા હતા.

લડતની જે મોટી જવાબદારી મગનકાકાએ ઉઠાવી હતી અને ક્ષણેક્ષણ પર વિકટ દબાણ પાડનારી દિનચર્યા પરોઢિયે કૂકડો બોલ્યા પહેલાંથી માંડીને રોજ રોજ એમને માથે તોળાઈ રહેતી, તેને અંગે પોતાના મન સાથે મગનકાકાને કેટલી બાંધછોડ કરવી પડતી એનો સાક્ષી આજે મળવો મુશ્કેલ છે. મગનકાકાના અંતરના સાક્ષી પૂજ્ય બાપુજી સિવાય ભાગ્યે જ બીજું કોઈ હતું. મિત્રનો અભાવ એ મગનકાકાના તપનું ભારે લક્ષણ હતું. એ સમયના મનોનિગ્રહની ભાળ આપવાનું એમના યાદ રહી ગયેલા પ્રસંગો સિવાય બીજું સાધન મારી પાસે નથી. એટલું તો ચોક્કસ કે એમની અહિંસાની ઉપાસના ઘણી ઉત્કટ હતી.

એક વાર મારે રાત્રે દસેક વાગ્યે શૌચ જવું પડ્યું. પાછો આવી ઘરના ઊમરામાં પગ મૂકું છું તો એક સુંદર ટપકાંવાળી ત્રિકોણ લાકડી, ફાનસને અજવાળે દેખાઈ. મને એ નવાઈભરી લાગી. બીજી જ ક્ષણે મને ખબર પડી કે એ સાપ છે! સફાળો એને કૂદીને હું ઘરમાં પહોંચ્યો. બીજાં બધાં ઊંઘતાં હતાં.

મગનકાકા પથારી પર બેઠા બેઠા લખતા હતા. એમને મેં સાપ હોવાના ખબર આપ્યા. તેમને પગે ગૂમડું થયું હતું. બેચાર દિવસથી એમનાથી ડગલું પણ દઈ શકાયું ન હતું. પગે માટીનો જાડો પાટો હતો તેઓ લંગડાતા ઊઠ્યા ને ઊમરામાં આવ્યા ત્યાં સુધીમાં સાપ અધખૂલા બારણામાંથી ઘરમાં આવવા લાગ્યો હતો. મગનકાકાએ તરત બારણું બંધ કર્યું ને સાપને પકડમાં લીધો. એ પછી મારી પાસે સાપ પકડવાની દોરીવાળી લાકડી મંગાવી. બારણું દાબવાનું મને સોંપી એમણે સાપને ગળામાંથી પકડ્યો. તેમણે કહ્યું: આ બહુ ઝેરી સાપ છે. છોકરાંઓની પથારી પાસે પહોંચ્યો હોત તો કેર વર્તાવત. તારી નજરે પડ્યો એ આપણું સદ્ભાગ્ય. મારો ડર વધી ગયો. એવો ત્રિકોણ ને ટપકાંવાળો ને લાંબો સાપ એ પહેલાં કે એ પછી મેં ક્યાંયે જોયો નથી; સંગ્રહાલયમાં પણ નહીં. મગનકાકા એને મારી નાખે એ સિવાય બીજો ઉપાય મને સૂઝતો ન હતો. મારામાં એને ઉપાડી જંગલમાં છોડી આવવાની હિંમત ન હતી. મગનકાકાથી ચલાય એમ ન હતું. ત્રીજું કોઈ મદદે આવી શકે એવું હતું નહીં. સાપને મારી નાખવો એ જ એક ઉપાય હતો. પણ મગનકાકાએ સાપને મારવા કરતાં પોતે જ દુ:ખ વેઠવાનું પસંદ કર્યું. લંગડે પગે ભાર ઉપાડી ખોડંગતા ખોડંગતા તેઓ ચાલ્યા. મને ફાનસ લઈ સાથે આવવા કહ્યું. ફિનિક્સ આશ્રમની જમીન વટાવી વોટલના ગાઢા જંગલમાં દૂર સુધી તેઓ પહોંચ્યા અને સાપને માટે ઉત્તમ તથા માણસને માટે ભયમુક્ત જગ્યા જોઈ એ સાપને છૂટો કર્યો. એને એટલુંયે દુ:ખ આપ્યાની જાણે માફી માગતા હોય એવી નજરે બેચાર મિનિટ સુધી સાપને ઘાસમાં અદશ્ય થતો તેઓ જોઈ રહ્યા અને પછી પગના ગૂમડાનું કષ્ટ વેઠતા વેઠતા ઘેર આવી મને ઈશ્વરનો મહિમા સંભળાવી નિર્ભય બનાવીને સુવાડી દીધો. ત્યાર પછી રાતના ક્યાર સુધી પોતે જાગતા રહ્યા ને લખતા રહ્યા એ રામ જાણે.

આ બધી સાધના ફિનિક્સ સાવ સૂનું થઈ ગયેલું ત્યારની. જ્યારે હડતાળ પૂરવેગે ફાટી નીકળી અને ગિરમીટિયાં ભાઈબહેનોનો પ્રવાહ ફિનિક્સને ખૂણે ખૂણે ફરી વળ્યો ત્યારે મગનકાકાના પરિશ્રમની પરાકાષ્ઠા થઈ. એક એક રાતમાં છસો છસો આઠસો આઠસો માણસો આવે. દરેક ટોળું આશ્વાસન માગે, સૂવાની જગ્યા માગે અને ખોરાક-પાણી માગે. એકને શાતા આપી વીસ મિનિટ-અડધો કલાક ઊંઘ ન લીધી હોય ત્યાં બીજું ટોળું આવી મગનકાકાને જગાડે. દિવસ આખાના કામ બાદ રાતનું આ કામ મૂંઝવી મારનારું હતું. પણ મગનકાકા ચોવીસે કલાક એકસરખા શાંત, ગંભીર અને સામા માણસને સંતોષ આપવાને પ્રયત્નશીલ દેખાતા. જ્યારે એ હડતાળિયાઓ ઉપર પોલીસ ચડી આવી ત્યારે તો અમે નાનાઓ પણ ખૂબ ઉશ્કેરાઈ ગયા હતા, પણ મગનકાકા

તો ત્યારે પણ પૂરા શાંત હતા. એ કથા આગળ ઉપર.

બાપુજીએ જે ઉચ્ચ વૃત્તિથી અહિંસાની લડત ઉપાડી હતી, એટલી જ ઉચ્ચ ભૂમિકા ઉપર પહોંચી મગનકાકાએ તે અપનાવી હતી. મગનકાકા લડતના આગેવાન ન હતા. ભારેમાં ભારે કુશળ અને બહાદુર યોદ્ધા છતાં ઈતિહાસકારની કલમથી વેગળા રહેવામાં તેઓ ફાવ્યા હતા. મૂંગું તપ એ એમના જીવનનું બિરદ હતું. તુલસી રામાયણની જે ચોપાઈઓનું તેઓ રટણ કરતા તે તેમણે આચરણમાં પણ ઉતારી હતી. એ લીટીઓ હતી:

अति सुकुमार न तनु तप जोगू<br>
पतिपथ सुमिरि तजेउ सब भोगू।<br>
नित नव चरन उपज अनुरागा<br>
बिसरी देह तपहि मनु लागा।। - बालकांड

ભગવતી પાર્વતીએ જેમ શંકર ભગવાનની પાછળ પંડ વિસાર્યું હતું તેમ મગનકાકાએ બાપુજીની અહિંસાનીતિ પાછળ પંડ સમર્પ્યું હતું.

## ૧૨
## બાળશાસન

લડાઈ જ્યારે બરાબર જામી ત્યારે ફિનિક્સમાં બાળકોનું રાજ પણ જામ્યું. મગનકાકાને વહેલી પરોઢથી અધરાત સુધી છાપખાનામાં ગૂંથાઈ રહેવું પડતું હતું. એટલે તેઓ ઈચ્છે, પ્રયત્ન કરે, તોયે તેમને આશ્રમનાં બીજાં કામમાં ડોકિયું કરવાનો સમય મળે એમ ન હતું. આથી સહેજે અમે આઝાદ બન્યા. નાનીમોટી અનેક જવાબદારીઓ અમારે માથે આવી પડી તે સાથે અમને જેમ રુચે, જેમ સૂઝે તેમ કામને પહોંચી વળવાની છૂટ પણ મળી. આ તકનો લાભ મેં સૌથી વધુ લીધો એમ ગણાય. લડાઈની વાત આગળ ચલાવતાં પહેલાં મારા એ અનુભવો ચીતરવામાં થોડાં પાનાં રોકું તો વાચક મને ક્ષમા કરે, જોકે અસાધારણ એવું કંઈયે એમાં નથી. આજથી સત્તાવીસ વરસ પહેલાં કદાચ એ અનુભવ અનેરો લેખાત; પણ આજે તો સેંકડો શિક્ષણસંસ્થાઓમાં બાળકોનો અમલ ચાલે છે. એમની સભાઓ ભરાય છે, એમના નિયમો અને કાયદા રચાય છે તથા સંસ્થાનો દૈનિક વ્યવહાર નાનાં ભૂલકાંઓ મારફત પાર ઉતારાય છે. ઉજાણી, પ્રદર્શનો અને જલસાઓમાં પણ બાળકો કર્તાહર્તા બને છે. આઠ આઠ દસ દસ વરસનાં બાળકો આજે પીઢ માણસના જેટલી ચોકસાઈ, વ્યવસ્થા અને કાર્યદક્ષતા પ્રગટ કરે છે. એમની સરખામણીમાં અમારો અનુભવ ફિક્કો અને છીછરો લાગવાનો સંભવ છે. પણ આજે મોટી ઉંમરે શિક્ષક તરીકેનો અનુભવ લીધા પછી પોતે

નાની ઉંમરે ખેડેલાં કાર્યો તેમ જ એ કરવામાં આવેલાં વિઘ્નોનું અને કરેલી ભૂલોનું પૃથક્કરણ મને શિક્ષણવિષયક અને સૂચન પૂરાં પાડનારાં નીવડ્યાં છે; એટલે એ બીજાઓને પણ કામનાં થઈ શકવાની આશા મનમાં બંધાય છે.

હું કહી ગયો છું કે જ્યારે આખું ફિનિક્સ ખાલી થયું ત્યારે મગનકાકાના હાથ નીચે અમે દસ બાળકો હતાં. હું અને દેવદાસકાકા અગિયાર વરસથી મોટી ઉંમરના, છ બાળક પાંચથી આઠ વરસની ઉંમરના અને બે બાળાઓ પાંચ વરસથી નાની. આ બે બહેનો શાકપાન સુધારવામાં થોડીઘણી મદદ આપે એથી વધુ કામ કરી શકે એમ ન હતી. પોતાની માતા વિના એ અમારી વચ્ચે પ્રસન્ન રહેતી અને મગનકાકા ઉપર (પોતાના પિતા ઉપર) તે ભારરૂપ નહોતી થઈ પડી, એ જ એમનું મોટું કામ હતું. બાકીનાં છ બાળકો ફિનિક્સના બડા કાર્યકર્તા બન્યા હતા. એ નાના હતા છતાં એમનો મોટાથીયે વધુ રુઆબ મારા પર પડતો. દેવદાસકાકા ને મગનકાકા મોડા મોડા છાપખાનામાંથી આવે તોયે ત્યાંની જ વાતો કરતા આવે: એ ખબર તો હવે 'સ્ટૉપ પ્રેસ'માં જઈ શકવાના, અથવા 'આને સારુ ફલાણો ભાગ કાઢી નાખવો રહ્યો' આ વાતોમાં મને કંઈ ગતાગમ નહીં અને તેઓને આખા દિવસની મારી કઠણાઈ પર ધ્યાન આપવાની ફુરસદ નહીં. નાના બાળસાથી એટલા નાના કે એમને કામનો ઉકેલ કરવા સાથે ભાગ્યે જ લેવાદેવા હોય. તેઓ તો સામે આવી પડેલું કામ કરી દે ને રમતા ફરે. એટલે સહેજે એમ કહેવાય કે મારાથી મોટાઓએ અને નાનાઓએ ઘરકામનો બધો ભાર મારા પર જ ઢોળી પાડેલો.

મારાથી પહોંચી ન વળાતું ત્યારે હું દેવદાસકાકાની મદદ લેતો. મોટે ભાગે મારે એ મદદ મારા બાળસાથીઓને અંકુશમાં રાખવા લેવી પડતી. મારી પાસે એટલી હિકમત ન હતી કે જુદા જુદા સ્વભાવનાં બાળકો પર હું અંકુશ રાખી શકું. મારા એ બાળસાથીઓના સ્વભાવનો જે અનુભવ મને તે કાળે થયો અને જે મુશ્કેલીઓમાંથી મારે પસાર થવું પડ્યું તે કલમબદ્ધ કરવા જતાં સંકોચ થાય છે; કારણ આજે એમનામાંના જેમની મને માહિતી છે એ સૌ પોતપોતાના ક્ષેત્રમાં સમર્થ પુરુષો તરીકે સફળ જીવન ખેડી રહ્યા છે. એમની મહત્તાને જરાયે આંચ ન આવે એવી સદભિલાષા સાથે એમનાં એ સમયનાં સારાંમાઠાં લક્ષણો તેમની ક્ષમા માગી અહીં નોંધવાની રજા લઈશ - એ આશાએ કે તેઓ ક્ષમા આપશે અને પોતાના બાળપણ વિશે મીઠો વિનોદ અનુભવી શકશે.

અમારી એ નાની ટોળીમાંના સૌને મોખરે રહેનારા છોટમ મહારાજ હતા. એમના ગુણ ગાઈએ એટલા ઓછા. અટકચાળાં કરવામાં વાંદરાની સાથે હરીફાઈમાં ઊતરે તો કોણ જીતે એ કહેવું મુશ્કેલ થઈ પડે. રોજ બપોરે સ્ટેશને

ટપાલ લાવ લઈ જા કરનારા ચાર જણમાં છોટમ પણ ખરા. એ સ્ટેશને પહોંચે ત્યારે કંઈ ને કંઈ ઊંધુંચતું કર્યાની રાવ આવે જ આવે. એક દિવસ બીજા ત્રણ છોકરાઓ ટપાલ લેવા દેવામાં રોકાયા હતા ત્યાં છોટમભાઈ સિગ્નલ પાસે ગયા અને હાથો ખેંચી સિગ્નલ પાડ્યો. પાંચ વાગ્યાનો એ વખત, એટલે લગભગ એ જ સમયે ગાડી આવવાની. અચાનક સાંધાવાળાનું એ તરફ ધ્યાન ગયું એટલે તેણે સિગ્નલ સરખો કરી દીધો. નહીં તો છોટમને પ્રતાપે તે દિવસે મોટી નવાજૂની થાત. સિગ્નલ પાડ્યાનો દાખલો કંઈ ખાસ હતો એમ નહીં. એવાં તો એમનાં અનેક પરાક્રમ ચાલ્યાં કરે. કોઈ વાર ઘાસમાં ઘૂસી જઈ જમીન પર બેઠેલા પક્ષીને ચતુરાઈથી પકડી લાવે તો કોઈ વાર સસલું પકડવા દોડે. કાચી કેરી સુધારતા હોય તો તેમાંની ગોટલી ભરડ ભરડ ચાવ્યે જાય તેમ જ અજાણ્યાં કડવાં ફળ પણ ચાખી જોયા વિના ન રહે. કૂતરો એ તો આખા દિવસનો સાથી. તેનો કાન ખેંચે, તેના ઉપર સવારી કરે અને એના નાકમાં સાંઠીકડાં પણ ખોસે. એને ધમકાવવો, રડાવવો, ગભરાવવો કે મૂંઝવવો એ સહેલું કામ ન હતું. મારા જેવા કાચાપોચાને તો એ રડાવી જ દે. ગુનામાંથી છટકી જવા બહાનાં શોધી કાઢવામાં પણ પૂરો ચતુર. યાદશક્તિ પણ ઘણી તીવ્ર. છોટમભાઈ છ વરસની વયે ગુજરાતી, હિંદી, તામિલ અને અંગ્રેજી એમ ચાર ભાષાઓ વગરસંકોચે ગગડાવ્યે જાય. મોટા માણસને પણ વાદવિવાદમાં હંફાવે.

આવા છોટમભાઈ પાસેથી કામ લેવું સહેલું ન ગણાય. પણ મને એની નાડ હાથ આવી ગઈ હતી. મને યાદ નથી કે મારે કદી એની રાવ લઈને મગનકાકા પાસે જવું પડ્યું હોય. છોટમને એના કામનો ભાગ પાડી આપ્યો હોય અને તેનાં થોડાં વખાણ કર્યાં હોય એટલે પોતાનું કામ પૂરું કરવા પાછળ એ એકાગ્ર બની જાય. બધાં અટકચાળાં ભૂલી જાય. જમીન પરથી ઘાસ કાઢવાનું, વાસણ ઊટકવાનું, ઝાડુનું કે ફળશાક સુધારવાનું દરેક કામ ચોખ્ખાઈ અને ઝડપથી કરતો. એને ઠપકો આપ્યો હોય કે તેના પર કટાક્ષ કર્યો હોય તો ભાઈસાહેબ વીફરે. આટલું પતાવી લે એટલે તને રમવાની છૂટ, એ એની પાસેથી કામ લેવાની અમારી ચાવી હતી.

છોટમને ઉત્તરધ્રુવ માનીએ તો ભૈયન દક્ષિણધ્રુવ સમો હતો. અફીણીને હરાવે એવો આળસુ. પૂરું ન થાય તો દૈનિક કાર્યક્રમ બગડે એવું ઝાડુ કે વાસણ જેવું કામ તો એને અપાય જ નહીં. છતાં એને કામ વિનાનો રાખવો એ પણ ખોટું; એટલે મોટે ભાગે નાની કોદાળી આપી બગીચામાં જ્યાં ઘાસ નીંદવાની જરૂર હોય ત્યાં નાનકડો કટકો તેને આંકી આપું. કામ સોંપ્યા પછી કલાકે સવા કલાકે ભૈયનના કામની તપાસ લેવા જાઉં ત્યારે ભાઈસાહેબે કમર પરનું પાટલૂન

બેય હાથમાં ઝાલીને તાણી રાખ્યું હોય; મોં પરની માખી ઉડાડવા થોડી થોડી વારે ડોકું ધુણાવતા હોય અને મોં વકાસીને આંખ અર્ધોન્મીલિત રાખીને જાણે સમાધિ અવસ્થામાં જ ઊભા હોય એવું લાગે. મને પાસે આવેલો જુએ એટલે બેમાંનો એક હાથ પાટલૂન ઉપરથી ઉઠાવી લઈ, ખભે અડાડી રાખેલો પાવડીનો હાથો એક હાથમાં લઈ ઘાસ કાઢવા લાગે. એક હાથે (અને તે પાછું ભૈયનજીના એક હાથે) તે કેટલું ઘાસ ખોદાય! પાંચ ડગલાં જેટલો કટકો સાફ કરવા આપ્યો હોય તેમાંથી કલાક સવા કલાકે માંડ એક ડગલું ખોદાયું હોય! એવા ભાઈ પાસેથી શું કામ લેવાય? જમ્યા પછી બપોરે વાસણ માંજીએ ત્યારે ઉત્સાહમાં આવી જઈને જો એ બેત્રણ થાળી માંજવા લાવી આપે તો અમારું ભાગ્ય જ ઊઘડ્યું ગણાય.

પણ કામ ન કરી શકવાનો ભૈયનજીનો સ્વભાવ સમજી અમે એને વધુ પજવતા નહીં. ખરી પજવણી તો શાંતિની કરતા. અને એ અમારી પજવણી કરતો. શાંતિની ઉંમર આશરે આઠ વરસની. એ કામ કરવાની આવડતવાળો છતાં ભારે હઠીલો છોકરો. કંઈ પણ કામ કરવું એને ગમે જ નહીં. કામનો વખત થાય એટલે આડોઅવળો થઈ જાય. કેટલીક વાર તો એ ક્યાં છે એનો પત્તો જ ન લાગે. સવારે એ ઊઠે ત્યારે એને પથારી ઉપાડવાનું કહીએ તો પથારી આગળ જ અડધોપોણો કલાક સુધી સ્થિર થઈને ઊભો રહે, ન દાતણ કરવા જાય ન કોગળા કરે. મારે ભાગે આખું ઘર વાળી તાળું દઈને રસોડે જવાનું હોય, પણ શાંતિ એની જગ્યાએથી ખસે ત્યારે ને? એને કંઈ કામ ચીંધ્યું કે નાકનું ટીચકું ચડાવી નાક ઉપર કરચલી પાડી દે, નસકોરાં ફુલાવ્યાં કરે, હાથે અદબ વાળે અને પગના બંને ગોઠણ એકબીજા સાથે અડાડી નીચેથી પગ પહોળા કરી ઊભો રહે. એવી રીતે એ ગોઠણથી પગતળિયા સુધી પગનો ત્રિકોણ બનાવીને ઊભો રહે ત્યારે અમને ખાતરી થઈ જતી કે હવે શાંતિનું ટટ્ટુ અડ્યું છે. અમે મનમાં એ ‘અડિયલ ટટ્ટુ’ પર ખૂબ રીસે ભરાતા. જેમ રીસ વધતી જાય એમ દેવદાસકાકા કે હું એને ધીમેથી અને મીઠા શબ્દોમાં સમજાવીએ: ‘ભાઈ, આવી હઠ કેમ કરે છે? તને માર ખાવામાં સ્વાદ આવે છે?’ વગેરે. પણ જેમ જેમ અમે કહીએ તેમ તેમ એ વધારે જક્કી થાય. પહેલાં તો મૂંગો રહ્યો હોય, પણ પછી એકદમ બોલી ઊઠે, ‘તમને કોણે ડાહ્યા કર્યા છે? હું કામ નથી કરવાનો; જાઓ જાઓ, કહી દો મગનકાકાને. અમે કોઈથી નથી બીતા. જાઓ, અમે નાસ્તો કરવા પણ નથી આવવાના’

એ મૂર્તિ આમ હઠે ભરાય એટલે મારે હાર કબૂલ કરવી પડતી અને તેનો ફેંસલો મારે દેવદાસકાકાને સોંપવો પડતો. દેવદાસકાકા તેને મગનકાકા પાસે

ઊભો કરતા. આખરે મગનકાકાએ અકળાઈ જઈ શાંતિને સંભળાવી દીધું, ‘તું જક નહીં છોડે તો પછી આ લોકો તને મારશે’ આ ધમકીની અસર પણ શાંતિ ઉપર કંઈ થઈ નહીં. ધીમે ધીમે અમે શાંતિ ઉપર શરીરબળ વાપરવાનું શરૂ કર્યું. પહેલાં તો અમે મારતાં અચકાયા, પછી મને મારવામાં રસ પડવા માંડ્યો. શાંતિના કૂણા ગાલ ઉપર પાંચે આંગળાંની છાપ ન ઊઠે તો તાકીને બીજો, ત્રીજો ને ચોથો તમાચો પણ જોરથી લગાવી દઈએ! ખાતરપાણીથી છોડ જેમ વધવા લાગે તેમ આ તમાચાઓથી શાંતિની હઠીલાઈ વધવા માંડી. બીજી તરફ અમારું મારવાનું વિજ્ઞાન પણ વધ્યું. તમાચા ઉપરથી સોટી ઉપર અને સોટી પરથી ખોખાના હળવા પાટિયા વડે ગાલ ઉપર લપડાક દેવાનો ક્રૂર આનંદ અમે લેવા માંડ્યો. સજાનો અમલ ઘણુંખરું દેવદાસકાકા કરતા અને હું શાંતિને માર પડતો જોઈ ખુશ થતો તથા અમારાં એ કરતૂકોની ભાળ મગનકાકાને ન મળે એની સાવધાની રાખતો. દેવદાસકાકા શાંતિનો અપરાધ એવી રીતે વર્ણવતા કે મગનકાકાને એમ જ થાય કે શાંતિ ખરેખર અતિશય ત્રાસ આપી રહ્યો છે અને બહુ રહેમપૂર્વક એને સીધો કરવા મથી રહ્યા છીએ. પણ વાત એથી ઊંધી જ હતી. જ્યારે શાંતિ પાંસરો ચાલતો અને એ વાંકમાં ન આવતો ત્યારે એને વાંકમાં લાવવાનો અમે પેંતરો રચતા.

એક દિવસે અમે સંતલસ કરીને શાંતિને એકલો બગીચામાં ઘાસ ખોદવા મોકલ્યો. નિયમ પ્રમાણે બધાને છાપાં વાળવાનું રસભર્યું કામ કરવા જવાનો તે દિવસે વારો હતો. શાંતિની તીક્ષ્ણ બુદ્ધિને આ અન્યાય ખૂંચ્યો. તેણે બગીચામાં જઈ કંઈ જ કામ ન કર્યું. અમારે પણ એ જ જોઈતું હતું. કલાકેક વીત્યો એટલે શાંતિના કામની તપાસ કરવા મને દેવદાસકાકાએ મોકલ્યો અને કહ્યું, પહેલાં તું એને તમાચા મારવાની મજા લઈ લે. પછી હું આવીશ. કામની તપાસના બહાને હું શાંતિ પાસે પહોંચ્યો. ધાર્યા પ્રમાણે એ ધૂંધરો ચડાવીને ઊભો હતો. જતાંવેંત કામ ન કરવા સારુ મેં તેને ધમકાવી કાઢ્યો. પછી મારા દાંત ભીંસીને તેના બંને કાન આમળી એને જમીનથી ખૂબ ઊંચે ઊંચક્યો. છતાં એ બહાદુરે મોંમાંથી જરા સરખો અવાજ ન કાઢ્યો, ફક્ત પોતાની રોજની ટેવ મુજબ બિલાડાની જેમ એ મારી સામું જોઈ રહ્યો. એ ન બોલ્યો એટલે મને થયું કે હજુ એને પૂરી વેદના નથી થઈ. એટલે મેં એના કાન વધુ જોરથી આમળ્યા. કાનની બૂટ બે નખ વચ્ચે દબાવી, પણ એ મૂકી દઉં કે એ પાછા ગોઠણ એકબીજા સાથે અડાડી પગ રાંટા કરી ઊભો રહે અને કંઈ બોલે નહીં.

આટલું કર્યા છતાં શાંતિની અંદર જરાયે કૂણાશ ન આવી એટલે મારો મિજાજ સાવ ગયો. મેં ચીડમાં ને ચીડમાં ત્રણ વાર પૂછ્યું, બોલ હવે ખોદીશ?

ખોદીશ? ખોદીશ? પણ એ કંઈ ન બોલ્યો એટલે પછી મેં તમાચા મારવા માંડ્યા. મારતો જાઉં અને એમ થતું જાય કે ના હજુ બરાબર નથી વાગ્યો; હજુ ઓછો ચોંટ્યો છે. દેવદાસકાકા મારે અને જેવો અવાજ થાય છે એવો નથી થયો; એટલે એ બિચારા બાળકના કુમળા ગાલ ઉપર વધુ ને વધુ જોરથી ફટકારતો જાઉં. તડ તડ તડ એમ અનેક તમાચા માર્યા ત્યારે મારો નશો ઊતર્યો. મને થયું, 'હવે બહુ થયું; હજુ દેવદાસકાકા એને મારશે. બિચારાને બહુ વેઠવું પડવાનું.'

હું વિરમ્યો અને એને પડતો મૂકી મારે કામે પાછો ગયો. દેવદાસકાકાને કથા સંભળાવી. એમણે તે દિવસે એને માર્યો કે ન માર્યો એ મને યાદ નથી, પણ મારો મારવાનો મોહ ઊતરી ગયો. નિષ્કારણ એને એટલો બધો મારવો એ મને પાપ લાગ્યું. મારું મન વિચારે ચડ્યું કે, 'મગનકાકાના માર મને આકરા લાગ્યા છે અને એમને જોતાં જ અકળામણ થઈ આવે છે તો શાંતિ ભલે મારા કરતાં કસાયેલો અને મજબૂત હોય, તેને શારીરિક પીડા ઓછી થતી હોય, તોપણ એને માર તો લાગે જ. પછી મારી સામું તો એ જોશે પણ નહીં. હું એને કડવો ઝેર જેવો લાગીશ. અત્યારે એ મારી ટુકડીમાં મારી સરદારી નીચે કામ કરે છે, દેવદાસકાકાની સરદારી નીચે નથી કરતો. દેવદાસકાકા બધાને ધમકાવીને કામ લઈ શકે; મારું એ ગજું નથી. એટલે એને પ્રસન્ન રાખવો અને એ રાજી થઈને મારું કામ કરે એવું જ મારે કરવું જોઈએ. મને શાંતિના પૂર્વઇતિહાસની પણ ખબર હતી. એના પિતા જયાશંકરભાઈને ઘેર ડરબનમાં જવાનું થતું ત્યારે એમનો મને ડર લાગતો. મેં સાંભળેલું કે તેઓ શાંતિને બેહદ મારકૂટ કરતા અને તેમાંથી જ એ છોકરો જક્કી બન્યો હતો. મને થયું, જે જયાશંકરભાઈ જેવાનો કારમો માર ખાઈને પાંસરો ન થયો એ અમારા મારથી કેવી રીતે થવાનો? આમ મને નાનાઓને મારવાનો વૈરાગ્ય આવ્યો અને એ પાપમાંથી હું ઊગર્યો.' આ પછી થોડા જ અરસામાં શાંતિને રાજી રાખવામાં હું સફળ થયો અને રાજીખુશીથી એ સારું કામ કરવા લાગ્યો. એની ફરિયાદ લઈ જવાની મને જરૂર ન રહી.

છોટમ, ભૈયન અને શાંતિ કરતાં જરાયે ઊતરતો ન લેખાય એવો કોયડો હતો નવીનનો. ઉંમરમાં એ મારાથી ઝાઝો નાનો ન હતો. પણ સ્વભાવે બહુ કોમળ અને ઢીલો હતો. શરીરે મોટો હોવા છતાં કામમાં છોટો હતો. કામચોર ન હતો, પણ આવડત ઓછી. વારે વારે ઉશ્કેરાઈ જાય અને વગરકારણે આંખોમાંથી ગંગાજમના વહેવડાવવા માંડે. 'રોતલ માવડી, ચૂલે તાવડી'નું ગીત ગાઈ અમે તેને વધુ દુ:ખી કરતા. એ ભાઈ રોવા લાગે એટલે અમારા કામમાં બેત્રણ કલાકનો ખાંચો સહેજે પડી જાય. ખૂણે ભરાઈને કે બારીએ ચડીને

આફરો ઊતરે ત્યાં સુધી રોયા કરે. મનનો ઊભરો શમે પછી પોતાની મેળે મલકાતા અમારી ટોળીમાં આવી મળે અને પોતે શા સારુ રોયા હતા તેના લાંબા ખુલાસા સંભળાવે. નવીનચંદ્ર ઝાઝી વાતોમાં ઊતરી ન પડે અથવા એને માઠું લાગી ન જાય એવી કાળજીથી અમારે તેમને કામમાં રોકી રાખવા પડતા. એકંદરે સૂના ફિનિક્સમાં અવનવો રસ પૂરનારા ખરેખરા નવીનભાઈ હતા.

નવીન, શાંતિ, છોટમ અને ભૈયન એ ચારે જણને ન્યાય આપવા સારુ મારે એટલું કહેવું જોઈએ કે તેઓ ફિનિક્સમાં ખરેખર નમાયા નબાપા હતા. બાકીના અમે બધા એક કુટુંબી હતા. મગનકાકા અમારા પિતા સમા હતા અને અમે આપસમાં સગાં ભાંડરુની પેઠે રહેતા. આ ચાર જણ પ્રત્યે અમારું વર્તન લૂખું હતું તે આજે સ્પષ્ટ દેખાય છે. એ દિવસોમાંયે મને પાછળથી - શાંતિના કિસ્સા પછી - વિચાર આવતો કે એ બાળકોનો કોઈક મોટો ભાઈ અમારી ટોળીમાં હોત તો અમે એના ઉપર એટલા બધા ચડી વાગત ખરા? મગનકાકા જેવા દક્ષ અને સહૃદય તપસ્વીના વાલીપણા નીચે પણ એ નમાયા નબાપા છોકરાઓનું સાચું રખોપું થઈ શક્યું ન હતું. આ અનુભવને કારણે બાળ છાત્રાલયો અને બાળ ગુરુકુળો પ્રત્યે મારા મનમાં સદાયે શંકા રહ્યા કરે છે.

## ૧૩
## દૈવની ભૂલ?

આપણા દેશમાં માણસને જેટલું પોતાના પંડનું અભિમાન નથી હોતું એટલું પોતાના કુટુંબનું હોય છે. માણસને પોતાના શરીરમાં હાથ, પગ, માથું, પેટ વગેરેની હયાતીનું અને અંગોના કર્તવ્યનું જેટલું ભાન નથી હોતું એટલું ભાન કુટુંબમાંનાં ભાઈબહેન, માબાપ, કાકાદાદા વગેરેના સંબંધનું અને એમની પરસ્પર ફરજોનું હોય છે. બાળક જન્મી મોટો થઈ છેવટે ડોસો થાય અને દેહ છોડે ત્યાં સુધી તેને કુટુંબથી વિખૂટું જીવન કલ્પનામાં આવે તોપણ તે જીવી ન શકે. પરાપૂર્વથી આપણો એ સ્વભાવ ઘડાતો આવ્યો છે. રામાયણ જેવાં મહાકાવ્યો આપણા જીવનમાં ડગલે ને પગલે માણસનું વ્યક્તિત્વ ભુલાવી તેનો દેહ વિશાળ બનાવી મૂકે છે. હાડચામના દેહને ભૂલી માણસ પોતાના કુટુંબને દેહરૂપ અનુભવવા લાગે છે. અર્જુન સમાણા વીરને જ્યાં પોતાની કાયા ઘવાવાની ચિંતા ન થઈ ત્યાં સ્વજનવિહોણા થવાની વાતથી કમકમાં આવ્યાં. આ આપણી સંસ્કૃતિનું ખાસ લક્ષણ છે. જે માણસ પંડને ઓગાળી કુટુંબ જેવડો થાય તે આપણે ત્યાં પુરુષાર્થી લેખાય. એ રક્તમાંસના સંબંધો ઓળંગી જે બહાદુર પોતાનું કુટુંબ બહોળું ને બહોળું બનાવતો જાય અને વિશાળ જવાબદારીઓ

વેઠતો જાય તેણે આપણે ત્યાં જીવી જાણ્યું ગણાય.

મારું દુર્ભાગ્ય કે હું પંડને કુટુંબમાં ઓગાળી ન શક્યો. મને મારી પોતાની જ એટલી બધી પડી હતી કે અન્ય સાથે તન્મય થવાનો ને જીવનને વિશાળ બનાવવાનો રસ મને ઊપજ્યો નહીં. જ્યાં હર્ષથી પ્રફુલ્લ બનવાની તક હતી ત્યાં હું અદેખાઈથી ડંભાઈ ગયો.

નાની વાતનેયે મોટી પ્રસ્તાવના વિના કહેવાનું મારાથી બનતું નથી. તેમાંયે પોતાનાં માર્મિક સંવેદનો પ્રગટ કરવા જતાં વધુ અચકાવું પડે છે. ગયા પ્રકરણમાં મારા છ બાળસાથીમાંથી ચાર જાણનું બયાન જે તટસ્થતાથી હું આપી શક્યો તે તટસ્થતા બાકીના બે ભાઈઓ વિશે જાળવવી અઘરી છે. એ બે ભાઈ તે કેશુ અને કૃષ્ણ. કૃષ્ણ મારો ઔરસ ભાઈ અને કેશુ મારો પિત્રાઈ ભાઈ એવું ભાન મને રહ્યું જ નથી. અમારા ઘરમાં કાકા અને પિતા મને કદી જુદા દેખાયા જ નથી. એટલે કેશુ કૃષ્ણ મારે સારુ એકસરખા ભાઈ જ નહીં પણ મારા દિલમાં એક વ્યક્તિરૂપ રહ્યા.

કેશુ કૃષ્ણ બે ભાઈ એકબીજા સાથે એટલા બધા ભળી ગયેલા હતા કે બેયના નામનો એક સમાસ બની ગયો હતો. દરેક જગ્યાએ દરેક કામમાં બંને સાથે સાથે જ હોય. બીજાઓ સાથે લડવામાં પણ સાથે. એકબીજા સાથે તો કદી ઝઘડો ન કરે. હોશિયારીમાં પણ બંને એકબીજાથી ગાંજ્યા ન જાય એવા. કેશુમાં હાથની ઝડપ અને સફાઈ વધારે, તો કૃષ્ણમાં સ્થિર ને ઊંડી આકલનશક્તિ વધારે. કેશુ પોતાની કારીગરીથી વખાણાય, તો કૃષ્ણ હાજરજવાબી અને પોતાની સદાની પ્રસન્નતાથી સૌને મુગ્ધ કરે. કેશુ જેટલો ઉછાંછળો એટલો જ કૃષ્ણ મધુર. બંને એકબીજાના એવા પૂરક કે બે મળીને જે કામ ઉપાડે તે સાંગોપાંગ પાર ઊતરે જ. હાથમાંના કામમાં કેશુની દૃષ્ટિ એટલી ઊંડી ઊતરી જાય કે આજુબાજુનું જોવાજાણવાનો તેને અવકાશ જ ન રહે. એ ભલો ને એનું કામ ભલું. સૌને એ અતડો લાગે. કૃષ્ણનો સ્વભાવ વળી સાવ જુદો. જે કામ કે રમતમાં તે ગૂંથાયો હોય તેમાં પૂરી સાવધાની રાખવા ઉપરાંત ચારે તરફ શું ચાલે છે એની એ પૂરી ખબર રાખે. એક જ નજરમાં બધું સમાવી લઈ, તત્કાળ સારુંમાઠું સમજી લઈ કેશુને તેનું સૂચન આપે. પોતે કોઈ પ્રસંગે પહેલ ન કરે; પહેલ કેશુની. કૃષ્ણ કેશુભાઈનું મુરબ્બીપણું ડગલે ને પગલે સ્વીકારે; કદાપિ એનો અનાદર ન કરે. કેશુ કદી નાના ભાઈ કૃષ્ણદાસને અવગણે નહીં. તેનાં સૂચનનો પૂરો ઉપયોગ કરે. એમની જોડી સદાયે અતૂટ રહેતી.

આવા શક્તિશાળી નાના ભાઈઓ પામી મારા જેવા મોટા ભાઈએ હરખાવું જોઈએ. તેને બદલે એમનો સંગાથ મને કપરો લાગતો હતો. તેમની

હોશિયારી પાસે મને મારું હીણાપણું એવું બેસૂરું લાગતું કે એમની વચ્ચેથી ભાગી છૂટવાનું મન થતું. એક તરફ મગનકાકાનો આકરો સ્વભાવ મારા મનને ધ્રુજાવતો અને બીજી તરફ નાના ભાઈઓનું બધી વાતમાં ચડિયાતાપણું મને અકળાવ્યા કરતું. કયે ખૂણે જઈ ભરાઉં એ મને સમજાતું નહીં. એ સામૂહિક જીવનમાં ખૂણે ભરાવાને અવકાશ ન હતો, છતાં મારો જીવ તો ચોરની પેઠે મનના ખૂણામાં તાળું દઈ પુરાઈ રહેતો.

ફિનિક્સમાં અમારા ખોરાકમાં ફળફળાદિ પર જોર વધારે રહેતું. એટલે મગફળી ફોલી દાણા કાઢવાનું કામ બહુ પહોંચતું. શનિ રવિની છુટ્ટીઓમાં શીંગદાણાના ડબા ભરી લેવા પાછળ કલાકોના કલાકો અમારે મહેનત કરવી પડતી. બધા છોકરાઓ કૂંડાળું વળી બેસતા ને વચ્ચે મગફળીની ગૂણ ઠલવાતી. દરેક પાસે માપની એક વાટકી રહેતી અને હરીફાઈ ચાલતી કે કોણ સૌથી પહેલો એ વાટકી ભરી કાઢે છે, કોના ફોતરાંના ઢગલામાં વધુમાં વધુ સફાઈ છે અને કોનાં ફોતરાંમાં શીંગદાણા રહી નથી ગયા. આ હરીફાઈમાં દેવદાસકાકા અને કેશુ સૌની પહેલા નીકળતા. કેટલીક વાર કેશુ દેવદાસકાકા કરતાંયે અરધી મિનિટ વહેલો વાટકી ભરી આપતો. કેશુ તેર મિનિટમાં તો કૃષ્ણ પંદર મિનિટમાં વાટકી ભરતો, જ્યારે મારું ગાડું ઢસડાતું ઢસડાતું વીસ બાવીસ મિનિટે પહોંચતું. મારો અદેખો જીવ મનમાં ને મનમાં ચીમળાઈ જતો. છોકરાઓમાં હરીફાઈનું જોર જેમ જેમ વધતું જાય તેમ તેમ મારા હાથ ઢીલા પડતા જાય. શરમનો માર્યો આંખમાંના પાણી પાછાં ઠેલવાની મહેનત કરું. ગળું સુકાઈ જાય અને આખરે મારી ઝડપ સૌથી છેલ્લી જઈને ઊભી રહે. મને દિશાઓ સૂઝતી બંધ થાય; મગફળી અને મગફળીનાં ફોતરાંમાં જાણે હું ખોવાઈ જાઉં!

એક રવિવારે મગનકાકાએ કેશુને અને મને સાથે બેસાડી ગુલાબની કલમ ચડાવતાં શીખવ્યું. ઊંચી જાતના એક પીળા ગુલાબના છોડમાંથી, એક તેજ વાંકા ચાકૂ વડે નવી ફૂટી આવતી ડાળના કોંટાને એમણે કાપી કાઢીને સાધારણ જાતના ગુલાબને ચડાવવા માટે એ હળવે હાથે જુદો પાડ્યો. મોટા ફળઝાડની ડાળી કાપીને બીજા ફળઝાડને વળગાડે તો એ ડાળીને અમે 'કલમ' કહેતા અને નાના છોડના અંકુરને બીજા છોડમાં બાંધીએ તો એ અંકુર અથવા કોંટાને આંખ કહેતા. ગુલાબના જે છોડ ઉપર આંખ ચડાવવાની હતી તેના નાજુક થડની છાલ પર મગનકાકાએ ચાકૂની તીક્ષ્ણ ધારથી ચોકડી પડતા બે કાપ મૂક્યા ને પછી ચાકૂની વાંકી અણીથી એ છાલને સફાઈથી ઊંચી કરી પેલી આંખ એની નીચે ગોઠવી દીધી. ત્યાર બાદ પેલી કાપેલી છાલને આંખ ઉપર ઢાંકી કેળના લાંબા રેષાઓથી એ કાપ ઉપર આંખ ખુલ્લી રહે ને કાપ ઢંકાઈ જાય એ રીતે પાટો બાંધી દીધો.

તે દિવસે બે કલાક અમારી સાથે મગનકાકાએ ગાળ્યા. પોતે જે રીતે કર્યું એ જ રીતે મારી પાસે અને કેશુ પાસે જુદા જુદા છોડ ઉપર આંખ ચડાવવાનું કામ મગનકાકાએ કરાવ્યું. પણ કેશુ હોશિયાર અને હું ઠોઠ. મારી પાસે બેસીને મગનકાકાએ જે છોડ પર મારે હાથે આંખ ચડાવડાવી હતી એ છોડ વળતે રવિવારે સુકાઈ ગયો હતો; અને કેશુએ પોતાની મેળે મગનકાકાની મદદ વિના જે છોડને આંખ ચડાવી હતી એ મગનકાકાના પોતાના કલમ કરેલા છોડ જેટલો જ ફાલ્યો. એ પ્રસંગ મારી આટલી જિંદગીભર મને ભુલાયો નથી. હું બહુ નાઉમેદ થઈ ગયો હતો. મારી આદત પ્રમાણે તે આખો દિવસ મનમાં ને મનમાં મેં રડ્યા કર્યું હતું. હાથઉદ્યોગની કળા પ્રત્યે હું એ દિવસે એટલો બધો હતાશ થઈ ગયેલો કે એ દિશાએ પ્રયત્ન કરવાની સુધ્ધાં મારામાં હિંમત ન રહી. કેશુ ને કૃષ્ણ જતે દિવસે હાથની ભિન્ન ભિન્ન કળાઓમાં વધતા ચાંદાની પેઠે આગળ વધતા ચાલ્યા ને હું ભરખાતા ચાંદા પેઠે કળાશૂન્ય થતો ચાલ્યો. કોઈ પણ કામ ચોખ્ખું, સુઘડ ને સુંદર કરવાની મારી રુચિ ચીમળાઈ ગઈ.

મગનકાકા અમ બાળકોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતા અને કોઈ શિક્ષણશાસ્ત્રીને શોભે એવી ચીવટથી અમને ઘડવાની મહેનત લેતા. કેશુ પોતાની હોશિયારીના પૂરમાં તણાઈ જઈ નમ્રતા ખોઈ બેસે એ દહેશતથી મગનકાકા સદાયે વ્યાકુળ રહેતા અને કેશુને નમ્રતા શીખવવા ઉગ્રમાં ઉગ્ર બની જતા. યાદ આવતા એવા એકબે પ્રસંગો અહીં આપવા અનુચિત નહીં ગણાય.

પ્રસંગ શો હતો એ ખબર નથી. કંઈક આવશ્યક કામ કરતાં કેશુ અને કૃષ્ણ બંનેએ બહુ આકરાં વેણ મને સંભળાવ્યાં. હું મનમાં સમસમી રહ્યો. નસીબ જોગે દેવદાસકાકા ને મગનકાકા બંને ઘેર હતા. દેવદાસકાકા મારી દયામણી સ્થિતિ જોઈ ગયા. અને તેઓ સીધા મગનકાકા પાસે ગયા અને કંઈક કહી આવ્યા.

એ એક પ્રશ્ન છે જ કે હું કેમ મને થતી રંજાડની ગંધ સુધ્ધાં મગનકાકા પાસે જવા નહોતો દેતો. ફરિયાદ કરવા જતાં તો જે ગુનેગાર હોય એ જ ડરે. પણ હું તો ગુનેગાર ન હોવા છતાં ડરતો. કારણ? કારણ કે હું ઠોઠ હતો, બાઘો હતો. અયોગ્ય અને નમાલો એવો હું યોગ્ય અને ચતુર ભાઈઓનો આકરો સ્વભાવ ન વેઠું ને રાવ લઈ ઉગ્ર મગનકાકા પાસે પહોંચું એમ કેમ બને? એક ગરીબડું ઝરણું એક તરફ પહાડની કરાડથી રૂંધાઈ જાય ને બીજી તરફ ટેકરીઓ સાથે અફળાઈ પાછું વળે એના જેવી મારી હાલત હતી. દેવદાસકાકા મારે સારુ એક ઢાલરૂપ હતા ખરા, જ્યાં મારા હર્ષશોક વ્યક્ત થઈ શકતા. એ સાચું કે દેવદાસકાકાનો હું ભારે આકરો હરીફ હતો. એટલે સુધી કે તેઓ બેચાર દિવસ માંદા પડે તો હું અમુક કામમાં આગળ વધી જાઉં એવી ઈચ્છા પણ કેટલીક વાર

કરતો! છતાં અમારે દુશ્મનાવટ ન હતી. કોઈ મોટા ને નાના ભાઈ વચ્ચેનો ભાઈચારો ને મમતા અમારા બેથી વિશેષ હોઈ શકે એવી કલ્પના મને આવી જ નથી શકતી. મારી રખેવાળી કરવાની ચિંતા દેવદાસકાકાને સદાયે રહેતી અને મને એમનું અનુકરણ તેમ જ કહ્યું કરવાની હોંશ રહેતી.

કેશુ-કૃષ્ણ મને આડા આડા જવાબો આપી અકળાવે છે એ ખબર દેવદાસકાકાએ મગનકાકા પાસે પહોંચાડ્યા કે મગનકાકાએ બહુ જ મધુરે સાદે મને બોલાવ્યો. હું ગયો એટલે લખવાનું પડતું મૂકી તેમણે મને પાસે બેસાડ્યો ને પૂછ્યું: 'કેમ તને કેશુ-કૃષ્ણ બહુ સતાવે છે? તું કેમ મને આવીને કહેતો નથી? એમણે તને શું કહ્યું?' હું તો જાણે કોઈ નવી જ દુનિયામાં આવી પડ્યો! સદાયે જેમની ઉગ્રતા મનમાં વસી ગયેલી એમનાં ત્રણ મીઠાં વાક્યોએ મારા હૈયાનું આવરણ ચીરી નાખ્યું. અત્યાર સુધી દાબી રાખેલું દુ:ખ ઊભરાઈ નીકળ્યું. એક શબ્દ બોલવાની શક્તિ મારામાં નહોતી રહી. મારી આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યાં. મગનકાકા પાસે રોતાં પણ મને શરમ આવી. પણ શું કરું? આંસુ કેમેય કરી ખળાતાં જ ન હતાં. રોવું દાબવા ગયો તો ઊલટાં ડૂસકાં વધતાં જ ચાલ્યાં. મગનકાકાએ માથે હાથ ફેરવ્યો ને શાંત પડવા સમજાવવા લાગ્યા. પણ એક વાર ઊભરો કાબૂમાંથી છટકી જાય પછી ઝટ કાબૂમાં કેમ આવે?

મગનકાકાએ કેશુને બોલાવ્યો: 'તું મોટા ભાઈને કેમ રડાવે છે? એને દૂભવવામાં તને શો રસ આવે છે? એ તમારા બધાની આટલી ઊઠવેઠ કરે છે તે જોતો નથી? તારે ને કૃષ્ણે બધાએ ભેગા મળી એ આનંદમાં રહે એમ કરવું જોઈએ, કે આમ એની સામે લડ્યા કરવાનું હોય? ચાલો જોઈએ, ભાઈને પગે લાગી માફી માગો, અને એ જે કરવાનું કહેતો હતો એ હમણાં જ કરી નાખો.'

મને તો આભ ફાટ્યા જેવું થઈ પડ્યું. જે સામે થાય, મારી દરકાર સુધ્ધાં ન કરે, એ એકદમ પગે લાગે અને હાથ જોડે એ કેમ સહન થાય? મારાથી રોવાઈ જાય, મગનકાકાને મારી દયા આવે અને મને સંતોષ આપવા તેઓ કેશુ કૃષ્ણને વઢે. એને પરાણે પગે લાગવાનું કહે એ બધું મને ખૂંચ્યું. કેશુ કૃષ્ણ જેવા ઉસ્તાદોને માફી આપનાર હું કોણ? હા, મોટા ભાઈને નાનો ભાઈ પગે લાગે ખરો; પણ મારા જેવા અયોગ્ય મોટા ભાઈને પગે લાગવાનું ન હોય, ન એની માફી માગવાની હોય! એ તો દૈવે ભૂલ કરી નાખી છે કે એ બંનેને મારા મોટા ભાઈ કરવાને બદલે મને તેમનો મોટો ભાઈ કરી નાખ્યો છે. મારું હૈયું સાવ દબાઈ ગયું. ન રહેવાયું એટલે હું એ ઓરડામાંથી મોઢું ધોવાને બહાને બહાર નીકળી આવ્યો.

બહાર નીકળી બગીચામાં કલાકેક ભટકી કરીને જ્યારે પાછો ઘરમાં આવ્યો ત્યારે મગનકાકાના ઉપદેશથી ઢીલા પડેલા કેશુ કૃષ્ણને જોઈ વળી મને દુ:ખ થયું. તેમણે પોતાના ભાગનું કામ કરી લીધેલું, પણ ઘરમાં બધે ઉદાસી છવાઈ ગઈ હતી. આ પછી એ બે ભાઈઓ મારી આડે ઊતરવાનું ટાળતા, પણ અમે એકબીજાના મદદગાર ન બની શક્યા તે ન જ બની શક્યા. મગનકાકાની શીખવેલી નમ્રતા કે વિનયશીલતા ફળી શકત, પણ જ્યાં મારું મન જ સાંકડું ને અનુદાર બની ગયેલું ત્યાં શું થાય? બે ભાઈઓના સામર્થ્યથી મને દિલમાં જે ઉમળકો આવવો જોઈએ એ આવ્યો જ નહીં. મારા એ દુર્ભાગ્યનું મૂળ મારું સાંકડું મન જ હતું.

નમ્રતા શીખવવાની બાબતમાં મગનકાકાનું અનુશાસન કેટલું સખત હતું એનો એક બહુ કડવો કિસ્સો સ્મરણમાં આવે છે. એ સ્મરણ રજૂ કરતાં એવો સંકાચ તો થાય છે કે કદાચ કોઈ વાચક મગનકાકા બાબત ખોટો ખ્યાલ આણે તો! પણ અહીં છુપાવવું ઉચિત નથી. એમાં મગનકાકા સમા સાધકના ઊંચે ચડવાના બળબળતા પ્રયાસોનું દર્શન છે. સાધુતા પ્રાપ્ત કરવા અને અસાધુતા ટાળવા માટે અંતરની જ્વાળા કેટકેટલી પ્રજ્વળી ઊઠે ત્યારે સાધક આગળ વધી શકે છે એનો આ પ્રસંગમાં નમૂનો છે.

એક વાર બાળકો રમતાં હતાં. બાંકડા પર ચડી ઉપરાઉપરી કૂદવાનું ચાલતું હતું. એ રમતમાં એકબે વાર નાની રાધાબહેનને કેશુભાઈના પગની ઠોકર વાગી ગઈ. સાંજે મગનકાકા ઘેર પહોંચતાં એમની પાસે રાવ પહોંચી.

મગનકાકાએ કેશુને બોલાવ્યો. કેશુ પોતાની બેપરવા ઢબે વર્ત્યો. મગનકાકાનો ગુસ્સો વધ્યો અને કેશુનું બાવડું પકડી ઘઘલાવ્યો! હું સ્તબ્ધ બની જોઈ રહ્યો. મગનકાકાએ પૂછ્યું, 'બોલ, કયે પગે તેં રાધાને લાત મારી હતી? એ પગ જ કાપી નાખું.' એમ કહી એમણે ખિસ્સામાંથી ચપ્પું કાઢ્યું. કેશુ ડરીને ભાગ્યો અને થોડુંક દોડીને અનેનાસના કાંટાળા ઝુંડમાં જઈ પહોંચ્યો. મગનકાકા એની પાછળ દોડ્યા. અનેનાસના કાંટાની પરવા ન કરતા કાંટામાં ને કાંટામાં કેશુને ભાગતો જોઈ એની બહાદુરી મને ભારે દેખાઈ. આખરે મગનકાકા એને પકડી ઘરમાં લઈ આવ્યા. એમનો ગુસ્સો પણ કંઈક ઓસર્યો અને એમણે ચાકૂથી ડરાવવાનું છોડી દઈ પોતાનો ધમકીભર્યો સાદ ધીમો પાડ્યો. એમ ગુસ્સો પીતાં પીતાં એમણે કેશુને બહેનને લાત મારવાના પાપ બદલ પ્રાયશ્ચિત્ત કરવાનું સમજાવ્યું, અને છેવટે એની પાસે, જે પગે બહેનને આઘાત કરેલો તે પગભર આખી રાત ઊભા રહેવાનું પ્રાયશ્ચિત્ત કબૂલ કરાવ્યું. જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી એ દિવસે અમે બધાં બાળકો બહુ જ ખિન્ન બની ગયાં હતાં. અમને કેશુનો

કોઈ એવો કારમો અપરાધ દેખાતો ન હતો. રમતાં રમતાં વાગી ગયું અને એની નાની બહેને ભોળપણથી રાવ ખાધી એમાં આટલી બધી સજા શાને? અમે-ઘણે ભાગે દેવદાસકાકાએ-મગનકાકાને સૂચવ્યું પણ ખરું કે કેશુએ જાણીજોઈને એ ઠોકર મારી ન હતી, ભૂલમાં વાગી ગઈ હતી. પણ મગનકાકાને સારુ એ કેવળ નિમિત્ત જ હતું. તેઓ તો કેશુમાં નમ્રતા પેદા કરવાને અધીરા બન્યા હતા. મગનકાકાના ઓરડામાં મોડી રાત સુધી-સાંજથી દસઅગિયાર વાગ્યા સુધી-કેશુ એક પગે ઊભો રહ્યો. મગનકાકા પાસે બેસી લખતા રહ્યા અને અમે નિમાણા બની હાથમાં ચોપડી લઈ વાંચવાનો ડોળ કરતા ને કેશુ પર દયા આણતા બેસી રહ્યા. કૃષ્ણની દશા એ વખતે વસમી હતી. કેશુ બહાદુરીથી બધું કષ્ટ વેઠતો હતો ત્યારે કૃષ્ણ તેને પડખે ઊભો ઊભો મૂક રુદન કરી રહ્યો હતો. મગનકાકાની શિખામણની અસર તેના ઉપર કદાચ વધારે થઈ હતી. કેટલીયે વારે એ મગનકાકાના કહેવાથી હેઠો બેઠો ને ઊંઘમાં પડી ગયો. કેશુને પણ ઊભા ઊભા ઊંઘ આવવા લાગી, પણ મગનકાકાએ ઢીલું ન મૂક્યું. વારેવારે એને જાગ્રત કર્યો. છેવટે મધરાતે મગનકાકાએ દેવદાસકાકાની વિનવણી સાંભળી અને સદા બહેન પ્રત્યે નમનતા જાળવવાની કબૂલાત લઈ તેમણે કેશુને પ્રાયશ્ચિત્તમાંથી મુક્ત કર્યો.

કેશુના સૂતા પછી પણ કેટલીક વાર સુધી અમે જાગતા બેઠા. મગનકાકાનાં દુ:ખ ને ઉદ્વેગ દેખ્યાં જતાં ન હતાં. જેની માતા જેલમાં ગઈ છે એવા બાળક પર આવું સખત પગલું લીધું એનો એ પશ્ચાત્તાપ હતો કે પોતે જે આત્મશુદ્ધિ સારુ તલસતા હતા તે આત્મશુદ્ધિને, ઉન્નતિને પુત્ર શી રીતે પહોંચે એ વિમાસણમાં એમનો આત્મા વલોવાઈ રહ્યો હતો એ કોણ કહી શકે? પણ મગનકાકાની અગ્નિશુદ્ધ જીવન જીવવાની અબળખા જોતાં એમ કહી શકાય કે તેઓ આત્મશુદ્ધિ અને ઉન્નતિની જ વિમાસણમાં હતા.

બીજાં બાળકો બગીચામાંથી તોડીતોડીને ફળ ખાઈ લે તો મગનકાકા તે સહન કરી લેતા; પણ પોતાના પુત્ર કેશુની એવી ફરિયાદ આવે ત્યારે ઊકળી ઊઠતા. આમાં અંધ વાત્સલ્ય હતું એમ ન કહેવાય, પણ જ્વલંત જીવનનો કઠોર આગ્રહ હતો એમ જ કહેવાય. ટૂંકમાં, મગનકાકાએ જે કાંઈ તપસ્યા પોતાના જીવનમાં વધારી હતી તેનો પડઘો અમારા ઉપર પણ તેઓ પાડતા હતા. વળી કેશુ કૃષ્ણની બુદ્ધિ, એમની કાર્યકુશળતા, અને એમની ગ્રહણશક્તિ બચપણથી જ એટલાં પરિપૂર્ણ હતાં કે તેઓ આપમેળે તાલીમ લઈ રહ્યા હતા. એમને શિક્ષકની જરૂર ન હતી. ઓછામાં ઓછું મારે મન તો તેઓ બંને મારા શિક્ષક હતા. એમનું અનુકરણ કરવાની મને જરૂર જણાતી. હું એમ જ માનતો કે એ મોટા ભાઈઓ છે; ઉંમરમાં તેમને મારા કરતાં નાના બનાવવામાં દૈવે જ કંઈક ભૂલ ખાધી છે.

## ૧૪
## કુદરતને ખોળે

ફિનિક્સના સૃષ્ટિસૌંદર્યનું, ત્યાંની ટેકરીઓ અને નાળાંઓનું, ગાઢ જંગલ અને ફળથી લદાયેલાં કેળાં-મોસંબી-નારંગીના બગીચાઓનું વર્ણન આ પહેલાં થોડુંઘણું આવતું રહ્યું છે. છતાં મને ખેદ છે કે એ સ્થાનનું જોઈએ તેવું શબ્દચિત્ર આલેખવાનું લેખનબળ મારી પાસે નથી. કોઈ કવિ કે પૂજ્ય કાકાસાહેબ જેવા આચાર્યની કલમ દીપાવે એવી ત્યાંની નૈસર્ગિક શોભા હતી.

કુદરત અને માતાનો એ સ્વભાવ જ છે કે તમે ભલે એની કિંમત ન સમજતા હો પણ એ તો તમને પોતાના અમીરસથી નવડાવ્યે જ રાખે. ફિનિક્સમાં જ્યારે અમે એકલા પડ્યા, અમારાં માબાપ ને બાપુજી જેલ ગયાં અને મગનકાકા છાપખાનામાં ગોંધાઈ ગયા ત્યારે એ સૂના જંગલમાં કુદરત સાથેની અમારી દોસ્તી વધી ગઈ. કોઈ કોઈ વાર તો એ અમને ખૂબ રમાડતી. અનેરા પંખીઓના ટહુકા ભેગો સાદ પુરાવવામાં ને તેમની સાથે એકલાં એકલાં ગપ્પાં મારવામાં મને એટલી બધી મજા આવતી કે કલાકોના કલાકો સુધી હું પંખીગીત સાંભળતો અને કોઈક વાર એમાં ઝીણો સાદ પુરાવતો બેસી રહેતો. જ્યારે અમે બેત્રાણ જાણ ભેગા થતા ત્યારે કુદરત ને વાદળાં જોવાની રમતમાં ઓર રંગ જામતો. બગલાંના ખેલ જોતાં અને એની ચર્ચા કરતાં અમે ધરાતા જ નહીં. બાપુજીના ઘરની પશ્ચિમ તરફની ઓસરીનાં પગથિયાં પર અમે એકમેકના ખભાથી ઊંચા ગોઠવાઈ જતા અને પશ્ચિમ ક્ષિતિજમાં રમતાં વાદળાંઓની રમત જોવાની લહેર માણતા.

‘અરે, પેલું જો; પેલું વાદળું કેવું મગર જેવું છે! . . . અરે ભાઈ! એ તો ઊંટ બની ગયો! . . . અને જો તો ખરો, હવે આબાદ સ્ટીમર બની ગઈ છે નહીં?’ ત્યાં તો વળી બીજું વાદળું અમને આનંદવિનોદ કરાવતું આવે. ધોળી કોરનું કાળું વાદળું, સોનેરી કોરનું ધોળું વાદળું, ભૂખરું, કાળું, નાનું, મોટું, એ બધાં વાદળાં બેપાંચ મિનિટ નહીં, પણ દિવસના અનેક વાર અમને નચવતાં. એ વાદળાંની શોભામાં વળી અવનવા સાથિયા પૂરતાં બગલાંઓની હારની આવજા ગણવી એ તો અમારી આખા દિવસની પ્રવૃત્તિનો એક ખાસ ભાગ જ બની ગયો હતો. દૂર ક્ષિતિજમાં ટેકરીઓની ધાર પર ત્રાણ ત્રાણ પાંચ પાંચ કે સાત સાત બગલાંની બનેલી હારો ઊડી ઊડીને ઉત્તરેથી દક્ષિણે જતી. સવારે દક્ષિણે ગઈ હોય ત્યાંથી સાંજે એ ઉત્તર તરફ એટલે કે ઈનાન્ડા ધોધની બાજુએ પાછી ફરતી. કાળાં વાદળાંની ભોંય પર એ ફૂલથીયે ધોળાં બગલાં સર્પાકારમાં આડાંઅવળાં ઊડતાં ત્યારે અમારી નાની આંખોને એ મંત્રમુગ્ધ કરી દેતાં. અમે બગલાંની એક

પણ ટુકડીને કે એકેય છૂટાછવાયા બગલાને સુધ્ધાં તપાસ્યા વિના જવા ન દેતા. કેટલાં બગલાં સવારે પસાર થયાં ને સાંજે કેટલાં પાછાં ફર્યાં એ ગણવાનો અમારો ધંધો થઈ પડ્યો હતો. કોઈ વાર અઠ્ઠાવીસ, કોઈ વાર ત્રેવીસ, કોઈ વાર બેંતાળીસ, વગેરે ગણતરી સુધી અમે પહોંચતાં. કોઈ કોઈ વાર અમારામાં મતભેદ પણ પડતો કે તેત્રીસ હતાં કે અઠ્ઠાવીસ; ત્યારે નાનાં છોકરાંઓ તો મગનકાકા પાસે ન્યાય મેળવવા પણ જતાં!

પણ આમ વાદળાંની મજા લૂંટવામાં અને તેની છાતી પરથી સર્પાકૃતિમાં પસાર થતાં બગલાંને એક છેડેથી વધાવી લઈ બીજે છેડે તેઓ અદૃશ્ય થાય ત્યાં સુધી આંખ દ્વારા દરેક પંક્તિને વળાવવા જવામાં વખત વેડફ્યા પછી, અમારે અમારા નિત્યકાર્યને પહોંચી વળવા બેવડો ઝપાટો મારવો પડતો. એકબીજાને મદદ કરવાની અમારી સહકારી વૃત્તિ પણ પ્રકૃતિનો આ આનંદ લેવા સારુ વધી જતી.

આખો દહાડો આનંદ કરાવનારાં અને રમાડનારાં વાદળાં અમને કેટલીક વાર પજવવા પણ મંડી પડતાં અને અમારી આકરી કસોટી કરતાં.

એક સાંજે છાપખાનાનું કામ વહેલું પૂરું થઈ ગયું હતું. મગનકાકાને કલાકેકનો વખત મળે કે તેઓ સીધા પોતાના પ્રિય બગીચામાં જ પહોંચે. નિયમ પ્રમાણે એ સાંજે પણ દેવદાસકાકા અને હું એમની સાથે કામે લાગ્યા. કોબીજના નાજુક છોડવાને ચારે તરફ પાચાં ખામણાં રચી આપવાનું અને નવા નવા છોડ રોપવાનું કામ અમે કરવા માંડ્યું. એ સર્જનનો આહ્લાદ લેવામાં અને મગનકાકાની શિખામણભરી ઉપયોગી સૂચનાઓ ગ્રહણ કરવામાં અમે મશગૂલ હતા, ત્યાં એકાએક વાદળ ઘેરાયું અને ગાજવીજ શરૂ થઈ. રોજની જેમ કેશુ, કૃષ્ણ, નવીન અને છોટમ સ્ટેશને ટપાલ લેવા ગયા હતા. એ નાના ટપાલીઓના આવી પહોંચવાનો વખત થઈ ગયો હતો. સમય કરતાં અર્ધો પોણો કલાક વીતી જવા છતાં પણ તેઓ ન આવ્યા એટલે અમે સહેજ ઉચાટમાં પડ્યા. અધૂરામાં પૂરું વાદળ ઘેરાયું એટલે અમારી ચિંતા વધી પડી. એકબીજા સામું જોઈએ છીએ ત્યાં તો વરસાદ તડામાર કરતો વરસવા લાગ્યો. ફિનિક્સ સ્ટેશનેથી અમારે ત્યાં આવવાની પગદંડી કપરી હતી. આખે રસ્તે કેટલીયે ટેકરીઓના આકરા ચડાવ-ઉતાર અને તેમાં પાછાં નાળાં. નાળાનો પ્રતાપ કેવો હતો એ તો કોતવાલ સાહેબવાળા કિસ્સા પરથી વાચક સમજી શકે એમ છે. ત્યાં આસપાસમાં એટલી બધી ટેકરીઓ હોવાને લીધે નાળાંને પૂરથી ઊભરાતાં વાર જ ન લાગતી. કલાકેક વરસાદ પડે એટલા અરસામાં કેડસમાણાં પાણી થઈ જાય. એ સ્થિતિમાં પેલા છોકરાઓનું શું થાય? ટેકરી પરની માટી પણ કાળી ને ચીકણી, એટલે લપસી

પડતાં વાર ન લાગે અને પવન આવતાં વોટલ્સનાં ઊંચાં ઝાડ પણ રસ્તા પર કડેડાટી કરતાં તૂટી પડે. હું એ પહેલાં થોડા દિવસ અગાઉ જ વરસાદમાં સપડાયેલો. વરસાદ ન હોય ત્યારે સવારે નવ વાગ્યામાં ટપાલ લઈને ઘેર આવી શકાતું, પણ તે દિવસે હું ચારપાંચ વાર તો લપસી પડ્યો. કપડાં પલળી ગયાં. ટપાલથેલી પણ ભારે થઈ ગઈ. કપડાંનું વજન વધ્યું હતું જ. વળી બેત્રણ જગ્યાએ નાળાં ઓળંગવાને કોઈ હબસી સાથી મળી ન આવે ત્યાં સુધી મારે રાહ જોવી પડેલી. એટલે નવને બદલે લગભગ બાર વાગ્યે હું ઘેર પહોંચેલો. પાંચ કલાક સુધી પલળેલો હોવાથી આખે શરીરે હું ધ્રૂજતો હતો. મારાં પલળી ગયેલાં કપડાં ઊતરાવી દેવદાસકાકાએ પોતાનો ગરમ કોટ મને પેટીમાંથી કાઢી આપ્યો. એ પહેરીને મગનકાકાએ આપ્યું એ ગરમાગરમ ખાણું જમ્યો ત્યારે કંઈક સ્વસ્થ થયો. મારા એવા હાલ થયેલા તો પેલા છોકરાઓના શા હાલ થાય? એ કલ્પના અમારા ત્રણેનાં મનમાં એકીસાથે આવી. મગનકાકાની આજ્ઞા થઈ એટલે ખોદવાનું પડતું મૂકી અમે બંને એ વરસતે ઝાપટે, હતું તેટલું બળ કરી સ્ટેશનને રસ્તે દોડ્યા. છસાત મિનિટમાં અમે પોણો માઈલ જેટલું દોડી ગયા. ત્યાં એક ઊંચા ચડાવની ટોચે પહોંચવા આવ્યા ત્યાં અમારા ટિચૂકડા ટપાલીઓ ટોળું વળીને બેઠેલા અમારી નજરે પડ્યા. વોટલ્સના એક મોટા ઝાડ નીચે ટપાલથેલી મૂકી તેઓ નિરાંતે ગમ્મત કરતા અને વરસાદ રહી જાય એની રાહ જોતા બેઠા હતા. એમને હસતારમતા જોઈ અમે શ્વાસ ખાધો. પછી એમની પાસે પહોંચીને પૂછ્યું, 'આટલું બધું મોડું કેમ કર્યું?' તો કહે, 'આજે દેશની ટપાલ આવેલી છે એટલે એમાં ભાર બહુ છે. આ જુઓને, અમારા એકએકથી ઊપડે એમ ન હતું. એટલે લાકડી ઉપર કોથળી બાંધીને વારાફરતી બબ્બે જણ સાથે ઉપાડી લાવીએ છીએ. તોપણ અમારે બહુ થાક ખાવો પડે છે!' કોઈના ચહેરા ઉપર તેમ જ બોલવામાં કંટાળો કે દુ:ખ કંઈ ન હતું. 'દેશની ટપાલ' એટલે કે હિંદુસ્તાનની ટપાલ પંદરવીસ દિવસે આવે. એમાં થોકડાબંધ છાપાંઓ તો હોય જ; અને તે ઉપરાંત નાનાંમોટાં પાર્સલ હોય તે જુદાં. એટલે એ દિવસની ટપાલનો ભાર સારી પેઠે થતો. તે દિવસે વળી એક પાર્સલ તો ટપાલથેલીમાં ન માય એવડું મોટું હતું. એ મેં ઉપાડ્યું, થેલી દેવદાસકાકાએ લીધી, અને રમતા, વાતો કરતા ઘેર પહોંચ્યા. અમારા ઘેર પહોંચતાં વરસાદ અટકી ગયો અને વાદળાં વીખરાઈ ગયાં. જાણે અમને સહેજ મજા કરાવવા જ એ ન આવ્યો હોય!

મગનકાકાએ એ દિવસે બધાં બાળકોને હેતે વધાવ્યાં અને સૂતાં સુધી સૌને ખૂબ આનંદ કરાવ્યો.

અમારા નાના ટપાલીઓની બહાદુરીની આ વાતની સાથે સાથે અમારી નાદાનીની એક વાત આવે છે તે પણ નોંધું. વગરકારણે ચોરી કરવાનું અમને કેમ સૂઝતું એ સમજાતું નથી, પણ ચોરીનો જ કોઈક અનેરો રસ એમાં આવતો.

શનિવારે ડરબનથી ગાડી મોડી આવતી. રાતે અંધારે સ્ટેશનેથી પાછા ફરવું પડતું. એટલે એ દિવસે નાના ટપાલીઓને બદલે દેવદાસકાકાને અને મારે ટપાલ લેવા જવાનો વારો આવતો. જમીને અમે સ્ટેશને જવા નીકળતા. ટાઢોડાના દિવસો, એટલે કોટ પહેરીને જમવા બેસતા. મગનકાકા અમને પીરસીને આઘાપાછા જાય કે દેવદાસકાકા મને ઈશારો કરે, અને ઘેર બનાવેલી પાંઉરોટીના આકરા કટકા અમે કોટના ખિસ્સામાં સેરવી દઈએ. આવી રીતે સંતાડીને રોટીથી ખિસ્સાં ભરવાની ચોરી એક વાર પણ મગનકાકાની તીક્ષ્ણ નજરે ચડી તો અમારા બાર વાગી જવાના એવો ડર મને મનમાં ને મનમાં બહુ લાગતો. પણ દેવદાસકાકાએ શીખવેલી ચતુરાઈ હું બરાબર વાપરી શક્યો અને કદી ન પકડાયો. રોટી ખિસ્સાંમાં ભરવી હોય એટલે જમતાં વાર લગાડવી જ પડે. પરિણામે એટલા વખતમાં પેટ વધારે પડતું ભરાઈ જતું ને મને ખાવાની રુચિ ન રહેતી. એટલે આમ રોટી લેવાની હું દેવદાસકાકાને ના પાડતો. પણ તેઓ કહે, ‘તારે ન ખાવી હોય તો હું ખાઈશ; તું ભર તો ખરો!’

ટપાલની થેલી જાણીજોઈને અમે છાપખાને ભૂલી આવ્યા હોઈએ, એટલે ત્યાં જઈએ અને ત્યાંથી પાછા ફરતાં આંબાવાડિયામાં જઈ કેરીની કાચી કાચી સાખો તોડી લઈએ. મગનકાકાનો એ વખત બગીચામાં ફરવાનો હતો, એટલે એક જણ કેરી તોડતો રહે ત્યારે બીજો ત્યાંથી જરા દૂર ઊભો રહી ચોકી કરે. કંઈ પણ ભય જેવું લાગે કે જેટલી તોડી હોય એટલી લઈને તુરત સ્ટેશનના રસ્તા પર પહોંચી જઈએ. ત્યાં પહોંચી દેવદાસકાકા પોતાના ચહેરા ઉપર કોઈ પણ જાતનો ગભરાટ બતાવ્યા વિના સ્થિરપણે મગનકાકા સાથે કે જે બીજું કોઈ દેખા દે તેમની સાથે વાતો કરવા લાગે. મારો ચહેરો તો ગુનો કર્યો હોય કે ન કર્યો હોય તોયે સદાય ગભરાયેલો જ રહે; એટલે મને જોઈને પણ કોઈને કંઈ શંકા ન આવે. અને આવનાર પૂછે પણ નહીં કે ‘સ્ટેશને જતાં જતાં વળી આંબાવાડિયામાં કેમ ઘૂસી ગયા હતા?’ બાપુજી હતા ત્યારે જમીને ઊઠ્યા પછી કંઈ પણ વસ્તુ મોંમાં ન નાખવાનો અને બગીચાનું ફળ તો શું, જંગલનું જાંબુયે જમીન પરથી વીણીને મોઢામાં ન મૂકવાનો નિયમ ક્યાં, અને એમના જેલ જતાં આ મારી ચોરી ક્યાં? સ્ટેશને જઈને પાછા આવતાં સુધી આકરી કઠણ રોટી અને તેની સાથે કાચી ખાટી કેરી ખાવામાં જે કંઈ સ્વાદ હતો એ આ ચોરીનો જ હતો.

ફિનિક્સમાં પાછી વસ્તી વધી નહીં ત્યાં સુધી અમારી આવી નાદાની ચાલુ રહી. જ્યારે ફિનિક્સ બહાર લડાઈ પૂરવેગે સળગી ઊઠી, કોયલાની ખાણે ખાણે હડતાળની આગ ભભૂકી ઊઠી, શેરડીના વાવેતરે વાવેતરે હડતાળનો દાવાનળ ફેલાયો તથા હડતાલિયા ગોળીથી વીંધાવા લાગ્યા, ત્યારે અમારી એ બધી નાદાની ઊડી ગઈ. અમારાં મગજ વધુ ઊંચી વાતોમાં ઘેરાયાં. પછી પેલાં બગલાં ને વાદળાં સાથેની વાતો કે મગનકાકાથી છાની ચોરી વગેરે બધું વિસારે પડ્યું.

લડાઈનો એ જુવાળ ઊછળ્યો તેમાં જાણે અમારી ઉંમરમાંયે ઉછાળો આવ્યો. પણ એ કથા હવે પછી.

## ૧૫
## પાયખાનાસફાઈ

ત્રણ પાઉંડના કરની લડતે દક્ષિણ આફ્રિકામાં જે વિરાટ સ્વરૂપ પકડ્યું એની વાત ઉપર આવતાં પહેલાં હજી આ એક પ્રકરણ લખવું અગત્યનું છે. પાયખાનાસફાઈનો પહેલો અનુભવ બાપુજીની સેવા માટે એમના અંતેવાસી બનવા જનારને તેમ જ એમના આશ્રમમાં દાખલ થવા જનારને સારુ પોતાના જીવનનો એક ઐતિહાસિક અનુભવ બની રહે છે. સંભવ છે કે એ વાતની ચર્ચા પણ ઘણાઓને બહુ સુગામણી લાગશે અને એ બાબતનું લખાણ ઊંચી રસવૃત્તિવાળાઓને કદાચ નહીં રુચે. પણ સામાજિક આરોગ્યની દૃષ્ટિએ એ વિષય ઘણો અગત્યનો છે. ખેતીવાડીની દૃષ્ટિએ એનું વિજ્ઞાન મોંઘામૂલનું છે અને ઓછામાં ઓછે ખરચે તેમ જ બને એટલા ઓછા વખતમાં મળમૂત્રનો સારામાં સારો ઉપયોગ કઈ રીતે થઈ શકે તથા એ સુગાળવું કામ પાર પાડતી વખતે માણસને ઓછામાં ઓછી જુગુપ્સા વેઠવી પડે એવું કેમ બને એ બાબતના હજુ માણસજાતને ઘણા પ્રયોગો કરવાના બાકી છે.

બાપુજીના આશ્રમોના ઈતિહાસમાં પાયખાનાસફાઈના એ પ્રયોગોનું સ્થાન અનોખું છે અને શરૂથી લઈને છેવટ સુધીના એ સંબંધી અનુભવોનો રીતસર સંગ્રહ થાત તો એક ઊંચી જાતનો શાસ્ત્રીય ગ્રંથ આપણે હાથ આવી જાત. પણ ખેદની વાત છે કે શાસ્ત્રીય પદ્ધતિએ એ નોંધો ભાગ્યે જ લખાઈ છે. ફિનિક્સમાં મારી બાળબુદ્ધિને એનું મહત્ત્વ જરાયે સમજાતું ન હતું. છતાં એ સંબંધી જે કંઈ સ્મરણો યાદ આવી શકે એ અહીં નોંધવાનો પ્રયત્ન કરું છું. કારણ ફિનિક્સમાં કેટલીક રીતે પાયખાનાના વિવિધ પ્રયોગો થયા પછી આજે 'સત્યાગ્રહાશ્રમના જાજરૂ' અથવા 'કિસાન-જાજરૂ'ને નામે પ્રસિદ્ધ છે એ પાયખાનું અસ્તિત્વમાં

આવ્યું છે. એ પ્રયોગની કલ્પના સહેજે કોઈને ન આવી શકે. મગનકાકા એ પ્રયોગોમાં બહુ ચીવટ રાખતા. મિ. વેસ્ટ અને બીજા મોટાઓની મંડળીમાં જે અનેક મુદ્દાઓ પર વાત ચાલ્યા કરતી તેમાં પાયખાનાના મુદ્દા ઉપર પણ ઠીક ઠીક ચર્ચાઓ ચાલતી રહેતી.

આપણે ત્યાં ખુલ્લામાં ઝાડેજંગલ જવાનો ભારે શોખ છે. સુંદર નદીને કિનારે દસવીસ હજાર કે લાખ બે લાખ માણસોનો મેળો લાગ્યો હોય, નદીને કાંઠે મકાનોની ને ગામડાંની હાર હોય, તોયે આપણે ત્યાં ખુલ્લામાં જ ઝાડેજંગલ જવાનું મોટું માતમ! નાના શહેર કે કસબાની સાવ અડોઅડ તળાવ આવ્યું હોય તોપણ લોકોને વાતો કરતા આપણે સાંભળીએ કે, 'અહીં પાયખાનાંની શી જરૂર છે? તળાવ કેવું મજાનું છે?' એ જ પ્રમાણે ભોગજોગે ગામને પાદરે વાડી કે અમરાઈ હોય ને ત્યાંથી વહેલે પરોઢિયે ફરવા નીકળીએ તો પાંચ પાંચ ને દસ દસ ડગલે કોઈ ને કોઈ ભાઈસાહેબ પોતાને છુપાવતા અને ફરવા નીકળનારની નજર ચૂકવવાની મહેનત કરતા બેઠા હોય! હિંદુસ્તાનના ગમે તે પ્રાંતમાં, ગમે તે ખૂણે જાઓ, આ પ્રકારો એકસરખા નજરે પડ્યા વિના નથી રહેતા. અને એ જ લોકો પાસે જો વ્યવસ્થિત ચોખ્ખું પાયખાનું વાપરવાની વાત કરો તો પ્રાચીન જમાનાથી ચાલતી આવેલી, આ ખુલ્લામાં ઝાડેજંગલ જવાની પ્રથા પર અચૂક મોટું ભાષ્ય સાંભળવાનું મળે છે. બીજી તરફ જ્યાં પાયખાનાનો ઉપયોગ લોકો કરતા જોવામાં આવે છે ત્યાં પણ પાયખાનાં ખરેખર 'શૌચકૂપ' નહીં પણ 'અશૌચકૂપ' બનેલાં નજરે પડે છે. ઉઘાડો મેલ, પેશાબપાણીને લીધે બાઝી ગયેલી લીલ વડે લપસણી થયેલી ભોંય, ખરે બપોરે પણ બેસવાનાં પગથિયાં માંડ સૂઝે એટલું અંધારું, એ આખી ઓરડીમાં હવાની આવજા માટે મોટામાં મોટો માર્ગ તે માત્ર મેલ પડવાનું બાકોરું, ભીંતે તથા છાપરે જાળાંનાં તોરણ, આ સઘળાં આપણા પાયખાનાનાં સામાન્ય લક્ષણો છે. ગંદકીની એથી વધુ ભૂંડી કલ્પના કદાચ ભાગ્યે જ થઈ શકે. એવા સડિયલ પાયખાનામાં આંખમીંચામણાં કરીને, નાકે ડૂચો દઈને તથા બણબણતી માખીઓ ઉપર હાથ ફંગોળતાં ફંગોળતાં અને મચ્છરના દંશથી પીડાતાં પીડાતાં મળવિસર્જનની કપરી મહેનત કરવી પડે એની સરખામણીમાં જો લોકો ખુલ્લામાં ઝાડેજંગલ જવાનાં ગુણગાન કરે તો એ સમજી શકાય એવું છે.

કોઈ પણ જાતની ખટપટમાં પડવાનો ભારે અણગમો આપણી નાડમાં જ ભર્યો છે. આપણા ઘરની બહેનો જો પોતાની કેડ વાંકી વાળી વાળીને તથા કૂવાની પાળ ઉપર દોરડું ઘસી ઘસીને ચોગણી મહેનતે પાણીનું બેડું ભરી આણતી હશે તો એ જોઈને આપણને કાવ્યો કરવાં સૂઝશે અને 'કૂવા પરના પાકા

કાળા પહાણ, દોરડાં વડે ઘસાય એવડું એ એંધાણ' જેવું તત્ત્વજ્ઞાન પણ આપણને સૂઝશે. પરંતુ કૂવાકાંઠે સારી સરખી ગરેડી ગોઠવી આપવાની ખટપટમાં પડવાનું આપણાથી નહીં બને. આપણા દેશમાં લાખો ગામડાં એવાં મળશે જ્યાં કૂવાઓ હશે પણ એની આસપાસ થાળું નહીં હોય, કીચડ અટકાવવા માટે પાણીનો નિકાલ નહીં હોય કે પાણી ભરવા માટે ત્યાં રીતસરની ગરેડી નહીં હોય. નાહ્યા વિના જમવું નહીં એ આપણો ધર્મ છે ખરો, પણ એને સારું જોઈતી સગવડ ઊભી કરવાની ખટપટમાં ઊતરવું આપણને પોસાતું નથી. જો નાહવાધોવા જેવી બાબતમાં આપણે આટલા અસંસ્કારી છીએ તો પછી સવારે ઊઠી શૌચ જવાની બાબતમાંયે એટલા બધા અનાડી હોઈએ એ નવાઈની વાત નથી.

ખેર; આપણો એ રાષ્ટ્રીય દુર્ગુણ ભૂંસી નાખવા માટે શરૂઆતથી જ બાપુજી પોતાની અમોઘ સેવાશક્તિ સારી પેઠે ખરચતા આવ્યા છે. ફિનિક્સમાં એમણે જ્યાંત્યાં ઝાડેજંગલ બેસવા દેવાની ટેવ ચાલવા નહોતી દીધી. ત્યાં આગળ ગાઉના ગાઉ સુધી માથાપૂર ઘાસનું બીડ હતું ને સુંદર જંગલ પણ હતું. અમારી જમીનની બંને તરફ સોહામણાં નાળાં હતાં. છતાં કોઈને ખુલ્લામાં ઝાડેજંગલ જવું રુચતું નહીં. ગોરાઓની રીત પ્રમાણે અમારું સામૂહિક સ્નાન કૂવા પર ને નાળા પર નવસ્ત્રા ચાલતું, પણ શૌચ માટે જંગલમાંયે અમને પાયખાનાં અનિવાર્ય લાગતાં.

ભંગી ત્યાં હતો નહીં અને હોય તોય, ભંગીના ઘરમાં જનમ લેવાને કારણે જ કોઈ માણસ ઉપર મેલું સાફ કરવાનો બધો ભાર નાખવો બાપુજી પસંદ કરે એમ ન હતું. ફળઝાડના બગીચાનો શોખ એમને હતો અને તેને સારુ ખાતરની જરૂર હતી; એટલે શરૂથી જ મેલું માટીમાં દબાવી તેનું સારામાં સારું ખાતર બનાવવાના પ્રયોગો શરૂ થયેલા. એક માત્ર છાપખાના આગળ મેલાનું ખાતર કરવું ફાવે તેમ ન હતું, કેમ કે છાપખાનાની આજુબાજુ નાળું ને ખાઈ હતાં, અડખેપડખે ખેતી ચાલતી ન હતી અને જમીનમાં મહિનાઓ સુધી ભેજ રહેતો. વળી મેલુંમાટી ત્યાંથી ઊંચકી ટેકરીઓની ટોચે જ્યાં બગીચા હતા ત્યાં લઈ જવાં એ ખોટી મહેનત થઈ પડે એમ હતું. એટલે માત્ર છાપખાનાનું પાયખાનું 'ડટ્ટણ-જાજરૂ' જેવું હતું.

તેમાં આશરે દસબાર ફૂટ ઊંડો ને ચારેક ફૂટ લાંબોપહોળો ખાડો ખોદી તે પર કાયમી પાયખાનું ગોઠવેલું હતું. પાયખાનાની રચનામાં સામાન્ય કિસાન-જાજરૂની જેમ એક ચોકઠા પર બે પાટિયાં ગોઠવી તેની ચોતરફ પાતળાં પાટિયાંની પડદી કરી લીધેલી. એક તરફ બારાણું રાખેલું. શૌચ જઈ આવ્યા પછી

દરેક જાણે બહાર પડેલી લાંબા હાથાવાળી ઠેસીથી મેલાને ઊંડાણમાં ધકેલી દેવાનું રહેતું. વરસાદ હોય, કીચડ હોય, મેલા પર ઢાંકવા લાયક ધૂળ ન હોય તોયે આ પાયખાનું સાફ રહેતું. એને ખસેડતા રહેવાની મહેનત ન પડતી. પાયખાનાનાં બારણાં તરફથી ઢળતો જતો ખાડો ઊંડાણમાં ક્યાં પહોંચે છે એ દેખાતું નહીં. ઢાળ ઉપરથી મેલું સહેજ ઠેલો વાગતાં ઊંડા ગરતમાં પહોંચી જતું. આજે હું કલ્પી શકું છું કે એ ઊંડાણે કદાચ પાણી હશે અને પાણીમાં ને પાણીમાં મેલું સડી પાણી રૂપ થઈ જતું હશે. અથવા ત્યાં ભેજમાં અમુક જાતના કીડા ઉત્પન્ન થતા હશે જે મળને રાતદહાડો સ્વાહા કરી જતા હશે અને એમાણે ત્યાં પોતાની વસાહત જમાવી હશે. કંઈક એવું સાંભરે છે કે ઊંડાણમાંથી થોડીઘણી વરવી બદબો નીકળ્યા કરતી. આસપાસ દૂર સુધી પીવા વાપરવાના પાણીનો કૂવો, કુંડ કે એવું કંઈ ન હતું એટલે આવી રીતે જમીનના પેટાળમાં સડી જતો મળ અપાયકારી થવાના ભયનું કારણ ન હતું. એને તળિયે કઈ જાતની રચના છે એ હું જોવા પામ્યો ન હતો એટલે આજે હું ચોક્કસપણે કહી નથી શકતો કે નીચે પડેલા મળનું શું થતું. પણ મારી બાળઆંખોને એ વ્યવસ્થા આશ્ચર્યમુગ્ધ કરી દેતી. એટલું મને યાદ છે કે એ ડટ્ટણ-જાજરૂના ખાડાના અંધારામાં જો એમ ને એમ મળ એકઠો થયા કરતો હોય તો એમાંથી માથું ફાટી જાય એવી બદબો આવ્યા કરવી જોઈએ. પણ એવો અનુભવ થયાનું મને યાદ નથી.

બીજા પ્રકારનું જાજરૂ તે પાકી ઓરડીની અંદર મૂકેલા, ડામર લગાડેલા, ઘાસતેલિયા આડા ડબાની વ્યવસ્થા. સફાઈ વખતે એ ડબ્બાઓને આંકડિયા ભેરવીને કાઢી શકાય એવી ગોઠવણ હતી. મગનકાકા રોજ નાહતાં પહેલાં એ ડબ્બાનો મળ બગીચાનાં ફળઝાડો વચ્ચે તૈયાર કરી રાખેલી ચરોમાં ઠાલવી દેતા અને તે પર ધૂળ વાળી દેતા.

આ પ્રયોગ બાદ બગીચામાં ખાડો કરીને ત્યાં ને ત્યાં જ તાપડાનું પાયખાનું ગોઠવવાનો અને જે શૌચ જાય તે પોતાને હાથે માટી નાખી આવે એવો પ્રયોગ ચાલુ થયો. આવા પાયખાનામાં બે અડચણ આવતી : એક તો વાવંટોળ આવે કે પાયખાનું ઊડી જતું. અમુક મોસમમાં લગભગ રોજ ખાડા ઉપરથી ઊડીને પાયખાનું કેટલાયે ફૂટ આઘું જઈ પડતું. તૂટી જાય એ વળી જુદું. બીજી એ કે વરસાદ આવે એટલે ખાડો પાણીથી ભરાઈ જાય અને મળ ઢાંકવાને સૂકી ધૂળ ન મળે.

પહેલી અડચણ દૂર કરવાને મગનકાકાએ જાતજાતના ઘાટવાળાં પાયખાનાં બનાવ્યાં, અને છેવટે છાતીપૂર ઊંચું, છાપરા વિનાનું પાયખાનું નમૂનેદાર લેખાયું. એની પડદીઓ દેવદારનાં પાટિયાંની બનાવી હતી. બારણાને બદલે ગૂણિયાના પડદાથી કામ ચલાવ્યું હતું. અંદર, બહાર તથા પડદાને ચૂનો ચોપડી

એને શોભીતું કર્યું હતું. ઘરનાં છાપરાં ઉડાડી મૂકનારા વાવાઝોડામાંયે આ પાયખાનું સ્થાનચ્યુત ન થયું ત્યારે મગનકાકાને બહુ જ આનંદ થયો. અમારે ઘેર જે કોઈ મહેમાન આવે તેને મગનકાકા કેળાં મોસંબી સંતરાંથી લદાયેલાં ફળઝાડો બતાવતા એની જોડે આ પાયખાનાંયે બતાવતા અને એની વાતો સંભળાવતા.

પણ બીજી એટલે કે ખેતરમાં કરી રાખેલી પાયખાનાની ચરમાં વરસાદ આવતાં પાણી ભરાઈ જાય એની મુશ્કેલીનો તોડ ન તો ફિનિક્સમાં આણી શકાયો, કે નથી સાબરમતીમાં હજુ સુધી આણી શકાયો. આ કારણે, પાકી ભોંયવાળાં સ્થાયી જાજરૂની ગોઠવણ જ સ્વીકારવી પડી છે. અને ડોલમાં કે બીજી કોઈ જાતના મળપાત્રમાં એકઠા થયેલા મળને ખેતરની માટીમાં સારામાં સારી રીતે મેળવી દેવાના પ્રયોગો કરવામાં આવ્યા. એ પ્રયોગોને વિશે જે કંઈ સાંભરે છે એ અહીં આપી જાઉં છું.

મળ ઢાંકવા માટે માટીનો સંગ્રહ કરવો અને મળમાટીની ભરેલી ભારી ડોલ ઊંચકવી એ સખત મજૂરી માગી લે છે. આ મજૂરી ઓછી કરવાને મગનકાકાએ બે ઈંટો વચ્ચે ગોઠવી શકાય એવું ટિનનું છીછરું નાનકડું વાસણ બનાવેલું અને પાયખાનાની ઓરડીના ખૂણામાં જ એક સજ્જડ ઢાંકણાવાળી મોટી ડોલ ગોઠવેલી. જે કોઈ શૌચ જાય એ પેલા નાના વાસણમાં જાય. અને ઊઠે ત્યારે ખૂણામાં પડેલી મોટી ડોલની અંદર એ નાનું વાસણ ઠાલવીને ડોલનું ઢાંકણું સજ્જડ બંધ કરી દે, જેથી માખી કે દુર્ગંધનો ત્રાસ ન રહે. ચોવીસ કલાકમાં એક વાર એ ડોલ બગીચામાં જ્યાં ખાતર જોઈતું હોય ત્યાં સાફ કરી અવાય. માટીનો ભાર ન હોવાથી એ સરળતાથી ઊંચકીને લઈ જઈ શકાય. ઘરનું નાનુંમોટું દરેક જણ જો પોતાનું મળપાત્ર મોટી ડોલમાં ઠાલવવાનો કંટાળો ન સેવે તો ઘરના આંગણામાં જ રસોડા અને નાહવાની ઓરડીની જોડાજોડ પોસાય એવું, તથા એથી વધુ સગવડવાળું ને સ્વચ્છ, ગામઠી પાયખાનું બીજું કોઈ ન ગણાય. દરેક મોસમમાં એ ચાલે. હવાપાણીની અસરથી એની સ્વચ્છતા બગડે નહીં, મગનકાકાએ એવી ઢબનું પાયખાનું સાબરમતીમાં વરસોનાં વરસો સુધી ચલાવેલું. ચોખ્ખાઈના પૂરા આગ્રહી હોવા છતાં પોચી ને ખોટી સૂગ પર મગનકાકાએ પૂરો કાબૂ મેળવેલો.

જેમ પાયખાનું સાફ રાખવાની દૃષ્ટિએ જુદી જુદી ગોઠવણો થતી તેમ જમીનમાં મળનું વહેલામાં વહેલું ખાતરમાં રૂપાંતર કરી દેવાની દૃષ્ટિએ પણ ત્યાં પ્રયોગો ચાલતા. મગનકાકાની નોંધો કાગળ પર ઓછી રહેતી; મગજમાં ઘણી રહેતી. પ્રયોગો કરી કરીને તેમણે પોતાના મગજમાં નોંધી રાખેલું કે જુદી જુદી ચીજો કેટલા સમયમાં ખાતર બની જાય છે. કેળનાં પાંદડાં, દાતરડાથી કરચ કરેલાં

કેળનાં થડ, નીંદી કાઢેલું ઘાસ, બાળી શકાય એવાં લાકડાં, વેડી લીધા પછીનાં લીંબુસંતરાંનાં ડાંખળાં, કપડાંનાં ચીથરાં અને કાગળના ડૂચા, દરેક ચીજ કેટલાં અઠવાડિયાં કે કેટલા મહિનામાં કોહી જઈને માટી બની જાય છે એ બધા હિસાબો વખતોવખત મગનકાકા અમને સંભળાવતા અને એ રીતે દરેક જાતનો કચરો એક જ ખાડામાં ભેગો કરવાને બદલે જુદા જુદા ખાડામાં નાખવાની શિખામણ આપતા. એ જ પ્રમાણે મળ બે હાથથી વધુ ઊંડો દાટ્યો હોય તો ત્રણચાર મહિને, વેંત દોઢવેંત છીછરો દાટ્યો હોય તો દોઢેક મહિને, પાણી ભેળવ્યા વિના દાટ્યો હોય તો લાંબે ગાળે અને પાણી તથા માટીનું મિશ્રણ કરીને તથા સરખી રીતે પાથરીને એના ઉપર માટી વાળી દીધી હોય તો બહુ જ જલદી એટલે કે ત્રણ જ અઠવાડિયાંની અંદર એનું ખાતર તૈયાર થઈ જાય છે એવા એવા અનુભવોનો ઈતિહાસ તેઓ સદાયે યાદ રાખતા.

ફિનિક્સનાં સઘળાં ભાઈબહેનો અને બાપુજી જેલ ગયાં એટલે આશ્રમજીવન અંગે રોજ રોજ ઉકેલવાનું ઘણુંખરું ઘરકામ અમ બાળકોને ભાગે આવેલું. પણ પાયખાનાસફાઈનો ઈજારો મગનકાકાએ પોતે જ રાખેલો. એટલા પૂરતો વખત તેઓ ગમે ત્યાંથી મેળવી લેતા. પરંતુ જતે દહાડે એમના કામનો ભાર અતિશય વધી ગયો અને બબ્બે દિવસ સુધી એમને પાયખાનું સાફ કરવાનો અવકાશ ન મળ્યો ત્યારે દેવદાસકાકાએ અને મારે મળીને એ કામ કરવું એમ ઠર્યું. એ દિવસોમાં પાયખાનું દાટવાની જે પદ્ધતિ ચાલુ હતી એ આકરામાં આકરી હતી. સૂગને પૂરેપૂરી તિલાંજલિ આપીને જ એ રીતે પાયખાનું સાફ થઈ શકતું. એ રીત જેટલી આકરી હતી એટલી જ ખાતરની દૃષ્ટિએ ફાયદાકારક પણ હતી, કેમ કે વીસેક દિવસમાં જ એ ખાતર માટીરૂપ બની જતું અને કોબી, ટામેટાં જેવું બકાલું એ ક્યારીઓમાં રોપવામાં વાંધો ન આવતો.

પાયખાનાસફાઈનો એ સૌ પહેલો અનુભવ મને બહુ અઘરો પડેલો. આશરે વીસબાવીસ ઈંચના માપની એટલે કે ઘાસતેલના લગભગ બે ડબ્બા પાણી સમાઈ જાય એવડી મોટી અને ભારે ડોલ મળ અને માટીથી છલોછલ ભરેલી હતી. એટલું ભારે વજન ઘરઆંગણાના પાયખાનામાંથી ઉપાડી સારી પેઠે દૂર આવેલા કેળના ખેતરમાં લઈ જતાં અમારો દમ નીકળી ગયો. દેવદાસકાકા તો મારા કરતાં જોરાવર હતા. પણ મારાથી એ ભાર ઉપાડ્યો ઊપડતો ન હતો. બંને હાથે બધું જોર એકઠું કરીને હું એ ઊંચકું ને દસ ડગલાં જાઉં ત્યાં ડોલને મારે પાછી જમીન ઉપર મૂકી દેવી પડે. આમ મહામહેનતે અમે સફાઈની ક્યારી સુધી પહોંચ્યા. ડોલ બાજુએ મૂકીને અમે કાળી અને કઠણ જમીનમાં ચર ખોદીને તૈયાર કરી. સામાન્ય રીતે ચરમાં એમ ને એમ ડોલ ઠાલવી દેવાય છે, પણ અમારે

વિશેષ ક્રિયા કરવાની હતી. ફિનિક્સમાં ઘણાં જણ શૌચ જતી વખતે પાણી ન વાપરતાં પણ ગોરાઓની ઢબ મુજબ કાગળ જ વાપરતાં. એવી રીતે વાપરવામાં આવેલા કાગળના ટુકડાઓ પણ પાયખાનાની એ ડોલમાં મેલાની સાથે ભળી ગયા હતા. અમારે એમાંના મોટા મોટા ટુકડાઓ હાથેથી વીણી લઈને જુદા કરવાના હતા. નાક સંકોરી તથા શ્વાસોચ્છ્વાસને તદ્દન ધીમો પાડી દઈ અમે એ બધા કટકા ખોળીખોળીને વીણી કાઢ્યા અને એને એક અલગ ખાડામાં જુદા દાટી દીધા. કારણ કાગળને કહોવાઈને ખાતર થતાં લગભગ આખું વરસ વીતે છે. કાગળના કટકા કાઢી લીધા પછી ડોલમાં જે મેલમાટી બાકી હતાં તેમાં અમે પાણી નાખીને 'સ્પેડ' (વિલાયતી પાવડી) વતી તેને વલોવવા માંડ્યું. પા અર્ધા કલાકે એમાંના કાગળની ઝીણી ઝીણી કટકીઓ, તથા માટી અને મેલ બધું મળી જઈને એકરસ થઈ ગયું ત્યારે એ મળ-રસાયણમાં ફરી ગાંઠો ન પડી જાય એ રીતે બંનેએ મળીને હળવે હળવે એ ભારે ડોલ ચરમાં ઠાલવી અને એકસરખો થર પાથરી તેના ઉપર ચાર આંગળ માટી વાળી દીધી. ધૂળ વાળ્યા પછી અમારા દમમાં દમ આવ્યો. એ અગાઉ જ્યારથી 'સ્પેડ' વડે ઘોળ કરવા માંડેલો ત્યારથી અકળાવી મૂકનારી દુર્ગંધ આવવા લાગી હતી. કોબી કે મૂળાનું એક રાતનું વાસી શાક સડવા લાગતાં જેવી ગંધ ફેલાય એવી ગંધ એમાંથી નીકળતી હતી. એ દુર્ગંધથી માથું ફરી જતું હતું, એટલું જ નહીં પણ ગળે ભીંસ પડી ઊબકા આવતા હતા. એટલું વળી સારું હતું કે મળ ભેગી માટી મળેલી હોઈ બદબો થોડી મોળી પડતી હતી. માટી વિનાનો નર્યો મળ વલોવવો પડ્યો હોત તો એ ભાગ્યે જ સહન કરી શકાત.

ધૂળ વાળી લીધા પછી અમને બોલવાની ને વાતો કરવાની હિંમત આવી. દુર્ગંધનો આવો કડવો અનુભવ બાપુજી કેમ વેઠી શકતા હશે એ સવાલ મને થયો ને મેં દેવદાસકાકાને પૂછ્યું. તેમણે જવાબ આપ્યો કે, 'બાપુજીનું નાક સાવ નબળું છે; એમને આ ગંધ આવતી હશે તોપણ બહુ જ ઓછી.' બાપુજીની ઘ્રાણશક્તિ ઓછી છે એ મેં ત્યારે પહેલી વાર જાણ્યું.

મળ દાટ્યા પછી એ ડોલને ધોઈને સાફ કરવાની હતી. આખી હથેળી મેલથી ખરડવી એ અમને બહુ વસમું લાગ્યું છતાં કપડાં પર છાંટા ન ઊડે એવી સાવધાનીથી અમે એ ધોઈ નાખી ને પાછા આવી પાયખાનામાં યથાસ્થાને ગોઠવી દીધી અને નાહવાની તૈયારી માંડી.

નાહવા સારુ કપડાં લઈને કેશુ કૃષ્ણ વગેરેમાંથી કોઈ અમારી સાથે આવે એ દરમિયાન મેં દેવદાસકાકાને બહુ જ ઉદાસ થઈ ગયેલા જોયા. એમને શો ખેદ ઊપજ્યો એ સમજાયું નહીં. આમ પાયખાનું સાફ કરવાના દુ:ખે તેઓ દુ:ખી છે

કે શું એવો મને સંદેહ ગયો. એવા દુ:ખે એ કચવાય એવા તો હતા નહીં. કેટલીયે વાર સુધી હું એમની સામે તાકી રહ્યો ત્યારે એમણે એક નિસાસો નાખ્યો: “બાનાં વેણ કેટલીક વાર કડવાં લાગતાં પણ હવે અનુભવ થાય છે કે મા તે મા. એના સમાણું કોઈ નહીં.” આ ઉપરાંત તેઓ કશું બોલ્યા નહીં. શા ઉપરથી એમને બા સાંભરી આવેલાં એ હું પૂરેપૂરું કળી ન શક્યો.

પાયખાનાસફાઈની એ સાંજે શાક ખાવું મને અકારું થઈ પડ્યું. પહેલી જ વાર પાયખાનાસફાઈ વખતે ગૂંગળાવી મૂકનારી દુર્ગંધનો જે કડવો અનુભવ થયો અને મનમાં ત્રાસ છૂટ્યો એ આજ વરસોનાં વરસ વીત્યાં તોયે વીસરી નથી શક્યો. અને હજુયે કોબી, ફલાવર કે મૂળાનું શાક એકલું બાફેલું હોય અને બીજા શાકના મિશ્રણ કે મસાલાથી એની સોડમ બદલાઈ ન હોય તો એ ખાવું મને અકારું થઈ પડે છે. કોબી વગેરેના બાફેલા ને વાસી શાકની મહેક આવતાંની સાથે પહેલા દિવસની પાયખાનાસફાઈનું સ્મરણ તાજું થઈ આવે છે. એ પછી તો પાયખાનાસફાઈના સેંકડો અનુભવો મેળવ્યા. અને હવે તો એ કામમાં એક જાતનો રસ પણ પડે છે.

વાચકને કદાચ આ પ્રકરણ લાંબુ, જુગુપ્સાભર્યું ને અકળાવનારું લાગશે. પણ આ વિષય ઉપર ઊંડા અધ્યયનવાળું જેટલું સાહિત્ય તૈયાર કરી શકાય એટલું કરવું જોઈએ અને એના ઉપર છૂટથી ચર્ચાઓ ચાલવી જોઈએ. એટલે અહીં એ બાબતના પ્રયોગોના બાપુજી અને મગનકાકાને હાથે થયેલા ઉદ્‌ગમની નોંધ મેં આપી.

## ૧૬

## મિસ શ્લેશિન અને નવાં ફિનિક્સવાસીઓ

બાપુજીને પકડાયે તથા એક વરસની સજા થયે દસપંદર દિવસ માંડ વીત્યા હશે, ત્યાં એક સાંજે કાપેલા વાળ, ધોળું ખમીસ અને ઘૂંટણથી સહેજ નીચે પહોંચતો કાળા રંગનો કડક ચણિયો પહેરીને એક ગોરી છોકરી મગનકાકા પાસે આવી ઊભી. ડરબનમાં મારા જોવામાં કેટલીયે ગોરી છોકરીઓ આવેલી. પણ એ બધીની સરખામણીમાં ફિનિક્સ આવેલી આ છોકરી ઘણી વધારે પ્રભાવશાળી જણાઈ. પહેરવેશમાં એ જેટલી સાદી દેખાતી હતી એટલો જ એનો ચહેરો ગંભીર દેખાતો હતો. બહુ જ ચિંતાયુક્ત વદને તેણે મગનકાકા સાથે કંઈક વાત કરી અને પછી વાતવાતમાં એનું હસવું શરૂ થયું. હસતી વખતે એના ગાલમાં પડતા ખાડા (ખંજન) સૌનું ધ્યાન ખેંચે એવા હતા. એવું તાજગીભર્યું અને સતત હાસ્ય મારા જોવામાં જવલ્લે જ આવ્યું છે. એ

ગોરી બાઈ કોણ છે એ પૂછવાને હું દેવદાસકાકા પાસે પહોંચ્યો. એમણે કહ્યું: ‘એ જ મિસ શ્લેશિન.’

નામ સાંભળતાંની સાથે મારું કુતૂહલ મટી ગયું અને શ્રદ્ધા જાગી. મિસ સૉન્જા શ્લેશિનને જોવાને હું વરસોથી આતુર હતો. એમની ચતુરાઈ અને ચપળતા વિશે ફાર્મના લોકો ફિનિક્સ આવ્યા ત્યારથી હું સાંભળ્યા કરતો હતો. એ બહુ ભણેલી ને હોશિયાર બાઈ ગણાતી હતી. બાપુજીની વકીલાત ચાલતી ત્યારે કલાકોના કલાકો સુધી એને લખલખ કરવું પડતું પણ એ થાકતી નહીં. લઘુલિપિમાં લખવામાં એની ઝડપ એટલી હતી કે દક્ષિણ આફ્રિકામાંના એ વિદ્યા જાણનારાઓમાં એ મોખરે ગણાતી.

એ જેટલી હોશિયાર હતી એટલી જ રમતિયાળ અને તોફાની પણ હતી. બાપુજીનું વૈતરું રાતદિવસ કરતી તે સાથે તેમને પજવતી પણ ખરી. એનો મશ્કરો સ્વભાવ બાપુજી પાસેયે છાનો ન રહેતો. બાપુજીના વકીલાતના દિવસોનો એક કિસ્સો અમારી વચ્ચે ઘણો જાણીતો હતો. એને બીડી વગેરેનું કશું વ્યસન તો ન હતું, પણ એક દિવસ કેવળ ગમ્મતને ખાતર બાપુજી ઑફિસમાં આવ્યા ત્યારે તેણે સિગરેટ સળગાવી બાપુજી સામે જ એ પીવા માંડી તેમ જ ધુમાડાનો ગોટો એમના ઉપર ઉડાડ્યો. બાપુજીએ આડુંઅવળું કશું કહ્યા વિના મિસ શ્લેશિનને બે તમાચા ચોડી દીધા! ઑફિસરૂમમાં એ તમાચા ગાજી ઊઠ્યા. એ વખતે બાપુજીના બીજા ગોરા મદદનીશો પણ ત્યાં હાજર હતા. બાપુજીના મળતાવડાપણાની સૌને જાણ હતી. સાથે સાથે એ પણ સૌ જાણતાં હતાં કે, બાપુજીને ચીડવાય નહીં કે એમનું અપમાન ન કરી શકાય. મિસ શ્લેશિને જરા વધુ હિંમત કરી એટલે બાપુજીને હાથે એને ગમ્મતની મર્યાદા સમજાવાઈ ગઈ. બાપુજીનો તમાચો પોતાના અપમાનનો બદલો લેવાને મરાયો હતો એમ નહીં. મિસ શ્લેશિન બાપુજી પાસે દીકરી બનીને રહેલી. એને આડેઅવળે રસ્તે જતી બાપુજી સાંખી શકે એમ ન હતું. એના જેવી નિર્મળ બાઈ બીડીનો સ્પર્શ કરે જ કેમ! વિનોદ પણ એ જાતનો તો ન જ હોય! આવી ધારણાથી બાપુજી જેમ મને કે દેવદાસકાકાને સજા કરે એ ભાવે અને એ રીતે એમણે મિસ શ્લેશિનને સજા કરેલી, અને મિસ શ્લેશિને પણ એ જ ભાવે એ સજા ઝીલી લીધેલી. ત્યાર પછી બાપુજીના સત્સંગમાં રાતદિવસ રહીને પોતાનો વિકાસ સાધવામાં એણે ઘણી પ્રગતિ કરી હતી.

એ સિવાય પણ મિસ શ્લેશિનના અનેક કિસ્સાઓ મેં ટૉલ્સ્ટૉય ફાર્મવાસીઓ પાસેથી સાંભળેલા. જ્યારે એ સાંભળતો ત્યારે મને થતું કે મિસ શ્લેશિન કોણ જાણે ક્યારે ફિનિક્સ આવશે અને ક્યારે એમના વિનોદ જોવા

મળશે. પોતે લખેલા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસમાં બાપુજીએ મિસ શ્લેશિનને જે ઊંચી કોટિએ વર્ણવેલી છે એમાં એમણે સંયમ વાપર્યો છે. એની મહત્તા તેઓ હજુ ઘણી વધુ વર્ણવી શકત.

મગનકાકા સાથે મિસ શ્લેશિનની પ્રારંભિક વાતો પૂરી થયા પછી અમારું ભોજન વગેરે પત્યું ત્યાં સુધી એમની વાતો સાંભળવાનું અમને મળ્યું. ચાર્લ્સટાઉનથી ઊપડેલી ચાર હજાર હડતાળિયાઓની કૂચમાં આખો વખત મિસ શ્લેશિન સાથે ને સાથે હતાં. બાપુજી, મિ. પોલાક અને મિ. કૅલનબૅકના પકડાયા પછી પણ જ્યાં સુધી બધા હડતાળિયાઓને પકડી ઠેકાણે પાડવામાં ન આવ્યા ત્યાં સુધી તેઓ એ કામ કરતાં રહ્યાં. તે પછી એમને વહેલી તકે ફિનિક્સ પહોંચી જવાનું બાપુજીએ જ કહેલું.

મારી ટેવ તો સાંભળવાની અને જોયા કરવાની હતી. હું કંઈ ઝાઝી વાત ન કરી શકતો. બીજાઓ મિસ શ્લેશિનને જાતજાતના પ્રશ્ન પૂછ્યા કરતા અને દરેકના એમની પાસેથી સચોટ જવાબ મળતા.

આજથી અઠ્ઠાવીસ વરસ ઉપરના એ જમાનામાં સ્ત્રીઓ માથે વાળ ન રાખે એવું ભાગ્યે જ દેખાતું. કોઈએ મિસ શ્લેશિનને પૂછ્યું: ‘માથે વાળ કેમ નથી રખાવ્યા?’ તો લાગલો જ જવાબ મળ્યો: ‘એ બધું સાફ કરવું અને એની ટાઈવાઈમાં વળી વખત શા સારુ બગાડવો? એમાંથી ઊગરી જવાનો હક શું મરદોને એકલાને જ છે? શું બધા હક પુરુષોને જ રાખવાના હોય છે?’ એમની બધી વાત દરમિયાન એ વાક્ય હાલતાંચાલતાં સાંભળવા મળતું, ‘શું પુરુષોને બધી જાતના હક છે? સ્ત્રીઓ શું માણસ નથી?’ અને ખરેખર, કોઈ પણ મરદ મિસ શ્લેશિનને ઢીલાં પાડી શકે એમ ન હતું. કામ કરવાની સ્ફૂર્તિનાં તો જાણે એ સાંગોપાંગ માલિક હતાં. કાળી રાતે પણ તેઓ એકલાં સ્ટેશને દોડી જાય. લખવામાં, કામ કરવામાં, વ્યવસ્થા રાખવામાં, હુકમ કરવામાં અને ખરે ટાંકણે માથે આવી પડેલી ગૂંચવણનો ઉકેલ ખોળી કાઢવામાં હોશિયારમાં હોશિયાર પુરુષની તોલે આવે એવાં એ હતાં. તેમના આવ્યા પછી અરધી રાત્રે પણ જો ચાલુ લડતના સમાચાર મળે તો ગમે તેમ કરી ‘ઈંડિયન ઓપીનિયન’નાં યંત્ર પર ચડી ચૂકલાં પાનાંઓમાં તે ગોઠવી આપવામાં મગનકાકાને તેઓ મોંઘી મદદ આપતાં.

હડતાળિયાઓને મદદ પહોંચાડવાની જવાબદારીને અંગે એમને નાતાલ અને ટ્રાન્સવાલમાં દોડાદોડ કરવાની હોવાથી લડત પૂરી થતાં સુધી તેઓ ફિનિક્સમાં સ્થાયીપણે રહી શકેલાં નહીં. પણ પહેલી વાર ફિનિક્સ આવ્યા પછી એ અમારાં સદાનાં સાથી થઈ પડ્યાં. આગળ જતાં તેઓ અમારી નિશાળનાં

ઉપરી બન્યાં અને તેમણે અમને - ખાસ કરીને મને - ઘણું ઘણું શીખવ્યું. મને નિબંધો લખતાં અને અંગ્રેજી સ્પેલિંગોથી ન ગભરાતાં શીખવ્યું. પણ એ પ્રસંગો તો આગળ ઉપર આવનારાં પ્રકરણોમાં જ ગૂંથી શકાય. અહીં તો એટલું જ કહું કે મિસ શ્લેશિનના આવ્યા પછી અમારું ફિનિક્સનું સૂનાપણું પોણો સો ટકા ઓસરી ગયું. એમનું મિલનસારપણું, એમનો નિખાલસ વિનોદ અને અમ બાળકોના મિત્ર બની રહેવાની એમની કળાને લીધે ફિનિક્સનાં ખાલી ઘર અને નિર્જન બગીચા ભર્યાંભર્યાં લાગવા માંડ્યાં.

મિસ શ્લેશિન સાથે એક બીજી બહેન પણ ફિનિક્સમાં આવી હતી. એની ઓળખાણ આપતાં મિસ શ્લેશિને કહ્યું: 'આ ફાતિમા. ઈમામ અબ્દુલ કાદર બાવાઝીરની મોટી દીકરી. એના પિતા જેલમાં ગયા છે, એટલે બાપુજીની સલાહથી એને અહીં મોકલી છે. એ ઘરકામ સરસ કરી જાણે છે. સીવણકામમાં એ ઘણી હોશિયાર છે. એ તમારી સાથે ભણશે પણ ખરી. એયે મારા જેવી રમતિયાળ અને તોફાની છે.'

મિસ શ્લેશિનની પાછળ કાળાં કાળાં કપડાંમાં લપેટાયેલી ફાતિમા જ્યારે અમારે ત્યાં આવી ત્યારે એને જોઈને મને અણગમો ઊપજેલો. પાછળથી મને ખબર પડી કે એ મુસલમાન છે, એટલે એને એવી જાતનો પોશાક પહેરવો જ પડે. બુરખાનું આ દુઃખ જોઈને મને ફાતિમા પ્રત્યે એવી જ દિલસોજી ઊપજી, જેવી રોજાના દિવસોમાં દિવસ આખો પાણી પણ ન મળવાને કારણે કોઈ મુસલમાન મિત્ર પ્રત્યે ઊપજે છે. જ્યારે ફાતિમાએ બુરખાનો સંબંધ પોતાના ઈસ્લામ સાથે અનિવાર્ય બતાવ્યો ત્યારે ઊંડી દિલસોજી ઉપરાંત બીજું કશું અમારા ભેજામાં આવી શકે એમ ન હતું.

થોડા જ દિવસમાં ફાતિમા અમારી સાથે ભળી ગઈ. એની ઉંમર દસ વર્ષની ઉપર હતી. હું ભૂલતો ન હોઉં તો એ મારાથી ચારછ મહિના નાની હતી. અમને મજા પડી. અમે દસ બાળકો હતાં તેનાં અગિયાર થયાં. શાકપાન સુધારતી વખતે અને વાસણસફાઈ ઉકેલતી વખતે ફાતિમા પાસેથી અમને નવી નવી વાતો સાંભળવા મળતી. ફાતિમા દેખાવે ગોરી છોકરી જેવી હતી, એટલું જ નહીં પણ વાતોમાં પણ એ મિસ શ્લેશિનની નાની બહેન જેવી હતી. અંગ્રેજી ઝપાટાબંધ બોલ્યે જતી. એને શરૂમાં થોડું હિંદી આવડતું પણ ઝાઝી વાતો અંગ્રેજીમાં જ કરતી. અમને — ખાસ કરીને મને — તેણે એક નવી, ડચ બોલી સંભળાવી. અમને એમાં કશું સમજાતું નહીં, પણ એના મધુર ઉચ્ચારણવાળાં સુંદર ગીતો ફરી ફરી સાંભળવાનું મન થતું.

ઈમામસાહેબની કથા સંભળાવતાં ફાતિમા થાકતી જ નહીં. એ ભારે પિતૃભક્ત હતી. જોહાનિસબર્ગમાં પહેલાં એમને ઘણી ગરીબી ભોગવવી પડેલી. પણ આગળ જતાં તેઓ પોતાના જ બાહુબળ વડે રાજા સમાણા શ્રીમંત બની ગયા હતા. તેઓ ઘોડાગાડીઓ ભાડે ફેરવવાનો ધંધો કરતા. જો ગાડી હાંકવાવાળો કોચમેન ઘોડાને જરા સરખોયે હેરાન કરે તો ઈમામસાહેબના મનમાં ઘણો કચવાટ થતો. વળી ભલભલા ગોરાઓ પાસે પણ તેઓ પોતાનું પાણી મોળું ન જણાવા દેતા. પહેલી વારની લડતમાં જેલ ગયેલા ત્યારે એમના ધંધાને બહુ નુકસાન પહોંચેલું. આ વેળા ફરી તેઓ ઊપડ્યા ત્યારે મિત્રો ને બાપુજીની સલાહ વિરુદ્ધ તેઓ લડાઈમાં કૂદ્યા છે. તેમણે આખો ધંધો સંકેલી લીધો છે અને જેલમાંથી છૂટી તેઓ હવે ફિનિક્સમાં જ રહેવા આવવાના છે. આવી બધી વાતો સાંભળીને ફાતિમાના પિતાજી પ્રત્યે અમનેયે ફાતિમાના જેટલાં જ શ્રદ્ધા અને માન ઊપજતાં. પોતાના પિતાજીનાં આટલાં વખાણ કર્યા પછી ફાતિમા પોતાને સગી મા ન હોવાનું ને સાવકી મા હોવાનું દુઃખ પણ ગાતી. એની સાવકી મા એને શું દૂભવતી એનો તો કોઈ કિસ્સો આજે નથી સાંભરતો, પણ સાવકી મા અને તેનાથી હેરાન થતાં બાળકોની જે હકીકતો વાર્તાઓમાં સાંભળેલી તે પ્રત્યક્ષ સાંભળવામાં અમને ઠીક રસ આવતો.

ફાતિમાની કથા અહીં જ પૂરી કરું. ત્રીજી લડતની જીત પછી ઈમામસાહેબ અને ફાતિમાનાં સાવકાં મા તથા એની સાવકી બહેન — હાજીસાહેબા અને અમીના — પણ ફિનિક્સ આવી વસ્યાં. ત્યાંથી છેવટે તેઓ સાબરમતીમાં આવ્યાં અને સૌ અમારા આશ્રમપરિવારનાં મોઘેરાં સભ્યો બની રહ્યાં. અમીનાનાં મા હાજીસાહેબાનાં દર્શન પાવનકારી હતાં. તેઓ ભારે ઉદ્યમી અને શાંત પ્રકૃતિનાં હતાં. ફાતિમાની ફરિયાદોનું મૂળ કેટલું સાચું છે એ મને જોવા મળ્યું ન હતું. કદાચ કંઈક નિમિત્ત હોય. પણ એ તેનો એક જાતનો મનોગ્રહ જ હતો એવું મારું ધારવું છે. હાજીસાહેબા હિંદુસ્તાની નહીં પણ મલાયલી હતાં, તેથી પણ કદાચ એવો વિરોધ તેના મનમાં આવ્યો હોય. પોતાની સાવકી માની વાત કરે તે સિવાય મેં ફાતિમાને સદાયે હસમુખી, પ્રસન્ન ને ઉદ્યોગી જાણી છે. અમે ફિનિક્સ રહ્યાં ત્યાં સુધી એ અમારી સહપાઠી હોવાથી એની હોશિયારી જોઈ જોઈને એની પાસેથી મને ઘણું શીખવાનું મળતું. સાબરમતીમાંયે એની છેવટની ઘડી સુધી અમારી દોસ્તી કાયમ રહી. વીસ વરસ જેટલી કાચી વયે જ્યારે સાબરમતી આશ્રમમાં ફાતિમાએ પોતાનો નશ્વર દેહ છોડ્યો ત્યારે મને મોત ઉપર ગુસ્સો આવ્યો. કંઈ નહીં ને આવું પ્રસન્ન ફૂલ કરમાવી નાખવાનું એને કેમ સૂઝ્યું હશે!

હું નથી ધારતો કે ફાતિમા મુસલમાનને બદલે હિંદુ હોત તો એની મૈત્રીનો કોઈ વધુ લાભ કે આનંદ મને મળ્યો હોત. અમારી પરસ્પરની દિલસોજી ધર્મને વાંકે સંકોચાઈ રહે એવી હતી જ નહીં. ઈમામસાહેબના ગુણ તો ગુજરાતભરમાં જાણીતા છે. પણ વિધિએ ઈમામસાહેબની એ સુપુત્રીના ગુણ ઝાઝા જાહેર થવાની તક ન આપી. એ ખૂબ જ બહાદુર, વિચારવાન અને ગુણી હતી.

ફાતિમાબહેનના જીવનની વાતમાં હું પ્રસ્તુત પ્રસંગથી ઘણો આગળ નીકળી ગયો. હવે ફરી ફિનિક્સની વાત પર આવું. ફાતિમા અને મિસ શ્લેશિન આવ્યાં એ જ અરસામાં એક મોટા માણસ પણ ફિનિક્સમાં આવી વસ્યા. એ શ્રી ફકીરાભાઈ.

ફકીરાભાઈ અગિયાર વાર જેલમાં જઈ આવ્યા હતા. તેમણે જોહાનિસબર્ગમાં વગર પરવાને વારંવાર શાકફળની ફેરી કરીને એટલી બધી વાર સજા મેળવી હતી. તેઓ જેલમાંથી છૂટતા કે તરત ફરી પાછા જેલમાં પહોંચી જતા. અને એ રીતે દક્ષિણ આફ્રિકાના જેલયાત્રીઓમાં તેમણે પોતાનું નામ મોખરે રાખેલું. એ વખતે અગિયાર વાર સજા પામેલા બીજા કોઈ કેદી ન હતા. હવે એમને પોતાની જેલયાત્રાઓ બંધ કરીને હડતાળિયાઓને મદદ કરવા સારુ ફિનિક્સ મોકલવામાં આવ્યા હતા.

એમની એ મહત્તા સાંભળીને મને એમની દરેક વાતમાં રસ પડતો; પણ એ બગાસું ખાતા અને તેમના મોંમાંથી છૂટેલી બીડીતમાકુની વાસ આખા ઓરડામાં ફેલાઈ જતી ત્યારે એમના પ્રત્યે મને કંટાળો આવતો.

ફકીરાભાઈ જ્યાં બેઠા હોય ત્યાંથી સહેજે ઊઠે નહીં. બેઠા બેઠા વાતોના ચાપડા માર્યા જ કરે, પણ જ્યારે ઊઠે ત્યારે કામ કરવે તેઓ બહુ જબરા હતા. ભૂખ્યા હડતાળિયાઓને સીધું તોળી આપવાનું કામ એમને માથે હતું. એ કામ તેઓ લાગલાગટ બાર બાર ને પંદર પંદર કલાક સુધી કરતા અને કોઈને જરાયે તુંકારો ન કરતા. કદી કદી એમને એક એક દિવસમાં આઠસો કે હજાર હડતાળિયાં ભાઈબહેનોને સીધું તોળી આપવું પડતું. હું ફકીરાભાઈનો મદદનીશ નિમાયો હોઈ મારે પણ તેમની સાથે ખૂબ જોતરાવું પડતું. મારાં એ વીતકની વાત આગળ ઉપર આવશે.

## ૧૭
## આદર્શ કેદી રામદાસકાકા

મોટેરાંઓને જેલમાં વળાવી અમારી બાલમંડળી ફિનિક્સના કામમાં મશગૂલ બની હતી. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ અમારો કલ્લોલ પણ વધતો ગયો. પણ જ્યારે ઉપરાઉપરી જેલવાસીઓના ઉપવાસના ખબર આવવા લાગ્યા ત્યારે અમે ખૂબ અકળાયા.

રુસ્તમજીકાકાના એમની કસ્તી માટેના અને પૂજ્ય બાના ફળાહાર માટેના ઉપવાસો લાંબા નહોતા ચાલ્યા. પણ સત્યાગ્રહીઓએ ઘી માટે ઉપવાસો આદર્યા એને કારણે જેલ બહારના અમે ખૂબ જ ચિંતામાં પડી ગયા હતા. ડરબન નગરી નાતાલ પ્રાંતની તેમ જ દક્ષિણ અફ્રિકાની શ્વેત નગરી તરીકે વખાણાતી, અને નાતાલ પ્રાંતની રાજધાની મારિત્સબર્ગ તો જાણે એક મોતીનગર જ હતું. પણ એ બંને સ્થળનાં કેદખાનાં તો કાળાં ઘોર હતાં. સત્યાગ્રહના યુદ્ધનો અનુભવ ટ્રાન્સવાલને તો આ પહેલાં મળી ચૂક્યો હતો, પણ નાતાલ પ્રાંતની સરકારને સારુ સત્યાગ્રહી કેદીઓ સંઘરવાનો કદાચ આ પહેલો જ મોકો હતો. ટ્રાન્સવાલના સત્યાગ્રહમાં જેટલો નહોતો પડતો તેટલો કાપ નાતાલના સત્યાગ્રહમાં ગોરાઓના ખિસ્સા ઉપર પડતો હતો. આ અણધાર્યા ઘાથી નાતાલના ગોરા અમલદારો છેડાઈ પડે એ સ્વાભાવિક જ હતું. મારિત્સબર્ગનું કેદખાનું ઊભરાવા લાગ્યું એટલે ખૂની હબસી કેદીઓ માટેયે દોઝખ સમાણું ડરબનનું કેદખાનું પણ હિંદી કેદીઓનું મહેમાનઘર બન્યું. દક્ષિણ આફ્રિકામાં જેલના સુપરિન્ટેન્ડન્ટો જેલના ગવર્નરો કહેવાતા. ડરબનની જેલનો ગવર્નર વધુ પંકાયેલો હતો. પોતાના પાષાણહૃદય માટે તેને ગુમાન હતું. હિંદી કેદીઓને સીધાદોર કરી દેવાનો અને તેમના ઊભરાને મોળો પાડી દેવાનો એણે કઠોર સંકલ્પ કર્યો હતો.

દક્ષિણ આફ્રિકાની જેલોમાં ગોરાઓ અને હબસી કેદીઓને અઠવાડિયે બે વાર ખોરાકમાં માંસ મળતું. હિંદી કેદીઓ માંસ ન લઈ શકતા હોવાથી તેમણે ઉપવાસો કરીને ટ્રાન્સવાલની જેલમાં માંસને બદલે દર અઠવાડિયે બે વાર બે અધોળ ઘી મેળવવાનું મંજૂર કરાવ્યું હતું. પણ નાતાલની જેલમાં સરકારે ઘી ન આપ્યું. એટલે ફિનિક્સની આખી ટોળીએ તથા જોહાનિસબર્ગથી આવીને એમાં ભેળા થયેલા મણિલાલકાકા, પ્રાગજીભાઈ દેસાઈ, શ્રી મેઢ વગેરે પંદરેક જાણે ઘીના મુદ્દા પર ઉપવાસ આરંભ્યા. ખરું જોતાં ઘી ન મળવાની ફરિયાદ તો ઘણી ફરિયાદોમાંની એક હતી. જૂથી ખદબદતા કામળા, માંસથી ખરડાયેલાં ખાવાનાં વાસણ, દારોગાઓની વગર કારણની ગાળો અને તુમાખી તથા અઠવાડિયે એક

વારેય નાહવા દેવાની સખત અગવડ વગેરે અનેક કઠણાઈ દૂર કરવાને માટે આ ઉપવાસો શરૂ થયા હતા.

ઉપવાસના ખબર જેલ બહાર બધે ફરી વળ્યા અને ડરબન તથા આખા નાતાલમાં હિંદી લોકોનો ઉચાટ વધી ગયો. ભૂખે મરનારાઓમાં મણિલાલ ગાંધી અને રામદાસ ગાંધી એ બે તો બાપુજીના દીકરા હતા. બેત્રણ દિવસ લગી બહારના લોકોએ સમાધાનીની ધીરજથી રાહ જોઈ. પણ પછી ઉપવાસનો અંત જલદી આવતો જણાયો નહીં એટલે સૌની અકળામણ વધી. એક દિવસ દેવદાસકાકા છાપખાનામાં બીબાં ગોઠવતા હતા ત્યાં હું ગયો તો લખાણમાં આવેલો રેવાશંકર ને મૅજિસ્ટ્રેટનો સંવાદ વાંચી સ્તબ્ધ બની ગયો. રેવાશંકર હતો ન હતો થઈ જવાનો ડર મને લાગ્યો. એ સંવાદ કંઈક નીચે પ્રમાણે હતો. આજે મારી પાસે 'ઇન્ડિયન ઓપીનિયન'ની ફાઈલ નથી એટલે સ્મરણને આધારે જ એ લખવું રહ્યું:

"રેવાશંકર રતનશી સોઢા નામના કેદીને કાજીની જોડે નીચે મુજબ સંવાદ થયાના ખબર મળ્યા છે:—

કાજી — તમે આ શાં તોફાન આદર્યાં છે? ખાતા કેમ નથી?

કેદી — અમે કંઈ ઈરાદાપૂર્વક તોફાન થોડું જ કર્યું છે? અમારે ઘી જોઈએ છે; તે આપો એટલે ખાઈશું.

કાજી — ઘી બી કંઈ નહીં મળે. કેદમાં આવ્યા છો તે જાણો છો? કેદમાં કંઈ માગ્યું મળતું હશે?

કેદી — તમે ઘી આપવાને લાચાર છો, તો અમે ઉપવાસ છોડવાને લાચાર છીએ.

કાજી — ઘી નહીં મળે તો ક્યાં સુધી ઉપવાસ જારી રાખશો?

કેદી — મરી જશું ત્યાં સુધી.

કાજી — મરી જશો તો જરાયે તોટો નથી. અમારી પાસે પુષ્કળ જગ્યા છે.

કેદી — તો ઘી નહીં મળે ત્યાં સુધી મરનારાનોયે તોટો નથી પડવાનો.

ઉપવાસીઓમાં સૌથી નાની વયના રામદાસકાકા અને રેવાશંકર સોઢા હતા. જેલના ઉપવાસીઓએ એ બેને ફોડવાને મહાપ્રયાસ કર્યો. રેવાશંકરે પોતાની કડકાઈથી જેલરોને હંફાવ્યા, એથી પણ વધુ રામદાસકાકાએ પોતાની નમ્રતા, સરળતા અને દૃઢતાથી એ લોકોને દિગ્મૂઢ બનાવી મૂક્યા. જેલની બહાર આવ્યા પછી અમારા ગોઠિયાઓ જેલની જે વાતો સંભળાવતા તેમાં ઘીના ઉપવાસોની વાત સાથે રામદાસકાકાની વિનમ્રતાની સ્તુતિનું પુનરાવર્તન પણ અનેક મોઢે થતું. જેલના અનુભવીઓ કહેતા:

'સવારથી સાંજ સુધી અમારે જેલનાં ખેતરોમાં કામ કરવાનું રહેતું. સવારે નાસ્તો કરી અમે કામે ચડતા. તે વખતે ખેતરમાંના ગાજર, મૂળા, રીગણાં જે હાથ આવે તે ચાવતાયે ખરા. અને અમે એકબીજા સાથેયે ગરમ ગરમ ચર્ચામાં ઊતરી પડતા. મોટાનાના બધાનું તિકડમ ચાલતું, પણ રામદાસ કશામાં ન ભળતા. ખરેખર રામદાસ તો રામદાસ જ હતા. જાણે બાપુ પંડે જ જોઈ લો. ન આમ જુએ કે ન તેમ જુએ. નીચા વળી ખોદવાનું કામ અખંડપણે કર્યે જ જતા. અમને ટોકવા દારોગો વારે વારે આવતો પણ રામદાસની પડખે પણ એ ન ચડતો. કારણ કે રામદાસ થાકે તોયે કોદાળી છોડી દઈને બેસી ન જતા. ઊભા ઊભા સહેજ થાક લઈ લેતા ને વળી પાછા ધીમી ગતિએ અસ્ખલિત કામ ચાલુ કરતા. કોઈ વાર અમે બધા આગ્રહ કરી એકાદ ગાજર કે મૂળાનો કટકો એમને આપવા મથતા તોપણ રામદાસ એકના બે ન થતા. અમને સંભળાવી દેતા કે ''તમારે મને ન કહેવું.'' કોઈક વાર અમારી પાસે તિકડમથી બહારનું મિષ્ટાન્ન આવતું ત્યારેયે તે હાથ ન લગાડતા. ખેતરમાં કામ વખતે જેવા શાંત રહેતા તેવા જ શાંત જેલની ઓરડીમાં પણ રહેતા. કામ પરથી પાછા આવી પોતાની જગ્યાએ બેસી વાંચવા લાગી જતા. ગીત ગાય તોપણ અડખેપડખેના કોઈને ખલેલ ન પડે એ રીતે ધીમે સાદે ગાતા. રામદાસનાં સંયમ, શાંતિ અને વિનય પાસે મોટા મોટા પણ વામનજી દેખાતા. જેલના નિયમોનો ભંગ ન થવા દેવાની તેઓ એટલી બધી ચીવટ રાખતા કે પોતાના ભાણામાંથી કદી કોઈને તેઓ કશું આપતા નહીં કે બીજા કોઈના ભાણામાંથી કશું લેતા નહીં. આકરી મજૂરીનું કામ રહેતું એટલે ભૂખ તો કકડીને લાગતી જ, પરંતુ જેલનિયમની વિરુદ્ધ વધારાનું ખાવાનું મેળવી લાવે તોપણ રામદાસ એક કોળિયો પણ સ્વીકારતા નહીં. ખૂબીની વાત તો એ હતી કે આખી ટોળીમાં રામદાસ સૌથી નાના હતા; પૂરા સોળ વરસનાયે ન હતા. પોતાનું વર્તન એમણે જેટલું શોભાવ્યું તેટલા જ એમણે અમારા ઉપવાસ પણ દીપાવ્યા. એ જેટલા વિનયી હતા એટલા જ ટેકીલા પણ નીવડ્યા.

'અમારા લાંબા ઉપવાસમાં શરૂ શરૂમાં તો ઘણા ભળ્યા, પણ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ કેટલાક ખરવા લાગ્યા. ચા-બીડીની ટેવવાળા વહેલા પડ્યા. મક્કમ રહેલાઓમાંથી રેવાશંકર ને મગનભાઈ પટેલ ચકરી ખાઈને પડ્યા, પણ સૌથી કુમળા રામદાસ અડગ રહ્યા. એ કાચી કળી રખે કરમાઈ જાય એ ભયે જેલના અધિકારીઓ બાવરા બની ગયા. દૂર દૂર સુધી જેલના અધિકારીઓ અને સરકારી ઊંચા અમલદારો વચ્ચે તારના સંદેશાઓ ચાલુ થયા.

'જેલના ઉપવાસો બહારના ઉપવાસો જેવા હૂંફાળા નથી હોતા. બહાર કોઈ ઉપવાસ આદરે કે આસપાસના બધા લોકોની સહાનુભૂતિ પોતા તરફ ખેંચી લે. ઉપવાસીને બનતો આરામ, શાંતિ, પાણી, સ્નાન વગેરે મળે. દક્ષિણ આફ્રિકાની જેલમાં તેથી ઊલટું હતું.'

આ સંબંધી વાતો ચાલતાં રેવાશંકર વગેરે પાસેથી મેં સાંભળેલું કે 'ઉપવાસને દહાડે જેલરનો કડપ બહુ વધી જતો. ખોદવામાં આડે દહાડે સુસ્તી કરીએ તો ચાલે, પણ ઉપવાસને દહાડે તો દારોગો કમર ઊંચી ન થવા દેતો. પરોઢિયે ઊઠવાભેગા રોજની જેમ પોતપાતાના પાયખાનાની ડોલો ઉપાડી પરેડ કરવી પડતી અને સાંજે અમે થાક્યા હોઈએ તોપણ જડતીની પરેડમાં દારોગો જાણીબૂજીને એટલી બધી ચીકણાઈ કરતો કે એના પર ખૂબ દાઝ ચડતી. જડતીની પરેડમાં રોજ સાંજે બધાં લૂગડાં ઉતારી એક હારમાં મારે દિગંબર ઊભા રહેવું પડતું. મોં, બગલ અને સાથળમાં અમે કંઈ છુપાવ્યું નથી એની ખાતરી જ્યારે દારોગાને થતી ત્યારે અમને ફરી કપડાં પહેરવાની રજા મળતી. ઉપવાસને દહાડે ઝટ દઈને પથારી કરી આડા પડવાની અમને ઉતાવળ રહેતી, છતાં દારોગો પરેડમાં દોઢો વખત લગાડી અમને સતાવતો. અમારું મન ઊકળી ઊઠતું તોયે એ કડવો ઘૂંટડો ગળે ઉતારી અમારે શાંતિ સાચવવી પડતી. અમને સૌથી મોટો ત્રાસ ઉપવાસમાં નાહવાનું ન મળતું એનો હતો. આખા દિવસમાં બપોરે જમવાનો ને આરામનો કલાક દોઢ કલાક મળતો એમાં અમે ઊંઘ ખેંચી કાઢતા એટલે ટકી શકાતું.

'ઉપવાસો લંબાયા એટલે અધિકારીઓએ ફૂટ પાડવાના પ્રયત્ન આદર્યા. મોટામાંથી પ્રાગજીભાઈ દેસાઈ અને શ્રી મેઢને જુદી એકાંત કોટડીઓમાં પૂર્યા. નાનામાંથી રામદાસકાકા, રેવાશંકર ને કુપ્પુસ્વામીને જુદા કાઢ્યા, અને એમને ઉપવાસ છોડવા અનેક રીતે સમજાવ્યા. કાયદા પ્રમાણે આખી રાત કેદીને પડખે ખાવાની થાળી પડી રહેતી. ઘણે ભાગે એ મકાઈની ઘેંશ (પુપ્પુ) જ રહેતી. પણ એની અંદર કોઈ એક આંગળી સુધ્ધાં બોળતું નહીં, એક ટંક ભૂખ્યા ન રહી શકનારા ગોરા તથા હબસી જેલઅધિકારીઓ આટલી ટેક અને કષ્ટસહન જોઈ સ્તબ્ધ બની જતા.

ઉપવાસ, કોદાળીનું કામ અને માથાફાટ તડકો એમાં કેટલુંક ખેંચાય? ત્રીજેચોથે દિવસથી ખેતરમાં કામ કરનારા ઉપવાસી સત્યાગ્રહીઓ એક પછી એક તમ્મર ખાઈને જમીન પર ઢળી પડ્યા. જેલવાળા ગભરાયા ને ખેતરમાં તડકે કામ કરાવવાનું બંધ કરાવ્યું. રેવાશંકર જે સૌથી જબરો દેખાતો તે સૌથી વધુ ક્ષીણ થયેલો દેખાયો એટલે એને જેલની ઈસ્પિતાલમાં દાખલ કરવામાં આવ્યો.

ત્યાં ચારપાંચ જણાની મદદ વડે એને મુશ્કેટાટ બાંધીને એના ગળામાં દૂધ રેડવા માંડ્યું. પણ રેવાશંકર એમ ગાંજ્યો જાય એવો ન હતો. તેણે ઊબકા કરીને ગળાની નીચે પરાણે ઉતારવામાં આવેલું બધું દૂધ બહાર ઓકી કાઢ્યું. જેલવાળા વધુ આકરા થયા. તેમણે રેવાશંકરના ગળા નીચે કંઠનળીમાં થઈને હોજરીમાં દૂધ પરબારું પહોંચી જાય એવી રીતે ઠીક ઠીક ઊંડે સુધી રબરની નળી ઉતારી. રેવાશંકરની રાડારાડ કશી કામ ન આવી ને એની હોજરીમાં બળાત્કારે ખોરાક પંપ કરવામાં આવ્યો. એ ખોરાકમાં ઈંડાં આપ્યાની શંકા રેવાશંકરને પડી, પણ એ લાચાર હતો.'

આમ જ્યારે એક તરફ રેવાશંકરના પેટમાં પંપથી ખોરાક પહોંચાડવાનો બળાત્કાર ચાલતો હતો ત્યારે બીજી તરફ પ્રાગજીભાઈ દેસાઈની ઉપર એક હબસી દારોગો તૂટી પડ્યો. એમને લાત મારી અને પગ પકડી પીઠભર દસબાર ફૂટ સુધી ઢસરડી ગયો. ઉપવાસોનો આ ઈતિહાસ હવે તો બહુ પુરાણો થઈ ગયો. અને તેયે પ્રત્યક્ષ અનુભવનારાઓની જોડે હું કંઈ જેલમાં ન હતો. મેં તો એ કેવળ સાંભળ્યો હતો એટલું જ. છતાં એ ઈતિહાસની એ દિવસમાં મારા ઉપર પડેલી કારમી અસર આજે પણ હું વીસરી શક્યો નથી. મારા વર્ણનમાં પ્રસંગોના સમય અને ક્રમમાં કદાચ ફેર પડ્યો હશે, પણ એ બધી વાતનો સાર એટલો જ હતો કે નાતાલની સરકારે સત્યાગ્રહી કેદીઓને ઝુકાવવા માટે એ ઉપવાસો દરમિયાન પોતાનું બધું બળ અને બધી જાતની કળ વાપરી નાખવામાં કસર રાખી ન હતી. તેમ છતાં ફિનિક્સવાસી સત્યાગ્રહીઓ અણનમ રહેવાને નરકયાતના સમાણાં દુ:ખો સ્વેચ્છાએ ઝીલી રહ્યા હતા. જેલની બહારના લોકો અધીરા થઈ ગયા હતા ત્યાં સાતમે કે આઠમે દિવસે ખબર ફરી વળ્યા કે સત્યાગ્રહી કેદીઓને ઘી મળ્યું છે અને બીજી ફરિયાદો દૂર થઈ છે.

સત્યાગ્રહની લડાઈનો અંત તો હજુ ક્યાંયે દેખાતો ન હતો, પણ કેદખાનામાં મળેલા આ વિજયે હિંદીઓના ઉત્સાહને ઘણો વધારી દીધો.

ઉપવાસના અંતની વિગત પણ રસભરી છે. એ સંબંધી જે વાતો મને ત્યારે સાંભળવા મળેલી એ અહીં આપી જાઉં. રેવાશંકર, કુપ્પુ વગેરેનું કહેવું હતું કે 'પાંચ દિવસ તો અમે તાનમાં ને તાનમાં ખેંચી કાઢ્યા. પણ પછી અમારું જોર ઢીલું પડી ગયું હતું અને અમારું દિલ કરમાવા લાગ્યું હતું. છતાં રામદાસ જરા પણ ત્રાસ્યા ન હતા. એમનામાં હજુ ઉપવાસ ખેંચ્યે રાખવાની પૂરી હિંમત હતી. મોટાઓના શા હાલ થયા છે એની અમને ખબર ન પડતી. હજું કેટલું વેઠવું પડશે એવો સહેજ ફફડાટ એમના મનમાં ડોકિયું કરવા લાગ્યો હતો ત્યાં એક સાંજે જેલર, ગવર્નર અને મૅજિસ્ટ્રેટ આવ્યા અને આવતાંની સાથે એ લોકોએ

અમને બધાને પાધરા ધમકાવવા જ માંડ્યા: ‘‘તમે શું સમજો છો તમારા મનમાં? આવી રીતે તોફાન કરશો તો હાથે કરીને તમે ખુવાર થઈ જવાના છો. સરકાર બોલતી નથી ત્યાં સુધી ઠીક છે, પણ એ આકરી થશે તો તમને ભોં ભારે થઈ પડશે એ યાદ રાખજો.’’ ગોરા અમલદારોનું અંગ્રેજી સમજાવવા માટે એક દુભાષિયો (ઈન્ટરપ્રિટર) રીત પ્રમાણે તેમની સાથે આવેલો. જેલવાસીઓ એને પોતાની બોલીમાં ‘ઈંદ્રાપટ’ કહેતા. સાહેબથી સવાયા લહેકામાં ઈંદ્રાપટે એમની વાતનો અનુવાદ એમને સંભળાવ્યો: ‘‘સુનો, સાહબ બોલતા હૈ તુમ નહીં ખાયગા તો તુમકો સખત સજા હોગા. તુમ ખાઓ. નહીં તો સરકાર તુમકો બહુત સજા દેગી.’’ આટલું ઉતાવળેથી ધમકીના અવાજમાં સંભળાવી ધીમે સાદે એ પણ સંભળાવી દીધું: ‘‘ઘીકા પરવાના તો આ ગયા હૈ.’’ વળી ઊંચે સાદે: ‘‘લેકિન તુમકો ખાના હી પડેગા. સાહબકુ કહ દો કિ હમ ખાવેંગે. માન જાઓ. સાહબકે સામને મત હોઓ.’’ વળી ધીમેથી: ‘‘ઘીકા પરવાના મિલ ગયા હૈ. ફિકર મત કરો.’’ આમ અમને ધમકી અને ઘી મળ્યાના ખબર એકસાથે મળ્યા. અમારા ટાંટિયા ગળવા લાગ્યા હતા તેમાં ફરી પાછું જોર આવ્યું. અમે સાહેબની વાતને રોજની જેમ ઘોળીને પી ગયા ને અમારો નન્નો કાયમ રાખ્યો.

‘લગભગ ઊંઘવાને સમયે જેલર ફરી તારના સમાચાર લઈને અમારી પાસે આવ્યો અને પુષ્કળ ભલમનસાઈ દર્શાવતો દર્શાવતો બોલ્યો, ‘‘અમે મિ. ચિમનીને તમારી ફરિયાદો મોકલી હતી. તમારી કેટલીક માગણી સાચી હતી ખરી, પણ આમ તોફાન કરી માથે વાગી બેસો એ કેમ પોસાય? પણ હવે તમે ઘી લઈ શકો છો. મિ. ચિમનીએ મંજૂરી આપી છે. બોલો શું ખાશો? અત્યારે તો રસોડું બંધ છે એ તમે જાણો જ છો.’’ અમે આભાર માન્યો અને બીજે દિવસે સવારે જ પારણાં કરશું એમ કહી શાંતિપૂર્વક સૂતા.

‘પારણા કર્યાં, ઘી મળ્યું, રસોડામાં અમારા પ્રતનિધિ તરીકે શ્રી મેઢ રસોઈ કરાવવાને રહ્યા. સફાઈ પણ સુધરી અને અમે થોડા દિવસમાં તાજા થઈ ગયા. ઉપવાસની વાત વિસારે પડી. એ એક વાર્તા બની રહી.’

ઉપવાસની કથા ઉપરાંત જેલવાસીઓના બીજા અનુભવની વાતો પણ રસદાયક હતી. મોટા મોટા યાત્રાળુઓના અનુભવપ્રસંગો કરતાં કેદી જીવનના અનુભવપ્રસંગો ઊતરે એવા નથી હોતા. મને પોતાને જેલ જવાનું મળેલું નહીં એટલે ત્યાંની નાની નાની વાતોમાંયે મને બહુ રસ આવતો. જેલ જતા-આવતાઓ પાસે કલાકોના કલાકો સુધી હું એમની જેલકથાઓ સાંભળ્યા કરતો અને એ જેલ જીવનની અનેક જાતની ઉત્સાહભરી કલ્પનાઓએ મારા મનમાં ઘર કરેલું. પણ એ બધું આટઆટલાં વરસો બાદ કલમબદ્ધ શી રીતે થઈ શકે? છતાં

જે એકબે પ્રસંગોની સાંભળેલી વાત મને ચોખ્ખી યાદ રહી ગઈ છે એ આપીને આ પ્રકરણ પૂરું કરું.

દક્ષિણ આફ્રિકાના ગોરાઓને સારુ હિંદી લોકોનો ધર્મ એ ન સમજાય એવી ચીજ થઈ પડી હતી. નાહવામાં ધરમ, ખાવામાં ધરમ, ઊઠવાબેસવામાં ધરમ અને સૂતરના બે તાંતણામાંયે હિંદી લોકોનો ધરમ! જેલમાં ધરમને નામે કેદીઓને ક્યાંક ક્યાંક બાખડી પડવાનું પણ શૂર ચડતું અને એની ઓથે તિકડમ પણ ચાલતું, — ખાસ કરીને બહારના ખબર સૌને પહોંચાડવામાં. નાહવાનું મળે ત્યારે નાહતા જાય, શ્લોક ગાતા જાય ને વચ્ચે એમ પણ ગાઈ દે:

'ખબર આજે આવ્યા છે કે બાપુ કૂચ કરતા જાય છે,
સાથે હડતાલી ત્રણ હજ્જાર. ફાર્મે જઈને બેસશે.'

આવા બીજા વિનોદો પણ ચાલતા.

એક વાર અમારે ત્યાં ફિનિક્સમાં રવિવારની રજા માણવા ડરબન જેલનો એક બોર (ડચ) દારોગો આવ્યો હતો. ગોરા ગોરા વરણનો એ માણસ પહાડ સમો ઊંચો હતો. મારા ખ્યાલ પ્રમાણે સવા છ સાડા છ ફૂટ જેટલો એ ઊંચો હતો. જેલમાં મારા પિતાશ્રી પરનો એ ચોકિયાત હતો. જ્યારે અમે સૌ રોજની જેમ મેજ ઉપર જમવા બેઠા ત્યારે એયે અમારી જોડે જમવા બેઠો અને ઘણા રસથી જમ્યો. મારા પ્રત્યે એણે વિશેષ ભાવ બતાવ્યો. મને કહે, 'તારા પિતા જેલમાં બહુ મજામાં છે. તારે એને કંઈ કહેવડાવવું છે?' મને એની સાથે વાત કરવાની હોંશ થતી ન હતી. હું તો એનો ચહેરો જ જોયા કરતો હતો અને વિચારતો હતો કે આ માણસ કેવો હશે? અહીં આટલો ડાહ્યો ને ગરવો દેખાય છે, પણ કેદખાનામાં એનો કેવો રોફ હશે? મારે કંઈક તો જવાબ આપવો જ જોઈએ, એટલે મેં ટૂંકમાં પતાવ્યું: 'કહેજો કે અમે મજામાં છીએ.' ધરાઈ ધરાઈને તેણે અમારી વાડીનાં તાજાં તાજાં ફળ અને મઘમઘતું શાક આરોગ્યાં, અને પછી નાનામોટા જોડે હસ્તધૂનન કરીને એ ચાલતો થયો. પિતાને કેદમાં રાખનારા એ મીઠા મહેમાનની સ્મૃતિ મારા એ બાળજીવન પર અંકાઈ ગઈ અને કારમા દેખાતા માણસમાં પણ માણસાઈ જોવાની વૃત્તિ મારા મનમાં પાંગરી.

## ૧૮
## गांडी महाराजके यहाँ

એક પરોઢે ઓચિંતો એક વિચિત્ર અવાજ સાંભળી હું સફાળો પથારીમાં બેઠો થઈ ગયો. આંખ મસળતાં મસળતાં મેં જોયું કે મગનકાકા અમારે ઓશીકે ઊભા રહી અમ બાળકોને જગાડી રહ્યા હતા અને બહારથી સમુદ્રના ઘુઘવાટ સમો કોઈ અવાજ આવતો હતો. જાગ્રત થઈને મેં એમને પૂછ્યું, ‘આ ઘુઘવાટ શેનો સંભળાય છે? અવોકાના દરિયાનો ઘુઘવાટ આટલે દૂર સુધી સાંભળી શકાય ખરો!’ અમારા ફિનિક્સના આશ્રમથી છએક માઈલ છેટે હિંદી મહાસાગરનો કિનારો હતો. અમે ત્યાં કદી કદી ઉજાણીએ જતા ત્યારે દરિયો દેખાયા પહેલાં અનેક માઈલ દૂરથી તેનો ઘુઘવાટ અમે સાંભળી શકતા. એટલે મને થયું કે કદાચ દરિયો બહુ તોફાને ચડ્યો હશે અને એનો અવાજ અમારે ત્યાં સુધી પહોંચતો હશે. મગનકાકાએ મારો ભ્રમ ભાંગતાં કહ્યું, ‘આ દરિયાનો અવાજ નથી. આપણા બગીચાઓમાં બધે માણસો ઊભરાઈ આવ્યાં છે તેનો આ અવાજ છે. તમે તો બધા ઘસઘસાટ ઊંઘમાં પડ્યા હતા; પણ મને પા-અર્ધા કલાકનીયે એકધારી ઊંઘ મળી નથી. આજ આખી રાત હડતાળિયાઓનો સતત પ્રવાહ જ ચાલ્યો છે. માંડ મને જરાક ઝોલું આવતું ત્યાં નવા આવનારાઓ આવી પહોંચતા અને સૂવાની જગ્યા મેળવવા માટે મને જગાડતા. એક ટોળીને પડાવ નાખવાની જગ્યા બતાવીને પાછો આવ્યો હોઉં અને હજી મારી આંખ મળી ન હોય ત્યાં બીજી ટોળી માથે આવી ઊભતી.’ એ મુજબ ટૂંકમાં રાતનાં વીતક સંભળાવીને મગનકાકાએ અમને કામે ચડવાની અને ઝપાટાબંધ તૈયાર થઈ જવાની સૂચનાઓ આપવા માંડી. “હવે જુઓ, આજે આપણું કામ ઘણું વધી ગયું છે. તમે જલદી હાથમોં ધોઈ કામે ચડી જાઓ. આ લોકો જ્યાંત્યાં ગંદકી ન કરે એ ખાસ જોવાનું છે. રાત્રે આટલા જણ આવ્યા છે એટલે દિવસ આખો તો એથી બમણા કરતાંયે વધારે માણસ આવશે.”

પથારી વાળી લઈને હું વહેલો વહેલો ઘરની બહાર હડતાળિયાઓનાં દર્શને ઊપડી ગયો. જ્યાં નજર નાખું ત્યાં માણસ જ માણસ જોઈને હું ચકિત થઈ ગયો. એ બધાં પોતપોતામાં ઘુસપુસ વાતો કર્યે જતાં હતાં ને આઘાંપાછાં થયા કરતાં હતાં. ફિનિક્સના એ એકાંત બીડમાં એકસામટાં સો માણસથી વધુ કદીયે મેં એકઠાં થયેલાં ભાળ્યાં ન હતાં. સો જણ પણ જ્યારે બાપુજી પોતે ફિનિક્સમાં હોય અને કોઈ ખાસ પ્રસંગ હોય ત્યારે જ જોવા મળતાં બાકી તો સેંકડો પગલાં ચાલીએ ત્યારે કોઈક ખૂણે ભાગ્યે જ એકાદબે જણ ખોદવા કરવાના પોતાના કામમાં ગૂંથાયેલા દેખાય. એટલું બધું એ નિર્જન સ્થાન હતું. રસ્તે ચાલતાં ત્યાં

ફળઝાડ, ફૂલછોડ અને ઊંચાનીચા ટેકરા સિવાય ભાગ્યે જ બીજું કંઈ જોવાનું કે પંખીગીત વિના બીજું કંઈ સાંભળવાનું મળતું. એવી એકાંત જગ્યાની અંદર એક રાતમાં કોઈ જાદુ થયો હોય એમ માણસો અમારા ઘર પાસેના બધા બગીચા ને રસ્તા ઘેરી લીધા હતા, અને હજી તો આવ્યે જ જતાં હતાં. એથી મારી બાળબુદ્ધિને બહુ જ અચરજભર્યું લાગ્યું. કોઈ પૂર્વ બાજુની સડકે સડકે આવતાં હતાં, તો કોઈ સામેની પશ્ચિમની ટેકરીઓ પરથી કીડીની હારની પેઠે ચાલ્યાં આવતાં હતાં. કોઈ ટોળી આ ખૂણેથી તો કોઈ ટોળી પેલે ખૂણેથી ફૂટી નીકળતી હતી. પાંચ પાંચ સાત સાતથી માંડીને ચાળીસ ચાળીસ જણાં એકેકી ટોળીમાં આવી પહોંચતાં હતાં.

થોડો વખત તો મેં એ તમાશો જોયા કર્યો. એક વાર ચોપાસ પ્રદક્ષિણા કરી આવીને બધું જોઈ આવ્યો અને એ આવનારાઓએ ક્યાં કેટલો પથારો કર્યો છે અને ક્યાં ક્યાં એમણે તાપણાં કર્યાં છે વગેરે જે કાંઈ નજરે પડ્યું તે જઈને મેં મગનકાકાને જણાવ્યું. જરા દિવસ ચડ્યો ને મગનકાકાને છાપખાનામાં જવાનો સમય થયો ત્યારે એમણે દેવદાસકાકાને પોતાની સાથે લીધા ને મને કહ્યું, ‘‘હવે જે નવા લોકો આવે તેમને પડાવની જગ્યા બતાવવાનું કામ તારું છે. આપણાં ફળઝાડને આંચ ન આવે તેની ખાસ સંભાળ રાખજે. એટલું ખાસ જોવાનું કે ફળ કે બાળવા માટે ઝાડની ડાળીઓ કોઈ ન તોડે. વચ્ચે વચ્ચે કલાક સવા કલાકે મારી પાસે છાપખાનામાં આવી ખબર કહી જજે. જે ખાવાનું ‘રૅશન’ માગે તેને ચિઠ્ઠી કરાવી આપવા માટે મારી પાસે લઈ આવજે.’’

અડધોએક માઈલ લાંબી ને પાએક માઈલ પહોળી ફિનિક્સની અમારી એ ભૂમિમાં છૂટા મૂકેલા ઘોડાની પેઠે મેં આ ખૂણેથી પેલે ખૂણે હડિયાપટી આરંભી દીધી. નવા નવા હડતાળિયાઓને જોવાનો મને ઉમંગ હતો જ. સાથે સાથે રોજની રસોડાના કામની પાળીમાંથી છૂટો થયો તેની ખુશી પણ ઓછી ન હતી. મારા ભાગનાં નાસ્તો પીરસવાના અને શાક સુધારવાનાં કામો ઉપરાંત બીજુંયે રસોડાનું કામ નવી આવેલી બહેન ફાતિમાએ ઉપાડી લીધું હતું. આવા ઘરખૂણાના કામને બદલે દોડાદોડીનું કામ મળ્યે કયો છોકરો રાજી ન થઈ જાય?

અગિયાર વાર જેલ જઈને પંકાઈ ગયેલા ફકીરાભાઈને કોઠારનું કામ સોંપાયું. મગનકાકાએ હડતાળિયા દીઠ કાચું સીધું ઠરાવી દીધું હતું. દાળ, ચોખા અને મીઠુંમરચું અથવા લોટ અને ખાંડ, એ બે જાતનાં સીધાંમાંથી જેને જે પસંદ પડે તેની ચિઠ્ઠી કરાવે. છાપખાનામાં ચિઠ્ઠી કરાવી અપાવીને એ ટોળીને હું કોઠાર પર પહોંચાડું અને કોઠારમાં ભીડ કરી લોકો ફકીરાભાઈને અકળાવે નહીં તે માટે દ્વારપાલનું કામ કરું. હડતાળિયાઓના અતિથિસત્કારની જવાબદારી સમજવા

જેટલી મારી ઉંમર ન ગણાય. મને એકાએક મોટાઈ મળી ગઈ એટલે અક્કડ સિપાઈની પેઠે ‘તુમ હટો’, ‘તુમ ઈધર ખડે રહો’, ‘તુમ ફિરસે ક્યોં આયા?’ વગેરે જેમ આવે તેમ સંભળાવ્યે જતો હતો. એમાંનાં કેટલાંયે એવાં હતાં જેમને બબ્બે દિવસ સુધી કશું ખાવાનું મળ્યું ન હતું અને ભૂખ્યે પેટે રાત ને દિવસ માઈલો સુધી ચાલ્યા કરવું પડ્યું હતું એવા લોકો ચિઠ્ઠી મુજબનું તોળાયેલું સીધું હાથમાં આવી પડતાં પ્રસન્ન થવાને બદલે હતાશ થઈ જતા. ‘આમાં અમારી શી ભૂખ ભાંગશે? અમુક ચીજ વધુ આપો’ એમ કહી વધુ લેવાને હઠ કરતા ને ખસતા નહીં. ફકીરાભાઈ એમને દલીલોથી, સમભાવથી સમજાવવાનો પ્રયાસ કરતા, પણ હું મારી નાદાનીને લીધે એમને સંભળાવી દેતો, ‘ચલો ચલો, દૂસરેકો લેને દોગે કિ નહીં? ચિઠ્ઠીકા માલ મિલ ગયા; અબ હટો, ચલો.’ પુરુષો તો જલદી સમજી જતા, પણ સ્ત્રીઓનું કરગરવું ચાલ્યા જ કરતું.

જે ટોળીને કોઠારમાંથી સીધું મળે તેને રાંધવાની જગ્યા બતાવવામાં પણ મારો ઠીક ઠીક વખત જતો. ફળઝાડને ચૂલાની ઝાળથી નુકસાન ન થવું જોઈએ એમ ઠરાવી ઠરાવીને મારે એમને સમજાવવું પડતું, કેમ કે માંડ માંડ થાક્યાપાક્યા આવી સીધું લઈ તેઓ તડકાને બદલે ઝાડને છાંયે ચૂલો માંડવાને લલચાતા. પણ નાને પંડે હું એમને કેટલુંક કહી શકું? કોઠારને દરવાજે મારી જેટલી જોહુકમી ચાલતી એટલી રસ્તાઓમાં અને ખેતરોમાં પથરાયેલી એ અફાટ મેદની વચ્ચે ચલાવવાની મારી હિંમત ન ચાલતી. મને ડર લાગતો કે હું કંઈક કહીશ ને એ બધાં લોકો ખિજાઈ ઊઠશે તો? એટલે જ્યાં સુધી કાંઈ ભારે નુકસાન થતું નજરે ન પડતું ત્યાં સુધી હું વગર બોલ્યે જ જોયા કરતો.

તેમની રહેણીકરણી જોવામાં મને બહુ રસ આવતો હતો. એમણે કેવાં કપડાં પહેર્યાં છે, એમનાં નાનકડાં પોટકાંમાં શું છે વગેરે હું જોતો. તેઓ એક જ જાતનાં સીધાંસાદાં અને વગર સીવેલાં કપડાંના અનેક ઉપયોગ કરતા એ જોઈને મને નવાઈ લાગતી. અમે બધા ફિનિક્સમાં સરસ રીતે સીવેલાં પાટલૂન અને શર્ટ પહેરનારાઓ હતા ત્યારે આ લોકો પાસે આખા કુટુંબમાં મળીને વગર સીવેલાં બેપાંચ લૂગડાંના કટકા ઉપરાંત ભાગ્યે જ બીજાં વસ્ત્રો દેખાતાં. પુરુષને માથે સાફો એ જ સાદા કપડાનો, સ્ત્રીની સાડી પણ એ જ સાદા ધોળા પણ મેલા કપડાની અને બાળકને માટે ઝાડની ડાળીઓ વચ્ચે બાંધેલી ઝોળી પણ એ જ જાતના સાદા ને વગર સીવેલા કપડાની નજરે પડતી. વળી, એક બાજુએ જ્યાં રસોઈ ચાલતી હોય ત્યાં પુરુષને માથે બાંધવાના સાફાના એ કપડા વડે જ પવન અને કચરો અટકાવવાની આડશ કરેલી જોવા મળતી તો બીજી બાજુએ પોતાનાં રસોઈપાણી પતાવી લીધાં હોય એવા પરિવારવાળાઓએ ફેંટાના એ કપડાં વડે

જ માથે છાંયડો કરેલો દેખાતો. એ ગરીબ લોકોની આટઆટલી કરામત જોઈને મને એમને વિશે ઘણો જ આદર ઊપજતો અને સાથે સાથે કુતૂહલ પણ થતું.

એ લોકો રાંધવા ખાવાનું જુદું જુદું કરતાં છતાં એમનું એકાકી કુટુંબ ક્યાંયે નજરે ન પડતું. જ્યાં નજર નાખતો ત્યાં બે, પાંચ, સાત એમ અનેક કુટુંબનાં ટોળાંઓ ભેગાં પડેલાં દેખાતાં. કોઈક ટોળું રસોઈપાણી અને જમવાનું પતાવી નિરાંતે વાતોના તડાકા મારતું સંભળાતું તો કોઈક ટોળું નાનાં નાનાં બાળકોને રમાડવામાં તલ્લીન દેખાતું. કેટલાંક કુટુંબો નવા ચૂલા માંડવાની ગડમથલમાં પડેલાં દેખાતાં અને કેટલાંક કુટુંબો નવા નવા જ ફિનિક્સમાં પહોંચેલાં હોઈ હવે અહીં પહોંચ્યે આરામ મળશે કે કેમ એ વાતની ખાતરી મેળવવાને જે કોઈ સામે મળે એને એક જ સવાલ પૂછતાં જણાતાં કે ‘‘અહીંથીયે કોઈ ધકેલવાનું તો નથી ને?’’ અને કોઈ કોઈ ડોશીમા વળી એવી ભીડના સમયમાંયે દાળભાત ચૂલે ચડાવીને ક્યાંકથી છીપરડી ને વાટણિયો મેળવી લઈને લાલ લાલ મરચાંની ચટણી વાટવામાં પરોવાયેલાં નજરે પડતાં.

મને એવી રીતે પોતાની વચ્ચે ટહેલતો જોઈને એ લોકો પણ મારી સાથે વાતે વળગતા. ‘એઈ છોટા બાબા! જરા ઈધર તો આઓ. દેખો ભૈયા, યહ સેર ભર ચાવલ પકાને કે લિયે બરતન તો જરા મિલા દીઓ.’ હું જવાબ આપું: ‘‘માઈ, યહાંસે તો દાલચાવલ મિલતે હૈં. બરતન તો કોઠારમેં હૈ હી નહીં તો દેવે કહાંસે?’’ વળી બીજું કોઈ પૂછે: ‘‘ઓ ભૈયા, યહાં બાગમેં કહીં મિરચ નહીં હૈ?’’ બીજું કોઈ વળી શાતા મેળવવા પૂછે: ‘‘યહાંસે તો વો સોલ્જર લોગ હમકો ઉઠાકર નહીં લે જાયેંગે ન?’’ અને કોઈ ભક્તિભાવે પૂછતા: ‘‘ગાંડી મહારાજકા ઘર કોનસા હૈ? વે કહાં રહેતે થે? ઉનકુ કહાંસે પકડ કર લે ગયે? ગાંડી મહારાજ તુમકુ ક્યા લગતા હૈ? તુમ્હારે માઈબાપુ કૌન હૈ? યે બગીચા કિસકા હૈ?’’ - આ પ્રમાણે એક પછી એક પ્રશ્નોની પરંપરા જ ચાલતી. મને ઝાઝું બોલવું ફાવતું નહીં, એટલે કેવળ હા, ના કે માથું ધુણાવીને હું જવાબ પતાવતો જતો.

એ લોકોના સવાલો જરા ધીમા પડતા એટલે મારો વારો આવતો. પહેલાં જે કહેતાં મને સંકોચ લાગતો એ વાત સંભળાવવાની પછી હું હિંમત કરતો અને કહેતો કે ‘‘જુઓ આ બગીચાને તમે નુકસાન ન પહોંચાડો એ જોવા માટે મારે આંટા મારવા પડે છે. એકેય ફળ ન તોડતા હો!’’ એટલે તેઓ તરત કહે, ‘‘ના, ના, ના, શું અમે એટલુંયે ન સમજીએ? જો આ નાનાં બચ્ચાંઓની ઉપર અમે ખાસ ચોકી રાખીએ છીએ કે તેઓ ખાવાને લોભે એકે ફળ ન તોડે. તારે ગભરાવું નહીં. અમે અહીં જ છીએ. કોઈ નવું આવશે તો તેને પણ અમે

ચેતવીશું.'' હું જતાં જતાં કહી દઉં, ''તમારી મહેરબાની. હવે એ પણ જોજો કે કોઈ પાસે જ દિશાજંગલ જઈ આવી બગાડે નહીં.'' જવાબ મળતો: ''એવો મૂરખનો સરદાર તે કોણ હશે કે આટલાં બધાં માણસ બેઠાં છે ત્યાં દિશાજંગલ જાય? એવો હોય તો તો એને પીટીએ.'' આમ, તેઓ જ મને નચિંત કરતા. અને હું મનમાં રાજી થઈ જતો કે પૂરેપૂરો ડર છતાં ન કોઈ મારા પર ખિજાયું કે ન કોઈએ મને ધમકાવ્યો. મગનકાકાએ મને કહી રાખ્યું હતું કે જો કોઈ ન માને તો મને બોલાવજે, હું આવીને એમને સમજાવીશ. પણ મારે એમને બોલાવવાનો વારો જ ન આવ્યો.

એક વાર જરા તુમાખી મિજાજના બે પીઢ જુવાનો જમરૂખી પરથી કંઈક તોડતા હતા ત્યાં હું જઈ ચડ્યો. મેં એમને તરત જ બૂમ પાડીને કહ્યું: ''યે ક્યા તોડતે હો?'' તેઓ મારા પર ધસી આવ્યા અને મને સામો ઠપકો આપવા લાગ્યા. ''તુમને દેખા? હમને કહાં ફૂલ તોડા હૈ? બચ્ચા હોકર જૂઠ ક્યું બોલતે હો?'' પણ હું કંઈ બોલું એ પહેલાં તો મારો એક દોસ્ત થઈ ગયેલો હડતાળિયો મારી મદદે આવી પહોંચ્યો અને એણે પેલાને ધમકાવી જ કાઢ્યો કે ''તું ત્યાં આગળ ગયો જ શા માટે? તારે અમારી બધાની લાજઆબરૂ ગુમાવવી છે? ગાંધી રાજાના બગીચામાં ચોરી કરતાં શરમાતો નથી?'' દરમિયાન બીજા પણ આવી પહોંચ્યા અને પેલા કઠોર ચહેરાના તુમાખીઓને ઘેરી લીધા. એ નરમ તો પડ્યા જ નહીં, પણ મારે પછી કંઈ કરવાપણું રહ્યું ન હતું.

દિવસો વીતતા ગયા તેમ તેમ હવે હડતાળિયાઓનું આગમન અમને હેરત પમાડનારું ન રહ્યું. બલ્કે જો કોઈ દિવસ સેંકડો માણસો નવાં ન આવે તો એ અમને નવાઈનો દિવસ થઈ પડતો. સીધાંની ચિઠ્ઠી પરથી મગનકાકા રોજ અટકળ બાંધતા અને કહેતા કે ''આજે સાતસો માણસો વધ્યાં.... આજે હજાર આવ્યાં.... આજે નવા આવનારનો આંકડો દોઢ હજારથી ઓછો નહીં હોય.'' ફકીરાભાઈનો અને મારો કાર્યક્રમ પણ એવો ગોઠવાઈ ગયો હતો કે માણસો રાતે બમણા ને દીએ ચોગણા થતા ગયા તોપણ ધાંધલ વધી નહીં. અંધારાં ઊડતાંની સાથે રોજ પંખીની પેઠે સવારે મારું ફરવાનું શરૂ થતું અને અંધારાં ઊતરી આવતા સુધીમાં આ મહેમાનોની અનેક પ્રદક્ષિણા હું કરી આવતો. એ ઉપરાંત બપોરના બેઅઢી કલાક છાપખાનામાં પહોંચી બહાર જનારી ટપાલને ટિકિટો ચોડવાનું અને પાર્સલો બાંધવાનું મારું નિત્યનું કામ પણ કરી આવતો. સાંજ પડ્યે અમે વાતો કરતા કે, ''આટલા બધા ગિરમીટિયાઓ કામ છોડીને ચાલ્યા આવે છે એ બહુ સારું થાય છે. આ ગોરા પ્લૅન્ટરો(જમીનદારો)ના બધા 'ધમોલા' (ચીનીનાં કારખાનાં) બંધ થઈ જાય તો લહેર પડે. એમના જેવા પાપીઓને ત્યાં શા સારુ

એક પણ હિંદી કામ કરતો હશે? એકેએક ગિરમીટિયાએ નીકળી આવવું જોઈએ.'' પાંચ કે ઓછાં વરસનો પટ્ટો લખી આપનાર મજૂરને 'ગિરમીટિયા' કહેતા એ આ પહેલાંના પ્રકરણમાં આવી ગયું છે. માઉન્ટેજકંબનો ધમોલો, વેરૂલમનો ધમોલો, ટોંગાટનો ધમોલો, સ્ટૅંગરનો ધમોલો એમ ફિનિક્સથી ત્રીસ-ચાળીસ માઈલ જેટલે દૂર સુધી એક પછી એક ધમોલાની હાર લાગી હતી. એ દરેક ધમોલો પાંચસાત માઈલ જેટલી પહોળાઈમાં પથરાયેલો હતો. શેરડીના વાવેતરથી માંડી ખાંડ તૈયાર કરવા સુધીનું બધું કામ એમાં ચાલતું. એ દરેકના ગોરા માલિકની એટલી બધી ધાક હતી કે દૂર દૂરથી એનું નામ સાંભળીને બિચારાં ગિરમીટિયાં સ્ત્રીપુરુષો કબૂરતની પેઠે ફફડી ઊઠતાં; એવા જુલમગારોને સીધા કરી દેવાનો આજે બેત રચાયો હતો તે અધૂરો ન રહે, આપણા લોકો પૂરેપૂરા મક્કમ રહે એની અમને ટીનકાઓને પણ ભારે હોંશ હતી. એટલે માણસોનો જુવાળ હજુ બમણો વધે એ વાતની ઉત્કંઠા અમને બહુ જ રહેતી.

પણ એટલાં બધાં માણસોના ખોરાકનું શું? બેઠે બેઠે ખવડાવવું કેવી રીતે? એ કોયડો દિવસે દિવસે મૂંઝવી મૂકનારો બનતો જતો હતો. પરંતુ અમને બાળકોને એ વાતની ચિંતા શાની હોય? અમને તો તમાશા જોવાનો આનંદ હતો. પણ મગનકાકાને માથે અપાર ચિંતા હતી. સ્ટેશનેથી ઉપરાઉપરી દાળ, ચોખા, લોટ ને ખાંડની ગૂણો આવી પહોંચતી, પણ થોડા કલાક થાય ત્યાં ફકીરાભાઈની ચેતવણી મળી જતી કે સીધું ખૂટ્યું છે, હવે ચિઠ્ઠીઓ ન કાઢશો. એ આખો મામલો વસમો હતો.

એવામાં વાત આવી પહોંચી કે ડરબનમાં હિંદીઓની એક ગંજાવર સભા મળી છે અને મારિત્સબર્ગ તથા ડરબનના હિંદુમુસલમાન વેપારીઓએ ઢગલેઢગલા ગૂણો અનાજ કાઢી આપ્યું છે. સાથે સાથે એમ પણ સાંભળ્યું કે આ બધી વાતની ખબર હિંદુસ્તાન પહોંચી છે એટલે ગોખલેજીના લાંબા લાંબા તારો આવે છે ને તેઓ પણ ખોરાકી મોકલાવવાના છે.

છાપખાનાના મંડળમાં ઉપર પ્રમાણેની ચર્ચા સાંભળ્યે ચારપાંચ ટંક વીત્યા હશે ત્યાં એક સાંજે છ ખચ્ચર જોડેલું નાતાલની ઢબનું દાણાની ગૂણોનું ભરેલું એક વિશાળ ગાડું ડરબનથી આવ્યું. એ ગાડા સાથે બેચાર જણ હતા. તેમાં સૌથી મોખરે હતા રુસ્તમજીકાકાના નાના દીકરા સોરાબજી. ગાડું આવી પહોંચતાંમાં તો હડતાળિયાનાં ટોળેટોળાં તેને ઘેરી વળ્યાં. ગૂણો ખોલીને માપ ભરીભરી સોરાબજીએ લોકોને સીધું આપવા માંડ્યું. કલાકેક આપ્યા પછી તેઓ થાક્યા અને હજુ એમને માઉન્ટેજકંબના ધમોલા પર તે ને તે દિવસે પહોંચવું હતું, એટલે કોઠાર માટે થોડી ગૂણો ઉતારી તેમણે ખચ્ચરગાડું હાંકી મૂક્યું.

ફકીરાભાઈએ એમને થોડી વધુ ગૂણો મૂકતાં જવાનું કહ્યું તો સોરાબજી ગરજી ઊઠ્યા: ''તમને ખબર છે હજુ આગળ કેટકેટલા લોકો ભૂખ્યા પડ્યા છે તે? અહીં તો તમેયે છો; પણ ત્યાં એમનો ભાવ પૂછનારે કોઈ નથી. અત્યારે તો જેમતેમ નભાવો. અમે ત્રણચાર દિવસમાં ફરી પાછા આ ગાડું ભરીને ફેરો કરી જઈશું. હાલ તુરત તો પૈસાની ભારે મારામારી છે. દેશથી આવશે ત્યારે થશે.'' હાંફતા સોરાબજીનાં જુસ્સાભર્યાં વચનો આગળ ફકીરાભાઈ ચૂપ થઈ ગયા.

સોરાબજીના હાવભાવ જોઈ મને કલ્પના આવી કે ફિનિક્સની બહાર બહુ ભારે ધાંધલ ચાલતી હોવી જોઈએ. અહીં તો શાંતિ છે, પણ બહાર આ ડરબનવાળાઓને કેટલું બધું કામ કરવું પડતું હશે? અહીંના કરતાં કેટલા બધા વધુ હડતાળિયાઓ ભૂખે પીડાતા હશે!

સાધારણ રીતે સોરાબજી એમના પિતા રુસ્તમજીકાકા જેવા ધમપછાડિયા ન હતા. મેં એમને ડરબનમાં હંમેશાં શાંત અને વિનોદી જોયેલા. ફિનિક્સ પણ જ્યારે જ્યારે તેઓ આવતા ત્યારે ત્યારે પોતે લહેર કરતા ને અમને કરાવતા. અમારા બગીચાનાં સારામાં સારાં ફળો ચાખ્યા વિના પગ વાળીને તેઓ ન બેસતા અને મગનકાકાના રંગબેરંગી ગુલાબના છોડોમાંથી ઉત્તમ ગુલાબ ચૂંટી લાવવાને મને દોડાવતા. પણ આ વેળા તો હું એમની સાથે થોડું બોલવા ગયો તો એમણે મને દાદ જ ન દીધી. જાણે રુસ્તમજીકાકા પોતે જ પગ પછાડતા આવ્યા હોય અને જે હડફેટે આવે તેને ધમકાવતા પાછા ફર્યા હોય એવી રીતે શાંત સોરાબજી તે દિવસે વાવાઝોડાની પેઠે ફિનિક્સ આવ્યા ને પોતાનું ખચ્ચરગાડું ધણધણાવતા વાવાઝોડા વેગે પાછા ચાલ્યા ગયા!

એ સમયે તો મને ખબર ન હતી, પણ જ્યારે પૂજ્ય બાપુજીએ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસમાં સોરાબજીની બહાદુરીનો પ્રસંગ લખ્યો ત્યારે મારા બાળચિત્ત પર પડેલી તે દિવસના એમના પ્રતાપી ચહેરાની છાપનું સ્મરણ મને વધુ પ્રિય બન્યું. એ પ્રસંગ તે એ કે વેરૂલમ તરફના એક ધમોલા પર હડતાળિયાઓને કામ પર પાછા મોકલવા માટે ગોરી પલટન ગોળી ચલાવવાની અણી ઉપર હતી ત્યારે છાતીધડા સોરાબજી વચ્ચે કૂદી પડ્યા ને કપ્તાનના ઘોડાની લગામ ઝાલી લઈ સેંકડો હિંદી ભાઈઓનો એમણે જીવ બચાવ્યો. એ કાળે સોરાબજીની ઉંમર અઢારેક વરસની હતી એમ બાપુજીએ લખ્યું છે. જોકે મને તેઓ એથી વધુ મોટા હતા એમ યાદ રહી ગયું છે. કદાચ એમના ભરાવદાર શરીરને લીધે તેઓ મને મોટા લાગ્યા હશે.

## ૧૯
## શ્રી સૂર્ઝાઈ

નિત્યનિયમ પ્રમાણે એક દિવસ બપોરે ફિનિક્સના છાપખાનામાં તૈયાર થયેલી ટપાલને ટિકિટો લગાડવામાં હું ગૂંથાયો હતો. દૂર દૂરના હડતાળિયાઓ મોટી સંખ્યામાં આવી ચૂક્યા હતા અને બહુ નવા આવનારા હવે ન હતા. એમના સ્વાગતનું કામ કંઈક હળવું પડ્યું હતું, એટલે બહારની ધાંધલ તરફ મારા મનમાં થોડીક બેપરવાઈ આવી ગઈ હતી. એટલામાં છાપખાનાના મધ્ય ભાગમાં છોટમનો તીક્ષ્ણ સ્વર સંભળાયો: ‘‘મગનલાલકાકા! એ મગનલાલકાકા! આપણા ઘર આગળ એક માણસ આવ્યો છે. એ પૂરું ચાલીયે નથી શકતો. એનો એક હાથ અક્કડ રહી ગયો છે. એની બાયડી એને ઝાલીને ચલાવે છે અને થોડી થોડી વારે એ રોઈ પડે છે. એ માણસનું મોઢું બહુ ખરાબ છે.’’ છોટમના બીજા બાળસાથીઓએ પણ એને ટેકો આપ્યો: ‘‘અમે એને પૂછ્યું, પણ કંઈ સમજાતું જ નથી. એની બાયડી સાવ રડતાં રડતાં જ બોલે છે. એ માણસ જેમ ચાલી નથી શકતો તેમ બોલી પણ નથી શકતો. એ માણસ ઘરમાં આવીને બેઠો છે. અમે એને બીજા બધા હડતાળિયાઓ જોડે જઈને બેસવા કહ્યું તોયે એ ઊઠતો જ નથી. શેઠને મળવું છે એટલું ફરી ફરીને કહ્યા કરે છે.’’

છોટમ વગેરેની વાત સાંભળી લઈ મગનકાકાએ છોકરાઓને એની મશ્કરી ન કરવાનું સૂચવ્યું અને એને સારી જગ્યાએ બેસાડવાનું કહી એમને પાછા મોકલી દીધા. સાંજે છાપખાનાનું કામ પતાવીને તુરત અમે બધા એ માણસ પાસે પહોંચ્યા. મગનકાકાએ એને પૂછપરછ કરવા માંડી ત્યારે દેવદાસકાકા અને અમે બાળકો એને ઘેરી વળ્યા. મહામહેનતે થરથરતે અવાજે એ માણસે પોતાનું નામ ઉચ્ચાર્યું: ‘સૂર્ઝાઈ’, અને પછી એ કંઈ વધુ બોલ્યો જ નહીં. સફાળો મગનકાકાના પગ પાસે આવી ઊભો, પોતાનું ફાટેલું પહેરણ પીઠ પરથી ખેંચી લઈ વાંકો નમ્યો અને બોલ્યો: ‘દેખો મહારાજ.’

અમારી બધાની આંખ ફાટી રહી. આખા બરડા પર આંગળ આંગળને છેટે ચામડીમાં ગોળ-લાંબા સહેજ ત્રાંસા પટ્ટા પડ્યા હતા. દાઝવાથી ઊપડી આવેલા ફોલ્લા સમા એ દેખાતા હતા. વચ્ચે વચ્ચે અનેક જગ્યાએ ચામડી ચિરાઈ ગઈ હતી અને માંસના લાલ લોચા નજરે પડતા હતા.

‘યહ ક્યા હુવા?’ મગનકાકાએ પૂછ્યું.

‘સા’બને શેંબક મારા હૈ.’ સૂર્ઝાઈએ જવાબ આપ્યો. ગેંડાના ચામડાના કોરડાને - હંટરને - ત્યાં શેંબક કહેતા.

‘ઈતના બહોત મારા?’

'વહ તો ઔર મારતા, હમારે લોગ બીચમેં ન આયે હોતે તો.'

સૂર્ઝાઈ ઝાઝું બોલ્યો નહીં. એણે તો માર ખાધો ને મૂંગે મોઢે જ સહન કર્યો. અમને જોનારને એની પીઠ જોઈ જે ઉકળાટ થયો હતો એ એના વાક્યમાં ન હતો. એની વાતમાં એવી ટાઢક હતી અને ચહેરા પરથી એવો ભાવ નીતરતો હતો કે 'એ મારનાર ઘાતકી લોકો છે. તેમણે આવું કર્યું એમાં નવાઈ શી?' છેવટે એ એટલું જ બોલ્યો: 'ઉસને મારા ઉસમેં કુછ નહીં; લેકિન દૂસરા કોઈ ઉસકે હાથ ન આયા તબ મુજ બીમાર કો પીટા; ઈસમેં કૌનસી બહાદુરી કી?'

પણ સૂર્ઝાઈની સ્ત્રીમાં સૂર્ઝાઈની સહનશીલતા ને ઠંડક ક્યાંથી હોય? એને પોતાને માર પડ્યો હોત તો કદાચ એને એટલું ન લાગત; પણ પોતાના પતિની એ દશા એનાથી શી રીતે જોઈ જાય? એ ખૂબ રોતી ને કકળતી રહી. જાણે એના હૈયાના બે ટુકડા થઈ જતા હતા. એ ફરી ફરીને સિધ્ધ કરવા મથતી હતી કે વગર વાંકે આ માર પડ્યો છે. એ કહે: ''મારા પતિનો આમાં કંઈ દોષ ન હતો. એ મુદ્દલ સામે થયો ન હતો. માંદગીને લીધે એ ત્રણચાર દિવસથી કામે ચડી શક્યો ન હતો. એ ભાગી શક્યો હોત તો આ માર ન પડત.''

એ બાઈનો વલોપાત અને સૂર્ઝાઈની પીઠ પરના સોળ જોઈને અમને અમારી ચામડી ચિરાઈ ગઈ હોય એવી વેદના થઈ. અમે ટીનકાઓ પણ મનમાં ને મનમાં બળી ઊઠ્યા: ''આ તે શો જુલમ! ગોરા સાહેબ થયા એટલે શું આટલો કેર વર્તાવે? આપણા લોકો કામ કરવાની ના પાડે તો શું મારીને કામ લેવાનું હોય?''

મગનકાકા પણ થોડી વાર દિગ્મૂઢ બની એ ત્રાસ જોતા ને સાંભળતા ઊભા રહ્યા. પછી એને આશ્વાસનનાં વેણ કહી મગનકાકાએ અમારી નિશાળના એક ઓરડામાં એમને રહેઠાણ અપાવ્યું. એ સાંજે અંધારું થતાં સુધી અમે અનેક વાર સૂર્ઝાઈનું દર્શન કરવા ગયા. અમારી બીજી રમતો ભુલાઈ ગઈ.

બીજા બધા હડતાળિયાઓના ગયા પછી પણ કેટલાક દિવસ સુધી સૂર્ઝાઈ ફિનિક્સમાં રહ્યો. દિવસોના દિવસ વીતવા છતાં એની સ્ત્રીનો ઉદ્વેગ શમતો ન હતો અને સૂર્ઝાઈ પોતે તો જાણે મુનિ જ બની ગયો હતો. અમે ગમે એટલા એને ઘેરી વળીએ અને વારે વારે એના ઊપસેલા સોળને તપાસીએ તોપણ એ કશું ન બોલતો. પોતાની આપદા બાબત એ હોઠ સુધ્ધાં ન ફફડાવતો. ઊલટું મને એવું યાદ છે કે એની પત્ની જે કકળાટ કરતી એથી એ અકળાઈ ઊઠતો અને વીતેલાં વીતકો વિશે શાંત રહેવાનો ઈશારો કરતો જણાતો.

મારું બાલમાનસ રહ્યું, એટલે સાંભળેલી વાર્તાઓને તાદશ જોવાની પ્રવૃત્તિ મનમાં ચાલ્યા જ કરે. અમારી નિશાળના જે ઓરડામાં સૂર્ઝાઈને ઉતારો મળ્યો

હતો એ ઓરડા સાથે મારા મનમાં કાચબા ને કાચબીની વાર્તા જડાઈ ગઈ હતી. ભોજા ભગતનું પેલું ભજન -

કાચબો ને કાચબી જળમાં રહેતાં, હતાં હરિનાં દાસ,
દર્શન કારણ બારણે નીસર્યાં રાખીને વિશ્વાસ.

ફિનિક્સની પ્રાર્થનામાં વારે વારે ગવાતું અને એનો અર્થ અમે નિશાળના એ ઓરડામાં શીખતા. સૂર્ઝાઈ અને એની પત્ની એ ઓરડામાં વસ્યાં ત્યારથી કાચબા કાચબીની વિડંબનાનું અને સૂર્ઝાઈની વિડંબનાનું ચિત્ર એકસાથે મારાં કલ્પનાચક્ષુ સામે ખડાં થાય છે ને નીચેની કડીનો ઘોષ કાનમાં ગુંજી ઊઠે છે:

બળતી હોય તો બેસને મારી પીઠ પર રાખું પ્રાણ,
નિંદા કરે છે નાથની એ તો લાગે છે મુજને બાણ;
ચિંતા મેલી શરણે આવો,
મરવા તુને નહીં દે માવો.

સત્યાગ્રાની એ લડતનો અંત આવ્યો ત્યારે સૂર્ઝાઈનો કિસ્સો પણ ઠીક ચર્ચાયો. ગોરા પ્લૅન્ટરોએ પોતાનો બચાવ એ કિસ્સામાં શી રીતે કર્યો એની મને જાણ નથી છતાં જ્યારે જ્યારે સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ દરમિયાન સામે મોંએ જઈને ઝીલી લેવાની રિબામણીની ચર્ચા ચાલે છે ત્યારે ત્યારે, હજીયે, મરતાં સુધી રિબાઈ રહેલા છતાં ખમતીધર એ સૂર્ઝાઈનું સ્મરણ થયા વિના નથી રહેતું. સત્યાગ્રહના એ મૂક શહીદના મનમાં શા ભાવ ઊઠતા હતા એ તો રામ જાણે. એનું શરીર છૂટ્યું, પણ એ મરીને જીવી ગયો. એ અજ્ઞાત અભણ વ્યક્તિ અંધારામાં વિલીન થઈ ગઈ પણ પોતાની પાછળ અજવાળાં પાથરતી ગઈ.

હવે ફરી વાર હડતાળિયાઓની વાત પર આવું. હડતાળિયાઓમાંથી સૂર્ઝાઈ સિવાયના બીજા કોઈનું વ્યક્તિગત સ્મરણ આજે મને નથી. એ સમયે પણ એ પરિચય આખા સમૂહનો હતો. કેવળ સૂર્ઝાઈ જ અમારે મન ફિનિક્સવાસી બની ગયો હતો; બીજા મહેમાન સમા હતા.

જેમ જેમ ફિનિક્સ હડતાળિયાઓનું આશ્રયસ્થાન બનતું ગયું તેમ તેમ એના પર સરકારની કપરી નજર ઊતરવાનો ભય વધતો ગયો. મગનકાકા પકડાશે, મિ. વેસ્ટ પણ પકડાશે, અને કદાચ દેવીબહેન પણ પકડાઈ જશે એવી વાતો રાત ને દિવસ થવા લાગી. આ વાતો સાંભળીને મને મજા પડતી. મને થતું કે આ મોટાઓ પકડાઈ જશે અને છતાં પણ હડતાળિયાઓ અહીં આવ્યા જ કરશે તો પછી સરકાર કોને પકડશે? પછી તો દેવદાસકાકાનો ને મારો વારો જ આવવાનો! કેવી મજા પડશે! અમે પણ પકડાઈશું!

એક રાતે અમે મગનકાકાને કહ્યું: ‘‘તમે પકડાઈ જાઓ પછી અમે મોટાં મોટાં બાળક જ રહ્યાં હોત તો સારું થાત. તમારા જતાં આ નાનાંઓ તો રોશે ને રાધાબહેન તો બહુ જ રોશે.’’ મગનકાકાએ અમને હિંમત આપી અને બોલ્યા: ‘‘એ તો બે’ક દિવસ રડશે. ને પછી તમારે બીજું કામ પણ શું હશે? તમે બધાં ભેગાં થઈ ખૂબ રમજો એટલે એ ભૂલી જશે. મિસિસ સેમને ત્યાં જજો. એ તમને ગમ્મત કરાવશે, છાપવાનું કામ તો મારી હાજરી હોવાને લીધે ચાલે છે. હું નહીં હોઉં એટલે તમારે પ્રેસને તો તાળાં જ વાસી દેવાનાં છે. ફિનિક્સમાં એકલાં બાળકો જ રહ્યાં હોય ત્યારે છાપાંની આશા જ કોણ રાખે? તમારે તમારું સંભાળવું. બગીચામાં થાય તે કામ કરવું અને પોતાની મેળે ભણાય એટલું ભણવું. ગણિત અને કાવ્યદોહનનું વાચન તો પોતાની મેળે કરી જ શકો છો. મારા ગયા પછી ડરબનથી, મારિત્સબર્ગથી લોકો આવશે, તમારી દયા ખાશે, તમને પોતાની સાથે ડરબન લઈ જવાનો આગ્રહ કરશે, પણ તમે ન જતા. કહી દેજો કે ‘અમને અહીં જ ગમે; શહેરમાં ન ગમે. અમે ત્યાં આવીએ તો આ બગીચો ઊજડી જાય. અમે એકલા ડરતા નથી.’ ગમે તે આવીને છાપું ચલાવવાની વાત કરે તોપણ તમે એને ના પાડી દેજો. છાપું બંધ થવાની જાણ હિંદુસ્તાન સુધી પહોંચશે અને ત્યાંથી ગોખલેજી ફિનિક્સની સંભાળ લેશે.’’

મગનકાકાએ એ પ્રમાણે અમને પૂરા તૈયાર કરી દીધા. અને એમના પકડાવા બાબતની અમારી ઉત્સુકતા વધતી ગઈ. એક પછી એક દિવસો વીતવા લાગ્યા, પણ ન એમનું વૉરંટ આવ્યું કે ન કંઈ પકડવાનાં ચિહ્ન જણાયાં. અમારે કાને એટલી વાત આવી કે ફિનિક્સ આશ્રમની બાજુના વૉટલ્સ(વિલાયતી બાવળ)ની ઝાડીમાં અને શેરડીનાં વાવેતરોમાં પોલીસ ખૂબ ફરવા માંડી છે. આ વાતોને આધારે અમે માનવા લાગ્યા કે હવે હુમલો કલાક વારમાં આવશે, અથવા ત્રણચાર કલાક પછી આવશે, સાંજે આવશે; પણ એમ કરતાં સાતઆઠ દિવસ નીકળી ગયા અને અમે મગનકાકાના પકડાવાની આશા મૂકી દીધી.

એવામાં એક મંગળવારે સવારે મગનકાકાએ મને કહ્યું: ‘આજ રાતે પાછા હજારેક નવા હડતાળિયાઓ આવ્યા છે. છાપાનો દિવસ છે ને કામ બહુ છે. એટલે તું આ વંદા નાખી આવ.’ અમારા ઘરમાં ધોળા ને રાતા વંદા બહુ થઈ પડેલા. ચોપડીઓનું એ બહુ નિકંદન કાઢતા. એમને પકડવા માટે રાત્રે સાંકડા મોઢાની ઉઘાડી શીશી ભીંતે ટેકવીને મૂકી રાખવામાં આવતી. એમાં સવાર પડ્યે પચાસ પોણોસો જેટલા વંદા સપડાઈ જતા અને ખદબદી રહેતા. વખત મળ્યે મગનકાકા એ વંદાઓને દૂર જંગલમાં નાખવા જતા અને એ બહાને થોડુંક ફરી આવતા. પણ એમને સમયની ભીડ પડતી ત્યારે એ કામ મારે કરવાનું રહેતું.

વૉટલ્સના જંગલમાં અરધા માઈલથીયે વધુ દૂર હું વંદા નાખવા ગયો, ત્યાં મને એક વિચિત્ર અવાજ સંભળાયો. કાન દઈને સાંભળ્યા પછી એ મોટરસાઈકલ હોવાની મેં અટકળ કરી, કેમ કે ડરબનમાં જોયેલી મોટરસાઈકલના અવાજને મળતો જ એ અવાજ લાગતો હતો. એવામાં તો, જે ટેકરીની તળેટીમાં હું વંદા ઠાલવી રહ્યો હતો તેને મથાળે જ એ સાઈકલ આવેલી ભાસી. આટલાં વરસમાં ફિનિક્સમાં કદી આવો અવાજ સંભળાયો ન હતો એટલે મગનકાકા માટેનું વૉરંટ લઈને આવતા કોઈ સોલ્જનરની મેં કલ્પના કરી. બીજું કંઈ કારણ હોઈ શકે એમ મને ન લાગ્યું. હું એકલો હતો તોપણ મારાથી મનમાં ને મનમાં મલકાઈ દેવાયું. મગનકાકાને પકડવા આવતા સોલ્જરને હું જ પહેલો ભેટીશ એ ખ્યાલ આવતાં હું હરખાઈ ઊઠ્યો. પાછા ઘેર પહોંચવાની ઉતાવળ હતી. પણ એ શું છે એનો પત્તો મેળવ્યા વિના મારો પગ ઘર તરફ કેમ ઊપડે? મોટરસાઈકલ હમણાં દેખા દેશે એ આશાએ થોડી મિનિટો સુધી ટેકરીને મથાળેથી નીચે આવતા રસ્તા તરફ હું મીટ માંડી રહ્યો. પણ એટલામાં એ અવાજ દૂર જતો જણાયો. હવે તો એ મોટરસાઈકલ સોલ્જરની હોવાની મારી શંકા દૃઢ થઈ. ખરું જાણવા હું ટેકરી પર ચડવા લાગ્યો અને ઝડપભેર ચડતો અર્ધેક પહોંચ્યો ત્યાં તો પાછો સાઈકલનો અવાજ મારી પાસે આવતો જણાયો, એટલે હું ઊભો રહ્યો. પણ ટેકરીના મથાળા સુધી અવાજ આવીને વળી પાછો એ દૂર જતો જણાયો. આ પ્રમાણે હું ઉપર ચડ્યો ત્યાર સુધીમાં ત્રણેક વાર મોટરસાઈકલે આવજા કરી એમ મને લાગ્યું. પણ હું ઉપર પહોંચ્યો ત્યારે તેના ટાયરના પડેલા ચીલા સિવાય બીજું કંઈ મારી નજરે ન પડ્યું. આસપાસ ઝાડીમાં પણ હું ખોળી વળ્યો પણ કશો ઓછાયોયે ન જણાયો. મોડું થતું હોવાથી હું ઘેર જવાને પાછો વળ્યો.

આવીને મેં દેવદાસકાકાને ખુશખબર આપ્યા કે ‘આજે મગનકાકા પકડાવાના છે’ અને પછી સાઈકલવાળી વાત સંભળાવી. તેઓ મારા મતને મળતા થયા અને અમે બંનેએ જઈને મગનકાકાને એ વાત કરી. તેમને પણ અમારો તર્ક સાચો લાગ્યો અને બોલ્યા: ‘ચાલો ત્યારે, આજનો મંગળવાર છેલ્લો છે; છાપાનું કામ વહેલું પતાવી નાખીએ.’

એટલું કહીને મને ફિનિક્સ આશ્રમમાં રોન ફરવા મોકલી તેઓ દેવદાસકાકાને સાથે લઈ છાપખાનામાં ગયા.

## ૨૦
## હડતાળિયાઓની વિદાય

મગનકાકાનું વૉરંટ આવી રહ્યું છે એ વિશ્વાસ હરઘડી વધવા લાગ્યો. દેવદાસકાકા ને મગનકાકા પણ વૉરંટને ભરોસે પ્રેસનું કામ ઉકેલવામાં એટલા બધા મશગૂલ હતા કે તેમણે સાંજ સુધી બહાર ડોકિયું સુધ્ધાં ન કર્યું. આશ્રમને ચારે સીમાડે અને બગીચા તેમ જ ઘરોમાં દોઢ દોઢ બબ્બે કલાકે મારી પ્રદક્ષિણા ચાલુ હતી.

લોકોનાં નાનાંમોટાં ટોળાં ખૂણેખૂણે અહીંથી તહીં આઘાંપાછાં થયે જતાં હતાં. ઘણા હડતાળિયાઓ હજુ નવા આવી રહ્યા હતા, પણ કોણ નવું, કોણ જૂનું એ પરખાતું ન હતું. સઘળે જ બેચેની ફેલાયેલી હતી. નવા આવનારાઓએ બધાને ડરાવી મૂક્યા હતા. રોજની જેમ લોકોના ચહેરા પર આજે ધૈર્ય કે ઉત્સાહનો ચોખ્ખો અભાવ હતો. રોટલા કરી ખાવામાંયે જાણે તેમનું ધ્યાન ન હતું.

'સોમવાર સુધીમાં પાછા કોઠીમાં નહીં જઈએ અને કામે નહીં ચડીએ તો આપણા બેહાલ થવાના છે. રવિવારે આખી રાત ઘંટ વાગશે. એ સાંભળ્યા છતાં આપણે નહીં જઈએ તો આપણને પકડીને લઈ જશે. સોલ્જરો આવશે ને દંડા મારી મારીને લઈ જશે' એવી એવી વાતો એમનામાં ફેલાઈ ગઈ હતી.

નવદસ વાગ્યાને શુમારે કેટલાક હડતાળિયાઓ બાવરા બાવરા બની જઈ દોડતા દોડતા પ્રેસમાં ધસી આવ્યા અને પૂછવા લાગ્યા 'અબ ક્યા હોગા? પુલીસ હમેં પકડને આઈ હૈ.' તેમનામાંના જ એકબે સમજુ ને ધીરજવાળા બોલ્યા: 'હોગા ક્યા? જબ આવેંગે, દેખેંગે. યહ ઉસકા ઘર નહીં હૈ; ગાંડી મહારાજકા ઘર હૈ.'

મગનકાકાએ મને જોવા મોકલ્યો કે પોલીસ ક્યાંયે છે ખરી? હું તપાસતો, લોકોને પૂછતો, બધા રસ્તાઓ દૂર સુધી જોઈ આવ્યો. લોકો ઘોડેસવાર જોયાનું કહેતા હતા પણ મને કોઈ મળ્યો નહીં. જે તરફ લોકો બતાવતા એ તરફ હું જાઉં કે તરત તે વખતની મોટરસાઈકલની જેમ પોલીસ અદૃશ્ય થઈ જતી. છેવટે સ્ટેશનને રસ્તે હબસી પોલીસને મેં જોયો. આખા શરીરે કાળાં કપડાં, માથે ત્રાંસી કાળી ટોપી, ગોઠણથી નીચે પગ સાવ ઉઘાડા, હાથમાં એક ભાલું ને તેલ કે ચરબી લગાવેલી હોવાથી શરીર કાળા નાગ જેવું ચકચકતું. એવા પોલીસો મેં ફિનિક્સથી પસાર થતા કેટલીયે વાર જોયેલા, એટલે મેં એનું આગમન સાધારણ જ માન્યું. પણ પ્રેસમાં પહોંચતાં સુધીમાં એક પછી એક એવા ત્રણ જણ નજરે પડ્યા. એટલે મેં અટકળ બાંધી કે એ લોકો ગોરા સોલ્જરોના મોકલ્યા જ ફરે છે

ને તપાસ ચલાવે છે. મેં જોયું કે તેઓ હડતાળિયાઓનાં જ ટોળાંની ગતિવિધિ ધારી ધારીને તપાસતા હતા. મેં જઈને મગનકાકા પાસે બધી વાત રજૂ કરી. મગનકાકાએ પ્રેસના ઊમરામાં ઊભા રહી હડતાળિયાઓને કહ્યું: 'કંઈ ગભરાવા જેવું નથી. પોલીસ તો ફરતી રહે. એ કાળી પોલીસ તમને નહીં કનડે. તમારે એની સામે આંગળીયે ન ઉઠાવવી. ભલે એને જોવું હોય તે જુએ.'

કલાક વાર હોહા શાંત રહી પણ ફરી પાછી એની એ વાત, એનો એ ભય અને મારી તપાસનું એનું એ પરિણામ.

નમતે પહોરે હડતાળિયાઓનું એક નવું ટોળું છાપખાનામાં આવી પહોંચ્યું. એમની સાથેની સ્ત્રીઓને આશરા માટે છાંયડાની જરૂર હતી. દિવસ સખત તડકાનો હતો. મગનકાકાની સૂચના પ્રમાણે હું એ નવા આગંતુકો માટે જગ્યા ખોળવા બહાર નીકળ્યો ત્યાં રસભર્યું દૃશ્ય મારી નજરે પડ્યું.

પ્રેસના નાળાની ઝાડીની પેલી મેરથી સાતઆઠ ઘોડા અને તે ઉપર બેઠેલા કદાવર શરીરના ગોરા સોલ્જરો પ્રેસ તરફ આવી રહેલા દેખાતા હતા, અને રસ્તાના વળાંકની પાછળથી નવા નવા ઘોડેસવારો પ્રગટ થતા જઈ, ઘોડેસવારની એ હાર વધ્યે જતી હતી. પ્રેસનાં પગથિયાં ઊતરી હું પાંચેક ડગલાં ચાલ્યો હોઈશ ત્યાં મોખરાનો ઘોડેસવાર નાળા ઉપરનો લાકડાનો પાટડો ઓળંગી આવી મારી સામે ઊભો. એણે શરીર પર ચામડાના બે આડા પટ્ટા બાંધ્યા હતા. કમરના તેમ જ ખભાના આ બંને પટ્ટાઓ પર કારતૂસો લાદેલી હતી અને તેના એક હાથમાં બંદૂક હતી. એ ખૂબ શોભતો હતો. તેની પાછળ બીજો સોલ્જર, જે કદે જરા નાનો હતો, તેણે પણ પહેલાના જેવા જ ઠાઠથી કારતૂસોના ત્રણ પટ્ટા બાંધ્યા હતા. તેમની પાછળના સોલ્જરો પાસે કેવળ લાંબા ધોકા હતા. મોખરાના સોલ્જરે મને આંગળીના ઈશારા વડે પાસે બોલાવી પૂછ્યું: 'મિ. ગાંધી ક્યાં છે?'

'કેમ?'

'મારે એને મળવું છે.'

'મિ. ગાંધી અહીં ક્યાં છે? તેઓ તો જેલમાં છે!'

એનો ચહેરો ગંભીર હતો ને અવાજ ઘોઘરો હતો. જાણે વાત કરતાંયે ધુરકાવતો ન હોય! બધી વાત અંગ્રેજીમાં જ થઈ. મારું બોદું અંગ્રેજી પણ એ સમજતો હતો. મેં જ્યારે કહ્યું કે 'મિ. ગાંધી જેલમાં છે' ત્યારે એનું ગાંભીર્ય ઓસરી ગયું ને તે મૂછમાં મલકાઈ પડ્યો. એની પાછળના બીજા ઘોડેસવારે મને ફોડ પાડીને સમજાવ્યું 'નહીં, મિ. એમ. કે. ગાંધી નહીં; મિ. મગનલાલ કે. ગાંધી. તેઓ તો અહીં જ છે ને?'

'હા, એ પ્રેસમાં રહ્યા.' મેં કહ્યું.

'શું કરે છે?' તેણે પૂછ્યું.

'કામ કરે છે.'

'જા, એમને જઈને કહે કે લેફ્ટેનન્ટ ને કૅપ્ટન આવ્યા છે ને તમને મળવા માગે છે.'

તેમણે સીધા પ્રેસમાં દાખલ ન થવાનો વિનય કર્યો એ મને સારું લાગ્યું. અર્ધા આશ્ચર્યમાં ને અર્ધા હરખમાં હું મગનકાકા ને દેવદાસકાકા પાસે પહોંચ્યો ને કહ્યું: 'સોલ્જરોની લાંબી પલટન આવી છે. મિ. વેસ્ટના ઘરના તરફનો આખો રસ્તો ભરાઈ ગયો છે. અને તમને બોલાવે છે. વૉરંટ લઈને આવ્યા લાગે છે. બંદૂક, કારતૂસ બધુંયે છે.'

પ્રેસના બારણામાં બધા ભેગા થઈ ગયા. મગનકાકા એક પગથિયું નીચે ઊતરી પેલા લેફ્ટેનન્ટ ને કૅપ્ટન એ બંનેની સાથે વાતો કરવા લાગ્યા. દેવદાસકાકા ને હું બારણા વચ્ચે ગોઠવાઈને ઊભા રહ્યા ને વાતો સાંભળવા લાગ્યા. લેફ્ટેનન્ટ ઘોઘરે સાદે પણ બહુ ધીમે બોલતા હતા. મગનકાકા પણ એટલું જ ધીમે બોલતા હતા.

'મગનલાલ કે. ગાંધી તમે પોતે જ કે?' લેફ્ટેનન્ટે પૂછ્યું.

'હા, કેમ શું કામ છે?' મગનકાકાએ જવાબ વાળ્યો.

'હું તમને કહેવા આવ્યો છું. તમે આ બધાં માણસોને કહી દો કે તેઓ અહીંથી પોતપોતાની જગ્યાએ પાછા ચાલ્યા જાય. નહીં તો તેઓને ઠાલાભૂલા ખમવું પડશે. એમને ખોરાકી આપવાની તો તમે બંધ જ કરો.'

'એ બનવું અશક્ય છે. જેઓ અહીં આવશે તેમને ખોરાકી ને રહેઠાણ તો અમે આપવાના જ. અમારું એ કર્તવ્ય છે.'

'પણ તમે એ લોકોને મારી વાત સમજાવો. એમને કહો કે જો તેઓ સોમવાર પહેલાં કામે નહીં ચડે તો તેમની બૂરી વલે થશે.'

'એમાં પણ હું એમને જવાની સલાહ ન આપી શકું. મારાથી તમારી વાતને ટેકો ન આપી શકાય.'

'ઠીક ત્યારે, તમે મારા વાક્યનું એકે એકે હિંદી કરીને તો એમને સમજાવશો ને? હું બોલીશ તે તેમને સમજાવાનું નથી. મારી સાથેનો દુભાષિયો કહેશે તોયે એ ટોળાં ભડકી ઊઠશે. જો શાંતિ રાખવી હોય તો હું બોલું એનો તરજુમો તમે કરતા જાઓ.'

'એ વાત સ્વીકારી શકાય. પણ હું કંઈ પણ કરું એ પહેલાં મારે મિ. વેસ્ટને મળવું જોઈશે. એમને મળ્યા પછી જ હું કંઈ પગલું લઈ શકું.'

'મિ. વેસ્ટને તો તમે નહીં મળી શકો. એમને પકડ્યા છે ને મોટરમાં રવાના કરી દીધા છે. તેઓ તો ડરબન પહોંચવા પર હશે.'

આ સાંભળી અમે ચોંકી ગયા. અમારો ખ્યાલ હતો કે આ પલટન અહીં જ પહેલાં આવી છે, પણ મિ. વેસ્ટના પકડાયાનું જાણ્યું એટલે ચિંતા થઈ કે એ સિવાય પણ કોણ જાણે કયાં પરાક્રમ એ સોલ્જરોએ કર્યાં હશે.

મગનકાકાએ વધુ પૂછપરછ માંડી.

''શું, મિ. વેસ્ટને પકડ્યા? કેમ?''

''હા, એમને વૉરંટ આપવામાં આવ્યું ને તેઓ ગયા.''

''ત્યારે મારે માટેનું વૉરંટ કેમ નથી?''

''સરકાર તમને પકડવા માગતી નથી. તમે આ હડતાળિયાઓને સમજાવીને પાછા મોકલો અને અહીં ન રાખો એટલું જ સરકાર તમારી પાસે માગે છે.''

''તમારો સંદેશો હડતાળિયાઓને પહોંચાડીશ. બાકી અહીં આવશે ને રહેશે તેમને આશરો તો જરૂર આપશું જ.''

આટલી ચર્ચા ત્રણચાર મિનિટમાં થઈ ગઈ. ત્યાર પછી મગનકાકાએ મને ઘેર જઈ નાનાં બાળકોની સંભાળ લેવાની આજ્ઞા કરી. મને બધો તમાશો જોવાનું મન હતું, પણ મન મારીને હું દોડતો ઘેર પહોંચ્યો. ત્યાં ઈમામસાહેબનાં મોટાં પુત્રી ફાતિમાબહેનને બધાં બાળકો ઘેરી વળ્યાં હતાં. બધાં આનંદમાં હતાં. હું પહોંચ્યો કે તેઓ બૂમો મારવા લાગ્યાં: 'અમે મોટર જોઈ, અમે મોટર જોઈ; એમાં મિ. વેસ્ટ બેઠા હતા;' ઈત્યાદિ.

મિ. વેસ્ટ પકડાયાના સમાચાર હું આપું એ પહેલાં જ ફાતિમાબહેન બોલી ઊઠ્યાં: 'અમે તમારી મોર જાણીએ છીએ. અમે તો એમને પકડાતા ને લઈ જતા જોયા. લાલ મોટર હતી. તમે કેમ અહીં આવ્યા?'

મેં પ્રેસમાં આવેલા ઘોડેસવારોની વાત કહી અને મગનકાકાએ બાળકોની સંભાળ માટે મને મોકલ્યાનું જણાવ્યું. એ સાંભળી ફાતિમાબહેને કહ્યું: 'તમે તમારે જાઓ; અહીં અમે સહુ મજામાં છીએ. મગનકાકાને કહેજો કે કશી ચિંતા ન કરે. અહીં કોઈ ગભરાતું નથી.'

હું પાછો ફલાંગો ભરતો પ્રેસ તરફ ઊપડ્યો. અધરસ્તે અમારી નિશાળના મકાન આગળ જ્યાં હડતાળિયાઓમાંની ઘણી સ્ત્રીઓને ઉતારો આપેલો ત્યાં બહુ ગભરાટ ફેલાયેલો અને રોકકળ ચાલી રહેલી મારા સાંભળવામાં આવી. હું એમની વચ્ચે જઈ પહોંચ્યો તો એમાંની ડોશીઓ આતુરતાથી મને પૂછવા લાગી: 'શું ગોરી પલટન આવી છે? અહીં ગોળીબાર કરવાની છે?' મેં એમને ટાઢાં

પાડતાં કહ્યું: 'ના રે ના, ગોળીબાર તો કાંઈ નથી કરવાની. અમે તો એની સાથે કેટલીયે વાતો કરી. ગોળીઓ તો કેવળ એમાંના બે જણ પાસે જ છે. બીજા બધાની પાસે તો ફક્ત ધોકા છે. તે લાંબા લાંબા છે ખરા. પણ ડરી જવા જેવું કંઈ નથી. એમની પલટનના નાયકની જોડે મારા કાકા વાત કરી રહ્યા છે. એ બધા ત્યાં પ્રેસમાં જ છે. ઘણું કરીને એ ગોરા સિપાહીઓ આ તરફ નહીં આવે અને મારઝૂડ નહીં કરે. પણ જો આવશે તો અમેયે એમની સાથે આવશું. મારા કાકા તમને એકલાં નહીં રાખે.' મારી એ બધી વાતની અસર સારી થઈ અને એમનાં હૈયાંનો ફફડાટ ઓસરી ગયો. એમાંની બેત્રણ પાકી ઉંમરની ને કંઈક ધોળા વાળવાળી બાઈઓએ બીજી બધીને સંભળાવવા માંડ્યું: "યહાં ગાંડી મહારાજ કે યહાં હમેં કોઈ નહીં સતા સકતા. ડરનેકી કયા બાત હૈ! ગોરે સિપાહી આ ગયે તો ક્યા હો ગયા! યે બચ્ચે નહીં ડરતે તો હમ લોગ તો ઈનસે બડી હૈં!" એ છાતીકઢી બાઈઓની વાત સાંભળીને, બીજી જે બાઈઓ ગભરાઈ ગઈ હતી અને ડૂસકે ડૂસકે રોવા મંડી હતી એ શાંત પડી અને એમને કંઈક ધીરજ આવી.

આમ નકામો ગભરાટ ફેલાતો અટકાવવાનું મારું કામ પતાવીને હું પાછો દોડતો દોડતો પ્રેસમાં પહોંચ્યો. ઊંચા પઠાણ ને બલુચી જેવા કદાવર ઘોડેસવાર સિપાહીઓની હરોળ વચ્ચેથી પસાર થઈને પ્રેસની પાછળના મેદાનમાં જામેલી હડતાળિયાઓની ભીડ વચ્ચે ઘેરાઈને ઊભેલા મગનકાકા પાસે જઈ પહોંચતાં મને વાર ન લાગી.

પેલો લેફ્ટેનન્ટ પોતાના ઊંચા લાલ ઘોડા પર બેઠો બેઠો અંગ્રેજીમાં એક એક વાક્ય બોલ્યે જતો હતો ને મગનકાકા તેનું હિંદી ભાષાંતર સંભળાવતા હતા. મગનકાકાએ હિંદીમાં અનુવાદ સંભળાવ્યા પછી પલટન સાથે આવેલા દુભાષિયાએ તામિલમાં એનો અનુવાદ સંભળાવ્યો. ટોળું વળીને ઊભેલા લોકો જેમ જેમ એ ભાષણ સાંભળતા જતા હતા તેમ તેમ એમના ચહેરા પર નિરાશા અને ગ્લાનિની છાયા વધતી જતી હતી. પેલો દુભાષિયો ભારે ધમકીભર્યા અવાજે બરાડી રહ્યો હતો. એ જોઈ મને બહુ ચીડ ચડી. એ ગિરમીટિયામાંનો આપણો દેશીભાઈ છે છતાં આ ગોરાઓ સંગાથે અક્કડ પોશાકમાં બનીઠની આવતાં એને શરમ નથી આવતી? અને વળી પોતાના ભાઈઓને જ ધમકાવે છે! જેલમાં નાખવાલાયક તો ખરેખર એ જ છે.

બીજી તરફ મગનકાકાનું વર્તન પણ મને અળખામણું લાગ્યું. ભાષાંતરના રૂપમાંયે શા સારુ આપણા તરફથી આ હડતાળિયાઓને 'જાકારો' કહેવાવો જોઈએ? મગનકાકા તો શબ્દેશબ્દનો અનુવાદ કરી સંભળાવતા હતા કે 'સોમવારે બરાબર કામ કરતા થઈ જાઓ. એક ઘડી પણ અહીં ન રોકાઓ.' પોતાનો

સ્વતંત્ર મત જરાયે ઉચ્ચારતા ન હતા. હડતાળિયા લોકો કોઠી પર પાછા ફરવા સાવ નારાજ હતા. ''ગાંડી મહારાજ કે મકાન પર'' અત્યાચારના ભોગ થઈ પડવાનો એમને એટલો ડર ન હતો, પણ કોઠી પર પાછા ફરીશું તો સૂર્ઝાઈ પેઠે રિબાવું પડશે એવી બીક સૌને હતી. આવી બીકમાંથી બચવાને મગનકાકા કંઈક આશ્વાસન કે સૂચના ન આપે એ કેટલું ખરાબ કહેવાય?

મને શંકા પેઠી કે શું મગનકાકા જેલ જવામાંથી ઊગરી જવાને આવું કરે છે? શું આમ બાળકોને એકલા મૂકી જતાં એમને કંઈ ડર લાગે છે? એમ ન હોય તો શા સારુ તેઓ જેમ સોલ્જરો કહે છે તે પ્રમાણે જ કરે છે? શા સારુ જેલ જવાની આવી સુંદર તક તેઓ ગુમાવે છે? મગનકાકા આ બહાદુરીનો મોકો જવા દે છે એ ઠીક નથી. બાપુજી હોત તો આવી રીતે દબાઈ ન જાત. આમ મારું નાનું મગજ તોફાને ચડ્યું. જે તે પ્રસંગે મને નહોતું સમજાયું તે હવે સમજાય છે કે મગનકાકા અહિંસાની સાચી ઉપાસના કરી રહ્યા હતા. મને છોકરવાદી ધમધમાટની ઘેલછા હતી, જ્યારે મગનકાકાને હિંદીઓનું નાક, અહિંસાની પ્રતિજ્ઞા ને હડતાળિયાઓનું હિત સાચવવાની ચીવટ હતી.

પોણોએક કલાક મગનકાકાએ અનુવાદ કરી સંભળાવવા પાછળ ગાળ્યો ને પછી પાછા પ્રેસમાં જઈ પોતાને કામે વળગી ગયા. થોડી વાર પછી પેલા લેફ્ટેનન્ટે એમને પાછા બોલાવ્યા અને કહ્યું: 'હું જાઉં છું. મારી પોલીસના થોડાએક ઘોડેસવારો હમણાં અહીં રહી જશે, અત્યારે તમારી જમીનમાં બધે ફરશે અને આ સઘળાં હડતાળિયાઓને અહીંથી રવાના કરશે. ત્યાર પછી પણ મારા ત્રણચાર સોલ્જરો અહીં વસશે અને કોઠી પરથી નાસી આવનાર હડતાળિયાઓને પાછા મોકલી દેશે. અમારું થાણું વૉટલ્સની પેલી ટેકરી (અઠવાડિયાએક પહેલાં એક સવારે જ્યાં મેં મોટરસાઈકલનો અવાજ સાંભળેલો એ ટેકરી) પર રહેશે. મારા સોલ્જરોને તમે મદદ કરજો.' મગનકાકાએ એને જવાબ વાળ્યો: 'તમારા સોલ્જરો અહીં ભલે રહે, એની સામે અમારો વાંધો નથી. બાકી જે લોકો આવશે, અહીં રહેશે તેને અમે ખોરાકી આપીશું ને રાખીશું. એમને તમારા સોલ્જરોને સુપરત કરવાનું અમારાથી નહીં બને. એટલું ખરું કે તમારા સોલ્જરોની આડે અમે નહીં પડીએ.'

કારતૂસોના ત્રણ ત્રણ પટ્ટાથી સજ્જ થયેલા એ સરદારો અને એમની પલટન પાછી વળી. એ ચાળીસ ઘોડેસવારોમાંથી આઠદસ સવાર રોકાયા ને બીજા બધા તબડક તબડક કરતા સ્ટેશનને રસ્તે અદૃશ્ય થઈ ગયા. હારબંધ ઝૂલતા એમના લાંબા ધોકાઓનો રુઆબ પાછળ રહી ગયો.

સૂર્યાસ્ત થવા આવ્યો. પ્રેસ બંધ કરી નિમાણે ચહેરે અમે ઘેર આવ્યા. પ્રેસ ખીણમાં અને અમારું ઘર ઊંચે ટેકરી પર હતું. ઘરઆંગણેથી સામે આવેલી પશ્ચિમ તરફની નાની નાની ટેકરીઓની હાર ચોખ્ખી દેખાતી હતી. એ ટેકરીઓ પર છૂટાંછવાયાં ઝૂંપડાં અને ઘાસનાં બીડ સિવાય બીજું ભાગ્યે જ નજરે પડતું. પણ એ દિવસે દરેક ટેકરીની કેડી પર માણસોની કતાર બંધાઈ ગઈ હતી. રોજની જેમ પ્રેસમાંથી આવીને ઘરનું કે બાગનું કંઈ કામ કરવાની આજે અમને હોંશ ન હતી. હું તો અમારી પાણીની ટાંકીના ઓટલા પર બેસી આ પાછા જતા ટોળાની સામે મીટ માંડીને જોતો રહ્યો.

એક પાછળ એક સાવ અડોઅડ કીડીની પેઠે એ લોકો જતા હતા. સૌને માથે નાનાંમોટાં પોટલાં હતાં. કોઈ કોઈને માથે પેટી હતી. રાતી સાડીઓવાળી બાઈઓને લીધે કતારમાં ભાત પડતી હતી. ભાઈઓની કાખમાંનાં છોકરાંને લીધે કાળાં માથાંઓની એકવડી હાર વચ્ચે વચ્ચે બેવડાઈ જતી હતી. બાકી આખું દૃશ્ય આકાશમાં જતી કુંજડીઓની હાર સમું હતું. પશ્ચિમ ક્ષિતિજનાં સૂર્યાસ્ત સમયનાં ગુલાબી વાદળાં એ હાર ઉપર લાલી બિછાવી એ લોકોનાં મનનો ક્રોધ આખા આકાશમાં પ્રગટાવી રહ્યાં હતાં. સૂરજ ક્ષિતિજના ખોળામાં આવી પડ્યો ત્યારે પશ્ચિમ તરફ ચાલ્યા જતા હડતાળિયાઓના લાંબા લાંબા ઓળાઓ મનમાં ભય અને ખેદનો ત્રાસ વધારી મૂકતા હતા. વાદળાં ધીમે ધીમે ગુલાબી મટી કાળાં પડ્યાં ને અંધારું ઊતરી આવ્યું તોયે એ હારો અખંડ ચાલ્યે જ જતી હતી અને એક પછી એક માથું ક્ષિતિજની પાછળ અદૃશ્ય થયે જતું હતું.

અહીં હું વ્યગ્ર બની મનમાં ને મનમાં વિમાસતો હતો: બિચારા કેટલે દૂરથી આટલો સામાન ઉપાડીને આવેલા! હજુ અહીં ઠરીઠામ બેઠા ન બેઠા ત્યાં તો એમને પાછા હાંકી કાઢવામાં આવ્યા. એ બધાઓ આવ્યા ત્યારના ડરતા હતા અને છેવટે એમને જવું જ પડ્યું. કોઠીએ જશે ને સૂર્ઝાઈની પેઠે એમના પર કોરડા વીંઝાશે તો? ત્યાં કોણ એમનું રખોપું કરવાનું?

આટલા દિવસો સુધી રાતદિવસ એમની વચ્ચે રહેવાથી મારું મન જાણે એમની સાથે બંધાઈ ગયું હતું. એટલે એમને જતા જોઈ મારું મન ચીમળાઈ જતું હતું. ઊંડે ઊંડે મનમાં થતું હતું: ના, આ લોકો સાવ નથી ગયા. સોલ્જરોની સામા થવાને બદલે અત્યારે ગયા છે, પણ સોમવારની હાજરી ભરીને તેઓ જરૂર પાછા આવશે. પણ એ દુરાશા હતી. હડતાળિયાઓની એ વિદાય છેવટની હતી.

## ૨૧
## અંગ્રેજ મિત્ર અને અંગ્રેજ શત્રુ

ફિનિક્સની ભૂમિ ઉપર બે અંગ્રેજો વસતા હતા. એક વેસ્ટ સાહેબ અને બીજા ટૉડ સાહેબ. વેસ્ટ સાહેબ અમારા ફિનિક્સ આશ્રમના મુખ્ય કાર્યકર્તાઓમાંના એક હતા અને ટૉડ સાહેબ આશ્રમ સિવાયની ફિનિક્સ સ્ટેશનથી માંડી હજાર બે હજાર એકરમાં ફેલાયેલી જમીનના ધણીરણી હતા. વેસ્ટ સાહેબ હિંદીઓની ન્યાયની લડાઈમાં પોતાની કાયા નિચોવી રહ્યા હતા. અને પોતાના આખા કુટુંબને ભારતવાસીઓની સાથે શોભે એવા સાદા, સંતોષી અને સેવાપરાયણ જીવનનું રસિયું બનાવી રહ્યા હતા, જ્યારે ટૉડ સાહેબ હિંદુસ્તાનથી ફસાવી ફોસલાવી આણેલા અર્ધગુલામોની રાતદિવસની કાળી મજૂરીના પરસેવા પર માતબર અને માતેલા બનતા જતા હતા. વેસ્ટ સાહેબ બાપુજી અને તેમના દેશવાસી ભાઈઓ તથા અનુયાયીઓ પ્રત્યે આદર, શ્રદ્ધા અને નમ્રતાથી વર્તતા હતા, જ્યારે ટૉડ સાહેબ આંખો મીંચી ગધ્ધાવૈતરું કરવા કબૂલ ન થનારા તથા માથું ઊંચું કરનારા હિંદીઓને જોઈ દાઝે બળી ઊઠતા હતા. વેસ્ટ સાહેબ ભૂખ્યાદુ:ખ્યા અને પોતાના ભાઈઓની લાતો વડે ફફડતા હિંદીઓને જોઈ ડઘાઈ જતા હતા, જ્યારે ટૉડ સાહેબ હિંદી હડતાળિયાઓને ગળિયા બળદની જેમ કામ પરથી ઊતરી જતા જોઈ હદ બહાર રાતાપીળા બની ભાન ભૂલી જતા હતા. વેસ્ટ સાહેબને મન ભારતવાસીઓ પોતાના જેવા જ માનવી અને સ્વજન હતા, જ્યારે ટૉડ સાહેબને મન ગોરી ચામડી વિનાના શ્યામ અને પીતવર્ણા લોકો ખેડ કરી આપનારા ઢોર સમા એક જાતના હલકા પ્રાણીઓ જ હતા. વેસ્ટ સાહેબ એવા સાચા મિત્ર હતા કે પોતાના હિંદી મિત્રો પર પડતો ઘા પોતે ઊછળીને ઝીલી લેતા હતા અને ટૉડ સાહેબ એવા કટ્ટર દુશ્મન હતા કે હિંદીઓની તો શું, પણ હિંદીઓને મદદ કરનારા પોતાના જાતભાઈ અંગ્રેજની પણ ખો ભુલાવવા મથતા હતા. વેસ્ટ સાહેબ ઈંગ્લૅંડના ગામડાના સાદા, ગરીબ, મહેનતુ અને ભલા ખેડૂત હતા, અને ટૉડ સાહેબ એ શ્વેતદ્વીપથી ઊતરી આવેલા વૃકોદર સમા ધનલોલુપ જમીનદાર હતા. આપણા પુરાણકારોએ તેત્રીસ કરોડ દેવો ગણાવ્યા છે છતાં પૈસો ભેળો કરીને સાચવનાર કોઈ દેવ અમને નથી મળ્યો. એ કામ માટે એમને યક્ષ જાતિનો કુબેર જ મળ્યો છે. દેવો અને યક્ષોના સ્વભાવનું વર્ણન મોટે ભાગે એવું આવે છે કે પોતાના ભોગવિલાસ આડે દેવોએ અક્કલનું દેવાળું કાઢ્યું હતું ને વાત વાતમાં તેઓ કાયર બની જતા હતા તથા યક્ષોને પોતાના સ્વાર્થ આડે સારામાઠાની કશી ગતાગમ રહેતી નહોતી અને ડગલે ને પગલે પોતાના સ્વાર્થને ખાતર બીજાઓને દુ:ખમાં

ધકેલી દેતાં એમને દયા નહોતી આવતી. માણસ અંગ્રેજ હોય કે ગમે તે હોય, એ પૈસાના ઢગલા ઉસરડવાના લોભમાં તણાય એટલે જો એ રાક્ષસ સમો ક્રૂર ન બને તોયે યક્ષ જેવો સ્વાર્થાંધ અને હૈયાસૂનો તો બને જ. ટૉડ સાહેબની વાત એવી જ હતી.

હું બાળક હતો. એ વેળા ટૉડ સાહેબના અને વેસ્ટ સાહેબના જીવનનું વિશ્લેષણ કરવાની અને એમના અંતરનું માપ લેવાની સૂઝ મને ક્યાંથી હોય? આજે સૂઝે છે કે આ બંને સાહેબોનું જીવન તુલનાત્મક દૃષ્ટિથી નિહાળતાં ચોખ્ખું જણાઈ આવે છે કે માણસ જે દિશામાં દોડવા લાગે છે એ દિશામાં એનો વેગ વધતો જ ચાલ્યો જાય છે! માણસને સારી બાજુ લઈ જવા માટે તેનો ખુડદો કાઢી નાખવાની જરૂર નથી, પણ કેવળ એના વેગની દિશા બદલી લેવાની જરૂર છે. બાપુજીએ એ બદલવા માટે સત્યાગ્રહનો કીમિયો શોધી આપ્યો. એ કીમિયા વડે વેસ્ટ સાહેબ જેવા ભલા અંગ્રેજ આપણા મિત્ર જ રહ્યા અને ટૉડ સાહેબ જેવા કારમા શત્રુ, શત્રુ ન રહ્યા. એમની ને એમના સાથીઓની દાઝ આખરે ઓસરી ગઈ અને હિંદીઓને હેવાન નહીં, માણસ જેવા માણસ તરીકે એમને કબૂલવા પડ્યા.

પણ એ તો થઈ ફિલસૂફી. મારે વાત તો કહેવાની છે, ગોરી પલટન અમારા છાપખાના ઉપર ચડી આવી અને એના નાયકે મગનકાકા સાથે વાતો કરી એ પહેલાં એણે શું કરેલું એની.

હડતાળિયાઓએ વિદાય લીધા પછી જ્યારે અમે વાળુ કરવા બેઠા ત્યારે એક હળવો નિસાસો લઈને મગનકાકાએ દેવદાસકાકા સાથે વાત કરવા માંડી. ‘વેસ્ટ પહેલાં પકડાશે એવું મુદ્દલ ધાર્યું ન હતું. મને એમ જ હતું કે સરકાર મને પહેલાં પકડી લઈને મને હળવો કરશે. હવે ઊલટો વેસ્ટના કામનો ભાર પણ મારે માથે આવ્યો. ગોખલેજીને તેઓ જ રોજેરોજની લડતની સ્થિતિના તારો મોકલાવતા એટલે મારે એ બાબતમાં કંઈ કરવું નહોતું પડતું. પણ હવે એ કામ ઉકેલવાને માટે મારે વધારે ઉજાગરા કરવા પડવાના. દેશમાં બધા ખબરો પહોંચતા રહેતા એ સરકારથી ખમાયું લાગતું નથી. વેસ્ટને એ જ વાંકે મારા કરતાં પહેલાં પકડાયા જણાય છે. બીજું તો કશું તહોમત સરકાર એમના ઉપર મૂકી શકે એમ નથી. અહીં હડતાળિયાઓને સંઘરવાનો ગુનો ગણે તો એમના કરતાં મારો વધારે ગણવો જોઈએ.’

આ પ્રમાણે મગનકાકા વાત કરતા હતા અને અમે એમને ચિંતાભર્યા ચહેરે વાળુ કરતાં કરતાં નિહાળ્યે જતા હતા એટલામાં મિસિસ વેસ્ટ ઉદાસ ચહેરે ત્યાં આવ્યાં અને મગનકાકાને એમણે કેટલીયે વાતો કહી નાખી. એટલાં બધાં ગદ્ગદ

થઈને તેઓ બોલતાં હતાં કે એમની વાત પૂરી અમારે કાને પડતી ન હતી. છતાં મિસિસ વેસ્ટ અને તેમની મા મિસિસ પાયવેલે જે કહ્યું તે પરથી અમે જાણ્યું કે રોજના નિયમ પ્રમાણે મિ. વેસ્ટ પ્રેસમાંથી એ સાંજે ચાર વાગ્યે ચા પીવા પોતાને ઘેર પહોંચે કે ગુપચુપ એમને પકડી લઈ જવાની ગોઠવણ મિ. ટૉડે પહેલેથી કરી રાખેલી. છાપખાનામાંથી પકડતાં નાહકની હોહા થાય ને ગિરમીટિયાઓ વીફરે એવો એમને ભય હતો. વેસ્ટ સાહેબ જેવા ચા પીવા મેજ પર બેઠા કે તુરત એક લાલ મોટર એમના દરવાજા સામે આવી ઊભી. મોટરમાં ત્રણ સુસજ્જ સોલ્જરો બેઠા હતા. મોટર પાછળ ચાર ઘોડેસવારો હતા, જેમાંના એક મિ. ટૉડ પોતે હતા. મિ. ટૉડ તુરત બે ડગલાં આગળ આવ્યા અને એમણે મિ. વેસ્ટને પોતાની મોટર પાસે બહાર બોલાવ્યા. મિસિસ વેસ્ટ પોતે એ બધું જોઈને દિગ્મૂઢ બની ગયાં. મિ. વેસ્ટ મોટર પાસે પહોંચ્યા એટલે એમને વૉરંટ બતાવવામાં આવ્યું. તેમણે એમાં સહી કરી અને ઘરમાં કોટ-ટોપી લેવા આવ્યા. તેમની પાછળ પાછળ એક સોલ્જર પણ આવ્યો. પૂરી પાંચ મિનિટ પણ મિ. વેસ્ટને આપવામાં ન આવી અને 'વૉરંટ મળ્યું છે ને પોતાને ડરબન જવું છે' એથી વધુ વાત પણ તેઓ ઘરવાળાં સાથે કરવા ન પામ્યા. ચા ને નાસ્તો મેજ પર જ રહી ગયાં અને મોટર મિ. વેસ્ટને ચોર પેઠે ઉપાડી જઈને પૂરપાટ ડરબન તરફ અદૃશ્ય થઈ ગઈ.

મિ. વેસ્ટને પકડવાનું કામ પતાવીને જ્યારે પેલો લેફ્ટેનન્ટ પોતાની પલટન સાથે અમારી પાસે છાપખાને આવેલો ત્યારે મિ. ટૉડે એમની જોડે આવવાની હિંમત ન કરી. એ મારતે ઘોડે ફિનિક્સ આશ્રમ છોડી ગયા.

મિ. વેસ્ટની અને મિ. ટૉડની એ બધી વિગતો સંભળાવતાં સંભળાવતાં મિસિસ વેસ્ટની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં. એમણે ડૂસકે ડૂસકે રોવાનું જ બાકી રાખ્યું. એક અંગ્રેજ બાઈ એવી રીતે રોઈ પડે એ મારે મન એક આશ્ચર્ય હતું. પણ મિસિસ વેસ્ટનું દુ:ખ સમજાય એમ હતું. એમના ઉપર એ અણધાર્યો ઘા પડ્યો હતો. અમે હિંદીઓ તો રાતદિવસ જેલમહેલની ચર્ચા કરતા, 'વિજયવાવટો લઈ ફરકાવો; જેલ જઈને કરો અનંદ' વગેરે ગીતો ગાતા અને પોતાના ઘરના માણસો જેલમાં જઈને જાતજાતનાં દુ:ખ વેઠવાં પડે તો આપણે અકળાવું કે રોવું ન જોઈએ પણ એ બધું દેશહિતને કાજે છે એમ વિચારી મનને ઉત્સાહમાં રાખવું જોઈએ એ જાતનું મનન કર્યા જ કરતા, એટલે અમને પકડવા કરવાની વાતો સદી ગઈ હતી. પરંતુ મિસિસ વેસ્ટ સમાં એક સાધારણ અંગ્રેજ ગૃહિણીને જેલ જવાના પ્રસંગ સંબંધી ભાગ્યે જ પહેલેથી કશી કલ્પના કે મનની તૈયારી કરી રાખવાપણું હતું. ગોરી સરકાર પોતાના જાતભાઈઓ ઉપર

પણ હાથ નાખશે એવી કોઈને ખાસ અટકળ ન હતી. એટલે મિસિસ વેસ્ટને પોતાના પતિનું પકડાવું એટલું બધું વસમું લાગે એ સ્વાભાવિક જ હતું. અધૂરામાં પૂરું પકડતી વખતે મિ. વેસ્ટ પ્રત્યેનું વર્તન પણ બહુ કઠોર હતું. મગનકાકાએ મિસિસ વેસ્ટને આશ્વાસન આપવાનો બનતો પ્રયત્ન કર્યો અને એમની સાથે વાતચીત કરીને એમ ઠરાવી આપ્યું કે સવાર પડ્યે આખા વેસ્ટ કુટુંબને લઈને દેવીબહેન એટલે કે મિ. વેસ્ટનાં મોટાં બહેને ડરબન જવું, ત્યાં મિ. વેસ્ટને મળી શકાય તો મળવાનો પ્રયત્ન કરવો અને તેઓ જે પ્રમાણે બતાવે એ પ્રમાણે એમના ઘરની તથા મિ. વેસ્ટના રહેવા કરવાની ગોઠવણ કરવી. આમ અમારા સૂના ફિનિક્સમાં સૂનાપણું વધ્યું. બાળગોપાળનાં પાલક દેવીબહેન પણ ચાલ્યાં.

મિ. વેસ્ટ પકડાયા અને એમનું કુટુંબ ડરબન પહોંચ્યું ત્યાર પછી થોડા કલાક તો અમને એમની કશી ભાળ મળી નહીં. મંગળવારે તેઓ પકડાયેલા અને બુધવારે સાંજે જ્યારે અમારું છાપું બહાર પડી ગયું ને એ રવાના થઈ રહ્યું હતું ત્યારે ખબર આવ્યા કે મંગળવારની આખી રાત મિ. વેસ્ટને ડરબનની જેલમાં ભૂખ્યા જ પૂરી રાખવામાં આવેલા અને એમની ઠીક ઠીક સતામણીયે થયેલી તથા બીજે દિવસે એમને કોરટમાં હાજર કરવામાં આવતાં તેઓ સાત દિવસ માટે જામીન ઉપર છૂટ્યા છે.

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહીની એ લડત ત્રીજી વારની હતી. પણ એ એકેય લડત વખતે એક વાર પકડાઈ ગયા પછી સત્યાગ્રહીઓ જામીન આપીને કે દંડ ભરીને કદી છૂટ્યા હોય એવું સાંભળ્યું ન હતું. બાપુજીએ ચાર્લ્સટાઉનથી ટ્રાન્સવાલમાં હજારો ગિરમીટિયાઓ સાથે કૂચ કરેલી અને મધરાતે એમને પકડી લેવામાં આવેલા ત્યારે હડતાળિયાઓ શાંત રહે અને તોફાન ન કરી બેસે એ ખાતર જામીન આપીને તેઓ થોડા વખત માટે છૂટેલા ખરા. પણ મિ. વેસ્ટ જામીન આપીને છૂટ્યા અને તેમણે જેલ ન સ્વીકારી એ મને નવાઈભર્યું લાગ્યું. પણ પછી સમજ્યો કે એક હિંદીને સારુ જેલ ટાળવી એ જેટલું નામોશીભર્યું ગણાય એટલું અંગ્રેજને સારુ ન ગણાય. મિ. વેસ્ટ જેવા અંગ્રેજ તો સત્યાગ્રહીઓના મિત્રો હતા. એમણે પોતે સત્યાગ્રહ કરવાની કંઈ પ્રતિજ્ઞા નહોતી લીધી. તેઓ તો જેલ બહાર રહીને પોતાના દેશભાઈઓના જુલમ વિરુદ્ધ પોતાનો અવાજ બુલંદ કરે એ જ એમને માટે ઘણું કહેવાય.

ત્રીજે દિવસે એટલે કે ગુરુવારે સાંજે છાપખાનાના કામનો સમય પૂરો થયે અમે ઘેરે આવ્યા. હું મોટો ઓરડો વાળી રહ્યો હતો તથા દેવદાસકાકા અને મગનકાકા પણ ઘરના જ કંઈક કામમાં ગૂંથાયા હતા. એવામાં ફકીરાભાઈ બહુ જ હાંફળાફાંફળા બની દોડતા દોડતા મગનકાકા પાસે આવ્યા અને બોલ્યા,

“ચાલો, ચાલો, મિ. વેસ્ટ બહુ જ જોખમમાં છે. ટૉડ ચાબુક લઈને એમની આડે ફર્યો છે.” મગનકાકા અને દેવદાસકાકા તરત જ દોડ્યા. હુંયે એમની સાથે જવાને નીકળ્યો પણ મગનકાકાએ મને પાછો વાળ્યો અને કહ્યું, “તું છોકરાઓ પાસે અહીં જ રોકા. કોઈ ડરે નહીં એ જોજે.” હું રોકાઈ ગયો અને શું બન્યું છે એ જાણવાને અધીરો થઈ ગયો. અર્ધોક કલાક રાહ જોયા પછી, દીવા થયે, રાતા ઘોડા ઉપર સુસજ્જ થયેલો એક ઘોડેસવાર, મગનકાકા, દેવદાસકાકા અને તેમની સાથે મિસ્ટર અને મિસિસ વેસ્ટ વગેરે બધાં મેં આવેલાં જોયાં. દેવદાસકાકા અને મગનકાકાના ચહેરા પર સહેજ સ્મિત હતું અને મિસિસ વેસ્ટના ચહેરા ઉપર સારી પેઠે ગભરાટ હતો. મિ. વેસ્ટ પણ પોતાના અસલી શૂરમાં નહોતા જણાતા. દેવીબહેન ગંભીર જણાતાં હતાં. દેવદાસકાકાએ મને કહ્યું કે, ‘ડરવાની કશી વાત ન હતી. નકામા અમે લોકો દોડ્યા.’

બધા દરવાજે પહોંચ્યા એટલે પેલા ઘોડેસવારે પૂછ્યું, ‘હવે હું જાઉં કે રાત અહીં રોકાઉં?’ મગનકાકાએ એને જવાની હા પાડી. પણ મિસિસ વેસ્ટ બોલ્યાં કે ‘ભલેને એ રાત્રે અહીં જ રહે.’ થોડી વાર ચર્ચા ચાલી અને છેવટે એ ઘોડેસવારને માઉંટેજકંબ - ફિનિક્સ સ્ટેશનથી ઉત્તર તરફને બીજે સ્ટેશને - પાછા જવાની રજા મળી. મિ. વેસ્ટ વગેરે પોતાને ઘેરે ગયાં. અમે બધા પણ ઘરમાં આવીને વાળુએ બેઠાં અને વાતો ચાલી.

વાત એમ બનેલી કે ડરબનમાં જામીન ઉપર છૂટ્યા પછી કેસ નીકળવા આડે જે થોડા દહાડા હતા એ પોતાને ઘેર ફિનિક્સમાં જ ગાળવાને તથા ગોઠવણો કરી લેવાને પોતાના કુટુંબ સાથે મિ. વેસ્ટ એ સાંજે ડરબનથી આવ્યા અને ફિનિક્સ સ્ટેશને ઊતર્યા. ફિનિક્સ સ્ટેશને રેલવે પ્લૅટફૉર્મ ઉપર ઊતર્યા પછી પાટા ઓળંગીને અમારા આશ્રમ તરફ આવવું પડતું હતું. એ પાટાઓની આ બાજુએ પણ ભારખાના માટેનું એક નાનકડું પ્લૅટફૉર્મ હતું. એ નાના પ્લૅટફૉર્મ પર પોતાના ઊંચા ઘોડા ઉપર સવાર થયેલા મિ. ટૉડ હાજર હતા અને એમના હાથમાં એમનો પ્રખ્યાત હંટર - ચામડાનો ચાબખો - ઝૂલી રહ્યો હતો. મિ. વેસ્ટ જેવા પાટા ઓળંગીને આશ્રમ તરફ આવતા રસ્તા ઉપર પગ મૂકવા જતા હતા તેવો મિ. ટૉડે પોતાના હાથમાંનો કોરડો ઉગામ્યો અને મિ. વેસ્ટને સંભળાવી દીધું કે, ‘તું આ બાજુ આવ તો ખરો, આ ચાબખે ચાબખે તને પાંસરો કર્યા વિના નહીં મૂકું. મિ. વેસ્ટ તો હેબતાઈ જ ગયા. એમની પાછળ મિસિસ વેસ્ટ હતાં. એ દોડ્યાં દોડ્યાં પાછા સ્ટેશનમાં ગયાં અને સ્ટેશન માસ્તરની મદદ માગી. સ્ટેશન માસ્તર એક બહુ ભલો અંગ્રેજ હતો અને અમારા ફિનિક્સ આશ્રમનું ઘણું કામ કરી આપતો. મિ. વેસ્ટ પણ મનમાં સમસમીને પાછા વળ્યા

અને સ્ટેશનના બાંકડા ઉપર બેઠા. સામી બાજુએ મિ. ટૉડ જ્યાં હતા ત્યાં જ ઘોડા ઉપર આંટા મારવા મંડ્યા અને હાથ આવેલો પોતાનો શિકાર છટકી ન જાય એ માટે પાકી નજર રાખી રહ્યા. સ્ટેશનમાં ઘૂસીને મિ. વેસ્ટ ઉપર હાથ ચલાવવાની એની હિંમત ન હતી. પણ મિ. વેસ્ટ સ્ટેશનની હદની બહાર આવી રસ્તા ઉપર પગ મૂકે કે એમને મિ. ટૉડ મારે એમ હતું.

એ વિષમ સ્થિતિનો તોડ આણવા માટે મિ. વેસ્ટ અને સ્ટેશનમાસ્તરે મળીને વિચાર્યું કે માઉંટેજકંબથી સોલ્જરને બોલાવીને એના રક્ષણ હેઠળ મિ. વેસ્ટે ઘરભેગા થવું. માઉંટેજકંબમાં ખાંડનું જંગી કારખાનું હતું અને ત્યાંના કારખાનાનો માલિક મિ. ટૉડના કરતાં ઘણો મોટો જમીનદાર હતો. એનું નામ મિ. કૅંપબેલ હતું. એમને જોવાનો તો કદી મને પ્રસંગ મળ્યો ન હતો પણ સાંભળ્યું હતું કે તેઓ પોતે બહુ સારા માણસ છે અને ત્રણ પાઉંડનો કર નાબૂદ કરવાની તરફેણમાં છે. હડતાળ તો એમને ત્યાં ગિરમીટિયાઓમાંયે પ્રસરેલી અને એ અંગે હડતાળિયાઓ પર ગોળીબાર પણ થયેલો અને એકાદ જણનું મૃત્યુ પણ થયેલું ખરું. છતાં કૅંપબેલ સાહેબ પોતાનું તોલ નહોતા ગુમાવી બેઠા. એમનું મગજ પ્રમાણમાં ઠંડું હતું. એમણે પોતાના માઉંટેજકંબના ધમોલા ઉપર કટોકટીના એ અરસામાં એક લશ્કરી ટુકડી સરકાર પાસેથી માગી રાખેલી. મિ. વેસ્ટે મિ. કૅંપબેલને ટેલિફોન કર્યા પછી દોઢેક કલાકે માઉંટેજકંબથી પેલો ઘોડેસવાર આવી પહોંચેલો અને એણે મિ. ટૉડના ભયમાંથી ઉગારીને સુરક્ષિતપણે મિ. વેસ્ટને તથા એમના કુટુંબને અમારે ત્યાં સુધી પહોંચાડેલા. ફકીરાભાઈના કહેવાથી મગનકાકા અને દેવદાસકાકા દોડતા દોડતા એમની સામે ગયેલા એ વેળાએ મિ. વેસ્ટ પર મિ. ટૉડનું કશું જોખમ તોળાઈ રહ્યું ન હતું. છતાં એ બધાંઓના મનમાં મિ. ટૉડનો જે ડર પેસી ગયો હતો એ ઝટ વીસરી શકાય એમ ન હતો. મિસિસ વેસ્ટને તો ફિનિક્સમાં આખી રાત વિતાડવીયે મુશ્કેલ નીવડી.

કઈ ઘડીએ મિ. ટૉડ ઘોડો દોડાવતા આવી હુમલો કરશે અને મિ. વેસ્ટ પર ચાબખા ફટકારવાની પોતાની ધમકી સાચી પાડશે એ કહેવાય એમ ન હતું. એટલે બીજે દિવસે સવારની પહેલી ગાડીમાં મિ. વેસ્ટ પોતાનું ઘર બંધ કરીને સહકુટુંબ ડરબન રહેવા ગયા. ત્યાં આગળ સાત દિવસ પૂરા થયે એમનો કેસ ચાલ્યો અને એમને જેલમાં મોકલી શકાય એવું કશુંયે વજૂદવાળું તહોમત એમના ઉપર સાબિત ન થયું તેથી એમને છોડી મૂકવામાં આવ્યા. છતાં મિ. ટૉડનો ડર ભુલાય એમ ન હતો. એટલે એમણે ફિનિક્સ ન આવતાં અમુક મુદત સુધી ડરબનમાં જ રહેવાનું ઠરાવ્યું. એમ છતાં દેવીબહેન ડરબન ન રોકાયાં અને પાછાં ફિનિક્સ આવી ગયાં. એમણે અમારું માતાપણું ન છોડ્યું.

ગોરી પલટને આવીને ફિનિક્સમાં પોતાનો હાકોટો બોલાવ્યો તે પછી બે દિવસમાં તો હજારો હડતાળિયાઓથી ચિકાર ભરાઈ રહેલી અમારી ભૂમિ સાવ ખાલી થઈ ગઈ. છૂટાછવાયા વીસપચીસેક ગિરમીટિયા જ અહીંતહીં ઝાડીઓમાં સંતાઈ રહેવા પામ્યા. ગોરી પલટનના બીજા બધા માણસો ચાલ્યા ગયા પછી પણ બે ગોરા સોલ્જરો કાયમ માટે ફિનિક્સમાં રોકાઈ ગયા અને મોટે ભાગે તેઓ છાપખાનાના દરવાજામાં પડેલી કાગળની ગાંસડીઓ ઉપર પડ્યા પાથર્યા રહેતા. તેઓ સવારસાંજ આખા ફિનિક્સમાં ચક્કર મારીને સંતાઈ રહેલા હડતાળિયાઓને ખોળી કાઢતા અને એમને ત્યાંથી હાંકી કાઢતા. અમારો પ્રયત્ન એવો રહેતો કે એ સંતાઈ રહેલા ભાઈઓનો પત્તો પેલા બે સોલ્જરોને ન લાગે. પણ અમારી મંડળીના સૌથી વધુ અડપલા ભાઈ છોટમને ગોરા સોલ્જરોની એ સંતાયેલાઓને શોધી કાઢવાની દોડધામમાં મજા પડતી હતી. એક વાર એણે નિશાળની બંધ ઓરડીનાં બારણાં ઊઘડાવી શ્રી સૂર્ઝાઈ અને એની પત્નીને પણ એક સોલ્જરને બતાવી દીધાં. અપંગ, દુઃખી સૂર્ઝાઈને પકડાઈ ગયેલો સાંભળી અમને બધાંને બહુ દુઃખ થયું અને અમે સૌએ મળીને છોટમને ખૂબ જ ધમકાવ્યો અને વઢી વઢીને એને શરમાવ્યો પણ હવે કંઈ સૂર્ઝાઈને બચાવાય એમ ન હતું. ગોરા સોલ્જરો એમને લઈ જ ગયા અને મોડે મોડે અમારે કાને એટલું જ પડ્યું કે એ બિચારો મરી ગયો.

હડતાળિયાઓને અમારે ત્યાંથી તગડી મૂકવાનું સોલ્જરોનું કામ અમને મુદ્દલ રુચતું ન હતું; છતાં સોલ્જરોની સાથે અમારી દોસ્તી વધતી જતી હતી. પાછળથી તો તેઓનું કામ પહેરો ભરવા પૂરતું જ બની ગયું હતું. આ બંને સોલ્જરો અંગ્રેજ ન હોઈ, બોર (હોલૅન્ડવાસી) હતા. એમનું કદ અંગ્રેજ કરતાંયે સવાયું. અંગ્રેજી બોલવામાં અમારા કરતાંયે તેઓ વધુ કાચા હતા. એટલે એમની સાથે ગપ્પાં મારતાં અમને સંકોચ ઓછો થતો. એમના સ્વભાવમાં અંગ્રેજ સ્વભાવનું ચીડિયાપણું કે કોરાપણું ન હતું. મારા નાનાભાઈ કૃષ્ણદાસની સાથે એક સોલ્જરે પાકી દોસ્તી કરી હતી. જ્યાં પોતે બેસે ત્યાં નાનાં બાળકોને ભેળાં કરી એ રમાડતો રહેતો. ફિનિક્સની બીજી કઠણાઈઓ વચ્ચે સોલ્જરોની એ મીઠાશ અમને થોડીક રસદાયક થઈ પડી હતી. અને એટલું તો ખરું જ કે બંદૂકની ગોળીઓના અનેક પટ્ટાઓ કમરે બાંધીને આવેલા એ મોટા લેફ્ટેનન્ટ તેમ જ નાના લેફ્ટેનન્ટનો અથવા એમના પિસ્તોલધારી સોલ્જરોનો રુઆબ અમારા ઉપર જરાયે નહોતો પડ્યો. એનો ત્રાસ અમારા ચિત્ત પર કશોયે ન હતો.

પરંતુ મિ. ટૉડનો ડર અમને લાંબા વખત સુધી રહ્યા કરેલો. તેમણે ફિનિક્સ સ્ટેશને મિ. વેસ્ટની આડા ઊતરી પોતાનો કોરડો ઉગામેલો એ દિવસ

પછી નાનાં બાળકોને ટપાલ લેવા સારુ સ્ટેશને મોકલવાનું બંધ કરવામાં આવ્યું. કારણ એ સાહેબ એ જંગલમાં ગમે ત્યાં દેખા દઈ દે અને કુમળાં બાળકોને ડરાવી મૂકે કે મારી પણ બેસે એવો ડર અમને પેસી ગયો હતો. એટલે પછી સવારને વખતે ટપાલ લેવાને છાપખાનાનો જૂનો હબસી નોકર ચાર્લી જતો અને બપોરે મારે ટપાલ લેવા જવાનું રહેતું. જતાંઆવતાં પાંચ માઈલની એ લાંબી એકાંત પગદંડી મારે એકલા એકલા જ વટાવવી પડતી. એ કેડી ઘાડાં બીડ અને ઝાડીમાંથી પસાર થતી. વળાંક પણ વારે વારે લેતી, એટલે આઘેનું જવલ્લે જ દેખાતું. અકસ્માત્ કોઈ પણ વળાંક આગળ કે ઝાડીના કિનારે ઘોડા પર બેઠેલા ટૉડ સાહેબનો ભેટો થઈ જવાનો ધ્રાસકો મને મનમાં રહ્યા કરતો. અને એ સાહેબ એકાએક દેખા દે તથા પોતાનો કોરડો મારા ઉપર વીંઝવા માંડે તો કેવી રીતે વર્તવું, શો જવાબ આપવો એના તરંગો, ચાલતાં ચાલતાં હું આખે રસ્તે કર્યા કરતો. ગમે તે થાય, પણ એનાથી ડરવું કે દબાવું તો નથી જ, એટલું મનમાં વારે વારે નક્કી કરતો અને સાથે સાથે એમને સંભળાવી દેવા મનમાં અંગ્રેજી વાક્યો પણ ગોઠવતો જતો કે, 'આમ શું આટલા મોટા થઈને જેને તેને ચાબખા મારવા દોડો છો! બહાદુર બનો છો તો અમને જેલ ભેગા કરોને!' આવા તરંગો અનેક વાર મારા મનમાં આવી જતા પણ મને મિ. ટૉડનો રસ્તામાં ક્યાંયે ભેટો થતો ન હતો. એમનો ભેટો થાય, તેઓ મને દબડાવે છતાં હું ડરું નહીં એવો સંજોગ અનુભવવાની મારી ઈચ્છા તીવ્ર બનતી જતી હતી પણ એવા પરાક્રમનો મને મોકો મળ્યો જ નહીં.

ભયની અને ત્રાસની, ગરીબ અસહાય હડતાળિયાઓ ઉપર ગુજારવામાં આવતી જબરદસ્તીની અને હિંદી વીરો પર તૂટી પડતા કાળા-ગોરા સિપાહીઓના હુમલાઓની દુ:ખદ અવધિ લંબાયે જતી હતી ત્યાં એક બપોરે મગનકાકાએ આનંદના સમાચાર આપ્યા: 'ગોખલે મહારાજે એક બહુ ભલા અને વિદ્વાન અંગ્રેજ પાદરીને તથા એમની સાથે એ પાદરીના બીજા પણ એક મિત્ર વેસ્ટ સાહેબની જગ્યા લેવા માટે હિંદુસ્તાનથી રવાના કરી દીધા છે. થોડા દિવસમાં તેઓ આવી પહોંચશે. હવે હું પકડાઈ જઈશ તોપણ તમે એકલા નહીં પડો.'

અને અમે બાળકોએ રેવરન્ડ મિ. ઍન્ડ્રૂઝ અને એમના સાથી મિ. ડબ્લ્યુ. ડબ્લ્યુ. પિયર્સનનું નામ રટવા માંડ્યું.

# જીવનનું પરોઢ

## ભાગ ચોથો

## ૧
# દિવાળી

દિવાળી પાસે આવતી જતી હતી. સ્વદેશથી આશરે ચાર હજાર માઈલ દૂર, મહાસાગરને પેલે પાર પડેલા પ્રવાસીઓને દિવાળી ટાંકણે ઘરભેગા થવું પાલવે નહીં અને વારે વારે એટલી લાંબી મુસાફરી કરી શકાય પણ નહીં. એમ છતાં નાતાલમાં, ડરબન જેવા શહેરમાં અને ફિનિક્સ જેવા એકાંત જંગલમાંયે દિવાળીએ પૂરો હરખ ઊભરાઈ રહેતો. આંગણે છંટકાવ થતો, રંગોળી પુરાતી, ચૂલે તાવડા ચડતા અને અઠવાડિયાંઓ સુધી જાતજાતના ફટાકડાની તડાફડી બોલતી. બેસતે વરસે મોટેરાં અને મુરબ્બીઓને પગે લાગવાનો રિવાજ સચવાતો. મન તેમ જ મોં મીઠાં થતાં. આપણા ઉત્સવો ત્યાં આગળ અમારે સારુ એક એવી ચીજ હતી જે વડે હજારો ગાઉના અંતર છતાં જાણે પોતાની ભારત માતાના ખોળામાં જ અમે ઊછરી રહ્યા હોઈએ એવું અમ બાળકોને લાગતું. માતૃભાષા અને જૂના વખતથી ચાલતા આવેલા આપણા તહેવારો એ બંને ચીજો, દૂરના એ પરદેશમાં અમારી અંદર ખાંડી ખાંડીને હિંદીપણું ભરતાં હતાં.

પરંતુ જ્યારે અમારાં માબાપ, સગાંસંબંધી, દોસ્ત અને સહપાઠીઓ કારમી કેદ વેઠી રહ્યાં હતાં ત્યારે અમે બાળકો દિવાળી ઊજવીએ એ શોભે એવું ન હતું. અને બીજી બાજુ દિવાળીના ઉત્સવનો બધો રસ જતો કરવાને અમારું બાળ-મન પૂરું તૈયાર ન હતું. એટલે જ્યારે મગનકાકાએ કહ્યું કે ‘આ દિવાળીએ, છોકરાઓ, તમે ફટાકિયા નહીં માગો ને?’ ત્યારે અમારાં મોઢા વીલાં પડી ગયાં. અમને થયું, બા નથી, કાકી નથી, બીજાઓ નથી, જે સુંદર સુંદર વાનગીઓ બનાવી આપે. બધાં જેલમાં છે તેથી ખાવાની મજા આપણે લઈએ, એ સારું પણ નહીં. પરંતુ ફટાકડા શા માટે ન ફોડીએ? એ તો નાનાં બાળકોની વસ્તુ છે. મોટેરાંઓને ફટાકડા વિના કંઈ જેલમાં વધારે દુ:ખ પડવાનું નથી. શા સારુ મગનકાકા ફટાકડાની ના પાડતા હશે? એ મજા તો બાર મહિને એક વાર મળે છે! ફટાકડા વિનાની તે વળી દિવાળી હોય? મારામાં તો એટલું સાહસ ન હતું કે હું મનની વાત મગનકાકા પાસે રજૂ કરું. તેમણે એકેએકે નાનેથી માંડી મોટા સુધી સૌ બાળકોને પટાવીને પોતાના મતનાં કરી લીધાં. એક નવીનચંદ્રે રજા મેળવી લીધી કે ‘જો મારા પિતાજી ડરબનથી ફટાકડા મોકલશે તો હું ફોડીશ; અને બબ્બે ચાર ચાર બધાને આપીશ પણ ખરો.’ નવીન રોવામાં શૂરો હતો અને

દિવાળીએ રોઈ દિવાળી બગાડે નહીં એ ભયે મગનકાકાએ એને એટલી રજા આપી. અને મેં મન મનાવ્યું કે કંઈ નહીં, ઝાઝા નહીં તો એકબે ફટાકિયા તો મળશે!

ધનતેરશ આવી ને અમે લાંબી દોરી સાથે લાકડાની પાતળી પટ્ટી બાંધીને ભંભૂ ધુમાવ્યો. છાપખાનાના કામમાંથી જરાયે માથું ઊંચું કરી શકાય એમ ન હતું. છતાંયે મગનકાકાએ એ કામમાંથી વખત મેળવીને અમારી વચ્ચે વધુ કલાકો આપવા માંડ્યા. સવારસાંજ રમતો, દોડાદોડીની શરતો અને વિનોદ કરાવવાનું આરંભાયું. જેલવાસીઓ છૂટીને આવે ત્યાં સુધી અમારે સૌએ અઠવાડિયાના છ દિવસ અલૂણું પાળવાનું રહેતું એ બંધન ઢીલું કર્યું ને દિવાળીનું આખું અઠવાડિયું ભાતભાતનું ફરસાણ બનાવી બનાવીને મગનકાકાએ અમને પીરસ્યું. જેમ બીજી અનેક જાતની કારીગરીમાં તેઓ કુશળ હતા તેમ રસોઈમાં પણ તેઓ સારી પેઠે પ્રવીણ હતા. એ દિવસોમાં એમાણે વહેલી પરોઢે ઊઠી કોબીની ફૂલવડી માટે બહુ બારીક - ટોપરાના ખમણ જેટલી ઝીણી - કોબી ચાકૂ વડે સમારી હતી. ત્યાર પછી ફરી વાર એટલી ઝીણી સુધારાયેલી કોબી જોયાનું મને સાંભરતું નથી. હું ભૂલતો ન હોઉં તો મગનકાકાએ પોતે એ વખતે એક પણ સવાદ કર્યો ન હતો. તેમનું અલૂણું તો ચાલુ જ હતું; પણ અમને બાળકોને એમાણે પુષ્કળ લાડ લડાવ્યાં અને રમતો રમાડી. જેથી કરીને દિવાળીના દિવસોમાં અમે માબાપ વિના ઝૂરીએ નહીં. મગનકાકા શાસન કરવામાં ઉગ્ર હોવા છતાં જે બાળકને એમનું નીતરતું વાત્સલ્ય સાંપડ્યું હોય તે આખી જિંદગી એ ધન્ય પળોને સંભારતો રહે તોયે ઓછું છે.

દિવાળી પાસે આવતી ગઈ તેમ તેમ અમારા મનની ખિન્નતા વધતી ગઈ. અમને બીજું કંઈ ઝાઝું દુ:ખ ન હતું પણ દિવાળીના ઉત્સવનો આનંદ નથી મળવાનો એ વાતનું કાલ્પનિક દુ:ખ વધારે હતું. પરંતુ જ્યારે મગનકાકાએ દિવાળીનો ઉલ્લાસ ઘટવા ન દીધો અને દિવાળીમાં ભરપૂર આનંદ કરાવ્યો ત્યારે અમે પાછા ઉલ્લાસમાં આવી ગયા. જેલવાસીઓના ત્રણ મહિના પૂરા થવાની અને તેમના છૂટી આવવાના દિવસોની ગણતરી કરવા તરફ ફરી પાછું અમારું ધ્યાન ખેંચાયું.

દિવાળી પછી કે દિવાળી પહેલાં (આજે મને બરાબર યાદ નથી) જેલમાંથી બે કાગળો આવેલા. ડરબનની જેલમાંથી રાવજીભાઈનો ને મારિત્સબર્ગની જેલમાંથી મારી બાનો. રાવજીભાઈ પટેલનો કાગળ અંગ્રેજીમાં ત્રણેક પાનાંનો હતો અને એમાં એક પાના જેટલો ભાગ જેલવાળાઓએ છેકી નાખ્યો હતો. એ છેકા રાવજીભાઈના સુંદર અક્ષર ઉપર ફૂટપટ્ટીથી દોરેલી સીધી

લીટીના હોઈ એ આખું લખાણ અમે ઉકેલી શકતા હતા. મોટી અડીખમ સરકારના આવા વેદિયાપણા ઉપર અમે સારી પેઠે મજાક કરી. રાવજીભાઈના પત્રથી જણાયું કે તેઓ સૌ ઠીક ઠીક લહેરમાં હતા.

મારી બાનો કાગળ મારા પર હતો અને તેયે અંગ્રેજીમાં હતો! મારી બા મને ગુજરાતીમાં ન લખી શકે, એને અંગ્રેજીમાં જ લખવું પડે એ મને ખટક્યું. મને થયું કે, શું મિસિસ પોલાક આપણી જેલમાં હોય તો પોતાના દીકરા વૉલ્ડોને ગુજરાતીમાં કાગળ લખે ખરાં? વૉલ્ડોને પોતાની બાનો કાગળ અંગ્રેજીમાં નહીં ને ગુજરાતીમાં મળે તો તેને કેટલું બધું માઠું લાગે? આ મુલકમાં જેલના ઉપરી ગોરાઓ છે તો શું થયું? પોતાના સ્વાર્થે જ્યારે પેલા હડતાળિયાઓને અહીં ફિનિક્સથી પાછા લઈ જવાને ગોરા સાર્જંટો આવ્યા ત્યારે પોતાનું કામ કાઢવાને માટે કેવા બબ્બે ઈંદ્રાપટ (ઈન્ટરપ્રિટર-દુભાષિયા) તેઓ પોતાની સાથે લાવ્યા હતા! જો ગોરાઓને હિંદી કેદીઓને જેલમાં રાખવા છે તો શા સારુ તેમના કાગળો તપાસી આપનાર ગુજરાતી, હિંદી કે તામિલ દુભાષિયા નથી રાખતા? આમ મારી બાનો એ કાગળ આવતાં આનંદને બદલે મને ખેદ થયો.

અમે બાળકોએ તો દિવાળી માણી, પણ મગનકાકાને માથે કામના પહાડ વધતા જ જતા હતા. અમારે ત્યાંથી ગિરમીટિયા જતા રહ્યા હતા, નવા કોઈક જ આવતા હતા અને એમને નસાડી મૂકનાર સાર્જંટોનો પહેરો પણ નામનો જ રહ્યો હતો. એટલે અમને થોડી ફુરસદ મળી ગઈ. પણ મગનકાકાનું શરીર ઘસાતું જતું હતું. એમનો પહાડી સાદ ક્ષીણ થતો જતો હતો. લાંબી માંદગીમાંથી ઊઠ્યાનો આભાસ આપે એટલા બધા તેઓ કૃશ થઈ ગયા હતા. જોકે એમની પ્રસન્નતા ને ચહેરાનો પ્રતાપ ઘટ્યાં ન હતાં, ઊલટાં વધ્યાં હતાં. છતાં આમ ને આમ એમને કેટલા મહિના - કેટલાં વરસ - ખેંચવાં પડશે તે કોઈ કહી શકે એમ ન હતું. જેમ ચાર હજાર હડતાળિયાઓ સાથે બાપુજીએ નાતાલથી ટ્રાન્સવાલમાં કૂચ ચલાવી ત્યારે રોજ સવારે ને સાંજે મગનકાકા ઉચ્છ્વાસ નાખતા કે ‘બાપુ પકડાય તો સારું, એ દેહ સાવ સુકાઈ ગયો છે અને આમ ઝાઝા દિવસ નહીં નભે’ એમ હું ને દેવદાસકાકા હવે મગનકાકા વિશે પણ એ જ ચર્ચા કરવા લાગ્યા: ‘મિ. વેસ્ટ પકડાયા, હવે મગનકાકા જેલ ભેગા થાય તો સારું; એમને તો નથી રવિવારની રજા કે નથી દિવાળીની મજા. હવે તો જેલ એમને માથેથી ભાર હળવો કરી દે તો જ એમને આરામ મળે એમ છે.’

બીજી તરફ મગનકાકાને અમારા ભણતરની ચિંતા વધતી જતી હતી. દિવાળીની રમત અને મજા વચ્ચે તેમણે એકબે વાર કહ્યું કે ‘હું તો તમને સમય નથી આપી શકતો, પણ તમારે પોતાની મેળે ભણતર ચલાવવું જ જોઈએ.’ અને

દિવાળી વીત્યા બાદ તો ઊંડો નિસાસો નાખીને તેઓ બોલ્યા કે, 'બીજું તો કંઈ નહીં, પણ હું પકડાઈ જાઉં તો તમને ભણવાનો સમય તો મળે. આ ઉંમરમાં ગણિત ને વાચનલેખન કાચાં રહી જશે તો પછી એ કેમ તૈયાર થઈ શકશે? હું છું ત્યાં સુધી છાપાનાં ને બીજાં કામોમાં તમારે સંડોવાઈ રહેવું પડે છે. હું પકડાઈ જઈશ એટલે છાપું બંધ થશે ને તમને ભણવાનો વખત મળી રહેશે. બેત્રણ મહિના ન ભણો તે ચાલે, પણ આ લડત તો ખૂબ લંબાશે. એ દરમિયાન તમારું ભણતર મુદ્દલ રોકાઈ રહે એ ઈચ્છવા જેવું નથી.' એ વાત કર્યા પછી તરત જ એમણે સવારે કે સાંજે મહા પરાણે અર્ધો કલાક મેળવીને અમને ભણાવવાનું શરૂ કરી દીધું. પણ કામનો ભાર એટલો બધો હતો કે બે કે ત્રણ દિવસ તેઓ વર્ગ ચલાવી શકતા ને વળી એ નિયમ તૂટી જતો. આમ અનેક વાર થવાથી મારો ભણવાનો ઉત્સાહ પણ ઓસરી જતો હતો. મને થતું કે હવે વર્ગ ચાલતા નથી ને નાહકના શા સારુ ભણવાની લપ લઈને મગનકાકા બેસે છે? બધા જેલમાંથી આવી જશે પછી નિરાંતે ભણશું. ત્યાં સુધી લાંબી છુટ્ટી આપી દે તો શું ખોટું? અમે ક્યાં રઝળીએ છીએ? કામ તો કરીએ છીએ ને? પણ મગનકાકાનો ઉત્સાહ મોળો પડે એવો ન હતો. નિરાશ થવાનું તો તેઓ જાણતા જ ન હતા. ફરી ફરી વર્ગો નિયમિતપણે ચલાવવાનો તેઓ પ્રયત્ન કરતા હતા.

એવામાં એક પરોઢે મેં એમને હજામત કરતા જોયા. એમની દાઢી બે અઢી મહિનામાં વધીને ઘાટી થઈ ગઈ હતી. દાઢી સાફ થતાં તેઓ નવા જ માણસ જણાયા. નાહીને એમણે પોતાનો ચમકતો સૂટ અને મારી કાકીએ ગૂંથેલી બદામી રંગની નેકટાઈ પહેર્યાં. તપાસ કરતાં મને ખબર પડી કે બે દિવસ માટે તેઓ ડરબન જતા હતા; મિ. વેસ્ટે મળવા બોલાવ્યા હતા. તેઓ ડરબન બેઠા બેઠા, ફિનિક્સ અને ફિનિક્સની આસપાસ માઉંટેજકંબ વગેરેમાં ગિરમીટિયાઓ ઉપર ગુજારવામાં આવેલા અત્યાચારો સંબંધી પોતાના જ દેશભાઈ સામે કેસ ચલાવવામાં પોતાનો સમય આપી રહ્યા હતા. મગનકાકાને શ્રી સૂર્ઝાઈના કેસમાં એ જુબાની આપવાને એમણે બોલાવેલા કે શ્રી સૂર્ઝાઈને ઘાતકી રીતે માર મારનારા મિ. ટૉડ પોતે જ હતા. એ જુબાની છતાં ત્યાંની અંગ્રેજ સરકારે ટૉડ સાહેબને બચાવી લીધા અને એમને જેલ તો ન જ આપી. મગનકાકાને એ બહાનેયે મહિનાઓને અંતે કામના ભારમાંથી જરાક છૂટા થઈને બે દિવસ ટહેલી આવવાનું મળ્યું એથી અમે રાજી થયા.

ડરબન જઈ આવ્યા પછી તરત જ મગનકાકાએ જાહેર કર્યું કે 'આ નહીં ને આ પછીને સોમવારે આપણી સોળ જણાની પહેલી ટુકડી જેલમાંથી છૂટશે.' એટલે પછી એ સૌને જેલને દરવાજે લેવા કોણ જશે ને અહીં કામ કરવા કોણ

રોકાશે એ ચર્ચા ચાલી. બેત્રણ દિવસની સવારસાંજની લાગટ ચર્ચાને અંતે એમ ઠર્યું કે કોઈએ ડરબન ન જવું. આવનારા જેલને દરવાજેથી છૂટીને પોતાની મેળે અહીં એક આંટો આવી જશે. અહીંથી થોડા છોકરાઓ જેલને દરવાજે લહેર કરવા જાય અને થોડા અહીં કામમાં ભીંસાઈ રહે એ સારું ન કહેવાય.

પણ અમારો ઠરાવ પડ્યો રહ્યો. ભગવાનની યોજના કંઈક બીજી જ હતી. અમે ધારતા હતા કે હજી તો આ બધાં દુઃખ જાણે કેટલીયે છમાસી અને કેટલાંયે વરસ લગી લંબાવાનાં છે. પણ ભગવાને તો એ દુઃખો આટોપી લેવાનું શરૂયે કરી દીધું હતું. અમને એની જરાક અમથીયે કલ્પના ન હતી.

## ૨
## છૂટ્યા !

આપણે ત્યાં સામસામી વાત બતાવવા માટે ઉત્તર અને દક્ષિણનું અંતર સૂચવાય છે. પણ એ શબ્દથી આપણને એ સામસામાપણાનું પૂરેપૂરું સૂચન નથી મળતું. આપણે ઉત્તર ગોળાર્ધમાં છીએ ને દક્ષિણ આફ્રિકા દક્ષિણ ગોળાર્ધમાં છે. બેની દિશા સામસામી છે એટલું જ નહીં, ઋતુઓ પણ સામસામી છે. વૈશાખ-જેઠમાં જ્યારે અહીં બળબળતા બપોર હોય ત્યારે ત્યાં કડકડતી ટાઢ પડતી હોય છે. આપણે ત્યાં ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ટૂંકામાં ટૂંકો દિવસ હોય, ત્યારે ડરબન અને ફિનિક્સમાં ક્રિસ્મસના દિવસો લાંબામાં લાંબા ને રાત ટૂંકામાં ટૂંકી હોય. એ ઉપરાંત એપ્રિલથી જુલાઈ સુધીના શિયાળાના ચાર માસ છોડીને બાકીના આઠ મહિના ત્યાં ચોમાસું જ ચાલતું રહે. ક્યારે વાદળ ચડી આવશે ને વરસાદ તૂટી પડશે એ કહેવાય જ નહીં. ફિનિક્સનું એકાંત બીડ અને ચોમેરની નાનકડી ટેકરીઓ પર સંધ્યા અને ઉષાનો નિત્ય નવો રાસ રચાતો. એ સાથે દિવસ આખો આકાશમાં વાદળાંનો નાચ ચાલતો એ ઓછું ભવ્ય ન હતું. ફિનિક્સની અનેક સ્મૃતિઓમાં મને ત્યાંનાં વાદળાંની સ્મૃતિ ઠીક તાજી રહી ગઈ છે. મારા બાળ-સાથીઓની ગણતરીમાં હું વાદળાંઓને પણ મૂકું. કલાકના કલાક એ વાદળાંઓ ભેગો હું વિહરતો.

વાદળાં અનેક જાતનાં હોય છે. કેટલાંક વરસાઉ, કેટલાંક દેખાવડાં, કેટલાંક થાકેલાં ને ચિંતામાં ડૂબેલા ડોસા જેવાં, તો કેટલાંક નિશાળમાંથી છૂટેલાં રમતિયાળ બાળકો જેવાં. હિલોળે ચડેલી ધોળી વાદળીઓનો પથારો મનને વિનોદ ઉપજાવે, તો રજોટાયેલી કધોણ ચાદરની જેમ આકાશના ચંદરવાને આવરી લેનારું વાદળ મનને ઉદાસ કરી મૂકે. રતૂમડાં વાદળ અને રૂપેરી કિનારવાળાં કાળાં વાદળ ફળફૂલથી લચી રહેલા બગીચાની શોભાનેયે ભુલાવી દે,

તો ફક્ત ક્ષિતિજ ઉપર હાથી, ઘોડા, ઊંટ અને જાતજાતનાં જનાવરોના સરઘસનો દેખાવ ઊપજાવનારાં વાદળાં વળી પોતાની પાસે દોડી આવવા નોતરતાં જણાય. આ બધાં વાદળ ઉપરાંત કેટલીક વાર એવાં વાદળો આવે છે જે ન વરસે, કે ન ખસે; બસ એકસરખો પથારો કરીને ઊભાં રહે. પોતાના રંગમાં પણ ભાત પડવા ન દે. આવી જાતનાં વાદળો હોય ત્યારે કંઈક ભારે નવાજૂની થવાની છે કે નવાજૂની થયાના ખબર આવવાના છે એમ મનમાં થયા કરે અને કંઈક ને કંઈક નવી વાત સાંભળવાને મન તૈયાર રહે. એવી અગમચેતી આપનારાં વાદળને પેગામ આપનારાં વાદળ કહી શકાય.

આપણી વાત હવે ઈ. સ. ૧૯૧૩ના ઉત્તરાર્ધ સુધી આવી પહોંચી છે. તારીખ તો યાદ નથી, પણ એ દિવસોની એક સવારે નિત્યનિયમનાં કામો કરતાં મારી નજર આકાશમાં ઘૂંઘટ ઘેરો કરીને જામેલાં વાદળાં પર પડી. આવાં વાદળો અમુક અમુક ખાસ પ્રસંગે થયેલાં તેની આછી નોંધ મારા મનમાં હતી. બાપુજીએ પહેલવહેલા સાત દિવસના ઉપવાસની જાહેરાત કરી ત્યાર પહેલાં બેએક દિવસ આવું વાદળ રહ્યું હતું. બાપુજી સાડાચાર હજાર હડતાળિયા સાથે કૂચકદમ કરતા ઊપડ્યા અને પકડાયા ત્યારેયે આવું વાદળ હતું. ફિનિક્સમાં જ્યારે કોઈને ચિંતાજનક માંદગી આવતી ત્યારે એની સાથે સાથેયે આવું વાદળ આવી પહોંચતું. આજે પણ કંઈક નવાજૂની થવાનો સંકેત મને એ પેગામી વાદળોએ આપ્યો. અને સાંજ પહેલાં ખરેખર એક સારામાં સારા ખુશખબર અમને મળ્યા.

સાંજના પાંચના ભોજનથી પરવારી અમે બાળકોએ બાપુજીના મોટા ઓરડામાં રમત માંડી હતી. મણિલાલકાકાના ઑરગન વાજાની બેઠક પર બેઠા બેઠા મગનકાકા અમારી રમતમાં રસ લઈ રહ્યા હતા. એવામાં દરવાજામાં મિસ શ્લેશિન દાખલ થયાં. પોતાના ગાલમાં પડેલા ઝીણા ખંજન વચ્ચે તેમણે મહાપરાણે ઉમંગનો મલકાટ દબાવી રાખ્યો હતો. તેઓ સીધા મગનકાકા પાસે જઈ ઊભાં અને પૂછ્યું: 'બોલો, હું શા ખબર લાવી છું?' મિસ શ્લેશિન ભારે વિનોદી રહ્યાં, એટલે અમે બાળકોએ પણ અમારી રમત થોભાવી અને એમની વાત પર અમે સૌએ કાન માંડ્યા. એમના પ્રશ્ન પરથી તથા દાબી રાખેલા સ્મિત પરથી મેં અનુમાન કર્યું કે તેઓ મિ. ઍન્ડ્રૂઝ અને મિ. પિયર્સનના આવી પહોંચ્યાના ખબર કે ગોખલે મહારાજ તરફથી આવેલા કોઈ સારા સમાચારની વાત લાવ્યાં હશે. પણ મગનકાકાએ વિનોદમાં ને વિનોદમાં જવાબ વાળ્યો: ''બાપુજીના છૂટ્યાના!'' મિસ શ્લેશિનનું અત્યાર સુધી દબાવી રાખેલું હાસ્ય ફૂટી નીકળ્યું. અને તેમણે પૂછ્યું: ''તમે કેમ જાણ્યું?'' મગનકાકાએ ઉત્તર વાળ્યો: ''શું મારી અટકળ સાચી છે? મેં તો કેવળ તમારા ચહેરાનો ભાવ જોઈને

અટકળ જ કરી. શું સાચે જ બાપુ છૂટ્યા છે?'' મિસ શ્લેશિને મગનકાકાની અટકળને સાચી જાણાવી.

અમે બાળકો હાથહાથભર કૂદીને ખુશીની તાળીઓ પાડવા લાગ્યાં. મેં દેવદાસકાકાને કહ્યું 'આજે કંઈ ખાસ ખબર આવશે એમ હું ક્યારનો કહેતો હતો, આજનું વાદળ જ એવું હતું.'

અમ બાળકોનો આનંદ શમાવ્યો શમતો ન હતો. અમે વિનોદમાં પરસ્પર કહેતા થાકતા જ નહોતા કે 'આ તે કેવો જાદુ? સરકારે તો બાપુજીને બાર મહિનાની સજા કરી હતી અને આ તો તેઓ દોઢ મહિનો પૂરો થયાં પહેલાં જ છૂટી ગયા! બાપુજીની કેદને સરકાર જીરવી ન શકી. એમને આખું વરસ પૂરી રાખવાનો દમ જ એનામાં ક્યાં છે? કેવી મજા! ત્રણસો પાંસઠ દિવસનું વરસ સરકારને ત્યાં ચાળીસ દિવસમાં પૂરું થઈ ગયું! આપણા ત્રણ માસની કેદવાળા સૌ હજી જેલમાં છે અને આ આખા વરસની કેદ પામેલા બાપુજી છૂટી આવ્યા!' હરખ પ્રગટ કરવાની અમારી પાસે વાણી ન હતી.

બાપુજી પ્રિટોરિયાની જેલમાં હતા. ત્યાંથી છૂટ્યા પછી બેએક દિવસની અંદર તેઓ ડરબન આવી પહોંચ્યા અને કામ માટે ત્યાં રોકાયા. એમની સાથે મિ. પોલાક અને મિ. કેલનબૅકને પણ છોડવામાં આવ્યા હતા. અને સ્મટ્સની સરકારે જે કમિશનની બાબતમાં જુબાની આપવા માટે એમને છોડ્યા હતા એ કમિશન શું છે અને શું કરવાનું છે એ વિશે વિચાર ચલાવી રહ્યા હતા. મિસ શ્લેશિન અને મગનકાકાની વાતો સાંભળી સાંભળીને અમને બાળકોને એ વેળાએ એટલું જ સમજાયું હતું કે સ્મટ્સની સરકારને આ વખતની સત્યાગ્રહની લડતથી સારી પેઠે અકળામણ થવા માંડી છે અને લડતનો નિકાલ લાવવા માટે એણે પોતાનું નાક પણ ન કપાય અને હિંદીઓ માગે છે એ આપીયે શકાય એટલા ખાતર આ કમિશન બેસાડવાની યુક્તિ કરી છે. એ કમિશનમાં નિમાયેલા ત્રણે સાહેબો બાપુજીને, મિ. પોલાકને, મિ. કેલનબૅકને અને બીજાઓને પૂછશે કે બતાવો હવે ગિરમીટિયાઓને રીતસર કામે ચડાવવા માટે તમે શું શું કરાવવા માગો છો અને એ બધા જવાબો ઉપરથી સ્મટ્સની સરકારને સલાહ આપશે. એ લોકોને છોડે નહીં તો એ કમિશનનું કામ ચાલે જ નહીં. એટલા માટે આપણા એ ત્રણે આગેવાનોને મુદ્દત પૂરી થયાં પહેલાં છોડી મૂકવામાં આવ્યા છે. પણ અમને બાળકોને કમિશન અને કમિશનના કામની ચર્ચામાં ખાસ રસ આવતો ન હતો. ગોરાઓ ઝૂક્યા છે અને એમણે બાપુજીને છોડ્યા છે એટલી જ વાતથી અમારો ઉમંગ ઊભરાઈ ચાલ્યો હતો તથા બાપુજી હવે ક્યારે ફિનિક્સ આવશે એ જાણવાની અમારી અધીરાઈ વધી પડી હતી. દેવદાસકાકાએ ફિનિક્સ સ્ટેશને

જઈ બાપુજી સાથે ટેલિફોનમાં વાત કરવાનું ઠરાવ્યું. અમે બાળકો પણ સ્ટેશને ઊપડ્યાં. બાપુજીના જેલ ગયા પછી અમને બધાંને સાથે મળીને સ્ટેશને જવાની આ પહેલી જ તક હતી. ઘાડાં જંગલમાંથી પસાર થતો અઢી માઈલનો એ લાંબો રસ્તો એકલા એકલા જઈએ ત્યારે કંટાળાભરેલો લાગતો, પણ એ દિવસે અમે વાતવાતમાં સ્ટેશને પહોંચી ગયા.

પાટા ઓળંગીને સ્ટેશન પર જવાય એમ હતું, પણ અમારી ટોળી પાટા પાસે જ અટકી પડી. અમારા મારગની આડે પાટા ઉપર એક સોલ્જર ઝગઝગતા સંગીનવાળી બંદૂક ખભે ચડાવીને પહેરો દેતો ઊભો હતો. ત્યાંથી થોડે દૂર સ્ટેશનની વખાર હતી ત્યાં પણ એવો જ બીજો સોલ્જર અમે જોયો. વળી દૂર નજર કરી તો સ્ટેશનની હદ પૂરી થતી હતી ત્યાં ત્રીજાને જોયો. બે પાટા મળી એક થતા હતા ત્યાં ચોથાને, સ્ટેશનમાસ્તરના ઘર પાસે પાંચમાને, ને ડરબનની દિશામાં ભેગા થતા સાંધા ઉપર પણ એક છઠ્ઠો ખડો સોલ્જર અમે જોયો. વળી એથીયે આગળ દૂરના સિગ્નલની રક્ષા કરતો સોલ્જર પણ દેખાયો. બેએક ક્ષણ આ બધું કૌતુક અમે જોઈ રહ્યા ને વિચારમાં પડ્યા કે આ બધું છે શું? મિ. વેસ્ટના પકડાયા પહેલાં અમે સ્ટેશન ઉપર કે ફિનિક્સમાં ક્યાંયે કદી ગોરા સોલ્જરોને જોયેલા નહીં. અને ત્યાર પછી પણ ભાગ્યે જ એકબે સોલ્જરોને સાથે સાથે જોયેલા. એટલે એ બધા આઠદસ સોલ્જરની ટુકડી જોઈને અમે વિચારમાં પડી ગયા કે ''આ વળી અહીં શા સારુ ઊભી છે?'' જે સોલ્જર પાસે પહોંચી અમે અટક્યા હતા એને અમે ઘેરી વળ્યા. દેવદાસકાકાએ એને પૂછ્યું: 'કેમ, તમે શાની ચોકી કરવા ઊભા છો?' સોલ્જરે જવાબ આપ્યો: 'હવે કલાક વારમાં ગાડી આવવાની છે. તે સુરક્ષિત ચાલી જાય એટલા માટે અમારે પાટાની ચોકી કરવાની છે. રખે સ્ટ્રાઈકરો (હડતાળિયાઓ) તોફાન કરી ટ્રેન ઊંધી વાળી નાખે! એ લોકો એટલા વીફર્યા છે કે સરકારને માર્શલ લૉ જાહેર કરવો પડ્યો છે.'

'માર્શલ લૉ એટલે?' અમે સવાલ કર્યો.

'એટલે લશ્કરી અમલ. એ અમલ ચાલતો હોય એ વખતે અમને ફાવે એ પગલાં અમે લઈ શકીએ. જે કોઈ અમારી નજરે પડે અને અમે એને ઊભો રહેવા કહીએ છતાં જો એ ઊભો ન રહે તો તેના ઉપર ગોળીબાર કરવાની પણ અમને છૂટ રહે. પરવાના વિના કોઈ ઘરબહાર નીકળી જ ન શકે. અમે જ બધે ફરતા હોઈએ. જે કોઈ સામો થાય કે લપછપ કરે તેને અમે ઉડાડી જ મૂકીએ. રાત્રે આઠ વાગ્યા પછી કોઈ ઘરબહાર નીકળે તો દેખતાંની સાથે જ અમે તેને વીંધી દઈએ.'

'અમને પણ તમે ગોળી મારો?'

'ના, ના, તમે કંઈ રેલવેના હડતાળિયા નથી. પણ અંધારે જો અમે તમને ન ઓળખીએ તો કદાચ મારી પણ બેસીએ.'

'એટલે અમારે રાત્રે સ્ટેશને આવવું હોય તો ન અવાય?'

'ના.'

'અમને અહીં મોડું થઈ જાય તો?'

'અંધારું થતાં પહેલાં મોટું નાળું વટાવી જજો. માર્શલ લૉની હદ ત્યાં સુધી છે. એની પેલી પાર કંઈ જોખમ નથી.'

'અત્યારે સ્ટેશનમાં જવાય ને?'

'હા, ખુશીથી જાઓ.'

આમ થોડી વાતચીત ઉપરથી અમે કળી ગયા કે હડતાળિયાઓને લઈ આવેલી પેલી લશ્કરી ટુકડી જેટલી વિવેકી, નમ્ર અને દયાળુ લાગતી હતી એવી આ નથી. જોકે એ સોલ્જરે અમને બધા જવાબ કંઈ પણ કડકાઈ દેખાડ્યા વિના આપ્યા, અને અમારી સાથે મલકાતાં મલકાતાં વાતો કરી, છતાં અમારા આશ્રમમાં મહિનો માસ પહેરો ભરી ગયેલા સોલ્જરો જેવા શાંત સ્વભાવનો એ ન લાગ્યો. એની નજર કરડી હતી અને 'માર્શલ લૉ'નું કે 'રેલવે સ્ટ્રાઈકર્સ'નું નામ લેતાં એની આંખ અને મોઢું એવાં લાલચોળ થઈ જતાં હતાં કે જાણે હમણાં એ એમાંના કોઈ પણ માણસને જોશે તો મારી નાખશે!

છતાં એ જનાબ અમારી આડે આવે એવા નથી, પણ અમારા દોસ્ત જેવા બની ગયા છે એ અમે જોઈ લીધું, અને અમે વગર અચકાયે સીધા સ્ટેશનમાં ચાલ્યા ગયા. આખુંય સ્ટેશન અમારી પ્રસન્નતામાં ભાગ લઈ રહ્યું હોય એવું લાગ્યું. ત્રણેક મહિના પહેલાં જ્યારે અમે સોળ લડવૈયાની પહેલી ટુકડીને વળાવવા આવેલા ત્યારે સ્ટેશનમાસ્તર, સ્ટેશનનું મકાન તથા બીજા બધા માણસો અમારી જેમ ગંભીર બની ગયેલાં જણાતાં હતાં. આજે બાપુજીના છૂટ્યાના ખબર આવેલા એટલે જાણે એ બધું આનંદી લાગતું હતું. સ્ટેશનમાસ્તર તો રોજ ભારે મોઢું રાખીને જ કામમાં ગૂંથાયેલા રહેતા. પણ આજે તો એ પણ હસતા હસતા બધી વાત કરતા હતા. દેવદાસકાકાએ બાપુજીની સાથે વાત કરવાનો પોતાનો ઈરાદો જણાવ્યો એટલે એમણે ટેલિફોન કરવાની બધી સગવડ કરી આપી. અમે ટેલિફોનની આસપાસ ટોળે વળીને ઊભા. દેવદાસકાકાએ રુસ્તમજી શેઠને ત્યાં ટેલિફોન જોડાવ્યો અને બાપુજીને વાત કરવા બોલાવ્યા. બાપુજીને ટેલિફોન ઉપર આવતાં લગભગ અર્ધો કલાક વીત્યો. એ દરમિયાન વળી અમે એ લશ્કરી સોલ્જરો પાસે ગયા ને ધરાયા ત્યાં સુધી પ્રશ્નો પૂછ પૂછ કર્યા. એની પાસેથી જાણવા મળેલી રેલવે હડતાળિયાઓની વાત જુદા પ્રકરણમાં આપવી ઠીક પડશે.

રાહ જોઈ જોઈને થાક્યા ત્યારે ટેલિફોનની ઘંટડી થઈ અને રુસ્તમજી શેઠને ત્યાંથી બાપુજી બોલ્યા. ભૂંગળું તો દેવદાસકાકાને કાને હતું, એટલે અમને બાપુજીનાં વેણ સાંભળવા ક્યાંથી મળે? વાત પૂરી થયે એટલું જાણ્યું કે આજ રાત્રે દસની ગાડીમાં બાપુજી ફિનિક્સ આવશે અને પરોઢિયે ચાર વાગ્યે પાછા ચાલ્યા જશે. એમની સાથે કેટલાક મહેમાનો પણ આવશે.

બાપુજી આજે જ અહીં આવશે એ વધામણી મગનકાકાને દેવા અમે વહેલા વહેલા સ્ટેશનથી આશ્રમે જવા ઊપડ્યા; અને ત્યાં પહોંચીને એ ખુશખબર આપ્યા અને પછી ઉતાવળે ઉતાવળે વાળુપાણી આટોપી ફરી પાછા અમે સ્ટેશને જવા ઊપડ્યા. કોઈ નાનું છોકરુંયે ઘેર ન રહ્યું. પાછા ફરતાં કોઈ બાળક ઊંઘી જાય તો એને લાંબી લાંબી ડાંગ ઉપર સુવાડીને લઈ આવવાનું ઠરાવ્યું ને બે ડાંગો સાથે લીધી. ઊંઘનાર બાળકને ડાંગ ઉપર કેવી રીતે ઉપાડાય એનો અખતરો અમે કરતા ચાલ્યા. વાદળાં સાથે સંતાકૂકડી રમતી ચાંદનીનો આસ્વાદ લેતા લેતા અમે દોઢેક કલાકમાં સ્ટેશને પહોંચ્યા. એ ભેંકાર લાગતા જંગલના રસ્તાની મુસાફરી એ રાત્રે અમને બગીચાની સહેલગાહ સમી થઈ પડી.

સ્ટેશને પહોંચી થોડું રમ્યા ત્યાં ડરબનની ટ્રેન આવી પહોંચી. બાપુજી, શ્રી થંભી નાયડુ ને બીજા એકબે મહેમાનો ઊતર્યા. અમે એકેએકે બાપુજીને પગે લાગ્યા અને તેમણે માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. એ પછી આખું સરઘસ શાંત, ગંભીર અને નીરવ વાતાવરણમાં ચાંદનીમાં નાહતું આશ્રમ તરફ ચાલ્યું. મારી ટેવ પ્રમાણે ટોળામાંના બીજાને પાછળ મૂકી હું સૌની આગળ ચાલતા બાપુજીની પાસે જ પહોંચીને તેમની પૂંઠે પૂંઠે ચાલવા લાગ્યો.

એમને પડખે શ્રી થંભી નાયડુ, મગનકાકા અને મિસ શ્લેશિન ચાલતાં હતાં. બાપુજી એમની સાથે જ વાતો કરતા હતા. સૌ એટલાં ગંભીર હતાં કે એ આખો રસ્તો પૂરો થયો ત્યાં સુધી અમને બાળકોને ક્ષણભરનો સમય પણ બાપુજી આપી ન શક્યા. સાધારણ સમય હોત તો આટલે દિવસે આવીને બાપુજીએ અમારા દરેકના નામ દઈ દઈને ખબર પૂછ્યા હોત અને આનંદ કરાવ્યો હોત. પણ આજે તો અમારે માથે એમણે હાથ મૂક્યો એટલું જ ઘણું હતું. એ પછી તેઓ પોતાના ગંભીર વિચારમાં જ ડૂબેલા રહ્યા અને હું તેમને અને મહેમાનોને જોતો તથા સાંભળતો રહ્યો.

જેલમાંથી બાપુજીના સમાચાર મળેલા તે મુજબ ચાળીસ દિવસની અંદર એમણે પોતાના શરીરને ઠીક ઠીક સુધારી લીધું હતું. હડતાળના દિવસનાં થાક અને ક્ષીણતા દૂર થયાં હતાં; અને છતાં બે-અઢી મહિના ઉપર બાપુજીએ ફિનિક્સ છોડ્યું ત્યારના કરતાં છૂટીને ફિનિક્સ આવ્યા ત્યારે તેમનું શરીર જાણે

ચોથા ભાગનું રહ્યું હતું. સાવ લાકડી જેવા દૂબળા દેખાતા હતા. એમનો બેઠા ઘાટનો દેખાવ બદલાઈને લાંબો લાંબો જણાઈ રહ્યો હતો. એમનો સાદ પણ બહુ ક્ષીણ થઈ ગયો હતો. એ બધું જોઈને મને થયું કે આટલે દૂબળે શરીરે બાપુજી આટલું બધું ચાલતા શું કામ હશે? પરોઢિયે જ પાછા જવું હતું તો અત્યારે અડધી રાતે ફિનિક્સ ન આવ્યા હોત તો શું બગડી જાત? પણ જ્યારે ત્રણ પાઉન્ડની કર વિરુદ્ધની લડત ચોમેર સળગી રહી હતી ત્યારે જેલમાંથી છૂટીને એમનાથી આરામ લેવાય એવું હતું જ ક્યાં? તેઓ અતિશય દૂબળા હતા છતાં ગમગીન ન હતા, ઉત્સાહભર્યા હતા.

મને ખબર ન હતી કે કોટપાટલૂન પહેરેલા બાપુજીનું એ આખરી દર્શન છે. ઘેર પહોંચતાં વેંત મગનકાકાને બાપુજીએ જે અનેક નિર્ણયો સંભળાવ્યા તેમાંનો એક પોતાનાં સૂટ ને કોટપાટલૂન નેકટાઈ આદિને તિલાંજલિ દેવાનો પણ હતો.

બાપુજી કરતાં પણ મારું ધ્યાન વધુ તો શ્રી થંભી નાયડુ તરફ રોકાયું. તેમની કીર્તિ ખૂબ સાંભળેલી. દક્ષિણ આફ્રિકાના સૌ સત્યાગ્રહીઓમાં સૌથી ચડિયાતું કોણ એ વિશે અમારે ત્યાં ચર્ચા ચાલતી ત્યારે ઘણા પહેલું નામ શ્રી થંભી નાયડુનું આપતા. એમને જોવાની તક મને એ જ રાતે પહેલી વાર મળી. શરીરે તેઓ બાપુજીથી ઊંચા અને જાડા હતા. વાને કાળા હતા ને નાક સારી પેઠે લાંબું ને પોપટની ચાંચ જેવું ઘાટીલું હતું. ચાંદનીના આછા અજવાળામાં તેઓ નાનાસરખા હાથી જેવા લાગતા હતા. એમનો અવાજ કોરો અને લૂખો હતો. મેં એમની જે તેજસ્વી અને ભાવભરી મૂર્તિ કલ્પી હતી એવા એ ન હતા. મારા કલ્પિત થંભી નાયડુ કરતાં મેં જે પ્રત્યક્ષ જોયા એ ઊતરતી પંક્તિના લાગ્યા. પણ એમની બહાદુરી અને નિર્ભયતા બાબત મને સંદેહ ન રહ્યો. બાપુજી સાથે વાત કરતી વખતનો એમનો ધ્વનિ, એમના હાવભાવ, એમની અક્કડ ચાલ અને સૌથી વિશેષ તો એમની વિશાળ છાતી, એ સઘળેથી એમની બહાદુરી નીતરતી હતી. અમારી મંડળી ઘર ભેગી થઈ ત્યારે રાતના અગિયારથી વધુ સમય થયો હશે એવો ખ્યાલ મને રહી ગયો છે. છતાં અમારી ઊંઘ ઊડી ગઈ હતી. બાપુજીને તથા મહેમાનોને જોવા-સાંભળવાની ઈંતેજારીની સાથે સાથે બાપુજીના ફળના ટોપલાની વિગતે પણ અમારી ઊંઘ ઉડાડી મૂકી એમ કહેવાય. એમાં સ્ટ્રૉબરી, એવોકાડા, પેર વગેરે અમારા ફિનિક્સમાં એ વેળાએ ન થનારાં ફળો હતાં. બાપુજીએ કહ્યું: ''એમાં એક તરબૂચ છે એ તુરત પતાવજો. એ ઠેઠ કેપટાઉનથી આવ્યું છે.'' એ સાંભળીને તો મારી લાળ ટપકવા લાગી. રાજકોટના ઉનાળાના સખત તાપમાં લાલ લાલ તરબૂચની ચીરીઓ ખાધેલી તે મને દાઢે રહી ગયેલી! ફિનિક્સમાં તરબૂચ કદીયે નજરે ન પડતું એટલે એનું નામ સાંભળવું એ કોઈ

સ્વર્ગના ફળનું નામ સાંભળવા સમું હતું. કેપટાઉનનાં તરબૂચનાં વખાણ સાંભળેલાં, એટલે એને માટે મારું મન લલચાયું. પણ એટલામાં મગનકાકાએ નિર્ણય આપ્યો કે અત્યારે તો મોડી રાત થઈ છે, આવતી કાલે સવારે વાત. મને ખાતરી હતી કે સવાર પહેલાં તે દિવસની પુષ્કળ ગરમીને લઈને એ બગડી જશે. અને સાચે જ બીજે દિવસે એ સાવ ઊતરી ગયેલું નીકળ્યું. હાથ આવેલું અમૃતફળ આમ વેડફાયું એથી મને બહુ ગુસ્સો આવ્યો, પણ મોટા પાસે નાનાનું શું ચાલે?

રાત્રે સૂતાં પહેલાં બાપુજીએ સવારે કોટપાટલૂનને બદલે કેવાં કપડાં પહેરવાં એનો નિર્ણય કરી લીધો. પણ એ વિશે આવતા પ્રકરણમાં.

## ૩
## વીંધાયેલું હૈયું

બાપુજી અણધાર્યા છૂટી આવ્યા તેથી અમે બાળકો હરખઘેલાં થઈ ગયાં હતાં. અમારું રોજનું કામ ભૂલી દોડાદોડ કરવા મંડી પડ્યાં હતાં અને બાપુજીનાં દર્શન આડે લડતને તથા જેલવાસીઓને ઘડીભર વીસરી ગયાં હતાં. પરંતુ બાપુજી તો પોતે જેલમાંથી છૂટતાંની સાથે જ ક્ષણભરનોયે વિલંબ કર્યા વિના લડતના કામમાં પરોવાઈ ગયા. થાકેલું, સુકાયેલું એમનું શરીર ખૂબ જ વિસામો માગતું હતું. હજારો હડતાળિયાઓની સાથે જ્યારે તેમણે કૂચકદમ કરી ત્યારે એમની કાયા જાણે યોગાગ્નિમાં પ્રજ્વળી રહી હોય એમ જળું જળું થઈ રહી હતી. એમના શરીરનાં હાડચામ એક થઈ ગયાં હતાં. જેલમાં જઈ બેઠા ત્યારે મહિનો સવા મહિનો આરામ મળ્યો, પણ કેવળ ગણતરી કરી કરીને લીધેલા થોડાક ફળમેવા વડે તે શરીર કેટલુંક વળે? સુકાયેલું શરીર તો ખૂબ જ પોષણ માગે, જ્યારે જેલમાં એમને મુઠ્ઠીભર સૂકો મેવો, બે લીંબુ, ચાર ટમેટાં એમ બહુ થોડું ખાવાનું મળતું. તેમાંયે તેમનું એકટાણું ચાલતું. અમે છતાં લોકો વાત કરતા હતા કે ‘‘બાપુજીએ જેલમાં શરીર ઠીક સુધારી લીધું છે.’’ પણ મને તો એ સુધરેલું શરીર પણ ડરામણું દેખાતું હતું. તેઓ રાત્રે આવ્યા ત્યારે તો કેવળ એમના પાતળા સાંઠી જેવા કદ અને ક્ષીણ અવાજ ઉપરથી જ એમની નબળાઈની મેં અટકળ કરેલી. પણ પછી જ્યારે દિવસને અજવાળે એમનાં દર્શન થયાં, ત્યારે મહાન કૂચ દરમિયાન એ દેહયષ્ટિ કેટલી બધી સુકાઈ ગઈ હશે એની અટકળ બાંધવી પણ મને અશક્ય થઈ પડી. કાનથી માંડીને નાક સુધીનાં જડબાંની ઉપરનાં એમનાં હાડકાં બંને બાજુ ઊપસી આવ્યાં હતાં. ગોળ ચહેરો લાંબો લાંબો થઈ ગયો હતો. હાથપગ એટલા પાતળા થઈ ગયા હતા કે જાણે એ

બાપુજીના જ ન હોય અને છતાં જેલમાંથી છૂટીને તરત એમણે રાતદિવસ એક કરી નાખ્યા! એમનું શરીર કામ કરતું હતું એમ ન કહેવાય પણ એમની અંદરનો આત્મા - પ્રાણ - જ જાણે ઝળહળી રહ્યો હતો.

સત્યાગ્રહીઓ અને હડતાળિયાઓનો ઊછળતો માનવસાગર બહાર છોડી દઈને જ્યારે તેઓ જેલમાં જઈને બેઠા ત્યારે તરત ભગવાનની લીલા ભગવાનને સોંપી પોતે તામિલ ભાષાના અભ્યાસમાં ડૂબી ગયા હતા. જે હજારો ગરીબ હિંદી ભાઈબહેનો આફ્રિકામાં હતાં તેમાંનો ઘણો મોટો ભાગ તામિલ બોલનારો હતો. એમની સાથે દિલ ખોલી વાતો ન કરી શકાય, પોતાના હૈયાની હૂંફ એમને આપી ન શકાય એ બાપુજીને ખટકતું રહેતું. એટલે જેલમાં તામિલ ગ્રંથોનું પાન કરી જનતાની સાથે તદ્રૂપ થવાનો રચનાત્મક કાર્યક્રમ બાપુજીએ ચલાવ્યો હતો અને એક અદના વિદ્યાર્થીની જેમ પોતાના ભણતર સિવાય બહારની રાજનૈતિક કડાકૂટને તેમણે કોરે મૂકી દીધી હતી. પણ એ જ બાપુ અણધાર્યા છૂટ્યા કે તરત જ એમણે જનતાનાં દુઃખશોકનાં પૂર ખાળવા માટે પાછી કમર કસી અને આખી લડતના સેનાનીનું કામ સંભાળી લીધું.

પોતાની ગેરહાજરીમાં લોકોએ કેવાં કેવાં બલિદાન આપ્યાં અને સરકારે કેવો કેવો ભોગ લીધો એ જેમ જેમ તેઓ સાંભળતા ગયા ને જેમ જેમ જોતા ગયા, તેમ તેમ એમને અંગે અંગે લાય લાગતી ગઈ. પણ ક્રોધ - બળતરા - તેઓ કોના પર ઉતારે? એ બધી આપદા તો એમની પોતાની જ નોતરેલી હતી. પોતે અનંત દુઃખ વેઠવા તત્પર હતા. પોતાના ફિનિક્સવાસી સાથીઓ પાસે પણ માંદા પડતાં ને મરતાં સુધી પાછા ન ખસવાના સોગન એમણે લેવડાવ્યા હતા. પણ જેલમાંથી નીકળીને એમણે જોયું કે અબોધ ગિરમીટિયાઓએ અકલ્પ્ય બલિદાનો આપ્યાં હતાં.

લડતમાં જે નિર્દોષ ગરીબો મરાયા તેમનાં બલિદાન સાથે તેમ જ પાછળ રહેલાંઓનાં ઘવાયેલાં હૈયાં સાથે તદાકાર થવા માટે બાપુજીએ પોતાની તપસ્યા અને ત્યાગમાં વધારો કરવાનું નક્કી કર્યું અને જેલમાંથી છૂટી આવીને બીજે જ દિવસે એ ગરીબ મદ્રાસી ગિરમીટિયાઓનાં લૂંગી ને પહેરણનો લેબાસ ધારણ કરવાનું તથા ચંપલ વિના સાવ ઉઘાડે પગે જ ચાલવાનું વ્રત લીધું. બાપુજીના મનમાં અનેક શહીદો વસી રહ્યાં હતાં. જેલની અંદર પોણોસો વરસની ઉંમરનો બુઢ્ઢો હરબતસિંહ કેટલાક દિવસ એમનો જેલસાથી રહેલો. એ જેલમાં જ સ્વર્ગવાસી થયો હતો. અને બહાર ઍન્થની મુત્તુનો બાપ તથા બીજા હડતાળિયાઓ ગોળીએ વીંધાઈ મરણશરણ થયેલા હતા. ગોળીથી ઘવાયેલો ઍન્થની મુત્તુ, એનો નાનો ભાઈ અને ડૂસકાં ભરતી તેની વિધવા મા ફિનિક્સ

આવેલાં ત્યારે તેમનું દુઃખ જોયું નહોતું જતું. સૂર્ઝાઈનો કિસ્સો પણ ઓછો ખેદજનક ન હતો. એ ઉપરાંત બાપુજીના જેલમાંથી છૂટી આવ્યા પછી ત્રીજે જ દિવસે જોહાનિસબર્ગમાં કુમારી વાલિયામાનું જેલમાંથી છૂટતાંની સાથે મરણ નીપજ્યું હતું, એ બધાંની એકસમાટી અસર બાપુજીના કુમળા હૃદય પર ખંજર ભોંકાયાથીયે વધુ થઈ હતી. ફૂલકળી સમી, જે હજુ ઘરની શીળી છાયામાં લાંબું આયુષ્ય ભોગવી શકે એવી હતી એ કુમારી વાલિયામાનું બલિદાન સ્વેચ્છાપૂર્વકનું હતું. એની મા અને સખીઓને સારુ એ કારમો ઘા હતો. પોતે એમના શોકમાં શી રીતે ભાગ લઈ શકે એ વિચારમાં બાપુજી ગરકાવ થઈ ગયા હતા.

ઊકળતા તેલના પેણામાં કૂદી પડનાર ભક્ત સુધન્વા બાપુજીને સારુ એક ધ્યાનમૂર્તિ રહેલા છે. અસહ્ય વેદનામાંયે શીતળતાનો અનુભવ માણવાનો ઉમંગ એ સત્યાગ્રહની ખરી કસોટી બાપુજીએ માની છે. એટલે પોતાનું કે પારકાનું દુઃખ ગમે એટલું અસહ્ય હોય તોયે બાપુજી પાસે જીવનને ભરખી જનારી ગ્લાનિ, ક્લાન્તિ કે લાચારી જેવી વસ્તુ ફરકી જ શકતી નથી. રોનારા ભેગા પોતે પણ આંસુ સારવા લાગે તો લડાઈનું - ત્યાગ તપસ્યા અને બલિદાનનું - પાણી ઊતરી જાય. અને બીજી તરફ સેનાનીની કઠોરતાને ઘાતકીપણાની છાયામાંથી ઉગારી લેવી હોય ત્યારે ઘવાયેલાં હૈયાં સાથે તદાકાર થયા વિના પણ કેમ ચાલે?

આ બધાનો ઉકેલ હતો કેવળ પોતાની તપસ્યા અને ત્યાગમાં વધારો કરવાનો. પણ બાપુજીએ તો જેલ જતાં પહેલાં જ પોતાનાં ત્યાગતપસ્યાને છેલ્લી ટોચે પહોંચાડી દીધેલાં. ત્રણચાર કલાકની ઊંઘ અને સાવ અલ્પ ફળો ઉપર જ પોતાનો ગુજારો કરતા હતા. અપાય તેટલી આહુતિ એમણે પોતાના શરીરની આપી દીધી હતી. એમ છતાં દુઃખી લોકો સાથે સમવેદના માટે વધુ શું થઈ શકે એ કપરો પ્રશ્ન બાપુજીના મનમાં ઘોળાઈ રહ્યો હતો.

અને બાપુજીની અમોઘ બુદ્ધિ તથા સાચી ઈચ્છાએ એ વાતનો વગર વિલંબે તોડ કાઢી આપ્યો. પોતાના ત્યાગમાં વધારો કરવાનો ઉપાય એમને જડી આવ્યો. અને જે ગરીબડાંઓ મરાયાં હતાં એમનો જ લેબાસ ધારણ કરવાનું વ્રત એમણે લીધું. પોતે છૂટીને ફિનિક્સ આવ્યા એ જ રાતે બાપુજીએ મગનકાકાને જે વાત કરી એનો સાર કંઈક નીચે મુજબનો હતો:

“મારે કહ્યે ભોળા, નિરક્ષર એવા હજારોએ પોતાની આહુતિ આપી છે. તેઓ કેવળ મારી પાછળની શ્રદ્ધાને બળે લડાઈના દાવાનળમાં કૂદી પડ્યાં હતાં. દેખ્યું ન જાય એટલું દુઃખ તેમણે વેઠ્યું છે. એમનાથી વેગળો હું કેમ રહું? હવે મારે એમનામાંના જ એક બનીને રહેવું જોઈએ. ગોરાઓ વચ્ચે જવું પડે કે રાજધાનીમાં જવું પડે, જ્યાં સુધી સત્યાગ્રહની આ લડતનો અંત નહીં આવે ત્યાં

સુધી કોટપાટલૂન કે નેકટાઈ હું નહીં પહેરું. ઊજળા સમાજમાં માઝા વિનાનો દેખાઈશ તો તેની હરકત નહીં. ગણ્યાગાંઠ્યા માણસોવાળા નાનકડા એ સમાજમાંના એક બનીને રહેવામાં મને ઝાઝો રસ નથી આવતો. મારે તો આ હજારો દુ:ખિયા ગિરમીટિયાઓમાંના એક બનીને રહેવું જોઈએ. લડતને વાંકે થયેલી વિધવાઓનાં આંસુ લૂછવાને મારે આટલું તો કરવું જોઈએ. આવતી કાલથી એક લુંગી ને એક સાદું પહેરણ એટલો જ મારો વેશ રહેશે. ચાકુ, પેન્સિલ, કાગળિયાં, રૂમાલ વગેરે ચીજો રાખવા માટે ડરબનમાં આવતી કાલે એક બગલથેલો સીવડાવી લઈશ. લુંગી-પહેરણ આજે જ તૈયાર કરી આપો.''

મગનકાકાએ દલીલ કરતાં કહ્યું: ''લુંગી કરતાં ધોતિયું પહેરો તો કેમ? હરવાફરવામાં પણ એ ફાવશે અને આપણો અસલી પહેરવેશ પણ એ જ છે.''

બાપુજીએ કહ્યું: ''વાત સાચી, મને ધોતિયું ગમે છે પણ ખરું; પરંતુ અત્યારે સવાલ ગિરમીટિયાઓનો છે. એમાંનો મોટો ભાગ મદ્રાસીઓનો છે. એટલે એમના સમોવડિયા થવા માટે મારે મદ્રાસી લુંગી જ પહેરવી જોઈએ. મારી લુંગી ચીંથરેહાલ નહીં હોય એટલો ફેર રહેવાનો. તેઓ ઘણાખરા માથે તો કંઈક ને કંઈક બાંધે છે, પણ આપણે માથે પહેરવાનું પહેલેથી જ છોડ્યું છે, એટલે એ ફરી શરૂ કરવાની જરૂર નથી. જે મર્યા છે તેમની પાછળ શોક પાળવાના ચિહ્નરૂપે મૂછોનું મુંડન પણ કરવું જરૂરનું છે. અને પગમાં સૅન્ડલ્સ (ચંપલની એક વિશિષ્ટ બનાવટ) પણ હું નથી રાખવાનો. અસંખ્ય ગિરમીટિયાઓને પગમાં ક્યાં કંઈ પહેરવાનું મળે છે?''

ચંપલનેયે છોડવાની જ્યારે બાપુજીએ વાત કરી ત્યારે, ન છોડવાની વિનંતી કરતાં મગનકાકાએ બાપુજીને કહ્યું: ''પણ આપના પગ એટલા કસાયેલા નથી. પગની પાનીમાં આપને કાંકરા પીડશે. અને ચાલવાનું તો આખો દિવસ રહેવાનું.''

''એ ખરું: મારા પગનાં તળિયાં તમારા બધા કરતાં વધુ આળાં છે, પાની તરડાયેલી રહે છે; પણ લોકોને દુ:ખમાં ધકેલું ત્યારે મારેયે કંઈક તો દુ:ખ ખમવું જોઈએ ના? બહુ પીડા થશે તો થોડું ધીમે ચલાશે એટલું જ ને?''

એ પ્રમાણે ફિનિક્સના એકાંત ખૂણામાં મધ્ય રાત્રિએ મગનકાકાની તથા બીજાઓની સાક્ષીમાં એ વિસ્મયજનક પગલું બાપુજીએ ભર્યું. આજે તો તેઓ લંગોટીબાબા તરીકે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે અને કચ્છ ધારણ કર્યો એ પહેલાં તેઓ મહાત્માની ખ્યાતિ પામી ચૂક્યા હતા, એટલે અહીં હિંદુસ્તાનમાં બાપુજીના વસ્ત્રત્યાગનો મહિમા કલ્પાનમાં આવી શકે એમ નથી. પણ ત્યાં દક્ષિણ આફ્રિકામાં જ્યાં કોટપાટલૂન, કૉલર-નેકટાઈ અને મોજાં પહેર્યા વિના

શહેરના રસ્તા પર કે રેલ અને ટ્રામ પર પગ-પગલું દેવું અભદ્રતાનું લક્ષણ ગણાય ત્યાં બાપુજીનો વસ્ત્રત્યાગ એમના લાંબા ઉપવાસ અને એકટાણાંની કોટિથીયે અમુક માત્રામાં વિશેષ ત્યાગ હતો. ઉપવાસ-એકટાણાં હાલતાંચાલતાં નજરે પડે એવી ચીજ ન હતી, પણ બૅરિસ્ટરના જમાનાથી સતત પહેરેલો સૂટનો પહેરવેશ છોડી તેઓ કફની ને લુંગી પહેરીને ત્યાંના રસ્તાઓમાં ફરે, એના ઉપર દક્ષિણ આફ્રિકાના વતનીઓ સારીમાઠી ટીકા કર્યા વિના રહે જ નહીં. ખાસ કરીને ત્યાંની આંગ્લ વસ્તીની વચ્ચે એવો ફેરફાર કરવાની તો બાપુજીની જ હિંમત ચાલે.

દક્ષિણ આફ્રિકાના ગોરાઓ ઉપર બાપુજીના એ વેશપલટાની શી અસર થયેલી એ હું કહી શકું એમ નથી. એ વેશપલટો ઉપરથી લાદેલો ન હતો, પણ અંદરથી વીંધાયેલા હૈયાનું એ પ્રતિબંબ હતું. એટલે આપણા દેશભાઈઓએ જોકે એને વધાવ્યો નહીં તોયે એ વડે આપણા લોકો ઉપર ધારી અસર થઈ. લોકોમાં નમ્રતા અને હિંદ માતાનું નાક ન કપાવા દેવાની દૃઢતા વધી. મને પોતાને ફરી એક વાર કોટપાટલૂનમાં બાપુજીને જોવાની ઈચ્છા વારે વારે થતી, પણ તે કદી પૂરી ન થઈ. ત્રણ પાઉન્ડના કરની લડતનું સમાધાન થયા પછી પણ બાપુએ વિલાયત માટે ફિનિક્સથી ઊપડતાં સુધી પોતાનો એ જ વેશ રાખ્યો. જોહાનિસબર્ગમાં છેલ્લે દિવસે ફરી કોટપાટલૂન પહેર્યાનું સાંભળ્યું, પણ એનો તો ફોટો જ જોવા મળ્યો.

વળતે દિવસે સવારે સૂર્યોદય થતામાં તો બાપુજી પાછા ડરબન ચાલ્યા ગયા અને એક રાત પૂરતું ફિનિક્સ ભર્યું ભર્યું લાગવા માંડ્યું હતું એ ફરી પાછું સૂનું થઈ ગયું. રાતે આવ્યા ત્યારે જેમ બાપુજીને અમારી જોડે વિનોદ કરવાનો કે ખબર પૂછવાનો અવકાશ ન મળ્યો તેમ સવારે જતી વખતે પણ અમને એક શબ્દ સરખોયે કહેવા કરવાની એમને ફુરસદ ન મળી. અમે પણ એમના કામમાં આડા ઊતરીને એમનું ધ્યાન ખેંચવાની કે પ્રશ્નો પૂછી પૂછીને એમને વાત કરાવવાની હિંમત કરી ન શક્યા. તેમ છતાં જેટલો વખત બાપુજી રોકાયા એટલો બધો વખત અમારા આશ્રમનો સૌથી મોટો ઓરડો જેમાં પ્રાર્થના વગેરે થતાં એ અમને ભર્યો ભર્યો લાગ્યો. બધા જેલમાં ગયા પછી અમે એ ઓરડામાં રમતગમત કરતા, કૂદાકૂદ કરતા ને મગનકાકાનેયે અમારી રમતોમાં ભેળવતા, તથા પુષ્કળ હસાહસ ચાલતી. છતાં એ ઓરડો અમને બાપુજી વિના સૂનો સૂનો જ લાગતો. પણ જ્યારે બાપુજી આવીને પોતાની રોજની બેસવાની જગ્યાએ, લાંબા મેજના છેડા પરની ખુરશી ઉપર બેઠા ત્યારે એ ઓરડાનું સૂનાપણું તરત જ જતું રહેલું જણાયું. એમની વાતચીતોમાં જેટલું સમજાય એટલું સમજવામાં અને એમની

દરેક હિલચાલ જોતા રહેવામાં જ અમારાં મનને ઘણું સમાધાન મળ્યું. અને તેઓ એક પણ શબ્દ અમારી સાથે બોલ્યા વિના જ જતા રહ્યા એનું અમને કશું ખોટું ન લાગ્યું પણ તેઓ ફિનિક્સમાં વધુ વખત રોકાયા નહીં એ માઠું લાગ્યું તથા જે રીતે તેઓ ગયા એ જોઈને અમને ઘણું દુ:ખ થયું.

રાતના ઠરાવ પ્રમાણે સવારના પહોરમાં નાહીધોઈને બાપુજીએ મદ્રાસી ઢબની લુંગી અને ગોઠણથી નીચે સુધી આવતું કોથળા જેવું ઢીલું પહેરણ પહેર્યું. અને સત્યાગ્રહી શહીદોનો શોક પાળવા ખાતર પોતાની મૂછ પણ મૂંડી નાખી. ત્યાં દક્ષિણ આફ્રિકામાં આવો સાધુબાવા જેવો વેશ અમારા જોવામાં આવતો જ નહીં. એટલે એ આખું દશ્ય અમારી આંખોને જરાયે રુચ્યું નહીં. પણ બાપુજીના પ્રભાવશાળી ચહેરા તરફ જોઈને અમે એ વેશ ઉપર ન હસી શક્યા કે ન રડી શક્યા. મનમાં જ સમસમી રહ્યા. અને જ્યારે તેઓ ડરબન પહોંચીને તથા દરજી પાસે તૈયાર કરાવરાવીને ઝોળા જેવો બગલથેલો ખભે ભેરવશે ત્યારે વળી કેવા દેખાશે એની કલ્પના કરવા મંડ્યા. મને પોતાને બીજી બધી વાત કરતાં એમણે મૂછો કાઢી નાખી એ વધારે ખૂંચ્યું. મૂછો નીકળી જવાથી એમના ચહેરાની અસલી શોભા મને અડધી થઈ ગયેલી લાગી. અને વળી મને થયું કે તેઓ તો અંગ્રેજો જેવા બહુ જ તુમાખી લોકોને નીચા નમાવવામાં ફાવ્યા હતા. એવા બહાદુર સેનાપતિને તો ખૂબ સરસ અને મોટી મોટી મૂછો રાખવાનો પૂરો હક છે. છતાં બાપુજીએ પોતાની મૂછ ઉડાડી દીધી એ ખોટું કર્યું. સત્યાગ્રહમાં મરણશરણ થયેલાઓનો શોક પાળવાને ખાતર કપડાં બદલ્યાં એ કંઈ ઓછી વાત ન હતી. પણ હું તો બાળક જ હતો. મારી વાત બાપુજી સાંભળે એમ ક્યાં હતા? આજે મને સમજાય છે કે મૃતવીરો પ્રત્યે આદર દર્શાવવાને એમણે પોતાની મૂછો ઉતારી એ પણ બાપુજીનું બહુ મોટું પગલું હતું. એ વડે તેમણે પોતાને સત્યાગ્રહમાં સામેલ થયેલા નાનામાં નાના માણસની હરોળમાં મૂકી દીધા હતા. મોટામાં મોટા આગેવાન તરીકે નહીં પણ સાચામાં સાચા સેવક તરીકે તેમણે લોકોની ઉપર પોતાની છાપ પાડી હતી. અને દુ:ખમાં આવી પડેલી વિધવાઓને દિલાસો આપ્યો હતો કે એમના વૈધવ્યના દુ:ખે કરીને એમનું પોતાનું હૈયું ખરેખર કેટલું વીંધાયું છે.

પણ બાપુજીનો નવો વેશ જોઈને અમને જે દુ:ખ ન થયું એ પગરખાં વિના એમને ચાલતા જોઈને થયું. ઘરમાંથી બહાર નીકળી એમણે સ્ટેશને જવાને આંગણામાં પગ મૂક્યો કે તરત ત્યાં માટીની અંદરથી ઊપડી આવેલા કાંકરા એમને ખૂંચવા માંડ્યા. એમના પગનાં તળિયાં બહુ આળાં હોવાથી બબ્બે ને ત્રણ ત્રણ પગલે એ કાંકરા વડે એમને એટલો ત્રાસ થતો હતો કે એમને પોતાની

એડી અધ્ધર કરી લેવી પડતી હતી અને બહુ સંભાળીને પોતાના પગ ઉપર ભાર મૂકવો પડતો હતો. એટલું સારું હતું કે એમણે પોતાના હાથમાં એક લાંબી પાતળી લાકડી રાખી હતી જેથી પગની પાનીમાં બહુ મોટો કાંકરો વાગી બેસે ત્યારે પોતાના શરીરનો ભાર એ લાકડી ઉપર મૂકીને પગને જરાક રાહત આપી શકે. સ્ટેશન સુધીની અઢી માઈલની પગમુસાફરીમાં અનેક વાર એવું બન્યું. અને હજુ તો ડરબન પહોંચીને સાંજ સુધીમાં એમને કેટલુંયે ચાલવાનું બાકી હતું. બાપુજીની એ પીડા અમારાથી જોઈ નહોતી જતી પણ એમને ચંપલ પહેરવાને કોઈ મનાવી શકે એમ હતું જ નહીં. એમણે તો ચાલતાં ચાલતાં પોતાના કામની વાતોમાં જ એટલું બધું ધ્યાન પરોવી દીધું હતું કે પગને વારે વારે થતી પીડા પણ એમને ઝાઝું પજવી ન શકી.

બાપુજીના ગયા પછી ટૂંક મુદતમાં જ ફિનિક્સના વાતાવરણમાં પાછો જુસ્સો ઊભરાવા લાગ્યો. ખબર આવ્યા કે જનરલ સ્મટ્સે જે કમિશન નીમ્યું છે એમાં બધા એ જ ગોરાઓ છે જે પ્લૅન્ટરો(શેરડીનાં વાવેતરોના મોટા જમીનદારો તથા ખાંડનાં કારખાનાં - ધમોલાના માલિકો)ના અને ખાણવાળાઓ (ન્યૂકૅસલ તરફની બધી કોયલાની ખાણોના માલિકો)ના મળતિયાઓ છે અને એમની પાસેથી હિંદી કોમને ન્યાય મળી શકવાની ઉમેદ નથી. એટલે પૂ. બાપુજીએ અને મિ. પોલાકે સ્મટ્સ સાહેબને લખી મોકલ્યું છે કે એ બધા તમારા માણસો ભેગો અમે ચીંધીએ એવો પણ એક માણસ હોવો જોઈએ. જો તમારો આગ્રહ એ કમિશનમાં તમારા જાતભાઈ સિવાય બીજા કોઈને ન નીમવાનો હોય તો હિંદી કોમ એવો આગ્રહ નહીં રાખે કે તમારે એક હિંદીને જ કમિશનમાં લેવો જોઈશે. પણ જો હિંદી કોમનો જેના ઉપર વિશ્વાસ હોય એવો એક અંગ્રેજ પણ તમે કમિશનમાં નહીં સ્વીકારો તો હિંદી કોમ એ કમિશન સમક્ષ જુબાની આપી નથી શકવાની.

સાથે સાથે એ પણ ચર્ચા શરૂ થઈ કે બાપુજીને આવી રીતે જેલમાંથી છૂટવું મુદ્દલ પસંદ નથી પડ્યું અને તેઓ સ્મટ્સના જવાબની રાહ આ ડિસેમ્બર મહિનો ઊતરતાં સુધી જ જોશે. ને ત્યાર પછી ફરી પાછા બાપુજી જેલમાં ચાલ્યા જશે. અને એને માટે અંગ્રેજી નવું વરસ બેસે કે તરત તેઓ ચાર્લ્સટાઉનથી જેવી કૂચ કરેલી એથીયે મોટી કૂચ ડરબનથી શરૂ કરશે.

બીજા ખબર ડરબનથી એ આવ્યા કે ડરબનના મુખ્ય મુખ્ય હિંદી આગેવાનોએ બાપુજીની અને મિ. પોલાકની વાતને વધાવી લીધી છે અને જ્યાં સુધી સ્મટ્સ સાહેબ આપણો એક માણસ ન સ્વીકારે ત્યાં સુધી એ કમિશન સમક્ષ જુબાની ન આપવાના સોગન લીધા છે. અને એવું જાહેર કર્યું છે કે જે

હિંદી જુબાની ન આપવાના સોગન નહીં લે તે દેશદ્રોહી ગણાશે.

એ બધું સાંભળીને અમને બહુ મજા પડી. અમે લોકો વાતો કરવા લાગ્યા કે એવા દેશદ્રોહી તે ભલા કોણ થવા જશે! સ્મટ્સને એવા કોઈ નથી મળવાના. બહુ સારું થયું. એ સાહેબની ઠીક ફજેતી થવાની.

નાતાલના દિવસો આવી ગયા હતા અને ડિસેમ્બર પૂરો થવાને આઠદસ દિવસની જ વાર હતી. અમે આનંદમાં આવી જઈ જાન્યુઆરી મહિનો આવવાની રાહ જોવા લાગ્યા. અને વળી અમારા મનને એ વાતનો આનંદ પણ નાનોસૂનો ન હતો કે અમારી ફિનિક્સવાળી સોળ જણની પહેલી ટુકડી બેચાર દહાડામાં જ છૂટવાની હતી. અને બાપુજી બહાર આવી ગયા હોવાથી એ બધાને તરત જ પાછા જેલમાં ચાલ્યા જવાપણું ન હતું. એટલે એ બધાઓની સાથે રહેવાનો અને આનંદ કરવાનો અમને પાંચસાત દિવસનો વખત મળશે એ ગણતરીએ અમે બહુ લહેરમાં આવી ગયા હતા.

## ૪
## રેલવે હડતાળનો આતંક

બાપુજીએ પોતે તો ખરેખરો સોગ પાળ્યો અને જેલવાસીઓના મોતને પોતાનાં ઘરનાંઓના મોતથીયે અદકું માન્યું. પણ અમને બાળકોને 'સોગ' સાથે શી લેવાદેવા? બાપુજી જેલમાંથી છૂટી આવ્યા એ જ અમારે મન દિવાળી હતી. વળી, સોળ જણની પહેલી ટોળીને છૂટવાનો દિવસ આવી પહોંચ્યો હતો અને ગોખલે મહારાજના મોકલેલા સંત પાદરી ઍન્ડ્રૂઝ સાહેબની સ્ટીમર પણ ડરબન પહોંચવાને વાર ન હતી. એટલે શોકને ભૂલીને અમે તો હરખમાં તણાયે જતા હતા. બાપુજી અને બીજાઓ જેલમાં હતા ત્યાં સુધી મગનકાકા પર આવી પડેલી જાતજાતની જવાબદારીમાં બને એટલી મદદ કરવા જતાં અમારે પરાણે મોટા બની જવું પડ્યું હતું. લાગલાગટ મહિનાઓ સુધી આંખ ઊઘડતાંથી માંડીને રાતના ઊંઘમાં ઢળી પડતાં સુધી એક પછી એક અનેક કામો ઉકેલવાની ફિકરમાં અમે નાને પંડે ભારેખમ બની ગયા હતા. એ મહેનતાણાના બદલામાં જ જાણે અમને મગનકાકાએ છુટ્ટી આપી, એટલું જ નહીં પણ ડરબનનાં સરઘસો ને સ્વાગતો જોવા જવાની પણ સગવડ કરી આપી.

મને તારીખ યાદ નથી, પણ એટલું યાદ છે કે એ દિવસે સોમવાર હતો. ઘણે મહિને અમે ઘસી ઘસીને નાહ્યાધોયા અને પોતાનાં સારામાં સારાં કપડાં પહેરી તૈયાર થયા. ખમીસનાં કફકૉલર, કોટની કરચલી, પાટલૂનનો કમરપટ્ટો, ગોઠણ સુધી ચડાવેલાં ચકચકતા કાળાં ઊની મોજાંના બંધ અને ચપોચપ થતાં

'સૅંડલ'(ચાંપવાળાં ચંપલ)નું પૉલિશ વગેરે બધી વસ્તુમાં અમારી પૂરેપૂરી આવડત વાપરીને અમે સજ્જ થયા અને નાનેથી મોટા સૌ હારબંધ, કોઈ ખોવાઈ ન જાય, પાછળ ન રહી જાય એની સાવચેતી રાખતા, ફિનિક્સ સ્ટેશને ઊપડ્યા.

ક્યારે ટ્રેન આવે ને ક્યારે એમાં બેસીએ એ અધીરાઈથી અમે ઊંચાનીચા થઈ રહ્યા હતા. આજે આસપાસ જોવામાં અમારું ધ્યાન ન હતું. અમે ડરબનના તરંગોમાં રાચી રહ્યા હતા. આખરે ટ્રેન આવી. અમે બેઠા અને અમારા શરીરના સ્નાયુઓને નચાવતી, ઠેકા દેતી, રેલગાડી ડરબન તરફ ઊપડી. ડરબન પહોંચતાં સુધીમાં આશરે આઠેક સ્ટેશન આવતાં. ફિનિક્સ પછીનું બીજું સ્ટેશન અવોકા મૂકી અમે આગળ વધ્યા કે રેલના પાટાની સમાંતરે ઊભેલા સોલ્જરોને જોઈને અમને બહુ જ અચંબો થયો. ફિનિક્સમાં અમે સાંધા પર ને દૂર દૂર સિગ્નલ પાસે છૂટાછવાયા બેચાર જ ગોરા પહેરેગીરો જોયેલા, પણ અહીં તો જાણે, દરેક લોઢાનો પાટો સાચવવાને એક સંગીનધારીને ગોઠવ્યો હોય એમ વીસવીસ ને ત્રીસત્રીસ પગલે એક એક સોલ્જર દેખાયો. માઈલે ને દોઢ માઈલે બંદૂકોના ખડકલા ઊભા કરીને આરામ કરતા છ છ સાત સાત સોલ્જરોને રીતસર ખોડેલી રાવટીમાં અડ્ડો નાખીને પડેલા જોયા. ઝપાટાબંધ ડરબન તરફ ધસી જતી ટ્રેનમાંથી એ દૃશ્ય એવું દેખાતું હતું કે જાણે બંદૂકવાળાઓની એક જીવતીજાગતી દીવાલ જ ઊભી કરી દીધી હોય! રેલના એ લોખંડી પાટાઓની એટલી બધી કાળજી લેવાતી જોઈને મને તો મનમાં હસવું આવ્યું અને થયું કે આ તે શું, આપણી ગાડી લોઢાના પાટા ઉપર દોડી રહી છે કે સોનાના પાટા ઉપર!

કહેવાનું એ કે, એ આખું દૃશ્ય મારા કૂણા મગજની અંદર ઠેઠ ઊંડાણમાં કોતરાઈ ગયું. એટલું ખરું કે તે કાળે મને એ વાતનું તારતમ્ય જરાયે ન સમજાયું પણ આગળ જતાં મારી બુદ્ધિ અને શ્રદ્ધાને પકવવામાં બાળપણમાં જોયેલા એ દૃશ્યે અનેરો ભાગ ભજવ્યો. ઘણી વાર એવું બને છે કે બાળપણમાં પડેલી કેટલીક છાપ જિંદગીભર ભુલાતી નથી, એટલું જ નહીં પણ ઉત્તરોત્તર એ છાપ પોતાની અસર વધારતી જ જાય છે. ચાલુ પ્રસંગ જરા વાર પડતો મૂકીને આગળ ઉપર એ દૃશ્યની બાબતમાં મારે વિશે જે બન્યું એ અહીં નોંધવાનો મોહ હું જતો નથી કરી શકતો.

રેલવે હડતાળ વખતની એ મુસાફરી પછી કેટલેક મહિને ફિનિક્સની નિશાળમાં જ પાઠ્યપુસ્તક તરીકે અમારે બાપુજીનું 'હિંદ સ્વરાજ' પુસ્તક ભણવાનું આવ્યું. એમાં પશ્ચિમના સુધારાઓની સામે ચેતવણી રૂપે આપેલો, "સુધારો તે સુધારો નહીં પણ કુધારો," એ મંત્ર મેં સારી પેઠે ગોખી કાઢ્યો

અને એનો શબ્દાર્થ પણ જાણી લીધો. એમ છતાં મને એ મંત્રનું રહસ્ય ત્યારે ઝાઝું સમજાયું ન હતું.

પરંતુ દક્ષિણ આફ્રિકાથી અહીં આવ્યા પછી લગભગ પંદર વરસે જ્યારે, મોટેરાંઓ ઉપર શ્રદ્ધા જ સેવનારી મારી બાળઉંમરે મને પોતાના રાજમાંથી સાવ જ ધકેલી મૂક્યો; અને, ન હોય ત્યાંથી શંકા-કુશંકા અને અતિશંકામાં જ રચ્યોપચ્યા રાખનારી ખરેખરી જુવાનીને આરે હું આવી ઊભો ત્યારે જાતજાતના પ્રશ્નો મને ઘેરી વળ્યા. એ સવાલોમાંનાં કેટલાક એ પણ હતા કે, 'આખરે 'સાચું સ્વરાજ' કોને કહેવું, 'સાચું અર્થશાસ્ત્ર' એટલે શું, એ બંનેનો અરસપરસ સંબંધ કેટલો, આવાં અદ્‌ભુત અને સમર્થ યંત્રો ઉપર બાપુજીને એટલી બધી સૂગ શી, અને જૂનાં અડબાઉ ઓજારો વડે ગામડાંઓના ઉદ્યોગોની અંદર જ આપણે આપણી જુવાનીનું બધું જેમ ખપાવી દઈએ એવી શિખામણ રોજ ઊઠીને આપ્યે જ જાય છે એનું કારણ શું?'

મનમાં ચાલી રહેલી એ ગડમથલનો ઉકેલ આણવાને જ્યારે અનુભવો મેળવી મેળવીને તથા એ સંબંધી પુસ્તકો વાંચીને હું મતની ચોખવટ કરવા બેઠો ત્યારે રૂસી મહાત્મા ટૉલ્સ્ટૉયનું લખેલું પ્રસિદ્ધ પુસ્તક મારે હાથ આવ્યું. મને એમાં ખૂબ જ રસ પડ્યો અને મેં એનાં પારાયણ ઉપર પારાયણ કર્યાં. જેમ જેમ પારાયણ કરતો ગયો તેમ તેમ કોઈ સિનેમાની ફિલ્મ જોઈ રહ્યો હોઉં એમ, માઈલોના માઈલો સુધી દોડી જતા પાટાઓની ઉપર ગોઠવાયેલા બંદૂકધારીઓની હાર-સોલ્જરોની જીવતીજાગતી ભીંત-મારી નજર સામે તરવા લાગી. તથા બાપુજીની તથા ટૉલ્સ્ટૉયની બધી વાત મારે ગળે બરાબર ઊતરી ગઈ. લોઢાના પાટાની સોનાથીયે અદકી એ રખેવાળીએ મને સમજાવી દીધું કે, વિરાટ યંત્રો અને વિશાળ કારખાનાંઓની ભૂતાવળ પાસે કામ લેવું હોય તો એથી બમણા કે ચોગણા પ્રચંડ લશ્કરની રખેવાળી વિના એ ભૂતાવળ માણસના કબજામાં રહી શકે એમ નથી. રાવણે પોતાના સોનાના ગઢની રખેવાળી માટે જેટલા ઉજાગરા કર્યા હશે એથીયે વધારે ઉજાગરા અને વધારે ધાંધલ એ રાક્ષસી કારખાનાના રક્ષણને માટે જરૂરના છે. ભલે પહેલી નજરે એ યંત્રો આપણને આશ્ચર્યમાં ગરક કરી દેતાં હોય, પણ એક એકથી ચડિયાતાં એ વિરાટ યંત્રોની દેખાતી સિદ્ધિ, ખરું જોતાં, માણસને કશાયે આશીર્વાદરૂપ નથી. કારણ કે જો એક બાજુએ યંત્રો માણસજાતને ઘણા ઘણા પરિશ્રમમાંથી ઉગારી લે છે અને એને ફુરસદનો પુષ્કળ વખત ફાજલ પાડી આપે છે તો બીજી બાજુએ એ યંત્રો જ, પોતાની સાચવણીને ખાતર, માણસ ઉપર રોજેરોજ સવાયા અને દોઢા થતા જતા લશ્કરોનો ભાર ઊંચકવાની ફરજ પાડે છે. માણસને એ લશ્કરોના વિકાસમાં

પોતાનાં તન-મન-ધન નિચોવ્યે રાખ્યા વિના છૂટકો નથી થતો. યંત્રોની ભૂતાવળ જેટલા પ્રમાણમાં વધુ ને વધુ વિરાટ બનતી જાય છે એટલા જ પ્રમાણમાં લશ્કરી જંજાળ વધુ ને વધુ રાક્ષસી બનાવ્યે જ છૂટકો થાય છે. એક વાર માણસ યંત્રોને આશરે પોતાની ભૂખ ભાંગવા દોડ્યો કે એનાથી ક્ષણ વાર પણ જંપીને બેસી શકાતું જ નથી. એટલું જ નહીં પણ જેમ જેમ યંત્રોના ખડકલા વધતા જાય છે તેમ તેમ સુખશાંતિવાળું પ્રસન્નતાભર્યું, અને રસપ્રદ જીવન કેવળ એક સ્વપ્નાની વાત બનતું જાય છે.

પણ મેં એ લાંબું વિષયાંતર કર્યું. મારે પાછા રેલવે હડતાળ અને માર્શલ લૉના સોલ્જરી અમલની વાત પર આવવું જોઈએ. એ દોડતી ગાડીમાંથી તો અમે એ સોલ્જરો સાથે કંઈ વાતચીત કરી શકીએ એમ ન હતા. પણ એ લોકોમાંના કેટલાક અમારા દોસ્તારો બની ગયા હતા અને અમે એમની જોડે વાતચીત કરી શકતા હતા એ હું જાણાવી ગયો છું. બાપુજી જ્યારે છૂટ્યા પછી ડરબન આવેલા, અને દેવદાસકાકા સાથે અમે બધા ફિનિક્સ સ્ટેશને ટેલિફોન પર એમના ખબર મેળવવા પહોંચેલા ત્યારે અમારે એક સોલ્જર સાથે વાત થયેલી અને માર્શલ લૉ કોને કહેવાય એ ગોરી ચામડીના અને બોર જાતિના છોકરાએ અમને સમજાવેલું એનોય ઉલ્લેખ હું પહેલાં કરી ગયો છું. એની જ પાસેથી અમે બીજી પણ જે વાતો જાણેલી તે અહીં આપવા જેવી છે.

પહેલું તો એ કે મિ. ટૉડની સાથે જે ચાળીસ જણની ટુકડીએ છાપો માર્યો હતો અને મિ. વેસ્ટની ધરપકડ કરી હતી એ જ ટુકડીને હવે ફિનિક્સની આસપાસ રેલવે હડતાળિયાઓના ઉપદ્રવ પર અંકુશ રાખવાને નીમવામાં આવી હતી. બીજું એ કે રેલવેના ઍંજિન ડ્રાઈવરો, કોયલા નાખવાનું કામ કરનારાઓ, ગાર્ડો અને મજૂરો નાતાલ પ્રાંતમાં તો કંઈક શાંત હતા પણ ટ્રાન્સવાલ અને કેપકૉલોનીમાં એમનાં તોફાનો હદ બહાર વધી ગયાં હતાં. કેપટાઉનથી જોહાનિસબર્ગ જતી ‘ડાયમંડ એક્સપ્રેસ’ને એ ગોરા હડતાળિયાઓએ પાટેથી ઉતારી પાડી હતી અને એ ઊંધી વળી ગઈ હતી. જોહાનિસબર્ગનું જંગી સ્ટેશન બાળ્યું હતું. ત્યાં આગળની રેલવે-ઑફિસો ઉપર ટોળાંબંધ જઈને હુમલો કર્યો હતો. અને જોહાનિસબર્ગ શહેરમાં પણ તેઓ મારફાડ કરી રહ્યા હતા. કેપકૉલોનીથી ટ્રાન્સવાલ સુધી અઠવાડિયાંઓ સુધી ચાલી રહેલાં એ તોફાનો હવે ધીમે ધીમે ડરબન તરફ પણ વધી રહ્યાં હતાં. અને એ બધાને કારણે ટ્રેનોની આવજા અર્ધાથીએ ઓછી થઈ ગઈ હતી. કેવળ એટલી જ ટ્રેનો ચલાવી શકાતી હતી જેના દરેક પાટાની રખેવાળી લશ્કરથી કરી શકાતી હતી.

એ પછી સારજંટે કહ્યું કે 'આ રેલવે હડતાળિયાઓ સરકાર પાસે પોતાનો પગાર વધારાવવા માગે છે; પણ એ મારફાડ કરનારાઓને સરકાર કેમ નમતું આપે? સરકારે નમતું આપવું જ હોય તો પહેલાં તમારા (હિંદી) હડતાળિયાઓને ન આપે, જેઓ કોઈની સામે થતા નથી અને ખરેખર ભૂખેદુ:ખે દહાડા કાઢી રહ્યા છે? આ રેલવે હડતાળિયાઓનો તો ભારે ત્રાસ છે! તેઓ આગગાડી ચલાવતાં ચલાવતાં અધવચ એન્જિન ઊભું રાખીને નીચે ઊતરી પડે છે ને ચાલતી પકડે છે. આથી અમારે એન્જિનના બારણામાં સંગીન તાણીને ઊભા રહેવું પડે છે, જેથી એ લોકો સીધેસીધા મુકામે ગાડી પહોંચાડે. વળી જેમણે હડતાળ નથી પાડી તેમને હડતાળ પાડનારાઓ મારે છે. જો અમે સોલ્જરો ડ્રાઈવર-ગાર્ડ બની ગાડી ચલાવીએ તો તેઓ પાટા ઉખેડી નાખે છે. જ્યાં સાંધા જોડાતા હોય ત્યાં છૂટા પાડી દે છે. પાટા ઉપર સાબુનું પાણી રેડી ટ્રેન ઉતારી પાડવા મથે છે. આટલી બધી રંજાડ કરે પછી સરકાર માર્શલ લૉ જાહેર ન કરે?'

એટલી વાત કર્યા પછી એ ડચ છોકરો અંગ્રેજ જાતિના હીણા સ્વભાવ ઉપર ઊતરી પડ્યો: 'આ અંગ્રેજો બહુ લોભી ને જક્કી હોય છે. એક વાત પર અડ્યા તે અડ્યા જ. પોતાનો જરાક જેટલો પગાર વધારવાની વાત પણ તેઓ સીધી રીતે નથી સમજાવી શકતા. અને તોફાનો કરીને પોતાની માગણી પૂરી કરાવવા માગે છે. એમને મોટાં જંગી મકાનો બાળી મૂકતાં ને ખૂનખરાબી કરતાં તલભારેય સંકોચ થતો નથી. સરકારને તોબા તોબા પોકરાવીને એ પોતાનું ધાર્યું કરાવવા માગે છે. એક તરફ તમારા હિંદીઓથી બધી જેલો ખીચોખીચ ઊભરાઈ રહી છે; બીજી તરફથી પ્લૅન્ટરોનું 'ગન્નાકારખાના'નું કામ અટકી પડ્યું છે ને ત્રીજી તરફથી રેલહડતાળિયા ધાંધલ મચાવી રહ્યા છે. રેલવેવાળાઓને એમ કે આ સંકડામણમાં સરકાર આપણી માગણી નહીં કબૂલે તો ક્યાં જશે? પણ તેઓ ભૂલે છે. અમે આ સંગીનથી એમને પાંસરા કરી દઈશું!'

જ્યારે એ અંગ્રેજનું વાંકું બોલવા લાગ્યો ત્યારે દેવદાસકાકાએ મને કહ્યું, 'આ ચોખ્ખો બોઅર છે.' બોઅર એટલે ડચ-હૉલેંડનિવાસી. ટ્રાન્સવાલના બોઅર લોકો વિશે મેં સાંભળેલું ઘણું, પણ અસલી બોઅરને જોવાની આ પહેલી જ તક મને મળેલી. અમે તેને પૂછ્યું 'તમારી ઉંમર કેટલી?' તો કહે 'સત્તર અઢાર.' આ સાંભળી હું તો હેબતાઈ જ ગયો! અઢાર વરસનો છોકરો મારા પિતાશ્રીથીયે કદાવર! કેવું જંગી શરીર! વળી અમે પૂછ્યું, 'તમે અઢાર જ વરસના છો તો પછી આ જબરા જબરા રેલવે હડતાળિયા તમને ગણકારે શાના?' એણે મુઠ્ઠી ઉગામી કહ્યું, 'ન શું ગણકારે? આ કાંડું જોયું છે?' સાચે જ એનું કાંડું સાંબેલા જેવું હતું! એનું વિચિત્ર ઉચ્ચારોવાળું અંગ્રેજી સાંભળવામાં

અમને ગમ્મત આવતી હતી. બાપુજીના ટેલિફોનની ઘંટડી વાગી ત્યાં સુધી અમે એને ઘેરી રહ્યા હતા. ફિનિક્સથી ડરબન જતી ગાડીમાંથી જ્યારે ગોરી ફોજને જોઈ ત્યારે અમને વળી પાછી એ સાર્જંટની વાતો યાદ આવી અને અમે અંદર અંદર વાતોમાં ઊતરી પડ્યા:

‘હવે જો આપણા ગિરમીટિયાઓ અને આ રેલવેવાળાઓ મળી જઈને એક થાય અને જનરલ સ્મટ્સ સામે લડે તો આપણે જરૂર જીતી જઈએ. આ રેલ-હડતાળ થઈ એ બહુ સારું થયું. થોડી વધુ વાર આપણા હડતાળિયાઓ પ્લૅન્ટરોની ગમે એટલી મારઝૂડ ખમી ખાય ને કામે ન ચડે તો આપણે ફાવ્યા વિના ન રહીએ. જનરલ સ્મટ્સ એ જ લાગનો છે. એનાં શહેરો બાળી નખાશે ત્યારે જ એ સીધોસટ થવાનો છે. પણ મગનકાકાએ અમારી વાતોને વખોડી કાઢી. એમણે કહ્યું, ‘બાપુજીની શિખામણ એવી ક્યાં છે? સત્યાગ્રહીએ તો જાતે સહન કરીને જીતવાનું હોય. આપણા લોકોને એ જેટલા વધારે જેલમાં રાખશે એટલું આપણું તપ વધશે ને આપણે સાચા લેખાશું. આપણ સત્યાગ્રહીઓને આવી મારફાડ શોભે?’ અમે ભોંઠા પડ્યા. અમારી વાતો અટકી ગઈ. મને મનમાં થયું. મારફાડ આપણે ક્યાં કરીએ છીએ? એ તો બીજા કરે છે. પણ મગનકાકાની વાતને જવાબ કેમ અપાય?

આ પછી મૂંગો મૂંગો હું આખું દશ્ય જોઈ રહ્યો. બંદૂક ઉગામી રહેલા સોલ્જરોની હાર જોઈ જોઈ હું કંટાળ્યો. મને થયું, આટલી બધી મહેનતે આ રેલગાડી ચલાવે છે એ કરતાં એ ચલાવવી બંધ જ કેમ નથી કરી દેતા? પડી જવાનો ડર કે ગાડીનો ખુર્દો થવાનો ડર કશું ન રહે. થોડા દિવસ અવરજવર બંધ રહે તો શું બગડી જવાનું હતું? આપણે પણ ચાલીને ફિનિક્સથી અહીં આવી શકતા હતા. એમ કરતાં જ્યારે અમારી ગાડી અમગેની સ્ટેશને પહોંચી ત્યારે ત્યાંની કોલસાની વખારો પણ સૂની સૂની દેખાઈ. દરેક વાર ત્યાં અનેક એન્જિનો દોડધામ કરતાં હોય અને કોલસાના ટેકરાઓ પરથી નાના નાના ઠેલાઓમાં કોલસા નાખીને એ અહીંથી તહીં લઈ જવામાં આવતા હોય.

પણ એ દિવસે વીસપચીસ ઠેલાઓને બદલે એક કે બે જ ઠેલા કોયલા વહેવાનું કામ કરી રહ્યા હતા. ભાગ્યે જ બેચાર મજૂર કામ કરતા દેખાતા અને તેયે ત્યારે કે જ્યારે એમનાથી વધુ સંખ્યામાં સોલ્જરો ચળકતાં સંગીનોવાળી બંદૂકો લઈને એમના માથા ઉપર ઊભા હતા. આમ બંદૂકની અણી તળે ચાલી રહેલું કામ જેમ જેમ હું જોતો ગયો તેમ તેમ એ બધું મને વધુ ને વધુ અળખામણું લાગવા માંડ્યું.

બે અઢી કલાકની મુસાફરીને અંતે અમે ડરબન સ્ટેશને ઊતર્યા. ડરબનમાં ઘણી જગ્યાઓ મેં જોયેલી, પણ જેલ ક્યાં છે એની મને ખબર ન હતી. સ્ટેશનેથી રેલને પાટે પાટે પૂરું માઈલ પણ ન ચાલ્યા ત્યાં અમે સીધા જેલ પર પહોંચ્યા. અમને ડર હતો કે કદાચ અમારા પહોંચ્યા પહેલાં અમારી ફિનિક્સવાળી ટોળી છૂટી જશે અને જેલને ફાટકે એમને વધાવવા આવવાની અમારી મુરાદ બર નહીં આવે. પણ અમે પહોંચ્યા ત્યારે ફાટક આગળ હજારો માણસો મેદાનમાં પથરાયેલા પડ્યા હતા. ડરબનના માનીતા રુસ્તમજી શેઠને વધાવવા શહેરીઓનો પ્રવાહ ચાલી નીકળે એમાં નવાઈ શી?

## ૫
## માની શિખામણ

જેલની વાતો રોજ ઊઠીને સાંભળેલી, એની કલ્પના પણ બહુયે કરેલી; સમુદ્રયાત્રા વખતે એક દિવસ પૂરતો જ્યારે મારા પિતાશ્રી જોડે જંગબાર શહેર જોવા ગયેલો ત્યારે ત્યાં દૂર સડક પરથી સળિયાવાળો જેલનો દરવાજો, પહેરાવાળો સંત્રી અને ગોળ ધોળા પથરાની કઠોર દેખાતી ગોઠવણી પણ મેં નિહાળેલી. પરંતુ જેલની પાસે પહોંચીને બહારથી દેખાતી જેલની ભીંતોનાં દર્શન તો મને તે જ દિવસે પહેલી વાર થયાં જે દિવસે ફિનિક્સના સત્યાગ્રહીઓને અમે વધાવવા ગયેલા. દરવાજાના ખૂણાથી માંડી જેટલે દૂર નજર પહોંચે તેટલે લગી લંબાયેલી એ ઊંચી ભીંતો મેં અવાક્ થઈને જોયા જ કરી. નવાઈ પમાડનારી એ ભૂખરી કારમી દીવાલોનો વિસ્તાર જેમ જેમ મને નજરે પડતો ગયો તેમ તેમ મનમાં અકળામણ વધતી ગઈ. એના કાંગરા પર પાસેથી આવતીજતી આગગાડીના ધુમાડાના ડાઘ પડવાથી એ વધુ ભયાનક દેખાતી હતી. મને થયું, શું મારા પિતાશ્રી આ ભીંતો પાછળ પુરાયેલા રહેલા? રામદાસકાકા, રેવાશંકર અને બીજાઓએ છ છ દહાડાના ઉપવાસ કર્યા ને રેવાશંકરને ત્યાં ને ત્યાં કબર ભેગો કરી દેવાની ધમકી અપાઈ ત્યારે એમને આ ભીંત કૂદી જઈ બહાર આવવાનું મન નહીં થયું હોય? આમ વિચારતો ફાટક સામે જોતો બીજાઓની સાથે હું ઊભો રહ્યો.

સૂરજ ઝપાટાબંધ ઉપર ચડતો જતો હતો. ફાટકની સામે લુખ્ખી સડક પર છૂટાંછવાયાં ટોળાં ટહેલી રહ્યાં હતાં. સડકની પેલી પાર રેલપાટાની આ તરફના ટીંબાઓ ઉપર માણસની ભીડ જામી હતી અને હમણાં જ ફાટક ઊઘડશે ને રુસ્તમજી શેઠ આવશે એ આશાએ લોકો ફાટક તરફ ટાંપી રહ્યા હતા. પણ ફાટક તો મૂઢની જેમ બંધ જ પડી હતી. બે સંત્રીઓ એની પાસે ઊભા ઊભા એની જડતામાં વધારો કરતા હતા. પા-અર્ધે કલાકે જ્યારે ફાટક ઊઘડતી

ત્યારે સેંકડો માણસો ઊભા થઈ આતુર બની જતાં હતાં, પણ એ ફાટકમાંથી ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેરેલા એકબે હબસીઓને જ બહાર આવેલા જોઈને લોકો નિરાશ બની જતા. ઘણે ભાગે એ હબસીઓ પોતાની સજા પૂરી કરીને એ જ દિવસે છૂટનારા કેદીઓ હતા. અને એમના ચહેરા ઉપર થોડી ઉદાસી હોય એવો આભાસ થતો હતો અને ક્યાં જવું, શું કરવું એવા વિચારમાં તેઓ ખોવાઈ ગયા જેવા દેખાતા હતા. એ ગમે તેમ હોય, પણ તેઓ અમારા ફિનિક્સમાં આવતાજતા હબસીઓના જેવા આનંદી કે ઉત્સાહી મુદ્દલ નહોતા જણાતા. એ પ્રમાણે બબ્બે પાંચ પાંચ કેદીઓની કેટલીયે ટોળીઓ એ દરવાજેથી બહાર આવી, પણ અમારા મંડળના વાવડ ન મળ્યા.

હબસી કેદીઓ છૂટતી વખતે ક્ષણવાર ફાટક ઉઘાડી રહેતી ત્યારે અંદર જેટલે દૂર પહોંચે એટલે દૂર નજર દોડાવવાનું અમે ન ચૂકતા. દરવાજાની મેડી પર બારીના સળિયા ઘસતા કેદીઓને પણ અમે જોયા, પણ જેમને જોવા ને લેવા આવ્યા હતા એમની ઝાંખી ન થઈ.

બે'ક વાર વચ્ચે ઊચક જીવે અમે પાણી પણ પી આવ્યા. અને પછી એ અળખમણી ફાટક જોતાં થાકી આસપાસના લોકોનું નિરીક્ષણ કરવા તરફ મારું ધ્યાન ગયું. એક 'જેન્ટલમૅન' અમારી ડાબી બાજુએ ઊભા ઊભા ઘણી જ સ્ફૂર્તિ અને અમારાથી વધુ આતુરતા દાખવી રહ્યા હતા. ઝીણી કાળી ચોકડીવાળો અક્કડ સૂટ એના પાતળા લાંબા શરીરને વધુ અક્કડ બનાવતો હતો. એની ચામડીનો રંગ અબનૂસને મળતો હતો, પણ એ બધા ઠાઠ ઉપર એનાં ચશ્માં કળશ ચઢાવતાં હતાં. દાંડી વિનાનાં એનાં ચશ્માં આંખ વચ્ચે નાકની બેસણીમાં અધ્ધર લટકી રહ્યાં હતાં! મારે મન એ મોટી નવાઈ હતી. એ ભાઈ બીજા સાથે લટકાથી વાત કરવા જતા ત્યાં એમનાં ચશ્માં વારે વારે નાકેથી પડી જતાં હતાં. એટલું સારું હતું કે એ ચશ્માંને છેડે બાંધેલા કાળા દોરાને આધારે અધ્ધર લટકી રહેતાં હતાં, ભોંય પર નહોતાં પડતાં. આમ વાત વાતમાં પડી જનારાં અને ફરી ફરી નાકે ચડાવવાં પડતાં ચશ્માંમાં એ સાહેબને શો રસ આવતો હશે એ મને સમજાતું ન હતું. શું એમાંયે ફૅશન હતી? અને જેમાં ફૅશન ગણાય એ વસ્તુ ગમે એટલી અકળાવનારી હોય તોયે એને રૂપાળી અને ચડિયાતી માની લેવી જોઈએ? એવા એવા સવાલો મારા મનમાં ઘોળાતા હતા ત્યાં લોકોની અંદર ખળભળાટ મચ્યો ને 'આવે છે, આવે છે'ના શબ્દો કાનોકાન ફરી વળ્યા. આખરે, આશરે ત્રણ કલાકે એ અળખામણું ફાટક ઊઘડ્યું અને અમારા ફિનિક્સવાસી કેદીઓ બહાર આવતા દેખાયા.

એ બધાને કેદીના વેશમાં બહાર આવતા જોવાની મને આશા હતી, પણ સૌ પોતે જે વેશ પહેરી ફિનિક્સ સ્ટેશનેથી વિદાય થયા હતા એ અસલ વેશમાં, કોટપાટલૂનમાં સજ્જ થઈ બહાર આવ્યા.

સૌની મોખરે મારા પિતાશ્રી હતા. એમની પાછળ રાવજીભાઈ, મગનભાઈ અને પછી એક એકથી નાના; એ ક્રમે બધા બહાર આવ્યા. સૌની પાછળ સૌના રખેવાળ અને ડરબનના હિંદીઓના માનીતા રુસ્તમજી શેઠ નીકળ્યા. 'વંદેમાતરમ્' અને 'હિપ, હિપ હુર્રે'ના પોકારોથી ગગન ગાજી રહ્યું. દૂર દૂરનાં છૂટાંછવાયાં ટોળાં ભેળાં થઈને માનવમેદનીનો પ્રવાહ ચાલ્યો. એ ભીડમાં મારા પિતાશ્રીને માંડ માંડ હું પગે લાગી શક્યો. એમનો એવો હસતો ને પ્રસન્ન ચહેરો એ પહેલાં મેં કદી જોયેલો જ નહીં એમ કહું તો ચાલે. રાવજીભાઈ, રામદાસકાકા, રેવાશંકર વગેરેને જોઈ લેવાનો ને 'કેમ છે, કેમ છે' એમ એકબીજાને પૂછવા જેટલો જ સમય મળ્યો. વિનોદપ્રિય મિ. સૉમને બધામાં સૌથી વધુ દૂબળું પાતળું શરીર લઈને આવેલા જોઈ મને નવાઈ લાગી. પણ હું એ બધાના ચહેરા જોઉં ન જોઉં ત્યાં તો માણસની આખી ભીડ સ્ટેશને જવા ઊપડી. માણસોના એ પૂરમાં પોતાની નાની જાતને સંભાળવી મને અઘરી પડી. એ તાણની અંદર ઘૂમરીઓ ન ખાવી પડે એટલે ભીડની બહાર નીકળી રસ્તાને સાવ કિનારે અમે બાળકો ચાલવા લાગ્યા. સ્ટેશને પહોંચવાની બધાને ઉતાવળ હતી, કારણ, મારિત્સબર્ગની ગાડી આવવાની હતી તેમાં પૂ. કસ્તૂરબા અને મારી બા વગેરે મારિત્સબર્ગ જેલમાંથી છૂટીને આવવાનાં હતાં. બાપુજી ને કૅલનબૅક સાહેબ તેમને લેવા મારિત્સબર્ગ ગયા હતા.

અમે સ્ટેશને પહોંચ્યા, પણ અમારાથી પ્લૅટફૉર્મ પર ન પહોંચી શકાયું. ત્યાં તો માનવસાગર ઊછળી રહ્યો હતો. ક્યાંયે ધરતી નજરે પડતી ન હતી. આઘેથી જ અમે બાપુજી તથા કૅલનબૅક સાહેબ સાથે કસ્તૂરબા, મારી બા, મારાં કાકી અને જયાકુંવરબહેનને જોયાં. ઘડીભર તો અમે પૂ. કસ્તૂરબા સામે જોઈ જ રહ્યા. એમના પોશાક પરથી જ તેઓ ઓળખાતાં હતાં; ચહેરો તદ્દન સુકાઈને સાવ બદલાઈ ગયો હતો. ગોળ ચળકતો ચહેરો લાંબો ને કરચલીભર્યો થઈ ગયો હતો; ગાલ સાવ બેસી ગયા હતા. બાપુજીનું દૂબળાપણું જોઈ અચંબો થયો હતો, પણ બાનું હાડપિંજર જોઈને તો દરેકના મુખમાંથી ધીમી અરેરાટી સરી પડતી હતી. દેવદાસકાકાની તો આંખ ભીની થયાનું મને યાદ છે.

પણ લોકોના વધાવા આડે ઊભવા ને જોવાનો વખત ન હતો. હું ભૂલતો ન હોઉં તો લોકોએ બા-બાપુ વગેરેને ખુલ્લી વિક્ટોરિયા ઘોડાગાડીમાં બેસાડ્યાં ને ઘોડા છોડી લઈ સ્વયંસેવકોને હાથે એ ખેંચી જઈને સરઘસ કાઢવાની ધમાલ

કરી. પણ બાપુજીએ એમ થવા જ ન દીધું અને મોખરે બા-બાપુની ઘોડાગાડી સાથે એ સરઘસ ધીમે ધીમે રુસ્તમજી શેઠને ઘેર જવા ઊપડ્યું.

હું ને દેવદાસકાકા એ ધૂળમાં અને એ કોલાહલમાં સરઘસ સાથે ડરબનના ધોરી રસ્તાઓ પર ચકરાવા ખાવાનું છોડી ટૂંકે રસ્તે સીધા રુસ્તમજી શેઠને ઘેર પહોંચ્યા અને પાણી પી કરીને તથા તાજા થઈને સરઘસના સ્વાગત માટે તૈયાર થઈ ઊભા.

સાંજ પડતાં સુધી રુસ્તમજીકાકાને ત્યાં ધમાલ ચાલતી રહી. વ્યાખ્યાનો થયાં, જલપાન ચાલ્યું ને મોટો મેળો ભરાયો હોય એવો આનંદ રેલાઈ રહ્યો. પણ એ આનંદમાં સાથે પૂરેપૂરો કલ્લોલ ન હતો. કારણ કે સૌના હૈયામાં એક ઉચાટ ઘર કરી રહ્યો હતો કે 'પાછા જલદી જેલ જવું છે.' 'સ્મટ્સના અપમાનભર્યા કમિશનનો સચોટ બહિષ્કાર કરવો છે' અને એ મુદ્દાઓની આછી આછી ચર્ચા પણ પ્રસરી રહી હતી.

જેલવાસીઓ ડરબન શહેરના પોતાના અનેક વેપારી મિત્રોને ત્યાં મળવા-ભેટવા ગયા. તેમની સાથે દેવદાસકાકા અને હુંયે આખો દિવસ રખડતા રહ્યા. જેલમાં ન જવા છતાં જેલવાસી ભેગું અમે પણ જ્યાં ગયા ત્યાં મીઠું મોઢું કર્યું પણ એ મિષ્ટાન્ન કે લેમનસોડા કરતાં મને વધુ સ્વાદ તો એ લોકોને મળતો આદર જોવામાં આવતો હતો. ફિનિક્સવાળા એ બધા અમારા સાથીઓ જેલ જઈને આવેલા, એટલે એ દિવસે એમની હાલચાલ, ઢબછબ, વાતચીત, બધાંમાંથી જાણે ડહાપણ જ ડહાપણ નીતરી રહ્યું હતું અને એ ઝીલી લેવામાં મારું બધું ધ્યાન પરોવાયું હતું. પ્રશ્નો પૂછવાની મારે જરૂર નહોતી પડતી; બીજાઓ પૂછતા તે હું કાન ભરીભરીને સાંભળી લેતો હતો.

સાંજે અમારો સંઘ ફિનિક્સ પહોંચ્યો. બધા એટલા થાક્યા હતા કે સ્ટેશનેથી મૂંગા મૂંગા ઝટ ઘર ભેગા થઈ સૌ વહેલા પથારીમાં પડ્યા. વાતચીત માટે તો ઘણા દિવસો મળવાના હતા.

હવે મને રજાઓ પડી. મારી બા આવ્યાં, એટલે ઘર વાળવું, બધાં ભાંડરુનાં કપડાં ધોવાં-સૂકવવાં-સાચવવાં, પથારી ઉપાડવી, પીરસવું, રસોડું સાફ કરવું, એ બધાં કામમાંથી મને છુટ્ટી મળી. દેવદાસકાકાને માથે છાપખાનાનું કામ હતું. પણ એમાં તો જેલમાંથી તાજા આવેલાઓ તથા ફરીથી જેલમાં જવાની તૈયારી કરનારાઓ એટલા ટૂંકા ગાળામાં કામે ચડી જાય એ મુશ્કેલ હતું. એટલે દેવદાસકાકાને છુટ્ટી ન હતી.

જેલમાંથી છૂટી આવેલા મિત્રોને સાતઆઠ દિવસનો વિસામો લેવા ઉપરાંત બને એટલા સ્વાદ કરી લેવાની ઉતાવળ હતી. પહેલાં તેઓ

બગીચાઓનો ખૂણેખૂણો ખોળી વળ્યા. જે ફળ હાથ લાગ્યું તેનો સ્વાદ લીધો. રસોડામાં પણ મીઠામસાલાની બંધી રાખવામાં ન આવી અને મસાલેદાર શાક, ફરસાણ, મિષ્ટાન્ન જે કંઈ થઈ શક્યું તે નિત નિત નવું જેલવાસીઓને મળ્યું. પોતાની અબળખા પૂરી કરીને ફરી છબાર મહિના માટે લૂખું, કોરું, દુર્જર ભોજન અને પાંજરાનાં પંખીનું જીવન પૂરેપૂરી તાજી હોંશથી વહોરી લેવાની તૈયારી તેઓ કરવા લાગ્યા.

આમ અમારા વિદ્યાર્થી સાથીઓ ફરી સત્યાગ્રહ કરવા માટે કમર કસી રહ્યા હતા ત્યાં સમાચાર ફરી વળ્યા કે રેલવે હડતાળિયાઓએ બાપુજીને કહેણ મોકલ્યું છે કે 'તમે પણ અમને સાથ આપો. તમે લોકો પૂરજોસમાં સત્યાગ્રહ આદરશો, ગિરમીટિયાઓની હજી વધુ હડતાળ પડાવશો અને મોટી મોટી કૂચ કરશો તથા બીજી બાજુએ અમે પણ રેલ-હડતાળનું જોર બાંધીશું એટલે દક્ષિણ આફ્રિકાની સરકારને ગોઠણભર થયા વિના છૂટકો નથી થવાનો.' આ સમાચારથી અમે બહુ ઉત્સાહમાં આવી ગયા અને અટકળો બાંધવા માંડી કે અમારી ફિનિક્સની ટોળીને હવે ફરી વાર સત્યાગ્રહ કરતાં જે છએક માસની સજા થશે એ પૂરી થયા પહેલાં જ આપણી જીત થવાની.

વિદ્યાર્થીઓ અને જુવાનિયાઓની જેમ મારી બા વગેરે પણ ફરી સત્યાગ્રહમાં ઝુકાવવાને તૈયારી કરી રહ્યાં હતાં. ડરબનની જેલફાટકમાંથી છૂટી આવેલા પિતાશ્રીના અને ડરબન સ્ટેશન પર છૂટી આવેલાં માતુશ્રીનાં દર્શન અને દંડવત્ કરી લીધા બાદ હું તો મારા બાળ-ગોઠિયાઓમાં એટલો બધો ઓતપ્રોત થઈ ગયો હતો કે, સવારથી માંડીને સાંજ સુધીનો મારો બધો વખત ગોઠિયાઓની વચ્ચે જ વીતતો. 'આઠદસ દિવસમાં જ તેઓ પાછાં જેલ જવાનાં છે, ને ફરી કોણ જાણે ક્યારે એમનાં ચરણોમાં બેસવાનો વખત મળશે, માટે લાવ એમની પાસે જઈને બેસું' એવી કશી બુદ્ધિ મને સૂઝી જ ન હતી.

પણ જવાનો દિવસ નજીક આવ્યો ત્યારે એક બપોરે મારી બાએ મને બોલાવીને પાસે બેસાડ્યો. મેં એમની પાછળ મારા નાના ભાઈ કૃષ્ણની કેવી સંભાળ રાખી હતી એ એમણે મને પૂછ્યું. બીજાએ પ્રશ્નો કર્યા. બધી વાત તો યાદ નથી. કલાક દોઢ કલાક એમની પાસે બેઠો હોઈશ. આજે એ શિખામણ અક્ષરશ: તો યાદ નથી રાખી શક્યો, છતાં એનો જે ભાવ મનમાં રહી ગયો છે તેની ટૂંકી નોંધ અહીં આપી દઉં એ અનુચિત નહીં ગણાય.

'બારે બુદ્ધિ, સોળે સાન, ને વીસે વાન.' જો, હવે બેચાર દિવસમાં તને બારમું વરસ બેસશે. હવે બુદ્ધિ ન આવે તો તારી કોડીનેયે કિંમત નહીં રહે. પછી તો ચકોપની પેઠે પેટ ભરી ખાવું રહે. (ચકોપ અમારા ઘરનું પાણી અને

બગીચાની ખોદાઈનું કામ કરતો ને સાવ મૂઢ લેખાતો.) જેનામાં અક્કલનો છાંટોય ન બળ્યો હોય તેનું શરીર વધ્યે જાય એ શા કામનું? એવો માણસ કોઈના ખપનો ન રહે. આપણે તો એવા થવું જોઈએ કે જ્યાં જઈએ ત્યાં લોકો ઉમળકાથી કહે, 'આવ ભાઈ, બેસ.' જો, દેવદાસકાકા કેવા ચકોર છે! એને બાર વરસ પૂરાં થયાં પહેલાં અક્કલ આવી ગઈ છે. બધાં એને કેવા આદરથી બોલવે છે ને વખાણ કરે છે! મગનકાકા પણ એની સમજણ ને ચતુરાઈનાં વખાણ કરે છે. તારે પણ સમજતાં ને ચતુરાઈથી વાતચીત કરતાં શીખવું જોઈએ.

"'સોળે સાન' એમાં 'સાન' એટલે ઈશારો. બધી વાત ઈશારામાં સમજી લેવી જોઈએ. પછી એને ધમકાવીને કહેવાનું ન હોય. અને 'વીસે વાન' એટલે વીસ વરસમાં શરીર જેવું બંધાયું તેવું બંધાયું. વીસ વર્ષે છોકરો મોટા મરદ જેવો લાગે. એને મૂછો ઊગે. જો વીસમે વર્ષેયે એ ટિચૂકડા શરીરનો, સોળ વર્ષે સાનવિહોણો ને બાર વર્ષે બુદ્ધિ વિનાનો રહે તો જનમભર ટપલા ખાવાનું જ એના નસીબમાં રહે.'

પોતે સંભળાવેલા ઉપલા સૂત્રની ચર્ચા ઉપરાંત મારી બાએ બીજી પણ ઘણી ઘણી શિખામણ મને આપી અને એ પછી એમની પોતાની ગેરહાજરીમાં કેવી રીતે દહાડાઓ પસાર થયા એ બાબત મને સવાલો કર્યા. મગનકાકા કેટલી વાર વઢ્યા હતા, કેટલી વાર ને શું કામ રોયો હતો વગેરે પૂછી પોતાના તરફથી તદ્દન નિર્ભય રહેવા કહ્યું: 'હવે તને મારો ડર ન લાગવો જોઈએ. હું તને પહેલાં ચીંટિયો ભરતી, પણ હવે તું મોટો થયો. તું બધું સમજી શકે, સારી રીતે વર્તે તો અમારે શા સારુ વઢવું પડે?'

છેવટે બોલ્યાં: 'આ જાનેવારીની પહેલી તારીખે દસ હજાર માણસોની ટુકડી ટ્રાન્સવાલ કૂચ કરવાની છે. અમારે બધાંને પણ એમાં જ જવાનું છે. એટલે એટલા દિવસ તો હું અહીં તમારી સાથે છું. પણ પછી કંઈ પાછા ત્રણ મહિને તમારું મોઢું જોવા આવી શકાવાનું નથી. એટલે બધે દૂર ટ્રાન્સવાલની જેલમાં જઈએ તો વરસેદહાડે મળાય તોયે ઘણું. તું તો હવે મોટો થઈ ગયો છે, પણ કૃષ્ણને તારે મારી ઊણપ જાણાવા ન દેવી જોઈએ. જોકે મગનકાકા છે ત્યાં સુધી તો તમે બેય મજામાં જ રહેવાના.'

આમ મારી બાએ મને હૈયું ભરી ભરી અમૃત પાયું જે આખી જિંદગી કામ આવ્યું. એ પૂરું પચાવી શક્યો હોત તો ઘણો આગળ વધ્યો હોત; પણ બાને પોતાના વર્તનથી ત્રાસ ન ઊપજે એની ચીવટ તો સદા મનમાં રહ્યા કરી અને અનેક ઝંઝાવાતમાંથી માર્ગ કાપી શક્યો.

પણ તે દિવસની આ આખીયે શિખામણ કરતાં મને સૌથી વધારે તો એ વાતનો ઉલ્લાસ આવ્યો કે બાપુજી ચાર્લ્સટાઉનથી પણ બમણી કૂચ કરવાના છે. ‘દસ હજારની કૂચ થશે’ એ મારી બાના શબ્દો ઉપર કલ્પનાવિહાર કરતો તથા ઊછળતોકૂદતો હું મારા ગોઠિયાઓ પાસે દોડી ગયો.

## ૬
## પૂ. બાની મરણપથારી

જેલમાંથી ફિનિક્સવાસીઓના છૂટી આવ્યા બાદ, ઢોંગી કમિશનનો બહિષ્કાર ડરબનથી શરૂ થનારી બીજી મહાન કૂચ, ઍન્ડ્રૂઝ અને પિયર્સન સાહેબનાં સ્વાગત અને બેંજામિન સાહેબના આગમન વગેરે પ્રસંગોની ધૂમ મચી હતી. હવે શું થાય છે, કુરબાનીની જ્વાળાઓને હજુ વધુ ભીષણ બનાવવા આપણે કેટકેટલું કરવું પડવાનું છે એ વિમાસણમાં નાનામોટા સૌ પડ્યા હતા; ત્યાં બધાંના છૂટી આવ્યા પછી સાતમેઆઠમે દિવસે આખા ફિનિક્સમાં દુઃખ ને ચિંતા ફેલાઈ ગયાં. કોઈને બોલવાનું કે વાતો કરવાનું સૂઝતું ન હતું. નીચી આંખે, ચિંતાતુર ચહેરે સૌ આઘાંપાછાં થતાં હતાં અને હાથમાંનું કામ જેમતેમ ઉકેલતાં હતાં. પૂ. બાની માંદગીએ બિહામણું રૂપ લીધું હતું.

પોતાના શરીરનું બધું માંસ મારિત્સબર્ગની જેલમાં દક્ષિણ આફ્રિકાની સરકારને દાનમાં દઈને બા આવ્યાં હતાં. આવતાંની સાથે એમણે ખાટલો લીધો અને દહાડે દીએ એમની માંદગી વધતી જ ચાલી. ભારે ભારે મંદવાડમાંયે ફિનિક્સમાં દાક્તર ન ફરકતા; પણ મને યાદ છે કે એ સમયે એક નિદ્રાધીન સ્ટેશનમાસ્તરને ઘરમાંથી ઉઠાડ્યા અને સ્ટેશન ઉઘડાવી રાતોરાત ડરબન ટેલિફોન કરી દાક્તરને પરોઢની ટ્રેનમાં ફિનિક્સ આવવા વિનવણી કરી.

બાપુજીના મકાનમાં જ્યાં પ્રાર્થના અને સમૂહભોજન માટે અમે ભેગા મળતા એ જ મોટા ઓરડામાં ઉત્તર તરફના ભાગમાં પડદો બાંધી બાને માટે ખાટલો ગોઠવવામાં આવેલો. એમની પાસે કોઈ બાળકને જવાની છૂટ ન હતી. માત્ર દેવદાસકાકા અંદર જતા ને પાએક કલાકે નિમાણા બની બહાર આવતા. એમને ખિન્ન બનેલા જોઈને મારી અકળામણ વધી જતી. પૂ. બાની અશક્તિ એટલી બધી વધી ગયેલી કે એમનાથી અવાજ મુદ્દલ સહન નહોતો થતો. અમે જમવા બેસતા ત્યારે માંગવાનું ને પીરસવાનું કામ કેવળ ઈશારાથી જ થતું. કોઈને હાથે વાસણનો જરા પણ ખખડાટ થઈ જતો તો તેના પર ચોતરફથી બીજાઓની એવી ઠપકાભરી નજર વરસતી કે એવી ભૂલ કરનારો ડઘાઈ જતો. આવી ગભરાટભરી સ્થિતિ એકબે દિવસ કે એકબે અઠવાડિયાં જ નહીં, પણ

મહિનો દોઢ મહિનો ચાલુ રહી એવું મને યાદ રહી ગયું છે. સાધારણ રીતે સવાર-બપોર-સાંજ જ્યારે પણ ભણતર ને કામમાંથી અમે પરવારતા ત્યારે અમારી ખેલવાકૂદવાની જગ્યા બાપુજીવાળા મોટા ઘરના આંગણા પાસે રહેતી; પણ પૂ. બાની એ માંદગીને વખતે અમે ત્યાંથી દૂર નીકળી જતા. ક્વચિત્ એ મકાન પાસે કાંઈ ગોઠડી ચાલતી તો અવાજ ત્રણચાર પગલાંથી વધુ આગળ ન જાય તેની અમારે સાવધાની રાખવી પડતી.

બાપુજી, મગનકાકા, મારા પિતાજી, રાવજીભાઈ વગેરે જરૂર મુજબ શુશ્રૂષામાં રોકાયેલા રહેતા. મારી બાનો તો ઘણોખરો વખત પૂ. બાની સેવામાં જતો. પણ એ વેળાનું જે એક દશ્ય મારા મનમાં કોતરાઈ રહ્યું છે એની અસર દિલ પર જેમ ઉંમર વધતી જાય છે તેમ વધુ ને વધુ પડતી જાય છે. તે એ કે બાની સેવામાં બાપુજીને મદદ આપનારાં આટઆટલાં સેવકસેવિકાઓ ખડે પગે તૈયાર રહેવા છતાં પણ બાપુજી બાને માટે કરવાનું ઝીણામાં ઝીણું કામ જાતે જ કરવાનો આગ્રહ રાખતા. બાને માટે કંઈક ઉકાળો બનાવવો હોય તો તે કરી આપવાને મારી બા આતુર રહેતાં અને બાપુજીના હાથમાંથી કામ મેળવવાને વારંવાર વિનવણી કરતાં; પણ બાપુજી ઘસીને ના પાડતા અને કહેતા 'મને જ કરવા દો; બાને સંતોષ કેમ આપવો એ હું વધારે જાણું છું. અત્યારે તો મેં સમય મેળવી લીધો છે. હું ન પહોંચી શકું ત્યારે તમે કરજો.' બાની થૂંકદાની સાફ કરવી, પથારી ફેરવવી, મળમૂત્રનાં વાસણો સાફ કરવાં, ખાટલા પાસે વધુમાં વધુ હાજરી આપવી, એ સઘળું વગર થાક્યે, વગર કંટાળ્યે, વગર નિરાશ થયે, બાપુજી કર્યે જ જતા હતા. બાના ખાટલા પાસે એમને ખુરશી, સ્ટૂલ કે સાદડી નાખીને બેઠેલા જોયાનો એકેય પ્રસંગ મને યાદ નથી આવતો. એમના ખાટલાની પાંગત પાસે હાથમાં કંઈક ને કંઈક સેવાની વસ્તુ લઈને ઊભેલા બાપુજીનું દશ્ય જ મારી સ્મૃતિમાં ખડું થયા કરે છે.

ફિનિક્સ સંસ્થાનાં બધાં કામ ચાલુ હતાં. દરેક કામ નિયમસર ચલાવવાનો પૂરો આગ્રહ રહેતો. બાની સેવામાંથી મળી શકે એટલો સમય મેળવી બાપુજી પડદા બહાર ઊભા ઊભા બધા કામની દોરવણી આપતા. ફિનિક્સનાં નિત્યકર્મોની, છાપાના સંચાલનની અને ફિનિક્સ બહાર આખા દક્ષિણ આફ્રિકાની રાજકીય ચળવળની દોરવણીનું પોતાનું કામ બીમારીના આ ખાટલા પાસેયે એમણે પૂરી જવાબદારી, ચીવટ અને ઊંડા ચિંતનપૂર્વક ચાલુ રાખ્યું હતું.

ગીતાનું 'અનાસક્તિયોગ' રૂપે ભાષ્ય બાપુજીએ પોતાની ઢળતી ઉંમરમાં લખ્યું, પણ એ પહેલાં દાયકાઓથી તેમણે જીવનમાં એનો અમલ કર્યો છે. વધુમાં વધુ આસક્તિવાળી ગણાય એવી પ્રૌઢાવસ્થામાંયે બાના બિછાના પાસે

બાપુજીએ જે કુશળ કર્મયોગ અને તે સાથે અનાસક્તિ સેવી છે એનું સ્મરણ ગીતાનાં મહાભાષ્યોથીયે વધુ હૈયાના ઊંડાણમાં પહોંચી જાય એવું છે. જગતે જોયું છે કે બાપુજીની સેવામાં પોતાની કાયા નિચોવવામાં બાએ કંઈ બાકી નથી રાખ્યું. જિંદગીના લાંબા દાયકાઓ સુધી સેવા કરીને આર્યસતીની ઉજ્જ્વલ પરંપરા બાએ સાચવી છે. પણ એ સેવા લેતાં બાપુજીએ વળતરમાં એવી જ સેવા કરીને પુરુષોને સારુ ઉજ્જ્વલ ઉદાહરણ મૂક્યું છે.

જેલમાંથી છૂટ્યા પછીની ૧૯૧૪ની સાલમાં પૂ. બાને આવેલી આ ગંભીર માંદગી કંઈ પહેલી વારની ન હતી. દસ વરસ પહેલાં એટલે કે ઈ.સ. ૧૯૦૪માં બા ઘણાં માંદાં પડેલાં અને જ્યારે ડરબનના દાક્તરે બાને માંસનો સેરવો આપવાનો એટલો બધો આગ્રહ કર્યો કે મરણપથારીએ હોવા છતાં બાપુજીને એમને લઈને ફિનિક્સ પહોંચવું પડેલું એ પ્રસંગનું પૂરેપૂરું વર્ણન એમણે પોતાની ‘આત્મકથા’માં આપેલું છે. એમાં જણાવ્યું છે કે પોતે કેવી રીતે ઝોળીમાં ઊંચકીને બાને ફિનિક્સ સ્ટેશનેથી ઘર સુધી લઈ આવેલા, તથા જ્યારે ચરી પાળવા માટે મીઠું છોડી દેવામાં બાએ આનાકાની બતાવી ત્યારે બાપુજીએ કેવી દઢતાથી પોતાના જ બધા સ્વાદ જતા કર્યા અને અલૂણું પાળવાનું વ્રત લીધેલું. એ આખો પ્રસંગ દર્શાવે છે કે બાને ખાતર બાપુએ કેટલું કેટલું કર્યું છે.

પણ જે વસ્તુ ‘આત્મકથા’માં અપાઈ નથી એ પણ આ વાતના અનુસંધાનમાં નોંધવાની હું છૂટ લઉં તો એ યોગ્ય જ ગણાશે એમ ધારું છું. ઈ.સ. ૧૯૦૮માં પણ પૂ. બાને એવી જ ભયંકર માંદગી આવેલી. પરંતુ આટલા બધા હેતાળ બાપુજીએ એ પ્રસંગે પોતાના કર્તવ્યપાલનને અંગે એટલી બધી વિરક્તિ જાળવેલી કે એની સરખામણીમાં કુમાર સિદ્ધાર્થના મહાભિનિષ્ક્રમણનો પ્રસંગ યાદ આવી જાય છે. પણ એ બે વચ્ચે થોડુંક અંતર છે. કુમાર સિદ્ધાર્થે પત્નીને ઊંઘતી છોડીને ઘરમાંથી ચાલી નીકળવાનો કઠોર સંકલ્પ કર્યો હતો ને પાર પાડ્યો હતો, ત્યારે બાપુજીએ ઘાતક માંદગી ભોગવી રહેલાં બાની પાસે ન જવાનો સંકલ્પ દઢ કરીને મનને શાંત રાખ્યું હતું. કુમાર સિદ્ધાર્થ પોતાના જ મહેલમાં કેદી સમા બનેલા હતા અને બહુ મુશ્કેલીથી ચોકીપહેરા વટાવીને એમને પસાર થવાનું હતું, ત્યારે અહીં, બાપુજી એ વખતે ટ્રાન્સવાલની જેલમાં બે મહિનાની કેદ ભોગવી રહ્યા હતા અને એમાંથી છૂટવાને હજુ પૂરા એક મહિનાની વાર હતી. છતાં જેલ મૅજિસ્ટ્રેટના આગ્રહાનુસાર થોડાક પૈસા ભરીને ગંભીર માંદગીને બિછાને પડેલાં બાને ઓશીકે તેઓ સહેલાઈથી પહોંચી શકે એમ હતું. એમાં એમને તલભાર પણ નાનમ આવે એમ ન હતી, છતાં તેઓ ન જ ગયા.

એમ કરવામાં બાપુજીને પોતાનું કાળજું કેટલું બધું કઠણ કરવું પડ્યું હશે એ બાપુજીના નીચેના પત્રથી જણાઈ આવે છે:

૯ નવેમ્બર, ૧૯૦૮

તારી તબિયતનો તાર મિ. વેસ્ટે આજે મોકલ્યો છે. મારું હૈયું કોરાય છે. પણ તારી ચાકરી કરવા આવું એવી સ્થિતિ નથી. સત્યાગ્રહની લડતમાં મેં બધું અર્પણ કર્યું છે. મારાથી ત્યાં અવાય જ નહીં. દંડ આપું તો જ અવાય. દંડ તો ન જ અપાય. તું જરા હિંમત રાખે, રીતસર ખાય તો સારું થઈ રહેશે, છતાં મારે નસીબેથી તું જશે જ એમ હશે તો હું તને એટલું જ લખું છું કે તું વિયોગમાં, પણ મારી હયાતીમાં જ ચાલી જાય તેમાં ખોટું નથી. મારું હેત તારી ઉપર એટલું છે કે તું મૂએલી છતાં મારે મન જીવશે. તારો આત્મા તો અમર છે. હું તને ખાતરીથી કહું છું કે જો તારે જવું જ થશે તો હું તારી પાછળ બીજી સ્ત્રી કરવાનો નથી. મેં તને કેટલીક વાર કહ્યું પણ છે. તું ઈશ્વર ઉપર આસ્થા રાખી જીવ તજજે. તું મરીશ તો તે પણ સત્યાગ્રહને જોગ છે. મારી લડત તે માત્ર રાજદ્વારી નથી. તે લડત ધાર્મિક છે. એટલે અતિ ચોખ્ખી છે. તેમાં મરવું તોયે શું અને જીવવું તોયે શું. તું પણ એમ જ જાણી જરાયે ઓછું નહીં લાવે એવી મારી ઉમેદ છે. એવું તારી પાસેથી માગી લઉં.

(સહી વિના એ કાગળ અહીં જ પૂરો થાય છે)

એ આપણું સૌભાગ્ય હતું કે આપણા બધા ઉપર પૂજ્ય બાની છાયા ત્યાર પછી બીજાં પાંત્રીસેક વરસ સુધી રહી. પણ જ્યારે બાપુજીએ સત્યાગ્રહનો પ્રારંભ કર્યો ત્યારે એ પ્રારંભ કરતાની સાથે જ એમને માથે કેટલી બધી કપરી કસોટી આવી પડેલી અને કેટલી દૃઢતાથી એમાણે એ પાર ઉતારેલી, એ બધું એમના ઉપલા પત્ર ઉપરથી જણાય છે.

પોતાના સ્નેહાળપણામાં રતીભારનોયે ફેર પડવા દીધા વિના પૂ. બાપુજીએ પ્રચંડ અનાસક્તિના જે કઠોર અખતરા અજમાવવા માંડેલા એની અસર પૂ. બા ઉપર શી થઈ અને એ ઝીલવા માટે પોતાના મનને એમણે કેટકેટલું કસ્યું એની વિગતો આપણને મળવી મુશ્કેલ છે. બાપુજીની જેમ પૂ. બાના હાથના લખેલા પત્રો, નોંધો કે એમના પ્રસંગમાં આવનારાઓએ લખેલી નોંધો આપણને ઉપલબ્ધ થાય એમ નથી. કારણ એ લખાયેલા જ નથી. મારી બાને મેં અનેક વાર પૂછ્યું છે, ‘‘તમે આખો વખત પૂ. બા સાથે જ રહ્યાં તે થોડાક પ્રસંગો ને ચર્ચાઓની વાત તો કરો. તમારા જાણવામાં કંઈ ઓછા પસંગો નહીં આવ્યા હોય!’’

પણ દર વખતે મારી બાએ ટૂંકે પતાવ્યું છે, ''આટલે વરસે એ બધું તે કેટલુંક યાદ આવે! ત્યારે એ અટકળ ક્યાં હતી કે આવાયે દિવસો આવશે જ્યારે ઝીણી ઝીણી વાતોય છપાશે ને વંચાશે. વળી જે ખાસ ખાસ પ્રસંગો છે એ તો બધા બાપુજીએ પોતાની આત્મકથામાં આપી જ દીધા છે. બાનું જીવન બાપુજીથી જુદું રહ્યું જ છે ક્યાં કે એમના જુદા પ્રસંગો યાદ આવે!'' એમ છતાં મારી બાએ જે એકબે પ્રસંગોની વાત કરી છે એ અહીં નોંધી દેવા જેવી છે. એ ઉપરથી પૂ. બાની દૃઢતાની, એમના વિશાળ હૃદયની અને એમનાં તાત્ત્વિક મનોમંથનની કલ્પના આપણને આવે છે તથા સમજાય છે કે બાપુજીને પગલે પગલે પૂ. બાનું અંતર કેટલું બધું વલોવાયા કરતું હતું.

ઉપર આપેલા બાપુજીના કાગળમાં 'રીતસર ખાય તો સારું થઈ રહેશે' એમ જે વાક્ય આવેલું છે એ પરથી કદાચ કોઈ એવી અટકળ કરવા બેસશે કે બાપુજી પોતાની હાજરીમાં પૂ. બા પાસે ખાવાપીવા ઉપર જે કાબૂ જળવાવી શકતા હશે એ કાબૂ બાપુજીની ગેરહાજરીમાં પૂ. બા જાળવી નહીં શકતાં હોય અને પૂરેપૂરી ચરી ન પળાતાં તથા સહેજસાજ સ્વાદ થઈ જતાં એમની તબિયતને નુકસાન પહોંચતું હશે. પરંતુ મારી બાએ આપેલા વર્ણનમાંથી એથી ઊલટો જ પુરાવો મળે છે. જે પ્રસંગનું વર્ણન છે એયે ઈ.સ. ૧૯૦૮ની સાલનું જ છે. બાપુજી સૌ પહેલાં ૧૯૦૮ની શરૂઆતમાં જોહાનિસબર્ગમાં પકડાયા હતા અને મહિનાથી ઓછા વખતમાં છૂટી ગયા હતા. ઉપલો કાગળ એમણે ૧૯૦૮માં બીજી વાર જેલ ગયેલા ત્યારે લખેલો. બાપુજી જેલ જતાં પૂ. બાએ વ્રત રાખ્યાં ને તેઓ કેમ માંદાં પડ્યાં એનું વર્ણન મારી બા આ પ્રમાણે કરે છે:

''જ્યારે બાપુ પહેલી વાર પકડાયા ત્યારે ફિનિક્સમાં ગુલાબકાકીનાં સીમંતની ઉજાણી ચાલી રહી હતી. (ગુલાબકાકી એ મારાં કાકી. બાપુજીના સૌથી મોટાં પુત્રવધૂ. એમના સૌથી મોટા દીકરા હરિલાલકાકાનાં પત્ની) પુરુષ વર્ગ આખો જમીપરવાર્યો હતો. બધાં જ વિનોદવાર્તામાં ગૂંથાયેલાં હતાં. સ્ત્રીઓને હજુ જમવાની તૈયારી ચાલતી હતી. એટલામાં પૂ. બાપુજીના પકડાયાનો તાર આવ્યો. જમણમાં દૂધપાક મુખ્યત્વે હતો. પણ બાનો જીવ અધ્ધર થઈ ગયો હતો. બધાં જમી રહેવા આવ્યાં તોયે બાએ તો દૂધપાકને આંગળીયે ન અડાડી. એમણે મનમાં ને મનમાં સંકલ્પ કરી નાખ્યો અને દૂધ લેવાનું તજ્યું. ચા પણ દૂધ વિનાની લેવા માંડી. બાપુના છૂટતાં સુધી દૂધ ન લેવાનું એ વ્રત ચાલ્યું. જ્યારે અમે આગ્રહ કર્યો ત્યારે બોલ્યાં કે 'જેલ જનારને ઘી દૂધ ન મળે તો મારાથી એ કેમ લેવાય?' એટલું જ નહીં પણ પછી તો બાએ પણ દિવસોના દિવસો સુધી મકાઈનું પૂપ્પુ (થૂલી) જ ખાધું. પાછળથી ડબલ

રોટી લેવા લાગ્યાં અને તે પણ કેવળ ખારી જ. જેલ જેવો જ ખોરાક રાખ્યો. એટલે એમનું શરીર લથડ્યું. જ્યારે બાપુ બહાર આવ્યા ત્યારે એમણે આવીને પૂ. બાના એ નિયમો છોડાવ્યા!''

પણ ૧૯૦૮ની પૂ. બાની એ માંદગીના પ્રમાણમાં એમની ૧૯૧૪ની માંદગી ઘણી વધારે ભયંકર હતી. બાપુજી એમની સેવામાં કેવા ઊભે પગે રહેલા એ પ્રત્યક્ષ જોયેલું તેનું વર્ણન હું આપી ગયો. એ માંદગી કેવી રીતે આવી અને વધતી ચાલી એનું વર્ણન અહીં મારી બાના શબ્દોમાં જ આપું. એ બાબત મેં એમને લખીને પુછાવેલું. એના જવાબમાં મારી બાએ મને જે કાગળ લખી મોકલેલો છે એનો જ ઉતારો અહીં આપું એ ઠીક પડશે. ગયાં પ્રકરણોમાં આવી ગયેલી કેટલીક વાતની એમાં પુનરાવૃત્તિ તો થાય છે. પરંતુ મારી એ બાળસ્મૃતિને આધારે જે ચિત્રાણને હું બહુ આછું આપી શક્યો છું તેને મારી બાનો આ કાગળ વધુ પાકું અને ઊજળું કરી આપે છે.

સેવાગ્રામ, તા. ૧૭-૧૨-'૪૭

ચિ. પ્રભુ,

તારા કાગળનો જવાબ ગઈકાલે તારા ભાઈએ લખ્યો છે તે મેં વાંચ્યો નથી એટલે મારો વિચાર તેમાં જણાવી શકી નથી.

પૂ. બાપુજીએ પૂ. બાને જેલ મોકલવાની તૈયારીનો આગ્રહ શું કામ નહોતો રાખ્યો એ તો પૂ. બાપુજી કે શ્રી રાવજીભાઈના લખાણમાંથી મળતું નથી. પૂ. બાને કાયદા વિશે ખબર ન હતી એમ તો કોઈ માની શકે નહીં. પ્રથમ કાયદાની ચર્ચા થઈ; અને એને અંગે જેલ જવું જોઈએ, જો હિંમત હોય તો! એ વાતની ચર્ચા વખતોવખત થયા કરતી. પૂ. બાપુજી જોહાનિસબર્ગથી આવ્યા ત્યારે પ્રથમ પૂ. બાને એવા રૂપમાં વાત કરીને અમારી પાસે આવ્યા એમ મને સ્મરણ છે. પૂ. બાને જેલ મોકલવાનો પૂ. બાપુજીનો વિચાર મોળો હતો તેનું કારણ એ હતું કે પૂ. બાની તબિયત એ વખતે સાવ નબળી હતી. એમને વાંધું (લોહીવા) હતું તેથી શરીર ક્ષીણ થયું હતું. બીજું કારણ એ હતું કે પૂ. બાપુના પ્રથમ પ્રાયશ્ચિત્તના સાત ઉપવાસ પછી પૂ. બા ચોમાસાના સાડાચાર મહિના ફળાહારી રહ્યાં હતાં. તને યાદ હશે કે આપણી લડત ભાદરવા માસમાં શરૂ થઈ હતી. પૂ. બા સાથેની અમારી સોળ જણની ટુકડી ફિનિક્સથી ભાદરવા સુદ પૂનમ અને સોમવારે સાંજના ચારેક વાગ્યે પૂ. બાપુજીને ઘેર પ્રાર્થના કરી રવાના થઈ હતી. એ દિવસે પૂ. બાપુજીને ત્યાં સહભોજન થયું હતું અને રસોઈ પણ મુખ્યત્વે બાપુજીએ જ બનાવી હતી એ તને યાદ હશે.

પૂ. બાની તબિયત, ખોરાક વગેરે જોતાં પૂ. બાપુની હિંમત એમને જેલ મોકલવાની કેમ થાય? એટલે પૂ. બાપુજીએ પૂ. બાને દલીલથી તૈયાર કર્યાં હતાં એમ તો મારી જાણમાં નથી. પણ બા પોતે જ તૈયાર થયાં હતાં અને પૂ. બાપુજીએ એમના શરીરની અશક્તિ વિશે કહ્યું ત્યારે ‘આ બધીયું જાય ને મારાથી નહીં જવાય? કાશી પણ લોલું (અશક્ત) છે. કાશી વહુથી સહન થશે ને મારાથી નહીં થાય?’ એમ પૂ. બાએ પૂ. બાપુને સંભળાવેલું એ તારું લખવું બરાબર છે. તેં અમારી પાસે સ્પષ્ટીકરણ માગ્યું છે, તો આ કાગળથી સ્પષ્ટતા થશે એમ માનું છું. જોકે મને તારા જેવું લખતાં તો ન આવડે છતાં ઉપરથી તને સમજાશે. આ કાગળ વખતસર તને પહોંચી જાય તો સારું. જેલ જતાં પહેલાં અનેક વાર ચર્ચાઓ ચાલતી રહેલી. તેમાં દરેક વખતે એક જ જાતના શબ્દો બોલાયા હોય એવું થોડું જ છે? મુખ્ય મુદ્દો એ હતો કે પૂ. બાની તબિયતને લીધે જ પૂ. બાપુની હિંમત એમને તૈયાર કરવાની નહોતી થતી. પૂ. બા ફળાહારી હતાં એટલે લડતમાં જવાનું નક્કી કરતાં પૂ. બાએ પૂ. બાપુજીને પૂછ્યું કે મને જેલમાં ખોરાક ‘ફળાહાર’ નહીં મળે તો? ત્યારે પૂ. બાપુજીએ કહ્યું કે, ફળાહાર ન મળે ત્યાં સુધી ઉપવાસ કરવા, પણ ફળાહાર વ્રતનો આગ્રહ છોડવો નહીં. એમ કરતાં ન મળે ને મરી જવાય તો ભલે. અને એ મુજબ પૂ. બાને ૩-૪ ઉપવાસ જેલમાં કરવા પડ્યા હતા. ત્યાર બાદ મારિત્સબર્ગમાં જેવોતેવો ફળાહાર મળતો. એને પરિણામે જ પૂ. બા ત્રણ મહિનાની જેલને અંતે સખત માંદાં પડ્યાં હતાં અને પૂ. બાપુજીએ પણ અજબ સેવા કરી હતી તે તને યાદ હશે જ.’’
(મારા પિતાશ્રીની નોંધ)

લિ. શુ. બાના આશીર્વાદ

‘‘બાનું લખેલું મને તો ઠીક લાગે છે.

લિ. ભાઈના આશીર્વાદ

ઉપર કાગળમાં લખ્યું છે એ ઉપરાંત પણ મારી બાએ મારિત્સબર્ગની જેલના અનુભવ સંભળાવતાં પૂ. બા વિશે એક વાર વાત કરેલી:

‘‘જ્યારે બા મારિત્સબર્ગની જેલમાં હતાં ને બાપુને આખા વરસની સજા થયાના ખબર આવ્યા ત્યારે એ સમાચાર સાંભળીને તેઓ બહુ જ મૂંઝાવા લાગ્યાં. એમની આંખમાંથી આંસુ વહ્યે ગયાં. રોક્યાં રોકાયાં નહીં. એમને મનમાં ધ્રાસકો રહ્યા કર્યો કે આટલી લાંબી જેલમાંથી બાપુજી પાછા ફરશે કે કેમ? બાપુજી વહેલા છૂટ્યાની ખબર તો એમને જેલ ફાટકમાંથી બહાર આવ્યે, બાપુને જોયા ત્યારે પડી. એક તરફથી અર્ધ ઉપવાસથી અને બીજી તરફથી ચિંતામાં બાનું શરીર હાડપિંજર બની ગયું. આટલું છતાં જેલમાં તેઓ અમને બધાંને ધીરજ

આપ્યા કરતાં કે જેલમાં વળી ગભરાવું શું? એક વખતનું ટંક જમી પરવારીએ એટલે અમને કહે 'લો, આજ દા'ડો ઊકલ્યો. હવે આટલા જ બાકી રહ્યા! જેલના નિયમ મુજબ જેટલું કામ સીવવા કરવાને મળતું એ બધું રીતસર પોતે કરી આપતાં અને બાકીના વખતાં સવારે ને સાંજે ભજન અને કીર્તન ચલાવતાં.''

ટૂંકમાં પૂ. બાપુજીએ જેવી રીતે પોતાની લાગણીઓને દાબીને અનાસક્તિ કેળવી હતી એવી જ રીતે પૂ. બાએ પણ પોતાનાં હૃદયને કાબૂમાં રાખી બુદ્ધિપૂર્વક કર્તવ્યનું અનુસરણ કર્યું હતું. પૂ. બાનું શાસ્ત્રાધ્યયન ઊંડું ન હતું અને વિદ્વત્તા જેવું એમની પાસે કશું ન હતું છતાં એમનું તત્ત્વજ્ઞાન કાચું ન હતું. કઠણમાં કઠણ કસોટીના વખતમાંયે કેવળ ગતાનુગતિકતાથી નહીં પણ તત્ત્વદૃષ્ટિએ તેઓ બાપુજીને સાથ આપતાં, એનો સચોટ પુરાવો મારી બાએ બતાવેલા, પૂ. બાના નીચેના ઉદ્‌ગારોમાંથી મળી આવે છે. જોકે એ વાત ફિનિક્સની નથી, સેવાગ્રામની છે:

''હરિલાલકાકા (બાપુજીના મોટા દીકરા) ઘરનો ધર્મ છોડી પારકા ધર્મમાં ગયા એ વિશે પૂ. બા બહુ જ કલ્પાંત કરી રહ્યાં હતાં અને વળી વચ્ચે વચ્ચે તેઓ પોતે જ પોતાને ધીરજ આપતાં હતાં. વાતમાં ને વાતમાં એક વાર મને કહેવા લાગ્યાં, 'બહેન, આ દુનિયામાં કોણ કોનું છે? છતાં આપણો જનમ એવો કે જે સંબંધ થયા એ સાચવવા પડે. બાપુનો રસ્તો તો અનેક વાર હૈયું વીંધી નાખે છે. એમને સંતોષવા એ મારા ગજા ઉપરવટનું લાગે. ખાંડાની ધાર જેવો એ રસ્તો કેમ ખમાય? પણ ફરી મનમાં થાય કે જેને આખું જગત પૂજે એને હું કેમ છોડું? મારે તો બનતી મહેનતે એમની સાથે ચાલવું જ જોઈએ.' ''

આમ પૂ. બા અને પૂ. બાપુની એકબીજા પ્રત્યેની વધતી જતી શ્રદ્ધા, અનહદ સેવાભાવ અને આદર્શ ત્યાગભાવની ગંગામાં જેટલી ડૂબકીઓ લગાવીએ એટલા આપણે વધુ પુનિત બનીએ એમ છીએ. પણ હવે આપણે આગળ જઈએ.

બાની તબિયત બહુ ધીમે ધીમે સુધરી રહી હતી. અશક્તિ ઓછી થતી ન હતી. બીજી તરફ બાપુજીને સત્યાગ્રહની લડાઈ અને સમાધાનીને અંગે વારે વારે ડરબન, જોહાનિસબર્ગ, પ્રિટોરિયા અને કેપટાઉન જવાનું થતું હતું. બાપુજી બહાર હોય તે વેળા બાની માંદગી વધી જતી તો ચિંતા બહુ ફેલાઈ જતી. પણ છેલ્લી વારે જ્યારે સ્મટ્‌સ-ગાંધી સમાધાનીની છેવટની શરતો ચર્ચાઈ રહી હતી ત્યારે બાપુજીને કેપટાઉન જવાનું થયું ત્યારે તો તેઓ બાને પણ પોતાની સાથે જ લઈ ગયા હતા. ત્યાંનું કામ આઠદસ દિવસને બદલે મહિનો દોઢ મહિનો ચાલ્યું

હતું. સમયાનુક્રમ તૂટવાની ધાસ્તી છતાં વચગાળાની વાતો કૂદી જઈને, બાની માંદગીને અંગે બાપુજીના કેપટાઉનથી આવેલા એક પત્રની વાત અહીં આપી દઉં એ જ ઠીક રહેશે.

ત્યારે દેવદાસકાકાની દશા કપરી હતી. પૂ. બા કેપટાઉનમાં માંદાં હતાં છતાં બાપુજીએ એમને પોતાની પાસે કેપટાઉન આવવા નહોતા દીધા. એમને ફિનિક્સમાં જ રહેવું પડેલું. અને કેપટાઉન બેઠે કાગળ વડે બાપુજી એમને ધીરજ આપતા.

ફાગણ સુદ ૮, ૧૯૭૦

ચિ. દેવદાસ,

તમે અક્ષર સુધારજો. બાની તબિયત હાલ તો બહુ બગડી છે. તે અને હું એમ જ માનીએ છીએ કે દાક્તરી દવાની અસર તેની ઉપર ઘણી માઠી થઈ ગઈ છે. તેણે જ ઈચ્છા બતાવી કે દાક્તરી દવા કરવી. બે કે ત્રણ પ્યાલી પીધા બાદ સખત બીમારી થઈ પડી. હવે કંઈ ખાઈ શકાતું નથી. છેવટે મોત આવે તોપણ આપણે તો મોતથી નહીં ડરવાનો નિશ્ચય કર્યો છે. એટલે ચિંતામાં પડવાનું છે નહીં. શરીર તો પડવાનું જ છે. ને વળી પોતાને પડવાને દહાડે જ પડે છે. ને તેને અનુસરીને આપણને ઈલાજો સૂઝે છે. વળી આત્મા તો અમર છે. ને જોકે આપણે સંબંધ તો શરીરનો જ રાખતા જણાઈએ છીએ, છતાં ખરો સંબંધ તો આત્માને વિશે જ હોવો જોઈએ.

શરીરમાંથી જીવ ગયા પછી આપણે ઘડીભર તેને સાચવતા નથી એ ચોક્કસ વાત છે. આમ સમજીને બાના શરીરના વિશે ઉપાયો લીધા પછી હું તો નિશ્ચિંત રહું છું, ને તમે બધા રહો એમ ઈચ્છું છું. હવે શરીરની આવી સ્થિતિ જાણી આપણે સાધુતા અને ઉદાસીનતા પકડવા જોઈએ. સાધુતા એટલે સ્થૂલ વૈરાગ્ય અથવા જગતમાં ભટકવું એ નહીં પણ આ તેનો અર્થ શુદ્ધ ચારિત્રને લગતો છે. ઉદાસીનતા એટલે દિલગીરી નહીં પણ વિષયોનો અણગમો ને સંસાર વિશે નિર્મોહપણું. બાની માંદગીમાં આ તમે બધા શીખો એ તેની તરફ તમારો ખરો ભક્તિભાવ ગણાશે.

લિ. બાપુના આશીર્વાદ

પણ બાપુજીના આવા ઊંચામાં ઊંચા તત્ત્વજ્ઞાનના ઘૂંટડા મળતા હોવા છતાં દેવદાસકાકાનો જીવ તો કેપટાઉનમાં જ લાગ્યો રહેતો. રમતના એ ઘણા રસિયા અને બાજી જીતવામાં ઘણા કુશળ હતા. છતાં એ દિવસોમાં એમની રમતોનું જોર ઢીલું પડી ગયું હતું એવો મને ખ્યાલ રહી ગયો છે.

બાપુજી કેપટાઉન હતા. સત્યાગ્રહની લડતની છેવટની સમાધાની પાર પાડવાની આશા બંધાઈ રહી હતી અને સૌની ઈંતેજારી પાછા હિંદુસ્તાન પહોંચવાને વધતી જતી હતી; ત્યાં એક સવારે નવેક વાગે પોરબંદરથી તાર આવ્યો. એમાં બાપુજીના સૌથી મોટા ભાઈ કાળીદાસ ગાંધી (બાપુજીના સૌથી મોટા ભાઈ લક્ષ્મીદાસ ગાંધીનું ઘરનું નામ કાળીદાસ ગાંધી હતું. અમે એમને કાળાબાપુજી કહેતા.) ગુજરી ગયાના ખબર હતા. આ અગાઉ છઆઠ મહિના પહેલાં વચેટ ભાઈ કરસનદાસ ગાંધીના ગુજરી ગયાના ખબર આવ્યા જ હતા, ત્યાં વળી આ બીજો આકરો ફટકો બાપુજી ઉપર પડ્યો. કરસનદાસ ગાંધી વેળાએ બાપુજી ફિનીકસમાં હોવાથી સાંજે પ્રાર્થનામાં ભજન-પ્રવચન* ચાલ્યાં હતાં. આ વખતે એવું કશું ન થયું. માત્ર કુટુંબીઓએ સ્નાન કર્યું. દેવદાસકાકા પોતાના બંને કાકાઓમાંથી એકને પણ જોવા ન પામ્યા એનો ખેદ એમને વધુ થયો; અને એથીયે વધુ એમના મનમાં પૂ. બાની જિંદગી વિશે ધાસ્તી વધી ગઈ. એ દિવસે એકલા એકલા બેસીને તેઓ જેટલા રોયા એટલા પહેલાં કદી દેવદાસકાકાને રોતા જોયાનું મને યાદ નથી.

પોરબંદરથી આવેલા એ તારના સમાચાર જ્યારે બાપુજીને કેપટાઉન પહોંચ્યા ત્યારે એમણે મોટાઓને તેમ જ દેવદાસકાકાને પણ કાગળો લખેલા. મોટાઓને લખેલા કાગળમાં બાપુજીએ પોતાનો શોક પ્રદર્શિત કરેલો અને જણાવેલું કે પોતાના મોટા ભાઈના જતાં એમના ઉપર કેટલો ભાર વધી પડ્યો છે તથા દેવદાસકાકાને લખેલા કાગળમાં જણાવેલું કે ‘મોટા કાકા ગયા તેમ બા પણ ચાલી નીકળે તોયે ખેદ ન કરવો.’ દેવદાસકાકા ઉપરનો એ મૂળ કાગળ તો હાથ નથી આવતો પણ એનો ભાવાર્થ મારી યાદ પ્રમાણે નીચે મુજબ હતો :

‘કાકા ગુજરી ગયાના ખબરથી તમને ખેદ થતો હશે. દેશમાં જઈ એમને મળવાનો દિવસ પાછો આવ્યો ત્યાં તેઓ ચાલ્યા ગયા એથી વધારે દુ:ખ થાય. પણ આપણે મનમાં દુ:ખ લાવવું જ ન જોઈએ. ઈશ્વરની મરજી એવી હશે. કાકા ગયા એમ બા પણ આ મંદવાડમાંથી ન ઊઠે, મારે બા વિના જ ફિનિકસ આવવું પડે, તોયે તમે દુ:ખી ન થાઓ, જરા પણ ન રડો એમ હું ઇચ્છું. બાને આટલી બધી માંદગી છતાં આપણે દાકતરી કે કોઈ પણ દવાનો ઉપયોગ નથી કરતા. તમે પણ એ મંદવાડ જાય કે ન જાય તોયે બાને દવાદારૂ ન આપવાની વાતમાં સમજીને હા પાડી છે. એટલે તમારે તો બહાદુર અને હિંમતવાન બનવાનું છે. આપણે કોઈના મરણથી રડવું તો ન જ જોઈએ.’ મને એ વેળા બાપુજીના

---

*જુઓ પાનું ૨૮૮

પત્રો વાંચવા મળતા નહીં, પણ એ પત્રો સવારથી સાંજ નાનામોટાઓ વચ્ચે ચર્ચાયા કરતા તેથી એના મુદ્દા મારાથી અજાણ્યા ન રહેતા. બાપુજીએ મોટાઓને જે પત્રો લખેલા તેમાં એક મુખ્ય પત્ર મિ. કેલનબૅકને લખેલો. મિ. કેલનબૅક એ સમયે જોહાનિસબર્ગમાં રહેતા હતા. અને બાપુજીએ એમના ઉપર અંગ્રેજીમાં કાગળ લખેલો. એની નકલ જમનાદાસકાકાના સંગ્રહમાંથી મળી આવી છે. અહીં એ અંગ્રેજી પત્રનું ગુજરાતી ભાષાંતર આપ્યું છે જે એ દહાડાઓમાં ફિનિક્સમાં જ કરવામાં આવેલું :

૭, બ્યુઈટેન સિંગલ (કેપટાઉન)
મંગળવાર, ૧૦-૩-૧૯૧૪

વહાલા કેલનબૅક,

ભારેમાં ભારે આપત્તિ મારા ઉપર આવી પડી છે. હું ધારું છું કે છેલ્લી ઘડી સુધી મારા વિચાર કરતાં કરતાં ગઈકાલે મારો ભાઈ મરી ગયો! મને મળવા માટે તેની કેવી ઉત્કટ ઈચ્છા! અને હું પણ જેમ બને તેમ જલદી હિંદ જાઉં, તેને પગે પડું અને તેની સેવાચાકરી કરું એ માટે ઉતાવળે મારું કામ આટોપી રહ્યો હતો. પણ નિર્માણ કાંઈ જુદું જ હતું. હવે તો મારે વિધવાઓના કુટુંબમાં જ જવાનું રહ્યું અને તે કુટુંબ પણ મારે જ આશરે! તમે હિંદની કૌટુંબિક વ્યવસ્થા સમજતા નહીં હોવાથી આ પ્રસંગ નહીં સમજી શકો. ગમે તે રીતે હિંદ જવાની મારી ઈચ્છા હવે દિવસે દિવસે પ્રબળ થતી જાય છે. અને હજુ પણ કોણ નક્કી કહી શકે? મારી એ ઈચ્છા ફળીભૂત થશે કે કેમ તે વિશે મને હજુ પણ શંકા છે. તોપણ મારે એ યાત્રા માટે તૈયારી કરવી જોઈએ અને પરિણામ માટે શાંતિથી સર્વશક્તિમાન પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો.

આવા આઘાતોથી માણસમાં મૃત્યુ વિશે વધુ નિર્ભયતા આવતી જાય છે. શા માટે એ બનાવથી મારા હૃદયમાં ખળભળાટ ઊઠવો જોઈએ? આવા શોકમાં સ્વાર્થની છાયા છે. જો હું મૃત્યુ માટે તૈયાર થાઉં અને મૃત્યુને આવકારદાયક પ્રસંગ તરીકે ગણું તો મારો ભાઈ મરી ગયો એ કંઈ આપત્તિ નથી. મૃત્યુનો આપણને ડર લાગે છે તેથી આપણે બીજાઓના મૃત્યુ માટે રુદન કરીએ છીએ. શરીર નાશવંત છે અને આત્મા અમર છે એમ જાણ્યા છતાં શરીર અને આત્મા છૂટા પડતાં હું શોક કેમ કરી શકું? પણ આ સુંદર અને આશ્વાસનભર્યા સિદ્ધાંતમાં સાચી માન્યતા હોય તો જ એ સ્થિતિ પ્રાપ્ત થાય. જેને આમાં શ્રદ્ધા હોય છે તેણે શરીરનું લાલનપાલન ન કરવું ઘટે પણ તેના નિયંતા બનવું ઘટે. તેણે પોતાની શારીરિક જરૂરિયાતો એવી રાખવી જોઈએ કે જેથી દેહ દેહી ઉપર અધિકાર ન

ભોગવતાં તેના તાબામાં રહે. બીજાઓના મૃત્યુ માટે શોક ન કરવો એ લગભગ શાશ્વત શોકની સ્થિતિ વહોરી લેવા જેવું છે. કારણ કે શરીર અને આત્માનો આ સંબંધ જાતે જ શોકપ્રદ છે. આ વિચારો અત્યારે મારા ઉપર પ્રાધાન્ય ભોગવે છે. હાલ આવો બીજો કાગળ મારાથી લખાશે નહીં. આ તો આપોઆપ લખાયો છે. તેથી મિ. પોલાકને પહોંચાડજો અને મણિલાલને પણ વાંચવા દેજો. અને ત્યાર પછી મિ. વેસ્ટ અને બીજાઓને માટે છગનલાલને પણ મોકલવો.

બાપુ

મોટાઓના કાગળમાં શું કે નાનાઓના કાગળમાં શું, બાપુજી એ દિવસોમાં મોટે ભાગે મૃત્યુની જ ચર્ચા કર્યા કરતા અને દેહની નશ્વરતા તથા આત્માની અમરતા બાબત જ શિખામણ આપતા. એથી કરીને ફિનિક્સમાં સૌને ચિંતા વધી જતી. બા માંદગીમાંથી ઊઠશે જ નહીં એવી અમંગળ ભીતિ ફેલાઈ જતી ને આખું વાતાવરણ વધુ ગમગીન બની જતું.

લાગલાગટ અઢીત્રણ મહિના સુધી મૃત્યુ સાથે કટોકટીનું યુદ્ધ ખેડીને સદ્‌ભાગ્યે બાએ માંદગીની પથારી છોડી. તેઓ સાજાં થયાં ને શક્તિ પણ મેળવવા લાગ્યાં. એમની તબિયત જરાક સુધરી એટલે એમની સેવા માટે ગયેલા મણિલાલકાકા અને જમનાદાસકાકાને બાપુજીએ કેપટાઉનથી તરત પાછા વાળ્યા. એવા મોટા શહેરમાં ઊગતા જુવાનો રહે એમાં એમનું હિત નથી એવો બાપુજીનો ઉગ્ર આગ્રહ હોવાથી પોતાના કામનો બોજો વધારીને પણ એ બંનેને ત્યાંથી પાછા વાળ્યા. મણિલાલકાકાને મિ. કૅલનબૅક પાસે પહેલેથી જ જોહાનિસબર્ગ મોકલી દીધા અને ત્યાર પછી જમનાદાસકાકાને ફિનિક્સ મોકલ્યા.

ફિનિક્સ આવીને જમનાદાસકાકાએ જે વાત કરી એ ઉપરથી જાણવા મળ્યું કે બાપુજીની તપસ્યા કેપટાઉનમાં પુષ્કળ વધી ગઈ છે. ત્યાંની ધારાસભામાં હિંદીઓને રાહત આપનારું બિલ આવી રહ્યું છે એ બહુ જ લમણાઝીંક કરાવે છે ને બાપુનો ઘણો વખત ખાય છે. બીજી બાજુ બાપુનાં ફળાહાર અને એકટાણાં ચાલુ છે અને ત્રીજી તરફથી ઊઘાડે પગે પાકી સડક પર બળબળતા તડકામાં ચાલવું પડે છે. એટલે થાકનું તો પૂછવું જ શું? એમ છતાં બાપુજી આગ્રહપૂર્વક બાની સેવાશુશ્રૂષાનું બધું કામ પોતે જ કરે છે. બીજાને હાથ નથી લગાડવા દેતા. એમની એ તપસ્યાનો પ્રભાવ કેપટાઉનના ગોરા મિત્રો પર પણ બહુ ભારે પડ્યો છે.

બીજી વાત જમનાદાસકાકા પાસે એ પણ જાણી કે, જ્યારે કાળાબાપુજીના ગુજરી ગયાના સમાચાર બાપુજીને પહોંચ્યા ત્યારે, કે ત્યાર પછી એમણે એક પણ આંસુ પોતાની આંખમાંથી ખરવા દીધું નહોતું. ખૂબ જ કઠણ મન કરીને એમણે એ આઘાત સહી લીધો હતો.

એ સાંભળીને મને થયું કે બાપુજી કેટલા બધા બળવાન છે. હજુ છઆઠ મહિના પર જ કરસનદાસ બાપુના ગુજરી ગયાના ખબર પહોંચેલા ત્યારે બાપુજીથી રોવાઈ જવાયેલું. ને પછી, પોતાની એ નબળાઈ ઉપર પોતે જ એ સાંજની પ્રાર્થનામાં ઉપદેશ આપેલો કે, 'આમ કોઈના મરણ પાછળ રોવું એ નબળાઈ છે. આપણે એ નબળાઈ છોડી દેવી જોઈએ.' અને આટલા થોડા સમયમાં તો એમણે પોતાની એ શિખામણને અમલમાંયે મૂકી દીધી હતી!

## ૭
## લડવાનો નિરધાર

મરણ સાથે ઝૂઝવામાં પૂ. બા કેવી રીતે ફાવ્યાં અને એમની માંદગી દરમિયાન બાપુજીએ ઊભે પગે રહી કેવી સેવા કરી એ વિશે લખતાં બાપુજીના કેપટાઉન જવા સુધીની વાત ગયા પ્રકરણમાં આપવી પડી. પણ વચ્ચે ઘણી વાતો રહી ગઈ. તે પર પાછા આવીએ.

હજુ લગી જેલમાંથી કેવળ બાપુજી, મિ. પોલાક, મિ. કૅલનબૅક એ ત્રણ નેતાઓને જ સરકારે મુદત પહેલાં છોડ્યાં હતા. અને સત્યાગ્રહનું મંગળાચરણ કરનાર ફિનિકસવાસીઓ મુદત પૂરી થયે છૂટેલા તે જુદા. ટ્રાન્સવાલ અને નાતાલના અસંખ્ય સત્યાગ્રહીઓ હજુ જેલમાં જ ગોંધાયેલા હતા. જે બહાર હતા તેઓ વચ્ચે સ્મટ્સ સાહેબે નીમેલા મનમાન્યા કમિશનને સ્વીકારવા ન સ્વીકરવા બાબત ગરમાગરમ ચર્ચા ચાલુ હતી. બાપુજીએ અને મિ. પોલાકે સ્મટ્સ સાહેબને જે વિનવણી કરેલી કે 'અમારા બતાવેલા ઓછામાં ઓછા એક સજ્જનને કમિશનમાં સામેલ કરો, ને જો તમને કોઈ હિંદુસ્તાની ન પરવડતો હોય તો તમારી જ પાર્લમેન્ટના મેમ્બર મિ. શ્રાઈનરને કમિશનમાં વધારો. એમના પ્રત્યે હિંદીઓનો વિશ્વાસ પેદા કરી શકીશું.' એ વિનંતીને પોતાની ટેવ પ્રમાણે સ્મટ્સ સાહેબ મુદ્દલ મચક આપવા તૈયાર ન હતા અને એમણે કમિશનમાં એક પણ સભ્ય વધારવાની કે ફેરવવાની ઘસીને ના પાડી દીધી હતી. એ ઉપરથી સત્યાગ્રહીઓએ સમજી લીધું હતું કે હજુ દક્ષિણ આફ્રિકાની સરકાર તેમ જ ગોરાઓ પલળ્યા નથી. એમને પલળવાને વાર છે. કેમ કે બાપુજીની એ સાવ નજીવી માગણી પણ કબૂલ ન રખાય એ હિંદી કોમનું ઓછું અપમાન ન ગણાય. ગોરાઓના મનમાં કાળાઓ પ્રત્યે ઘર કરી ગયેલી સૂગ, તોછડાઈ અને તુમાખીનું માપ તો એ ઉપરથી મળી રહે છે કે એમના પ્રતિનિધિ તરીકે પોતાની જ જાતના અને બહુ ઊંચા ખાનદાન ઘરના ધારાસભાના સભ્યને પણ એ કોઠું આપવા માગતા નથી. એટલે જ્યાં સુધી એમનામાં પોતાના ગોરાપણાની

તુમાખી ભરી છે ત્યાં સુધી એમને જોરદાર લડત આપ્યે જ જવી જોઈએ. અમે નાના નાના છોકરાઓ તો, સ્મટ્સ ને બાપુજી વચ્ચે ચાલતી વાતો અને તે ઉપરથી ચર્ચાઓનો સાર અમારી બોલીમાં ટૂંકમાં જ એકબીજાને કહી સંભળાવતા કે, આ તો મિયાં પડ્યા તોપણ ટાંગ ઊંચી વાળો કિસ્સો છે; પણ હજુ સ્મટ્સ સાહેબે સત્યાગ્રહનો પૂરો રંગ નથી જોયો. એ જોશે ત્યારે સાહેબને ખબર પડશે. અને શરતનો ઘોડો લગામ ઢીલી મુકાવાની રાહ જોઈ રહે તેમ અમારા ફિનિક્સના વીર યોદ્ધાઓ કૂચના મુહૂર્ત માટે અધીરા બની ગયા હતા.

જોકે, આ પ્રમાણે જેલ જઈ આવેલા તો ફરીને, 'યાહોમ' કરવાને તૈયાર હતા, પણ બીજા જેઓ સત્યાગ્રહથી વેગળા હતા તેઓ બસૂરો રાગ આલાપતા હતા. તેમનું કહેવું એવું હતું કે જ્યારે મામલો પતાવવાને સરકાર પોતે તૈયાર થઈ છે ત્યારે વળી નકામું ધમસાણ શાને વધારવું? આ તક ખોઈશું તો વળી સમાધાનીની તક વરસો સુધી ઠેલાશે. આપણે તો જુબાની આપવાની છે ને એમાં ફલાણા સાહેબ સમક્ષ આપશું ને ફલાણા સાહેબ સમક્ષ નહીં આપીએ એવું વેદિયાપણું કરવામાં શો સાર?

એક તરફ સરકાર કહેતી હતી કે હિંદીઓએ નકામું તૂત વધારી મૂક્યું છે. નિર્દોષો પર અત્યાચાર જેવું અમારા અમલદારોને હાથે કશું નથી થયું. કાયદો જાળવવા અને દેશના રોજગારપાણી કાયમ રાખવા માટે અનિવાર્ય પગલાં તો દરેક સરકારને લેવાં જ પડે. બીજી તરફ અમે જેમણે પોતાના જ ભાઈઓને ચાબખે ચાબખે સોરાતા અને ગોળીએ વીંધાતા જોયેલા, રાતદિવસ વિધવાઓનું કલ્પાંત સાંભળેલું તથા જાતે જેલમાં રિબામણી ભોગવેલી તેઓ સરકારના આ ઢોંગી જવાબો ઉપર છેડાઈ પડતા હતા અને એ જ કારણે સરકારી માણસોના કમિશનની સાચી દાનત વિશે શ્રદ્ધા બેસતી ન હતી. મને એવી ચર્ચાઓનો આછો આભાસ રહી ગયો છે કે 'કમિશનમાં બાપુજી શા માટે નહીં? પોલાક સાહેબ કેમ નહીં? એ તો બાપુજી મોટા મનના રહ્યા એટલે પોતાના કોઈ માણસને માટે આગ્રહ નથી કરતા ને સ્મટ્સ સાહેબની સભાના શ્રાઈનર સાહેબથી જ સંતોષ રાખવા તૈયાર છે.' પણ બાપુજી મક્કમ હતા. સોલોમન કમિશન (એ કમિશનના નેતા સોલોમન સાહેબ હતા) સમક્ષ જુબાની આપવાને જેના મોઢામાં પાણી છૂટતું હતું એવા હિંદીઓને કનડગત ન કરવાનું એમણે અભયવચન આપ્યું. પણ સાથે સાથે એ પણ જાહેર કર્યું કે જે કોઈ કમિશનને જુબાની આપશે એ હિંદી કોમને લજવનારો દેશદ્રોહી લેખાશે. સત્યાગ્રહી એવી રીતે કોમનું નાક કપાવા દેવા કરતાં મરવું વધુ પસંદ કરશે અને ડરબનથી શરૂ થનારી વિરાટ કૂચમાં સાથ દેવાને તૈયાર રહેશે.' બાપુજીની આ જાહેરાતે જેલ

જનારાઓને ખૂબ પાનો ચડાવ્યો. કેવડી પ્રચંડ કૂચ હશે, કેવા કેવા સાથીઓ એકઠા થશે ને આખી દુનિયામાં કેવી નામના થશે એના તરંગોમાં સૌ ડોલવા લાગ્યા.

એવામાં એક ખબર એ પ્રસરી ગઈ કે હિંદુસ્તાનથી ગોખલે મહારાજનું કહેણ છે કે કમિશનનું કામ પૂરું થતાં સુધી કૂચ માંડી વાળવી અને કમિશનના કામને પૂરી મદદ કરવી. આ કામમાં મદદ કરવાને માટે હિંદના વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજે મધ્ય પ્રાંતના ગવર્નર બેન્જામિન સાહેબને પોતાના પ્રતિનિધિ બનાવી મોકલ્યા છે, અને એ બેન્જામિન સાહેબ મોટા હોદ્દેદાર છે એટલે સામાન્ય ઉતારુઓની સ્ટીમર નહીં પણ એક ખાસ સ્ટીમર મુંબઈથી એમને લઈને રવાના થઈ છે. એટલું જ નહીં પણ આપણી સત્યાગ્રહની લડાઈને એવડું મોટું સન્માન મળ્યું છે કે મોટી મોટી સશસ્ત્ર લડાઈના દૂતને લઈને જેમ મનવારો જાય છે તેમ આપણી સત્યાગ્રહની લડાઈના સમાધાન માટે પણ હિંદી સરકારના દૂત બેન્જામિન સાહેબ પણ ખાસ મનવારમાં આવે છે, ચાલ એટલી ઝડપી છે કે આઠદસ દિવસમાં એ મનવાર મુંબઈથી ડરબન આવી પહોંચશે.

બેન્જામિનની મનવારની એ વાત સાંભળીને મને થયું કે હું મધદરિયે કોઈક સ્ટીમરમાં હોત ને એ મનવારને પ્રચંડ વેગે પાણી કાપતી જોવાનું મળત તો કેવી મજા પડત! અમારી ઝડપી સ્ટીમરને પણ જ્યારે હિંદી મહાસાગર ઓળંગતાં ત્રણ અઠવાડિયાં વીતી જાય છે ત્યારે આ મનવાર આઠ જ દિવસમાં હિંદી મહાસાગર ઓળંગી જશે એ કેવું?

બેન્જામિન સાહેબના આવવાની વાત સાથે એમ પણ સાંભળવામાં આવ્યું કે ગોખલે મહારાજે બાપુજીને હઠ છોડી દેવાને અને હિંદી કોમને તેઓ જુબાની આપવાની સલાહ આપે એ સમજાવવાને ઉપરાઉપરી તારો કર્યા છે. અને એટલે સુધી ચેતવ્યા છે કે જો બાપુજી માનશે નહીં ને સ્મટ્સના કમિશનની પરવા કર્યા વિના ડરબનવાળી મહાન કૂચ આરંભી જ દેશે તો પછી હિંદી સરકાર કશી મદદ નહીં આપી શકે. એટલું જ નહીં, પણ એમ થાય તો હિંદુસ્તાનથી મળતા પૈસા બંધ થઈ જવાનો પણ સંભવ છે.

ગોખલે મહારાજની એવી આકરી ચેતવણીની વાત જાણીને જેલ જનારા સત્યાગ્રહીઓ જરાક વાર વિમાસણમાં પડ્યા. ગોખલે મહારાજની નારાજગી વહોરી લેવી કોઈને ગમતી ન હતી. પણ એ સાથે જ કૂચ કરવાના સંકલ્પમાં વધુ જોર પણ આવ્યું. જુવાનિયાના મનમાં ઉત્સાહ વધ્યો કે હિંદુસ્તાનથી પૈસા આવે અને કૂચ કરનારાઓને પેટિયું મળતું રહે એમાં કંઈ ઝાઝી બહાદુરી ન કહેવાય. ખાવાપીવાનું ન મળે, ભૂખનું દુઃખ વેઠવું પડે, છતાં હજારો માણસો કૂચ કરતાં

ટ્રાન્સવાલ પહોંચે, એમાં જ આપણી ખરી જીત છે. ગોખલે મહારાજને દૂર બેઠે અહીંના ગોરાઓના ઘમંડની પૂરી જાણ ન થઈ શકે. આપણે તો સ્મટ્સ સાહેબનું ગુમાન ઉતારવું જ જોઈએ. આપણી કૂચ ફળશે એટલે ગોખલે મહારાજ જરૂર ખુશ થશે.

જેમ જેમ જાન્યુઆરી માસ પાસે આવતો જતો હતો તેમ તેમ લાંબી વિદાયની તૈયારીઓ વધતી જતી હતી. રેવાશંકર આદિ અમારા ગોઠિયાઓ ભવિષ્ય ભાખતા હતા કે આ ફેરે છ મહિનાથી ઓછી કેદ નહીં મળે. ત્રણ મહિનાની કેદ પૂરી થયે આટલા દિવસ ફિનિક્સ રહેવાનું મળશે એવી અમને આશા ન હતી, પણ હવે તો ખચીત વરસ છ મહિના પહેલાં ફિનિક્સના દર્શન નથી થવાના. બીજા મુરબ્બીઓ પણ રોજ સવારસાંજ અમને ડાહ્યા રહેવાની ને વરસેક જેટલા લાંબા ગાળા સુધી પોતાના વિના ચલાવી લેવાની શિખામણ આપતા હતા. આમ બધાનાં મન લડતમાં પરોવાયાં હતાં. પણ ભગવાનની યોજના બીજી જ હતી.

બાપુજી છૂટીને આવ્યા તે પહેલાં શરૂ થયેલી દક્ષિણ આફ્રિકાની રેલવેની હડતાલનું જોર બહુ જ વધી ગયું હતું અને વધતું જતું હતું. ફિનિકસમાં વાવડ આવ્યા કે રેલહડતાળના આગેવાનોએ બાપુજીને કહેણ મોકલ્યું છે કે ‘તમે મોડું ન કરો. તમારી વિરાટ કૂચ તુરત શરૂ કરી દો. તમે લોકો અમને સાથ આપશો એટલે દક્ષિણ આફ્રિકાની સરકારને આપણે મળીને ઝટ અકળાવી શકીશું અને હિંદીઓને તેમ જ અમારી માગણી સરકારને સ્વીકાર્યે જ છૂટકો થશે.’ પરંતુ બાપુજીને એમ લૂલાની પેઠે આંધળાને ખભે બેસીને વાટ કાપવામાં રસ ન હતો. તેઓ તો પોતાના શુદ્ધ સત્યાગ્રહને જોરે જ ગોરાઓના દિલમાંથી કાળાઓ પ્રત્યેની સૂગ ધોઈ કાઢવા માગતા હતા. એટલે એમણે રેલ-હડતાળવાળાઓને સાથ દેવાની ચોખ્ખી ના પાડી દીધી. અને એમને સાફ કહી દીધું કે ‘તમારો મારગ જુદો, અમારો જુદો. અમારે તમારા જેવા ધીંગાણાં નથી કરવાં. હિંદી કોમ આપબળે ઝૂઝશે. સરકાર સાથે મરદાનગીની લડાઈ લડશે. તોફાનીઓનો સાથ પુરાવવો ને સરકારની ખોટી પજવણી કરવી સત્યાગ્રહીને ન છાજે. રેલ-હડતાળનો ઊભરો ન શમે ત્યાં સુધી હિંદીઓ પોતાની ધારેલી કૂચ થોભાવી રાખશે.’

અમે ફિનિક્સનાં બાળકો આ સાંભળી હતાશ થઈ ગયાં. ડરબનની વિજયકૂચ બાપુજીએ દસપંદર દિવસ ઠેલી દીધી એથી અમારો લડવાનો ઉત્સાહ ઘવાયો, એટલું જ નહીં, પણ સ્મટ્સ સાહેબને પાંસરા કરવાની આવી તક જતી કરવા સારુ અમે નાના બાળકો પણ બાપુજીને વખોડવા મંડી પડ્યા. રેલ-

હડતાળની સાથોસાથ સત્યાગ્રહનું જોર વધારવામાં અમને સૌને ચોખ્ખો ફાયદો જ દેખાતો હતો. સ્મટ્સ સરકારની ખો ભુલાવવાને આથી વધુ સુંદર તક બીજી કઈ હોઈ શકે એ અમને સમજાતું ન હતું. બાપુજી જલદી આ પાર કે પેલે પાર કર્યા વિના લંબાવ્યે રાખે, જેલયાત્રીઓને અકળાવ્યા કરે, રોજ જેલ જવાની વાત માથે લટકાવ્યા કરે છતાં જ્યારે ખરેખરો મામલો જામે ત્યારે ઢીલા થઈ બેસી જવાનું કહે, એ જાતનું એમનું આ પગલું અમારામાંના મોટા છોકરાઓને ગળે પણ ઊતરતું ન હતું. કોઈનો રોજિંદા કામમાં જીવ ખૂંચતો ન હતો. પણ બાપુજીથી વધુ ડાહ્યું કોઈ નથી એમ વિચારી અધીરા લડવૈયાઓ મન વાળતા હતા.

જેલ જવાનું લંબાયું એટલે સહેલાણીનો અમારો શોખ વધ્યો. કેટલીક વાર ડરબન ને કેટલીક વાર બીજી જગ્યાએ અમે ફરવા નીકળી પડતા. એક વાર રામદાસકાકાને બહુ ગવાયેલા કમિશનના ત્રણે સાહેબો તથા એમની કામ કરવાની રીત જોવાનું મન થયું. એમને કહેવામાં આવ્યું કે ત્યાં જવું આપણને શોભે નહીં. છતાં છેવટે એમને એ જોવા જવાની છૂટ મળી. પછી હું ઝાલ્યો રહું એવો ક્યાં હતો? નવાં નવાં મોઢાં જોવાં ને એમના તમાશા નિહાળવાનો મારો શોખ રામદાસકાકા કરતાં અનેકગણો વધારે હતો. એટલે હું પણ તેમની સાથે ગયો. મને એટલું યાદ છે કે એ વેળા અમારી સાથે મેઢ ભાઈ હતા. એ વખતે ધુરંધર સત્યાગ્રહીઓમાં ગણાતા શ્રી પ્રાગજીભાઈ દેસાઈના જોડીદાર શ્રી સુરેન્દ્રનાથ મેઢ હતા. અમે એમને મેઢ સાહેબ કહેતા. તેઓ તાજા જ ડરબનની જેલમાંથી મુદત પૂરી થતાં છૂટીને આવેલા. એમની સાથે જઈને અમે કમિશનનું કામ ચાલતું હતું એ જોયું. એ ઠઠારો મોટો હતો એનો બહુ જ ઝાંખો ખ્યાલ મને મનમાં રહી ગયો છે. ડરબનમાં કે અવોકામાં કે માઉંટેજકંબમાં, ક્યાં એ કમિશનને અમે જોયું હતું એ પણ સ્પષ્ટ યાદ નથી આવતું.

કમિશનનો ઓરડો આંજી નાખે એવો ઊજળો હતો. બહાર રસ્તા પર જ્યાં અમે ઊભા હતા ત્યાંથી ત્રણે સાહેબો ખુરશી પર બેઠેલા દેખાતા હતા. એ ઓરડાને ઉંબરે ચડવાની અમારામાંથી કોઈએ હિંમત ન કરી. એમ કરવા જતાં દેશદ્રોહીની કાળી ટીલી કપાળે ચોડાવાનો ડર હતો. રામદાસકાકાની ફજેતીનો વધુ ડર હતો. તેઓ એક પગલું પણ એ ઓરડામાં મૂકે તો 'ગાંધીના દીકરાએ જુબાની' આપ્યાનું આળ બધે ફેલાઈ ગયા વિના ન રહે. શ્રી મેઢે આ બધી વાત સમજાવી ને અમ બાળકોને દૂરથી જ બેપાંચ મિનિટમાં જોઈ લઈ ચાલતા થવાનું સૂચવ્યું. ગરીબ, ફાટ્યાં કપડાંમાં ઢંકાયેલા ગિરમીટિયાઓ પણ એ વિશાળ ઓરડાના ફાટકથી છેટે ઊભા ઊભા એ બધો તમાશો જોઈ રહ્યા હતા. એ ટોળાની પાછળ ઊભા રહી, કમિશનના સાહેબોમાંથી કોઈની નજર ન પડે એવી

રીતે રામદાસકાકાએ ને અમે એ લોકોને જોયા ને પાંચછ મિનિટમાં પાછા ફર્યા.

એ લોકોની ભારેખમ મુખમુદ્રા અને કડકાઈભરી આંખો જોઈ, ‘તેઓ પણ સિતમગરના સાથી જ છે’ એવી છાપ અમારા ઉપર પડી. અમે એ પણ સાંભળ્યું કે કોઈક એકલદોકલ હિંદી એમની પાસે જઈ ચડે છે; બાકી એ લોકો બેઠાં બેઠાં બગાસાં જ ખાય છે! એ જાણી અમને આનંદ થયો.

કમિશનની ચોવટ ચારછ મહિના સુધી પૂરી થવાની આશા કોઈને ન હતી. એ ભલે પોતાનું માથું ફોડતું રહે, આપણે તો સત્યાગ્રહમાં જ ઝંપલાવીએ એ જ ચર્ચા ફિનિક્સ મંડળમાં વધતી જતી હતી. બાપુજીએ ડરબનની કૂચ શરૂ કરવાની પહેલી જાન્યુઆરીની તારીખ મુલતવી રાખીને જે નવી તારીખ (ઘણે ભાગે ૨૫ જાન્યુઆરીની) ઠરાવેલી એ ફરી બીજી વાર ઠેલવી ન પડે તો બસ એટલું અમે ઈચ્છતા હતા. પણ એ તારીખ આવતાં આવતાં તો ઘણા રંગ બદલાયા.

## ૮
## બે દેવદૂત

દમનનું જોર ટોચે પહોંચ્યું હતું. જેલમાં સત્યાગ્રહીઓ રિબાઈ રહ્યા હતા અને બહાર હડતાળિયાઓ સુધ્ધાં ગોળીએ વીંધાઈ રહ્યા હતા. હિંદીઓ સાથે સહાનુભૂતિ રાખવાને વાંકે પોલાક, કૅલનબૅક ને વેસ્ટ સમા યુરોપિયનોની ધરપકડ કરતાં પણ દક્ષિણ આફ્રિકાની સરકાર અચકાતી ન હતી. એવી કપરી ઘડીએ, અનાથ કચરાતા લોકોની મદદ માટે, હિંદુસ્તાનથી ગોખલે મહારાજે બે સહૃદય અંગ્રેજોને મોકલ્યા.

એક રેવરન્ડ સી. એફ. ઍન્ડ્રૂઝ અને બીજા મિ. ડબલ્યુ. ડબલ્યુ. પિયર્સન. તેમની સ્ટીમરને મુંબઈથી ડરબન પહોંચતાં લગભગ મહિનો લાગ્યો. પણ તે દરમિયાન અમે એ બંને નામો રટી લીધા હતાં અને કલ્પનાઓ કરતા હતા કે ગોખલે મહારાજે ફિનિક્સ આશ્રમની અને લડતની સંભાળ રાખવાને જે બહુ ભલા અને ઘણા જ મોટા વિદ્વાનને મોકલ્યા છે એ કેવા હશે.

બાપુજી અને પહેલી ટુકડી છૂટીને આવ્યા બાદ થોડા જ દિવસમાં તેઓ બંને આવી પહોંચ્યા. આખું ફિનિક્સ તેમના સ્વાગતને માટે સ્ટેશને ગયું.

રેલમાંથી ઊતરતાંની સાથે બંને સાહેબોને આપણી જેમ બંને હાથ જોડીને સૌને પ્રણામ કરતા જોઈને તથા અમ નાના વિદ્યાર્થીઓને માથે એમનો પોતાનો હાથ મૂકતા જોઈને, કોઈ અજાણ્યા મહેમાન આવ્યા છે એવો ખ્યાલ સરખો પણ અમને ન રહ્યો. એ મોટા છે, અંગ્રેજ છે, ગોરા છે, એ પણ અમે ભૂલી ગયા. એમની પાસે ભરાઈને ન બેસવું, ચાલતાં ચાલતાં એમની જોડે અથડાઈ ન પડવું,

અને એમને બાઝવું તો નહીં જ વગેરે જે અદબ જાળવવી જોઈએ એ અદબ પણ અમે જાળવી ન શક્યા.

તેઓ સાંજને સમયે આવ્યા અને પરવારી કરીને તૈયાર થયા, તથા પ્રાર્થનાનો સમય થતાં સૌ ફિનિક્સવાસીઓ એકઠા થયા એટલે મોટા મેજના કેન્દ્રમાં બેસી ઍન્ડ્રૂઝ સાહેબે અમને સૌને શાંતિવચન સંભળાવ્યાં.

'હું ગુરુદેવ પાસેથી આવું છું. એમના શાંતિનિકેતનની વાતો હું કહેવા બેસું તો ખૂટે નહીં. પણ અત્યારે તો હું ગુરુદેવનો સંદેશો જ તમને સંભળાવીશ.' એમ કહી તેઓ ઊભા થયા, હાથ જોડ્યા અને આંખ અર્ધોન્મીલિત કરી ધીમે સ્વરે ઉદ્‌ઘોષ કર્યો:

सत्यं ज्ञानं अनन्तं ब्रह्मानंद रूपम्
अमृतं यद्बिभामि शांतं शिवं अद्वैतम्।

અને પછી એક આચાર્યની માફક અમને એ મંત્રની દીક્ષા આપી એનો અર્થ સમજાવ્યો.

એક ગોરો - અંગ્રેજ પાદરી પોતાના વિચિત્ર ઉચ્ચારો વડે સંસ્કૃત શ્લોક સંભળાવે એ અમારે માટે અકલ્પ્ય વસ્તુ હતી. એમને શ્લોક બોલતાં હોઠને તાણી તાણીને તથા દાબી દાબીને બોલવું પડતું હતું એ જોઈ અમને હસવું આવતું હતું પણ એમની ગંભીર ધ્યાનસ્થ મુખમુદ્રા અને એમની શાંત વાણી અમારા અંતરમાં અનેરું જોમ પૂરી રહી હતી.

ઍન્ડ્રૂઝ સાહેબ ફિનિક્સમાં બેચાર દિવસ મુશ્કેલીથી રોકાઈ શક્યા હતા. તેમને બાપુજી સાથે તુરત જ જનરલ સ્મટ્સ પાસે પ્રિટોરિયા જવાનું થયું, અને ત્યાર પછી સત્યાગ્રહની વાત બંધ કરવા અને હિંદીઓને ન્યાય અપાવવાને સારુ તેમને દક્ષિણ આફ્રિકાનાં મોટાં મોટાં શહેરોમાં ઘૂમવું પડ્યું.

એ બે કે ચાર દિવસમાં પણ ઍન્ડ્રૂઝ સાહેબે અમારા ઉપર એવી જાદુઈ અસર કરી જે જિંદગીભર ન ભુલાય. ગુરુદેવનો દીક્ષામંત્ર અમને સંભળાવ્યા પછી તેમણે સત્યાગ્રહના મર્મનો મહિમા અમને સંભળાવવા માંડ્યો. બીજી કે ત્રીજી પ્રાર્થના વખતે ખ્રિસ્તી ધર્મ ફેલાવનારા પાદરીઓ કુરબાની કરીને કેટલા અમર થઈ ગયા તેની કથા સંભળાવતાં તેમણે કહ્યું: 'જૂના વખતમાં મારા જેવા પાદરીનું કામ કરનારાઓએ ખૂબ દુઃખો વેઠ્યાં છે. પોતાનો ધર્મ ફેલાવવા તેમણે રિબાઈ રિબાઈને જાન આપ્યા છે. યુરોપની અંદર એ જમાનામાં, રાજા જે મત માનતો હોય એથી જુદો પોતાનો ધર્મ વિશેનો અભિપ્રાય બતાવનારાઓને અને તેને હઠપૂર્વક વળગી રહેનારાઓને યંત્રોની અંદર નાખી એક તરફથી તેમના બંને હાથ ખેંચવામાં આવતા ને બીજી તરફથી બંને પગ ખેંચવામાં આવતા અને ધીમે

ધીમે એ યંત્ર કસવામાં આવતું એટલે બિચારા માણસના હાથપગ ખેંચાતા જતા. તેઓને બહુ વેદના થતી અને ઉપરથી એને કહેવામાં આવતું કે, રાજાનો મત માની જા. બીજા મતની વાત છોડી દે. પણ સત્યને માટે મરવા તૈયાર થયો એ કંઈ જૂઠી વાત સ્વીકારે? એ યંત્રમાં એમનું હાડકેહાડકું તૂટતું તોપણ તેઓ એમાંથી ઊગરી જવા જરાયે ચીસ ન નાખતા. અને ક્રૉસે ચડેલા પોતાના ઈષ્ટદેવ જિસસનું સ્મરણ કરતાં કરતાં પ્રાણ છોડતા ને ઈશ્વર પાસે ન્યાય મેળવવા ચાલ્યા જતા. એ યંત્રો અનેક જાતનાં બનતાં. કોઈમાં હાથપગ ખેંચાતાં. કોઈમાં વળી બે પગને ધીમે ધીમે પહોળા કરતાં કરતાં એ ફાટી જાય ત્યાં સુધી પહોળા કરવામાં આવતા ને કેટલાંક યંત્રોથી છાતીને ભીંસી નાખવામાં આવતી. કેટલાંક યંત્રોમાં ઊભા રાખી, બે બાજુથી રૂની ગાંસડી દબાવે એમ પગ અને માથા આગળથી દબાવી દેવામાં આવતા. એમ અનેક રીતે યુરોપના ધર્માંધ લોકોએ ધર્મોપદેશકોને પીડ્યા છે. ઘાસની ગંજીમાં ખડકી દઈ એમને જીવતા બાળી પણ મૂક્યા છે. એવા એક બહાદુર ધર્મોપદેશકની વાત હું તમને કહું છું. એ આફ્રિકાના એક રાજ્યમાં ધર્મોપદેશાર્થે આવેલો. એ તમારા જેવડો ૧૮ વર્ષનો છોકરો જ હતો. આફ્રિકાના જંગલી લોકોએ એને કેદમાં પૂર્યો. ત્યાં એને ખૂબ રિબાવ્યો ને ડાયરી લખવાનેયે કશું ન આપ્યું. એક દિવસ પણ ડાયરી લખ્યા વિના ન રહેવું એવો એનો નિયમ હતો. એને કાગળ તો મળ્યા, પણ પછી શાહીને માટે એણે પોતાનો અંગૂઠો ચીર્યો. એમાંથી લોહી લઈ સળી વતી લખવાનું કામ જારી રાખ્યું. પૂરા એક મહિના સુધી એવી રીતે એણે પોતાની ડાયરી લખી. ત્યાર પછી એને થાંભલે બાંધી, એના ઉપર સૂકું ઘાસ ખડકી, એને જીવતો બાળી નાખવામાં આવ્યો. તેણે હસતાં હસતાં પોતાનું બલિદાન આપ્યું.'

ઍન્ડ્રૂઝ સાહેબની આ વાતની બીજાઓ ઉપર કેટલી અસર થઈ એ હું ન કહી શકું, પણ મારા મનમાં તો એ સદાકાળ માટે ઊંડે ઊંડે કોતરાઈ ગઈ. જેલ જવામાં શું ધૂળ બહાદુરી છે? ફાંસીએ ચડવામાં પણ એવી કઈ મોટી બહાદુરી છે? ખરી બહાદુરી તો કટકે કટકે મરવા છતાં પોતાનું કામ ન છોડવામાં છે. એ ભાવથી આખું દિલ રંગાઈ ગયું, અને પછી જિંદગીમાં જ્યારે જ્યારે પ્રત્યક્ષ જેલ જવાનો કે મરી છૂટવાનો પ્રસંગ આવતો દેખાયો ત્યારે ત્યારે નજર સામે ઍન્ડ્રૂઝ સાહેબે વર્ણવેલા પેલા વીર પાદરી યુવકનું દશ્ય આંખ સામે ખડું થયા વિના ન રહ્યું. એની સરખામણીમાં હું મને પોતાને હિમાલય પાસે રજકણ સમો તુચ્છ અનુભવતો રહ્યો.

જે છોકરાઓ જેલ જઈ આવ્યા હતા અને ફરી જવાની તૈયારીમાં હતા તેમના ચહેરા પરનો રુઆબ પણ ઍન્ડ્રૂઝ સાહેબની એ વેધક વાર્તાએ ઓગાળી

નાખ્યો. સૌના ચહેરા પર ગંભીરતા તરવરી રહી. જાણે દરેક જણ પોતાની યોગ્યતા અને કિંમત મનમાં આંકવા લાગ્યું.

એ વેળા ઍન્ડ્રૂઝ સાહેબને દાઢી ન હતી. મૂછો પણ સફાચટ રાખતા. એમના ગળામાં ગોળ કૉલર જોઈ મને અચંબો થયો, અને નેકટાઈ વિનાનો એવો કાંઠલો શા સારુ પહેરતા હશે એમ મેં પૂછ્યું ત્યારે મારી યાદ પ્રમાણે મગનકાકાએ મને સમજાવ્યું કે 'એ એમનો પાદરીનો પોશાક છે અને એટલા જ સારુ તેઓ રેવરંડ કહેવાય છે. એમને મિસ્ટર કહેવું અપમાનજનક લેખાય.' ત્યાર બાદ ઍન્ડ્રૂઝ સાહેબને અનેક વાર જોવાનો અવસર મને મળ્યો છે, મહિનાઓ સુધી તેમની સોડમાં બેસી ભણવાનો અને તેમની અંગત સેવાનો સુયોગ મને મળ્યો છે અને એમના દીનબંધુ તરીકે પંકાયા પછી એમની ભવ્ય દાઢી, અનુપમ વાત્સલ્ય ને પ્રોત્સાહક મીઠાશ મેં અનુભવ્યાં છે; પણ જે ઍન્ડ્રૂઝ સાહેબનાં દર્શન ફિનિક્સમાં મળ્યાં હતાં એવાં ફરી મળ્યાનું યાદ નથી. લાંબો સફાચટ ચહેરો, મરકતા હોઠ, ચમકતું કપાળ અને મધુર વાણી વડે તેઓ સાક્ષાત્ દેવ સમા દેખાતા હતા. એમની એ દૈવી મૂર્તિ અને ઊછળતું માધુર્ય દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનું સમાધાન કરવામાં એક પ્રધાન બળ સિદ્ધ થયું.

જનરલ સ્મટ્સને ઍન્ડ્રૂઝ સાહેબે કેવી રીતે પિગળાવ્યા, દક્ષિણ આફ્રિકાના ગોરાઓને પોતાની વિદ્વત્તા વડે કેવા મુગ્ધ કર્યા અને હિંદુસ્તાનીઓ કંઈ કૂલી કે કીડામકોડા નથી, એ પણ માણસ જેવા માણસ છે, આર્ય છે, ઘણી ઊંચી જાતના સંસ્કારવાળા છે એ બધું દક્ષિણ આફ્રિકાની ગોરી પ્રજાને કેવી રીતે ગળે ઉતાર્યું તેનો ઈતિહાસ રસભર્યો છે. બાપુજીની 'આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ', ઍન્ડ્રૂઝ સાહેબનાં પોતાનાં લખાણ અને 'ગાંધીજીની સાધના' વગેરેમાં એ વાતો લખાઈ ગઈ છે. એટલે અહીં એ બેવડાવવાની જરૂર નથી.

જો મિ. પિયર્સનને ભગવાને લાંબું આયુષ્ય આપ્યું હોત તો જેમ ઍન્ડ્રૂઝ સાહેબ દીનબંધુ તરીકે ભારતવાસીઓની જીભને ટેરવે રમી રહ્યા તેમ પિયર્સન સાહેબ પણ જરૂર 'દેવદૂત' તરીકે પ્રખ્યાત થઈ જાત. પણ દુર્ભાગ્યે એ ઍન્ડ્રૂઝ સાહેબ કરતાં વીસેક વર્ષ ઓછું જીવ્યા. ઍન્ડ્રૂઝ સાહેબે અમને જીવનમંત્ર આપ્યા, ત્યારે પિયર્સન સાહેબે અમને મુગ્ધ કરી મૂક્યા. અમારા સંબંધમાં એ પહેલાં જેટલા ગોરાઓ આવતા તેઓ 'મોટા માણસ' ગણાતા. તેઓ પોતાની મોટાઈ ચૂઈ ન જવા દેવાની પૂરતી ચીવટ રાખતા જણાઈ આવતા. મિ. કૅલનબૅક, મિ. પોલાક, મિ. આઈઝેક વગેરે સજ્જનો અમને છોકરાઓને ઠીક ઠીક રમાડતા; પણ જ્યારે તેઓ પોતાના કામમાં ગૂંથાયા હોય ત્યારે એમની આડે ઊતરવાની અમારી હિંમત ન ચાલતી. છોકરાંઓ સાથે રમવું, રમતમાં ને રમતમાં

તેમને માહિતી આપવી, એ ગોરાઓનો સામાન્ય સ્વભાવ છે, છતાં તેઓ પોતાની મોટપ ક્ષણભર પણ વિસારી નથી શકતા.

મિ. પિયર્સનનું વ્યક્તિત્વ અદ્ભુત હતું. પરોઢથી રાત પડતાં સુધી પોતાની આસપાસનાં બાળકોના ઘેરા વચ્ચે જ તેઓ વસતા. બાળકોથીયે વધુ બાળક ને નિર્દોષ વર્તાવ તેમનો સદા રહેતો. તેઓ ફિનિક્સમાં આઠદસ દિવસ જેટલું રહ્યા હશે, પણ એટલો વખત અમને એક દિવસ જેટલો ટૂંકો લાગ્યો. વિનોદપ્રિય અને ટીખળ કરી હસાવતા રહેનાર મિ. આઈઝેક કરતાં પિયર્સન સાહેબનો ગમતીલો સ્વભાવ ઊણો ન હતો, પણ મિ. પિયર્સનની એકેએક ગમ્મત, એકેએક વિનોદ, એકેએક સ્મિતમાં મુદ્દલ છીછરાપણું ન દેખાતું. એમની પાસેથી ટીખળ અને ચાળાનો સ્વાદ નહીં પણ જ્ઞાનનો ઊંડો આનંદ મળતો.

તેઓ અમને બગીચામાં લઈ જતા અને કેળની રચના, બીજાં પાંદડાં ને કેળનાં પાંદડાંનો ભેદ, ફૂલોની ખાસિયત વગેરે પર એવા પ્રશ્નો પૂછતા જેના પર અમારે પોતાના મગજને કસવું પડતું. તેઓ વનસ્પતિના બહુ જ શોખીન હતા, એટલે જાત જાતનાં ફૂલો તથા વનસ્પતિના અને ઘાસકાંટાના નમૂના ભેગા કરવાને અમને રખડાવતા ને પોતે પણ રખડતા. એ વસ્તુઓની અંદરની એમણે જે કંઈ ખૂબીઓ અમને શીખવી હોય કે નામ આકૃતિ વગેરેની ઓળખ આપી હોય તે સંબંધી વળતે દિવસે તેઓ અમને પ્રશ્ન કરતા. અને જો અમે ભૂલી જતા તો તે બે દહાડાના મહેમાન હોવા છતાં તેઓ અમને મીઠો ઠપકોયે આપતા. પણ મોટે ભાગે તેઓ હાસ્ય વેરતા વેરતા એવી રીતે વર્તતા કે જાણે અમારી સામે લળી પડતા હોય! અમને સત્યાગ્રહના વીર યોદ્ધાઓ સમા ગણી તેઓ પોતાને અમારાથી ઊતરતા લેખવતા હોય એટલી નમ્રતા એમનામાં ભરી હતી. અને અમ બાળકોને તથા કુમારોને પણ સવારથી સાંજ સુધી એમના વિના ગોઠતું ન હતું.

એક વાર તેમની સાથે ઈનાન્ડા ધોધની ઉજાણીએ અમે ગયા. એ પહેલાં સેંકડો વાર અમે ગયા હોઈશું, પણ એમની સાથે ઘણી નવી મજાઓ જોયાનું મને યાદ છે. અમે તો પાણીમાં નહાતા ને ધોધ પડતો જોતા, પણ એમણે ત્યાંની વૃક્ષરાજી, નવનવે સ્થાનેથી અવનવું દેખાતું ધોધનું દૃશ્ય, પથ્થરો ને ગુફાઓની મજા, ઝીણાં ઝીણાં પાંદડાંવાળાં ને લીલી લીલી ઝુમ્મર જેવી ડાળીઓવાળાં હસી રહેલાં જાત જાતનાં ‘ફર્ન’ વગેરે તરફ અમારું ધ્યાન ખેંચ્યું. અને એ નદી, એ ધોધ, એ ગુફા તેમ જ એ વનરાજી પ્રત્યે અમારા હૃદયમાં અતિશય કૌતુક પેદા કરી દીધું.

બીજા વિદ્યાર્થીઓ કરતાં પિયર્સન સાહેબ પ્રત્યે હું વધુ ખેંચાયો એનું એક બીજું કારણ પણ હતું. મોટા વિદ્યાર્થીઓ જેટલું મને અંગ્રેજી ન આવડતું, અને

તેમના જેવાં મોટાં મોટાં કામ કરી હું લેખામાં આવવાલાયક બન્યો પણ ન હતો. સાધારણ રીતે હું બધે પોતાને વિસારાયેલો અનુભવતો. બાપુજી હોય તો તેઓ તો બધા વચ્ચે મારોય ભાવ પૂછતા અને મારો ઉત્સાહ વધારતા. પણ બીજા શિક્ષકો કે મોટેરાઓ પાસે મારી કશી પ્રતિષ્ઠા ન થતી. મોટે ભાગે હું નિરાશાભર્યો, સૌથી વેગળો રહી ચૂપચાપ બધું જોયા કરતો.

મિ. પિયર્સને મારી એ નિરાશા જિંદગીમાં પહેલી વાર ખંખેરી નાખી એમ કહું તો ચાલે. દેવદાસકાકાનું અને જેલમાં જઈ આવેલાઓનું જે સંમાન થતું તેમાં મને પણ તેમણે લેખવ્યો. સાધારણ રીતે ગોરા મહેમાનો હોશિયાર ગણાતાઓ સાથે વાર્તાલાપ કરતા, પણ પિયર્સન સાહેબે મને ઠોઠને પણ અપનાવ્યો. તેઓ બગીચામાં જતા અને કંઈ નવી વિદ્યા શીખવવા બેસતા ત્યારે જો હું ન દેખાતો તો 'પ્રભુદાસ ક્યાં છે? બોલાવો એને.' એમ કહી મને યાદ કરતા એટલું જ નહીં પણ હું ન સમજી શકું તો વધારે સહેલું અંગ્રેજી બોલીને પોતાની ખાતરી કરી લેતા કે હું એમની વાત સમજ્યો છું કે નહીં. કેટલીક વાર તો મને એકલાને પોતાની સાથે ઉપાડતા અને ફિનિક્સની જુદી જુદી દિશાએ વિવિધ જાતનાં ઘાસનાં ફૂલો અને બીજી ચીજોનું પોતે નિરીક્ષણ કરતા તથા મનેય નિરીક્ષણ કરાવતા. આમ અનેક વિદ્યાર્થીઓ વચ્ચે હુંયે ગણતરીમાં આવું એવો એક વિદ્યાર્થી છું અને મિસ્ટર પિયર્સન જેવા મહાન શિક્ષક પાસે પણ સાવ કિંમત વિનાનો નથી ઠરતો એ અનુભવ મળતાં મારામાં એક નવો જ ઉત્સાહ પ્રકટ્યો. હું તો ગમાર, ઠોઠ, છેલ્લો, ઈત્યાદિ નિરાશા અને કચવાટનો જે પડદો મારા નાના મગજ ઉપર ઢંકાઈ ગયો હતો તે એમને પ્રતાપે અળગો થઈ ગયો. જો એમ કહું તો કોઈ એ વાતને અતિશયોક્તિ ન માને કે એ પંદરેક દિવસના ગાળામાં જ પિયર્સન સાહેબે મારી 'મોળી બુદ્ધિ'ને પાણી ચડાવ્યું અને મારી પોતાની બુદ્ધિ પાસેથી કામ લેવાનો મારામાં રસ જગાડ્યો, જે જીવનભર મને કામ આવ્યો. એમનું ઊંડું ગાંભીર્ય, શીખવતી વખત વિદ્યાર્થીમાં ઓતપ્રોત થવાની એમની રીત, અને વિશાળ સૃષ્ટિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરાવવાની એમની કળા કોઈ પણ શિક્ષક બનવા ઈચ્છનાર માટે આદર્શરૂપ હતાં.

શિક્ષક તરીકે પિયર્સન સાહેબનો મહિમા ગાવાનું અહીં અસ્થાને ગણાય, પણ જેઓ કેવળ દસપંદર દિવસ જ ફિનિક્સમાં રહી પોતાનું રાજકીય કામ કરવા સાથે પોતાના માધુર્ય વડે અમારાં ચક્ષુ ઉઘાડી ગયા એમનું શિક્ષકત્વ ભૂલું તો ગુનો કર્યો ગણાય એટલે આટલું લખ્યું.

ફિનિક્સમાં તેમણે આસપાસની અનેક દિશાઓએ એકલા એકલા કેટલાયે માઈલ પગપાળા યાત્રા કરી અને ગિરમીટિયા હિંદીઓના જીવનનું સૂક્ષ્મ વિવરણ

સંગ્રહ્યું. ઍન્ડ્રૂઝ સાહેબ કરતાંયે વધારે પડદા પાછળ રહીને નમ્રતાભરી ઊંડી સેવા તેમણે આપી. ઍન્ડ્રૂઝ સાહેબની ભાવુકતાને એમણે પોતાના નક્કર પાયા વડે સફળ બનાવી અને દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોને હિંદીઓનો આદર કરવાનું શિક્ષણ પોતાના ઉદાત્ત આચરણ વડે આપ્યું. ટૂંકમાં કહું તો, પિયર્સન સાહેબનું ચિત્ર આલેખવા માટે જોઈતી સામગ્રી અને માહિતી મેળવવાની મારી ભૂખ અધૂરી જ રહી છે. મારા બાળ-મન ઉપર એમનો જે ઉચ્ચ પ્રભાવ પડ્યો હતો એની છાપ, તલભર પણ, હું આ પાનાં પર ઉતારી શક્યો છું કે કેમ એ વિષે મનમાં શક રહી જાય છે.

પ્રિટોરિયામાં ઍન્ડ્રૂઝ સાહેબ, સ્મટ્સ સાહેબ અને બાપુજી વચ્ચે કાચી સમાધાની થઈ. ઍન્ડ્રૂઝ સાહેબનું દક્ષિણ આફ્રિકામાં પરિભ્રમણ થોડુંઘણું થયું, ત્યાં એમની માતાના સ્વર્ગવાસના સમાચાર આપતો તાર વિલાયતથી આવ્યો. અંગ્રેજો પર ગમે તેટલાં દુ:ખ આવે તોપણ તે રોવા નથી બેસતા. એ સમાચાર ફિનિક્સ આવ્યા બાદ ઍન્ડ્રૂઝ સાહેબના ચહેરા તરફ આખા દિવસમાં પાંચસાત વાર ધારી ધારીને હું જોતો રહ્યો. દરેક વેળાએ તેઓ બહુ વ્યાકુળ દેખાતા હતા. ખૂબ જ શાંત અને મૌન તેઓ હતા, પણ રોતલપણું એમના ચહેરા પર મુદ્દલ ન હતું. તેઓ મનમાં ને મનમાં એ દુ:ખ પી રહ્યા હતા.

અમારાથી એ બંને સાહેબની વિદાય ખમી શકાતી ન હતી. તેઓ સદા ફિનિક્સમાં વસી જાય એવી અદમ્ય ઇચ્છા અમને હતી. પણ તેમને વિદાય આપ્યે જ છૂટકો હતો. ગણાયાગાંઠ્યા દિવસોમાં તેઓ અમારાં મન ને હૃદય પોતાની મૂઠીમાં લઈ વિલાયત સિધાવ્યા.

એમને વળાવવા આખું ફિનિક્સ ભેગું મળ્યું. પ્રાર્થનાના સ્થાને વિશેષ પ્રાર્થના થઈ ને

સત્યં ज्ञानं अनन्तं ब्रह्मानन्दरूपम्।
अमृतं यद्विभाति शान्तं शिवमद्वैतम्॥ —

નો મંત્રઘોષ કરીને સૌ સ્ટેશને ચાલ્યા. પ્લૅટફૉર્મ પર ટ્રેન આવી એટલે અમે પગે લાગીને એમનાથી છૂટા પડ્યા અને ટેકરાની પાછળ એમની ટ્રેન અદશ્ય થઈ ત્યાર પછી કેટલીયે વારે અમે એ દિશાએથી નજર પાછી ફેરવી શક્યા ને ભરાયેલે હૈયે ઘર ભાણી પાછા વળ્યા.

## ૯
# સરકારી મહેમાનો

ઍન્ડ્રૂઝ સાહેબ અને પિયર્સન સાહેબ સમા દેવદૂતોએ પોતાના સત્સંગથી આખું વાતાવરણ સુગંધિત કરીને વિદાય લીધી તે પછી થોડાક જ દિવસમાં હિંદુસ્તાનની અંગ્રેજી સરકારના દેવદૂત ફિનિક્સ આવી પહોંચ્યા. પ્રિટોરિયામાં સ્મટ્સ સાહેબ સાથે બાપુજીએ કાચી સમાધાની સ્વીકારી તે વખતે રેવરંડ ઍન્ડ્રૂઝની જેમ સર બેંજામિન પણ ત્યાં હાજર રહ્યા હતા. ત્યાંથી તેઓ નાતાલમાં કામ કરી રહેલા સોલોમન કમિશન પાસે આવેલા. જ્યારે નાતાલ પ્રાંતમાં આવ્યા ત્યારે એ વામન જેવા દેખાતા ગાંધીએ જ્યાં આગળથી વગર હથિયારની વિરાટ લડતના શ્રીગણેશ કરેલા અને પોતાની નાનકડી મરણિયા ટોળી જ્યાંથી રવાના કરેલી એ સ્થળ જોવાનું એમને મન થઈ આવ્યું હતું. અમને બાળકોને પણ એક વાર સર બેંજામિનને જોવાની હોંશ હતી કારણ કે તેમણે તો સાડા ચાર હજાર માઈલનો હિંદી મહાસાગર એમની દબદબાભરી મનવારમાં નવ દિવસની અંદર જ ઓળંગી નાખ્યો હતો. અને રેવરંડ ઍન્ડ્રૂઝ સાહેબ કરતાં પણ વધારે દબદબાભરી રીતે દક્ષિણ આફ્રિકાની ભૂમિ ઉપર એમણે પગ મૂક્યો હતો. વળી, બાપુજીએ પેલા સોલોમન કમિશન પાસે હિંદીઓનાં દુ:ખો ગાઈ સંભળાવવાની ના પાડી હતી એટલે તેઓ સાહેબ હિંદીઓનાં દુ:ખ દૂર કરવાની એ કમિશનને ભલામણ કરવા માટે હિંદના વાઈસરૉય સાહેબ તરફથી આવ્યા હતા. પ્રિટોરિયામાં કાચી સમાધાની માટે સ્મટ્સ સાહેબને તૈયાર કરવામાં અને એમને પિગળાવવામાં ઍન્ડ્રૂઝ સાહેબે પોતાનો સરસ પ્રભાવ પાડ્યાની વાત ફિનિક્સમાં અમે સાંભળી હતી. પણ સર બેંજામિન રૉબર્ટસનને વિશે એવું કંઈ ખાસ સાંભળ્યું ન હતું. એટલે એમની પ્રત્યે અમારા હૃદયમાં કશો શ્રદ્ધાભાવ જાગ્યો ન હતો. બલ્કે, તેઓ અમારે ત્યાં આવીને શું કરે છે, શું ઉજાળે છે, એમના રંગઢંગ કેવા છે, એમનામાં ઍન્ડ્રૂઝ-પિયર્સન સમા મહામના અંગ્રેજની ભલાઈ છે કે એ સ્મટ્સ સાહેબના જાતભાઈ જ છે વગેરે પારખાં લેવા અમે સૌ ટાંપી રહ્યા હતા.

સર બેંજામિન રૉબર્ટસન હિંદુસ્તાનના એક કમિશનર સાહેબ હોઈ પોતાને મન તેઓ બહુ મોટા માણસ હતા; પણ અમારા ફિનિક્સમાં તો તેઓ અન્ય અતિથિઓ સમા સદ્‌ગૃહસ્થ જ લેખાયા. બેચાર મોટેરાઓ અને ચારછ વિદ્યાર્થીઓ એમના સ્વાગત માટે તથા સામાન ઊંચકી લાવવા માટે ફિનિક્સ સ્ટેશને ગયા. તેઓ સાહેબને જંગલને રસ્તે ટીંબા ટેકરા ને નાળાં ઓળંગતાં અઢી માઈલ પગે ચાલવું પડ્યું. તેઓ બોલ્યા નહીં, પણ અમે પામી ગયા કે આવી

નજીવી મહેમાની એમને કઠી રહી હતી. એમના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું કે તેઓ પોતાને કોઈ ઊંચી ટોચેથી એકાએક ગબડી પડેલા અનુભવી રહ્યા હતા.

હિંદુસ્તાનમાં લાટસાહેબી ચલાવવાની અંગ્રેજોની ટેવથી બાપુજી પણ પૂરા વાકેફ હોઈ તેમણે અહીં એવી લાટસાહેબી ઉત્તેજન ન આપવાનું ઠરાવ્યું હતું. ડરબન કે ફિનિક્સ સ્ટેશને સામા ન જતાં બાપુજીએ તેમનું કેવળ આશ્રમની હદ પર સ્મિતભર્યું સ્વાગત કર્યું. સ્વમાન સાથે વિનય પણ જળવાઈ રહે એ માટે બાપુજી તરફથી મિ. પોલાક સ્વાગત વગેરે માટે ડરબનમાં સર બેંજામિન પાસે પહોંચ્યા જ હતા. સર બેંજામિન ફિનિક્સ સ્ટેશને ઊતર્યા કે તરત આમતેમ જોવા લાગ્યા ને પોતાનું સ્વાગત કરનારની શોધમાં પડ્યા. પણ ત્યાં હારતોરા કે સરઘસ કશું જ નહતું. અમને કોટ ટોપી વિનાના વગડાઉ વિદ્યાર્થીઓને પોતાની સામે ઊભેલા જોઈ તેઓ જરા પાછા પડ્યા. એમનો ચહેરો ભારેખમ બની ગયો. એટલામાં રેવાશંકર સોઢાએ આગળ વધી 'શેકહૅન્ડ' કરવા પોતાનો હાથ લંબાવ્યો. હિંદુસ્તાનમાં વસતા અને અમલદારું કરતા ગોરાઓના સ્વભાવની રેવાશંકરને શી ખબર? ફિનિક્સ આવતાજતા ગોરાઓનું સંમાન તેઓ શેકહૅન્ડથી કરવાને ટેવાયેલા હતા. પણ રેવાશંકરનું હાથ મિલાવવા જવું એ વિનયને બદલે અવિનય થઈ પડ્યો. હાઈ કમિશનર સાહેબે પોતાનો હાથ ન આપતાં સહેજ ડોકું નમાવ્યું અને હાથમાંની લાકડી તસુભર ઊંચી કરી. શેઠ નોકરની સલામ સ્વીકારે એમ અમારી વિદ્યાર્થીઓની સલામ સ્વીકારી તેઓ મગનભાઈ માસ્તર સાથે બે'ક બોલ વાતચીત કરી પગપાળા આશ્રમને પંથે પડ્યા. એમના સેક્રેટરી અને એમના સાથી સદ્‌ગૃહસ્થ રાયબહાદુર પણ એમની પાછળ પાછળ ચાલ્યા. ત્રણમાંથી કોઈ કશું બોલતું ન હતું. એમની પાછળ ચાલતાં અમે રેવાશંકરના ફોગટના શેકહૅન્ડનું વારંવાર ટીખળ કર્યું.

આશ્રમમાં તેમને એક સાદા ઉતારામાં ઉતારવામાં આવ્યા. તેમને ક્યાંયે ગોઠતું દેખાયું નહીં. તેમાંયે જ્યારે અમે એમની સાથે આવેલા શ્રી સરકાર નામના રાયબહાદુરને પૂરા ગભરુ ને સર બેંજામિનના હમાલની પેઠે દબાતા જોયા ત્યારે અમને હસવા સાથે હિંદીઓના એવા સ્વભાવ માટે મનમાં ને મનમાં શરમ પણ આવી. અમને થયું કે એક તરફ આવા તુમાખી સાહેબ ને બીજી તરફ આ ડરપોક મદદનીશ મળીને દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો શો દહાડો પકવી દેવાના છે?

આ સરકારી મહેમાનોને ફળફળાદિનો નાસ્તો આપી અમે અમારે કામે ચડ્યા. એમના સેક્રેટરી સાહેબને ફિનિક્સમાં થોડા કલાક વિતાવવાનો કોઈ રસ્તો ન જડ્યો ત્યારે તેમણે પોતાનો કૅમેરા ઉપાડ્યો અને જંગલ - બગીચાનાં ચારછ દશ્યો ઝડપી લીધાં. એમના કૅમેરા તરફ અમ બાળકોનું ધ્યાન ખેંચાયા વિના ન

રહ્યું. પણ ગોરા સાહેબના એ સેક્રેટરી સાહેબ અમને કાળાં બાળકોને પાસે બોલાવતાં જાણે અભડાતા હોય તેમ અતડા ને અતડા રહ્યા. તેઓ અતડા ન રહ્યા હોત તો અમારી વચ્ચેના થોડા કલાક એમને કંટાળાભરેલા ન થઈ પડત.

દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ સામે માથું ઊંચું રાખવાની અને એમની તુમાખી સામે ટક્કર ઝીલવાની અમને નાના છોકરાઓને પણ ટેવ હતી. એથી ઊલટું જ્યારે અમે હિંદના મોટા રાયબહાદુરને પણ એક અંગ્રેજ સામે બકરી જેવા રાંક બની જતા જોયા ત્યારે અમને અટકળ આવી કે આપણે પોતાના ઘરમાં પણ કેટલા બધા પામર બની ગયા છીએ! હિંદમાં કરોડો હિંદીઓ હોવા છતાં મુઠ્ઠીભર ગોરાઓ સામે તેઓ જ્યાં લળી પડે ત્યાં એમનું હિંદમાં બેઠે અહીંનું દક્ષિણ આફ્રિકાનું અપમાન ધોવાનું શું ગજું? અમને પોતાનું દુઃખ હિંદુસ્તાન પાસે રડવા જેવું ન લાગ્યું. ગોખલે મહારાજ કે ગુરુદેવ સમા ખાસ લોકોની મદદ મળે ખરી. પણ દક્ષિણ આફ્રિકામાં હિંદમાતાનું નામ તો ત્યાં વસનાર અમે જ જાળવી શકીએ.

સર બેંજામિન ફિનિક્સથી પાછા ફર્યા પછી અમે એમને સાવ વિસારી દીધા. તેઓ દક્ષિણ આફ્રિકામાંનાં કયાં શહેરોમાં ફર્યા ને ત્યાં શું કર્યું તેની કશી ચર્ચા અમારા બાળમંડળમાં ન થઈ. એમનો ઊંચો હોદ્દો, ભારે રુઆબ અને એમની નામીચી થઈ પડેલી મનવાર બધું લગભગ એળે ગયું. એના કરતાં સાદા અને સાધુ ઍન્ડ્રૂઝ સાહેબે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડતનો અંત આણવામાં સેંકડોગણું વધુ કામ કર્યું.

હિંદી સરકારના આ પ્રતિનિધિઓ કરતાં તો દક્ષિણ આફ્રિકાની રાજધાની કેપટાઉનવાળાં અંગ્રેજ મહેમાન ઘણાં માયાળુ ને સહાયક નીવડ્યાં. એમાંનાં એક મિસ હૉબહાઉસનું નામ મને યાદ રહી ગયું છે. પણ એમનું સ્મરણ કશું રહ્યું નથી. બુઢ્ઢી મા મિસ મૉલ્ટિનો લાંબો વખત ફિનિક્સ રહેલાં એટલે એનું સ્મરણ છે. આખા ચહેરા પર સુંદર કરચલીઓ, હોઠ ઉપર મૂછની સ્પષ્ટ રેખાઓ અને સદા રમતિયાળ વાતચીત, એ મિસ મૉલ્ટિનોની ખાસિયત હતી. એટલી મોટી ઉંમરની મડમ મેં ભાગ્યે જ જોઈ છે. મિસિસ પાયવેલ (મિસ્ટર વેસ્ટનાં સાસુ) બુઢ્ઢાં હતાં, પણ મિસિસ મૉલ્ટિનોનાં જેટલાં નહીં. મૉલ્ટિનો અમારી દરેક હિલચાલનું ને વાતચીતનું કૌતુક કરતાં. એક દિવસ મારી બા કણેકના પિંડામાંથી રોટલી વણી એક એક મિનિટમાં ગોળ ફૂલેલાં ફુલકાં ઉતારતાં હતાં એ દૃશ્ય મિસ મૉલ્ટિનોએ કૌતુકભર્યે ચહેરે ઘણી વાર સુધી જોયા જ કર્યું. પછી કહે: 'કેવું આશ્ચર્ય! કેવું સુંદર! કેવું મજાનું! તમે હિંદીઓએ તો આખો રોટીનો સવાલ ટૂંકો ને ટચ કરી નાખ્યો છે. અમારે નાહકના ભઠિયારાઓની સતામણી વેઠવી પડે છે.

તમને તો જાણે રોટી બનાવવી એક રમત જ છે.’ મગનકાકાએ મિસ મૉલ્ટિનોને હિંદુસ્તાની રીતભાતની વિશેષતાઓ વિશે વધુ ફોડ પાડીને સમજાવ્યું એટલે તેઓ વળી ચકિત થયાં અને બોલ્યાં: ‘તમારા જેવા આવા કળાકારોને અમારા લોકો અનાડી ને કુલી કહે છે? !’

આ રીતે ફિનિક્સમાં આવી જનારા ઘણા દક્ષિણ આફ્રિકાવાસી ગોરાઓ પોતાના જાતભાઈઓને હાથે ભારતનું ભૂંડું અપમાન થયેલું જોઈ મનમાં ને મનમાં કોચવાતા પણ હતા. પરિણામે જેમની જેટલી શાખ ને લાગવગ હતી એ બધી વાપરીને તેઓ જનરલ સ્મટ્સ અને જનરલ બોથા જેવા અણનમ સરકારી યોદ્ધાઓને હિંદીઓનો આદર કરવા તથા બાપુજી સાથે સમાધાન કરી લેવાનો આગ્રહ કરવા લાગ્યા હતા.

મિસ મૉલ્ટિનોને ફિનિક્સમાં એટલું બધું ગોઠી ગયું કે જ્યાં સુધી બાપુજી ત્યાં રહ્યા, અંતિમ સમાધાન થઈ ગયું અને બાપુજી વિલાયત માટે તથા અમે હિંદુસ્તાન આવવા માટે ઊપડ્યા ત્યાં સુધી તેઓ ત્યાં જ રહ્યાં એવું મને સાંભરે છે. વચ્ચે વચ્ચે તેઓ કામ પ્રસંગે થોડા દિવસ બહાર જતાં ને ફરી પાછાં ફિનિક્સ આવી પહોંચતાં. અમારા આશ્રમની ઉત્તરે અર્ધો પોણો માઈલ દૂર એક નાનકડી બંગલી તેમણે રાખી લીધી હતી અને ત્યાં

અંગ્રેજી ઢબે પોતાનાં રસોઈપાણી કરતાં અને આરામઅધ્યયન કરવામાં પોતાનો દિવસ વિતાડતાં. ઘણુંખરું એકાંતસેવન જ કરતાં અને અવારનવાર સવારસાંજ અમારી વચ્ચે આવીને વિનોદ કરાવતાં. રવિવારે કે એવે પ્રસંગે અમે પણ ટોળું વળી એમની મઢૂલીમાં પહોંચી જતા અને એમના નાના ઓરડામાં ભીડ કરી જેમ મનમાં આવતું તેમ સવાલો કરતા. મેં કદી એમને ગુસ્સે થતાં કે અમારાથી ત્રાસતાં જોયાં નથી. મિસ મૉલ્ટિનોની એ ભલાઈ અને પ્રસન્નતા તો સદાને માટે મને યાદ રહી ગયાં છે.

સત્યાગ્રહની લટકી રહેલી લડત, રેલવે હડતાળ, પૂ. બાની માંદગી, દેવદૂત સમા મહેમાનો અને સરકારી તથા બીજા મોટા અતિથિઓના આગમનની ભીડ, આ બધા પ્રસંગો વીતતાં વીતતાંમાં તો અંગ્રેજોનું મોટામાં મોટું પર્વ નાતાલ આવીને ક્યારે પસાર થઈ ગયું એની વાત કરવાની રહી જ ગઈ. પણ એનો જે આનંદ અમને મળ્યો હતો એનીયે થોડીક વાત અહીં કરી દઉં. એ પર્વના દહાડાઓમાં ઈસા મસીહના બલિદાન અને મહિમા જાણવા ને વિચારવા કરતાં અમારું બાળકોનું મન તો ક્રિસ્મસ-વૃક્ષનાં મનમાન્યાં ઈનામો તરફ વધારે જતું. આજે મને સ્પષ્ટ યાદ નથી રહ્યું કે એ વૃક્ષની રચના મિ. વેસ્ટના ઘરમાં થયેલી કે બીજે. મોટે ભાગે એ દિવસોમાં મિ. વેસ્ટનું ઘર બંધ રહેતું અને તેઓ ઘણુંખરું

ડરબન જ રહેતા. છતાં મારો ખ્યાલ એવો છે કે મિ. વેસ્ટનાં બે નાનાં બાળકો માટે તેમનાં દાદીએ જ એ વૃક્ષ બનાવેલું. ડાળીએ ડાળીએ મોજાં લટકાવેલાં અને એમાં જાતજાતની સુશોભિત ટિકડીઓ ભરી મૂકેલી. કેટલીક ડાળો પર રંગબેરંગી ખોખાં બાંધી દીધેલાં, જેમાં તરેહ તરેહનાં રમકડાં હતાં. દરેક પર જુદા જુદા બાળકનું નામ હતું. જે બાળકનું નામ જે ચીજ ઉપર હોય તે કોઈ ફિરસ્તો રાત્રે એ ક્રિસ્મસ-વૃક્ષ પર મૂકી ગયો છે એવી શ્રદ્ધા ખ્રિસ્તી બાળકોને મૂળથી જ શીખવાય છે. અમે એ વૃક્ષ જોવા ગયા ત્યારે મિ. વેસ્ટની દીકરી એલ્ડા અને તેનો નાનો ભાઈ ઊંઘતાં હતાં. મને થયું કે દાદીમાએ એમને ફોસલાવવાની સરસ યુક્તિ કાઢી છે. પણ શું એલ્ડા સમજશે નહીં કે જો આ ઝાડમાં એવાં ઈનામ આપવાનો જાદુ હોય તો એ મોજાંમાં ભરીને શા સારુ આપે? બીજાં ફળઝાડોની પેઠે આમાંયે ટીકડીઓ ને રમકડાં ડાળીએ ડાળીએ ફૂટી ન નીકળવાં જોઈએ? પણ દાદીમા કહે એટલે બિચારી એલ્ડાને એ માનવું જ પડે ને?

એ ઝાડ અમે જોયું એની બીજી સવારે મને એક હથોડી ને એક ફરસી ઈનામમાં મળ્યાં. એ ઈનામથી મને ઘણો આનંદ થયો અને એ વાપરવા હું લાકડાં ને પાટિયાં તથા ખીલાની શોધખોળમાં ઊપડ્યો. પરંતુ મને મગનકાકાએ એ હથિયારોની સાચવણ રાખવાનું બતાવ્યું અને કહ્યું કે, આ લડત પતી જાય અને જેલ જવાપણું ન રહે તો પછી તને રોજ નિયમિત રીતે સુથારી કામ શીખવીશ.

એટલે હજુ અમારી સામે એ પ્રશ્ન ઊભો જ હતો કે લડત પૂરી થાય છે કે ચાલુ રહે છે. અને એ રીતે ફિનિક્સમાં અમારાં જીવન આ બાજુથી તે બાજુ ઝોલે ચડ્યાં હતાં. કઈ તરફ જઈને ઢળવાનું છે એની અટકળ આવી શકતી ન હતી.

## ૧૦
## સોનેરી અંક

સામાન્ય રીતે પંદરવીસ દિવસનો ગાળો લાંબો ન ગણાય. પણ જ્યારે અવનવા ઈતિહાસો રચાય છે, મહાન સંધિવિગ્રહ અસ્તિત્વમાં આવે છે, ત્યારે એક એક દિવસ મહાગ્રંથની સામગ્રી મૂકતો જાય છે. મહાભારતનું યુદ્ધ પૂરા વીસ દિવસેય નહોતું ચાલ્યું, પણ એની કથાના લાખો શ્લોકો રચાયા. રામવનવાસ તથા દશરથ રાજાના સ્વર્ગવાસ અને ભરતજીના નંદીગ્રામ-નિવાસ વચ્ચે પણ પંદરવીસ દિવસ જેટલો સમય માંડ વીત્યો હશે, પણ એની ગાથા વાંચતાં એ એક એક દિવસ એક એક વરસ જેટલો લાંબો અનુભવાય છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની સફળતાએ પંદરવીસ દિવસ જેટલા ટૂંકા સમયમાં જન્મ લીધો, પણ

એ પખવાડિયાનો એક એક દિવસ વિશાળ ઈતિહાસથી ભરપૂર છે. એ વેળા બાપુજીના દિવ્ય સ્વરૂપનું તેમ જ એમના તપઃપૂત, તેજોમય શરીરમાં ઝળહળી રહેલા આશ્ચર્યભર્યા અણનમ આત્માનું દર્શન કરતાં કરતાં એમના મિત્રો અને સેવકો લળી પડતા એમાં તો નવાઈ ન હતી, પણ દુશ્મનો પણ વધુ ને વધુ સંખ્યામાં ગદ્ગદ બની માથુ ઝુકાવતા જતા હતા એ અદ્ભુત અને રોમાંચકારી દશ્ય હતું. એ વેળાનો એક એક કલાક સત્યના પ્રતાપી વિજયનો ડંકો વગાડી જતો હતો.

સ્વ. દીનબંધુ ઍન્ડ્રૂઝ જેવા સંત ને સાહિત્યકાર એ અદ્ભુત પ્રસંગોનું રંગભર્યું આલેખન આપી શકે; એમણે આપ્યું પણ છે. પરંતુ તેઓ એ સમયે બાપુજીના નવા મિત્ર હતા, અંતેવાસી ન હતા. એ સમયે મહાદેવભાઈની કલમનો તાજો પ્રસાદ આપણને મળવા પામ્યો હોત તોયે આપણું મોટું સદ્ભાગ્ય ગણાત. છતાં એ સમયના 'ઈંડિયન ઓપીનિયન'ના અંકો જો હાથ આવે તો તે ઉપરથી તેમ જ શ્રી રાવજીભાઈને હાથે લખાયેલી 'ગાંધીજીની સાધના'નાં છેલ્લાં પ્રકરણો દ્વારા બાપુજીના એ દિવ્ય રૂપની જે ઝાંખી આપણને મળે છે તેયે ઓછી પાવન નથી.

હું મારી સ્મૃતિને બને એટલી કસું છું તોયે એ મહાન ઈતિહાસનાં બહુ જૂજ સંસ્મરણ મને સાંપડે છે. ખરી વાત એ છે કે બાપુજી હવે કેવળ અમારા ઘરના કે ફિનિક્સના નહોતા રહ્યા; નાતાલ ને ટ્રાન્સવાલમાં વસી રહેલા લાખો હિંદીઓના લોહીના ધબકારા ને શ્વાસોચ્છ્વાસ સાથે તેઓ એકરૂપ બન્યા હતા. મહાન યોદ્ધાનું એક ડગલું નજરે પડવાથી એની વીરતાની જેટલી કલ્પના આવી શકે એથી વધુ કલ્પના ફિનિક્સને આંગણે હરતાફરતા બાપુજીનાં દર્શન પોતાની નાની નજરે કરવાથી મને આવી શકે એમ ન હતું. ઊંડી રાજનૈતિક ચાલ, સત્યાગ્રહના વિવિધ મોરચા વગેરે કશું મારા કાચા ભેજામાં ઊતરે એમ ન હતું. તેથી આજે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની ત્રીજી લડત, એટલે કે ત્રણ પાઉંડના કર માટેની એ દિવ્ય તેમ જ ભવ્ય લડત વિશે અને એના જય વિશે હું વધુ કંઈ લખી શકું એવાં સ્મરણ કે જાણકારી મારી પાસે છે નહીં. એટલે કથારસિકોને હું વીનવીશ કે તેઓ પૂરો રસ મેળવવાને તો 'આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ,' 'ગાંધીજીની સાધના' એને એ વેળાના ઍન્ડ્રૂઝ સાહેબના લેખો વાંચી જાય. એ વિના સત્યાગ્રહવિજયની એ ગાથા અધૂરી રહી જશે. છતાં મારી સ્મૃતિ જેટલો સાથ આપે છે એટલી ફિનિક્સની વાતો અને દક્ષિણ આફ્રિકાનો કિનારો છોડતાં સુધીમાં યાદ રહી ગયેલા પ્રસંગોનું વર્ણન આપ્યા વિના આ પ્રકરણો પૂરાં કરું તો એ અધૂરાં ગણાશે.

ઍન્ડ્રૂઝ સાહેબ અને પિયર્સન સાહેબને વિદાય આપ્યા પછી ફિનિક્સના વાતાવરણમાંનું તાણ ઘણું ઘટી ગયું. થોડા દિવસમાં થનારી વિરાટ યુદ્ધયાત્રા આઘેના ભવિષ્યમાં લંબાઈ ગઈ. સત્યાગ્રહ માટે સોળ જણની પહેલી ટોળી ફિનિક્સથી શ્રીગણેશ કરવાને રવાના થયેલી તે પહેલાં જે નિયમો ફિનિક્સમાં હતા તે પ્રમાણે ફિનિક્સ આશ્રમનો કાર્યક્રમ પાછો ગોઠવાતો આવ્યો. જોકે ફરી ક્યારે જેલ જવું પડે તેની અટકળ ન હોવાથી ભણનાર કે ભણાવનારનાં ચિત્ત અધ્યયન-અધ્યાપનમાં બહુ ઊંડા ઊતરતાં ન હતાં. વર્ગોમાં મોટે ભાગે હળવી વાતોચીતો, કથા-આખ્યાન ને નામનું ગણિત ચાલતું. બગીચાઓનો ને છાપખાનાનો ઉદ્યોગ તો પોતાની મેળે જ કામ માગી લેતો, પણ બીજા ઉદ્યોગો વિશે કોઈને ખાસ ઉત્સાહ ન હતો.

એવામાં એક સવારે દૂરને ખૂણે પડેલી મોચીકામની ઓરડીની ઝાડઝૂડ થતી ને તેનાં ઓજારો ઘસાઈને તૈયાર થતાં મારી નજરે પડ્યાં. મેં પૂછ્યું, ‘મોચીકામ કોણ ભગાભાઈ કરશે કે? ડાહ્યો તો આવ્યો નથી’; જેલમાંથી છૂટીને આવેલા નવા વિદ્યાર્થીઓમાં ભગાભાઈ એક હતા. રામદાસકાકાના એ ખાસ દોસ્ત ગણાતા અને ટૉલ્સ્ટૉય ફાર્મમાં ચંપલ બનાવવામાં પ્રવીણોમાં ભગાભાઈનું નામ મોખરે રહેતું. પણ ભગાભાઈના કામને મેં જોયેલું નહીં, એટલે એ જોવાની મને ઇચ્છા હતી ને એ કામ શીખવાનું પણ મન હતું. પણ ઓરડી સાફ કરનારે મને તરત જવાબ વાળ્યો: ‘હથિયારોને અડીશ નહીં. શીખવા-શીખવવાનું કામ શરૂ થવાનું નથી. આ તો જનરલ સ્મટ્સે બાપુજી પાસે એક જોડી ચંપલ માગ્યાં છે, એટલે એ તૈયાર કરવા પૂરતો સામાન તૈયાર કરવાનો છે. હજુ તો કોને ખબર, ક્યારે જેલ જવાનું થાય! એટલે એક જોડી ચંપલ બનીને કામ બંધ રહેશે.

મોચીકામ શીખવાનો મારો ઉમંગ આમ એકબે વાર પાછો પડ્યો તે પડ્યો ને હું સદા એ કામ શીખ્યા વિનાનો રહ્યો. શરીરે નબળા ને ઉંમરે નાના રહેનારને તક ખોવી પડે એ જીવનભરને માટે ખેદની વાત થઈ પડે છે. એ એક જોડી ચંપલ તૈયાર થતા જોવાને મેં આશ્રમને એકાંત ખૂણે કેટલાયે આંટા માર્યા ને જોવાનો સંતોષ લીધો.

ચંપલજોડી તૈયાર થયા પછી બાપુજીએ એની ચીવટભરી તપાસ કરી. સ્મટ્સ સાહેબના પગના આકાર સાથે કેવી રીતે એ બંધબેસતી થઈ રહે એ સૂચવ્યું તથા એનો ચળકાટ, સિલાઈના ટાંકા આદિની બધી વિગતો ધારી ધારીને જોઈ વળ્યા ને જ્યારે એમને પૂરેપૂરો સંતોષ થયો ત્યારે તેમણે સ્મટ્સ સાહેબને એ પ્રેમોપહાર પાઠવ્યો.

ઘણા લોકોને ઘણી ભેટો આપતાં મેં જોયા છે. મિત્રો મિત્રોને, ભાઈ ભાઈને, કાકા ભત્રીજાને અને માબાપ પુત્ર-પુત્રીને ભેટ આપે છે. પણ એવી એકેય ભેટ યાદ નથી, જેવી સ્મટ્સ સાહેબને બાપુજીએ મોકલેલી ચંપલવાળી ભેટ યાદ છે. હજુ સ્મટ્સ સાહેબ સાથે છેવટની સમાધાની થઈ ન હતી. કાચી સમાધાની પર પણ ભરોસો નહીં જેવો હતો. આપેલાં વચન ફેરવી બેસતાં સ્મટ્સ સરકારને વાર નથી લાગતી એવો કડવો અનુભવ વારે વારે થયો હતો, એટલે હિંદી કોમના નાનામોટા સૌનાં મન ઊંચાં હતાં. પણ બાપુજી સ્મટ્સ સાહેબને જોહાનિસબર્ગ મળવા ગયા ને એમણે (કદાચ એમના સેક્રેટરીએ) 'ગાંધી, તમારા હાથનાં ચંપલ બહુ સારાં આવે છે; એક જોડી મોકલશો?' કહી માગણી કરી, એટલા પરથી બાપુજીએ પ્રેમથી તરબોળ કરીને એ ચીજ મોકલી. સ્મટ્સ જેવો દુશ્મન, જે ચાંચડ-મચ્છરની પેઠે હિંદીઓને મસળી નાખતાં વાર ન લગાડે, તેના જોડા પાછળ આટલી મહેનત બાપુજીને લેતા જોઈને મને એ વેળા ઓછો અણગમો નહોતો થયો. આજે એમાં બાપુજીની અદ્વિતીય મોટાઈનું જ દર્શન થાય છે.

ધીમે ધીમે લડતના અંતની આગાહી વધવા લાગી. દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાડમારી હવે વધુ લાંબો વખત નહીં રહે એવી આશાનો ઉદય થયો. જેલ, ગોળીબાર, અપમાન ને મોતના વરસાદની કાળી મેઘલી રાતો જઈ રૂડું સોહામણું પ્રભાત ઊગશે, જે મીઠાશથી સ્મટ્સ સાહેબ બાપુજીનો આદર કરવા લાગ્યા છે તેવો જ આદર દરેક અંગ્રેજ — દરેક આફ્રિકાવાસી ગોરો - આપણા હિંદી મજૂરોનો પણ કરશે, હિંદીઓ માટે 'કુલી' જેવાં અપમાનજનક સંબોધનોનો અંત આવશે, આપણે જીતશું ને ગોરાઓ પોતાની ભૂલનો પસ્તાવો કરશે, એવાં સ્વપ્ન સત્યાગ્રહીઓને દેખાવા લાગ્યાં. એવામાં એક મંગળ દિવસે ફિનિક્સમાં ખબર પણ આવી પહોંચ્યા કે, 'હવે જેલમાં કોઈ બાકી નથી રહ્યું. આખા દક્ષિણ આફ્રિકાની પ્રત્યેક જેલમાંથી એકેએક સત્યાગ્રહી કેદીને છોડી મૂકવામાં આવ્યો છે.'

સમાધાનીને અંગે છૂટી આવેલા કેટલાયે જેલવાસીઓ બાપુજીનાં દર્શન માટે ફિનિક્સ આવ્યા અને એમની માગ પ્રમાણે ફિનિક્સમાં એક દિવસ મીઠાઈ વહેંચવાનું નક્કી થયું. ફિનિક્સમાં પકવાન્નફરસાણ ન થતાં એમ નહીં, પણ ઘરમાં સાધારણ રીતે થઈ શકે એ જ. તેયે સાવ સાદી જાતનાં. ફિનિક્સમાં મારું આખું બાળપણ વીત્યું, પણ એકેય દિવસ કંદોઈની મીઠાઈ બીઠાઈ સૂંઘ્યાનુંયે મને યાદ નથી. પણ આ સત્યાગ્રહ-વિજયના ઉત્સવને દિવસે ડરબનથી મીઠાઈઓ આવી. બરફી, સૂતરફેણી વગેરેનાં નામ સાંભળેલાં, પણ એ જોવા તે દિવસે મળી.

બહાર ખુલ્લા આંગણામાં મધુરો તડકો તપી રહ્યો હતો. એક નાનકડા મેજ પર મીઠાઈઓ ગોઠવાયેલી હતી અને મહેમાન, વિદ્યાર્થી વગેરે એક પછી એક જઈને બાપુજી પાસે હાથમાં વાટકો લઈને ઊભા રહેતા હતા ને બાપુજી પોતાને હાથે, એક એક વાનગી હાથમાં તોળી તોળીને, પીરસતા જતા હતા ને વચ્ચે વચ્ચે પ્રશ્ન પૂછનાર કે વિનોદ કરનારને ટૂંકો જવાબ આપતા જતા હતા.

મીઠાઈનો પ્રસાદ, તે વળી બાપુજીના હાથે મળે ને તેયે સાચી કમાણીનો પ્રસાદ હોય, તો પછી એવો કોણ બાળક, મરદ કે બુઢ્ઢો હોય જે હરખથી ઊભરાઈ ન જાય? વિજયના આનંદથી સૌ મહાલતા હતા. પણ મને સ્પષ્ટ યાદ છે કે બાપુજીનું રોજનું સાહજિક સ્મિત પણ એ ટાંકણે અદશ્ય થઈ ગયું હતું. તેઓ કોઈ ઊંડા વિચારમાં ગરક થઈ ગયેલા દેખાતા હતા. મીઠાઈ પીરસવાનું ને ટૂંકા ટૂંકા જવાબો આપવાનું કામ યાંત્રિક રીતે ચાલતું હતું. 'કંઈ મોટું કામ કર્યું છે, કોઈ વાઘ માર્યો છે, આખરે આપણે જીત મેળવી છે,' એવી કશી ભાવના એમના ચહેરા પર દેખાતી ન હતી. વિજયોત્સવથી જાણે તેઓ કચવાતા હોય એવું દેખાતું હતું. અમ બાળકોને ખાતર મીઠાઈની લહાણી કરતા હતા, પણ એ આપવામાં લૂખી રોટલીના કટકાથીયે એમને મન ઓછો રસ હતો એવી ભાવના એમના ચહેરા પરથી નીતરતી હતી.

બાળપણની મારી ટેવ એવી કે વડીલોને મનમાં ક્લેશ થયાની શંકા પડે એટલે એમની નજરથી બચી જઈને તેના કારણની ઝીણવટથી તપાસ કરું. એ મુજબ હું મારા ભાગનો પરસાદ પતાવી લઈ રમવા ન ચાલ્યો જતાં બાપુજીથી થોડે દૂર, ઘાસનાં તરણાં તોડતો બેઠો. થોડી વારે એક મહેમાને બાપુજી સાથે ચર્ચા ઉપાડી: 'આજે મીઠાઈ વહેંચાઈ એ તો ઠીક જ થયું; પણ આપણી જીત યાદ રહી જાય એવું કોઈ ટકે એવું કામ કરવું જોઈએ. આજે આપણો સોનેરી દિવસ છે. તો આપ સોનેરી અક્ષરોમાં 'ઈંડિયન ઓપીનિયન'નો એક અંક છાપો તો કેવું?'

આ પ્રશ્ન એવો આવ્યો કે બાપુજીની મુખમુદ્રાની ગંભીરતા ઓછી થઈ ને તેમના ચહેરા પર સહજ સ્મિત ઝળકી ઊઠ્યું. તેમણે સૌ સાંભળનારને સમજાવતાં કહ્યું: 'કબૂલ; આપણે સોનેરી અંક જરૂર છાપવો. એમાં સત્યાગ્રહની આખી લડતનું સરવૈયું કાઢીશું. પણ હજુ સોનેરી અંક છાપવા જેવી સમાધાની નથી થઈ. તમે બધા જેલમાંથી છૂટી આવ્યા એ આનંદની વાત થઈ અને મીઠાઈ વહેંચવાનું મેં તમારા સંતોષને સારુ કબૂલ કર્યું; પણ હજુ કાયદા તો એના એ છે. એ બદલાય ત્યારે જીત થઈ ગણાય. એવી જીત વિના આપણે હરખ શાનો કરીએ?'

'ઇંડિયન ઓપીનિયન'ના સોનેરી અંક વિશે મારા મનમાં જાતજાતની કલ્પનાઓ ઊભી થઈ: સોનાનું પૂઠું હશે; આખાં ને આખાં પાનાં સોનેરી રજથી ચળકચળક થતાં હશે; અને બાપુજીએ એમાં મજાનું મજાનું લખ્યું હશે, વગેરે. અમારા છાપખાનામાં બેચાર વાર સોનેરી અક્ષરે છપાતાં પાનાં મેં જોયેલાં. તાજી શાહી ઉપર સોનેરી રજ ભૂંસીને એ તૈયાર કરવામાં આવતાં. કેટલીક વાર મને એ કામ કરવાનું મળતું ને મને એ ક્રિયામાં બહુ રસ આવતો. એટલે એ રસ લેવા માટે છેવટની સમાધાનીની ભારે ઉતાવળ થઈ પડી. ક્યારે સમાધાની થાય, ક્યારે સોનેરી અંક છપાય અને ક્યારે એનાં પાનાં પર સોનેરી રજ ભૂંસવાનું મળે, એની દર અઠવાડિયે હું રાહ જોતો રહ્યો! પણ એ રમતનો વારો ન આવ્યો તે ન જ આવ્યો.

એ પ્રસંગ પછી છસાત મહિને છેવટની સમાધાની થઈ ને સમાધાની થતાંની સાથે બાપુજી વિલાયત, ને અમે સૌ વિદ્યાર્થીઓ અહીં હિંદુસ્તાન આવવાને નીકળી પડ્યા. સોનેરી અંક પાછળથી મારા પિતાશ્રીએ ફિનિક્સમાં તૈયાર કર્યો ને મોડે મોડે મને તે હિંદુસ્તાનમાં જોવા મળ્યો. મને એ જોઈને ભારે નિરાશા થઈ. એનું ફક્ત નામ જ 'સુવર્ણ-અંક' રાખેલું; બાકી એકેય પાનું સોનેરી અક્ષરે છપાયું ન હતું. પૂઠા ઉપરના ચાર અક્ષરો માત્ર સોનેરી હતા. એને 'સોનેરી' અંક કેમ કહેવાય એ મારી સમજમાં કોઈ રીતે ન આવ્યું.

પણ એ તો થઈ બચપણની વાત. આજે એનું મહત્ત્વ સમજાય છે. સત્યાગ્રહની લડતનો ઈતિહાસ એ ટૂંકા રૂપમાંયે એ વખતે લખાઈ ન ગયો હોત તો ઘણી વાતો અચોક્કસ જ રહેત. બાપુજી તો ત્યાર પછી દસ વરસે, જ્યારે યરોડા જેલમાં જવાનું મળ્યું ત્યારે, એ ઈતિહાસ ('દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ') લખી શક્યા. 'આત્મકથા' એથીયે મોડી લખી. એમાં બાપુજીની સ્મૃતિ ઘણી ચોક્કસ રહી છે; છતાં જ્યાં તારીખ અને વિગત બાબત શંકા ઊઠે છે ત્યાં સોનેરી અંકનું માર્ગદર્શન સૌથી સાચું લેખાય. એ અંકનો સાર રાવજીભાઈએ 'ગાંધીજીની સાધના'માં લઈ લીધો છે એ સારું થયું છે.

'સોનેરી અંક' ગમે એવો હોય, પણ એ તો મારા જેવાં બાળકોનું રમકડું જ ગણાય. કાગળ આખરે તો જડ વસ્તુ રહી. એમાં ગમે એટલો સાજ-શણગાર કરીએ, પણ તે જતે દહાડે ભુલાઈ જનારી વસ્તુ. સાચું તો બાપુજીનું એ સોનેરી જીવન છે, જેના અનેક અંકોમાં પહેલો અંક દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની સફળતામાં પરિણમ્યો અને બાપુજીને આખા વિશ્વમાં અભૂતપૂર્વ, નવીન અને સાચના સેનાપતિ તરીકે સ્થાપિત કર્યા.

બાપુજીની દેહયષ્ટિ જોઈ જોઈને લોકોનાં હૃદય ગદ્ગદ થઈ જતાં હતાં. સ્મટ્સ સાહેબ જેવા માણસને એમાણે વશ કર્યા એ જોઈને એમના ચરણોમાં ઢળી પડવાનું સૌને મન થતું હતું. હવે દક્ષિણ આફ્રિકાના હિંદીઓને એમને 'ગાંધીભાઈ' તરીકે સંબોધવાથી સંતોષ ન થયો. એમને માટે 'લોકમાન્ય મોહનદાસ કરમચંદ ગાંધીકી જય'ના પોકારો સંભળાવા લાગ્યા. એ રીતે થોડા દિવસ 'લોકમાન્ય' તરીકે આવકાર્યા પછી એમને વિશે 'કર્મવીર' તરીકેનો આવકારવાચક શબ્દ ચાલુ થયો ને 'લોકમાન્ય'નું બિરુદ તિલક મહારજને સારુ રહેવા દીધું.

## ૧૧
## 'એમાં દગો હશે તો !'

'ઈંડિયન ઓપીનિયન'નો સુવર્ણ અંક બહાર પાડવાની વાત બાપુજીએ કરી તો ખરી પણ એ સોનેરી દિવસ આવવાનો છે કે કેમ એ હજુ શક પડતું હતું. કેટલીક વાર થતું હતું કે હવે થોડાંક જ અઠવાડિયામાં પાકી સમાધાની થઈ જશે, તો વળી કેટલીક વાર લાગતું હતું કે સમાધાનીની આશા રાખવી જ ખોટી છે. હજુ વરસો લગી સ્મટ્સ સાથે ઝૂઝવું પડે તો નવાઈ ન કહેવાય. મારા બાળ મગજને કાયદા તોડવાની, લાંબીટૂંકી કેદની, હડતાળની, લાઠીમારની, હંટરના ફટકાની, ગોળીબારની અને એવી બીજી વાતોની જેટલી સમજણ પડતી હતી તેથી એની વિગતો જાણવામાં જેટલો રસ આવતો હતો એના ચોથા ભાગનોયે રસ જનરલ સ્મટ્સ અને બાપુજી વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોની વિગતો જાણવામાં નહોતો આવતો; એટલું જ નહીં પણ એ ચર્ચાઓ સંબંધી કંઈ વાત કાને પડતી તો એમાં કશી ખાસ સમજણ પણ નહોતી પડતી. છતાં એ ચર્ચાઓ દરમિયાન વાતાવરણમાં ફેલાઈ જતી આશા અને નિરાશાના પ્રવાહોની અસર મારી એ અણસમજુ બુદ્ધિ ઉપર પણ ઓછી નહોતી થતી. મને આજે ચોક્કસ તારીખો યાદ નથી, પણ એ દિવસોમાં વારંવાર શંકાના અને ઉત્સાહના જે હિલોળાઓની ફિનિક્સમાં વધઘટ થયા કરતી એ બરાબર યાદ છે. અને તેને લઈને અનેક વાર મારા મનમાં ઘોળાઈ રહેલા એ વિચારો પણ ચોખ્ખા યાદ છે જેમાં મને મારા પોતાના ઊજળા કે હીણા ભવિષ્યની ચિંતા થયા કરતી. કેટલાક દિવસ મનમાં એમ થયા કરતું કે 'સોનેરી અંક કાઢવાની બાપુજીની વાત ફોક જ થવાની છે. જીતનો દિવસ આવવાનો જ નથી. મોટાંઓને નસીબે જેલ જ રહેવાની છે, અને હું મોટો ન થાઉં ત્યાં સુધી મારે નસીબે જેલ કે નિશાળ, બે-માંથી એકેય આવવાનું નથી. બસ બધાં જેલ જશે એટલે મારે ભાગે ફરી ઘરકામ

કરવાનું, બગીચામાંથી શાકફળ વીણી લાવવાનું, અને સ્ટેશને જઈ ટપાલ લાવવાનું તથા પાર્સલો બાંધવાનું આવવાનું છે. અમારી નિશાળ ચાલી શકવાની જ નથી, દેવદાસકાકા તો છાપખાનામાં મગનકાકા સાથે કામ કરતાં કરતાં હોશિયાર થઈ જશે પણ હું ઠોઠ ને છેક અભણ રહી જવાનો છું.' થોડા દહાડા આવી જાતની નિરાશામાં વીતતા ત્યાં વળી પાછું વાતાવરણ બદલાતું. નવો હિલોળો આવતો અને મારા મનમાં આશા ઊભરાવા માંડતી કે, 'હવે તો જરૂર લડતના આ દિવસો પૂરા થવાના, નિશાળ પાછી ચાલુ થવાની, અને અમારું ભણતર નિયમસર ચાલુ થઈ જવાનું. અભણની ને ઠોઠની ટીલી મારે કપાળે હવે ઝાઝો વખત નહીં રહે.'

આશાનિરાશાના આવા જબરા ભરતી-ઓટમાંથી અમે નીકળી શકતા ન હતા એનું મુખ્ય કારણ એ હતું કે અમારા મગજમાંથી પાછલો ઈતિહાસ પળવાર પણ ખસી શકતો ન હતો. હજુ મહિના પહેલાં, અરે! બાપુજી છૂટ્યા તે અગાઉ બે દિવસ પહેલાં જ, જે સ્મટ્સ સરકારનું રૂપ કારમું અને ત્રાહિ ત્રાહિ પોકરાવી દેનારું હતું, અને હિંદી કોમની વાતને જે મુદ્દલ કાન જ નહોતી આપતી, એ સરકારે ઓચિંતાનું પોતાનું રૂપ બદલ્યું છે, એમાં કંઈક પેંતરો જ રચાયો હશે એવો વહેમ આવ્યા જ કરતો હતો. સરકાર થોડીઘણી માંડવાળ કરવા ઈચ્છતી હોય તોયે આખરે તો એ સરકાર ટૉડ સાહેબ જેવા ગોરાઓની જ પ્રતિનિધિ હતી કે જે ગોરાઓ રાતદિવસ દાઝે બળી રહ્યા હતા અને પોતાના દાંત કચકચાવી આખી હિંદી કોમને કચરી-છૂંદી-મસળી નાખવાને તલપી રહ્યા હતા. સદાશયથી પ્રેરાઈને એ બધા ખરેખર પોતાનો રંગ એકાએક બદલી શકે એ વાતની નાનામોટા કોઈને પતીજ પડતી ન હતી ને સૌના મનમાં થયા કરતું હતું, 'રખેને આમાં ક્યાંક દગો હોય!'

વળી, દૂધનો દાઝ્યો છાશ ફૂંકે એ ન્યાયે પણ સ્મટ્સ સાહેબ પરનો જૂનો અણભરોસો ઓસરતો ન હતો. કેમ કે સત્યાગ્રહથી કંટાળીને તેઓ આ વખતે કંઈ પહેલી વાર ઝૂક્યા ન હતા. એ પહેલાં પણ સ્મટ્સ સાહેબ બબ્બે ત્રણ ત્રણ વાર નમ્યા હતા; પણ પછી પોતાનું બોલ્યું એમણે પાળ્યું ન હતું; કાચી સમાધાની તોડી નાખી હતી, અને પોતે સાવ જ ફરી બેઠા હતા. વચનભંગની એમની એ ટેવનો ઈતિહાસ અહીં ફરી વાર ટૂંકાણમાં યાદ કરી જઈશું તો આપણને વધુ સાફ અટકળ આવશે કે એ અવિશ્વાસ જરાયે મટતો કેમ ન હતો.

સ્મટ્સ સાહેબે સૌ પહેલાં ૧૯૦૮ની સાલમાં પોતાનું એ જાતનું પારખું આપ્યું હતું. ઈ.સ. ૧૯૦૭ના નવેંબર માસની ૧૧મી તારીખે પહેલી પકડાપકડી શરૂ થયેલી અને સત્યાગ્રહના પ્રથમ શ્રીગણેશ મંડાયેલા. એ પછી થોડે દિવસે,

૧૯૦૮ની સાલમાં જાન્યુઆરીની દસમી તારીખે, બાપુજીને બે માસની જેલ મળી. બાપુજીને મળેલી એ સૌ પહેલી જેલને હજુ વીસ દિવસ થયા ત્યાં તો સ્મટ્સ સરકાર અકળાઈ ગઈ; એણે બાપુજીને અને બીજા બધા સત્યાગ્રહીઓને સામટા છોડી મૂક્યા અને પોતાની તરફથી સમાધાનીનો હાથ લંબાવ્યો. જેલમાંથી છૂટી આવેલા સત્યાગ્રહીઓ જનરલ સ્મટ્સને નમતું આપવા તૈયાર ન હતા પણ પોતાના જેલસાથીઓનો વિરોધ ખમીને તથા પઠાણોનો જીવલેણ માર હસતે મોઢે ઝીલી લઈને પણ બાપુજીએ જનરલ સ્મટ્સની માગણી સ્વીકારી. એક તરફ સ્મટ્સ સાહેબે બાપુને પૂરેપૂરી ખાતરી આપી કે હિંદીઓ પોતાનાં નામ સરકારી ચોપડે નોંધાવી દેશે એટલે તરત જ ટ્રાન્સવાલની કાયદાપોથીમાંથી રંગભેદનો કાયદો રદ કરી દેવામાં આવશે. અને બીજી બાજુ એ વચનને ભરોસે બાપુજીએ બધા હિંદીઓને નામનોંધણી માટે સમજાવવાની જવાબદારી પોતાને માથે લીધી. એ મુજબ હજારો હિંદીઓનાં નામ ચાર જ મહિનામાં, એટલે કે મે મહિના સુધીમાં નોંધાઈ પણ ગયાં. પરંતુ એ કામ પૂરું થયે હજું પંદર દિવસ નહીં થયા હોય ત્યાં સ્મટ્સની સરકારે જાહેરાત કરી કે ''રંગભેદવાળો એશિયાટિક કાયદો પાછો ખેંચાય એમ છે જ નહીં. એ રદ કરવાનું સરકારે વચન આપ્યું છે, એ વાત સાચી નથી. એ તો હિંદીઓનો ભ્રમ છે.'' એ રીતે પહેલી વારની કાચી સમાધાની છ મહિનાથીયે ઓછા વખતમાં જનરલ સ્મટ્સની તરફથી તૂટી અને મોટા મોટા ઘરના નબીરાઓને ફરી વાર જેલ જવાનું આમંત્રણ આપવાની બાપુજીને ફરજ પડી.

પહેલી વારની જેમ જ બીજી વાર પણ જનરલ સ્મટ્સે કર્યું. અઢી અઢી ત્રણ ત્રણ વરસ સુધી કંટાળ્યા વિના સત્યાગ્રહીઓ ટૉલ્સ્ટૉય વાડીએથી નીકળીને ફરી ફરી જોહાનિસબર્ગની ને બીજી જેલોમાં જતા જ રહ્યા; જતા જ રહ્યા. એટલે થાકીને સ્મટ્સ સરકારે ફરી બાપુજી સાથે કામચલાઉ સમાધાની કરી અને પાર્લમેંટની બેઠક મળ્યે હિંદીઓને અનુકૂળ કાયદો કરી આપવાનું વચન આપ્યું. પણ એ વરસે જ્યારે પાર્લમેંટ મળી ત્યારે એણે છબરડો વાળ્યો ને વળી સ્મટ્સ સાહેબની માગણી મુજબ એક વરસની મુદત માટે બાપુજીએ સત્યાગ્રહ મુલતવી રાખ્યો. બીજી બાજુ એ જ અરસામાં આપણા એ વખતના મહાસમર્થ નેતા માનવંતા ગોખલે મહારાજ દક્ષિણ આફ્રિકા આવી પહોંચ્યા. સ્મટ્સ સાહેબે એમને પણ વચન આપ્યું કે ગિરમીટિયા મજૂરો ઉપરનો ત્રણ પાઉંડનો કર અમે હવે નહીં લઈએ. આમ વચનોની દોઢ ઉપર દોઢ થઈ છતાં ૧૯૧૩માં સાવ હળવે હૈયે પોતાની સરકાર તરફથી જનરલ સ્મટ્સે એવી જાતનું સંભળાવી દીધું કે, ''ગોખલેજીને વચન આપ્યાની વાત કોણ કરે છે? અમે એવાં વચનબચન કશાં

આપ્યાં નથી. નકામા માથે ન ચડશો.''

અને સાથે સાથે રંગભેદવાળો કાયદો કાઢી નાખવાનો વરસ પહેલાં કરેલો વદાડ પણ તેઓ ધોળીને પી ગયા! એટલે બાપુજીને ત્રીજી વાર મોરચો લેવો પડ્યો. સદ્‌ભાગ્યે આ ત્રીજી વારનો મોરચો બહુ જબરજસ્ત નીવડ્યો અને સ્મટ્સ સાહેબને ધાર્યા કરતાં બહુ વહેલા ઝૂકવું પડ્યું.

પણ આ વખતેયે તેઓ દગો નથી રમી રહ્યા એની ખાતરી શી? એક વાર હડતાળિયાઓનું જોર ટાઢું પડી જાય ને તેઓ પાછા કામ કરતા થઈ જાય; જેલમાં જવાને બહાર પડેલી સ્ત્રીઓ પાછી ઘરભેગી થઈને પોતાનાં કુટુંબોમાં ગૂંથાઈ જાય અને જુસ્સાદાર સત્યાગ્રહીઓ જરા વાર ગુસ્સો ભૂલી જઈ પોતાના વેપારપાણીમાં ખૂંચી જાય ત્યારે, લાગ જોઈને, સ્મટ્સ સાહેબને ફરી વાર જુદો પેંતરો સૂઝે એમ કેમ ન બને? ન કરે નારાયણ ને તેઓ ફરી પાછા કહી બેસે કે 'જાઓ જાઓ, તમને તે કોણ પૂછે છે? અમને ફાવે તેમ કરશું.' તો એ વખતે કોણ એમનું મોઢું ઝાલવા બેસશે?

આમ છતાં આ વખતે જનરલ સ્મટ્સ ઉપર પૂરેપૂરો અણભરોસો જ કરતા રહેવાય એમ પણ ન હતું. કારણ કે આ વખતની કાચી સમાધાનીમાં ઍન્ડ્રૂઝ સાહેબ જેવા ભારે વગવસીલાવાળા અને ભલા અંગ્રેજ પાદરીની સાક્ષી હતી. તથા હિંદી સરકારના પ્રતિનિધિ તરીકે સર બેંજામિન રોબર્ટસન પણ રીતસરના સાક્ષી હતા.

પણ એકંદરે સ્મટ્સ સાહેબના વિરોધમાં વાતાવરણ એટલું ઊકળી રહ્યું હતું કે અમે ફિનિક્સના બાળકો પણ નાને મોઢે મોટી ચોવટ કર્યા કરતા હતા કે ''બાપુજી વારે વારે આ શું ઊંધું વાળ્યા કરતા હશે! સ્મટ્સ સાહેબ સંકડામણમાં આવ્યા છે તે વખતે એમને નમતું આપવાની ભૂલ શા સારુ કરતા હશે? જેલ જવાની ગરમીનો પારો આટલો બધો ઊંચે ચડ્યો છે એ નકામો શું કામ હેઠો પડવા દેતા હશે?''

પણ અમારા છીછરા મગજની - બાળકોના જ નહીં પણ મોટાઓના પણ એ કાચા ડહાપણની - વાત બાપુજીને મુદ્દલ રુચે એમ ન હતી. તેઓ તો લોકોની ટીકાઓથી જરા વાર પણ અકળાયા વિના સ્મટ્સ સાહેબને લાંબું દોરડું આપ્યે જ જતા હતા અને સૌને ટાઢા પાડીને સમજાવતા હતા કે, જ્યાં સુધી સ્મટ્સ સાહેબ બધું ખોટી દાનતથી જ કરે છે અને તેઓએ ખરેખર જૂઠાણું જ આદર્યું એમ પુરવાર નથી થતું ત્યાં સુધી આપણે એમને જુઠ્ઠા માનીને ચાલીએ એમાં આપણી કશી શોભા નથી અને એમાં કશું શાણપણેય નથી. માણસ ગમે એટલો ખરાબ હોય છતાં કોઈ પણ ઘડીએ એ સારો બની શકે છે. એટલે જો

આપણો વિરોધી પોતાની સાર માણસાઈ બતાવવા આવે તો આપણે એને એ બતાવવાની તક આપવી જ જોઈએ. એક વારનો આપણો દુશ્મન જો ભલો થઈ આપણી સામો આવે તો શું આપણે એની તરફ પીઠ ફેરવવી? અને એને ભૂંડો જ કહેતા રહેવું? એમ કરવા બેસીએ તો આપણે સારા ન ગણાઈએ. એથી ઊલટું જો સામા માણસને ભલાઈ કરવાની આપણે તક આપીએ તો સંભવ છે કે એ ખરેખર ભલો નીવડે અને ભૂંડો રસ્તો છોડી આપણું તેમ જ પોતાનું ભલું કરે. એટલે આપણે ધીરજ રાખીને જોવું જોઈએ કે જનરલ સ્મટ્સનું હૈયું ખરેખર સુધર્યું છે કે નહીં. એમને તક આપવામાં આપણે કશું ખોવાના તો નથી જ.

પણ બાપુજીની એ ઊંચી સમજાવટ ભાગ્યે જ અમારે કોઈને ગળે ઊતરતી હતી. સ્મટ્સ જેવા કુનેહબાજને એક દિવસનીયે તક આપવી કોઈને ગમતી ન હતી, છતાં બાપુજી ઉપર બધા સત્યાગ્રહીઓને ઘણો જ ભરોસો હતો. એટલે સ્મટ્સ સાહેબ પ્રત્યે સહિષ્ણુ બનવાને મન માનતું ન હોવા છતાં બાપુજીના વેણને જાળવવા ખાતર લોકો ધીર ધરી રહ્યા હતા અને ઝટ કાયદા તોડીને જેલો ભરી દેવાની ઉતાવળ કોઈ નહોતા કરતા. પણ સ્મટ્સ બોલ્યું પાળશે નહીં ને જેલ જવું પડશે એવી ધારણા સૌના મનમાં ઘોળાયા કરતી હતી. અને એ વચગાળાનો અવસર મોજ ઉડાવી લેવામાં, સ્વાદિષ્ટ ભોજન આરોગવામાં ને દોસ્તો વચ્ચે ઘૂમતા રહેવામાં વિતાડવાની અંદર જ મોટા ભાગના સત્યાગ્રહી વીરોનું ધ્યાન પરોવાયેલું હતું. જવાબદારીભર્યા રોજિંદા કામમાં સાધારણ રીતે કોઈનું મન ખૂંચતું ન હતું.

પરંતુ સ્મટ્સ સાહેબ ઉપર ભરોસો મૂકવા છતાં બાપુજીને મન એ વખત મુદ્દલ નિરાંત વાળવાનો ન હતો. સૌને ધીરજ બંધાવતા હતા ખરા પણ પોતે તો આંખમાં તેલ આંજીને સ્મટ્સ સરકારની ચોકસી રાખી રહ્યા હતા. સ્મટ્સ સરકારની ઝીણામાં ઝીણી વાતમાંથીયે ક્યાંય આગળ જતાં ફરી પાછો અનર્થ ન થાય એ વિશે મટકું માર્યા વિના પોતે જાગ્રત હતા. સ્મટ્સના શબ્દેશબ્દના ઊંડાણમાં તેઓ પેસી જતા અને ક્યાંયે એની દાનત શક પડતી જણાતી તો તરત સ્મટ્સ સાહેબને તેઓ પોતાની શંકા મોઢામોઢ સંભળાવતા હતા અને દ્વિઅર્થી વાક્ય ફેરવાવીને ચોખ્ખું વાક્ય લખાવરાવી લેતા હતા. ટૂંકમાં, બાપુજીને એ વખત ખરેખરો કટોકટીનો હતો. કેટલા જાગ્રતપણે તેઓ એક એક પગલું મૂકતા હતા એની થોડીક કલ્પના એમના નીચેના કાગળ પરથી મળશે. દસ હજાર સત્યાગ્રહીઓને લઈને ડરબનથી પહેલી જાન્યુઆરી, ૧૯૧૪ને રોજ કૂચ કરવાની પોતાની ઘોષણા દસ દિવસ માટે મુલતવી રાખ્યા પછી વધુ વાટાઘાટ માટે જ્યારે તેઓ દક્ષિણ આફ્રિકાની રાજધાની પ્રિટોરિયા જનરલ સ્મટ્સને મળવા ગયા

ત્યારે તા. ૭મી જાન્યુઆરી, ૧૯૧૪ના રોજ, એ કાગળ લખેલો છે. રેવરંડ ઍન્ડ્રૂઝ પણ તાજા જ હિંદુસ્તાનથી આવીને જનરલ સ્મટ્સ જોડે સમાધાનીમાં મદદ કરવાને બાપુજી સાથે પ્રિટોરિયા ગયા હતા. પૂ. બા ફિનિક્સમાં માંદા હતાં એટલે બાપુજી તરતોતરત પ્રિટોરિયાથી પાછા ફરવા માગતા હતા; પણ સમાધાનીમાં પાછી કચાશ ન રહી જાય એ સારુ પોતે ખૂબ જ ચોક્કસ હતા.

સંવત ૧૯૭૦ના પોષ વદ ૧૦

બુધવાર, પ્રિટોરિયા

ભાઈશ્રી રાવજીભાઈ,

હું મિ. ઍન્ડ્રૂઝ સાથે આજે જ જે. બી. (જોહાનિસબર્ગ) જવાની વકી રાખતો હતો. પણ તેમ નથી થઈ શક્યું. જનરલ સ્મટ્સે મારા કાગળનો જવાબ લખ્યો છે તે સંતોષકારક નથી. તેમાં સુધારો થઈ શકે તો કરાવવાની ઉમેદ રાખું છું. તેથી કાલે રોકાવાનો છું. જો સંતોષકારક જવાબ મળશે તો સમાધાની થઈ એમ નહીં ગણું પણ તે તરફ મહાન પગલું છે. બધું સમજાવવા જેટલો વખત નથી. પાછો હમણાં જ સર બેંજામિનને મળવા જાઉં છું.

મગનભાઈને રોગ નથી જતો એ મને આશ્ચર્ય લાગે છે. તેના રોગની ચેષ્ટા જોવા પણ ફિનિક્સમાં નિરાંતે વખત ગાળવા ઈચ્છું છું. થાય તે કરજો. જનરલ સ્મટ્સનો સંતોષકારક જવાબ મળશે તો નિરાંત કંઈક મળવાનો સંભવ છે. છોકરાઓ પાછા નિયમિત થઈ જાય તે તરફ ખૂબ ધ્યાન આપજો.

મોહનદાસના આશીર્વાદ

આમ જનરલ સ્મટ્સ થાપ ન આપી જાય એની બાપુજીને બહુ જ સાવધાની રાખવી પડી હતી. સત્યાગ્રહની ત્રીજી વારની લડત ત્રણથી સાડાત્રણ મહિના ચાલી હતી એમ કહેવાય. પણ એ લડત પછી સમાધાનીનું સંતોષકારક લખાણ સ્મટ્સ સાહેબ પાસેથી મેળવવા બાપુજીને પ્રત્યક્ષ લડત કરતાં લગભગ બમણો વખત આપવો પડ્યો હતો એમ કહી શકાય. સોલોમન કમિશન ૧૯૧૩ના ડિસેમ્બરમાં નિમાયેલું અને બાપુજીને ૨૦મી ડિસેમ્બરે જેલમાંથી છોડેલા. તે દિવસથી વાટાઘાટ શરૂ થઈ તે ૧૯૧૪ની ૩૦મી જૂને છેવટની સમાધાની થઈને ત્યાર બાદ પણ ૩૧મી જુલાઈ સુધી હિંદીઓના હક બાબત બાપુજીને લેખિત ચોખવટ મેળવતા રહેવું પડ્યું હતું. સાર એ કે પોતાના લડવૈયાઓને ટાઢા પાડીને બાપુજી પોતાના બળે એટલા દિવસ સુધી સ્મટ્સ સરકાર સાથે ઝૂઝયા હતા.

કહેવું હોય તો ભલે એમ કહેવાય કે હજારો ગિરમીટિયાઓ કોયલાની ખાણો અને ચીનીનાં કારખાનાંઓ છોડીને નીકળી પડ્યા એથી દક્ષિણ આફ્રિકાના ત્રણ પાઉંડના કરની લડત જિતાઈ ગઈ. પણ વધારે સાચું એ છે કે પોતાની અણિશુદ્ધ બુદ્ધિમત્તા અને તે સાથે અપાર ઉદારતા વડે જ બાપુજીએ સ્મટ્સ સાહેબને પીગળાવી દીધા હતા, અને ખરેખર એમને સાચી દાનતવાળા બનાવ્યા હતા. એથી કરીને જ એ સમાધાની છેવટની સમાધાની નીવડી. જો બાપુજીએ પોતાના તરફથી જરા જરા વાતમાં જનરલ સ્મટ્સની દાનાઈ ઉપર તીખી તમતમતી ટીકાઓ કરી હોત તો પૂરેપૂરો સંભવ હતો કે સ્મટ્સ સાહેબના મન ઉપર ઊંધો પડઘો પડત અને તેઓ ઉદારતા ભૂલીને કઠોરતાનો આશરો લેત. અને એનું પરિણામ એ આવત કે ત્રીજી વારની સમાધાનીનો ભંગ થઈ ફરી લડત ઊપડતાં વાર ન લાગત. સાધારણ ભૂમિકા પરના સત્યાગ્રહીનું એ ગજું ન હતું કે ચાલાકીથી ભરેલા એ જનરલ સાહેબ સાથે આટલી બધી પાર વિનાની ધીરજ વડે કામ લે. અહિંસક લડાઈનો ઈતિહાસ સમજવા ઈચ્છનારને સારુ બાપુજીએ દક્ષિણ આફ્રિકાની છેલ્લી લડત વખતે જે સત્યાગ્રહ મુલતવી રાખેલો અને પોતાનું જે વલણ લીધેલું, એનું અધ્યયન જેટલું કરી શકાય એટલું કરવું જરૂરનું છે. એ દૃષ્ટિએ મને થાય છે કે જો એ વખતે મારામાં અહિંસાનું શાસ્ત્ર શીખવાની ને સમજવાની બુદ્ધિ જાગી હોત તો કેવું સારું થાત! પણ ત્યારે હું બાપુજીની એ અહિંસક કળાનું સ્પષ્ટ અધ્યયન કરી ન શક્યો. એ વખતે જોયેલું આજે વાગોળવામાં રસ આવે છે એટલે એ વાતનું પિષ્ટપેષણ કર્યા વિના નથી રહેવાતું.

અહિંસક યુદ્ધની ચર્ચા કરતાં બાપુજીએ અનેક વાર સમજાવ્યું છે કે અહિંસક યુદ્ધનું શાસ્ત્ર હિંસક યુદ્ધના શાસ્ત્ર કરતાં ઓછું ગહન નથી હોતું. અહિંસક યુદ્ધ માટે હિંસક યુદ્ધ કરતાં વધારે તૈયારી, વધારે સાવધાની, વધારે કેળવણી, વધારે શક્તિસંગ્રહ, વધારે ચતુરાઈ, વધારે નિરીક્ષણ પરીક્ષણ, વધારે હિંમત અને સમય પારખીને પ્રહાર કરવા ન કરવાની વધારે આવડત જરૂરની છે. બાપુજીએ જનરલ સ્મટ્સ સાથે સમાધાની કરતી વખતે એ બધી કળાઓનો કેટલો સચોટ ઉપયોગ કરેલો એ તે વખતના ઈતિહાસમાંથી મળી આવે છે.

એક બાજુ બાપુજી સ્મટ્સ સાહેબ સાથે સંપૂર્ણ મિત્રતા કેળવવામાં ગૂંથાયા હતા તેમ છતાં બીજી બાજુ, જે ક્ષણે ને જે અધરાતે દગો ફૂટી નીકળે એ જ ક્ષણે ને એ જ અધરાતે એ ઝીલી લેવાને પણ પોતાની તરફથી પૂરી તૈયારી રાખી રહ્યા હતા. પોતાના સૈન્યમાં ઢીલ ન પડે, લડાઈની વાત વિસારે પાડી જુવાનિયાઓ મોજમજામાં ગુલતાન ન થઈ જાય એની પણ બાપુજીએ પાકી ચીવટ રાખી હતી. કહે છે કે હિંસક યુદ્ધમાં એ જ જીતવા પામે છે જે પોતાના

સૈન્યમાં બગાડો કે જડતા પેસવા ન દે (અંગ્રેજી શાસ્ત્રીય ભાષામાં જેને ‘ડિમૉરેલાઈઝેશન’ કહેવાય છે તે ન થવા દે). યુદ્ધના મોરચા ઉપર જરા વાર ઝપાઝપી અટકી ને થોડોક વિસામો ખાવાનું મળ્યું કે તરત જે લશ્કરોમાં શિથિલતા ફેલાઈ જાય છે ને બગાડો વધી પડે છે એ લશ્કર કદી જીતી શકતાં નથી. શિવાજી સામે અપાર મોગલ સેનાનું કંઈ ન ચાલ્યું, પણ એ જ શિવાજીના વારસદાર બનેલા પેશ્વાઓની મોટી મોટી સેનાઓના નાનકડી અંગ્રેજી સેનાઓએ ભુક્કા ઉડાવી દીધા એના મૂળમાં લશ્કરી શિથિલતા વિના બીજું શું હતું? બીજાં ગૌણ કારણ હશે પણ મુખ્ય કારણ જરાક વિસામો મળતાં સૈનિકો ગફલતમાં પડી જતા એ જ હતું. જો શરીરબળના યુદ્ધમાં જડતા અને બગાડાથી ઊગરવાનું એટલું જરૂરનું હોય છે તો પછી આત્મબળની લડાઈમાં પળવાર પણ શિથિલતા શી રીતે નભાવી લેવાય? જેલમાંથી છૂટી આવેલા લોકો પોતાની ઈંદ્રિયોની આળપંપાળમાં પડ્યા રહે, જેલના તપને વટાવી ખાવા નીકળે, અંગત સ્વાર્થ અને અંગત નામના પાછળ પડાપડી કરે, જેલ જવા ટાણે જે કુટુંબનો મોહ ખંખેર્યો હોય એ જ કુટુંબને લાડ લડાવવા માટે ઊંધા વેપારમાં ઊતરી પડે તો અહિંસક લડાઈની કમાણી ધૂળ ભેગી થયા વિના ન જ રહે. બાપુજીના પ્રતાપે દક્ષિણ આફ્રિકામાં એવું બધું બનવા ન પામ્યું અને તેથી જ સત્યાગ્રહની ત્રણ માસની ભવ્ય લડતમાં જે કમાણી થઈ એનો પૂરેપૂરો લાભ દગાખોર ગણાતા સ્મટ્સ સાહેબ પાસેથીયે બાપુજીએ મેળવી લીધો.

મને યાદ આવે છે કે જે ફિનિક્સવાસીઓ ત્રણ ત્રણ મહિના સુધી જેલમાં અર્ધે પેટે રહેલા અને કેવળ સુકાઈ ગયેલા મકાઈના દાણાની કાચીપાકી થૂલી ઉપર તથા બે કટકા પાઉંરોટી પર જ રહીને જેમણે આખો દહાડો પાવડા ચલાવેલા એમનેયે બાપુજીએ ફિનિક્સમાં ઘેરે આવીને નિરાંતે ખાવાપીવા ન દીધું. એ બધાઓને બહાર આવ્યે પાંચસાત દિવસ વીત્યા ન વીત્યા ત્યાં તો એ સૌને માથે એમણે અલૂણાનું વ્રત દર અઠવાડિયે બે દિવસ લેખે ઠોકી દીધું. મને ત્યારે એ બાપુજીનો ખોટો જુલમ દેખાતો હતો. મને, દેવદાસકાકાને, કેશુ, કૃષ્ણ, નવીન, શાંતિ વગેરેને બાપુજી અલૂણું કરાવે એ સમજાતું હતું. અમે જેલમાં નહોતા ગયા. બહાર મગનકાકાએ અમને અનેક સ્વાદ કરાવ્યા હતા. અમે વધારેપડતા સવાદિયા બનીને બગડી ન જઈએ એ બાપુજીની સાવધાની ઠીક હતી. પણ ઘણે ભાગે બેચાર અઠવાડિયાંમાં જ જેમને માથે જેલ જવાનું આવી પડે એમ હતું એવા જેલવાસીઓને બાપુજી બધી મજા લેવા નહોતા દેતા એ મને ચોખ્ખો અન્યાય જણાતો હતો. પણ એ બાળવયે મને જે અન્યાય દેખાતો હતો એ ખરેખર ઘણું જ મહત્ત્વનું અને જરૂરી પગલું હતું એમ હવે શ્રદ્ધા બેસે છે

અને સ્પષ્ટ સમજાય છે કે જો બાપુએ સત્યાગ્રહીઓની લગામ ઢીલી મૂકી હોત તો આજની દુનિયાના મોટામાં મોટા ચાણક્યના દગાખોર સ્વભાવનેયે તેઓ જે પી ગયા એ પી ન શકત. કારણ એમને મનમાં એ વાતનો ધ્રાસકો રહ્યા કરત કે ફરી પાછું લડવું પડશે તો મરી રહેવાના છીએ.

ફિનિક્સમાં બાપુજીએ તપાવી રાખેલી ધગધગતી ભઠ્ઠીની જ એ અસર હતી કે દક્ષિણ આફ્રિકાની હિંદી કોમનો પારો સોલોમન કમિશનના કાળમાં હેઠો ન ઊતર્યો. કમિશનનો રિપોર્ટ બહાર પડતાં સુધી રાહ જોવામાં અને સરકાર સાથે વાટાઘાટ ચલાવવામાં જે વખત વીત્યો એટલા વખતમાં સાધારણ રીતે પ્રજાનો લડાયક જુસ્સો ઓસરી જવાનું મોટું જોખમ હોય છે, એટલું જ નહીં પણ એટલા ગાળામાં તો મોટા મોટા વીર પણ પોતાનું લડાયક ખમીર ખોઈ બેસે છે. એ જ કારણે હિંસક યુદ્ધ કરનારા એટલી વાર સુધી યુદ્ધ અટકાવવા તૈયાર નથી થતા જ્યાં સુધી શત્રુ ફરી હુમલો ન કરી શકે એટલે લગી એને તેઓ છિન્નભિન્ન ન કરી મૂકે. જ્યારે બાપુજીની અહિંસક યુદ્ધનીતિ એવી હતી કે શત્રુપક્ષની હુમલો કરવાની શક્તિ વધી જાય તોયે એમને ચિંતાનું કારણ ન હતું. પોતાની ધખાવેલી ભઠ્ઠી પર એમને સંપૂર્ણ શ્રદ્ધા હતી. અને શત્રુ તરફથી દગો થાય ત્યારે આપણે કંઈ કાયર ને નબળા નથી નીવડવાના પણ આજના કરતાં બેવડા જુસ્સાવાળા અને મજબૂત નીવડવાના છીએ એવી એમને પૂરી ખાતરી હતી. એમની એ અહિંસક ભઠ્ઠીના ધખારા વિશે વધુ હવે પછી.

## ૧૨
## કેપટાઉનમાંની એ સાધના

દક્ષિણ આફ્રિકાના ઈતિહાસની અને ત્યાં બાપુજીએ મેળવેલી જીતની વાત આગળ ચલાવતાં પહેલાં ત્યાંની ભૂગોળ અને રાજબંધારણ ઉપર જરા નજર ફેરવી જવી ઠીક પડશે. દક્ષિણ આફ્રિકાની સરકાર સંઘીય (યુનિયન) સરકાર અને ત્યાંની ધારાસભા સંઘીય ધારાસભા (યુનિયન પાર્લમેંટ) કહેવાય છે. એ સંઘમાં ચાર ભાગો એકઠા મળેલા છે. દરેક ભાગને અંગ્રેજીમાં ‘કૉલોની’ કહેવાય છે. ગુજરાતીમાં એનો અનુવાદ પ્રાંત કરવામાં આવ્યો છે. પણ આપણા હિંદુસ્તાનના પ્રાંતો અને દક્ષિણ આફ્રિકા સંઘના પ્રાંતોમાં એક અંતર રહેલું છે. આપણા પ્રાંતો આખા દેશનો એક કટકો મનાય છે. અથવા કહો કે મધ્યસ્થ સત્તાની એક શાખારૂપ આપણો પ્રાંત હોય છે. અંગ્રેજીમાં આપણા પ્રાંતો ‘પ્રોવિન્સ’ કહેવાય છે, કૉલોની નથી કહેવાતા. હિંદુસ્તાનને દક્ષિણ છેડે આવેલું લંકા કૉલોની કહેવાય છે કારણ એ હિંદ રાજ્યની શાખારૂપ નથી, સ્વતંત્ર છે. એ જ પ્રમાણે

દક્ષિણ આફ્રિકાના પ્રાંતો સ્વતંત્ર છે. એ ચાર પ્રાંતોમાં સૌથી નાનો પ્રાંત નાતાલ. નાતાલમાં હજારો એકર શેરડીનો પાક થાય છે. ચીનીની મોટી મોટી અનેક મિલો આવેલી છે અને કોયલાની પુષ્કળ ખાણો છે. નાતાલ પ્રાંતની લગોલગ ટ્રાન્સવાલ પ્રાંત આવેલો છે. એ સોનાની ખાણનો પ્રદેશ છે. ટ્રાન્સવાલને પડખે ઑરેંજ કૉલોની આવેલ છે. એ પ્રાંતમાં મોટા મોટા હીરા નીકળે છે. અને ચોથો તથા સૌથી મોટો પ્રાંત છે કેપકૉલોની. એ લીલી દ્રાક્ષ માટે બહુ પ્રખ્યાત છે તથા પાર વિનાનાં ફળો ત્યાં થાય છે. આ બધા પ્રાંતો પહેલાં તો આફ્રિકાના મૂળ વતની હબસી લોકોના જ હતા પણ યુક્તિપ્રયુક્તિથી ગોરાઓએ એ પોતાના તાબામાં લઈ લીધા. અને એ ગોરાઓની બુદ્ધિમાં એટલો બધો લોભ રહ્યા કરે છે કે બીજા કોઈ આવીને એ પ્રાંતની સમૃદ્ધિનો આનંદ માણે એ એમનાથી ખમાતું નથી. ત્યાં સંપત્તિ થોડી નથી, બહુ છે. એકલા ગોરાઓ એ બધી સંપત્તિનો ઉપયોગ કરીયે શકતા નથી. પણ એમની વાત તો 'ન ખાવું, ન ખાવા દેવું' જેવી હોય છે. એટલે એ પ્રાંતોમાં હિંદુસ્તાનના, ચીનના કે એશિયાના બીજા લોકોને ઘૂસતા અટકાવવાને ત્યાંની ગોરી સરકારે કાયદા કરેલા. એક તો એ કાયદા રંગભેદને - ગોરી ચામડી વિરુદ્ધ પીળી ને ઘઉંવર્ણી ચામડીને - આધારે બનાવેલા હોઈ અપમાનજનક હતા. પણ એથી વધુ અપમાનજનક એ હતું કે એ ગોરાઓ આપણી પાસે સેવા લઈને બદલામાં આપણને લાત મારવાનો ધંધો છેલ્લાં એંશીનેવું વરસથી કરી રહ્યા હતા. તેઓ પોતે જ દક્ષિણ આફ્રિકાની સુવર્ણ-રસાળ-ભૂમિ ખેડી આપવા માટે વહાણોમાં ભરી ભરીને આપણા હિંદીઓને અહીંથી લઈ ગયેલા અને કેરી ચૂસી લીધા પછી જેમ ગોટલો ફેંકી દેવાય તેમ એ હિંદી મજૂરોની પાસે કામ કરાવી લીધા પછી એમને દક્ષિણ આફ્રિકામાંથી પાછા ધકેલી દેવાનું કરતા હતા. અને તે ઉપરાંત હિંદીઓ પ્રત્યે અપાર સૂગ અને આભડછેટ રાખતા હતા. એટલે કે આપણે બધા ત્યાં ગુલામો હતા અને ઢેડમહેતર હતા. અમેરિકાના ગુલામોની જેમ ત્યાં પણ પેટે પાટા બાંધીને તથા ચાબખાના માર નીચે રાતદહાડો કાળી મજૂરી કરવી પડતી હતી અને આપણા હિંદુસ્તાનના ભંગીઓની પેઠે અહીં ન બેસ, અહીં ન ઊભ, અહીં ન અડ, અહીં ન જો, અહીં ન ચઢ, એમ ડગલે ને પગલે હડે હડે પણ થવું પડતું હતું. અને આ સ્થિતિ દક્ષિણ આફ્રિકાના ઉપર ગણાવ્યા તે ચારે પ્રાંતમાં એક એકથી વધારે કારમી હતી. નાતાલ પ્રાંત નાનો હતો છતાં ત્યાં મજૂરો, વેપારીઓ, કારકુનો વગેરે બધા મળીને લાખેકની સંખ્યામાં હિંદીઓ હતા. ટ્રાન્સવાલમાં થોડાક હજાર જ હતા અને નવાને જવા માટે બહુ મુશ્કેલીએ પરવાના મળતા હતા. ઑરેંજ કૉલોનીમાં તો પૂરા એક સો

હિંદીઓયે ન હતા. તેયે મોટે ભાગે હોટેલોના હમાલો. દુકાનદાર તો નામના જ હતા. તથા દક્ષિણ આફ્રિકાનો મોટામાં મોટો પ્રાંત હોવા છતાં કેપકૉલોનીમાં નાતાલથીયે ઓછા હિંદીઓ રહી શકતા હતા.

જ્યારે બાપુજી વકીલ બનીને ૧૮૯૨માં દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે 'કુલી બૅરિસ્ટર' એટલે કે 'હમાલ' કહેવાયા. એ વખતે ઉપર ગણાવેલા ચારે પ્રાંતોમાં જુદી જુદી સરકાર હતી અને એમાં કોઈને એકબીજા સાથે લેવાદેવા ન હતી. દરેક પ્રાંત હિંદીઓની વિરુદ્ધ પોતાના તોર પ્રમાણે કાયદા બનાવતો. પાછળથી ઈ. સ. ૧૯૦૯માં એ ચારે પ્રાંતનો સંઘ બન્યો અને ભેળી પાર્લમેન્ટ બની ત્યારે ચાર જુદી જુદી સરકારો જોડે માથાફોડ કરવાને બદલે એક જ સરકાર સામે મોરચો લેવાનો રહ્યો. પણ એ મોરચો વધુ સખત અને વધુ અભેદ્ય બન્યો. સત્યાગ્રહનો પ્રારંભ ટ્રાન્સવાલમાં થયો ત્યારે ત્યાંના પ્રધાનોમાં જનરલ સ્મટ્સ મોખરે હતા અને ચારેનો એકઠો સંઘ બન્યો ત્યારે પણ સ્મટ્સ સાહેબ જ પ્રધાનોની ટોળીના આગેવાનોમાં રહ્યા. એટલે બાપુજીને પહેલેથી છેલ્લે સુધી એ જ માણસ સાથે ઝૂઝવું પડ્યું. અને આજે પણ હિંદની આઝાદ સરકારને એ માણસ સાથે જ બાથોડાં લેવા પડે છે. એ માણસ રાજદ્વારી બુદ્ધિમાં ને શબ્દજાળ પાથરવામાં પૂરો ચાણક્ય હતો. અને આજેયે એ આખી દુનિયામાં મુત્સદ્દીઓના શિરોમણિ તરીકે પંકાય છે.

એવા ગોરાઓ અને ગોરાઓના એવા સરદાર સાથે બાખડવામાં આઠ આઠ વરસ સુધી પોતાનાં તન-મન-ધન બાપુજીએ ગાળી નાખ્યાં હતા. અને એમની પાસેથી માણસને છાજે એવી સંમાનભરી સમાધાની કબૂલાવવા માટે બાપુજીએ કેડ કસી હતી. તેઓ જંપ વાળીને પોતાના ફિનિક્સના આશ્રમમાંયે બેસી શકતા ન હતા અને વારે વારે એમને ફિનિક્સથી ડરબન, ડરબનથી જોહાનિસબર્ગ, ત્યાંથી પ્રિટોરિયા અને ત્યાંથી ઠેઠ કેપટાઉન જવું પડતું હતું. એટલું જ નહીં એ જ કામ માટે બે વાર એમને લંડન પણ જવું પડેલું.

જ્યારથી દક્ષિણ આફ્રિકાના ચારે પ્રાંતનો સંઘ બન્યો ત્યારથી મધ્યસ્થ સરકાર બે જગ્યાએ કામ કરતી હતી. કેપટાઉનમાં આખા સંઘની ધારાસભા બેસતી હતી અને ટ્રાન્સવાલમાં આવેલા પ્રિટોરિયાને રાજધાની બનાવી ત્યાં પ્રધાનમંડળ રહેતું હતું. જોહાનિસબર્ગ એ શહેર હતું જ્યાં સોનાની ખાણો હોઈ મોટા મોટા હિંદી વેપારીઓ વસ્યા હતા અને ત્યાં જ બાપુજીનો વકીલાતનો ધીકતો ધંધો ચાલ્યો હતો. ડરબન શહેર ફિનિક્સ આશ્રમ પાસેનું પહેલું શહેર હતું. બાપુજીનું અઠવાડિક છાપું ફિનિક્સના જંગલમાંથી નીકળતું પણ એને લગતું શહેરનું બધું કામ ડરબનમાં જ કરવાનું રહેતું. વળી ડરબન દક્ષિણ આફ્રિકાનો

હિંદી મહાસાગર પર આવેલો દરવાજો ગણાય. હિંદીઓની આવજા ત્યાંથી જ થતી અને કદાચ આખા દક્ષિણ આફ્રિકામાં હિંદી વેપારીઓનું મોટામાં મોટું મથક ડરબન જ હતું. ટૂંકમાં આ રીતે બાપુજીને ચારે શહેરોમાં - ડરબન, જોહાનિસબર્ગ, પ્રિટોરિયા અને કેપટાઉનમાં - કામને અંગે રખડપટ્ટી કરવી પડતી. ફિનિક્સથી જોહાનિસબર્ગ લગભગ ચારસો માઈલ જેટલું દૂર હતું અને જોહાનિસબર્ગથી કેપટાઉનનું અંતર પણ એથી અઢીગણું હતું. એટલે કે ફિનિક્સથી જોહાનિસબર્ગ થઈને કેપટાઉન જતાં બાપુજીને આશરે દોઢ હજાર માઈલની મુસાફરી ખેડવી પડતી. એટલા વિસ્તૃત ક્ષેત્રમાં બાપુજીએ જે કામ કરવાનું પોતાને માથે લીધું હતું એ ઓછું વિરાટ ન હતું.

ફિનિક્સની બહાર બાપુજી ક્યાં છે, શું કામે જાય છે, કોના બોલાવ્યા જાય છે એટલુંયે પૂછવા જેવડો હું ત્યારે ન હતો. બાપુજી આવ્યા અને હવે ઝાઝા દિવસ આપણી સાથે રહેશે અથવા બેચાર દિવસમાં પાછા ચાલ્યા જશે એથી વધુ એમનો કાર્યક્રમ જાણવામાં મને રસ ન હતો. એટલે આજે ગમે એટલું યાદ કરું તોયે પ્રિટોરિયા કેપટાઉન જઈને બાપુજીએ જનરલ સ્મટ્સ સાથે કરેલી વાટાઘાટને અંગે ફિનિક્સમાંયે ચર્ચામાં થઈ રહેલો કશો પ્રસંગ કે મુદ્દો મને યાદ નથી એમાં નવાઈ નથી.

છેલ્લી સમાધાની વખતના બાપુજીના મહાયાનની ભવ્ય છાપ મારા કૂણા મગજ પર રહી ગઈ છે. ઉનાળાના દિવસમાં મહોરી રહેલા આંબાવાડિયા નીચે ખરે બપોરે એકાદ વાર વિસામો લઈ આવનારના મગજમાં અજાણતાંયે જેમ મોરની સુગંધ ઘર કરી જાય છે તેમ બાપુજીએ દર્શાવેલા એ અજોડ માનવ વિકાસની ધીમી સુગંધી મારા અબોધ ચિત્ત પર પણ એવી તો જડાઈ ગઈ છે કે એ વડે મને મારા પોતાના જીવનની અનેક હારમાંયે હાર કબૂલ ન કરવાનું સ્મરણ થતું રહ્યું છે; અને ભોંય પર પછડાઈ જવા છતાં ફરી પાછા ડગલાં માંડવાની અભળખા મને અનેક વાર જાગી છે. પણ મેં કહ્યું તેમ, એ પુનિત પ્રતાપને આજે શબ્દોમાં રજૂ કરવાની મારી શક્તિ નથી. કેવળ એટલું જ કહી શકું છું કે બાપુજી અમારાથી લગભગ એક હજાર માઈલ દૂર કેપટાઉનમાં બેઠા હતા છતાં અમે ફિનિક્સમાં રહેલા બાળકો પણ એમની એ ઉગ્ર તપસ્યા અને ઊંચા આદર્શથી સ્તબ્ધ બની જતા હતા. અને અમારા ચિત્તમાં કંઈનું કંઈ થઈ જતું હતું.

આજે હવે એ ઈતિહાસનું અધ્યયન કરતાં સ્પષ્ટ થાય છે કે વરસોનાં વરસ સુધી બાપુજીએ ફિનિક્સ અને ટ્રાન્સવાલમાં જે વધતાં જતાં તપ આદર્યાં હતાં એના ઉપર એમણે કેપટાઉનમાં કળશ ચડાવ્યો હતો. જે કરાર વડે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ ગુલામોની અધમ સ્થિતિમાંથી ઊગર્યા અને ગોરા લોકોનું

અભિમાન જઈ કાળાઓ પ્રત્યેની એમની સૂગ હળવી બની, તથા હિંદીઓ ત્યાંના કાયદાની દૃષ્ટિએ માણસ જેવા માણસ લેખાયા એ ગાંધી-સ્મટ્સ કરારને જન્મ આપવામાં બાપુજીની વકીલાતની કળાને જેટલો જશ અપાય એથી અનેકગણો વધારે જશ એમની પ્રચંડ તપશ્ચર્યા અને એમના હૃદયના અદ્‌ભુત વિકાસને જ આપવો ઘટે છે.

કેટલી બધી કોમળ ભાષામાં બાપુજીએ જનરલ સ્મટ્સ સાથે વાટાઘાટ ચલાવી હશે અને છતાં એમાં કેટલી દૃઢતા હશે એની અટકળ આપણને બાપુજીએ પોતે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસમાં એ વિષય પર લખેલા પ્રકરણમાંથી મળી રહે છે. એની પુનરુક્તિ અહીં કરવાની જરૂર નથી. પણ બાપુજી જનરલ સ્મટ્સની સાથે ઘણા જ ગૂંચવાડાભર્યા રાજકીય વિષયો ચર્ચી રહ્યા હતા તેની જ સાથે પોતાના અંગત જીવનને કેટલું કસી રહ્યા હતા તથા પોતાની નજર તળે ઊછરી રહેલા વિદ્યાર્થીઓના જીવનમાં ઊંચાં પરિવર્તનો આણવાને કેટકેટલી મથામણ કરી રહ્યા હતા એની વિગતોમાં ઊતરવું અહીં અસ્થાને નહીં ગણાય.

બધા સત્યાગ્રહી કેદીઓ છૂટી આવ્યા અને બાપુજીએ પોતાને હાથે અમને બધાને મીઠાઈ પીરસી ત્યાર પછી ઘણા દિવસ લગી ફિનિક્સમાં બાપુજીની ઉપસ્થિતિનો કોઈ ખાસ પ્રસંગ મને યાદ આવતો નથી. એ પછીનો બાપુજી વિષેનો ખાસ પ્રસંગ, મને બાપુજીના મોટા ભાઈના મરણના સમાચાર પોરબંદરથી આવ્યા અને એ બાબત બાપુજીએ કેપટાઉનથી પત્ર લખ્યો એ જ યાદ આવે છે. એ કાગળ આ પહેલાંના પ્રકરણમાં આવી જ ગયો છે. એ લખ્યાનો દિવસ ૧૯૧૪ના માર્ચની ૧૦મી તારીખનો છે અને દક્ષિણ આફ્રિકાના ઈતિહાસમાં બધા સત્યાગ્રહી કેદી છૂટ્યાની તારીખ ૧૬મી ફેબ્રુઆરી છે. એ ઉપરથી એવી અટકળ થાય છે કે સ્મટ્સ સરકારે જ્યારે સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવાની બાપુજીની માગણી સ્વીકારીને તેને અમલમાં મૂકી ત્યારે પાકી સમાધાનીને અંગે વધુ વાતચીત કરવાને બાપુજી કેપટાઉન ગયા હતા અને પૂ. બાને પણ પોતાની સાથે લઈ ગયા હતા, જેથી પથારીએ પડેલાં બાની જાતે જ સેવાચાકરી કરવાનું પોતે ચાલુ રાખી શકે.

બાને અત્યંત નબળાઈ આવી ગઈ હતી એટલે એમની સેવામાં મદદ રૂપ થઈ પડે એ દૃષ્ટિએ મણિલાલકાકાને પણ બાપુજી પોતાની સાથે કેપટાઉન લઈ ગયા હતા. અને જમનાદાસકાકા પણ ઑરેંજ કૉલોનીના ક્રિશ્ચિયાના ગામની જેલમાંથી છૂટીને બાપુજી પાસે સીધા કેપટાઉન જ પહોંચ્યા હતા.

ફિનિક્સની સોળ જણની ટોળી જેલમાં ગયા બાદ હિંદુસ્તાનથી ઊપડીને અડધો રસ્તો સ્ટીમરમાં અને બાકીનો રસ્તો રેલમાં મુસાફરી કરી જમનાદાસકાકા કેવી રીતે દક્ષિણ આફ્રિકામાં દાખલ થયેલા અને નાતાલથી દૂરના ઑરેંજ કૉલોનીની સાવ એકાંત જેલમાં ગયેલા એ વાતનો ઉલ્લેખ આ પહેલાં આવી ગયો છે. જમનાદાસકાકાની એ બહાદુરીની બાપુજી ઉપર પણ સરસ છાપ પડેલી અને એમણે રાજકોટ મારા દાદાજીને એ બાબતનો પોતાનો સંતોષ લખી જણાવેલો. એટલે જ્યારે જમનાદાસકાકા સમાધાનીને કારણે પોતાની મુદત પૂરી થતાં પહેલાં છૂટ્યા અને બાપુજીને મળવા ગયા ત્યારે અમને પણ પોતાની પાસે જ કેપટાઉનમાં રોકાવાની અને પૂજ્ય બાની સેવામાં રહેવાની રજા મળી. એ વખતે જમનાદાસકાકા કેપટાઉનથી જે પત્રો મગનકાકાને અને મારા પિતાશ્રીને લખતા એમાં બાપુજીના તપ અને પરિશ્રમનું હૃદયવેધક વર્ણન આપતા. આજે એ પત્રો તો મારા હાથમાં નથી પણ એ વખતે એમાંનો સાંભળેલો સાર જે કંઈ થોડોઘણો સ્મરણમાં રહી ગયો છે એ અહીં મારા જ શબ્દમાં આપવાનો પ્રયત્ન કરું છું:

''બાપુનું તપ ભારે છે. ફરાળ તો છે જ અને એમાંયે એકટાણું ચાલે છે. એ ઉપરાંત બાની સેવામાં ઊભે પગે રહે છે. બીજી તરફ બપોરની સખત ગરમીમાં કેપટાઉનના પાકા ડામરના રસ્તા પર માઈલોના માઈલ ઉઘાડે પગે ચાલે છે. એમનાં પગનાં તળિયાં આળાં છે ને ડામર ખૂબ તપી ગયેલો હોય છતાં જ્યાં જાય ત્યાં પગે ચાલીને જ જવાનો આગ્રહ રાખે છે. સમાધાનની વાતચીતને અંગે અનેક સ્થળે એમને મળવા જવું પડે છે. એટલું છતાં પગરખાં ન પહેરવાનું એ નાનું સરખું વ્રત પણ જરાકેય મોળું મૂકવાની વાત નથી કરતા. શરીરને જે કષ્ટ પડે છે એ તરફ જાણે એમનું ધ્યાન જ નથી જતું. બાપુના આવા ભારે તપનો પ્રભાવ કેપટાઉનના કેટલાયે ગોરાઓ ઉપર પણ સારી પેઠે પડે છે. તેમનાં હૈયાં પણ પીગળી જાય છે અને મોટા મોટા ઘરના ગોરાઓ સ્મટ્સને જઈને કહે છે કે, હવે આ હિંદીઓના પ્રશ્નનો ઉકેલ સરખી રીતે અને જલદી આણી દો તો સારું. આપણે વાંકે ગાંધીની વધુ તાવણી થાય એ સારું નથી.''

જમનાદાસકાકાના પત્રોને આધારે ઉપર મુજબની જે વાત મેં નોંધી એ વાત તો થઈ બાપુજીના બાહ્ય તપની. એ સાથે જ એમનું માનસિક તપ અને મનન એ વખતે કેટલાં બધાં પ્રખર બન્યાં હતાં એ વાત નીચેના એમના પત્રો પરથી સમજાશે. એમાં ઉચ્ચ આશ્રમજીવનની અણિશુદ્ધ રીતે વ્રતો પાળવાની તથા કર્મફળના ત્યાગપૂર્વક સતત કર્તવ્યપરાયણ રહેવાની આધ્યાત્મિક ચર્ચા ભરી છે. ફિનિક્સવાસીઓને માટે એમાં માર્ગદર્શન કરેલું છે. એ દિવસોમાં જ્યારે

બાપુજી ફિનિક્સની બહાર જતા ત્યારે વિદ્યાર્થીઓને નિયમસર રાખવાની, એમને કામે ચડાવવાની, જમાડવા કરવાની - એ દિવસોમાં અમે છાત્રાવાસ તેમ જ ગૃહપતિ શબ્દ નહોતા જાણતા, પણ આજે જે ગૃહપતિનું કર્તવ્ય ગણાય છે એની - જવાબદારી શ્રી રાવજીભાઈ ઉપર મોટે ભાગે રહેતી. એટલે આશ્રમજીવનને ઉન્નત કરવા સંબંધી તથા વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડવા સંબંધી બાપુજીનો પત્રવ્યવહાર રાવજીભાઈ દ્વારા વધુ થતો. વળી રાવજીભાઈ પણ એક વિદ્યાર્થીની જેમ નવશિખાઉ સાધક જ હતા અને બાપુજી જે ઝળહળતા આદર્શો રજૂ કરતા હતા તે ભલભલા તત્ત્વજ્ઞાની અને યોગાભ્યાસીનેયે હંફાવે એવા હતા. એટલે રાવજીભાઈને પોતાની અંદર નજરે પડતી કચાશની વાત પણ બાપુજી પાસે મૂકવી પડતી. અને એના જવાબમાં બાપુજી બમણા ઉત્સાહથી પોતાનો આદર્શ સમજાવતા. એ રીતે બાપુજીના આ પત્રો ઘણા જ પ્રેરક બન્યા છે:

કેપટાઉન
શનિવાર

ભાઈશ્રી,

મારી સાથે તમે બધા દોડો એ ઇચ્છિત છે પણ હું એવી આશા બાંધતો નથી. હું કરું છું તે બધું તમે બધા કરો એવી માગણી મેં કદી કરી નથી. પણ જે કરવાનું માથે લો તે તો કરવું જ પડે. બળાત્કારની તો વાત જ નથી. પણ તમે તમારી મેળે સમજપૂર્વક એક વ્યસન છોડો ને પછી મને છેતરો તેમાં દોષ તમારો જ ગણાય. મોટાઓ તેમ જ છોકરાઓ અમુક હદ સુધી પહોંચ્યા એમ આપણે માનીએ. તેઓ અમુક વસ્તુનો ત્યાગ ફિનિક્સમાં કરે છે ત્યાં તે વસ્તુ ત્યાજ્ય સમજે છે, તેમનાથી બહાર જઈને તે જ વસ્તુ કેમ કરાય? અલૂણાની ફરજ કોઈને નથી. જલદ મસાલા, વ્યસનો, મિષ્ટાન્નો, મહા સ્વાદિષ્ટ ભોજન, ચા, કૉફી વગેરે વસ્તુઓ ત્યાજ્ય છે. વિષય, ચોરી, અસત્ય, મોડું ઊઠવું વગેરે વસ્તુઓ બધાને ત્યાજ્ય છે. આ ધોરણ જેને આકરું લાગે તેનાથી ફિનિક્સમાં કેમ રહી શકાય? દરેક સંસ્થાઓના અમુક ધારા હોય છે. તે ધારાને બહાર અને અંદર બધે પાળવા જ જોઈએ. ન પાળે તેનું સંસ્થામાં રહેવું મિથ્યા છે.

તમે કહેવા માગો છો તે આ છે: મારી શરમને લીધે છોકરાઓ અને બીજા કેટલુંક કરે છે પણ સ્વતંત્રપણે નથી કરતા. ને તેથી તેઓ છેતરે છે. આ મારો દોષ હોય પણ તેમાંથી હું એક જ રીતે મુક્ત થઈ શકું એટલે કે મારે કોઈની સાથે ન રહેવું. એ હાલ મારું કર્તવ્ય નથી લાગતું. કોઈ શરમને લીધે મારી માગણી વિના અલૂણું કરવાનું ડોળ કરી મને છેતરે તેમાં હું કેમ દોષિત બનું? તમે અલૂણું નથી કરતા તેથી હું કંઈ તમને ઓછો ચાહું છું અને જમનાદાસ તદ્દન ફળાહારી

છે તેથી તેને વિશેષ ચાહું છું એવું કાંઈ નથી. અલૂણા-લૂણમાં કંઈ પાપપુણ્ય નથી, તેમાં જે રહસ્ય છે તેમાં પાપપુણ્ય છે. ઈમામસાહેબ કોઈ કાળે અલૂણું નહીં કરે તેથી મને અપ્રિય નથી. મિસ શ્લેશિન બધી બાબતોમાં મારાથી વિરોધી વર્તન કરે છે છતાં તેનું ચારિત્ર્ય કેટલેક દરજ્જે તમારા બધા કરતાં હું બહુ ઊંચું ગણું છું. બધા ફેરફારોમાં યથાશક્તિ સંયમ કરવાનો ને તેમાં વધારો કરવાનો આપણો ઉદ્દેશ છે. તે જેને કબૂલ ન હોય તેણે મને તજવો એ મારું વચન તે રાત્રે હતું. અને તે યથાર્થ જ લાગે છે. સંયમ એટલે અલૂણું કરવું એમ ન સમજજો. તમે બે દહાડાનો સૂકો રોટલો ને મીઠાની કણી ખાઈને જીવન ગુજારો તે હું અનેક પ્રકારના મેવાનો સ્વાદ કરું તેના કરતાં ઘણું ઊંચું હોઈ શકે છે. તમે શા હેતુથી સૂકો રોટલો ખાઓ છો ને હું શા હેતુથી મેવાદિ ખાઉં તેના ઉપરથી કાર્યની શુદ્ધતાનો નિર્ણય થાય. પવિત્રતા પારકાના આક્ષેપોથી લજાતી નથી પણ વિશેષ પ્રબળતા પામે છે.

તમારાથી કંઈ પણ અયોગ્ય બન્યું હોય તો તમે મને બધું કબૂલ કરી દેજો. તેમ કર્યા વિના અપવાસ અથવા સેંકડો પ્રાયશ્ચિત્તો ફળવાનાં નથી.

હું ત્યાં આવવા તલપી રહ્યો છું પણ મારું કર્તવ્ય છોડાય તેમ નથી.

કરેલી પ્રતિજ્ઞા હું પાછી ખેંચું એ સૂર્ય પશ્ચિમમાં ઊગે તોપણ ન બને. માણસ પોતાનાં પણ સહેલથી જાળવી શકતો નથી.

તમને બંનેને આ કાગળથી રોષ ચડશે પણ મારા મનમાં છે તે ન લખું તો મારામાં જે કંઈ સત્ય હોય તેને ડાઘ લાગે ને તમારું બૂરું કરનારો બનું. તમને દુ:ખ ઉત્પન્ન કરવું એ અત્યારે મારો ધર્મ થઈ પડ્યો છે.

મોહનદાસના આશીર્વાદ

કેપટાઉન

ફાગણ સુદી ૧૦ રવિવાર

[તા. ૮ માર્ચ ૧૯૧૪]

ભાઈશ્રી,

હૃદય પવિત્ર હોય તો વિકારેંદ્રિયને વિકાર પામવાપણું રહે નહીં. પણ હૃદય એટલે શું? તે ક્યારે પવિત્ર માનવું? હૃદય એ જ આત્મા છે અથવા તો આત્માનું સ્થાન છે. તેમાં પવિત્રતા માનો એટલે શુદ્ધ આત્મજ્ઞાન થયું ને તેની હયાતીમાં ઈન્દ્રિય વિકાર સંભવે જ નહીં. પણ સાધારણ માન્યતા એવી છે કે જ્યારે આપણે હૃદયને પવિત્ર કરવા મથીએ છીએ ત્યારે તે પવિત્ર થયું ગણીએ છીએ. તમારી ઉપર મારી પ્રેમવૃત્તિ છે. તેનો અર્થ માત્ર એટલો જ કે તેવી વૃત્તિ રાખવા

હું પ્રયત્નવાન છું. જો અખંડ પ્રેમવૃત્તિ હોય તો હું જ્ઞાની થયો. તે તો નથી. જેના પ્રત્યે મારો ખરો પ્રેમ હોય તે મારા હેતુનો કે બોલનો અનર્થ ન કરે, તે મારી ઉપર તિરસ્કાર પણ ન જ કરે. એટલે એમાંથી આ સિદ્ધ થયું કે જ્યારે આપણને માણસ શત્રુ ગણે છે, ત્યારે દોષ પ્રથમ તો આપણો છે. આ ગોરાઓના આપણા પ્રસંગને પણ લાગુ પડે છે. માટે સર્વાંશે હૃદયની પવિત્રતા એ છેવટની સ્થિતિ છે. દરમિયાન જેમ આપણે પવિત્રતામાં ચડીએ તેમ વિકારો શમે. વિકાર ઈન્દ્રિયમાં રહ્યો જ નથી. मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः। ઈન્દ્રિયો એ મનોવિકારને પ્રદર્શિત થવાનાં સ્થાન છે. તે વડે આપણે મનોવિકારને ઓળખીએ છીએ.

એટલે ઈન્દ્રિયોનો નાશ કરવાથી મનોવિકાર જતા નથી. જન્મે નપુંસક પુરુષમાં એટલા બધા વિકાર હોય છે કે ઘણાં અકાર્ય કરતા જોવામાં આવ્યા છે. મારી ગંધશક્તિ મંદ છે છતાં સુવાસ લેવાનું મન થાય છે ને જ્યારે કોઈ ગુલાબ વગેરેની વાસની વાત કરે છે ત્યારે મન ગધેડાની માફક તે તરફ દોરવાઈ જાય છે ને બળાત્કારે કાબૂ મેળવી શકાય છે.

જ્યારે મન ઉપર કાબૂ ન રહે છતાં વિચારશ્રેણી તીવ્ર હોય ત્યારે ઈન્દ્રિયછેદન કરતા માણસો સાંભળ્યા છે. તેવે વખતે એ કર્તવ્ય હોય એમ સંભવે છે. મારું મન ચલિત થયું ને મારી બહેન ઉપર કુદૃષ્ટિ કરું, મને કામ બાળે છે, પણ હું કેવળ મૂઢ નથી થઈ ગયો. તે વેળાએ જો બીજો ઉપાય ન હોય તો ઈન્દ્રિયછેદન કરી નાખવું એ પવિત્ર કાર્ય છે, એમ લાગે છે. આવું ધીમે ધીમે ચડનાર પુરુષને નથી બનતું. જેને તીવ્ર વૈરાગ્ય આવ્યો હોય પણ જેનું ભૂત વર્તન ઠીક ન હોય, તેને બની આવે ખરું. વિકાર ઉત્પન્ન ન થાય અને ઈન્દ્રિય ન ચલે તેને સારુ તાત્કાલિક ઉપાય (ઈલાજ) માગવો એ વંધ્યાપુત્રને ઈચ્છવા જેવું છે. તે કામ ઘણી જ ધીરજથી થાય. જાદુઈ આંબો જેમ માત્ર જોવાનો હોય છે તેમ તાત્કાલિક મનશુદ્ધિ વિશે સમજવું. હા, એટલું બને છે, મન પવિત્ર થવા તૈયાર થયેલું હોય છે, માત્ર સંત સમાગમ રૂપ પારસમણિ શોધે છે, તે મળ્યે પોતાની પવિત્રતાનું એકાએક દર્શન કરે છે ને અપવિત્રતા એ સ્વપ્નવત્ જણાય છે. આ કંઈ તાત્કાલિક થયું ગણાય નહીં. પણ સાધારણ ઈલાજ તે ટૂંકામાં ટૂંકો ને તેટલે દરજ્જે તાત્કાલિક તે આ છે:

એકાંતસેવન, સત્સંગ, શોધન, સત્કીર્તન, સત્વાચન, નિરંતર શરીરમન્થન, અલ્પાહાર, ફલાહાર, અલ્પનિદ્રા, ભોગવિલાસ ત્યાગ. આટલું જે કરી શકે તેને મનોરાજ્ય હસ્તામલકની જેમ પ્રાપ્ત થાય. તેટલું કરવું ને બીજાનું ધ્યાન ધરવું. જ્યારે જ્યારે મનોવિકાર થાય ત્યારે ત્યારે ઉપવાસાદિ વ્રતો પાળવાં....

....નું કામ તે રાવણની પ્રવૃત્તિ જેવું હતું. તેણે તપશ્ચર્યા કરી રાક્ષસી વૃત્તિ મેળવી. રામચંદ્રે તપશ્ચર્યા કરી દૈવી વૃત્તિ સંપાદન કરી. એમ એક જ કાર્યના હેતુ રૂપે જુદાં જુદાં ફળ મળે છે.

ખેતરનું કામ બરાબર ન ચાલતું હોય, ને ખરેખર તમારો જ દોષ જોવામાં આવતો હોય તો તેને ઉત્સાહપૂર્વક નસાડો. તમે જે મોટેરાઓ છો તેમની રહેણીકરણી ઉપર છોકરાંઓની રહેણીકરણીનો આધાર છે.

મોહનદાસના આશીર્વાદ

કેપટાઉન, ફાગણ વદ ૨
[તા. ૧૪મી માર્ચ ૧૯૧૪]

ભાઈશ્રી,

તમારો કાગળ વાંચ્યો. ફરી વાંચ્યો. શંકરાચાર્યે એક શ્લોક કહ્યો છે. તેમાં એવું છે કે સમુદ્રકિનારે બેસી ઘાસની સળી ઉપર પાણીનું બિંદુ મૂકી સમુદ્ર ઉલેચતા માણસને જેટલી ધીરજ જોઈએ અને એને જેટલી વાર લાગે તેના કરતાં વધારે ધીરજ અને વખતની જરૂર મનને મારવામાં એટલે મોક્ષ સાધવામાં જોઈએ. તમે તો ઉતાવળા થઈ ગયા લાગો છો!

મરણનો ભય, મેં બહુ વિચાર્યું છે તોપણ, મારોયે નથી ગયો. છતાં હું અધીરો નથી થતો. પ્રયત્નવાન રહું છું, તે કોઈક દિવસ મુક્ત થઈશ જ. પ્રયત્ન કરવાનો એક પણ લાગ ન છોડશો. એ આપણું કર્તવ્ય છે. પરિણામ લાવવું કે ઈચ્છવું એ પ્રભુ આધીન છે. પછી પંચાત શાને? માતા બાળકને ધવરાવતાં પરિણામનો વિચાર નથી કરતી. તેનું પરિણામ તો આવે જ છે. મરણભય ટાળવા - મનોવિકાર નસાડવા - પ્રયત્ન કરી પ્રફુલ્લિત રહો એટલે જશે. નહીં તો વાંદરાનો વિચાર ન કરવાના વિચાર કરતાં વાંદરો વિચારમાં આવ્યા જ કર્યો એવું થશે.

આપણે પાપયોનિમાંથી જન્મ્યા, પાપકર્મથી દેહાધીન થયા તે બધા મળ તમે એક પળમાં કેમ ધોઈ શકશો?

'સુતર આવે તેમ તું રહે, જેમતેમ કરીને હરિને લહે' એ બોધ અખા ભગતે કર્યો છે. તુલસીદાસજી કહે છે કે સંકટ હોય યા ન હોય પણ રામનામ જપો એટલે સર્વાંશ સિદ્ધ. આપણે તો એ જ અર્થ સિદ્ધ કરવાનો છે. એટલે તે જપ જપ્યા કરજો. રામ કયા તે મનની સાથે નિશ્ચય કરી લેવો. તે રામ નિરંજન છે, નિરાકાર છે, રાક્ષસી વૃત્તિઓના સમૂહરૂપી રાવણનો દૈવી વૃત્તિઓ રૂપી અનેક પ્રકારનાં શસ્ત્રો વડે સંહાર કરનાર છે. તે પ્રાબલ્ય માટે બાર વર્ષની તપશ્ચર્યા

કરનાર છે. છેવટમાં શરીરને કે મનને એક ક્ષણભર પણ નવરાં ન રહેવા દેવાં. ઉત્સાહપૂર્વક બંનેને કામે લગાડ્યાં એટલે તમારી ઉપાધિમાત્ર ટળશે જ. બાકી તો પ્રભુ પર ભરોસો રાખવો ને મારી ઉપર રાખવો, એ ફાંફાં છે. એ બધા ભરોસા ઉપરનું કર્યા પછી કામ આવશે.

આપણે માગીએ તેવા જ દેવ મળે છે, એ યાદ રાખવું. તુલસીદાસે રામચંદ્રને માગ્યા ત્યારે કૃષ્ણ શ્રીરામ થયા અને લક્ષ્મીજી સીતાજી થયાં.

મગનભાઈની ઉધરસ કાઢજો. કારણ શોધજો.

મોહનદાસના આશીર્વાદ

કેપટાઉન, ફાગણ વદ ૧૦

[તા. ૨૨-૩-૧૯૧૪]

ભાઈશ્રી,

તમારો કાગળ મળ્યો. તમારા અપવાસનું મેં સાંભળેલું. તમે સકારણ કર્યા હોય તો મારે કંઈ પણ કહેવા જેવું નથી. તમને ત્યાં એકાંત ન જ મળે. ફિનિક્સમાં બાહ્ય પ્રવૃત્તિ વિશેષ રહેવી જોઈએ. તેમાં શાંતિ છે. ત્યાં સેવાધર્મ પ્રધાન છે.

* * *

એક દાખલો મારો આપી જાઉં છું. બાએ આદુની ઈચ્છા કરી. આદુનું મને વ્રત ન હતું તેથી મેં તેની સાથે જ તેના ગુણ જોવા ખાવાનું શરૂ કર્યું. બાની જીભ સ્વાદીલી છે. બાએ આદુનાં મૂળિયાં શોધ્યાં. મને તો તેની ઉપર રાગ ઉત્પન્ન થયો, તે એટલે સુધી કે ચારપાંચ ચણા જેટલાં એ કોમળ મૂળિયાં હું પણ ચાવી જતો. એક દહાડો બાએ ખૂબ મૂળિયાં મિસિસ ગુલની ટોપલીમાંથી શોધી કોટડીમાં મૂક્યાં. હું તો જોઈને ત્રાસ પામ્યો. રાત વીતી, સવારમાં વહેલાં ભડકી ઊઠ્યો! આદુ કેમ ખવાય! જેની એક ગાંઠમાંથી અનેક મૂળિયાં પેદા થાય એમાં તો બહુ જીવ હોવા જોઈએ! વળી કૂણાં મૂળિયાં ખાવાં એ તો કૂમળાં બાળકને મારી નાખ્યા બરાબર થયું! મારી પોતાની ઉપર મહા તિરસ્કાર છૂટ્યો. આ દેહમાં તો આદુ ન જ ખાવું એ ઠરાવ કર્યો. રમત તો હવે આવે છે. બાએ જોયું કે હું આદુ નથી ખાતો. કારણ પૂછ્યું. સમજાવ્યું. તે પણ સમજી. અતિ કોમળ મૂળિયાં લઈ ગઈ. મને બાકીનામાંથી ખાવાનો આગ્રહ કર્યો. મેં ના પાડી. વ્રત તો ચાલુ જ છે. પણ જીભ અને આંખ કૂતરાં છે. આંખ જુએ છે ત્યારે આદુ લેવાની ઈચ્છા થાય છે. જીભ તલપી રહે છે. પણ એંઠા ઉપર તલપતું કૂતરું જેમ ધણીને જોઈને એઠું લેવાની હિંમત પણ નથી કરી શકતું તેમ આત્મારામજી તે જુએ છે તેથી જીભ તે આદુને નથી અડી શકતી. આદુ તો મારી નજરે આખો

દિવસ આવ્યા જ કરે છે, કેમ કે જ્યાં મારાં કાગળિયાં પડ્યાં છે ત્યાં જ તે પડ્યું છે. અત્યારે મારી દશા એવી છે કે, સાકર, નિમક છોડતાં અઘરું ન લાગ્યું તેટલી આદુ ઉપરથી વૃત્તિ ઉઠાવતાં વાર લાગે છે.

હવે તમે તમારો દોષ શો કાઢશો? મનને પીધેલ વાંદરાની ઉપમા આપી છે એ ખોટું નથી. મારી પાસેથી જ્ઞાન શીખવવાની મહા આશા રાખો તે પણ કેવી? આપણે બધા એક જ ખોખરા વહાણમાં છીએ. તેમાં અનુભવરૂપી જ્ઞાન મને વિશેષ હોવાથી હું બતાવું ત્યાં તમે ડગલીઓ મૂકો તો ભલે. આપણે બધા અંધારામાં છીએ, ને એક જ શોધમાં છીએ. મારા પગ જરા વિશેષ બળથી ને વિશ્વાસથી પડતા હોય તો ભલે, તેથી વિશેષ માનવૃત્તિ મારે વિશે રાખવી તે પણ તમારી ઉન્નતિ રોકવા જેવું છે. જ્યારે હું બધાં કામોને જીતીશ, ત્યારે તમને કે બીજાને બેધડકપણે જ્ઞાન આપીશ. અત્યારે તો આપણે એકસાથે જોર કરી મોક્ષ આપનાર નારાયણને શોધીએ ને તે શોધમાં પડતાં, આખડતાં, માર ખાતાં પણ હિંમતપૂર્વક ધીરજ રાખી આગળ જઈએ.

મોહનદાસના આશીર્વાદ

બાપુજીની સાધનાનાં જેટલાં પાસાં જુઓ એટલી એ વધુ ઝળહળતી લાગે છે. કેપટાઉનમાં સ્મટ્સની સાથે છેવટની સમાધાની કરવામાં બાપુજી જેટલા એકાગ્ર બન્યા હતા એટલા જ એકાગ્ર મનને પૂરેપૂરું જીતી લેવા પાછળ પણ બન્યા હતા. બંને દિશાએ શક્તિ અને ચુસ્તી વાપરવામાં કચાશ નહોતા રહેવા દેતા. એમણે પૂરેપૂરી કમર કસી હતી. અને તેયે આદુ ખાઈને નહીં પણ આદુ છોડીને!

## ૧૩
## મૃત્યુનો સંગાથ

મીઠો મૃદુલ તડકો ફિનિક્સ સંસ્થાની ભૂમિ ઉપર ચોદિશ પથરાઈ રહ્યો હતો. ઋતુએ પોતાનું સૌમ્ય-પ્રસન્ન રૂપ પ્રકાશ્યું હતું. પશ્ચિમ તરફની નાજુક ટેકરીઓ આકાશમાંથી વરસી રહેલા સોનરી તડકાને પોતાની મજાની લીલી લીલી પછેડી તળે હરખભેર સંતાડી રહી હતી. ઉત્તર તરફની દૂર દૂરની ટેકરી પર ખેતરો કે ઝૂંપડાં ન હતાં એટલે ત્યાંનું આછું પીળું ઘાસ, ભૂખરા પથરા અને રતૂમડી જમીનવાળા ચટાપટા સાથે તડકાએ રમત માંડી હતી. અને અમારે આંગણે આવેલા બગીચાઓમાં કેળાં, સંતરાં, રામફળ, સીતાફળ, અનેનાસ, સફરજન, કેરી, એવોકાડાપેર, ગ્રેનેડેલા, જાંબુ, શેતૂર, લોક્વટ, પીચીસ વગેરેનાં ફળઝાડ પોતાની સળવળતી જીભના લપકારા વડે કૂણો કૂણો તડકો આરોગી રહ્યાં હતાં.

અરુણોદયથી માંડીને કરવાનું અમારું ખેતીનું કામ પતી ગયું હતું ને તે પછીના બે કલાકનું નિશાળનું ભણતર પણ પૂરું થઈ ગયું હતું. ઘણાખરા શિક્ષકો અને વિદ્યાર્થીઓ અમારી ટેકરી તળે આવેલા વહેળા ઉપર નહાવાધોવા જઈ પહોંચ્યા હતા અને જમવાનો ઘંટ થાય તે પહેલાં તૈયાર થઈ જવાની સૌને ઉતાવળ હતી. મને કશી ચિંતા ન હતી કારણ મારાં કપડાં ધોવાનું કામ મારી બા ઉપર રહેતું અને નિશાળે મોકલતાં પહેલાં તેઓ જ મને ઘેરે નવરાવી લેતાં. એટલે હું મોજભર્યો ટહેલવા નીકળ્યો.

હવામાં ઠંડી ન હતી તેમ ગરમીયે ન હતી. બહુ ખુશનુમા દિવસ હતો, વાદળાં વિનાનો અને પવનના ઝપાટાઓ વિનાનો. જોકે, એ ઉંમરે મને ટાઢથી ગભરાઈ ઊઠવાનું, ગરમીથી ત્રાસી જવાનું કે વરસાદથી અકળાઈ જવાનું ભાન ન હતું છતાં આવી સમધારણ મોસમનો આનંદ રેલાય ત્યારે મારાથી છાના બેસી શકાતું નહીં. છૂટા થઈ ગયેલા લગામ વિનાના ઘોડાની હડિયાપટ્ટી જેમ ઘાસના ખુલ્લા મેદાનમાં અટકાવી અટકે નહીં તેમ ફિનિક્સનાં ઝાડપાન અને ઘાસ વચ્ચે મારી અહેતુકી દોડાદોડ ચાલ્યા જ કરતી. ક્યાંક પક્ષીની પાછળ જોઉં તો ક્યાંક ફળઝાડોના નવા નવા મોર અને કળીઓ જોવા પહોંચતો. તે દિવસે પણ નિશાળમાંથી છૂટતાંની સાથે હું અમારા રહેઠાણની ટેકરીને મથાળેથી દોડતો દોડતો પ્રેસ પાસેના જાંબુનાં ઝાડ જોવા પહોંચ્યો. જાંબુડાને ફળ ન લાગ્યાં હોય તોયે એનાં બેચાર કૂણાં પાંદડાં મસળી મસળીને સૂંઘવામાં મને બહુ મજા પડતી. જાંબુની દોસ્તી પતાવીને હું હળવે હળવે પાછો ટેકરી ઉપર ચડવા લાગ્યો. એ વેળા મેં વધારે સૂનો ને ઓછી અવરજવરવાળો રસ્તો લીધો અને સંતરાંનાં ઝાડોની શોભા નિહાળતો અને હાથની આંગળીઓ નચવતો હું બાપુજીના ઘર પાસે જઈ પહોંચ્યો. એટલામાં રસ્તાની વાડની બાજુએ મેં અચાનક મગનકાકાને બેઠેલા જોયા ને હું ચમક્યો. કોઈ આ રસ્તે સામું મળવાનું નથી એ આશાએ જ હું આ રસ્તે લહેરમાં ચાલ્યો આવતો હતો. મગનકાકાને જોઈને હું વિચારમાં પડ્યો: મગનકાકા અહીં ક્યાંથી? આ શો ગોટાળો છે? કોઈ વાંકમાં તો નથી આવ્યું ને? જરા આગળ વધ્યો અને મારા દોસ્તદારો કુપ્પુસ્વામી વગેરે દેખાયા. બધા કૂંડાળું વળી બેઠા હતા. મને કંઈ સમજણ જ ન પડી કે શું ચાલી રહ્યું છે. કોઈ ખિજાયેલું નહોતું દેખાતું. કોઈનો ચહેરો ઊતરી ગયેલો ન હતો. તેમ કોઈ હસતુંયે ન હતું. વધુ પાસે પહોંચીને મેં જોયું કે એક અજાણ્યા માણસને બે જણે પકડી રાખેલો હતો. એક જણે એનો પગ ઝાલી રાખ્યો હતો અને મગનકાકા એના પગની પિંડી ઉપર પાડેલા એક કાપમાંથી દાબી દાબીને કાળાશ પડતું લોહી કાઢી રહ્યા હતા. ઝપાટાથી લોહી બહાર આવતું અટક્યું ત્યારે મગનકાકાએ વળી

પોતાના હાથમાં તીણી નાની ભાલડી લીધી અને વધુ ઊંડો છરકો મૂકી વધારે લોહી કાઢ્યું. જ્યાં સુધી કાળું લોહી નીકળી જઈ ચોખ્ખું લાલ લોહી ન આવવા લાગ્યું ત્યાં સુધી મગનકાકાએ છરકો મેલવાનું ને જોર જોરથી અડખેપડખેની નસો દાબીને લોહી કાઢવાનું ચાલુ રાખ્યું. છરકાથી થોડે ઉપર કપડાનો એક સખત પાટો પણ બાંધી લેવામાં આવ્યો હતો. જ્યારે ચોખ્ખું લોહી ઘામાંથી નીકળવા લાગ્યું ત્યારે મગનકાકાના કપાળની કરચલી ઊતરી અને સ્મિત કરતાં તેઓ બોલ્યા: ''ઝેર નીકળી ગયું. હવે પરમૅન્ગેનેટ ભરીને પાટો બાંધી દઈએ એટલે બસ.'' અને એમ કહી તેમણે ગોઠણ પાસે બાંધી રાખેલો પાટો છોડી લઈ એ ઘાવાળી જગ્યાએ પરમૅન્ગેનેટ ભરવા માંડ્યું. એ ટોળામાંના એક જણે પૂછ્યું: ''સરપ તો લીલો એટલે પૂરો ઝેરી, ખરું ને? એનું ઝેર બધું સાફ થઈ શકે ખરું?''

મગનકાકાએ કહ્યું: ''લીલા સરપનું ઝેર પૂરું જોખમવાળું પણ હવે આના પગમાં ઝેર મુદ્દલ જણાતું નથી. સારું થયું કે દાંત બહુ ઊંડે નહોતો પહોંચ્યો. ભગવાન કરશે તો હવે આને કશી ઈજા થવાની નથી.'' એમ કહી એમણે પાટો બાંધવાનું કામ પૂરું કર્યું ને પછી એમણે પેલા ભાઈનો હાથ પકડીને ઊભો કર્યો. જરાક વાર ઊભા રહ્યા પછી પોતાની ફાટેલી પાઘડી ઠીકઠાક માથે બાંધી, મગનકાકા ઉપર શ્રદ્ધાભરી નજર વરસાવતો ખોડંગતો ખોડંગતો એ ટેકરીના નીચાણમાં ચાલ્યો ગયો. એનો ગભરાટ ઓછો કરવા થોડે દૂર સુધી એને એક જણે ટેકો પણ આપ્યો.

મારું કૌતુક સમાતું ન હતું. મગનકાકા ગયા એટલે મેં કુપ્પુસ્વામીને બધું પૂછ્યું. તેણે જણાવ્યું કે એ ગિરમીટમાંથી છૂટેલો એક 'ભૈયો' છે. સામેની ટેકરી પર રહે છે. રસ્તે જતાં એને લીલો પાતળો સરપ કરડ્યો. સરપ તો ભાગી ગયો પણ સારું થયું કે એણે તરત પગ બાંધી દીધો અને અહીં આવ્યો. તુરત જ ઉપાય ન થયો હોત તો એ બચવો મુશ્કેલ હતો.

આ કિસ્સા પછી અમને વિદ્યાર્થીઓને નાનકડી ભાલડીઓ આપવામાં આવી. ત્યાં અમે એને લેન્સેટ કહેતાં. લેન્સેટ મોટાઓ પાસે તો રહેતાં જ હતાં પણ હવે એ મારા જેવા નાના છોકરા પાસે પણ રહેવા લાગ્યાં. ફિનિક્સમાં સરપ તો સેંકડો જોયા હતા. સવાર, સાંજ, બપોર જ્યારે ને ત્યારે નજરે પડતા. પણ સરપ કરડ્યાનો આ એક જ દાખલો મને યાદ આવે છે. અને તે પણ અમારી સંસ્થામાં નહીં પણ સામેની ટેકરી પર કરડેલો. પણ આ પ્રસંગ પછી મને સરપની બીક વધી ગઈ. મારું 'લેન્સેટ' હું ખિસ્સામાંથી વેગળું કરતો જ નહોતો. એ એક ચમકતી, તીખી ધારની, ફાઉન્ટન પેનની નીબ જેવડી જ ભાલડી હતી. એના મથાળેની પોલમાં પોટાશ પરમૅન્ગેનેટ ભરી રાખવામાં

આવતું જેથી અકસ્માત થયે તીણા પાનાથી લોહી કાઢીને ઘામાં લાલ દવા ભરી શકાય. મને એ રમકડું જેટલું મજાનું લાગતું એટલો એનો ડર પણ લાગતો. કોઈના હાથમાં ઉઘાડું લેન્સેટ જોઉં કે પેલો માણસ ને સરપનો ડંખ યાદ આવે. જંગલમાં એવી રીતે એકલા મરી જવાય તો શું થાય એના વિચારથી હું છળી ઊઠતો. છતાં મરણનો એ ડર ભૂલી જતાંયે પાછી વાર ન લાગતી અને ટેવ પ્રમાણે બીડમાં ને બગીચામાં જ્યાંત્યાં ઘૂમવાનું હું ચાલુ રાખતો. સરપ કરડવાનો આ કિસ્સો હજુ તાજો જ હતો ત્યાં એક બીજી હોનારત થઈ અને સૌની પાછળ ડગલે ને પગલે કેવી રીતે મોત ભમી રહ્યું છે એનો પરચો અમને મળ્યો તથા મારા જેવા કેટલાયનું મન મોતના ડરથી કાંપી ઊઠ્યું.

મોસમ એ દિવસે પણ સુંદર હતી. સરસ તડકો તપી રહ્યો હતો. પવન વધારે હતો પણ બહુ જોરથી ફૂંકાતો ન હતો. અઠવાડિયામાં અમારે સોમવારે ને ગુરુવારે અલૂણાનો આહાર ચાલતો, તેમાં એ ઘણે ભાગે ગુરુવારનો દિવસ હતો. બાપુજીના ઓરડામાં ભોજનના લાંબા મેજને સામે છેડે ખુરશી ઉપર બેઠો બેઠો હું રસભેર ઊનું ઊનું ગળમાણું ચમચા વડે પી રહ્યો હતો. મારું ધ્યાન ગળમાણામાં આવતી વરિયાળી ને દ્રાક્ષ શોધી કાઢવામાં હતું. મેજની બાજુની બંને હારની ખુરશીઓ એકે એકે ખાલી થવા આવી હતી. અમારામાં એવા ઘણા વિદ્યાર્થીઓ હતા જેમને અલૂણાના દિવસે મેજ પર બેસી જમવા કરતાં જલદી હાથ ધોઈ રમવા જવામાં વધુ આનંદ આવતો. ચટાકેદાર શાક કે સ્વાદભરી કઢી ન હોય એટલે કોઈ કોઈને તો એ દિવસે અર્ધા ઉપવાસ જેવું થઈ પડતું. પણ મને તો અલૂણાને દિવસે ઊલટી વધુ મજા આવતી કારણ એ દિવસે ગળી ગળી ચીજો મળતી અને હું વધુ ઠાંસીને પેટ ભરતો.

મારો છેલ્લો વાટકો હજુ મેં પતાવ્યો ન હતો ત્યાં કોઈએ બૂમ પાડી, જુઓ જુઓ, સામે આગ લાગી છે! બાપુજીના ઓરડામાં પશ્ચિમ તરફ જે બારણું હતું તેમાંથી પશ્ચિમ તરફની ટેકરીઓ નજરે પડતી. ત્યાંથી મેં જોયું તો બરાબર સામેની અને સૌથી પાસેની જે ટેકરી હતી તેની ઉપરનું એક ઝૂંપડું ભડભડ બળી રહ્યું હતું અને એની પડખે એક બાઈ બરાડા પાડતી રોકકળ કરી રહી હતી. પળવારમાં આઠદસ મોટા છોકરાઓ, તથા રાવજીભાઈ, મગનકાકા વગેરે મોટાઓ ભેળા મળીને એ ઝૂંપડી ઠારવા જવાને ઊપડ્યા. અમને એ રોકકળ કરતી બાઈને ઓળખી કાઢતાં વાર ન લાગી. એ નેપાળની વહુ હતી. નેપાળ બિચારો માંદો રહેતો. એ બાઈ સવાર-સાંજ કંઈક ને કંઈક કજિયો ઊભો કરતી ને કલાકો સુધી પોતાના ધણીની સાથે લડ્યા કરતી. એનો ઘાંટો એવો મોટો હતો કે સામેની ટેકરીઓ અને અમારું આખું ફિનિક્સ એના અવાજથી

ગાજી ઊઠતું. આજની એની ચીસો અને બરાડાઓ તો રોજથી ઘણા વધારે હતા. અને એમાંયે અરેરાટી કરતાં વઢવેડ વધુ હતી. સંભારવાને પ્રયત્ન કરું છું તોયે એ શબ્દો મને સાંભરતા નથી. પણ એટલું યાદ છે કે એનો એકેએક શબ્દ અમને ચોખ્ખો સંભળાતો હતો. અને આખી વાતનો સાર એ હતો કે ''મારા રોયાને કેવી રમત સૂઝી? જોને હાથે કરીને આગ દઈ દીધી. હું તો લૂંટાઈ ગઈ!'' વધુ નવાઈ અમને એ લાગી કે આગ ઓલવવા માટે એ કશું જ કરતી નહોતી. બળતી ઝૂંપડીથી આઘે ઊભી ઊભી લવારો કર્યે જતી હતી. એની એટલી ચીસોમાંયે મદદ માટે દોડી આવવાનો પોકાર ન હતો. ફક્ત નેપાળને જ સંબોધીને એનો કકળાટ ચાલુ હતો.

ફિનિક્સમાં અવારનવાર ઘાસનાં બીડ સળગી ઊઠતાં. એ ઠારવા માટે હાથમાં ગૂણિયાના ખાલી કોથળાઓ લઈ અમે દોડી જતા અને ઝપાઝપ ઝપાટા મારી બળતું ઘાસ ઓલવી નાખતા. પણ ઝૂંપડું બળ્યાનો એકે દાખલો અમારી નજરે આ પહેલાં પડ્યો ન હતો. આપણે હિંદુસ્તાનમાં ઝૂંપડું બળે કે પલકારામાં ગામ ભેગું થઈ જાય. આગને વધતી રોકવા બધા ગામડિયાઓ મળી બધો પુરુષાર્થ કરે અને બહુ જ ઝડપથી બળતા ઝૂંપડાને બીજાં ઝૂંપડાંઓથી વિખૂટું પાડી દે. ત્યારે ફિનિક્સમાં સામેની ટેકરીઓ પર જે ઝૂંપડાં હતાં એ એકબજાથી ઘણાં દૂર હતાં. એકની છાપરી બીજાને અડવાની તો શું, પણ એક બીજાથી એટલે દૂર હતી કે બહુ ઊંચે સાદે બોલ્યા વિના એક ઝૂંપડીનો અવાજ બીજીએ સંભળાય નહીં. અને જેઓ સામેની ટેકરી ઉપર રહેતા તેમને એ ઝૂંપડીઓમાંનો અવાજ પડઘાની કરામતને લીધે વહેલો સંભળાતો. એ જ કારણે કદાચ નેપાળની ઝૂંપડી ઠારવાને અમારે ત્યાંથી લોકો પહોંચ્યા તે પહેલાં એ ઝૂંપડીની અડખેપડખેના માણસો નહોતા પહોંચી શક્યા એવું મારું સ્મરણ છે. ગમે તેમ, એ ઝૂંપડી ઠીક ઠીક બળી ગઈ. એની વળીઓ સળગતી સળગતી ખડકલો થઈ ગઈ ત્યાર પછી જ અમારી પહેલી ટોળી એ સ્થળે પહોંચી શકી. કેમ કે નેપાળની એ ઝૂંપડી અમારી સામે જ દેખાતી હતી પણ ત્યાં પહોંચવા માટે અમારે અમારી આખી ટેકરી ઊતરી વહેળો પાર કરી સામેની ટેકરી ચડીને એ ઝૂંપડી સુધી પહોંચવાને અર્ધાએક માઈલ જેટલું અંતર કાપવું પડતું હતું. એટલે દૂર સુધી અમારામાંનું કોઈ પહોંચે એ પહેલાં ઘાસલાકડાની એ ઝૂંપડી સ્વાહા થઈ ચૂકી હતી.

પહોંચતાંની સાથે પહેલો પ્રયત્ન એ બળતા ઝૂંપડામાંથી નેપાળને કાઢવાનો થયો. પણ એ આગમાં પૂરેપૂરો ઘેરાઈ ગયો હતો. એને જીવતો બહાર કાઢી ન શકાયો એટલું જ નહીં એનું શબ પણ બળતી વળીઓ વચ્ચેથી મેળવવું કઠણ પડ્યું. છેવટે પણ કેવી હાલતમાં શબ મળ્યું એ ન કહી શકું કારણ મેં એ જોયું ન

હતું. મને ને મારા જેવડા નાના છોકરાઓને નેપાળની એ બળેલી ઝૂંપડી જોવાની રજા મોડેથી મળી. એને ઠારવાને માટે જે લોકો દોડ્યા હતા એમની સાથે જવાની અમને રજા નહોતી મળી. ત્યાં દશબાર જણથી વધારેનું કામ પણ ન હતું અને એ કંઈ તમાશો ન હતો કે સૌને ત્યાં દોડી જવાની રજા મળે. પણ બીજે દિવસે એ ઝૂંપડીનાં અધબળેલાં લાકડાં ભેળાં કરી સફાઈ કરવા માટે જે કેટલાક જણ ગયા તેમાં અમને નાના નાનાઓને પણ ત્યાં જવાનું મળ્યું. અમારી નજરે રાખનો ઢગલો, કાળાં લાકડાં અને વેરવિખેર પડેલાં બેપાંચ વાસણ સિવાય કંઈ ન પડ્યું. બહુ જ કચકચ ને બોલ બોલ કરનારી નેપાળની વહુ હવે ચૂપ હતી. શાંતપણે એ કશુંક વિચારતી બેઠી હતી. કેમ કરતાં ઝૂંપડું સળગ્યું એ સંબંધી બધી પૂછપરછનો એ એક જ જવાબ આપતી હતી કે 'એણે પોતે ખાટલામાં પડ્યે પડ્યે ઝૂંપડું સળગાવી મૂક્યું હતું.' પણ અમારામાંના ઘણાખરાનું અનુમાન એ બંધાયું હતું કે એ ડોકરીએ પોતાનું ઝૂંપડું સળગાવ્યું હતું. અને પોતાના પતિને જાણી જોઈને જીવતો બાળી મૂકવાનું એનું એ કારસ્તાન હતું. એ અનુમાનના સમર્થનમાં ખાસ કારણો હતાં.

પહેલું કારણ એ કે નેપાળ બિચારો ખાટલેથી ઊઠી જ શકતો ન હતો. એના હાથ-પગ ચાલતા ન હતા. હું ભૂલતો ન હોઉં તો એ લકવાનો રોગી હતો. મહિનાઓથી એને ખાટલામાં ને ખાટલામાં જ ખાવાપીવાનું આપવું પડતું હતું. એની સારવાર કરતાં કરતાં એની વહુ કાઈ ગઈ હતી. એનું હૈયું સખત રીતે પોતાના પતિનું વિરોધી બન્યું હતું. આ બધી ઊઠવેઠમાંથી છૂટવાને એ નેપાળને આવી રીતે પૂરો કરે અને એ લપમાંથી છૂટી જાય એમ એણે વિચાર્યું હોય તો એ ન બનવા જોગ ન હતું. બીજું કારણ એ કે ઝૂંપડી સળગ્યા પછી પાએક કલાક સુધી એણે કકળાટ તો કર્યો પણ નેપાળને બચાવી લેવા માટે કશું કર્યું નહીં. ત્રીજું કારણ એ પણ ગણાય કે એણે થોડોક ઘરનો રોજના ઉપયોગનો સામાન તો બચાવી લીધો હતો. અને સૌથી મોટું કારણ એ કે એ ઝૂંપડામાં બે જ જણ હતાં એક નેપાળ ને બીજી તેની વહુ. નેપાળ ચૂલા પાસે જઈ આગ મેળવે અથવા દીવાસળી ચાંપે એ એને માટે શક્ય જ ન હતું.

આમ નેપાળની વહુ ઉપર દયાભાવ ઊપજવાને બદલે અમારા મનમાં તેના પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો. અમને એ બહુ નઠોર બાઈ લાગી. કોઈ પણ માણસને જીવતો કેમ બાળી શકાય, અને તેમાંયે પોતાના પતિને! પણ અમારી અટકળ સાચી જ હતી એમ કેમ કહેવાય? એની પાસેથી સાચી વાત કઢાવાય એમ હતું નહીં. એને સજા કરાવવાનું કે પોલીસમાં ફરિયાદ પહોંચાડવાનું કામ અમારું હતું નહીં. એને ફરી ઝૂંપડી તૈયાર કરવામાં જરાક મદદ આપ્યા પછી એ

બાઈ સાથે કોઈ વાતચીત કરવાયે ગયું હોય એમ મને યાદ નથી.

નેપાળની વહુએ કર્યું એવું કોઈ પણ હિંદુ સ્ત્રી કરી શકે ખરી? દરિદ્રી હોય, ગરીબમાં ગરીબ ઘરની હોય, નીચ ગણાતી જાતિની હોય તોપણ એ પોતાના પતિને જીવતો બાળી મૂકે? એ બહુ અટપટો સવાલ હતો. એ વખતે તો એક ભારે આશ્ચર્ય તરીકે એ કિસ્સો મારા મનમાં રહ્યો, મોડે મોડેથી મેં જાણ્યું કે અમે જેને નેપાળની વહુ કહેતા હતા એ વિધિસરની નેપાળની વહુ ન હતી. એટલે કે હિંદુ લગ્નપદ્ધતિ પ્રમાણેની ન હતી.

દક્ષિણ આફ્રિકામાં શેરડીના વાવેતર માટે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં હિંદુસ્તાનથી જે હજારો મજૂરોને પાંચ કે સાત વરસની બાંધણી પર લઈ જવામાં આવતા હતા તેમાં અનેક સંકટોમાંનું મોટામાં મોટું એક સંકટ સ્ત્રીઓ પર થતા જુલમનું હતું. ગિરમીટ પ્રથાને અંગે વસાહતોમાં મોકલાતા મજૂરોના ઈતિહાસમાં આ પ્રકરણ કાળામાં કાળું ગણાય. આંકડાઓ સાક્ષી પૂરે છે કે સરેરાશ સો મજૂરે સ્ત્રીઓના ટકા વીશથી પંદર માંડ રહેતા. અને જેમ મજૂર પુરુષો મોટે ભાગે ઘરમાંથી ભાગી છૂટેલા, પોતાને ગામડેથી લપાઈ છુપાઈને નીકળી પડેલા જુવાનિયાઓ હતા તેમ સ્ત્રીઓ પણ વખાની મારી પોતાના કુટુંબથી વિખૂટી પડેલી ને ભોળવાયેલી બહેનો હતી. મૂળથી વિધિપૂર્વકના પતિપત્ની હોય એવાં જોડકાં ગિરમીટિયા મજૂરોમાં જવલ્લે જ ભરતી થતાં. વળી આવા મજૂરોમાં બ્રાહ્મણથી માંડી ઢેડચમાર સુધીની બધી જાતના લોકોને દરિયાપાર મોકલવામાં આવતા. દક્ષિણ આફ્રિકા પહોંચ્યા પછી જુદી જુદી ખાણની બરાકોમાં કે શેરડીનાં ખેતરોની બરાકોમાં મજૂરોને વેરવિખેર કરી નાખવામાં આવતા, એટલે એક જ ગામના, જિલ્લાના અથવા એક નાતજાતના જે બેપાંચ જણ સાથે પહોંચતા તેઓ પણ સાથે ન રહી શકતા. ખાણમાલિક કે શેરડી-વાવેતરના માલિકની મરજી મુજબ ગમે તે પુરુષોને અને ગમે તે સ્ત્રીઓને એક બૅરેકમાં એકઠાં રાખવામાં આવતાં. અને આમ પાંચ પાંચ કે દશ દશ પુરુષો વચ્ચે સરેરાશ એક સ્ત્રી ભાગે પડતી. પરિણામે ‘ગરીબકી જોરુ સબકી ભાભી’વાળો હિસાબ ચાલતો. આટલા જણ વચ્ચે પોતાને અસ્પૃષ્ટ રાખે અને પોતાનો ભવ મુદ્દલ ન બળવા દે એવી તે કેટલીક નીકળવા પામે? વધુમાં વધુ એ એટલું જ આત્મરક્ષણ કરી શકે કે નવી પરિસ્થિતિમાં એ એકાદ મનગમતા જુવાનને પસંદ કરીને એની સાથે ગાંધર્વ લગ્ન કરી પોતાની જાતને યથાશક્તિ બચાવી લે. પણ એ જુવાનની નાતજાત જોવાની પંચાત એને પાલવે નહીં. નેપાળની વહુ એવી વહુ હતી એવો મને ખ્યાલ રહી ગયો છે. એટલે કે એ પોતે ઉચ્ચ વર્ણની સ્ત્રી હતી અને નેપાળ નીચ વર્ણનો પુરુષ હતો. બે વચ્ચે જનમના સંસ્કારોનો મેળ ન હતો. નેપાળની

વહુ જેટલી હોશિયાર દેખાતી એટલો જ નેપાળ ગભરુ દેખાતો. આવા માણસની વહુ બનીને રહેવું એ પેલી બાઈને ફાવતું આવે એમ ન હતું. પરિસ્થિતિવશ એને પોતાની આખી જુવાની નેપાળની સાથે વિતાડવી પડી અને ગિરમીટની અવધિ પૂરી થયે નેપાળની સાથે નેપાળના જ ઝૂંપડામાં એને પોતાના જીવનનો મોટો ભાગ ગુજારવો પડ્યો. પણ જ્યારે નેપાળ સાવ અપંગ બન્યો ને એનું જીવતર ભારરૂપ થઈ પડ્યું ત્યારે એ બાઈની નેપાળ પ્રત્યેની ઘૃણા ભડકે બળવા લાગી હોય એમ સંભવે. અને નેપાળને પંગુ જોઈને પોતે ઉચ્ચ વર્ણની છે અને નેપાળ નીચ વર્ણનો છે એ માન્યતાના વિષમાં ઉમેરો થયો હોય એવો સંભવ છે. અને એ વિષ વધતાં વધતાં એની અસહિષ્ણુતા એટલી હદે પહોંચી ગઈ હોય કે એણે જાણી જોઈને પોતાના પતિને બાળી મૂકવાનું સાહસ કર્યું હોય!

નેપાળના ગુજરી ગયા પછી એની વહુએ પોતાનું જીવન કઈ રીતે વિતાડ્યું હશે એની મને જાણ નથી. પણ આજે મને આ કિસ્સો પહેલેથી છેલ્લે સુધી જાણવા-વિચારવા જેવો લાગે છે. અને નેપાળની વહુના મન ઉપર એના બચપણથી લઈને વૃદ્ધત્વ આવતાં સુધી શી શી આપદા પડી અને કેવા કેવા આઘાતે એને એવી નિષ્ઠુર બનાવી મૂકી એ મનોવિજ્ઞાન સમજવાનું મન થાય છે. પણ આજે એ જાણી શકાય એમ નથી અને જાણી શકાય એમ હતું ત્યારે આ દૃષ્ટિએ એ જાણવાની મારી ઉંમર કે શક્તિ ન હતી. એટલું જ નહીં પણ એની મનોદશા તથા દાંપત્ય જીવન બાબત એ વખતની સ્મૃતિને આધારે કલ્પના જ રજૂ કરી શકું છું. ફિનિક્સના ઇતિહાસમાં નેપાળનું મરણ એ વિચારપ્રેરક પ્રકરણ બની ગયું હતું. જીવતા માણસને ભડભડ બળતી આગમાં સળગીને મરતાં કેટકેટલી પીડા થઈ હશે એ કલ્પનાએ અમે કાંપી ઊઠ્યા હતા. મોતને માથે આવતાં ચપટી વગાડવા જેટલીયે વાર નથી લાગતી એ બધું સાક્ષાત્ જોઈને મરણની બીક અમારા મનમાં પેસી ગઈ હતી.

પૂજ્ય બાપુજીને આ આખી વાત લખીને જણાવવામાં આવી હતી, ત્યારે તેમણે કેપટાઉનથી નીચેનો તત્ત્વચિંતનભર્યો કાગળ લખી મોકલ્યો હતો:

કેપટાઉન,<br>ફાગણ સુદી ૪, સંવત ૧૯૭૦<br>[તા. ૨૮-૨-૧૯૧૪]

ભાઈશ્રી,

તમારો કાગળ મળ્યો. નેપાળ છૂટ્યો જ છે. તેની વહુ કઠોર હૃદયની અનુભવી છે. મરણથી આપણે આપણું કર્તવ્ય વિચારવાનું છે ને શરીર પર

લગભગ તિરસ્કાર ઉપજાવવાનો છે. પણ મરણથી ભય પામવાની જરૂર નથી. માણસ બળીને મરે છે ત્યારે પણ અતિ દુઃખ નથી વેઠતો એમ જણાય છે. ઘણું દુઃખ પડ્યે મૂર્છિત થાય છે. દેહને વધારે વળગનારા વધારે પીડાય છે. આત્મતત્ત્વ જાણનાર માણસ મોતથી નહીં ગભરાય. નેપાળની જેમ હજારો માણસો, હજારો જીવો અત્યારે દરેક પળે બળી મરે છે. બ્રહ્માંડમાં નેપાળ એ કીડી કરતાં પણ સૂક્ષ્મ જંતુ છે. આપણે પોતે જાણ્યેઅજાણ્યે દેવતા સળગાવવામાં, રાતની બત્તી વાપરવામાં નેપાળ કરતાં પ્રમાણમાં મોટાં એવાં કેટલાં જંતુને સળગાવતાં હઈશું?

બ્રહ્માના જેવો કોઈ મહાજીવ કલ્પો. તેને મન આપણે કીડીના કરતાં સૂક્ષ્મ હોવા જોઈએ. તેની આંખનો પરિઘ જ એટલો મોટો કે આપણે ચાંચડવત્ જણાઈએ. તેણે નેપાળને બાળ્યો હશે તો શું? અને તેણે એમ પણ માન્યું હશે કે તેના મહાજીવના સુખને અર્થે નેપાળ સમાન જંતુને જીવતા બાળવા જોઈએ. આપણે મન નેપાળ આપણા જેવડો જંતુ એટલે આપણા એવા હાલ થાય તે ભયથી દયા છૂટે છે. પણ જે દલીલ આપણે કીડી, માંકડ, ચાંચડ અને બીજાં અસંખ્ય જંતુઓ, જેને આપણે નરી આંખે નથી જોઈ શકતા તેને વિશે ડહાપણપૂર્વક લગાડીએ છીએ તે જ દલીલ વિશેષ ડહાપણવાળો બ્રહ્મા આપણા વિશે લગાડી વાપરતો હોવો જોઈએ. આ જો આપણને સમજાય તો નેપાળાદિના કિસ્સામાંથી આપણે આટલું શીખી શકીએ:

૧. આપણી પોતાની ઉપર કરુણા લાવી સર્વ જીવને સમાન માની તેની ઉપર કરુણા કરીએ અને આપણા કોઈ પણ સુખને સારુ જીવ-હાનિ કરતાં ચોંકીએ.

૨. દેહને વિશે મૂર્છા ન રાખી મરણનો જરા પણ ભય ન કરીએ.

૩. દેહ અત્યંત દગાખોર છે એમ જાણી આ ક્ષણે મોક્ષની સામગ્રી તૈયાર કરીએ.

આ ત્રણે સૂત્રો કહી જવાં સહેલાં છે પણ તેને વિચારવાં કઠણ છે ને વિચાર્યા પછી તે પ્રમાણે વર્તન કરવું તે તો ખાંડાની ધારે ચાલવા જેવું છે.

અત્યારે સવાર છે. વિચારનો પ્રવાહ એ જ દિશામાં ચાલ્યો જાય છે કેમ કે બા પાછી પીડાય છે ને તેને મરણના ડરમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરું છું.

લિ.

મોહનદાસના આશીર્વાદ

બાપુજીના ઉપલા પત્રથી એટલું સહેજે જણાય છે કે તેઓ કેપટાઉનમાં બેઠા બેઠા પણ ફિનિક્સવાસીઓને ઊંચી ભૂમિકા ઉપર લઈ જવાને કેટલા બધા ઉગ્ર પ્રયત્નો કરી રહ્યા હતા તથા જનરલ સ્મટ્સની સાથે વાટાઘાટમાં એમનું મન રોકાયેલું રહેતું, પણ એમના જીવને સત્યાગ્રહની સ્થૂળ જીતમાં પૂરો સંતોષ ન હતો. સત્યને ખાતર ખપી જવામાં અને શરીરનો વળગાડ શુદ્ધ સેવા પૂરતો જ પાળવામાં એમને રસ હતો.

## ૧૪
## મારી ઘડિયાળ

રુસ્તમજી શેઠ જેલમાંથી છૂટ્યા પછી ફિનિક્સ રહેવા આવ્યા ન હતા. પોતાના વ્યવસાયને લીધે એમને ડરબનમાં રોકાઈ રહેવું પડ્યું હતું. પણ ફિનિક્સવાસીઓને મદદ કરવા, તેમનો ઉત્સાહ વધારવા અને પૂજ્ય બાપુ પરનો ભાર બને એટલો હળવો કરવાની તેઓ સદા ચિંતા રાખતા. જ્યારે કૌટુંબિક વાતાવરણ માટે તેમનો જીવ તલસતો ત્યારે ફિનિક્સનાં બાળકોની વચ્ચે તેઓ એકાદ આંટો આવી જતા. જાલભાઈ અને સોરાબજી એ બે એમના જુવાનજોધ દીકરાઓ હતા છતાં ફિનિક્સનાં બાળકો વચ્ચેનો આનંદ રુસ્તમજીકાકાના મનને વધુ પ્રફુલ્લ બનાવતો. રુસ્તમજીકાકાને લીધે ફિનિક્સમાં પારસી તહેવારને પણ મહત્ત્વ મળ્યું હતું. જેમ દિવાળીને દિવસે અમારી મીઠાઈ ઘણા ફરસાણની ભૂખ ભાંગતી અને નાતાલને દિવસે બુઢ્ઢા દાદાના ઝાડ પરથી મળી આવતાં રમકડાં ને પિપરમીટની લહાણ અમને મળતી તેમ પારસીઓનો પતેતીનો દિવસ આવે ત્યારે સરસ સરસ ઈનામો અમને મળતાં અને રમતગમતો ચાલતી. રુસ્તમજી શેઠ ડરબન હોય તોપણ પતેતીનાં ઈનામો અમને મળતાં. એમાં રુસ્તમજી શેઠની ફિનિક્સ પ્રત્યેની ઝીણવટભરી નજર ને મમતા પરખાઈ આવતાં. ચોક્કસ મહિનો યાદ નથી આવતો પણ ઘણે ભાગે બાપુજી હજુ કેપટાઉનથી પાછા ફર્યા ન હતા ત્યારે આવેલી પતેતીનો ઉત્સવ સારી પેઠે ઉત્સાહથી ઊજવાયો હતો ને એમાં રુસ્તમજી શેઠનાં માનીતાં ભજનો ગવાયાં હતાં અને ડરબનથી ઘણાં ઈનામો આવ્યાં હતાં એવું યાદ છે. જેલ જઈ આવેલા મોટા વિદ્યાર્થીઓને તથા ફિનિક્સમાં પાછળ રહેલાં બાળકોને તેમની બહાદુરી અને પરિશ્રમને હિસાબે જુદી જુદી વસ્તુઓનાં ઈનામ આપવામાં આવ્યાં હતાં. દરેકને કયું ઈનામ આપવું, કોણ કયા ઈનામને પાત્ર છે એ રુસ્તમજીકાકાએ પોતે જ ઠરાવ્યું હતું. જોકે મારી યાદ પ્રમાણે તેઓ પોતે, પોતાને હાથે ઈનામ આપવા આવી શક્યા ન હતા પણ એમની સૂચનાઓ પ્રમાણે ફિનિક્સમાંના મુરબ્બીઓએ એ ઈનામ

અમારા હાથમાં મૂક્યાં હતાં. કોઈને રેશમી રૂમાલ, કોઈને રૂપાળી નાનકડી પેટી, કોઈને હથિયાર, કોઈને રમકડું એમ ઈનામો અપાયાં. આજે મને યાદ નથી કે મોટા કે નાના છોકરાઓને શું શું મળ્યું હતું. પણ એ ઈનામને લીધે મારા ઉપર જે દુ:ખ ઊભું થયું હતું એ હું વીસર્યો નથી.

વાત એમ બની કે બધાં ઈનામોમાં સૌથી ચડિયાતું ઈનામ દેવદાસકાકાને તથા મારે નામે આવ્યું. બીજાઓને મળેલાં ઈનામ થોડીક શિલિંગોની કિંમતનાં હતાં જ્યારે અમને બેને પૂરા એક એક પાઉંડનું ઈનામ મળ્યું. અને તે હતું ઊંચી જાતનું મજબૂત ને તે કાળે સારામાં સારું ગણાતું રૉસ્કોપની બનાવટનું ખિસ્સા ઘડિયાળ. રૂપા જેવું ચળકતું અને ઝપાટાબંધ ટિક ટિક કરતું એ નાજુકડું ઘડિયાળ મારા હાથમાં મુકાયું ત્યારે મારો તો શ્વાસ અધ્ધર ચડી ગયો. થોડીક ક્ષણ તો મને વિશ્વાસ ન બેઠો કે ખરેખર એ મને જ મળેલું ઈનામ છે. મને લાગ્યું કે એ કોઈ જમનાદાસકાકા જેવા મોટાને સારુ હશે ને ભૂલથી મને અપાય છે. મારા જેવો અડપલાં કરવામાં વાંદરાની તોલે આવનારો કંઈ આવાં ઈનામને લાયક ગણાય! પણ હું મનમાં વાત વિચારું છું ત્યાં તો જાહેર થયું કે, બધા મોટાઓ જેલમાં ગયા હતા ત્યારે ફિનિક્સનું છાપાનું તથા હડતાળિયાઓનું કામ સારી રીતે કરવાના ઈનામ તરીકે દેવદાસ અને પ્રભુદાસને આ ઈનામ અપાયું છે. જેલ જનાર વિદ્યાર્થીઓ કરતાં એમનું શૂરાતન ઊતરે એમ નથી, વધે એમ છે. કારણ એમાણે ખૂબ જ મહેનત કરી છે ને હોશિયારી બતાવી છે.

મન કેવું વિચિત્ર હોય છે! જો એકલા દેવદાસકાકાને ઈનામમાં ઘડિયાળ મળ્યું હોત અને મને એથી ઊતરતી વસ્તુ મળી હોત તો દેવદાસકાકાની અદેખાઈ કરી હું મનમાં ને મનમાં ડંભાઈ જાત. દેવદાસકાકાની વાહ વાહ થાય ને હું પાછળ રહી જાઉં એ મારાથી સહેવાતું નહીં. તેઓ મારા કરતાં વધુ ચતુરાઈ, વધુ ચોકસાઈ અને વધુ ડહાપણ બતાવે એ મારું મન કબૂલ કરે તોપણ એમની સરખામણીમાં જ્યારે મને ઊતરતો અને ઓછો લાયક ગણવામાં આવતો ત્યારે મારું મન કરમાઈ જતું અને હું હતાશ બની જતો. પણ પટેટીનાં એ ઈનામ મળ્યાં તે દિવસે જ્યારે મુરબ્બીઓએ મને દેવદાસકાકાની હરોળમાં મૂક્યો ત્યારે મને ક્ષોભ થયો. મારું મન દબાઈ ગયું કે આવા મોટા ઈનામને લાયક તો એકલા દેવદાસકાકા જ છે. હું એવા ભારે ઈનામને પાત્ર નથી.

મેં એવું શું કામ કર્યું છે કે મને આ ઘડિયાળ આપવામાં આવ્યું? દેવદાસકાકાએ તો છાપખાનામાં મોડી રાત સુધી મગનકાકા સાથે મહેનત કરી છે. એમણે કલાકોના કલાકો સુધી મોટા માણસ જેટલી ચીવટથી, ઝડપથી ને હોશિયારીથી કામ ઉકેલ્યું છે, ત્યારે તો દર અઠવાડિયે 'ઇન્ડિયન ઓપીનિયન'

નિયમસર બહાર પડ્યું. એમને આ શાબાશી ઘટે છે, મને નહીં. હું તો સવારસાંજ આખો દિવસ અહીંથી તહીં દોડતો કૂદતો હતો. બગીચામાં ને રસોડામાં આંટા દેવાનું અને નાના ભાઈઓને પીરસવા કરવાનું મારું કામ તે વળી એવું ભારે કામ ક્યાં હતું! અને વળી મારામાં દેવદાસકાકાની હોશિયારીનો અર્ધો ભાગેય ક્યાં છે તે મને એમની સરખામણીમાં ગણવામાં આવ્યો!

મારી આ ભાવના એટલી ઉગ્ર હતી કે હાથમાં આવેલી ઘડિયાળને ચોતરફથી ફેરવી ફેરવીને એ સરખી રીતે જોવાની મારી અધીરાઈ પણ લટકી રહી. તરત જ મેં ઘડિયાળને એની રૂપાળી ડાબલીમાં બંધ કરી દીધી અને મોટા વિદ્યાર્થીઓ તરફ ગભરાટની નજરથી જોવા લાગ્યો. કારણ કે મને વહેમ પડ્યો હતો કે એ લોકો મને જરૂર ચીડવશે.

ઈનામ લઈ હું ઘેર પહોંચ્યો ત્યારે મને મારા પિતાશ્રી પાસે, બા પાસે, મગનકાકા પાસે ઊભા રહેતાં સંકોચ થતો હતો. એમની રૂબરૂમાં સ્મિત કરવાનીયે મારી હિંમત ચાલતી ન હતી. હું તો ચૂપચાપ મારે કરવાનું કામ કરવા લાગી ગયો. ત્યાં ધીમેથી પિતાશ્રી આવ્યા અને મને પૂછ્યું, ‘‘ઘડિયાળ તારાથી સચવાશે કે હું સાચવું?’’ મારે એટલું જ જોઈતું હતું. તુરત મેં ઘડિયાળ એમના હાથમાં મૂકી દીધી અને કહ્યું, ‘‘આ ડાબલી હું રાખીશ; મને એ બહુ ગમે છે. ઘડિયાળ તમે રાખો. મોટો થાઉં ત્યારે આપજો.’’ પિતાશ્રીએ કહ્યું, ‘‘ના, અત્યારે પણ હું એવી રીતે રાખીશ કે તારે જ્યારે જોવી હોય ત્યારે જોઈ લેવાય. એ ખિસ્સામાં લઈને તું ન ફરે એટલે બસ. રોજ ચાવી પણ હું આપીશ. તારે ઘડિયાળની ચાવી ન ફેરવવી, નહીં તો એ બગડી જશે.’’

મારો ભાર ઊતર્યો. પિતાશ્રીએ અમારા સૂવાના ઓરડામાં મારા ખાટલા પાસે થાંભલા ઉપર ખીલી ખોડી ત્યાં ઘડિયાળ ટાંગી દીધી. બહુ ઊંચે પણ ન ટાંગી જેથી મને જોવી ફાવે. એના ટિક ટિકથી અમારા સૂવાના ઓરડામાં જાણે ચેતન પ્રગટ્યું. આખો ઓરડો જીવતો લાગ્યો. પિતાશ્રીના બહાર ગયા પછી કેટલીક વાર સુધી હું ધારી ધારીને ઘડિયાળનો ચળકાટ ને શોભા જોતો રહ્યો અને પછી બહાર રમવા ચાલ્યો ગયો.

મારા ગોઠિયાઓ મને જોઈને ભેગા થઈ ગયા અને મને ડર હતો એવી જ જાતના કટાક્ષો એમણે કરવા માંડ્યા. એમાં સૌથી વધારે અસહ્ય ચર્ચા મને એ થઈ પડી કે આટલી કીમતી ઘડિયાળ તો પ્રભુદાસને એ આંસુ સારે નહીં એટલા માટે અપાઈ છે. રુસ્તમજીકાકા પાસે વાત ગઈ હશે કે દેવદાસને એવું સારું ઈનામ અપાશે ને પ્રભુદાસને નહીં અપાય તો એ રડી પડશે એટલા માટે કાકાજીએ પ્રભુદાસને પણ દેવદાસ જેવું જ ઈનામ આપ્યું. બાકી એને માટે એ હકદાર નથી.

દેવદાસ જ એ ઈનામને લાયક ગણાય. હું પોતે પણ જ્યારે મને એ ઈનામને પાત્ર માનતો ન હતો ત્યારે મારા ગોઠિયાઓની મશ્કરી મને બેવડો મૂંઝવી મારતી. એમના ભેગા હુંયે મશ્કરી કરવામાં જોડાઈ જાઉં એમ મને થતું. પણ એમ કરવામાં હું ફાવતો નહોતો કારણ મને ગુસ્સો આવતો હતો કે આ લોકો નકામા નકામા એમ શા માટે કહેતા હશે કે મેં રોઈને ઘડિયાળ મેળવી છે! મેં કદી કોઈને કહ્યું જ નહોતું કે મને દેવદાસકાકાના જેટલું જ ઈનામ આપો. ઈનામ કંઈ માગવાની વસ્તુ થોડી જ હોય છે? પરંતુ મારા મનના ભાવ શબ્દોમાં જણાવવા જેટલું મનોબળ કે વાણી મારી પાસે નહોતાં એટલે એ મશ્કરા છોકરાઓની વચ્ચે રમવાનું જ મેં બંધ કર્યું અને બીજે જતો રહ્યો.

છતાં છોકરાઓએ મારો કેડો ન છોડ્યો. મને ખીજવી શકે એવા છોકરાઓ વચ્ચેથી હું બીજે બગીચામાં એકલો રખડવા નીકળ્યો તો બીજા કેટલાક વધુ દોસ્ત થનારા મારી પાસે આવ્યા અને જાતજાતના સવાલ પૂછવા ને શિખામણ આપવા માંડ્યા. ‘‘હવે તારા પિતાશ્રીને કહીશને કે તને ઘડિયાળ બાંધવા માટે ચાંદીનો અછોડો મગાવી આપે! અમને પણ એ ઘડિયાળમાં જોવા દઈશ, કે અમે જોશું તો તારી ઘડિયાળ ઘસાઈ જશે? તું ઝાડ ઉપર ચડીશ ત્યારે તો અમને એટલી વાર સાચવવા આપીશ ને?’’

એ બધા પ્રશ્નોના જવાબ આપવા પણ મને મુશ્કેલ પડ્યા. એટલે મેં સૌને એક જ વાતે ચૂપ કરવાનો પ્રયત્ન કર્યો કે ‘‘હું જ્યારે અઢાર વરસથી મોટી ઉંમરનો થઈશ ત્યારે પછી જ એ ઘડિયાળ મારા ખિસ્સામાં રાખીશ ત્યાં સુધી મારા પિતાશ્રી એ સાચવશે.’’ પણ તોયે છોકરાઓ એ ઘડિયાળની બાબતમાં કંઈક ને કંઈક ટીખળ કે માગણી કર્યા જ કરતા. એટલે પછી હું મારા ખિસ્સામાંથી ઘડિયાળની ખાલી ડાબલી કાઢીને એમને બતાવી દેતો. છોકરાઓ એ રૂપાળી ડાબલી પોતાના હાથમાં લઈને બધી બાજુએથી એ જોતા અને એમાં મૂકી રાખેલા રૂમાંથી અત્તર જેવી આછી સુગંધી આવતી એ સૂંઘી સૂંઘીને થોડો સંતોષ અનુભવતા ને પછી એ ડાબલી મને પાછી સોંપી દેતા. બીજી બાજુ હું પણ મારી ઘડિયાળને જોવા માટે દર કલાકે ને અર્ધે કલાકે અમારા સૂવાના ઓરડામાં દોડી જતો, ઘડિયાળના આંકડા વાંચતો, કાન લગાડી ટિકટિક સાંભળતો અને કોઈ અનેરો આનંદ અનુભવી મારે કામે પહોંચી જતો.

પરંતુ આ બધું પાંચછ દિવસનું જ નાટક બની ગયું. ઈનામ મળ્યે પૂરું અઠવાડિયુંયે ન થયું ત્યાં મારી એ ઘડિયાળ હતી ન હતી થઈ ગઈ. અમારા સૂવાના ઓરડામાં જે થાંભલા ઉપર મારા પિતાશ્રીએ ઘડિયાળ ટાંગી હતી એ થાંભલો બારીની પાસે જ હતો. એ બારીની બહારની બાજુએ, અમારા

ઓરડાની બહારની ભીંતને અડોઅડ એક ઓટલા ઉપર પીવાના પાણીની દસબાર ફૂટ ઊંચી ટાંકી હતી. એ ટાંકીના નળમાંથી પાણી ભરતી વખતે, પેલી બારીમાંથી ઓરડાની અંદરનું બધું નજરે પડતું હતું. પિતાશ્રીએ મારી ઘડિયાળ ટાંગી એને બીજે કે ત્રીજે દિવસથી અમારા ઘરના બગીચાના કામ માટે એક મજૂરને નોકરી પર રાખ્યો હતો. જ્યારે અમારા ફળના બગીચામાં મોટાં મોટાં ઝાડોની નીચેની જમીન ગોડવાની હોય ત્યારે વરસમાં એકબે વાર ચારછ દિવસ પૂરતા આવા મજૂર રાખી લેવામાં આવતા, કોઈ વાર છૂટક છૂટક એક બે અને કોઈ વાર એક સામટા આઠદસ. આ મજૂરોમાં ઘણે ભાગે તો હબસીઓ જ આવતા. પણ કોઈક વાર ગિરમીટમાંથી છૂટીને સ્વતંત્રપણે રહેતા હિંદીઓ પણ આવતા. મારા પિતાશ્રીએ જે મજૂર રાખ્યો એ એવો એક સ્વતંત્ર મજૂરી કરનારો ઉત્તર ભારતનો હિંદી હતો અને દેખાવમાં તથા વાતચીતમાં સારો માણસ લાગતો હતો. બપોરને વખતે ટાંકી ઉપર પાણી પીવા આવતાં એણે પેલી બારીમાંથી ક્યારે મારી એ નવી ઘડિયાળ જોઈ, ક્યારે એનું મન મોહ્યું અને ક્યારે ઘડિયાળ એણે પોતાના ખિસ્સા ભેગી કરી એની કોઈને ખબર ન પડી. મને કંઈક એવું યાદ છે કે જ્યારે અમે છોકરાઓ સાંજે છાપખાનામાંથી છૂટીને પાછા ઘેર આવ્યા ત્યારે મારા પિતાશ્રીએ મને પૂછ્યું, ‘‘કેમ પ્રભુ, આજે તને ઘડિયાળ પોતાની સાથે લઈ જવાનું મન થઈ આવ્યું? બરાબર સાચવી તો છે ને?’’ જ્યારે મેં જવાબ આપ્યો કે ઘડિયાળ મેં લીધી નથી અને એ ક્યાં છે એ વિશે હું કશું જાણતો નથી, તથા મારા પિતાશ્રીને, બાને અને બીજાઓને પણ મારી વાત પર ભરોસો આવ્યો કે ખરેખર મેં ઘડિયાળ રમતમાંયે લીધી નથી ત્યારે સૌ ચિંતામાં પડી ગયાં અને આખા ઘરમાં ખોળાખોળ ચાલી. બેએક કલાક થયા ત્યાં તો આખા ફિનિક્સમાં મારી ઘડિયાળ ચોરાયાની વાત ફેલાઈ ગઈ અને જે લોકો મને ચીડવતા હતા એમાંના ઘણાખરા મારી મદદે એ ઘડિયાળની શોધખોળ માટે આવી લાગ્યા. ક્યાં હતી, બારીમાંથી કેવી રીતે ઊપડી શકે, ક્યારે ઊપડી, એ કયો માણસ હતો, ક્યાં રહે છે? વગેરે પ્રશ્નો અનેક જણ પૂછી ગયા.

ફિનિક્સમાં આ પહેલી ચોરી હતી, એટલું એકાંત જંગલ એ હતું. રાતદિવસ ટોળેટોળાં હબસીઓ અમારા આશ્રમની અધવચથી પસાર થતા રસ્તા ઉપર થઈને પસાર થતા. સામેની ટેકરીઓ પરનાં અનેક ઝૂંપડાંઓમાંથી કેટલાંયે બાળકો, બુઢ્ઢાઓ તેમ જ જુવાન ભાઈઓ અને બહેનો કશાયે અંતરાય વિના ફાવે ત્યારે આવજા કરતાં; એમાંના સોએ બે માણસ પણ ભાગ્યે જ આખા શરીરે ઠીકઠાક લૂગડાં પહેરી શકે એવા સમૃદ્ધ હતાં બાકીના લંગોટિયા કે ટૂંકડી

પોતડીવાળા લોકો હતા અથવા મેલાં ઊતરેલાં જેવાં કપડાં પહેરનારા હતા અને અમે ફિનિક્સ આશ્રમમાં જેઓ દક્ષિણ આફ્રિકાના શહેરી ધોરણના પ્રમાણમાં ઘણું સાદું જીવન ગુજારતા અને સાવ સાધારણ પહેરવેશ રાખતા એમના કરતાં પણ અમારા એ પડોશીઓ અત્યંત ગરીબ અને નિષ્કિંચન હતા. જો એમનું દિલ સાધુદિલ ન હોય તો અમારા આશ્રમમાંથી ઉઠાવી જવા જેવું એમને ઘણુંયે મળે એમ હતું. સેંકડો કેળાંથી લચી રહેલી સુંદર લૂમો, સોના જેવાં અનેનાસોથી ભરચક ખેતરો, સુંદર પપૈયાં, ટમેટાં, વટાણા, પાર વિનાનાં સંતરાં, જામફળ, શેતૂર, મજાનાં મોસંબી અને કેરી વગેરેનો શુમાર ન હતો. અને એ બધા બગીચાઓ વાડ વિનાના હતા. ગમે તે બાજુએથી એમાં ઘૂસી શકાય એમ હતું, ઘણા ભાગ તો એવા હતા જ્યાં ઘરમાંથી કે રસ્તે ચાલતાં નજર પણ ન પડતી છતાં કદી ત્યાં ફળની ચોરી થયાનું મને યાદ નથી આવતું. અમારાં કપડાં પણ વગર સંકોચે અને સરિયામ રસ્તાની બાજુમાં સૂકવી દેતા. ઊંચી ઊંચી કિંમતના વિલાયતી શોભીતા ઊની ધાબળાઓવાળી અમારી પથારીઓ ખુલ્લા આંગણામાં તડકે પડી પાથરી રહેતી; અને અમારા ઘરની બારીઓ પણ કેવળ કાચની જ હતી; વાવાઝોડું કે વરસાદ ન હોય ત્યારે એ ઘણે ભાગે ઉઘાડી રહેતી અને બંધ કરીએ ત્યારે પણ અંદરથી એને આંકડી ભેરવવાનું ભાગ્યે જ રહેતુ; બહાર ઊભે ઊભે પણ જરાક કળ વાપરીને ઉઘાડી શકાતી; અને એમાં લોઢાના સળિયા હતા જ નહીં. ગમે તે માણસ કૂદકો મારીને ઘરમાં દાખલ થઈ શકે એમ હતું; છતાં ફિનિક્સમાં ચોરી કરવાનું કોઈને મન જ થતું ન હતું. અમારા પડોશીઓની તો વાત જવા દો, એમને બધાને રોટલાનો સંતોષ તો હતો એમ કહેવાય, પણ પેલા હજારોની સંખ્યામાં આવીને દિવસોના દિવસો સુધી વસી ગયેલા હડતાળિયાઓને ખરેખર અર્ધે પેટે રહેવું પડ્યું હતું અને બધી રીતે તેઓ સમૃદ્ધિહીન હતા છતાં તેમનામાંના પણ કોઈએ ફિનિક્સમાં એક ફળની સુધ્ધાં ચોરી કરી ન હતી. એટલે અમારું બધાનું મન એ વાત કેમેય કબૂલ કરતું ન હતું કે મારી ઘડિયાળની ચોરી થઈ છે. પણ વસ્તુતાએ એ ઘડિયાળ પેલી ખીંટીએ દમયંતીના હારની પેઠે અદશ્ય થઈ ગઈ હતી. અને તેની સાથે જ પેલો નવો રાખેલો મજૂર પણ અદશ્ય બન્યો હતો. એટલે એ ઘડિયાળ ચોરીને ભાગી ગયો એ નિર્ણય ઉપર અમારે નછૂટકે આવવું પડ્યું.

પિતાશ્રી બધાં ખિસ્સાં, બધી પેટીઓ ખોળી વળ્યા અને ખાતરી થઈ કે ભૂલથીયે બીજે ક્યાંય ઘડિયાળ નથી મુકાઈ ત્યારે એમને બહુ દુ:ખ થયું. મારું દુ:ખ બધાના દુ:ખમાં ભળી ગયું. મને ખેદ તો ઘણો થયો, પણ વાત વાતમાં રડી પડનારો હું ત્યારે મુદ્દલ રોયો નહીં કે મારી આંખમાં પાણી પણ આવ્યાં નહીં.

મને તો એક ઊંડો સંતોષ થતો હતો કે સારું થયું કે એ ઘડિયાળ ખોવાઈ. એમાં મારો કશો વાંક ન હતો. બધા ખોળાખોળ કરતા હતા ત્યારે મારા મનમાં એ વિચાર ચાલતા હતા કે, પિતાશ્રીને સાચવવાને જો મેં એ ન સોંપી હોત, ને બારીમાંથી કોઈ જતું આવતું માણસ હાથ નાખીને લઈ જઈ શકે એવી રીતે એ ટાંગી હોત, તો અત્યારે બધા મને કેટલા વઢત! ભગવાને ઠીક મને એ નામોશીમાંથી બચાવ્યો. એથી ઊલટું મારા પિતાશ્રી બોલ્યા કે આના કરતાં તો પ્રભુને જ ખિસ્સામાં રાખવા દીધી હોત તો એ ઘડિયાળ વધુ દિવસ ટકત.

મોટા છોકરાઓમાંના પણ બેચાર જણે મારા દુ:ખમાં ભાગ લીધો. એમણે કહ્યું કે હવે ઘરમાં ફાંફાં મારવાનું રહેવા દો અને પેલો મજૂર ભાગ્યો છે એનો કેડો લો. હું ભૂલતો ન હોઉં તો ભાઈ શિવપૂજન અને રેવાશંકર એ બે જણ તરતોતરત સામી ટેકરીઓ પર દોડી ગયા અને સૂર્યાસ્ત થતાં સુધીમાં એ મજૂરની ઝૂંપડીએ જઈને એ ઘરમાં વસનારાઓ સાથે એમણે વાતચીત કરી; તથા વાત કરતાં કરતાં જેટલે લગી નજર પહોંચાડી શકે એટલે લગી પોતાની તીક્ષ્ણ દૃષ્ટિએ આખા ઘરનો ખૂણેખૂણો ને રાચરચીલું જોઈ વળ્યા. પણ નિરાશ થઈને પાછા આવ્યા તથા જમવાની પંગત બેઠી હતી ત્યાં આવીને એમણે સમાચાર સંભળાવ્યા કે ‘‘એ તો બહુ હોશિયાર ચોર નીકળ્યો, ઘડિયાળનો પત્તો મળવાની હવે આશા રાખવી ફોગટ છે.’’

ઘંટ વાગ્યા પ્રમાણે રમવાનું, કામ કરવાનું, જમવાનું વગેરે હું કરતો તો રહ્યો પણ મારાથી ઘડિયાળની એ ટિક ટિક વીસરાતી ન હતી. અમારા સૂવાના ઓરડામાં પગ મૂકતાં મને એવું ભાસતું કે ફલાણા ખૂણામાં ઘડિયાળ ટિક ટિક કરી રહેલ છે. હું ત્યાં કપડાં કે ચોપડી આઘી પાછી કરીને ઘડિયાળ જોવાના ફાંફાં મારતો પણ એ હોય તો મળે ને? દિવસ પર દિવસ વીતતા ગયા પણ એ રૉસ્કોપ ઘડિયાળનો વિયોગ મને એવો ને એવો જ તાજો રહ્યો. મને વિશ્વાસ જ બેસતો ન હતો કે વગર કારણે હું ઘડિયાળ વિનાનો થઈ ગયો છું. અઠવાડિયાં સુધી મને એમ જ આશા રહ્યા કરી કે પેલા મજૂરને ભગવાન સદ્‌બુદ્ધિ આપશે અને જેવી છાની રીતે એ ઉઠાવી ગયો છે એવી જ છાની રીતે એ ફરી પાછી એ ખીંટી પર ઘડિયાળ ટાંગી જશે. પણ મારી એ સદાશા કદી ફળી નહીં. ત્યાર પછી ચારેક વરસ સુધી — અહીં હિંદુસ્તાનમાં આવી ગયા બાદ પણ — એ ઘડિયાળની રૂપાળી ડબીને જ પાસે રાખીને મેં મારા દુ:ખી મનને કંઈક આધાર આપ્યો. નવરાશ મળે, ઘડિયાળ યાદ આવે ત્યારે એ ડબી ઉઘાડી એના મખમલ પર હું હાથ ફેરવતો. ઘડિયાળને બેસાડવા માટે જે ખાડા જેવી આકૃતિ એમાં કરી હતી એની ચોતરફ આંગળી ફેરવતો, સૂંઘતો, ગાલે લગાડતો અને છેવટે ધીમો

નિસાસો નાખીને એ ડબી બંધ કરી દેતો અને જાળવીને મૂકી દેતો.

મારા ટીકાખોરાએ પણ એ ઘડિયાળ ખોવાયાનું દુ:ખ ભૂલવામાં મને સારી મદદ કરી. 'તું એ ઘડિયાળને લાયક જ ન હતો, તને એ ઈનામ વધારાપડતું મળ્યું હતું એટલે જ તારી એ ઘડિયાળ ઊપડી ગઈ.' એ જાતનો હર્ષ પ્રકટ કરનારા મારા ગોઠિયાઓનો પણ હું એ વાતે ઋણી છું કે મારા ઉપર સતત એવા પ્રહારો કરીને એમણે ઘડિયાળનું મારું દુ:ખ ભૂલવામાં મને મદદ કરી. એમની એ ટીકાથી મારા મનમાં એ વિશ્વાસ પેદા થયો કે ફિનિક્સમાં સૌ પહેલી ચોરી મારી ઘડિયાળની જ થઈ એમાં મારો પોતાનો વાંક નથી એમ કહેવાય. હું જો યોગ્ય પાત્ર હોત તો ઘડિયાળ મારા હાથમાંથી જાત જ નહીં. મને ખોટી મોટાઈ મળી હતી, અને બીજાને આઠ આઠ દસ દસ શિલિંગની કિંમતનું ઈનામ મળ્યું અને મને પૂરા એક પાઉંડની કિંમતનું મળ્યું એ વાતનો મારા મનમાં જરાક ગર્વ આવ્યો હતો તેથી જ એ ઘડિયાળ મારા હાથમાંથી ઊડી ગઈ. એ નાની ઉંમરે આટલી ચોખ્ખી ભાષામાં કદાચ હું એ તર્કને રજૂ ન કરી શકત, પણ એ ભાવના ત્યારે જ મનમાં વસી ગઈ હતી એટલું મને યાદ છે. ત્યાર પછી જીવનમાં મારા હાથમાંથી અનેક વસ્તુઓ સરી ગઈ, મારે હાથે જ ભાંગી તૂટી ગઈ અથવા મારા સાથીઓને અપાઈ ગઈ છતાં મને ન અપાઈ. પણ એવી બધી વાતોનો મેં ઝાઝો ખેદ ન પાળ્યો. એવે પ્રસંગે મારા મનને મનાવી લેવાની મનોશક્તિ મળી કે, એને માટે મારામાં યોગ્યતા નહોતી એટલે જ મને એ ચીજ કે એ આદરસંમાન મળ્યું નહીં. સંભવ છે કે એ ઘડિયાળની ચોરી ન થઈ હોત તો આઠદસ વરસ એ કામ લાગત અને એવું સરસ ઈનામ મારી પાસે હોવાનું મને ગુમાન રહેત. પણ એ ઘડિયાળ ચોરાઈ ગઈ એમાં એ મને વધુ સારો લાભ આપતી ગઈ છે. એ એક ઘડિયાળે જઈને અનેક વસ્તુના અભાવના સંતાપમાંથી મને ઉગારી લીધો છે. અને આખી જિંદગી કામ લાગે એવી ભાવના મારા ખિસ્સામાં મૂકતી ગઈ છે કે યોગ્યતા હોવી એ પહેલી વસ્તુ છે. યોગ્યતા વિના કોઈ ચીજ મળી જાય તોપણ એ આપણી પાસે ટકી શકવાની નથી. યોગ્યતા હશે તો ભગવાન આપણને ઘટતી ચીજ આપી રહેશે. અને એ રીતે, એ ખોવાયેલી ઘડિયાળ સદાને સારુ મારું મીઠુ સંભારણું બની રહી.

પણ એ રીતનું એ મીઠું સંભારણું તો બહુ મોડેથી બની. ઘડિયાળ ચોરાયા બાદ મહિનાઓ સુધી એના સ્મરણથી મારું હૈયું કોરાઈ જતું હતું. એને ટાંગવાની ખીલી સામે હું એકલો ઊભો ઊભો મીટ માંડી રહેતો અને સ્વપ્નમાં ઘડિયાળ જોતો હોઉં એમ ઘડિયાળનું સોહામણું રૂપ કલ્પનાબળે નિહાળ્યા કરતો તથા હવે એ હાથ નહીં જ આવે એ વાતથી મન ભરાઈ આવતું ને આંખમાં પાણી આવી

જતું. મારા બેચાર દોસ્તદારોએ તો બબ્બે ત્રણ ત્રણ મહિના સુધી એ ઘડિયાળ શોધી આપવનો પ્રયત્ન ચાલુ રાખ્યો. તેમણે અમારા ફિનિક્સ આશ્રમની સામેની ટેકરીઓ પરથી આવતા જતા માણસની ઝીણવટ ભરી ચોકી રાખી, જ્યારે જ્યારે તક મળી ત્યારે ત્યારે સામી ટેકરીઓના ઝૂંડાંઓમાં પહોંચી જઈને પણ તપાસ કરી પરંતુ એ ઘડિયાળનો પત્તો ન જ લાગ્યો.

એ ઘડિયાળની શોધખોળ વખતે જોયેલું એક દૃશ્ય યાદ રહી ગયું છે તે અહીં નોંધી દઉં.

ફિનિક્સમાં નાનામોટા વિદ્યાર્થીઓને જે ઉદ્યોગો કરવાના હતા એમાં બગીચાના અને છાપખાનાના કામ ઉપરાંત ઝૂંપડાં બાંધવા કરવાનું કામ પણ કોઈ કોઈ વાર આવતું. અમારાં ઝૂંપડાં ઘાસ-માટી-વાંસનાં ન હતાં પણ તૈયાર મળતી ચોરસ વળી તથા ટિનનાં પતરાંનાં બનેલાં હતાં એ વાત હું જણાવી ગયો છું. કોઈ કારણસર આવું એક જૂનું ઝૂંપડું ઉખેડી નાખવામાં આવ્યું હતું અને એનાં દસ દસ ફૂટ લાંબાં પતરાં અમારી સામેની ટેકરીવાળા કોઈ ભાઈએ ખરીદી લીધાં હતાં. મારા સ્મરણ પ્રમાણે પાંચસાત દિવસ સુધી એ પતરાં પહોંચાડવાનું કામ વિદ્યાર્થીઓને કરવું પડેલું. એ સ્થળ અમારે ત્યાંથી માઈલેક દૂર હશે. મોટા છોકરાઓ એકલા એક એક પતરું ત્યાં સુધી લઈ જતા હતા અને નાના છોકરાઓ બે મળીને એક લઈ જતા હતા. સામેની ટેકરીના ચડાવમાં એ પતરાનો ભાર માથે ઉપાડીને લઈ જતાં ઠીક ઠીક થાક લાગતો. અમારે જવાની કેડી ઉપર જે ઝૂંપડી આવતી એ ઝૂંપડીને દરવાજે થાક ખાવાને બહાને દોસ્તદારો રોકાતા અને ઘરમાં નજર કરી પેલી ઘડિયાળ ત્યાં છે કે કેમ એ તપાસતા. હુંયે એ રીતે એક વાર મારા નાના જોડીદાર ભેગો એક અજાણ્યા હબસીના કૂબામાં ઘૂસી ગયો. હવે મને અમારા નાતાલના હબસીઓની ઝૂલુ બોલીના બેપાંચ શબ્દોયે યાદ નથી પણ ત્યારે વીસચાળીસ શબ્દો મને આવડતા એમ કહી શકું. ઝાઝું બોલતાં ન આવડતું પણ અમારા ઝૂલુ પડોશીઓનાં નાનાં નાનાં વાક્યોનો અર્થ હું સમજી લેતો અને ત્રણ ત્રણ ચાર ચાર શબ્દો ભેળા કરીને જે કંઈ પૂછવું હોય તે પૂછી શકતો. પેલી ઝૂંપડીને દરવાજે પહોંચતાં જ મેં અંદર નજર ફેરવી, અને કાન પણ માંડ્યા કે ક્યાંયે ઘડિયાળ દેખાય છે, કે ટિક ટિક સંભળાય છે? પણ ત્યાં એ જણાઈ નહીં. વળી એ ત્યાં મળશે એવી અમને ખાસ આશાયે ન હતી કારણ કે કોઈ હબસીભાઈ પાસેથી ચોરીનો એ માલ મળી આવશે એમ અમને લાગતું જ ન હતું. આપણા કોઈ હિંદી ભાઈ પાસેથી જ એ ઘડિયાળ મળી આવવાનો અમને વધારે સંભવ લાગતો હતો. એટલે બહાર ઊભા ઊભા પેલા કૂબામાં મેં નજર ફેંકી એ અશિષ્ટતા પણ મને ખૂંચી અને એ ઝૂંપડામાં જે

મળે એની સાથે દોસ્તી કરવાનું મને મન થયું. અને એક ખૂણામાં સાવ નાની છાપરી નીચે મારાથી જરાક મોટી ઉંમરની છોકરીને મેં જોઈ. હું એની પાસે જઈ ઊભો રહ્યો. એ મોટી છીપરડી ઉપર મકાઈની ઢગલી મૂકીને એક ભારે વાટણિયા વડે મકાઈના દાણા વાટી રહી હતી. મકાઈ વટાતી જોઈને મને નવાઈ લાગી. છીપરડીની બાજુમાં મકાઈનો મોટો બધો ઢગલો પડ્યો હતો અને મકાઈને વાટીને ઝીણી ચટણી જેવી એ બનાવી દેતી હતી. હતી તો એ છોકરી જ, ને દેખાવે પણ મારા જેવડી નાની ને પાતળી, પણ એનું જોર જોઈને હું ચકિત થઈ ગયો. મને તો એ વાટણિયો ફેરવવો પણ અઘરો પડે એટલો ભારે એ હતો પણ એ હબસી છોકરી રમકડાની જેમ એને નચવી રહી હતી અને ઝપાટાબંધ મકાઈ વાટી રહી હતી. હું પાસે જઈને ઊભો રહ્યો તોયે એને ઊંચું જોવાની ફુરસદ ન હતી. મેં સવાલો પૂછ્યા એના જવાબ પણ એણે પોતાનું કામ જરાયે અટકાવ્યા વિના આપ્યા.

અમારા સવાલજવાબનો સાર આ હતો:

'આ મકાઈ શા માટે પીસો છો?'

'પુપ્પૂ બનાવવા'

'તે તમે ચક્કીમાં મકાઈ ન દળાવો?'

'અહીં ચક્કી ક્યાં છે? અમે તો આમ જ કરીએ.'

'આમાં વખત કેટલો બધો લાગે!'

'વખત શાનો વળી! આ વટાઈ ગઈ, જો. રોજ તાજી વાટીને કરીએ એટલે પુપ્પૂ બહુ સરસ થાય.

એ છોકરીને મેં આમ બેચાર સવાલ પૂછ્યા એટલી વારમાં મારો બીજો સાથી પણ ત્યાં જ આવી પહોંચ્યો. એનું ધ્યાન પહેલાં અમે માથેથી ઉતારેલું પતરું થાંભલા પર સરખું ગોઠવવામાં હતું. એણે આવીને મને વધુ સમજાવ્યું કે આ લોકોને ઘંટી બંટી બનાવતાં આવડે જ નહીં. બિચારાં રોટલાયે કરી જાણે નહીં. બસ આ વાટેલા મકાઈનું પુપ્પૂ, કોળાનું બાફેલું શાક અને જ્યારે વધુ ઈચ્છા થાય ત્યારે શિકાર કરી આણેલા જાનવરનું માંસ એટલો એમનો ખોરાક. મરીમસાલા પણ આ લોકો ખાઈ ન જાણે. એટલે જ તો આપણા કરતાં વધારે જંગલી લોકો ગણાય છે! મારો સાથી મારા કરતાં મોટો હતો અને હબસી બોલી પણ ઠીક ઠીક જાણતો હતો. એણેયે થોડીક વાતો પેલી છોકરી સાથે કરી અને ઝૂંપડું કેવડું, તમે કેટલાં વગેરે કંઈક પૂછ્યું. એ બધા સવાલજવાબ મને યાદ નથી પણ એટલું યાદ છે કે એ ઝૂંપડીએ વિસામો ખાઈને પછી આગળ વધ્યા પણ મારા નાનકડા મગજમાં એ જાતના જીવન વિશે વિચારો આવ્યા જ કર્યા.

કેટલો સાદો ખોરાક અને કેવું સરસ શરીર! આપણે ખાવાના નિયમો પાળીએ, અસ્વાદવ્રત સેવીએ અને ઘણું કરીએ છતાં આપણી રસોઈમાં કેટલી બધી પંચાત પડે! આડણી વેલણ, લોઢી,સાણસી, એમ કેટલાંયે વાનાં જોઈએ. આમને બે પથરામાં આખું રસોડું સમાઈ જાય. આપણો જીવ દાળ, શાક, કઢી ને એવી બીજી મઘમઘતી ચીજો પાછળ ભમ્યા કરે; આ લોકોને એની કશી પરવા જ નહીં.

હજુ પણ એ ઝૂલુ બાળાના સરળ જીવનની યાદ આવે છે ત્યારે મને થાય છે કે એ લોકોનું એ વન્ય જીવન ખરેખર અમોલું જીવન છે. તેઓ પશુઓનો શિકાર કરીને ખાય તથા વાંચી-લખી ન જાણે કે ધર્મની વાતો ન કરી શકે એ દૃષ્ટિએ ભલે વગર સુધરેલા ગણાય, પણ આનંદ, સંતોષ તથા પહેલું સુખ તે જાતે નર્યાની દૃષ્ટિએ તેઓ આપણા કરતાં ચડિયાતા જ લેખાય.

## ૧૫
## અવનવા ફિનિક્સવાસીઓ

કાચી સમાધાની થયા પછી અનેક સત્યાગ્રહીઓ જેલમાંથી નીકળી નીકળીને પૂજ્ય બાપુજી પાસે ફિનિક્સ આંટો આવી જતા. તેઓ એકબે ટંક રોકાઈ, અમારે ત્યાંના વિચિત્ર ને મરીમસાલા વિનાના ભોજનનો સ્વાદ ચાખી, અમારા બગીચાનાં તાજાંમીઠાં ફળોનો આનંદ અનુભવી તથા બાપુજીના આશીર્વાદ લઈ પાછા પોતપોતાને સ્થળે પહોંચી જતા. તેઓમાં જે વધુ નબળા પડી ગયા હોય અથવા જેલમાંથી માંદા પડીને આવ્યા હોય એમની પૂછપરછ બાપુજી વધુ ધ્યાન દઈને કરતા. અને જે બાપુજીના આહાર અને કુદરતી ઈલાજના પ્રયોગો અજમાવવાની હિંમત બતાવતા એમને પોતાની પાસે રાખી પણ લેતા. પાકી સમાધાનીની ચર્ચા માટે બાપુજી કેપટાઉન ગયા ત્યાં સુધીનાં જેલમાંથી માંદા નબળા પડી બહાર આવેલા ત્રણચાર જણ જૂના અને નવા ફિનિક્સવાસીઓમાં હતા. છાપખાનાના, અને સમાધાની અંગેનાં બીજાં કામોમાં, તેમ જ પૂજ્ય બાની માંદગીને ખાટલે હાજરી આપવામાં બાપુજીનો બધો વખત ઘેરાયેલો જ રહેતો. દિવસ આખામાં દશ મિનિટનો પણ નિરાંતનો વખત એમને મળતો નહોતો છતાં જેલમાંથી નીકળીને આવેલા માંદાઓની માવજત કરવાનો ભાર પોતાની ઉપર લેતાં બાપુજીએ સંકોચ ન કર્યો. અને એક વાર માંદાની માવજત પોતાને માથે લીધા પછી, દિવસમાં ત્રણ ત્રણ વાર એમને તપાસવાનું, એમને માટે પોતાના હાથે જોઈતી રસોઈ તૈયાર કરી આપવાનું, જાતે જ માથે ઊભા રહીને એમને ખાવાનું પીરસવાનું તથા એ રોગીના મળમૂત્રનું

પરીક્ષણ કરી એને રીતસર ઠેકાણે પાડવાનું કામ કેટલી ચીવટ અને ઉત્સાહથી કરતા, એ વાતનો મને એમના દરદી તરીકે જે કાંઈ અનુભવ મળ્યો છે એનું વર્ણન આ પહેલાં સવિસ્તર કરી ગયો છું. એના વિસ્તારમાં અહીં ઊતરવાની જરૂર નથી. અહીં એ વાતનો ઉલ્લેખ એટલા જ પૂરતો કર્યો કે કામની ભારેમાં ભારે ભીડ હોય અને સમયની પૂરેપૂરી ખેંચાખેંચ હોય તોપણ માંદાના સંગી, સાથી અને સેવક બની રહેવાની બાપુજીની કળા કેટલી ગજબની છે એનો આપણને કંઈક ખ્યાલ આવે. એમને પોતાને ગમે એટલો થાક લાગ્યો હોય અને એમનું મન ગમે એટલી ચિંતામાં ઘેરાયેલું હોય, પણ એમના હાથ તળે કોઈ રોગી આવે એટલે એના તનનો ને મનનો રોગ મટાડવાના પ્રયોગ પાછળ બાપુજીને નવો ઉત્સાહ સ્ફુરે છે. થાકેલો માળી જેટલા અનુરાગથી પોતાના કલમ કરેલા કૂણા રોપાના નવા નવા અંકુરોને ફૂટતા જોઈને સમયનું ને પોતાની ભૂખ-તરસનું ભાન ભૂલી જાય છે એમ જ પોતાને આશ્રયે આવેલા માંદાઓની શારીરિક ને માનસિક વ્યથાનું મૂળ દૂર કરવામાં બાપુજી પણ પોતાનું આત્મવિલોપન કરી દે છે.

મને ખેદ થાય છે કે બાપુજીએ કરેલી એ સેવાશુશ્રૂષાના કોઈ ખાસ પ્રસંગ મને યાદ નથી રહ્યા. એટલે કે તેઓ કઈ રીતે શા ઉપચાર કરતા એની વિગત મારા સ્મરણમાં નથી રહી. મારી બાળબુદ્ધિને ત્યારે એ બધું જાણવાની કશી જિજ્ઞાસાએ ન હતી. બાપુજીના એ દરદીઓનું જે કંઈ થોડું સ્મરણ રહી ગયું છે એ જ અહીં આપીશ. એ દરદીઓમાંના એક તો હતા શ્રી સોલોમન. તેઓ ફિનિક્સથી લડત માટે જે પહેલી ટોળી ઊપડેલી તે સોળમાંના એક સત્યાગ્રહી હતા. જેલ ગયા તે પહેલાં સાજા નરવા હતા અને તેઓ કેટલા રમૂજી અને અમારી સાથે ભળનારા હતા એનું કંઈક વર્ણન પાછળ આપી ગયો છું. તેઓ જેલ ગયા ત્યારે અમારા વિદ્યાર્થીઓમાંના એક હોય એવા જુવાનિયા દેખાતા હતા. પણ ત્રણ મહિનાની કેદમાંથી પાછા આવ્યા પછી તેઓ બહુ મોટી ઉંમરના, અર્ધા ઘરડા જેવા દેખાવા લાગ્યા હતા. ઘણોખરો વખત તેઓ ખાટલામાં જ પડ્યા રહેતા. એમના મનમાં ગુસ્સો ભરેલો તો નહોતો દેખાતો, પણ નબળાઈને લીધે હસવું બોલવુંયે એમને ઝાઝું પરવડતું ન હતું. જરાક વાર હસે કરે તો થાકી જતા હતા. અમારે ત્યાંનો સાધારણ ખોરાક તેમને પચતો જ ન હતો. એમને અનુકૂળ આવે અને ભાવે એવી ચીજો તૈયાર કરાવી આપવામાં બાપુજી પોતે ધ્યાન આપતા હતા.

જેલમાંથી આવ્યા પછી શ્રી સોલોમન કેટલો સમય અમારી વચ્ચે રહ્યા એની મને આજે કંઈ સ્મૃતિ નથી પણ એટલું યાદ છે કે એમને ફિનિક્સમાં ફાવ્યું નહીં, બાપુજીના કુદરતી ઈલાજો પડતા મૂકીને ઈસ્પિતાલને શરણે એમને જવું

પડેલું. ત્યાં એમને કંઈક ઑપરેશન પણ કરેલું. અને એક વાર અમે એમને ઈસ્પિતાલમાં મળવા પણ ગયેલા. પણ અહીં એની વિગતમાં ઊતરવાપણું નથી. અહીં કહેવાનું એટલું જ કે બાપુજીના કુદરતી ઈલાજો શ્રી. સોલોમનને ઝાઝા ફળ્યા ન હતા. તેઓ હિંદી હોવા છતાં જન્મના ખ્રિસ્તી હોઈ અંગ્રેજી ઢબના વૈદા અને ખોરાક ઉપર એમને વધુ શ્રદ્ધા હતી એવો મને ખ્યાલ રહી ગયો છે. અને એમની એ શ્રદ્ધાને દબાવી ન દેતાં બાપુજીએ એમને એવા ઉપચાર માટે પણ સગવડ કરી આપેલી.

સોળ જણાની એ ટુકડીમાંના જ બીજા એક જણ માંદા પડીને આવ્યા હતા તે મગનભાઈ. મગનભાઈ તો અમારા શિક્ષક. તેઓ જેલ ગયેલા ત્યાર પહેલાં અમે એમની પાસે ખૂબ ભણેલા, પણ જેલમાંથી આવ્યા પછી તેઓ અમને ભણાવવાનું બહુ કરી ન શક્યા. એમને આખી રાત દમને લીધે જાગતા બેસી રહેવું પડતું. એમને શેક કરવાને માટે રાત્રે સ્ટવ ઉપર પાણી ગરમ કરવું પડતું અને એકબે મોટા વિદ્યાર્થીઓને એમની સેવામાં રહેવું પડતું. એમના ઉપચાર સંબંધી બીજું તો મને બહુ યાદ નથી પણ એમને માટે ટમેટાંમાં રાંધેલી દૂધ ચોખાની ખીર બાપુજી બનાવતા એ મને યાદ રહી ગઈ છે. એની સુવાસથી મારું મન લલચાતું, કોઈક દિવસ તે બાપુજી અમને બાળકોને પણ ચાખવા આપશે એવી આશા મારા મનમાં રહ્યા કરતી, પણ બાપુજીના હાથની એ ખીર ચાખવાનો લાભ મને કદી મળ્યો નહીં. મગનભાઈને પીરસાતા ટમેટાંની ખીરના — જેને અમે ત્યાં ટામેટો પુડિંગ કહેતા તેના — ભાણાનું મોહક દૃશ્ય મને યાદ રહી ગયું છે. બાપુજીએ કેપટાઉનથી લખેલા અનેક પત્રોમાં મગનભાઈની તબિયતના ખબર પુછાવ્યા છે એ ઉપરથી મગનભાઈ પટેલની માંદગી મટાડવા બાબત બાપુજીને કેટલી ચિંતા રહ્યા કરતી એનો ખ્યાલ આવે છે. એ પત્રો આ ચાલુ પ્રકરણોમાં છૂટક છૂટક આવ્યા છે એટલે એ આખા અહીં ઉતારવાની જરૂર નથી. અહીં એમાંનો એક નાનકડો ઉતારો આપવો બસ થશે.

કેપટાઉન, ફાગણ વદ ૧૦
તા. ૨૨-૩-૧૪

ભાઈશ્રી,

મગનભાઈને માટે જીવ અકળાય છે. કેમ ઠેકાણે નથી પડતું એ ખબર નથી પડતી. તે મારી સાથે આવે એ જ હું પણ ઠીક જોઉં છું. તમે એવી તજવીજ કરતા રહેજો. દેશમાં જોઈ લઈશું. માનસિક રોગને લીધે થાય છે, એમ મનમાં રહ્યાં કરે છે. જેલમાં તબિયત સારી રહી તેનું કારણ શોધ્યા કરું છું પણ ઉપરનું જ સૂઝે છે. ત્યાં મન પરાણે એક સ્થિતિને પામ્યું હતું. તેની અસર શરીર

ઉપર પણ થઈ. તે એટલે સુધી કે ગમે તે ખોરાક લેવાયા છતાં તબિયત ઠીક રહી. હવે જેલ બહાર તેવું મનોરાજ્ય ન મેળવી શકાય? ગમે તેમ હો પણ હિંદ આવવું એ જ મગનભાઈને સારુ ઠીક લાગે છે. છતાં તે પણ ભલે વિચાર કરે.

* * *

મોહનદાસના આશીર્વાદ

શ્રીમતી ભવાની દયાલજી પણ એ દિવસોમાં જ ફિનિક્સ બીજી વાર બાપુજી પાસે સારવાર લેવા આવેલાં, એવો મને કંઈક ખ્યાલ છે. પહેલી વાર શ્રી ભવાની દયાલજી અને એમનાં પત્ની થોડા દિવસ ફિનિક્સ રહી ગયેલાં પણ હવે ફિનિક્સવાસી બનવાની ઈચ્છાથી તેઓ આવેલાં એવો મને કંઈક ખ્યાલ છે. પણ સાથે એવું પણ યાદ છે કે થોડાંક અઠવાડિયાં કે બેત્રણ મહિનાથી વધુ વખત તેઓ ફિનિક્સ રહી શક્યાં ન હતાં અને એમને જવું પડ્યું હતું. એમનાં પત્ની પણ બીજી ફિનિક્સવાસી બહેનોની જેમ છૂટથી અમારી અંદર ભળી શક્યાં ન હતાં. કોઈક જ વાર એમનું શુદ્ધ હિંદી અમને સાંભળવા મળતું અને તેઓ એકલાં જ વધારે રહેતાં એવી છાપ મારા ઉપર રહી ગઈ છે.

પંડિત ભવાની દયાલજી જેટલા દિવસ ફિનિક્સ રહ્યા તેટલા દિવસ તેમને જોરે 'ઇન્ડિયન ઓપીનિયન'નાં બેત્રણ પાનાં હિંદીમાં પણ છપાવા લાગ્યાં હતાં. દક્ષિણ આફ્રિકાના હિંદીઓમાં મુખ્ય ભાષા ત્રણ હતી: ગુજરાતી ત્યાંના મોટા ભાગના વેપારી, ક્લાર્કો અને મધ્યમ વર્ગના માણસોની ભાષા હતી; તામિલ ત્યાંના મોટા ભાગના સ્વતંત્ર રીતે ત્યાં જ વસી ગયેલા ને ત્યાં જ જન્મેલા હિંદીઓની તેમ જ ગિરમીટિયા મજૂરોની ભાષા હતી; અને હિંદી પણ ગિરમીટિયા મજૂરો તથા ગિરમીટમાંથી મુક્ત બનીને ત્યાં જામી ગયેલા ખેડૂતો તથા કેટલાક વેપારીઓની ભાષા હતી. તે ઉપરાંત અંગ્રેજી તો ત્યાં ચાલુ જ હતી. 'ઇન્ડિયન ઓપીનિયન' એ ચારે ભાષામાં કાઢવાનો બાપુજીએ મનોરથ રાખ્યો હતો. પણ જે ભાષાનું કામ કરનાર ફિનિક્સમાં મળતા નહીં એ ભાષામાં એ છાપું કાઢી શકાતું નહોતું. ફિનિક્સમાં જેટલા હિંદીઓ હતા એમાં ગુજરાતી બોલનારાઓની સંખ્યા સૌથી વધારે હતી. એ પછી તામિલ બોલનારાઓની સંખ્યા હતી. જેમની માતૃભાષા હિંદી હોય એવા ભાઈ અમારી સાથે ફિનિક્સમાં વસવા ભાગ્યે જ આવતા. મને પોતાને તો પંડિત ભવાની દયાલજી સિવાય બીજા કોઈ હિંદી બોલી જાણનારા ભણેલાગણેલા ભાઈ અમારે ત્યાં આવીને રહ્યાનું યાદ આવતું નથી. જે હિંદી પાનાંઓ છપાતાં એમાં પંડિત ભવાની દયાલજીને મદદ કરનારુંયે કોઈ અમારે ત્યાં ન હતું. એમને જાતે જ હિંદીમાં લેખો લખવા પડતા, જાતે જ હિંદીમાં બીબાં ગોઠવવાં પડતાં અને જાતે જ પ્રૂફ સુધારી કરી પાનાં

ગોઠવી આપવાં પડતાં. તેઓ ગુજરાતી બોલી જાણતા ન હતા એ કારણે હોય કે બીજે કારણે હોય, પણ તેઓ અમ બાળકોથી ઠીક ઠીક અલિપ્ત રહેતા હતા.

એમનું હિંદી સાંભળવાની અમને મજા આવતી પણ તેઓ સ્વભાવે જ એવા શાંત હતા કે અમારી છોકરાઓની ધમાચકડી અને રમતગમત વચ્ચે તેઓ ભાગ્યે જ આવતા. તેઓ અમારાથી દૂર રહેતા; બાગબગીચામાં કે રસોઈ-પાણીના કામમાંયે તેઓ કોઈક જ વાર દેખાતા. મોટે ભાગે તેઓ છાપખાનામાં પોતાના મેજ ઉપર કે બીબાં ગોઠવવાનાં ખોખાં ઉપર જ સવારથી માંડીને સાંજના દીવાટાણા સુધી કામ કરતા નજરે પડતા.

તેઓ એ બધું કામ કરતા હોય ત્યારે, મારી ટેવ મુજબ દિવસમાં બેચાર વાર જઈને હું એમને કામ કરતા જોઈ આવતો. તેઓને વાત કરાવવા એકાદ પ્રશ્ન પૂછું તોયે તેઓ એકબે શબ્દમાં જવાબ પતાવી પોતાના કામમાં મંડ્યા રહેતા. હું ઊભો ઊભો કામ જોયા કરતો. હિંદી બીબાં ગોઠવવાની એ માથાફોડ જોઈને હું તો ડરી જ ગયો! ગુજરાતી બીબાં કરતાં પણ મને એ બેવડું મુશ્કેલ દેખાયું. ગુજરાતી બીબાં ગોઠવતી વખતે તો કેવળ કાનો અથવા હ્રસ્વ કે દીર્ઘ 'ઈ' જ મેળવવા પડતા, ત્યારે હિંદીમાં એક એક અક્ષર ત્રણ ત્રણ કટકે ગોઠવવો પડતો હતો. અક્ષર જુદો, માત્રા જુદી ને કાનો હોય તો તે જુદો. મેં એનું કારણ પંડિત ભવાની દયાલજીને પૂછ્યું તો તેમણે સમજાવેલું કે નાગરી અક્ષરને માથે લીટી આવે એટલે ગુજરાતી અક્ષર જેટલી સગવડથી એના ટાઈપ નથી બની શકતા. પંડિત ભવાની દયાલજીની ધીરજ અને મહેનત માટે મારા મનમાં માન ઊપજ્યું પણ મનમાં એક વિચાર જડાઈ ગયો કે જો દેવનાગરી બીબાં ગોઠવવાનું શીખવાનો વારો આવશે તો હું તો સૌથી છેલ્લો જ રહેવાનો, મારાથી એ બનવાનું જ નહીં. આ હિંદીવાળાઓ મથાળાની આટલીક લીટી રાખવા માટે આટલી બધી માથાફોડ શા માટે કરતા હશે!

પણ સદ્‌ભાગ્યે અમારું ફિનિક્સમાં ઝાઝું રહેવાનું બન્યું જ નહીં અને હિંદીમાં બીબાનાં એ ઝીણા ઝીણા કટકા ગોઠવવાનો ત્રાસ મારે કદી અનુભવવો પડ્યો નહીં.

ફિનિક્સમાં બાપુજીની પાસે એ દિવસે આવેલા દરદીઓમાં જે હજુ સુધી મને વારેવારે યાદ આવ્યા કરે છે એ હતા અમારાં બાળકોના દોસ્તદાર મિ. ગેબ્રિયલ આઈઝેક. તેઓ કેટલા બધા રમૂજી હતા એની વાત દેશી-વિદેશી શિક્ષકોવાળા પ્રકરણમાં હું કરી ગયો છું. તેઓ પણ હિંદીઓને કાજે જેલ જનારાઓમાંના એક હતા. તેઓ જેલમાંથી નીકળીને ફિનિક્સ આવ્યા ત્યારે બહુ જ દૂબળા, ફિક્કા અને માંદલા હતા. ઈ. સ. ૧૯૦૮-૯માં જ્યારે તેઓ

ફિનિક્સમાં આવી અમને બાળકોને રમાડતા ત્યારે તેમનું શરીર અલમસ્ત હતું. જેઓ ઘડીએ ઘડીએ અમને હાથ, પગ, ચશ્માં વગેરે વાંકાચૂકા કરીને તેમ જ વાર્તાઓ સંભળાવીને હસાવ્યા કરતા એ આઈઝેક સાહેબ પાંચ વરસની અંદર જ સાવ બદલાઈ ગયા હતા. પહેલાં અમે આખો દિવસ એમને ઘેરી રાખતા પણ હવે તેમની પાસે જવાની અમ બાળકોની બહુ હિંમત નહોતી ચાલતી. જેમના ગળામાંથી કંઈક ને કંઈક ધીમું ગાણું સંભળાયા કરતું તેઓ હવે સોગિયેલ ચહેરે એકાદ ઓટલા ઉપર કે ઝાડ નીચે ગુમસૂમ બેસી રહેતા. આઈઝેક સાહેબમાં એકાએક આટલો બધો ફેરફાર જેલના અનુભવથી થયો, કે તેઓ પોતાની માંદગીથી કંટાળીને એવા બની ગયા, કે બીજું કંઈ કારણ હતું એ સમજવા કે પૂછી જોવા જેટલી સમજ ત્યારે મારામાં ન હતી. પણ મારા મન ઉપર એક છપા એવી પડી ગઈ કે સાધારણ દરજ્જાનો અંગ્રેજ માણસ આપણા સાધારણ દરજ્જાના હિંદી માણસ કરતાં પોચા મનનો ને આળા હૈયાનો હોય છે. એના શરીરને જરાક આંચ આવતાં એ વધારેપડતો ગભરાઈ જાય છે. આપણા લોકો માંદા પડે, ખાવામાં ઊણા રહે અને જાતજાતનાં શારીરિક કષ્ટો ભોગવે તોપણ તેમનાં મન એકાએક કરમાઈ નથી જતાં. અમારા ફિનિક્સના સત્યાગ્રહીમાં શ્રી સોલોમન કદાચ આઈઝેક સાહેબ કરતાં વધારે સુકાઈને નબળા પડી ગયા હતા છતાં એમની પાસે અમે બાળકો પહોંચી જતા ત્યારે તેઓ થોડીઘણીયે રમજૂ કરી લેતા. એથી ઊલટું આઈઝેક સાહેબ વધુ સુક્કા ને ચિંતામાં પડેલા જણાતા. મારા સ્મરણ પ્રમાણે બાપુજીના કેપટાઉન ગયા પછી પણ થોડો વખત આઈઝેક સાહેબ ફિનિક્સમાં રહ્યા હતા. પણ પછી નબળા ને માંદા જ ફિનિક્સથી પાછા ચાલ્યા ગયા હતા. એમના ગયા પછી ટૂંક સમયમાં એમના મૃત્યુના સમાચાર અમે જાણ્યા. એમનું મરણ જેલ જવાને કારણે થયું એમ કોઈએ કહ્યું નહીં, છતાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસમાં હિંદીઓને ખાતર પોતાની જાતને અર્પણ કરનારા અંગ્રેજોમાં એમનું નામ નોંધાયું. તેમના જેવા બાળમિત્ર ફરી તાજા નરવા પ્રસન્ન બની અમારી વચ્ચે ન આવ્યા એ વાતનો મને બહુ ખેદ થયો. મને જે થોડાએક અંગ્રેજોનો અનુભવ થયો છે એમાં આઈઝેક સાહેબનું સ્મરણ ભૂલ્યું ભુલાય એમ નથી. એમના પ્રત્યે મારા મનમાં સદાયે આદર રહ્યો છે. છતાં અમારા બાળપણમાં રસ રેલાવનાર એ ભાઈને મૃત્યુ પહેલાં જેવા વિષાદમાં મેં જોયા હતા એ પરથી એમનાં ટીખળ અને વિનોદની એક અવળી જ છાપ મારા મનમાં ઘર કરી ગઈ છે એની નોંધ અહીં લીધા વિના હું રહી શકતો નથી. તે એ કે ત્યાર પછી મને ટીખળ કરીને પેદા કરવામાં આવતા વિનોદવાર્તા પ્રત્યે એક જાતનો અણગમો પેદા થઈ ગયો છે. જેને ફારસ કહેવાય છે અથવા કેવળ

હસાવવા ખાતર જ જે પ્રવૃત્તિ કરવામાં આવે છે એ મને કસ વિનાની ભાસ્યા કરી છે. અને જ્યારે હસાવવાનો કાર્યક્રમ ગોઠવીને કોઈ રમૂજ પેદા કરવા જાય છે ત્યારે મને કંટાળો આવે છે. અંગ્રેજી, ગુજરાતી માસિકપત્રોની રમૂજ-કંડિકાઓ, અને હિંદી સાહિત્યની ભંગેરી તથા મતવાલાની કૃત્રિમ વાક્યરચનાઓ વાંચતાં મને મિ. આઈઝેક સાંભરી આવે છે અને એમના પાછળના ભાગના નબળા તેજહીન જીવનનું એક સૂકું ચિત્ર મારી નજર સામે ખડું થઈ જાય છે. આખો કૃત્રિમ હાસ્યરસ મને સાવ અર્થ વગરનો અને છીછરો લાગે છે. ઉચ્ચ ભૂમિકાના કુદરતી હાસ્યરસને માટે આ વાત નથી. સહજ પ્રવાહમાં મળી આવતા હાસ્યરસને તો હું સંગીત કરતાંયે મધુરો અનુભવું છું પણ કેવળ માલ વિનાની વાત પર અડપલાં કરીને હસવા હસાવવાનો પ્રયત્ન કરાવનારો માણસ મને પ્રસન્નચિત્ત દેખાવાને બદલે અંદરખાનેથી દુખિયારો દેખાય છે.

પણ અહીં મારે કંઈ રસચર્ચામાં ઊતરવું નથી. એક ‘રમૂજી જીવડો’ ગણાતા અંગ્રેજની જે છાપ મારા મન પર બાળપણથી રહી ગઈ છે એ મેં નોંધી. અને તેયે અંગ્રેજ વિદૂષકનું સ્મરણ નોંધવાનું કારણ એ કે ઘણાઓને કહેતા મેં સાંભળ્યા છે કે “અંગ્રેજી બાળસાહિત્યમાં જે વિનોદ અને હળવાપણું ભર્યું છે એવું આપણે ત્યાં બહુ ઓછું છે.” પણ એ અંગ્રેજ પદ્ધતિના રમતિયાળ લોકો અને સેંકડો જાતની મોંઘી મોંઘી રમતિયાળ ગણાતી ચોપડીઓ માટેનો મારો બાળપણનો અનુભવ આદરભર્યો નથી. બાળપણમાં આઈઝેક સાહેબ પાસે એવી કૃત્રિમ વાતો સાંભળ્યાની છાપ મારા પર પ્રેમાનંદ કે શામળભટ્ટનાં કાવ્યોમાંના ભીમ-અંગદ-હનુમાન જેવાના કરતાં ચડિયાતી નથી જ પડી.

એ દિવસોમાં એક નવા ફિનિક્સવાસી અમારે ત્યાં ઉમેરાયા. તે ઈમામ અબદુલ કાદર બાવાઝીર. તેઓ ફિનિક્સમાં જોડાયા ત્યારથી લઈને છેવટની ઘડી સુધી આશ્રમવાસી બની રહ્યા. ઈમામસાહેબનો એવો કોઈ પ્રસંગ મને સાંભરતો નથી જ્યારે તેઓ મુસલમાન તરીકે અમારાથી જુદી ભાતના તરી આવ્યા હોય. એવી એક ક્ષણ પણ યાદ નથી આવતી જ્યારે તેઓ અમારામાંના એક ન હોય એવો અનુભવ અમને - ખાસ કરીને મને - આવ્યો હોય. ઈમામસાહેબ અને ઈમામસાહેબનું મુસલમાન કુટુંબ અમારા બધા કરતાં રતીભર પણ ઓછું આશ્રમવાસી બનીને રહ્યાનું ઝીણું સરખું પ્રમાણ ખોળવા બેસું તોયે એ મારે હાથ આવે એમ નથી. ઈમામસાહેબ ઉંમરમાં મારા પિતાશ્રી જેવડા હતા. મારા પિતાશ્રી જોડે હું બહુ મોઢે ચડીને વાત ન કરતો તેમ ઈમામસાહેબ સાથેયે કદી કરી શક્યો ન હતો. જ્યારે જ્યારે ઈમામસાહેબ કોઈ બગડતું કામ સુધારી લેવાની મને શિખામણ આપતા ત્યારે પિતાશ્રી કે મગનકાકાની આપેલી શિખામણ જેટલો

જ મેં એનો આદર કર્યો છે. ઈમામસાહેબ પ્રત્યે એમના ફિનિક્સ આવ્યા પહેલાં જ મારા મનમાં થોડો આદર અને થોડો ભય હતો. એમની મોટી દીકરી ફાતિમાબહેન મિસ શ્લેશિન સાથે ફિનિક્સ આવી ત્યારથી અમારી કેવી દોસ્ત બની ગઈ હતી એ વાત હું જણાવી જ ગયો છું. એની પાસે ઈમામસાહેબના ભારે ત્યાગની તેમ જ એમના ગુસ્સાવાળા સ્વભાવની વાત પહેલેથી જ મેં જાણી હતી. અને ફાતિમાની સહાનુભૂતિમાં મને પણ ઝંખના હતી કે જેલમાંથી છૂટીને હવે ઈમામસાહેબ ફરી પાછા જોહાનિસબર્ગનો પોતાનો ધંધો શરૂ ન કરવાનો અસલ વિચાર કાયમ રાખે. અને તેઓ ફિનિક્સમાં આવીને જ વસે. મેં ધાર્યું હતું એવા દબદબા કે ધમધમાટથી ઈમામસાહેબ ફિનિક્સ આવ્યા ન હતા. ડરબનથી રુસ્તમજી શેઠ આઠ દહાડા માટે કે દાઉદ શેઠ ચાર કલાક માટે ફિનિક્સ આવી જતા તોપણ આખા ફિનિક્સમાં ખળભળાટ મચી જતો. પણ ઈમામસાહેબ ક્યારે આવ્યા, કેમ આવ્યા એની અમને ખબર જ ન પડી. પડી હોય તોયે એ એટલી બધી થોડી કે જે આજે એનું સ્મરણ નથી. તેઓ અમારી પંક્તિમાં, અમારી પેઠે જ, અમારે માટે તૈયાર થયેલું ભોજન લેવા લાગ્યા. અમારી સાથે જ છાપખાનામાં પૂરા કલાક મહેનત કરવા લાગ્યા અને અમારી પેઠે જ બગીચાના ને ઘરના કામમાં જે ભાગે આવે તે પૂરી મહેનતથી કરવા લાગ્યા. તેઓ બહુ બોલતા કે બહુ વાતો કરતા સંભળાતા નહીં, ઉંમરમાં મોટા હતા એટલે અમારા ભેગા રમવા મંડે એમ તો હતું જ નહીં. પણ અમારી ઉપર પોતાની મોટાઈ દેખાડવાનો તેઓ કદી પ્રયત્ન ન કરતા. જે ચર્ચા અમારી વચ્ચે ચાલતી હોય એમાં પોતાનો મત જણાવતાં સચોટ વાક્યો તેઓ સંભળાવી દેતા અને પછી બીજા જે કરતા હોય તે કરવા દેતા. ફાતિમાની વાતથી મેં એમને જેટલા ગુસ્સાવાળા કલ્પ્યા હતા એવા ભાગ્યે જ મેં અનુભવ્યા. એમનો ચહેરો સદા સ્મિતભર્યો જ રહેતો અને એમની વાણીમાંથી ડહાપણ નીતરતું. એમને રહેવા માટે જુદું ઘર મળ્યું હતું ત્યાં પણ હું પહોંચી જતો અને ફાતિમાબહેનને છાને છાને બહુ વઢતા કરતા તો નથી ને એ તપાસતો. પણ ઘરમાં પણ મેં એમને કોઈના ઉપર ચીડ કાઢતા કે બળાપો કરતા ભાળ્યા ન હતા. ન ફાતિમાએ એવી ફરિયાદ કરી હતી. ઊલટું એણે મને એટલું જ કહ્યું હતું કે મારા અબ્બાનો ગુસ્સો અહીં આવ્યા પછી બહુ ઓછો થઈ ગયો છે.

ઈમામસાહેબ આવ્યા એ પહેલાં પણ એમની નાની દીકરી અમીના અને એમનાં પત્ની હાજીસાહેબા ફિનિક્સમાં આવી ગયાં હતાં. પોતાની સાવકી મા અને સાવકી બહેનના આવ્યા પછી ફાતિમા જરા ગંભીર દેખાતી હતી પણ અંદર અંદર કડવાશ ઊભી થતી મેં કદી જોઈ ન હતી. હાજીસાહેબાને પણ મેં

ફાતિમાના વર્ણન પરથી કલ્પ્યાં હતાં એથી ઘણા ઊંચા સ્વભાવનાં અનુભવ્યાં. જ્યારે જોઈએ ત્યારે તેઓ કંઈ ને કંઈ કામ કરતાં જ હોય. સીવણું તો તેઓ ખૂબ જ કરતાં અને ફાતિમા પણ તેમની પડખે બેઠી બેઠી કંઈક સીવ્યા કરતી હોય. બોલવામાં ફાતિમા જેટલી વધારે હતી એટલાં જ ઓછાં હાજીસાહેબા હતાં. એમને વાતચીત કરતાં જોયાનું મને બહુ ઓછું સાંભરે છે. ભારે શરીર, નીચું કાઠું અને ટેબલ પર ઊભા ઊભા કે બેઠા બેઠા કામ કરતાં હાજીસાહેબાને જોઈને એમ જ લાગતું કે કોઈ સરસ માણસ પાસે આપણે ઊભા છીએ.

ફાતિમાની નાની બહેન અમીના એક રમકડું હતી. એ મારી નાની બહેન રૂખીની ઉંમરની જ હતી. બહુ કાલું કાલું બોલતી. એ પોતાની થાળી પિરસાવવા ટેબલ પાસે પહોંચતી ત્યારે મગનકાકા એને સવાલો પૂછી પૂછીને જાત જાતનો વિનોદ કરાવતા. એને સારુ અમારી ભાષા નવી હતી, ખાણું નવું હતું. શું ભાવે ને શું ન ભાવે એના બહુ મીઠા સવાલજવાબ અમે તેની સાથે કરતાં. એની મોટી મોટી આંખો, પાતળું ઊજળું ઝબલું અને બાળહાસ્ય બધું જ આકર્ષક હતું. અમે બધાં મૌન રહી જમતાં હોઈએ ત્યાં અમીના આવે એટલે મૌનનો અંત આવી જતો અને રમૂજ શરૂ થતી.

આ બધાઓની સાથે જ એટલે કે એ જ અરસામાં એક ભાઈ અમારી ઉંમરના પણ આવ્યા અને અમારા જોડીદાર બન્યા. એમનું નામ ભગાભાઈ. ઉંમરમાં એ રામદાસકાકા જેવડા હતા અને સ્વભાવે પણ એમના જેવા જ શાંત અને મહેનતુ હતા. રામદાસકાકાના દોસ્તદારોમાં એમનું નામ પહેલું લેવાતું. અમે એને ભગો પણ કહેતા અને ભગાભાઈ પણ કહેતા. તે અમારી સાથે તોફાનમસ્તીમાં ઓછું ભળતા. ટૉલ્સ્ટૉયવાડીમાં પણ પહેલાં રહેલા અને ત્યારથી જ એમની ખ્યાતિ ડાહ્યા છોકરાઓમાં હતી. કામ કરવામાં એ વેઠ ન ઉતારતા. પોતાના ભાગનું કામ સારી રીતે કરતા અને ચંપલ બનાવવામાં તે બહુ હોશિયાર ગણાતા. બાપુજીએ જનરલ સ્મટ્સને જે ચંપલની જોડી બનાવરાવીને મોકલી હતી એમાં મુખ્ય કામ ભગાભાઈના હાથનું જ હતું એવો મને ખ્યાલ છે.

ભગાભાઈ આવ્યા ત્યારથી મારા દોસ્તદારોમાં વધારો થયો. મારી સીધી દોસ્તી દેવદાસકાકાને બાદ કરતાં એક રેવાશંકર સોઢા સાથે હતી. ભગાભાઈ ત્રીજા થયા. તેમની સાથે રહેવામાં મને આનંદ આવતો અને વાતો સાંભળવામાં મજા પડતી. ગુજરાતી ભણવામાં તેઓ અમારા સાથી હતા. પણ ભણવે હોશિયાર હતા એવું મને સાંભરતું નથી. પણ ફરી વાર અમારી શાળા શરૂ થયાની તથા નવા નવા શિક્ષકોની વાત હવે પછી.

## ૧૬

# છૂટાં પંખીડાં

સ્મટ્સ અને બાપુજી વચ્ચે વાટાઘાટ ચાલી રહી હતી એ દિવસોમાં અમને ફિનિક્સનાં બાળકોને એક નવો જ રસ જાગ્યો હતો. એ વખતે જેલમાંથી છૂટીને આવેલા અમારા મુરબ્બીઓ પેલા કમિશન સંબંધી ચર્ચાઓ અને સત્યાગ્રહની એ લડતના ભવિષ્યની ચિંતામાં રોકાયેલા રહેતા હતા, મોટા વિદ્યાર્થીઓ ફિનિક્સનાં ફળઝાડની પ્રદક્ષિણા કરવામાં વખત ગાળતા હતા અને અમે બાળકો ફિનિક્સનાં પંખીઓની શોધખોળમાં અને એમાંના કોઈકને પકડીને પાળવાના પ્રયત્નમાં વળગ્યા હતા. અમારા ભાઈબંધ દોસ્તદારો જેલમાં પુરાઈ રહેલા એ અમને આખો વખત ખૂંચ્યા કરતું હતું પણ અમારા બગીચાનાં છૂટાં પંખીડાંઓ માટે જેલખાનું ઊભું કરવામાં અમને સંકોચ નહોતો થતો. માણસો જેલમાં પુરાય એ અમને હડહડતો અન્યાય દેખાતો હતો અને એકાદું પંખી અમારા પાંજરામાં ફસાઈ જાય તો અમે હરખથી નાચી ઊઠતા હતા!

ફિનિક્સમાં નાનામોટા જેટલા મહેમાનો આવતા એ સૌ અમારે ત્યાંનાં ફળોની અદ્‌ભુત મીઠાશનાં વખાણ કરતાં થાકતા ન હતા અને જાતમહેનત કરી, પુષ્કળ કાળજી રાખી તથા પરસેવો પાડીને ઊપજાવેલાં એ અસાધારણ ફળોનું સૌંદર્ય નિહાળી નિહાળીને ફિનિક્સવાસી ભારોભાર આત્મસંતોષ અનુભવતા હતા. પણ એ ફળોનાં સાચાં પારખુઓની તરફ અમારું ઝાઝું ધ્યાન જતું ન હતું. જે પપૈયાં, સફરજન કે બીજાં ફળ ઉપર પંખીએ બેચાર ટોચા પાડેલા હોય એવા વનપક ફળની અમે કિંમત વધારે કરતા અને મહેમાનોને ચખાડતા. પણ પંખીઓની ફળ પારખવાની એ ચતુરાઈને માન આપવા ઉપરાંત એમની જોડે અમે ભાગ્યે જ કશી લેવાદેવા રાખી હતી. અમારે ત્યાં એવો કોઈ ઉત્સાહી હોવાનું મને યાદ નથી આવતું કે જેણે અમને બાળકોને પંખીઓના પરિચય સંબંધી બેપાંચ વાત પણ કહી હોય. ઝેરી અને ઝેર વિનાના સરપોની ઓળખાણ સંબંધે ઘણાઓને રસ હતો અને એનું શાસ્ત્રજ્ઞાન ચોપડીમાંથી તેમ જ સરપ પાળીને પણ અમારે ત્યાં કેટલાક જણ વધારી રહ્યા હતા, પણ પક્ષીઓ સંબંધના જ્ઞાન વિશે કોઈને રસ ન હતો.

અમારા ઘરમાં પંખીઓ પ્રત્યે પ્રેમ હતો ખરો. કોઈક સમીસાંજે ફિનિક્સના સીમાડાઓ ઉપર ચાંદની પથરાતી આવતી હોય અને એના સ્વાગતમાં બુલબુલે પોતાનું સંગીત વહેતું મૂક્યું હોય ત્યારે ઉલ્લાસમાં આવીને મગનકાકા બોલી ઊઠતા, ‘‘ભગવાને આ કંઠમાં કેટલું બધું માધુર્ય મૂક્યું છે!’’ એ જ પ્રમાણે મારા પિતાશ્રીને રૉબિન પંખી બહુ ગમતું હતું. અંકગણિતના અઘરા દાખલા તેઓ મને

શીખવી રહ્યા હોય ત્યારેયે ઘરના આંગણામાં ચણતું ચણતું જો રૉબિન આવી પહોંચે તો બેપાંચ મિનિટ પિતાશ્રી એને ધ્યાનથી જોઈ રહેતા અને કહેતા કે ''આ રૉબિન બહુ મીઠડું પંખી છે. વિલાયતમાં હું હતો ત્યારે મેં જોયેલું કે અંગ્રેજો એને જોઈને બહુ જ હરખાય છે'' તથા મારી બાને તો પંખીઓની સામે મીટ માંડીને એની હાલચાલ જોવામાં ખૂબ જ રસ હતો. રસોડાનું ને બીજું ઘરકામ કરતાં કરતાંયે તેઓ ઓસરીમાં પોતાની બેઠક એવી રીતે રાખતાં કે આંગણે આવતાંજતાં પંખીઓ દેખાતાં રહે. દાળચોખા વીણતી વખતે તેમ જ શાક સુધારતી વખતે તો પંખીની વાણીમાં ઈશ્વરનું કીર્તન સાંભળવાનો એમનો કાર્યક્રમ જ રહેતો. અને અનેક વાર તેઓ રાજકોટના ઘરઆંગણે હળી ગયેલાં ચકલાંની અને ચણવાને આવતા પોપટની વાત કરતાં.

પરંતુ દક્ષિણ આફ્રિકાનાં પંખીઓની કશી ખાસ જાણકારી અમારે ત્યાં કોઈને ન હતી. બેપાંચ પંખીઓનાં અંગ્રેજી નામ અમે જાણતાં હતાં એટલું જ. અમને બાળકોને પંખીઓ પાછળ દોડાદોડ કરી મૂકવાનો રસ ઊભો કરનાર હતો અમારો નાનકડો બાળ-સાથી છોટમ, અને એની ખૂબ વાતો કરનાર હતી અમારી નવી દોસ્તદાર ફાતિમાબહેન.

મોટા રસોડાની પાસેના કદળીવનમાં આપણે ત્યાંની ઘરમાં વસનારી ચકલી જેવું અને લલેડાના જેવા ધૂળિયા રંગવાળું એક પંખી રખડુ છોટમને મળી આવ્યું. કોઈક કારણે એ પૂરી રીતે ઊડી નહોતું શકતું. જરાક ઊડીને એ પાસેની નીચી ડાળ ઉપર બેસી જતું હતું. છોટમે એનો બરાબર પીછો લીધો અને એને પકડીને ઘરમાં લઈ આવ્યો. ફાતિમાબહેનનો અને છોટમનો સ્વભાવ કંઈક મળતો આવે. એમણે ઉત્સાહથી એ પંખીને પાળવાનું નક્કી કર્યું. પોતાને હાથે એક નાજુકડું પાંજરું બનાવ્યું અને એને દાણોપાણી પૂર્યાં. બંનેએ મળીને આખી બપોર સેવા કરી. બેક દિવસમાં એ અમારી બધાની જોડે હળી ગયું. જમતી વખતે અમે પાંજરાને અમારી પાસે જ લાવીને મૂકતા અને એને હેતથી ખવડાવતા. પછી અમારા મોટા ઓરડાનાં બારીબારણાં વાસી એને પાંજરામાંથી છૂટું મૂકી દેતાં અને તે ઊડી ઊડીને મેજ પર, કબાટ પર કે બીજે જઈ બેસે એટલે એને પકડી લાવવાને કૂદાકૂદ કરી મૂકતા. એ કૂદાકૂદમાં અમને હસવું ન આવતું હોય તોયે નાનો છોટમ કંઈક ને કંઈક અડપલું કરીને અમને બધાને ખડખડાટ હસાવી મૂકતો. મગનકાકા અમારી એ રમતમાં ભળતા ત્યારે તો વળી ખૂબ મજા પડતી. તેઓ અમને સૂચના આપતા કે આવી રીતે નહીં, આવી રીતે જઈને એને પકડી લો. એ પંખીનું નામ અમે ચકલી જ પાડ્યું હતું. અમે અમારી ગુજરાતી વાચનમાળાની ચોપડીમાં ચકલીનો પાઠ વાંચ્યો હતો અને ચકલીનું

ચિત્ર પણ જોયું હતું. પણ અમારે ત્યાં ચકલી જોવા નહોતી મળતી એટલે અમારે મન એ નામ બહુ ભાવભર્યું હતું. આશરે બારપંદર દિવસ એ પંખીએ અમને આનંદ આપ્યો. એ પછી એક સાંજે જ્યારે અમે જમવા ટાણે ભેગા થયા ત્યારે પાંજરું ખાલી જોયું. તપાસ કરતાં ખબર પડી કે છોટમભાઈએ એને પાંજરામાંથી છૂટું મૂકી દીધું હતું. અમે કારણ પૂછ્યું તો તે બોલ્યા: ‘‘મને મન થયું કે એને ખૂબ ઉડાડું, એટલે મેં એને પાંજરું ખોલીને ઉડાડ્યું. અને એ પાછું ન આવ્યું.’ પણ અમને ખાલી પાંજરું વરવું લાગ્યું એટલે અમે ફરી કોઈક પંખી પકડવાને અખતરો માંડ્યો. અને એ અખતરામાં ફાતિમાબહેન સાથે હું ઠીક ઠીક ભાગ લેતો હતો.’

ફિનિક્સનાં અનેક પંખીઓને જોતાં બેસવામાં મને રસ હતો પણ તેમાંયે કૅનરી પંખી મને વધુ ગમતું હતું. એ આપણે ત્યાંની કાબરને મળતું ગણાય. કદમાં ને ઘાટમાં એ કાબર જેવડું લાગતું. એના અવાજમાં કાબર જેટલી કર્કશતા ન હતી તેમ ખાસ માધુર્ય પણ ન હતું. એ કાબર જેટલું બોલકણુંયે ન હતું. ફિનિક્સના શાંત વાતાવરણને એ પંખીઓ વધારેપડતા કલબલાટથી અશાંત નહોતું બનાવી મૂકતાં પણ અમારા આંગણામાં ટોળાંબંધ આવી મીઠી કચકચ કર્યા કરતાં. એનું આખું આકર્ષણ એના રંગમાં હતું. એની પાંખ ચળકતા પીળા રંગની સોનેરી હતી. એની પીઠ ઉપર વાઘના જેવા સરસ ચટાપટા હતા અને ચતુરાઈમાં એ કાગડાને મળતું હતું. ફિનિક્સના પંખીઓમાં કૅનરી પંખીથી મોટા કદનું કોઈ પંખી મને યાદ નથી આવતું. એ સોનેરી પંખીને પકડીને પેલા પાંજરામાં રાખવાનાં અમે ખૂબ ફાંફાં માર્યાં . અમારી વાસણ ઊટકવાની જગ્યાએ મેં નાનાં નાનાં ખોખાં ગોઠવ્યાં. પાતળા સાંઠીકડાને આધારે એને ઊંધાં ઢળતાં રાખી એની નીચે સરસ વાનગીઓ મૂકી અને લાંબી દોરી બાંધીને મેં એ ફાતિમાના હાથમાં પકડાવી કે જેથી કૅનરી પક્ષી એ સારું સારું ખાવા ખોખા તળે આવે કે તરત દોરી ખેંચીને એ ખોખું પાડી દઈ શકાય અને પાંચસાતમાંથી બેત્રણને તો એમાં ફસાવી શકાય. પણ લાગલાગટ દિવસોના દિવસો સુધી અમારો સવારસાંજનો એ પ્રયત્ન નકામો ગયો. એક વાર દેવીબહેને અમને ખૂબ શરમાવ્યાં કે એ બિચારાં પંખીઓની પાછળ તમે લોકો શું પડ્યાં છો. એ આપણે આંગણે છૂટાં આવે છે ને રમે છે તે પછી નહીં આવે, જો તમે એમને સતાવશો તો.

ત્યાર પછી પંખી પકડવાની અમારી એ રમત ઓછી થઈ ગઈ પણ ફિનિક્સ છોડીને આવ્યો તે દિવસ સુધી કૅનરી પંખીને પાંજરામાં પૂરી એને પેટ ભરીને નિહાળવાની મારા મનની તીવ્ર ઈચ્છા મનમાં જ રહી ગઈ. એ સિવાયનાં

પણ ફિનિક્સનાં બીજાં અનેક પંખીઓની સ્મૃતિ મને હજુ ફરી ત્યાં જવાને લલચાવ્યા કરે છે. એ કેટલાંક સ્મરણો અહીં નોંધી જાઉં તો ખોટું નહીં.

જેટલી જાતનાં પંખી બોલતાં એ બધાંનું અનુકરણ કરવાનું હું ચૂકતો નહીં. બધાં જેલમાં હતાં ત્યારે તો મારા મન ઉપર કામનો કંઈક ભાર રહેતો અને વખતસર કામ ન ઉકેલું તો કાર્યક્રમ બગડવાની થોડીક ચિંતા રહેતી. પણ જ્યારે બધાં જેલમાંથી પાછાં આવી ગયાં ત્યારે મને તો એક રીતે પૂરેપૂરી રજા જ પડી હતી. ઘરનું, રસોડાનું, વાળઝૂડનું, કપડાં ધોવાનું જે કામ મારા પર રહેતું તે મારી બા અનેક કાકી આવ્યાં એટલે મારે માથે મુદ્દલ ન રહ્યું અને હવે મગનકાકાની ઉગ્રતાનો કે મારી બાના ઠપકાનો થોડોઘણો ભય હતો તે પણ જતો રહ્યો એટલે મારે સમય જાળવવાની ઝાઝી પંચાત રહી નહીં. હું કામ કરું કે ન કરું કોઈ મને પૂછનાર ન હતું. અને એ રીતે પંખીઓ પાછળ કલાકોના કલાકો હું વિતાડતો. નાનપણમાં મારા ગળાનો સાદ તીવ્ર સપ્તકમાં પણ સારી પેઠે પહોંચતો. અને વળી કોયલ જેવું પંખી ત્યાં ન હતું કે જેમ સામો ટહુકો કરે તેમ વધારે ઊંચો ટહુકો કરવાને વાદે ચડે. એટલે સહેજે હું દરેક જાતના પંખીના ટહુકાનો પ્રતિધ્વનિ મારા ગળામાંથી કાઢી શકતો હતો. જરાક પણ નવી જાતનું પંખીગીત સંભળાતું કે તરત હું બીજાં કામ પડતાં મૂકી એમાં જ બધું ધ્યાન પરોવતો અને જેટલી નાજુકાઈથી પંખીનો ટહુકો સંભળાય એટલી જ નાજુકાઈથી એની નકલ ઉતારતો. એમ કરતાં જો કોઈ વાર બે જાતનાં પંખી બે જાતનાં ગાન સાથે શરૂ કરી દેતાં તો મને મૂંઝવણ થઈ પડતી કે બેમાંથી કોનું અનુકરણ કરું. અને એમાંથી રસ્તો એ કાઢતો કે એક વાર એક પંખીને જવાબ આપતો તો બીજી વાર બીજા પંખીને. ત્યાંનાં બધાં પંખી મધ્યમ સપ્તકમાં જ ગાતાં અને કોઈના આલાપમાં દ્રુત ગતિ ન હતી. કોઈ લાંબા હીંચકા ખાતું હોય એમ બોલતું, કોઈ બોલતાં બોલતાં વચ્ચે ઝોલું ખાઈ જતું. એટલે સ્વભાવે મંદગતિનો હું એ પંખીને સાથ દેવામાં પાછળ નહોતો પડતો.

પંખીઓની જમાતમાં કેટલાંક ગીત ગાવામાં ચડે, કેટલાંક રંગની છટામાં ચડે, કેટલાંક નૃત્યમાં ચડે અને કેટલાંક કળાકારીગરીમાં ચડે. કેટલાંક એકલશૂરાં હોય તો કેટલાંક ટોળેટોળામાં જ ભમે. અહીં દેશમાં આવીને જે વિવિધ જાતનાં પંખીઓનો પરિચય મને મળ્યો એમાંનાં ભાગ્યે જ કોઈ પંખી ફિનિક્સમાં જોયેલાં યાદ આવે છે તેમ ફિનિક્સમાં જે પંખીઓ જોયેલાં કે જેનાં ગીત સાંભળેલાં એમાંના કોઈક જ પંખીનું દર્શન કે શ્રવણ અહીં થાય છે. હું આફ્રિકાનાં બધાં પંખીઓને નથી જાણતો. દક્ષિણ આફ્રિકામાં પણ નાતાલ પ્રાંતનાં પંખી જોડે જ મારી થોડીઘણી ઓળખ ગણાય અને નાતાલ પ્રાંતમાંયે

ફિનિક્સમાં આવજા કરનારાં પંખીઓ સિવાયનાં બીજાંઓની હું વાત કરી શકું એમ નથી. આપણે ત્યાં ગુજરાત કાઠિયાવાડમાં જે પંખીઓ જોવામાં આવે છે એમાંના મોટા ભાગનાં આખા દેશમાં બધે જ જોવામાં આવે છે. કોયલ, કાગડા, પોપટ, કબૂતર, હોલાં, લલેડાં, કાબર, ચીબરી, ચામાચીડિયાં, સમડી, ગીધ, મોર, કૂંજડી, સારસ વગેરે પંખીઓ આપણી સાબરમતીને કાંઠે પણ દેખાય છે અને ગંગાકાંઠે પણ દેખાય છે, સહ્યાદ્રિની ખીણમાં આવેલા ગામડામાંયે દેખા દે છે અને હિમાલયના પ્રદેશમાં પણ નજરે પડે છે, કાઠિયાવાડમાં પણ જોવા મળે છે ને બંગાળમાં પણ જોવા મળે છે. પણ ઉપર ગણાવ્યાં એમાંનું એકેય પંખી ફિનિક્સમાં જોયાનું મને યાદ નથી આવતું. વળી ફિનિક્સના બગીચાઓમાં એટલાં બધાં ફળફૂલ લચી રહેતાં કે ત્યાં ઓછાં પંખીઓ આવતાં હશે એમ તો ન જ કહેવાય. એ ઉપરથી હું એ અનુમાન બાંધું કે દક્ષિણ આફ્રિકામાં આપણે હિંદુસ્તાનમાં થતાં પંખી હતાં જ નહીં તો ખોટું ન ગણાય. પંખીસૃષ્ટિને હિસાબે એ આખો પ્રદેશ જ જુદો હતો.

ત્યાંનાં ગાનારાં પંખીઓમાં સૌની ટોચે આવે એવું પંખી બુલબુલ હતું. આપણે ત્યાંની કોયલ કરતાં એનું સંગીત જરા પણ ઊતરતું ન લેખાય. જ્યારે ગ્રીષ્મ ઋતુનો ધોમ ધખી રહ્યો હોય ત્યારે જેમ કોયલને શૂર ચડે છે અને પોતાના કેળવાયેલા કંઠના મીઠા ટહુકાનો આરોહ લેવા માંડી, ખરે બપોરે ગરમીમાં અકળાઈ ઊઠેલા અને થાકેલા જીવને હૈયે જેમ એ શીતળતા અને ઉત્સાહ પૂરે છે; તેમ ભર્યા અજવાળિયાની સમીસાંજથી માંડીને પાછલી રાત સુધી જ્યારે ખીણોમાં ને ટેકરીઓ ઉપર, ઝાડવે ને પાંદડે પાંદડે જ્યોત્સ્ના વરસી રહી હોય ત્યારે બુલબુલ પોતાના સુકોમળ કંઠનો આરોહઅવરોહ કળામય રીતે વહેતો મૂકે છે અને એકલવાયા હૈયાને અનેરી હૂંફ આપે છે. કોયલનું ગાન એ પુરુષ કોકિલના કંઠનું ગાન છે એમ કહેવાય છે એ વાત બુલબુલના ગાનની સરખામણીમાં વધારે સાચી જાણાય છે. કોયલનો ટહુકો સાંભળતાં કોઈક બહુ જ સુરીલા કંઠવાળા કુમાર ગવૈયાનું સ્મરણ થાય છે તેમ બુલબુલના ગળાનો રણકો સાંભળતાં મોરલીથીયે કોમળ કંઠવાળી કોઈક અત્યંત સુંદર ગાનારીનું સ્મરણ થઈ આવે છે. કોયલના ગળામાં હૈયાને પ્રફુલ્લ કરનારો સુરીલો જુવાન ચડતો જણાય છે ત્યારે બુલબુલના ધ્વનિમાં હૈયા સોંસરવી ઊતરી જનારી રેશમી લહેરો વહેતી જણાય છે. કોયલનો ટહુકો એકધારો જરાયે કંપ વિનાનો હોય છે ત્યારે બુલબુલ પોતાના ટહુકાની શરૂઆતમાં થોડોક આરોહ લઈને પછી ગદ્ગદ કંઠે કંપી ઊઠતા સ્વરોના અવરોહ લહેરાવી મૂકે છે. આપણે હિંદુસ્તાનમાં જે પંખીને બુલબુલ કહીએ છીએ તે બુલબુલને મેં કદી ગાતાં સાંભળ્યું નથી તેમ જ ફિનિક્સમાં અમે જે

બુલબુલ પંખીને સાંભળતા એને નજરોનજર કદી જોયું નથી. છતાં હું ધારું છું કે અમે જેને ફિનિક્સમાં બુલબુલ કહેતા એ એનું ખરું નામ ન હતું. અંગ્રેજીમાં એને અમે 'નાઈટિંગેલ' કહેતા. કોઈક સ્થળે મેં 'નાઈટિંગેલ'ને માટે ગુજરાતીમાં ચંડોળ પક્ષીનું નામ વપરાતું સાંભળ્યું છે. પણ ચંડોળ પક્ષી માટે પરંપરાગત માન્યતા એ છે કે એ સૂર્યોદય વખતે આકાશમાં ખૂબ જ ઊંચે ચડી જાય છે અને સૌ પહેલાં સૂર્યને જોઈ એના સ્વાગતમાં સંગીત રેલાવે છે. પણ હું જે ફિનિક્સના બુલબુલની વાત કરું છું એનું મધુરું ગીત મોટે ભાગે રાત પડ્યે જ સાંભળ્યાનું મને યાદ છે. એટલે આપણે ત્યાં જે બુલબુલ કે ચંડોળ તરીકે પ્રખ્યાત છે એનાથી જુદી જ જાતનું એ પંખી હતું એમ કહેવાય. મેં એનું કદ ને રૂપ તો જોયું જ નથી પણ કંઠને હિસાબે જો ગણીએ તો એ પંખી કોયલ અને બપૈયો (પપીહા) બેયની ભેગી મીઠાશના મેળનું ગણાય.

ગાવામાં જેમ બુલબુલ પંખી ફિનિક્સમાં પહેલું આવે એમ કળાકૌશલમાં આપણા 'કાળાકોશી'ના દેખાવવાળું પંખી ત્યાં પહેલું આવે. અહીં કાળાકોશી બબ્બેની જોડીમાં જ નજરે પડે છે ત્યારે પેલા પંખીનાં ટોળેટોળાં ભેગાં જોયાં છે. એક ઘરની ઓસરીના છાપરાની લગોલગ એમણે માટીના માળા બાંધેલા. એ ઘણી જ મજબૂત સિમેંટના બંધાયેલા હોય એવા દેખાતા હતા. બહુ જ કુમાશવાળાં ઝીણાં પીછાં તથા આકડાના રૂ જેવી નરમ ચીજો પોતાની ચાંચમાં ભરી ભરીને એ પંખી પોતાના માળામાં લઈ જતાં દેખાતાં હતાં. આશ્ચર્યચકિત થઈને અમે બાળકો એ માળાઓ સામું જોયા કરતા અને વાતો કરતા કે રાત પડ્યે આ પંખીઓને આ માળામાં સૂવાની કેવી લહેર આવતી હશે! માળાનું મોં છાપરાને અડોઅડ દેખાતું અને તુંબડીના આકારમાં માળો નીચે મોટા પેટવાળો દેખાતો. અમારામાંના કેટલાકનું એવું અનુમાન હતું કે એ માળામાં મોટાં પંખીને સૂવાના તથા એનાં નાનાં બચ્ચાંને રહેવાના જુદા જુદા ઓરડાઓ પણ હતા. બહારથીયે માળાનો આકાર ઘણો જ કળામય રહેતો. બુંદીના લાડવાની જેમ સેંકડો બુંદીઓથી એની દીવાલ ચણેલી જણાતી અને મોટો કાંકરો મારતાંયે એની એક પણ બુંદી ખરી ન પડતી. માળો બાંધવામાં એનાથી ચડિયાતાં પંખી મેં જોયાં નથી. રંગે એ કાળાં અને એને છેડે લાંબી લાંબી બે પૂંછડી હતી એટલે મેં એને કાળાકોશીને મળતા કહ્યાં પણ એ કાળાકોશીની જેમ લહેરથી બેઠાં બેઠાં ગાતાં નજરે ન પડતાં. ઝીણી ઝીણી ચકચક કરતાં ખરાં, પણ મોટે ભાગે તેઓ પોતાના રૂપાળા ઘરનું રાચરચીલું વસાવવાના અને નાનાં બચ્ચાંને ચણ લાવી આપવાના કામમાં જ સવારથી સાંજ સુધી દોડાદોડ કરી રહેલાં નજરે પડતાં. જરાક વાર પડખેના ઝાડ ઉપર વિસામો લઈ લેતાં ખરાં. એ પંખીના નામનો

પત્તો આજ લગી મને લાગ્યો નથી. એ પંખીના માટીના માળાની જેમ અહીંના અબાબિલ નામના પંખી માટીના માળા બાંધે છે ખરાં પણ તે રંગે કાળાં કે પેલાં પંખી જેટલા મોટા કદનાં નથી હોતાં.

આપણે ત્યાંના નાચનારા મોર પંખીને તોલે આવનારું એકેય નૃત્યકાર પંખી ફિનિક્સમાં હતું નહીં; હોય તો મેં જોયું નથી. બહુ જ વિનોદી ગણાતાં બગલાંનાં ટોળાં ત્યાં હતાં ખરાં, પણ તે અમારા બગીચામાં ન આવતાં. અમે એને અમારે માથે થઈ આકાશમાં ઊડતાં જ જોતા.

રંગીન પંખીઓમાં અમારે આંગણે આવતાં પીળાં કેનેરી પંખી બહુ આકર્ષક હતાં. કદે તો એ કાબર જેવડાં હતાં પણ કાબર જેટલાં કલબલિયાં ન હતાં. પાંચ પાંચ સાત સાતની ટોળીમાં એ અમારે આંગણે આવી ચણી જતાં. એ શોભીતાં પંખીને પકડવા માટે અમે અનેક જાતના પ્રયત્નો કર્યા પણ એ ચતુર પંખી અમારા કાવાદાવામાં કદી ફસાયાં નહીં.

આમ અમે નાનાં બાળકો પંખીનો તમાશો જેવામાં રાચતા ત્યારે મોટા છોકરાઓ એ દિવસોમાં ફળના ઢગલા કરવામાં રસ લેતા હતા. ઋતુના હિસાબે એ ઈ. સ. ૧૯૧૪ના જાનેવારી-ફેબ્રુઆરી માસના મહિના હતા. અહીં એ મહિનાઓ કડકડતા શિયાળાના ગણાય, ત્યારે ત્યાં દક્ષિણ આફ્રિકામાં એ વખતે ઠીક ઠીક લાંબા ને ગરમીના દિવસો હતા. ફળોમાં પહેલી વાર મોટા પ્રમાણમાં કેરીઓ પાકી હતી. સંતરાં, કેળાં વગેરે તો ફિનિક્સમાં પહેલેથી જ પુષ્કળ થતાં, પણ આંબાનાં ઝાડ ગણ્યાંગાંઠ્યા જ હતાં. પૂજ્ય બાની માંદગી વખતે જ્યારે રસોડાનું કામ ઓછામાં ઓછું કરવાનો પ્રયત્ન ચાલતો હતો ત્યારે આ ફળોનો પાક ઘણો મદદરૂપ થઈ પડ્યો હતો. એક સાંજની વાત મને યાદ આવે છે કે ચારપાંચ મોટા છોકરાઓએ ફિનિક્સના બધા બગીચાઓમાં ઘૂમી વળી જેટલાં પાકાં અનેનાસ મળ્યા એનો ઢગલો પૂજ્ય બાપુજીના ઘરના આંગણામાં કર્યો. અને જ્યારે સૂર્ય ડૂબી રહ્યો હતો ત્યારે પીળા સોનેરી તડકામાં સોનેરી રંગનો એ ઢગલો ખરેખર સોના જેવો દીપી રહ્યો હતો. એકબે જણને શૂર ચડ્યું અને એમણે એ અનેનાસ ગણવા માંડ્યાં. અને ગણાઈ રહેતાં એ એક સો જેટલાં થયાં હતાં એવો મને ખ્યાલ છે. આજેયે એ સુવર્ણ રસનો ઢગલો મારી નજર સામે તરી રહ્યો છે. જ્યારે આટલાં બધાં અનેનાસ વધી ગયાં ત્યારે અનેક દિવસ સુધી સાંજના વાળુમાં રોટલી સાથે કેવળ એ જ પીરસવાનું બાપુજીએ શરૂ કરાવ્યું. મોટાં અનેનાસને અધવચથી કાપી બે કટકા કરી દેતા અને ચમચા વડે એનો ગરભ કોતરી લઈ બાકીનું અનેનાસ અમે જતું કરતા. રોટલી સાથે તાજા અનેનાસનાં ફોડવાં મુરબ્બા કરતાંયે વધારે સ્વાદ ભર્યાં લાગતાં.

એ જ રીતે કેટલીક વાર કેપટાઉનથી કોઈ શેઠિયાઓ લીલી દ્રાક્ષના ટોપલા મોકલી આપતા. એ ખોલીને અમે પાથરતા તો નાનાં મોતીનાં ઝૂમખાં જેવી દ્રાક્ષથી આખી ઓસરી ભરાઈ જતી. તે સડી જાય એ પહેલાં એને પૂરી કરવા માટે અમે અઠવાડિયા સુધી લીલી દ્રાક્ષ અને રોટલીનું જ શિરામણ કરતા. કેટલીક વાર બંને ટંકમાં મુખ્ય ખોરાક ફળનો જ થઈ પડતો.

ભાણે બેસી જમવાને અમને એટલાં બધાં ફળ મળતાં છતાં ચોરી કરીને ફળ ખાવાનો અમારો બાળરસ શમ્યો ન હતો. ભણવા માટે નિશાળમાં અમે ભેગા થતા અને શિક્ષકને આવતાં વાર લાગતી તો ચોપડીઓ ચોપડીઓને ઠેકાણે રહેતી અને અમારામાંના કેટલાક જણ સંતરાં ઉપર ધાડ પાડવા ઊપડી જતા.

મારાં બા અને કાકી ફિનિક્સનાં આ ફળોમાંથી અનેકવાર અનેનાસ તથા સફરજનના મુરબ્બા બનાવતાં. સંતરાં મોસંબીનાં મારમેલેડ અને માંટાગુલુ(એક જાતનાં મોટાં કરમદાં)નો પણ મુરબ્બો બનાવતાં. પણ ફિનિક્સનાં ફળોની આવી ઉજાણી કરવાનો વખત આવ્યો ત્યાં તો અમારે હિંદુસ્તાન આવવાનું થયું. દેશમાં આવતી વખતે અનેનાસના મુરબ્બાનો એક મોટો ડબો અને કેળાંનાં પતીકાંની કાચરી તથા કેળાંના લોટના બબે ડબા અમારી સાથે લાવ્યાનું યાદ છે. ત્યાંની એ ફળસમૃદ્ધિને આજે પણ અમે બહુ પ્રેમથી યાદ કરીએ છીએ.

આ મુજબ અમે છોકરાઓ જ્યારે છૂટાં પંખીની જેમ લહેર ઉડાવતા હતા ત્યારે બીજી તરફ બાપુજી અમને સંયમી, નિયમિત અને ખૂબ જ મહેનતુ બનાવવાની કાળજીમાં હતા. એટલું જ નહીં પણ અમારો સ્વચ્છંદ અને સ્વેચ્છાચાર ટાળવાને બાપુજી પોતે જીવસટોસટની બાજી માથે વહેરી લેતાંયે અચકાતા ન હતા.

## ૧૭
## કઠોર આજ્ઞા

અમે બાળકો પંખીડાંની જોડે કલ્લોલ કરતા હતા અને નવજુવાન વિદ્યાર્થીઓ બગીચાની લહેર માણતા હતા પણ બાપુજી અમને ઝાઝા દિવસ હળવે હૈયે રહેવા દે એમ ન હતું. વાતચીત દરમિયાન વિનોદવાક્યો સંભળાવીને, સાંજની પ્રાર્થનામાં પ્રવચનો કરીને તથા પોતે ફિનિક્સની બહાર ગયા હોય ત્યારે પત્રો લખી લખીને અમારા મગજ ઉપર બાપુજી એકધારું શિક્ષણ રેડી રહ્યા હતા. અમારા જીવનમાં ઢીલાપણું આવે એ બાપુજીને મુદ્દલ પાલવે એમ ન હતું. એ દિવસોમાં ગીતાના તત્ત્વજ્ઞાનની ચર્ચા, ગીતાના મૂળ સંસ્કૃત શ્લોકોનો પદ્ધતિસર અર્થ કે એ પર ભાષ્ય વગેરે બહુ ચાલતું ન હતું. બાપુજી પ્રસંગોપાત્ત

ગીતાનો એકાદ શ્લોક કે શ્લોકનું એકાદ ચરણ ઉપાડી લઈ પોતાના ઉપદેશામૃતમાં એ ગૂંથી લેતા અને વારે વારે એ શ્લોક કે શ્લોકાર્ધ યાદ દેવરાવી અમારી ભાવનાને ઉન્નત, બુદ્ધિને બળવાન અને જીવનને કર્તવ્યપરાયણ બનાવવાનો અથાક પ્રયત્ન કરતા રહેતા. સંસ્કૃત ભાષાનો જે કક્કોય ન જાણતા હોય તેઓ પણ વાત વાતમાં,

"સુખદુ:ખે સમ થઈ લાભાલાભે જયાજયે
યુદ્ધ કર તું હે પાર્થ એથી પાપ થશે નહીં.
લાભહાનિ, સુખોદુ:ખો, હારજીત કરી સમ,
પછી યુદ્ધાર્થ થા સજ્જ, તો ના પાપ તને થશે."

જેવો શ્લોક રટતા અને એ પોતાના અંગત સુખદુ:ખ કે માન-અપમાનની ગણતરીમાં ખૂંચી રહેવાને બદલે સોંપવામાં આવેલા કામની અંદર વધુ જીવન ખૂંચાડવાનો ઉત્સાહ કેળવતા.

અમારા મનમાં બાપુજીએ બે વાત બહુ સ્પષ્ટ રીતે ભરી દીધી હતી. પહેલી વાત એ કે સત્યાગ્રહની લડતનો અંત આવી ગયો છે એમ માનીને નિરાંત વાળવાની નથી; કાચી સમાધાની ફરી વાર તૂટે તો પહેલાં કરતાંયે વધુ ઉગ્ર લડત લેવાની આપણે પૂરી તૈયારી રાખવાની છે; સ્મટ્સ સાહેબની સરકાર અગાઉનાથી ચોગણું પશુબળ વાપરીને આપણને રિબાવે તોપણ આપણે ડગ્યા વિના, ધીરજથી ને હસતે મુખે એ બધો ત્રાસ ઝીલવા જેટલા બળવાન બનવાનું છે; જો ગોરી સરકારનો નવો પ્રહાર વેઠવામાં આપણે કાચા નીવડશું તો આજ સુધી મળેલો બધો જશ ખોઈ બેસીશું. અને વધુ ને વધુ ચડિયાતાં દુ:ખ વેઠવામાં આપણે તો જ ફાવી શકીશું જો આપણું રોજનું જીવન કસાયેલું રાખીશું અને પોતામાં ઢીલાપણું રહેવા નહીં દઈએ. બીજી વાત એ કે અહીં દક્ષિણ આફ્રિકામાં આપણી લડતનો નિવેડો આવી જાય તો પછી દેશમાં પહોંચીને આપણે હિંદ સ્વરાજ માટે લડાઈ લડવાની છે અને તેને સારુ આપણે આપણી લાયકાત અનેકગણી વધારવાની જરૂર છે. આ દક્ષિણ આફ્રિકા તો આપણી ભોગભૂમિ છે. કમાવું અને જીવનના સ્થૂળ આનંદો મેળવવા એ આ ભૂમિમાં પોસાય એમ છે. પણ હિંદુસ્તાન તો ત્યાગ અને તપસ્યાની જ ભૂમિ છે. આપણા પૂર્વજોએ સદા ભોગવિલાસ કરતાં ધર્મને ઊંચું સ્થાન આપ્યું છે, સુખ માણવાના વિચાર કરતાં કર્તવ્યપાલનને મોખરે મૂકવાની હિંદુસ્તાનની પરંપરા છે. ટૂંકમાં, હિંદુસ્તાન ભોગભૂમિ નથી પણ કર્મભૂમિ છે અને ત્યાં જઈને આપણે કર્મવીર તરીકે શોભવાનું છે.

ભવિષ્ય શું છે એની સ્પષ્ટ અટકળ અમને આવતી ન હતી છતાં બાપુજીએ અમારે માટે રસ્તો ચોખ્ખો આંકી આપ્યો હતો. નકામી ચર્ચાઓ કે ભ્રમણાઓના જાળામાં પડીને વખત બગાડવાને બદલે રોજ ઊઠીને પોતાનું કામ વધુ ને વધુ ચીવટથી ને ચોકસાઈથી પાર ઉતારવાનો આદર્શ એમણે અમારી આગળ રજૂ કરીને એમણે અમને વધારે કસવા માંડ્યા હતા.

ત્રણ પાઉંડના કર બાબતની લડત એટલે કે બાપુજીની દોરવણીમાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની છેલ્લી લડત ઊપડી તે પહેલાં ફિનિક્સમાં જે દિનચર્યા અને કાર્યક્રમ હતા એથી વધારે સખત કાર્યક્રમ બાપુજીએ લડત પછી શરૂ કરાવ્યો. પહેલાં અમે પૂર્વ દિશામાં અજવાળું પથરાઈ ગયા પછી ઊઠતા અને પથારીઓ ઉપાડી કરી હાથમાં દાતણ લઈએ ત્યાં સૂરજે કોર કાઢેલી નજરે પડતી. પણ હવે બાપુજીએ મોંસૂઝણું થયા પહેલાં, આકાશમાં બધાયે તારા દેખાતા હોય ત્યારે વહેલી પરોઢે અમને ઉઠાડવા માંડ્યા. પહેલાં કેવળ સાંજે જ પ્રાર્થના થતી તેને બદલે હવે સવારે પણ પોણોએક કલાક ભેળા મળીને બેસવાનું, ભજનો ગાવાનું અને ધાર્મિક કથાઓ વાંચવાનું એમણે શરૂ કરાવ્યું.

બાપુજી પોતે તો અમારા કરતાંયે ઘણા વહેલા ઊઠી જતા અને પોતાના લખવા કરવાના કામે વળગતા. એમને માથે કામનો ભાર પુષ્કળ હતો, સવારના પહોરનો એક કલાક અમારી જોડે ગાળવો તેમને પાલવે એમ ન હતું. સાંજની પ્રાર્થના પછી અર્ધો પોણો કલાક અમને રામાયણ અથવા શેખ સાદીનાં વચનો સંભળાવવામાં તેઓ જે વખત આપતા એયે ઘણો હતો. એટલે પરોઢિયે અમારી પાસે ભજનકીર્તન કરાવવાનું અને ધાર્મિક ગ્રંથનું વાચન કરી સંભળાવવાનું કામ બાપુજીએ રાવજીભાઈને સોંપ્યું. રાવજીભાઈના કંઠમાં કોમળતા કે મીઠાશ જેવું કશું ન હતું. છતાં કાવ્યદોહનમાંથી વીણેલા ભાગો સંભળાવવાની એમની છટા જોશીલી હતી. અમને ઝોલાં આવતાં હોય તોપણ તેઓ અમને જાગ્રત રાખે એટલા રસથી વાંચી સંભળાવતા.

દક્ષિણ આફ્રિકાની બધી જેલોમાંથી સત્યાગ્રહી કેદીઓ છૂટા થઈ ગયા, રેલવે હડતાળ શમી ગઈ, સોલોમન કમિશન સામેનો ખળભળાટ પણ કંઈક ઓસર્યો અને લડતના વાતાવરણમાં શાંતિ આવી એટલે અમારી ફિનિક્સની નિશાળનું ચોકઠું પણ ઠીક ઠીક ગોઠવાઈ ગયું. અને લડત પહેલાં હતા એ કરતાં વધારે શિક્ષકો અમને મળ્યા. નવા શિક્ષકોમાં રાવજીભાઈ ઉપરાંત મિસ શ્લેશિન અને જમનાદાસકાકા પણ હતા. એ નવા શિક્ષકોએ અમને શું અને કેવી રીતે ભણાવવા માંડ્યું એની વાતમાં ઊતરતા પહેલાં, જમનાદાસકાકાએ કેપટાઉનથી આવીને પોતાના જેલના અનુભવની અને બાપુજીની કડકાઈની વાત કરેલી તે

અહીં નોંધી જવી ઠીક પડશે. કેપટાઉનમાં બાપુજી જે કઠોર દિનચર્યા પાળતા હતા તથા ઉગ્ર સાધના તેમ જ અત્યંત પરિશ્રમ કરતા હતા એ વિષે જમનાદાસકાકાએ મગનકાકા ઉપર લખેલા કાગળની વાત હું પહેલાં કરી ગયો છું. અહીં જમનાકાકા પાસેથી પ્રત્યક્ષ સાંભળેલી વાત આપું છું.

‘‘ફિનિક્સથી ઊપડેલી સોળ જણની પહેલી ટોળી પકડાઈ એટલે બાપુએ મને રાજકોટ તાર કર્યો અને એમાં સૂચવ્યું કે સ્ટીમરમાં બેરા સુધી આવીને રેલરસ્તે દક્ષિણ આફ્રિકામાં દાખલ થઈ મારે સત્યાગ્રહમાં જોડાવું. બાપુજીની સૂચના પ્રમાણે હું સ્ટીમરમાં બેરા સુધી આવ્યો ને ત્યાંથી રેલરસ્તે આખો રોડેશિયા વીંધી વગર અડચણે કેપકૉલોનીમાં પહોંચ્યો. કેપ કૉલોની અને ઑરેંજ ફ્રી સ્ટેટની સરહદ મેફેકિંગ આગળ ભેળી થાય છે. મેફેકિંગમાં પકડાવાને હું પૂરો તૈયાર હતો પણ ત્યાં કોઈનું ધ્યાન મારા ઉપર ગયું નહીં. ઈમિગ્રેશન (હિંદીઓના આવાગમન પર પહેરો રાખનારા) ખાતાના માણસો પ્લૅટફૉર્મ ઉપર આંટા માર્યા કરતા હતા પણ કોઈએ મને જોયો નહીં અને ટ્રેન આગળ વધી ગઈ. એટલે મેં ઑરેંજ ફ્રી સ્ટેટમાંથી પસાર થઈ ટ્રાન્સવાલમાં પેસવાનું ઠરાવ્યું. જ્યારે મારી ગાડી ઑરેંજિયાના મુખ્ય શહેર કિંબરલીમાં પહોંચી ત્યારે હિંદીઓનું એક નાનકડું સરઘસ મારા સ્વાગત માટે સ્ટશને આવ્યું હતું. સરઘસ સાથે હું શહેરમાં ગયો ત્યારે ઈમિગ્રેશન ઑફિસરને મારા પ્રવેશની ખબર પડી. એણે મને બીજે દિવસે પોતાની કચેરીમાં બોલાવ્યો.

હું ત્યાં ગયો. એણે મને કહ્યું કે, ‘તમારી પાસે પરવાનો નથી છતાં તમે આ પ્રાંતની સરહદ વટાવી. એ તમે ચોરીથી દાખલ થયા એમ જ ગણવું રહ્યું.’ મેં તરત જવાબ આપ્યો કે, ‘હું ચોરીથી નથી આવ્યો. ઉઘાડે ચોક આવ્યો છું. તમારા માણસોએ મને અટકાવ્યો હોત તો હું સરહદ પર જ અટકી જાત, અને હજીયે કંઈ બગડ્યું નથી. તમારે જે સજા કરવી હોય તે કરો.’ પણ એને સૂઝ્યું નહીં કે મારા ઉપર કેવી રીતે કામ ચલાવવું. એટલે એણે બે દિવસની મુદ્દત નાખી. હું કિંબરલીમાં વધુ રોકાયો. બે દિવસ પછી પણ એને સરકાર તરફથી કશો જવાબ મળ્યો ન હતો એટલે વળી એક દિવસની મુદ્દત પાડી. મેં એને સંભળાવી દીધું કે કાં તો મને કેદ કર કાં છૂટો મૂક. આવી રીતે વખત બગાડવો મને પોસાય એમ નથી. હવે ત્રીજી વાર મુદ્દત નાખીશ તો હું રોકાયા વિના આગળ ચાલતો થઈશ. જે બેત્રાણ દિવસ મળ્યા એ દરમિયાન કિંબરલીમાં એક મોટી સભા થઈ. સત્યાગ્રહ ફંડ માટે ફાળો ભેળો થયો અને મારી સાથે સત્યાગ્રહમાં જોડાવાને બીજા છ જણ જોડાયા. હજુ સુધી સરકારી હુકમ કશો આવ્યો નહોતો એટલે અમને છએને પેલા ઑફિસરે જેલમાં પૂર્યા. જેલમાં ગયા

તે દિવસે ખાવાનું કશું મળ્યું નહીં. વળતે દિવસે અમારા ખાવાની કંઈક ગોઠવણ થઈ. પણ ત્યાં પ્રિટોરિયાથી ઈમિગ્રેશન ઑફિસર ઉપર કહેણ આવ્યું કે એ લોકોને ટ્રાન્સવાલ તરફ આવવા દો. ટ્રાન્સવાલની ઑરેંજ ફ્રી સ્ટેટની સરહદ પર વાલ નદીને કિનારે ક્રિશ્ચિયાના નામનું નાનકડું ગામ છે ત્યાં અમને સરકારે પકડ્યા. ત્યાર સુધીમાં અમારો જથ્થો અગિયાર જણનો થઈ ગયો હતો. અમને ત્રણ દિવસ પરહેજ રાખી, ટ્રાન્સવાલમાંથી પાછા ઑરેંજ ફ્રી સ્ટેટમાં આણીને છોડી મૂક્યા. અમે હદ ઓળંગીને ફરી વાર પકડાયા એટલે અમને લાંબી સજા મળી.

ક્રિશ્ચિયાનાની જેલમાં જે જેલર હતો એ દારૂડિયો હતો. એણે અમારા ઉપર ઠીક ઠીક સખતી કરવા માંડી. કહેતો હતો કે હું પાંચ વરસ લાહોરની જેલનો જેલર રહ્યો છું અને હિંદીઓની નસેનસ જાણું છું. હું તમારી કશી પરવા કરવાનો નથી. મરી જશો તો કશાયે થડકાટ વિના તમને અહીં દાટી દઈશ. બે દિવસ અમને જેલનો માપસરનો ખોરાક મળ્યો અને ત્રીજે દિવસથી જેલરે અમારા રૅશનમાં ચોરી કરવા માંડી અમે બધા મળીને અગિયાર જણ હતા. ખાવામાં મકાઈની થૂલી (પુપ્પૂજ) અમને મળતું. બુધવારે અને રવિવારે 'બિન્સ' (વાલ) મળતા. સાંજે અમને છ ઔંસ (દોઢ પાશેર) ડબલ રોટી મળવી જોઈએ તેને બદલે બે જ ઔંસ (નવટાંક) ડબલ રોટી મળી અને ચાર ઔંસ ચોરાઈ. વાલ પણ આઠ ઔંસને બદલે બે ઔંસ જ મળ્યા. એટલે અમે ઉપવાસ આદર્યા. શરૂઆતમાં દસ જણે ઉપવાસ આરંભ્યા. પણ પછી આઠ જણે ઉપવાસ છોડી દીધા અને મેં ને ઝીણાભાઈએ ઉપવાસ ચાલુ રાખ્યા. એટલે પછી અમને જ તોફાની ગણીને એકાંત ઓરડીમાં પૂર્યા. તે એટલી સાંકડી હતી કે, સોડ તાણવા જતાં માથું ને પગ બેય ભીંતે અથડાતા. અમે શનિવારે નાસ્તા પછી મૅજિસ્ટ્રેટ સાથે વાત કરીને બપોરથી ખાવાનું બંધ કરેલું. સોમવારે અમને નહેર ખોદવા મોકલ્યા અને જેલરે દારોગાને કહ્યું કે એ લોકો મરી જાય તોપણ સાંજ સુધી પાછા ન આણવા. નહેર ઉપર કામ કરવા જનારમાં અમે અગિયાર તથા બીજા હબસી કેદીઓ મળીને ચાળીસ જણ હતા. ખોદવાનું કામ શરૂ થયા પછી અર્ધે કલાકે મેં કામ કરવાનું બંધ કર્યું. મારી ઉંમર ત્યારે સત્તર વરસની હતી એટલે ઉત્પાત કરવાનું જોર પણ હતું. મેં ખોદવાનું અટકાવ્યું એટલે દારોગો તાડૂક્યો. મેં જવાબમાં કહ્યું મારાથી ઊભાતું નથી, હું તો આ બેઠો! એ છાનો રહ્યો. થોડી વારે ખોદતાં ખોદતાં અમારી ટોળી આગળ વધી, એની સાથે અમારે પણ આગળ જવું જોઈએ પણ મેં ચોખ્ખી ના પાડી અને કહ્યું, મારાથી ચલાતું જ નથી. ઝીણાભાઈ પણ મારી પેઠે બેસી ગયા. અમને એકલા છોડીને દારોગો

આઘે જઈ શકે એમ ન હતું એટલે છેવટે અમને પાછા જેલ ભેગા કરીને અમારી એકાંત ઓરડીમાં પૂરી દીધા.

મંગળવારે ડેપ્યુટી જેલરે અમારી ઓરડીની બારીમાં ઊભા રહીને અમને ખબર આપી કે, તમારે ડરવું નહીં, જેલર ચિંતામાં પડ્યો છે; અને સાથે સાથે એક કાગળ તથા પેન્સિલ પણ ખાનગી રીતે એ આપી ગયો. એટલે પછી મેં બાપુને વિગતે કાગળ લખ્યો. અને લખ્યું કે આ દશામાં બહારના લોકોને અમારી કશી ખબર મળવી મુશ્કેલ છે. ડેપ્યુટી જેલર ગોરો હતો. એણે અમારો કાગળ ટપાલમાં રવાના કર્યો. બુધવારે, એટલે કે પેલો કાગળ લખ્યા પછીને દિવસે જેલરે અમને પોતાની ઑફિસમાં બોલાવ્યા અને પુષ્કળ ધમકી આપી. ત્યાં પડેલો પંપ પણ બતાવ્યો અને કહ્યું 'આના વડે તમારે ગળે પરાણે ખોરાક ઉતારીશું અને તેમ છતાં જો તમે મરી જશો તો મને કશી ચિંતા નથી.' મેં એને કહ્યું કે તમને એટલી નિશ્ચિંતતા છે તો પછી આટલા બધા ધમકાવવાની શી જરૂર છે? અમારું જે થવાનું હશે તે થશે. તમારે જે કરવું હોય તે કરો. સરકાર સરખો ખોરાક આપવાની ખાતરી ન આપે ત્યાં લગી અમે ભૂખ્યા જ રહેશું. પેલો વધારે અકળાયો અને જેલકાયદા તોડવાના ગુનાસર કેસ ચલાવીને આઠ દિવસની સખત મજૂરીની વધારે સજા એણે અમને આપી.

ગુરુવારે સવારે પરોઢના પાંચ વાગ્યામાં અમને ફરી જેલરે ઑફિસમાં તેડાવ્યા અને કહ્યું કે 'સરકારી હુકમ આવી ગયો છે એટલે હવે હું જામીનગીરી આપું છું કે તમને સરખો ખોરાક મળશે. તમારા રૅશનની ચોરી નહીં થાય. હું જાતે તોળી આપીશ.' અને એ રીતે અમારા ઉપવાસનો અંત આવ્યો. પાછળથી અમને ખબર પડી કે જે દિવસથી અમે જેલમાં પહોંચેલા એ જ દિવસથી જેલના નિયમ મુજબ અમારે ખાતે અઢી રૂપિયાભાર ઘી રોજ ઉધારાતું હતું પણ એયે ચોરાતું હતું ને અમને મળતું ન હતું. ઉપવાસ છોડ્યા બાદ જેલરે અમને કામમાંથી બે દિવસની છુટ્ટી પણ આપી. એ બે દિવસ પૂરા થયા ત્યાં - શનિવારે અમારી બદલીનો હુકમ આવ્યો અને અમને પોર્ટ ઈલિઝાબેથની જેલમાં મોકલી દેવામાં આવ્યા. ક્રિશ્ચિયાનામાં કેવળ હબસી કેદીઓ જ હતા એટલે અમારે સારુ માંસ વિનાનું ખાવા કરવાનું જાળવવામાં જેલરોને અડચણ આવતી હતી. એટલે અમે માગણી કરેલી કે અમને એવી જેલમાં મોકલી દો જ્યાં હિંદીઓ પણ હોય. પોર્ટ ઈલિઝાબેથની જેલ ઘણી મોટી હતી અને ત્યાં હબસી સિવાયના બીજા કેદીઓ પણ હતા. ત્યાં અમને નિરાંત રહી. ક્રિશ્ચિયાનાથી અમને બબ્બેની જોડીમાં હાથકડી પહેરાવીને લઈ જવામાં આવેલા.

મેં બાપુને જે કાગળ ક્રિશ્ચિયાનાની જેલમાંથી લખેલો એ બાપુજીને મળ્યો એટલે એમણે મિ. કૅલનબૅકને અમારી તપાસ કરવાને મોકલ્યા. પણ મિસ્ટર કૅલનબૅક પહોંચ્યા તેના એક દિવસ પહેલાં અમારી બદલી થઈ ગઈ હતી.

જેલમાંથી છૂટીને હું બાપુજી પાસે પહોંચ્યો ત્યારે તેઓ લુંગી પહેરણવાળા પોતાના નવા વેશમાં હતા. એ પોશાકમાં બાપુજી જ્યારે કેપટાઉનના ધોરી રસ્તાઓ ઉપર પગપાળા નીકળતા ત્યારે ગોરા છોકરાઓ એમની પાછળ પડતા, ટીખળ કરતા, જાતજાતની કિકિયારીઓ પાડતા અને અંદર અંદર મશ્કરી કરતા. પણ બાપુજી તો કંઈ બન્યું જ ન હોય એમ શાંતપણે આગળ વધ્યે જતા.

બાની તબિયત નબળી હતી જ. બાપુજી જાતે એમની સેવાચાકરીનું કામ કરતા. બાને દરેક કામ બહુ જ ચોખવટ અને ઝીણવટવાળું જોઈએ. એટલે બાપુજી બાના કામમાં બીજાને હાથ લગાડવા ન દેતા. મને એ કામ કરવાની તક આપી અને સવારથી સાંજ સુધી બાની સેવામાં જ રહેવાનું મને મળ્યું. પણ થોડા જ દિવસમાં અમને બાપુજીએ કેપટાઉન છોડી જવાને હુકમ કર્યો.''

બાપુજીના એ કડક હુકમ બાબત વિસ્તારથી વર્ણન કરતાં જમનાદાસકાકાએ જણાવ્યું કે ''એ દિવસ બુધવારનો હતો. બાપુજીએ એકાએક ચેતવણી આપી કે તમારે બંનેએ શનિવારે બપોરની ટ્રેનમાં અહીંથી જવાનું છે. અમે બંને એટલે હું અને મણિલાલભાઈ. બાપુ જ્યારે ફિનિક્સથી કેપટાઉન ગયેલા ત્યારે મિ. ઍન્ડ્રૂઝ પણ એમની સાથે ગયેલા અને મિ. ઍન્ડ્રૂઝની અંગત સેવા કરવાને માટે બાપુજી મણિલાલભાઈને પોતાની સાથે લઈ ગયેલા. જે શનિવારે કેપટાઉન છોડવાની બાપુજીએ અમને ચેતવણી આપી એ જ શનિવારે સવારે અગિયાર વાગ્યાની આગબોટમાં મિ. ઍન્ડ્રૂઝ ઈંગ્લંડ જવાને રવાના થવાના હતા અને પછી એક કલાકે અમારે કેપટાઉનથી ઊપડવાનું હતું.

બાપુજીની વાત સાંભળીને મણિલાલભાઈએ બાપુને કહ્યું કે, 'અમે સોમવારે જવાનું રાખીએ તો કેમ? રવિવારે દાક્તર ગુલ સાથે અહીંનું પ્રસિદ્ધ શિખર ટેબલ માઉન્ટન જોવા જવાનું અમે ગોઠવ્યું છે. એ જોઈને સોમવારે અમે જશું.' બાપુજીએ એ માગણી સ્વીકારી નહીં. અમારે શનિવારે જ ઊપડી જવું એવો એમણે આગ્રહ રાખ્યો અને કહ્યું કે, 'ટેબલ માઉન્ટનમાં તે વળી શું જોવું છે? જોવો હોય તો હિન્દુસ્તાન જઈને હિમાલય જોજો ને? હિમાલયમાં તો હજારો ટેબલ માઉન્ટન સમાઈ જાય એમ છે.'

દા. ગુલ જેમના અમે મહેમાન હતા એમણે તથા એમની માતાએ પણ બાપુને સમજાવવા બહુ મહેનત કરી પણ બાપુજી એકના બે ન થયા. અમારે શનિવારે કેપટાઉનથી નીકળવું જ પડ્યું. અને ટેબલ માઉન્ટન જોવાનું રહી જ ગયું.

બાપુજીએ આટલો આગ્રહ કર્યો એનું કારણ એ હતું કે બાપુને વહેમ પડી ગયેલો કે અમે મોજશોખમાં પડી ગયા છીએ. દાક્તર ગુલનું મકાન આલેશાન હતું. બધો સાહેબી ઠાઠ હતો. અમે પણ એમની સાથે જ એમના 'ડાઈનિંગ ટેબલ' પર જમવા બેસતા. એ લોકો તો ઈંડાં-માંસ વગેરે ખાતા પણ અમે એ મેજને બીજે છેડે અમારું નિરામિષ ભોજન કરતા. જુદા બેસીને જમવાની તથા નવો ચીલો પાડવાની વાત અમને રુચતી ન હતી. બધાથી જુદા જુદા રહેવું નહીં શોભે એમ મને લાગતું હતું. પણ બાપુને એમ ભાસતું હતું કે દા. ગુલની જોડે અમે પણ શોખીન થતા જઈએ છીએ. પોતાની પાસે બાપુએ અમારા બેમાંથી એકેયને રહેવા ન દીધા એનું કારણ એ કે એમ કરવાથી એક બાજુએ પક્ષપાત કર્યો ગણાય.''

જમનાદાસકાકા અને મણિલાલકાકાને આવી રીતે કેપટાઉનમાંથી ખસેડ્યા પછી બાપુજીએ ફિનિક્સ એ બાબત પત્ર લખ્યો હતો તથા એ બંને જણને પણ કાગળો લખ્યા હતા. એ કાગળો પરથી જણાઈ આવે છે કે તેઓ નવજુવાનોને સંયમશીલ બનાવવા માટે કેટલો બધો આગ્રહ સેવતા હતા અને જરૂર પડ્યે દયાભાવને સાવ કોરે મૂકીને અત્યંત કઠોર પગલાં લેતા અચકાતા ન હતા.

મહા વદ ૧૨, સંવત ૧૯૭૦

કેપટાઉન

તા. ૨૧-૨-૧૪

ભાઈ શ્રી રાવજીભાઈ,

તમારો કાગળ મળ્યો. ચિ. મણિલાલને ત્યાં નથી મોકલવો. તેને અહીંના વૈભવમાંથી ખસેડ્યો છે. તેવા જ કારણથી ચિ. જમનાદાસને ત્યાં મોકલ્યો છે. જેણે બ્રહ્મચર્ય પાળવું છે તેણે વૈભવવાળા સંજોગોમાં વસવું ન જોઈએ એમ માનું છું. બાની તબિયત સારી રહેલી જણાય છે. ત્યાં (ફિનિક્સમાં) છોકરાઓ ઉદ્યમી થઈ જાય અને વહેલા ઊઠવામાં જરા પણ પછાત ન રહે એ ચીવટ રાખજો. મગનભાઈ(પટેલ)ની તબિયત કેમ રહે છે? મને વિગતવાર બધી ખબર લખજો. ઈમામસાહેબની વહુ ન મૂંઝાય એમ તજવીજ કરજો. તેને સારુ કંઈ વિશેષ ખોરાકની જરૂર જણાય તો ખાસ કરી આપવી, કે કરવા દેવી એ ઠીક જોઉં છું.

મિ. ઍન્ડ્રૂઝે બહુ ભારે કામ કર્યું છે એમાં કંઈ શક નથી.

મોહનદાસના આશીર્વાદ

તા. ૨૬-૨-૧૪
ફાગણ સુદ ૨, ૧૯૭૦

ચિ. જમનાદાસ,

તમે અને મણિલાલે આ વેળા મને સમજવામાં ભૂલ કરી જોઉં છું. તમને રાખવાથી તમારું શ્રેય જોતાં તો મારા સ્વાર્થને લીધે જ તમને રજા ન આપત. અહીંના વાતાવરણ સામે હું ન જ લડી શકત. વાતાવરણની સૂક્ષ્મ અસર કેવી થાય છે એનો તમે વિચાર નથી કર્યો. . . દા. ગુલનું ઝવેરાત તમે બધાએ જોયું તેના કરતાં મેં વહેલું જોયું છે. પણ જેમ તમારું ઝવેરાત જોવા છતાં તમને નબળા ને બાળક ગણું છું ને તમારે કબજે બીજાને રાખતાં અચકાઉં. તેમ દા. ગુલની અસર નીચે તમારા જેવા નિર્મળ જુવાનને રાખતાં અચકાઉં. દાક્તર ગુલ બાળક છે એમ પોતે પણ જાણે છે. પોતાના દોષ પણ જાણે છે ને તેથી જ પોતાના સગા ભાઈને પોતાનાથી દૂર કર્યો છે. . . . સાહસિક ને રાગી છે. તમારામાં તેનું સાહસ કે રાગ હું જોવા માગતો નથી. તમારામાં હંસમતિ આવી નથી. જો તે આવી હોત તો મારે સખત ટીકા કરવાનું કારણ રહેત જ નહીં. મારો અતિપ્રેમ એ તમને આ વેળા દાહક લાગ્યો છે. એવું બને છે છતાં પાછા શાંત થજો. મેં અવિચારી પગલું નથી ભર્યું. વકીલાતનો દોષ તમે મૂકો છો એ બરાબર નથી. પહેલાં પણ તમે એમ કહેલું. મારામાં પૃથક્કરણ કરવાની ને સારુંનરસું જોવાની શક્તિ વિશેષ છે એમ મને અનુભવ થતો જાય છે. તેથી મારી સૂક્ષ્મ દલીલો સામેના માણસને વકીલાત જેવી લાગે છે. ગમે તેમ હોય પણ તમારે જે કંઈ બચાવમાં કે મારી ભૂલ સુધારવા સારુ કહેવું હોય એ બેધડક થઈ કહેજો. એ તમારી ફરજ છે. મને હંમેશાં કાગળ લખવાની આજ્ઞા છે. બાની તબિયત ઠીક ઠીક છે. જોખમ ગયું નથી.

(કેપટાઉન) બાપુના આશીર્વાદ

તા. ૨૭-૨-૧૪
ફાગણ સુદ ૩, ૧૯૭૦

ચિ. જમનાદાસ,

તમારી તરફથી નથી તાર કે નથી કાગળ, એક સિવાય. તમે કેમ જાણે રોષે ભરાયા હોય?. . . તમારો કિંબરલીનો કાગળ બરોબર નથી. પણ તમારું વર્તન જ મેં અહીં વિરોધી જોયું ત્યાં કાગળની શી રાવ ખાવી? તમારા બંનેના કાગળો સૂચવે છે કે તમને કેપટાઉન સદ્યું નથી. . . . ફિનિક્સમાં હું કેમ કોઈના વર્તનથી ન અકળાયો? એક અપવાદ ભૂલું છું. તે મિસ શ્લેશિન છે. પણ તે તો પોતાના

દોષ છેવટે જોઈ શકી. પ્રથમ તો મને હેરાન જ કર્યો. તમે બંને તો મારા દોષ જોવા લાગી ગયા. ખૂબ વિચારી શાંત થાઓ એવું ઈચ્છું છું. આજે હું મણિલાલને કાગળ નથી લખતો એટલે આ તેને મોકલી આપજો.

(કેપટાઉન) બાપુના આશીર્વાદ

બીજા એક કાગળમાં મણિલાલકાકા ઉપર લખેલું કે -

. . . તમે મારી ઉપર નિર્દયતાનો આરોપ મૂકી અજાણ્યે પાપ કર્યું છે. . . . હું પંદર દિવસમાં નિર્દય બન્યો? તેવી અસર બીજાની ઉપર તો નથી પડી. ફિનિક્સમાં એવું નથી બન્યું. બાને વિશે હું અતિ કોમળ થયો છું. એમ બા જુએ છે. જો તમારી તરફ નિર્દય બનું તો મારી સાધુતા જે કંઈ હોય તે ડોળ જ ગણાય ને મારું જીવન વ્યર્થ ગણું.

પણ હાલ તુરતમાં હું તમને નિર્દય દેખાઈશ તેમાં શક નથી. . . . જે મોહથી હું તમારે વિશે મોહ ન જોતો એ મોહ નષ્ટ થયો છે ને માત્ર નિર્મળ પ્રીતિ રહેલી છે. તે પ્રીતિ અત્યારે તમને નિર્દયતારૂપ જણાય છે. કેમ કે મારે વૈદ્યની માફક કડવા પ્યાલા પાવાના રહ્યા છે. . . . તમારે વિશે. . . સંપૂર્ણતા મેળવવા અધીરો થયો છું. અધીરાઈ એ મારો દોષ છે. તેટલે અંશે હું રાગી પ્રેમી છું. તમે મારા દીકરા છો એ મોહ હજુ રહ્યો છે. એ નષ્ટ થયે તમે જે નિર્દયતા મારામાં જુઓ છો તે પણ કદાચિત્ નહીં જુઓ. દરમિયાન મને નભાવી લેજો.

હવે તમારા કાગળના વિરોધો. ત્રણ દિવસમાં તમે કેપટાઉન ન જોયું કેમ કે મારાં કડવાં વેણ હતાં. છતાં તમે જતી વેળા મારા ઉગ્ર તાપ છતાં કેપટાઉન જોવાની ઈચ્છા બતાવી. કડવાં વેણ તો રવિવારે પણ હતાં. તમે મને નિર્દય માન્યા પછી મારી સાથે રહીને કેમ કંઈ શીખી શકત? તમે ટેબલ માઉન્ટનમાં ફરવાની ભારે ઈચ્છા બતાવી. ત્યારે મેં તમને વિશેષ જોશો એમ કહ્યું તેમાં શો અપરાધ જોયો?

પણ થયેલું થયું. મારા દોષોને ન જોવા એ તમારું કર્તવ્ય છે. દીકરામાં એટલી ભક્તિ હોવી જોઈએ કે તે બાપનો દોષ ન જુએ ને તેના ગુણનો જ વિચાર કરે. તેટલી શ્રદ્ધા તમારે વિશે ઈચ્છું છું. હું તમને બાવા બનાવવા નથી માગતો, હું તમારું શુદ્ધ આચરણ જોવા માગું છું. તમારામાં સત્ય, શીલ, સરળતા, કોમળતા, પ્રભુતા, નમ્રતા, સાધુતા જોવા માગું છું. સંસારના સાધારણ રાગોમાંથી તમારામાં વિરક્તતા જોવા ઈચ્છું. પણ તે હાલ હોય એમ લાગતું નથી. તમે હું કરું છું એમ કરી નાખો એમ કહેતો નથી. પણ તમે મારા ઊંડા ઉદ્ગારો સમજી તમારું જીવન સફળ કરો એવું ઈચ્છું છું.

આ કાગળ ચિ. જમનાદાસને મોકલજો.

(કેપટાઉન) બાપુના આશીર્વાદ

## ૧૮
## નવા શિક્ષકો અને નવું ભણતર

જમનાદાસકાકા કેપટાઉનથી ફિનિક્સ આવ્યા ત્યારે અમારી નિશાળ ફરી પાછી પૂર વેગે ચાલુ થઈ ગઈ હતી. ખેતીનું કામ પણ વધ્યું હતું. સવારે ખેતી કર્યા પછી નમતે પહોરે ખેતી કરવા ગયા પહેલાં રીતસર અમારા વર્ગો લેવાવા લાગ્યા હતા. મને કંઈક એવું યાદ છે કે એ દિવસોમાં ભણતરનું જોર વધી જવાને કારણે છાપખાનાના કામનો ભાર વિદ્યાર્થીઓ ઉપરથી હળવો કરવામાં આવ્યો હતો. ઘણાખરા ફિનિક્સવાસીઓ જેલમાં હતા ત્યારે 'ઇંડિયન ઓપીનિયન' નિયમસર બહાર પાડવાનું કામ મગનકાકા અને દેવદાસકાકાએ બે જણે મળીને જ મુખ્યત્વે સંભાળેલું એ જોતાં હવે જ્યારે જેલમાંથી બધા પાછા આવ્યા ત્યારે વિદ્યાર્થીઓ પાસેથી પ્રેસમાં ઝાઝો વખત કામ લેવાની બહુ આવશ્યકતા રહી ન હતી અને મહિનાઓથી ભણતર બગડતું હોવાથી નાનામોટા બધા વિદ્યાર્થીઓને નિશાળના કામ માટે વધુ વખત આપવાની જરૂર પણ હતી. એ ઉપરાંત થોડા જ વખતમાં પાકી સમાધાની થયે હિંદુસ્તાન જવાનું થાય તો ત્યાં ફિનિક્સના વિદ્યાર્થીઓ અભણ ને મૂઢ ન દેખાય એની કાળજી પણ ભણનારા તથા ભણાવનારાઓના મનમાં કાયમ રહ્યા કરતી હતી. એટલે ભણતરની દૃષ્ટિએ ફિનિક્સની નિશાળનો એ ઠીક ચિડયાતો સમય હતો એમ કહું તો ચાલે, જોકે પૂજ્ય બાપુજી પોતે એ દિવસોમાં અમારા વર્ગો ભાગ્યે જ લઈ શકતા હતા કારણ કે એમને મોટે ભાગે કેપટાઉન વગેરે ઠેકાણે રહેવું પડતું હતું.

રાવજીભાઈ પરોઢના પાંચ વાગ્યામાં અમને ભેળા કરીને બેસતા તથા ગુજરાતી પ્રાચીન સાહિત્ય શીખવતા એ વાત હું કરી ગયો. ત્યાર પછી બગીચાનું કામ અને નાસ્તોપાણી કર્યા બાદ ગણિત, ગુજરાતી અને સુલેખનના વર્ગો ચાલતા. મુખ્ય શિક્ષકનું કામ ઘણે ભાગે સવારે મગનભાઈ પટેલ અને બપોરે મિસ શ્લેશિન કરતાં. અને એમની મદદમાં ગણિતના વર્ગો મારા પિતાશ્રી, ગુજરાતીના વર્ગો મગનકાકા અને સુલેખનનો વર્ગ જમનાદાસકાકા લેતા.

જમનાકાકા ઉંમરમાં મોટા ન હતા.અમારામાંના મોટા વિદ્યાર્થીઓ કરતાં ભાગ્યે જ એકબે વરસ તેઓ મોટા હશે. છતાં તેમણે હિંદુસ્તાનની રીતસરની નિશાળમાં શિક્ષણ લીધેલું એટલે એમના જ્ઞાન પ્રત્યે અમારા મનમાં ઊંચો આદર હતો. બુદ્ધિમાં પણ તેઓ અમારી સરખામણીમાં ઠીક ઠીક કુશાગ્ર હતા અને ક્રિશ્ચિયાનાની જેલમાં એમણે જે ધીરજ અને દૃઢતા બતાવેલી તથા બા અને બાપુની સેવામાં જે સફળતા મેળવેલી એ બધાને લીધે એમની ઉંમર નાની હોવા છતાં બધા વિદ્યાર્થીઓ ઉપર એમનો પ્રભાવ સારો પડતો હતો. કોઈ વાર કોઈએ

એમના દેખતાં કે એમની પીઠ પાછળ પણ એમને વિશે ટીખળ કર્યું હોય એવું મારી જાણમાં નથી.

જમનાદાસકાકા અમને ત્રણ ચીજ ભણાવતા. એક સુલેખન, બીજું સંસ્કૃત અને ત્રીજું હિંદ સ્વરાજ. બાપુજીના અક્ષર જેટલા ગોટાળિયા અને ઉકેલવા મુશ્કેલ હતા એટલા જ ચોખ્ખા મોતીના દાણા જેવા અક્ષરો જમનાદાસકાકા અને મણિલાલકાકાના હતા. મણિલાલકાકાએ તો આખી ગુજરાતી ગીતા અને કેટલાંક ભજનો ઝીણા ચોખ્ખા વ્યવસ્થિત અક્ષરે એટલાં સુંદર લખ્યાં હતાં કે એમની એ નોટબુક મને જોવા મળતી ત્યારે કોઈ સુંદર ચિત્રાવલી જોતો હોઉં એમ મને લાગતું અને મણિલાલકાકાની ખંત અને હાથની સફાઈ વિશે આશ્ચર્ય થતું. એમની એ ડાયરી લખેલી નહીં પણ છાપેલી હોય એટલી સુંદર હતી. જમનાદાસકાકાની લખાવટ છાપેલા જેવી દેખાતી ન હતી કારણ તેઓ બે પંક્તિઓ વચ્ચે વધારે મોકળાશ અને અક્ષરો તથા શબ્દો વચ્ચેનું અંતર પણ છાપ્યા કરતાં વધારે રાખતા. છતાં એમની લખેલી લીટીમાં કોઈ અક્ષર ઊંચો કે નીચો કે પ્રમાણ કરતાં વધુ પહોળો અથવા ઘાટ વિનાનો ન દેખાતો. દરેક અક્ષર જાણે ખૂબ જ ચીપી ચીપીને લખેલો હોય એવું દેખાતું અને લખતી વખતે એમનો હાથ ઝપાટાબંધ વહેતો જતો. અક્ષરમાં તો મગનકાકાના અક્ષર પણ ઘણા જ સુંદર, સુવાચ્ય અને એકસરખા આવતા. મારા પિતાશ્રીના અક્ષરોના વળાંક અને સુંદરતા ઉપર બાપુજી એટલા ખુશ હતા કે અનેક વાર તેઓ વર્ગમાં કહેતા કે, 'તમે મારા અક્ષરો જોઈને પોતાના અક્ષરો ન બગાડશો. અક્ષર જોવા હોય તો છગનલાલના જોજો. એના જેવા ઠરેલા અને ચોખ્ખા અક્ષરો લખતાં શીખજો.'

વિદ્યાર્થીઓમાં ડાહ્યાના અક્ષરોને પહેલો નંબર મળતો પણ છેલ્લી લડત ઊપડતાં પહેલાં જ એણે ફિનિક્સ છોડ્યું તે પાછો આવ્યો જ નહીં. જમનાદાસકાકાએ એક દળદાર નોટબુકમાં જ્યારે અમારી પાસે સારા અક્ષરો લખાવવાનું કામ શરૂ કરાવ્યું ત્યારે દેવદાસકાકાના અને મારા અક્ષરો કંઈક ચડિયાતા આવવા લાગ્યા. અને અમારા બેમાંયે ઘણી વાર દેવદાસકાકાના અક્ષરો જ વધારે ઠરેલા, વધારે આકર્ષક અને વધારે શોભીતા દેખાતા. થોડાં અઠવાડિયાં પછી દેવદાસકાકાના અક્ષર એટલા બધા સુધરી ગયા કે બીજી અનેક બાબતોની જેમ અક્ષરોમાં પણ મેં એમને મારી ઉપરના માની લીધા અને એમની સાથે હરીફાઈ કરવાની મારી હિંમત ઓછી થઈ ગઈ. એમ છતાં કોણ જાણે ક્યારે દેવદાસકાકાએ પોતાના સુંદર સુવાચ્ય અક્ષરો બગાડી માર્યા એ મને ખબર ન પડી. તે એટલે લગી કે બાપુજીના અક્ષર ઊકલે પણ દેવદાસકાકાના અક્ષર ત્રણ

ત્રણ જણા ભેળા મળીને ઉકેલે તોપણ ક્યાંક શંકા રહી જાય. મારા અક્ષર પણ મારા પિતા કે કાકાઓની સરખામણીમાં જરાયે શોભે એવા ન રહ્યા. એ ઉપરથી મેં એટલું તારવ્યું કે સુધારો કઠણ વસ્તુ છે અને બગાડો એ સાવ સહેલો છે. સુધારામાં ઘણી જ ખંત અને સાવધાનીની જરૂર છે અને બગાડા માટે તો જરાક બેદરકારી રાખવી બસ થઈ પડે છે. બચપણમાં શિક્ષકની નજર તળે એક વાત શીખી લીધી એટલે એ આવડી ગઈ એમ માની લેવું ભૂલભરેલું છે. આપમેળે પોતાના ચોકીદાર બનીએ ત્યારે જ કોઈ વાત આવડી શકે છે.

સુલેખન કરતાંયે જમનાદાસકાકા પાસે સંસ્કૃત શીખવામાં અમને વધારે મજા પડતી. જમનાદાસકાકા પોતે ઝાઝું સંસ્કૃત નહોતા જાણતા. રાજકોટની હાઈસ્કૂલમાં ભાંડારકરની માર્ગોપદેશિકાનો પહેલો ભાગ ભણ્યા હતા અને એને આધારે अश्वः, शिरः, कन्दुकः, वदति, पठति, गच्छति વગેરે થોડાંક રૂપો અને થોડું વ્યાકરણ અમને શીખવતા. સંસ્કૃતમાં બીજા વિદ્યાર્થીઓને કંઈ ખાસ રસ નહોતો આવ્યો પણ દેવદાસકાકા અને હું રસથી શીખતા. રોજ નવા શબ્દો અને ક્રિયાપદનાં રૂપો શીખવાની અને યાદ રાખવાની અમને હોંશ હતી. રેવાશંકર સોઢા જેવો વિદ્યાર્થી घोडा गच्छति, अहं बोलामि જેવા અનુવાદો, અનેક દિવસો સુધી શીખ્યા પછી પણ સંભળાવતો અને હસાહસ વધી જતી ત્યારે અમને થોડીક ચીડ પણ ચડતી કે એ ભાઈ અમારી જોડે સંસ્કૃતના વર્ગમાં ન બેસતો હોય તો શું ખોટું? નકામો અમારો વર્ગનો વખત શા સારુ એ લોકો બગાડતા હશે!

જમનાદાસકાકા પાસે જ્યારે ‘હિંદ સ્વરાજ’નો વર્ગ ચાલતો ત્યારે બાપુજી પોતે જ અમને ભણાવવા બેઠા છે એમ અમને લાગતું. જમનાદાસકાકાએ અમને સમજાવી દીધેલું કે હિંદુસ્તાન જઈને જો ઠોઠ ન ગણાવું હોય તો આ ચોપડી આખી શીખી લેવી. બાપુજી સાથે આપણે જશું એટલે હિંદુસ્તાનના લોકો જાતજાતના પ્રશ્નો પૂછશે. આપણી સત્યાગ્રહની લડત બાબત પૂછશે અને જો આપણે બાપુની વાત લોકોને સમજાવી નહીં શકીએ તો બધાની મશ્કરી થશે. એટલે અમે બધા છોકરાઓ ઘણી જ એકાગ્રતાથી ‘હિંદ સ્વરાજ’નું લખાણ વાક્યેવાક્ય વાંચતા, સમજવાનો પ્રયત્ન કરતા અને વર્ગ પૂરો થયા પછી પણ એ વાક્ય અને ભાષાનો અમારી વાતચીતમાં પ્રયોગ કરતા. તે એટલે લગી કે ત્રણ મહિનાની અંદર અમને એ પુસ્તકનાં એકવીસ પ્રકરણો લગભગ મોઢે થઈ ગયાં.

જમનાદાસકાકા કરતાં પણ અમને વધુ એકાગ્ર રાખનારાં શિક્ષક હતાં મિસ શ્લેશિન. મિસ શ્લેશિન જાતે ઘણાં જ મશ્કરાં, વિનોદી, બોલકાં અને ચંચળ હતાં. પણ જ્યારે ભણાવવા આવતાં ત્યારે વર્ગમાં પૂરેપૂરી શાંતિ છવાઈ જતી. જરાક જેટલીયે આડીઅવળી વાત કરવાનું કોઈને સૂઝતું નહીં. ઉંમરમાં તેઓ

મોટાં ન હતાં, અઢારેક વરસનાં હશે પણ એમનું તેજ જ એટલું હતું કે મોટી ઉંમરના છોકરાને પણ એમની રૂબરૂમાં પૂરેપૂરા વ્યવસ્થિત અને પોતાના કામમાં મશગૂલ રહેવું પડતું. તેઓ અંગ્રેજી ભણાવતાં. કવિતા અને નિબંધલેખન ઉપર વધારે ભાર આપતાં. હોશિયાર વિદ્યાર્થીને તેઓ જરાક જરાક સૂચનો આપતાં અને મંદ વિદ્યાર્થીને વધારે વખત આપી એની હિંમત વધારતાં.

હું અમારી નિશાળમાં બીજા બધા વર્ગોમાં મોટાઓની સાથે બેસતો પણ અંગ્રેજીમાં બહુ ઠોઠ હતો અને મારા જોડિયાઓ પાંચમી કે છઠ્ઠી અંગ્રેજી રીડર ભણતા ત્યારે હું માંડ બીજીમાં ચાલી શકતો. સ્પેલિંગ ગોખવામાં હું કાચો હતો એટલે મારું ગાડું આગળ ચાલી જ શકતું ન હતું. મિસ શ્લેશિને મારા ઉપર વિશેષ ધ્યાન આપ્યું. મને સ્પેલિંગો પૂછવાનું અને શ્રુતલેખન લખાવવાનું એમણે લગભગ બંધ કર્યું. મારી રીડરમાંથી લાંબી લાંબી કવિતાઓ તેઓ પોતે સહેજ અભિનય સાથે વાંચી સંભળાવતાં અને બીજે દિવસે એ જ ભાગ એવી જ રીતે મને સંભળાવી જવાનું કહેતાં. ભૂલ પડે ત્યાં જરાક મદદ આપી દેતાં. કવિતા મોઢે થયા પછી એના અર્થ અને ભાવ સંબંધી અનેક નાના નાના પ્રશ્નો પૂછી એનો જવાબ મેળવતાં અને પછી એ ઉપર નાના નિબંધો લખી લાવવાનું કહેતા. નિબંધમાં ભાષાની ભૂલ ઉપર મારું વધારે ધ્યાન ખેંચતાં અને સ્પેલિંગોની ભૂલ મારી વહીમાં સુધારી આપતાં. આવી રીતે થોડાંક જ અઠવાડિયાંમાં મને અંગ્રેજીના વર્ગમાં પણ ઠીક ઠીક રસ આવવા લાગ્યો.

મારા કરતાં પણ જે નાનાં બાળકો હતાં એમની સાથે મિસ શ્લેશિન પૂરાં ઓતપ્રોત થઈ જતાં. અમારા ઘરમાં રૂખીબહેન સૌથી નાનાં હતાં. એને નાહીધોઈ કપડાં પહેરી નિશાળે પહોંચતાં જરા વાર લાગે એટલે મિસ શ્લેશિન ઘેર આવીને ટહુકો કરે અને રૂખી પણ લટકાથી જવાબ આપે આ. . . . આવી (‘જસ્ટ કમિંગ’). બીજી એક નાનકડી બહેન ફિનિક્સમાં એવી હતી કે એના ગળામાં મીઠાશ ઓછી હતી, આંખનો આકાર લંબાઈને બદલે ગોળાઈ પડતો હતો અને ચહેરા પરનાં હાડકાં પણ કંઈક વધારે જાડાં હતાં. બીજી રીતે એ બાલિકા રમતિયાળ, પ્રસન્ન અને મજાની મજાની વાતો કરનારી હતી. પણ મિસ શ્લેશિને વાતમાં ને વાતમાં એને વિશે જણાવેલું કે, ‘‘કોણ જાણે કેમ આ બાળકને જ્યારે જોઉં છું ત્યારે મને એ અળખામણું લાગ્યા કરે છે. હજુ સુધી મને આટલું અળખામણું કોઈ બાળક લાગ્યું નથી. અને એટલા માટે જ હું એને વધુ ને વધુ મારી પાસે રાખું છું.’’ અને ખરેખર મિસ શ્લેશિન એ બાલિકાને ભણાવતાં એટલું જ નહીં પણ એની માતા અને બહેન હોવા છતાં એની શારીરિક સંભાળ પોતે રાખતાં. બાળકોને ખોળામાં બેસાડવાની એમને ટેવ ન

હતી પણ એ બાલિકાને પોતે ખોળામાં બેસાડતાં અને એનું મોઢું માથુંયે કરી આપતાં. માનવપ્રેમ કેળવવાની એમની એ એક ભારે સાધના હતી. દક્ષિણ આફ્રિકામાં જ્યાં ગોરાઓને હિંદીઓનો ચહેરો જોતાં જ સૂગ ચડતી અને હિંદીની પડખે બેસતાં અકળામણ થતી ત્યાં આગળ એક અંગ્રેજ યુવતીને જરાક અસુંદર હિંદી બાલિકા ઉપર અભાવ ઊપજે એ કંઈ સાવ અસ્વાભાવિક ન હતું. પણ હિંદીઓની સેવા માટે પોતાનું જીવન આપ્યા પછી એવી જાતની ભાવના પોતાના મનમાં ઊગે એ વાત જ મિસ શ્લેશિનનું વિશુદ્ધ હૃદય સહન કરી શકે એમ ન હતું. એકાદા હરિજન કે દલિત બાળક પ્રત્યે અણગમો ઊપજ્યા છતાં એને પરાણે અપનાવવાની સાધના કરનારા આપણે ત્યાંયે કેટલા હશે?

અમારી શાળામાં ભણતરને અંગે ઇનામ આપવા કરવાનો રિવાજ ન હતો. પૂજ્ય બાપુજી 'માર્ક' આપતા પણ એમાંયે અમે અંદર અંદર પહેલા-બીજા ગણવા લાગીએ તો બાપુજી અમને ટોકતા. તેઓ માર્ક એટલા જ પૂરતા આપતા કે ગઈકાલ કરતાં અમારું કામ ચડિયાતું છે કે ઊતરતું એ અમે જાતે સમજી શકીએ. પોતાની પ્રગતિ અમે તપાસતા રહીએ અને પ્રયત્ન વધારીએ એ બાપુજીનો આગ્રહ રહેતો. એકબીજા સાથે હરીફાઈ કરીએ એ એમને મુદ્દલ ન ગમતું. પણ મિસ શ્લેશિન સ્વતંત્ર મગજનાં હતાં. તેઓ બાપુની વાતનો અક્ષરેઅક્ષર પાળવામાં માનતાં નહીં. બાપુજી પણ એમને ઘણી છૂટ આપતા. એટલે બાપુજીની નીતિની સામે થઈને પણ એમણે નિબંધો માટે ઇનામ ગોઠવ્યાં. ફિનિક્સના વિદ્યાર્થીઓ જ નહીં પણ કાર્યકર્તાઓ પાસે પણ એમણે નિબંધો માગ્યા. નાનામોટા બધા ફિનિક્સવાસીઓના ત્રણ કે ચાર વિભાગ પાડી નાખ્યા અને દરેક વિભાગ માટે જુદાં જુદાં ઇનામો રાખ્યાં. એક દિવસ એ નિબંધ સંભળાવી જવાનો ખાસ મેળાવડો ગોઠવ્યો અને એક પંચ એની પરીક્ષા માટે નિમાયું.

બીજાઓના નિબંધ વિશે મને કંઈ વાત યાદ રહી નથી પણ એ નિબંધ પરીક્ષામાં મોટાઓમાં મગનકાકાને અને નાનાઓમાં મને ઇનામ મળેલું તે યાદ છે. મેં અંગ્રેજીમાં 'આળસ અને ગંદકી' બાબત નિબંધ લખેલો. એ ભાષાની દૃષ્ટિએ પરીક્ષકોને ગમી ગયો અને મને ઇનામમાં સુંદર બાંધણીની, ચિત્રોવાળી ને મોટા અક્ષરે છપાયેલી ચોપડી મળી. એ અરબસ્તાનના દાનવીર હાતિમતાઈનું જીવનચરિત્ર હતું. એનું અંગ્રેજી અઘરું હતું અને ઇનામ મળ્યા પછી ચારેક વરસે એ હું વાંચી શક્યો. પણ મિસ શ્લેશિને પોતાની સહી સાથે એ ચોપડી ભેટ આપેલી એટલે ખૂબ જ કાળજીથી વરસો સુધી મેં એ જાળવી રાખેલી. મગનકાકાના નિબંધનાં બહુ જ વખાણ થયાં. એ ગુજરાતીમાં લખેલો નિબંધ

હતો અને એમાં ખેડૂત જીવનની એક વાર્તા બહુ સરસ રીતે લખેલી હતી. એ વાર્તાનું કથાનક આજે પણ હું વીસર્યો નથી અને એનાથી અનેક વાર મને પ્રેરણા મળી છે. એનો સાર આ પ્રમાણે હતો:

હિંદુસ્તાનમાં એક ગામડામાં એક જુવાન અને એની નાની બહેન એક ખેતર પર રહેતાં હતાં. એક ભારે દુકાળ આવતાં તેમનું ખેતર સૂકુંભટ થઈ ગયું. માબાપ પહેલાં જ ગુજરી ગયાં હતાં અને એ રીતે તેઓ અનાથ હતાં. બાપૂકી થોડી જમીન હતી. જો કૂવો હોય તો એમાં કંઈક લીલોતરી થાય અને જીવન ટકાવવા માટે ખોરાકી ઊપજાવી શકાય. અનેક દિવસો વિમાસણમાં ગયા. એક પરોઢે ભાઈએ ઊઠીને નિશ્ચય કર્યો કે એમ બેસી રહ્યે કંઈ વળવાનું નથી. ભગવાને હાથપગ આપ્યા છે તો શા સારુ કૂવો ખોદી ન લેવો! ભાઈએ હાથમાં કોદાળી પાવડો લીધાં અને બહેનને ટોપલી આપી. આખો દિવસ બંનેએ મહેનત કરી કૂવો ખોદવા માંડ્યો. ઊંડે ને ઊંડે ભાઈ ખોદતો જાય, ટોપલી ભરતો જાય અને બહેન ગરેડીથી ટોપલી ઉપર ખેંચી ખેંચીને બાજુએ ઠલવતી જાય. દસબાર દિવસ એ પ્રમાણે બંને જાણ મંડી રહ્યાં. એક દિવસ ધરતીમાં પાણી ચમક્યું. ભાઈબહેનનો થાક ઊતરી ગયો. બંને ઉમંગમાં આવી ગયાં. ત્યાં તો આકાશમાં ગાજવીજ શરૂ થઈ અને મેઘરાજાએ પણ લીલાલહેર કરી દીધી. ભાઈબહેનની મહેનતનું ભગવાને અણધાર્યું ફળ આપ્યું. રીતસર વાવણાં થયાં. જારબાજરીએ કોઠીઓ ભરાઈ, અને પેલો જે કૂવો ખોદ્યો હતો એને ઈંટચૂના વડે ચણી પાકો કરવાનીયે સોઈ થઈ. પછી તો વરસોવરસ ભાઈબહેન મળીને ચોમાસુ ને શિયાળુ બંને પાક લેવા લાગ્યાં અને પોતે નોધારાં છે, ગરીબ છે, ખાવાનાં વખાં છે એવો અનુભવ એમને કદી ન થયો.

મગનકાકાએ લખેલી આ વાર્તા જ્યારે એમણે પોતે અમારી સભામાં સંભળાવી ત્યારે આખી મંડળી એકધ્યાનથી એ સાંભળી રહી. અને હવે ફિનિક્સમાંથી હિંદુસ્તાનમાં જઈને આપણે કેવું જીવન વિતાવવાનું છે એની રસમય કલ્પના નજર સામે આવી ગઈ.

અમને ફરવા લઈ જવામાં પણ મિસ શ્લેશિન વધારે ઉત્સાહી હતાં. ફિનિક્સથી ચાર માઈલ પર અવારનવાર અમે ઈનાન્ડા ધોધ ઉજાણીએ જતા, એ વાત હું પહેલાં કરી ગયો છું. બેત્રાણ વાર ફિનિક્સથી ચાલીને દરિયાકિનારે પણ અમે નાહવાને ગયેલા. અમારે ત્યાંથી માઉંટેજકેંબનો દરિયાકિનારો સાતેક માઈલ થતો હતો અને અવોકાનો દરિયાકિનારો છ માઈલ જેટલો હતો. ઘેરથી થેપલાં-શાક વગેરે બાંધીને સૌ પોતપોતાની થેલીમાં લઈ જતાં અને ત્યાં હિંદી મહાસાગરનાં વિશાળ મોજાંઓમાં ખૂબ ખૂબ નાહીને પછી રેતીના પટમાં ભેગાં

બેસી વનભોજન કરતાં. ઈનાન્ડાનો રસ્તો સારો હતો પણ અવોકાનો રસ્તો ઘણો કપરો હતો. કેડી પણ ચોખ્ખી ન હતી. અનેક માઈલ રેતી ખૂંદવી પડતી અને રસ્તે પાર વિનાના ગોખરું પગમાં ખૂંચી જતા. એવા કઠણ રસ્તામાં પણ અમે વિનોદ કરતા ચાલતા અને જાણે એક લડાઈ જીતી હોય એવો રસ માણતા. ખારા પાણીથી નાહીને પછી મીઠા પાણીથી નાહી લેવાની ત્યાં સગવડ ન હતી એટલે સમુદ્રસ્નાન પછી કલાકો સુધી આખે શરીરે સખત ચળ ઊપડતી. એ ચળથી હેરાન હેરાન થઈ જતા ત્યારે અમે એકબીજાને કહેતા કે હવે ફરી અવોકા નાહવા નથી આવવું. પણ ફરી વાર જ્યારે અવોકાને દરિયે નાહવા જવાનું ગોઠવાય ત્યારે ભાગ્યે જ કોઈ પાછળ રહેતું. ગોખરુનો ત્રાસ, બળબળતા તડકામાં રેતી ખૂંદતા જવાની મુશ્કેલી અને ખારા પાણીની ચળની પીડા છતાં અવોકાની ઉજાણીમાં કંઈક અનેરો જ આનંદ મળતો.

અવોકાનો દરિયાકાઠો સાવ વેરાન હતો. ત્યાં ગામડું, બજાર કે ધર્મશાળા જેવું કશું ન હતું. કેટલાંક વિશાળ વૃક્ષો હતાં તેની નીચે અમે ઉતારો કરતા. તેમાંનું એક વૃક્ષ હજી સુધી હું વીસર્યો નથી. એવું બીજું ઝાડ જોવાને મેં અનેક વાર તપાસ કરી છે પણ એની જોડનું ઝાડ બીજે ક્યાંયે જોયાનું મને યાદ નથી આવતું. હું જે ઝાડની વાત કરું છું એ વડનું હતું કે પીપળાનું કે બીજું કંઈ એ હું નથી કહી શકતો. પણ એનાં પાદડાં પહોળાં હતાં અને એનો છાંયો પાંખો ન હતો. પણ એમાં આશ્ચર્યની વાત એ હતી કે આખું ઝાડ ઉપરથી નીચે સુધી સેંકડો — કદાચ હજારો — જાળાંઓથી છવાયેલું હતું. ઘરના સાધારણ કરોળિયા કરતાં બમણાતમણા મોટા કરોળિયા એ જાળાં વચ્ચે ફરતા હતા. એક એક જાળુ ખૂબ જ ઘટ્ટ અને થાળી જેવડું હતું.જાણે આખું ઝાડ જ જાળાનું બનેલું ન હોય! એ ખરેખર બિહામણું ઝાડ હતું. એની પાસે જવાની મને હિંમત જ થતી ન હતી. પણ અમારી સાથે રાવજીભાઈ હતા એમણે અમને સમજાવ્યું કે ‘‘કરોળિયાથી ડરવા જેવું કશું નથી. અસંખ્ય મગતરાં ને મચ્છર લીલોતરી ખાઈ જાય એને અટકાવવાનું કામ આ કરોળિયાનાં જાળાં કરે છે. કુદરતમાં કરોળિયાનો પણ ઉપયોગ છે. માણસને એ કશું જ નુકસાન પહોંચાડતો નથી.’’ રાવજીભાઈએ ધીરજ આપી તેથી હું એ ઝાડની જરા વધુ નજીક જઈને કરોળિયાની ચતુરાઈ નિહાળતો રહ્યો પણ એ થોડો ભય તો મનમાં રહ્યો જ.

અવોકાની જેમ માઉંટેજકંબનો દરિયાકિનારો સાવ રેતાળ ન હતો. માઉંટેજકંબમાં મકાનો અને વસ્તી હતાં તથા ત્યાં દરિયાકાંઠે કુદરતી ખડકો હતા. એ નાના ખડકને વળગીને અમે ઊભા રહેતા અને દરિયાનાં મોજાં એક પછી એક આવી અમારા ઉપર અભિષેક કરી જતાં, સાધારણ મોજાં આવે ત્યાં સુધી આવા

સ્નાનમાં ખૂબ મજા પડતી. પણ કેટલીક વાર વિકરાળ મોજું આવી ચડતું તો એ જોખમભર્યું થઈ પડતું.

એક વાર મારી બા, કાકી અને બીજી ત્રણ બહેનો ખડક પાસે ઊભાં ઊભાં માઉંટેજકંબમાં એવી રીતે નાહી રહ્યાં હતાં ત્યારે અચાનક એક બિહામણું મોજું ખડકની ચારે બાજુએ ફરી વળ્યું અને બધાં જમીનથી ઉપર ઊંચકાઈ ગયાં. પણ પાંચે બહેનોએ એકબીજીના હાથ જોરથી પકડી રાખ્યા અને થોડોક આધાર ખડકનો મળી ગયો અને મગનકાકા તથા બીજા એક ભાઈએ સ્ફૂર્તિથી એ લોકોને તણાતાં બચાવી લીધાં. ભાઈઓ એ જ ખડકની બીજી બાજુ નાહી રહ્યા હતા. હું એ વખતે વધારે નાનો હતો એટલે મને એ પ્રસંગ યાદ નથી પણ મારી બા વાત કરે છે કે એ વખતે અમે ડૂબત તો પાંચેય જાણી ધાવણાં બાળકોની માતાઓ હતી. ભગવાને જ એ બાળકોની સામે જોયું.

ફિનિક્સવાસીઓનો રોજનો કાર્યક્રમ ઓછો ભરચક ન રહેતો. સૌને પોતાના બગીચાના ઉછેર અને સંભાળ માટે સારી પેઠે વખત આપવો પડતો. છતાં એ બધી મહેનત પાછળ કેવળ કમાણી કરવાનો જ ઉદ્દેશ ન હતો. 'બને તેટલું ઉપજાવવું અને બને એટલું વેચવું' એ વૃત્તિ ન હતી. એટલે પૂરેપૂરો પરિશ્રમ કરતાં કરતાંયે ત્યાંના આખા વાતાવરણમાં અનેરો ઉત્સાહ હતો. સૌના શરીરમાં — વગર નોકરચાકરે બધું ઘરકામ સંભાળી રહેલી ધાવણા બાળકોની માતાના અંગમાં પણ — સદાયે સ્ફૂર્તિ રેલાતી હતી અને કુદરતનાં કડવાં-મીઠાં વહેણોમાં આરણ્યકોની જેમ મહાલવા જેટલું સૌનું મન હળવું હતું.

પરંતુ અમે ફિનિક્સની આસપાસના વનવગડાનો જ અનુભવ મેળવીએ એ મિસ શ્લેશિનને પૂરતું ન લાગ્યું. એમણે અમને શહેરનો અનુભવ લેવાને પણ ઉત્તેજન આપ્યું. અમારે ત્યાંથી બાર માઈલ ચાલીએ ત્યારે ડરબન શહેરની શરૂઆત થતી હતી અને શહેરમાં ફરતાં સહેજે સોળ માઈલ થતા હતા. આવતાં જતાં ત્રીસેક માઈલ ચાલવાની હિંમત એમણે અમારા મનમાં પેદા કરી. મોટા વિદ્યાર્થીઓમાં અમે નવ જાણ ગણાતા હતા પણ ભારે કામ કરવાનું હોય ત્યારે મને નાનામાં નાનો ગણવામાં આવતો. એક વાર મેં પણ એમની જોડે એટલું ચાલવાની કે ડરબન જવાની હઠ પકડી. મોટા વિદ્યાર્થીઓમાં હું સૌથી નાનો વિદ્યાર્થી હતો અને શરીરે પણ નબળો હતો એટલે મને સાથે લઈ જવો એ સહેલું કામ ન હતું. મારા સાથી વિદ્યાર્થીઓ પણ મને સાથે લઈ જવા તૈયાર ન હતા. એમાંના બેચાર જાણે મને એટલે સુધી કહ્યું કે તું શા સારુ હઠ કરે છે, તું અધરસ્તે થાકી જઈને રોવા બેસીશ અને અમારીયે મજા બગાડીશ. પણ હું એકનો બે ન થયો. મેં ચોખ્ખું કહ્યું કે થાકી જઈશ તો પગ દુખવા માંડ્યાની વાત તો હું

કરવાનો, પણ રોવા નહીં બેસું, ઢસડાતો ઢસડાતોયે તમારી બધાની જોડે ચાલીશ તો ખરો જ. મારા સાથીઓએ મારી વાત ન માની. મિસ શ્લેશિન મારી વાત માની ગયાં અને મને મોટા છોકરાઓની જોડે ડરબન સુધી પોતાની સાથે લઈ ગયાં. એક દિવસમાં મારે ત્રીસ માઈલ કાપવા પડત તો એ મારાથી ન બનત. પણ મિસ શ્લેશિને બે દિવસનો કાર્યક્રમ ગોઠવ્યો. શનિવારે પરોઢિયે વહેલા અમે બધાં કોટ, પાટલૂન, મોજાં અને સૅંડલ પહેરીને ઊપડ્યાં. મિસ શ્લેશિન પણ પોતાના નિત્યના પોશાકમાં — અંગ્રેજી ઢબનો ઘેરા આસમાની રંગનો ચણિયો, ધોળું ખમીસ તથા લાંબી ને કાળી નેકટાઈ પહેરીને — અમારી સૌની મોખરે ચાલ્યાં. રસ્તે ચાલતાં અમે વિદ્યાર્થીઓ એકબીજા જોડે ગુજરાતીમાં વાતચીત કરીએ એ એમને ભાગ્યે જ સમજાતી હશે. તેઓ તો એકલાં એકલાં મૂંગે મોઢે પોતાની ચકોર નજરથી અમારા ઉપર ધ્યાન રાખતાં અને રસ્તાની બંને બાજુ આવતા વનની શોભા જોતાં આખો વખત ચાલતાં રહ્યાં. સાતેક માઈલ ચાલ્યા પછી અમે રેડહિલ નામના ગામે પહોંચ્યાં. રેડહિલમાં મોટે ભાગે અંગ્રેજોની વસ્તી હતી. તેઓ જરાક તીણી નજરથી અને ગુસ્સાભર્યે ચહેરે અમારી ટોળી સામે તાકી તાકીને જોતા હતા. મને તો થયું કે કોઈક લડવાડ કરવા માંડશે. પણ સદ્‌ભાગ્યે કશાયે વિઘ્ન વિના અમે રેડહિલમાંથી પસાર થઈ ગયા. જે ફિનિક્સમાંથી સત્યાગ્રહની છેલ્લી લડત ઊપડી હતી એ ફિનિક્સના વિદ્યાર્થીઓને છેડવાની એમની હિંમત ન ચાલી. બાકી પોતાની જાતની એક ગોરી બાઈ અમારા જેવા કાળા રંગના છોકરાઓ જોડે સેળભેળ થઈને ચાલે એ વાત સાધારણ રીતે એમનાથી સંખાય એમ ન હતી.

ફિનિક્સથી બાર માઈલ અમે ચાલ્યા ત્યારે નાતાલ પ્રાંતની પ્રસિદ્ધ નદી અમગેની આવી. આજે મને યાદ નથી આવતું કે અમે નદીમાં નાહ્યા કે હાથમોઢું ધોઈને જ કપડાં ઠીકઠાક કર્યાં. એટલું યાદ છે કે અમગેનીનો વિશાળ પુલ ઓળંગ્યા પહેલાં અમે વિસામો લીધો અને નિરાંતે બેસી સાથેનો નાસ્તો તથા ઘણું કરીને ત્યાં જ ખરીદેલાં કેળાં અને મગફળીથી ધરાઈ ધરાઈને પેટ પૂજા કરી અને પછી અમારા વેશમાં જેટલું ગામડિયાપણું ઘટાડી શકાય એટલું ઘટાડીને તથા શહેરીપણું વધારી શકાય એટલું વધારીને એટલે કે કરચલી વિનાનો કોટ, મોજાં, ખમીસનો કૉલર વગેરે ટાપટીપથી સરખું કરીને પુલને સામે પાર પહોંચ્યા અને જ્યાંથી ટ્રામ શરૂ થતી હતી ત્યાં ટ્રામની રાહ જોતાં ઊભાં. અમારી ત્રણચાર જણની ટોળી પડી ગઈ હતી. મારી યાદ પ્રમાણે છેવાડેની ટોળીમાં મિસ શ્લેશિન હતાં અને સૌથી આગળની ટોળીમાં રામદાસકાકા હતા.

ટ્રામ આવી, ખાલી થઈ અને પછી શહેરમાં ઊપડવાને તૈયાર થઈ. સૌ પહેલાં રામદાસકાકા ઉપર ચડ્યા. ત્યાં ટ્રામ બે માળવાળી હોય છે. રામદાસકાકા ઉપલે માળ થઈને મોખરાના બાંકડા ઉપર જઈને બેઠા. અમે પણ એક પછી એક ચડવા લાગ્યા. એટલામાં જોર જોરથી અવાજો સંભળાવા લાગ્યા. ''ઊતરો અહીંથી'', ''નહીં ઊતરીએ'' ''તમારે અહીં બેસવાનું નથી'', ''અમે અહીં જ બેસીશું'', ''કાળિયાઓને માટે ટ્રામને છેવાડે જગ્યા છે'', ''ભલે રહી'', ''ઉપાડીને ફગવી દેવા પડશે'', ''ફગવી દો તમે તમારે. અમે તો આ બેઠા.'' આમ પૂરો સત્યાગ્રહ જ શરૂ થઈ ગયો. અમારામાંનું કોઈ હાથ ઉપાડે એમ તો હતું જ નહીં. પણ રામદાસકાકાની ત્રાડ જબરદસ્ત હતી. ટ્રામનો ગોરો કંડક્ટર રામદાસકાકાના બુલંદ અવાજ અને હિંમતભર્યા જવાબોથી જ જરાક અટવાઈ ગયો અને હાથ ઉપાડે એ પહેલાં કંઈક વિમાસણમાં પડ્યો. એટલામાં છેવાડેથી મિસ શ્લેશિન ત્યાં જઈ પહોંચ્યાં. એણે એ તુમાખી મિજાજના ગોરાને ત્રણચાર મિનિટની વાતચીતમાં પલાળીને ઢીલો કરી દીધો. એમણે કહ્યું કે ''આ બધા મારી સાથે આવેલા છે. એમનું અપમાન એ મારું અપમાન છે. માણસ જેવા માણસની જોડે સરખી રીતે વરતવાનુંયે તમે નથી શીખ્યા! કોની સાથે બાખડો છો ખબર છે! આ બધા ઘડાયેલા સત્યાગ્રહીઓ છે. તમારા ઝુકાવ્યા આ જુવાનિયા ઝૂકે એવા નથી. તલભાર પણ તેઓ અપમાન સાંખવાના નથી.''

એ વેળા જામેલા વાગ્યુદ્ધની શબ્દાવલિ મેં નોંધી રાખી નથી. અને અંગ્રેજી વાક્યો મને યાદ પણ નથી. પરંતુ પાંચસાત મિનિટની વાતચીતમાં જે ભાવ ઊછળ્યા અને જે પડઘા પડ્યા તે ઉપર મુજબ હતા. અમને ડર હતો કે એ ટ્રામવાળાઓ જોડે મોરચો લેવામાં કલાકો બગડશે પણ દસેક મિનિટમાં બધું થાળે પડી ગયું અને અમે વેળાસર રુસ્તમજી શેઠને ત્યાં જઈ પહોંચ્યા.

રવિવારે બપોર સુધી અમે ડરબન રોકાયા. શહેરમાં પગે ચાલીને જ બધે હર્યા ફર્યા. ત્રણ ચીજ ખાસ જોઈ. એક વનસ્પતિ ઉદ્યાન (બૉટેનિકલ ગાર્ડન). એમાં બે બે ત્રણ ત્રણ માળ જેટલા ઊંચા થોરથી માંડીને જાતજાતનાં ઝાડ, છોડવાઓ અને વેલાઓ હતા. એ બધી બાબતનો કોઈ ખાસ જાણકાર અમારી સાથે ન હતો. છતાં જાતજાતનાં થડો, પાંદડાંઓ અને પાંદડાના રંગો જોવામાં અમને ઠીક રસ પડ્યો. એ પછી પશુપંખીઓનું અજાયબઘર અમે જોવા ગયા. તે જોતાં તો અમે થાક્યા જ નહીં. પહેલાં પણ એક વાર મગનકાકા કે પિતાશ્રી સાથે હું એ જોઈ આવેલો. આ વખતે જોવામાં વધારે આનંદ આવ્યો. દરવાજામાં પેસતાં જ માણસના જેવો મોટો અને ચતુર ગોરીલો વાંદરો જોઈને એની સાથે વાતચીત કરવાનું મન થયું. પણ એને અમારી સાથે વાત કરવાની પરવા ન હતી.

શાહમૃગ, કાંગારુ, ઊંટનાયે ઊંટ જેવો જિરાફ, ઘોડા જેવો ચટપટાવાળો ઝિબ્રા તથા અનેક રંગવાળાં પક્ષીઓ, પોપટો જોઈ જોઈને આશ્ચર્ય થતું હતું. સૌથી વધારે આશ્ચર્ય 'સીલ' માછલીને જોઈને થયું. એ વાંદરાની પેઠે હાથ ઊંચા કરીને બહાર શિલા ઉપર આવીને બેસી જતી હતી અને પોતાની બિલાડી જેવી લાંબી મૂછો નચાવતી હતી. થોડી વારમાં ફરી પાણીમાં ગોથું મારી જતી અને પાછી બહાર પથરા ઉપર આવી બેસતી હતી.

ત્રીજી ચીજ અમે જોઈ તે ડરબનની ઈસ્પિતાલ હતી. પ્રાણીબાગ અને વનસ્પતિબાગ કરતાંયે મને એ આશ્ચર્ય ભરી લાગી. ત્યાં અમે અમારા માંદા મિત્ર શ્રી સોલોમનની તબિયત જોવા ગયા હતા. બાપુજીએ એમને ફિનિક્સથી ડરબન ઈસ્પિતાલમાં મોકલ્યાની વાત હું જણાવી ગયો છું. તેઓ એક ઠીક મોટા અને એક માણસ રહી શકે એવા ઓરડામાં ખાટલે પડ્યા હતા. તબિયત વળતી આવતી હતી અને પહેલાંની જેમ પ્રસન્નતાથી વાતચીત કરતા હતા. મારું ધ્યાન એમની વાતમાં ન હતું પણ એ ઈસ્પિતાલની સ્વચ્છતા અને સુંદરતા જોવામાં હતું. સોલોમનના ઓરડાની ખૂબ જ ઊંચી અને પહોળી બારીઓમાંથી ભવ્ય હિંદી મહાસાગરનાં દર્શન થતાં હતાં. આસમાની રંગનું પાણી આકાશ સુધી પથરાયું હતું અને હળવાં હળવાં મોજાંઓ લહેરાતાં હતાં. ઓરડામાં કે આંગણામાં એક પણ માખી કે મચ્છર દેખાતાં ન હતાં. આખી ભોંય કાચના જેવી ચોખ્ખી ને ચળકતી હતી. શાંતિ પણ પૂરેપૂરી હતી. શ્રી સોલોમન સિવાય બીજા કોઈનો પગરવ પણ ઈસ્પિતાલમાં રહ્યા એટલી વાર અમે ન સાંભળ્યો. આટલી બધી નીરવતા અને સૂનકારમાં શ્રી સોલોમનથી એકલા કેમ રહેવાતું હશે એ પ્રશ્ન મને થયો. પણ મારી સાથેના એક ભાઈએ, ઘણે ભાગે દેવદાસકાકાએ મને સમજાવ્યું કે ગોરા લોકોની ઈસ્પિતાલો આવી જ સુંદર અને શાંત હોય છે. માંદા માણસને જરા પણ ઘોંઘાટ નડે નહીં એની એ લોકો બહુ કાળજી રાખે છે. અને એકલા રહેવાને તેઓ ટેવાયેલા હોય છે.

ડરબનથી પાછા વળતી વખતે મિસ શ્લેશિને અમને ટ્રેનમાં બેસાડ્યા. ત્યાંની ટ્રેન રવિવારે ઠેઠ ફિનિક્સ સુધી જતી ન હતી. ડરબનથી રેડહિલ કે હું ભૂલતો ન હોઉં તો અવોકા સ્ટેશને આવીને પાછી ફરી જતી હતી. એટલા સાતઆઠ માઈલ ટ્રેનમાં ગયા પછી અમે પગે ચાલતા રવિવારે રાત્રે સૂવા ટાણે પાછા ફિનિક્સ પહોંચી ગયા અને સોમવારે પરોઢથી નિયમસર કાર્યક્રમમાં જોડાઈ ગયા.

મિસ શ્લેશિનના વધારે પ્રસંગમાં હું નહોતો આવ્યો. એમની જોડે વાદવિવાદમાં ઊતરવાની મારી એ ઉંમર ન હતી. પણ જેઓ એક વાર મિસ

શ્લેશિનના પ્રસંગમાં આવતા એ એમને કદી ન ભૂલી શકે એવું એમનું પ્રભાવશાળી જીવન હતું.

જોહાનિસબર્ગમાં જ્યારે ગોખલે મહારાજ પધાર્યા હતા અને ટૉલ્સ્ટૉય ફાર્મવાસીઓ તથા બાપુજી પોતે ગોખલે મહારાજની સેવામાં ઊભે પગે રહ્યા હતા ત્યારે પણ મિસ શ્લેશિન તરફ ગોખલે મહારાજનું ખાસ ધ્યાન ખેંચાયું હતું. જમનાદાસકાકાએ એ પ્રસંગની વાત સંભળાવતાં કહેલું કે ''મિસ શ્લેશિનની ગોખલેજી ઉપર સરસ છાપ પડી હતી, એમને જોઈને તેઓ બોલેલા કે ગાંધી તો મહાન છે જ. એની મહાનતા મારે માટે નવી વાત નથી. પણ માણસની પરીક્ષા એના જોડીદારો વડે કરી શકાય છે. હું જોઉં છું કે એની પાસે મહાન માણસો વસે છે અને એ રીતે ગાંધીની મહાનતા ઘણી વધારે દેખાઈ આવે છે.''

બાપુજીએ પણ મિસ શ્લેશિનને વિશે કેટલો ઊંચો આંક મૂક્યો હતો એ વાત એમણે કેપટાઉનથી લખેલા એક વાક્ય પરથી જણાઈ આવે છે. એ પત્રમાં ફિનિક્સવાસીઓના સ્વેચ્છાએ અસ્વાદવ્રત પાળવાની, સમજપૂર્વક સંયમ જાળવવાની અને મનનો મેલ ઢાંકી ન રાખવાની ચર્ચા કરતાં એમણે ઉલ્લેખ કર્યો છે કે ''મિસ શ્લેશિન બધી બાબતોમાં મારાથી વિરોધી વર્તન કરે છે છતાં તેનું ચારિત્ર કેટલેક દરજ્જે તમારા બધા કરતાં હું બહુ ઊંચું ગણું છું.''

આમ અમારી નિશાળ નવેસરથી, નવા નવા શિક્ષકોના હાથમાં, નવા જોમથી ચાલી જ રહી હતી. તેમાં બાપુજી પૂજ્ય બા સાથે કેપટાઉનથી પાછા આવ્યા ત્યારે ખોરાકનાયે નવા પ્રયોગો ભળ્યા.

## ૧૯
## જીભલડીનું જોર

અમારા ભણતરની જેટલી કાળજી ફિનિક્સમાં લેવાતી એટલી જ કાળજી અમારી જીભ ઉપરનો કાબૂ કેળવવાને માટે પણ લેવાતી હતી. જીભને તાબામાં લેવા માટેનો બાપુજીનો આગ્રહ ભણતર કરતાં પણ ચડિયાતો હતો એમ કહું તોયે ખોટું નહીં. જ્યારે બાપુજી ફિનિક્સમાં હોય ત્યારે ભોજન પીરસવાનું કામ બાપુજી પોતે જ કરતા. અને કેટલીક વાર કટાક્ષ કરીને તો કેટલીક વાર પ્રાર્થનામાં પ્રવચન કરીને અમને કહેતા કે તમે જીભના ગુલામ ન બનજો, જીભને તમારી ગુલામ બનાવજો. બોલવામાં અને સ્વાદમાં જેણે જીભને જીતી એણે ઘણું જીત્યું ગણવું. જીભના રસ તજશે એ ઘણા ઊંચા રસ મેળવશે.

'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' તથા 'સુખ દુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયા' એ બે ભજનો જેટલી શ્રદ્ધાથી અને

ઉમકળાથી અમારે ત્યાં ગવાતાં એટલા જ આદર અને ઉત્સાહથી પ્રીતમનું આ ભજન પણ અમારે ત્યાં ગવાતું:

> જીભલડી રે તને હરિગુણ ગાતાં
> આવડું આળસ ક્યાંથી રે;
> લવરી કરતાં નવરાઈ ન મળે,
> બોલી ઊઠે મુખમાંથી રે. જીભલડી રે૦
> ઝઘડો કરવા ઝૂઝે વહેલી
> કાયર હરિગુણ ગાવા રે;
> પર નિંદા કરવાને પૂરી,
> શૂરી ખટ રસ ખાવા રે. જીભલડી રે૦

એ કડીઓ જ્યારે અમે પ્રાર્થનામાં ગાતા ત્યારે 'વૈષ્ણવ જન' અને 'સુખદુ:ખ'વાળા ભજન કરતાં પણ એક રીતે અમારા મન ઉપર એની વધારે છાપ પડતી. કેમ કે સવારથી સાંજ સુધી અમારે અમારી જીભ સાથે લડાઈ લેવી પડતી. સટોસટ જવાબો આપે, હાલતાં ચાલતાં ચર્ચામાં ઊતરી પડે એની કિંમત ફિનિક્સમાં ઘટી જતી. મૂંગે મોઢે પોતાનું કામ કર્યા કરે એ ત્યાં વધુ બુદ્ધિશાળી ગણાતો. એ જ પ્રમાણે ખાવાપીવામાં પણ જે ઓછામાં ઓછું સ્વાદીલું ભોજન વધારેમાં વધારે સંતોષથી લેતો એનો આદર ત્યાં વધારે થતો, બાપુજીની વધારે નિકટ એ પહોંચી શકતો.

સાધારણ રીતે ફિનિક્સમાં પહેલેથી જ સાદું ભોજન લેવાનો રિવાજ હતો. મિષ્ટાન્ન અને ફરસાણ વારતહેવારે પણ નામમાત્ર થતાં અને તેયે લેનારા નબળા મનના ગણાતા. પાપડ, અથાણાં, ચટણી વગેરે તો કદી જોવાયે ન મળતાં. વાડીનાં શાક, ફળ, ઘીદૂધ અને દાળભાત રોટલી; એ ત્યાંનું રોજનું ભોજન હતું. બાપુજી પોતે તથા મિસ્ટર કેલનબૅક જેવા એકબે બાપુજીના સાથીઓ વરસો થયાં ખોરાકના પ્રયોગો કરતા પણ અમને ફિનિક્સવાસી બાળકો તથા મોટાઓને સાધારણ ભોજન મળ્યા કરતું. અમારા ઉપર બાપુજીએ પોતાના પ્રયોગો લાદ્યા ન હતા.

પણ, જેમ જેમ છેવટની સમાધાની પાસે આવતી ગઈ તેમ તેમ બાપુજીનો ઉચાટ વધતો ચાલ્યો. હિંદુસ્તાન પહોંચીને ત્યાં કેવી રીતે રહેવું, ફિનિક્સમાં જે સાધનાઓ કરી છે એને કેવી રીતે ટકાવી રાખવી, એટલું જ નહીં પણ એ સાધક જીવનને હિંદુસ્તાનની આબોહવામાં વધુ ઉજ્જ્વળ કેવી રીતે બનાવવું એનું વધુ ને વધુ ઊંડું ચિંતન તેઓ કરવા લાગ્યા. દક્ષિણ આફ્રિકાની લડતનો અંત એમને સારુ એક વિસામો ન હતો પણ વધારે અઘરા જીવનનું

પગરણ હતું. જે સત્યાગ્રહને દક્ષિણ આફ્રિકામાં જશ મળ્યો દેખાતો હતો એ સત્યાગ્રહનો હિંદુસ્તાનમાં બને એટલો વિકાસ કરી એનું અગાધ અને કદીયે ફોક ન જનારું બળ જગતને દેખાડી આપવાનો જબરો સંકલ્પ બાપુજી દઢાવી રહ્યા હતા તથા પોતાનું તેમ જ પોતાની સાથે રહેનારાઓનું જીવન અગ્નિશુદ્ધ અને સત્યાગ્રહને શોભાવે એવું શક્તિશાળી બને એ માટે કાળજાતૂટ પ્રયત્ન કરી રહ્યા હતા.

જે સત્યાગ્રહીઓ જેલ ગયેલા એમનામાં બીજી નબળાઈઓ એટલી નહોતી તરી આવતી જેટલી ખોરાકની મુશ્કેલીને લીધે દેખાતી હતી. દક્ષિણ આફ્રિકાની જેલોમાં ખોરાક તો હિંદુસ્તાનની ખરાબમાં ખરાબ જેલ કરતાં નઠારો અને મુદ્દલ સ્વાદવિહોણો મળતો. મકાઈની બાફેલી થૂલીમાં મીઠું પણ ઉપરથી, અને તેયે થોડું અપાતું. પરિણામે જેલવાસીઓનો જીવ ખાવા પાછળ બહુ ભમ્યા કરતો. એનો સાર એ નીકળતો કે જે સત્યાગ્રહીઓ બીજી રીતે કોઈના દાબ્યા દબાવા તૈયાર ન હતા તેમને જીભની ગુલામી વેઠવી પડતી હતી. એ સ્થિતિમાંથી સત્યાગ્રહી તો જ ઊગરી શકે જો એ પોતાના રોજના ખોરાકમાં સ્વાદનો છેદ ઉડાડી દે. વળી બાપુજીનું કહેવું હતું કે હિંદુસ્તાનમાં તો જીભની આળપંપાળ બહુ વધારેપડતી ચાલે છે એટલે ત્યાં પહોંચીને જો અમેયે વધુ સવાદિયા બની જઈએ તો સત્યાગ્રહી તરીકે અમારું બળ ઘટી જાય. એટલે અમારી એ કચાશ દૂર કરવાના એમણે અખતરા કરવા માંડ્યા અને ખોરાકની સાદાઈ ઉપર એટલો બધો ભાર મૂક્યો કે ખોરાકના નિયમો પાળવા એ સત્યાગ્રહીઓના અને ખાસ કરીને બાપુજીની પડખે રહેનારાઓના પ્રથમ લક્ષણ સમું થઈ પડ્યું.

ખોરાકના એ પ્રયોગોનો આખો ઈતિહાસ હું અહીં આપી શકું એમ નથી. બાપુજીએ કરેલા ખોરાકના બધા પ્રયોગ ગણાવી જવા મુશ્કેલ છે. મને લાગે છે કે રાજનીતિ, ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે બાબતમાં બાપુજીએ જેટલી ચર્ચાઓ કરી છે, ઉપદેશો આપ્યા છે અને લખાણો લખ્યાં છે, લગભગ એટલી વાતચીત અને પત્રવ્યવહાર ખોરાકની બાબતોમાંયે એમણે કર્યા છે. વળી રાજનીતિ અને ધર્મની બાબતમાં એમના વિચારો જેટલા એકધારા રહ્યા છે એટલા આહારશાસ્ત્રની બાબતમાં એકધારા નથી રહ્યા. અનુભવને આધારે ખોરાકની વસ્તુ, માત્રા, તેમ જ એના મિશ્રણ-અમિશ્રણમાં ફેરફાર તથા વધારો-ઘટાડો તેમણે કર્યા જ કર્યો છે. એટલે એમના ખોરાકનો ઈતિહાસ એક જુદું પુસ્તક માગી લે છે. એ પુસ્તક માટે જોઈતી સામગ્રી એ વખતની મારી બાળસ્મૃતિમાં સંઘરાઈ નથી. એમણે અમારી પાસે કરાવેલા ખોરાકના કેટલાક અખતરાઓનું સ્મરણ મને રહી ગયું છે ખરું તથા એ પ્રયોગો કરાવતી વખતે એમણે જે જુસ્સો પેદા કરેલો એની કંઈક છાપ પણ મનમાં તાજી છે.

હિંદુસ્તાન આવવાની અમારી તૈયારી તરીકે દૂધઘી તજવાનો પ્રયોગ સૌથી મોટો પ્રયોગ હતો. બાપુજીનો આગ્રહ હતો કે હિંદુસ્તાનમાં કરોડો ભૂખે મરતા, અથવા મુશ્કેલીથી એક ટંક આછીજાડી રાબડી મેળવી શકનારા ગરીબોની વચ્ચે છાજે એવા ખોરાક ઉપર અમારે આવવું જોઈએ. અમે મરીમસાલા છોડ્યા હતા. ઘણા જણ મીઠું ન ખાતા અને ખાંડ પણ ન ખાતા. ગોળ તો ત્યાં જોવાયે ન મળતો. પરંતુ એનો બદલો દૂધ અને ફળથી અમે મેળવી લેતા. દૂધ વાપરવામાં સંકોચ ન હતો. અલૂણાવાળાઓને છૂટથી ખીર મળતી, દૂધવાળું ગરમાણું મળતું અને શેકેલા ઘઉંની દૂધમાં બનાયેલી કૉફી મળતી. વળી અમે જે ફળ લેતા એ ફિનિક્સમાં સસ્તાં હતાં. પણ હિંદુસ્તાનમાં તો કેળાં, સંતરાં, અનેનાસ, અને ખાટા લીંબુ પણ પૈસાદાર લોકો જ ખરીદવાની હિંમત કરી શકે એમ હતું. સૂકા મેવામાં મોટે ભાગે મગફળી લેવાતી પણ બદામ અને અખરોટ પણ થોડાં થોડાં વપરાતાં. હિંદુસ્તાનમાં ખેડૂત અને મજૂર બનીને રહીએ તથા પરસેવો નિતારી સાંજ પડ્યે માંડ ચારછ આના રળીએ એમાં એવા ફળાહારનું ભોજન કઈ રીતે પાલવે?

એટલે મોંઘાં મોંઘાં ફળો તથા દૂધઘી છોડીને પણ મીઠું તેમ જ મરીમસાલા વિના ચલાવી શકીએ એ રીતના પ્રયોગો બાપુજીએ શરૂ કરાવ્યા.

દૂધ છોડવા સંબંધમાં બાપુજીની એક ઉગ્ર ધારણા એ પણ હતી કે દૂધ અને દૂધમાંથી બનેલી ચીજો જો ઊગતી જુવાનીથી જ લેવાનું બંધ કર્યું હોય તો બીજા બધા સંયમો પાળવા સહેલા થઈ પડશે. દૂધ એ માણસનો કુદરતી ખોરાક નથી. માંસ, માછલી ને ઈંડાંની તુલનામાં આવે તેમ દૂધ પણ પ્રાણીના શરીરમાંથી ઊપજેલી વસ્તુ છે. ખરું જોતાં એ લોહીનું જ રૂપાંતર છે. દૂધને લીધે શારીરિક વિકારો પોષાય જ. અને શરીરના વિકારો વધે એટલે મન ચોખ્ખું ન રહી શકે. સાચા સત્યાગ્રહીએ તનમનથી ચોખ્ખા ને દૃઢ રહેવું જ જોઈએ, પરણવા કરવાની લાલચમાં પડવું જ ન જોઈએ અને પાકા બ્રહ્મચારી બનવું જોઈએ. એ બધું દૂધઘી વગેરે છોડવાથી માણસને વધુ સહજ થશે એવો બાપુજીનો વિશ્વાસ હતો અને એની વિરુદ્ધની બધી દલીલોને તેઓ સ્વીકારવા તૈયાર જ ન હતા.

નવજુવાનોમાં બીજાઓ કરતાં જમનાદાસકાકા દૂધઘી છોડવા બાબત બાપુજીનો વધારે વિરોધ કરતા. અને બાપુજી પણ પરાણે એમની પાસે દૂધઘી છોડાવવા ઈચ્છતા ન હતા. એટલે જ્યારે કેપટાઉનથી જમનાદાસકાકાને બાપુજીએ ફિનિક્સ મોકલ્યા ત્યારે એમણે ફિનિક્સ પહેલેથી લખી મોકલ્યું કે "જમનાદાસ ત્યાં આવે છે તેને સારુ ઘી મગાવી રાખજો.." પણ ફિનિક્સમાં

એમ એક માણસ માટે અપવાદ કરવાથી અસર સારી નહીં પડે, જેને જોઈને તે ઘીને બદલે જેતૂનનું તેલ જ લે એવી દલીલ ઊભી થઈ એટલે બાપુજીની ભલામણ છતાં જમનાદાસકાકાએ શિસ્તને ખાતર દૂધઘી જતાં કર્યાં અને જેતૂનનું તેલ તેઓ ખાઈ શકતા નહતા એટલે એ પોષણ પણ છોડ્યું.

જમનાદાસકાકા બાપુજી સાથે જે દલીલ કરતા હતા એમાં સૌથી વજૂદવાળી દલીલ એ હતી કે આપણા ઋષિમુનિઓએ દૂધઘીના ત્યાગ વિશે કહ્યું જ નથી. ઊલટું મંદિરોમાં ને ફળાહારમાં તેલને બદલે ઘી વપરાય છે. અને એ વધુ પવિત્ર મનાય છે. એ વાતનો જવાબ આપતાં બાપુજીએ નીચે મુજબનો કાગળ લખ્યો છે:

અષાડ વદ ૧, ૧૯૬૯

ચિ. જમનાદાસ

* * * *

દૂધ વિશે કોઈએ નહીં જ વિચાર્યું હોય એમ માની લેવાનું કંઈ કારણ નથી. દૂધ વિના ચલાવી લેનારા ઘણા માણસો પડ્યા હશે એમ માનું છું. પણ હું કહી ગયો છું કે કોઈ મહાપુરુષે હિંદુસ્તાનમાં માંસ છોડાવ્યું એ એટલો બધો મહત્ત્વનો ફેરફાર હતો કે દૂધ વિશે વિચાર કરનાર કે લખનાર જોવામાં નથી આવ્યો. પણ તે આપણા અજ્ઞાનને લીધે છે. આપણે બધું વાંચ્યું નથી. બધાને જોયા નથી. એક જ ધોરણ ઉત્તમ છે. ભૂતમાં વિચાર થયો હોય કે ન થયો હોય પણ તે બુદ્ધિને ઠીક લાગે છે કે કેમ? વળી દૂધને તજવામાં કોઈએ પાપ બતાવ્યું કે માન્યું નથી.

* * *

લિ. મોહનદાસના આશીર્વાદ

એ જ ચર્ચા આગળ ચલાવતાં ફરી બાપુજીએ લખ્યું છે:

ચિ. જમનાદાસ,

પવિત્ર મનાતાં તીર્થોમાં તેલને ત્યાજ્ય ગણી ઘીને પવિત્ર માને છે તેનું કારણ મેં જે અનુમાન બતાવ્યું છે તે લાગુ પડે છે. હિંદુસ્તાન જ્યારે માંસાહારી જ હતો અને કોઈએ ઘણાને નિર્માંસાહારી બનાવ્યા ત્યારે ઘીને અતિ પવિત્ર બનાવ્યું. એટલે આપણે આપણા ખોરાકમાં અનહદ ઘી વાપરીએ છીએ. જેમ વધારે ઘી તેમ રસોઈ સરસ ગણાય. તેથી બીજું શું અંધારું? છતાં એમ જ મનાય છે. આમ હોવાથી પવિત્ર સ્થાનકોમાં પણ ઘીને ઉચ્ચ પદ અપાયું. ફેરફાર કરનારે ધારી લીધું કે લોકો ઘી ખૂબ લેશે તો માંસની હાજત તેઓને બહુ નહીં પડે. આવા પ્રકારના હેતુએ ઈંગ્લૅંડના વેજિટેરિયન પણ ઈંડાં વાપરે છે. તેઓ બનાવે તેમાંનાં થોડાં જ પકવાનમાં ઈંડાં નહીં આવતાં હોય. ઈંડાંને

તેઓએ લગભગ પવિત્ર સ્થાન આપી દીધું છે.

સ્વાદને જીતવા બાબત તમે જે શ્લોક ટાંક્યો છે તે તો મેં જોયો હતો. છતાં મારી ટીકા લાગુ પડે છે. એક શ્લોકથી કંઈ અસર ન થાય. તે વિષય ઉપર તેઓએ ભાર નથી દીધો. જો દીધો જ હોત તો હવેલીમાં હરેક બહાને મિષ્ટાન્ન ભોજન નહીં હોત. દરેક વાર-પરબે ઘી-ગોળનાં સીધાં આપવાનું નહીં હોત. બ્રહ્મભોજન પણ નહીં હોત. અને હાલ ઋષિઓ કે સાધુઓ પણ સ્વાદેંદ્રિય જીતતા નથી પણ તેનાથી જિતાયેલા જોવામાં આવે છે. આ વાત બહુ વિસ્તારવાળી છે. એબ કાઢવા ખાતર આવું બોલીએ તો પાપી બનીએ. પણ આપણો ને પારકાનો ઉપકાર એ જ જ્યાં મુખ્ય વાત છે ત્યાં ગમે તેવા માન્ય પુરુષો હોય તેને વિશે પણ જે અપૂર્ણતા જોઈએ એ વિચારવી તે આપણી ફરજ છે.

લિ. મોહનદાસના આશીર્વાદ

બીજા એક કાગળમાં બાપુજીએ લખ્યું છે:

જેઠ વદ ૧૪, ૧૯૬૯

ચિ. જમનાદાસ

* * * *

દુગ્ધોપચારની ચોપડી ઉપર નજર કરી ગયો છું. મને ઠીક નથી લાગી. પણ મારી દશા જ એવી છે. કોઈ માંસમાં શરીરને સરસ કરનારા ભારે ગુણ સાબિત કરે તોપણ તે ત્યાજ્ય છે. એમ દૂધ વિશે મને છે. તે માંસનું જ રૂપ છે. ને માણસને તે ખાવાનો અધિકાર નથી. બચ્ચું માનું દૂધ પીએ છે તેથી માણસે ગાયનું દૂધ પીવું એ તો અજ્ઞાનની સીમા છે!

* * * *

તમે દૂધ દહીંને તજો નહીં એ ઠીક છે. પણ તેને પ્રધાનપદ ન આપજો.

લિ. મોહનદાસના આશીર્વાદ

બાપુજીના દૂધ-વિરોધી આટલા બધા ઉગ્ર વિચારોની અસર ધીમે ધીમે ફિનિક્સના રસોડામાં વધતી ગઈ અને નાનાં બાળકો, ઊગતા જુવાનિયાઓ અને મોટાઓ, સૌના ખોરાકમાંથી દૂધ અદશ્ય થઈ ગયું.

અહીં એ વાત પણ જણાવી દઉં કે ફિનિક્સમાં બાગબગીચા, ખેતર અને બીડ હતાં પણ ગાય-બળદ ન હતાં. એ પાળવા આડે શી અડચણ હતી એની મને ખબર નથી પણ ભૂલેચૂકેય એક પણ ગાય ફિનિક્સમાં જોયેલી મને સાંભરતી નથી. કોઈક વાર અમારી સામેની ટેકરીઓ ઉપરથી કોઈક ‘ભૈયો’ એટલે કે હિંદી બોલનારો ગિરમીટમુક્ત હિંદી થોડુંક દૂધ અમારે ત્યાં વેચી જતો. પણ એ જવલ્લે જ. મોટે ભાગે બધું દૂધ બાર માઈલ દૂર આવેલા ડરબન શહેરથી આવતું.

તાળાવાળું એક મોટું વાસણ રોજ ટ્રેનમાં ડરબનથી ફિનિક્સ સ્ટેશને આવતું. જ્યારે એટલું ઝાઝું દૂધ મગાવવાની જરૂર ન હોય ત્યારે ઠારેલા દૂધ (કન્ડેન્સ્ડ મિલ્ક)ના તૈયાર ડબાઓ વપરાતા. એવા છએક ડઝન ડબાઓની એક પેટી શહેરથી મંગાવી લેવાતી અને જરૂર પ્રમાણે સવારસાંજ બેત્રણ ડબા દૂધ, ખીર, કૉફી વગેરેમાં વપરાઈ જતા. આવી રીતે દૂર દૂરથી દૂધ મંગાવીને ખાવા સામે પણ બાપુજીને ઓછો અણગમો ન હતો. અને જ્યારે હિંદુસ્તાન આવવાની તૈયારી ચાલી ત્યારે એવી રીતે દૂધ મંગાવવાનું સાવ જ બંધ કરી દેવામાં આવ્યું.

શરૂઆતમાં દૂધની અવેજીમાં બદામ વાટી એનું દૂધિયું બનાવી કૉફીમાં અપાવા લાગ્યું. દશપંદર દિવસ એ પ્રમાણે માંડ ચાલ્યું હશે ત્યાં બદામના એટલા ભારે ખર્ચ ઉપર કાપ મૂકવાના પ્રયત્નો શરૂ થયા અને મગફળી વાટી, એનું દૂધ બનાવીને કૉફી સાથે અપાવા માંડ્યું. કૉફીના સ્વાદમાં તો એથી ખાસ ફેર ન જણાયો પણ રોજ એટલી મહેનત કરવી મુશ્કેલ પડી અને એવી રીતે જીભના સ્વાદને પંપાળવામાં કંઈ સાર ન દેખાયો.

એટલે છેવટે નાસ્તામાં પીણાં તરીકે કૉફીનો જ છેદ ઉડાડવામાં આવ્યો અને સાંજે પણ ઘરમાં બનાવેલી ડબલ રોટી સાથે ઘઉંની કૉફી મળતી બંધ થઈ. મારી યાદ પ્રમાણે એ દિવસો ઉનાળાના હતા એટલે ગરમ કૉફીને બદલે ફળના રસથી કામ ચલાવવાનું ફાવી ગયું. અમારા બગીચામાં ઘણી જગ્યાએ કરમદાંની ઊંચી ઊંચી વાડ હતી. એમાં ખારેકી બોર જેવડાં બહુ મોટાં, મીઠાં અને લાલચોળ કરમદાં પાકતાં. એ કરમદાંને છૂંદી, ગાળી, પાણીમાં મેળવી પાતળું મજેનું શરબત બનાવવાનું શરૂ થયું. મને પોતાને તો એ શરબત અર્ધા દાઝેલા અને કડછા ઘઉંની કૉફી કરતાં ઘણું વધારે સ્વાદિષ્ટ ને આનંદદાયક લાગતું. રોટલી શાક સાથે એનો ઘૂંટડો લીધા પછી બીજી કોઈ ચીજની જરૂર ન જણાતી અને જમ્યા પછી પણ જેટલા પ્યાલા મળે એટલા ગટગટાવી જતો. કરમદાંના રસની જેમ જ ફિનિક્સમાંનાં ગ્રેનડેલા નામના રસાળ ફળનો રસ પણ ભોજન વખતે અમને સંતોષ આપતો.

પરંતુ ફળના રસથી જમણ મજાનું બને એટલું બસ ન હતું. દૂધમાં જે પોષણ શક્તિ હતી એની પૂર્તિ પણ કરવાની હતી જ. એને સારુ ફરી પાછા મગફળીના પ્રયોગ શરૂ થયા. મગફળીમાં શક્તિ અને પોષણ તો સારી માત્રામાં હોય છે પણ એ પચાવવી કઠણ હોય છે. એ પચવામાં હલકી બનાવવા માટે એને દાળની પેઠે બાફવાનો કાર્યક્રમ શરૂ થયો. પણ પાણીમાં ઉકાળવાથી અર્ધા પોણા કે દોઢ બે કલાકમાં એ મગફળી બફાઈને પોચી થતી ન હતી. હું ભૂલતો ન હોઉં તો, પૂરા છત્રીસ કલાક સુધી મગફળીનું તપેલું રોટી બનાવવાના લોઢાના

ચૂલા પર પડ્યું રહેતું. ત્રણ વખતની બધી રસોઈ ઊકલે ત્યાં સુધી એ ખૂબ આકરા તાપમાં ઊકળતી અને ત્યાર પછી ધીમા તાપમાં સીજ્યા કરતી છતાં જ્યારે અમારા ભાણામાં મગફળી પીરસાતી ત્યારે એનો દાણો આખો અને કડક રહેતો. ચાવવામાં જરાક સરળતા પડતી પણ એનો સ્વાદ એટલો બગડી જતો અને તૂરો તૂરો લાગતો કે મન મારીને જ એ ખાઈ શકાતી. ઠીક લાંબા વખત સુધી બાફેલી મગફળીનો આ પ્રયોગ ચાલ્યો પણ અંતે એયે પડતો મુકાયો.

એ પછી અમારા ભોજનમાં બે નવી ચીજ આવી. એકનું નામ 'સાવર ફિગ્સ' અને બીજી ચીજનું નામ 'કાફરનટ્સ' એ બંને વસ્તુ દક્ષિણ આફ્રિકાની ખાસ ચીજ હતી. 'સાવર ફિગ્સ' બાપુજીએ કેપટાઉનથી મોકલ્યાં હતાં એનું નામ 'સાવર ફિગ્સ' એટલે ખાટાં અંજીર કેમ પડ્યું હશે એ મને સમજાયું નહીં. દેખાવે એ નાનાં અંજીર જેવાં હતાં પણ સ્વાદમાં અત્યંત ખારાં હતાં. અલૂણાનું વ્રત પાળનારને એ અંજીર મીઠાનું કામ આપતાં અને ફરસાણ કે ખારા સ્વાદની ખામી ન જણાતી. મને કંઈક એવું યાદ રહી ગયું છે કે અમ બાળકોને એ વધારે ભાવતાં અને મને તો એ ખાવાથી ભૂખ પણ વધારે લાગતી. એવું સાંભળવામાં આવેલું કે એ ખારાં અંજીરો કેપટાઉન તરફના સમુદ્રકાંઠે થતાં. 'કાફરનટ્સ' ફિનિક્સની આસપાસની જ ઊપજ હતી. ઘણે ભાગે ઈનાન્ડા તરફ હબસીઓ એની ખેતી કરતા. પહેલાં કદી નહીં અને અમારી દેશમાં આવવાની તૈયારી ચાલી ત્યારે જ ફિનિક્સમાં એની ભાળ કેમ મળી એનું મને હજુ આશ્ચર્ય છે. સ્વાદમાં એ મજાનાં હતાં. એને બાફીને ખાવાની રીત હતી. અમારા ભોજનમાં એનો નિયમિત રીતે સમાવેશ થયા પછી મગફળી બાફવાનું બંધ થયાનું મને યાદ છે. 'કાફરનટ્સ' બહુ જલદી બફાઈ જતાં અને બાફેલા બટાટાની જેમ પોચાં પડી જતાં. થોડા વખત સુધી તો એવી શ્રદ્ધા એને વિશે જામી હતી કે 'કાફરનટ્સ લીધા પછી દૂધઘીની કશી જરૂર રહેતી નથી. એ દૂધઘી જેવું જ પોષણ આપી રહે છે.' પણ એને વિશે એક ચિંતા હતી ખરી કે હિંદુસ્તાન જશું ત્યારે ત્યાં તો એ નથી મળવાનાં.

ભોજનના આ બધા પ્રયોગો બાપુજીની સૂચના મુજબ રાવજીભાઈ ચલાવતા. તેઓ ઘણા ઉત્સાહથી મગફળી વગેરે બાફવા કરવાનું કામ કરતા અને સફળતાથી પીરસતા, એટલે કે તેઓ ભોજન પીરસતી વખતે ખાસ કાંઈ કચવાટ ઊભો ન થવા દેતા. પીરસતાં પીરસતાં દરેક નવા પ્રયોગની મહત્તા તેઓ એવી રીતે વર્ણવતા કે ભોજન સ્વાદવાળું ન હોય તોયે એ અજમાવી જોવામાં અમને વિદ્યાર્થીઓને પણ રસ પડતો. વળી બાપુજીના નામે એ પ્રયોગો ચાલતા એટલે પણ, બાપુજી કેપટાઉન હોવા છતાંયે, કોઈને બહુ વાંધો લેવાનું મન ન થતું. એ

આખું વાતાવરણ જ એવું બની ગયું હતું કે જુદા પ્રકારના ભોજનની માગણી પણ ભાગ્યે જ કાને પડતી. જેને ખાનપાનના આ અખતરાઓ ફાવે નહીં એની સામે એ એક જ વિકલ્પ હતો કે એણે બાપુજી સાથે હિંદુસ્તાન આવવાની હોંશ જતી કરવી અને ફિનિક્સવાસી મટી પોતાને ફાવે ત્યાં જતા રહેવું.

જ્યારે બાપુજીએ દૂધઘી, મરીમસાલા વગેરે ચીજોના ત્યાગ ઉપર ભાર મૂક્યો ત્યારે એક મત એવો ઊભો થયો કે જે મરીમસાલા, મીઠું અને ઘીદૂધ ન ખાવાં હોય તો અન્ન પણ છોડવું અને કેવળ ફળ અને કંદ જ ખાવાં. કારણ કે મરીમસાલા વિનાનું અન્ન - ખાસ કરીને દાળ - થી પેટ બગડે છે. એ મતનું કેટલું ચાલ્યું એની મને ખબર નથી. પણ એટલું જાણું છું કે મારા પિતાશ્રી ખોરાકના આ નવા નવા અખતરામાં નહોતા ભળતા. જમનાદાસકાકા પણ ચોખ્ખો ફળાહાર જ પસંદ કરતા હતા અને મગનકાકા પણ અમુક અંશે ફળાહાર જ કરતા હતા. મને પોતાને સામૂહિક રસોઈ અને ભોજનમાં જ વધુ રસ પડતો એટલે હું બધા વિદ્યાર્થીઓ ભેગો બેસી મોટે રસોડે જમતો. અમારા ઘરમાં જુદું રસોડું ચાલવા છતાં હું એવી રીતે મોટે રસોડે જતો એમાં મારી બા કે પિતાશ્રીને અણગમો ન હતો. તેમણે મને પૂરેપૂરી છૂટ આપેલી. કોઈ કોઈ વાર અમારે ઘેરે થતી વાનગી પણ હું ચાખી લેતો. એમાં રોટલી, ભાત, દાળ જોવાયે ન મળતાં.

અમારા ઘરના બગીચામાં જ પુષ્કળ કેળાં, પપૈયાં, સંતરાં, ટમેટાં વગેરે થતાં. એ બધાં ઉપરાંત કાચાં કેળાંની કેટલીક ચીજો બનતી. મારાં બા કાચાં કેળાંનાં પતીકાં કરી એ તડકે સૂકવી નાખતાં અને પછી એ ખાંડીને તથા ચાળીને લોટ બનાવતાં. એ લોટમાંથી રોટલી, કઢી (મીઠા વિનાની) વગેરે બનતું અને એ અમને બહુ જ સ્વાદિષ્ટ લાગતું. કેળાંનો લોટ થોડાક રતલ અમારા ઘરમાં તૈયાર જ રહેતો.

બાપુજી કેપટાઉનથી આવ્યા પછી એમણે દૂધની ઊણપ પૂરી કરવા ઉપર વધુ ધ્યાન આપ્યું. બીજા બધા છોકરાઓના શરીર ઠીક હતાં પણ દેવદાસકાકાનું શરીર સાવ સુકલકડી અને પાતળું હતું. એમના શરીરમાં સ્ફૂર્તિ ઘણી હતી, બળ પણ હતું પરંતુ શરીર ભરાતું ન હતું. ખોરાકમાં દૂધઘી બંધ થતાં તેઓ વધારે દૂબળા ન થઈ જાય એની કાળજી રાખવાની જરૂર હતી. પૂજ્ય બા જો માંદાં ન હોત અને રસોડાનો કારભાર જોતાં હોત તો છોકરાઓનાં શરીરને ક્ષીણ કરી નાખે એવા ખોરાક બાબત બાપુજીને બહુ જાળવી જાળવીને નવા પ્રયોગો કરવા પડત. પણ બા કેપટાઉનમાં બાપુજી સાથે હતાં એટલે બાપુજીની સૂચનાનો અમલ કરવા ઉપર બીજા કોઈનો અંકુશ ન હતો. બધા છોકરાઓ માટે જે રંધાય એથી જુદું કશું પણ દેવદાસકાકા કે રામદાસકાકા માટે રંધાતું નહીં. બાપુજીના

દીકરા થયા એટલે એમને તો વધારે કડકપણે ખાવાપીવાનો સંયમ પાળવો પડતો. પણ બાપુજીએ આવીને દેવદાસકાકાના શરીરના પોષણ માટે એમને ખાસ ખોરાક આપવાનું ઠરાવ્યું. અને ભોજન પછી ઊંચી જાતની દસ દસ બદામ આપવા માંડી. એમની પછી મારોયે વારો આવ્યો, કારણ હું પણ નબળા બાંધાના છોકરાઓમાં ગણાતો. જ્યારે મને બદામ આપવાનું શરૂ કર્યું ત્યારે મારા હાથમાં બદામ મૂકતાં બાપુજીએ મને સમજાવ્યું કે હરતાંફરતાં એક એક બદામને ખૂબ ચાવી મોઢામાં એનું દૂધ થઈ ગયા પછી ગળા નીચે ઉતારવી. એમ કરવાથી ખોરાક પણ પચશે અને બદામનો પૂરો ફાયદોયે મળશે. મારા ખ્યાલ પ્રમાણે મહિનો દોઢ મહિનો મને તથા દેવદાસકાકાને આમ અપવાદ રૂપે બદામ મળ્યા કરેલી. છતાં અમારા બેમાંથી એકેય જણ એનાથી કંઈ જાડા બન્યા હોઈએ એવું અમે ન અનુભવ્યું. બદામનો અણછતો લાભ પહોંચ્યો હોય તો તેયે કંઈ પરખાયો નહીં.

જમવાની રીતમાં પણ બાપુજીએ આવીને ફેરફાર કર્યો. અમારો રોજનો નિયમ ટેબલખુરશી ઉપર બેસીને જમવાનો હતો. બાપુજીએ ટેબલને રજા આપી. અંદર ઓરડામાં જમવાને બદલે બહાર ખુલ્લા વરંડામાં જમવાનું રાખ્યું. જમતી વખતે નીચે પલાંઠી વાળીને દેશી ઢબે જમવાનું શરૂ થયું. અમારામાંના ઘણા જણને અઠવાડિયાંઓ સુધી પલાંઠી વાળીને બેસતાં ફાવ્યું નહીં. નીચે જમીન ઉપર જમણા પગની ઘૂંટી ઉપર આખા શરીરનો ભાર આવવાથી એ ખૂબ દુખતી હતી. ગોઠણ પણ પલાંઠી વાળતાં દુખી જતા હતા. પણ મનમાં ને મનમાં એ દુઃખ દબાવી અમે પલાંઠી વાળીને બેસવાની ટેવ પાડી રહ્યા હતા.

વાસણોમાં, ફિનિક્સમાં ચિનાઈ માટીની અડાળીઓ અને ટિન ઉપર એનામલ કરેલાં વાસણો વપરાતાં હતાં. એ બંને વિલાયતી વસ્તુની જગ્યાએ બાપુજીએ લાકડાંનાં વાસણને પ્રોત્સાહન આપવા માંડ્યું. બાપુજી પોતે તો લાકડાંની નાનકડી કથરોટ અને લાકડાના વાટકા ચમચાનો ઉપયોગ કેટલાક વખતથી કરી જ રહ્યા હતા. હવે એમણે ક્યાંકથી લાકડાંનાં થોડાંક વધારે વાસણ મેળવ્યાં. બધા માટે એ પૂરતાં ન હતાં; કેવળ છ જ રૂપાળી કથરોટ આવ્યાનું મને યાદ છે. એ છ વાસણો લેવાને ઉમેદવાર દસબારથીયે વધુ હતા. એકબે દિવસ સુધી એ લાકડાની થાળીઓ લેવાને કોણ હકદાર છે અને કોણ નથી એની મીઠી મીઠી ચર્ચા બાપુજીએ ચલાવ્યે રાખી. પણ કંઈ નિર્ણય આવી શક્યો નહીં એટલે ત્રીજે કે ચોથે દિવસે એમણે ચિઠ્ઠીઓ નાખવાનો પ્રસ્તાવ કર્યો અને બધાએ એ માની લીધો.

સાંજે પ્રાર્થના પૂરી થયા પછી લાકડાની થાળીઓ માટે બાપુજી ચિઠ્ઠીઓ લખવા બેઠા. જેણે જેણે થાળી લેવાની માગણી કરી એ બધાનું નામ બાપુજીએ લખ્યું નહીં. પણ એ માગણી કરનાર કેટલા વખતથી અલૂણું પાળે છે, આગળ જતાં ખોરાકના નવા પ્રયોગોમાં એ કેવો ઉત્સાહ જાળવવા તૈયાર છે વગેરે પ્રશ્નોત્તર કર્યા પછી એમણે જેમને યોગ્ય માન્યા તેમના જ નામની બાપુજીએ ચિઠ્ઠી લખી. જે દસબાર ચિઠ્ઠીઓ લખાઈ એમાં મારુંયે નામ હતું. મને એ નાજુકડી કથરોટ લેવાની બહુ હોંશ હતી અને મારા નામની ચિઠ્ઠી નીકળે તો છમાંની કઈ લેવી એ પહેલેથી મેં જોઈ રાખી હતી. એટલે જ્યારે ચિઠ્ઠીમાં મારું નામ લખવાનું બાપુજીએ કબૂલ્યું ત્યારે મને બાપુની કસોટીમાંથી પસાર થયાનો ઘણો સંતોષ થયો પણ એ સાથે શંકા પણ થઈ કે ચિઠ્ઠીમાં મારું નસીબ પાંસરું ઊતરવાનું નથી; કેમ કે સાધારણ રીતે મારે ભાગે જીત નથી આવતી, હાર જ આવે છે!

બાપુજીએ પોતાની સામેના જ મેજ ઉપર કોડીઓની પેઠે હાથમાં ખૂબ હલાવીને ચિઠ્ઠીવાળા કાગળની ગોળીઓ ફેંકી અને બધી ચોતરફ વેરાઈ ગઈ. એ પછી કોણ ચિઠ્ઠી ઉપાડે એની ચર્ચા થઈ. પહેલાં મગનકાકા વગેરે એક પછી એક મોટાનાં નામ લેવાયાં પણ છેવટે બાપુજીએ નાનામાં નાના ચતુર અને નિર્દોષ બાળકને હાથે ચિઠ્ઠી ઉપડાવવાનું નક્કી કર્યું અને, મને એવું સ્મરણ છે કે, મારા નાના ભાઈ કૃષ્ણને એમણે એ કામ સોંપ્યું. જેવી રીતે કૃષ્ણને સમજાવવામાં આવ્યું હતું એવી રીતે એક પછી એક ચિઠ્ઠી ઉપાડીને એ બાપુજીની હથેળીમાં મૂકતો ગયો અને બાપુજી ખોલી ખોલીને નામ વાંચતા ગયા જેમ જેમ એક એક નામ બાપુજી સંભળાવતા જતા હતા, તેમ તેમ ખૂબ હસાહસ અને તાળીઓ પડતી હતી. ઘણે ભાગે બીજું નામ મગનકાકાનું નીકળ્યું. એ જોઈ મને વિશ્વાસ બેઠો કે 'આ ચિઠ્ઠી પણ ન્યાય તો કરે છે. જે સૌથી યોગ્ય છે એનું નામ આવ્યું ખરું.' ચોથી ચિઠ્ઠીમાં પણ મારું નામ ન આવ્યું એટલે હું નિરાશ થયો અને મેં માન્યું કે ખોરાકના નિયમો પાળવામાં હું કાચો જ છું એટલે ચિઠ્ઠીમાં મારું નામ નીકળવાનું જ નથી.

એટલામાં બાપુજીએ પાંચમી ગોળી ખોલી અને બોલ્યા, 'લો, આ પરભુદાસનું નામ પણ આવ્યું.' અને મને પૂછ્યું 'બોલ, તું આ થાળી સાચવીશ કે તોડી નાખીશ? મેલી નહીં રાખે ને?' હું તો શરમાઈ જ ગયો. એટલા બધા જણની વચ્ચે કશું બોલવાની મારી હિંમત ન ચાલી. મેં એટલું જ કહ્યું કે 'સાચવીશ.' છયે ચિઠ્ઠીઓ વંચાઈ ગયા પછી બાપુજીએ લાકડાની થાળીનો ખડકલો મગાવ્યો અને 'સૌથી નાનો સૌથી પહેલાં પોતાની થાળી પસંદ કરે,

એમ કહ્યું. મેં પસંદગી પહેલેથી જ કરી રાખી હતી એટલે ઝટ મેં એ થાળી ઉપાડી લીધી.

આવી રીતે લાકડાની થાળી કમાયો એની ભારે છાપ મારા મન ઉપર ચારપાંચ વરસ સુધી ટકી રહી. ફિનિક્સમાં જ નહીં, હિંદુસ્તાન આવ્યા પછી પણ કેટલાક વખત સુધી હું એ રકાબીમાં જમતો રહ્યો. અને એમાં જમતાં જમતાં અનેક વાર મનના સંકલ્પ મજબૂત થતા ગયા કે અલૂણામાં કે અસ્વાદવ્રતમાં મારે બાપુજીની પાસે હાર કબૂલવી નથી. તેઓ જેટલા નિયમ કહેશે એટલા હું રીતસર પાળીશ જ. અને એ લાકડાની થાળીએ કંઈક જાદુ કર્યો હોય એમ એમાં પીરસાયેલી મોળામાં મોળી અને સાવ બાફેલી વસ્તુઓ પણ મને ઠીક ઠીક સ્વાદિષ્ટ જણાતી અને મારા મનને સંતોષ વળતો.

લાકડાની થાળીની વહેંચણી થઈ એ જ અરસામાં બાપુજીએ એક નવો અને કઠણ નિયમ શરૂ કર્યો. ફિનિક્સમાં હવાપાણી સારાં હતાં અને પરોઢથી કોદાળી પાવડાની મહેનત ચાલતી એટલે બધાને ભૂખ કકડીને લાગતી અને જમવા બેસતા ત્યારે ભાણામાં ઘણાખરા જણ વધારે ખોરાક પીરસાવી લેતા. પણ પીરસાવેલું અન્ન હજુ અર્ધું ઝાઝેરું પેટમાં પડતું નહીં ત્યાં ભૂખ શાંત થઈ જતી અને, મીઠું કે મરીમસાલા ન હોવાને કારણે બાકીનું અન્ન ખાઈ ન શકાતું. પરિણામે સારી પેઠે અન્નનો બગાડ થતો. અને બીજી તરફ બનેલી રસોઈ ઓછી પડતી. આ અવ્યવસ્થા અટકાવવા માટે બાપુજીએ નિયમ કર્યો કે ‘કોણ કેટલો ખોરાક લેવા માગે છે એ દરેક જણ આગળથી લખાવી દે.’

એ નિયમ મુજબ સાંજની પ્રાર્થના પૂરી થયા પછી બાપુજી જાતે દરેક જણને પૂછતા કે આવતી કાલે તમારે કેટલી રોટલી ખાવી છે. અને દરેક જણ જેટલી રોટલી લેવાનું કહે એટલી પોતે એક કાગળ ઉપર નોંધતા જતા, તથા છેવટે સરવાળો કરીને રાવજીભાઈને કહેતા કે આવતી કાલને સારુ કેટલો લોટ બાંધવાનો છે.

પહેલેથી આવી રીતે રોટલીની નોંધણી કરવાની વાત મને જરાયે ગમતી ન હતી. મને લાગતું હતું કે બાપુજી આમાં નકામો વખત બગાડે છે. અને જ્યારે મારો વારો આવતો ત્યારે જવાબ આપવામાં મને મૂંઝવણ થતી. છતાં પોતાની ભૂખની કે પેટની અટકળ કર્યા વિના અધ્ધર જ બે કે ત્રણ રોટલી હું લખાવી દેતો.

કેટલાક દિવસ સુધી બાપુજીનો આ નિયમ ચાલ્યો એ આજે મને યાદ નથી. પણ એટલું યાદ છે કે આ નિયમ થયો ત્યારથી પહેલાંનાં કરતાંયે અન્નનો વધારે બગાડો થવા લાગ્યો. કારણ કે પોતાને કેટલી ને કેવી ભૂખ લાગશે એની

સાચી અટકળ ભાગ્યે જ કોઈ કરી શકતું હતું. અને દરેકને એ વાતનો ડર રહ્યા કરતો હતો કે ક્યાંક ઓછું પડશે તો આપણે ભૂખ્યા રહી જવાના. એટલે જોઈએ તે કરતાં સવાયું કે દોઢું દરેક જણ નોંધાવતા અને બીજે દિવસે ભૂખ હોય કે ન હોય, લખાવેલી સંખ્યામાં રોટલી ભાણામાં આવી જ પડતી. પીરસાતું હોય ત્યારે શરમના માર્યા ઓછું લેવાની ઘણાની હિંમત ન ચાલતી અને પછી ઠાંસી ઠાંસીને ખાવા છતાં ખોરાક વધી પડતો અને બગાડ થતો.

ફિનિક્સમાં ચાલતા ખોરાકના આ ઊંધા પ્રયોગોની અમારા કૂણા મગજ ઉપર એક વિચિત્ર અસર પડી. અમે મહિનાઓ સુધી મોળું ખાતા રહ્યા ત્યાર પછી જ્યારે બીજા કોઈને મીઠું ને મરીમસાલાવાળું શાક, મઘમઘતાં કઢીખીચડી ખાતાં જોતા ત્યારે એવો ખોરાક ખાનારા અમુક દરજ્જે હીણા લોકો છે અને અમે કંઈક શ્રેષ્ઠ માણસો છીએ એમ અમને લાગતું. અને એમ છતાં અમારી જુવાનિયાની વાતો અને ચર્ચાઓમાં ભજિયાં, પતરવેલિયાં, ગાંઠિયા-પેંડા જલેબી-બરફીનાં સ્તવન અને જાપ ઓછાં ચાલતાં હતાં એમ ન કહેવાય. જ્યારે અમારે ડરબન શહેરમાં જવાનું થતું અને ત્યાં ગુજરાતી મિત્રોને ત્યાં મિષ્ટાન્ન અને ફરસાણ નજરે પડતાં, ત્યારે એક તરફ અમને એવી ચીજો ખાનારા લોકોની નિંદા સૂઝતી તો બીજી તરફ અમારા મોઢામાં પાણી આવતું અને અમને થતું કે કોઈ પણ રીતે, અપવાદરૂપે પણ એ મિષ્ટાન્ન થોડુંક ચાખવા મળી જાય તો કેવું સારું!

વળી, બાપુજીએ અમારી પાસે પળાવેલા એ અસ્વાદવ્રતનો મારો પોતાનો અનુભવ યાદ કરું છું ત્યારે મને લાગે છે કે એ અસ્વાદવ્રતનું બીજું મહત્ત્વ ભલે હોય પણ એમાં 'અસ્વાદ'નું કંઈ ખાસ મહત્ત્વ ન હતું. અમારા બાફેલા શાકમાં પણ જરાક જેટલો રસો ઓછો પડતો અથવા એ વધારેપડતો પાતળો થઈ જતો તો રોટલી કેમ ગળે ઉતારવી એની અમને મૂંઝવણ થઈ પડતી. વળી લીંબુનું કે ટમેટાનું પ્રમાણ ઓછું મળે તો પીરસનાર ઉપર ચીડ ચડતી. ઘીને બદલે જેતૂનનું તેલ લેતા તેમાંયે મને ખૂબ સ્વાદ આવતો અને રોટલીનો ભૂકો કરી એનાં મૂઠિયાં વળે એટલું જેતૂનનું તેલ હું લીધે રાખતો. ગોળખાંડની અવેજીમાં કેળાં અનેનાસ જેવાં ફળની કચુંબર વડે ગળપણનો ભારોભાર સ્વાદ માણતો, અને એ ઉપરાંત પલાળેલા ખજૂરનો રસ પણ અનેક વાર થતો જેને અમે પ્રેમરસનું નામ આપ્યું હતું. આમ અનેક જાતના સ્વાદોને લીધે હું એટલું બધું ખાતો કે પેટ તડાતૂમ થઈ જતું.

'જીભના રસ જિતાયે ઘણું જિતાયું ગણવું' એ બાપુજીની વાત સમજવાનો અને એનો અનુભવ મેળવવાનો મેં ઠીક ઠીક પ્રયત્ન કર્યો છે. અમુક ખાવા આપો અને અમુક મારાથી નથી ખવાતું એવી જાતની હઠ બાપુજી પાસે કે

મારી બા પાસે પણ કર્યાનું મને યાદ નથી. ગમે એવો વિચિત્ર ખોરાક બાપુજીએ મારી સામે ધર્યો હોય તોયે મેં પ્રસન્નતાથી એ વડે ચલાવ્યું છે. અને ખોરાકના અખતરામાં કહ્યું કરનારા તરીકેનું બાપુજીનું મેં પ્રમાણપત્ર પણ મેળવ્યું છે. છતાં આહારના પ્રયોગ વડે મારા જીવનની કંઈ ખાસ ઉન્નતિ થયેલી મેં અનુભવી નથી. જ્યાં જેવું મળે તેવું સ્વાદથી જમી લેવાની જીભને એક કેળવણી મળી છે ખરી.

એમ છતાં અસ્વાદવ્રત વિશે બાપુજીને જે અગાધ શ્રદ્ધા રહી છે એ ઉપરથી એમ સંભવ છે કે મોટી ઉંમર થયા પછી પ્રૌઢ વયે, અમુક ચીજો અને રસો છોડ્યા હોય તો માણસની સંયમશક્તિ વધતી હશે. અને એટલું તો કહી જ શકાય કે બાળવયે ખાટા, ખારા કે તીખા તમતમતા રસોની ટેવમાંથી બચી જવાય તો આખા જીવન માટે અમુક જ ખોરાકનો આગ્રહ રાખવાપણું ઓછું રહે.

## ૨૦
## તારીખોને હિસાબે

વરસો-જૂનાં અને તેયે ખાસ કરીને બાળપણનાં સ્મરણો વીણી વીણીને જે શબ્દચિત્રો હું ઊપસાવ્યે જાઉં છું એમાં તથ્યને બદલે કાવ્ય તરફ વધુ પડતો ખેંચાઈ જતો હોઈશ એવી શંકા બીજાઓને તો શું, મને પોતાને પણ થઈ આવે છે. સ્મરણોની શૃંખલા તૈયાર કરવા જતાં આગળની કડી પાછળ અને પાછળની કડી આગળ જોડી દેવાની ભૂલ થઈ જતી હશે. અથવા વાતના રસમાં તણાઈને મૂળમાં ન હોય એવા ઘેરા રંગો મારે હાથે પુરાઈ જતા હશે એવો ડર મનમાં રહ્યા જ કરે છે. એટલે બને એટલી નોંધાયેલી સામગ્રી ભેળી કરીને ઈતિહાસની દૃષ્ટિએ આ પ્રકરણો નાણી જોવાની જરૂર જણાય છે. હજુ દક્ષિણ આફ્રિકામાં અનુભવેલા મારા બાળજીવનનાં કેટલાંક ઉજ્જ્વળ સ્મરણો મનમાં ઘોળાયા કરે છે. પણ એનો તાંતણો લંબાવવાનું ઘડીવાર માંડી વાળી, ત્યાંના છેલ્લા મહિનાઓનો બાપુજીના જીવનનો તારીખવાર ઈતિહાસ અહીં નોંધી જાઉં એ વધુ ઠીક જણાય છે.

કાચી સમાધાની થતાં દક્ષિણ આફ્રિકાની જેલોમાંથી સત્યાગ્રહી કેદીઓને છોડી દેવામાં આવ્યા અને બાપુજીએ પોતાને હાથે ફિનિક્સમાં અમને મીઠાઈની લહાણી કરી, એ પછી બેપાંચ દિવસમાં જ વાટાઘાટને અંગે બાપુજી કેપટાઉન પહોંચ્યા અને ત્યાં રોકાયા એટલી વાત આ પહેલાં આવી ગઈ. ત્યાર બાદ ટૂંકો ઈતિહાસ એટલો જ છે કે બાપુજી અને સ્મટ્સ સાહેબ વચ્ચે ઘણી ઘણી ચર્ચાઓ અને બાંધછોડ થયા પછી, કેપટાઉનની પાર્લમેન્ટમાં હિંદી રિલીફ બિલ દાખલ થયું. એ દાખલ કરતી વખતે સ્મટ્સ સાહેબે બહુ સરસ અને

સહાનુભૂતિભર્યું ભાષણ કર્યું. હિંદી રાહત કાયદો પસાર થયો અને ભારે જયજયકાર વચ્ચે બાપુજીએ હિંદુસ્તાન આવવા માટે દક્ષિણ આફ્રિકાથી વિદાય લીધી. ઈ. સ. ૧૯૧૪ના ફેબ્રુઆરી માસની ૧૬મી તારીખે બધા સત્યાગ્રહીઓ છૂટ્યા અને પૂરા પાંચ મહિના પછી એટલે કે ઈ. સ. ૧૯૧૪ના જુલાઈ માસની ૧૮મી તારીખે બાપુજીએ દક્ષિણ આફ્રિકાનો કિનારો છોડ્યો.

એ પાંચ મહિના લગી અમારે ત્યાં ફિનિક્સમાં કેવા કેવા પ્રયોગો ચાલ્યા; ભણતરમાં, ભોજનમાં, ઊઠવા બેસવાની રીતભાતમાં અને બીજી રીતે અમે દક્ષિણ આફ્રિકાના વાતાવરણથી સાવ નોખી રીતે હિંદુસ્તાનને લાયક થવા માટે કેવી તૈયારીઓ શરૂ કરી; અને કેપટાઉન રહ્યે રહ્યે બાપુજીએ પોતાના ઉગ્ર તાપથી અમને કેવા તપાવ્યા એની વાતો હું વર્ણવી શકું એટલી છાપ મારા બાળ-મગજમાં કોતરાઈ રહી છે. હું એ વખતના ઈતિહાસનું મહત્ત્વ કળી શકું એવી મારી ઉંમર ન હતી. આજે હવે એ મહિનાઓના એકેએક દિવસનો ઈતિહાસ ખોળવાનો પ્રયત્ન કરતાં હું થાકતો નથી. મારા મનમાં એક વિશ્વાસ જડાઈ ગયો છે કે માનવસહજ ઝીણી ઝીણી નબળાઈઓ ઓળંગી જઈને, માનઅપમાન તેમ જ મોટાઈ ને અભિમાન ઓગાળી નાખીને, ક્રોધસાગરને અગસ્ત્યની જેમ પેટમાં સમાવી દઈને, મરણભય સમૂળગો પી જઈને, મનના ઉછાળાઓને આવરી લઈને તથા મન-બુદ્ધિ-હૃદય તેમ જ જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોને એકસરખી ઊંચી સપાટી ઉપર પહોંચાડી દઈને જે ક્ષણોએ બાપુજી મહામાનવ બન્યા તથા સાધકમાંથી સિદ્ધ થયા એ અણમોલી ક્ષણો મોટે ભાગે આ પાંચ મહિનાની અંદરની જ છે. દુઃખ એ છે કે એ પળોની ચોક્કસ જાણકારી આપણી પાસે નથી છતાં એ સંબંધી 'ઇન્ડિયન ઓપીનિયન'ની નોંધો તથા બાપુજીના છૂટક પત્રો પરથી જે થોડોઘણો ઈતિહાસ તારીખવાર મળી આવે છે એ ઉપરથી બાપુજીના એ વિરાટ સ્વરૂપની ઠીક ઝાંખી થાય છે.

એ બધી તારીખો ઈ. સ. ૧૯૧૪ના વર્ષની જ છે એટલે નીચે કેવળ તારીખ અને મહિના જ આપ્યા છે:

૮મી જાન્યુઆરી — ટ્રાન્સવાલની રાજધાની પ્રિટોરિયામાં મિ. ઍન્ડ્રૂઝના પ્રયત્નથી અને હિંદ સરકારના પ્રતિનિધિ સર બેંજામિનની સાક્ષીમાં બાપુજી અને સ્મટ્સ સાહેબ વચ્ચે કાચી સમાધાની થઈ અને સત્યાગ્રહ મુલતવી રખાયો.

૨૧મી જાન્યુઆરી — જનરલ સ્મટ્સ તરફથી બાપુજીને કાગળ મોકલાયો કે સોલોમન કમિશનમાં ફેરફાર કરવાની હિંદીઓની માગણી સરકાર સ્વીકારી શકતી નથી છતાં હિંદીઓની દૃષ્ટિ સરકાર સમજે છે અને બનતો ન્યાય કરશે.

૬ઠ્ઠી ફેબ્રુઆરી — બધા સત્યાગ્રહી કેદીઓને જેલમુક્ત કરવાનો સરકારે હુકમ કર્યો.

૭મી કે ૮મી ફેબ્રુઆરી — ફિનિક્સમાં પોતાને હાથે બાપુજીએ મીઠાઈની લહાણી કરી.

૯મી ફેબ્રુઆરીની આસપાસ — બાપુજી કેપટાઉન પહોંચ્યા અને પૂજ્ય બા બિછાનાવશ હોઈ એમને પોતાની સાથે લઈ ગયા.

૧૬મી ફેબ્રુઆરી — સમાધાનીની શરત મુજબ બધા સત્યાગ્રહીઓ યુનિયનની જેલમાંથી છૂટી ગયા.

૨૧મી ફેબ્રુઆરી — કેપટાઉનથી મિ. ઍન્ડ્રૂઝ વિલાયત જવા ઊપડી જતાં બાપુજીએ મણિલાલકાકાને અને જમનાદાસકાકાને એ જ બપોરે કેપટાઉન છોડી જવાની કઠોર આજ્ઞા આપી.

૨૪મી ફેબ્રુઆરી — પોતાના કઠોર અનુશાસનનો ખુલાસો તથા સમજાવટ આપતા કાગળો બાપુએ લખ્યા.

૨૬મી ફેબ્રુઆરી — હિંદીઓની હાડમારી અટકાવવા બાબત બાપુજીએ જનરલ સ્મટ્સને સૂચનાઓ મોકલી અને એમણે જવાબમાં કમિશનના રિપોર્ટ સુધી રાહ જોવા લખ્યું.

૨૮મી ફેબ્રુઆરી — ફિનિક્સમાં નેપાળનું ઝૂંપડું સળગી જતાં, અને એનું કરુણ મરણ નીપજતાં બાપુજીએ કેપટાઉનથી પોતાની ઝીણવટભરી મૃત્યુમીમાંસા લખી મોકલી, અને તેમાં જણાવ્યું કે દેહને વધારે વળગનારા વધારે પીડાય છે. આત્મતત્ત્વ જાણનાર મોતથી નહીં ગભરાય. ઈશ્વરે કરેલા વિનાશમાંયે કલ્યાણ જ માનવું અને શરીરની ક્ષણભંગુરતા વિચારી શરીર પ્રત્યે જુગુપ્સા કેળવવી તથા દેહને અત્યંત દગાખોર સમજી આ ક્ષણે જ તૈયારી કરવી.

૪થી માર્ચ — હિંદીઓનાં કષ્ટ ઘટાડવા માટે શું શું થવાની જરૂર છે એની સર બેન્જામિનને બાપુએ નોંધ લખી મોકલી.

એ જ દિવસે દેવદાસકાકાને ફિનિક્સ કાગળ લખીને જણાવ્યું કે બાની તબિયત બહુ બગડી છે, ખાવાનું નથી લેવાતું. મોત આવે તોપણ મોતથી નહીં ડરવાનો નિશ્ચય કર્યો છે. શરીર તો પડવાનું જ છે ને વળી પોતાને પડવાને દહાડે જ પડે છે. શરીરમાંથી જીવ ગયા પછી આપણે ઘડીભર એને સાચવતા નથી. હું નિશ્ચિંત છું ને તમે બધા પણ નિશ્ચિંત રહેજો તથા સાધુતા ને વૈરાગ્ય કેળવજો.

૬ઠ્ઠી માર્ચ — હિંદી બૈરાં-છોકરાંઓને દક્ષિણ આફ્રિકાથી દેશપાર કરવાનું બંધ કરવા બાબત સરકારને લખાણ કર્યું.

૧૦મી માર્ચ — પોતાના મોટા ભાઈ લક્ષ્મીદાસ ગાંધી પોરબંદરમાં ગુજરી ગયાના ખબર પહોંચતાં બાપુજીએ મિ. કૅલનબૅક ઉપર કેપટાઉનથી હૃદયવેધક પત્ર લખ્યો અને એમાં જણાવ્યું કે હવે તો મારે વિધવાઓના કુટુંબમાં જ જવાનું રહ્યું. હિંદ જવાની ઇચ્છા દિવસે દિવસે પ્રબળ થતી જાય છે. મારી ઇચ્છા ફળીભૂત થવા બાબત શંકા છે. પણ તૈયારી કરવી જોઈએ અને પરિણામ માટે શાંતિથી સર્વશક્તિમાન પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો જોઈએ.

મૃત્યુમીમાંસા ઉપર વધુ પ્રકાશ નાખતાં કહ્યું કે મરણ જોઈ હૃદયમાં ખળભળાટ ન થવો જોઈએ. શોક સ્વાર્થમૂલક જ છે. હું પોતે મૃત્યુને આવકારલાયક પ્રસંગ ગણું તો મારો ભાઈ મરી ગયો એ આપત્તિ નથી. શરીર અને આત્માનો સંબંધ જાતે જ શોકપ્રદ છે.

૧૧મી માર્ચ — જોહાનિસબર્ગના પ્રસિદ્ધ સત્યાગ્રહી શ્રી. મેઢ અને બીજાઓ દ્વારા બાપુજીને ખાતરીલાયક કહેણ મળ્યું કે “આપ જ્યારે ફિનિક્સ પાછા ફરતાં જોહાનિસબર્ગ ઊતરશો ત્યારે આપના ઉપર જીવલેણ હુમલો કરવાની તૈયારીઓ ચાલી રહી છે એટલે આપ સીધા જ ફિનિક્સ જાઓ અને અહીં ન ઊતરો તો સારું.” એના ઉત્તરમાં બાપુજીએ પોતાનો કાર્યક્રમ મરવાના ડરને લીધે બદલવાની ચોખ્ખી ના પાડી અને ફિનિક્સ મારા પિતાશ્રી ઉપર પોતાના એવા મરણને વધાવી લેવાની અને તેથી એ પછી ફિનિક્સના આદર્શો હિંદુસ્તાનમાં જઈને સાચવવા બાબતની સવિસ્તૃત સૂચના લખી મોકલી. અને ગાંધી કુટુંબનાં બાળકો તથા જુવાનિયાઓ નોકરી શોધતા ફરવાનું મૂકી જાતમહેનતથી ગુજરાન ચલાવવાની ટેવ પાડે એ વાત ઉપર ખૂબ ભાર મૂક્યો.

૧૪મી માર્ચ — રાવજીભાઈને ફિનિક્સ લખેલા એક પત્રમાં શંકરાચાર્યનો શ્લોક ટાંકી ટીપે ટીપે સમુદ્ર ઉલેચવા જેટલી ધીરજ જાળવી, વિષયના આવેગો અને મરણનો ભય જીતવાની શિખામણ આપી.

૧૮મી માર્ચ — સોલોમન કમિશનનો રિપોર્ટ બહાર પડ્યો. તેમાં હિંદીઓ પાસેથી ઉઘરાવાતા ત્રણ પાઉંડના વેરાને બંધ કરવાની સ્મટ્સ સરકારને ભલામણ કરવામાં આવી, સત્યાગ્રહીઓની બીજી બધી માગણીઓને પણ વાજબી ઠરાવવામાં આવી તથા ન્યાયપૂર્વક એમની સાથે સમાધાન કરવાની દરખાસ્ત કરવામાં આવી.

૨૨મી માર્ચ — અસ્વાદવ્રતનું પાલન કરતાં કરતાં પોતે કેવી રીતે આદુના સ્વાદમાં લપટાયા, એ કૂણાં કૂણાં મૂળિયાં ઉપર કેવી રીતે દયા ઊપજી, અને એ સ્વાદને છોડવા જતાં માંકડા જેવા મનનો ઉત્પાત કેટલો બધો વધી ગયો એનું

રમૂજી વર્ણન બાપુજીએ ફિનિક્સ લખી મોકલ્યું તથા સદાને સારુ આદુના ત્યાગનો પોતાનો નિશ્ચય જણાવ્યો.

૨૪મી માર્ચ — જનરલ સ્મટ્સના સેક્રેટરીએ કાગળ લખીને જણાવ્યું કે, "કમિશનના રિપોર્ટને આધારે પાર્લમેન્ટમાં જે ખરડો રજૂ કરવામાં આવશે તે પહેલાં આપને ખબર આપવામાં આવશે અને હાલ તુરત આપ કેપટાઉનથી ફિનિક્સ જવા ઈચ્છો તો જઈ શકો છો."

૨૬મી માર્ચ — જોહાનિસબર્ગમાં મુસલમાનોની મોટી સભા ભરાઈ. એમાં કમિશનના રિપોર્ટ સામે ખૂબ અસંતોષ જાહેર કરવામાં આવ્યો તથા ગાંધી-પોલાક અને એમની ટોળકીના માણસોને મુસલમાનો તરફથી પ્રતિનિધિત્વ કરવાનો લેશ પણ અધિકાર નથી એ મતલબનો ઠરાવ હિંદુસ્તાનની સરકાર ઉપર મોકલી આપવામાં આવ્યો. (આ સંબંધમાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસમાં બાપુજીને પણ નોંધ કરવી પડી છે કે હિંદી સરકાર તરફથી દૂત બનીને આવેલા મધ્ય પ્રાંતના ગવર્નર સર બેન્જામિન સમાધાનીમાં બહુ મદદરૂપ ન બની શક્યા, બલકે હિંદુમુસ્લિમ વિખવાદ ઊભો કરવાની રમતમાં ઊતરી પડ્યા.)

૨૭મી માર્ચની આસપાસ — બાપુજી કેપટાઉનથી જોહાનિસબર્ગ પહોંચ્યા. ત્યાં એમને માટે મુસલમાનોની એક ખાસ સભા ગોઠવવામાં આવી અને એમને નોતરું આપવામાં આવ્યું. સાથીઓના વારવા છતાં પ્રેમળ નોતરું સ્વીકારીને બાપુજી એ સભામાં ગયા. જ્યારે તેઓ બોલવા ઊભા થયા ત્યારે એક ખૂણેથી કેટલાક તોફાની જુવાનિયાઓ આગળ વધ્યા. પણ ઈ. સ. ૧૯૦૮માં બાપુજી ઉપર જીવલેણ હુમલો કરનાર પઠાણ મીર આલમ બાપુજીની પડખે આવીને ઊભો રહ્યો અને તોફાનીઓને પડકાર્યા. તોફાની ટાઢા પડી ગયા અને બાપુજી હસતાં હસતાં બોલ્યા: "મીર આલમ શાંત હો જાઓ. ઈતના બહોત ગુસ્સા ક્યોં?"

૨૮મી કે ૨૯મી માર્ચ — બાપુજી હેમખેમ ફિનિક્સ પહોંચ્યા.

૩૦મી માર્ચ — મિસ્ટર પોલાકે જોહાનિસબર્ગથી બાપુજીને ફિનિક્સ કાગળ લખીને સર બેન્જામિનના કામકાજ — વાતચીત — આદિના સમાચાર આપ્યા.

૮મી ઍપ્રિલ — બાપુજીએ ફિનિક્સથી મણિલાલકાકાને જોહાનિસબર્ગ કાગળ લખીને થઈ ગયેલી ભૂલનો શોક ન કરવાની ને કર્તવ્યપરાયણ તથા આત્મસંયમી બનવાની, પારકાના દોષ જોવાને બદલે પોતાના દોષ જોવાની, વાતોના ચાપડામાં વખત ન ગુમાવવાની, જિંદગીની ક્ષણેક્ષણનો ઉપયોગ કરવાની ને શરીર કસવાની શિખામણ આપી.

૧૧મી એપ્રિલ — ફરી બીજો કાગળ લખી બાપુએ મણિલાલકાકાને ભલામણ કરી કે મિ. કૅલનબૅક ગમે ત્યારે સૂએ, તમારે તો એક જ નિયમ સાચવવો. અને ઉપરાંત ગીતા બાઈબલના અમુક વચનો ઉપર ચર્ચા કરતાં સમજાવ્યું કે પાપી મનુષ્યને જ મોત ડંખરૂપ છે, પુણ્યશાળીને મોક્ષનું સાધન છે. જિંદગીમાં વિચારપૂર્વક ધીમે ધીમે સુધારા કરવા અને જે કરવા તેને જળોની જેમ વળગી રહેવું.

૧૩મી એપ્રિલ — આ અઠવાડિયામાં બાપુ ઉપર મિ. ઍન્ડ્રૂઝે ખ્રિસ્તી ધર્મ, ઈસુનો પર્વતોપદેશ, ધર્મપ્રચારની રીત, ગોખલેજી સાથેની વાતચીત વગેરે બાબત ચર્ચા કરતા વિગતવાર પત્રો પોતાની મુસાફરીમાંથી ફિનિક્સ મોકલ્યા.

૨૩મી એપ્રિલ — પોતાની જ છાયામાં ઊછરી રહેલ તથા સમજુ, વિશ્વાસપાત્ર, ને બુદ્ધિમાન ગણાયેલ અમુક વ્યક્તિના જીવનશૈથિલ્યની તેમ જ એના વિશ્વાસઘાતી વલણની જાણ થતાં પોતાને કેટલી બધી મર્માંતક હૃદયવ્યથા થઈ રહી છે એનું વેધકવર્ણન બાપુજીએ એક કાગળમાં કર્યું. અને એમાં જણાવ્યું કે પેટમાં છરી મારી લઈ આત્મહત્યા કરી લેવાનો મનનો આવેગ સમજણપૂર્વક પોતે ટાળ્યો છે અને પંદર દિવસના ઉપવાસ કરવાનો સંકલ્પ પણ પૂજ્ય બાની માંદગીને લઈને મુલતવી રાખ્યો છે, કારણ પોતે લાંબા ઉપવાસો આદરે તો પૂજ્ય બાનું મરણ જ નીપજે.

એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં ફિનિક્સથી સાતેક માઈલ દૂર આવેલા વેરૂલમ નામના કસબામાં વૈષ્ણવોએ બંધાવેલા મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું અને ત્યાં ગિરમીટિયાઓની ગંજાવર મેદની આગળ ભાષણ કરી તેમને મળનારા નવા હક્કો સમજાવ્યા. ત્રણ પાઉંડનો કર નાબૂદ થતાં હિંદુસ્તાન ચાલ્યા જવું પડશે એ જાતની ખોટી અફવાનો રદિયો આપ્યો અને હિંદુસ્તાન જઈને પણ ગિરમીટિયાઓની સેવા કરવાનું આશ્વાસન આપ્યું. વેરૂલમથી પાછા આવ્યા બાદ ફિનિક્સના વાતાવરણને પરિશુદ્ધ કરવા બાબત અને હિંદુસ્તાનમાં ગાળવાના જીવન બાબત એક પત્ર લખ્યો.

૧લી મે — ખૂબ જ સાધનાપરાયણ જીવન ગાળવાનો ડોળ કરનાર એક વ્યક્તિની ધૂર્તતા બાપુજીની નજરે પડી. એની પાસેથી ફરી વાર જાણી જોઈને જુઠ્ઠાણું ન આચરવાનું વચન લીધું. તથા ફરી એમ કરે તો પોતાને ચૌદ દિવસના ઉપવાસ કરવા પડશે એવી એને ચેતવણી આપી.

૨જી મે — ચોવીસ કલાકની અંદર જ પોતાનું વચન તથા બાપુજીની ચેતવણી વીસરીને પેલી વ્યક્તિ ફરી પાછી છેતરપિંડી કરવામાં ઊતરી પડી. બાપુજી એ જોઈ ગયા અને એ જ ક્ષણથી પોતાના ચૌદ દિવસના ઉપવાસો

આરંભી દીધા. પોતે જમવાનું છોડી પોતાના સાથીઓને જમાડ્યા. તે પછી પોતાના ઉપવાસ જાહેર કર્યા અને ફિનિક્સની બહાર કોઈને એની કશી બાતમી ન પહોંચે — આખા દક્ષિણ આફ્રિકામાંથી લોકો દોડી આવી ફિનિક્સની શાંતિનો ભંગ ન કરે — એની સાવધાની રાખી.

૬ઠ્ઠી કે ૭મી મે — ચોથે કે પાંચમે દિવસે બાપુજીને ઉપવાસો વસમા પડી ગયા. એમના પેટમાં ચૂંક સાથે દુખાવો ઊપડ્યો. ફિનિક્સવાસીઓ ચિંતાતુર બની ગયા. જેમ તેમ કરી બાપુજીએ પોતાનું શરીર સંભાળ્યું. સાંજની પ્રાર્થના ઘણી ગંભીરતાથી એમના બિછાનાની પાસે કરવામાં આવી. દિવસના ભાગમાં પણ સદ્‌ગ્રંથોનું વાચન ચાલ્યું. એ દરમિયાન અને સાંજની પ્રાર્થનામાં બાપુજીએ ગીતાજીના બીજા અધ્યાયના છેવટના ઓગણીસ શ્લોકોનો પાઠ કરવાનું સૂચન કર્યું. એ પછી ચૌદ દિવસના ઉપવાસ પૂરા થતાં સુધી પ્રાર્થના વખતે સૌ પહેલાં એ શ્લોકો વંચાયા અને ઉપવાસ બાદ પણ એ રોજની પ્રાર્થના બની રહી.

૧૪મી મે — ઉપવાસને તેરમે દિવસે પણ જરૂરી કામકાજ ચાલતું રહ્યું. સત્યાગ્રહની લડતની સમાધાની અંગે એમણે સ્મટ્સ ઉપર લખાણ મોકલ્યું.

૧૫મી મે — નિર્વિઘ્ને ચૌદ દિવસના ઉપવાસનું પારણું કર્યું અને સાથે સાથે જ એકટાણું શરૂ કર્યું. ફિનિક્સમાં પાછી પ્રસન્નતા રેલાઈ.

૧૮મી મે — એ લાંબા ઉપવાસો અમુક અંશે એક અન્ય વ્યક્તિને સારુ પણ હતા. એ વ્યક્તિને બાપુએ પ્રેમળ પત્ર લખી મોકલ્યો અને સાથે એમ પણ લખ્યું કે, “આ ઉપવાસો એ મારી તમારી પ્રત્યેની આ જાતની છેલ્લી સેવા છે.”

૧૯મી મે — જોહાનિસબર્ગમાં બાપુજીના આ ઉપવાસની ને તે પૂરા થયાની વાત પહોંચતાં મિ. કૅલનબૅક દોડાદોડ ફિનિક્સ આવ્યા. એમનું સ્વાગત કરવાને માટે, પોતાના શરીરની એટલી નબળાઈ છતાં, બાપુજી પગે ચાલીને ફિનિક્સ સ્ટેશને ગયા અને આવતાં-જતાં પાંચ માઈલ ચાલીને સૌને અચંબામાં ડુબાડી દીધા.

એ જ દિવસે કેપટાઉન તાર કરીને સ્મટ્સ સાહેબને પુછાવ્યું કે પાર્લમેન્ટમાં રિલીફ કાયદાનો ખરડો ક્યારે રજૂ થવાનો છે?

૨૦મી મે — જનરલ સ્મટ્સના સેક્રેટરીનો કેપટાઉનથી તાર વાટે બાપુજીને જવાબ મળ્યો કે આવતે અઠવાડિયે તમે જનરલ સ્મટ્સને મળી શકો છો.

૨૨મી મે — સાંજની પ્રાર્થનામાં બાપુજીએ પોતાના ઉપવાસોના પારણા પછીનું સાતમા દિવસનું ઘણું ગંભીર પ્રવચન કર્યું. અને એમાં વિદ્યાર્થીઓને મનનો મેલ ધોઈ નાખવાની તથા પોતાના જીવનને ચોખ્ખું રાખવાની શિખામણ આપી.

અને એ જ દિવસે સ્મટ્સ સાહેબને તાર કર્યો કે, ‘‘બુધવારે કેપટાઉન પહોંચું છું.’’

કેપટાઉન જતાં જતાં સમાધાનીના મુદ્દાઓ અંગે એક કાચું ટાંચણ કાગળની નાનકડી કાપલી ઉપર પેન્સિલના ઝાંખા અક્ષરોથી કર્યું. જેમાં નીચેના મુદ્દાઓ નોંધ્યા:

૧. દક્ષિણ આફ્રિકામાં જ હિંદીઓનો જન્મ થયો છે એવા ‘કૉલોનિયન બૉર્ન’ને નામે ઓળખાતા હિંદીઓને કેપટાઉન(કેપકોલોની)માં જવાની છૂટ મળવી જોઈએ.

૨. ૧૮૭૫થી આવેલા ગિરમીટિયાઓને વધુ છૂટછાટ.

૩. ઑરેંજ ફ્રી સ્ટેટમાં હિંદીઓને જવાના હક.

૪. લગ્નના કાયદામાં સુધારો.

૫. દક્ષિણ આફ્રિકામાં દર વરસે પરીક્ષા આપીને દાખલ થઈ શકનારા નવા હિંદીઓની સંખ્યા.

૬. બહુ વિવાહવાળાઓની પણ એક સ્ત્રીને કાયદેસર લેખવી.

૭. અમુક સ્ત્રી ખરેખર પત્ની જ છે એની ચોકસાઈ કરવાની પદ્ધતિ.

૮. નાતાલમાંથી ટ્રાન્સવાલ જવાને કેટલાં સર્ટિફિકેટ અપાશે.

૨જી જૂન — નાતાલ પ્રાંતનો એક ભાગ જે બસૂટો લૅંડ કહેવાય છે ત્યાંના હિંદીઓએ કાયદાની રૂએ સ્ત્રીઓના હકનો ફોડ પાડવા બાપુજીને કેપટાઉન પત્ર લખ્યો.

૩જી જૂન — સોલોમન કમિશને કરેલા રિપોર્ટને આધારે હિંદીઓ સાથે સમાધાની આણનારું રિલીફ બિલ (રાહત ધારાનો ખરડો) કેપટાઉનની ધારાસભામાં રજૂ થયું. એ રજૂ કરતાં પહેલાં સ્મટ્સ સાહેબે બાપુજીની સલાહ લીધી તથા એમના કહ્યા પ્રમાણે એ ખરડામાં ચોખવટભર્યાં વચનો ઉમેર્યાં.

૪થી જૂન — બસૂટો લૅંડમાં વસી ગયેલા હિંદીઓએ ‘ડોમિસાઈલ’ હક્કો બાબત ચોખવટ કરાવવાની માગણી કરતો ઠરાવ બાપુજી ઉપર મોકલ્યો.

૮મી જૂન — ડરબનની અંજુમને ઈસ્લામ તરફથી બાપુજી ઉપર કેપટાઉન પત્ર મોકલવામાં આવ્યો કે નવા બિલ મુજબ આજથી જ દક્ષિણ આફ્રિકાને કિનારે આવનારી સ્ટીમરોના હિંદી મુસાફરોને લાભ મળવા માંડવો જોઈએ.

બાપુજીએ કેપટાઉનથી એક પત્ર લખતાં જણાવ્યું કે ‘‘ક્યારે સત્યાગ્રહ ઉઠાવવો જોઈએ અને ક્યારે નહીં એ સવાલનો જવાબ કંઈ એકાએક આપી શકાય નહીં. સત્યાગ્રહી જ્યારે સત્યાગ્રહ શરૂ કરે છે ત્યારે અગાઉથી વિચાર કરી લેતો નથી. તેના આત્માના ઉદ્‌ગારો વિરુદ્ધ કાર્ય થયું એમ તેને જણાય તો તેની

સામે તે આત્મબળ વાપરે. મેં સત્યાગ્રહ શરૂ કર્યો ત્યારે પણ તેને ધર્મનું અંગ જ સમજ્યો હતો. અનુભવે જણાયું કે એ જ ધર્મ છે, એ જ ચિંતામણિ છે. ને તેથી તે મારામાં ધર્મ રૂપે વિશેષ ખીલ્યું છે. સત્ય સિવાય બીજું કદી કરવું નથી એટલું જેણે ચોક્કસ કર્યું તે સત્યાગ્રહી છે ને તેવા માણસને દરેક વખતે ઉપાય સૂઝી આવે છે.''

૯મી જૂન — પાર્લમેન્ટમાં દાખલ થયેલા રિલીફ બિલ ઉપર દક્ષિણ આફ્રિકાના ગોરા છાપાંઓએ ટીકાઓ કરી. એમાં એકે લખ્યું કે ત્રણ પાઉંડનો કર પાછો લેવાનો ચોખ્ખો અર્થ એ જ છે કે, ''ગિરમીટ પૂરી થયે ગિરમીટિયા હિંદીઓએ પાછા હિંદુસ્તાન ચાલ્યા જવું કારણ કે સરકારી કાયદો એ મુજબનો છે કે ગિરમીટ પછી જે ઇચ્છે તે હિંદુસ્તાન જાય અને ન જવા ઇચ્છે તે ત્રણ પાઉંડનો કર ભરે એટલે હવે કરનો વિકલ્પ પૂરો થતાં હિંદુસ્તાન જવાનો જ વિકલ્પ રહે છે.''

૧૦મી જૂન — બાપુજીએ એક પત્રમાં રામચંદ્ર, હરિશ્ચંદ્ર, પ્રહ્લાદ, બુદ્ધ, ગોપીચંદ, મીરાંબાઈ અને સ્વામી દયાનંદના ઉદાહરણ આપીને સ્વજનો પ્રત્યેનો ખોટો મોહ છોડવાની શિખામણ આપી. અને કહ્યું કે, સ્નેહીઓ તરફ વીતરાગ ઉત્પન્ન થાય ત્યારે જ હૃદય ખરું દયાવાન થાય છે. બાની પ્રત્યે હું જેટલે દરજ્જે વીતરાગી થયો છું તેટલે દરજ્જે તેની સેવા વિશેષ કરી શકું છું. ગીતાજીમાં પણ એમ કહ્યું છે એટલે જ કહું છું કે વાંચો થોડું, પણ જે વાંચો તે વિચારો ને તેનું રહસ્ય સમજી તે પ્રમાણે કરવા તૈયાર રહો.

૧૧મી જૂન — સ્મટ્મ સરકાર તરફથી બાપુને પત્ર મોકલાયો કે ડરબનના અંજુમને ઈસ્લામી માગણી બાબત ઘટતું કરવાની સૂચના નાતાલ સરકારને મોકલાઈ છે. હિંદીઓ તરફથી રિલીફ બિલના અમુક ખુલાસા માગ્યા.

૧૫મી જૂન — ડરબનથી રુસ્તમજી શેઠે તાર કરીને ખબર આપ્યા કે રિલીફ બિલ ગિરમીટિયાઓની તરફેણમાં જ છે. એ જ તારીખે મણિલાલકાકાને જીવનમાં ઉતાવળે ઉતાવળે ફેરફાર ન કરતાં ટકી રહે એવા જ નિયમો લેવાની શિખામણ આપતો કાગળ લખ્યો અને જણાવ્યું કે ''દેશમાં તમે ઊંચા દરજ્જાના બ્રહ્મચારી ગણાઓ ને તમારું વર્તન એવું સ્વાભાવિક રીતે સંયમી હોય કે તેની છાપ બીજા ઉપર પડ્યા વિના ન જ રહે, એવું ઇચ્છીશ. તેને માટે તમારામાં ઉદ્યોગવૃત્તિ, અભ્યાસવૃત્તિ ને શુદ્ધવૃત્તિ હોવાં જોઈએ. છાપ પાડવાને અર્થે કરેલી છાપ પડતી નથી. પણ પોતાને જે પસંદ પડે છે એટલે તમારે જે કરવાનું છે તેનો તમારે જ પસંદ કરી વિચાર કરવાનો; ને પછી તે વસ્તુને મરણાંત લગી વળગી રહેવું જોઈએ.''

૧૬મી જૂન — જોહાનિસબર્ગથી મિ. પોલોકે બાપુજીને તાર કરીને લગ્નના કાયદા તથા પરમિટના કાયદાની આંટીઘૂંટી બાબત સંદેશા મોકલ્યા.

૧૮મી જૂન — પાર્લમેન્ટમાં જનરલ સ્મટ્સે હિંદીઓને અનુકૂળ ભાષણ કર્યું અને તેમાં બોલ્યા કે ''શું આપણે લોકોને બંદૂકે મારી આખી શહેનશાહતમાં ભડકો કરવો છે? જો આ મુશ્કેલીમાંથી કોઈ રસ્તો નીકળી શકે એવું છે તો તે રસ્તો કાઢવો જ જોઈએ.''

૨૦મી જૂન — ડરબનથી લોકોએ બાપુજીને કેપટાઉન તાર કર્યો કે અહીંના ગોરા છાપાએ ગિરમીટિયા વિરુદ્ધ ઊંધો અર્થ લીધો છે કે એમને દેશ પાછા જવું પડશે.

૨૨મી જૂન — સ્મટ્સ સાહેબે બાપુજીને લેખિત ખુલાસો આપ્યો કે ડરબનના એ છાપાના કથનમાં કશું તથ્ય નથી.

૩૦મી જૂન — છેલ્લા સત્યાગ્રહ દરમિયાન નોકરીમાંથી છૂટા કરવામાં આવેલા કેટલાક હિંદીઓને પાછા કાયમ કરવા બાબત બાપુજીએ જનરલ સ્મટ્સને લખ્યું તથા હિંદીઓના ચાલતા આવેલા હકોને નવા કાયદાને લીધે આંચ નહીં આવે એવી ખાતરી એમની પાસેથી માગી.

એ બધું પત્યે છેવટની પાકી સમાધાની એટલે કે સ્મટ્સ-ગાંધીકરાર તરીકે પ્રખ્યાત સમાધાની ઉપર બંને જાણની સહીઓ થઈ.

૬ઠ્ઠી જુલાઈ — આ તારીખ પહેલાં બાપુજી કેપટાઉનથી પાછા ફીનિક્સ પહોંચી ગયા અને ખાણમાં કામ કરતા મજૂરો સંબંધી સ્મટ્સ સાહેબનો આશ્વાસક સંદેશો બાપુજીને મળ્યો.

૭મી જુલાઈ — બાપુજીએ ફિનિક્સથી 'ગોલ્ડ લૉ' એટલે કે, ટ્રાન્સવાલની સોનાની ખાણોના ક્ષેત્રમાં હિંદીઓના પ્રવેશ બાબત પહેલેથી ચાલતા આવેલા હકો જાળવવાને સ્મટ્સ સાહેબને લખ્યું.

૧૦મી જુલાઈ — ડરબનના ટાઉન હૉલમાં હિંદીઓ અને ગોરાઓએ ભેળા મળીને બાપુજીને ભવ્ય માનપત્ર આપ્યું. એક વાર જે ગોરાઓએ પથરા, ઈંડાં, કાચની શીશીઓ અને ગડદાપાટુથી બાપુજીનું સ્વાગત કરેલું તેમનામાંના પણ કેટલાક એ સભામાં હાજર હતા. અને એમને પણ મિત્ર બનેલા જોઈ બાપુજીએ એમનો આભાર માન્યો અને પોતાની અમૃતવાણીમાં પ્રેમમય જીવનનો ઊંચો મંત્ર સંભળાવ્યો.

હિંદીઓને સલાહ આપી કે રોજની રહેણીકરણી અને વેપારરોજગારમાં પણ શુદ્ધ આચરણ અને ઊંચા સિદ્ધાંતોને વળગી રહી, સત્યાગ્રહના આ વિજયને પચાવવો અને શોભાવવો. ગિરમીટિયાઓ સંબંધે સ્મટ્સ તરફથી મળેલા

ખુલાસાની વાત કરી કે ગિરમીટમાંથી છૂટ્યાનું પ્રમાણપત્ર જેને મળશે એ પૂરી સ્વતંત્રતાથી દક્ષિણ આફ્રિકામાં રહી શકશે.

૧૪મી જુલાઈ — જોહાનિસબર્ગમાં ગોરાઓ તરફથી એક મેળાવડો યોજાયો અને તેમાં અનેક ગોરા મિત્રોની સહી સાથે ગદ્‌ગદ વાણીમાં બાપુજીને માનપત્ર મળ્યું.

૧૫મી જુલાઈ — જોહાનિસબર્ગમાં હિંદીઓની વિરાટ સભામાં ઊભરાતે હૈયે હજારો હિંદીઓએ બાપુજીને માનપત્ર આપ્યું. એ વખતે ભરસભામાં પ્રસિદ્ધ સત્યાગ્રહી શ્રી થંભી નાયડુએ તથા તેમની પત્નીએ પોતાના ચાર પુત્રો બાપુજીને ભેટ તરીકે આપ્યા તથા એમને હિંદુસ્તાન લઈ જઈ દેશસેવામાં લગાડવાની વિનંતી કરી.

ટ્રાન્સવાલનાં છાપાંઓએ આગલા દિવસના માનપત્રની સભાની પૂરી નોંધ લીધી અને હિંદીઓ સાથે સ્થપાયેલી મિત્રતા પ્રત્યે સંતોષ જણાવ્યો.

છાપાના એક પ્રતિનિધિએ બાપુજીની ખાસ મુલાકાત લીધી. એમાં બાપુજીએ જણાવ્યું કે આટલાં વરસ દક્ષિણ આફ્રિકામાં રહી આ ભૂમિમાં જે કડવીમીઠી અનુભવી છે તેમાંથી હું પોતે તેમ જ મારી પત્ની પણ કડવું કડવું વિસારી દઈશું અને મીઠા અનુભવો એક મોંઘા રત્નની જેમ સદાયે હૈયે સાચવી રાખીશું. હવે ફરી પાછો દક્ષિણ આફ્રિકા આવું એવો મુદ્દલ સંભવ નથી. હવે આ આખું જીવન માતૃભૂમિની સેવામાં જ અર્પણ કરવાના સંકલ્પ સાથે અહીંથી જાઉં છું.

૧૮મી જુલાઈ — પૂજ્ય બા અને મિસ્ટર કેલનબૅક સાથે બાપુજી કેપટાઉનથી સ્ટીમરમાં બેઠા, દક્ષિણ આફ્રિકાનો કિનારો સદાને સારુ છોડ્યો અને ગોખલેજીનાં દર્શન માટે વિલાયત જવા ઊપડ્યા.

૨૦મી જુલાઈ — દક્ષિણ આફ્રિકાનાં છાપાંઓ એ મહામૂલા માનવી, ભારતના પનોતા પુત્ર અને પોતાને ત્યાં નીવડેલા હીરાના સ્મરણ અને ગુણગાનથી રેલાઈ રહ્યાં.

તારીખો તો હું ગણાવી ગયો; અને એ ઝળહળતું સ્વરૂપ એક નજરમાં સમાવી લેવાનો પ્રયત્ન મેં કર્યો, પણ એટલેથી મનને ધરવ થતો નથી. હજી પણ એ વેળાના જુદા જુદા પ્રસંગોની વાતો કર્યે જવાનું મન થાય છે. ખાસ કરીને બાપુજી કેપટાઉનથી એપ્રિલ મહિનો ઊતરતાં પાછા ફિનિક્સ પહોંચ્યા અને છેવટની સમાધાની થઈ એ દરમિયાન યાદ આવતા અનેક પ્રસંગો વિગતવાર આપવા જેવા છે. પણ હવે આગળ લખતાં કલમ ધ્રૂજે છે. એ પ્રસંગોના ઉગ્ર અને શાંત તથા તપથી ઝળહળતા અને આનંદથી રેલાતા પ્રસંગોનું તાદશ વર્ણન

કરવા માટે સત્ય અને સૌંદર્યની બહુ જ ઝીણવટભરી અને તોળાયેલી પીંછીની જરૂર છે. વારંવાર અજમાવવા છતાં અત્યારે તો હું એ પ્રસંગો કાગળ ઉપર ઉતારવામાં ફાવી નથી શક્યો. બાપુજીએ પોતે પણ દક્ષિણ આફ્રિકાના ઈતિહાસમાં તેમ જ પોતાની આત્મકથામાં આટલેથી કલમ વાળી લીધી છે.

વળી એક રીતે જોતાં હવે બાપુજીના જીવનમાં સત્યાગ્રહની લડતના ઈતિહાસને બદલે સત્યાગ્રહ આશ્રમના ઈતિહાસનું કથાનક શરૂ થાય છે; રંગભેદના કાયદા અને ગોરી સરકારના અન્યાય સામે બાથ ભીડવાને બદલે કેવળ પોતાના તેમ જ પોતાના નાનામોટા સંગી-સાથીઓના તન-મનની નબળાઈઓ સામે જરાયે થાક્યા કે અટક્યા વિના ઝૂઝતા રહેવાની વાત આવે છે. દક્ષિણ આફ્રિકાવાસી હજારો હિંદીઓ સાથે સંકળાયેલું બાપુજીનું જીવન પોતાની સાથે હિંદુસ્તાનમાં પણ ટકી રહી શકે એવી બેપાંચ કે દસપંદર વ્યક્તિઓની અંદર વધુ ઓતપ્રોત બનતું ગયું છે. એટલે આ પુસ્તકને અહીં અટકાવવું યોગ્ય જ ગણાશે. સત્યાગ્રહ આશ્રમના મૂળ ઈતિહાસરૂપે આ વાતને લંબાવવી જ હોય તોયે તેને સારુ જુદું પુસ્તક જ ઉચિત ગણાશે.

છેવટે ફરી એક વાર હું મારા એ બધા વડીલો, બાલ-સાથીઓ તથા બીજા ભાઈબહેનોની માફી માગું છું, જેમને વિશેનાં મારા મનમાં કોરાઈ રહેલાં ચિત્રોને અહીં આછા ઘેરા રંગ વડે દોરવાની મેં છૂટ લીધી છે. કોઈને અન્યાય કે કચવાટ ન થાય એ માટે જાળવી જાળવીને મેં શબ્દો વાપર્યા છે અને ફરી ફરી ભાષા તપાસી છે. છતાંયે આટલા લાંબા લખાણમાં જાણ્યે અજાણ્યે જે કંઈ અવિનય મારે હાથે થઈ ગયો હોય એને માટે હું મારા હૃદયના ઊંડાણથી વારે વારે માફી ચાહું છું. સાથે સાથે દેવદાસકાકાથી માંડીને મારા પિતાશ્રી સુધીના ફિનિક્સના અનુભવીઓએ, તેમ જ ‘મધપૂડા’ના મારા સાથી વિદ્યાર્થી લેખકોથી લઈને પૂજ્ય શ્રી કાકાસાહેબ કાલેલકર સુધીના લેખક અને પ્રકાશકોએ જે ઝીણવટભરી મહેનત આ પુસ્તક પાછળ લીધી છે એ બધાનો આભાર માનું છું.

દુ:ખ કેવળ એટલું જ છે કે બાપુજીની મીઠી નજર તળે આ આખું પુસ્તક એક વાર પસાર થવાની જે આશા હતી એ આ છપાઈ રહ્યા પહેલાં જ સદાને સારુ તૂટી પડી છે. ભગવાન દીર્ઘસૂત્રીને કદી માફ કરતો નથી, સારી પેઠે સખત સજા આપે છે; પણ મને આ અતિ કઠોર સજા મળી છે.

## પરિશિષ્ટ ૧
## પોરબંદર અને અસલનું ઘર

પૂનમનો ચાંદો તો ઘણાએ નિહાળી નિહાળીને જોયો હશે પણ પૂનમના ગોટમટોળ ચાંદાનો ઉદય થાય એની ચારેક દિવસ પહેલાં ક્ષિતિજમાંથી ઉપર આવતા સુદ અગિયારસના ચાંદાની આકૃતિમાં કેટલાને રસ આવ્યો હશે? મને પોતાને રાકેશ (પૂર્ણચંદ્ર) કરતાં એ ઊણા ચંદ્રમાં વધારે આનંદ આવે છે. કદાચ એટલા માટે પણ હોય કે પૂનમનો ચાંદો જોતાંની સાથે ગુપ્તપણે મનને એ ડર ખાવા ધાય છે કે 'લો, આ ચાંદો તો ભરાઈ ગયો, આવતી કાલથી એ ઘટવા માંડવાનો!' ગમે તે કારણ હોય, પણ જ્યારે ચંદ્રની કોર થાળીના જેવી ગોળગોળ હોય ત્યારે મને એ ધારી ધારીને જોવાનું મન નથી થતું. જ્યારે એનો ઉપરનો ભાગ ઠીકઠીક ઓછો હોય અને એ ઓછા ભાગની ઉપરની કિનારમાં દૂરથી દેખાતા પહાડની ટોચની જેવી ઝીણી ઝાલર દેખાતી હોય ત્યારે મને ચાંદા સામું જોતાં ધરવ જ નથી થતો. એમ સંભવે કે મારા જેવા અપૂર્ણ પાત્રને ખંડિત ચાંદો જ વધુ આનંદ આપતો હોય. એટલે જ પેલી કહેવત પડી જણાય છે કે જેવા પૂજારી એવા દેવ. અધૂરા પૂજારીને અધૂરા દેવ જ વધારે ગમે.

વારુ, ચંદ્રને ઊગતો કે આથમતો જોવાની મજા સૌથી વધારે ક્યાંથી આવે? કોઈ કહેશે પહાડની ટોચેથી, કોઈ કહેશે નદીને સામે કાંઠે આવેલી ઝાડીમાંથી; પણ મને સૌથી વધારે ગમે દરિયા પરથી. જ્યાં આકાશ ને દરિયો એકબીજા જોડે મળીને કંઈક ગંભીર વાર્તાલાપમાં ગૂંથાયાં હોય ત્યારે બેની વચ્ચે ચાંદો આવી પડે અને બંનેને હસાવી મૂકે એ દૃશ્ય બહુ જ આકર્ષક હોય છે. કોઈ ઊંડી ચિંતામાં ઘેરાઈ ગયેલાં મા અને બાપ ઘરના આંગણા વચ્ચે અડોઅડ ઊભાં ઊભાં બહુ ધીમે ધીમે વાતચીત કરી રહ્યાં હોય એટલામાં નાનકડું બાળક દોડતું આવીને એ બંનેની વચ્ચે ભરાઈ જાય અને પોતાના નાજુકડા હાથ પહોળા કરી એક હાથે બાની સાડી ઝાલી લે ને બીજે હાથે બાપાનું ધોતિયું પકડી લે તથા ગંભીર મુખમુદ્રાવાળા માબાપને એકાએક પોતાના કાલાકાલા બોલ વડે ખડખડાટ હસાવી મૂકે એના જેવું જ દૃશ્ય સમુદ્ર ને આકાશની ક્ષિતિજ વચ્ચે ભરાયેલો ચાંદો ઊભું કરે છે.

આપણા ભારત દેશના નકશાને જો ધ્યાનથી નિહાળીએ તો એવું જ એક દૃશ્ય આપણા કાઠિયાવાડનું પણ દેખાય છે. એક છેડે કાઠિયાવાડ ભારત માતાને

વળગી રહેલ છે અને બીજે છેડે એ પશ્ચિમ મહાસાગરને ભેટી પડે છે. જો જરાક કલ્પનાની નજરથી જોઈએ તો નકશામાં આખા કાઠિયાવાડનો આકાર સુદ અગિયારસના કે વદ ચોથપાંચમના ઊણા ચંદ્રને મળતો દેખાય છે. જો ભારત માતાને આપણે માની મૂર્તિ કલ્પીએ, ગુજરાત-કાઠિયાવાડ મળીને નકશામાં પશ્ચિમથી પૂર્વ ઊભું રાખતા એક કમળનું રૂપ દેખાતું લેખીએ, કચ્છને મજાનું તૂંબડું ગણીએ તો કાઠિયાવાડને — સૌરાષ્ટ્રને — આપણે દશમ અગિયારસનો વિકસતો ચાંદો કહી શકીએ. અને આપણે એમ વર્ણવી શકીએ કે કાઠિયાવાડના દ્વીપકલ્પે પૂર્વમાં ખંભાત આગળ મારૂપી ભૂમિને ઝાલી રાખેલ છે અને પશ્ચિમમાં દ્વારકા આગળ એ સાગરરૂપી પિતાના વક્ષસ્થળ પર રમી રહેલ છે. વળી કાઠિયાવાડની ભૂમિએ પોતાનો આખો દક્ષિણનો વળાંક સમુદ્રને અર્પણ કરેલ છે અને ઉત્તરની આખી ઝાલર વડે એ પોતાની મા સાથે સંતાકૂકડી રમી રહેલ છે.

નકશા ઉપર જો કાઠિયાવાડને જોઈશું તો એનો દક્ષિણ કિનારો અર્ધગોળાકારમાં દ્વારકાથી ખંભાત સુધી પશ્ચિમથી દક્ષિણે થતો પૂર્વ સુધી લંબાયેલો દેખાશે. એ રીતે નીલસિંધુનાં જળ કાઠિયાવાડની ભૂમિનું ત્રણ ત્રણ દિશાએથી પાદપ્રક્ષાલન કરતાં રહે છે. અને એ કારણે કાઠિયાવાડને કુદરતે અનેક બંદરો ભેટસ્વરૂપે આપ્યાં છે.

નવાનગર રાજ્ય(જામનગર)નું બેડી બંદર અને મોરબીનું નવલખી બંદર ખુલ્લા સમુદ્રમાં નથી. એ બંને કચ્છની ખાડીમાં આવેલાં છે. મહાસાગરના ખોળામાં આવેલું પહેલું બંદર દ્વારકાનું ઓખાબંદર છે. એ સીધું પશ્ચિમ દિશાએ છે. ત્યાંથી દરિયાને કાંઠે કાંઠે અગ્નિખૂણે આગળ વધતાં દ્વારકાથી પહેલું બંદર મિયાણી આવે. અને ત્યાંથી બીજું બંદર તે પોરબંદર. પોરબંદરથી પણ અગ્નિખૂણે જ દરિયાકાંઠે આગળ વધતાં નવીબંદર અને માધવપુર એ બીજાં બે પોરબંદર રાજ્યનાં જ બંદરો આવે. ઓખા અને પોરબંદર રાજનાં મળીને પાંચ બંદર મૂક્યા પછી છઠ્ઠું બંદર માંગરોળ રાજ્યનું માંગરોળ બંદર ગણાય. ત્યાર પછી વેરાવળ તથા સોમનાથ પાટણ એ જૂનાગઢ રાજ્યનાં બંદરો. સોમનાથ પછી દરિયાકાંઠે જ ચાલનારા વહાણને આગળ વધવું હોય તો સીધા પૂર્વમાં જવું પડે. અને મધદરિયે ઝુકાવી શકનાર વહાણ દરિયો વીંધીને કાં તો સામે સુરત જઈ પહોંચે કે સોપારા બંદર ને મુંબઈ જઈ શકે. પૂર્વમાં પૂર્વકાંઠે જે વહાણ વધે એ ફિરંગીના દીવ બંદરે પહોંચે. ત્યાંથી વધુ પૂર્વમાં જાય એટલે જાફરાબાદ બંદર આવે અને પછી વહાણ સીધું ઉત્તરે ચડવા માંડે ત્યારે ભાવનગર રાજ્યનું મહુવા બંદર, વિકટોરિયા પોર્ટ ને પછી ખંભાતના અખાતમાં ઘોઘા, ધોલેરા અને છેલ્લે ખંભાતના બંદરે કાઠિયાવાડનો સમુદ્રકાંઠો પૂરો થાય.

આમ કાઠિયાવાડમાં સદ્‌ભાગ્યે એકએકથી ચડિયાતાં બંદરો આવેલાં છે અને દરેક બંદરની પોતાની જુદી જ ખૂબી અને જુદી જ સમૃદ્ધિ છે. આ બંદરોમાં વડોદરા, નવાનગર, ભાવનગર રાજ્યોએ આધુનિક ઢબે બંદરની નાની ગોદીઓ બંધાવી છે અને સાધારણ સ્ટીમર બંદરમાં દાખલ થઈ શકે એવી સગવડ ઊભી કરી છે. એટલે છેલ્લાં વીસપચ્ચીસ વરસ થયાં ત્યાં પરદેશ સાથેનો વેપાર ખીલવા માંડ્યો છે. પણ ખુલ્લા મહાસાગરમાં કુદરતી રીતે પોરબંદરને જેટલો અનુકૂળ સમુદ્રકિનારો મળ્યો છે એટલો અનુકૂળ કાઠિયાવાડમાં ભાગ્યે જ બીજા કોઈ બંદરને મળ્યો છે. દરિયાઈ વેપારમાં પોરબંદરની પેઠે જૂનાગઢનું વેરાવળ બંદર પણ જૂના વખતથી દરિયા રસ્તે વેપાર ખેડતું આવ્યું છે. પણ વેરાવળના બારામાં દેશી ઢબનાં દસ વહાણ સાંકડેમોકડે ઊભાં રહી શકે ત્યારે પોરબંદરના બારામાં હજાર વહાણ ઊભાં રહી શકે એમ છે.

ઓખાથી નીકળેલું વહાણ દ્વારકા થતું અગ્નિખૂણે નીચે ઊતરે એટલે જે પહેલું મિયાણી બંદર આવે છે ત્યાં આગળ પોરબંદરનું રાજ્ય શરૂ થાય છે. મિયાણીની ખાડીની પૂર્વે પોરબંદર અને પશ્ચિમે નવાનગર રાજ્ય. મિયાણી શહેર અને બંદર ઉપર અધિકાર પોરબંદરનો અને મિયાણીદેવીના મંદિર ઉપર અધિકાર નવાનગરનો. એ બંદરમાં વેપાર બહુ ઓછો ચાલે છે, ને ભાગ્યે જ બેપાંચ વહાણ ત્યાં મહિનાઓમાં પહોંચે છે. એ પછી પોરબંદર વહાણ આવે ત્યાં આખા બંદરમાં વહાણોની અવરજવર અને સામાનની હેરફેરનું ધમધોકાર કામ ચાલતું નજરે પડે છે. દેખાવે પોરબંદર શહેર બહુ રળિયામણું છે. અનેક મછવાઓમાં આમતેમ જતાં નવજુવાનોને જોઈને માણસનું હૈયું ખીલી ઊઠે છે. જેમ આપણે ખેડૂતને ધરતીના પુત્રો કહીએ છીએ તેમ દરિયાખેડુ ખારવાઓને સમુદ્રસંતાન કહી શકીએ. પોરબંદરને દરિયાકાંઠે આ સમુદ્રસંતાનો ખૂબ જ ઉદ્યોગી, અલમસ્ત, વિનોદી અને ચતુર દેખાતા હોય છે. એમાં કુમારો અને કુમારિકાઓ, યુવાનો અને યુવતીઓ બધાં હળીમળીને કલ્લોલ કરતાં કામ કરતાં હોય છે. જ્યારે સમુદ્ર શાંત અને સુંદર હોય ત્યારે એનો આનંદ લૂંટતાં હોય છે અને જ્યારે દરિયો તોફાને ચડ્યો હોય છે ત્યારે પણ પોતાને કરવાનાં કામ તેઓ નીડરતાથી કરતાં રહે છે. બંદરથી જરાક આગળ વધતાં રસિક નાગરિકોને તત્ત્વજ્ઞાનનું ગીત સંભળાવતાં ગંજાવર મોજાંઓ અહર્નિશ પોતાના આલાપો લીધે જ રાખે છે. આમ પોરબંદરને કાંઠે માનવજીવનનો ઉલ્લાસ ઊભરાતો જ રહ્યો છે. ગાંધી બાપુજીના જનમ પહેલાં અનેક સૈકાઓથી પોરબંદર અને સુદામાપુરીએ સાતે સમુદ્રોનાં વહાણ ભાળ્યાં છે. પ્રમાણમાં ગુજરાતના ભરૂચને પહોંચે એટલો બહોળો વેપાર આ બંદરે નહીં રહ્યો હોય, છતાં પ્રાચીન

ભૃગુકચ્છ જેવું જ જૂનું અને ધીકતું આ સુદામાપુરીનું બંદર રહ્યું છે એમ કહી શકાય. અહીંથી આફ્રિકા અને અરબસ્તાન સાથેનો ઘણો વેપાર અંગ્રેજો અને ફિરંગીઓ આ તરફ આવ્યા એનીયે પહેલાં જંગબાર ને મૉમ્બાસા સુધી ચાલતો રહેલો છે. અને આજે પણ મુંબઈથી કરાંચી દોડતી સ્ટીમરોને સારુ પોરબંદર પણ એક થોભવાનું ઠેકાણું ગણાય છે. દક્ષિણ આફ્રિકા જનારી સ્ટીમરો પણ અહીં લંગર કરે છે. અનુભવીઓએ બહુ વિચારપૂર્વક બંદર માટે આ સ્થળ શોધ્યું જણાય છે. વાયવ્ય દિશાથી સીધો અગ્નિખૂણામાં આગળ વધતો સમુદ્રકિનારો પોરબંદર છે તે જગ્યાએ સહેજ અંદર ઘૂસી ગયેલો છે અને કાટખૂણાના આકારમાં સમુદ્રનો ટચૂકડો ઉપરસાગર બની ગયો છે. એટલે કે સમુદ્રમાં પાળ બાંધી હોય તેમ બરાબર કાટખૂણો કરતી જમીન સીધી દક્ષિણથી ઉત્તર તરફ વળી ગઈ છે. જમીનનો એ ઘાટ કુદરતી ખાડીને લીધે બનેલો છે.

પોરબંદરની આ ખાડી ધનુષાકાર કરતી જમીનની અંદર દોઢેક માઈલ સુધી અંદર ઘૂસી ગયેલી છે અને એ નાનકડો અર્ધગોળાકાર પૂરો કરીને ફરી પૂર્વ તરફ નવીબંદર પાસે ભાદર નદીમાં ત્યાં આગળ મળી ગઈ છે જ્યાં ભાદર સમુદ્રમાં ઠલવાય છે. આ રીતે મુંબઈની જેમ પોરબંદર શહેર પણ એક નાનકડો બેટ બની ગયેલ છે. એની લંબાઈ વધુમાં વધુ ત્રણ માઈલ અને પહોળાઈ વધુમાં વધુ દોઢ માઈલ છે. ખાડીનો પૂર્વ તરફનો ભાગ ઠીક ઠીક પહોળો, ઊંડો અને ઉત્તરથી દક્ષિણ સીધો આવેલો છે. સમુદ્રમાં તોફાન ઊઠે ત્યારે સઢથી ચાલતાં મોટાં મોટાં દેશી વહાણો સેંકડોની સંખ્યામાં નિશ્ચિંતપણે આ ખાડીમાં ઊભાં રહી શકે છે. ચોમાસામાં જ્યારે ખાડીમાં પૂરતું પાણી ભરાય ત્યારે ભાદરકાંઠે આવેલા નવીબંદર સુધી નાનાં નાનાં વહાણ પહોંચી શકે છે અને ત્યાંથી દક્ષિણે પાછા ખુલ્લા સમુદ્રમાં કે ઉત્તરે ભાદરને કાંઠે કાંઠે કાઠિયાવાડના મધ્યમાં સામાન પહોંચાડી શકે એવી સગવડ છે. આ બધી અનુકૂળતા જોઈને જ જૂના જમાનાથી, સારા પ્રમાણમાં માલની આવજાનું આ મથક રહ્યું છે. અને જો આધુનિક ઢબે આ બંદરની ખિલવણી કરવામાં આવે તો મોટી મોટી સ્ટીમરોને પણ ફાવી જાય અને જગતનાં વિખ્યાત બંદરોની તોલે આવી જાય એવું આ બંદર છે.

આ બંદરની ખાડીના પૂર્વ કાંઠે વહાણોને ઊભવા માટે નાજુક મજાનો ધક્કો બંધાયેલો છે. ત્યાં આગળ અનાજની ગૂણો, ઘાસની ગાંસડીઓ, ખજૂરનાં વાડિયાં, બરડાના પથરાઓ, ભેંસના ઘીના ડબ્બાઓ, નાળિયેરો, સીંદરીનાં દોરડાં અને એવો અનેક જાતનો માલ વહાણમાંથી ઊતરતો ને વહાણમાં ખડકાતો નજરે પડે છે. ખાડીના મોઢાની સહેજ પૂર્વે ખુલ્લા દરિયાની સામે બહુ સુંદર ઘાટની ઊંચી દીવાદાંડી આવેલી છે. તે અંધારી રાતે સમુદ્રમાં ભૂલાં પડેલાં

વહાણોને માર્ગદર્શન કરાવતી રહે છે. દીવાદાંડીને મધ્યમાં રાખી વાંક લેતા નાના વળાંકમાં સમુદ્ર જ્યારે શાંત સરોવર સમો બનેલો હોય ત્યારે નાનાં નાનાં હોડકાંઓમાં હલેસાં મારી દોડાદોડ કરવાનો ભવ્ય આનંદ અહીંના સમુદ્રસંતાનો લે છે. એથી આગળ ચાલતાં ઊજળાં કપડાંવાળા નાગરિકોને હરવાફરવામાં આનંદ આવે એવી સડકો બંધાયેલી છે, જે વીજળીના દીવાઓથી રાત્રે ઝળહળી રહે છે. એ સડકની બીજી બાજુએ ધનવાનોના સોહામણા બંગલાઓ રાતદહાડો મોજાંઓનું અને આવતાંજતાં વહાણોનું અવલોકન કરતા ઊભા છે.

સમુદ્રના આ સોહામણા વળાંકની પશ્ચિમ બાજુએ ને ઉત્તર કિનારે ધોળા પોરબંદરી પથ્થરનાં અને મજબૂત બાંધણીનાં બબ્બે ત્રણ ત્રણ માળનાં મકાનો આજ દોઢસો બસો અને એથીયે વધારે વરસોથી ઊભાં છે. જૂના વખતમાં શહેર ગઢની અંદર જ સમાઈ જતું હતું. આજે હવે એ ગઢ નથી, પણ એ જૂના શહેરની વાંકીચૂકી ને સાંકડી ગલીઓ જોવા મળે છે. ગઢની બહાર આધુનિક ઢબે પોરબંદર શહેરનો વિસ્તાર મૂળ શહેર કરતાં ત્રણગણો વધી ગયો છે. આજે પણ અહીંથી અનેક વેપારીઓ પૂર્વ ને દક્ષિણ આફ્રિકા પૈસો રળવા જાય છે. એમાંના કેટલાકોએ જ્યાં પોતાનાં આલેશાન મકાનો બંધાવ્યાં છે એ ધોરી રસ્તાનું નામ પણ ‘યુગાન્ડા રોડ’ આપેલું છે. એ ઉપરાંત શહેરમાં સિમેંટની, દીવાસળીની, તેલની, બનાવટી રેશમનાં કપડાં વણવાની એમ મિલો આવેલી છે. નગરની મધ્યમાં જૂનાં અને નવાં મંદિરો પણ છે. એમાં સુદામાજીનું મંદિર પ્રખ્યાત છે અને સુંદર કારીગરીવાળું છે. સડકો સુંદર છે. જૂની રાજધાનીઓમાં શોખની ચીજ ગણાતી એવી જાતનો નાનકડો ચોરસ હોજ, એની ચોપાસ ઘાટ તથા દેરાં બનાવેલાં છે. નાળિયેર, બદામ, સોપારી, ચીકુ ને એવાં ફળઝાડોવાળા નાના બગીચાઓ પણ આ શહેરમાં આવેલા છે. એકંદરે આ શહેરમાં જૂના અને નવાનું ઠીક ઠીક મિશ્રણ થયેલું છે.

નકશામાં એ શહેરનું સ્થાન ૨૨ અક્ષાંશ અને ૭૦ રેખાંશની પડખે આવેલું છે. દરિયાનાં મોજાં જ્યાં આગળ ધરતીને છેલ્લે છેલ્લે ભીંજવી જાય છે ત્યાંથી ચાળીસપચાસ વારને અંતરે શહેરનાં અટ્ટાલિકાવાળાં મકાનો ઊભાં છે. એ મકાનોની વચ્ચે જ, ખુલ્લા સમુદ્રથી લગભગ પા માઈલને છેટે ઉત્તમચંદ ગાંધીનું મકાન આવેલું છે. શહેરની માંડવી(બંદર)થી આગળ વધતાં જ્યાં બજારનું કેન્દ્ર આવે છે એ માણેકચોક કહેવાય છે. માણેકચોક દરવાજામાંથી વધુ અંદર જતાં શ્રીનાથજીની હવેલી આવેલી છે અને એ હવેલી પાછળ ગાંધીજીનું મૂળ મકાન છે. એ આખું મકાન નાનકડા આંગણાની ત્રણ બાજુએ બંધાયું છે. ચોથી બાજુ દીવાલ છે. ત્રણે બાજુએ એ ત્રણ ત્રણ માળ ઊંચું ચણેલું છે અને એમાં અનેક

નાનામોટા ઓરડાઓ અને બારીબારણાંઓ છે. આખા મકાનમાં બબ્બે ત્રણ ત્રણ ઓરડાઓ મેળવીને એક એક કુટુંબને જુદા રહેવાની સગવડ કરવામાં આવેલી છે. ઉત્તમચંદ ગાંધીના સાત દીકરાઓ અને સાત દીકરાઓના પાછા પુત્રો અને પૌત્રો આ વિશાળ મકાનમાં એકઠા મળીને સંયુક્ત રૂપે આજ એક સદી કરતાંયે વધુ વખતથી કુટુંબના વડીલની દોરવણી પ્રમાણે એકઠા રહેતા આવેલા અને આજે પણ ગાંધી કુટુંબની એક શાખાના સભ્યો એના થોડા ભાગમાં વસે છે ને બીજા ભાગોમાં ભાડૂતો રહે છે.

આજના જમાનામાં એ મકાન ધોલકાં જેવાં અને સાવ સાધારણ ગણાય. પણ ઓતા બાપાના વખતમાં એ ઠીકઠીક સારું સગવડવાળું મકાન ગણાતું. એટલે જ રાણા વિક્રમાદિત્યે પોતાના માનીતા દીવાનને એ મકાન ભેટ આપેલું.

આજે પણ પોરબંદરમાં વસી રહેલા ગાંધી કુટુંબના બેત્રણ જુવાનિયાઓ મહાત્માજીને પગે લાગવા એક વાર દિલ્હીના વાલ્મીકિ મંદિરમાં પહોંચેલા ત્યારે ઉત્તમચંદ બાપાના વખતના એ મકાનનું સ્મરણ કરતાં ગાંધીજીએ સ્વાનુભવની વાત જણાવેલી કે, ત્રીજે માળ જઈને બેસીએ એટલે દરિયાના શીતળ પવનથી ટાઢક વળતી. પણ ભોંયતળિયાના ઓરડામાં (જ્યાં એમનો જન્મ થયો ત્યાં) ઉનાળામાં પાંચ મિનિટ પણ બેસવું અઘરું થઈ પડતું એટલો ત્યાં બફારો થતો.

એ ત્રણ માળના ને ત્રણ બાજુએ બનેલા મકાનના વચ્ચેના ભાગમાં ભોંયતળિયાના એક ઓરડામાં ઉત્તમચંદ ગાંધીના પૌત્ર વિશ્વવંદ્ય મોહનદાસ ગાંધીનો જન્મ થયો. એ ઓરડો લંબાઈમાં ૧૬ ફૂટ, પહોળાઈમાં ૧૦ ફૂટ અને ઊંચાઈમાં પણ ૧૦ ફૂટનો છે. એમાં બારણાની અંદર દાખલ થતાં જમણી બાજુએ એક બીજા ઓરડાનું બારણું નજરે પડે છે. એ અંદરનો બીજો ઓરડો મહાત્મા ગાંધીજીના પિતા કરમચંદ ગાંધીનો રહેવાનો ઓરડો હતો. અને એ બીજા ઓરડાનાં બારણાની બહારની બાજુએ તથા પહેલા ઓરડાના જમણા ખૂણામાં પૂજ્ય ગાંધીજીનો જન્મ થયો હતો. એ ખૂણો ઠીક ઠીક અંધારો ખૂણો છે. આજે ઓરડાની એ બાજુએ એક હિંડોળો બાંધેલો છે. જૂના વખતમાં પણ સુવાવડનો ખાટલો ઊઠ્યા પછી ત્યાં હિંડોળો રહેતો. એ હિંડોળા પર પૂતળીમા નાનકડા બાળમોહનને લઈને કેટલી વાર ઝૂલ્યાં હશે એ આજ કોણ કહી શકે? અને એમણે એ અંધારા ઓરડામાં બેસીને જે ધાવણ ધવરાવ્યાં હશે એ આખા જગતનાં અંધારાં ધોઈ નાખવા માટે આટઆટલા મહાન પ્રવાહો વહેવડાવશે એવું સ્વપ્ન પણ ત્યારે કોને લાધ્યું હશે?

પૂતળીમાના એ હિંડોળાની પાછળ એટલે કે ઓરડાના પ્રવેશદ્વારની ડાબી બાજુએ ખૂણામાં ગુજરાત કાઠિયાવાડનું જૂની ઢબનું પાણિયારું છે અને તેની

પડખે જૂની રીતની માટીની કોઠીઓની સરસ ઉતરડ આવેલી છે તથા તે ઉપર તાંબાપીતળનાં વાસણો ગોઠવેલાં છે. એ પાણિયારાની ડાબી બાજુના ખૂણામાં એક નાનકડું રસોડું છે ને રસોડાના ખૂણામાં માટીનો સરસ ચૂલો છે. એ સ્થળે પૂતળીમાએ ખીચડી ને રોટલા રાંધી કેટલી વાર નાના મોહનને પીરસ્યા હશે અને કરમચંદ બાપાએ કે બીજા મુરબ્બીઓએ બાળમોહનને કેવા કેવા ઉમંગથી જમાડ્યા હશે એની કલ્પના તો કવિઓએ જ કરવાની રહી.

ગાંધી બાપુજીના જનમના ઓરડા બહાર જે ઓસરી છે એ પણ એક અસાધારણ ઓસરી છે. કારણ એની તળે પાણીનો એક વિશાળ હોજ આવેલો છે. એ હોજ ઉપર ત્રણ કમાન બાંધી તે પર ઓશરી ટેકવેલી છે. અને એને માથે આખું ત્રણ માળનું મકાન આવેલું છે. ભોંયરાની ઊંડાઈ પંદર ફૂટ છે અને લંબાઈ પહોળાઈ ૨૦ ફૂટ x ૧૦ ફૂટ છે. પોરબંદર સમુદ્રકિનારે રહ્યું એટલે પીવાને મીઠું પાણી મેળવવું મુશ્કેલ પડે. કૂવા ખોદાવતાં દરિયાના પાણીના પ્રમાણમાં ઠીક ઠીક મીઠું પાણી મળે છે, પણ એ ભાંભળું હોય છે અને પીવામાં સ્વાદવિહોણું લાગે છે. ઉત્તમચંદ બાપાના મકાનના આ ભોંયરામાં વરસાદનું પાણી ઝીલી લેવાની ગોઠવણ છે. ચોમાસું બેસે ત્યારે સૌથી માથેની અગાશી ત્રણચાર વાર ધોઈ નાખવામાં આવે છે અને જે પરનાળામાંથી ભોંયરામાં પાણી જતું હોય એ પરનાળાના મોઢા આગળ ચૂનાની ઢગલી કરી દેવાનું એ ઘરમાં રહેનારાઓ ચૂકતાં નથી. કેવળ એટલી સંભાળથી આજ સવાસો દોઢસો વરસ થયાં એ ભોંયરું કામ આપી રહ્યું છે. એમાં ભેળું થતું ચોમાસાનું પાણી આખું વરસ પીવાને પૂરું પડી રહે છે એટલું જ નહીં પણ વરસોના વરસ સુધી બીજા નાગરિકો પણ એ ગાંધીની ટાંકીનું પાણી એક એક ઘડો લઈ જતા. કારણ એ પાણી વિના પોરબંદરમાં તુવેરની દાળ ચડે નહીં ને પોરબંદરીને રોજ સાંજે તુવેરની છૂટી દાળ, ઓસાણ ને ભાતનું વાળુ કર્યા વિના સંતોષ વળે નહીં. આજે પણ એ ટાંકીનું પાણી પીતાં ગંગાજળ જેવું મીઠું અને ઠંડું તથા સારી પેઠે ચોખ્ખું જણાય છે. બીજે પ્રમાણમાં ખારું પાણી પીધા પછી ગાંધી બાપુની ટાંકીનું આ પાણી એવું જ મીઠું અને ઉત્સાહવર્ધક લાગે છે. કદાચ એ જ પાણીને પ્રતાપે આજે ગાંધી બાપુ પણ ખારા ખારા સંસાર વચ્ચે મીઠી મીઠી અમૃતવાણી જગતને પીરસી રહ્યા છે.

પણ એ ટાંકા અને મીઠા પાણી કરતાં પણ ઐતિહાસિક દૃષ્ટિએ એ ઓસરી અવિસ્મરણીય છે. બાળમોહનના મનનાં સત્યાગ્રહ ઊગ્યો, એણે ચોરીના પ્રાયશ્ચિત્તરૂપે નાનકડી ચિઠ્ઠી લખીને પિતાશ્રીના હાથમાં મૂકી, પિતાશ્રીની આંખમાંથી આંસુની ધાર વહી, બાળમોહને એ મોતી પોતાના

હૈયામાં સદાને સારુ સંઘરી લીધાં અને પોતે આજીવન સાચો મોહન બન્યો એ આખો પ્રસંગ એ જ ઓસરી ઉપર બન્યો છે. ત્યારે કબા બાપાની બેસવાની પાટ એ જ ઓસરી ઉપર ઢાળેલી રહેતી.

એ ઓસરી નીચે જે ચોક આવેલો છે એ જ ચોકમાં મહાત્માજીના વિવાહનો માંડવો રચાયેલો.

ગાંધી બાપુના જન્મના ઓરડાની બરાબર સામી બાજુએ એક બીજા છેડે જે મકાન આવેલું છે એ ખુશાલ બાપુજીનું મકાન છે.

ગાંધી કુટુંબમાં મહાત્મા ગાંધીનું વધુમાં વધુ અનુકરણ કરનારા મગનલાલ ગાંધીનો જન્મ તો રાજકોટમાં થયો હતો પણ એમના પિતા ખુશાલચંદ ગાંધીનું મહાત્મા ગાંધી સાથે સાંનિધ્ય કેટલું છે તે એ સામસામા આવેલા ઓરડાઓ પરથી જાણાય છે.

ઓતા બાપાના મકાનની બીજી ખાસ વિગતોમાં બે ચીજ જોવા જેવી છે. એક તો એ જગ્યા જ્યાં રાણી સામે ઓતા બાપાએ સત્યાગ્રહ કરેલો અને રાણીએ એમના ઘર ઉપર તોપનો મારો ચલાવેલો ત્યારે તોપના ગોળાથી ભીંતમાં જે ગાબડાં પડેલાં એ સ્થળ. આજે એ પૂરીને સરખાં કરી લેવામાં આવ્યાં છે પણ ભીંતની સપાટી જૂની ભીંત જેવી એકસરખી નથી થયેલી. એ ઘરમાં રહેનારાઓ કહે છે કે અનેક વાર એ ભીંત સુધરાવી પણ ફરી ફરી એમાં ફાટ પડી જતી. રાણીનો તોપનો ગોળો ઘર માથે પડી ભીંતનો એ ભાગ તૂટી ગયેલો. ભીંત જાડી હોવાથી બહુ નુકસાન નહોતું થયું છતાં હમણાં સુધી એ નબળી હતી. હાલમાં એ વધુ મજબૂત બનાવી લેવામાં આવી છે. આ ઉપરાંત બીજી જગ્યા તે સૌથી ઉપલે માળ આવેલી એક સુંદર હવા-અજવાળાવાળી ઓરડી. એ ઓરડીમાં જૂની રીતના ભિત્તિચિત્રો — ફ્રેસ્કો પેઈંટિંગ — પણ છે. આટલે વરસે પણ એમાંના ફૂલ અને પક્ષીનો રંગ ઊજળો રહ્યો છે. ક્યાંક ભીંતનાં પડ સહેજ ઊખડી જતાં નવી ઢબે જે ચૂનો ધોળ્યો છે એ ત્યાં સરખો લાગતો જ નથી. જૂના મસાલાની પરિપક્વતા આજકાલના મસાલામાં નથી. આજે એ ઓરડીનું પ્રયોજન બતાવનારું કોઈ વૃદ્ધ અમારા કુટુંબમાં મળી આવતું નથી પણ અમારા કુટુંબની પરિપાટી મુજબ એ બાપાની પૂજાની ઓરડી હોવાનું મારું અનુમાન છે.

મકાનની બાંધણી એટલી મજબૂત છે કે હજુ સેંકડો વરસ એ જેમનું તેમ ટકી રહે એમ લાગે છે. છાપરાં નીચાં નીચાં છે. પણ લાકડાનાં ભારોટિયાં અને વળીઓ બહુ મજબૂત છે. ક્યાંયે એમાં કચાશ આવેલી દેખાતી નથી અને પોરબંદરી પથરા તો જેમ હવા ને વરસાદ પડે એમ મજબુત થનારા રહ્યા.

આજના પ્રમાણમાં આખું ઘર અંધારિયું ગણાય. દરેક માળમાં લગભગ દરેક ઓરડામાં આજ સો દોઢસો વરસથી ચૂલો ચાલતો આવ્યો છે અને આખા ઘરમાં ધુમાડો ઘોળાતો રહ્યો છે. બહુ અંધારા ઓરડામાં અજવાળું લેવાને ભીંતમાં બાકોરાં મુકાયેલાં છે. એક જગ્યાએ પથ્થરની કોતરણીની સુંદર જાળી છે અને બાકી હાલના જમાનામાં કદરૂપી રીતે લાકડાનાં પાટિયાં જડીને બનાવેલી બારીઓ પણ છે.

ગાંધી કુટુંબ આફ્રિકા, એબિસીનિયા અને હિંદુસ્તાનના અનેક પ્રાંતોમાં ફેલાયું છે. છતાં આજ દિવસ સુધી એમાં ગાંધી કુટુંબના બેપાંચ વારસો રહેતા આવ્યા છે. છેલ્લાં અનેક વરસોથી એ ઘરમાં ધુપેલ તેલનો ઉદ્યોગ ચાલતો આવેલો છે. બાપુજી જ્યારે વિલાયત બૅરિસ્ટર થવા ગયા ત્યારે પણ એમના જનમના એ ઓરડામાં પૂતળીમા ઊંચી જાતનું ધુપેલ તેલ બનાવતાં એમ મેં મારી દાદીજી પાસે સાંભળ્યું છે. અને આજે પણ અનેક શહેરીઓ એ ઘરમાં ધુપેલ ખરીદવા પહોંચે છે.

પણ હવે પોરબંદરના નાગરિકો તથા રાણા સાહેબે મળીને વિશ્વના મહાન પુરુષના જન્મસ્થાનનું એ મકાન સ્મારક રૂપે જાળવી રાખવાની તૈયારીઓ માંડી છે. અને એ હવે ગાંધી કુટુંબની એક બે વિધવાઓ કે બાળકોને રહેવાનું સ્થળ મટી જાહેરનું સ્થળ બની જવાનું છે.